# શ્રી સ્થાનાંગસૂત્ર

ભાગ ૧ - ૨



શ્રી વર્ધમાન જૈન આગમમંદિર સંસ્થાપક આગમ વાચના દાતા બહુશ્રુત આગમોદ્ધારક આ. ભ. શ્રીમદ્ આનંદ સાગરસૂરીશ્વરજી મ. સા.

જન્મ : સં. ૧૯૩૧ અશાડ વદ ૦)) કપડવંજ
દિક્ષા : સં. ૧૯૪૭ મહા સુદિ ૫, લીંબડી
પન્યાસપદ : સં. ૧૯૬૦ અશાડ સુદિ ૧૩, રાજનગર
આચાર્યપદ સં. ૧૯૭૪ વૈશાખ સુદિ ૧૦, સુરત
દેહોત્સર્ગ : સં. ૨૦૦૬ વૈશાખ વદ ૫, સુરત



મહેસાણા શ્રી સીમન્ધરસ્વામી જિન તિર્થ નિર્માતા
પ. પૂ. આચાર્યદેવશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ. સા.
જન્મ–સં. ૧૯૭૨ માગસર વદ ૬ ઝગરામા (પંજાબ)
દિક્ષા–સં. ૧૯૯૪ પોષ વદ ૧૦ અમદાવાદ
ગણીપદ–સં. ૨૦૦૪ માગસર વદ ૧૦ પુના
પન્યાસપદ–સં. ૨૦૦૫ માગસર સુદ ૧૦ મુંબઈ
ઉપાધ્યાયપદ–સં. ૨૦૧૧ માગસર સુદ ૫ સાણંદ
આચાર્યપદ–સં. ૨૦૨૨ માગસર વદ ૧૧ સાણંદ



પ. પૂ. આ. ભ. કૈલાસસાગરસૂરીશ્વરજી મ. સા. ના
શિષ્યરત્ન મુ. શ્રી કંચનસાગરજી મ. સા.
જન્મ–સં. ૧૯૭૩ આસો વદ ૩ સીવાખીમાડા રાજસ્થાન
દીક્ષા–સં. ૨૦૦૬ જેઠ સુદ ૫ વિજાપુર (ગુજરાત)
વડી દીક્ષા–સં ૨૦૦૭ કારતક વદ ૫ અમદાવાદ



પ. પૂ. આ. ભ. કૈલાસસાગરસૂરીશ્વરજી મ. સા. ના
શિષ્યરત્ન મુ. શ્રી કંચનસાગરજી મ. સા. ના
તપસ્વી મુ. શ્રી ભાવસાગરજી મ. સા.
જન્મ–સં. ૧૯૬૪ પોષ વદ ૧૧ ખરડા (અહમદનગર)
દીક્ષા–સં. ૨૦૨૨ અષાઢ સુદ ૨ પુના
વડી દીક્ષા–સં. ૨૦૨૩ મહા વદ ૬ મલાડ (મુંબઇ)

णमोऽत्थु णं भगवओ सुहम्मसामिस्स

શ્રીઆગમોદ્ધારસંગ્રહ : ભાગ ૪

# શ્રી સ્થાનાંગસૂત્ર

(સ્થાન ૫, ઉદ્દેશક ૧; વ્યાખ્યાન સંગ્રહ)

ભાગ ૧ - ૨

: દેશનાકાર :

આગમોદ્ધારક આચાર્ય

## શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી

શ્રી કૈલાશ [illegible] ૨૮

[illegible]

વડાલા, મુંબઈ [illegible] ૪૧

# બે બોલ

આ ગ્રન્થનું નામ **સ્થાનાંગસૂત્ર ભા. ૧ લો** છે અને તે આગમોદ્ધાર સંગ્રહ ભા. ૪ તરીકે પ્રગટ કરવામાં આવેલો છે. તેની અંદર પરમ તારક આગમોદ્ધારક આચાર્યદેવ **શ્રી૧૦૦૮ આનન્દસાગરસૂરીશ્વરજી** મહારાજે **શ્રીપાલીતાણા** (સિદ્ધક્ષેત્ર)માં સં. ૧૯૯૧માં પનાલાલ બાબુની ધર્મશાળામાં આપેલાં **સ્થાનાંગસૂત્ર**ના પાંચમા અધ્યયનના પાંચ મહાવ્રતને અંગેના સૂત્રનાં ૭૨ વ્યાખ્યાનો પૈકીના ૨૩ વ્યાખ્યાનનો સમાવેશ કરવામાં આવેલો છે.

આ ગ્રન્થ અને પરમ તારક ગુરૂદેવશ્રીને અંગેની માહિતી પ્રોફેસર **હીરાલાલ રસિકદાસ** કાપડિયાએ આપેલા ઉપોદ્‌ઘાતમાં સવિસ્તાર અપાયેલ છે.

આ ગ્રન્થને સુંદર બનાવવા માટે તેની અંદર વ્યાખ્યાનો ઉપરાંત પૃ. ૩૨૨થી પહેલા પરિશિષ્ટમાં ફૂટનોટમાં જણાવેલ શાસ્ત્રના પાઠો, બીજામાં સાક્ષી ગ્રન્થોનાં નામો, ત્રીજામાં સાક્ષી પાઠોના અકારાદિ અને ચોથામાં વ્યાખ્યાનોમાં આવેલા પ્રશ્નોત્તરો અપાયાં છે

આ ગ્રન્થને અંગે મુનિમહારાજ **શ્રીગુણસાગરજી** મહારાજે ભાવિક સદ્‌ગૃહસ્થો પાસેથી દ્રવ્ય સહાય અપાવી છે એથી અમો આ ગ્રન્થને પ્રકાશિત કરી શકયા છીએ.

આ ગ્રન્થનું મુનિમહારાજ **શ્રીકંચનવિજયજી** તથા તથા મુનિમહારાજ **શ્રીક્ષેમંકરસાગરજી**એ પ્રેસમેટર તૈયાર કરવું, પ્રુફ જોવાં વગેરે કાર્ય કર્યું છે.

આ ગ્રન્થના પ્રકાશનમાં પરમ તારક ગુરૂદેવશ્રીનો આભાર જેટલો માનીએ તેટલો ઓછો છે. તેમજ ઉપર જણાવેલા મુનિ મહારાજાઓનો, પ્રોફેસર કાપડિયાનો તથા દ્રવ્ય સહાયકોનો આભાર માનીએ છીએ.

આ ગ્રન્થના પ્રકાશનમાં અમને મળેલાં સાધનો દ્વારા પ્રેસમેટર પ્રૂફ વગેરેનું સંશોધન કરવા છતાં, તેમજ પ્રેસદોષથી કે દૃષ્ટિદોષથી કોઈ ભૂલ રહી જવા પામી હોય તો વાંચકો સુધારીને વાંચે! એ જ અભ્યર્થના.

અંતે એટલું જ જણાવવાનું કે આ ગ્રન્થને સાદ્યન્ત વાંચીને ભાગ્યશાળીઓ ગ્રન્થમાં જણાવેલા માર્ગને અનુસરે.

૨૦૦૫ કા. વ. ૩ } લિ. **પ્રકાશક.**

卐

# ઉપોદ્‌ઘાત

( લે. પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ. )

એ વાત સુવિદિત છે કે ભાષાની વિશિષ્ટતાને લઈને તેમજ વિષયોની વિવિધતાને લીધે જૈન આગમો અજૈન વિદ્વાનોને પણ આકર્ષણ અને અભ્યાસનો વિષય બન્યા છે. જૈન આગમો એ સમગ્ર જૈન સાહિત્યનું આદ્ય, અનન્ય અને મૌલિક ઉદ્‌ગમસ્થાન હોવાથી એને એમાં અગ્રિમ સ્થાન અપાયું છે એ સ્વાભાવિક છે. એ આનંદની વાત છે કે ભારતીય સાહિત્યમાં—વિશેષતઃ દાર્શનિક સાહિત્યમાં પણ એને મહત્ત્વનુ—ગણનાપાત્ર સ્થાન મળ્યું છે. આ પ્રમાણેની કોટિના આ આગમો અણુઓગદ્દાર (સુ. ૧૪૪)માં ‘લોકોત્તર આગમ’ તરીકે ઓળખાવાયા છે. વિશેષમાં આ જ સુત્તમાં આગમોના સૂત્રાગમ, અર્થાગમ અને સૂત્રાર્થાગમ (તદુભયાગમ) એમ ત્રણ પ્રકારોની સાથે સાથે આત્માગમ, અનંતરાગમ અને પરંપરાગમ એમ પણ એના ત્રણ પ્રકારો સૂચવાયા છે. અર્થદૃષ્ટિએ પ્રત્યેક તીર્થંકરને આગમો આત્માગમ છે, એમના ગણધરોને એ અનંતરાગમ છે અને ગણધરોના શિષ્યાદિને એ પરંપરાગમ છે. સૂત્ર–દૃષ્ટિએ વિચારીએ તો ગણધરોને એ આત્માગમ છે (કેમકે એ એમની રચના છે), એમના મુખ્ય શિષ્યોને એ અનંતરાગમ છે અને ઇતરને એ પરંપરાગમ છે.

આ ‘હુંડા’ અવસર્પિણીમાં આપણા આ ભરતક્ષેત્રમાં લગભગ ૨,૫૦૦ વર્ષ ઉપર શ્રમણ ભગવાન્ દીર્ઘતપસ્વી **મહાવીરસ્વામી** થઈ ગયા. એમને આ ક્ષેત્રની અને આ અવસર્પિણીની અપેક્ષાએ અંતિમ-ચોવીસમા તીર્થંકર તરીકે જૈનો

ઓળખાવે છે. એ નિર્ગ્રન્થશિરોમણિને અગિયાર બ્રાહ્મણ શિષ્યો હતા. એ દરેક શિષ્યરત્ન 'ગણધર' કહેવાય છે. એ પ્રત્યેક **મનીષી મુનિવર્યે જૈન** શાસ્ત્રોનાં મૂળરૂપ બાર અંગો અદ્ધમાગહી (સં. અર્ધમાગધી) ભાષામાં રચ્યાં છે, અને એમાંથી કેવળ પાંચમા ગણધરની જ રચના ઓછેવત્તે અંશે આજે મળે છે એમ મનાય છે. આ પાંચમા ગણધરનું નામ **સુધર્મ**નૂ છે. એમનો આ પુસ્તકમાં **સુધર્માસ્વામી** તરીકે નિર્દેશ છે. આ પુસ્તકમાં અનેક સ્થળે (દા. ત. પૃ ૨૨૬માં) એમણે દ્વાદશાંગી શા માટે રચી છે તે બાબત વિચારાઈ છે, અને તેમ કરતી વેળા નીચે મુજબનાં ત્રણ કારણો રજૂ કરાયાં છેઃ—

(૧) ભવ્ય જીવોના ઉપકારને માટે.

(૨) શાસનની પ્રવૃત્તિને માટે.

(૩) મોક્ષનો માર્ગ દુનિયા સાધી શકે તે માટે.

ખરી રીતે બે જ કારણ છે, કેમકે પહેલા અને ત્રીજા કારણમાં કંઈ ખાસ ભેદ નથી.

જૈન આગમોમાં બાર અંગરૂપ ગણિપિટક-દ્વાદશાંગી અગ્ર સ્થાન ભોગવે છે. એના પ્રણેતા ગણધર હોવા વિષે બે મત નથી. આ બાર અંગમાંનું ત્રીજું અંગ તે ઠાણ (સં. સ્થાન) છે. એને સંસ્કૃતમાં સ્થાનાંગ, પાઇયમાં ઠાણંગ અને ગુજરાતીમાં 'ઠાણાંગ' કહે છે. આ એક સુયક્ખંધ (શ્રુતસ્કન્ધ)રૂપ આગમનો ઘણો ખરો ભાગ ગદ્યમાં છે. એના એકંદર દસ વિભાગો છે. એ દરેકને 'અજ્ઝયણ' (સં. અધ્યયન) તેમજ 'ઠાણ' (સં. સ્થાન) પણ કહે છે. આ પૈકી કેટલાંકના પેટાવિભાગ છે. એને 'ઉદ્દેસગ' (સં. ઉદ્દેશક) કહે છે. ગુજરાતીમાં એને 'ઉદ્દેસો' કહેવામાં આવે છે. પ્રસ્તુત વ્યાખ્યાનોનો સંબંધ પાંચમા અજ્ઝયણ સાથે

છે. એના ત્રણ ઉદ્દેસગ છે. તેમાંના પહેલા ઉદ્દેસગનું પહેલું સુત્ત (સૂત્ર) એ આ વ્યાખ્યાનનું ઉદ્‌ભવ–સ્થાન છે.

આ ઠાણ નામના આગમમાં પહેલા અજ્ઝયણમાં એકની સંખ્યાવાળા પદાર્થોનું, બીજામાં બેની સંખ્યાવાળાનું એમ દસમામાં દસની સંખ્યાવાળા પદાર્થોનું નિરૂપણ છે. [1]આમ આ આગમ એક રીતે **સમવાય**ની શૈલીનું મંડાણ કરે છે. આ પ્રમાણેની વર્ગીકરણની વ્યવસ્થા બૌદ્ધોના **અંગુત્તરનિકાય**માં જોવા મળે છે.

બધાં અંગોમાં ઠાણ એમાં નિરૂપાયેલી લોકોત્તર વિષયોની જ નહિ પણ લૌકિક બાબતોની વિવિધતાને લઈને મહત્ત્વનું સ્થાન ભોગવે છે. આ ઠાણ ઉપર **અભયદેવસૂરિ**એ સંસ્કૃતમાં વિ. સં. ૧૧૨૦માં [2]ટીકા રચી છે. આમાં વિષયના વૈવિધ્યને લીધે એમણે પોતાનો જ્ઞાનભંડાર ઠાલવવાનો અમૂલ્ય સુયોગ સાંપડ્યો છે અને એમણે એનો લાભ લીધો છે એથી તો એમની આ ટીકા એમની અન્ય અંગાદિની ટીકાઓ કરતાં ચડિયાતી બની છે. વળી આ ટીકા એમની બીજી બધી ટીકાઓ કરતાં પહેલી રચાઈ હોય એમ લાગે છે.

ઠાણના પાંચમા અજ્ઝયણના પ્રથમ ઉદ્દેસગગત નિમ્ન-લિખિત સુત્ત (સં. સૂત્ર) આ વ્યાખ્યાનોનો વિષય છે:–

---

૧ આ તેમજ અન્ય ઉપલબ્ધ થતા અનુપલબ્ધ આગમોની માહિતી માટે જુઓ મારું પુસ્તક નામે **આગમોનું દિગ્દર્શન.**

૨ **ઠાણ** ઉપર આ ટીકા રચાઈ તે પૂર્વે કોઈ જાતનું વિવરણ લખાયું હોય એમ જણાતું નથી, તેમ **અભયદેવસૂરિ** જાતે કહે છે કે આ સંબંધમાં મને કોઈ પ્રાચીન સાધન મળ્યું નથી.

"पंच महव्वया पण्णत्ता तं अहा—सव्वातो पाणातिवायाओ वेरमणं जाव सव्वातो परिग्गहातो वेरमणं। पंचाणुव्वता पं० तं० थूलातो पाणाइवायातो वेरमणं, थूलातो मुसावायातो वेरमणं थूलातो अदिन्नादाणातो वेरमणं, सदारसंतोसे, इच्छापरिमाणे."

સુત્તની ચાલુ સંખ્યાના હિસાબે આ ૩૮૯મું સુત્ત છે. એમાંના એક અંશ નામે "सव्वातो पाणातिवायाओ वेरमणं"ને ઉદ્દેશીને અપાયેલાં ૭૨ વ્યાખ્યાનોમાંથી અહીં ૨૩ રજૂ કરાયાં છે. પ્રસંગવશાત્ સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ વિષયો ઉપર પણ પ્રસ્તુત વ્યાખ્યાતા આગમોદ્ધારક જૈનાચાર્ય [1]શ્રીઆનંદસાગરસૂરિજીએ એમની લાક્ષણિક પદ્ધતિએ અસાધારણ પ્રકાશ પાડ્યો છે, અને એ સ્વાભાવિક છે. એનું કારણ એ છે કે આગમોનું જેવું અને જેટલું પરિશીલન એમણે કર્યું છે તેવું અને તેટલું કોઈ અજૈન વિદ્વાને તો શું પણ કોઈ જૈન આધુનિક વિદ્વાને પણ અત્યાર સુધી તો કર્યું નથી. એમણે આગમોનું સંપાદનકાર્ય હાથમાં લીધું તે પૂર્વે અન્ય સ્થળેથી થોડાક આગમો પ્રકાશિત થયા હતા; પણ શુદ્ધિ, છાયા અને વિશિષ્ટ ટિપ્પણની દૃષ્ટિએ વિચાર કરતાં એ પ્રકાશનો નિસ્તેજ જણાય છે. જેમ આનંદસાગરસૂરિજીનો આગમોનો અભ્યાસ અનન્ય કોટિનો છે તેમ એના ઉદ્ધારના કાર્યમાં પણ એમનો અજબ ફાળો છે. એમણે આગમોને શિલામાં તેમજ તામ્રપત્રમાં કોતરાવરાવી એને ચિરકાલીન બનાવ્યા છે. આ પ્રમાણેની વિશિષ્ટ

---

૧ એમના જીવનની રેખા મે સંસ્કૃતમાં આલેખી છે. જુઓ સ્તુતિચતુર્વિંશતિકાની ચાર ટીકા સહિત સંપાદિત કરાયેલી મારી આવૃત્તિ (પૃ. ૮ અ–૮ ઈ).

યોગ્યતાથી અલંકૃત સૂરિવર્યના વાણીરૂપ આ વ્યાખ્યાનો છે એટલે એ અભ્યાસપૂર્ણ, મનનીય, રસપ્રદ, વિચારપ્રેરક અને માર્ગદર્શક જણાય જ તેમાં શી નવાઈ?

પ્રસ્તુત વ્યાખ્યાનો વિષે હું વિશેષ કંઇ કહું તે પૂર્વે આ સૂરિવર્યના અન્ય આગમોને અંગેનાં [1]વ્યાખ્યાનોની સંક્ષિપ્ત નોંધ લઉં છું, અને સાથે સાથે એમાંથી જે અપ્રકાશિત હોય તે સત્વર પ્રકટ થવાં જોઇએ એમ નમ્ર પરંતુ ભારપૂર્વક સૂચવું છું:

| વિક્રમસંવત્ | આગમ | સ્થળ |
|---|---|---|
| ૧૯૯૧ | [2]ઠાણ (ઠા૦ ૫, ઉ૦ ૧, સુ૦ ૧) | પાલીતાણા |
| ૧૯૯૨ | ભગવતી (સ૦ ૧, ઉ૦ ૧) | જામનગર |
| ૧૯૯૪ | નંદી (સુ૦ ૧) | પાલીતાણા |
| ૧૯૯૫ | [3]સૂયગડ (સુય૦ ૨, અ૦ ૧) | અમદાવાદ |
| ૧૯૯૬ | અણુઓગદ્દાર (સુ૦ ૧–૩) | પાલીતાણા |
| ૧૯૯૭ | આયાર (સુય૦ ૧, અ૦ ૪) | પાલીતાણા |
| ૧૯૯૮ | ભગવતી (સુ૦ ૧, ઉ૦ ૧) | પાલીતાણા |
| ૧૯૯૯ | ભગવતી (સ૦ ૮, ઉ૦ ૧) | કપડવણજ |
| ૨૦૦૦ | સૂયગડ (સુય૦ ૨, અ૦ ૫) | મુંબઈ |

૧ આગમોને અંગે અપાયેલાં તમામ વ્યાખ્યાનો ઉતારી લેવાયાં નથી. જે લિપિબદ્ધ કરાયાં છે તેની આ નોંધ છે. વ્યાખ્યાનો લિપિબદ્ધ કરવાનું કાર્ય મુંબઈના વિ૦ સં૦ ૧૯૮૮ના ચાતુર્માસ દરમ્યાન શરૂ કરાયું હતું.

૨ આમાંનો થોડોક ભાગ આ પુસ્તકમાં છપાયો છે

૩ આને લગતાં તમામ વ્યાખ્યાનો મારા ઉપક્ષેપ સહિત ગયે વર્ષે (ઇ. સ. ૧૯૪૭માં છપાયાં છે. આ 'પુંડરીય' અજ્ઝયણના બીજા સુત્તથી દસમા સુત્ત (પત્ર ૨૭૦અ-૨૭૭આ) સુધીનાંનાં સ્પષ્ટીકરણાદિ રૂપ છે

ઉપર સૂચવાયા મુજબ ઠાણને અંગે એકંદર ૭૨ વ્યાખ્યાનો અપાયાં છે, તેમાંથી અત્યારે તો ૨૩ વ્યાખ્યાનો અહીં પ્રસિદ્ધ કરાય છે. આને બે ભાગમાં વહેંચી શકાય તેમ છે. પહેલા ભાગમાં **पंच महव्वया पण्णत्ता, तं जहा** એટલા સૂત્રાંશમાંના પ્રત્યેક શબ્દની સાર્થકતા સચોટ ઉદાહરણ અને અકાટ્ય યુક્તિઓ દ્વારા વિચારાઈ છે; અને બીજા ભાગમાં **सव्वाओ पाणातिवायाओ वेरमणं** વિષે, આ રીતે ઊહાપોહ કરાયો છે. આ સંબંધમાં જે વિવિધ પ્રશ્નો ઊઠાવી એના જે ઉત્તરો રજૂ કરાયા છે તેની તારવણી મારા સૌથી નાના પુત્ર નલિનચન્દ્રે મને જરૂર જણાઈ ત્યાં પૂછીને કરી છે અને એ ચોથા પરિશિષ્ટ રૂપે અંતમાં અપાઈ છે એટલે એ વિષે હું વિશેષ કંઈ કહેતો નથી. આથી 'ઠાણ'ની રચનાનો હેતુ અને એના ત્રીજા ક્રમાંકની સકારણતા વિષે જે અહીં અનેકવાર (જુઓ પૃ૦ ૨, ૫, ૭, ૯–૧૧ ઇત્યાદિ અને ખાસ કરીને પ્રત્યેક વ્યાખ્યાનનો પ્રારંભિક ભાગ) ઊહાપોહ થયો છે તેની નોંધ લઉં છું.

'આચારનું વ્યવસ્થિતપણું એકલા શ્રીઆચારાંગ સૂત્ર માત્રથી થઈ શકે નહિ, તો પછી વિચારનું વ્યવસ્થિતપણું એકલા શ્રીસુયગડાંગસૂત્રથી થઈ શકે જ નહિ......આચારાંગ અને સૂયગડાંગજી એટલે ઝાંપા સુધીની શીખામણ જેવાં......(પૃ. ૭૩–૭૪)

આચારાંગ અને સૂયગડાંગની રચના આચારની અને વિચારની કુંચીઓ આપે છે. ઠેઠ સુધીનું જ્ઞાન ઠાણાંગજીને અંગે પ્રવૃત્તા આવે ત્યારે આવી શકે." (પૃ. ૭૪–૭૫)

આ પ્રમાણે ઉલ્લેખ કરી ઠાણાંગની રચનાનો હેતુ સ્પષ્ટપણે રજૂ કરાયો છે.

ઠાણ એટલે વર્ગીકરણ કરનારી કૃતિ. સમવાયનો પણ

વિષય આ જ છે તો પણ વર્ગીકરણ માટે બે કૃતિઓ કેમ એવો પ્રશ્ન પૃ. ૭૫માં ઉઠાવાયો છે. એનો ઉત્તર આ પૃષ્ઠમાં અપાયો છે. તે ઉપરથી નાના પાયા ઉપરનું વર્ગીકરણ ઠાણમાં છે એમ ફલિત થાય છે, કેમકે ઠાણનું વર્ગીકરણ દસ જ સુધીનું છે, જ્યારે સમવાયમાં એ અનંત સુધીનું છે (અને એ એમાં સંકોચીને અપાયું છે, પણ વસ્તુ એકે જતી કરાઇ નથી).

પ્રથમ આચાર, પછી વિચાર અને ત્યાર બાદ વ્યવસ્થા હોઇ શકે. એ ઉપરથી આ ચાર આગમોના ક્રમની સકારણતા જાણ્યા પછી બાકીના માટે જિજ્ઞાસા ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. પણ તે અહીં અપાયેલાં ૨૩ વ્યાખ્યાનોથી તૃપ્ત થાય તેમ નથી. આગમોને અંગેનાં અન્ય વ્યાખ્યાનોમાં પણ આ વિષય વિષે ઊહાપોહ હોય એમ જાણવામાં નથી. આથી પહેલાં અગિયાર અંગોને લક્ષીને પ્રસ્તુત વ્યાખ્યાનકારે આ સંબંધમાં એક સળંગ અને રમ્ય કલ્પના જે **આગમમહિમા**માં કરી છે એ સૂચવું છું એ માટે હું આ અપ્રસિદ્ધ કૃતિમાંથી ત્રણ પદ્યો અત્ર રજૂ કરું છું. વિશેષમાં હું એનો ગુજરાતી અનુવાદ પણ આપું છું:–

"हिंसानृतादीन्यशुभाघधाम्ने-
त्युशन्ति सर्वेऽपि परे हि तीर्थिकाः ।
षट्कायबन्धादिविदस्तु विज्ञा
आचाराङ्गं मनसा श्रयन्ति ॥ १४ ॥[1]
ज्ञानाद्यां सूरिसम्पदीतरजनस्तैन्यादिजं साध्वसं
तद्वत् तीर्थिकसम्भवं श्रुतिमतश्चारित्रिणस्तद् ध्रुवम् ।
अङ्गं सूत्रकृतं ततं गणधरैराचारसूत्रात् परं
तत् तर्काङ्कितसंयमागममिमं विज्ञाः श्रयन्तु श्रिये १५ ॥[2]

૧ ઉપજાતિ છંદસ્થ. ૨ શાર્દૂલવિક્રીડિત.

**लब्ध्वा वित्तं गतचरटभयं श्रेष्ठिना गण्यतेऽङ्के**
**सौवर्णं तत्र मुख्यं गणयति तद्विवार्थान् दशांतान् सुदृग्वान् ।**
**संख्यां कर्तुं मनसि विधृतवांस्तत् तृतीयं सदङ्गं**
**स्थानाख्यं ह्यागमज्ञैः प्रतिदिनमनघं श्रीयते सर्वशुद्ध्या॥११६॥**[1]

સર્વે અન્યતીર્થિકો હિંસા, અસત્ય ઇત્યાદિને અશુભ પાપનું ધામ કહે છે, પરંતુ છ જીવનિકાયના બન્ધ વગેરેને જાણનારા વિબુધો **આચાર** નામના અંગનો આશ્રય લે છે.–૧૧૪

જેમ ખૂબ સંપત્તિ થાય ત્યારે ઇતર જનો તરફથી ચોરી વગેરેનો ભય ઉત્પન્ન થાય છે તેમ શ્રુતજ્ઞાનવાળા સંયમીને તીર્થિકો તરફથી આવો ભય નક્કી ઉત્પન્ન થાય છે. આથી **આચારસૂત્ર (આચારાંગ)**ની આગળ (અર્થાત્ એની રચના બાદ) ગણધરોએ **સૂત્રકૃત** નામનું અંગ રચ્યું. એ આ તર્કથી અંકિત સંયમ સ્વરૂપી આગમનો આશ્રય વિબુધો કલ્યાણને માટે લો–૧૧૫

(ચોર) ચરડના ભયથી મુક્ત બનેલું [2]એવું [3]ધન મેળવીને શેઠ દુકાને એને ગણે છે. તેમાં જેમ એ સોનાને મુખ્ય માને છે તેમ સમ્યગ્દૃષ્ટિ દસ સુધીના પદાર્થો ગણે છે. સંખ્યા અર્થાત્ ઇયત્તા કરવાને માટે એણે એ ત્રીજા શુભ અંગ નામે સ્થાનને મનમાં ધારણ કર્યું, કેમકે આગમના જાણકારો એ પવિત્ર અંગનો સર્વદા શુદ્ધ ભાવે આશ્રય લે છે.–૧૧૬.

**સ્થાપના અને રચનાના ક્રમમાં ભેદ**–પૃ. ૯૨માં કહ્યું છે તેમ **આચાર** વગેરે અંગો જે ક્રમે રચાયાં છે તે જ ક્રમે એની સ્થાપના થઇ નથી. રચના તો સૌથી પ્રથમ બારમા અંગ

1. મન્દાક્રાન્તા-સ્રગ્ધરા. ૨. ૩ આ વિશેષણથી **સૂયગડનું** સૂચન છે અને ધનથી **આચાર** અભિપ્રેત છે.

નામે **દિટ્ઠિવાય**ના અગ્રગણ્ય અંશરૂપ પુવ્વગયની–એના ચૌદ ભાગરૂપ પુવ્વ (સં. પૂર્વ)ની કરાઇ છે.

વ્યાખ્યાતાએ પૃ. ૨૮૨ માં 'પૂર્વ' કહેવાનું કારણ એ દર્શાવ્યું છે કે એની રચના સૌથી પહેલાં થાય છે. સ્થાપનાના ક્રમમાં આ **દિટ્ઠિવાય**નો–ચૌદ પુવ્વનો અંક છેલ્લો છે અને **આયાર**નો પહેલો છે.

ચૌદ પુવ્વોમાં બધી જ બાબતો આવી જાય છે તો પછી **આયાર** વગેરે રચવાનું શું કારણ? આ પ્રશ્નનો ઉત્તર પૃ. ૨૮૪–૫ માં અપાયો છે.

**દ્વાદશાંગીનું બહુમાન**---દ્વાદશાંગીનું મહત્ત્વ અસાધારણ છે અને એનું સન્માન પણ એને અનુરૂપ છે. આના સમર્થનાર્થે હું પૃ. ૨૪૬ની છેલ્લી કંડિકામાંથી નીચે મુજબનો ઉતારો રજૂ કરીશ:-

"તીર્થંકર મહારાજા પણ ગણધર દીક્ષા લે છે ત્યારે તો સામાન્ય વાસક્ષેપ કરે છે. દ્વાદશાંગીની રચના વખતે તેઓ ઊભા થઈને વાસક્ષેપ કરે છે. બાર અંગો કર્યાં પછી અનુજ્ઞાનો વખત આવે ત્યારે મન્દ થાળ લઈને ઊભા રહે"

**શ્રુતરૂપ પુરુષનાં બાર અંગ–નંદી** (સુ. ૪૪)ની જિનદાસગણિ મહત્તરે રચેલી ચુણ્ણિ (પત્ર ૪૭)માં આ સંબંધમાં નીચે મુજબ પદ્ય છે:—

"पादयुगं जंघोरू गातदुवगं च दो य बाहू ता ।
गीवा सिरं च पुरिसो बारसअंगो सुतविसिट्ठो ॥"

આ ઉપરથી જાણી શકાય છે કે આયાર અને સૂયગડ એ બે પગ છે ને ઠાણ અને સમવાય એ બે જંઘા છે અર્થાત્ ઘૂંટીથી ઘૂંટણ સુધીના ભાગ છે. આ રીતે વિચારતાં દિટ્ઠિવાય તે

મસ્તક છે.

**વ્રત**—'વ્રત' શબ્દના અર્થ સંબંધી ઊહાપોહ પૃ. ૧૪૫માં કરાયો છે એ વાંચતાં મને કેટલાક વિચારો સ્ફુરે છે તે નોંધુ છું. 'વ્રત' એ સંસ્કૃત શબ્દ ગુજરાતીમાં પણ વપરાય છે. **સાર્થ ગૂજરાતી જોડણીકોશ**માં એના બે અર્થ અપાયા છેઃ (૧) નિયમપૂર્વક આચરવાનું પુણ્યકર્મ અને (૨) અમુક કરવા ન કરવાનો ધાર્મિક નિશ્ચય. **અભિધાનચિન્તામણિ** (કાંડ ૩, શ્લો. ૫૦૭)માં વ્રત માટે નિયમ અને પુણ્યક એમ બે પર્યાયો અપાયા છે. પુણ્યકનો અર્થ 'પુણ્ય' કરાયો છે. અને વ્રતને માટે "**म्रियते उपवासाद् यत्र व्रतम्**" એવો ઉલ્લેખ એની સ્વોપજ્ઞ વિવૃતિમાં કરાયો છે.

**મહાવ્રત**—અભિ૦ ચિ૦ના બીજા કાંડના ૧૧૧મા પદ્યમાં મહાદેવના પર્યાયો ગણાવતી વેળા 'મહાવ્રતી'નો ઉલ્લેખ છે. એની સ્વોપજ્ઞ વિવૃતિમાં "**महाव्रतं कापालिकलिङ्गं विद्यतेऽस्य महाव्रती**" એવો ઉલ્લેખ છે. આમ અહીં મહાવ્રતથી કાપાલિકનું ચિહ્ન સૂચવાયું છે, પણ આ અર્થ અત્ર પ્રસ્તુત નથી. એવી રીતે વૈદિક સાહિત્યના અંગરૂપ બ્રાહ્મણ ગ્રન્થોમાં વપરાયેલા 'મહાવ્રત'ના અર્થ વિષે પણ કહી શકાય તેમ છે, કેમકે એ તો એક પ્રકારના ક્રિયાકાંડનું-વિધિનું નામ છે.[1] એથી એ પણ અહીં અપ્રસ્તુત છે. અહીં તો જેને 'યામ' તરીકે પણ ઓળખાવાય છે એનો-મહાવ્રતનો વિચાર કરાયો છે.

**જૈન ગીતા**માં અહિંસાદિ પાંચ મહાવ્રતોનું નિરૂપણ છે.

---

૧ આ વિધિ ક્યારે કરાતી ઇત્યાદિ બાબતો આર્થર બી. કીથે **સાંખ્યાયન આરણ્યક** જે પરિશિષ્ટ સહિત છપાયું છે તેમાં ચર્ચી છે. આ સમગ્ર પરિશિષ્ટ (પૃ. ૭૩-૮૫) 'મહાવ્રત'ને જ ઉદ્દેશીને લખાયેલું છે.

આ પુસ્તકના સંબંધમાં **પર્વદેશના**ના ઉપક્રમ( પૃ. ૨૪ )માં ઉલ્લેખ છે. તેમાં જે ક્રમ નોંધાયો છે તેને બદલે નવ પદ, નવ તત્ત્વ, પાંચ મહાવ્રત, સાત ક્ષેત્ર, ત્રણ તત્ત્વ તેમજ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ક્રમ જોઈએ એમ આ ગીતાનું નિમ્નલિખિત અન્ત્ય પદ્ય જોતાં જણાય છે:

> **"पूज्याराध्यपदानां नवकं जीवादीनां नवतत्त्व्याऽनु ।**
> **पंचकमत्र महाव्रतनद्धं चैत्यादीनि च सन्ति तु सप्त ॥ १ ॥**
> **देवः साधुर्धर्मो रत्नान्याप्तुं ज्ञानं दृक्चारित्रं ।**
> **इत्येषा गीता जैनीया षट्त्रिंशदध्यायसमेता ॥ २ ॥**

ત્રણ **મહાવ્રતો**—જૈન દર્શનમાં સ્યાદ્વાદને લક્ષીને આચાર અને વિચાર વિષે ઊહાપોહ કરાયો છે અને તે પણ એટલી હદ સુધી કે સ્યાદ્વાદ-દર્શનને જૈન દર્શનનો પર્યાય ગણવામાં આવે છે. સ્યાદ્વાદ એટલે અપેક્ષાવાદ. મહાવ્રતોની સંખ્યા પરત્વે પણ આ વાદને સ્થાન છે. એથી તો આપણે મહાવ્રત તરીકે-સાર્વભૌમ વ્રત તરીકે-એક અને અદ્વિતીય વ્રત તરીકે અહિંસાનો નિર્દેશ કરીએ છીએ. અન્ય રીતે વિચારતાં મહાવ્રતો ત્રણ છે એમ **સૂયગડ** ( સુય. ૧, અ. ૧૦, સુ. ૨ )ની **શીલાં**કસૂરિકૃત ટીકા જોતાં જણાય છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો શીલાંકસૂરિ 'અદિન્ન' સમજાવતાં કહે છે કે અદત્તાદાનના નિષેધથી પરિગ્રહનો નિષેધ આવી જાય છે, અને અપરિગૃહીતનું સેવન થતું નથી એટલે અબ્રહ્મચર્યનો પણ નિષેધ કહેવાયો છે. આ ઉપરથી આપણે મહાવ્રત ત્રણ છે એમ કહી શકીએ. એ ત્રણ મહાવ્રતો તે સર્વ પ્રાણાતિપાતથી વિરમણ, સર્વ મૃષાવાદથી વિરમણ અને સર્વ અદત્તાદાનથી વિરમણ છે.

**ત્રણ યામ**—કેટલાક એવી ગેરસમજ ધરાવે છે કે પહેલા

અને છેલ્લા તીર્થંકરોએ પાંચ મહાવ્રત કહ્યાં છે, જ્યારે બાકીના બાવીસ તીર્થંકરોએ ચાર જ કહ્યાં છે. આ સંબંધમા પૃ. ૮૩ માં એ વાત દીવા જેવી સ્પષ્ટ સમજાવાય છે કે કોઇ તીર્થંકરે મહાવ્રતની સંખ્યા ચારની કહી નથી. જેમણે 'ચાર'નો ઉલ્લેખ કર્યો છે તેમણે 'મહાવ્રત'ને બદલે 'યામ' શબ્દ વાપર્યો છે. વિશેષમાં 'બહિદ્ધાદાન'માં બહિદ્ધાથી 'અબ્રહ્મ' અને આદાનથી 'પરિગ્રહ' સમજવાના છે એટલે ચાર યામ કહો કે પાંચ મહાવ્રતો કહો તેમાં અર્થદૃષ્ટિએ કશો ફેર પડતો નથી.

અહીં હું એક વિલક્ષણ બાબતનો નિર્દેશ કરૂં છું. **આયાર** (સુય. ૧, અ. ૮, ઉ. ૧; સુ. ૧૯૭)માં તો ત્રણ યામનો ઉલ્લેખ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

" जामा तिन्नि उदाहिया "

આ સંબધમાં આની ટીકામાં **શી**લાંકસૂરિએ કહ્યું છે કે અદત્તાદાન અને અબ્રહ્મનો પરિગ્રહમાં અન્તર્ભાવ થતો હોવાથી 'ત્રણ યામ' ગણાવાયા છે. અહીં 'યામ' શબ્દ 'મહાવ્રત'ના અર્થમાં વપરાયો છે. આમ પાંચ મહાવ્રતોને બદલે ત્રણ ગણાવાયાં છે.

**ચાર યામ—સૂયગડ**ના છેલ્લા અજ્ઝયણમાં ચાતુર્યામરૂપ ધર્મનો ઉલ્લેખ છે. **વિયાહપણ્ણત્તિ** (સ. ૯, ઉ. ૩૨)માં પાર્શ્વનાથના સંતાનીય ગાંગેયે ચાતુર્યામ ધર્મને છોડીને **મ**હાવીર સ્વામીનો પંચમહાવ્રતરૂપ ધર્મ અંગીકાર કર્યાની વાત છે. **નાયાધમ્મકહા** (સુય. ૧, અ. ૧૯, પત્ર. ૨૧૮)માં પુંડરીકે ચાતુર્યામ ધર્મ સ્વીકાર્યાની વાત છે. ઉત્તર૦ (અ. ૨૩)માં કેશીના ચાતુર્યામરૂપ ધર્મનો નિર્દેશ છે. આમ **પા**ર્શ્વનાથના અનુયાયીઓના સંબંધમાં ચાતુર્યામની હકીકત જોવાય છે, જ્યારે મહાવીરસ્વામીના શિષ્યાદિના અંગે પાંચ મહાવ્રતનો ઉલ્લેખ જોવાય છે. નાયા૦

(સુય. ૧)ના 'સેલગ' નામના અજ્ઝયણમાં થાવચ્ચાપુત્તે પાંચ મહાવ્રતોની હકીકત કહી તે અને ચાતુર્માસિક પ્રતિક્રમણનો ઉલ્લેખ છે એ નેમિનાથના તીર્થમાં કેવી રીતે ઘટે તે વિચારવા જેવું છે.

**પાંચ યામ—સમવાય** (સુ. ૨૫)માં 'યામ' શબ્દ મહાવ્રતના અર્થમાં અને તે પણ પાંચ યામ (જામ) એમ સ્પષ્ટ રીતે નિર્દેશાયેલ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:

"**पुरिम-पच्छिमगाणं तित्थगराणं पंचजामस्स पणवीसं भावणाओ पण्णत्ता**"

આ એક અપવાદ સિવાય પાંચ મહાવ્રતને બદલે પાંચ યામનો ઉલ્લેખ અન્યત્ર હોય એમ જણાતું નથી. એ ગમે તે હો,[1] કોઈ સ્થળે 'મહાવ્રત' શબ્દના નિર્દેશપૂર્વક એની સંખ્યા પાંચથી ઓછી કે વધારે દર્શાવાઈ હોય એમ જાણવામાં નથી, અને એથી મહાવ્રત પાંચ જ એમ જે વ્યાખ્યાતાએ ભારપૂર્વક કહ્યું છે તે યથાર્થ છે.

**વૃક્ષ અને વાડ**—[2]અહિંસા એ વૃક્ષ છે ને બીજાં મહાવ્રતો

---

૧ આને અંગેની ભાવનાઓ વાચનાન્તરમાં આવશ્યક અનુસાર જણાય છે એમ અભયદેવસૂરિએ આની ટીકા (પત્ર ૪૫અ)માં કહ્યું છે.

૨. આગમોમાં અહિંસાનો સિદ્ધાન્ત એ વિષય ઉપર વિસ્તૃત લેખ તૈયાર કરવામાં મને મુંબઈ વિદ્યાપીઠ તરફથી મળેલું સંશોધન-દાન પ્રેરક બનવાથી હું આ લેખ લખી શક્યો. આનંદની વાત તો એ છે કે આ લેખના ત્રણ હપ્તા અત્યાર સુધીમાં આ વિદ્યાપીઠના સામયિકમાં પ્રકાશિત થયા છે અને ગ્રન્થસન્દર્ભને લગતો ચોથો હપ્તો આવતે વર્ષે છપાશે. પહેલા હપ્તા તરીકે પ્રકરણ ૧-૫ Arts No. 21માં પૃ. ૮૯-૧૧૮ માં. બીજા હપ્તા તરીકે પ્રકરણ ૬-૮ No. 22 માં પૃ. ૭૨-૯૬ માં અને ત્રીજા હપ્તા તરીકે પ્રકરણ ૯-૧૧ અને બે પરિશિષ્ટ

એ તો એ અહિંસાની વાડો છે એમ પૃ. ૨૮૯માં ઉલ્લેખ છે. આને લગતો સમર્થનાત્મક પાઠ રજૂ કરાયો નથી. એટલે હું એ આપું છું. દિગંબર વિદ્વાન્ અકલંકે **તત્ત્વાર્થવાર્તિકની** સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૨૬૯)માં આ સંબંધમાં નીચે પ્રમાણે કહ્યું છે:–

**"अहिंसा सर्वेषु व्रतेषु प्रधानमतस्तद्वचनमादौ क्रियते। कुतः पुनः प्राधान्यम्? इतरेषां तत्परिपालनार्थत्वात्। इतराणि हि सत्यादीनि व्रतानि सस्यवृतिपरिक्षेपवत् अहिंसापरिपालनार्थानि"**

**યાકિની** મહત્તરાના ધર્મસૂનુ તરીકે સુવિખ્યાત હરિભદ્રસૂરિએ પણ સોળમા **'નિત્યાનિત્યપક્ષખંડન'** અષ્ટક (શ્લો. ૫)-માં આ બાબત કહી છે. પ્રસ્તુત શ્લોક નીચે મુજબ છે:–

**"अहिंसैषा मता मुख्या स्वर्गमोक्षप्रसाधनी।**
**एतत्संरक्षणार्थं च न्याय्यं सत्यादिपालनम् ॥५॥"**

ચૌદમા 'એકાન્તનિત્યવાદખણ્ડન' અષ્ટકના [1]શ્લો. ૩ની જિનેશ્વરસૂરિકૃત [2]વૃત્તિ પણ જોવી ઘટે.

**સ્વરૂપ-હિંસા અને સ્વદયા**–સ્વરૂપ-હિંસાના સંબંધમાં પૃ. ૩૦–૩૨માં નિરૂપણ છે અને સ્વદયાનું લક્ષણ પૃ. ૭૭માં અપાયું છે.

---

No. 23 માં (પૃ. )માં છપાયા છે. પહેલાં છપ્પો ઈ. સ. ૧૮૪૨માં, બીજો ઈ. સ. ૧૮૪૭માં અને ત્રીજો આ વર્ષે પ્રસિદ્ધ થયો છે.

१ "अभावे सर्वथैतस्या अहिंसाऽपि न तत्त्वतः।
सत्यादीन्यपि सर्वाणि नाहिंसासाधनत्वतः ॥ ३ ॥"

૨ આ વૃત્તિ (૫૮અ)માં નીચે મુજબ અવતરણ છે:–

"एक्कं च्चिय इत्थ वयं निद्दिट्ठं जिणवरेहिं सव्वेहिं।
पाणइवायविरमणमवसेसा तस्स रक्खट्ठा॥"

**ચાતુર્યામ સંવર**–**દીઘનિકાય**ના સામઞ્ઞફલસુત્તમાં નિગ્ગંઠ 'ચાતુર્યામસંવર'થી સંયમી હોવાનો ઉલ્લેખ છે. એ તમામ જળ પરત્વે તેમજ તમામ પાપને અંગે સંયમી છે. એણે તમામ પાપ ધોઈ નાંખ્યાં છે અને બધાં પાપોનો સામનો કરતો એ જીવે છે એમ એ માને છે.

**દીઘનિકાય** (૩, પૃ. ૪૮ ઇત્યાદિ)માં બુદ્ધ હિંસા, ચોરી, અબ્રહ્મચર્ય અને અસત્ય એમ ચારને અંગે સંયમ ધારણ કરવાનો ઉપદેશ આપ્યો છે.

**પંચશિક્ષિત ધર્મ**—પૃ. ૧૪૬માં એવો ઉલ્લેખ છે કે **પાતંજલે** યમોને નામે અને **બૌદ્ધો**એ શિક્ષાને નામે પાંચ મહાવ્રતો માન્યાં છે. આ હકીકત મને **ઉત્તરજ્ઝયણ** (અ. ૨૩)ના નીચે મુજબના ૨૩મા પદ્યનું સ્મરણ કરાવે છે:–

**"चाउज्जामो य जो धम्मो जो इमो पंचसिक्खिओ ।**
**देसिओ वद्धमाणेण पासेण य महामुणी ॥"**

અર્થાત્ જે ચાતુર્યામ–ચાર યામરૂપ ધર્મ છે તે મહામુનિ પાર્શ્વે ઉપદેશ્યો છે, જ્યારે આ જે પંચશિક્ષિત–પાંચ શિક્ષારૂપ ધર્મ છે તે **વર્ધમાને**–મહાવીરસ્વામીએ બતાવ્યો છે.

**આનુષંગિક બાબતો**—પુરુષાર્થનું નિરૂપણ એ એક આનુષંગિક બાબત છે. એનું એકત્રિત સ્વરૂપ જાણવા માટે આપણે નીચે મુજબનાં પૃષ્ઠ તરફ દૃષ્ટિ કરવી ઘટે:

૨૭, ૩૬, ૪૦, ૪૨, ૪૩, ૫૫ ઇત્યાદિ.

મલયગિરિસૂરિએ હારિભદ્રીય **ધમ્મસંગહણિ**ની ટીકા (પત્ર ૭ અ)માં પુરુષાર્થના નિરૂપણ માટે **ધર્મસાર**ની ટીકા જોવાની ભલામણ કરી છે. એ ઉપરથી જાણી શકાય છે કે પુરુષાર્થનું

નિરૂપણ યાકિની મહત્તરાના ધર્મસૂનુ તરીકે સુવિખ્યાત હરિભદ્રસૂરિએ **ધર્મસાર**માં કર્યું છે. શું આ **ધર્મસાર** કે એની ટીકાની હાથપોથી કોઈ સ્થળે છે ખરી અને હોય તો ક્યાં?

દીક્ષા ક્યારે લેવાય એ પ્રશ્ન પૃ. ૮માં ચર્ચાયો છે. પંદર વર્ષની ઉમ્મર થયા પૂર્વે ન અપાય તેનું કારણ અજૈનોની આશ્રમ-વ્યવસ્થાને એ બાધક બને છે એમ નથી. કિન્તુ સ્વામિ-અદત્ત'નો દોષ લાગે માટે એનાથી બચવા આવું ધારણ ઘડાયું છે.

પૃ. ૨૧માં દીક્ષા ક્ષમાશ્રમણ દે છે એમ કહ્યું છે.

પૃ. ૩૩માં પૂજા વિષે ચર્ચા છે.

પૃ. ૧૩૦માં શંકરાચાર્યને જોઈને જગન્નાથની મૂર્તિ ઊંચી થઈ ગયાનો અને પૃ. ૧૩૧માં **અલ્લોપનિષદ્**નો ઉલ્લેખ છે.

પૃ. ૧૩૫માં સાધુ અને ગૃહસ્થ વચ્ચેના ભેદનું નિરૂપણ છે.

પૃ. ૧૭૮માં સંવત્સરીનું સ્થાન વિચારાયું છે.

પૃ. ૨૦૩માં શ્રેણિક મહારાજે સુવાવડનું કામ કર્યું એ વાત છે. તે **દસવેયાલિય** (અ. ૩)ની ચુણ્ણિ (પત્ર ૯૬)માં જોવાય છે.

**સ્થાનકવાસી દિગંબરો વગેરે**—પૃ. ૮, ૧૧ અને ૧૪૧-માં સ્થાનકવાસી યાને ઢુંઢીઆ વિષે, પૃ. ૧૧ અને ૩૫માં દિગંબરો વિષે અને પૃ. ૯૮માં શાન્તિસાગરીય વિષે કેટલીક હકીકત અપાઈ છે.

**પરમાણુના સ્વરૂપ પરત્વે ચાર માન્યતા**—નૈયાયિકો ને વૈશેષિકોને મતે બારીકમાં બારીક કણિયાનો છઠ્ઠો ભાગ તે 'પરમાણુ' છે. પૌરાણિકો અને વેદાન્તીઓને મતે જાળિયાની વચમાંથી સૂર્યનું તેજ આવતું હોય તે વખતે દેખાતા રજનો

ત્રીસમો ભાગ તે 'પરમાણુ' છે. આધુનિક કોઈ વૈજ્ઞાનિકના મતે બારીક કણિયાના બે કરોડ અગણોતેર લાખ કટકા સૂક્ષ્મદર્શક યંત્રથી જોઇ શકાય છે. જૈન દૃષ્ટિએ અનંત વ્યાવહારિક પરમાણુ મળે ત્યારે કણિયો થાય.

આ પ્રમાણોની હકીકત પૃ. ૧૪૮-૯માં અપાઈ છે.

**પાણીના સ્વરૂપ સંબંધી મતાંતરો**—સૂયગડ પ્રમાણે પાણીનુ સ્વરૂપ પૃ. ૧૫૦માં દર્શાવાયું છે. પૃ. ૧૪૯માં આ સંબંધમાં આધુનિક વૈજ્ઞાનિકોનું કથન રજૂ કરાયું છે અને સાથે સાથે નૈયાયિક-વૈશેષિકનું મન્તવ્ય આપી એને હાસ્યાસ્પદ બનાવાયું છે.

**અબ્રહ્મથી નવ લાખ ગર્ભજનો નાશ**—એક વારના અબ્રહ્મના સેવનથી નવ લાખ ગર્ભજોની હાનિ થાય છે એમ જે પૃ. ૧૫૩માં કહ્યું છે તે વાતને સમર્થન કરનાર પાઠ છે. અબ્રહ્મના સેવનથી નવ લાખ સૂક્ષ્મ જીવોનો નાશ થાય છે એમ રત્નશેખરસૂરિએ **સંબોધસત્તરિના** નીચેના પદ્યમાં કહ્યું છે:—

"मेहुणसन्नारूढो नव लक्ख हणेइ सुहुमजीवाणं ।
तित्थयरेणं भणियं सद्दहियव्वं पयत्तेणं ॥ ९२ ॥"

આના ઉપર ગુણવિનય વાચકની વ્યાખ્યા છે. એના પત્ર ૪૯અમાં નીચે મુજબની બે ગાથાઓ છે:—

"पंचिंदिया मणुस्सा एगनरभुत्तनारिगब्भंमि ।
उक्कोसं नव लक्खा जायंती एगहेलाए ॥
नव लक्खाणं मज्झे जायइ इक्कस्स दुण्ह व समत्ती ।
सेसा पुण एमेव य विलयं वच्चंति एमेव ॥"

'વાત્સ્યાયને પણ યોનિમાં જન્તુનો સદ્ભાવ છે' એવા ઉલ્લેખપૂર્વક હેમચન્દ્રસૂરિએ **યોગશાસ્ત્ર** ( પ્ર. ૨ ) માં

[1]નિમ્નલિખિત પદ્ય આપ્યું છે:—

"रक्तजाः कृमयः सूक्ष्मा मृदुमध्याधिशक्तयः ।
जन्मवर्त्मसु कण्डूतिं जनयन्ति तथाविधाम् ॥ ८० ॥"

અર્થાત્ લોહીમાંથી ઉત્પન્ન થયેલાં સૂક્ષ્મ (અપ્રત્યક્ષ) તેમજ મન્દ, મધ્યમ અને અધિક શક્તિવાળાં કરમિયાં યોનિઓને વિષે એ પ્રકારની શક્તિ અનુસાર ખજવાળ ઉત્પન્ન કરે છે.

**મણિનાગ યક્ષ (નાગ)નું ઉદાહરણ**—પૃ. ૯૭માં આ યક્ષનો ઉલ્લેખ છે. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે **વિસેસાવસ્સયભાસ**માં આઠ નિહ્નવોનો અધિકાર વિસ્તારથી આપ્યો છે. તેમાં પાંચમા નિહ્નવ ગંગને અંગે એમણે કહ્યું છે કે એમને એમના ગુરુએ સમજાવ્યા છતાં જ્યારે એઓ ન જ સમજ્યા ત્યારે એમને (સંઘ) બહાર કર્યા. પછી એ ગંગ (વિહાર કરતા કરતા) રાજગૃહે ગયા અને ત્યાં એક સમયે બે ક્રિયા(ના ઉપયોગ)ની પ્રરૂપણા કરવા મંડ્યા. એ વેળા ત્યાં રહેલા મણિનાગે એમને ભય અને યુક્તિથી કહ્યું એટલે તેઓ પ્રતિબોધ પામ્યા. (જુઓ ગાથા ૨૪૫૦). આની ટીકામાં 'મલધારી' હેમચન્દ્રસૂરિએ કહ્યું છે કે મણિનાગે ભય બતાવીને કહ્યું કે ગંગ! તમે ખોટી પ્રરૂપણા કેમ કરો છો? મેં આ જ સ્થળે મહાવીરસ્વામીને પૂર્વે એમ કહેતા સાંભળ્યા છે કે એક જ સમયમાં એક જ ઉપયોગ હોઈ શકે. આવસ્સયચુણ્ણિ (ભા. ૧, પત્ર ૪૨૪)માં મણિનાગ નામના નાગની વાત છે. ગંગને પર્ષદામાં વિપરીત પ્રરૂપણા કરતા સાંભળી એ બોલી ઊઠ્યો કે તું ખોટી પ્રરૂપણા ન કર. મહાવીરસ્વામીને

---

૧ આની પહેલાના પદ્યમાં અબ્રહ્મનાં સેવનથી સૂક્ષ્મ જીવો હણાય છે એ વાત રજૂ કરાઈ છે. હરિભદ્રસૂરિએ પણ ત્રીસમા અષ્ટકના સાતમા પદ્યમાં આ હકીકત જણાવી છે.

મેં જાતે એક સમયમાં બે ઉપયોગ ન હોય એમ કહેતાં સાંભળ્યા છે. શું તું એમના કરતાં ડાહ્યો છે? ખોટી પ્રરૂપણા કર્યા કરશે તો હું તને મારી નાંખીશ.

**ન્યાય**—પદાર્થના-મંતવ્યના નિરૂપણ માટે વ્યાખ્યાનકાર લોકોક્તિનો—ન્યાયનો આશ્રય લે છે. દા. ત. પૃ. ૨૧માં "**जावं कोवेन पूरयेत्**" એ ન્યાયનો નિર્દેશ છે. પૃ. ૧૧૫માં એમણે ૧"તુંબડીમાં કાંકરા"નો ન્યાય એવો ઉલ્લેખ પાંચ મહાવ્રતો એટલું મોઘમ કહીને બેસી રહેનારને ઉદ્દેશીને કહ્યો છે. પૃ. ૨૨૬માં એમણે "કાપોતિકા ન્યાય"નું સંક્ષેપમાં સ્વરૂપ દર્શાવી એ ન્યાયે 'ઋષિને મારનાર અનંતા વેરને સ્પર્શે છે' એમ કહ્યું છે. આ ન્યાયગત ભાવ **દસવેયાલિયચુણ્ણિ** (પત્ર૧૨૯-૧૩૦)માં નીચે મુજબ રજૂ કરાયો છેઃ—

**"एगो काहारो तलागे दो घडा पाणियस्स भरिऊण कावोडीए वहइ। सो एगो आउक्कायकाओ दोसु घडेसु दुहा कओ। तत्थ सो काहारो गच्छंतो पक्खलिओ। एगो घडो भग्गो। तम्मि जो आउक्काओ सो मओ, इतरंमि जीवइ। तस्स अभावे सोऽवि भग्गो। ताहे तेण पुव्वमएण मारिओ त्ति भण्णइ।"**

એક કાવડિયો તળાવમાંથી બે ઘડા પાણીના ભરીને કાવડ વહન કરે છે. એણે એક જળકાયને બે ઘડામાં વિભક્ત કર્યો. એ કાવડિયો જતો હતો તેવામાં એ સ્ખલના પામ્યો. એક ઘડો ભાંગી ગયો. તેમાં જે જળકાય હતો તે મરણ પામ્યો, અને બીજો જીવતો હતો. પહેલા (ઘડા)ના અભાવમાં એ (બીજો ઘડો) પણ ભાંગ્યો. આથી પેલા પૂર્વે મરેલાએ એણે માર્યો એમ કહેવાય છે.

૧ તુંબડીમાં ભલે રત્નો હોય પણ જો એનું મોઢું બંધ હોય તો એ રત્નો શા કામનાં? એને બદલે કાંકરા ગણે તો શું થાય?

આ હકીકત હરિભદ્રસૂરિએ આવસ્સયની ટીકા (પત્ર ૭૭૦ આ) માં નીચે મુજબ આપી છે:—

"**एक्को काओ दुहा जाओ' एकः कायः--क्षीरकायः द्विधा जातः, घटद्वये न्यासात्। तत्र एकस्तिष्ठति, एको मारितः। जीवन् मृतेन मारितस्तदेतल्लवेति-ब्रूहि हे, मानव! केन कारणेन? कथानकं यथा प्रतिक्रमणाध्ययने परिहरणायामिति गाथार्थः। भार[ काय ]श्चात्र क्षीरभृतकुम्भद्वयोपेता 'कापोती' भण्यते, भारश्चासौ कायश्च भारकायः। अण्णे भणंति भारकायः कापोत्येवोच्यते इति**"

**જાતિસ્મરણ ને ક્ષેમંકર નાસ્તિક**—પૃ. ૧૭૨માં કહ્યું છે કે જાતિસ્મરણ મિથ્યાદૃષ્ટિને પણ થાય. પૃ. ૧૭૫માં ક્ષેમંકર નાસ્તિકને ઊલટું જાતિસ્મરણ થયાની વાત છે તે દેવસુન્દરસૂરિના શિષ્ય ક્ષેમંકરગણિકૃત **ષટ્પુરુષચરિત્ર**[1] (પત્ર ૧૨ના) આધારે અપાઈ છે.

**સૌભાગ્ય-પંચમી**—પૃ. ૨૩૫માં એવો ઉલ્લેખ છે કે "કોઈ પણ જૈન જ્ઞાનથી વિરુદ્ધ નથી, જ્ઞાનનું આરાધન કહેનારા છે, સૌભાગ્ય-પંચમીએ **नमो नाणस्स** કહેવાવાળા છે". આમ જે અહીં સૌભાગ્ય-પંચમીનો નિર્દેશ છે તેને અંગેની વ્યાખ્યાતાની દેશના **પર્વદેશના** (પૃ. ૧૫૫-૨૧૬)માં છપાઈ છે અને આ પર્વની મહત્તા ઇત્યાદિને લગતું મારું લખાણ આના ઉપક્રમમાં છપાયું છે એટલે હું આ સંબંધમાં અહીં કશું કહેતો નથી.

**પ્રકીર્ણક**—તામલિ તાપસની ઉત્કટ તપશ્ચર્યાનું અલ્પ ફળ આવ્યું તેનું કારણ સંવરની ઉપાદેયતામાં એને શ્રદ્ધા ન હતી

---

૧ આ ચરિત્ર દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ગ્રન્થાંક ૨૪ તરીકે ઈ. સ. ૧૯૧૫માં છપાયું છે.

એમ પૃ. ૧૮૯માં ઉલ્લેખાયું છે.

પૃ. ૧૯૧માં ઔષધિના પ્રભાવે તળાવનું કાચું સચિત્ત જળ અચિત્ત બન્યાની અને તૃષાતુર પાંચસે સાધુઓને મહાવીરે પ્રત્યાખ્યાન કરાવાની જે હકીકત અપાઇ છે તે વાત આચાર (૧, ૧, ૩; સુત્ત ૨૪) ની શીલાંકસૂરિકૃત ટીકાનો આધાર છે.

ઉદાહરણો—વ્યાખ્યાનકારનો કેવળ શાસ્ત્રીય બોધ જ ઉચ્ચ કોટિનો છે એમ નથી; લૌકિક બાબતોનું પણ એમણે બહોળું જ્ઞાન છે અને એ સ્વાભાવિક છે. આનું કારણ એ છે કે જૈનોનું પ્રૌઢ અને પ્રાચીન સાહિત્ય જે એકલી ધાર્મિક હકીકતો જ ન રજૂ કરતાં એના સ્પષ્ટીકરણાદિને માટે લૌકિક કિસ્સાઓ–કહાનીઓ–રીતરિવાજોની પણ પુષ્કળ માહિતી પૂરી પાડે છે તેના એઓ અખંડ અને વિશિષ્ટ અભ્યાસી છે. વળી એઓ ચાલુ જમાનામાં બનતા બનાવોથી પણ પરિચિત રહે છે. આથી એમનાં વ્યાખ્યાન સાંભળનારને પુષ્કળ આનંદ મળે છે. પ્રસ્તુત પુસ્તકમાં જે ઉદાહરણો–દૃષ્ટાંતો છે તેમાંનાં કેટલાંક નીચે મુજબ છે:-

પૃ. ૨૯–૩૦ રેવતીનું દાન, પૃ. ૪૨ લૉર્ડ કર્ઝન ને મોગલોની તુલના પૃ. ૫૦–૫૧, ૨૦૮ મરુદેવાની મુક્તિ, પૃ. ૫૭ ઔરંગઝેબનો પરાજય, પૃ. ૧૩૬, ૨૯૭ પૃથ્વીચંદનું કેવળજ્ઞાન, પૃ. ૧૪૧ ગોશાળાનો પલટો, પૃ. ૧૭૨ નાસ્તિકને જાતિસ્મરણ પૃ. ૧૭૬, ૧૮૮–૯ તામલિ તાપસ, પૃ. ૧૮૫ નાગિલાથી સન્માર્ગ, પૃ. ૨૦૬–૭ કમલપ્રભાચાર્યની નીડરતા પૃ. ૨૪૪ કાલકાચાર્યનો સંદેશો, પૃ. ૨૫૫–૮ સુબુદ્ધિ પ્રધાન ને ખાઇનું જળ, પૃ. ૨૮૪–૨૮૫ દસ શેર ઘી પચાવનાર દુર્બલિકાપુષ્પમિત્ર પૃ. ૨૯૧ ચન્દ્રગુપ્તની અચળ

શ્રદ્ધા પૃ. ૩૦૦ ગૌતમસ્વામીની ઉપેક્ષા પૃ. ૩૦૧ શિવકુમારનો ભાવ, પૃ. ૩૦૯ મહાવીરસ્વામીની અફળ દેશના અને પૃ. ૩૧૭--૮ ભરત ચક્રીના ઉદ્‌ગાર.

**લૌકિક દૃષ્ટાંતો ઇત્યાદિ,** આ પુસ્તકમાં લૌકિક દૃષ્ટાંતો છે. જેમકે,

- પૃ. ૧૪ એક લીધો--સાઠ આપ્યા.
- પૃ. ૨૪ નવી વહુ ને વાછરડું.
- પૃ. ૩૪ શેઠનો છોકરો
- પૃ. ૩૬ વાણિયો ને મિયા
- પૃ. ૫૯ નવ કુકડીની રમત.
- પૃ. ૧૦૭–૮ પ્રધાનનું કથન
- પૃ. ૧૧૧ શેઠના છ છોકરાનું ઉદાહરણ
- પૃ. ૧૯૬ બિલાડીને ગળે ઘંટડી.
- પૃ. ૨૦૯—૨૧૦ બલા ગઇ.
- પૃ. ૨૧૫–૬ ત્રીજો એટલે ચોથો.
- પૃ. ૨૧૯–૨૨૦ મૂર્ખાની સમજણ.
- પૃ. ૨૩૫ ચોટલીના ચારસો

**વિશિષ્ટ શબ્દો**—આ વ્યાખ્યાનોમાં કેટલાક શબ્દ એવા વપરાયા છે કે જેનો અર્થ જનતાના અમુક ભાગને ભાગ્યે જ ખબર હોય. આ શબ્દો એના સ્થળ (પૃષ્ઠાંક) તેમજ અર્થ સહિત હું અહીં આપું છું.

**અવકેશી** (પૃ. ૨૫૪). સંસ્કૃતમાં 'અવકેશિન્' શબ્દ છે. એ **અમરકોશ** (કાણ્ડ ૨, વર્ગ ૪, શ્લો૦ ,૭), **અભિધાન-ચિન્તામણિ** (કાણ્ડ ૪, શ્લો૦ ૧૮૨) ઇત્યાદિમાં જોવાય છે. એનો અર્થ વન્ધ્ય–અફળ છે. આથી 'અવકેશી'થી નિષ્ફળ સમજવાનું છે. સંસ્કૃત 'અવક'નો અર્થ 'શૂન્ય' છે.

**કાશ્મીણુ પત્થર** (પૃ. ૧૮). સોનાનો કસ જોવાની પથરી, યાને કસોટી. 'કાશ્મીણુ' એ કોઇ અશુદ્ધ શબ્દ હોય એમ લાગે

છે. અર્થ તો પૂર્વાપર સંબંધ જોઈને મેં દર્શાવ્યો છે.

**કોળીનાળી** (પૃ. ૧૦૪). કોળી અને એના જેવો અનાર્ય જાતિનો માણસ.

**તાલબાજ** (પૃ. ૫૭). એક તો તાડનું ઝાડ ઊંચું હોય અને તેના ઉપર બાજ જેવું ચકોર પક્ષી બેઠું હોય—કદાચ ઊડતું હોય. એ નિશાન ન ચૂકે તે 'તાલબાજ' કહેવાય એમ લાગે છે. આથી 'અતિકુશળ' એવો આનો અર્થ કરું છું.

**હાથારંગા** (પૃ. ૨૦૧); **હાથારંગી** (પૃ. ૨૪૬). હાથારંગુના અદેખું અને ગાંડિયું એમ બે અર્થ થાય છે. અહીં બીજો અર્થ પ્રસ્તુત છે.

**ફટાઈઆ** (પૃ. ૮૭). "સાર્થ ગૂજરાતી જોડણીકોશ"માં આ શબ્દ નથી. પણ એને બદલે ફટાયો અને ફટૈયો શબ્દ છે. 'ફટાયો'નો અર્થ "વારસાનો ભાગ લઈ ભાઈથી જુદો પડેલો ઠાકોર" એમ કરાયો છે

**મકસદ** (પૃ. ૧૫). આનો અર્થ મુરાદ, ઈરાદો છે.

**માઢ** (પૃ. ૨૦૦). આના ત્રણ અર્થ થાય છે: (૧) મહેલ યાને મેડીવાળું સુંદર મકાન, (૨) વાસ યાને મહોલ્લો અને (૩) માડ યાને એક જાતનો રાગ. પણ અહીં (પૃ. ૨૦૦) તો કૌંસમાં આંગણાનો એક ભાગ એવો અર્થ અપાયો છે

**શાંસા** (પૃ. ૨૦૪). ખરો શબ્દ 'સાંસા' છે અને એનો અર્થ 'મુશ્કેલી' છે.

**વિશિષ્ટ લક્ષણો-વ્યાખ્યાઓ**—વ્યાખ્યાનકારને જૈન દર્શનનું રહસ્ય ઘણી સારી રીતે સમજાયું છે એટલું જ નહિ પણ એ તારે તાર છૂટા પાડીને સમજાવી શકે એવી રીતે એમણે આ દર્શનનો અભ્યાસ કર્યો છે. આથી સચોટ શબ્દોમાં

વિલક્ષણ સ્વરૂપમાં એઓ કેટલાક પારિભાષિક શબ્દોનાં લક્ષણો—એની વ્યાખ્યા રજૂ કરી શક્યા છે. બે ચાર નમૂના જ ન આપતાં આવાં ઘણાંખરાં લક્ષણાદિ હું અત્ર રજૂ કરું છું, જોકે એથી આ ઉપોદ્ઘાત થોડાક લંબાય છે અને વિષયોનું યથાયોગ્ય માપ સચવાવામાં એ વિઘ્નરૂપ બને છે. આ રહ્યાં એ લક્ષણાદિ:

**અગાર ધર્મ**—બાળે ડૂચા ને દરવાજા મોકળા એટલે અગાર ધર્મ (૧૧૨).

**અજ્ઞાન**—વિરતિનું ઉપાદેયપણું ન જાણે તે અજ્ઞાન. (૩૧૫).

**અણુવ્રત**—ભાગતા ચોરની લંગોટી તે અણુવ્રત (૩૭).

**અતિચાર**—દરવાજા બંધ કરવાની ભાવના જણાવે તે અતિચાર (૧૧૪).

**અદત્તાદાન**—પાડોશીની પોક તે અદત્તાદાન (૧૪૩).

**અનિષ્ટ વિષય**—મોક્ષનો સાગરીત તે અનિષ્ટ વિષય (૨૭૫).

**અનુયોગ**—ઉદ્દેશ, સમુદ્દેશ ને અનુજ્ઞા થઈ ગયાં હોય તે અનુયોગ (૨૪૧).

**અન્ય લિંગ**—મોક્ષને ઊંધું મારનાર તે અન્ય લિંગ (૧૩૩).

**અબ્રહ્મ**—હિંસા, ચોરી ને જૂઠ રૂપ કચ્ચાંબચ્ચાંવાળો દુર્ગુણ તે અબ્રહ્મ (૧૪૩).

**અર્થ**—બાહ્ય સુખ એનું નામ અર્થ (૨૭).

**આચાર**—વિચારનો બાપ તે આચાર (૧૮૪).

,, શાસનનું મૂળ તે આચાર (૨૪૦).

,, જૈન શાસનનો સિક્કો એ આચાર (૩૦૨).

**આચારાંગ અને સૂયગડાંગ**—ઝાંપા સુધીની શિખામણ

તે આચારાંગ અને સૂયગડાંગ (૭૪).
**ઇષ્ટ વિષય**—મોક્ષની ભુંગળ તે ઇષ્ટ વિષય (૨૭૫).
**ઉત્સૂત્ર**–પ્રરૂપણાને અંગે જૂઠું બોલવામાં આવે તે ઉત્સૂત્ર (૧૪૦).
,,—પ્રરૂપણાને અંગે નિયમિત કરેલા પદાર્થોમાં વિરુદ્ધ બોલે તે ઉત્સૂત્ર (૧૪૦).
**ઉપકરણ**—સંયમના ઉપકારમાં વર્તે તે ઉપકરણ (૨૧૧).
**કર્તવ્ય**--અવગુણ ઉપર દ્વેષ એ કર્તવ્ય.
,,—અવગુણના ખોદણાં અને ગુણનો રાગ એ કર્તવ્ય (૨૩૩).
**કામ**--પૌદ્‌ગલિક સુખની પ્રાપ્તિ એનું નામ કામ (૪૩).
**કારક સમ્યક્ત્વ**—જે કહેવું તે કરવું તેનું નામ કારક સમ્યક્ત્વ (૧૦૨).
**કારણ**–જે વસ્તુ ન હોય અને જે ન બને, પણ વસ્તુ હોય અને બને તે તેનું ખરૂં કારણ કહેવાય (૨૧૩).
**કુદેવ**—હથિયાર ધારણ કરે તે કુદેવ (૧૩૨).
**કેવળજ્ઞાન**—આત્માને જણાવનાર કાંટો તે કેવળજ્ઞાન (૧૪૭).
**કેવલી**—બે ઘડીથી વધારે અપ્રમાદી હોય તે કેવલી (૧૪૭).
**ક્રૂરતા**—મોક્ષની વચ્ચે ખરેખર આડી આવે તે ક્રૂરતા. (૧૨૮).
,,—જે સત્યાનાશ કાઢી નાખે તે ક્રૂરતા (૧૨૮).
**ખીલો**—પૌદ્‌ગલિક ઇચ્છા તે ખીલો (૧૯૯).
**ગણધર**—રિપોર્ટ લેનાર એટલે ગણધર (૧૧૮).
,,—ક્ષેત્રાંતરના ને કાલાંતરના ભાવિકોને અને સાંભળનારને બોધ કરાવનાર તે ગણધર (૧૧૮).
,,—બધું બંધારણ આગમને આધારે સૂત્રરૂપે ગૂંથનાર તે ગણધર (૧૨૦).
**ગણધરની રચના**--જીવોને મોક્ષમાર્ગમાં લાવવા, રાખવા ને

વધારવાનું કાર્ય કરી શકનારી રચના તે ગણધરની રચના (૧૨૦).

**ગાંડો**—વિચાર આવે તે ગળે નહિ ને વર્તન કરે તે ગાંડો (૨૧૦).

**ગીતાર્થ**—સ્થાનાંગમાં દાખલ થાય તે ગીતાર્થ (૬૬).

,,—આચારપ્રકલ્પથી વધારે ભણેલો તે ગીતાર્થ (૬૬-૬૭).

**ગ્રંથિભેદ**—ઇષ્ટ વિષય તરફની પ્રીતિ અને અનિષ્ટ વિષયનો દ્વેષ નીકળી જાય તે ગ્રંથિભેદ (૨૭૫).

**ચરણકરણનું લોઢું**-ભગવાનના સ્વરૂપને અંગે છાપ મારનારું લોઢું તે ચરણકરણનું લોઢું (૧૦૯).

**ચાર અનુયોગ**—સોનું, રૂપું, હીરા અને લોઢાની ખાણ તે ચાર અનુયોગ (૧૦૭).

**ચારિત્ર**—સાધુનો ઘોડો તે ચારિત્ર (૪૩).

,,—તીર્થની જડ તે ચારિત્ર (૩૧૧).

,,—આત્માનો સ્વભાવ તે ચારિત્ર (૨૯૯).

**ચૈત્ય**-હથિયારનું કારખાનું તે ચૈત્ય (૧૬૮).

**ચોથું ગુણઠાણું**—વાંઝણીને ઘેર વિવાહના માંડવા જેવું જે ગુણસ્થાન તે ચોથું ગુણઠાણું (૪૭).

**ચોથું ગુણઠાણું**—વિચારનું પરાવર્તન તે ચોથું ગુણઠાણું (૪૭).

**ચોથું પાપસ્થાનક**—ચારે પાપસ્થનકોનો બાપ તે ચોથું પાપસ્થાનક (૧૫૨).

**ચોથું મહાવ્રત**—ચારિત્રની જડરૂપ, શાસનના મૂળરૂપ ને પ્રવૃત્તિને અંગે પહેલા, બીજા, ત્રીજા ને પાંચમાના બાપ સમાન તે ચોથું મહાવ્રત (૧૫૩).

**ચોથું મહાવ્રત**—જાળીઓ અને બારીઓ વિનાનું મહાવ્રત તે ચોથું મહાવ્રત (૧૬૨).

**જાગતા જમાદાર**—તીર્થંકરભગવાન તે જાગતા જમાદાર(૧૭૫).

**જીવ**—જે જીવ્યો, જીવે છે અને જીવશે તે જીવ (૨૧૨).

**જૈનત્વનું તત્ત્વ**—સ્થાવર કાયને જીવ તરીકે માનવો તે જૈનત્વનું તત્ત્વ (૨૯૧).

**જૈન મત**—ઉપદેશ દ્વારા વધવા પામેલો મત તે જૈન મત (૧૩૧).

**જૈન શાસન**—કરે તે ભોગવે ને ન કરે તે પણ ભોગવે એવા નિયમવાળું શાસન તે જૈન શાસન (૩૦૬).

**જ્ઞાન**--આત્માની જડ તે જ્ઞાન (૨૯૩).

,,—જેના પરિણામમાં સદાચાર હોય તે જ્ઞાન (૨૦૫).

**ઠાણુંગ**—જગતના સર્વ પદાર્થોનું વર્ગીકરણ તે ઠાણુંગ (૧૦)

,,—જે 'વર્ગીકરણ' જાણવાની, સમજવાની, ઉપયોગ કરવાની લાયકાત આઠ વર્ષે આવે છે તે ઠાણુંગ (૧૧).

,,—દરેક પદાર્થની ઈયત્તા એટલે ઠાણુંગ

,,—સમરાંગણની સરવે ( Survey ) અર્થાત્ માપણી એટલે ઠાણુંગ (૫૮).

,,—શાસ્ત્રોની સરવે તે ઠાણુંગ (૫૮).

,,—શાસનદોરી લેવાની લાયકાત અપાવે તે ઠાણુંગ (૧૮૭).

,,—સમવાયાંગનાં અનંત સુધીનાં વર્ગીકરણની ભૂમિકા તે ઠાણુંગ (૭૬).

**તીર્થ**—સાધુપણાની ઉત્પત્તિથી ઉત્પત્તિ જેની હોય અને સાધુના છેડાથી જેનો છેડો આવે તે તીર્થ (૬૫૧).

**તીર્થંકર**—પંચ મહાવ્રતોની પ્રરૂપણા કરે તે જ તીર્થંકર (૯૮).

**દુર્જન**-બીબાના બાપ તે દુર્જન (૪૧).

**દેવ**—પવિત્ર, અહિંસક, મમતાભાવ રહિત હોય તે દેવ (૧૮૭).

,, —ઘાતિકર્મનો ક્ષય કરીને વીતરાગ સર્વજ્ઞપણાની સ્થિતિને પામેલા તે 'દેવ' (૨૯૫).

**દેવલોક**—મોક્ષને ઘરાણે મેલનાર તે દેવલોક (૪૫).
**દેશવિરતિ**—સર્વવિરતિનો અપવાદ તે દેશવિરતિ (૫૫).
**દેશવિરતિ સર્વવિરતિ**—દારૂગોળા તે દેશવિરતિ ને સર્વ-
વિરતિ (૧૬૮)
**દ્રવ્ય—દુઃખ**--જન્મ, જરા અને મરણનું દુઃખ તે દ્રવ્ય--
દુઃખ (૨૯૨).
**દ્રવ્ય—પૂજા**--સર્વવિરતિ મેળવવાની ભાવનાએ કરાતી
ભગવાનની પૂજા તે દ્રવ્ય--પૂજા (૧૯૩).
**ધર્મ**—મોક્ષ પ્રાપ્તિનું સાધન એનું નામ ધર્મ (૪૩).
,,—જે ધર્મની દોરી મોક્ષની સાથે બંધાએલી હોય તે
ધર્મ (૨૨૮).
,,—સંપૂર્ણ સંસારનું નિવારણ તે ધર્મ (૪૫).
**નઠારો**—જે દુરાચારનો સખી તે નઠારો. (૨૪૭).
**નયાભાસ**—પોતાની ગાતાં બીજાની ગબડાવે તે નયાભાસ (૧૫૭).
**નાસ્તિકનું જાતિસ્મરણ**—કેરી પાકતાં થતો વંટોળિયો તે
નાસ્તિકનું જાતિસ્મરણ (૧૭૩).
**નિર્ગ્રંથ**—જેના વિના તીર્થ નહિ તે નિર્ગ્રન્થ (૨૫૧).
**નિશાળ**—ભગવાન્ મહાવીરનું શાસન તે વક્ર-જડની નિશાળ (૧૬૮)
**પરિગ્રહ**—અનાદિ કાળથી રખડાવનાર તે પરિગ્રહ (૧૬૭).
,,—કંકાસની જડ તે પરિગ્રહ (૧૯૪).
,,—પાપની જડ તે પરિગ્રહ (૧૯૪).
,,—સંયમોપકરણ સિવાય જે કાંઇ વસ્તુ લેવી તેનું નામ
પરિગ્રહ (૧૯૬).
,,—મૂર્છા તેનું નામ પરિગ્રહ (૧૯૭).
**પર્યુષણ**—જૈન ધર્મમાંથી આખા જગતને અસર કરનારૂં પર્વ
નીકળ્યું હોય તો તે પર્યુષણ (૨૪૪).

**પાપ**—અશુભ પુદ્ગલોનું વેદન તેનું નામ પાપ (૭૨).
..—પુણ્યનો પાયો તે પાપ (૨૩૨).
..—પદાર્થનું સ્વરૂપ જે છે તેનાથી ઊલટું બોલવું તે પાપ (૧૭૨).

**પુણ્ય**—શુભ પુદ્ગલોનું વેદન તેનું નામ પુણ્ય (૭૨).

**પુદ્ગલાસ્તિકાય**—બધી સ્ત્રી, કુટુંબકબીલો વગેરે તે પુદ્ગલાસ્તિકાય (૨૯૮).

**પુરુષાર્થ**—જે લીધું તે કોઈ કાળે પણ છોડવાનું ન હોય તેનું નામ 'પુરુષાર્થ' (૯૫).

**પૈસો**—દુનિયામાં ઉપદ્રવની જડ તે પૈસો (૨૪૨).

**પૌદ્ગલિક દુઃખ**—અનિષ્ટ વિષયો એ જ પૌદ્ગલિક–દુઃખ (૨૭૫).

**પ્રથમ ગણધર**-તીર્થ તરીકે તરવાનું સાધન તે પ્રથમ ગણધર (૧૧૯)

**પ્રમાણ**—પોતાના ગુણ ગાય પણ બીજાની દરકાર રાખીને ગાય તે પ્રમાણ (૧૫૭).

**પ્રવચન**—ચારે વર્ણવાળો શ્રમણ પ્રધાન જે સંઘ તે પ્રવચન (૧૧૯).

**પ્રશસ્ત–દ્વેષ**—અવગુણ ઉપર દ્વેષ કરવો તે પ્રશસ્ત દ્વેષ (૨૩૨).
,, મિથ્યાત્વ, કષાય અને અવિરતિ ઉપર દ્વેષ તે પ્રશસ્ત દ્વેષ (૨૩૨.)

**પ્રશસ્ત—રાગ**—ગુણ અને ગુણી એ બેના ઉપર રાગ એનું નામ પ્રશસ્ત રાગ (૨૩).

**બળવાખોર**—જેને શાસન શું, ધર્મ શું એમ હોય તે બળવાખોર (૧૬૯.)

**બાદર**—જેને બચાવવા માટે ઓછો પ્રયત્ન કરવો પડે તે બાદર (૧૬૯).

**ભાવના**—સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રને ધારણ કરનારાને અંગે અદ્વિતીય ભક્તિ તે ભાવના (૧૯૦).

**ભાવના**—અનંત સંસાર મટાડી દે તે ભાવના (૧૯૦).

**ભાવ-હિંસા**-હિંસાના કારણરૂપ પ્રમત યોગ તે ભાવ-હિંસા(૨૨૪).

**મહાવ્રત**—પાંચે આશ્રવોથી ત્રિવિધ, ત્રિવિધ વિરમવું તેનું નામ મહાવ્રત (૧૪૬).

,,—સર્વથી વિરતિ હોય તે મહાવ્રત (૧૪૬).

,,—'દેવ'તત્ત્વનું નિરૂપણ કરવામાં પહેલે નંબરે ઉપયોગી થનાર વ્રત તે મહાવ્રત (૧૮૮).

,,—પ્રતિજ્ઞાપૂર્વક ભિન્ન ભિન્નતાએ અરિહંતાદિકની સાક્ષીએ હિંસાદિકથી સર્વથા વિરમવાની પ્રતિજ્ઞા તે મહાવ્રત (૮૪).

,,—શાસનના સ્તંભ તે મહાવ્રત (૧૩૨).

**માળા**—અજ્ઞાનનું-મોહનું ચિહ્ન તે માળા (૩૭૦).

**મિથ્યાત્વ**—ધર્મ મોક્ષને માટે છે એવું ધ્યેય જેનું હોય નહિ, તે પછી દેવલોક માટે ધર્મ કરે તેનું નામ મિથ્યાત્વ (૨૨૮).

**મૂર્ચ્છા**—જેની પાસે જે વખતે જે હોય તેમાં જે જકડાય તે મૂર્ચ્છા (૧૯૬).

**મૃષાવાદ**—અનંતા ગુણ પૈકી એક અંશનો વિપર્યાય કરવાની બુદ્ધિ તે મૃષાવાદ (૧૨૯).

,,—બૈરાંની પોક તે મૃષાવાદ (૧૪૩).

,,—અંતઃકરણની પ્રતીતિ તત્ત્વાદિકને અંગે અવળી થાય ત્યાં મૃષાવાદ (૧૪૨).

,,—પ્રાણીનો સર્વથા નાશ કરનાર ગઠડીનું જુઠું તે મૃષાવાદ (૧૪૨).

**મોક્ષ**—આત્મીય સુખ એનું નામ મોક્ષ (૨૭).

**મોહ**—ઉંદરની ફૂંક જેવો જે હોય તે મોહ. (૨૭૩).

**રૌદ્ર ધ્યાન**-હિંસા, જૂઠ, ચોરીના વિચારો એટલે રૌદ્ર ધ્યાન (૧૬૬).

**લશ્કરી**—શાસનના હિત માટે, ફાયદાને માટે, જગતના બચાવને માટે અને ઉદ્ધારને માટે જેની બુદ્ધિ હોય તે લશ્કરી (૧૬૯).

**વધ**-પર્યાયનો નાશ, દુ:ખની ઉત્પત્તિ અને પરિણામની ક્લિષ્ટતા તે વધ (૨૫૨).

**વર્ગીકરણ**—એક એક વસ્તુ કયી કયી રીતે જુદી બોલી શકાય, સમજાવી શકાય તે માટે મૂળ ભેદો, પેટા ભેદો, ભેદાંતર બધું જણાવવામાં આવે તે વર્ગીકરણ (૧૪૪).

**શહેનશાહ**—છ જીવનિકાયની દયાનું નિરૂપણ કરનાર તે શહેનશાહ (૨૯૦).

**શહેનશાહત**—છ જીવનિકાયનું રક્ષણ તે જૈનશાસનની શહેનશાહત (૨૮૯).

**શાસન**—જે દહાડે સાધુપણું થાય તે દહાડે જેની પ્રવૃત્તિ હોય અને જે દહાડે સાધુપણું બંધ થાય તે દહાડે જે બંધ થાય તે **શાસન** (૨૫૧).

**શાસ્ત્ર**—અપ્રસિદ્ધ વાત કહે તે શાસ્ત્ર (૨૬).

**શ્રુતસ્થવિર**—ઠાણાંગ અને સમવાયાંગને ધારણ કરનારો તે શ્રુતસ્થવિર (૬૭).

**સમ્યક્ત્વ**—મનથી પરિગ્રહને મોકળો કરવાની બુદ્ધિ તે સમ્યક્ત્વ (૧૮૧).

**સયોગિકેવલી**—કેવળજ્ઞાન પામેલા ને વિચરતા મુનિવર તે સયોગિકેવલી (૨૧૪).

**સંયમ**—ભાવ-પ્રાણ એ સંયમ (૨૮૨).

**સંવર**—નિર્જરાનું કાર્ય કરનાર તે સંવર (૧૭૯).

**સર્વ આરાધક**—ઘરનું ને બહારનું સહન કરે તે **સર્વ**

આરાધક (૩૨૦).
**સહી**—જગ વીયરાય એ સહી (૧૯૩).
**સાધુ**—ચારિત્રરૂપ ગુણમાં રહેલો હોય તે સાધુ (૨૧૯).
**સાધુ મહાત્મા**-એકેંદ્રિયના આરંભનો ડર જેને ખરેખર લાગ્યો હોય તે સાધુ મહાત્મા (૩૪).
**સારો**—સદાચારનો સખી તે સારો (૨૪૭).
,,—ક્ષણભર સદાચારને ન છોડે તે સારો (૨૪૭).
**સૂક્ષ્મ**—જેને બચાવવા માટે તીવ્ર પ્રયત્ન કરવો પડે તે સૂક્ષ્મ (૨૩૯).
**સૂયગડાંગ**—મિથ્યાત્વી તરફથી આવતાં વચનરૂપી બાણોમાંથી બચવાના રસ્તાઓ બતાવનારૂં અંગ તે સૂયગડાંગ (૫).
,,—મિથ્યાત્વીના ખોટા નિયમોનું પોકળ કાઢનાર અંગ તે સૂયગડાંગ (૭).
,,—જેનાથી દર્શન મોહનીયનો, મિથ્યાત્વમોહનીયનો અને ચારિત્રમોહનીયનો જય મેળવાય છે તેનુ નામ સૂયગડાંગ (૯).
,,—શ્રદ્ધાની મજબૂતી કરનાર અંગ તે સૂયગડાંગ (૫૭).
**સ્થાનાંગ**—બચાવ માટે ઉભી કરાયેલી દીવાદાંડી એટલે સ્થાનાંગ (૨૦૮).
**સ્વદયા**—પોતાના આત્મા સંબંધી દયા તે સ્વદયા (૭૭).
**સ્વલિંગ**—જિનેશ્વરનો વર્ગ તે સ્વલિંગ (૨૮૯).
**હિંસા**—ગુંડાશાહી એટલે હિંસા (૧૧૭).
,,—સર્વ ગુણનો નાશ કરનાર તે હિંસા (૧૨૯).
,,—પ્રમત્ત યોગરૂપ ખરા માલવાળો અને પાણુના નાશરૂપનું બારદાનવાળો દુર્ગુણ તે હિંસા (૨૨૨).
,,—મરદની પોક તે હિંસા (૧૪૩).

**ઉપસંહાર**—વ્યાખ્યાનોનો મુખ્ય ઉદ્દેશ હિંસા અને અને અહિંસાના સ્વરૂપની બને તેટલી માહિતી આપવી અને તે માટે યુક્તિ, ઉદાહરણ ઇત્યાદિનો પૂરતો ઉપયોગ કરવો એ રખાયો હતો અને તે સારી રીતે પાર પડ્યો છે. વ્યાખ્યાતાએ અહીં જે નિરૂપણ કર્યું છે એ ઉપરથી પાંચ મહાવ્રતો ઉપર અને ખાસ કરીને અહિંસાને અનુલક્ષીને મહાનિબન્ધ લખવો હોય તો તેને માટે મહામૂલ્યશાળી વિવિધ અને વિશિષ્ટ સામગ્રી આ વ્યાખ્યાનો પૂરાં પાડે છે. આ વ્યાખ્યાતાના અહિંસા સાથે સંબંધ ધરાવનાર કેટલાક લેખો [1]"સિદ્ધચક્ર"માં પ્રસિદ્ધ થયા છે એની હું અહીં નોંધ લેવી દુરસ્ત સમજું છું:—

| વર્ષ | અંક | પૃષ્ઠ | વિષય |
|---|---|---|---|
| ૪ | ૯ | મુખપૃષ્ઠ ૨ | અહિંસાની મહત્તા |
| ૭ | ૧૩–૧૪ | ૩૨૧ | જૈનો અને અહિંસા |
| ૯ | ૧૦ | પીઠપૃષ્ઠ ૨ | ભીખમપંથી (તેરાપંથી)-ઓને લાયક નેત્રાંજન |
| ૯ | ૨૩–૨૪ | ,, ૨ | શ્રીજૈન શાસનમાં અહિંસાનું ઉચ્ચ સ્થાન કેમ? |

૧ આ પાક્ષિક (વર્ષ ૧૪, અં. ૧૨, પૃ. ૨૭૬–૨૮૦)માં વ્યાખ્યાતાએ સંસ્કૃતમાં રચેલી **સિદ્ધ-ષટ્ત્રિંશિકા** શ્રીમાણિક્યસાગરસૂરિજીના ગુજરાતી અનુવાદ સહિત છપાયેલી છે.

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| આચારાંગ એટલે ? | ૨ |
| દુઃખથી નીડરતા | ૨ |
| ધ્યેય | ૨ |
| પ્રશ્ન–તીર્થંકર રાગી ખરા કે નહિ ? | ૩ |
| ગૃહસ્થકાળ ૩૦ વર્ષ નહિ કે ૨૮ | ૩ |
| ભગવાનનો બે વર્ષ પર્યાય | ૩ |
| શેની ગણતરી ? | ૪ |
| સાધુને પ્રતિજ્ઞાના નિર્વાહનું જ ધ્યેય હોય | ૪ |
| વચનરૂપ ભાલા–બાણ | ૫ |
| સૂયગડાંગ એટલે ? | ૫ |
| કપટી આચરણ | ૬ |
| ઘરના શત્રુથી ન બચાય | ૬ |
| સૂયગડાંગનું સ્વરૂપ | ૭ |
| એકનો હાથ પકડનાર મરાવનાર છે | ૭ |
| દીક્ષાને અંગે મર્યાદાનું કારણ ? | ૭ |
| અન્યધર્મીને ચોમાસામાં દીક્ષા ન અપાય | ૮ |
| સ્થાનકવાસીને મૂર્તિ માનવા અંગે જવાબ | ૮ |
| વર્ગીકરણમાં ભૂલ | ૯ |
| ઠાણાંગ એટલે શું ? | ૧૦ |
| 'ત્રૈરાશિક' રોહગુપ્તની ભૂલ | ૧૦ |
| 'બહુરતવાદી' જમાલિની ભૂલ | ૧૦ |
| 'અંત્યવાદી' તિષ્યગુપ્તની ભૂલ | ૧૦ |
| દિગંબરોની ભૂલ | ૧૧ |

| | |
|---|---|
| સ્થાનકવાસીની ભૂલ | ૧૧ |
| આઠ વર્ષ પર્યાયે ઠાણાંગ | ૧૧ |
| પ્રશ્ન–ગૃહસ્થોને શાસ્ત્રો વાંચવામાં શી અડચણ? | ૧૧ |
| દસ્તાવેજ વકીલ દ્વારા | ૧૨ |
| લાયકાત | ૧૨ |
| સ્થાનાંગની સ્થિતિ આઠ વર્ષની કેમ રાખી? | ૧૨ |
| पंच महव्वया पण्णत्ता | ૧૩ |
| મહાવ્રતોની ચાર અને પાંચ સંખ્યા અંગે પ્રશ્ન | ૧૩ |
| એક લીધો–સાઠ આપ્યાનું દૃષ્ટાન્ત | ૧૪ |
| ચાર અને પાંચ મહાવ્રતોનું સમાધાન | ૧૪ |
| બહિદ્ધાદાનનો અર્થ | ૧૫ |
| વક્ર અને જડપણાને લીધે પાંચ મહાવ્રત | ૧૫ |
| કાયદામાં સુધારો | ૧૬ |
| વ્રત લેતાં પરિણામ | ૧૬ |
| ત્રસની હિંસાવાળા અંગે | ૧૭ |
| 'मेहुणाओ वेरमणं' જુદું કહેવાનું તાત્પર્ય | ૧૭ |
| 'सव्वाओ परिग्गहाओ वेरमणं' શા માટે? | ૧૮ |
| માતા છોકરાંને પોષે એ દૃષ્ટાન્તથી વક્ર-જડના ધર્મની ઘટના | ૧૯ |
| ખોરાકના દૃષ્ટાન્તથી મહાવ્રત ફેરવવાની ઘટના | ૧૯ |
| વક્ર–જડ માટે શબ્દ પલટો | ૨૦ |
| 'પરિગ્રહ' શબ્દ વાપરવાનો ખુલાસો | ૨૦ |
| પરિગ્રહની વ્યાખ્યા | ૨૧ |
| આચાર્યો પણ પૂર્વાચાર્યોને આધીન છે | ૨૧ |
| મૂર્છા ન કહેતાં પરિગ્રહ શા માટે? | ૨૨ |
| સંયમના ઉપકરણમાં પણ મૂર્છા ન રખાય | ૨૩ |

| | |
|---|---|
| મનુષ્યદેહ મોક્ષની નીસરણી છે | ૨૩ |
| નવી વહુનું વાછરડાને રોટલો ખવડાવવું | ૨૪ |
| સાધુએ લેવું જોઈતું વાછરડાનું દૃષ્ટાન્ત | ૨૪ |
| પુસ્તકના પૂઠામાં મમતા કરવા જતાં મૂળથી રસ્તો ભૂલે | ૨૪ |
| વક્ર-જડને ફેરવવા મહાવીરે શબ્દ ફેરવ્યો | ૨૫ |
| પ્રશ્નપરંપરા | ૨૫ |
| શાસ્ત્રનું લક્ષણ | ૨૬ |
| અર્થ ને કામ સ્વયંસિદ્ધ છે | ૨૭ |
| ચાર પુરૂષાર્થની વ્યાખ્યા | ૨૭ |
| પરસ્પર વિરોધવાળું વચન શાસ્ત્રકારનું ન હોય | ૨૮ |
| પ્રતિમાનું પૂજન | ૨૮ |
| પૂજનમાં વૈદ્યના ઔષધનો ન્યાય | ૨૮ |
| સાધુ પૂજા કેમ ન કરે? | ૨૮ |
| પૂજાનું સ્વરૂપ અને એનો અનુબંધ | ૨૯ |
| અશુદ્ધ દાનના ઉપદેશની માફક પૂજાનો ઉપદેશ ન અપાય | ૨૯ |
| સમાધાન-રેવતી શ્રાવિકાના દાનનો પ્રસંગ | ૨૯ |
| સ્વરૂપે હિંસા | ૩૦ |
| પ્રશ્ન-હિંસાનું લક્ષણ શું? | ૩૧ |
| વેદ્ય અલ્પ પાપ અને ક્રિયાકાલીન અલ્પ પાપ | ૩૨ |
| પૂજામાં અલ્પ પાપ પણ વેદન નહિ. | ૩૩ |
| શેઠના છોકરાનું દૃષ્ટાન્ત | ૩૪ |
| દિગંબરોને પ્રશ્ન | ૩૫ |
| દ્રવ્ય-પૂજાનો અધિકારી ગૃહસ્થ | ૩૫ |
| સ્થાપનાજીમાં ફોટો | ૩૫ |
| વાણિયો ને મિયાં | ૩૬ |

અર્થ–કામ ઉપાદેય નથી ૩૬
ધર્મોપદેશ એ શાસ્ત્રનું કર્તવ્ય છે ૩૭
અણુવ્રત તો ભાગતા ચોરની લંગોટી છે ૩૭
તીર્થંકર આદિની એક જ ભાવના ૩૮
પાંચ–અઢારનાં હથિયાર ૩૯
પુરૂષાર્થનું સ્વરૂપ ૪૦
પત્થર ઉપર કોર્યાં ધૂળથી ન ભુસાય ૪૦
અભિમાન એટલે ભુસવાનો ધંધો ૪૧
પત્થર કોર્યાં સજ્જનના બોલ ૪૧
લૉર્ડ કર્ઝન અને મોગલોની સરખામણી ૪૨
અર્થ–કામને છોડવામાં પુરુષાર્થ ૪૨
ધર્મ પણ પુરુષાર્થ નહિ ૪૩
બે સાધ્ય અને બે સાધન ૪૩
નિશ્ચયથી ધર્મ ૧૪માના છેલ્લે સમયે ૪૪
દેવલોક એટલે મોક્ષ ઘરાણે ૪૫
ધર્મ કારણોનાં કારણનું કારણ છે ૪૫
મુનિપણું એ જ સમ્યક્ત્વ ૪૫
ચોથા ગુણસ્થાનવાળાને ધર્મી કેમ ગણાય ? ૪૬
ચોથું ગુણસ્થાન એટલે વિચારનું પરાવર્તન ૪૬
નિર્ગ્રંથ પ્રવચન એ જ અર્થ અને એ જ પરમાર્થ છે ૪૭
જેમ કોંગ્રેસે ભાન કરાવ્યું તેમ સમ્યક્ત્વમાં ૪૭
કર્મરાજા રાક્ષસી સરકાર છે ૪૮
પુદ્ગલાસક્તિવાળાએ લગામ કર્મને સોંપી છે ૪૮
આત્મામાં અનંતી તાકાત છે ૪૯
સમ્યક્ત્વ એટલે અવિનાશી બીજ ૪૯

સન્નિપાત મટ્યા પછી વિદ્વાન તે વિદ્વાન ને મૂર્ખ તે મૂર્ખ ૫૦
આશ્ચર્ય ૫૦
પ્રતિપાતી મોક્ષે ગયેલા વધારે છે ૫૧
'નમોત્થુણં' એ ભવિષ્યની આશાનો નમસ્કાર ૫૨
સમ્યક્ત્વની તાકાત ૫૨
સમ્યક્ત્વની વાત ઉડાડતાં મોક્ષ ઊડી જાય ૫૩
સમ્યક્ત્વીનાં લિંગો ૫૩
ધર્મની શરૂઆત ૫૪
મોક્ષ સિવાયનું છોડવાનું છે ૫૪
શ્રદ્ધા પલટાતાં નુકસાન ૫૫
આચારાંગથી આચાર અને સૂયગડાંગથી શ્રદ્ધા ૫૬
ઠાણુંાંગ એટલે પદાર્થની ઇયત્તા ૫૭
ઠાણુાંગજી એટલે સમરાંગણુની સરવે (Survey) ૫૮
દેશવિરતિ એટલે શું ? ૫૮
સામાયિક વગેરે ફુરસદીઆં કામો છે ૫૯
લગ્ન ફુરસદે કરવાનો વિચાર રખાયો ? ૬૦
ગૃહસ્થ સરવેનો અધિકારી ન બને ૬૦
ત્રિવિધ૦ વોસિરેવાળો સરવેમાં આવે ૬૦
શૂરા સરદાર માટેની લાયકાત ૬૧
ચાર ગતિ એ ચૂક છે ૬૧
વિપત્તિ જાણવા છતાં છોડતો નથી ૬૨
દારૂડિયાનું દૃષ્ટાન્ત ૬૨
ભાડૂતી ને માલિકીનું ઘર ૬૨
ફોટો અને ફોનોગ્રાફ ૬૩
રોડાં, ઠુકા ને હાડકાના માળાવાળા સૈનિક ન થાય ૬૩

ભંડારની ચાવીની પ્રાપ્તિ ૬૪
વહુ સસરાના ઘરને પોતાનું ઘર ગણે ૬૪
સમજણ આવે ત્યારે તિજોરીની ચાવી અપાય ૬૬
ગીતાર્થ ૬૬
ઇયત્તા સુધી પદાર્થની પ્રરૂપણા ૬૭
ઠાણાંગ દ્વારા ભૂલભૂલામણીનો ઉકેલ ૬૭
'पंचिंदिय' સૂત્ર વગેરેમાં પાંચ મહાવ્રતો— ૬૭
હીરાનું દૃષ્ટાન્ત ૬૮
તીર્થંકરોને ત્યાં મહાવ્રતો રજિસ્ટર ૬૮
તીર્થંકર સિવાય બીજાને ત્રસાદિનું જ્ઞાન નથી ૬૯
કરનારને કરવાની મહેનત હોય ૭૦
પંચેંદ્રિયાદિમાં આચાર અંગે, અહીં ઉત્પત્તિ અંગે ૭૦
શોધ કરનાર તરીકે રજિસ્ટર 'તીર્થંકર' ૭૦
'पंच' 'महव्वया' અને 'पण्णत्ता' કેમ? ૭૧
જૈન દર્શનમાં તત્ત્વોનો વિભાગ ૭૨
આચારો અને વિચારોનું નિયમન નથી ૭૩
ઝાંપા સુધીની શિખામણ ૭૩
વર્ગીકરણ કરનાર શ્રીસ્થાનાંગજી ૭૪
વર્ગીકરણ માટે એ આગમ કેમ? ૭૫
ભૂમિકાને મહેલ ભેળાં ગણાય ૭૬
હિંસાની વિરતિ એક જ વ્રત કેમ નહિ? ૭૬
રાગ અને દ્વેષ સ્વતંત્ર હિંસારૂપ નથી ૭૭
સ્વદયા એટલે શું? ૭૭
અભવ્યને દુઃખ દૂર કરવાના મુદ્દાએ ચારિત્ર ૭૮
અભવ્ય આઠ તત્ત્વ માને ૭૯

| | |
|---|---|
| અભવ્ય મોક્ષ ન માને તો માને શું ? | ૭૯ |
| રાગદ્વેષ હિંસારૂપ છે એમ ન મનાય | ૮૦ |
| પાંચ મહાવ્રતો કહેવાની જરૂર | ૮૦ |
| અદત્તાદાનવિરમણ એક ન ચાલે ? | ૮૧ |
| અદત્ત ગાહ્ય પદાર્થ અંગે હેય | ૮૧ |
| પાંચ મહાવ્રતો સાથે જ ઉચ્ચારાવાય | ૮૨ |
| પંચ મહવ્વયાનું સમાધાન | ૮૨ |
| સ્વરૂપભિન્નથી મહાવ્રતો ભિન્ન છે | ૮૩ |
| અનંતા તીર્થંકરોએ મહાવ્રત પાંચ જ કહ્યાં છે | ૮૩ |
| બાવીસ તીર્થંકરમાં 'ચતુર્યામ' | ૮૪ |
| મહાવ્રત ઉચ્ચરવાં એટલે રજિસ્ટર દસ્તાવેજ | ૮૪ |
| 'મહાવ્રત' અને 'યામ'ની વ્યાખ્યા | ૮૪ |
| અહીં પ્રતિજ્ઞા અને આશીર્વાદ | ૮૫ |
| મહાવ્રત ઉચ્ચર્યા પછીથી પર્યાય ગણાય | ૮૫ |
| ગણધર સિવાયના યોગવહન કરે જ | ૮૬ |
| એકને બદલે પાંચ અને યામને બદલે મહાવ્રત | ૮૬ |
| મહાવ્રતમાં 'મહા' શબ્દની શી જરૂર ? | ૮૬ |
| તીર્થંકરો જ મોક્ષનો રસ્તો બતાવનાર છે | ૮૭ |
| ભૂલા પડેલાને માર્ગ બતાવનાર કોણ ? | ૮૭ |
| વાદવિવાદનો છેડો કબૂલાતે | ૮૮ |
| પ્રશ્નોત્તરનો છેડો સમજણે | ૮૮ |
| માન્યતા સ્વીકારને બદલે આચાર સ્વીકાર કેમ ? | ૮૯ |
| આચાર સ્વીકારમાં છેડો | ૮૯ |
| ગણધરોને સમ્યક્ત્વ અને ચરિત્ર સાથે | ૯૦ |
| ગુણ નાશે ગુણીનો નાશ ન થાય | ૯૦ |

અજવાળું થતાં જ સાપને જાણવો, ઝબકવું ને ખસવું થાય ૯૧
સમજ્યા પછી વિલંબ ન હોય ૯૧
ત્રિપદી, દ્વાદશાંગીની રચના ૯૨
અંગપ્રવિષ્ટનાં લક્ષણ ૯૨
પેટાભેદ નથી તેથી પાંચની જરૂર ૯૨
રાત્રિભોજન–વિરમણ મહાવ્રત કેમ નહિ ? ૯૩
રાત્રિભોજન મૂળ ગુણ ખરો પણ મહાવ્રત નહિ ૯૩
અણુ, મહા વિશેષણની જરૂર ૯૪
મહાવ્રતમાંથી નીકળેલો ભાગ અણુવ્રતે ૯૫
અણુમાં ટુકડો મહાના હિસાબે ૯૫
અણુ અને મહા સ્વરૂપદર્શક વિશેષણ છે ૯૫
पण्णत्ता કહી બધાના નામે કેમ ચઢાવ્યું ? ૯૬
पण्णत्ता કહ્યાનું સમાધાન ૯૬
મહાવિદેહમાં પણ પ્રરૂપણા તો સરખી જ ૯૭
ભગવાન મહાવીર રિફોર્મર ન હતા ૯૮
'मइव्वया' એ ઉદ્દેશ, 'सव्व' એ નિર્દેશ
'सव्व' શબ્દ નિરવશેષ સર્વવાચી ૯૯
'નિરવશેષ' સર્વનાં પચ્ચક્ખાણ છે ૧૦૦
ચરણકરણાનુયોગ કેમ ? ૧૦૧
સમ્યક્ત્વના ભેદ ૧૦૨
કારક સમ્યક્ત્વનું સ્વરૂપ ૧૦૨
રોચક સમ્યક્ત્વનું સ્વરૂપ ૧૦૨
દીપક સમ્યક્ત્વનું સ્વરૂપ ૧૦૩
પ્રતિમા વીતરાગ દશાના સ્મરણ માટે છે ૧૦૩
પ્રતિમાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ૧૦૪

પરસંયોગે મૂર્તિ ચારિત્રવાળી છે ૧૦૫
સમ્યક્ત્વ જીવમાં ઉત્પન્ન થાય ૧૦૫
'મૂર્તિ' સ્વરૂપ જણાવે છે ૧૦૬
અભવ્યના ઉપદેશથી પણ શ્રદ્ધા થાય ૧૦૬
ચાર અનુયોગ એ સોનું, રૂપું, હીરા ને લોઢાની ખાણ ૧૦૭
ભાવાર્થ ન સમજતાં શબ્દ સાંભળે તો અનર્થ ૧૦૭
લોઢા વગર સોના, ચાંદીની ખાણો નકામી ૧૦૮
છાપ મારનાર ચરણકરણાનુયોગ ૧૦૯
પાંચમા ઠાણામાં ચરણકરણની છાપ ૧૦૯
ખોટો રૂપિયો કાપી નાંખવાનો ૧૦૯
સાધુએ મહાવ્રતનો ઉપદેશ આપવો ૧૧૦
શેઠના છ છોકરાનું દૃષ્ટાન્ત ૧૧૧
છ ન છોડે તો એકને પણ છોડાવવાના ન્યાયે
અણુવ્રતનો ઉપદેશ ૧૧૧
અગિયાર અંગમાં દેશવિરતિનો ઉપદેશ નથી ૧૧૨
અગાર ધર્મ ને અણગાર ધર્મ કેમ કહ્યો? ૧૧૨
અગાર ધર્મ એટલે ખાળે ડૂચા ને દરવાજા મોકળા ૧૧૨
અણુવ્રતવાળો દરવાજા બંધ કરવાની ભાવનાવાળો છે ૧૧૩
અતિચારો દરવાજા બંધની ભાવના જણાવે છે ૧૧૪
સત્તરમાં પ્રવર્તેલો સમ્યક્ત્વી ૧૧૪
શ્રાવકની દાનત ધર્મપક્ષમાં છે ૧૧૪
પ્રજ્ઞપ્તાથી તીર્થંકરની છાપ ૧૧૫
સૂત્રથી ગણધરો રચે ૧૧૫
આનુપૂર્વીવાળા પહેલા જ ભાંગે મહાવ્રતો ૧૧૫
'તથા' શા માટે? ૧૧૬

સર્વજ્ઞનું શાસન એટલે પહેલું મહાવ્રત ૧૧૬
સ્થાનાંગની આવશ્યકતા ૧૧૭
ક્ષેત્રાન્તરે, કાલાન્તરે બોધ કરાવનાર ગણધરો ૧૧૮
તીર્થ તરીકે ગણધર ૧૧૮
ગુણ ગુણી વગર રહેતો નથી ૧૧૯
ગણધરકૃત રચનાનો પ્રભાવ ૧૨૦
દેવને ઓળખાવનાર ગણધરરચના ૧૨૦
રિપોર્ટરોનાં ભિન્નપણાથી વાક્ય-ભેદ તેમ ગણધરરચના ૧૨૧
તીર્થંકરો બતાવનાર છે પણ બનાવનાર નહિ ૧૨૧
દીવો બતાવનાર છે, બનાવનાર નથી ૧૨૨
નિબંધમાં વાક્ય જુદાં પણ ભાવ એક તેમ દ્વાદશાંગી ૧૨૨
આગમના આધારે દેવ-ગુરૂ ૧૨૩
પહેલા તારનાર કોણ? ૧૨૩
તરવાનું સાધન પ્રથમ ગણધર ૧૨૪
સૂત્ર થકી ગણધરોને આત્માગમ ૧૨૪
રતિમાસાની પ્રકૃતિવાળાનો શો ઉપાય? ૧૨૫
ચૌદ પૂર્વ એટલે ટૂંકી નોંધ ૧૨૬
વિશેષણવાળા રંગ છે તેમ વિશેષણવાળા મહાવ્રત છે ૧૨૬
ઊલટું સમજાવવાની બુદ્ધિ તે પાપ ૧૨૭
લાભાંતરાયના ઉદયમાં લઈ જવો તે પાપ ૧૨૭
પ્રાણાતિપાતની વિરતિ વગર મૃષાવાદની વિરતિ ન હોય ૧૨૮
તેના વગર મૃષાવાદની વિરતિ એ ફોતરાં ખાંડવાં ૧૨૮
બકરી કાઢતાં ઊંટ પેઠું ૧૨૮
શ્રદ્ધાવાળો છોડવાની ઈચ્છાવાળો છે ૧૨૯
'મૃષાવાદ' અંશનાશ, 'હિંસા' સર્વનાશ ૧૨૯

અન્યોના જુલમ ૧૩૦
અન્ગો, ઉપદેશદ્વારા વધનારા નથી ૧૩૧
જમાનો પલટાયે પ્રરૂપણા ન પલટાય ૧૩૧
મહાવ્રતો એટલે શાસનનો સ્તંભ ૧૩૨
બીજા કુદેવો કોન ? ૧૩૨
ગૃહલિંગ સિદ્ધ બોલનારે સ્વલિંગ સિદ્ધ શબ્દ ખ્યાલમાં લેવો ૧૩૩
અન્યલિંગ એટલે આંધળા, અજાણ્યાપણું ૧૩૩
અન્યલિંગ એટલે મોક્ષને ઊંધું મારનાર ૧૩૩
અન્યલિંગ મોક્ષનું લિંગ નથી ૧૩૪
ગૃહસ્થપણાનાં બે વર્ષ ૧૩૫
કર્મે શૂરા તે ધર્મે શૂરાનું તત્ત્વ ૧૩૫
ગૃહસ્થપણામાં કલ્યાણ નથી ૧૩૬
દેવ હથિયાર સ્ત્રી વગરના જોઈએ ૧૩૬
સ્ત્રી આદિનો નિષેધ, કુદેવના નિષેધ માટે ૧૩૭
મોક્ષમાર્ગનો રસ્તો મહાવ્રત જ ૧૩૭
લોઢાની ખીલીવાળી નાવ તારે તે પ્રતાપ લાકડાનો ૧૩૮
અન્યલિંગે છતાં મોક્ષે જાય તો તે પ્રતાપ મહાવ્રતનો ૧૩૮
મૃષાવાદવિરમણ એટલે સોયની ચોરી ૧૩૯
ઉત્સૂત્ર અનંતો સંસાર વધારે ૧૩૯
ઉત્સૂત્રની વ્યાખ્યા ૧૪૦
અઢારમું પાપસ્થાન એક બાજુ ને બીજાં બધાં એક બાજુ ૧૪૦
પલટો ખાય તો તોડી નાખે ૧૪૦
ગોશાળાનો પલટો ૧૪૧
ઉત્સૂત્ર સિવાયનું મૃષાવાદ સોય જેવું ૧૪૨
એક વિપરીતે બે પાપસ્થાનક ૧૪૨

| | |
|---|---|
| પ્રાણનો નાશ એ ગઠડીની ચોરી | ૧૪૨ |
| મરનો અર્થ અમર | ૧૪૩ |
| હિંસક ન બચે હિંસ્ય બચી જાય | ૧૪૩ |
| ચોરીને પ્રથમ સ્થાન ન હોય | ૧૪૩ |
| બ્રહ્મચર્યને પ્રથમ સ્થાન કેમ નહિ? | ૧૪૩ |
| 'વ્રત' સંજ્ઞાનું કારણ | ૧૪૫ |
| 'વ્રત' નિવૃત્તિના અર્થમાં | ૧૪૫ |
| 'तंजहा पण्णत्ता'થી તીર્થંકરોની છાપ | ૧૪૬ |
| બૌદ્ધો વગેરે અનુકરણથી શિક્ષા આદિ બોલે છે | ૧૪૬ |
| અનુકરણ કરવાવાળા કોણ? | ૧૪૬ |
| પદાર્થ જાણ્યા પછી નામ સ્થાપન | ૧૪૭ |
| આત્મા સ્પર્શાદિનો વિષય નથી | ૧૪૭ |
| 'આત્મા'ને જણાવનાર કોણ? | ૧૪૭ |
| પરમાણુના જ્ઞાનમાં પણ સાચું કોણ? | ૧૪૮ |
| અન્યોની પરમાણુની થિયરી ધોઈ નાખવાની | ૧૪૯ |
| તીર્થંકરો સર્વજ્ઞ હોવાથી જાણીને કહી શક્યા | ૧૫૦ |
| જે સ્પર્શાદિના જ્ઞાનમાં નથી ટકતા તે અરૂપી જ્ઞાનમાં ક્યાંથી ટકે? | ૧૫૦ |
| સાયન્સથી સાબિત થયેલું પૃથ્વી આદિનું જીવપણું જૈનોએ જ માનેલું છે | ૧૫૧ |
| બીજાઓને છ જીવનિકાયની માન્યતા કે વિરતિ નથી | ૧૫૧ |
| સ્મૃતિમાં ઝાડમાં સુખ, દુઃખ નથી માન્યા | ૧૫૧ |
| છ જીવનિકાયની માન્યતાથી હિંસાદિની વિરતિનો ક્રમ | ૧૫૧ |
| પહેલાં મહેર નજરની જરૂર | ૧૫૨ |
| હિંસા વગેરે ચોથાનાં કર્યાંબચ્યાં | ૧૫૨ |

હિંસાના ડરથીજ બીજું પાપસ્થાનક છે ૧૫૨
એક વખતના મૈથુનમાં નવ લાખની હિંસા કેમ? ૧૫૩
પરિણામના અંગે હિંસા એ પહેલું જ છે ૧૫૩
બ્રહ્મચર્યનો ક્રમાંક ૧૫૩
મૃષાવાદનો ક્રમ બીજો જ આવે ૧૫૪
તમામ દ્રવ્યોનો વિષય હોવાથી મૃષાવાદ બીજું ૧૫૫
અદત્તાદાન ત્રીજે ને ચોથે મૈથુન યોગ્ય જ છે ૧૫૫
નય, પ્રમાણ ને નયાભાસ ૧૫૬
'બહુ ભણેલો શાસ્ત્રનો શત્રુ'-તેનો ખુલાસો ૧૫૭
'બોલ'ગો' હિતને માટે છે ૧૫૮
'સર્વ પ્રાણાતિપાતથી વિરમણ' એ નય-વાક્ય ૧૫૮
લગીર આઘાપાછામાં મિથ્યાત્વ ૧૫૯
મૂળ સ્થાનરૂપે આજ ક્રમ ૧૬૦
પહેલું, બીજું, ત્રીજું અપવાદિક, ચોથું નિરપવાદિક ૧૬૦
બીજું મહાવ્રત જાળી-બારીવાળું ૧૬૨
મૈથુનમાં સ્યાદ્વાદ નહિ ૧૬૨
મૈથુનવિરમણમાં 'પરિણતિ' પ્રવૃત્તિથી ભિન્ન ન થાય ૧૬૩
કૃષ્ણ પણ બ્રહ્મચર્યને વખાણે ૧૬૩
મૈથુનમાં અપવાદ નહિ ૧૬૪
છોકરાને કરિયાતું અપાય, ઝેર ન અપાય ૧૬૪
હિંસામાં અપવાદ કયા પ્રકારનો? ૧૬૪
બ્રહ્મચર્યનું ચોથું સ્થાન બરોબર જ છે ૧૬૫
અબ્રહ્મ નહિ સેવવાવાળો દુર્ગતિનો ભાગી થતો નથી ૧૬૫
મૈથુનાનુબંધીને રૌદ્રધ્યાનમાં ગણાવ્યું નથી ૧૬૫
દ્રવ્ય-બ્રહ્મના પાલનની જરૂરિયાત ૧૬૬

બળાત્કારે પળાતું બ્રહ્મચર્ય દેવલોક આપે ૧૬૬
બ્રહ્મચર્યનું ચોથા નંબરનું સ્થાન યથાર્થજ છે ૧૬૭
અનાદિ કાળથી રખડાવનાર પરિગ્રહ ૧૬૭
લશ્કર વફાદારીવાળું જોઈએ ૧૬૮
લશ્કર ને બળવાખોરમાં વફાદારીનો ભેદ ૧૬૯
બાહ્ય ત્યાગ સદાચાર હોય તો ભવ્ય ચૂકે ૧૬૯
અભવ્યની પ્રરૂપણામાં ભલભલા ઝંપલાય ૧૭૦
સાધ્યની દૃષ્ટિ કાર્ય કરનાર છે ૧૭૦
આચારાંગ અને સૂત્રકૃતાંગની રચનાના ઉદ્દેશ ૧૭૦
ઠાણાંગનો ઉદ્દેશ ૧૭૧
બાવીશ તીર્થંકરમાં પ્રરૂપણા ભેદે અવધિ આદિનું શું થાય? ૧૭૨
નાસ્તિક ને ગુરૂ ૧૭૨
'કેરી પાકે ત્યારે વંટોળીઓ' તેમ નાસ્તિકનું જાતિસ્મરણ ૧૭૩
સર્વ તીર્થંકરોએ પાંચ જ મહાવ્રત કહ્યાં છે ૧૭૪
ચાર જ્ઞાની પડે માટે સાવચેતીની જરૂર ૧૭૪
ગૌતમસ્વામીની નિશ્રાએ બીજાને પ્રતિબોધવા ૧૭૪
પહેલાં પાપનો નિષેધ કેમ? ૧૭૫
એક તોડવામાં આટલી બધી જરૂર કેમ? ૧૭૬
એક તોડે મોક્ષ મળે ૧૭૬
લેપ માટે સાબુના ન્યાયે સકામ-નિર્જરાની જરૂર ૧૭૭
જેમ જેમ વાદળ વિખરાય તેમ તેમ પ્રકાશ ૧૭૭
પહેલાં આવરણ તોડવાં કે કર્મ રોકવાં? ૧૭૮
સંવરનું સ્થાન પહેલાં કેમ નહિ? ૧૭૮
તામલિ તાપસ ૧૭૯
સાધુ સદા ઉપવાસીનો ખુલાસો ૧૭૯

હિંસાદિકનો આધાર પરિગ્રહ ઉપર ૧૮૦
આરંભ, પરિગ્રહથી વિરમવાવાળો ધર્મને ફળીભૂત કરે ૧૮૦
ચાર મહાવ્રતના બળે મમતા જીતાય ૧૮૧
દાનત પાક જોઇએ ૧૮૨
વાસુદેવો વિચારના પરિવર્તનથી નરકે ૧૮૨
આચારની સાથે વિચારની વ્યવસ્થાની જરૂર ૧૮૨
વિચારના અડેકાણે આચાર છોડવાનો ન હોય ૧૮૩
સૂયગડાંગ પહેલુ અંગ કેમ નહિ? ૧૮૩
વિચારનો બાપ આચાર ૧૮૪
બાહ્ય સંજોગ વિના ખરાબ વિચાર ન થાય ૧૮૪
સામું ન મળ્યાં ન લડાય ૧૮૪
નાગિલાથી સન્માર્ગ ૧૮૫
પહેલો ઉપદેશ આચારનો ૧૮૫
આચારની સજ્જડતા માટે પહેલું આચારાંગ ૧૮૫
આચારની દૃઢતા માટે પહેલાં પૃથ્વીકાયાદિ નિરૂપણ ૧૮૬
શાસન દોરી લેનાર થાય માટે ઠાણાંગ ૧૮૭
પાંચ મહાવ્રતોના નિરૂપણનો હેતુ ૧૮૭
ધર્મોપગ્રહ-દાન સંયમના ટેકા માટે ૧૮૮
તામલિની તીવ્ર તપશ્ચર્યા ૧૮૮
તામલિને તપનું ફળ બીજો દેવલોક ૧૮૯
લીલોતરી વર્જવામાં ઇન્દ્રિય-આસક્તિવર્જન ૧૮૯
સંવરની ન્યૂનતા ૧૯૦
સારૂં થવાની બુદ્ધિથી તામલિનો તપ ૧૯૦
ભાવનાથી કર્તવ્ય ૧૯૦
પૂજાનો અધિકારી કોણ? ૧૯૦

બીજા મિથ્યાત્વી કેમ ? ૧૯૧

ભગવાન્ શું પૂજાની દરકારવાળા છે ? ૧૯૧

પૂજા શાને માટે ? ૧૯૨

'કોલ' ભવનિર્વેદનો ૧૯૩

'પૂજા' દસ્તાવેજ, 'સહી' જય વીયરાય ૧૯૩

તીર્થંકરની કિંમત તેમના ગુણોથી ૧૯૩

મહાવ્રત મુદ્રાલેખ ૧૯૪

પાપની જડ પરિગ્રહ ૧૯૪

પાંચના પચ્ચક્ખાણથી મહાવ્રતધારી ૧૯૪

અઢારને બદલે પાંચ કેમ ? ૧૯૪

વાંઝીઆનો વંશ વગર માર્યો મરે, તેમ તેર પાપસ્થાનક ૧૯૫

બિલાડીને ગળે ઘંટડી ૧૯૬

જકડાવવાનો સંભવ અગિયારમા સુધી ૧૯૬

પરિગ્રહ પોતાનું જ બગાડે માટે પાંચમું ૧૯૭

વિચારની વ્યવસ્થા વિના બધું નકામું ૧૯૮

ભવ્ય ને અભવ્યનાં ચારિત્ર ૧૯૮

ખીલા વગરનાં ચારિત્ર આઠ ૧૯૯

દ્રવ્ય–ચારિત્ર વિના ભાવ–ચારિત્ર આવે નહિ ૧૯૯

દ્રવ્ય–ચારિત્ર કરતાં ભાવ–ચારિત્ર અધિક છે ૨૦૦

હરકોઈ સાધુ એટલે 'દ્રવ્ય–સાધુ' એમ નહિ ૨૦૧

વ્યક્તિને લઈને જાતિને નિંદવાનો હક નથી ૨૦૧

કુમાર્ગે ચઢેલાને સન્માર્ગે લાવવો, પણ ફજેત કરીને નહિ ૨૦૨

તાડન તર્જનની શાસ્ત્રકારે આપેલી છૂટ ૨૦૩

સૂર્ય ઝગઝગાવે બોલાય તેમ સાધુમાંના એકનો પણ ગુણ જ બોલાય ૨૦૪

સાધુને 'દ્રવ્ય–સાધુ' કહેવું તે કલંક ૨૦૪
ભાવ–ચારિત્રની અપેક્ષાએ જ દ્રવ્ય–ચારિત્ર નકામું ૨૦૫
ખાનપાનની અપેક્ષાએ ત્યાગ કરેલ નવ ગ્રૈવેયકે જાય ૨૦૫
કમલપ્રભાચાર્યનો નીડર જવાબ ૨૦૬
'સાવદ્યાચાર્ય' નામ કોણ પાડે? ૨૦૭
આરંભ પરિગ્રહમાં ખૂંચેલા નરક નિગોદમાં ૨૦૭
અપવાદને દાખલા તરીકે લેવાય નહિ ૨૦૮
સ્થાનાંગ એટલે બચાવ માટે ઊભી કરાયેલી દીવાદાંડી ૨૦૮
જીવન પર્યંતના પ્રત્યાખ્યાનનું કારણ ૨૦૯
વિચાર ને વર્તનમાં આંતરું જોઇએ ૨૦૯
પરિગ્રહનું લક્ષણ ૨૧૦
ઉપકરણ કે અધિકરણ ૨૧૧
કાર્ય કરનાર આકાર ૨૧૨
મોક્ષનો માર્ગ સંયમ ૨૧૩
આશ્રવનિરોધરૂપ સંવરની ગેરહાજરી ૨૧૩
સયોગિ–કેવળી માટે કેમ નિયમ નહિ? ૨૧૪
લોભ મીઠા ઝાડના મૂળ કાઢે ૨૧૫
સમુદાયનો ચોથો તે શેષનો ત્રીજો ૨૧૫
વસ્તુને ન સમજે તેને સોનુ–પિત્તલ બંને સરખાં ૨૧૬
ચારના ચક્રાવામાં હોય ત્યાં સુધી મોક્ષની અપ્રાપ્તિ ૨૧૭
સમકાલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ૨૧૮
સમ્યક્ચારિત્ર હોય તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હોય જ ૨૧૮
આચારની વ્યવસ્થા પહેલી કેમ? ૨૧૯
વિધિ, નિષેધ વિશેષણને લાગે ૨૧૯
મૂર્ખાનું દૃષ્ટાન્ત ૨૧૯

શ્રાવકના ૨૧ અને માર્ગાનુસારીના ૩૫ ગુણોના ભેદનું કારણ ૨૨૦
હિંસાની વ્યાખ્યા ૨૨૧
પ્રમત્તના બદલે મહાવ્રત કેમ? ૨૨૨
પ્રમત્ત યોગ ટળ્યા વિનાની વિરતિની શી કિંમત? ૨૨૩
પ્રમત્ત યોગ એ પ્રાણાતિપાતની જડ છે ૨૨૩
પ્રાણવ્યપરોપણ એ દ્રવ્યહિંસા ને પ્રમત્ત યોગ એ ભાવ–હિંસા ૨૨૪
સાધારણ અને અસાધારણ કારણ ૨૨૫
જૈન શાસનનું ધ્યેયઃ જ મોક્ષ ૨૨૬
મોક્ષને ન માનનાર અભવ્યને પણ દેશના મોક્ષના ધ્યેયથી જ દેવી પડે ૨૨૭
ધર્મ મોક્ષને માટે ૨૨૮
પૌદ્ગલિક સુખ સાથે બંધાયેલા ધર્મની નિરર્થકતા ૨૨૮
જૈન શાસનનો એક જ સૂર 'મોક્ષ' જ ૨૨૯
નવી તરકડી નવ વખત નમાજ પડે ૨૩૦
જૈન ધર્મમાં મોક્ષના સંસ્કારો ગળથુથીમાં ૨૩૧
પુણ્યનો પાયો જ પાપ ૨૩૧
અવગુણ ઉપર દ્વેષ, નહિ કે અવગુણી ઉપર ૨૩૨
અવગુણી ઉપર દ્વેષ એ અકર્ત્તવ્ય ૨૩૩
સૂયગડાંગ કરતાં આચારાંગ પહેલું રચવાનું કારણ ૨૩૪
આચરણ પહેલાં ને સમજણ પછી ૨૩૪
વહોરાનું દૃષ્ટાન્ત ૨૩૫
સ્થાનાંગની રચના ૨૩૫
સ્થાનાંગનો વિષય આચાર કે વિચાર નહિ પણ વર્ગીકરણ ૨૩૫
દ્રવ્ય–ભાવ–હિંસાની ચતુર્ભંગી ૨૩૬
હિંસા શબ્દ બંનેમાં ૨૩૭

| | |
|---|---|
| સૂક્ષ્મ બાદર છતાં ત્રસ સ્થાવર શા માટે? | ૨૩૭ |
| સૂક્ષ્મ બાદર એટલે શું? | ૨૩૮ |
| આઠ પ્રકારના સૂક્ષ્મ | ૨૩૮ |
| સૂક્ષ્મ ને બાદરની વ્યાખ્યા | ૨૩૯ |
| શાસનનું મૂળ આચાર | ૨૪૦ |
| તીર્થની જડ આચાર | ૨૪૦ |
| અર્થનું જ્ઞાન ક્યારે અપાય? | ૨૪૦ |
| અનુયોગ પછી અનુજ્ઞા | ૨૪૧ |
| પાપનું મૂળ 'જ્ઞાન' | ૨૪૧ |
| જ્ઞાન વધારે તેને આલોયણ પણ વધારે | ૨૪૨ |
| પાપનું મૂળ જ્ઞાન, પણ તે છોડવાનું નહિ | ૨૪૨ |
| ઉપદ્રવની જડ પૈસો | ૨૪૨ |
| ભયોનું સ્થાન પૈસો | ૨૪૩ |
| જ્ઞાન વિના મોક્ષ નહિ | ૨૪૩ |
| જ્ઞાનનું બહુમાન | ૨૪૩ |
| કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં? | ૨૪૪ |
| ગીતાર્થતા એ શાસનનો આધાર | ૨૪૫ |
| એક આંખે અધૂરું દેખાય | ૨૪૬ |
| સારા નરસાનો આધાર વાપરનાર પર | ૨૪૬ |
| જ્ઞાનનું પ્રયોજન સદાચાર | ૨૪૭ |
| સંયમને માટે દયા છે | ૨૪૮ |
| ઉપક્રમ ને ઉપસંહાર જયણાને માટે | ૨૪૮ |
| તત્ત્વ જયણામાં | ૨૪૯ |
| ગીતાર્થ અને ગીતાર્થની નિશ્રા એ જ સાધુપણું | ૨૪૯ |
| જ્ઞાન પારકું પણ કામ લાગે | ૨૫૦ |

| | |
|---|---|
| જ્ઞાન સાથે દયાની પણ આવશ્યકતા | ૨૫૦ |
| દયાના સાધન તરીકે જ્ઞાન | ૨૫૦ |
| આચાર ત્યાં સુધી જ શાસન | ૨૫૧ |
| વધના ત્રિવિધ ભેદો | ૨૫૨ |
| વર્જન આચાર પરત્વે, પ્રતિજ્ઞા પરત્વે નહિ | ૨૫૨ |
| ધર્મની જડ | ૨૫૪ |
| અવકેશી જ્ઞાન કયું ? | ૨૫૪ |
| જ્ઞાનની સાર્થકતા શાથી ? | ૨૫૪ |
| મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન, એ અજ્ઞાન શાથી ? | ૨૫૫ |
| 'જિતશત્રુ'નું ઉદાહરણ | ૨૫૫ |
| સ્થૂલભદ્રની પરીક્ષા | ૨૫૬ |
| સમ્યગ્દૃષ્ટિના વિચાર | ૨૫૬ |
| પુદ્ગલનો દ્વેષ એ પારકી લાય | ૨૫૮ |
| કયું જ્ઞાન સંસાર વધારે ? | ૨૫૮ |
| વિરતિરૂપ ફળ વિનાનું જ્ઞાન અજ્ઞાન | ૨૫૯ |
| જ્ઞાન, સાધન તરીકે, નહિ કે સાધ્ય તરીકે | ૨૬૦ |
| આચારની દૃષ્ટિએ જ્ઞાનની સફળતા | ૨૬૧ |
| પ્રમત્ત યોગ તરીકે પચ્ચક્ખાણ નહિ | ૨૬૧ |
| જીવ અને મરણની સમજણ | ૨૬૨ |
| અંતર્મુહૂર્તે તો અપ્રમત્તપણું આવવું જોઇએ | ૨૬૩ |
| પ્રાણોના હિસાબે શુદ્ધિ ને પ્રાયશ્ચિત્ત | ૨૬૪ |
| પ્રાણાતિપાત-વિરમણ રાખવાનું કારણ | ૨૬૪ |
| મુનિ હત્યામાં અનંતુ વેર | ૨૬૫ |
| જ્ઞાનની ઉપયોગિતા શી ? | ૨૬૭ |
| જ્ઞાન સાધન તરીકે ઉપયોગી | ૨૬૭ |

| | |
|---|---|
| ક્રિયારૂપે જ્ઞાનની ઉપયોગિતા | ૨૬૮ |
| પાપના જ પરિહારની આવશ્યકતા | ૨૬૮ |
| ગ્રંથિભેદ વિના સમ્યક્ત્વનો અભાવ | ૨૬૯ |
| ઉદ્યમની જરૂરિયાત | ૨૭૦ |
| ગ્રંથિનું સ્વરૂપ | ૨૭૦ |
| ચમત્કારી પરિવર્તન | ૨૭૨ |
| પચ્ચક્ખાણ શેનાં હોય ? | ૨૭૪ |
| મોક્ષના સાગરીત અને એની ભુંગળની સમજણ | ૨૭૪ |
| ગ્રંથિભેદનું સ્વરૂપ | ૨૭૫ |
| પાપની ભયંકરતા વિનાનું બોલવું એ તો જોખમદારી વગરનું નામું | ૨૭૬ |
| પાપસ્થાનકને ફોનોગ્રાફ પેઠે આલોવવું શોભે નહિ | ૨૭૬ |
| ઉત્કૃષ્ટ જ્ઞાન કયું ? | ૨૭૭ |
| દયાના સાધન તરીકે જ્ઞાન | ૨૭૮ |
| પચ્ચક્ખાણ પ્રાણના વ્યપરોપણનાં, નહિ કે પ્રમત્ત યોગનાં | ૨૭૯ |
| પ્રાણાતિપાત શબ્દ રાખવાનું કારણ | ૨૮૦ |
| 'પ્રાણ' શબ્દ રાખવાનું કારણ | ૨૮૧ |
| આચારાંગની રચનાના અને સ્થાપનાના ક્રમમાં ભેદ | ૨૮૨ |
| શ્રુતકેવલી અને કેવલજ્ઞાનીની પ્રરૂપણામાં સમાનતા | ૨૮૩ |
| સર્વે કેવલીનાં વચનોનો ચૌદ પૂર્વમાં સમાવેશ | ૨૮૪ |
| આચારાંગાદિ રચવાનો હેતુ | ૨૮૪ |
| દશ શેર ઘી પચાવનાર દુર્બલિકાપુષ્યમિત્રનું ઉદાહરણ | ૨૮૪ |
| જ્ઞાન સાથે આચારની પણ આવશ્યકતા | ૨૮૫ |
| બે સોગનની આવશ્યકતા | ૨૮૬ |
| જિનેશ્વરના વર્ગના નિશાળિયા કોણ ? | ૨૮૭ |

સ્થાવરની પ્રરૂપણાને અંગે જૈન ધર્મની અદ્વિતીયતા ૨૮૭
ત્રસ કાય માનવામાં બુદ્ધિ પણ સ્થાવરને અંગે કેવળ ભરોસો ૨૮૮
મુખ્ય રક્ષણીય ચીજ દયા ૨૮૮
છ જીવનિકાયની શ્રદ્ધા થાય તે જ જૈનત્વ ૨૮૯
ચંદ્રગુપ્તની ચાણકયમાં અચળ શ્રદ્ધા ૨૯૧
વાડ ચીભડાં ગળે એ કેવો ન્યાય? ૨૯૧
દ્રવ્ય-દુઃખ દૂર કરવા માટે શાસન સ્થાપવાની જરૂરિયાત ૨૯૨
'પ્રાણ' શબ્દ રાખવાનું કારણ ૨૯૨
ભાવ-પ્રાણનો આધાર દ્રવ્ય-પ્રાણ ૨૯૩
જગતના વ્યવહારનો આધાર આચાર ૨૯૬
દ્રવ્ય-આચારની મહત્તા ૨૯૬
દ્રવ્ય-ત્યાગની ખાસ જરૂર ૨૯૮
અન્યલિંગે કે ગૃહલિંગે સિદ્ધના દૃષ્ટાન્તનો અભાવ ૨૯૮
ચારિત્ર એ તો આત્માનો સ્વભાવ ૨૯૯
માળા અજ્ઞાનનું-મોહનું ચિહ્ન ૩૦૦
ગૌતમસ્વામીનું ઉદાહરણ ૩૦૦
આચાર એ તો જૈન શાસનની મુદ્રા ૩૦૧
શિવકુમારનું ઉદાહરણ ૩૦૧
વળાવો શું કામ લીધો? ૩૦૨
સર્વ કહેવાનું કારણ શું? ૩૦૩
'સર્વ' શબ્દ રાખવાથી બે લાભ ૩૦૪
'વેરમણ'નો અર્થ ૩૦૪
પચ્ચક્ખાણ કરે તે જ કર્મથી બચે ૩૦૫
હિંસા અંગે એક જ વિકલ્પ ૩૦૭
તીર્થનો આધાર ૩૦૮

અફળ દેશના ૩૦૯
સમ્યકૂત્વ અને ચારિત્રનો સંબંધ ૩૦૯
આશ્ચર્ય કયું? ૩૧૦
ચારિત્રને આધારે તીર્થ ૩૧૦
શબ્દના ત્રણ પ્રકાર ૩૧૧
વિરમણથી ત્રિવિધ અર્થનું દ્યોતન ૩૧૨
અવિરતિથી ભયંકર હાનિ ૩૧૩
શુભ પ્રત્યાખ્યાન કયું? ૩૧૪
ભરત ચક્રવર્તીના ઉદ્ગાર ૩૧૭
દેશ-વિરાધનાની સમજ ૩૨૦

# શુદ્ધિપત્રક

| પૃ. | લી૦ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૯ | ૨૧ | છયાયો | છપાયો |
| ૧૧ | ૨૫ | तर्काङ्किकित | तर्काङ्कित |
| ૧૨ | ૧૨ | એ | એથી |
| ૧૨ | ૧૩ | અંકિત સંયમ સ્વરૂપી | અંકિત અને સંયમનું નિરૂપણ કરનારા |
| ૧૩ | ૨૧ | जंवोरु | जंघोरु |
| ૧૪ | ૨૨ | જન | જૈન |
| ૧૬ | ૩ | સમજાવાય | સમજાવાઈ |
| ૧૬ | ૬ | બહિદ્ધાથી | બહિદ્ધાથી |
| ૧૭ | ૯ | ૦ | કપ્પ (ઉ. ૬)ની નિજ્જુત્તિ(? ભાસ)-ની ગાથા ૬૪૦૨ માં પહેલા અને છેલ્લા તીર્થંકરનો ધર્મ પાંચ યામ રૂપ કહ્યો છે. |
| ૧૭ | ૧૦ | એક | બે |

| પૃ. | લી૦ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૧૭ | ૧૮ | પય | પત્ર |
| ૧૮ | ૧૦ | નિત્યાનિત્યપક્ષખંડન | નિત્યાનિત્યપક્ષમંડન |
| ૧૯ | ૧૪ | 'એકાન્તનિત્યવાદખંડના | 'એકાન્તનિત્યવાદખંડન' |
| ૨૫ | ૪ | તે વાત | તે વાતને |
| ૧ | ૧૨ | ઠાણુ (સ્થાન) | ઠાણુ (સ્થાન)માં |
| ૨ | ૧ | આચરંગ | આચારાંગ |
| ૫ | ૨૪ | સૂયડાંગ | સૂયગડાંગ |
| ૧૩ | ૮ | **महव्यया** | **महव्वया** |
| ૧૫ | ૪ | **बहि** | **बहिद्धा** |
| ૨૭ | ૧૬ | એનું અર્થ | એનું નામ અર્થ |
| ૫૨ | ૧૩ | નિગોદનાં | નિગોદમાં |
| ૫૩ | ૧૭ | સમ્યદર્શનવાળી | સમ્યગ્દર્શનવળી |
| ૬૮ | ૧૯ | તીર્થંકર | તીર્થંકર. |
| ૭૯ | ૧૭ | આકરમાં | આકારમાં |
| ૮૧ | ૨૫ | અદાત્તાદાન | અદત્તાદાન |
| ૮૭ | ૧ | તત્રથી | તંત્રથી |
| ૯૫ | ૩ | સ્ૂલની | સ્થૂલની |
| ૧૦૧ | ૧૬ | **कालदिक्माईओ** | **कालदिक्खमाईओ** |
| ૧૩૪ | ૨૫ | સભારંભને | સમારંભને |
| ,, | ૬ | હેય | હોય |
| ૧૪૨ | ૧૫ | અવળી ન થાય | અવળી થાય |
| ૧૪૪ | ૨૨ | બાધક ન હોય | બાધક હોય |
| ૧૯૩ | ૮ | પ્રભવાથી | પ્રભાવથી |
| ૧૯૫ | ૧૩ | કરો છો | કહો છો |
| ૨૨૬ | ૯ | મોમ | મોક્ષ |
| ૨૩૭ | ૧ | દશવકલિકમાં | દશવૈકાલિકમાં |
| ૨૪૦ | ૯ | ત | શ્રુત |
| ૨૫૦ | ૧૨ | ફળ ન દે | ફળ દે |

# રાત્રી ભોજન કરવાથી થતું નુકશાન







અનેક પાપસ્થાનકોમાં રાત્રિ ભોજન પણ એક પાપનું જ સ્થાનક છે. સૂર્યાસ્ત પછી અનેક સૂક્ષ્મજીવોની ઉત્પત્તિ થાય છે. જે જીવો ગમે તેવા પ્રકાશમાં પણ દેખી શકાતા નથી. રાત્રે ખાનારના ભાણામાં તે જીવો ઉડી ઉડીને પડે છે જે કોઈથી રોકી શકાતા નથી. અને ભાણામાં પડ્યા પછી મરણને શરણ થાય છે. તે સઘળા જીવોની હિંસાનું પાપ રાત્રિ-ભોજન કરનારને લાગે છે તે પાપના પ્રભાવે રાત્રે ખાનારાઓને પરભવે કાગડા-બીલાડા-ઘુવડ-ગીધ-સમડી-ભુંડ-સર્પ-વીંછી-ગરોળી-ઘો આદિની નીચ યોનીમાં જન્મ ધારણ કરવો પડે છે, એ અવતારને પામેલા પશુ-પક્ષીઓ મોટે ભાગે માંસનો આહાર કરનારા હોય. આથી ત્યાંથી મરીને

તેઓ દુર્ગતિમાં ચાલ્યા જાય છે. આથી એ પણ સિદ્ધ થાય છે કે રાત્રે ભોજન કરનારા તીર્યંચ ગતિમાં જઈને પરંપરાએ નરક આદિ દુર્ગતિનાં મહેમાન થાય- છે.

રાત્રિ ભોજનનો ત્યાગ ધર્મદૃષ્ટિએ હિતકર છે. એટલું જ નહિ પરંતુ આરોગ્યની દૃષ્ટિએ પણ સૌને હિત કરનારો જ છે.

રાત્રિભોજન કરનારને અનેક રીતે શારીરિક નુકશાન પણ થાય છે તેના અંગે યોગશાસ્ત્રમાં ઘણું કહ્યું છે. વળી આજના વર્તમાન પત્રો વાંચવાથી પણ જાણવામાં આવે છે.

આખો દિવસ ખાવા છતાં માત્ર રાત્રિભોજનનો ત્યાગ કરનારને એક મહિનામાં પંદર ઉપવાસનો લાભ પ્રાપ્ત થાય છે.

એ સંબંધમાં કહ્યું છે કેઃ-

**ये रात्रौ सर्वथाहारं; वर्जयन्ति सुमेधसः ।**
**तेषां पक्षोपवासस्य; फलं, मासेन जायते॥१॥**

અરે ત્યાં સુધી કહ્યું છે કે નરકના ચાર દ્વાર. છે. તેમાં પ્રથમ દ્વાર રાત્રિભોજન છે.

**चत्वारि नरकद्वाराणि, प्रथम रात्रि भोजनम् ।**

અન્યદર્શનમાં પણ કહ્યું છે કે દારૂ–માંસ–રાત્રિભોજન અને કંદમૂળનુ ભક્ષણ કરનારાનું તીર્થયાત્રા–તપ–જપ–બધું-નિષ્ફળ જાય છે. તે સંબંધમાં મહાભારતમાં કહ્યું છે કે :-

**मद्यं मांसाशनं रात्रौ, भोजनं कंदभक्षणम् ।**
**ये कुर्वन्ति वृथा तेषां, तीर्थयात्रा जपस्तपः ॥२॥**

અને માર્કણ્ડ ઋષિએ માર્કણ્ડ પુરાણમાં પણ કહ્યું છે કે :-

**अस्तंगते दिवानाथे, आपो रूधिरमुच्यते ।**
**अन्नं मांसं समं प्रोक्तं, मार्कण्डेयमहर्षिणा ॥४॥**

સૂર્ય અસ્ત થયા પછી પાણી પીવું તે લોહી બરાબર છે અને અન્ન ખાવું તે માંસ બરોબર છે.

રાત્રિભોજનના દોષને જાણનાર જે મનુષ્ય દિવસના પ્રારંભની અને અંતની બે બે ઘડી (૪૮ મીનીટ)નો ત્યાગ કરવો જોઈએ. આ રીતે દરેક શાસ્ત્રમાં નિષેધ કરાએલા રાત્રિભોજનના મહાપાપને તિલાંજલી આપી સ્વ અને પર આત્માનું કલ્યાણ કરવા તત્પર બનો.

**રાત્રિભોજનમાં દોષ ઘણા છે, શો કહીએ વિસ્તાર;**
**કેવલી કહેતાં પાર ન આવે, પૂરવ કોડી મોઝાર રે પ્રાણી.**
**રાત્રિભોજન મત કરો રે.**

## ચોમાસી કાળની વિગત

૧. કારતક ચોમાસી પછી ઉકાળેલા પાણીનો કાળ ચાર પ્રહરનો ચૂલા ઉપરથી ઉતાર્યા પછી જ પાણીનો ટાઈમ ગણાય. (પ્રહર=દિવસનો ચોથો ભાગ)

ચોમાસીથી મેવો અભક્ષ્ય છે, છતાં આજનાં ભાંગેલા નાળીએર સોપારી–બદામ વિગેરે તે જ દિવસે ખપી શકે, બીજે દિવસે અભક્ષ્ય થાય છે.

લોટ, શેકેલી તથા ભુંજેલી વસ્તુનો કાળ ચોમાસી કાળ મુજબ સમજવો.

બરોબર ચાના ઉકાળાની જેમ ત્રણ ઉકાળા આવ્યા વિનાના પાણીને પીનારા તથા વહોરાવનારા દોષના ભાગી થાય છે, પુરું ઉકળ્યા વિનાના ન્હાવાના પાણીને પણ કાપ માટે વહોરાવાય નહિ.

કાળવેલાએ કટાસણું કે આસન ઓઢવું નહિ. વળી ઓઢેલી વસ્તુનો બેસવામાં ઉપયોગ કરવો નહિ કાળવેલાએ ઉકાળેલા કે ચુનાના પાણીને બહાર લઈ જતાં ખાસ ઢાંકવું.

## અણાહારી વસ્તુનું સ્વરૂપ તથા નામ

તપશ્ચર્યામાં તબીયત આદિના કારણે ખાસ જરૂર પડે ત્યારે અણાહારી વસ્તુઓનો ઉપયોગ થઈ શકે અને તે પણ પચ્ચ. પાર્યા

સુખડી–મીઠાઈનો કાળ એક મહીનાનો. ત્યારબાદ અભક્ષ્ય તે પહેલાં પણ તેનો રસ, રંગ, ગંધ, સ્પર્શ બદલાઈ જાય તો તે અભક્ષ્ય થાય છે.

કામળી ઓઢવાનો કાળ સવારના સૂર્યોદય પછી ચાર ઘડી સુધીનો હોય છે. સાંજના સૂર્યાસ્ત થવાની ચાર ઘડી પહેલા શરૂ થાય છે. (ચોવીશ મીનીટની એક ઘડી)

૨. ફાગણ ચોમાસી પછી ઉકાળેલા પાણીનો કાળ પાંચ પ્રહરનો; સુખડી મીઠાઈનો કાળ વીશ દિવસનો. કામળીનો કાળ બે ઘડીનો હોય છે.

ભાજી–પાલો–ખારેક–ખજુર–કાજુ–તલ, વિગેરે ફાગણ ચોમાસાથી અભક્ષ્ય થાય છે.

૩. અષાડ ચોમાસી પછી ઉકાળેલા પાણીનો કાળ ૩ પ્રહરનો. સુખડી મીઠાઈનો કાળ પંદર દિવસનો. કામળીનો કાળ છ ઘડીનો. આદ્રા નક્ષત્ર પછી કેરી અભક્ષ્ય થાય છે.

णमोऽत्थु णं भगवओ सुहम्मसामिस्स

श्रीआगमोद्धारसंग्रह (भाग ४)

# श्रीस्थानांगसूत्र

( स्थान ५, उद्देशक १ )

व्याख्यान १

देशनाकारः—

**आगमोद्धारक आचार्य श्रीआनन्दसागरसूरीश्वरजी.**

पंच महव्वया पं० तं०—सव्वातो पाणातिवायाओ वेरमण जाव सव्वातो परिग्गहातो वेरमणं। पंचाणुव्वता पं० तं०—थूलातो पाणाइवायातो वेरमणं थूलातो मुसावायातो वेरमणं थूलातो अदिन्नादाणातो वेरमणं सदारसंतोसे इच्छापरिमाणे ॥ ( सू० ३८९ ).

ठाणांग (स्थानांग) सूत्रनी अंदर पांचमा ठाणा(स्थान) गणधर महाराजा तेना पहेला उद्देशा( उद्देशक )नी शरूआत करतां महाव्रतोनुं निरूपण करे छे.

## આચરાંગ એટલે ?

ગણધરે રચેલા પ્રથમ આચારાંગમાં સાધુઓના આચારનું વર્ણન કરવામાં આવ્યું. દુનિયાના ધોખા સંસારી જીવને વાગે નહિ ત્યાં સુધી તે આચારોમાં વર્તે. એમ નહિ પણ અન્ય મતના મિથ્યાવાદના પ્રવાદો જે વખતે એને અસર કરે તે વખતે શારીરિક, કૌટુંબિક, બાહ્ય સંયોગોની દરકાર એ ન કરતો હોય, અર્થાત્ દુઃખની સામે છાતી કાઢીને ઊભો રહે છે.

## દુઃખથી નીડરતા.

જગત્ દુઃખથી ડરવાવાળું છે. ધર્મ કરનારને એ ડર કોરણે મેલવો પડે. કોઇ પણ ધર્મ કરનારાએ પહેલાં દુઃખનું નિર્ભયપણું કરી લેવું પડે. જે દુઃખથી નિર્ભય થતો નથી તે ધર્મમાં સ્થિરતા કરવાવાળો થતો નથી. જેને સુખની અગર દુઃખની અંશે પણ કિંમત ન હોય, જેને પોતાની પ્રતિજ્ઞાની જ કિંમત હોય તે જ આચારમાં સ્થિર થઈ શકે છે.

## ધ્યેય.

રણે ચઢેલા શૂરા સરદારને શત્રુને જીતવા જવું એ જ વિચાર હોય તેને વચમાં ચાહે તો વિસામાની અનુકૂળતા હો કે ચાહે તો ન હો તેનો એને વિચાર કરવાનો નહિ. ટાઢ, તાપને પહોંચી વળવું, જીત મેળવવી, શત્રુને હડાવવો એ જ એનું ધ્યેય હોય. તેમ સાધુઓ આચારને પાલન કરવાને અંગે તૈયાર થયા એટલે તેને મળેલાં માબાપ, વાડીવજીફા વગેરે આચારના પાલનને માટે છોડ્યાં. કારણ ? એ સિવાય આચારની પ્રાપ્તિ નથી. પામર જીવોની વાત તો દૂર રહી. આપણે લીમડાની ડાળ જેવાં છીએ; પવન આમનો આવે તો ડાળ આમ વળી જાય છે. માટે ખરાબ સંજોગ છોડવાની પહેલે નંબરે જરૂર પડે છે. તે ન

છોડીએ તો ટકી શકીએ નહિ. આટલા જ માટે જેઓ ગર્ભથી ત્રણે જ્ઞાનને અને જન્માંતરથી સમ્યક્ત્વને ધારણ કરનારા એવા તીર્થંકરો પણ બાહ્ય સંજોગોને વોસરાવવાની પદ્ધતિ લે છે. એટલે 'अगाराओ' અર્થાત્ ઘેરથી નીકળીને, સંસાર છોડીને એમણે સાધુપણું લીધું. તીર્થંકરમહારાજ સરખાને ઘર રાખવું ને સાધુપણું રાખવું અસંભવિત હતું.

**પ્રશ્ન—તીર્થંકર રાગી ખરા કે નહિ?**

રાગી છતાં વિરાગી. જ્યાં જ્યાં દુનિયામાં રાગ કહેવાય છે તેમાં જ એમને વૈરાગ્ય. એમને અંદરથી ન્યારા રહેવાનું છે. એમના જેવા વિશેષ નિર્મળ રહે છે.

**ગૃહસ્થકાળ ૩૦ વર્ષ નહિ કે ૨૮.**

ચાલુ અધિકારમાં આવો. જન્માંતરથી સમ્યક્ત્વ લઈને આવેલા અને ગર્ભથી ત્રણ જ્ઞાનને ધારણ કરનારા તીર્થંકરને પણ ગૃહસ્થપણું ને સાધુપણું સાથે રહી શકયાં નહિ. એઓ ઘરથી નીકળ્યા ત્યાર પછી જ સાધુપણું ગણાયું. ભગવાન્ મહાવીરનો ગૃહસ્થકાળ ૩૦ વર્ષનો અને સાધુપણાનો કાળ ૪૨ વર્ષનો છે. ૨૮ વર્ષ પછીનાં બે વર્ષ તો ફાસુભોગી, બ્રહ્મચારી અને ચારિત્રની પરિણતિમાં રહ્યા છે તેથી ગૃહસ્થપણાનાં ૨૮ વર્ષ કહેવાં જોઈએ અને ૪૪ વર્ષ સાધુપણાનાં ગણવાં જોઇએ, પણ કોઈએ ગણ્યાં નથી; કારણકે ગૃહસ્થપણામાં ત્યાગીપણે રહ્યા તે ચારિત્રમાં ન ગણાય.

**ભગવાનનો બે વર્ષનો પર્યાય.**

વિચારો મોટી ઉંમરના રાજકુમારને સ્નાન વગર બે વર્ષ રહેવું કેટલું મુશ્કેલ? દુનિયાની દૃષ્ટિએ એ અઘોરી બાવા જેવા ગણાય. સાધુઓને પોતાના નિમિત્તે કરેલા આહાર-પાણી છોડવાં

મુશ્કેલ પડે. રાજકુંવરપણામાં એમણે બ્રહ્મચર્ય પાળ્યું અને સ્નાન વગર બે વર્ષ રહ્યાં. વિશેષમાં પોતાને માટે કરેલું ન ખપે એવો એમણો નિર્ધાર હતો. કેટલાક કહેશે કે ઘેરે છે છતાં સાધુ છે. વધારે શું છે? આવું કહેવાવાળાઓ! મહાવીર મહારાજનાં આ બે વર્ષ કેવાં હતાં તે તપાસો. અને એ શામાં ગણ્યાં તે તપાસો? તે બે વર્ષ સાધુપણામાં ન ગણ્યાં. શા માટે? ત્યાગની મર્યાદા જાળવવા માટે. એ એટલું બધું ઉત્કૃષ્ટ હોવા છતાં ન ગણ્યું. હોય, કુદરતે પણ સાધુપણામાં ન ગણ્યું.

કુદરત કયાં કહેવા આવી? કુદરત એમ કહેવા આવી કે મનઃપર્યવજ્ઞાન ૩૦ વર્ષની ઉંમરે થયું. મનઃપર્યવજ્ઞાન કોઈનું ઉત્પન્ન કરેલું નથી. જગતના સ્વભાવે-કુદરતે સાધુપણાનાં તે બે વર્ષ હિસાબમાં લીધાં નહિ. બ્રહ્મચર્ય આચર્યું. ઉત્કૃષ્ટ દશા આચરી તો પણ સાધુપણું માન્યું નહિ. શાસ્ત્રકારે, કે કુદરતે ઘરમાંથી નીકળ્યા સિવાય સાધુપણું ન ગણ્યું. જ્યારે ઘરથી નીકળીને પ્રતિજ્ઞા કરી ત્યારે સાધુપણું ગણ્યું.

### શેની ગણતરી?

શારીરિક, કુટુંબના સંયોગોને અંગે એક નિયમ થાય એ ચાહે તો અનુકૂળ થાઓ કે પ્રતિકૂળ થાઓ. શૂરા સરદારને ચાહે તે થાય તે જોવાનું હોય નહિ. તેને એક જ જોવાનું-'શત્રુને મહાત કરવાનું.'

### સાધુને પ્રતિજ્ઞાના નિર્વાહનું જ ધ્યેય હોય.

જેઓ વ્રતપચ્ચક્ખાણમાં ઊતરે, અણુવ્રતોમાં ઊતરે તેઓને સુખની પ્રાપ્તિ, દુઃખમાં રહેવું વગેરે વિચારવાનું હોય નહિ. ચિંતામણિની વાત ચાલતી હોય ત્યાં પાઈ-પૈસે હિસાબ હોય નહિ. તેમ અહીં જ્યાં આત્મકલ્યાણનું ધ્યેય થાય ત્યાં

સુખોની પ્રાપ્તિ કે દુઃખોનું ખસવું એવી ગણુતરી નથી. નિશાન તાકવા ઉપર જ ગણુતરી. નિશાન તાકવા ઉપર ગણુતરી રાખનારો કુટુંબકબીલાની દરકાર ન કરે. શૂરા સરદારને મરી જઈશ એ ચિંતા એને ન હોય. સમરાંગણુમાં સજ્જ થતી વખત મરવાની કલ્પના ન હોય, તો પછી માતા કે પત્નીનું શું થશે તેની કલ્પના એને આવે જ ક્યાંથી? શત્રુને મહાત કરીને જયપતાકા મેળવવી એ જ એની કલ્પના. એવી રીતે વ્રતો, નિયમો, પ્રતિજ્ઞાના નિર્વાહ સિવાયની કલ્પના સાધુને ન હોય.

## વચનરૂપ ભાલા-બાણુ.

એક વાત ખ્યાલમાં રાખવી. ચક્ષુ, ઘ્રાણુ, રસના, સ્પર્શન જીતવી સહેલી છે, પણ 'શ્રોત્ર' ઇંદ્રિય જીતવી સહેલી નથી. લોક શું કહેશે એનો શો અર્થ થયો? તારું કરાતું શુભ હોય તો લોકો ચાહે તે કહે. પહેલવહેલાં તીર્થંકર થયા. જગતમાં ત્યાગીપણું ઉત્તમ તો હતું જ. ચાહે આચરાતું હો કે ચાહે ન આચરાતું હો. પહેલા તીર્થંકરના વખતમાં આખી દુનિયા આરંભ-પરિગ્રહમાં મસ્ત બનેલી હતી. એવે વખતે ફક્કડ થઈને નીકળી પડવું. દુનિયા શું કરે છે તે જોવાની દરકાર ન કરતાં શું કરે છે તે વિચારો. કાનમાં શબ્દરૂપી ભાલો આવે તે સહન થવો મુશ્કેલ પડે છે તેથી બાહ્ય દુનિયાદારીના ભાલા કાનમાં આવે તે સહન થતા નથી, તો પછી મિથ્યાત્વી તરફથી આત્મામાં ભાલા આવે તે કેમ સહન થાય?

## સૂયગડાંગ એટલે?

મિથ્યાત્વી તરફથી આવતાં વચનરૂપી બાણોમાંથી બચવાના રસ્તાઓ, તે **સૂયડાંગ.**

**કપટી આચરણ.**

મોહરાજાની સામા મોરચો માંડો છો, પણ આ રાજા અંદરના ભેદુ છે. રહે છે તમારી તરફ. કહે છે કે મોક્ષ સાધવા નીકળ્યા છે; જોડેવાળા મિથ્યાત્વી દુનિયાને ફાની, અસાર, રખડાવનારી ગણે છે. રહ્યા છે આ તરફ, મોહના સામા દેખાવમાં રહ્યા છે. રહેવું કૌરવના સૈન્યમાં ને જીત ઈચ્છવી પાંડવની. અન્યદર્શની મિથ્યાત્વી રહે છે મોહને મારવામાં, મોહની સામા મોરચા માંડવામાં; પણ તમારૂં તો ગળું કાપવામાં. કેવી રીતે મોહની સામે મોરચા ૭૫ વર્ષ થઈ જાય ત્યારે મંડાય છે. રહ્યા મોરચા મારવાના પક્ષમાં, પણ રહીને પાયો જ ખોદી કાઢયો. પણ આ આશ્રમમાં મોહની સામે મોરચા માંડવાના ન હોય. તે આશ્રમમાં તો તમારા કાંડાં કાપી લીધાં છે. મોહને માટે ધારવાળું હથિયાર જોઈએ; તે તો વીતરાગ દેવ જ છે. પરિણામમાં ડગુમગુવાળી હો તો તે પણ વીતરાગનું નામ લો તો ઠેકાણે આવે. પેલાઓએ હથિયાર બદલી નાંખ્યાં. લીલાવાળા દેવના હાથમાં સોંપ્યા.

**ઘરના શત્રુથી ન બચાય.**

જે મનુષ્યમાં ઉપકારની કિંમત નથી તે માણસને માણસ કેમ કહેવાય ? જેને ઉપકાર–અપકારની કિંમત નથી તેને માણસ કોણ ગણે ? માણસ ન ગણાય તો દેવ કયાંથી ગણાય ? જેને પૂજા–ભક્તિનો હિસાબ નહિ. જેને આખી જીંદગી અર્પણ કરીએ તેની તેને કિંમત નહિ. એવાને પડખે રાખીને શું કરવું ? દેવ તો એવા માનવા કે જે દેવો ફુફાડા કરીને ચમત્કાર બતાવે. કૃષ્ણે કૌરવકુળ ઉડાવી દીધું, **રામચંદ્રે** રાક્ષસનો સંહાર કર્યો. આ વચન કહીને વીતરાગને માનવારૂપ હથિયાર

પડાવી નાંખ્યું.

લીલાદેવના હાથમાં મેલી દેવામાં આવે ત્યાં ફળ શું મેળવવું? આ તારી જોડે રહ્યા છે, મોરચા માંડનાર ગણાવે છે, પણ એ તારા કાંડા કાપનાર છે. જોડે રહેવાવાળા સોનાને બદલે પિત્તળની ઈંટો ઘુસાડી દેશે. અંદર રહેલા ભેદનો જબરજસ્ત ભય છે. ખુલ્લા શત્રુથી સહેજે બચી શકાય.

**સૂયગડાંગનું સ્વરૂપ.**

કુટુંબ, માલમિલકતથી બેદરકાર કેમ રહેવું તે **આચારાંગમાં** કહ્યું. પણ ભેદી હીલચાલથી કોઈ સાવચેત કરે તો તે **સૂયગડાંગ** જ. મિથ્યાત્વીના ખોટા નિયમોનું પોકળ કાઢનાર **સૂયગડાંગ.**

જ્યારે ૭૫ પછી જ સંન્યાસાશ્રમ છે તો સો વર્ષ દરેક જીવશે? તેનો ઈજારો એ રાખે છે? એ ઇજારો નથી રાખતા તો ૭૫નો હિસાબ કેમ પક્કો રાખે છે?

**એકનો હાથ પકડનાર મરાવનાર છે.**

દુનિયામાં છોડાવવા જાય તે બંને પર હાબ રાખી બંનેને છોડાવે. પણ કેટલાક લુચ્ચા એકનો હાથ પકડે, એટલે બીજો ડબલ (double) મારે. આવો મરાવવા આવ્યો ગણાય. એમ જે આ પાપ, મોહ, મિથ્યાત્વના હાથ પકડવા માટે નથી. પણ આ ભવ્ય જીવના હાથ પકડવા માટે છે. જેમ લુચ્ચો છોડાવવાને બહાને હાથ પકડીને માર ખવડાવે તેમ આ આશ્રમવાસી લુચ્ચા કર્મના વિકારોના હાથ ન પકડતાં જે મોહને મારવાનો પ્રયત્ન કરે તેના હાથ પકડે છે.

**દીક્ષાને અંગે મર્યાદાનું કારણ?**

દીક્ષાને અંગે મર્યાદા બાંધવા માગનારાઓએ કોઇનો પણ

હલ્લો બંધ કરતા નથી. ઊલટું રોગ, શોક, મરણ, જન્મનો હલ્લો ચાલુ રહેશે. તમારે નહિ કરવું. આ તો લુચ્ચો વચમાં પડતો હતો, તે જાણી જોઇને માર ખવડાવે. મિથ્યાત્વીઓ—હલ્લાની સામે કોઈ આવતું નથી, તમે હલ્લો કરો, તેના હાથ બાંધવાના. મિથ્યાત્વીઓએ આશ્રમને બહાને હાથ બાંધ્યા. પ્રશ્ન:—શાસ્ત્રકારોએ ૧૫ વર્ષ પહેલાં તો હાથ બાંધ્યા ને? શાસ્ત્રકારોએ જન્મ, જરા, મરણ, રોગ, શોક નિવાર્યા છે? સમાધાન:—શાસ્ત્રકારોએ મર્યાદા દીક્ષાની અયોગ્યતાને અંગે નથી કરી પણ સ્વામિ—અદત્ત ન લાગે તે અપેક્ષાએ કરી છે. માનો કે અમુકને ૧૬ વર્ષ થયાં નથી. માબાપની રજા નથી એમ છે, પણ એને પરિણતિ થાય. સાધુપણું પ્રાપ્ત થાય તો શાસ્ત્રકારો એને દીક્ષા આપવાની ના કહેતા નથી. સ્વામિ—અદત્ત ટાળવાની અપેક્ષાએ ના પાડી છે, પણ આશ્રમને નામે રોકે છે તે માત્ર કલ્પના છે. અન્યો આશ્રમના નામે તમારાં કાંડાઓ કાપી લે છે અને તમારા હાથમાં લીલાદેવીનું હથિયાર આપે છે.

## અન્યધર્મીને ચોમાસામાં દીક્ષા ન અપાય.

બીજા ધર્મવાળાને ચોમાસામાં દીક્ષા ન અપાય, કારણકે ચોમાસામાં બહાર જાય, પગ ખરડાય, કાચા પાણીમાં ગ્લાન બાળકને માટે લાવવું પડે તેવે પ્રસંગે અન્યધર્મીને વોસરાવીને આવ્યો હોય તેથી અહીં થાય તો કહે કે 'પારકાને ઘેર ઘાલો છો; પણ ઘેરે નથી કરતા.'

## સ્થાનકવાસીને મૂર્તિ માનવા અંગે જવાબ.

સ્થાનકવાસી કહે છે કે જેને જીંદગી આપીએ તે હું સરખું પણ ન ગણે. તેવાને સ્વામી માનીને શું? દહેરે જઈએ પણ ભગવાન બોલશે? ઉત્તર:—એમને પૂછો કે પુસ્તક બોલે છે?

જો એ બોલતું હોય તો વીતરાગ પણ બોલશે.

દેવને શાને માટે માને છે? દેવનો જવાબ લેવા માને છે? એનું તારે મેળવવું છે? તારી ખરાબી કાઢવી નથી! કર્તા કોણ છે? પરિણામ કર્તા છે, તો પરિણામનું સાધ્ય શું? તદ્દન નિષ્કષાય દશા તે સાધ્ય છે તો પછી આલંબન કોનું હોય? સાધ્ય-વાળાનું. પ્લાન (plan) મુજબ મકાન થાય છે. તેઓ લીલાદેવી પ્લાનના ચિથરીઆ જેવા નથી. અહીં પ્લાન બરાબર છે. હોકાયંત્ર, પ્લાન બોલે નહિ. પણ જાણનાર નાવિકનો આધાર પ્લાન–નકશો અને હોકાયંત્ર છે. પ્લાન જે પ્રમાણે કરવું છે તે પ્રમાણેનું જ છે. તે પ્લાન બરાબર છે, પછી ભલે એ બોલે નહિ. પણ આદર્શ તો જોઈશે જ.

જે મનુષ્ય શારીરિક સંયોગની, સુખઃદુખની દરકાર નહિ કરનારો, મોહની સામે મોરચા માંડીને બેઠેલો, તેને જો આ આશ્રમમાં આવીને લીલાદેવીનું હથિયાર હાથ આવે તો એ મોરચાથી માર ખાય. એ માટે **સૂયગડાંગ** નામનું અંગ છે, કે જેનાથી દર્શનમોહનીયનો, મિથ્યાત્વમોહનીયનો, અને ચારિત્ર-મોહનીયનો જય મેળવવાનો છે.

### વર્ગીકરણમાં ભૂલ.

હિસાબ–નામા વગરનો વેપાર ખેડનારો ખત્તા ખાય. જે શ્રદ્ધારૂપ આચારમાં–સમ્યક્ત્વમાં સ્થિત થઇ ગયો છે, તે વર્ગીકરણ ન કરી શકે તો નામા–હિસાબ વગરના ઘેલા જેવો છે. જગતમાં કેટલા પદાર્થો છે? કેટલા લેવા લાયક છે? કેટલા છોડવા લાયક છે? તે વગેરેના કઈ રીતે વિભાગો પાડવા તેનો ખ્યાલ ન હોય તો ચકકરમાં ચુરાઇ જાય. એક પણ પદાર્થમાં ભૂલ પડે તો બનાવેલી બાજી કામ લાગે નહિ.

**ઠાણુંગ એટલે શું?**

છૂપી પોલીસને ચોર પકડવા માટે નવી યુક્તિઓ ઊભી કરવી પડે છે. જૂની યુક્તિઓ ચોર ખાઈ ગયેલા હોય છે. તેવી રીતે અહીં આ જે મિથ્યાત્વમોહનીય, ચારિત્રમોહનીય, એની તમામ યુક્તિઓને પહોંચી વળે તેવું સાધન સંતમહાત્માઓને હોવું જોઈએ. ત્રણે કાળની સ્થિતિ આવવી જોઈએ કે જેથી મિથ્યાત્વમોહનીય, ચારિત્રમોહનીયની ચુંગાલમાં ન આવે. **ઠાણુંગ એટલે જગતના સર્વ પદાર્થોનું વર્ગીકરણ.**

પાંચની અપેક્ષાએ લેવા હોય તો જગતના પદાર્થો કેવી રીતે ગોઠવવા?

**'ત્રૈરાશિક' રોહગુપ્તની ભૂલ.**

રોહગુપ્તને ત્રિરાશિ કરતાં ન આવડી તેમાં એ નિહ્નવ થયો. જીવ, અજીવ, નોજીવ અને નોઅજીવ ન આવડ્યું તેમાં એ નિહ્નવ થયો. વર્ગીકરણમાં એ ભૂલ્યો. એની રામાયણ થઈ. જીવ, અજીવ, નોજીવ અને નોઅજીવ એમ ચાર રાશિ જો એણે માંડી હોત તો કોઈ ભૂલવી શકત નહિ. તેમ વર્ગીકરણમાં જો થપ્પડ ખાઈ ગયા તો સાચું પણ માર્યું જશે.

**[1]'બહુરતવાદી' જમાલિની ભૂલ.**

જમાલિ વર્ગીકરણમાં ભૂલ્યો. 'કડેમાણે કડે' અને 'કડે કડે' આમાં વર્ગીકરણ રાખવું ઘટે? કેમકે વ્યવહારથી 'કડે કડે' છે અને નિશ્ચયથી 'કડેમાણે કડે' છે.

**'અંત્યવાદી' તિષ્યગુપ્તની ભૂલ.**

છેલ્લી સંખ્યાને પૂરવાવાળો છેલ્લો ગણાય. તે છેલ્લી

---

૧ કોઈપણ વસ્તુની ઉત્પત્તિ ઘણાં સમયમાં થાય છે એમ માનનાર હોવાથી-આ રીતે આસક્તિવાળો હોવાથી બહુરતવાદી કહેવાય છે.

સંખ્યાનો પૂરક ૧૦૧માં આવે તે સોની સંખ્યાનો પૂરક. પણ 'છેલ્લો આવે તે સો' એમ માનવામાં એ ભૂલ્યો. અર્થાત્ 'છેલ્લો આવે તે આખી સંખ્યા' એમ માનવામાં એ ભૂલ્યો.

**દિગંબરોની ભૂલ.**

દરેકને અંગે વિચારવા જઇએ તો વર્ગીકરણમાં ભૂલ થાય. દિગંબરોએ વર્ગીકરણમાં ભૂલ ખાધી. દ્રવ્ય થકી પરિગ્રહ, ભાવ થકી નહિ. દ્રવ્ય થકી પરિગ્રહ તેને દિગંબરોએ પરિગ્રહ કહ્યો તેથી ભાંગામાં ભૂલ્યો.

**સ્થાનકવાસીની ભૂલ.**

સ્થાનકવાસી પણ વર્ગીકરણમાં ભૂલ્યો. આશ્રવો તે અનાશ્રવ; અનાશ્રવ તે આશ્રવ, એમાં ગોથું ખાધું.

**આઠ વર્ષ પર્યાયે ઠાણાંગ.**

દીક્ષા લીધા પછી આઠ વર્ષે ત્રીજું અંગ વાંચવાની અને ગુરૂ પાસે ધારવા માટેની લાયકાત આવે છે. અર્થાત્ આ મેળવવું હોય તો સાધુ મહાત્માને આઠ વર્ષ જોઇએ. આ વર્ગીકરણનો ઉપયોગ દીક્ષાના આઠમે વર્ષે હોય છે. જે વર્ગીકરણ જાણવાની, સમજવાની, ઉપયોગ કરવાની લાયકાત આઠ વર્ષે આવે છે, તે ઠાણાંગજી.

**પ્રશ્ન-ગૃહસ્થોને શાસ્ત્રો વાંચવામાં શી અડચણ?**

સમાધાનઃ—બાળક કક્કા-બારાખડી શીખ્યો તેને સાતમી શીખતાં શી અડચણ? તેના જેવો આ પ્રશ્ન છે. એ ભલે વાંચે સાતમી, પણ ઉપયોગ 'કકાકિકી'માં. બે પૈસાનો દેશીહિસાબ તેના માટે બસ છે. પણ જો બે રૂા. ખરચી સાતમી મેળવે તો મેળવી એટલું જ છે. તેમ-વિષયકષાયમાં, આરંભપરિગ્રહમાં ખૂંચેલા જીવોને શાસનનું વર્ગીકરણ આ કાનમાંથી આવીને

બીજા કાનમાં જવા જેવું છે. પહેલી ચોપડી બાકી છે. અર્થાત્ જ્યાં સુધી આત્માને સર્વ સાવદ્યના આચરણથી ખસેડયો નથી, હલ્લાને ખસેડયો નથી અને 'करेमि भंते ! सामाइयं सव्वं सावज्जं जोगं पच्चक्खामि' એ જૈન શાસનનો પડાવ છે. તે કર્યો નથી ત્યાં સુધી શું ?

**દસ્તાવેજ વકીલ દ્વારા.**

ભાગીઆ સરખા ચાલે ત્યાં સુધી ૨૪ કલાક ગોષ્ઠી કરે: પણ જ્યારે તકરાર પડે ત્યારે વકીલની હાજરી સિવાય વચન કાઢે નહિ. એવી રીતે અહીં શાસનની પ્રરૂપણાની તત્ત્વની બાબતમાં ઊંડા રહસ્યોની બાબતમાં શ્રાવકો માટે ધ્યાન રાખવું જોઈએ કે અમારા વકીલ હાજર છે. કાંઈ પણ લખાવવું, નોટિસ કે દસ્તાવેજ વકીલદ્વારાએ. કુકાનો દસ્તાવેજ વકીલ મારફતે તો સર્વજ્ઞના શાસનના દરિયામાં ઝંપલાવીએ તો દસ્તાવેજ કોના દ્વારા ?

**લાયકાત.**

સાધુપણું લીધું, છતાં **આચારપ્રકલ્પ** સુધી અભ્યાસ થઈ જાય, ત્યારે ધર્મનું સ્વરૂપ કહે. **પ્રશ્ન**—આચારને અંગે છકાયની દયાનો ધર્મ કહેવાનો કે ત્રસકાયની દયાનો ધર્મ કહેવાનો ? છકાયનું કહેવું પડે છકાયની દયા પાળવી નથી ને છકાયની વાતો કરો તો પોથીમાંના રીંગણાં ગણાય. 'ડાહી સાસરે ન જાય ને ગાંડીને શિખામણ દે' જેવું થાય. માટે શાસનનો અધિકાર, તત્ત્વની પ્રરૂપણા કરવાનો હક, જેઓ ધોરી રસ્તે ચાલી રહ્યા હોય, તેઓને જ આપ્યો.

**સ્થાનાંગની સ્થિતિ આઠ વર્ષની કેમ રાખી ?**

વસ્તુનો આબેહૂબ ચિતાર ખડો ન થાય ત્યાં સુધી વર્ગીકરણ કરી શકે નહિ. લાઇબ્રેરીમાં ૧૦,૦૦૦ પુસ્તકો હોય,

નંબરો કાઢી દેવાવાળો ૧૦ રૂપિયે મળે, પણ લાયબ્રેરીને અંગે વર્ગીકરણ જાણવાવાળો ૫૦૦ રૂા.નો મહિનો ખરચો તો પણ ન મળે. શું તાળું નથી ખોલી જાણતો? બધું છે, પણ વર્ગીકરણના વમળમાંથી બહાર નીકળી શકતો નથી. શાસનના વર્ગીકરણમાંથી બહાર નીકળવું તે આઠ વર્ષ પછી આવે છે. માટે **સ્થાનાંગના** પાંચમા અધ્યયનમાં મહાવ્રતોનું નિરૂપણ કરતાં વર્ગીકરણ કરે છે.

## વ્યાખ્યાન ૨

पंच महव्वया पण्णत्ता—

**શા**સ્ત્રકાર મહારાજા ભગવાન સુધર્માસ્વામી ભવ્યજીવોના ઉપકારને માટે **સ્થાનાંગસૂત્ર**ની અંદર પાંચમા ઠાણામાં પહેલું સૂત્ર જણાવે છે. તેમાં પાંચ મહાવ્રતો કહેલાં છે. ઠાણાંગ વર્ગીકરણ માટે છે વર્ગીકરણ ઉપયોગી છે. દીક્ષા પછી આઠ વર્ષ પછી વાંચવાની લાયકાતવાળું સૂત્ર **સ્થાનાંગ.** તેમાં પાંચ મહાવ્રતો કહેલાં છે. पंच महव्वया पण्णत्ता. મહાવ્રતનું પાંચપણું કરવું એ અન્વય અને વ્યતિરેકથી એમ બંને પ્રકારે ઇષ્ટ છે. તેથી મહાવ્રતો પાંચ છે એ જ અર્થ નીકળવાનો છે. પહેલા, છેલ્લા તીર્થંકરોના શાસનમાં મહાવ્રતોમાં ભેદ હોય નહિ. મહાવ્રત તો બધે નિયમિત જ છે.

**મહાવ્રતોની ચાર અને પાંચ સંખ્યા અંગે પ્રશ્ન.**

શાસનને અંગે નવીનતા કઈ? પાંચપણાની. હવે કહેવામાં આવે કે બાવીસ તીર્થંકરના શાસનમાં મહાવ્રતનું અધુરાપણું કે જેથી મહાવીરના વખતમાં પાંચપણું કરવામાં આવ્યું? અગર કહો

મહાવીરના વખતમાં અધિકપણું–મોક્ષમાર્ગને પ્રવર્તાવનારા માટે છે ? જો મહાવીર મહારાજના શાસનમાં અધિકતા કે ન્યૂનતા નથી તો ૨૨માં ચાર કેમ રાખવાં પડયાં અને આ શાસનમાં પાંચ કેમ રાખવાં પડયાં ? સમાધાનઃ—આ શાસનમાં ન્યૂનતા કે અધિકતા નથી. બાવીસ તીર્થંકરના શાસનમાં પણ ન્યૂનતા કે અધિકતા નથી.

પ્રશ્ન–તે કેવી રીતે માનવું ? કારણ કે જો ચારવાળામાં યથાસ્થિતપણું માનો તો પાંચમાં અધિકતા માનવી જ જોઇએ. તમે કહોઃ ચાર કહો તો ચાર ન્યૂન નહિ ? પાંચ કહો તો અધિક નહિ ? સમાધાનઃ–શબ્દો ધ્યાનમાં છે ? કે 'ચાર' શબ્દને લઈને ચાલે છે ? પાઠને કેમ પકડતો નથી. જે પાઠને ન પકડતાં સંખ્યાને પકડીને ચાલે તેને ન્યૂનતા–અધિકતા આવે તેમાં નવાઈ શી ?

## એક લીધો–સાઠ આપ્યાનું દૃષ્ટાંત.

એક લીધો, સાઠ આપ્યા એમ લુચ્ચો કહે છે. એક શું તે જણાવીશ એમ કહીને તે બેસે. એક રૂપિયો લીધો, સાઠ પૈસા આપ્યા તેથી લુચ્ચો. ચોખ્ખા શબ્દો ન જણાવે ત્યાં સુધી સમજી શકાય નહિ. એકના સાઠ આપ્યા, છતાં લુચ્ચો કહે છે. એક તો રૂપિયો લીધો, સાઠ તો પૈસા આપ્યા, ત્યારે સંખ્યાથી લુચ્ચાઇ માલમ પડી. એવી રીતે અહીં ચાર મહાવ્રતો બાવીસ તીર્થંકરના શાસનમાં; પાંચ મહાવ્રતો મહાવીરના શાસનમાં છે. તેથી સંખ્યા ન લેતાં તેને બરોબર તપાસ.

## ચાર અને પાંચ મહાવ્રતોનું સમાધાન.

પહેલાં ત્રણ વ્રતો ચોવીસના શાસનમાં બરોબર છે. પણ ચોથાને અંગે બાવીસના શાસનમાં 'सव्वाओ बहिद्धादाणाओ वेरमणं' છે. જ્યારે ભગવાન મહાવીરના અને ઋષભદેવના વખતમાં

'सव्वाओ मेहुणाओ वेरमणं' એમ ચોથું મહાવ્રત અને પાંચમું મહાવ્રત सव्वाओ परिग्गहाओ वेरमणं કહેવું પડયું.

**બહિદ્ધાદાનનો અર્થ.**

बहि એટલે મૈથુન અને આદાન એટલે પરિગ્રહ. એટલે સર્વ મૈથુનથી અને પરિગ્રહથી વિરમું છું. એમ છે તો હવે ન્યૂનતા કઈ રહી? **દશવૈકાલિક** (અ૦ ૨, ગા૦ ૪) માં 'બહિદ્ધા' શબ્દ વાપરીએ છે. તે ચારિત્રની પરિણતિમાં પ્રવૃત્તિ કરતાં મૈથુનમાં મન જાય તો ઔષધ શું? એ સ્ત્રી મારી નથી. હું એનો નથી. એ ઔષધ 'બહિદ્ધા' ટાળવા માટે રાખ્યું. જો બહિદ્ધાનો અર્થ બહાર જવું એટલો લો તો ઔષધ જ નહિ. આવી રીતે વિચારીને એ સ્ત્રીથી રાગ ખસેડી લે. તેવી રીતે ત્યાં બહિદ્ધાનો અર્થ 'મૈથુન' રાખેલો છે. તેથી તેમાં વાંધો નથી અને 'આદાન' શબ્દનો અર્થ 'પરિગ્રહ' છે એ ચોક્ખું છે. પરિગ્રહમાં 'ગ્રહ' ધાતુ છે. 'આદાન' શબ્દ અહીં મેલ્યો. 'ગ્રહ'માત્રથી ઉપાદાન આવે તેમ હતું. અહીં 'પરિ' ઉમેરી દીધો. 'બહિદ્ધા' શબ્દમાં જે ગૌરવ હતું. સ્વસ્વભાવ, સ્વપરિણતિથી બહાર નીકળી જવું. તેને બદલે 'મૈથુન' શબ્દ રાખ્યો તેથી ટૂંકો અર્થ આવે 'આદાન' શબ્દથી અર્થમાં વધારો થાય, છતાં તે કરવાની જરૂર જ હતી.

**વક્ર અને જડપણાને લીધે પાંચ મહાવ્રત.**

જગતમાં નિયમ છે કે કાયદો કર્યા પછી ખૂંચ નીકળે. કાયદાની મકસદ લોકો ન સમજે ત્યારે તેમાં સુધારો કરવો જોઇએ. લોકોની વક્રતા કાયદાનો સુધારો માગે છે. મહાવીરના વખતમાં જીવો વક્ર અને જડ છે. તેને અંગે સુધારો કરવો આવશ્યક છે; નહિ તો શબ્દાર્થમાં ઉતરી જાય. અને તેથી બહિદ્ધા-બહાર જવું-આત્માની પરિણતિમાં બહાર જવામાં પાપ લાગે

તેટલું મૈથુનમાં લાગે એમ માને.

## કાયદામાં સુધારો.

પહેલાં કોર્ટ સજા કરતાં લખતીઃ ફાંસીએ ચઢાવવું. વચમાં એક ગુનેગાર આવ્યો. સાચો ગુન્હો કરેલો. બેરીસ્ટર (barrister) ચૂપ રહ્યો. કેસ ચાલવા દીધો. આખા કેસમાં 'ચૂં' બોલતો નથી. બેરીસ્ટરને ઊભો રાખેલો શા કામનો? જજમેન્ટ (judgement) થઈ ગયું. ફાંસી દેવા લઈ ગયા. ફાંસીએ લઈ ગયાં. ગળે ફાંસો નાંખ્યો. પાટીઉં ખસેડવા જાય ત્યાં ભંગીનો હાથ ખસેડ્યો. ખબરદાર, બાંધો તમને હુકમ કેટલો છે? ફાંસીએ ચઢાવવો. હવે ખસી જાઓ. ખસવું પડ્યું ને તે છૂટી ગયો. તેથી હવે લખાય છે કે જીવ જાય ત્યાં સુધી લટકાવી રાખવો. ફાંસીએ દેવો તેમાં તત્ત્વ એ જ હતું. અત્યારે તત્ત્વ એ જ છે. કાયદાની ચુંગાલમાંથી નીકળી જવા માગે ત્યારે કાયદામાં સુધારો કરવો પડે. તેમ ચોવીસમા તીર્થંકરના શાસનમાં જીવો વક્ર અને જડ છે તેથી શબ્દો પકડે.

## વ્રત લેતાં પરિણામ.

જે વખત વ્રત લેવા તૈયાર થયા તે વખતે પરિણતિ કઈ હતી? ત્રસને મારવો નહિ એટલાં પચ્ચક્ખાણ લીધાં. ગાવ છો પચ્ચક્ખાણને. જાત્રા કરવા જાઓ છો, નીચું જુએ, લીલોતરી સાચવો તો અનંત જીવો બચી જાય છે. કોઈ કહે કે આપણે ક્યાં પચ્ચક્ખાણ છે? ત્યારે શું તમે સ્થાવર જીવની હિંસાના પાપ માનવાથી છૂટા છો? લખાણું તે વંચાણું. ભાવાર્થ વિચારો! સ્થાવરની હિંસા છોડી શકું તેમ નથી માટે ત્રસના પચ્ચક્ખાણ કર્યાં છે.

**ત્રસની હિંસાવાળા અંગે**

સમ્યક્ત્વ થયું ત્યારે શું ધાર્યું ? હિંસા છૂટી શકે એમ નથી તે વાત ક્યાં રહી ? શબ્દની ચુંગાલમાંથી નીકળી ગયા, નહિતર હિંસામાત્ર વર્જવાની હતી. જેમાં અર્થદંડ હોય, તે વર્જી શકતો નથી તેની જુદી વાત. પણ આસક્તિ, અશક્તિ ન હોય તેવી હિંસાને ન વર્જી શકો ? ઘરના ચૂલાના આરંભપરિગ્રહો છોડવા તમે અશક્ય છો. આસક્તિને લીધે એ તમારાથી ન છોડાય. જાત્રા કરવા જાઓ ત્યારે તારા ભાઈએ કેમ કર્યું ? એ પ્રશ્નાવલી. કારણકે નિવૃત્તિનો વખત. પણ આત્માના ગુણો કોઈ દિવસ વિચાર્યા ? તીર્થંકરના ગુણ ગાતા ગાતા જવું, એ કરવું નથી, કુથલી કરવી છે; ઊંટવિદ્યા કરવી છે, કોઈ કહે લીલોતરી છે તો કહેઃ આપણે ક્યાં પચ્ચક્ખાણ છે ? આ ચુંગાલમાંથી નીકળી જવાનો ધંધો. પણ ખરી વાત તો એ હતી કે પ્રમાદ થયો, મારું ધ્યાન ન રહ્યું, એ વસ્તુ હતી. જેમ આજ કાલ ચાલાકી કરીને ચુંગાલમાંથી નીકળી જવાનાં વાક્યો બોલાય છે તેમ વક્ર-જડો બોલે તેમાં આશ્ચર્ય નથી.

બહિર્ધા-બહાર નીકળવું-બહાર ન નીકળીએ એવો ભાવાર્થ કરે. જેમ જગતમાં ચાલાક લોકો કાયદાની ચુંગાલમાંથી નીકળવાને કટિબદ્ધ થાય તેમ અહીં શબ્દ પકડી લે માટે 'મોઘમ' શબ્દને બદલે ચોક્ખો શબ્દ 'मेहुणाओ वेरमणं' કરવો પડયો.

**'मेहुणाओ वेरमणं' જુદું કહેવાનું તાત્પર્ય**

ચોપડામાં એક રકમ ખોટી હોય તો બેઈમાન. બે મળીને એક મહાવ્રત થાય છે, છતાં એકના ભંગે તેઓ આખા મહાવ્રતનો ભંગ સમજતા હતા. કારણકે બે મળીને એક પ્રતિજ્ઞા હતી. પણ વક્ર-જડો એક ભાંગે તો અડધી રહે એમ કરવા માંડે. આ

કર્યું, પણ આ તો રહ્યું ને ? ના. અંશભગ્ને પણ સમગ્રભગ્ન છે. જેમ ક્રોધ, માન, માયા, કે લોભમાંથી ગમે તેનાથી જૂઠું બોલે તો પાપબંધ તેમ બેમાંથી ગમે તેનો ભંગ થાય તો મહાવ્રત જાય તેવું વક્ર-જડો ન માને તેને લીધે પ્રતિજ્ઞાના શબ્દો જુદા આપવા જોઈએ તેથી 'मेहुणाओ वेरमणं' ચોક્ખા શબ્દો કહ્યા. કાયદાવાળાઓએ આટલા કાયદા સુધાર્યા છે, સુધારાના રાફડા-જે ફેરવવા જાઓ તો એકાદ પાનું ફાટયા વિના ન રહે. મૈથુનથી સર્વથા વિરમવું તેનું નામ ચોથું મહાવ્રત. સુધારાની ચિઠ્ઠીનો પાર નહિ. ત્રુટિનાં ચિઠ્ઠાં લાગવાં માંડ્યાં ત્યારે તત્ત્વાર્થકારે લખ્યું: मिथुनं-स्त्रीपुंसयोर्मिथुनभावो मिथुनकर्म वा मैथुन ( अ० ७ सू० ११ भा० ) અર્થાત્ વેદોદયથી સ્ત્રીપુરૂષનું થનારાવાળું કર્મ તે મૈથુન.

## 'सव्वाओ परिग्गहाओ वेरमणं' શા માટે?

પ્રશ્ન-'આદાન' શબ્દ પ્રસિદ્ધ હતો તે કેમ ન રાખ્યો? સમાધાન—બાવીસ તીર્થંકરના શાસનમાં જીવો સરલ, બુદ્ધિશાળી હતા-વક્ર ન હતા. આ તો વક્ર-જડ એટલે ગ્રહણમાત્રના પચ્ચક્ખાણથી પાટી પકડી એટલે વ્રત જાય માટે લેવુ જ નહિ એમ ઉત્સર્ગે જ લેવાનો અર્થ કરે. અને લેવા માત્રનાં પચ્ચક્ખાણ છે તેથી આહાર, પાણી, વસ્ત્ર લો તો કહે કે મહાવ્રત ભાંગ્યું. બાવીસ તીર્થંકરના શાસનમાં સરલ, બુદ્ધિશાળી હોવાથી ન લેવાની ચીજ લેવી તે 'આદાન.' કરવું, કરાવવું અને અનુમોદવું નથી, તેમ સમજે છે. અમારે પાળવું નથી, પણ તમે લીધેલાં પચ્ચક્ખાણ તોડયાં તેમ બોલે. કસોટી આવે તો સોનાની પરીક્ષા થાય. કાશ્મીણ પત્થર આવે તો સોનું ઘસાય. માર્ગના ખપી પ્રેરણા કરનારા હોય તેને ગુણ મળે. જેને માર્ગ

ડોળવો છે તે આવે તો શું થાય? આહારમાત્રનું પચ્ચક્ખાણ હતું. લો એટલે મહાવ્રત ગયું–આવા વક્ર–જડો પાકે, ત્યારે તેને ઠેકાણે રાખવા એ શાસ્ત્રકારનું કામ છે.

**માતા છોકરાંને પોષે એ દૃષ્ટાંતથી વક્ર–જડના ધર્મની ઘટના**

માતા ૫૦ વર્ષના, ૧૫ વર્ષના અને પાંચ મહિનાવાળા છોકરાઓને પોષે. ૫૦ વર્ષનો છોકરો છે તે છે છોકરો પણ તેને દૂધ પાવું, કે છાતીએ લગાડવું ન હોય. ૫૦ વર્ષવાળાને ૫૦ વર્ષવાળાની પેઠે પોષવો પડે. માતાનું તત્ત્વ પોષવામાં છે. ચાહે તો જૂદી રસોઇ કરાવીને, રોટલો આપીને અગર દૂધ પાઈને. શાસ્ત્રકારને વક્ર-જડને જુદા મેલ્યા પાલવતા નથી; નહિ તો પાઠ ફેરવવા પડત નહિ.

પાંચ મહાવ્રતો કેમ કહ્યાં? છેલ્લા પાઠો કેમ ફેરવ્યા? બધું વક્ર–જડપણાને આભારી છે, છતાં એને માર્ગે લાવવો એ શાસ્ત્રકારનું ધ્યેય છે. ઋજુ-પ્રાજ્ઞ એકલા માર્ગે આવે એમ નહિ, પણ ઋજુ–જડ, ઋજુ-પ્રાજ્ઞ, ને વક્ર–જડ એ બધાને માર્ગે લાવવા જોઇએ. એ શાસન–શાસ્ત્રકારનું ધ્યેય છે.

**ઘરાકના દૃષ્ટાંતથી મહાવ્રત ફેરવવાની ઘટના**

દુકાન પર ચાર પૈસાનું ઘરાક આવે 'ભાવ કહો' એમ એ કહે તે વખતે શેઠ! સાચું બોલો. એટલે તમને 'જૂઠાબોલા' તમારી દુકાન પર આવીને કહી જાય છે પણ આંખ લાલ થતી નથી. માલ ખપાવવાનો મુદ્દો છે. ઊલટું તમને એ ઠરાવે જૂઠા, તમે કહો છો ભાઇ, તું તો રાતદહાડાનો ઘરાક. ચાર પૈસાની લાલચ માટે કહો છો–જૂઠા જણાવનારને વળગો છો. તો જગતનું કલ્યાણ કરવાને કટિબદ્ધ થયેલા વક્રને ધર્મના રસ્તે લાવવા માટે

એમ કેમ ન કરવું પડે? માટે મહાવ્રતો ફેરવવાં પડયાં.

**વક્ર–જડ માટે શબ્દ પલટો**

પ્રજાની જોડે રાજા અને પ્રધાન ગાંડા થયા, પણ ગાંડપણમાં કર્યું શું? ઘરમાં નાંખવાનું. વક્રોને સમજાવવા ખરા, પણ પોતાનું ખુએ તો વક્રના વક્ર. માત્ર શબ્દ ફેરવ્યો. બહિદ્ધાની જગોપર મૈથુન અને આદાનને બદલે 'પરિગ્રહ' શબ્દ રાખ્યો, પણ છટ્ટી નહિ. સંવર, નિર્જરા, અને મોક્ષમાર્ગનું ધ્યેય તો રાખવું જ જોઇએ, તેથી ન્યૂનતા કહી શકીએ નહિ; પણ શબ્દ ફેરવ્યો.

**'પરિગ્રહ' શબ્દ વાપરવાનો ખુલાસો**

પ્રશ્ન—સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં કેમ? જો સવ્વાઓ ગહાઓ મેલે તો અશન, પાન લીધું તો તમારું મહાવ્રત ગયું એમ કહે અને ઉપકરણ લેવામાં પણ મહાવ્રત કાઢી નાખે. આજ કાલના ઉચ્છૃંખલો બોલે છે કે-તમારે પરિગ્રહનું પ્રમાણ, તો ચેલા કરવાનાં પ્રમાણ નહિ?, આ બોલનારો 'પરિગ્રહ' શબ્દ સમજ્યો નથી. પરિગ્રહ કયાં છે? આટલા સાધુ ફલાણાના ફલાણા એમ કોઈ જગ્યા ઉપર લખાવ્યું?, ના; કારણકે નામના તરીકે અહીં નથી. લોકો કહે તેમાં એને શું પંચાત? પોતાના તરીકે હોત તો પ્રતિબંધ. તો પછી કાયદાની સામે શા માટે થયા?, શાસનને માટે. કેટલાકને ગાયકવાડી રાજ્યમાં ગયાને વર્ષો થયાં અને જશે કે નહિ?, તે પ્રશ્ન. પણ અહીં તો શાસનની સેવા, બીજાની સેવા નહિ. દીક્ષાની વિરૂદ્ધ છે માટે બોલવું છે.

**મૂળ વાતમાં આવો—**

અહીં 'પરિ' ઉપસર્ગ મેલ્યો છતાં બૂમ મારે છે, તો ન મેલ્યો હોત તો શી દશા થાત?

ગુરૂમહારાજ દીક્ષા દેતાં જણાવે છે કે આ દીક્ષા હું

નથી દેતો, પણ ક્ષમાશ્રમણ દે છે. હું તો પ્રતિનિધિ છું. વક્ર–જડોના વાંકા કોથળામાંથી કરડે તેવાં બિલાડાં નીકળે તેથી શાસ્ત્રકારોએ બચાવ રાખ્યો, પણ રાખેલો બચાવ સૂઝે નહિ તેને શું કહેવું. જો તે ન રાખ્યો હોત તો શું થાત? 'પરિગ્રહ' શબ્દ ન રાખ્યો હોત, અને 'આદાન' કે 'ગહાઓ' પાઠ રાખ્યો હોત તો તે કૂતરાઓ વળગ્યા વિના રહેત જ નહિ, પણ શાસ્ત્રકાર સર્વજ્ઞ છે. તેથી વક્ર–જડ માટે તેટલું કરવાની જરૂર હતી.

**પરિગ્રહની વ્યાખ્યા**

परि એટલે समन्तात् અર્થાત્ સ્વમાલિકી તરીકે ગ્રહણ કરવું તેનું નામ 'પરિગ્રહ.' દીક્ષાનો વેષ એ પરિગ્રહ નથી. કારણકે ગુરૂએ સંયમ પાલન માટે તે આપ્યો છે. સરકાર તરફથી પોલીસ (police)ને ડ્રેસ (dress), પટા આપવામાં આવે છે. તેથી લોકો પોલીસને ઓળખે છે, છતાં માલિકી તો કોર્ટ(court)ની જ છે. પોલીસના ડ્રેસની માલિકી પોલીસની નથી.

**આચાર્યો પણ પૂર્વાચાર્યોને આધીન છે**

શાસન–સેનાના ડ્રેસની માલિકી આચાર્યની છે, તો આચાર્યને પરિગ્રહ લાગશે?, જેમ કોર્ટ ડ્રેસથી બચતી નથી તેમ આચાર્ય નહિ બચે?, ના. તને જો સમજણ પડે તો આચાર્ય પહેલેથી બચેલા છે. કારણકે પાક્ષિક અતિચારમાં જણાયું છે કે એ મારૂં નથી. મારા આચાર્યનું છે. આથી આચાર્યે ઉત્તર દીધો કે મારા આચાર્યનું છે ( आयरियसंतियं,- क्षामणकसूत्रम् ). રાજાનું રાજ્ય નથી; શહેનશાહતનું રાજ્ય છે. રાજ્ય જ્યોર્જનું નથી, પણ પાર્લામેંટ (parliament)નું. સાધુઓ કે આચાર્ય વસ્તુના માલિક નથી; આચાર્યની પરંપરા માલિક છે અને તેટલા જ માટે परिग्गहाओ કહેવું પડયું. 'પરિ' ઉપસર્ગ લગાડીને ચોક્ખું કરી દીધું કે

જો મમત્વ ભાવે લેવામાં આવે તો તેનું નામ પરિગ્રહ. આથી જ ઉમાસ્વાતિજીએ વકો થયા તેમણે શાસનમાં લેવા જે 'પરિગ્રહ' શબ્દ રાખ્યો હતો તેનો અર્થ મૂર્ચ્છા કર્યો (मूर्च्छा परिग्रहः; तत्त्वार्थ अ० ७ सू० १२).

**મૂર્ચ્છા ન કહેતાં પરિગ્રહ શા માટે?**

**પ્રશ્ન**–सव्वाओ परिग्गहाओ वेरमणं ને બદલે सव्वाओ मुच्छाओ वेरमणं કહી દેવું હતું ને?

જ્યાં સુધી સરાગ દશા ત્યાં સુધી મહાવ્રત આવે નહિ. મહાવ્રત આવ્યા વિના–સરાગ દશા ગયા વગર મહાવ્રત ન ગણાય તો શા માટે सव्वाओ मुच्छाओ वेरमणं ન રાખ્યુ.

તમારે 'મૂર્ચ્છા' કહો કે 'પરિગ્રહ' કહો એ એક જ વાત છે. અને જો 'મૂર્ચ્છા' એ પરિગ્રહનું લક્ષણ છે તો જ્યાં મૂર્ચ્છા ત્યાં પરિગ્રહ; અને જ્યાં પરિગ્રહ ત્યાં મૂર્ચ્છા એમ થયું. તો પછી જ્યાં મૂર્ચ્છા થઇ ત્યાં મહાવ્રત ભાંગ્યું કે નહિ? ઉ૦–તમારા હિસાબે ક્ષીણમોહનીય એટલે વીતરાગ–તે થયા સિવાય મહાવ્રત હોય નહિ, પણ અહીં તેમ નથી. અહીં તો પરિગ્રહ તરીકે ગણાતા પદાર્થો-વિષયક જે મૂર્ચ્છા તે પણ 'પરિગ્રહ' છે. અને પરિગ્રહ તરીકે ગણાતા પદાર્થોમાં જે મૂર્ચ્છા તે દ્રવ્ય–પરિગ્રહ તો જે વસ્તુ પરિગ્રહ તરીકે ગણાય તેમાં જો મૂર્ચ્છા હશે, તો તો ન લો તો પણ તમારે 'પરિગ્રહ' છે. તે વ્રત છે ને? ના. સર્વથા પરિગ્રહથી વિરમવું તે. ધન, ધાન્ય તે 'પરિગ્રહ,' પણ વસ્તુમાત્ર પરિગ્રહ નથી. અમારી પ્રતિજ્ઞા કઇ? પરિગ્રહથી વિરમવું. આ તો પરિગ્રહ નથી ને? એમાં અમે મૂર્ચ્છા રાખીએ તો મહાવ્રતમાં વાંધો નહિ. ધર્મોપકરણ સિવાયના પદાર્થો લઇએ તો જ વાંધો. આવું થઈ જવા માંડે માટે परिग्गहाओ वेरमणं રાખ્યું તેમાં "લેવા

ગઈ પૂત ખો આઈ ખસમ જેવું થયું "

**સંયમના ઉપકરણમાં પણ મૂર્ચ્છા ન રખાય**

જો ઓઘો નવો હોય ને પૂજવું હોય તો આ નવો ઓઘો છે. ઓઘાથી અદ્ધર આકાશ પૂજાય છે. ચારિત્રના પાલનને માટે જે વસ્તુ લીધી, તે વસ્તુ રખાય ને ચારિત્રનો ચૂરો થાય તેનો અર્થ શો ?

કદાચ ઉપગરણ ઉપર શાહીની કલમ પડી ને ડાઘ લાગ્યો તો 'એ. હું.' શા માટે ? આત્માને કર્મબંધનથી બચાવવા માટે દ્રવ્ય થકી થતી હિંસા બચાવી લેવી જોઈએ. તે બચાવવાનું સાધન તેમાં ડાઘ લાગ્યો તેથી પૂજવામાં વાંધો આવવાનો નથી. ઉપકરણ છે સાધન એમ કહેવાવાળા-એવું કહીને આત્માને છેતરવાવાળા છે. **ઉમાસ્વાતિ-શય્યંભવસૂરિને** નામે જે સંયમસાધન સિવાયની ચીજ છોડી તેથી મહાત્મા થઈ ગયા એમ માનશો નહિ. નિર્મમત્વ ભાવનું ધ્યેય ચૂક્યા તો દોષ જ છે. જેવી રીતે ઉપકરણ સિવાય-ધર્મ સાધન સિવાયની વસ્તુ છોડવાની છે તેમ તેમાં પણ મમતા છોડવાની છે. તેથી ઉમાસ્વાતિજીને मूर्च्छा परिग्रहः રાખવું પડ્યું અને શય્યંભવસૂરિને પણ મૂર્ચ્છા એ જ પરિગ્રહ રાખવું પડ્યું. (मुच्छा परिग्गहो वुत्तो इय वुत्तं महेसिणा ॥ दश० गा० २१०) અન્યોન્યાશ્રય ટાળવા માટે મહાવ્રતમાં 'परिग्गहाओ वेरमणं' કહેવું પડ્યું.

**મનુષ્યદેહ મોક્ષની નીસરણી છે**

બીજી વાત દૂર રહી. આ તો ઉપકરણ છે. સારું રહ્યું તો શું ? બગડે તો શું ? મોક્ષની નીસરણી તે મનુષ્યદેહ. જેમ નીસરણી સિવાય મેડે નહિ ચઢાય, તેમ મનુષ્યના દેહ સિવાય કોઈ મોક્ષે જતો નથી, ગયો નથી અને જશે નહિ.

ઉપકરણ વિના પણ મોક્ષે ગયા છે. પણ મનુષ્ય–દેહને પ્રાપ્ત કર્યા વિના કોઇ મોક્ષે ગયો નથી. છતાં એ કામનો છે એમ બોલીશ નહિ. સંયમની લાઇન (line)માં ચડેલો મહાપુરુષ આમાં શું થાય છે એમ ન બોલે.

જ્યારે ભૂખ ભાંગવા માટે રોટલી છે તો પછી તે રોટલી ચાહે તો વાડકામાં કે થાળીમાં મળી હોય તો થાળીવાડકાની શી લડાઈ? જેને રોટલી માટે દોડવું છે તેને તકરાર શાની?

**નવી વહુનું વાછરડાને રોટલો ખવડાવવું**

લગ્ન થાય છે. વહુ પહેલવહેલી ઘેર આવે, ત્યારે ઘરનું કામ ન બતાવાય. ઘેરે ગાયનું વાછરડું હોય. વાછરડાને રોટલો ખવડાવવાનું કામ બતાવાય તેમાં પણ રોટલો ખવડાવવો હોય તો માથી સાસુ માંડી દે છે. બે મિનિટ માટે વાછરડું સાચવવાનું મટયું. સાસુ કકડા કરી આપે, તે કકડા વહુ વાછરડાને આપે છે. વાછરડાને નવી વહુ છે કે જૂની તે જોવાનું નથી. વાછરડાને તો રોટલાનો કકડો આવ્યો તેથી એ આંખ મીંચીને ચાવે છે. એ મતલબ નવી કે જુની વહુ સાથે નથી; મતલબ રોટલાથી છે.

**સાધુએ લેવું જોઇતું વાછરડાનું દૃષ્ટાંત**

તારે મતલબ દશીથી છે કે જયણાથી છે? જો જયણાથી હોય તો વાછરડાના જેટલી અક્કલ રાખે તો બસ.

**પુસ્તકના પૂઠામાં મમતા કરવા જતાં મૂળથી રસ્તો ભૂલે**

પુસ્તક એટલે આત્માને જ્ઞાન મેળવવાનું સાધન પુસ્તકના બચાવ માટે પૂઠું છે તે પૂઠું 'લાલ ને ધોળું થાય તેમાં શી દશા? બહાર ભૂલવાનું તો દૂર રહ્યું પણ આંગણામાં કાં ભૂલે છે? મોક્ષનું સાધન કેવળજ્ઞાન, જિનવચન, પુસ્તક છે. પૂઠું પાટી તો સાધનના સાધનનું સાધન છે. આંગણામાંથી રસ્તો

ભૂલ્યો તો તે મળવાનો ક્યાંય? આ તો બધાં સાધન છે; પણ દેહ તો ખુદ નીસરણી છે. વળી દૂર( વ્યવહાર )નયની અપેક્ષાએ મોક્ષનું પરિણામી કારણ માનીએ તો પણ ચાલે. હાડકાં, માંસને મોક્ષ થવાનો કે આત્માને? તે બધાં માંહોમાંહે આવ્યા છે. શરીરમાં આ 'આત્મા' આ 'શરીર' એમ વિભાગ થઈ શકે નહિ. બે એકરૂપે રહેલા હોય, એક લોટામાં દૂધ ને પાણી ભેગાં થયાં, ભલે ભેગાં થયાં પણ અગ્નિના સંયોગે પાણી બળી જશે. પણ ભેળાં છે ત્યાં સુધી આ દૂધ, આ પાણી કહી શકીએ નહિ. તેમ આ જીવ, આ શરીર, આ આત્મા કહી શકીએ નહિ. મોક્ષની નીસરણી જેવું શરીર મોક્ષને અપાવી દેનાર એવુ શરીર એના તાડનના, વધના પ્રસંગે સહન કરવા તૈયાર થયો છે. તો પુસ્તકનું પૂઠું ફૂલાણા રંગનું શા માટે થાય છે?

કોટિધ્વજને પણ દરિદ્ર અવસ્થા આવી પડે ત્યારે ઉકરડાની જગ્યાના ઉમળકા આવે. આટલી જગ્યા કેમ જાય છે? હજારો લાખોની મિલકત છોડીને નીકળ્યો પછી ઉકરડામાં રંગ આવ્યો, શાથી? દરિદ્રતા આવી તેથી ઉકરડામા ઉમળકા છે.

**વક્ર-જડને ફેરવવા મહાવીરે શબ્દ ફેરવ્યો**

**ઉમાસ્વાતિએ** પૂંછડું વળગાડ્યું-સાધન સિવાયનું છોડયું તેથી પરિગ્રહથી બચ્યા તેમ માનશો નહિ. મોક્ષના સાધનભૂતમાં મૂર્છામાં ઉતરશો તો મૂર્છામાં (પરિગ્રહમાં)જ છો. આથી જ ઉપકરણની મૂર્છા છોડાવી, જગતના વક્ર-જડોને ફેરવવા મહાવીરને શબ્દ ફેરવવો પડ્યો.

**પ્રશ્નપરંપરા**

**પ્રશ્ન**—હવે આ પાંચ કેમ? છ, સાત કેમ નહિ? એક, બે કેમ નહિ? મહાવ્રત કેમ? શ્રાવકોનાં વ્રતો હોય

છતાં શ્રાવકને માટે અણુવ્રત શબ્દ કેમ છે? એ જગો પર શાના વિશેષણ જોડ્યા છે? એ જગો પર વિશેષણો કેમ? બીજા બધાએ યમ નિયમ રાખ્યા ને તમે વ્રત કેમ ગોઠવ્યા? મહાવ્રત કેમ રાખ્યાં? પાંચ મહાવ્રતો છે સીધું કહી દો. જ્યાં બીજું ક્રિયાપદ ન હોય ત્યાં 'અસ્' મેલી દેવાય છે છતાં 'पण्णत्ता' કેમ કહેવું પડ્યું તે વગેરે આગળ જણાવાશે.

# વ્યાખ્યાન ૩

**ઠાણાંગજી** નામના ત્રીજા અંગની અંદર પાંચમા સ્થાનની અંદર પહેલું સૂત્ર જણાવતાં જણાવ્યું કે પાંચ મહાવ્રતો કહેલાં છે. અહીં એ વિચાર કરવાની જરૂર છે કે પંચ મહાવ્રતપણું કે પાંચપણું સિદ્ધ હતું તેનું મહાવ્રતપણું કહેવા માગે છે? અગ્નિ ન બળેલું હોય તેને બાળે તેમ શાસ્ત્ર અપ્રસિદ્ધને સમજાવે.

**શાસ્ત્રનુ લક્ષણ**

અપ્રસિદ્ધ વાત કહે તો જ શાસ્ત્ર સફળ કહેવાય. પાંચ વેપારી ભેગા મળ્યા હોય તેમાં કોઇ ૫×૫=૨૫ બોલે તો મગજ ફરી ગયું છે એમ માને છે. કોને જણાવવા બોલ્યો? બધાને છોકરા ધાર્યા? પ્રસિદ્ધ વાતને કહેવાવાળો બીજાને ગાંડા ગણવાવાળો ગણાય. આમ કહેનારો પોતે ગાંડો ગણાય. તેમ શાસ્ત્રમાં પ્રસિદ્ધ વસ્તુને જણાવવા બેસે તો શાસ્ત્રકારપણાની યોગ્યતા પામે નહિ. તેથી અપ્રસિદ્ધ અર્થને જણાવે તો જ શાસ્ત્ર એ શાસ્ત્ર છે.

### અર્થ ને કામ સ્વયંસિદ્ધ છે

સ્વતંત્રવિધાન તરીકે અને અનુવાદ તરીકે એમ બે રીતે વાતો હોય. જે વસ્તુ જગતમાં સિદ્ધ હોય તેનો અનુવાદ કરે તેની શાસ્ત્રને અડચણ નથી. તેમજ જે વસ્તુ દુનિયાને સમજવામાં ન આવી હોય તેનું વિધાન કરે. જેમ અર્થ અને કામ, સાવદ્યપણાને લીધે ઉપદેશ કરવા લાયક નથી, તેમજ સિદ્ધ હોવાથી પણ તેનો ઉપદેશ કરવો લાયક નથી. વળી ઔદયિક કર્મના ઉદયથી સિદ્ધ થવાવાળી હોવાને લીધે તેનો ઉપદેશ કરવો શાસ્ત્રકારને લાયક નથી. જીવોને સિદ્ધ ન થયેલા ધર્મ ને મોક્ષ સ્વયંસિદ્ધ નથી. પણ અર્થ અને કામ ચારે ગતિમાં સિદ્ધ થયેલા છે.

### ચાર પુરુષાર્થની વ્યાખ્યા

અર્થ શબ્દથી ભોળા લોકો પૈસાને પકડે છે, પણ 'અર્થ' શબ્દથી પૈસો ન પકડતાં 'બાહ્ય સુખનાં સાધનો' એમ સમજવું જોઈએ. આત્મીય સુખ એનું નામ 'મોક્ષ'; બાહ્ય સુખ એનું 'અર્થ'. બાહ્ય અભ્યંતર સુખ અને તેનાં સાધનો મળીને ચાર પુરુષાર્થ થાય છે. પુરુષાર્થનો અર્થ ઉદ્યમથી મેળવાય. અર્થ અને કામની અપેક્ષાએ પુરુષો પ્રયત્ન કરે તે અને ધર્મ અને મોક્ષની અપેક્ષાએ પ્રયત્ન કરે તે 'પુરુષાર્થ' કહેવાય. પુરુષે ઇચ્છેલી ચીજો 'પુરુષાર્થ.' અહીં ઉત્તમ પુરુષાર્થ નથી કહ્યું પણ સામાન્યપણે 'પુરુષાર્થ' કહેલો છે. હવે જો તેને પકડી લે તો હેય, જ્ઞેય ને ઉપાદેયના વિભાગને જાણતો નથી, માનતો નથી એમ ગણાય. ત્યારે વિભાગ કરવામાં અર્થ ને કામ હેય-છાંડવા લાયક પુરુષાર્થ. હેય હોવાથી સવ્વાઓ મેહુણાઓ વેરમણં, સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં એમ શાસ્ત્રકારો કહી શક્યા.

## પરસ્પર વિરોધવાળું વચન શાસ્ત્રકારનું ન હોય

પ્રશ્ન-એક બાજુ અર્થ ને કામ રાખવાનું કહે અને બીજી બાજુ સવ્વાઓ મેહુણાઓ-સર્વથા વિરતિ બતાવે, તો વચનનો ઢંગધડો કેમ ગણાય?

જેના વચનમાં પરસ્પર વિરોધ આવે તે શાસ્ત્રકાર કહેવાય નહિ, તો સર્વજ્ઞ ક્યાંથી મનાય?

આવું બતાવે તો શાસ્ત્રકારપણાથી બાતલ થઈ જાય.

## પ્રતિમાનું પૂજન

જિનેશ્વરની પ્રતિમાની પૂજા અમુક હદે કરવા લાયક છે અને અમુક હદે છોડવા લાયક છે. શ્રાવકધર્મમાં હોય ત્યાં સુધી પૂજા ન કરે તો વિરાધક. સાધુધર્મમાં આવેલો પૂજા કરે તો વિરાધક. આ પરસ્પર વિરુદ્ધ છે કે નહિ? નથી. અધિકારી જુદા રાખ્યા.

## પૂજનમાં વૈદ્યના ઔષધનો ન્યાય

વૈદ્ય ગરમીવાળાને સૂંઠ, ગરમ પદાર્થ ખાવાની મનાઈ કરે. વાયુના દરદીને એ ખાવાની એ સલાહ આપે તો તેથી પરસ્પર વિરુદ્ધ ઉપદેશવાળો ગણાય ખરો? જેવો રોગી તે પ્રમાણે દવા. અધિકારીને અંગે એક વસ્તુ લેવા લાયક, તે જ બીજા અધિકારીને છોડવા લાયક કહે તેમાં વિરોધ નથી. જેમકે વૈદ્ય દરદીના ભેદને સમજીને ઔષધો ને કરી ભિન્નભિન્ન બતાવે તે અહિત કરનારો કહેવાય નહિ. શ્રાવક અધિકારી હોય ત્યારે પૂજાની કર્તવ્યતા જણાવે; સાધુ અધિકારી હોય તો તેને પૂજાનો નિષેધ જણાવે. તેમાં આશ્ચર્ય શું?

## સાધુ પૂજા કેમ ન કરે

શ્રાવકે પૂજન કરવું જ જોઈએ. એમાં આરંભસમારંભ

નથી માનતા? જો પૂજા સાવદ્ય હોય તો સાધુએ એ ઉપદેશ આપવો નહિ, અને જો ઉપદેશ આપવાનો નથી તો પછી કર્તવ્ય જ છે એમ કહી શકાય જ નહિ. અને જો નિરવદ્ય હોય તો સાધુને કરવામાં વાંધો નથી.

**પૂજાનું સ્વરૂપ અને એનો અનુબંધ**

પૂજા સ્વરૂપે સાવદ્ય. દેખાવમાં છકાયની વિરાધનાવાળી, પણ અનુબંધે-ફળ તરીકે નિર્જરારૂપ છે. પ્રશ્નકાર-જ્યારે સ્વરૂપે સાવદ્ય છે અને પરિણામે નિર્જરા કરનારી છે તો સાધુએ કેમ ન કરવી? સમાધાન-સાધુએ સ્વરૂપે સાવદ્યમાં જવાની જરૂર શી? આ જગો પર કેટલાકો કહે છે કે-સ્વરૂપે સાવદ્યના નામે અલ્પ પાપ માનવું જોઈએ, જો જિનેશ્વરની પૂજામાં અલ્પ પાપ બંધાય છે, ભલે ઘણી નિર્જરા થતી હોય, એમ માનીએ તો સાધુઓથી તેનો ઉપદેશ થઈ શકે નહિ.

**અશુદ્ધ દાનના ઉપદેશની માફક પૂજાનો ઉપદેશ ન અપાય**

શુદ્ધ દાન એકાંત નિર્જરાનું કારણ, અશુદ્ધ દાન અલ્પ પાપ.ને બહુ નિર્જરાનું કારણ; પણ સાધુથી અશુદ્ધનો ઉપદેશ દેવાય નહિ. સુપાત્રને અસૂઝતું આપવું તે 'અશુદ્ધ દાન.' સાધુને અફાસુ, અનેષણીય દેવામાં આવે તે 'અશુદ્ધ દાન.' સુપાત્રે દાન દેજો, તેમ અસૂઝતું પણ દેજો એમ સાધુથી કહેવાય નહિ. જો અશુદ્ધ દાન અલ્પ પાપવાળું ને બહુ નિર્જરાવાળું હોય તો તેનો ઉપદેશ દેવાય નહિ. તો પછી પૂજાની અનુમોદના શી રીતે? કોઈ કહેઃ અસૂઝતું દે તે નિગોદિયા થાય.

**સમાધાન—રેવતી શ્રાવિકાના દાનનો પ્રસંગ**

**મહાવીર** સરખા તમામ ઉપસર્ગો, પરીષહોમાં પાર

ઉતરેલા, તે વખતે વીર્યાંતરાયનો ક્ષયોપશમ હતો, ક્ષય ન હતો. કેવળીપણામાં વીર્યાંતરાયનો સર્વથા ક્ષય થયેલો છે. જે ક્ષયોપશમ વખતે પરીષહો, ઉપદ્રવો અને ઉપસર્ગો સહન કરવાવાળા હતા, તેવાને પણ **રેવતી** શ્રાવિકા આધાકર્મી બનાવીને વહોરાવે છે. (સાધુને અંગે કરે તો આધાકર્મી). પણ **મહાવીર** વહોરતા નથી. કારણકે કેવળ ભગવાન માટે કરેલો છે. આથી સ્વમુખે પ્રભુ **મહાવીર** જણાવે છે કે મારે માટે કર્યો છે. વિચારો! ભગવાન માટે આહાર તૈયાર કરનાર **રેવતી** શ્રાવિકા નિગોદમાં ગઈ ને? મન માને તેમ બોલવાવાળા છે. શાસ્ત્રો જોવાં નથી, મુખ છે માટે કાંઇ બોલવું. તેવાઓની અપેક્ષાએ **રેવતી** નિગોદમાં જવી જોઈએ ને? પણ તેમ બન્યું નથી. 'અલ્પ પાપ' શબ્દમાં પણ નિર્ભય પાપભીરૂ ન હોય. 'અલ્પ પાપ'નો અર્થ ક્યાં જઇને ગોઠવાય છે? અશુદ્ધ દાન અલ્પ પાપ ને બહુ નિર્જરા કરાવનાર છે. એનું કરવું, કે અનુમોદવું સાધુને હોતું નથી. તો પછી સાધુથી પૂજાનો ઉપદેશ કે અનુમોદન ન થાય ને? થોડું પણ પાપ થાય, તો सव्वं सावज्जं जोगं पच्चक्खामि નહિ રહે. આ અશક્તિનો વિષય નથી, આ તો જાણી જોઈને બોલે છે ને?

### સ્વરૂપે હિંસા

સ્વરૂપહિંસામાં જો પાપબંધ માની લેવામાં આવે તો સમુદ્રસિધ્ધ માની શકશો નહિ. સ્વરૂપે હિંસા તો ત્યાં રહેલી છે, તે સ્વરૂપહિંસામાં પણ પાપબંધ માનેલો છે તો સિદ્ધપણાની મુશ્કેલી. 'અયોગિકેવલી' ગુણઠાણે પણ સ્વરૂપે હિંસા માની. વાયરાથી મચ્છર ઊડતો ઊડતો આવ્યો, શરીરને અથડાયો, ને મર્યો તો સ્વરૂપહિંસા તો થઈ. તો શું ૧૩, ૧૪ ગુણઠાણે પાપનો

બંધ છે? સ્વરૂપહિંસા ૧૩-૧૪મે રહેવાની, તો પછી પાપનો બંધ માનવો જોઈએ ને? પણ તે તો માની નથી. સ્વરૂપહિંસા પાપબંધ કરનારી ચીજ નથી. સ્વરૂપહિંસા દેખાતી હિંસા છે; પરિણામે કાંઈ નહિ. વૈદ્ય ગુમડું થયું હોય, ઓપરેશન (operation) કરે, લોહી ઘટે. દેખાવમાં ઘટાડયું માલમ પડે, પણ રૂઝ આવશે તો હૃષ્ટપુષ્ટ થશે. સ્વરૂપથી લોહી ઓછું કર્યું, પણ અનુબંધમાં લોહી ભર્યું. તેવી રીતે પૂજામાં જે અપ્કાય વગેરેની વિરાધના તે 'સ્વરૂપહિંસા' છે: એથી પાપબંધ નથી.

**પ્રશ્ન—હિંસાનું લક્ષણ શું?**

"प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा" (તત્ત્વા૦ અ૦૭, સૂ૦૮) પ્રમાદથી પ્રાણનો વિયોગ તેનું નામ 'હિંસા'. સાધુમહારાજની ભક્તિને અંગે અસૂઝતું કરે તેમાં કંઈ પણ પ્રમાદ નથી-તો જેવી આધાકર્મીની, તેવી પૂજાની સરખાવટ કરી. આધાકર્મી અને પૂજાને અંગે કુટુંબકબીલાની બુદ્ધિથી નથી પણ પાત્ર-બુદ્ધિ બંનેમાં છે. એકમાં પાત્રપોષણની, અને બીજા (પૂજન)માં ત્યાગની બુદ્ધિ છે, એકમાં અલ્પ પાપ થાય ને બીજામાં થાય નહિ. મગજ શાંત કરો. દાન અન્ય પ્રકારે સંભવે તેવું છે કે નહિ? પાત્રપૂજા, ગુરૂપૂજા એ અન્ય પ્રકારે સંભવે તેમ છે કે નહિ? ને અન્ય પ્રકારે સંભવે છે, તો પછી અન્ય પ્રકારનું દાન ઊંચાપણું લઈએ તેવું અશુદ્ધમાં હલકાપણું આવે. ફાસુ દાનનો સંભવ છે, માત્ર-અહીં પોતે જે કરે છે તે પોતે શુદ્ધ દાનમાં જઈ શકતો નથી. શુદ્ધનો સંભવ હોવાથી અશુદ્ધને નીચે ઊતારી દેવું પડયું. શુદ્ધ પૂજા સિવાય સંભવ નથી-શુદ્ધ આહારપાણી દેતાં એકાંત નિર્જરા. સો ડગલાં સુધી સામો આવીને આપે છે તે અહિંસક છે, એમ ન કહેવાય, છતાં

અલ્પ પાપ નહિ. સામો જઇને આવે તો તમારી દૃષ્ટિએ અલ્પ પાપ, ચૂલા પાસે બેસીને આપે તો નહિ. અન્ય શુષ્ક દાનના સંભવને અંગે અલ્પ પાપ. પૂજાનો ઉપદેશ અને અનુમોદના કરાય છે. यथावादी तथाकारी, તીર્થંકરોને સર્વ સાવદ્યપ્રવૃત્તિનો ત્યાગ હતો, છતાં પૂજાનો ઉપદેશ કર્યો. ઉભય છતાં એકનો નિષેધ કરવામાં આવે. જમનાદાસ બહાર જાય-એટલે બધા બેસે એ આપોઆપ આવી જાય. પૂજા, ચૈત્ય વગેરેની અનુજ્ઞા થઈ ગઇ. ભરતની બંને પ્રકારની પ્રવૃત્તિ હતી. કામની, પૂજાની પ્રવૃત્તિ હતી. તેમાં "सल्लं कामा" કામ શલ્ય છે, કામ ઝેર છે, એમ કહી એકને શલ્ય તરીકે જણાવ્યો ત્યારે બીજા તરફ આંખમીંચામણાં તે જ અનિષેધ અને તે જ અનુમોદના.

**વેદ્ય અલ્પ પાપ અને ક્રિયાકાલીન અલ્પપાપ**

અત્યારે પાપ બાંધ્યું તે ભોગવવું પડે તે 'વેદ્ય અલ્પ પાપ.' ક્રિયાવખતે લાગે ને તરત છૂટે તે 'ક્રિયાકાલીન અલ્પ પાપ.' પાણી લાગે ત્યારે માટીનો કણિયો પણ લાગે, પણ તે ચાલ્યો જાય. સામાન્ય ડોળાએલું પાણી પોતાના કણિયાને લઈ જાય અને બીજી ધૂળ લાગી હોય તેને પણ લઈ જાય. તમે ડહોળા પાણીમાં કપડાં ધૂઓ છો કે નહિ? તે લાગેલી કણી કાઢી નાખે છે અને બીજી પણ કાઢે છે. ૧૧મા ગુણસ્થાન પછી નિષ્કષાય-વીતરાગપણામાં સ્વરૂપ-હિંસા છે, તે આત્માને બાધક ન થાય; પણ સકષાયપણાની સ્વરૂપહિંસા બાધક થાય જેમ ડહોળા પાણીનો કણીઓ, પાણી સાથે આવે, પાણી પોતાના કણીઆમાં છે અને પહેલાના કણીઆમાં પેસે છે. અને બંનેને સાફ કરે છે તેમ ભગવાન્ **હરિભદ્રસૂરિ** કહે છે કે-જે સ્વરૂપહિંસાને અંગે લાગતું કર્મ

અને બીજું પૂર્વનું કર્મ તેની ત્યાં નિર્જરા કરે છે. ક્રિયાકાલીન અલ્પ પાપ છે, તેથી સર્વ સાવદ્યના પચ્ચક્ખાણવાળાને બાધક નથી; પણ અસૂઝતા આહારપાણી તો અલ્પ પાપ વેદ્ય છે તેથી અનુમોદના હોય નહિ.

અસૂઝતા આહારથી શ્રાવકને અલ્પ પાપ, બહુ નિર્જરા. અસૂઝતા આહારથી પણ સાધુ તો કર્મ બાંધે. આથી આધાકર્મી ખાવાવાળાને કર્મબંધ છે કે નથી, એ નક્કી થયું. પણ પ્રરૂપણા કરનારને કર્મબંધ છે જ નહિ એમ કહેવાય નહિ, તેમજ કર્મબંધ છે એમ પણ કહેવાય નહિ.

**પૂજામાં અલ્પ પાપ પણ વેદન નહિ**

પૂજનના પ્રસંગને અંગે ક્રિયાકાલ પૂરતું અલ્પ પાપ પણ વેદન નહિ, વાસી રહેવાવાળું નહિ. આ ઉપરથી પૂજાને અંગે અલ્પ પાપ ને બહુ નિર્જરા માની છે અને ફળ તરફ જનારાઓએ એકાંત પુણ્ય માન્યું છે, એમ સાબિત થયું. આથી 'પૂજા' શ્રાવકને માટે, દેશવિરતિવાળાને માટે કર્તવ્ય તરીકે ગણવામાં આવી છે. કેટલાક કહે છે–પૂજામાં આરંભ થાય છે તેવું કહેનારાઓને શાસ્ત્રકારોએ 'મહાભિનિવેશી' કહ્યા. જાણી જોઈને તત્ત્વને અતત્ત્વ અને અતત્ત્વને તત્ત્વ ઠરાવાવાળાને અહીં જ આરંભ લાગે છે, તો તેવાઓને પૂછો કે છોકરાને પાણીના લોટા પાવા તેમાં પણ આરંભ લાગે છે કે નહિ? કોઈ મનુષ્ય આખો દહાડો ગામમાં ફરે ને કોઈ મહેમાન આવવાનો હોય, તે વખતે શરીર ઠીક ન હતું, તેવું કહેવાવાળો લુચ્ચો–તેને પ્રમાણિક ન કહી શકાય, તેવી રીતે પોતાને ઘેર ગાય, ઘોડા, બળદ વગેરેને માટે પાણી વગેરેના આરંભનો ભય નહિ. જ્યાં પૂજાની વાત ત્યાં આરંભ લાગે–તે ઢોંગી છે. એકેન્દ્રિયના આરંભનો ડર

લાગ્યો તો ખરેખર 'સાધુમહાત્મા.' પણ એ ડર અહીં જ કે ત્યાં પણ ખરો? ઘેર બેઠો હોય, દીવો સળગાવે, તો ધ્રૂજે ખરો? તારા ઘરમાં તારા માટે કરાએલામાં 'અરે' શબ્દ આવે છે? ના. પણ પૂજાના કામમાં 'અરે' શબ્દ આવે છે.

**પ્રશ્ન**—પૂજામાં એકેન્દ્રિયની હિંસા સાધુથી કેમ સહન થાય? કોઇને ત્યાં ગોચરી ગયા હોય, ચૂલો સળગતો હોય અને તે ઉપરથી લઇને વહોરાવવા તૈયાર થાય તો સાધુને 'અરે' શબ્દ આવે.

અલ્પ પાપ અને બહુ નિર્જરા. એનું ફળ શું? કાંઈ નહિ. જેઓને પૂજાભક્તિમાં થતી વિરાધાના કાળજું કંપાવે, પણ નાટક, બાયડી, છોકરામાં થતી હિંસામાં કાળજામાં એક કાણું પણ પડ્યું નથી. જો તેઓ ત્યાં ઊભા ઊભા ધ્રૂજતા હોય તો કહેવાય, કે બરોબર છે નહિ તો ઢોંગ કરે છે એમ જ કહેવાય. મારે પૂજા કરવી નથી એમ ન બોલવું તેથી પૂજા કરવા-વાળા ખોટા એમ બોલવું છે, પોતાનો દોષ છૂપાવી, બીજા ઉપર દોષ નાખવો તે ભયંકર; નિર્દોષ ઉપર દોષ નથી નંખાતો, તો પછી ગુણી ઉપર દોષ નાખવો તે કેટલો ભયંકર? કોટવાલને 'ચોર' ઠરાવાય છે. પોતાથી પૂજા બનતી નથી, કરવી નથી ને કરે તેને વગોવવા છે.

## શેઠના છોકરાનું દષ્ટાંત

એક શેઠીયાનો છોકરો મુસલમાન થયો. સામાન્ય વટળી જાય તે એક વાત, પણ શેઠીઓ વટલે તે ઠીક નથી. બધા એકઠા થયા, પછી તેને ચાર મળવા ગયા. ત્યારે છોકરે વિચાર્યું, મારે ઉત્તર દેવો નથી, શરમાવું નથી. એમ વિચારી હાથમાં પ્યાલો દારૂનો લીધો.

ચાર મળવા આવેલા શાણા હતા. વિચાર કર્યો કે આને કહેવું શું! તપાસ કરી–આટલું બધું કેમ! ખરી વાત. તપાસ કરતાં માલમ પડ્યું કે મૂળમાં સંસ્કાર ન હોય તે બકે તેમાં નવાઈ શી?

## દિગંબરોને પ્રશ્નો

તીર્થંકરોનાં પાંચે કલ્યાણકોને અંગે કે એક કલ્યાણકને અંગે આરાધના? કેવળીપણામાં સ્નાન હતું? ભગવાનને કેમ નવડાવે છે? કેવળી રથમાં બેસતા હતા કે ભગવાનને રથમાં બેસાડો છો? હિંદુમુસલમાનનું વેર હોય-હિંદુ આમનું કરે, મુસલમાન આમ કરે. તેમ શ્વેતાંબરોએ રાખ્યું માટે આમ ન કરવું જોઈએ એમ દિગંબરોએ રાખ્યું.

## દ્રવ્યપૂજાનો અધિકારી ગૃહસ્થ

મૂળ વાત પર આવો–દ્રવ્ય–પૂજાનો અધિકારી ગૃહસ્થ, દેશવિરતિવાળો હોય. તેને અંગે અવશ્ય કરવા લાયક છે, નિર્જરાનું કારણ છે. અને સંસાર ઓછો કરનાર છે. જો તે ન કરે તો મહાભિનિવેશી. એ જ પૂજાને અંગે સાધુને પ્રતિમાજીને અડકવાનો હક નહિ.

## સ્થાપનાજીમાં ફોટો

આજ કાલ ડાહ્યા થયા છે, તેથી ફોટા સ્થાપનાજીમાં રાખે છે. કોઈ કહે છે: દહેરાસર ન હોય તો ત્યાં ચૈત્યવંદન થાય. તેવું કહેવાવાળાએ સમજવું જોઈએ કે–દહેરાસર ન હોય ત્યાં ફોટાથી ચૈત્યવંદન થાય તો પછી સામાયિક, પ્રતિક્રમણમાં ચૈત્યવંદન થાય છે તે તો નિષ્ફળ ને?

સાધુ પ્રતિમાને અડે તો પ્રાયશ્ચિત્ત અને શ્રાવક પૂજા ન કરે તો પ્રાયશ્ચિત્ત. બોલવાના તમારા ઢંગધડા છે કે નહિ? વૈદ્યે કહ્યું: ગરમીના દરદવાળાએ સૂંઠ, મરીને અડવું નહિ. વાયુવાળાને

સૂંઠ, ગારીના ઉકાળા. કારણકે જેવો દરદી તેવી દવા. આરંભ, પરિગ્રહના ત્યાગ માટે આરંભીને વધારે દોરવાની જરૂર છે. સાધુ સર્વ સાવદ્યથી વિરમેલા છે. સંયમની અપેક્ષાએ તીર્થંકરના પગ આગળ આવી રહેલા છે. અધિકારીને અંગે વિધિ, ને નિષેધ રાખવામાં આવેલા છે. તેમ અર્થ અને કામનાં અધિકારીને અંગે વિધિ ને નિષેધ રાખો. તેમ ચાર પુરૂષાર્થમાં વિભાગ કરી લો. કેટલીક બાબત વાતમાં સુંદર હોય પણ પરિણામમાં ભયંકર હોય.

**વાણિયો ને મિયાં**

વાણિયો ઉઘરાણીએ જાય. કાંઈ પત્યું નહિ ત્યારે અકળાયો. મિયાં કહેઃ શેઠજી કેમ અધીરા થઈ ગયા છો? કેમ અધીરા ન થાય? મિયાં કહેઃ જલદી દઈશ. સરકારે સરવે (survey) કરી છે ને સડક બાંધવાના છે ત્યાં બાવળ વાવીશ. સડકે કપાસનાં ગાડાં જશે, તેનું રૂ બાવળે લાગશે. તે વખતે બધાં છોકરાંને બેસાડી દઈશ ને તે રૂ વીણી લેશે. એટલે જલદી રકમ વસૂલ થઈ જશે. આમ શબ્દની સુંદરતા હોય છે, પણ પરિણામમાં મીંડું.

**અર્થ–કામ ઉપાદેય નથી**

અધિકારીને અંગે અર્થ, કામની હેયતા–ઉપાદેયતા રાખો. આ સવાલ દેખાવમાં સુંદર લાગે છે. જેને સંસાર ‘સોહાગી’ માનવો છે, બાયડી છોકરામાં મોજો માનવી છે તેને સંસાર નીરસ લાગે? તેવાને અર્થ–કામ કરવાં છે, પણ હેયપણું માનવું નથી. સાધુને તો અર્થ–કામ છોડવા લાયક જ છે.

પ્રશ્ન–આશ્રવની અંદર, અવ્રત–આશ્રવ ગણ્યો કે નહિ? પાંચ અવ્રત જીવમાત્રને અંગે કે ત્યાગીને અંગે આશ્રવ? ગૃહસ્થો અઢારે વાટે છૂટો હોય તો તેને મૈથુનનું, પરિગ્રહનું પાપ તો બંધાય છે, તો તેને આદરવા લાયક કેમ કરીને ગણાય?

## ધર્મોપદેશ એ શાસ્ત્રકારનું કર્તવ્ય છે

અર્થ-કામ, પુરૂષાર્થ કોઈની અપેક્ષાએ પણ આદરવા લાયક તો છે જ નહિ. આદરવા લાયક પુરૂષાર્થ કયો? અભ્યંતર સુખ જે 'મોક્ષ' તેને આદરવાને ધર્મ છે. તે ધર્મ આદરવા લાયક હોવાને લીધે ગણધરભગવાન્ કહે છે કે મહાવ્રત અપ્રાપ્ત છે. કારણકે ધર્મ અને મોક્ષ, આત્માની મહેનતે મળવાવાળી ચીજ છે તેથી અસિદ્ધ છે, સાધ્ય તરીકે છે, આથી ધર્મનો ઉપદેશ દેવો તે જ શાસ્ત્રકારનું કર્તવ્ય છે.

સો જણ બેઠેલામાંથી એકને જવાનું કહેવાય તો નવાણુંની બેસવાની સંમતિ થઇ જાય. હિંસા, જૂઠ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહમાંથી એકની વિરતિને 'ધર્મ' કહેવામાં આવે તો ચારની અનુમોદના થઈ જાય, તેથી પાંચ મહાવ્રતો કહેવાં જોઇએ કે જેથી એકેની પણ અનુમોદના શાસ્ત્રકારને વળગે નહિ. તેથી જેમ પાંચપણું સાબિત કરવાનું છે તેમ મહાવ્રતપણું પણ સાબિત કરવાનું છે.

પ્રશ્ન-એકડો, પછી સો આવે, તેમ નાના અણુવ્રતો તેથી તેમનું નિરૂપણ પ્રથમ જોઇએ અને મહાવ્રતો મોટાં તેથી નિરૂપણ પછી કરવું જોઈએ. એક શીખવ્યા પછી સોની વાત હોય. મહાવ્રતના નિરૂપણ પછી અણુવ્રતનું નિરૂપણ હોય નહિ, પણ શાસ્ત્રકારે તો પ્રથમ પાંચ મહાવ્રતની વાત કરી. આ વાતમાં પાપના પક્ષને પોષવાવાળાએ, એકની જગા પર અણુવ્રત મેલ્યો છે.

## અણુવ્રત તો ભાગતા ચોરની લંગોટી છે

લાખો લૂંટીને ચોર જાય તેમાંથી જે નીકળ્યું તે. પહેલાં લંગોટીને વળગજે, માલને પહેલાં ન વળગીશ. મોટું લેવાનું પછી, નાનું લેવાનું પહેલું. ખેસ પહેલાં તાણી લેજે. તે વાત કેમ કબૂલ

છે ને? પહેલાં લૂગડાં પકડીશ નહિ, ધોતિયું પહેલાં લેવું એ કહેશો ને? ના. એ કોઈ દિવસ ન બને, માલ જવા કેમ દેવાય? મહાવ્રત એ આત્માનો ગુણ. જેમ ખેસ ખેંચી લે ને પોટલું જવા દે તે 'મૂર્ખ' તેમ મહાવ્રત માટે પ્રયત્ન ન કરે ને અણુવ્રત માટે પ્રયત્ન કરે તે 'મૂર્ખ.'

## તીર્થંકર આદિની એક જ ભાવના

તીર્થંકરો, સાધુઓ, અણુવ્રતવાળાઓ અને સમ્યક્ત્વવાળાઓ એક ભાવનાવાળા જરૂર હોય. કઈ? "मा कार्षीत् कोऽपि पापानि" જગતનો કોઈ જીવ પાપ ન કરે એ ભાવના. મહાવ્રતનું સ્વરૂપ પહેલાં, પછી અણુવ્રતનું લેવાનું છે. જગતમાંથી સર્વ અન્યાય કાઢી નાખવા કાયદો બાંધનાર વિચાર કરે છે કે જગતમાં ગુના કરનારા ન થાઓ એવી ધારણા હોય પણ ગુના બંધ થવા મુશ્કેલ પડે છે. સમકિતીની, અણુવ્રતીની કે મહાવ્રતીની ધારણાથી કે યાવત્ તીર્થંકરના કથનથી સર્વે જીવો પાપ વગરના થયા નથી, થતા નથી અને થઈ જવાના પણ નથી. વગર ફરજના અન્યાયો સત્તાથી, સમશેરથી, કોર્ટોથી, શિક્ષાથી કે કેદખાનાથી ન ગયા; તો આ તો કુદરતની સામા ગુના બતાવે છે કે તળાવમાંથી પાણી લો કે ખોરાક ખાઓ તો પાપ. કુદરતની સામા કાયદા કરનાર—એ કાયદામાં બધા આવી જશે. કોઈ બહાર ન રહેશે. તો પછી કુદરતને ગુનેગાર ઠરાવનાર કચેરીના કાયદાનો બધે અમલ થશે તે સમજાવનાર કઈ દશાના હશે?

જેમ કાયદા કરનારે અન્યાયનો ચારે બાજુથી નાશ કેમ થાય તે તપાસવું જોઈએ, તેમ કુદરતને કોપે ચઢાવવા તૈયાર થયેલા મહાપુરૂષ અલ્પ પણ પાપને પેસવાની જગા રાખે, બોલે તો એમના કાયદામાં ધૂળ પડી. ગુના રોકી ન શકે, ઊલટી

પુષ્ટિ આપે તેવા કાયદા કરનારને કેવા કહેવા? અહીં પાપ-પ્રતિબંધનો કાયદો કરે છે, પાપ કરે તો શરમ. કાયદાથી વિરૂદ્ધ ચાલીને ચાહે તેટલો અન્યાય કરો, પણ કાયદામાં બારી ન હોવી જોઈએ. સર્વજ્ઞ જગતનાં પાપને દૂર કરવા માટે કાયદો-મહાવ્રત ઘડે, તેમાં કાયદાની પોલ ન રહે, તેમ પાપપ્રતિબંધકના કાયદામાં પોલ હોવી જોઈએ નહિ તેથી પંચ મહાવ્રત કહ્યાં.

**પાંચ-અઢારનાં હથિયાર**

ધર્મ એ પુરૂષાર્થ છે. તે કરવા માટે પાપનો પ્રતિબંધ કરવો જરૂરી છે. તેને અંગે કાયદો કરવો જરૂરી, પણ તે પાંચ કેમ? અઢાર કેમ નહિ? અઢાર જગો પર પાંચમાં કેમ પતાવ્યું? જો પાંચને માટે કાયદો કરે તો ૧૩ પ્રકારનાને માટે તો છૂટ આપીને ચલાવ્યું એમ કહો છો ને? મહાનુભાવ! ૧૩ અન્યાય નથી રાખ્યા. કારણ કે જ્યારે શત્રુ કબજામાં આવે ત્યારે હથિયાર પડાવી લેવાય. માણસનું તોફાન, શત્રુતા બંધ થવાનાં જ છે. જો એ સાથે ન બને તો પહેલાં હથિયાર તો લઈ લેવાં જ જોઈએ. હથિયાર મેલાવ્યાં તેમાં શું કર્યું? જીવતા જાગતા શત્રુનો હથિયાર મૂકયા પછી ડર નથી. હથિયારો ઉતરાવવા માટે શત્રુ કરતાં વધારે પ્રયત્ન કરવો પડે છે. **પાંચ પાપો અઢારે પાપ-સ્થાનકના હથિયારો છે.** માટે પાંચ મહાવ્રતો ગણાવ્યાં. જો તેમ ન હોત તો આશ્રવના ૪૨ ભેદોમાં, અવ્રતને ૧૮ ગણાવાત? પણ મહાવ્રતની જગો પર અઢાર જણાવ્યાં નથી, પાંચ, કથંચિત્ પંચપણું; અને મહાવ્રતપણું વિધેય છે.

# વ્યાખ્યાન ૪

## પુરુષાર્થનું સ્વરૂપ

**શા**સ્ત્રકાર ભવ્ય જીવોના ઉપકાર માટે **સ્થાનાંગસૂત્ર**ના પાંચમા સ્થાનના પહેલા ઉદ્દેશાની રચના કરતાં પાંચ મહાવ્રતો છે તે જણાવી ગયા છે. જગતમાં ચાર પુરુષાર્થ છે તો કયા પુરુષાર્થમાં યત્ન કરવો જોઇએ અને એનો ઉપદેશ દેવાની જરૂર શી? અર્થ અને કામ એ બેને મનુષ્યો પ્રયત્ન કરીને મેળવે છે તેથી એને 'પુરુષાર્થ' કહેવામાં આવેલા છે. વસ્તુતઃ મોક્ષ સિવાય પુરૂષાર્થ નથી. ધર્મ એ પુરૂષાર્થ નથી. વિવેકીઓએ પ્રાપ્ત કર્યા પછી જે છોડવાનું હોય નહિ, તેને 'પુરૂષાર્થ' કહે છે. અર્થ ગ્રહણ કર્યા છતાં મોક્ષને માટે–કલ્યાણને માટે, સર્વથા પરિગ્રહને છોડવાનો છે.

## પત્થર ઉપર કોર્યાં ધૂળથી ન ભુસાય

શાસ્ત્રકારના ઉપદેશથી કેટલાક છોડે, પણ શાસ્ત્રકારના ઉપદેશમાં ન આવે તો? સજ્જનતા રાખે તો બોલવામાં વિચાર કરવો પડે, કારણ સજ્જન મનુષ્ય ધારીને જ બોલે, પણ નાનાં છોકરાં, બૈરી આળસમાં બોલે છે ત્યારે એ ખ્યાલ-વાળાં હોતાં નથી. આળસમાં, હાંસીમાં કે નિદ્રામાં જે શબ્દો સજ્જનથી બોલાઈ ગયા હોય, તે કોઈ દિવસ પલટે જ નહિ. સ્લેટ(slate)માં છોકરાઓ લખે છે, હાથ ફેરવે એટલે ભુસાઈ જાય. પત્થર ઉપર કોતરેલા અક્ષર ન તો હાથથી ભુસાય, ન રબર(rubber)થી કે પાણીથી ભુસાય. પત્થર ઉપર ટાંકણા વડે ખોદેલા અક્ષરો ધૂળ ઘસેડે તો ચોખ્ખા થાય. બીજા અક્ષરો ભુસવાનું જે સાધન તે જ અહીં આગળ ઊલટા સ્પષ્ટ થવાનું સાધન છે.

## અભિમાન એટલે ભુસવાનો ધંધો

ખોદેલા અક્ષરો ચક્રવર્તીઓને પણ જવાબ દે છે. ચક્રવર્તીઓ જગતને તૃણ સમાન દેખે છે અને તેથી હું અદ્વિતીય છું એવું ઘમંડ આવી જાય છે. અર્થાત્ માતા હાથી જેવી સ્થિતિ ચક્રવર્તીની થયેલી હોય, પણ ચક્રવર્તીના નામોની ભરેલી શિલા દેખે ત્યારે પોતાનું નામ એકાદ નામ ભુસીને લખવું પડે છે. ચક્રવર્તીને અભિમાન સફળ કરવાને કોઈનું ભુસવું પડે. તો પારકું ભુસવામાં અભિમાનવાળાને સ્થાન મેળવવાનું. અભિમાને ચઢેલાને ભુસ્યા સિવાય ચઢાતું નથી. **અભિમાન એટલે ભુસવાનો ધંધો, કૂતરાને ભસવાનો ધંધો.** જ્યારે ચક્રવર્તી ભુસે ત્યારે નામ લખી શકે.

## પત્થર કોર્યા સજ્જનના બોલ

પત્થરમાં કોતરેલા અક્ષરો એ હાથથી ભુસાતા નથી, ધૂળ ખસેડયા ખસેડાતા નથી. તેવી રીતે સજ્જનોથી ચાહે તો ઊંઘમાં, હાંસીમાં, આળસ મરોડતાં જે અક્ષરો બોલાયા હોય તે અક્ષરો પત્થરોમાં કોતરેલા ટાંકણાના અક્ષરોની પેઠે નિશ્ચલ રહેવા જોઈએ. એ અક્ષરો કોઇ દિવસ પલટે નહિ. બીબાની માફક ઊંધા નાખે તો છતા, અને છતા હોય તો ઊંધા એમ દુર્જનો ન કરવાનું કરે. **દુર્જનો બીબાના બાપ.** રબર-સ્ટેમ્પ (rubber-stamp) વગેરે દેખીએ છીએ. જે કરવાનું કહે તેમાં નામનિશાન ન હોય, ન કરવાનું કહે તે થયેલું હોય. આ વિચાર કોને કરવો પડે ? જેને સજ્જનતા સંઘરવી હોય તેને. જેને સજ્જનતા સંઘરવી નથી તેને મોઢામાં જે આવ્યું તે બોલી દેવું. 'સમય વર્તે સાવધાન' બોલ્યાનો બંધ નહિ.

## લૉર્ડ કર્ઝન અને મોગલોની સરખામણી

લૉર્ડ કર્ઝનને કહ્યું કે આવી રીતે બ્રિટિશ સરકારે ઢંઢેરો પીટાવ્યો ત્યારે આવાં વચનો આપેલાં હતાં. ત્યારે કહ્યું–તે વખતે ઢંઢેરો પીટવાની જરૂર હતી. મોગલો, ખીલજીઓ એવા ન હતા. બોલ્યાને બોલવાવાળા ન હતા પણ ઘાતકી, ક્રૂર તો હતા. આ (બોલવાપણું) સજ્જનોને પાલવે નહિ. સજ્જનોને જે અક્ષરો બોલવામાં આવેલા હોય તે પલટવા ન જોઈએ. સાધુમહારાજના ઉપદેશને સાંભળીએ, જાણીએ, વર્તવાને પ્રયત્ન કરીએ ત્યારે સબ્બાઓ પરિગ્ગહાઓ વેરમણં ને? અમારે તો **ગ્રહણ કર્યા છતાં છોડવું પડે નહિ તે 'પુરુષાર્થ'**

## અર્થ-કામને છોડવામાં પુરૂષાર્થ

સાધુનાં વચનને સાંભળીએ નહિ તો પછી છોડવાનું શાનું? જો પાપના ડરે ન છોડે, ધર્મની ઇચ્છાએ ન છોડે, તો સેતાનનો સપાટો લાગશે તો છોડવું જ પડશે ને? ગયે ભવથી શું લઈને આવ્યો છે? ગયે ભવ ખોળીઉં તો કર્યું હશે ને? ખોળીઉં તો ધન કરતાં વહાલું હતું ને? શું તેને લાવ્યો છે? સાધુના ઉપદેશથી ન છોડે, પણ સેતાનના સપાટાથી છોડવું પડશે. અર્થ અને કામ છોડવામાં આવે તો ઠીક, નહિ તો સેતાનના સપાટાથી અર્થ ને કામ છોડવાં પડશે. ગ્રહણ કર્યા છોડવું ન પડે એટલું લક્ષણ નથી, પણ વિવેકી મનુષ્ય હોય તો અર્થ–કામને છોડવા લાયક ગણે તો એનું પુરુષાર્થ રહે.

## પ્રશ્ન—મોક્ષ જ પુરુષાર્થ કેમ?

અર્થ અને કામને માત્ર લોકો પ્રવૃત્તે તેથી 'પુરુષાર્થ' કહેવામાં આવ્યા, પણ ધર્મને કેમ કાઢી નાંખ્યો? એકલા

મોક્ષને જ 'પુરૂષાર્થ' કેમ કહ્યો?

**ધર્મ પણ પુરુષાર્થ નહિ**

મોક્ષ જ પુરૂષાર્થ રાખ્યો પણ ધર્મ નહિ. કારણકે દાન, શીલ, તપ, ભાવ, પાંચ મહાવ્રતો, ચારિત્ર એ પણ સિદ્ધ થવાની વખતે છોડવાનાં હોય. ચારિત્રલબ્ધિ, ચાહે તો યથાખ્યાત ચારિત્ર છતાં સાદિ શાંત. ઔપશમિક આદિ ભાવો બધા ઊડી જાય. યથાખ્યાત ચારિત્ર સિદ્ધોને હોય જ નહિ. ૧૧-૧૨-૧૩-૧૪મે ગુણસ્થાને યથાખ્યાત ચારિત્ર રહે; ભવસ્થ સુધી રહે. **ચારિત્ર એ તો સાધુનો ઘોડો.** ઘરના બારણામાં પેસતાં કોઈ ઘોડાને રાખતું નથી; એથી ઘોડો નકામો નથી. ઘોડાના પ્રતાપે પહોંચ્યા છીએ. ચારિત્ર એ મોક્ષે પહોંચાડવાનો ઘોડો હતો. મોક્ષ આગળ પહોંચ્યા ત્યારે એ ચારિત્ર છોડવું પડે, તો ચારિત્ર જેવી ચીજ એ પણ મોક્ષ પામતી વખત છોડવાની. પણ શાસ્ત્રકાર કહે છેઃ પોતપોતાની મર્યાદા આવે ત્યાં ક્ષાયોપશમિક ભાવો છોડવાના. ધર્મને છોડવાનો-ધર્મસંન્યાસ. **હરિભદ્રસૂરિ** કહે છેઃ [1]ધર્મસંન્યાસ હોવાને લીધે, ક્ષાયોપશમિક ભાવ છોડવાના છે.

**બે સાધ્ય અને બે સાધન**

**પ્રશ્ન**—ધર્મ ચીજ શાને માટે છે?

દુનિયામાં જો કોઈ સાધ્ય હોય તો તે સુખ જ છે. સુખ બે પ્રકારનાં: (૧) આત્મીય (૨) પૌદ્ગલિક. આત્મીય-સુખની પ્રાપ્તિ એનું નામ 'મોક્ષ'. પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિ એનું નામ 'કામ'. મોક્ષપ્રાપ્તિનું સાધન એનું નામ 'ધર્મ.'

---

૧ द्विधाऽयं धर्मसंन्याससयोगसंन्याससंज्ञितः। क्षायोपशमिका धर्मा योगाः कायादिकर्म तु ॥ योगदृ० स० श्लो० ९ ॥

મોક્ષની પ્રાપ્તિ થાય ત્યારે સાધન ભિન જરૂરી. સ્ત્રીઓ ચૂલા સળગાવે છે, બીજેથી દેવતા લાવીને ફૂંકીને સળગાવે છે, તેને જ રસોઈ થઈ રહે ત્યારે પાણી નાંખીને ઓલવે છે. જો ઓલવવું છે તો સળગાવવું શાને માટે? કારણકે રસોઇ કરવી એ સાધ્ય છે. તે સાધ્ય સળગાવ્યા વિના સિદ્ધ થવાનું ન હતું. સાધ્ય સિદ્ધ થયું એટલે ઓલવી દેવું પડે.

આ ચારિત્ર સમસ્ત આશ્રવ રોકવાને માટે છે. મોક્ષ લેવાને અંગે મહેનત કરવાની જરૂર છે. સ્ટવ (stove) સળગાવતાં અકસ્માત્ થાય છે, છતાં સળગાવાય છે. એ પાછા કામ થઈ જાય એટલે ઓલવે છે. અગ્નિ સ્વતંત્ર સળગાવેલો નથી. અગ્નિ રસોઇના મુદ્દાએ સળગાવાયો છે. અગ્નિમાં લાભ છે એમ ધારીને સળગાવ્યો છે, રસોઈ કરવા માટે સળગાવેલો છે. રસોઈના સાધન તરીકે છે. તેમ અહીં **'ધર્મ' ધર્મ તરીકે લેવામાં આવેલો નથી.**

## નિશ્ચયથી ધર્મ ૧૪માના છેલ્લે સમયે

મોક્ષના સાધન તરીકે ધર્મ લેવામાં આવેલો છે, [૧]**હરિભદ્ર-**સૂરિએ કહ્યું છે કે જગતમાં ધર્મ એક જ સમય છે. આખા ભવચક્રમાં ધર્મ એક સમય. કયો એક સમય? ચૌદમા ગુણ-ઠાણાનો છેલ્લો સમય. મોટું શહેર હોય ને ઓળખાણ ન હોય તો મોટું શહેર છતાં જંગલ. નાનું ગામ હોય પણ ત્યાં સત્કાર, સન્માન થાય તો શહેર. મોક્ષરૂપ કાર્ય કરે તે 'ધર્મ.'

---

૧ "सो उभयक्खयहेऊ सेलेसीचरमसमयभावी जो० ॥ " ("धर्म-संग्रहणी गा० २६ ) " तस्यैव-शैलेश्यवस्थाचरमसमयभाविनो धर्मस्य साक्षात् पारम्पर्येण वा साधकः " (टी०) ।

મોક્ષને કયો સમય સાધી આપે છે? ચૌદમા ગુણઠાણાનો છેલ્લો સમય. તે સિવાય મોક્ષને સાધી આપનાર કોઇ નથી.

**દેવલોક એટલે મોક્ષ ઘરાણે**

સમ્યક્ત્વવાળો જ્યારે આત્માની શુદ્ધ સ્થિતિએ વિચારે તો સર્વાર્થસિદ્ધપણું આત્માને પ્રતિબંધક છે. મનુષ્યપણામાં આઠ નવ વર્ષે કામ કરે તે તેત્રીસ સાગરોપમે પણ કામ થતાં નથી. આઠ નવ વર્ષે ધૂળમાં આળોટવાવાળો ગણાય. એ દશામાં જે કામ કરે તે સર્વાર્થસિદ્ધના દેવતાઓ તેત્રીસ સાગરોપમે કરી શકતા નથી. **દેવલોક એટલે મોક્ષને ઘરાણે મેલનાર.** ઘરેણે મેલનાર બજારનો ભાવ લઈ શકે નહિ. તેવી રીતે સર્વાર્થસિદ્ધપણું મોક્ષને ઘરાણે મેલવાનું, તેથી તેનું (મોક્ષ ઘરાણે મેલવાપણાનું) નિવારણ થવું જોઇએ.

**ધર્મ કારણોનાં કારણનું કારણ છે**

સંપૂર્ણ સંસારનું નિવારણ તે 'ધર્મ.' ચૌદમા ગુણઠાણાના છેલ્લા સમય સિવાય સંસારનું નિવારણ નથી. મોક્ષને બનાવનાર તરીકે છેલ્લો સમય છે. કારણનું કારણ હોય તેને કથંચિત્ 'કારણ' ગણવામાં આવે. સીધું કારણ તે તો કારણ છે. લક્ષ્મીનું ખરું કારણ લાભ. લાભનું કારણ માલનું વેચવું. એનું કારણ માલનું લેવું. સોંઘા ભાવે માલ લઇએ તે વખતે 'કમાયા' એમ કેમ બોલો છો? પૂર્વ પૂર્વ કારણોને અર્થાત્ કારણોનાં કારણોને પણ કારણ તરીકે માનવું તે સજ્જનતાની બહાર નથી. ધર્મને કારણ તરીકે જણાવ્યો. નિશ્ચયધર્મ ચૌદમા ગુણઠાણાના છેડે છે અને વ્યવહારધર્મ ચોથા ગુણઠાણાની શરૂઆતથી છે.

**મુનિપણું એ જ સમ્યક્ત્વ**

ક્ષાયિક સમકિતવાળા અવિરતિ હોય તો તેને શાસ્ત્રકારો

મિથ્યાત્વી ગણાવે છે; કારણ કે કારક સમ્યકત્વ નથી. [1]આચારાંગમાં જણાવ્યું છે કે મુનિપણું તે જ સમકિત.

પ્રશ્ન–તે વખતે શ્રેણિક રાજાને કયાં લેવો ? કારક સમ્યકત્વની અપેક્ષાએ કે રોચકની અપેક્ષાએ ? સમાધાન—શ્રેણિક રાજાને રોચકની અપેક્ષાએ સમ્યકત્વવાળા ગણવા. અપ્રમત્તપણે મોક્ષની ક્રિયા થાય તે 'કારક'. સાતમાની હદ તે 'કારક'.

## ચોથા ગુણસ્થાનવાળાને ધર્મી કેમ ગણાય ?

પ્રશ્ન—વ્યવહારથી ચોથાની શરૂઆતે ધર્મ કેમ કહેવાય ?

**ચોથું ગુણઠાણું એ વાંઝણીને ઘેર વિવાહનો માંડવો.** એ ફજેતી કે બીજું કાંઈ ? તેવી રીતે દેશવિરતિ હોય તો એટલું પાપ છોડવાવાળો થયો. વાંઝણીને ત્યાં વિવાહનો માંડવો માંડેલો ન હોય, વિચારમાં જ હોય. ચોથા ગુણઠાણે ક્ષાયિક સમ્યકત્વ પામેલો હોય તે વાંઝણીને ત્યાં વિવાહનો માંડવો છે. એક પણ વ્રત લેવાતું નથી, તો પછી શા માટે 'ધર્મી' ગણવો ? મોહ સરકારના શસ્ત્રો સરકાવી નાખવા માત્રથી 'ધર્મી' ગણવો તે વ્યાજબી છે ? પાંચમા, છઠ્ઠા ગુણઠાણાવાળાએ મોહની જાળ કાપી છે. આ તો ચોથે રહેલો તે માછીની જાળમાં તરફડતો બિલાડો છે. તેને 'ધર્મી' કેમ ગણવો ?

## ચોથું ગુણસ્થાન એટલે વિચારનું પરાવર્તન

સંક્રાંતિનો આદિ–કાળ તે વિચારનું પરાવર્તન. દેશી હિલચાલો ચાલવા પહેલાં, ત્રીસ ત્રીસ વર્ષો સુધી કોંગ્રેસ (congress) ભરાઈ. લાખો દર વરસે ખરચાયા. પૂછવામાં

---

१. जं संमंति पासहा तं मोणंति पासहा; ज मोणंति पासहा तं संमंति पासहा ।

આવ્યું—આનું ફળ શું કાઢયું ? નકામાં થૂંક ઊડાડો છો, તમારાથી બનતું નથી; તમે બોલો છો તેમ બમણા બંધાવ છો. ચોરની ચોકડીની જેટલી ચતુરાઈ હોય તેટલા કોટવાળને વધારે કિલ્લા બાંધવા પડે. તમે જે બોલો તેમાં આડખીલી નાખવાને સરકારને ઊલટા વધારે બંધો કરવા પડે. ઉત્તરમાં કહેવામાં આવ્યું કે–દુનિયા–લોકોને સમજી શકતી નથી, તેથી રાણીનું રૂડું રાજ કહેતા હતા. ધંધાને દેશમાંથી કાઢી નાખનાર, રાજ્યને રૂડું રાજ્ય કહેતા હતા. તે કોંગ્રેસવાદીઓને ગમતું ન હતું–તે વિચારનું પરાવર્તન. વિચારના પરાવર્તન પછી વર્તનના પરાવર્તનને વાર ન લાગે. **ચોથું ગુણઠાણું એટલે વિચારનું પરાવર્તન.**

## નિર્ગ્રંથ પ્રવચન એ જ અર્થ અને એ જ પરમાર્થ છે

અનાદિથી રખડતાં પ્રેમને ચાહી રહ્યો હતો. આરંભપરિગ્રહને 'તારક' ગણી રહ્યો હતો. ત્યાં વિચાર થયો કે અનંત આત્માની જ્ઞાનશક્તિ, તેનું કાસળ કાઢનાર આ છે. જે વિષયો, કષાય, આરંભને સાધ્ય તરીકે ગણતો હતો, હૈયાના હાર તરીકે ગણતો હતો તેની જગાએ પલટો ખાઈ ગયો. **अयमट्ठे परमट्ठे सेसे अणट्ठे**– નિર્ગ્રંથ પ્રવચન એ જ અર્થ અને પરમાર્થ છે. તે સિવાયની કોઈ ચીજ હોય તો તે ભયંકર.

## જેમ કોંગ્રેસે ભાન કરાવ્યું તેમ સમ્યક્ત્વમાં

જે સલ્તનતને ટકાવવા માટે લડવા જતા હતા તે જ હિંદના લોકો સરકારનો પક્ષ લઈને ચીન, દક્ષિણ આફ્રિકા અને યુરોપમાં લડવા ગયા. તેવી રીતે આ જીવ અનાદિ કાળથી આ પુદ્ગલમાં રખડ્યો, પોષણ મેળવવા માટે, વૃદ્ધિ કરવા માટે, આરંભની [illegible] કરવા માટે [illegible] જન્મોના જન્મો ગાળવા-

વાળો થયો, પણ જ્યારે આંખ ઊઘડી એટલે ભિખારી કરનારી કોઈ સલ્તનત હોય તો આ સરકાર છે. એ કોંગ્રેસના વિચારમાં આવ્યું-એ કોંગ્રેસનું કહેવું છે, 'એમાં મારે લેવા દેવા નથી.' અમારો જુલમ ન દૂર થાય ત્યાં સુધી જુલમગારને એક્કે પાઇ આપીશું નહિ. દુનિયાને જાગ્રત કરી. તેવી રીતે આ આત્મા મોહનો તાબેદાર, મોહનો રક્ષક, મોહનો સરદાર થઇને અનાદિ કાળથી ફરી રહ્યો હતો, તેની આંખો ઊઘાડી એટલે તેને તે માલમ પડયું.

## કર્મરાજા રાક્ષસી સરકાર છે

બ્રિટિશે વચન આપ્યું છે કે કોઇ પણ રાજ્યને ખાલસા કરવામાં નહિ આવે, રાજકારભારમાં હસ્તક્ષેપ નહિ કરીએ. પણ કર્મરાજા એ તો રાક્ષસી સરકાર છે. આત્માના ગુણો પહેલાં જપ્ત કરે છે તેથી જો આત્મા પુદ્ગલનું સામ્રાજ્ય જપ્ત કરે તો ફાવે. આત્માનું કેવળજ્ઞાન, દર્શન, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક સમ્યક્ત્વ, અનંત વીર્ય તો જપ્ત જ છે. પરદેશી, જુલમી, કોંગ્રેસમેનો(congressmen)એ માનેલી તેવી સરકાર હાથ નાંખવાથી દૂર છે, પણ કર્મરાજાની સરકાર ઢંઢેરો પીટાવે છે કે 'બધા પોતાના રાજ્યોની લગામ અમારે ત્યાં મેલી જાઓ.' ઢંઢેરો પીટાવીને જે રાજ્યની લગામ લે છે તેને સારો કોણ કહે છે?

## પુદ્ગલાસક્તિવાળાએ લગામ કર્મને સોંપી છે

કારભારથી કંટાળેલો, મોજમાં મચેલો કહે છે કે આ ઠીક. પેન્શન (pension) આવ્યા કરશે, મોજ કરીશું. આવો રાજી થનાર કોણ હોય? 'મૂર્ખ.' આ આત્મા લગામ સોંપી દે તો અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય બધું સોંપી દેવાનું.

આપણને તો પેન્શન મળ્યું. જે પૌદ્ગલિક સુખ એ પેન્શનથી મળે. અનાદિથી અન્યને લગામ સોંપીને માત્ર પેન્શનમાં ખુશ હતા. આંખ ઊઘડે ત્યારે માલમ પડે કે એ કેવી મૂર્ખાઇ કરી છે! પેન્શનથી પેટ ભરૂં છું. તેમ સમ્યક્ત્વની સ્થિતિમાં આવે ત્યારે ખબર પડે છે કે આખી લગામ સોંપી દીધી છે.

**આત્મામાં અનંતી તાકાત છે**

અનંતા મોહને બે ઘડીમાં ચૂરા કરી નાખું તેટલી મારી તાકાત છે. ક્ષપકશ્રેણિ વખત આત્માની એટલી બધી તાકાત થઈ જાય છે કે અભવ્યનાં, મિથ્યાદૃષ્ટિનાં બધાનાં કર્મો કેવળી થનારના આત્મામાં નાખી દે, તો બે ઘડીમાં બાળીને ભસ્મ કરે. આખા જગતના-ચાહે તો સમકિતી કે મિથ્યાત્વી હો, આવી શક્તિનો ધણી, અનંતા મોહને કચડી નાખનારો, એ તાકાતવાળો મોહનો ગુલામ થઇને રહ્યો છે.

**સમ્યક્ત્વ એટલે અવિનાશી બીજ**

ચક્રવર્તીને ગુલામીનું ભાન થાય ત્યારે એના આત્મામાં શું થાય તેનો વિચાર કરો. જેવી રીતે ચક્રવર્તી છતાં ગુલામીમાં ગબડી રહેલો, તે ચક્રવર્તીની સ્થિતિ સમજી શકે તેમ ચોથે ગુણઠાણે આવવાવાળો જીવ વ્રતવાળો નથી. એની નસની અંદર એવું લોહી વહી રહ્યું હોય છે કે મારી પાસે ગુલામી કરાવે છે એ કોણ? એ મારા નોકરનો નોકર, એને લાવીને મેં ગોઠવ્યો છે. એવા જગતના બધા એકઠા થાય તો હું એકલો બસ છું. પણ તે 'મારી પાસે ગુલામી કરાવે છે.' એવી જેની સ્થિતિ થાય. આ વિચારનું પરિવર્તન ચોથે ગુણઠાણે જબરજસ્ત થયું જે થયેલું ન હતું તે થયું; એ અવિનાશી બીજ.

**પ્રશ્ન**—પહેલે ગુણઠાણે જાય ત્યારે? ડાંગરનો ઉપરનો

ભાગ ખવાઇ જાય, પણ એ રહ્યો મૂળ જાય નહિ. અંદરથી 'મિત્ર' ગણ્યો, છતાં એક વખત 'શત્રુ' ગણ્યો એટલે બસ. બીજ કોઈ કાળે ખસતું નથી.

## સન્નિપાત મટ્યા પછી વિદ્વાન તે વિદ્વાન ને મૂર્ખ તે મૂર્ખ

મૂળ વાત પર આવો-તેથી મોહને કહેવું પડે કે વધારેમાં વધારે અર્ધ પુદ્ગલપરાવર્તથી વધારે કબજામાં ન રાખી શકું. સમ્યક્ત્વ પામીને નિગોદમાં ગયેલો જીવ અને નિગોદનો જીવ એ બંને સરખા; જેમ જગતમાં સન્નિપાતમાં સરખા છતાં સન્નિપાત મટ્યા પછી વિદ્વાન તે વિદ્વાન ને મૂર્ખ તે મૂર્ખ. સન્નિપાતમાં ચીંથરાં ચૂંથવાવાળાને હવા લાગું પડયે, તાવ ઉતરે અને સન્નિપાત ચાલ્યો જાય ત્યારે વિદ્વાન તે વિદ્વાન અને મૂર્ખ તે મૂર્ખ. એકેન્દ્રિયપણાનો સન્નિપાત જીવને રહે ત્યાં સુધી બંને નિગોદીઆ સરખા. જ્યાં એકેન્દ્રિયપણું જાય અને અહીંથી સમ્યક્ત્વ પામીને ગયેલો હોય તેનું એકેન્દ્રિયપણું જાય, તેમાં ફરક છે.

## આશ્ચર્ય

જે અહીં આવેલો નથી, અનાદિથી ત્યાં રહેલો છે, એવો મોક્ષે જાય તો શાસ્ત્રકાર 'આશ્ચર્ય' કહે છે. આશ્ચર્યનો અર્થ સૂર્યનો ઉદય ૨૪ કલાકે. વર્ષનો પલટો ત્રણસો સાઠ દિવસે બને. ચોવીસીનો પલટો ઉત્સર્પિણી અવસર્પિણીએ બને. આ બધા પલટા અમુક વખતે પણ અનાદિની વનસ્પતિમાં રહેલો મોક્ષે જાય એ બનાવ તો અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી જાય ત્યારે બને. જેમ [illegible] ઉપર [illegible] હોય તો [illegible] આકાશમાં દરવા-

જામાં ગયા વિના મોક્ષની નીસરણી મળી ગઈ તે અનંતી ઉત્સર્પિણી, અવસર્પિણી જાય ત્યારે કોઇકને મળે, તેથી એને [1]હરિભદ્રસૂરિએ 'આશ્ચર્ય' કહ્યું.

## પ્રતિપાતી મોક્ષે ગયેલા વધારે છે

અનાદિની વનસ્પતિમાં રહેલો બહાર નીકળે છતાં સમ્યક્ત્વ પામીને મોક્ષ પામે, પણ સમ્યક્ત્વ પામીને ઊતરી ગયેલો હોય તે બહાર આવે તો ખુશીથી મોક્ષ પામે. અનંત કાળના પ્રતિપાતીઓ વધારે મોક્ષે જાય. અપ્રતિપાતી અર્થાત્ જેમનું સમ્યક્ત્વ ગયું નથી તેવા થોડા. જેને અનંત કાળે પાછું મળ્યું, જેને મેલેલું મળ્યું એવા જીવો ઘણા. નહિ પડેલા અનંત છે, તેના કરતાં પડેલા અસંખ્યાત ગુણા વધારે.

આઠમે ભવે મોક્ષે જાય. તે ભવ આરાધનાના એમ કેટલાક કહે છે. જૈન શાસનમાં એકાગ્રચિત્ત હોય તો ત્રીજે ભવે મોક્ષે જાય એમ [2]કલ્પસૂત્રમાં કહ્યું છે. જૈન શાસનમાં એકાગ્રચિત્ત. પૂજાપ્રભાવનામાં પરાયણ, 'સામર્થ્યયોગ' હોય તો એક જ ભવ બસ છે. કાર્ય કરવાવાળો પરિણામ શાસ્ત્રના વિષયમાં

---

१ "मरुदेविसामिणीए ण एवमेअंति सुव्वए जेणं। सा खु किल वंदणिज्जा अच्चंत थावरा सिद्धा॥ ९२४॥ सच्चमिणं अच्छेरगमूअं पुण भासिअं इमं सुत्ते। अन्नेऽवि एवमाई भणिया इह पुव्वसूरीहिं ॥९२५॥" (पंचवस्तु)

२ "एगग्गचित्ता जिणसासणम्मि, पभावणापूअपरायणा जे। तिसत्तवारं निसुणंति कप्पं, भवन्नवं ते लहुसा तरंति ॥४॥" (कल्प-समर्थन, पृ० ३.)

**નથી. સામર્થ્યયોગ બારે અંગ-ચૌદે પૂર્વોથી પર છે.**

## 'નમોત્થુણં'એ ભવિષ્યની આશાનો નમસ્કાર

'નમોત્થુ ણં'—ભવિષ્યની આશા. મને નમસ્કર મળ્યો નથી. ભવિષ્યમાં ઇચ્છું છું કે મને મળે. પ્રમાદી છું. પ્રમાદીને ઘેર પરમેશ્વરની પરિણુતિ હોય નહિ. નાનું બચ્ચું માને ત્રીજે માળે દેખે. એ ચઢી શકતું નથી, પણ હાથ કરે છે. જેમ દૂર રહેલો પુત્ર માને દેખીને રૂંવાડે રૂંવાડે ઊલ્લસે તેમ પ્રમત્ત દશામાં પડેલો ધાન્યનો ધનેડો ને પાણીનો પોરો પોતાની સ્થિતિને દેખે ત્યારે ઊલસે છે. અહીં અપ્રમત્ત દશાના નમસ્કારને દેખીને અકળાય છે. "एक्कोवि नमोक्कारो" (आव० गा०१६) એ સામર્થ્યયોગનો નમસ્કાર છે.

## સમ્યક્ત્વની તાકાત

હવે મૂળ વાતમાં આવો—સમ્યક્ત્વ પામેલો જીવ નિગોદનાં ઊતરી ગયો, દુનિયાના ઘોરમાં ઘોર પાપો એ જીવ કરી ગયો, તો પણ મોહરાજાની તાકાત નથી કે એને અર્ધ પુદ્ગલપરાવર્તથી વધારે રાખે. મણિભાઇ સમકિતી છે કે કેમ? અન્યોમાં તો દ્વારકા જજો, ત્યાં ડામ દઈ દેશે. 'જૈન શાસનમાં સ્વરૂપનું નિરૂપણ કરવાનો હક છે.'

**હરિભદ્રસૂરિ**ને વાદીએ કહ્યુંઃ સમકિતનો નિર્ણય ન કરી શકાય. તો બીજાને સાધર્મિક, વ્રતધારી તરીકે માનવો શી રીતે? આ ભાઈ સમકિતી, આ ભાઈ સાધર્મિક એમ શી રીતે માનવું? કહો કે ત્યારે બધી અંધાધુંધી આપણા આત્માનો નિર્ણય ન થાય તો પારકાના આત્માના સમકિતનો નિર્ણય ક્યાંથી કરવો? વગર સમકિતવાળાને 'સમકિતી' માન્યો એટલે ડૂબ્યા. આ તો ઊલટું ભકિત કરીને ડૂબવાનું છે! જેને

નાણા જેટલાં નળીઆં નથી, છતાં હુંડીએ ઠોકયો જાય તેનું શું થાય? પારકા આત્માનો નિર્ણય ન કરે ત્યાં છાપો ઠોકયા જ જાય તો શું થાય? તેમને કોઈનો વ્યવહાર-સંસર્ગ ન જોઈએ. જો સમ્યક્ત્વનો નિર્ણય ન થાય તો કોઈને સર્વવિરતિવાળા કે સર્વવિરતિ વગરના ન મનાય અને તેથી અમારે સાધર્મિકભક્તિની જંજાળ ન જોઈએ.

**સમ્યક્ત્વની વાત ઊડાડતાં મોક્ષ ઊડી જાય**

હરિભદ્રસૂરિ કહે છેઃ સમકિતનો નિર્ણય થાય નહિ. સમ્યક્ત્વના નિર્ણય વિના સમકિત થાય નહિ. સમકિત થતાં દેવ, ગુરૂ, ધર્મને માનવા જોઇશે. સમકિતનો નિર્ણય થાય નહિ ત્યાં સુધી દેવ, ગુરૂ, ધર્મને માને નહિ. દેવ, ગુરૂ, ધર્મને માને નહિ ત્યાં સુધી સમકિતી થાય નહિ. જેમ કોઠીમાં સંતાવા ગયેલા ચોરને બૂમ મારવી પડી કે મા મા મને કોઠીમાંથી બહાર કાઢ. તેમ સમકિતની વાત ઊડાવવા ગયો હતો તેમાં તો ઊલટી મોક્ષની વાત ઊડી ગઈ.

**સમ્યક્ત્વીનાં લિંગો**

સમ્યગ્દર્શનવાળી વ્યક્તિના ચિહ્નો જોઈ લેવાં, સમ્યક્ત્વનાં લક્ષણ નહિ. સમ્યગ્દૃષ્ટિનાં લક્ષણઃ—

"सुस्सूस धम्मराओ गुरुदेवाणं जहासमाहीए ।
वेयावच्च णियमो सम्मद्दिट्ठिस्स लिंगाइं ॥"
(पंचाशक गा० ९९).

૧ ધર્મને સાંભળવાની ઈચ્છા, ૨ ધર્મનો રાગ, ૩ ગુરુદેવની શક્તિ પ્રમાણે વેયાવચ્ચ-સેવા કરવાનો નિયમ હોય તે 'સમકિતી.' સમ્યગ્દૃષ્ટિનાં આ ચિહ્ન છે. લિંગદ્વારાએ જ માનવાનું રાખ્યું. પોતાના આત્માને સમકિત થવાનો નિર્ણય મુશ્કેલ તો પછી બીજા આત્માનો નિર્ણય થવો કેટલો મુશ્કેલ.

ઢુંઢીયાઓમાં દેખીએ છીએ કે દલાલોના સમકિત, ચોથમલજીનું સમકિત, છોગમલજીનું સમકિત. એટલે જિનેશ્વરમહારાજના દલાલનું સમકિત. આપણું ગળું સુકાઈ જાય, છતાં તત્ત્વ તો જિનેશ્વરનું છે. પેલા પારકી મિલકતના માલિક થાય છે. પોતાનું સમકિત શીખ્યા છે, અને છાપ આપે છે. પણ અહીં તો જે ત્રણ વસ્તુ કહી તેમાં પરોવાયેલો જે હોય, પછી ભલે તેના આત્મામાં ગમે તે હોય પણ તેને 'સમકિતી' માનીએ છીએ. **હરિભદ્રસૂરિ** છાપ મારવાનું રાખતા નથી.

## ધર્મની શરૂઆત

મૂળ વાત પર આવો–ચોથે ગુણઠાણે આવેલો જીવ પડી જાય, તત્કાળ ન ચઢે તેવો પડે, અસંખ્યાતી વખતે ચઢે તેમ પડે; તો પણ અર્ધ પુદ્ગલપરાવર્તમાં મોહને મારવાનો તે એનો અવિનાશી પ્રભાવ. તે પ્રભાવ નિગોદમાં પણ ચાલ્યો જતો નથી. શાને લીધે? સમકિત પામ્યો તેને લીધે. ચોથે આવે અવિનાશી. ત્યાંથી ધર્મ વ્યવહાર તરીકે શરૂ કરીએ છીએ. ઉપચારવાળો ધર્મ લઈએ તો જ્યારથી મોહની સીત્તેર કોડાકોડની સ્થિતિમાંથી ૬૯ કોડાકોડીનો ક્ષય કરી ન્યૂન કોડાકોડીની સ્થિતિવાળો અપુનર્બંધક થયો એટલે ધર્મ આવ્યો. નિશ્ચયથી ધર્મ ચૌદમાને છેડે રાખ્યો.

## મોક્ષ સિવાયનું છોડવાનું છે

ત્યાગ ન કરવો પડે, છોડવો ન પડે, કોઈ કાળે પણ છોડવો ન પડે, છૂટે નહિ એવું જો કોઈ હોય તો તે 'મોક્ષ જ' છે. મોક્ષ સિવાયની ધર્મરૂપે ગણેલી સ્થિતિ બધી છોડવાની. તે સિવાયની બધી સ્થિતિ છછાના છક્કામાં છવાયેલી છે. અર્થ ને કામની સ્થિતિ છક્કામાં છવાયેલી એટલે છોડવાની. તેવી રીતે

ધર્મની સ્થિતિ છછાના છક્કામાંથી બહાર નીકળેલી નથી. ઘોડે ચઢયા પહેલાં પગે ચાલવું-ઘણે છેટેનું-ઘોડા ઉપરથી ઉતર્યા પછી પગે ચાલવું તે કૃતકૃત્યનું ચાલવું. પહોંચ્યા પછી ઘોડાને છોડવાનો હોય. તે પહેલાં નહિ, તેમ ક્ષાયોપશમિકથી ક્ષાયિકની સિદ્ધિ કર્યા વિના ક્ષાયોપશમિકને છોડીએ તો ગોથાં ખાઇએ.

જે લીધું તે કોઈ કાળે પણ છોડવાનું ન હોય તેનું નામ 'પુરુષાર્થ'. એ છતાં જ્યારે કહો કે પરમ સાધ્યને સાધનાર, છેવટે ધર્મને લાધી શકે. એ ધર્મને સાધનારો છે. એની જ પ્રવૃત્તિ અને અનુમોદના હોય. અર્થ અને કામનો ઉપદેશ ન દે, તેથી ક્ષાયોપશમિકનો ઉપદેશ કરતાં પાંચ મહાવ્રતો કહ્યાં.

**પ્રશ્ન**—મહાવ્રતનું નિરૂપણ કેમ? એકડા વિના સોની વાત કરો છો?

સમાધાન—આત્માનો સ્વભાવ સર્વવિરતિ. સર્વવિરતિ જાણ્યા પછી દેશવિરતિ જાણવાની હોય. કેમ? લગીર પલટામાં લો. સર્વવિરતિ એટલે સર્વથા પાપનો ત્યાગ. ઉપદેશકે સર્વ પાપ છોડવાનો ઉપદેશ દેવો કે થોડું પાપ છોડવાનું ઉપદેશીને બેસી રહેવું? અપવાદ કાયદો કર્યા પછી હોય. કાયદા કરતાં અગ્ર પદ અપવાદને હોતું નથી, તો પછી દેશવિરતિ એ સર્વવિરતિનો અપવાદ છે. જો સર્વવિરતિ ન બને તો દેશવિરતિ, તેથી અપવાદ છે. તે અપવાદ છે તો કાયદા પછી અપવાદનું કથન હોય, તેમ સર્વ પાપથી નિવર્તાવાનું જણાવ્યા પછી ન નિવર્તી શકે તો થોડાં પાપથી નિવર્તાવાનું કહે છે. માટે પહેલાં મહાવ્રતોનું નિરૂપણ કરે છે.

# વ્યાખ્યાન ૫

## શ્રદ્ધા પલટાતાં નુકસાન

સૂત્રકાર મહારાજા ભગવાન **સુધર્માસ્વામી** શાસનની પ્રવૃત્તિને માટે ભવ્ય જીવોને સંસારસમુદ્રમાંથી પાર કરવાને દ્વાદશાંગીની રચના કરતા થકા પ્રથમ અંગમાં સાધુઓના આચાર જણાવ્યા. આચારોની પ્રવૃત્તિ, શુદ્ધિ, વૃદ્ધિ કરવા છતાં, પરમ કાષ્ઠાએ આચાર કરવા છતાં જો શ્રદ્ધામાં પલટો થઇ જાય તો સોમાં એકડો જ ચાલ્યો જાય. એટલે જે મોક્ષમાર્ગ તરફ આચાર પાલન કરી, ટકાવી, વધારીને, પરાકાષ્ઠા કરીને જે મુસાફરીનું પ્રસ્થાન કરવા માંડેલું તે અટકી જ પડે એટલું જ નહિ, પણ જેમ મોટાં સ્ટેશનોએ એંજીનો ફેરવવા માટે રાઉન્ડ (round) હોય છે, ને તેથી એંજીન પલટી જાય છે તેમ આચારને વધારવા, સ્થિર કરવાવાળો હોય તો પણ શ્રદ્ધાનો પલટો થઈ જાય તો મોક્ષની મુસાફરી મોક્ષ તરફ ન રહેતાં પલટાઈ જાય. શૂરો સરદાર સમગ્ર દેશને, રાજકુટુંબને અંગે આધારભૂત હોય પણ તે નિમકહલાલ રહે તો. પણ નિમકહરામ થઈ જાય તો તેના જેવું ભયંકર નુકશાન કોઈ કરી શકે નહિ. તેવી રીતે આચારનો અમલ વગેરે કરનારો મનુષ્ય જો શ્રદ્ધામાં ડગમગે તો તે મોક્ષને અંગે એટલું બધું નુકસાન કરે કે જે નુકસાન સામાન્ય મનુષ્ય પણ ન કરી શકે.

## આચારાંગથી આચાર અને સૂયગડાંગથી શ્રદ્ધા

**આચારાંગ**નો ઉપદેશ દીધા પછી આચારમાં પ્રવર્તેલો અંત સુધી એક સાધ્યને પહોંચનારો હોવો જોઈએ. તેને અંગે **સૂયગડાંગજીની** અંદર એ વાત કરી, ચાહે તો સૂક્ષ્મતત્ત્વાદી,

યુક્તિવાદી, અનુમાનવાદી કે કોઈ પણ વાદી આવે તો આચાર-વાળા આગળ ટકી શકે નહિ. એટલો મજબૂત તેને (આચારવાળાને) કરવો જોઈએ. વળી ભોળવીને આત્માને અવળે રસ્તે લઈ જાય તેમ ન થવું જોઈએ. તેથી **સૂયગડાંગ** સ્થાપન કરીને શ્રદ્ધાની મજબૂતી કરી. ચાહે તેવો વાદી ફેરવવા માગે, તો પણ ફેરવી શકે નહિ. શૂરો સરદાર સમજણ અને શૌર્યમાં હોશિયાર હોય તો જીત મેળવવાની બાકી રહેતી નથી. **આચારાંગદ્વારા** એ આચારમાં ને **સૂયગડાંગદ્વારા** એ શ્રદ્ધામાં મજબૂત થયો. શહેર કિલ્લો, દરિયાઈ લશ્કર ને ચારે બાજુએ સુરંગો પાથરી હોય તો નિર્ભય.

**ઠાણાંગ એટલે પદાર્થની ઇયત્તા**

શ્રદ્ધામાં વધેલો શૂરો સરદાર નિર્ભય ક્યારે રહે? જ્યારે વર્ગીકરણમાં હોશીયાર થયેલો હોય. એક વસ્તુને એક એક રૂપ, ભિન્ન ભિન્નપણે ધ્યાનમાં લીધેલી હોય ત્યારે બીજાના આચારો–વર્તનથી મૂંઝાય નહિ. તેથી **ઠાણાંગજી** દરેક પદાર્થની ઇયત્તા આણી દે છે.

છૂપી પોલીસને કાંઇ છૂપું રહેવું જોઇએ નહિ. શૂરા સરદારને ટેકરા આગળથી જવું પડશે એ ખ્યાલ બહાર ન હોવું જોઈએ. ખ્યાલ બહાર હોય તો **ઔરંગઝેબ** એંસી હજારનું લશ્કર લઇને આવ્યો, પણ અરવલીમાં કેવી રીતે જવાશે તેનો ખ્યાલ રહ્યો નહિ તેથી **રાજસિંહના** બે હજાર લશ્કરે એંસી હજારને પાણી પાયું. ડુંગરા ઉપરથી પથરા પડે ત્યાં ચઢવું મુશ્કેલ, પણ જો તેઓ તાલંબાજ હોય તો તો વળી કેટલું મુશ્કેલ? ઓરંગઝેબને ઇયત્તાનો ખ્યાલ ન હોવાથી એંસી હજારના લશ્કરને ધૂળ ફાકવી પડી. માટે ખાડાની,

ટેકરાની, દરેકની માહિતી શૂરા સરદારે રાખવી જોઇએ, નહિ તો નિમકહરામ. શૌર્યવાળો સેનાધિપતિ પણ હારી જાય.

એવી રીતે અહીં આચારવાળો, આચારને વધારનારો થયો, મિથ્યાત્વીના હલ્લાને પાર ઉતારનારો થયો. શૂરો સરદાર નિમકહલાલ હોય, પણ ખાડાટેકરા ન જાણે તો સરાઈ જાય. તેમ અહીં આખા શાસ્ત્રની ઈયત્તાવાળો ન હોય તો કયે વખતે કયા ખાંચામાં જઈ પડે તેનો ભરોસો ન રહે.

**ઠાણાંગજી એટલે સમરાંગણની [1]સરવે (survey)**

સરદારને જે સમરાંગણમાં જવું હોય તેની તેને પૂરેપૂરી સરવે હાથમાં આવવી જોઇએ. તેમ **ઠાણાંગજી** એ શાસ્ત્રોની સરવે છે. કયી કયી વસ્તુ કયા કયા રૂપે ઊથલે તો કેવી કેવી સુધારી લેવાય, તે જણાવનાર **ઠાણાંગજી** છે. આથી સાધુ મહાત્માઓ પણ **ઠાણાંગજી** માટે આઠ વર્ષ પછી જ અધિકારી ગણાયા તે સહેજે સમજાશે. જેની પાસે લશ્કર નથી, શૂરાતન નથી તેને સમરાંગણની સરવે આપી શા કામની? જો તેવાને સરવે આપવામાં આવે તો આપનાર અને લેનાર બંનેની કફોડી દશા કરે.

**દેશવિરતિ એટલે શું?**

જેઓ જિનેશ્વરનાં વચનનો અમલ કરતાં બૈરી-છોકરાંને વહાલાં ગણી રહ્યાં છે. એના ભોગે જિનવચન લેવાને તૈયાર નથી. એક બાજુ જિનેશ્વરનાં વચનનો અમલ અને બીજી બાજુ દુનિયાદારીના વિષય-કષાયો. જે દેશવિરતિ તરીકે રહ્યો તે કઈ સ્થિતિમાં? જિનેશ્વરના વચનની કબૂલાત કરે છે, પણ પ્રસંગ આવે કે પહેલાં પેલું સંભાળે. 'મહાજન મારા માથા ઉપર પણ ખીલી મારી ખસે નહિ'. જિનેશ્વરનાં વચન આરંભ

---

૧ માપણી.

વિષય-કષાયની બુરી હાલત બતાવે તે માનવું-કબૂલવું ખરું, પણ આ તો છોડવું નથી. આ છોડયા સિવાય જે વાત કરવી હોય તે કરો.

નવ કુકડીની રમતમાંથી એક કુકડી ઉઠાવવાની નથી. મારી સોગઠી ચાલતી હશે તેમ ચાલશે. મારી સોગઠીને રોકટોક કરશો નહિ. જ્યાં સોગઠી રોકવી નથી, પાછી વાળવી નથી, તો પછી મરવાની તો વાત જ શું. સંસારચક્રને અંગે હાટહવેલી, મારી ચોપાટ બાજી છે તેને રાખીને કહો તે કબૂલ. તેમ દેશવિરતિવાળા મંજુર કરે છે, માને છે, પણ માને છે આવું: મારી સોગઠીને ચાલતી હોય તેમ ચાલવા દો. તેનો મુખ્ય વિષય આરંભ, વિષય, કષાય-એમાંથી બચે તો તમને મળે.

## સામાયિક વગેરે ફુરસદીઆં કામો છે

કેમ આજે પોસહ નથી કર્યો? સાહેબ! આજે વખત નથી, ફુરસદ નથી. આ શબ્દ ખરેખર તમારી નાભીનો. એ ઉપરથી આખું તત્ત્વ નીકળી આવ્યું. આ કામ તો ફુરસદીયું. જરૂરી નહિ.

કલેકટરોને દાવાનાં કામો મેજ ઉપર પડયાં છે, જ્યારે ડિસ્ટ્રિકટમાંથી; રાજકાજમાંથી ફુરસદ થાય અને જોવું હોય તો જુએ. કલેકટરનું મુખ્ય કામ વસુલાત. તેવી રીતે તમે પણ એ જ કહ્યું. જો કે તમે શબ્દ તો મીઠો વાપર્યો છે કે ફુરસદ નથી. આ તો મારૂં મેજ ઉપરનું કામ છે. સામાયિક, પૌષધ વગેરેને ફુરસદ હોય તો લેવાં, નહિ તો પડી રહે. કલેકટરને વસુલાતનાં કામો ફરજિયાત, ન્યાયનાં કામો ટેબલ ઉપર પડી રહેવાનાં. તેમ તમારે ઊંઘવાનાં, ગપ્પાં મારવાનાં કામો ફરજિયાત; સામાયિક વગેરેનાં કામો ટેબલ ઉપરનાં, ફુરસદીઆં એમ ગણે છે.

**લગ્ન ફુરસદે કરવાનો વિચાર રખાયો ?**

મા કે બાપ માંદા હોય તો શબ્દ નીકળે છે કે ફુરસદ નથી મળતી ? ના. કારણ ? જરૂરી છે. છોકરા-છોકરીનાં લગ્ન માંડો તે વખતે દુકાને દશ, પંદર દહાડા તાળું મારી દો છો, અને ફુરસદ મેળવી લો છો. પણ લગ્ન ફુરસદ મળે ત્યારે ચોમાસામાં કરીશું એમ કોઈ દિવસ ધાર્યું ?

ધર્મના કામો ફુરસદીઆં. અંતઃકરણમાં હતું તે જ બોલ્યા છો કે અમે તો આને ફુરસદીયું કામ ગણીએ છીએ. ફુરસદ મળે તો કરીએ. ફુરસદ મેળવવાની હોય તો ને ? ફુરસદ ન મળી એમ કરવાનો પ્રસંગ આવ્યે ત્યારે તો ફુરસદ નહોતી એ ચોકૃખો, ધોએલા મૂળા જેવો ઉત્તર છે જ.

**ગૃહસ્થ સરવેનો અધિકારી ન બને**

જેઓ આ ધર્મનાં કાર્યને ફુરસદીઆં કહે છે. જેને શાસન એ ઘર નથી લાગ્યું-રોડા ફુકામાં ઘર લાગ્યું છે, જેને હાડકાના માળા એ ઘર છે એ આના અધિકારી કેમ બને ? આચારના આવા હલ્લામાં જે મજબૂત રહેવાના નહિ તે સરવેના અધિકારી કેમ બને ? જેનાં ત્રણ ધ્યેય છેઃ—રોડાં (હાટહવેલી), પૈસા (ફુકા), હાડકાના માળા (માબાપ, ભાઇબહેન વગેરે).

**ત્રિવિધ૦ વોસિરેવાળો સરવેમાં આવે**

જેને રોડામાં રાચવું હોય, ફુકામાં ખૂંચાવું હોય, હાડકાનાં માળામાં રાચવું હોય તે આના અધિકારી થાય શાના ? રોડાં, ફુકા, હાડકાના માળાને ત્રિવિધ ત્રિવિધ વોસિરે વોસિરે કરે, તત્કાળ પૂરતા વોસરાવે નહિ. યાવજ્જીવને માટે. એટલું જ નહિ પણ ભવાંતરને માટે પણ એવી જેની સ્થિતિ હોય. અનાગત કાળના યાવજ્જીવ માટે પણ આ કાયાના બંધનમાં

ન રહું તો સારૂં. અશક્તિ સિવાય બીજું કારણ યાવજ્જીવમાં નથી.

## શૂરા સરદાર માટેની લાયકાત

પૂર્વ કાળમાં જે રોડાઓ રાખ્યાં તેને અંગે હૃદયમાં દાહ જેને હોય, કુકા રાખ્યા તેનો પશ્ચાત્તાપ હોય, હાડકાના માળા રાખ્યા તેનો હૃદયમાં સડો પેઠો હોય અને આ ત્રણે જેને વોસિરે હોય અને ભવિષ્યમાં આ બંધનકારક થાય નહિ; એવી જેની મજબૂતી હોય, તે શાસનમાં શૂરા સરદાર બની શકે. જેમ રાજ્યનો અધિકાર લેતાં પહેલાં વફાદારીની પ્રતિજ્ઞા લેવી પડે છે અને વફાદારીની પ્રતિજ્ઞા કર્યા પછી અધિકાર મળે છે તેમ જિનેશ્વરના શાસનમાં પણ સમજી લેવું.

પૂર્વે આરાધ્યું હોય તેને ઉદયે આવે ? હા. પૂર્વે આરાધ્યું હોય તેને જ ઉદયમાં આવે.

વૈદ્ય સારો પણ તે વૈદ્ય જેમ વહેલો આવે તેમ ચૂંક જાય. વૈદ્ય આવશે અને મટાડશે એ ભરોસે ચૂંક કોઈ સહન કરે છે ? એ ભરોસે કોઈ બેસી રહે છે ? વૈદ્યને બોલાવવા ગયા છે, વૈદ્ય હોશિયાર છે પણ ટાંટીયા ઘસાયા તેનું શું થાય ? પ્રયત્ન કરે તો ફળ મળે.

## ચાર ગતિ એ ચૂંક છે

ચારે ગતિ રખડાવનારી ચૂંક એ ચૂંકાવનારી નહિ ને ? વૈદ્યને આવતાં વાર લાગે તો ખાટલો ઉપાડીને લઈ જવો પડે, તેમ આ ચાર ગતિની પીડા જે આત્માને ચમકાવી રહી હોય અને જેને દુઃખ થયું હોય તે વૈદ્યના ભરોસે બેસી રહેતો નથી. (જોકે વૈદ્ય આવવાનો છે, મટાડી દેશે.) વૈદ્ય પોતાના ઘેર બેઠો છે, આપણે અહીં બેસી રહીએ તો વાઢ (ચૂંક) ન મટે, વૈદ્ય ને ત્યાં જવું પડે છે અને ઔષધ લેવું પડે છે. ભવ્ય થયા તો મોક્ષે

જવાના છીએ, રોડાં વગેરે વોસિરે કરવાનાં છે તો વોસરાવતાં વાર કેમ થાય?

## વિપત્તિ જાણવા છતાં છોડતો નથી

વિકટ વિપત્તિઓ વેઠીને છોડવાની છે, તો પછી વિકટ વિપત્તિ દે એની પહેલાં ચેતી જાય તો શું ખોટું? છોકરાં કે કૂતરાં શેરીમાં માર પડશે એવું દેખે તો પાછાં વળી જાય. પણ આ તો આટલી વિપત્તિએ પાછો ફરતો નથી. માને છે, સમજે છે, રોડાં કુકા વગેરેને લીધે જ વિપત્તિ છે, છતાં છોડવા તૈયાર નથી.

## દારૂડિયાનું દૃષ્ટાંત

દારૂના ચડસમાં ચઢેલો ઘરેણું ખોઈ આવે, કૂતરાં મોઢામાં મૂતરે, એ છતાં બધું કાન નીચે કાઢી નાખે. જેમ દારૂડિયો થતી વિપત્તિને ધ્યાનમાં ન લે, તેમ આ રોડાં વગેરેને લઈને કેવી સ્થિતિમાં છીએ તે જાણ્યા છતાં ઊંઘમાંથી ઊઠવાવાળો આળસ મરડે તેમ આળસ પણ મરડતો નથી; પછી એના ભરોસે કેમ રહેવાય?

## ભાડૂતી ને માલિકીનું ઘર

ચાલુ વાત પર આવો–દેશવિરતિવાળો સાચી માન્યતાવાળો છે, છતાં વર્તન એવું છે કે કેટલાક એને ઢોંગનું સ્વરૂપ આપે. કહેવાવાળા મળે છે કે સાત લાખ કહીને मिच्छा मि दुक्कडं કહી આવ્યા, પણ તેમાં વળ્યું શું? પાછો ધંધો ચલાવ્યો. એનો અર્થ જ 'ઢોંગ'. કહેવું કંઈ, માનવું કંઈ અને વર્તનમાં મૂકવું કંઈ. વિચારમાં અઢાર પાપસ્થાનકો છોડવાં અને વર્તનમાં દેખીએ તો પહેલાં નંબરમાં અઢારે પાપસ્થાનકો મેલવામાં આવતાં હોય તો શું કહેવું? કહો ચોથા પાંચમા ગુણઠાણાવાળા જિનેશ્વરના શાસનને ઘર તરીકે રાખતા નથી, ભાડૂતી તરીકે

રાખે છે. પહેલાં ઘરનું સંભળાય પછી ભાડૂતનું.

## ફોટો અને ફોનોગ્રાફ

વહેલાં ઊઠીએ, ઝાડે જવું છે, શરીર ચોળાવવું છે, મળવા જવાનું છે, પછી ગપ્પાંસપ્પાં અને તે પછી ફુરસદ મળી હોય, અને **ભોળાભાઈ** જેવા મળ્યા હોય ને કહે ચાલશો? હા ચાલો ત્યારે. એનો તે વખતનો ફોટો ઊતારી લઈએ અને શબ્દો ફોનોગ્રાફ (Phonograph)માં ઊતારી લઈએ અને બીજી બાજુ ધંધારોજગારને અંગે માલવાળો આવ્યો છે તે વખતે ચાલો કહે તે વખતનો ફોટો અને ફોનોગ્રાફ ઊતારી લો તો ખાતરી થાય કે આત્માના કામના ઉદ્ધારમાં કેટલા વસ્યા છો? અને રોડાં, કુકા અને હાડકાના માળામાં કેટલા વસ્યા છો? તેનો ખ્યાલ આવે. પહેલાં સાચવવાનાં ઘરનાં છોકરાં અને પછી ઉપાધ્યાય. **'ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો!'**

## રોડાં, કુકા, ને હાડકાના માળાવાળા સૈનિક ન થાય

જેને રોડાંનું કર્તવ્ય, કુકાનું કર્તવ્ય, હાડકાના માળાનું કર્તવ્ય ઉત્સર્ગ એવું ભાસ્યું છે તેને શાસનના સૈન્યમાં દાખલ થવાનું નથીઃ તો પછી સેનાધિપતિની પદવી તો દૂર રહી. શાસનની સલ્તનતને અંગે ચોથા પાંચમા ગુણઠાણાવાળો તમાશગીર છે. રોડાં, કુકાવાળા-શાસનની લાઈનદોરીમાં નથી. તે તો આવે તો અભડાય. લગીર વિચારો ને? નવમા દશમા તીર્થંકરની વચ્ચે શાસનનું સત્યાનાશ વળી ગયું. શાથી? રોડાં, કુકાવાળા, લાઈનમાં ઘૂસી ગયા તેથી શાસન વિચ્છેદ થઈ ગયું. અસંયતિપૂજાને લીધે, રોડાવાળા, કુકાવાળા ઘૂસી ગયા. તેને પરિણામે શાસનનો વિચ્છેદ થયો. જેને શાસનની લાઈનદોરીમાં આવવું

હોય તેને પૂછે કે આ ત્રણ વસ્તુ છોડવી છે? જેમ દારૂ માંસ છોડીશ નહિ અને હિંદુ બને તે નહિ બને. જેણે રોડાં કુકા, હાડકાનાં માળા ત્રણે છોડયાં હશે તે જ આચારમાં આગળ વધે.

**ભંડારની ચાવીની પ્રાપ્તિ**

લશ્કરીપણામાં નામ નોંધાવે તેથી હથિયારના ભંડારની ચાવી ન મળે. ત્રણને વોસરાવ્યા તેથી લાઇનદોરી હાથમાં ન આવે. લશ્કરી તાલીમ વર્ષો સુધી લે ત્યારે હથિયારના ભંડારની ચાવી મળે, આરંભ, વિષય વગેરેને સકલ સમુદાય સમક્ષ બનેલાની માફી જાહેર કરે. તીર્થંકરોની-દેવતાની-સાધુની-સંઘની સમક્ષ-પોતાના અંતકરણથી માફી જાહેર કરે, એ કરાર કરે કે હવે આ નહિ કરૂં. કર્યું તેની માફી. ભવિષ્યમાં કરીશ નહિ એનો એ કરાર, ભૂતકાળમાં કર્યું તેની માફી અને વર્તમાનમાં સાવચેત રહીશ. આ ત્રણે સભાની સમક્ષ-તીર્થંકર-દેવોની સમક્ષ કરે ત્યારે આ લાઇનદોરીમાં પેસે, એ દાખલ થયેલો જ્યારે તાલીમ લે, તાલીમ લેતાં વધે ત્યારે ભંડારની ચાવી લેવાનો વખત આવે. રોડાં, કુકા, હાડકાના માળાને વોસરાવે, વોસરાવ્યા પ્રમાણે વર્તે અને તેમ વર્તતાં આઠ વર્ષ વહી જાય ત્યારે આ વખત મળે. જો કે ભંડારમાં ચોર, લુટારૂં ઘૂસે ખરા, પણ તે અધિકારી નથી. તે તો ઘૂસેલા છે.

સર્વ સાવદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કર્યો હોય તે ખરો શૂરો સરદાર, પણ અધિકારી કોને ગણાય? જે સર્વ સાવદ્યના ત્યાગ-વાળો હોય, જેને મારી ખીલી, સોગઠી જ નથી. તેને જ અધિકાર હોય.

**વહુ સાસરાના ઘરને પોતાનું ઘર ગણે**

વહુ આવે છે, પિયરે પોસાઈ, પિયરમાં મોટી થઈ છે

પણ જ્યાં સુધી સાસરાના ઘરને મારૂં ઘર ન ગણે, ત્યાં સુધી ઘરમાં કર્તાહર્તા થઈ શકે નહિ. જ્યાં જન્મી, પોષાઈ છે ત્યાં પડખું ન વાળે, અહીં તુંડી તુંડી સંભારે, મારા ઘરનું કેમ છે? એ પહેલાં જોવું પડે. દેરાણી, જેઠાણીનાં કામો હોય તે વખતે ભાઈનાં, માનાં કામો રખડતાં મૂકવાં પડે છે. આ ઘર મારા તરીકે લાગે. રોડાં, કુકામાં, હાડકાના માળામાં રહ્યા. જેમ વહુ સાસરે ન આવી હોય, પોતાને પિયેર હોય તે વખતે સાસરામાંથી જે કાંઈ થાય તેની બદબો ફેલાવે, કારણ હજુ સુધી મારા ઘરપણું એના મનમાં વસ્યું નથી. તેમ અહીં ધર્મ કર્યો, બે પૈસા મળ્યા નહિ, કાંઈ રોગ ગયો નહિ, સંતાન થયું નહિ તે કયી સ્થિતિ સૂચવે છે તે વિચારો. જ્યાં સુધી સાસરીઆનું ઘર 'ઘર' તરીકે ન લાગ્યું હોય ત્યાં સુધી સાસરીઆના ઘરની ઓછાશ લાગે, પણ માલિક થઈ બેસે છે તે વખતે મારો બાપ આમ કેમ નથી કરતો? તેમ કેમ નથી કરતો? સાસુ બને છે, વહુ તરીકે ભોદણાં કાઢતી હતી તે અત્યારે સાસુ તરીકે થઈ ત્યારે બચાવ કરે છે.

એવી રીતે આ જીવ આ શાસનની લાઈનદોરીમાં ન આવ્યો હોય ત્યાં સુધી આમ કેમ? ભગવાને કેમ આમ કર્યું હતું? ભગવાને મારી સગવડ કેમ ન સાચવી એ જોવાય છે. જ્યારે એ જીવ શાસનની લાઈનદોરીમાં આવે ત્યારે માલમ પડે કે આ બધા આના ઉપર શું ધારી રહ્યા છે? જો તમારા કુટુંબકબીલાનું ધ્યાન રાખવાનું હોત તો, તીર્થંકર ઉઠત શું કરવા? શું તેઓ આ વિનાના હતા? છ ખંડની ઋદ્ધિ વરેલ હતું. એવી પણ કુલીન વહુ જે વખતે સાસરામાં આવે તે વખતે સાસરાની સ્થિતિને સમજી લે. તીર્થંકરો સંસારમાંથી આવ્યા,

પણ વસ્તુસ્થિતિ સમજ્યાઃ આમાં કાંઈ નથી. નાની વહુ સમજે છે કે સાસરીઆની મિલકત કામની છે. આ બધું ફસાવનાર, આ તારનાર એ ન સમજી લે તો આને ઘેર આવ્યા શું ?

## સમજણુ આવે ત્યારે તિજોરીની ચાવી અપાય

જેણે ત્રિવિધ, ત્રિવિધ વીસર્યું હોય, છતાં આચારમાં વધારો કર્યો ન હોય, તેવાઓને આ વર્ગીકરણુ ઈયિત્તા દેખાડનાર ન દે. છોકરાને મોટો કર્યો, પણુ તિજોરીની ચાવી સમજણુમાં આવે ત્યારે જ દેવાય છે. છોકરો થયો તેથી દઈ દેતા નથી. જ્યારે છોકરાં વારસદાર, હકદાર છે એને ચાવી આપવાની છે, પણુ સમજણુને જેવા માગો છો, પરિપકવ બુદ્ધિ જોવા માગો છો, તિજોરીની ચાવી હકદારને આપતાં વિચાર કરો તો પછી શાસનની ઈયિત્તા એકદમ કેમ અપાય ?

## ગીતાર્થ

બીજી બાજુ શાસ્ત્રકારે આખો ચાર્જ (Charge) સોંપી દીધો. આસિસ્ટંટ કલેકટર (Assistant Collector) કેટલી મુદ્દત સુધી કામ કરે ત્યારે ચાર્જ સોંપાય. અહીં ચાર્જ સોંપ્યો. ગીતાર્થ થયેલો મહાપુરુષ જે નિરૂપણુ કરે તેમાં વિકલ્પ વગર તહત્તિ કરવાની તાકાતવાળો-થયો હોય. જેને શાસનમાં ચઢાવવામાં આવે તેની કેટલી આકરી કિંમત હોવી જોઈએ. જ્યારે સ્થાનાંગમાં દાખલ થાય ત્યારે ગીતાર્થમાં દાખલ થાય. શાસનની દોરી એના ( ગીતાર્થના ) આધારે ચલાવાય. અહીં ક્રિયાને અંગે દાખલોઃ–સાપના દાંત ગણી આપ–તે વખતે દાંત ગણવા ન જાય તો વિરાધક. બુદ્ધિને અંગેઃ-જગત જાણે છેઃ કાગડો કાળો છે. પણુ ગીતાર્થ ધોળો કાગડો કહી દે તો એના વચનને ફૂટ ન કહેવું પણુ તહત્તિ કહેવું. આચારપ્રકલ્પથી વધારે ભણેલો

તે ગીતાર્થ.

**ઇયત્તા સુધી પદાર્થની પ્રરૂપણા**

ઠાણાંગ અને સમવાયાંગને ધારણ કરનારો તે શ્રુત સ્થવિર. વીસ વર્ષ દીક્ષામાં થાય તે પર્યાય-સ્થવિર, અને ૭૦ વર્ષની ઉંમરવાળો હોય તે વય-સ્થવિર કહેવાય. સ્થવિરને શાસનની દોરી મળે પણ રોડાં, કુકામાં, કુટુંબકબીલામાં રહેનારને શાની મળે? ત્રિવિધ, ત્રિવિધ સંસારના બંધનોને છોડનાર, ભવિષ્યમાં પણ સંસારનાં બંધનોથી સાવચેત રહીશ એવી કબૂલાત કરીને આઠ વર્ષ સુધી રહે ત્યારે ઠાણાંગને લાયક થાય. પ્રરૂપણાને અંગે આની અંદર ઇયત્તા સુધી પદાર્થોની પ્રરૂપણા છે.

**ઠાણાંગ દ્વારા ભૂલભૂલામણીનો ઉકેલ**

રાજાના ગુપ્ત ભંડારમાં માહિતી વગરનો ધૂસે તો અંદર ફસાઈ જાય. તેવી રીતે જે વસ્તુ એકરૂપે કહેવાની, તે જ વસ્તુ બીજે ઠાણે બે રૂપે, અને દશમા ઠાણે દશરૂપે કહેવાતાં ગૂંચવાઈ જાય. જેને ભૂલભૂલામણીનો પડદો ખોલેલો હોય તેને પડદો મૂંઝવનાર ન થાય. જેને સપ્તભંગી, પ્રમાણો ખ્યાલમાં આવેલા હોય તે ન મૂંઝાય. ઇયત્તા-પ્રમાણનો છેડો. એની ખુદ સંપૂર્ણ મર્યાદા-તે મર્યાદાનો છેડો શાસ્ત્રોમાં લાવે છે. અને આઠ વર્ષની મર્યાદા તે ઠાણાંગ.

**'पंचिंदिय'સૂત્ર વગેરેમાં પાંચ મહાવ્રતો**

પંચ મહાવ્રત **પંચિંદિયસૂત્રમાં, પક્ખીસૂત્રમાં** અને **આચારાંગમાં** એમ બધે આવે છે. કાઢી કાઢીને તો એ જ કાઢયું ને? જગત હજારો કોશ છે, પણ દેખનારા દેખનારાની દૃષ્ટિ હોય તેટલા પ્રમાણમાં દેખે છે. **પંચિંદયસૂત્રની** અંદર **पंचमहव्वयजुत्तो**-પાંચ મહાવ્રતને ધારણ કરનારા, **પક્ખીસૂત્રમાં**

પાંચ મહાવ્રતો છે, તેને આચારવાળા છે. કોશ છે જતાં અમુક જ રહેશે. કારણ? શોર્ટસાઈટ (shortsight) છે. પંચિંદિય-સૂત્રમાં, પક્ખીસૂત્રમાં આચારની દૃષ્ટિ હતી. શાસનની ઉપેક્ષા તરીકેની દૃષ્ટિ ન હતી. પદાર્થ એનો એ જ છે. વકીલ, સોલિસિટર, બારીસ્ટર થાય, કાયદાની કલમો એની એ. જેમ એ કલમમાં વકીલની દૃષ્ટિ જુદી હોય છે. બારીસ્ટરની દૃષ્ટિ જુદી હોય છે. તેમ પંચિંદિયમાં ગુરૂ તરીકેની દૃષ્ટિ હતી અને આચારાંગમાં આચાર તરીકેની દૃષ્ટિ હતી. તીર્થંકરોએ જ આ બંને નિરૂપણ કરેલાં છે પણ એમાં દૃષ્ટિ ફેર છે.

**હીરાનું દૃષ્ટાંત**

નાનાં બચ્ચાંએ હીરા, મોતીના દાગીના પહેરેલા છે. એ જ્યારે બજારમાં બેઠો ત્યારે એના એ હીરા છે. મોટો થયો ત્યારે એ મોતીને નહોતો જોતો? ના; તે વખતે શોભા, ઘરેણાં તરીકે જોતો હતો, એના ગુણો તરીકે કિંમત-તરીકે જોતો જ ન હતો.

તેવી રીતે પાંચ મહાવ્રત-પંચિંદિયસૂત્ર, આચારાંગ વગેરેમાં જે જણાવ્યાં તે ગુરૂનાં લક્ષણ આચાર તરીકે જણાવ્યાં છે. તેથી હવે વર્ગીકરણની અપેક્ષાએ પંચ મહાવ્રતો પ્રરૂપે તો જ તીર્થંકર મહાવ્રતોની વાત તીર્થંકરના ગળે વળગાડી-તીર્થંકરના લક્ષણમાં પેસાડી. પંચ મહાવ્રતોની પ્રરૂપણા ન કરે તો તીર્થંકરો નહિ. તીર્થંકર હોય તે પંચ મહાવ્રતોની પ્રરૂપણા કરે જ.

**તીર્થંકરોને ત્યાં મહાવ્રતો રજિસ્ટર**

પ્રશ્ન—'पण्णत्ता' શબ્દ શા માટે બોલવો પડયો? આજે પ્રરૂપેલાં હોય કે ન હોય પણ જગતમાં છે કે નહિ? પ્રરૂપણામાં તત્ત્વ શું? पंच महव्वया કહો, 'पण्णत्ता' શબ્દનું શું કામ?

સમાધાન—તીર્થંકરપણાની પરીક્ષાની કસોટી અહીં–પાંચ મહાવ્રતોમાં. પાંચને આચરવામાં કસોટી નહિ. સાધુ, ઉપાધ્યાય વગેરે આચરે. પંચ મહાવ્રતોની પ્રરૂપણામાં તીર્થંકરોની કિંમત.

પ્રશ્ન—પંચ મહાવ્રત આચરે તેમાં કિંમત નહિ, પ્રરૂપણામાં કિંમત ?

સમાધાન—ધ્યાન રાખજો. માર્કો (mark) રજિસ્ટર થાય છે. પણ તેની માલિકી કારખાનાના કારીગરોની નહિ. ડિઝાઈનો (designs) રજિસ્ટર થાય છે. કરનારની તે માલિકી નહિ. ગોઠવનારની માલિકી નહીં પણ કાઢનારની માલિકી. જે દવા, વસ્તુ રજિસ્ટર થાય તેમાં કાઢનારની માલિકી છે. કારણકે મીલમાલિક મીલ ઊભી કરી ચલાવનાર છે. તેમ સાધુ વડી દીક્ષા લે, પંચ મહાવ્રત આચરે પણ તે કારીગરો. ત્યારે કંપનીનો માલિક કોણ? પંચ મહાવ્રતોના માલિક કોણ? તીર્થંકર ભગવાન એ જ પંચ મહાવ્રત કંપનીના મેનેજર. પંચ મહાવ્રતની એ ડિઝાઈન એમને ત્યાં રજિસ્ટર.

**તીર્થંકર સિવાય બીજાને ત્રસાદિનું જ્ઞાન નથી**

તીર્થંકર સિવાય બીજાને ત્રસ જીવોનો પૂરો ખ્યાલ નથી તો તેને સ્થાવરનો ખ્યાલ ક્યાંથી લાવશે? જો તેનો ખ્યાલ નથી તો પછી એનાં દુઃખો, ઘાતો જાણે ક્યાંથી? વળી એનાં દુઃખને અંગે અનુકંપાવાળો થાય ક્યાંથી? તો પછી હિંસા છોડવી જોઈએ એવી ડિઝાઈન કાઢે ક્યાંથી? વેપારીને દુનિયામાં જેવી ડિઝાઈન જરૂરી છે તેવી ડિઝાઈન ખોળી કાઢવી પડે છે. ચૌદ રાજલોકમાં બધા જીવો જોઈ લેવા, જાણી લેવા, બધા કાળની સ્થિતિ ધ્યાનમાં લેવી. કયા ઉપાય ક્યાંથી બચાવ થાય? એ સ્થિતિ ક્યારે આવે? સર્વ પાપોની વિરતિનું

તે સ્થિતિ કયારે આવે?

**કરનારને કરવાની મહેનત હોય**

તૈયાર થયેલા ફોનોગ્રાફનો ઉપયોગ ઘેરેઘેર થાય, પણ એ ફોનોગ્રાફના ભૂંગળાને તૈયાર કરનારને કેટલી મુશ્કેલી પડી હશે તે તો તે કરનાર જાણે. રેડિયો (Radio)ની ઉત્પત્તિ કરનારને મગજનો કુચો કેમ કરવો પડયો હશે એ એની સ્થિતિ તપાસે ત્યારે જ માલમ પડે. પણ ઉપયોગ કરે તેને તે માલમ પડતું નથી.

**પંચિંદિયાદિમાં આચાર અંગે, અહીં ઉત્પત્તિ અંગે**

પંચિંદિયસૂત્ર, પક્ખીસૂત્ર, આચારાંગ અને **દશવૈકાલિક**વાળા આચારનો ઉપયોગ કરવાવાળા છે. ઉત્પત્તિને અંગે કહેવું પડયું કે–પંચ મહાવ્રતની કંપનીનો માલિક કોણ? તીર્થંકર ભગવાન. એના સિવાય બીજા જીવો મહાવ્રતોનું ઉત્થાન કરી શકે નહિ. પહેલાં તો જીવને જાણી શકે નહિ, જુએ નહિ. ત્રસ જીવને ન જુએ તે સ્થાવરને કયાંથી જુએ? સ્થાવરને ન જુએ તે સૂક્ષ્મ–બાદરને કયાંથી જુએ? જ્યારે જુએ નહિ, જાણે નહિ, તો તેને અંગે વાલીપણાની સ્થિતિ ધરાવી શકે નહિ. જેને જે વસ્તુના વાલી થવું હોય તેણે તે વસ્તુની સ્થિતિથી વાકેફગાર થવું જોઇએ. છજીવનિકાયના માલિક બનવું તે કોણ બને? જાણે તે બને. તીર્થંકર ભગવાન સિવાય કોઈ પણ છજીવનિકાયના સમુદાયનો માલિક બની શકતો નથી.

**શોધ કરનાર તરીકે રજિસ્ટર 'તીર્થંકર'**

કેવળીના કેવળજ્ઞાનમાં અને તીર્થંકરના કેવળજ્ઞાનમાં ફરક નથી. તો એ માલિક કેમ ન બને? નહિ. એકે જંગલમાં શોધ કરી, એકે રાજધાનીમાં શોધ કરી. જંગલમાં કરેલી શોધ સડી

જાય. રાજધાનીની શોધ રજિસ્ટર થાય. 'આ વાત કેવળીના અપમાનને માટે નથી.' જગતને તારવાને અંગે તીર્થંકરની શોધ રજિસ્ટર થઈ. કેવળી મહારાજની શોધ રખડી ગઈ, કારણ શાસન પ્રવર્તકપણું આવ્યું નહિ. તીર્થંકરોએ શાસન પ્રવર્તાવવા માટે ઝુકાવેલું હતું તેથી પ્રવર્તાવનારા થયા. સામાન્યકેવળીઓ જાણે છે, પણ રજિસ્ટર કરાવી શકયા નહિ. શોધક ખરા, પણ જંગલના. તેને માટે પન્નત્તા કહી દુનિયાને જાહેર કરનાર તરીકે કોઈ પણ હોય તો તે તીર્થંકર ભગવાનો છે.

'पंच' 'महव्वया' અને पण्णत्ता' કેમ ?

શંકા-ઉચિત્તાની જગ્યા પર પાંચ મહાવ્રતનો વિચાર કરવો પડે, પાંચ મહાવ્રતો કેમ? પાંચ ગણાવ્યા એટલે આપોઆપ આવી જવાનાં હતાં, છતાં 'પંચ' શબ્દ શા માટે કહેવો? સામાન્ય મહવ્વયા કહી દો. પંચપણું વિધેય શા માટે? 'वेरमणं' કહ્યું તો વિરતિ આવી ગઈ હતી, વ્રત આવી ગયાં હતાં. વ્રત આવી ગયું હતું તો 'મહવ્વયા' શબ્દ કહેવાની જરૂર ન હતી, કેમકે સંખ્યેય આવી જવાથી સંખ્યા આવી જાય છે. वेरमणं કહેવાથી पंच महव्वया કહેવાની જરૂર નથી. તેમજ पण्णत्ता કહેવાની જરૂર નથી. તો પછી 'पंच' 'महव्वया' અને 'पण्णत्ता' કેમ મેલ્યાં? એકે કહેવાની જરૂર ન હતી. તેમજ 'तंजहा' કહેવાની જરૂર ન હતી. આ નકામાં લખી નાખ્યાં.

સમાધાન-અહીં પંચપણું અને મહાવ્રતપણું પન્નત્તા કહી નક્કી કરવું છે. પંચપણું વગેરે વિધેય છે, પણ અનુવાદ તરીકે લેવાનાં નથી. પાંચેનું વિધેયપણું છે. પણ એકેને પેટાભેદ તરીકે કહેવામાં આવેલાં નથી, વૈશેષિકોએ 'ભાવા' એમ કહી એક મુખ્યભેદ અને છ-પેટાભેદ કરીને સાત ભેદ કહ્યા.

## જૈન દર્શનમાં તત્ત્વોનો વિભાગ

જૈન શાસનમાં કેટલાક પેટાભેદ અને કેટલાક મુખ્યભેદ જોકડા કરીને નવ તત્ત્વ કહ્યાં છે. સામાન્ય રીતે જીવ, અજીવ એ બે જ તત્ત્વ છે. હેય, ઉપાદેય, જ્ઞેય તરીકે ઉપદેશ દેવાનો હોય, અને ઇષ્ટપ્રાપ્તિ અને અનિષ્ટનો ત્યાગ થાય, તેથી આશ્રવાદિ તત્ત્વો વધાર્યાં. દૃષ્ટિ તો ધ્યેય નક્કી થાય તે જ છે. આશ્રવનું છોડવા લાયક રૂંવાડે રૂંવાડે થાય, અને સંવર તથા નિર્જરાનું સાધન તરીકે આદરવા લાયકપણું જણાવવા સાથે મોક્ષનું ઉપાદેય જણાવ્યું. એ બધા તેથી તે ભેદ કર્યા. તત્ત્વો મૂળ સંક્રમણ વગરના પદાર્થો છે. આગળ વધ્યા ત્યારે નવ તત્ત્વ. પુણ્ય, પાપ એ બે સંક્રમણીય છે. આશ્રવનું શુભપણું તે પુણ્ય, તેમજ શુભપુદ્ગલોનું વેદન તેનું નામ પુણ્ય. અને અશુભ પુદ્ગલોનું વેદન તે પાપ. પુણ્ય અને પાપ એ આશ્રવ તેમ બંધોદયમાં સંક્રમણીય છે, સ્વતંત્ર નથી. મૂળભેદોને જણાવવાનો પ્રસંગ આવ્યો ત્યાં સાધક બાધક એવા પુણ્ય, પાપને અસેડવાં પડયાં. પેટાભેદમાં પ્રરૂપણા તરીકે જણાવ્યાં. આવી રીતે સંક્રમણીય પદાર્થને કારણસર ભેદ તરીકે ગણવામાં આવે છે. ચાલુ અધિકારમાં 'सव्वाओ पाणाइवायाओ' એ વગેરે પાંચ કહેવાય. તે પાંચે સ્વયં પદાર્થો છે. સંક્રમણીય પેટાભેદો નથી. તેથી પંચનું વિધાન છે. જો તેમ છે તો બાવીસ તીર્થંકરોનું કયું વિધાન છે? 'વિરતિ' શબ્દ કેમ વાપર્યો? મહાવ્રત કહેવાં હતાં તો વિરમણ વખતે 'મહા' શબ્દ કેમ નહિ?

# વ્યાખ્યાન ૬

## આચારો અને વિચારોનું નિયમન નથી

સૂત્રકાર શ્રીસુધર્માસ્વામીજીએ ભવ્ય જીવોના ઉપકારને માટે સૂત્રની રચના કરતા થકા દ્વાદશાંગીની અંદર પહેલાં શ્રીઆચારાંગ અને શ્રીસૂયગડાંગથી સાધુઓના આચારો અને વિચારોને વ્યવસ્થિત કર્યા. તે વ્યવસ્થિત કર્યા છતાં, જે હિસાબ નિશાળમાં ભણાવવામાં આવે તે હિસાબે ભણનારાઓની આખી જીંદગી ચાલતી નથી. જે રીતિએ ભણ્યો હોય તે રીતિએ ચાલે તો જીંદગી ચાલે. તેમ જે રીતિથી આચાર બતાવ્યા તે રીતિથી પ્રવૃત્તિ કરે તો આગળ વધે. તે સિવાય બીજો પ્રસંગ આચરવાનો આવે નહિ તેમ કહી શકાય નહિ. વિચારો ન આવે એવું પણ કહી શકાય નહિ. જગતમાં જેટલાં વચનો છે તેટલાં જ મતાંતરો છે. આથી આચારો અને વિચારોનું નિયમન કરી શકાતું નથી.

## ઝાંપા સુધીની શિખામણ

એક વચન એક મનુષ્ય જુદા જુદા રૂપે લે અને જુદા જુદા રૂપે મત કાઢે. પજુસણમાં સાંભળીએ છીએ કે ઇન્દ્રભૂતિને શંકા થઈ હતી કે જીવ નથી. તેવી જ રીતે બીજાને પરલોક નથી તેની શંકા થઈ. ત્રીજાને ભૂત નથી એવી શંકા થઈ. વચન એક પણ મિથ્યાત્વ ત્રણ. જો વચન જેટલાં મિથ્યાત્વ હોત તો એક મિથ્યાત્વ થાત. વચનના જેટલા માર્ગો છે તેટલા હિસાબમાં લઈએ તો તેટલાં મિથ્યાત્વ છે. આચારનું વ્યવસ્થિતપણું એકલા શ્રીઆચારાંગસૂત્ર વાંચવાથી થઈ શકે નહિ,

તો પછી વિચારનું વ્યવસ્થિતપણું એકલા શ્રીસૂયગડાંગસૂત્રથી થઇ શકે જ નહિ. જગતમાં કયા કયા રૂપે કોણ કેવું મિથ્યાત્વ પ્રવર્તાવશે તેનો પત્તો નથી. “ શેઠની શિખામણ ઝાંપા સુધી.” પોતાને શાસ્ત્રાધારે સૂઝવું જોઇએ, તે ન સૂઝે અને કંઈ સૂઝે તે જ મિથ્યાત્વ. આચારાંગ અને સૂયગડાંગજી એટલે ઝાંપા સુધીની શિખામણ જેવાં, અર્થાત્ એટલા માત્રથી આચાર અને વિચારનું નિયમન કરે તો ઝાંપા સુધીની શિખામણ સમજવી.

**વર્ગીકરણ કરનાર શ્રીસ્થાનાંગજી**

જે પ્રસંગો આવ્યા તેનું નિરૂપણ આવે; પરંતુ જે આવ્યા ન હોય તેનું નિરૂપણ શી રીતે? ‘ઇયત્તા’ આટલા પ્રમાણમાં છે એ હાથમાં આવે; અર્થાત્ આચારને અને વિચારને અંગે ‘ઇયત્તા’ હાથમાં આવે તો આવનારી નવી આપત્તિઓમાં રક્ષણ કરી શકે. તેને માટે **સ્થાનાંગસૂત્ર** ગણધરમહારાજાએ ગૂંથ્યું. ઇયત્તા હાથમાં આવે, તેને જ માટે ‘વર્ગીકરણ’ કહીએ છીએ. લાઇબ્રેરિયન (librarian) વર્ગીકરણને જાણતો હોય તો કહે કે આ વાંચ્યું છે, તો તમે હવે આ પુસ્તક વાંચો પણ કુંચીઓ સંભાળનાર લાઇબ્રેરિયન તેમ કહી શકે નહિ. એ તો ફલાણા નંબરનું અહીં આપવું કે ફલાણા નંબરનું મૂકી દેવું એટલું જ જાણે. આથી જે વર્ગીકરણને જાણવાવાળા લાઇબ્રેરિયનો જવલ્લેજ મળશે. ન્યાયનો આટલો અભ્યાસ કર્યો છે, હવે આગળ વધવું છે તો હવે આ ગ્રંથપઠનમાં લો, એમ લાઇબ્રેરિયન કહી શકશે નહિ. આચારાંગ ને સૂયગડાંગ—આચાર ને વિચારની ચાવી સોંપે છે, ચાવી મળી એટલે પુસ્તક આવ્યું, પણ જ્ઞાન એના કબજામાં નથી આવતું. તેમ આચારાંગ અને સૂયગડાંગની રચના આચારની અને વિચારની કુંચીઓ આપે છે. ઠેઠ સુધીનું

જ્ઞાન **ઠાણુંગજીને** અંગે ઇયત્તા આવે ત્યારે આવી શકે. આવી રીતે ભેદો હોય તેના પેટાભેદો આવી રીતે કરવા. આ બધો વિચાર કોઈ પણ આપણને શીખવી શકે તો તે વર્ગીકરણ. તે વર્ગીકરણ કરનારી ચીજ **શ્રીઠાણુંગસૂત્ર** છે.

**વર્ગીકરણ માટે બે આગમ કેમ?**

જો **સમવાયાંગમાં** પણ વર્ગીકરણ છે, તો પછી **ઠાણુંગ** અને **સમવાયાંગ** બે શા માટે? એક કરી નાંખો. સમાધાન–ધ્યાન હશે કે ત્રીજી ચોથી ચોપડીમાં હિસાબ શીખવાય તેનું નામ ગણિત, અને પાંચમીમાં શીખવાય તેનું નામ પણ ગણિત છે. બંને ગણિત હોવા છતાં પ્રથમ જે ગણિત તે નાના પાયા પર છે. એમાંથી તૈયાર થયેલો વિદ્યાર્થી જ મોટા પાયારૂપ ગણિતમાં જાય. **ઠાણુંગજીમાં** અધૂરું વર્ગીકરણ છે, અર્થાત્ દસ સુધીનું છે એથી વધારે નહિ. જ્યારે **સમવાયાંગનું** વર્ગીકરણ અનંતા સુધીનું છે.

પ્રશ્ન—વર્ગીકરણની દૃષ્ટિએ **સમવાયાંગ** પ્રમાણમાં વધવું જોઇએ ને? કારણકે તેમાં પુદ્ગલપરાવર્તો, ઉત્સર્પિણી, અવસર્પિણી, આવલિકા વગેરે આખો ગણિતનો વિષય છે. બીજી ચોપડીમાં ચાળીસ સુધી ઘડીઆ. પછી આગળ આવે.

સમાધાન—**સમવાયાંગમાં** સ્વરૂપ બધું સંકોચ્યું. વસ્તુ જવા દીધી નહિ. એક સામાન્ય માણસના જીવનના બધા પ્રસંગો લઇએ તો જીવનચરિત્ર લાંબું થાય તો પછી રાજામહારાજા, તેમના પુત્રો વગેરેનું જીવનચરિત્ર કેટલું થાય? **વિક્ટોરિયાનું** જીવનચરિત્ર જુઓ તો કેટલા વોલ્યુમો. ઇતિહાસમાં જુઓ તો બે પાનાં છે. તેમ **સમવાયાંગમાં** સમજવાનું છે. આવી રીતે **સમવાયાંગ** વર્ગીકરણ છે. તેથી **ઠાણાંગ**, **સમવાયાંગને**

માટે એક જ ક્લાસ (class) રાખ્યો છે. સમવાયાંગ માટે પણ આઠ જ વર્ષનો પર્યાય કહ્યો છે. સ્થવિરો કહેવામાં આવ્યા ત્યાં ઠાણાંગ–સમવાયાંગ કહેવામાં આવ્યાં. ઠાણાંગમાં દશ સુધીનું વર્ગીકરણ, સમવાયાંગમાં વધારેનું વર્ગીકરણ.

## ભૂમિકા ને મહેલ ભેળાં ગણાય

ઠાણાંગનું વર્ગીકરણ એ સમવાયાંગના અનંત સુધીના વર્ગીકરણની ભૂમિકા. ભૂમિકા અને મહેલને ભેળા ગણે તેમાં આશ્ચર્ય નથી. વર્ગીકરણથી સ્થિર થઈ શકે. ગણધરમહારાજાઓએ ત્રીજા અંગની અંદર વર્ગીકરણ રાખ્યું.

પ્રશ્ન–પાંચમા ઠાણામાં કહો કે અધ્યયનમાં કહો–पंच महव्वया पण्णत्ता કહીને પાંચ મહાવ્રતમાં નવું શું કહ્યું? શું પાંચપણું, મહાવ્રતપણું, પન્નત્તા એ બધું નવાઈ કરે છે?

સમાધાન–પાંચપણું એટલે બાવીસ તીર્થંકરના વાસમાં ચારપણું હતું. મહાવીરમહારાજના શાસનમાં પાંચપણું એ નવું.

## હિંસાની વિરતિ એક જ વ્રત કેમ નહિ?

એક જ વ્રત હતું–હિંસાની વિરતિ. જો આત્માની હિંસા અને પરની હિંસાથી વિરમવાનું રહે તો મૃષાવાદ વગેરે એના વિષયની બહાર વ્રતો રહે નહિ. દ્રવ્યહિંસા, ભાવહિંસાથી વિરમે તો મૃષાવાદવિરમણ આદિ વ્રતો રહેતાં નથી, પેટાભેદો થઈ જાય છે. આ અહિંસાના સંરક્ષણને માટે સત્ય વગેરે વ્રતોનું જ્ઞાન છે. તે વાડનાં જેવાં છે. જો એક વ્રત રાખે તો બાકીનાં વ્રતોની કોઈ પણ જરૂર નથી તો વળી પાંચ કહીને શું નવાઈ કરી? એક જ મહાવ્રત રાખ્યું હોય તો અસાધારણ રહેત. એક હોય તો અદ્વિતીય. પાંચ કર્યાં તેથી અદ્વિતીયપણું ઊડી

ગયું. એક રાખ્યું હોય તો અદ્વિતીયપણું રહેત.

### રાગ અને દ્વેષ સ્વતંત્ર હિંસારૂપ નથી

એક જ મહાવ્રત-હિંસાની વિરતિ રાખવામાં આવે તો હિંસાની વ્યાખ્યા કઈ કરવી? પ્રમાદવાળા યોગોથી પ્રાણોનો જે નાશ તેનું નામ હિંસા. આ વ્યાખ્યા અદ્વિતીય. ને તે વ્યાખ્યા રાખો તો તે મહાવ્રતને લાગુ પડશે નહિ. પ્રમત્તયોગ તે જ હિંસા એમ કહો તો प्रमत्तयोगे प्राणव्यपरोपणं हिंसा એમ લેવું પડે પણ શાસ્ત્રકારોએ रागेण वा दोसेण वा એમ કહી પક્ખીસૂત્રમાં શરૂઆત કરી. ને હેતુ તરીકેના સ્થાનમાં મેલ્યા. એટલું જ નહિ પણ જોડે બીજામાં સપ્તમી રાખી તેથી પ્રથમા થઈ શકે તેમ હતું. પણ રાગદ્વેષમાં તો એકકે જગ્યા પર સપ્તમી ન રાખી. રાગદ્વેષમાં તૃતીયા કરી નાખી. જયાં પ્રથમા કરવાની હતી ત્યાંએ ભાવમાં તૃતીયા કરી નાખી. રાગ અને દ્વેષ એ હિંસાનાં કરણો, નહિ કે હિંસારૂપ કાર્ય. રાગ અને દ્વેષ એ હિસારૂપ નહિ. પણ હિંસાનાં કરણો. મૃષાવાદમાં, અદત્તાદાન વગેરેમાં પણ रागेण वा दोसेण वा કરણો છે. માટે રાગદ્વેષને એકલી હિંસારૂપ કે મૃષાવાદ આદિરૂપ કહી શકો નહિ.

'प्रमत्तयोगात' प्राणव्यपरोपणं हिंसा। ( तत्त्वा अ० ७, सू० ८) એમ કહી પ્રયોગમાં પંચમી તત્ત્વાર્થકારે કરી.

### સ્વદયા એટલે શું?

શાસ્ત્રકારોએ સ્વદયા પોકારી છે તેનું શું થશે? પોતાના આત્મા સંબંધી દયા તે સ્વદયા.

સ્વદયા મહાવ્રતનો વિષય છે એમ શાસ્ત્રકાર કહેતા નથી. જો તેમ માનવા જઈએ તો સ્વદયાનું ખંડન એ મહાવ્રતનું

ખંડન. અને મિથ્યાદૃષ્ટિ મહાવ્રતના વિરાધક રહે. મિથ્યાદૃષ્ટિ અભવ્યની સ્થિતિ સામાન્ય વિરાધના કરનારાની જેવી હોવી જોઈએ. જેણે સાધુપણાની વિરાધના કરી તેની સ્થિતિ સૌધર્મ સુધી; પણ અભવ્ય નવ ગ્રૈવેયક સુધી જાય છે. અભવ્યને સ્વદયા ધ્યાનમાં એ નથી, તે માનતો એ નથી અને પાળતો પણ નથી. તેવાને નવ ગ્રૈવેયક સુધી જવાનું થાય છે તો જો દ્રવ્ય-ચારિત્ર ન હોય તો જાય કયાંથી? સાધુપણાનો વિરાધક તો સૌધર્મ સુધી જ જાય. માટે સ્વદયાનો મહાવ્રતમાં સમાવેશ કરવાનો નથી. સ્વદયા એટલે પોતાને અંગે ધારણા. બચવાના વિચારે તો ભાવચારિત્રમાં બચવું છે. સ્વદયા એટલે પોતાને આત્માને પાપથી-બંધથી બચાવવો.

જગતના જીવો જે વસ્તુને માનતા ન હોય તેને માટે કાંઈ કરે નહિ અભવ્ય મોક્ષ માનતો નથી.

શંકા—સ્વદયાને પર દયારૂપે પહેલું મહાવ્રત લઈ લો કે જેથી બીજાં વ્રતો લેવાં પડે નહિ.

સમાધાન—સ્વદયાનો વિષય મહાવ્રતને અંગે આવતો નથી. જો તે મહાવ્રતનો વિષય લેવામાં આવે તો સામાન્યથી અભવ્ય મિથ્યાદૃષ્ટિને વિરાધક માનવા પડે અને જો તેમ માનીએ તો નવ ગ્રૈવેયક સુધી જાય નહિ.

**અભવ્યને દુઃખ દૂર કરવાના મુદ્દાએ ચારિત્ર**

મોક્ષ મેળવવાવાળાથી સ્વદયા વિના પર દયામાં વધી શકાતું જ નથી. બીજાના દુઃખો હું દૂર કરીશ. બીજાને દુઃખ દેનારો ન થાઉં તો મારો આત્મા ભારે થશે નહિ અને તેથી જ મારા આત્માને લાગતાં કર્મોથી બચીશ. કર્મોને રોકું, સર્વથા તોડું ત્યારે જ મોક્ષ મળે. અભવ્ય દુઃખ ટાળવા માટે

દયા પાળે છે. હિંસા ટાળવાથી કર્મબંધ રોકાય છે. દુઃખ દૂર કરવાથી સાતા વેદનીય વગેરેનો બંધ થાય છે. દુઃખો દૂર કરવાના હેતુએ વ્રતોનું પાલન છે. આ અભવ્યમાં ટકવાવાળી ચીજ—હિંસાનુ વર્જન, દયાનુ પાલન, કોઈ પણ જીવનું વિરાધન કરનારો ન થાઉં, એમ અભવ્ય માને છે.

**અભવ્ય આઠ તત્ત્વ માને**

જેઓ દયાથી દૂર ગયેલા હોય તેમને કઈ સ્થિતિમાં માનવા? મને પાપ બંધાશે તો આવતે ભવે દુઃખી થવું પડે એ વસ્તુ અભવ્યને માન્ય છે, તેથી જ શાસ્ત્રકાર કહે છેઃ અભવ્ય આઠ તત્ત્વોને માને છે, ન માને મોક્ષ. મોક્ષ માને નહિ. જે વસ્તુ માનવામાં ન હોય તેની ઇચ્છા હોય નહિ. આકાશનાં ફૂલ છે એમ આપણે માનતા નથી તેથી એ મેળવવાની આપણે ઇચ્છા કરતા નથી.

**અભવ્ય મોક્ષ ન માને તો માને શું?**

શંકા-અભવ્ય મોક્ષને માને જ નહિ, તો માને શું?

સમાધાન—સોનું, ચાંદી, લોઢું કોઇ પણ જગતનો પદાર્થ લો, તે ગમે તે કાંઈકને કાંઈક પણ આકરમાં તો હોય. ચાહે લગડીનો આકાર કે કણીઆનો આકાર. કોઇ પણ દ્રવ્ય પર્યાય વિનાનો હોય નહિ. જગતની વસ્તુ, આત્મા વસ્તુ અવસ્થા વગર રહે નહિ. આત્માની અવસ્થા દેવતા, નારકી, મનુષ્ય, તિર્યંચ-સોનું-રૂપુ આકાર વગરનું નથી. તેમ આ જીવ એ દ્રવ્ય માન્યું તો કોઇને કોઈ આકાર રહે તેથી સંસારી રહે, અને મોક્ષવાળો થતો નથી.

અભવ્ય શાસ્ત્રોમાં મોક્ષનું નિરૂપણ છે તેનું એ શું કરે? બધી વાત કબૂલ કરે; વસ્તુ ચપટીમાં ઉડાવે. सम्यग्दर्शनज्ञान-

चारित्राणि मोक्षमार्गः ( तत्त्वा अ० १, सू० १ ) એ કબૂલ—આ વાચ્યાર્થ છે. લક્ષ્યાર્થ નથી એમ કહી ઉડાવે. દુઃખકારી લાગે, દુઃખને ટાળવું—શાંતિથી મરણ થયું એટલે ખરાબ મરણને અંગે દુઃખ હતું તે ટળ્યું. કટાભાવ તરીકે માને. સારી સ્થિતિમાં સારા જન્મમાં મોક્ષનું તત્ત્વ માને. દુઃખના કારણભૂત જન્મ ને જરા જે હતાં તે ગયાં તે મોક્ષ, તો જન્મ ને જરા ગયાં છે જ. વિશિષ્ટ અભાવ માન્યો. એને—અભવ્યને—આ બંધ, આ આશ્રવ આ હિંસા, મારા મોક્ષના પ્રયાણમાં વિઘ્ન કરનારી છે એમ થાય નહિ.

ભવ્ય જીવ હોય અને મોક્ષનો માર્ગ લીધો હોય તો હિંસા, જૂઠ આડા પાટડા પડેલા દેખે, માને પણ ઉઠાવી ન શકે.

## રાગદ્વેષ હિંસારૂપ છે એમ ન મનાય

પાંચ મહાવ્રતોમાં એટલા જ માટે કહ્યું કે સ્વદયા અને પરદયારૂપ એક જ મહાવ્રત છે. સ્વદયા જરૂરી છે તે ભવ્યને અંગે આવવાની છે, કારણ તે દ્વારાએ કલ્યાણ થવાનું છે પણ તે મહાવ્રતનો વિષય નથી. ત્યારે કહો રાગ ને દ્વેષ એ હિંસાનાં કરણો છે, પણ હિંસાનુ સ્વરૂપ નથી; એને જો હિંસારૂપ કહેવામાં આવે તો બીજામાં કરણતા રાખી તેમાં તદ્રૂપતા લાવવી પડશે. જો રાગદ્વેષ કરણ છતાં તેને હિંસારૂપ લાવી દો તો રાગદ્વેષનાં બન્ને રૂપ કરી લીધાં તેથી પરસ્પર ભિન્ન થવાનાં. તેથી રાગદ્વેષ હિંસારૂપ જ છે એમ કહેવાનો પ્રસંગ ન આવે. અને જો હિંસારૂપ કહો તો બન્ને રૂપ માનવાં પડશે. તેથી એક મહાવ્રત એમ ન રહ્યું.

## પાંચ મહાવ્રતો કહેવાની જરૂર

હિંસાથી વિરમવું એટલે બાહ્ય પ્રાણોના જે વિયોગ

એનાથી વિરમવું. પ્રમત્તયોગાત્ એ હેતુપંચમી છે. હિંસાથી થવાવાળા કર્મોમાં કરણ એ છે.

છેદનારો બળવાન્ પણ હાથમાં આવી સોય, કાણું જ પડે. સોય કરણ છે. સોયની જગ્યા પર નહરેણી મળી હોય તો લીસોટા થાત. કરણના પ્રમાણમાં કાર્ય. પ્રમત્તયોગ-એ કરણ, જ્યાં પ્રમત્તયોગ ત્યાં કર્મબંધ. સર્વપ્રમત્તયોગ તે હિંસા. આ ઉપરથી રાગદ્વેષ એ હિંસાનાં કરણો. પ્રમત્તયોગ એ પણ હિંસાનાં કરણો. બીજાના પ્રાણનો નાશ કરવો તે રૂપે હિંસા રહી. તેનાં પચ્ચકખાણ કરવાં પડયાં તો મૃષાવાદ વગેરે બાકી રહ્યાં, માટે પાંચ મહાવ્રતો કહેવાની જરૂર છે.

**અદત્તાદાનવિરમણ એક ન ચાલે?**

શંકા—એમ ન લઈએ તો બીજાઓ કહે છે કે અદત્તાદાનવિરમણ બસ છે. કારણકે કર્મ કોણે આપ્યાં છે? અદત્તોનું આદાન. અદત્તાદન છોડયું એટલે બધું છૂટી ગયું.

સમાધાન—આ કલ્પના શાસ્ત્રોનો અજ્ઞાન હોય તે જ કરે. નાની સાધ્વી, નાના સાધુઓ સમજી શકે કે ગ્રહણ-ધારણીય પદાર્થોમાં, બીજા પાસેથી ઉઠાવી લેવાય, પોતાનું કરી શકાય તેમાં, બીજાએ ગ્રહણ-ધારણ કર્યા હોય તેમાંથી ગ્રહણ કરીએ તેમાં-ધારણ કરીએ તેમાં અદત્તાદાન છે એમ સમજી શકે છે. એ સમજ્યો હોત તો કર્મનું અદત્તાદાન લાગે તે કહેવા તૈયાર થાત નહિ

**અદત્ત ગ્રાહ્ય પદાર્થ અંગે હોય**

કર્મનું અદત્ત કયા ભેદમાં? ચાર અદત્ત કહ્યાં છે-સ્વામિ-અદત્ત, જીવ-અદત્ત, તીર્થંકર-અદત્ત, ગુરુ-અદત્ત. બીજાએ ગ્રહણ-ધારણ કરેલું હોય તે વગર આપેલું લઈએ તો જ 'અદત્ત'. ગ્રાહ્ય-ધાર્ય પદાર્થને અંગે અદત્તાદાન. કર્મને અંગે

અદત્તનો પ્રસંગ નથી.

**પાંચ મહાવ્રતો સાથે જ ઉચ્ચારાવાય**

એવી રીતે દરેક મહાવ્રતોને અંગે કહી શકાય. પણ શાસ્ત્રકાર જ્યારે વિભાગ કરીને ઇયત્તા બતાવશે ત્યારે પાંચ માન્યા સિવાય છૂટકો નથી. જેના જન્મે, જે જન્મે તે બે એક હોય, જેના તૂટે જે તૂટે તે બે એક હોય. તેમ પાંચે મહાવ્રતો સાથે જ ઉચ્ચારાય છે. કોઈ સાધુ એક મહાવ્રતધારી ને કોઈ સાધુ બે મહાવ્રતધારી એવો ભેદ નથી રાખ્યો. એક આવે તો પાંચ આવે; એકલું આવતું નથી. પાંચ વગર એક રહેતું નથી. એકના ભંગે પાંચનો ભંગ, એકના આવવાથી પાંચનું આવવું.

**પંચ મહવ્વયાનું સમાધાન—**

શંકા—જો પાંચેનું સાથે આવવું, જવું, ટકવું, તો પછી પાંચ શું કરવા? પેટાભેદ પાંચ મૂકી દો.

સમાધાન—મહાવ્રતના પાંચે આલંબનો છે. મહાવ્રત એક રાખી બીજાં વાડરૂપ છે એમ નથી. માટે પાંચ મહાવ્રતો જ છે. આ કોઈ વાડ નથી. જે સાથે આવે, જાય, ટકે તે એક જ રૂપ હોય એમ બને નહિ. ગુણી અને ગુણ એક નથી. પટ ઉત્પન્ન થયો એટલે ધોળાશ ઉત્પન્ન થઈ. સાથે આવવું પણ સાથે આવે જુદા જુદા રૂપે. જેમ કાવડની સ્થિતિ. બે હાંડાં છે. ચઢાવાય છે સાથે, વહેવાય છે સાથે, ફૂટે છે સાથે, તેથી બંને એક કહેવાય નહિ. બે હાંડાં જુદાં છે. તેમ પાંચ મહાવ્રતો પૃથક્ ઉચ્ચારાવાય છે, પાલન વખતે આથી ફલાણા મહાવ્રતમાં નુકશાન થશે એમ કહી ટાળવામાં આવે છે. એકના નાશે પાંચનો નાશ મનાય છે, પણ તે બધામાં પૃથક્ રૂપ તો રહેલું છે. તેથી

पंच महव्वया એમ કહેવું પડયું.

## સ્વરૂપભિન્નથી મહાવ્રતો ભિન્ન છે

ગુણ ને ગુણી કથંચિત્ જુદા. કેવળજ્ઞાની ગુણી; કેવળજ્ઞાન ગુણ. કેવળજ્ઞાન ગુણ આત્માનો, તે અત્યારે નથી. જેમ સમકિતી ગુણ ચાલ્યો ગયો તેથી આત્મા મટ્યો નથી. મહાવ્રતો પાંચે પરસ્પર ભિન્નરૂપે, હિંસાની વિરતિ એનું સ્વરૂપ જુદું, મૃષાવાદની વિરતિ એનુ સ્વરૂપ જુદું—આ જ ભેદનું કારણ છે. કારણકે એ વિરૂદ્ધ ધર્મો છે. પહેલા મહાવ્રતને અંગે પ્રાણનો વિયોગ રાખ્યું. બીજામાં જૂઠાથી વિરમવું તે રાખ્યું. ત્રીજામાં ચોરીથી વિરમવું તે રાખ્યું. ચોથામાં દેવતા, મનુષ્ય કે તિર્યંચનું મૈથુન છોડવું તે રાખ્યું. પાંચમામાં બાહ્ય પરિગ્રહથી વિરમવું રાખ્યું. એ રીતે પાંચેનાં સ્વરૂપ જુદાં તેથી પાંચ મહાવ્રત કહેવાં પડે.

## અનંતા તીર્થંકરોએ મહાવ્રત પાંચ જ કહ્યાં છે

એક મહાવ્રત એ જૈન શાસ્ત્રને કબૂલ નથી; પાંચ મહાવ્રતો કબૂલ છે.

શંકા—જો તેમ છે તો વાંધો આવશે અને બાવીસ તીર્થંકરની વાત કબૂલ નહિ રહે. બાવીસ તીર્થંકરના શાસનમાં સાધુઓ માટે પાંચ મહાવ્રતનું નિરૂપણ કરતા નથી.

સમાધાન—'ઉત્તર કહું તેથી ગભરાશો નહિ' ખુલાસો આગળ આવશે. 'બાવીસ તીર્થંકરો મહાવ્રતો પાંચ જ કહે છે એમ લાગશે' આટલું સાંભળ્યું તે એળે માર્ગે જશે. લગીર સામાન્ય રૂઢ શબ્દથી **કલ્પસૂત્રમાં** સમજાવવામાં આવ્યું છે? ઊંડા ઉતરશો તો માલમ પડશે; અનંતા કેવળી, તીર્થંકરોએ મહાવ્રતો પાંચ જ કહ્યાં છે. ચાર મહાવ્રત કોઈ કહેતું નથી.

**બાવીસ તીર્થંકરમાં 'ચતુર્યામ'**

બાવીસ તીર્થંકરનું શું કહેવું છે? શાસ્ત્રનો ખ્યાલ હશે તો બાવીસ તીર્થંકરો ચતુર્યામ ધર્મ કહે છે. પણ ચાર મહાવ્રતો કહેતા નથી. ચતુર્યામરૂપે ધર્મ છે. સંજ્ઞા જ જુદી. ફ્રાંસ (France) બાળા ફ્રાંક (franc) કરી દે. ચાર વખતે મહાવ્રત શબ્દ રાખતા નથી. પંચ મહાવ્રત કહે છે, ત્યાં 'યામ' શબ્દ વાપરતા નથી.

**મહાવ્રત ઉચ્ચરવાં એટલે રજિસ્ટર દસ્તાવેજ**

શંકા—યામ, મહાવ્રત એ શબ્દનો ફેર પાડો છો કે બીજુ કાંઈ? સમાધાન-ઘણો મોટો ભેદ છે. અહીં સર્વથા હિંસાથી વિરમવાનું છે તો ત્યાં વિરમવાનું નથી? વિરમવાનું છે. ચાર યામમાં વસ્તુસ્થિતિ તે જ કે જે પાંચ મહાવ્રતમાં છે. મોઢે કહેલું એ જ દસ્તાવેજમાં લખીને રજિસ્ટર થયું ને? રજિસ્ટર થયેલું નોંધાય. ઘેર ખૂણામાં દસ્તાવેજ કર્યો હોય તેની નકલ ન નીકળે. નોંધેલાની નકલ નીકળે, નોંધાયો તે દસ્તાવેજ રીતસરનો. બાવીસ તીર્થંકરના વખતમાં યામથી દસ્તાવેજ કર્યો તે કાચો દસ્તાવેજ. જૂના વખતમાં દસ્તાવેજ નોંધાતા ન હતા. લોકો સીધા હતા. પણ જ્યાં દુનિયા પલટો ખાય ત્યાં નોંધણી, રજિસ્ટર કરવાં પડે. દુઃષમા કાળને અંગે જીવોમાં વક્ર—જડપણું થયું ત્યારે રજિસ્ટર કરવાં પડયાં. બાવીસ તીર્થંકરના સાધુઓ મહાવ્રત ઉચ્ચરતા નથી. પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓ મહાવ્રત ઉચ્ચરે છે.

**'મહાવ્રત' અને 'યામ'ની વ્યાખ્યા**

'મહાવ્રતો' એટલે પ્રતિજ્ઞા કરવાપૂર્વક ભિન્ન ભિન્નવાર્ગે અરિહંતાદિકની સાક્ષીએ હિંસાદિકથી સર્વથા વિરમવાની પ્રતિજ્ઞા. 'યામ' શબ્દથી બાવીસ તીર્થંકરના વખતમાં હિંસાની જુદી પ્રતિજ્ઞા નથી. તેને મહાવ્રત કહેવાની જરૂર નથી. યામમાં ચાર

પ્રકારની પ્રવૃત્તિ માત્ર છે. પરીક્ષા કરીને, સમજાવીને, છ મહિના સુધી ગીતાર્થો પાસે રહીને પ્રતિજ્ઞા અપાય છે માટે મહાવ્રત. 'મહાવ્રત' શબ્દ એટલા માટે કે મોટામાં મોટી પ્રતિજ્ઞા જેને માટે કરવી જોઈએ તે. બાવીસના વખતમાં પ્રતિજ્ઞા નથી. સર્વ સાવદ્યનો ત્યાગ કર્યો એટલે આનો ત્યાગ આવી ગયો, ચારેની જુદી પ્રતિજ્ઞા કરવાની નથી.

## અહીં પ્રતિજ્ઞા અને આશીર્વાદ

અહીં પ્રતિજ્ઞા કર્યા છતાં સ્વતંત્રપણે પાંચે પ્રતિજ્ઞા સંઘ સમક્ષ કરવામાં આવે છે. પાંચેને અંગે ગુરુનો આશીર્વાદ આપવામાં આવે છે. પૃથક્ પૃથક્ જુદુ ઉચ્ચારણ, નિસ્તારક પ્રતિજ્ઞાનો પારગામી—પ્રતિજ્ઞાનો પાર પામીને સંસારનો પાર પામનારો થા. આવી રીતે દરેક મહાવ્રતો જુદાં ઉચ્ચારાય છે, દરેક મહાવ્રત સ્વતંત્ર ઉચ્ચારાય છે, અને દરેકને અંગે આશીર્વાદ જુદો દેવાય છે. મહાવીર ભગવાન 'યામ' તરીકે ચારની અને બાવીસ તીર્થંકરો 'મહાવ્રત' તરીકે પાંચની પ્રરૂપણા કરે. બાવીસને અંગે ચતુર્યામ ધર્મ. પહેલા ને છેલ્લાને અંગે પંચ મહાવ્રત–પ્રતિજ્ઞારૂપ ધર્મ. પાંચની પ્રતિજ્ઞા કરો નહિ ત્યાં સુધી શાસ્ત્રકાર સાધુ ગણવાની ના પાડે છે.

## મહાવ્રત ઉચ્ચર્યા પછીથી પર્યાય ગણાય

ઉપલક ખાતે રહેલી રકમનો હિસાબ ખાતાવહીમાં ન મળે. મહાવ્રત ઉચ્ચર્યા વિનાનો વખત સાધુપણાના ખાતામાં નહિ, કારણ દીક્ષાનો પર્યાય ક્યાંથી ગણવો? મહાવ્રતના આરોપનથી-બે વર્ષ, પાંચ વર્ષ થયાં હોય તે મહાવ્રત લીધા પછીનો જ પર્યાય કહેવાય. મહાવ્રત અંગીકાર કરવાવાળો થયો ત્યારે સાધુપણાના ખાતામાં આવ્યો, મહાવ્રત ઉચ્ચર્યા નહિ ત્યાંસુધી

ઉપલક ખાતામાં હતો.

## ગણધર સિવાયના યોગવહન કરે જ

ગણધરમહારાજાઓ યોગવહન ન કરે, તેથી જોડે વર્તવા-વાળા ન કરે તે ન ચાલે. તીર્થંકર કહે, ગણધર પોતે કહે એટલે બસ. પણ આ જ તો પગથીએ આજ ચઢવું છે અને સાસુની સાસુ બનવું છે.

## એકને બદલે પાંચ અને યામને બદલે મહાવ્રત

હવે મૂળવાત પર આવો—મહાવ્રતોનું અંગીકાર વિધિ-પૂર્વક, સભા સમક્ષ થાય ત્યારે સાધુ. મહાવ્રત ઉચ્ચર્યા પછી તૂટે તો દૂષણ; પહેલાં કાંઈ નહિ? તેવું નથી. ઉપલક ખાતામાં રહેલી રકમનું વ્યાજ ન આપે તો ચાલે પણ ઉપલક ખાતું ઓહિયાં ન કરાય. અનામતને ઓહિયાં કરે તે બેઈમાન. વડી દીક્ષા પહેલાં ભંગવાળો દુર્ગતિએ જવાનો પણ સાધુપણાનો હિસાબ ક્યાં? સરવૈયું ખાતાવહીનું—સાધુપણાનો કાળ મહાવ્રત પછી. ભગવાન્ મહાવીરના, ઋષભદેવજીના વખતમાં પાંચ મહાવ્રતો, પ્રતિજ્ઞાપૂર્વક લેવાનાં છે. જેઓ એક બે મહાવ્રતો કહેતાં હતાં તેને બદલે પાંચપણું અને યામને બદલે 'મહાવ્રત' કહેવાં હતાં, માટે **पंच महव्वया** એમ કહ્યું.

## મહાવ્રતમાં 'મહા' શબ્દની શી જરૂર?

પ્રશ્ન–મહાવ્રત શા માટે? 'મહા' વિશેષણની જરૂર શી?

સમાધાન–શ્રાવકોનાં નાનાં વ્રતો છે તેને અંગે આને મહાવ્રતો. શંકા–પણ એ અમારા ધ્યાનમાં ઊતરતું નથી. શ્રાવકોનાં વ્રતોને અંગે 'અણુવ્રત' રાખ્યું છે તો આને 'મહાવ્રત' કહેવાની જરૂર ન હતી. અણુથી ભિન્નપણું હતું. 'વ્રત' શબ્દ રાખ્યો હોત તો બસ હતું. ત્યાં વ્રતમાં 'અણુ' લગાડયો, અહીં વ્રતમાં

'મહા' લગાડયો, તેમ કરવાથી બંને 'ફ્ટાઇઆ' થયા. તેથી મૂળ ગાદી ધરાવનાર કોઈ ન રહ્યો. રાજામાં મોટા કુંવર કરતાં નાના હોય તે 'ફ્ટાઇઆ.' બંને શબ્દો પર વિશેષણ રાખો ને સામાન્ય શબ્દ ન રાખો તે ઠીક નહિ. લીલો ઘડો, પીળો ઘડો, પણ ઘડો હોય ત્યાં. વ્રત સામાન્ય રાખો તો મહાવ્રત, અણુવ્રત ભેદો પડી શકે. 'વ્રત' સામાન્ય રાખવો જોઇએ. વ્રત સામાન્ય રહી શકે તેવો નથી તો એ વિશેષણની જરૂર નથી. વ્રત કહો કે 'મહાવ્રત' કહો તે એક જ. શ્રાવકના અણુવ્રતોને માટે અણુવ્રત છે. શ્રાવકને એક વ્રત ન હોય. પાંચ અણુવ્રત હોય. પરીક્ષામાં પૂછે છે ત્યારે ઉત્તરરૂપે જણાવે છે. વ્રત, મહાવ્રત એક છે તો સામાન્યનો અભાવ છે એમ કહેવાની જરૂર નથી. વ્રત ચાલતું હતું તો 'મહા' શબ્દ કેમ રાખ્યો?

## વ્યાખ્યાન ૭

### તીર્થંકરો જ મોક્ષનો રસ્તો બતાવનાર છે

સૂત્રકાર મહારાજા સુધર્માસ્વામીજી તીર્થંકર સર્વજ્ઞ છે એમ સાંભળીને, પોતે વાદવિવાદ કરવા આવ્યા, પંચ ભૂતો છે કે નહિ? તે શંકા હતી તેનું સમાધાન થયું પછી પોતાનો નિશ્ચય થયો કે એ જ સર્વજ્ઞ છે, એ જ મોક્ષનો રસ્તો બતાવી શકે છે.

### ભૂલા પડેલાને માર્ગ બતાવનાર કોણ?

અમૃતપાનની સામગ્રી સ્વાધીન હોય તે અમૃત છોડીને બીજું કેમ લે? તીર્થંકર ભગવાન સાક્ષાત્ મોક્ષના સાર્થવાહ

જ્યાં મળી ગયા તો જંગલમાં ભટકવાનું હોય ! ભૂલો પડયો હોય ને કોઈ રસ્તો દેખાડનાર મળી જાય, તો હમણાં તો જાઓ એમ કોઈએ કહ્યું ? જે જંગલ એક ભવમાં ભયંકર, તે કદાચ ભયંકર ન નીવડે, કારણકે રસ્તો ન જ મળે એવો નિયમ નથી. પણ આ સંસારરૂપી અરણ્ય એકાંત ભયંકર છે, જેમાં રસ્તો મળ્યો નથી એવા જંગલમાં રસ્તો બતાવનાર મળે ત્યારે જો ખોરાને માટે બાજી બગાડીએ તો શું થાય ?

તેવી રીતે આ ભવજંગલની અંદર ભટકી રહેલા છીએ, એની અંદર માર્ગદર્શક મહાપુરૂષ મળ્યા છે, છતાં એ માર્ગે 'કોઇક વખત વાત' એમ થતું નથી. આપણે શ્રદ્ધાથી ભવને જંગલ માનીએ છીએ, પણ અંતઃકરણમાં તેટલા રૂપે જંગલપણું પરિણમ્યું નથી. આ જંગલ છે એમ જો ખરેખર લાગ્યું હોય તો જંગલમાં ભૂલો પડેલો, ભોમીઆને ન દેખે તે પહેલાં ભૂલો પડેલો ચારે બાજુ બૂમ પાડે તેવું હોવા છતાં આ જીવ તો માર્ગદર્શક મળે છે તો પણ અકર્મીને 'દેનારો મળે ત્યારે પડીઓ કાણો નીકળે' માર્ગદર્શક અનંતા પુદ્ગલપરાવર્તોએ મળે નહિ, છતાં મળ્યા ત્યારે આરંભ વિષય કષાયના બાકોરાં મારવા લાગ્યો તેથી એમાં ટકતો નથી.

## વાદવિવાદનો છેડો કબૂલાતે

ગણધરમહારાજા કાચા પડીયા જેવા ન હતા. તેવો આ મોક્ષનાં કારણો જાણે છે, કઈ શકે છે એમ માલમ પડયું કે કબૂલ થયા. વાદવિવાદનો છેડો કબૂલાતે. અહીં પરસ્પર શરત નથી.

## પ્રશ્નોત્તરનો છેડો સમજણે

પ્રશ્ન—સુધર્માસ્વામી આવ્યા, ત્યાં પરસ્પર શરત નથી. ગૌતમસ્વામીને યાવત્ પ્રભાસસ્વામીને મહાવીરસ્વામીની વાત

કબૂલ કરવાની હતી, તેથી તેમને દીક્ષા ગ્રહણ કરી. પણ ગણધરના પરિવારોએ દીક્ષા કેમ ગ્રહણ કરી? સમાધાન— બાદવિવાદનો છેડો તત્ત્વની કબૂલાતે, તત્ત્વના જ્ઞાને આવે, વાદવિવાદના ફળ તરીકે પોતે હારી જાય તો અજ્ઞાનનો-મોહનો નાશ થાય છે. અજ્ઞાનનો નાશ એ જ વાદનો છેડો. વાદી કે પ્રતિવાદી બેમાંથી કોઈની સત્યની બાત જાહેર થાય તે જ છેડો. હું કહેતો હતો તે જૂઠું ને આ કહેતા હતા તે સાચું. આટલે વાદનો છેડો. પ્રશ્નોત્તરને છેડે સમજણ થાય.

## માન્યતા સ્વીકારના બદલે આચાર સ્વીકાર કેમ!

પ્રશ્ન—વાદના છેડાનો નિયમ છે, છતાં આમ કેમ? વિજિગીષુ કથાવાદી હોય તો તેમાં આટલું તત્ત્વ હોય કે 'તમારી માન્યતા ખોટી*ઠરે તો તમારે છોડવી, મારી ખોટી પડે તો મારે છોડવી.' એ ફળની જગ્યા પર તેના આચારનો સ્વીકાર. જ્ઞાનની સાથે વિરતિ થવી ન જોઈએ. સમાધાન—એવો નિયમ અહીં નથી. જો જયપરાજયના નિયમથી વાદ શરૂ કર્યો હોય તો તેમાં સ્વમાન્યતા છોડી, પરમાન્યતા કબૂલ કરે છેડો આવે. પણ અહીં તેમ નથી.

## આચાર સ્વીકારમાં છેડો

પ્રશ્ન-અગિયાર ગણધરોએ આચાર સ્વીકાર્યો, એમાં છેડો ક્યાંથી આવ્યો? આચાર સ્વીકાર ફરજિયાત ન હતો. જો આચાર સ્વીકારે વાદનો છેડો રાખીએ તો 'ભાઈને' નહોતી લેવી પણ સલવાઈ ગયા.' રાજાના અને પુરોહિતના છોકરાને દીક્ષાનો અંગીકાર કરવો પડ્યો તેમ. વાદની સાથે સંબંધવાળો નથી તો આચાર લીધો કેમ? દીક્ષા સ્વીકારી કેમ? સમાધાન— અમૃતપાન સ્વાધીન થયું તે વખતે વિષપાન કોણ આદરે? તો

પછી જે આચાર દુર્ગતિ બંધાવનાર હતો તે તરફ જાય શાના? પ્રતિબોધની સાથે દીક્ષાનો વિચાર થયો. ચારિત્રની સાથે જ સમ્યક્ત્વ, અથવા પહેલાં સમ્યક્ત્વ થાય.

**ગણધરોને સમ્યક્ત્વ અને ચારિત્ર સાથે**

ચોવીસે તીર્થંકરોના થઈને ગણધરો ચૌદસો બાવન, મહાવીરને અંગે અગિયાર ગણધર. તે બધાને એક જ નિયમ. [1] 'जुगवं' સમ્યક્ત્વની સાથે ચારિત્રની પરિણતિ.

આપણે અહીં બેઠા કે સૂતા છીએ. પાસે સાપ છે. અજવાળું નથી થયું ત્યાં સુધી બેઠા છીએ. અજવાળું થાય તો ઊઠવાને વિલંબ કેટલો થાય? જાણ્યાની સાથે જ ઝબકારો. ત્યાં જાણવાને અને ઝબકારાને વિલંબ નથી. તેમ ગણધર-મહારાજા માર્ગને જાણતા ન હતા ત્યાં સુધી તેમાં હતા, પણ જાણ્યું એટલે તો સમ્યક્ત્વ અને ચારિત્ર થાય જ.

સભામાંથી–**પ્રશ્ન**–અનાદિ મિથ્યાત્વી **મરુદેવા** માતા એકસો આઠ એક સમયે મોક્ષે જાય તેમાં મોક્ષે ગયા? ના. એકસો આઠ તો અનંત કાળના પ્રતિપતિત હોય તેમાંથી જાય.

**ગુણ નાશે ગુણીનો નાશ ન થાય**

ગુણ નાશ થયો ત્યારે ગુણી રહ્યો કયાંથી? ગુણવાળો કોણ? આત્મા. ગુણ ધરાવતો હતો તે રહ્યો. શંકા—ચોર હોય તે કેદી નહિ, કેદી નહિ તે ચોર નહિ, એમ તમારા હિસાબે થયું. કેદી થયો તે વખતે ચોરી કરતો નથી, તેથી ચોર મટી

---

१ संमत्तचरित्ताइं जुगवं पुव्वं व संमत्तं (उत्त० अ० २८ गा० २९); जो सम्मत्तं चरित्तं जुगवं पडिवज्जति (आव० चू० भा० १ पृ० १९)

ગયો. કારણ ગુનો કરતો હતો તે વખતે કરતો હતો. સમાધાન—ગુણી કાયમ છે, ગુણ કાયમ નથી. ગુણને ધારણ કરનારો તે 'ગુણી'. તેમ ચોરી કરનાર ચોર-તે વખતે ચોરી કરો કે ન કરો. ગુણ પ્રગટ થાય ત્યારે 'ગુણી'. સમ્યક્ત્વ નાશ થાય ત્યારે ગુણ નાશ. 'સમકિત' પામ્યો એમ કહીએ છીએ, એટલે સમ્યક્ત્વ તો ગુણ છે. તેથી સમકિત નાશ પામે આત્મા નાશ થયો નથી. ગુણ ધારનારો ગુણથી પતિત થયો.

**અજવાળું થતાં જ સાપને જાણ્યો,**

**ઝબકવું, ને ખસવું થાય**

હવે મૂળ વાત પર આવો—ગણધરો જે વખત સાચા માર્ગને સમજે, તે જ વખતે માર્ગ સ્વીકારે. જેમ અંધારામાં બેઠા હોઈએ, જોઈએ, જોડે સાપ હોય, અજવાળું થયું ક્યારે? તમે જાણ્યું ક્યારે? ઝબક્યા ક્યારે? એ જુદાં પડે નહિ. એક સેકંડ (second)માં બધું થઈ જાય છે. જાણ્યા પછી સર્પનું ભયંકરપણું રૂંવાડે રૂંવાડે વસી જાય છે. દીવાનું કામ દોડાવવાનું નથી. દીવો તો ગોખલામાં બેસી રહ્યો છે, પણ સર્પનું ભયંકરપણું લાગે છે.

**સમજ્યા પછી વિલંબ ન હોય**

ગણધરોના આત્મા ઉત્તમ હોય તેથી સાચો માર્ગ સમજાય ત્યારે તરત ઝબકી ઊઠે. કેટલાક પ્રશ્નોત્તર કરવા આવે, સમજી ગયા, તેથી બધા કાંઈ દીક્ષિત થયા નથી. ગણધરોના જીવોમાં ઉત્તમતા ચોક્કસ, એ ઝવેરીના હાથમાં આવેલો હીરો ખોટો માલમ પડે તો ક્ષણવાર હાથમાં સંઘરે નહિ, તરત ફેંકી દે. ગણધરની એટલી બધી ઉત્તમતા કે સત્ય માર્ગ માલમ પડ્યો તો આચરતાં ક્ષણ વિલંબ ન કરે. એમણે સાધુપણું લીધું ને

ભગવાને દીધું.

## ત્રિપદી, દ્વાદશાંગની રચના

વ્યવસ્થા માટે કહો કે શાસનના ઉપકાર માટે કહો-ભગવાન્ તત્ત્વ સમજાવે છે. દીક્ષિત થઇ ગણુધરો પ્રદક્ષિણા દઈ કિં તત્તં પૂછે ત્યારે ભગવાન ? उपन्ने इ वा २ विगमे इ वा ३ धुवे इ वा એમ ત્રણ વખતના પ્રશ્નોના એ ત્રણ ઉત્તરો આપે, માત્ર ત્રણ પદ જ સાંભળે, ત્રણ પદ સાંભળવાથી ઉત્તમતાને લીધે, તીર્થંકરના પ્રભાવને લીધે, તે વખતે બાર અંગ-ચૌદ પૂર્વ રચે, અંતર્મુહૂર્તમાં રચે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ગણુધરોને થાય છે. ત્રિપદી એટલે १ उपन्ने इ वा-ઉત્પન્ન થાય છે. २ विगमे इ वा-જો બધું ઉત્પન્ન થયા જ કરતું હોય તો જગતમાં માય નહિ માટે નાશ પણ પામે છે, અને ३ धुवे इ वा-કથંચિત્ ધ્રુવપણું પણ છે. ( आव० हरि. पृ० २७७ )

## અંગપ્રવિષ્ટનાં લક્ષણ

ગણધર **સુધર્માસ્વામીએ** પ્રતિબોધ પામીને, દીક્ષા લઇને, ત્રણ વખત પ્રશ્નોના ઉત્તર સાંભળીને જે રચના કરી તે 'અંગ-પ્રવિષ્ટ.' આદેશથી અર્થાત્ ત્રણ નિષદ્યાથી જે રચના કરવામાં આવી તે 'અંગપ્રવિષ્ટ'.

પૂર્વની પહેલી રચના કરી અને **આચારાંગ** આદિ અંગોની **પછી** રચના કરી. પણ સ્થાપના તરીકે અને અભ્યાસ તરીકે **આચારાંગ** આદિનો ક્રમ લીધો.

## પેટાભેદ નથી તેથી પાંચની જરૂર

પ્રશ્ન-તે ક્રમે આવેલા ત્રીજા અંગ-ઠાણાંગમાં પાંચમા ઠાણામાં પાંચ મહાવ્રતોનું નિરૂપણ કરતાં પાંચપણું કેમ? જો તે

ગણાવવાં છે તો પાંચ બોલીને કામ શું? સમાધાન–આ પાંચે મહાવ્રતો કોઈના પેટાભેદ નથી, સ્વતંત્ર છે તેથી પાંચની જરૂર. સંયમના વિભાગની અપેક્ષાએ સત્તર વિભાગ અને વગર વિભાગે એક સંયમ એમ કહી શકીએ. સંયમને અંગે વિભાગ પાડીને સત્તર, વગર વિભાગે એક. મહાવ્રતમાં તેમ નથી. પહેલા ઠાણુમાં 'एगे महव्वए' એ પાઠ નહિ. પાંચ આવે ત્યારે જ મહાવ્રતોનો પાઠ આવે. તે એક, બે, ત્રણ, ચારની સંખ્યામાં કહેવાયાં નથી, કહેવાય નહિ, કહીએ નહિ. જો કહીએ તો મૂળભેદની ગરબડ થાય, માટે મહાવ્રતો પાંચરૂપે જ કહેવાં જોઈએ, આ જણાવવા માટે પાંચની જરૂર.

## રાત્રિભોજનવિરમણ મહાવ્રત કેમ નહિ?

શંકા—અણુવ્રતવાળાને મૂળ ગુણ પાંચ કહેવાય તેમ છ પણ કહેવા જોઈએ. પણ અણુવ્રતવાળાને રાત્રિભોજનની વિરતિ મૂળ ગુણમાં કેમ લેતા નથી? વળી સાધુને રાત્રિભોજનની વિરતિ મૂળ ગુણરૂપે આવશ્યક છે. એ વિના સાધુપણું નહિ. તો પછી છ મહાવ્રતો કેમ નહિ? જ્યારે રાત્રિભોજનની વિરતિ એ મૂળ ગુણરૂપ છે અને દરેક મહાવ્રતધારીએ મહાવ્રતની માફક તેની રક્ષા કરવાની છે. તો મહાવ્રત છ કેમ નહિ? છટ્ઠાને ત્રીજા ફાંટામાં કેમ ઘાલી દીધો? બે ફાંટા હતા: (૧) મહાવ્રત ને (૨) અણુવ્રત. રાત્રિભોજન માટે વ્રત ફાંટો ઊભો કર્યો. મહાવ્રત તરીકે કહેવું લાયક છતાં તેને 'મહાવ્રત' ગણ્યું નહિ, તેથી છટ્ઠા વ્રતને માટે એક ત્રીજો ફાંટો ઊભો કરવો પડ્યો.

## રાત્રિભોજન મૂળ ગુણ ખરો પણ મહાવ્રત નહિ

સમાધાન–પાંચ મહાવ્રતો એવા રૂપે કે પેટાભેદ ન બની જાય.

કે હિંસાનો પેટાભેદ મૃષાવાદ નહિ. તો પછી રાત્રિભોજન એ હિંસાથી વિરતિનો પેટાભેદ છે. તેથી મહાવ્રતની જગ્યા પર તેને જગ્યા આપી શકાય નહિ. મહાવ્રતો કોઈના પેટાભેદો નથી. એના પેટાભેદો અનેક થાય. રાત્રિભોજનવિરમણ એ પ્રાણાતિપાતવિરમણનો પેટાભેદ હોવાથી તેને મહાવ્રત તરીકે જણાવ્યું નહિ, પણ શ્રમણપણાને અંગે મહાવ્રતના જેવું પાલન કરવાનું હોવાથી રાત્રિભોજનવિરમણને મૂળ ગુણમાં ગણ્યું. જરૂરી હોવાથી મૂળ ગુણમાં ગણ્યું. પણ મહાવ્રત ન ગણ્યું.

### અણુ, મહા વિશેષણની જરૂર

શંકા—અણુવ્રતમાં 'અણુ' વિશેષણ રાખો, તો મહાવ્રતમાં 'મહા' વિશેષણ ન રાખો. બે પાનાં સોળ નંબરના હોય તો બીજા પર બ કર્યો તો આપોઆપ ઓળખે. એક પર ન કર્યો હોય તો પણ ચાલે. સમાધાન—શ્રાવકોનાં સ્થૂલ પાપને અંગે અણુવ્રત છે પણ તે સાધુના પેટાભેદ ન બને તેથી મહાવ્રત એમ રાખ્યું. રાત્રિભોજનવિરમણ તે 'વ્રત'. 'વ્રત' શબ્દ રાત્રિભોજનવિરતિને લાગુ થયો તેથી ત્યાં અણુ ને અહીં 'મહા'ની જરૂર.

### મહાવ્રતમાંથી નીકળેલો ભાગ અણુવ્રત

વ્રતનું લક્ષણ નિશ્ચિત કરીને જે અણુવ્રતમાં વિરતિ થાય તે વિરતિ મહાવ્રતમાં નથી એમ નથી—અણુવ્રતમાં સ્થૂલ હિંસાની જે વિરતિ છે તે મહાવ્રતમાં નથી એમ નથી. તેથી મહાવ્રતમાં અણુવ્રતનો અવતાર થાય. સોમાં એક સમાય. મહાવ્રત સો તરીકે ગણ્યાં તેથી એક સમાય. મોટામાં નાનું સમાય. 'અણુ-વ્રત' સંજ્ઞા ન રાખતાં 'વ્રત' રાખીએ તો આનો પેટાભેદ છે એમ ન આવે. જે પાંચ વ્રત તરીકે તે જ પાંચ 'અણુવ્રત' તરીકે.

અણુવ્રત ન કહેતાં વ્રત કહીએ તો આનો પેટાભેદ ન થાય 'અણુ' શબ્દ હોય તો પેટાભેદનો ખ્યાલ આવે. મહાવ્રતમાં સ્થૂલની અને સૂક્ષ્મની વિરતિ લેવાની છે. આનો એક ભાગ અણુવ્રતો છે એમ ખ્યાલ આવે, મહાવ્રતોમાંથી નીકળેલો ભાગ અણુવ્રતો છે.

**અણુમાં ટુકડો મહાના હિસાબે છે**

**પ્રશ્ન**—અણુવ્રત થયાં તો ત્યાં મહાવ્રત કેમ? છને 'વ્રત' કહો અને અણુવ્રત શ્રાવકનાં રાખો. મહાવ્રત કહો ત્યારે પેટાભેદ કહેવો પડે? મહાવ્રત સંજ્ઞા ન રાખો. વ્રત સંજ્ઞા રાખો. મહાવ્રતપણું કોને અંગે?

સમાધાન-વિષયને અંગે, પ્રશંસાને અંગે મહાપણું. સર્વવિષયક વ્રત, સર્વહિંસા-વિષયક વ્રત, સર્વમૃષાવાદવિષયક વ્રત. એક પણ વિષય એમાં છૂટો નથી. વ્રતનું સામાન્ય લક્ષણ કર્યું. પછી વિભાગ કર્યો. હિંસા વગેરેથી વિરમવું તેનું નામ 'વ્રત'. પછી સર્વથા વિરતિ એક પણ અંશ બાકી રહે નહિ, તેને અંગે 'મહા' શબ્દ, અને અણુવ્રતમાં દેશથી એક જ હિસ્સો. હું હિસ્સો લઉં છું. આખાનો માલિક નહિ, લઉં છું હિસ્સો પણ મને ટુકડો મળ્યો છે, ટુકડા માટે ફરે છે તેમ-વ્રતનો ટુકડો પણ મહાના હિસાબે મળ્યો છે.

**અણુઅને મહા સ્વરૂપદર્શક વિશેષણ છે**

દેશથી વિરતિ તે 'અણુવ્રત;' સર્વથી વિરતિ તે 'મહાવ્રત'. વિશેષણો બંને જગ્યા પર સ્વરૂપને જણાવનારાં છે. 'અણુ' શબ્દ 'મહા' શબ્દના વ્યવચ્છેદ માટે નથી. મહાવ્રતમાં પ્રાણાતિપાતના સર્વથા ત્યાગને ધ્વનિત કરવા માટે 'મહા' શબ્દ છે, અને અંશની વિરતિને ધ્વનિત કરવા માટે 'અણુ' શબ્દ છે.

પ્રશ્ન–'અણુ' શબ્દ મહાના વ્યવચ્છેદ માટે નહિ. 'મહા' શબ્દ અણુના વ્યવચ્છેદ માટે નથી. જ્યારે વ્યવચ્છેદ માટે નથી, તો પછી આ રાખવું ને એ રાખવું નહિ એ કહેવાનો અર્થ નથી.

સમાધાન–ઋષભદેવજી પહેલા તીર્થંકર. ચોવીસીમાં બીજા ઋષભદેવજી છે? તો પછી પહેલા કેમ? ઋષભદેવજી તો પહેલા જ છે. અવસર્પિણીની શરૂઆતમાં તીર્થને પ્રવર્તાવનાર હોય તો તે આ છે, 'પ્રથમ' એ વ્યવચ્છેદ માટે નથી, પણ સ્વરૂપને જણાવવા માટે છે તેમ 'મહા' શબ્દ મહાવ્રતની અંદર રહેલા માટે છે પણ અણુના વ્યવચ્છેદ માટે નથી. 'મહા' એ એના સ્વરૂપને જણાવે છે. આવી રીતે સર્વથા વિરતિ તેનું નામ 'મહાવ્રત.' એ કહેવાથી મહાવ્રતનું પાંચપણું નક્કી કર્યું.

## પણ્ણત્તા કહી બધાના નામે કેમ ચઢાવ્યું?

શંકા–મહાવીરસ્વામીએ પોતાના નામે લખેલી હુંડી પારકાના નામે કેમ ચઢાવી? લખે છે પોતે અને પण्णत्ता કેમ કહે છે? पंच महाव्रतानि प्रज्ञप्तानि કહે છે પોતે તો જગતને માથે શા માટે? હું પાંચ વ્રત કહું છું એમ કહો. પોતે બોલે, જગતને માથે ઢોળો છો. જોખમદારી ઉતારી નાખવા માગો છો? શ્રમણ ભગવાન્ મહાવીર પોતે પાંચ વ્રત કહે છે તો प्रज्ञापयामि કેમ નહિ?

## પણ્ણત્તા કહ્યાનું સમાધાન

સમાધાન— હું જ કહું છું એમ નહિ. બાવીસ તીર્થંકરોએ પણ મહાવ્રતો તો પાંચ જ કહ્યાં છે. ઋષભદેવજીએ અને અનંતા તીર્થંકરોએ મહાવ્રત પાંચ કહ્યાં છે. જો આ વસ્તુ કબૂલી જાય, તો ઇંદ્રો, દેવતાઓ મહાવીર પાસે દેશના સાંભળે, સીમંધરસ્વામી પાસે દેશના સાંભળે, તો શી દશા થાય?

ઈંદ્રોની, દેવતાની શ્રદ્ધાનું શું થાય? એક કાંઈ કહે. બીજો કાંઈ કહે, તો સાંભળનારનું શું થાય? જુદી પ્રરૂપણાને સાંભળવા સાંભળવામાં તત્ત્વ ઊડી જાય છે. સાંભળનારના શ્રદ્ધાના ભેદો થાય છે.

ટપાલીના ભેદો છે તેમ સાંભળવામાં આ થાય, તો ઑફિસ ( office )ના ભેદોમાં શું થાય? ટપાલીના મતભેદમાં પ્રજાનો મરો થાય, તો પછી ઑફિસનો ગોટાળો હોય તો પ્રજાનું શું થાય?

સાધુના મતભેદમાં આવું થાય તો પછી તીર્થંકરના મતભેદો હોય તો શું થાય? સૌધર્મ ઈંદ્રની સ્થિતિ બે સાગરોપમની છે. અને તેટલી સ્થિતિમાં અસંખ્યાતા તીર્થંકરો થઈ જાય. બધા જુદું કહે તો સૌધર્મ ઈંદ્રનું કાળજું સળી જાય કે બીજું શું?

## મહાવિદેહમાં પણ પ્રરુપણા તો સરખી જ

મહાવિદેહની ને ભરતની પ્રરુપણા જુદી હોય, તો તે વખતે **મહાવીર**ની કિંમત કેવી થાય? અસંખ્યાત પાસે ઋજુ-પ્રાજ્ઞનું સાંભળે. અહીં સાંભળે વક્ર-જડનું. એક **સૌધર્મ** અસંખ્યાત તીર્થંકરોની ઋજુ-પ્રાજ્ઞની દેશના સાંભળે. અહીં **મહાવીર**ના વખતમાં વક્ર-જડની દેશના સાંભળે. ત્યાં જે નિશ્ચિત થયું હતું તેનું અહીં પાણી ફરે, તે પાલવે નહિ. ઊભો થાય. એના એ સૌધર્મ ઈંદ્ર મહાવિદેહ ને ભરતમાં ઋજુ-પ્રાજ્ઞપણાનો ઉપદેશ સાંભળે. **મહાવીર** વક્ર-જડનો ઉપદેશ કરે તો શી સ્થિતિ થાય?

'**મણિનાગ**' જક્ષને ચમત્કાર દેખાડવો પડયો તેમ દેખાડવો પડે.

## ભગવાન મહાવીર રિફોર્મર ન હતા

એમને વક્ર-જડને લાયકની પણ પ્રરૂપણા નહિ કરી હોય ત્યારે ? જેમ આપણે ઋજુ-જડ, ઋજુ-પ્રાજ્ઞની પ્રરૂપણા કરીએ છીએ તેમજ વક્ર-જડની પ્રરૂપણા કરવાની હોય છે તેથી 'પાંચ' સંખ્યા કહી દે. પહેલાં સાંભળ્યું હોય તે જ આ કહે તો ઊલટી 'પ્રતીતિ' થાય. અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓ જે પ્રરૂપણા કરે છે તે ત્રણે પ્રકારના જીવોને ઉદ્દેશીને કરે છે. તેમણે મહાવ્રતનું પાંચપણું વર્ણવેલું છે તેથી મહાવીર पन्नत्ता કહે છે. હું જૈન શાસનનો રિફોર્મર (reformer) નથી. પાર્શ્વનાથના શાસનમાં ખામી હતી. તેથી હું સુધારો કરૂં છું એમ કહીને રિફોર્મ કરવાવાળા ન હતા. ત્રણે વાતો મૂળરૂપે જ છે.

સભામાંથી-પ્રશ્ન-મહાવીર અત્યારે હોત તો પુનર્લગ્નને સંમતિ આપત ? સમાધાન-તારા જેવા ઉન્માર્ગીઓ તે વખતે હતા. રિફોર્મર (સુધારો કરનાર) હતા. નવી ન હતી તો સહી તો હોવી જોઈતી હતી ને ? ફલાણાનો છોકરો તું તેનો દસ્તાવેજ નથી. અમારા શાસનના તો બૌદ્ધો ને બ્રાહ્મણોમાં પૂરાવા છે. એટલે દસ્તાવેજ છે. દેવના અંગે જેમ ફાવે તેમ બોલે એમ ને ?

મૂળચંદજી મહારાજ પાસે **શાંતિસાગર**ના મતવાળા બે આવ્યા, કહેઃ જ્ઞાનની જરૂર છે. મૂળચંદજી-કોણ ના પાડે છે ? આવું જ્ઞાન ન હોય તો ક્રિયા નકામી. **મૂળચંદજી**-આત્માને સુધારવા માગે છે, આત્માના અનુભવનું જ્ઞાન માગે છે. તો તને પ્રશ્ન છે કે-કોકશાસ્ત્ર ભણ્યા વિના ભોગ કરે તે ફોગ છે.' અપેક્ષાએ જે વાક્ય છે તે તું વિચારતો નથી. તારે માટે સાધુ નથી, કેમકે તું ગણતો નથી તો હું તને જૈની ગણતો નથી. તારા માબાપ કોકશાસ્ત્ર ભણ્યાં છે ને ?

## 'महव्वया' એ ઉદ્દેશ, 'सव्व'એ નિર્દેશ

હવે મૂળ વાત પર આવો–લખે છે પોતે, નાખે છે અનંતા કેવળીને માથે. ત્રણ પ્રકારને લાયકના જીવોના માટે ત્રણે પ્રરૂપણા કરે છે. બધાએ પ્રરૂપ્યું છે. અત્યારે પોતે કરે છે ને? ના. કોર્ટમાં જજ (Judge) સજા કરે છે, છતાં લખે છે કોર્ટ. સરકાર તરફથી સજા થઈ એમ કહે છે. જે અનંતા તીર્થંકરોએ, અનંતા કેવલીઓએ ત્રણે પ્રકારની પ્રરૂપણા કરેલી છે. તેથી સર્વ તીર્થંકરોએ પાંચ મહાવ્રતો કહ્યાં છે તે કહેવામાં અડચણ નથી. પાંચ મહાવ્રતોમાં 'મહા' શબ્દ મહાવ્રતો કહેતી વખત મેલ્યો. 'सव्वाओ पाणाइवायाओ वेरमणं'ની જગ્યા પર 'મહા' મેલવાની જરૂર નથી? સર્વને જણાવનાર 'મહા' હોવાથી કાં તો સર્વ ન મેલો, કાં તો મહા ન મેલો. દેશથી વિરતિનું નામ 'અણુવ્રત'; સર્વથી વિરતિ તેનું નામ 'મહાવ્રત.' પછી સર્વ અગર 'મહા' કહેવાની જરૂર શી? સમાધાન–જે રૂપે ઉદ્દેશ હોય તે જ રૂપે નિર્દેશ હોવો જોઈએ. પંચ મહાવ્રત એ ઉદ્દેશવચન છે, અને 'सव्वाओ पाणाइवायाओ वेरमणं વગેરે નિર્દેશવચન છે. સર્વથા વિરતિની અપેક્ષાએ મહાવ્રતપણુ અને મહાવ્રતપણાને અંગે સર્વથા વિરતિ-મહાવ્રતપણું એ ઉદ્દેશ કર્યો છે તેથી નિર્દેશમાં 'સર્વ' રખાય.

## 'सव्व' શબ્દ નિરવશેષ સર્વવાચી

सव्वाओ એટલે શું? સર્વ. સર્વ એ 'सव्व' શબ્દનો અર્થ. પણ સર્વપણું આપેક્ષિક છે. કેટલીક વખતે જાતિની અપેક્ષાએ. એક લોટામાં દૂધ ભરેલું છે. દૂધ પી ગયો. તો બધું પી ગયો. શું જગતમાં દૂધ રહ્યું નથી? અહીં 'બધું' શબ્દ વાપર્યો તે લોટાની અપેક્ષાએ છે. જગતની અપેક્ષાએ નથી. સર્વ અસુર-

કુમારો કાળા. અસુરકુમાર જાતિ એમાં સર્વપણું. એકદેશે સર્વપણું હોય છે. એક જાતિને અંગે સર્વપણું. તેવી રીતે અહીં જાતિની અપેક્ષાએ, દેશની અપેક્ષાએ, 'સર્વને' અંગે હોય તો? નિરવશેષ સર્વના અર્થમાં, જેમાં કાંઈ પણ બાકી નહિ. અહીં 'સર્વ' શબ્દ નિરવશેષ સર્વના અંગે છે. સર્વ જીવો ચેતનાવાળા–કોઇ પણ જીવ બાકી નહિ. અહીં 'સર્વ' શબ્દ દેશ સર્વને અંગે લાગુ થાય નહિ. જાતિ સર્વને અંગે લાગુ થાય નહિ. 'सव्वाओ' માં 'સર્વ' શબ્દ નિરવશેષ અર્થમાં છે.

**'નિરવશેષ' સર્વનાં પચ્ચક્ખાણ છે**

જેને ત્રસ જીવો છે એમ શ્રદ્ધા ન હોય, વ્યવહારથી જીવપણાનો ખ્યાલ નથી, જે કીડી, મંકોડી ત્રસ જીવોને મારવા તેમાં હિંસા–અપ્કાય, તેઉકાયની હિંસા ખ્યાલમાં નથી. ત્રસની હિંસામાં હિંસા માને છે. સોએ અઠ્ઠાણું ટકા હજી મિથ્યાત્વમાં ભટકે છે. જૈન હશે તે હિંસાના પચ્ચક્ખાણ ખુશીથી કરે. સમજણ ત્યાં છે. કોઈ ત્રસ જીવની હિંસાને હિંસા ગણતા હોય તેવાની અપેક્ષાએ 'સર્વપણું' અહીં નથી. ત્યારે અહીં નિરવશેષ સર્વપણું છે. 'સાચું, તદ્દન સાચું, સાચા સિવાય કાંઈ નહિ.' કોઈ જાતનું પ્રાણાતિપાત નહિ કરૂં. નિરવશેષ અર્થને માટે 'सव्वाओ' કહેવું પડયું.

'पण्णत्ता' કેમ કહેવું પડયું? ગણધરના મોઢાના આ શબ્દ હોય તો पण्णत्ताનો અર્થ શો કરવો? પ્રાણાતિપાતમાં 'અતિ' શબ્દ કેમ? શું વિશિષ્ટના પચ્ચક્ખાણ કરો છો?

# વ્યાખ્યાન ૮

ગણધર મહારાજા સુધર્માસ્વામીજીએ શાસનની પ્રવૃત્તિમાં મહાવીર ભગવાન્ પાસે દીક્ષા પ્રાપ્ત કરી, ત્રિપદી પ્રાપ્ત કરી, પછી દ્વાદશાંગીની રચના કરતા થકા સ્થાનાંગ જે વર્ગીકરણ માટે રચાયેલું છે તેમાં પાંચમા ઠાણામાં જણાવે છે કે पंच महव्वया०

## ચરણકરણાનુયોગ કેમ?

હવે આમાં મહાવ્રતની પ્રરૂપણા કેમ? ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ ન લીધા, પહેલવહેલો ચરણકરણાનુયોગ કેમ લીધો? દ્રવ્યાનુયોગ–આત્માની–કર્મની સિદ્ધિ, ધર્મકથાનુયોગ–ધર્મકથા કહેવાની, ગણિતાનુયોગ–સૂર્યચંદ્રાદિ ચાર વગેરે ન લીધાં ને ચરણકરણાનુયોગ કેમ લીધો?

**ઓઘનિર્યુક્તિમાં** કહ્યું છેઃ જે ધર્મકથાનુયોગ, દ્રવ્યાનુયોગ એ બધી તો સીડીઓ છે, તેની જરૂરી ખરી, પણ સાધ્ય ગણીએ તો ચરણકરણાનુયોગ જ છે.

चरणपडिवत्तिहेउं धम्मकहा कालदिक्खमाईओ । दविए दंसण-सुद्धी दंसणसुद्धस्स चरणं तु ॥ (ઓઘ૦ ભાષ્ય ગા૦ ૭)

એમ કહીને જણાવે છે કે ચરણકરણની પ્રતિપત્તિમાટે, ફેલાવા માટે, દૃઢ કરવા માટે બીજા ત્રણ અનુયોગ છે. તે ત્રણ અનુયોગનું સાધ્ય 'ચરણકરણાનુયોગ' છે. ચરણકરણને પહોંચવા માટે તે હોય.

મેડે જવું છે, તેવો નિશ્ચય થયો હોય ત્યારે નીસરણીએ ચઢવા માટે ઉદ્યમ કરાય છે. મેડો છે. સુંદર છે અને જવું છે એ નિશ્ચય ન થાય ત્યાં સુધી કોઈ ઉદ્યમ કરે નહિ. તેટલા

માટે જણાવે છે કે दविए दंसणसुद्धी ( ઓઘ૦ ભાષ્ય ગા૦ ૭ ) દ્રવ્યાનુયોગ-કર્મગ્રંથ, જીવવિચાર વગેરેથી સમ્યક્ત્વની શુદ્ધિ કરે છે. પણ સમ્યક્ત્વની શુદ્ધિ કરી એ પરમ ફળ નથી, કોઈ પણ કાર્ય વિચાર આવે તો થાય, તેથી કાર્યની જડ વિચારને ગણીએ, પણ મુખ્યતા કાર્યની. કાર્ય બને ત્યારે વિચારનું સફળપણું. કાર્યમાં ઢીલા થાય કે કાર્યની પરિણતિ ન થાય, તો વિચારની કિંમત નહિ. 'કારક' સમ્યક્ત્વ જે કહેવું તે કરવું.

## સમ્યક્ત્વના ભેદ

સમ્યક્ત્વના પ્રકાર ત્રણ : (૧) કારક (૨) રોચક અને (૩) દીપક

## કારક સમ્યક્ત્વનું સ્વરૂપ

(૧) કારકમાં જેવું માને તેવું કરે-જેવી માન્યતા તેવી કરણી. 'કારક' સમકિત ખરેખર તેરમે ગુણઠાણે માનવું જોઈએ. છોડવા લાયક માન્યતા છતાં છૂટયા નહિ, કરવા લાયક આદરવું જોઈએ ત્યારે 'કારક'. બારમા-ક્ષીણમોહનીય ગુણઠાણે કે તેરમે નહિ; સાતમે ગુણઠાણે. છઠ્ઠે પણ ન માન્યું, સાતમે માન્યું. સાત અને બાર, તેર વચ્ચેનું આંતરું તે બાહ્ય પ્રવૃત્તિનું નથી. જે પ્રવૃત્તિ સારી માને તે કરે. કારકમાં માને તેવું કરે.

## રોચક સમ્યક્ત્વનું સ્વરૂપ

રોચક સમકિતમાં માને બધું પણ કરી શકે નહિ. ચોથે ગુણઠાણે રહેલો માને સિદ્ધ દશા. સ્વરૂપે સિદ્ધમહારાજના આત્મામાં અને નિગોદિયાના આત્મામાં ફરક નથી. પોતાના આત્માનું સિદ્ધપણું માને, શ્રેષ્ઠ માને, પણ વર્તાવમાં કાંઈ નહિ. એક વ્રત કે અણુવ્રત ન હોય.

**દીપક સમ્યક્ત્વનું સ્વરૂપ**

જેમ તમે દીવાની મદદે ચોપડા વાંચો, ઝવેરાત પારખો, પણ તે તમે પારખો પણ દીવાને લેવા દેવા નહિ. દીવો જડરૂપે છે, તમને ફક્ત અજવાળું કરી દે. મિથ્યાદૃષ્ટિ—અભવ્ય જીવો નવે તત્ત્વની પ્રરૂપણા કરે, એને અંગે બીજાને સમ્યક્ત્વ થઈ જાય એને પોતાને કાંઈ નહિ. જે મિથ્યાત્વનીપરિણતિવાળો છે.

પ્રશ્ન—મિથ્યાત્વ વેદી રહ્યો છે તેને સમકિતી બનાવો છો, એવો મિથ્યાત્વી છતાં સમકિતી કેમ? સમાધાન—એના દ્વારાએ બીજાને થયું તેથી કરનારો ગણાયો, હેતુ તરીકે. હું આ પ્રમાણે પ્રરૂપણા કરીશ તો આ લોકો મને શાસ્ત્રને અનુકૂળ માનશે. શાસ્ત્ર પ્રમાણે બોલવું તે આદર, સત્કાર માટે છે. એ બોલતાં સાંભળનારને સમ્યક્ત્વ થાય તેથી 'દીપક'

પરસંયોગે સમ્યક્ત્વ [1]તત્ત્વાર્થકારે માન્યું છે, જો તે માનવામાં ન આવે તો પ્રતિમા વગેરે નકામા થઈ જાય. જ્યારે મૂર્તિમાં સમ્યગ્દર્શન. જ્ઞાન, ચારિત્ર એકકે નથી, એમના દર્શનથી સ્વરૂપનું ભાન થાય. તેથી દર્શન કરનારો સમકિત પામે.

**પ્રતિમા વીતરાગ દશાના સ્મરણ માટે છે.**

પાના ઉપર અક્ષર છે. શાસ્ત્રથી બોધ થાય છે. શાસ્ત્ર બોલતું નથી, છતાં તે દ્વારા બોધ થાય તેનાથી જ સર્વ કાળ, ક્ષેત્ર, જગત જાણી શકીએ છીએ. શ્રુતજ્ઞાને કરીને જેની બુદ્ધિ શુદ્ધ થઈ હોય તે સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરેને જાણે. કાગળ એટલે લૂગડાનાં ચીંથરાં; શાહી એટલે કોયલાનો ભૂકો. એ

---

१ आत्मसंयोगेन, परसंयोगेन, उभयसंयोगेन चेति वाच्यम्, (तत्त्वा० अ० १ सू०७भा०)

દેવ-ગુરુ-ધર્મનું તત્ત્વ જણાવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જણાવે છે. સંકેત ખ્યાલમાં આવે છે, તેથી ધર્મની ઉત્તમતા જાણી શકીએ છીએ. સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જાણી શકીએ છીએ, તો પછી મૂર્તિના આકારથી તેમનું ખુદ સ્મરણ, ઉપદેશનું સ્મરણ, ગુણનું સ્મરણ કેમ ન થાય? જિનેશ્વરના દર્શનથી આપણે ખુદ તીર્થંકરના સ્વરૂપનું સ્મરણ, વીતરાગ દશાનું સ્મરણ કરી શકીએ છીએ, તેથી પ્રતિબોધ થાય છે. જે આ ભાષા ન જાણે તેની આગળ પાંચ હજાર પાનાંનું પુસ્તક મૂકીએ તો યે પુસ્તકનો ઢગલો નકામો છે-એને માટે કાગળીઆં છે. તેવી રીતે જિનેશ્વરને અંગે જેને એના ઉપરથી ભગવાનનું સ્વરૂપ જાણવું, માનવું, ગણવું નથી, તેને માટે તો-અનાર્યને આર્યલિપિના ચાહે તેટલાં પુસ્તકો હોય તે કાગળીઆં છે.

## પ્રતિમાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ

જે ગુણોનુ સ્મરણ ન કરે તેને મૂર્તિ પત્થર છે. જેમ કોળીનાળીને કોહીનૂર એટલે કાંકરો. જેને કિંમત ખ્યાલમાં નથી આવી તેને માટે તો કોહીનૂર હીરો તે કાંકરો જ છે. તેમ જેઓને પ્રતિમાને દેખીને ગુણો, ઉપદેશો, નિષેધેલા દોષો યાદ કરવા નથી તેઓને માટે પત્થરો છે. ઝવેરીને માટે કોહીનૂર એ કાંકરો નથી પણ કોળીને માટે કાંકરો છે. તેવી રીતે જેને ફાયદો ખ્યાલમાં ન હોય તે પત્થર ગણી લે. જેને ગુણો વગેરે યાદ આવે છે તે પત્થર ન ગણે તે સ્વાભાવિક છે. પવિત્ર ભાવનાવાળો, તીર્થંકરના ગુણોને, ઉત્તમતાને જાણવાવાળા હોય તેથી પ્રતિમા દેખે ત્યારે ઉલ્લાસ થાય. ભોળાભાઈના બાપની છબી હશે તે દેખીને ઉલ્લાસ કોને થશે? સંબંધીઓ

હશે તેને. તીર્થંકરના શાસનમાં હશે તેને ભગવાનની પ્રતિમા દેખીને ઉલ્લાસ થશે. જિનેશ્વરની મૂર્તિ અનેક જીવોને સમ્યક્ત્વ આપનારી થઈ, તેથી [1]તત્ત્વાર્થકારે જિનેશ્વરની મૂર્તિમાં સમ્યક્ત્વ માન્યું. નહિ માનનારાઓ માનનારાની પરીક્ષા લે.

## પરસંયોગે મૂર્તિ ચારિત્રવાળી છે

પ્રતિમામાં કેટલાં ગુણઠાણાં? તેર. *તત્ત્વાર્થકારે, આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું: એક જીવમાં એક સાધુને દેખ્યો સમકિત થયું. એક જીવમાં એક પ્રતિમા દેખી સમકિત થયું. હેતુપણે-પરસંનિયોગ-અજીવ જેમ મૂર્તિ દેખવા માત્રથી સમ્યક્ત્વ ઉત્પન્ન થાય. જ્યારે જિનેશ્વરની મૂર્તિ કેવળ આત્મઅપેક્ષાએ જડસ્વરૂપ છે. આત્મસંનિધાનની અપેક્ષાએ અજ્ઞાન છે. પરસંનિયોગે ચારિત્રવાળી છે, ચોથા ગુણઠાણી સમ્યક્ત્વવાળી છે. આત્મસંનિયોગ-જેમાં ઉત્પન્ન થાય છે.

## સમ્યક્ત્વ જીવમાં ઉત્પન્ન થાય

સમ્યક્ત્વ ઉત્પન્ન શેમાં થાય? જીવમાં પરસંનિયોગ-બાહ્ય કારણ બને, બીજાના સંબંધે, હેતુરૂપે હતો તો જ સમ્યક્ત્વ થયું. અનાદિની રખડપટ્ટીમાં જે નહોતું મળ્યું એ પ્રતિમાને પ્રભાવે મળ્યું. આત્મા તો અનાદિનો હતો. ઊંઘી ગયો હતો? કાંઈ કેમ વળ્યું નહિ? પ્રભાવ એનો. સમ્યક્ત્વ થયું પણ

---

[1]परसंयोगेन जीवस्याजीवस्य, (तत्त्वा० अ० १ सू० ७ भा०) एवमेकमजीवाख्य पदार्थं प्रतिमादिकं प्रतीत्य यदा क्षयोपशमः समुपजायतेऽतस्तदा तस्यैवाजीवस्य सम्यग्दर्शनम् (तत्त्वा० टी. हरि० पृ० ४०).

*પરિશિષ્ટ પહેલું નંબર (૧) જુઓ.

ઉદ્યમ કોણે કર્યો ? આત્માએ. એક જ દહેરામાં અસંખ્ય મૂર્તિઓ છે. એક વખત મૂળ નાયકને દેખવાથી ઉલ્લાસ થાય, તેવો બીજી વખતે ભમતી ફરવામાં નથી થતો.

## 'મૂર્તિ' સ્વરૂપ જણાવે છે

તીર્થંકરની મૂર્તિ એ પોતાનું સ્વરૂપ તમારા હૃદયમાં લાવવાનું કારણ બને છે, તેથી પરસંનિયોગથી સમ્યક્ત્વ માનીએ છીએ. મૂર્તિ દેખો, દેખ્યા પછી ભગવાનનું સ્મરણ થાય, ઉપદેશનું સ્મરણ થાય તેથી પદાર્થોનું સ્મરણ થાય. આથી જ મૂર્તિ દેખીને ભગવાનનું સ્મરણ. ભોળાભાઈને બાપે એક વાત કહેલી ભૂલી ગયા છે. ફોટો દેખ્યો તેથી પિતાનું સ્મરણ, ઉપદેશનું સ્મરણ, પછી વસ્તુનું સ્મરણ થયું. તેમ તત્ત્વનું સ્મરણ થાય ત્યારે સમ્યક્ત્વ થાય. પ્રતિમા દેખીને જે પગથીઆં આગળ આવવાનાં છે તે જ આ પગથીઉં છે. ઉપદેશનું સ્મરણ થાય ત્યારે સમ્યક્ત્વ થશે. આ જ કારણથી અભવ્ય ઉપદેશમાં જે તત્ત્વો કહે છે તે જિનેશ્વરનાં કહેલાં જ કહે છે.

## અભવ્યના ઉપદેશથી પણ શ્રદ્ધા થાય

ચોથામાં સમકિત-તેરમે કેવળજ્ઞાન. મૂર્તિના ધ્યાને કેવળજ્ઞાન લઈ શકે. અભવ્ય મિથ્યાદૃષ્ટિ હોય પણ શાસ્ત્રનાં તત્ત્વોનું નિરૂપણ કરે તે શ્રોતા સાંભળે, તેને સમ્યક્ત્વ થાય. કારણ? ઉપદેશ દેનાર છે. આથી અભવ્યને 'દીપક' નામનું સમ્યક્ત્વ માનવામાં આવે છે. જો આમ અભવ્યમાં સમ્યક્ત્વ માનવામાં આવે તો પ્રતિમામાં ચોથાથી તેર ગુણઠાણા માનવામાં શી અડચણ? અભવ્ય બીજાને સમ્યક્ત્વનું કારણ બને. દ્રવ્યશ્રુત જે ભાવશ્રુત ઉત્પન્ન કરે તેથી તે શુદ્ધ. તે અપેક્ષાએ દ્રવ્યશ્રુત ચાહે જેનું હોય તેને ભાવશ્રુત કહી શકીએ, પછી તો ચાહે

તેનો ઉપદેશ શ્રદ્ધા કરવાવાળો કેમ ન થાય?

કારક, રોચક ને દીપક એમ ત્રણ પ્રકારનાં સમ્યક્ત્વ છે.

કારક માને તે પ્રમાણે કરે, અશક્યને છોડી દે. સાતમા ગુણઠાણા સુધી પ્રવૃત્તિને આધારે પરિણતિ. પછી કેવળ પરિણતિ–પ્રવૃત્તિ ઉપર જેટલો કાબૂ મેળવાય તેટલો મેળવવો જોઈએ. તે મેળવે તો સાચી શ્રદ્ધાવાળો.

રોચકવાળો કાબૂ ન મેળવી શકે, પણ માન્યતા પૂરેપૂરી. જે સમ્યક્ત્વ છે તે શાને માટે છે? કરણી માટે. કરણી ન કરી શકે તો રોચકમાં રહો. ધ્યેય તો કરણીમાં છે. પગથીએ ચઢવાવાળો માળે નથી પહોંચ્યો, પણ ધ્યેય માળમાં. રોચકવાળાને ધ્યેય કરવામાં. 'રોચક' સમ્યક્ત્વ શુદ્ધ થતું જાય તો કારકપણે પરિણમે.

## ચાર અનુયોગ એ સોનું, રૂપું, હીરા ને લોઢાની ખાણ

દ્રવ્યાનુયોગ સમ્યક્ત્વ માટે; ગણિતાનુયોગ–યોગ્ય વખતસર દીક્ષા દેવા માટે; ધર્મકથા–સંવરના પોષણ માટે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ, ચરણકરણાનુયોગને માટે છે, છતાં ચરણકરણાનુયોગને લોઢાની ખાણ કહે છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ ને ધર્મકથાનુયોગ એ ત્રણને અનુક્રમે સોના, રૂપા અને હીરાની ખાણો કહે છે. ચરણકરણાનુયોગને લોઢાની ખાણ બતાવી ત્યારે શિષ્ય ચમક્યો. બધું છોડીએ. અંતે લોઢાની ખાણના માલિક? તત્ત્વ સમજ્યો નથી.

## ભાવાર્થ ન સમજતાં શબ્દ સાંભળે તો અનર્થ

એક શહેરનો રાજા છે. બીજા રાજાનો પ્રધાન આ રાજા પાસે આવ્યો. પ્રધાનની અક્કલ તપાસવા પૂછ્યું.–હું કેવો? તમારા રાજા કેવા? ઉત્તર–અમારા રાજા તો બીજના ચાંદ જેવા છોટા, તું

તો પૂનમના ચાંદ જેવો મોટો.

ચાર જણ બેઠેલા હતા. તેણે રાજાને કહ્યું-પ્રધાન તો નિંદા કરે છે. રાજા કાનના કાચા કહેવાય છે. કેમ પ્રધાન! તમે આમ કહી આવ્યા ને? રાજાએ સભા વચ્ચે પ્રશ્ન કર્યો છે. તમે લૂણ ખાઈ નિંદા કરો છો ને? સમાધાન—બીજનો ચાંદ જગતને નમસ્કાર કરવા લાયક છે. પૂનમના ચાંદને નમસ્કાર કોઈ કરતું નથી. બીજના ચાંદમાં વૃદ્ધિની જડ છે. પૂનમના ચાંદમાં ક્ષયની જડ છે. મેં તો કહ્યું મારા રાજા નાના છે, પણ વૃદ્ધિની જડ છે એમ કહ્યું. કેટલીક વખત શબ્દના ભાવાર્થમાં ન જવાય. એકલો શબ્દ સંભળાય તો આવો અનર્થ થાય.

## લોઢા વગર સોના, ચાંદીની ખાણો નકામી

સોનાની ખાણમાંથી સોનું કાઢે કોણ? લોઢું કે બીજું કોઈ? રાજાને ચાર કુંવર હતા. રાજા અંત અવસ્થાએ આવ્યો. કુંવરો લઢી મરશે એમ ધારી નાનાને હીરાની ખાણ, ને સૌથી મોટાને લોઢાની ખાણ. મોટો છોકરો ઘણો ગભરાયો. બાપે કર્યું શું? કોઈ સલાહકાર મળ્યો. બરાબર કર્યું છે. મૂળ ઘર નાના છોકરાને અપાય છે. તાકાતને અંગે નવું કરવાનું સોંપાય. ટાંટીઆ તોડવાના હોય તે ઉઘરાણી મોટાને સોંપાય. આપણે ખપ સિવાય લોઢું કાઢવું નહિ, બહાર જવા દેવું નહિ. જ્યાં પાંચ સાત વર્ષો થઈ ગયાં. બધી ખાણો અટકી પડી. સોનાચાંદીની ખાણવાળાથી કામ ન થાય. તોલે તોલ આપવા તૈયાર થયા. હીરાની ખાણની માલિકી ધરાવવી, સાચવવી એ પણ હથિયાર ઉપર આધાર રાખે. હથિયાર લોઢાનાં. હીરા પ્રસંગે કામ લાગવાના. લોઢું ચોવીસે કલાક જરૂરી.

## છાપ મારનાર ચરણકરણાનુયોગ

ચરણકરણાનુયોગ ચોવીસે કલાકનો જરૂરી. કથા જાણી, પણ કથા કહેવાનો પ્રસંગ આવે ત્યારે ને? એ ત્રણ પ્રસંગ આવ્યા કામના. ચરણકરણાનુયોગ ચોવીસે કલાક કામનો. ત્રણેની જડ અહીં ચરણકરણમાં. ચોકડી પડી ગએલી હોત તો એમના કહેલા આત્માના સ્વરૂપને માનત કે? ભગવાનનાં વચનો માનીએ છીએ, આત્માનું સ્વરૂપ માનીએ છીએ તે ચરણકરણની બલિહારી છે. રાગ, દ્વેષ, મોહના અભાવે મહિના, વર્ષો, યુગો રહ્યા ત્યારે ભગવાનનું વચન ટંકશાળ લાગ્યું. કિંમત ચાંદીની પણ છાપ મારનાર લોઢું હોય તો તે ચાંદી છે. કેવળજ્ઞાનથી પદાર્થો જાણીને કહ્યા, પણ એ કેવળી છે એનો ભરોસો? એમના વર્તન ઉપર. સોનાના સિક્કા પર છાપ મારી લોઢાના સિક્કાએ. ભગવાનના સ્વરૂપને અંગે છાપ મારનાર હોય તો તે ચરણકરણનું લોઢું જ છે. કેવળજ્ઞાન મેળવી આપ્યું ચરણકરણે. કેવળજ્ઞાન-વાળો ચરણકરણ વગરનો હોતો નથી. જેમ રાજાના કુંવરે લોઢાનું સ્વરૂપ ધ્યાનમાં લીધું, તેમ ચરણકરણાનુયોગ લોઢાની ખાણ જેવો છે. આના ઉપર બધાનો આધાર.

## પાંચમા ઠાણામાં ચરણકરણની છાપ

આત્માને જાણીને, કથા સાંભળીને કરવાનું શું? આત્માને કર્મબંધ, આરંભપરિગ્રહ, વિષયકષાયથી બચાવવાનો. એનું નામ 'ચરણકરણાનુયોગ'. ગણધરે પાંચમા ઠાણામાં ચરણકરણની છાયા કરી. पंच महव्वया–એમણે મહાવ્રત લીધાં હતાં તે સારાં માનીને કે ખોટાં માનીને? સારા માનીને.

## ખોટો રૂપિયો કાપી નાંખવાનો

જે નિખાલસ દિલનો, સારો હોય તે પોતે સારી મેળવેલી

તે જ આપે, ખરાબ આપે નહિ; પેઢી લાજે. ખોટા સિક્કાને માટે તમારે માથે ફરજ નાખી. ખોટો સિક્કો આવે તો કાપી નાખો. બીજો કોઇ રૂપિયો આપવા આવે, તેમાં ખોટો રૂપિયો લાગે તો તે વખતે ભાંગી નાખો. પાછો દો તો ગુનેગાર. કારણ? શાહુકારના હાથ નીચેથી કલાઇનો રૂપિયો પાસ થાય તો શાહુકારી લાજે.

## સાધુએ મહાવ્રતનો ઉપદેશ આપવો

પ્રશ્ન–ગણધર મહારાજા કઇ વાડીના મૂળા? તીર્થંકર ક્ષત્રિય વંશના, જૈનકુળના, જ્યારે ગણધર કોઇ કયા ગામના, કોઇ કયા ગામના. બ્રાહ્મણના વંશના. મિયાં મહાદેવનો જોગ બાઝયો.

સમાધાન–વિલાયતથી સારો માલ મંગાવવો પડે છે. તો સારો માલ લેવામાં અડચણ શી? ગણધરની દુકાનમાં મહાવ્રત સિવાય માલ ન હતો. હંમેશાં મનુષ્યે પાપનો નિષેધ તો સર્વથા કરવો પડે; બીજો પાપ છોડે કે ન છોડે પણ ન બતાવે તો જૈન દર્શન નહિ. તે ન બતાવે તો ઉપઘાતજનક દોષ માન્યો છે. 'બ્રાહ્મણને ન મારવો' એમ કહ્યું તે વચન નકામું. બ્રાહ્મણને નહિ મારવો કહ્યો તેથી બીજાને ઉપઘાત કરનાર. અન્યની હિંસાનું વિધાન કરનાર છે. જો મહાવ્રતનો ઉપદેશ ન આપતાં સમકિતનો ઉપદેશ આપે તો તે વચન ઉપઘાતજનક થઇ જાય. **સાધુઓએ આપવો તો મહાવ્રતનો ઉપદેશ આપવો.** નહિ તો ચૂપ બેસવું. બકરી બચાવાય તો બચાવવી, નહિ તો હિંદુએ ઘરમાં પેસી જવું. 'અણુવ્રતનો ઉપદેશ આપો એટલે બીજાને વ્રતધારી બનાવો ને પાપની છૂટ આપો'. એવી અણુવ્રતના ઉપદેશ આપવાવાળા ઉપર શંકા કરી હતી.

રૂપિયો તે વર્ષનો છપાયેલો હોય, ઘસાયો ન હોય.

શાહુકારે ઘસારાવાળો રૂપિયો ન ચલાવવો? તેવી રીતે અહીં મહાવ્રતનો ઉપદેશ આપતાં મહાવ્રતની પરિણતિવાળો થાય.

**શેઠના છ છોકરાનું દૃષ્ટાંત**

એક શેઠને છ છોકરા. એ બધા વેપારમાં જોડાએલા છે. પ્રાચીન કાળમાં હુકમની વિચિત્રતા. બધા પુરુષોએ બહાર જવું, સાંજ પડે તે પહેલાં કોઈ પુરુષે રહેવું નહિ. 'મુદ્દો એ હતો કે સ્ત્રીઓ સ્વતંત્રપણે ફરે. છ છોકરા વેપાર કરે છે. નામું કરતાં સૂર્ય આથમ્યો ભોંયરામાં છએ પેસી ગયા. આખી રાત ભોંયરામાં રહ્યા, કાર્ય એ વસ્તુ નહિ, હુકમ એ જ વસ્તુ. માલમ પડયુંઃ છ છોકરા ભોંયરામાં રહ્યા. સિપાઈઓને મોકલ્યા. છને ભોંયરામાંથી કાઢયા. દરબારમાં લઈ ગયા. છએ હુકમ હડસેલી કાઢયો. છને ફાંસીની સજા દે છે. તે વાત બાપને ખબર પડી. બાપ રાજા પાસે ગયો, ત્યારે–ચાહે તેમ કરો તે નહિ ચાલે, તેમ રાજાએ કહ્યું. જેટલાએ હુકમ ભાંગ્યો તેટલાને સજા. પાંચને છોડો, ચારને છોડો, ત્રણને છોડો, બેને છોડો, એકને છોડો. રાજા માનતો નથી, ત્યારે બધા અધિકારીને ભેળા કરીને આવ્યો. પછી અધિકારીઓએ કહ્યુંઃ સાહેબ હુકમ તો કર્યો જ છે? શેઠનું ઘર ઊડી જાય છે. આ પ્રમાણે કહીને એકને છોડાવ્યો. આમ કરવાથી પાંચને મરાવ્યા એમ સમજવું? એ તો છએને છોડાવવા ગયો હતો. રાજાએ ન છોડયા.

**છ ન છોડે તો એકને પણ**

**છોડાવવાના ન્યાયે અણુવ્રતનો ઉપદેશ**

છએ કાયરૂપી છોકરાઓને છોડાવવા સાધુઓએ મથવાનું છે. ન બને તેથી ત્રસકાયને છોડાવી. જે અણુવ્રત દેવાય તે બાંધેલા પુત્રોને છોડાવવાની સ્થિતિએ. છએ ન છૂટે તો એકને.

છકાયને પળાવવાનો ઉપદેશ. સાધુને અણુવ્રતનો ઉપદેશ આપતાં દોષ નથી. અણુવ્રતનો સર્વથા ઉપદેશ ન હોય તેમ કેમ બને?

**અગિયાર અંગમાં દેશવિરતિનો ઉપદેશ નથી**

કોઈ ઠેકાણે અગિયાર અંગમાં ભગવાને દેશવિરતિનો ઉપદેશ આપ્યો હોય તો લાવો.

**ઉપાસકદશાંગ**માં **આનંદ** શ્રાવકે દેશવિરતિ ઉચ્ચરી છે તેમ છે. તે ઉચ્ચરાવી છે ભગવાને. ભગવાને મહાવ્રતનો ઉપદેશ આપ્યો. અવિરતિમાં રહે તેના કરતાં દેશવિરતિમાં રહે તે સારૂં. મહાવ્રતનો ઉપદેશ દીધો.

**પ્રશ્ન**-મહાવ્રતની પરિણતિ થઈ નહિ. પછી અણુવ્રતમાં આવ્યો કયાંથી? **સમાધાન**-આવી રીતે મહાવ્રત લઈ શકતો નથી, પણ બાર પ્રકારનો ગૃહસ્થ ધર્મ અંગીકાર કરૂં એમ **આનંદ** બોલ્યો છે. પણ ભગવાને કહ્યું નથી.

**અગાર ધર્મ ને અણગાર ધર્મ કેમ કહ્યો?**

ભગવાને બે પ્રકારનો ધર્મ કહ્યો: અગાર ને અનગાર ધર્મ કહ્યો છે. દશ સ્વપ્નાં આવ્યાં. માળાનું ફળ. આનું ફળ નથી જાણતો. બે પ્રકારનો ધર્મ કહીશ. છદ્મસ્થપણાથી 'અગાર' ધર્મને 'ધર્મ' તરીકે માન્યો છે. કેવલીપણામાં બે પ્રકારનો ધર્મ કહ્યો છે. ધર્મ, અધર્મ, ધર્માધર્મ–ગૃહસ્થનો જે પક્ષ તે બધો ધર્માધર્મ. ધર્મ, અધર્મ મિશ્ર કહેવો જોઈએ. અગારને ધર્માધર્મ હોય; ધર્મ હોય નહિ. ધર્મ તો અણગારને હોય તો પછી અગાર ધર્મ કેમ કહ્યો?

**અગાર ધર્મ એટલે ખાળે ડૂચા ને દરવાજા મોકળા**

અગારપણું એટલે ખાળે ડૂચા ને દરવાજા મોકળા! પહેલા અણુવ્રતમાં ગૃહસ્થને ત્રસ જીવને જાણી જોઈને, નિરપરાધીને,

નિરપેક્ષપણે મારવો નહિ એવી વિરતિ છે. ત્રસ જીવો મુઠ્ઠીભર, તેની દયા કરાવે છે. પેલા અનંતાની હિંસા છૂટી રાખે છે. તેને 'ધર્મી' કહેવાય કેમ?

જૂઠાને અંગે–મોટકું જૂઠું બંધ–ગાયને વેચે લે ત્યારે, ભૂમિ, કન્યા વગેરેનું. કોઇક વખત થવાવાળી વાત તેને બંધ રાખે. રોજનાં રોળાંને ગબડાવતું રાખે તો ખાળે ડૂચા ને દરવાજા મોકળા.

ચોરીને અંગે-દુનિયા ચોર કહે તેમ ન કરવું. એટલે ભગવાનનો, ગુરુનો ચોર ન ગણાઉં એમ કર્યું. સ્વામી સાચા હોય તેની દરકાર નહિ, દુનિયા ગણે તેને માનવો. કેરી દેખી. આંબે છૂટ આપી? કે કેરી તોડી? સાચા માલિકને સમજીને ચોરી વર્જવી નથી. નથી તો સાચો માલિક તે માલિક કબૂલ. ચાહે તો દુનિયાદારીમાં માલિક ગણાય તેનું ન આપ્યું ન લેવું. તો યે ખાળે ડૂચો, દરવાજા મોકળા છે.

પોતે બ્રહ્મચર્ય ઉચ્ચરે પણ છોકરાની વહુ ન આવતી હોય તો સાસરે લડવા જાય. છોકરાને માટે સગાઈ કરવા જાય. તે વગેરેની પોતાને છૂટ. ફક્ત પોતાના શરીર પૂરતો ત્યાગ. બીજાની છૂટ આવા ખાળે ડૂચાવાળા કે જેને દરવાજે ડૂચો માર્યો નથી તેવો કબૂલ? આવી રીતે શ્રાવકનાં વ્રતો હોવાથી એને ધર્મપક્ષમાં ગણાય કેમ?

## અણુવ્રતવાળો દરવાજા બંધ કરવાની ભાવનાવાળો છે

અણુવ્રતવાળો દરવાજે ડૂચા મારવાની દાનતવાળો છે. એમ માનીએ ત્યારે **હેમચંદ્ર**સૂરિ કહે છે:— *અહિંસાના ધર્મને જાણનારો એ સ્થાવરની નિરર્થક હિંસા ન કરે. દરવાજા બંધ કરવાની બુદ્ધિ તો હતી. જો એ બુદ્ધિ ન હોત તો એ

* પરિશિષ્ટ પહેલું નંબર (૨) જુઓ.

વૃત્તિ જ ન આવત. બારે વ્રતના અતિચારો કહી આપે છે કે દાનત દરવાજા બંધ કરવાની. વધ સિવાયની પણ દયા પાળવાની ફરજ ગણી છે.

**અતિચારો દરવાજા બંધની ભાવના જણાવે છે**

જેમ ચોથા વ્રતમાં કામભોગની તીવ્ર અભિલાષા તે અતિચાર. સ્વસ્ત્રીને અંગે છૂટું છે, છતાં સ્વસ્ત્રીને અંગે અતિચાર કેમ? તીવ્ર અભિલાષા છે માટે. સર્વથા બ્રહ્મચર્ય રાખવાનું છે, પણ તીવ્ર અભિલાષા થઇ તેથી અતિચાર છે. અપક્વ, દુષ્પક્વ અતિચાર. આ વિચારશો ત્યારે માલમ પડશે કે દરવાજા બંધ કરવાની ભાવના છે, શક્તિની ખામીને લીધે ખાળ બંધ કરે છે.

**સત્તરમાં પ્રવર્તેલો સમ્યક્ત્વી**

દેવલોકનો પટો લખી આપે છે. કોને? સત્તરે પાપસ્થાનકમાં પ્રવર્તવાવાળો છતાં સમ્યક્ત્વવાળો હોય તેને મુઠ્ઠીભર જીવોની દયા કરી હોય. અહીં ત્રસની દયા પણ બિનશરતી નથી.

**શ્રાવકની દાનત ધર્મપક્ષમાં છે**

શત્રુનો છોકરો હોય, એણે શત્રુતા ક્યારે કરી? અપેક્ષા છે તેથી છૂટ. જેમાં કાંઈ પણ અપેક્ષા નહિ હોય- ત્રસ હોય તો મારી નાંખવું નહિ. સમકિતી સમકિતપણામાં કાળ કરે તો વૈમાનિક દેવ થાય. દેવલોકનો પટો કેમ મળ્યો? પટો સોંઘો હતો? પરિણતિ આચારઆખાની તેથી દેવલોકનો પટો. સંખ્યાતાની દયા, અનંતાની હિંસા. પટો ક્યાંથી મળે? ભાવના સ્થાવરની પણ દયા પાળવાની છે. સાધુ ધર્મપક્ષમાં, તેવી રીતે શ્રાવકનો આચાર ધર્માધર્મનો છે, તેને પણ ધર્મપક્ષમાં ગણ્યો, કારણ દાનત ધર્મપક્ષમાં છે. સૂક્ષ્મ જૂઠું બોલું તેમાં

કલ્યાણ છે એ ભાવના નથી.

## પ્રજ્ઞપ્તાથી તીર્થંકરની છાપ

જિનેશ્વરે અગાર ધર્મ ને અનગાર ધર્મ કહ્યો. ગણધરો અનગાર ધર્મ અનુભવે છે. પાંચ, મહાવ્રત અને પન્નત્તાને અંગે વ્યાખ્યા કરી. पन्नत्ता કહીને તે જણાવ્યું કે મારા જ્ઞાને મહાવ્રત દેખ્યાં નથી. એનું ફળ મારા જ્ઞાને નથી દેખ્યું. તીર્થંકર **મહાવીરે** દેખ્યું છે. એમની પાસેથી મળ્યું છે. અનંતરાગમપણું જણાવવા માટે प्रज्ञप्तानि એમ જણાવી એની સર્વજ્ઞની પાસેથી મેળવેલાં એમ છાપ મારી. સ્વતંત્ર જાણ્યાં નથી. સ્વતંત્રપણે આપતો નથી. **સુધર્માસ્વામી** કહે છે. મહાવ્રત જેવી જબરજસ્ત વસ્તુ જે હું કહું છું તે મારી પોતાની નથી. મને તો તીર્થંકર ભગવાને આપેલી છે. प्रज्ञप्ताથી બનેલી સર્વજ્ઞ પાસેથી લીધેલી તે કહું છું.

## સૂત્રથી ગણધરો રચે

સૂત્ર થકી સ્વતંત્ર રચના કરી. અરિહંત તો અર્થને કહે; સૂત્ર તો ગણધર ગૂંથે. અર્થ માત્ર સાંભળ્યો. સૂત્ર પોતે કર્યાં છે. દરેક શાસનમાં નિરૂપણ કર્યાં છે તે મેં ક્ષયોપશમથી મેળવ્યાં છે.

## આનુપૂર્વીવાળા પહેલા જ ભાંગે મહાવ્રતો

પાંચ મહાવ્રતો કહીને બેસી રહે તો તુંબડીમાં કાંકરાનો ન્યાય થાય માટે 'तद्यथा' કહી અનુક્રમે બતાવે છે. પહેલે મૃષાવાદવિરમણ કહે તે ચાલે નહિ. એકસો ઓગણીસ ભાંગા નકામા, એક જ ભાંગો કામનો. એક, બે, ત્રણ, ચાર અને પાંચનો આનુપૂર્વીવાળો કામનો. પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વીને અંગે થાય તે એકસો ઓગણીસ ભાંગા નકામા, એક જ ભાંગો તીર્થંકરો, કેવળીઓને કબૂલ. અનુક્રમે એક, બે, ત્રણ, ચાર ને

પાંચ તે કબૂલ. તેનું કારણ? પહેલા મહાવ્રત સિવાય બીજાનો અંગીકાર નહિ. બીજાના અંગીકાર વિના ત્રીજાનો અંગીકાર નહિ.

## 'तद्यथा' શા માટે?

ટપટપથી કામ કે રોટલાથી? પાપથી વિરમવાથી કામ છે ને? ભલે બોલી દે सव्वाओ मेहुणाओ वेरमणं, પણ તેમાં ગયું શું? જે આ અનુક્રમ કહું છું તેમ. હિંસાની સર્વથા વિરતિ તે પહેલા જ મહાવ્રતે; એમાં આગળ પાછળ નહિ. બ્રાહ્મણને લોટ આપો, ડાબે હાથે આપો તે લોટામાં પડશે, ઢોળાઈ જાય નહિ. ચાહે તેમ આપો ને? બ્રાહ્મણને લોટથી મતલબ. બીજી ગરબડ શી? તમારે પાંચ મહાવ્રત બંધ કરવાં તેટલી મતલબ. ચાહે તેમ કરો, તો તદ્યથાનું કામ નથી. આ જ ક્રમ પહેલાં પ્રાણાતિપાતવિરમણ વગેરે. એનું કારણ?

## સર્વજ્ઞનું શાસન એટલે પહેલું મહાવ્રત

'तद्यथा' એમ જણાવે છે કે પહેલાં દુનિયામાં ધનમાલ ચોરવાની ચોરી બંધ કરવી પડે, બોરાં ચોરવાની ચોરી નહિ. રસ્તામાં પડેલું ન લઉં. તાળું તોડવાની છૂટી રાખે તો?

સૂક્ષ્મનિગોદિયા-પૃથ્વીકાય ઈત્યાદિને મારવા નહિ. ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ આપો. કાગડાં, બિલાડાંને મારવાની છૂટ એમને? સૂક્ષ્મનાં પચ્ચક્ખાણ આપવાં કે બાદરની સમજણ આપવી? સર્વથા દયા થશે ત્યારે પરિણતિ આવશે. લોહી ચૂસે છે એવાની ઉપર દયા ન થાય કહે અને તેને મૂર્છિત દેખીને દયા આવે તે ઢોંગ છે. બાદરની દયા ન થાય તેને સૂક્ષ્મની વાતો કરવી તે ઢોંગ. પરસ્ત્રી બંધ કર્યા વિના સ્વસ્ત્રીની બંધી તે ઢોંગ. માટે મોટાં પાપનાં કારણો એ પહેલાં બંધ કરવા જોઈએ. પહેલે નંબરે પ્રાણાતિપાતવિરમણ કરવું જોઈએ.

એ વિરમણ કર્યા વિના બીજાં વ્રતોના વિરમણ કરવા તે ઢોંગ છે. **સર્વજ્ઞનું શાસન પહેલું મહાવ્રત છે તે.** પ્રણાતિપાત કરનારો બીજાને નુકસાન કેટલું કરે છે? જે હશે પ્રાણોની જાણવાની તાકાતનું જ્ઞાન તે બધું નાશ કરે છે.

**હિંસા એટલે ગુંડાશાહી**

મૃષાવાદ એટલે કહે કે કારીગીરી. એમાં ગુંડાશાહી નથી. હિંસા એ ગુંડાશાહી છે. જૂઠું બોલવું એ ગુંડાશાહી નથી. ગુંડાશાહી બંધ ન થાય ત્યાં સુધી બીજી વાતો કરવી તે નકામું છે.

'હિંસા', 'વધ' શબ્દ છોડીને 'પ્રાણાતિપાત' કેમ રાખ્યો? 'પ્રાણ', 'અતિ', 'પાત' ત્રણ શા માટે ગોઠવ્યાં?

## વ્યાખ્યાન ૯

**સ્થાનાંગની આવશ્યકતા**

**ગણધર સુધર્માસ્વામીએ** શાસનની પ્રવૃત્તિને માટે, ભવ્યોના ઉદ્ધાર માટે ભગવાન **મહાવીર** મહારાજ પાસેથી ત્રિપદી પામીને સૂત્રની રચના કરવા માંડી. પહેલાં **આચારાંગ**માં આચારની વ્યવસ્થા ને **સૂયગડાંગ**માં વિચારની વ્યવસ્થા કરી. આચાર વિચારનું જગતમાં નિયમિતપણું રહી શકતું નથી. આચારને અંગે કયા કયા પ્રસંગો આવશે તેનો નિયમ થઈ શકે નહિ. તેમ વિચારને અંગે કયો મનુષ્ય કયે વખતે કયું બોલશે એનો નિયમ રહેશે નહિ. ત્યારે 'સૂત્ર' એટલે તે કાળ પૂરતું એવો અર્થ થશે. આપણે જાણીએ તે સિવાયના જે પ્રસંગો

હતા, વિચારો હતા, તેની વ્યવસ્થા કરી, પણ સર્વ કાળના આચારો, વિચારો નિયમિત કેવી રીતે કરવા? તેને માટે ત્રીજું અંગ **સ્થાનાંગ.**

## ક્ષેત્રાંતરે, કાલાંતરે બોધ કરાવનાર ગણધરો

સાધ્યની દિશા નક્કી કરે તેથી દરેક કાળના આચાર વિચારને પહોંચી વળવું સહેલું પડે. **તીર્થંકર** કહેનારા; **ગણધર** રિપોર્ટ (Report) લેનારા. આ શાસન એકવીસ હજાર વર્ષ ચાલવાનું હતું. (મનઃપર્યવ)જ્ઞાની હોવાથી કયું કયું થશે તે બધું ધ્યાનમાં હતું. વકતા, રિપોર્ટર બંને સમજતા હતા તો વ્યક્તિ દીઠ પણ જણાવ્યું હોત તો શું થાત? સંપૂર્ણ જ્ઞાનવાળા વક્તા, જ્યારે મનના વિચારો સમજવાની તાકાતવાળા રિપોર્ટર છે. તેવે વખતે જો રિપોર્ટ લેવામાં ન આવ્યો હોય તો જગતને લાભ ન મળે. સભાને માત્ર સાંભળે તે જ વખતે લાભ મળે. પણ રિપોર્ટ હોય તો ક્ષેત્રાંતરે, કાલાંતરે રહેલા લોકોને સમજણ, જ્ઞાન થઈ શકે છે. જો **ગણધર** મહારાજાઓએ **તીર્થંકરોનો** ઉપદેશ સૂત્રરૂપે ન ગૂંથ્યો હોત તો સાંભળનારા પણ ઉઠયા પછી ખાલીખમ. ક્ષેત્રાંતરે, કાલાંતરે થવાવાળા ભાવિકોને કાંઈ મળવાનું ન હતું. ક્ષેત્રાંતરના કાલાંતરના ભાવિકોને અને સાંભળનારાને બોધ કરાવનાર કોઈ હોય તો તે **ગણધર** છે.

## તીર્થ તરીકે ગણધર

[1]ભગવાન **મહાવીરે** શ્રીમુખે ફરમાવ્યું: પહેલા ગણધર

---

૧ (अ) तित्थं भंते ! तित्थं तित्थगरे तित्थं ?, गोयमा ! अरहा ताव नियमं तित्थकरे तित्थं पुण चाउवन्नाइन्ने समणसंघो, तं०— समणा समणीओ सावया सावियाओ ॥ (भग० सू० ६८२); (आ) પરિશિષ્ટ પહેલું નંબર (૩) જુઓ

એટલે તરવાનું સાધન કે તીર્થંકર તરવાનું સાધન ? વિચાર કરીશું તો પ્રશ્ન અટપટો છે. સીધી રીતે કહી શકીએ કે બંને તીર્થ અર્થાત્ તરવાનું સાધન. તરવાનું સાધનપણું કેવળ ગણધરો-ને જ આપે છે. ત્યારે તીર્થંકર નકામા ? તીર્થંકરો એ તીર્થને બનાવનારા છે. પહેલા ગણધરની સ્થાપના કરનાર તીર્થંકરો. પણ દુનિયાને તરવાનું સાધન હોય તો પ્રથમ ગણધર. તીર્થ તરીકે તરવાના સાધન તરીકે પહેલા ગણધર. અરિહંત એ નક્કી તીર્થને કરનાર હોય છે. ગણધરની સ્થાપના સિવાયના કોઇ પણ તીર્થંકર હોતા નથી. હરેક તીર્થંકર ગણધરની સ્થાપના કરે જ છે. અરિહંત એ તીર્થને જરૂર કરનાર. તીર્થ તરીકે ગણધર. તરવાના સાધન તરીકે ગણધર. પ્રવચન દ્વારાએ.

## ગુણ ગુણી વગર રહેતો નથી

**પ્રશ્ન**—પ્રવચન કયા દ્વારાએ? સમાધાન—પ્રવચન એ શ્રુતજ્ઞાનરૂપી ગુણ છે. ગુણીદ્વારાએ જ ગુણ રહે, તો તેથી ચારે વર્ણવાળો શ્રમણપ્રધાન જે સંઘ તે 'પ્રવચન'. જ્ઞાનરૂપી ગુણ આધાર વગરનો હોય કયાંથી! **તીર્થંકર** મહારાજે ભલે યોજનગામિની વાણીથી દેશના કરી. પણ ગણધરે એ સૂત્રરૂપે ગૂંથી ન હોત તો એ જ શ્રોતાઓને કાલાંતરે, ક્ષેત્રાંતરે અને તે વખતે બીજી જગ્યા પર હતે તેનું શું થાત? બીજા નવા થવાવાળાને શું થાત?

આપણે અવિરતિ ટાળીને વિરતિ લીધી, કષાયને ટાળવા તૈયાર થયા તે બધો પ્રભાવ કોનો? ગણધરનો. પાંત્રીસ વાણીના ગુણસહિત વાણીએ તીર્થને ઉપદેશ આપ્યો હતો, પણ આપણા માટે તો શૂન્ય.

## ગણધરકૃત રચનાનો પ્રભાવ

ગણધરોએ સૂત્રની રચના ન કરી હોત તો આપણી શી વલે થાત? સૂત્રની રચના કર્યાં છતાં કોઈ આમ કહેવાવાળા નીકળે તો સૂત્રની વ્યવસ્થા ન હોત તો આ કાળમાં શું થાત? જંગલી લોકોમાં કાયદો ન હોવાથી ગમે તેમ વર્તે. ગણધરે સૂત્રો ગૂંથ્યાં ન હોત તો ધર્મમાં જંગલી જ રહેત. બધું અંધારણ આગમને આધારે.

ગણધરોએ ગૂંથી લીધું, તે મોંઢે ચાલ્યું. સ્ત્રીઓ લગ્નનાં ગીત ગાય છે એ કયા કાગળ પર લખ્યાં હતાં? મોંઢે ને મોંઢે ચાલ્યાં. ગણધરોની રચના મોંઢે મોઢે ચાલી. સ્ત્રીઓને છાજીયાં યાદ રહે છે, પણ આપણને સૂત્રો યાદ રહેતાં નથી. તેમના જેટલો પણ તમને રસ નથી. તીર્થંકરના વચનો જે ગણધરોએ ગૂંથ્યાં તે 'તીર્થ'. એ શાસન તારનાર છે. ગણધરોએ આગમનું રચવું કર્યું, ત્યારે શાસન પ્રવર્તી શકયું. શાસનના હિતને માટે સૂત્ર પ્રવર્ત્યું. જો અત્યારે આ ન હોત તો સાધનાવાળાને શાના આધારે પ્રવર્તવું? બાધકથી બચવાનો રસ્તો કાંઈ ન રહેત. જેમ જંગલી લોકો છે, તેમ તેમની પેઠે ધર્મમાં જંગલી રહેત. મોક્ષમાર્ગમાં જીવોને લાવવા, રાખવા, વધારવા કોઈ પણ કાર્ય કરી શકતું હોય તો તે ગણધર ભગવાનની રચના.

## દેવને ઓળખાવનાર ગણધરરચના

વાત ધ્યાનમાં આવશે ત્યારે [1]હરિભદ્રસૂરિનું વચન સમજાશે. જેને આત્માનું હિત કરવાની ઈચ્છા થઈ છે તેણે આગમનો આદર કર્યો છે. જો આગમનો આદર કરે તો દેવ, ગુરુ, ધર્મને માનેલાં છે. તીર્થંકરોની માન્યતા આગમને અંગે

---

૧ પરિશિષ્ટ પહેલું નંબર (૪) જુઓ

છે, પણ તીર્થંકરોને અંગે નથી. નથી દેખતા મહાદેવને કે નથી દેખતા મહાવીરને. આપણને ફાવે તો બધા સરખા. પછી મહાવીરને કેમ વળગ્યા છીએ? મહાવીરને મેળવી આપનાર હોય, ઓળખાવી આપનાર હોય, મહાવીરને દેવ, તીર્થંકર તરીકે મનાવનાર કોઇ પણ હોય તો ગણધરના આગમો છે. મહાવીરને ઓળખાવ્યા, મનાવ્યા, દેવ, તીર્થંકર તરીકે જાહેર કર્યા એ કેવળ ગણધરના વચને. ભાષણ છાપામાં વાંચીએ ત્યારે ભાષણ કર્તા ઉપર બહુમાન થાય છે. રિપોર્ટરે બહુમાન કરાવ્યું. ગુરુનું ગુરૂપણું, ધર્મનું ધર્મપણું બતાવનાર કોઇ હોય તો તે ગણધર મહારાજાઓએ ગૂંથેલાં સૂત્રો છે.

## રિપોર્ટરોના ભિન્નપણાથી વાક્ય ભેદ તેમ ગણધરરચના

અર્થથી તીર્થંકરોને આત્માગમ હોય. તીર્થંકર કેવળજ્ઞાનથી સ્વયં જાણીને બીજાને પ્રરૂપે. પ્રરૂપણા બીજાને આધીન હોય નહિ તેવી રીતે ગણધર બીજાની પાસેથી લીધા સિવાય સ્વયં બધી રચના કરે, સ્વયં રિપોર્ટ લીધેલો, કેટલાક સ્વયં રિપોર્ટ લે છે, કેટલાક રિપોર્ટ ઉપરથી રચના કરે છે. ગણધરોનો રિપોર્ટ સ્વયં. જેમ એક સભામાં દસથી બાર રિપોર્ટરો આવ્યા હોય, વસ્તુ ન ફરે, વાક્ય ફરે. તેવી રીતે અગિયાર ગણધર, અથવા ઋષભદેવના ચોર્યાસી ગણધરો ભગવાનના વચનને ગૂંથે. વાક્ય રચના ફરે પણ બારે અંગ અર્થ થકી શાશ્વતાં.

## તીર્થંકરો બતાવનાર છે પણ બનાવનાર નહિ

કેવળજ્ઞાને જે જગતના પદાર્થો જાણ્યા, તે જણાયેલા પદાર્થો હંમેશના છે. જીવાદિક પદાર્થોનું નિરૂપણ કરવા લાયક હંમેશના. **જિનેશ્વરો ધર્મ બનાવતા નથી, બતાવે છે.** તેવી રીતે અધર્મ બતાવે છે, પણ બનાવતા નથી. જિનેશ્વરો જો ધર્મ

બનાવતા હોય તો જિનેશ્વરની પહેલાં દયા એ ધર્મ ન હતો. બ્રહ્મચર્ય એ ધર્મ ન હતો, એમ થાય અને બનાવે ત્યારે થયો થાય. શાહુકારી હતી, પણ એમાં ધર્મપણું ન હતું તે તીર્થંકરોએ બતાવ્યું. એવી રીતે અધર્મ તીર્થંકરોનો બનાવેલો નથી, બતાવેલો છે. બનાવેલો માનીએ તો તીર્થંકર પહેલાં ગુનો કરતાં તેને ગુનેગારી ન લાગે શારદાએક્ટ (Act) એટલે અત્યારે બાળલગ્ન કરે તો ગુનેગારી. કાયદો થયા પહેલાં ગુનેગારી લાગતી ન હતી. બનાવવાનું માનીએ ત્યારે આવી સ્થિતિ થાય તેથી તે ન થાય તે માટે બતાવવાનું માનીએ છીએ. તેથી जिनपन्नत्त तत्त (संस्तारकपौरसी)-જિનેશ્વરે પ્રરૂપેલું તત્ત્વ, કેવળીએ કહેલો ધર્મ એમ કહીએ છીએ.

## દીવો બતાવનાર છે બનાવનાર નથી

જગતમાં અંધારું હોય, હીરો પડયો છે, કાંકરો પડયો છે. હીરાકાંકરાનું ભાન નથી. દીવો કર્યો-હીરો હીરારૂપે માલમ પડયો. દીવાએ કાંકરાને બતાવ્યો છે. હીરાને બતાવ્યો છે. બતાવ્યો એટલે પહેલાંના હતા. દીવાએ તો માત્ર બતાવ્યા. તેવી રીતે જગતમાં હિંસા વગેરે પાંચે આશ્રવો, કર્મબંધનાં કારણો જગતમાં બનેલાં હતાં તેમ હિંસા વિગેરેના પચ્ચક્ખાણ કરવાથી ધર્મ પણ બનતો જ હતો, નવો બનાવેલો નથી. જેમ દીવાએ બતાવ્યો-આ હીરો, આ કાંકરો તેમ જગતમાં સિદ્ધ જે મોક્ષનો રસ્તો તે બતાવી દીધો.

## નિબંધમાં વાકય જુદાં પણ ભાવ એક તેમ દ્વાદશાંગી

**સુધર્માસ્વામી** ને **ગૌતમસ્વામીજી**ની દ્વાદશાંગીની રચના છે. **સુધર્માસ્વામીની** દ્વાદશાંગીમાં કેટલાકમાં ગોયમા, કેટલાકમાં **સુધર્માસ્વામી** છે પણ તેથી વસ્તુ એક જ છે, શબ્દો જુદા

જુદા છે. નિબંધમાં ભાવાર્થ એક સરખો-અર્થ જુદાં ન હોય, પણ નિબંધની વાક્ય રચના જુદી જ પડવાની. બીજા તીર્થંકર થાય તે વખતે મોક્ષમાર્ગ બંધ થયેલો હોય. તેથી તીર્થ-સ્થાપના થાય અને ગણધરો દ્વાદશાંગી રચે.

**આગમના આધારે દેવ-ગુરૂ**

હવે મૂળ વાત પર આવો-ગણધરોએ ગૂંથેલા આગમો એ જ તારવાવાળા છે. અને તે આગમો શાસનના આધારભૂત દેવ, ગુરુ, ધર્મને સમજાવનારા અને મોક્ષે દોરનારા છે. [1]હરિભદ્રસૂરિજી જણાવે છે કે **શ્રીતીર્થંકરને ઉદ્દેશીને** કરો તો પણ સંસારમાં રખડી જશો. અત્યારે આ વાક્ય શ્રવણ કરનારને ભયંકર લાગશે. ક્યારે? સમજાવ્યા વગર કહેવામાં આવે ત્યારે.

પોતાની બુદ્ધિકલ્પનાએ જે પ્રવૃત્તિ તે પ્રવૃત્તિ આજ્ઞા-બાહ્ય છે, અને કેવળ સંસારને વધારનારી છે. ચોરી કરી, અને તે તીર્થંકર મહારાજ માટે કરી છે. ખુદ તીર્થંકરને ઉદ્દેશીને પણ તે ચોરી કરી હોય, તો પણ પરમાર્થથી વિચારીએ તો તીર્થંકર માટે છે જ નહિ. દેવ, ગુરુ, ધર્મ અને સમ્યક્ત્વનું સેવન અને મિથ્યાત્વનો પરિહારાદિનો આધાર આગમ ઉપર છે.

**પહેલા તારનાર કોણ?**

પ્રશ્ન—પહેલા ગણધર તારનાર કે તીર્થંકર તારનાર?

સમાધાન—ગણધરો તારનાર છે એમ શ્રીમહાવીર ભગવાન શ્રીમુખે જણાવે છે. કારણકે માનનારા આ રિપોર્ટ, રિપોર્ટરનો માનશે, પણ તે ભાષણ કરનારને પહેલો માનશે. કાં તો તે

---

૧ પરિશિષ્ટ પહેલું નંબર (૫) જુઓ

વાતને સમજો, અને કાં તો તે વાતને અનુસરો. ગીતાર્થપણું સમજવામાં ન આવે અને પોતનામાં અગીતાર્થપણું હોય તો બીજાની નિશ્રા લેવાની જ છે. પરંતુ ધ્યેય અરાધવાનું છે કે તીર્થંકરોના આધારે ગણધરોએ આગમો ગૂંથ્યા છે એ ધ્યેય ચૂકવું નહિ.

## તરવાનું સાધન પ્રથમ ગણધર

હવે પાછા મૂળ વાત પર આવો–શાસનપ્રવૃત્તિ માટે, શાસન ચાલે તે માટે, મોક્ષમાર્ગની પ્રવૃત્તિ માટે ગણધરો છે. **તીર્થંકરો** તીર્થને સ્થાપનારા છે, પણ શાસનને તરવાનું સાધન પહેલા ગણધર.

## સૂત્ર થકી ગણધરોને આત્માગમ

શાસનની પ્રવૃત્તિ માટે ગણધર મહારાજાએ સૂત્રની રચના કરી. રચના સ્વતંત્ર છે. કોઈની પાસેથી લીધેલી નથી. કૉપી (Copy) કરેલી નથી. કૉપીથી આવે તે આત્માગમ નહિ. આગમ ત્રણ પ્રકારે–આત્માગમ, પરંપરાગમ, અનંતરાગમ. તીર્થંકર પાસે સાંભળીને ગણધરોને સ્વયં ગૂંથવાની ફરજ. કવિએ તો માત્ર વર્ણન કર્યું, કવિએ રાજાને બનાવ્યો નથી. ધર્મ અનાદિનો છે. કોઈ કાળ એવો ન હતો કે હિંસાથી પાપ લાગતુ ન હતું. જૂઠ વગેરે માટે પણ તેમજ લેવું. સર્વ કાળે ધર્મ, અધર્મ રહ્યો જ છે. નગરનું વર્ણન જ જાણતો હોય તેને કવિએ કરેલું વર્ણન ધ્યાનમાં આવે. જિનેશ્વર ભગવાન જે સ્વરૂપે ધર્મ અધર્મ રહ્યાં છે તે જણાવે છે. તીર્થંકર કેવળજ્ઞાની; **ગણધર ચાર જ્ઞાની.** (भग० सू० ७) તીર્થંકર ભગવાને કેવળજ્ઞાનથી જાણીને પદાર્થો નિરૂપ્યા; કોઈના કહેવાથી નહિ. અર્થ થકી તીર્થંકરનું આત્મબળ, તેવી રીતે જે રચના કરી, સૂત્રો ગૂંઠયા તે કોઇનું

અનુકરણ કરીને નહિ. ત્યારે સ્વયં રચના છે. કૉપી રાઈટ (Copy-right)નો હક લઈ શકે. હમણાં તો અહીંનું ત્યાંનું લઈને ગોઠવે, ગોઠવ્યું તેમાં હક તેમ તેમાં નથી. આખી-કૃતિ પોતાની હોવાથી ગણધરને આત્માગમ, સ્વયંપ્રણેતા. અર્થ થકી તીર્થંકરોને આત્માગમ. સૂત્રો થકી ગણધરોને આત્માગમ.

## રતિમાસાની પ્રકૃતિવાળાનો શો ઉપાય ?

**ગણધરે** અંગપ્રવિષ્ટની રચના કર્યા છતાં **આચારાંગ, સૂયગડાંગ**માં તે કાળ પૂરતું વિવેચન.

શંકા—**તીર્થંકર** સર્વજ્ઞ હતા જે કાળે જે વખતે જે પ્રસંગો આવે તે શું કામ ન લખ્યા ?

સમાધાન—ચૌદે રાજલોકના પ્રસંગો, જીવોના વિચારો લખેલા છે; આપણને નથી મળ્યા

શંકા—લખેલા હતા તે શા ઉપરથી માનવું ?

સમાધાન—માંદાને લગીર ઊનું આપો તો લોહી પડે. ટાઢું આપો તો વાયુ થાય. તેવા થાઓ તો ઉપાય નહિ. બધું લખ્યું કેમ નહિ ? લખેલાની વાત કરશું ત્યારે 'હે' કરશો. મહાવિદેહ ક્ષેત્રનો હાથી આપણા કરતાં પાંચસો ગણો મોટો. હાથી જેટલી રૂશનાઈએ એક પૂર્વ લખાય. ટૂંકાની વાત આવી ત્યારે લખ્યું કેમ નહિ ? લખ્યાની વાત આવે ત્યારે આટલું બધું. પ્રકૃતિ રતિમાસો થઈ ગઈ છે. આખી ચોવીસીનું લખ્યું હતું. સોળ હજાર ત્રણસો ત્યાસી હાથી મહાવિદેહના. તેટલી શાહીએ કેટલું લખાય તે વિચારો. ચૌદ પૂર્વ પહેલાં હતાં. અત્યારે કહે કે લખ્યું કેમ નથી ? લખ્યું કહે તો આટલું બધું હોય ? રતિમાસાની પ્રકૃતિવાળાને કહેવું શું ?

## ચૌદ પૂર્વ એટલે ટૂંકી નોંધ

ટૂંકી નોંધ ચૌદ પૂર્વ. ચૌદ પૂર્વને ભણેલા, જાણનારા. અર્થને જાણે તે અનંતગુણ અધિક જાણે, જ્યારે કોઈ અનંતગુણહીન જાણે. નોંધરૂપે ન હોત તો એ સ્થિતિ આવત ક્યાંથી? વિવેચનનાં પુસ્તકો ન હતાં, નોંધરૂપે હતાં તેથી એટલો બધો ફરક પડયો. પૂર્વનું આટલું બધું નિરૂપણ મગજમાં કેમ ઉતારવું? અસંખ્યાત દ્વીપની માટી. દરેક સમુદ્રના પાણીના જુદા ગુણસંયોગથી થતા જુદા જુદા ગુણ અને સ્વતંત્ર ગુણો, સંયોગે થવાવાળા ગુણોનું નિરૂપણ કરે તો ઓછું પડે, તો બધાનું સંપૂર્ણપણે કરવું હોય તો? આગમો ઘણા ટૂંકા છે. રતિભરમાં ગધેડો ચીતર્યો તેમાં કયું અંગ નથી? બારીકરૂપે છે તેથી જુદાં જુદાં રૂપે જાણવાની મુશ્કેલી. પહેલાંના અંગોમાં એકે વસ્તુ છોડી દેવામાં આવી નથી.

## વિશેષણવાળા રંગ છે તેમ વિશેષણવાળા મહાવ્રત છે

ગણધર મહારાજ વર્ગીકરણ કરતાં પાંચમા ઠાણમાં પાંચ મહાવ્રતો કહે છે. મહાવ્રતો સર્વથા વિરતિને અંગે છે. વર્ણ શબ્દ રાખીને લીલો, કાળો રંગ બોલીએ. રંગ નામનો કોઈ રંગ નથી. વિશેષણવાળા રંગ છે. કાળો રંગ, લીલો રંગ છે. રંગ સામાન્ય જાતિ. લીલો, પીળો નામનો પદાર્થ જુદો નથી તેમ મહાવ્રત નામનો જુદો પદાર્થ જ નથી પ્રાણાતિપાતવિરમણ મહાવ્રત છે. તેમાં મહાવ્રત એ વિશેષ તરીકે છે. રંગ નામનો જુદો પદાર્થ નથી. પાંચે રંગો લીલો–પીળો રંગો. તે રીતે મહાવ્રત નામનો જુદો પદાર્થ છે, તેમાંથી પ્રાણાતિપાતવિરમણ વ્રત નીકળ્યું તેમ વ્રતો નીકળ્યાં નથી. पंच महव्वया લખ્યું તેમાં મહાવ્રત પાંચ પ્રકારના છે તેમ લખ્યું

નથી પણ પાંચ મહાવ્રત છે એમ લખ્યું. પાંચ વર્ણો—લીલો, કાળો વગેરે. જ્યાં સામાન્ય ધર્મ જુદો ન હોય, ત્યાં પ્રકાર કહેવાનો વખત આવતો નથી. જ્યાં સામાન્ય ધર્મ જુદો રહી શકતો હોય ત્યાં વિશેષ ધર્મ જુદો કહેવો પડે છે.

## ઊલટું સમજાવવાની બુદ્ધિ તે પાપ

જેમ જીવ બે પ્રકારના: ત્રસ અને સ્થાવર તેમ पंचविहे महव्वये पन्नत्त ન કહ્યું. પણ पंच महव्वया पन्नत्ता કહ્યું તેમાં પણ અનુક્રમે પહેલું—એ પહેલું પ્રાણાતિપાતવિરમણ. મૃષાવાદને પહેલું રાખીએ તો? કેટલાક पूर्वसमात् परो न धर्मः (?) કહે છે. આ દાબડી કાળી છે. જગતે જાણ્યું. કોઇની મરજી લાલ કહેવાની થઇ તેમાં પાપ ક્યાં થયું તે સમજાવશો? બોલનારાની જે મરજી થાય તે મતે બોલે. પાપ શામાં? 'કાળી'માં પાપ, 'લાલ'માં પાપ, કે 'છે' માં પાપ? પાપ શેમાં? પદાર્થનું સ્વરૂપ જે છે તેનાથી ઊલટું બોલવું તે. ઊલટું સમજાવવાને માટે પદાર્થ જે સ્વરૂપે હતો તેનાથી ઊલટું સમજાવવા માટે બોલ્યો. જે વસ્તુ અંદર કાળી છે, છતાં પોતે લાલ સમજ્યો; બીજાને લાલ સમજાવવાની બુદ્ધિ તે 'પાપ'.

## લાભાંતરાયના ઉદયમાં લઇ જવો તે પાપ

ચોરી શું પાપ? આ વસ્તુ અહીં મૂકી હતી, જમનાદાસે ઉઠાવીને ગુંજામાં મેલી શુ પાપ? પાપ શામાં? હાથ અડાડયો તેમાં, કે ગુંજામાં મેલી તેમાં? કે ઉઠાવવામાં? પારકી માલિકી બીજાને લાભાંતરાયના ક્ષયોપશમથી મળેલી ચીજ તેને લાભાંતરાયના ઉદયમાં લઈ જવો તેને અંગે 'પાપ'. એની માલિકી તોડી પોતાની માલિકીમાં લાવવી.

## પ્રાણાતિપાતની વિરતિ વગર મૃષાવાદની વિરતિ ન હોય

જીવના અનંતા ગુણ, તેમાં જ્ઞાન નામનો ગુણ. અનંતુ-જ્ઞાન-કાળી છે છતાં લાલ. એક પદાર્થનો વિપર્યાય તેમાં મોટું પાપ લાગે. વગર કામ બને પણ પાપ લાગ્યું. અનંતમા ભાગનું એક પલટાવવા ગયો તેમાં. ચક્ષુ, ઘ્રાણ, સ્પર્શન વગેરેનું જેટલું જ્ઞાન છે તેનો મારી નાખવાવાળાએ ચૂરો કર્યો. જે જે જીવોને જે જ્ઞાન શક્તિ મળેલી છે તેનો ચૂરો કર્યો-એકી સાથે ચૂરો કર્યો. પ્રાણાતિપાતવિરતિ ન લેવાય, અને મૃષાવાદવિરતિ લેવાય તો ગઈ કાલવારો દાખલો આવશે. સ્વસ્રીના પચ્ચક્ખાણ આપો આવો સજજની સભામાં શોભે નહિ. તેમ પ્રાણાતિપાતની સર્વથા વિરતિ કર્યા વિના મૃષાવાદની વિરતિ કરવાવાળો સભામાં શોભે નહિ.

## તેના વગર મૃષાવાદની વિરતિ એ ફોતરાં ખાંડવાં

પોતાના પ્રાણનો નાશ સર્વ જીવોને અનિષ્ટરૂપ. (કદાચ જૂઠું કોઈ વખત કોઇને વહાલું થઇ જાય) મોક્ષની વચ્ચે ખરેખર આડી આવનાર હોય તો ક્રૂરતા જ છે. ક્રૂરતા એ ચંડા-લણની દીકરી છે. તે આવે તે વખતે કોઇ જાતનું ભાન રહે નહિ. ઇંટ લઇને પોતાનું માથું ફોડે. જે ક્રૂરતા સત્યાનાશ કાઢી નાખે તે ક્રૂરતા બંધ ન થાય તો પછી મૃષાવાદવિરતિ વગેરે ફોતરાં ખાંડવાનાં છે. તેવી હિંસાની વિરતિ કર્યા વિના મૃષાવાદની વિરતિ કરે તે ભલે વિરતિ રૂપે વિરતિ હોય, પરંતુ ફોતરાં ખાંડવાં જેવી છે.

## બકરી કાઢતાં ઊંટ પેઠું

શંકા—અનંતા તીર્થંકરોને ગણધરો એ જે ક્રમ રાખ્યો તેમાં હવે એક વાંધો. બકરી કાઢતાં ઊંટ પેસી ગયું. નક્કી કરવા ગયા ક્રમ. મહાવ્રતવાળાને પહેલું ઉચ્ચારવાનું છે, ઉચ્ચા-

રાય છે પણ શ્રાવકના અણુવ્રતોમાં કરોડો ભાંગા કર્યા છે તો કેઈમાં પહેલા વ્રત વગરના ભાંગા છે. પછી એનું શું કરશો? પહેલા સિવાય બીજા લેવાય તે ઉચિત ગણો છો? તમે સાધુએ કાંઈ ગુનેગારી કરી કે તમારે તો નિયમ, તેમને નિયમ નહિ.

## શ્રદ્ધાવાળો છોડવાની ઈચ્છાવાળો છે

મહાનુભાવ! એને શ્રદ્ધામાં નિયમ ન હોય. પ્રાણાતિપાત–વિરમણ માન્યતા. પાંચે મહાવ્રતમાં થવી જોઈએ, હોવી જોઈએ, પણ અશક્તિ, આસક્તિવાળો. બૈરીને છોડ ને? કહે બૈરીની આસક્તિ છે. તપસ્યામાં અશક્તિ. ચાલવામાં અશકિત. પૈસો છોડવામાં પૈસો ગળે બેઠો છે! કહો, આસકિત. ત્યાંનો મોહ છૂટતો નથી. નિર્મમત્વભાવ થતો નથી. અશકિત-આસકિત છે તેથી કરી શકતો નથી, પણ કરવા લાયક છે.

## 'મૃષાવાદ' અંશનાશ, 'હિંસા' સર્વનાશ

દેશ થકી વિરતિ ગૃહસ્થોને હોય. સાધુધર્મમાં રંગ હોય. વિરતિ અશકિત–આસકિતને લીધે ન લે, તેથી અડચણ આવતી નથી. પહેલું મહાવ્રત હોય, સર્વથા પ્રાણાતિપાતથી વિરતિ, બીજાં બધાં ઘાસપુસ. મૃષાવાદ–અનંતા ગુણ છે તેમાં એક જ્ઞાનગુણ. એટલે એક અંશનો વિપર્યાય કરવાની બુદ્ધિ. પણ હિંસા એ તો સર્વ ગુણનો નાશ કરનાર છે. આમ હોવાથી હિંસા એ મહાપાપ એમાં નવાઈ શી? એ પહેલે નંબરે આવવું જોઈએ. એક ચીજનો અંતરાય ઊભો કરે તે 'પાપી' તો સર્વ ગુણોનો નાશ કરે તે મહાપાપી કેમ નહિ? મૃષાવાદ પાપરૂપ છે પણ હિંસા જબરજસ્ત પાપરૂપ છે. પહેલે પ્રાણાતિપાત રોજ બોલો છો તે પહેલે કેમ? આ જ કારણથી અને

એ જ કારણથી પહેલું મહાવ્રત પ્રાણાતિપાતવિરમણ કહ્યું.

શંકા—જો તેમ છે તો તેને બદલે પ્રાણવધ, હિંસા. જીવવધ કેમ ન વાપર્યા? સમાધાન—ગણધરો મોક્ષનાં બારણાં ઊઘાડવા બેઠેલા છે. તેથી દોરવાની નીતિને અંગે પ્રાણાતિપાત-વિરમણ [illegible] છે.

[illegible] નેમિસૂરિ [illegible]

---

# વ્યાખ્યાન ૧૦

[illegible]મા ગણધર **સુધર્માસ્વામી** બાર અંગની રચના કરતા થકા પહેલામાં **આચારની**, બીજાની અંદર વિચારની વ્યવસ્થા કર્યા છતાં સર્વ કાલના આચાર, વિચારોની સાધુમાં તાકાત આવવી જોઇએ, તે આવે તો શાસન સર્વ કાલ વર્તી શકે. અન્ય મતના આચારનું પરિવર્તન જો ન બતાવે તો કાળે કાળે આચારો અન્ય મતમાં ફરતા ગયા.

**અન્યોના જુલમ**

બૌદ્ધની સામા લડાઇઓ કરી, શ્વેતબિંદુથી હિમાલય સુધી–જે કોઈ બૌદ્ધ હોય તેની કતલ કરી નાખવી. આખો દેશ તલવારના જોરે હાથમાં લેવો.

શંકરાચાર્ય ફરતા ફરતા જગન્નાથજી ગયા. ત્યારે જગન્નાથ-જીની મૂર્તિ અવળી થઇ. ત્યારે શંકરાચાર્ય બોલ્યા–ઐશ્વર્યના મદમાં માતો થયેલો છે. મારી અવજ્ઞા કરે છે, પણ ધ્યાન રાખ ભૂલી ગયો કે શું? જે વખતે બૌદ્ધો સામા પડેલા તે વખતે મેં તને ટકાવ્યો. બૌદ્ધોની સાથે લોકોએ કેટલું ખેડયું હશે.

પછી થાકયા ત્યારે બુદ્ધ એ અમારો અવતાર છે. જે બાજુ હવા થાય એ બાજુનો ધર્મ લઈ લેવો, તેમ જૈનો સાથે લડવામાં બાકી ન રાખી. हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जैनमंदिरम्–આટલું જૈનો સાથે ખેડયું પછી થાકયા ત્યારે કહી દીધું કે **શિવજીની** માયા છે.

## અન્યો, ઉપદેશ દ્વારા વધનારા નથી

જૈન સિવાય બીજો એક પણ મત ઉપદેશ દ્વારાએ વધવા પામ્યો નથી. જૈનોની સાથે પૂરૂં ખેડયું, અંતે ન ફાવ્યા. ત્યારે અમારી **શિવજીની** લીલા છે એમ કહી નાખ્યું.

મિયાંને **મહાદેવને** ન બને તો પછી **મહાદેવને મહમ્મદને** બની શકે નહિ. છતાં **અલ્લોપનિષદ્** કહી નાંખ્યું. જમાનો થાય તેમાં ભળી જવું.

પુણ્ય પાપ અવસ્થિત વસ્તુ છે. જમાનો ચાહે તેમ પલટે છતાં વસ્તુસ્થિતિ હોય તે રહે. તે પલટાય નહિ.

## જમાનો પલટાયે પ્રરૂપણા ન પલટાય

જૈન ધર્મની એક જ સ્થિર વાત છે. જે વસ્તુ કેવળજ્ઞાનથી નિહાળી તે જ ભગવાને નિરૂપણ કરી, તેમાં ચાહે તેટલા જમાના જાય પણ ફેરફાર પડે નહિ. અમુક વસ્તુ જૂઠ એ ધર્મ હોય એવું વખતના વાયરા જેવું થાય નહિ. ચાહે યુગો, સદીઓ વગેરે ચાલ્યા જાએ. જે તત્ત્વસ્થિતિ, તેમાં કાંઇ પણ પ્રકારે ફરક પડે નહિ. અર્થની અપેક્ષાએ **દ્વાદશાંગી** શાશ્વતી. જે અર્થો **ઋષભદેવજીએ** કહેલા તે જ અર્થો **મહાવીરે** કેવળજ્ઞાનથી જાણીને કહ્યા. બંને વચ્ચે મોટા અંતરો છતાં તત્ત્વને બાધ આવે નહિ. પ્રત્યેકબુદ્ધો, સ્વયંબુદ્ધોનું જ્ઞાન ભરત, મહા-

વિદેહમાં, સર્વ ક્ષેત્ર, સર્વ કાળે સરખું રહે. સમયના વાયરા લાગે નહિ. જો જમાનો બે અઢી હજાર વર્ષનો તેમાં સ્થિતિ પલટી જાય તો પલ્યોપમ-સાગરોપમમાં પલટતાં પલટતાં નામનિશાન ન રહે. જો શાસ્ત્ર વખતના વાયરાની પેઠે ફરતું હોત તો ખોટું થઈ જાત. જૈન શાસનને અંગે ચોવીસી, વીશી, ઉત્સર્પિણી, અવસર્પિણી, કોઈ કાળ, કોઈ ક્ષેત્ર હોય તો તેમાં આના સિદ્ધાંતને પલટાવાનું નથી.

**મહાવ્રતો એટલે શાસનનો સ્તંભ**

**આચારાંગથી** આચારની, **સૂયગડાંગથી** વિચારની મર્યાદા બાંધી, તે સર્વ કાલની કરવા માટે **સ્થાનાંગની** અંદર વર્ગીકરણની જરૂર છે. વર્ગીકરણ એટલે એક વસ્તુને જુદા જુદારૂપે વહેંચવું. વહેંચવાથી રહેલી ખૂબી ખ્યાલમાં આવે. વર્ગીકરણ માટે ત્રીજું અંગ. એ અંગના પાંચમા ઠાણાની અંદર ગણધરે પ્રરૂપણા કરી કે પાંચ મહાવ્રતો. ઘરમાં નાનાં છોકરાં ગાદી આગળ બેઠા હોય, બાપ, ગઠડી કાઢે, જોવા માંડે, છોકરાં કહે-શું ધંધો લઈ બેઠા છે? બાળકની દૃષ્ટિ ગઠડીમાં નહિ; ચા પીવામાં, ખાવામાં છે. તેમ જ્યાં સુધી ઊંડા ન ઊતરીએ ત્યાં સુધી મહાવ્રત શાસનના સ્તંભરૂપ કેવાં જરૂરી છે, એ માલમ ન પડે, ઊંડા ઊતરીએ ત્યારે દેવ, ગુરુ, ધર્મતત્ત્વ મહાવ્રત ઉપર જ છે. એમ માલમ પડે.

**બીજા કુદેવો કેમ?**

હથિયાર ધારણ કરે તેને 'કુદેવ' કહીએ. કારણ હિંસાની સંભવના. સ્ત્રી પાસે હોય તો 'કુદેવ' ગણીએ. કેમ? મહાવ્રતવાળા નથી. બ્રહ્મચારી નથી. મહાવ્રતવાળા નથી એટલે સાધુ નથી. તેથી મોક્ષ નથી. કારણકે સાધુના વેષમાં મોક્ષ છે.

**ગૃહલિંગ સિદ્ધ બોલનારે સ્વલિંગ સિદ્ધ શબ્દ ખ્યાલમાં લેવો**

**પ્રશ્ન**–ગૃહસ્થલિંગે મોક્ષે ગયેલા છે કે નહિ? તો પછી વેષ ઉપર શું તત્ત્વ છે?

**સમાધાન**–ગૃહસ્થલિંગે સિદ્ધ કહ્યા તેની પહેલાં સ્વલિંગ કહ્યું. 'સ્વલિંગે સિદ્ધ' એનો કાંઈ અર્થ કરીશ? સિદ્ધનો અધિકાર ચાલેછે તેમાં સ્વનો અર્થ શું? કયો અર્થ લેવો? સિદ્ધ થવાનું. જો 'સ્વ' શબ્દથી 'સિદ્ધ' થવાનો અર્થ આવે તો એ અર્થ થયો કે સિદ્ધ મહારાજાનું લિંગ. પહેલા શબ્દમાં સિદ્ધ મહારાજનું લિંગ છે તે શાસ્ત્રકારે કહ્યું, તે કેમ ધ્યાન બહાર જાય? જે ગૃહિલિંગ સુધી પહોંચવા જાય અને સ્વલિંગનો અર્થ ન આવડે તેનો અર્થ શો? ગણધરોએ, તીર્થંકરોએ, કેવળીઓએ કહ્યું કે મોક્ષનું લિંગ વેષ. તો પછી આમાં મોક્ષ કહો છો? અરે શાસ્ત્રકાર કહે છે તે તો જુઓ. જોડે પદ છે.

**અન્યલિંગ એટલે આંધળા, અજાણ્યાપણું**

અન્યલિંગ–'અન્ય' એટલે બીજું. કોનાથી બીજું? સિદ્ધ થવાનુ લિંગ તેનાથી અન્ય–બીજું લિંગ. જો તેમ છે તો અજાણ્યો, સીધે રસ્તે ચાલી ગયો. હતો ગાંડો, મોંમાંથી સારૂં નીકળી ગયું. તો પછી કોઇ અજાણ્યા, ગાંડા કે આંધળા થવા માગે ખરા? કોઈ રસ્તા ઉપર આવે તેથી કાંઇ તે માગતા નથી. રસ્તે આવવાનું કારણ આંધળાપણું નથી. આંધળાને માર્ગે આવેલા દેખીએ છીએ, છતાં સમજીએ કે આંધળાપણાનું, અજાણ્યાપણાનું કામ ઊંધું વાળવાનું છે.

**અન્યલિંગ એટલે મોક્ષને ઊંધું મારનાર**

અન્યલિંગ-સંસારમાં ગુમાવનાર–મોક્ષનુ ઊંધું મારનાર, તેમાં

કોઈ સિદ્ધ તે આંધળાનું રસ્તે આવવું-ગાંડાનું સારૂં બોલવા જેવું છે. કદી સારો શબ્દ ગાંડાના મુખમાંથી નીકળી ગયો હોય તેથી કોઈ ગાંડો થવા ઇચ્છે નહિ. તો પછી શાસ્ત્રકારે કહ્યું–અન્યલિંગ–આ રસ્તો સંસારમાં રખડી મરવાનો છે. મોક્ષથી ઊલટો છે. એમ કહ્યું છતાં અન્યલિંગ સિદ્ધ એ શબ્દો કહ્યાં તેને કોઈ ગતાગમ ન હોય તે પકડે છે. ગાંડાને મોંઢે સારો શબ્દ આવી ગયો તેથી ? તું ગાંડો થવા માંગે છે ? નહિ. કારણ ? સંભવ નથી. તેવી રીતે કોઈક બની જાય. તેથી તીર્થંકરો કહે છે કે અન્યલિંગે સિદ્ધ કોઈક જ બને.

### અન્યલિંગ મોક્ષનું લિંગ નથી

**પ્રશ્ન**—અન્યલિંગે સિદ્ધ તો થાય છે ને ? સ્વલિંગ શું કરવા પકડી રહેવું ?

સમાધાન—ગાંડાને મોંએ કોઈ વખત સારો શબ્દ નીકળી જાય છે તો ડહાપણને શા માટે પકડવું ? તેના જેવો તે પ્રશ્ન છે. ગાંડાપણામાં સારો શબ્દ તો અચાનક નીકળી ગયો છે. તેમ મોક્ષનું કારણ તો સ્વલિંગ જ છે. કોઈ વખત અન્યલિંગમાં થઈ ગયો તેથી અન્યલિંગ કારણ નથી. અન્યલિંગ મોક્ષનું લિંગ નથી. તેમ તીર્થંકર ચોકખું જણાવે છે, છતાં એને પકડવા જઈએ તો આપણા જેવા મૂર્ખ કોણ ?

ગૃહિલિંગ એટલે ગૃહસ્થપણાનું લિંગ. જેને તીર્થંકરો ઘર છોડવું જરૂરી ગણ્યું હતું તેવાઓએ ગૃહસ્થલિંગે સિદ્ધ કહ્યા છે.

ગૃહસ્થલિંગ કયું ? આ છે ચારે ગતિમાં ભટકવાનું સ્થાન. ઘરમાં બેઠા શું કલ્યાણ નથી ? આવું કહેનારાવાળાઓએ સંસારના આરંભસમારંભને ગણતરીમાં લીધા નહિ.

**ગૃહસ્થપણાનાં બે વર્ષ**

**મહાવીર**ની એવી ઉત્કૃષ્ટ સ્થિતિએ વર્તણુક હતી. રાજકુમાર હોય, બે વરસ સ્નાન કરે નહિ તો શી સ્થિતિ થાય? ગૃહસ્થપણામાં રહેવું-સાધુપણું લે તો જુદી વાત. અમારામાં ને તમારામાં ફરક રાતદહાડાનો. તમારી દૃષ્ટિએ ગાંડા. તમારે પૈસો ભેગો કરવો, અમારે તો જોવું જ નહિ. દુનિયામાં પૈસા ફેંકે તેને ગાંડો ગણીને હોસ્પીતાલ (Hospital)માં લઈ જાઓ. તમારામાંથી ઊઘાડા માથે બજારમાં ફરે તો મશાણીઆ ગણે. અહીં પહેલેથી માથેથી ઉતાર્યું. તમારામાં જોડા ન પહેરો તો કંજુસ. અહીં જોડા પહેરો તો લાંછન. ખાન, પાન, વસ્ત્ર, પાત્રમાં વિચારો કે ગાંડાની નિશાની તે જ અમારી. તમો બૈરી ન હો તો દેશેદેશ ફરો; અમારે હોય તો વોસિરે. તમારી અમારી જોડી ન મળે. તમારી અપેક્ષાએ પૂરેપૂરા ગાંડા છીએ. તમો હજામત વધારો તો? લાંછન. મેલામાં, લૂખું ખાવામાં, ઉપવાસ કરવામાં અમારી શોભા. તમને લાંછન. રાજકુટુંબમાં રહેવું, રાજકુમાર, ઘરમાં રહેવું-બે વર્ષો સુધી સ્નાન ન કરે તે કયી સ્થિતિ? પોતાને નિમિત્તે કરેલું ન ખાવું એ કયી દશા? આવી દશાએ રહ્યા. ઘરના કોઈ કામકાજમાં ભળ્યા નહિ. રાજકાજ સરખા ઉપાધિના કારણોમાં નિરાળા રહે. આવું છતાં ભગવાન **મહાવીર** ભૂલ્યા કે ઘરમાં કલ્યાણ માન્યું નહિ એમ ને?

**કર્મે શૂરા તે ધર્મે શૂરાનું તત્ત્વ**

કર્મે શૂરા તે ધર્મે શૂરા-બ્રહ્મચર્યમાં પરણીને પરિણુતિવાળા રહ્યા હોય તો વાણીઆ. જંબૂસ્વામી-બ્રહ્મચર્ય લીધા પછી પરણ્યા. પછી પણ પરિણુતિમાં રહ્યા તે ક્ષત્રિય કે વાણીઆ? ચોરોને ચોકીદારો વાણીઆએ બનાવ્યા. **કર્મે શૂરા**

**તે ધર્મે શૂરા** એ બેવકુફોનું વાકય છે. પાપીમાં પાપી થયો હોય તો પણ તેને પ્રતિબોધ દેવામાં સંકોચાવું નહિ. શૌર્યને અંગે લાયકાત હતી. એંજીનમાં દોડવાનો વેગ છે. આમ ફેરવીશ તો આમ દોડશે. કર્મનો શૌર્ય છે તેને કેળવી લેવા માટે વાકય છે, પણ કર્મવાળાને વધારવા માટે વાકય નથી.

## ગૃહસ્થપણામાં કલ્યાણ નથી

મૂળ વાત પર આવો. **મહાવીર** બે વર્ષ સુધી આમ રહ્યા. ન તો **નંદીવર્ધન** બોલ્યા કે ઘરમાં રહે છે તારૂં કલ્યાણ છે. ત્રણ જ્ઞાનના ધણી આવી રીતે રહેવાવાળા **મહાવીર** એમ માનવાવાળા ન હતા કે ઘરમાં રહેવાથી કલ્યાણ છે. **લોકાંતિક** દેવોએ, **નંદીવર્ધને**, શાસ્ત્રકારોએ ઘરમાં કલ્યાણ ન રાખ્યું. ઘરવાળો, ઘર વગરનો એમ ભેદ માન્યા. अगाराओ, अणगारीयं पव्वइए મહાવ્રતોની કિંમત ધ્યાનમાં આવી હોય તો ઝવેરીનો છોકરો સમજણ થાય તો કહેઃ બાપા, પેલી ગઠડી આવી છે તે જુઓ તો ખરા–ચા દૂધને ન સંભારે. એવી રીતે જૈન શાસનમાં પ્રવેશ કરનારો સમજે કે તીર્થંકરોને અંગે દેવ પણું રહેલું તે મહાવ્રતોને અંગે. ગૃહસ્થપણે કલ્યાણ નથી.

## દેવ હથિયાર સ્ત્રી વગરના જોઇએ

પ્રશ્ન—તરવાર હાથમાં હોય તેથી અભ્યંતર આત્મા બગડી ગયો? હથિયાર રાખે તે કુદેવ એવું નહિ. ભાવના ચોકખી હોય, હાથમાં હથિયાર હોય, હથિયાર માત્રથી કુદેવ કેમ માન્યા? પૃથ્વીચંદ ગુણસાગર-જે ખુદ સ્ત્રીનો હસ્તમેલાપ કરે છે, તે વખતે પણ કેવળજ્ઞાન રોકાતું નથી. તો સ્ત્રીની મૂર્તિએ કેવળજ્ઞાન રોકયું કેમ?

સમાધાન—સ્રીને રાખવાવાળાનો આત્મા સારો માની લઈએ, તો પણ મહાવ્રતની વિરૂદ્ધ ચિહ્ન હોય એટલે આરાધ્યપણામાં આવે નહિ. આથી દેવને અંગે આરાધ્યપણું ઊડી ગયું. દેવ એવા માનવા કે જેને હથિયાર, સ્રી ન જ હોવાં જોઈએ.

## સ્રી આદિ નિષેધ, કુદેવના નિષેધ માટે

લોઢાના ખીલા (હથિયાર)થી કામ છે કે આત્માથી કામ છે? આત્મા સાથે કામ છે એમ તો ચોક્કસ જ છે. તેથી જેટલા હથિયાર વગરના તે બધા દેવની લાઈનમાં છે એમ માનતા નથી. જેટલા સ્રી વિનાના તે બધા દેવ એમ નથી. હથિયારનો અભાવ એ કુદેવત્વના અભાવને જણાવનારો છે. પણ સુદેવપણું જણાવનારો નથી. હથિયાર ન હોય તેથી સુદેવપણું આવી જતું નથી. તો પછી આ બધા સુદેવ ને? રસ્તા પર ઊભા રહીએ તો સેંકડે બે હથિયારવાળા નીકળે. તમારે પક્ષે વાંઢા, વિધુર, સ્રી વિનાના તે બધા તો દેવ ને? એમ નહિ. હથિયારનો અભાવ એ કુદેવત્વના અભાવને જણાવનાર. સુદેવત્વ વીતરાગતાને–સર્વજ્ઞતાને લીધે છે.

## મોક્ષમાર્ગનો રસ્તો મહાવ્રત જ

સુદેવત્વમાં આવતાં કુદેવત્વનો વિચ્છેદ કરવો છે. સ્રીનો, હથિયારનો અભાવ છે તે કુદેવત્વના અભાવને લીધે. હિંસકપણું ન જોઈએ, અબ્રહ્મચારિપણું ન જોઈએ તો સુદેવ માની શકીએ. તો દેવત્વનો આધાર? પાંચ મહાવ્રત ઉપર. ગુરૂતત્ત્વને અંગે પંચમહવ્વયધારા કહેવું પડે. ધર્મતત્ત્વ–ત્રણે તત્ત્વમાંથી કોઈ તત્ત્વ યથાસ્થિત માનવું હશે તો મહાવ્રતની સરણીએ જવું પડશે. ગણધર, તીર્થંકર સરખા સમર્થ પુરુષોએ મોક્ષમાર્ગનો રસ્તો મહાવ્રતના અંગીકાર તરીકે દેખ્યો હતો. જો ન દેખ્યો

હોત તો પોતે ઉચ્ચરત નહિ.

શંકા—ગણધરોએ પોતે મહાવ્રત શું કામ લીધાં? સમાધાન—એ મહાવ્રત સિવાય, અકિંચનપણા સિવાય કોઇ પણ પ્રકારે મોક્ષની પ્રાપ્તિ નથી. સમજણ સિવાય સારા શબ્દનો ઉચ્ચાર નથી, છતાં કોઈ વખત અણસમજે સારો શબ્દ બોલી જાય છે. **જ્યાં મહાવ્રત ત્યાં જ મોક્ષ.**

## લોઢાની ખીલીવાળી નાવ તારે તે પ્રતાપ લાકડાનો

ખુદ મહાવ્રતની પરિણતિ લઇએ મહાવ્રતની પરિણતિ સિવાય કોઈ મોક્ષે ગયો નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ સિવાય મોક્ષ થઈ શકે નહિ. પાણીમાં નાવડું નાખ્યું. આટલી બધી ખીલીઓ છે તરી કે નહિ? કહેજો કે લોઢું તરે છે. કેમ નહિ? નજરે તો જુઓ છો. લોઢાનો જથ્થો હોય તો તરે છે? લોઢું તર્યું ખરૂં પણ પ્રતાપ કોનો? લાકડાનો. લોઢાનો સ્વયં સ્વભાવ નથી.

## અન્યલિંગે છતાં મોક્ષે જાય તો તે પ્રતાપ મહાવ્રતનો

સ્ત્રીઓની સાથે ક્રીડા કરે, અને કેવળજ્ઞાન પામ્યો એવો કોઇ દિવસ દેખ્યો? બહારથી બધું હોય પણ અંદરથી આ નહિવાળી સ્થિતિ હોય તો કેવળજ્ઞાન પામે. જેમ નાવડીમાં ખીલા છે તે ભારરૂપ. ખીલા સાથે નાવડી સાથે પાર ઊતરી ગઈ. ગૃહસ્થપણું ડૂબાડનાર, ડૂબનાર. અંદર રહેલા મહાવ્રતોને લીધે તરી જાય.

પાંચ મહાવ્રતો છે તદ્યથા-આ જ અનુક્રમ. કોઈ પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વી ભલે જગમાં હોય, પણ આ મહાવ્રતની અંદર પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વી કામની નથી. પૂર્વાનુપૂર્વી કામની. તેથી આજ અનુક્રમે. બીજો નહિ.

## મૃષાવાદ વિરમણ એટલે સોયની ચોરી

બીજું મહાવ્રત એટલે શું ? અનંતા ગુણમાંને એક ગુણ, તેમાંને એક અનંતમે ભાગ, તેને પલટો કરવાની દાનત. તેમાં પાપ ગણ્યું તો આત્માને જીવનથી માર્યો તો કેટલું પાપ ? થયેલું અનંતુંજ્ઞાન, થવાનું જ્ઞાન તોડી નાખ્યું; જીવન તોડી નાખ્યું, તેને બંધ ન કરીએ ત્યાં સુધી **ગઠડીની છુટ્ટી ને સોયના સોગન.** તમે મૃષાવાદી, એક આત્માના અનંતા ગુણો, તેમાંને એક ગુણ તેમાંને અનંતમો અંશ. આટલું કહીને ગૌણ કહી નાખ્યું. મૃષાવાદવિરમણને સોયરૂપ બનાવ્યું.

## ઉત્સૂત્ર અનંતો સંસાર વધારે

હિંસાની પ્રતિજ્ઞા ન કરી હોય ત્યાં સુધી મૃષાવાદની પ્રતિજ્ઞા શોભતી નથી. તેથી પ્રાણાતિપાતવિરમણ પ્રથમ રાખ્યું. હિંસા કરવાવાળો હિંસાથી અનંતો સંસાર એકી સાથે ન ઉપાર્જન કરે પણ જૂઠું બોલનારો જિનેશ્વરના વચનની સામે ઉત્સૂત્ર બોલે, ઉત્સૂત્ર બોલનારને સમ્યક્ત્વનો નાશ. પામેલું સમ્યક્ત્વ, પામેલો ધર્મ નાશ પામે, એટલું નહિ પણ અનંત સંસાર. ઉત્સૂત્રનું ભાષણ સમ્યક્ત્વનો નાશ કરીને બેસી રહેતું નથી, પણ અનંતા સંસાર સુધી માર્ગનો જોગ મળવા દે નહિ. જે બુદ્ધિશાળી છે તે પ્રાણનો ત્યાગ થઈ જાય તો પણ ઉત્સૂત્ર બોલે નહિ.

જૂઠું છોડવું તે સોય તરીકે કે ગઠડી તરીકે ? જરા વસ્તુ સમજ. આ વસ્તુ કાળી છે તેને પીળી કહી દીધી. આમાં અનંત સંસાર ને બોધિનો નાશ કરી શકશે ખરો ? તીર્થંકરે કાળી દેખી છે તેને પીળી દેખીએ તો તીર્થંકર વિરૂદ્ધ ખરૂં ને ? કાળીને પીળી કહીએ તે વખતે ઉત્સૂત્ર ખરૂં કે

નહિ? આને ઉત્સૂત્ર માનવું કે નહિ? જે વસ્તુ છે તે રૂપે સૂત્રકારે કહી છે. એની વિરૂદ્ધ બોલવામાં આવ્યું તે સૂત્ર વિરૂદ્ધ થઇ ગયું–તો ઉત્સૂત્રભાષી–અનંત સંસાર થઇ ગયો.

સમ્યક્ત્વને અંગે પ્રરૂપણીય પદાર્થ તેમાં જિનેશ્વરના વચનને અનુસરીને વર્તવું છે. जिनपन्नत्तं तत्तं એ તત્ત્વની પ્રતીતિ છે, પ્રરૂપણાને અંગે જૂઠું બોલવામાં આવે તે 'ઉત્સૂત્ર'. તે સિવાય બીજું વ્યાવહારિક જે 'મૃષાવાદ' તે મૃષાવાદનો ત્યાગ ન હોય.

**ઉત્સૂત્રની વ્યાખ્યા**

**જમાલિ** નયોનું નિરૂપણ કરે છે ને કહે છે કે **મહાવીરે** કહ્યું તેવું નહિ. કહેનારને ઉડાવી દીધા. જીવ, અજીવ, નોજીવ કહેવા તે જુદી વસ્તુ છે, કાળીને પીળી વસ્તુ કહેવી તે જુદી વસ્તુ છે, જે મોક્ષને અંગે આદરણીય તરીકે ગણાવેલા પદાર્થો, આચારો, પ્રરૂપણાને અંગે નિયમિત કરેલા પદાર્થોમાં વિરૂદ્ધ બોલે તે 'ઉત્સૂત્ર'.

**અઢારમું પાપસ્થાન એક બાજુ ને બીજાં બધાં એક બાજુ**

મૃષાવાદ અને મિથ્યાત્વ આવે તો અનંત સંસાર થાય. એકલું મૃષાવાદ આવે તો અનંત સંસાર ન થાય. તત્ત્વવિષયક, તીર્થંકરોના કથન વિષયક, સૂત્રો વિરૂદ્ધ બોલવામાં મૃષાવાદ જોડે મિથ્યાત્વ થાય, બે થયાં તો અનંત સંસાર; બે ન થાય તો અનંત સંસાર નહિ. ગુંજામાં બે રૂપિયા છે. કોઈએ માગ્યા. વિચાર થયો નથી આપવા–ત્યારે કહ્યું 'નથી'. આ એકલું મૃષાવાદ.

**પલટો ખાય તો તોડી નાખે**

હિંસા સર્વ પ્રાણોનો નાશ કરે છે. મૃષાવાદ અને મિથ્યાત્વ

અનંતાનુબંધ કરે છે. અનંતાનુબંધી—અનંતા જન્મો બંધાવે. શંકા—ત્યાં સુધી મોક્ષે જવાનો નથી તે નકકી થયું ને? સમાધાન—અનંતો બાંધ્યો ખરો, પણ પરિણામમાં તોડી નાખ્યો, અનંતાનુબંધીએ સ્વભાવે અનંતો બંધાવ્યો, તોડી નંખાવ્યો. ઉત્સૂત્ર બોલવાવાળાને અનંતો બંધાય, પલટો ખાય તો તોડી નાંખે.

**ગોશાળાનો પલટો**

**ગોશાલાએ** પલટો ખાધો. જિનેશ્વર ઉપર બળવા માટે **જાહેર** તરીકે તેજોલેશ્યા મૂકી, ઘાતકી, ક્રૂર હતો. અંદરથી પલટો ખાધો.

**ઢુંઢીઆનો** દાખલો લઈએ. અંદરથી જાણે પ્રતિમાજી સાચી છે. બીજો (ઢુંઢીઓ) નથી ને? જો ન હોય તો કહે: છે તો સાચી. પોતાની પેઢી ચાલુ રાખવા, ભકતોને રાજી રાખવા, કહેવું પડે કે પ્રતિમા નકામી.

**ગોશાલો**—બધા સમુદાયમાં બોલી દેવું; મેં તમને અવળે રસ્તે દોરવ્યા. હું જૂઠો. વિચાર કરો મરતી વખતે કયી સ્થિતિએ ચઢેલો હશે? છેલ્લી દશા છે, મરવાની અણી ઉપર છે. પ્રાયશ્ચિત્ત લીધું. કોઈ ન કરે તેવું કર્યું. મારા પગે દોરડી બાંધજો, કૂતરાની પેઠે ચોર્યાસી ચૌટામાં ઢસળજો. **મહાવીરના** ત્રણ લાખ એના અગિયાર લાખ હતા છતાં પૂરાવો મળતો નથી. શ્રાવસ્તીનાં ચોર્યાસી ચૌટામાં ઢસળજો. **બજાર વચ્ચે અપમાન** એટલે શું? ચોર્યાસી બજારમાં ઢસળે તોએ બચાવનો રસ્તો. ભકતો બેવકૂફ થઈ ગયા. રાજકારણમાં કાલના મિત્ર આજના શત્રુ. પોતે કહે છે કે આમ બોલજો. **ગોશાલો** પાપી, દુષ્ટ, અજિન છતાં જિનપણે જણાવનાર, આવા શબ્દોની ટેલ પાડજો. કઈ સ્થિતિનો પલટો. પોતાના શબ્દોની ટેલ. આ હું

કહું છું ને કહેજો. ગોશાલા સરખો કટ્ટર વિરોધી. પરિણામે પલટાવાળો થઈ ગયો. જમાલિએ પલટો ન ખાધો.

## ઉત્સૂત્ર સિવાયનું મૃષાવાદ સોય જેવું

હવે મૂળ વાત પર આવો—સૂત્રકારોએ જણાવેલા દેવ, ગુરુ, ધર્મ, આચાર, તત્ત્વો, નયો, નિક્ષેપ, જીવાદિકનું જણાવેલું સ્વરૂપ-આને અંગે વિપરીત પ્રરૂપણા થાય તો બીજું અને અઢારમું મળે. તે મળ્યું અનંતો સંસાર થઇ જાય. આને અંગે નહિ હોય તો મૃષાવાદ માત્ર સોય જેવું ગણાય.

## એક વિપરીતે બે પાપસ્થાનક

સર્વ દ્રવ્ય ને સર્વ પર્યાયને અંગે સમ્યક્ત્વ વ્યાપક છે. એક પણ પર્યાય, દ્રવ્યને અંગે વિપરીત પ્રરૂપણા કરવામાં આવે તો બધા બે પાપસ્થાનકવાળા છે.

બીજું મૃષાવાદ, અઢારમું મિથ્યાત્વશલ્ય બે પાપસ્થાનક.

માન્યતા પાંચ છની, બોલવામાં ભલે નથી બોલ્યા. જ્યાં અંતઃકરણની પ્રતીતિ તત્ત્વાદિકને અંગે અવળી ન થાય, ત્યાં 'મૃષાવાદ'. આ છે જ જૂઠું ત્યાં મૃષાવાદ અને મિથ્યાત્વ.

મનમાં હોય તેવું બોલી દે તો પાપ વધારે કે મનમાં છે બીજું ને બોલી દે બીજું ? શ્રદ્ધાનો પલટો થયો તે વધારે.

## ઉત્સૂત્ર એ સમ્યક્ત્વ ઘાતક

## મૃષાવાદ એ વ્રતઘાત

## પ્રાણનો નાશ એ ગઠડીની ચોરી

તત્ત્વ, ધર્મ વગેરેની પ્રરૂપણાને બાધક ન હોય તે બોલાઈ જાય તો 'મૃષાવાદ'. હિંસા કરતાં મૃષાવાદ નાનું બનાવ્યું. મૃષાવાદમાં ક્રોધ, લોભ, ભય, હાસ્યનાં જૂઠાં રાખ્યાં. દર્શન-મોહનીય કેમ ન લીધું ? મોહથી થતું મૃષાવાદ એ મિથ્યાત્વના

ઘરનું છે. એને સમ્યક્ત્વનું દૂષણ છે. મૃષાવાદનું જૂઠું તે સોયનું જૂઠું. પ્રાણોનો સર્વથા નાશ કરનાર ગઠડીનું જૂઠું.

**મરનો અર્થ અમર**

**મહાવીર** ભગવાનના સમવસરણમાં ભગવાન વગેરેને છીંક આવી. દેવતાઓએ કહ્યું, મર વગેરે. **ભગવાનને** ખુલાસો પૂછ્યો. **શ્રેણિકને** જીવતો રહેવાનું કહે, તમને મર. **મહાવીરે** ખુલાસો કર્યો-હું જીવું છું ત્યાં સુધી બંદીખાનામાં છું, પાંજરામાં છું. મરી જઈશ ત્યારે કેદખાનામાંથી છૂટીશ. 'મર'નો અર્થ અમર કર્યો. હિંસા કોઈને મોક્ષ દેનારી થાય.

**હિંસક ન બચે હિંસ્ય બચી જાય**

ખંધક મુનિના પાંચસો શિષ્યોને પીલી નાખ્યા. તે મોક્ષે ગયા. હિંસાના ઝપાટામાં આવેલા મોક્ષે જાય છે. જેની હિંસા થાય તે મોક્ષે જાય. પણ મૃષાવાદના ઝપાટામાં આવ્યો તે રખડી મરવાનો. કહો મૃષાવાદ હુલાહુલ ઝેર. હિંસા કરનારો ન બચે, મરનારો બચી જાય.

**ચોરીને પ્રથમ સ્થાન ન હોય**

હિંસા સ્વભાવે સર્વ પ્રાણનો નાશ કરે. મૃષાવાદ ધર્મ સંબંધી ઊથલો ખવડાવે. હિંસા તે ગઠડીના ગુના જેવી. મૃષાવાદ એ સોયના જેવી. હિંસા મર્દની પોક; મૃષાવાદ બૈરીની પોક, અદત્તાદાન પાડોશીની પોક. હિંસા આખા આત્માનું નુકશાન કરનાર. મૃષાવાદ આત્માના ગુણોનું નુકશાન કરનાર. અદત્તાદાન બહારની વસ્તુનો ફેરફાર કરનાર છે. માટે હિંસા કરતાં, જૂઠ કરતાં ચોરીને પ્રથમ સ્થાન અપાય નહિ.

**બ્રહ્મચર્યને પ્રથમ સ્થાન કેમ નહિ?**

શંકા—બ્રહ્મચર્ય શાસનની જડ, ધર્મધ્વજ, સ્વર્ગની

સીડી, એને ચોથે નંબરે રાખો, એ તો એની કિંમત ગઈ ને? જેને ધારણ કરનારાને દેવ, દાનવ, ગંધર્વ નમસ્કાર કરે એને ચોથે નંબરે મેલ્યું? એને તો પ્રથમ નંબરે લાવવું જોઈએ. ચારના ભાંગામાં ફેર કરવો જોઈએ. *બહોત્તેર ને છન્નું વચ્ચેના ભાંગામાં ફેરફાર કરવો જોઈએ.

સમાધાન—પહેલામાં આત્માની નુકશાની, બીજામાં આત્માના ગુણની નુકશાની. ત્રીજામાં પાડોશીની નુકશાની. ચોથામાં શાસનને, ધર્મધ્વજને, સ્વર્ગની સીડીને અને આત્માને પણ નુકશાની. તેમજ પાંચમામાં–મમત્વભાવ એ દુનિયામાં ડૂબાડનાર છે. તેથી એ જ ક્રમ છે.

# વ્યાખ્યાન ૧૧

સૂત્રકાર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીએ** શાસનની પ્રવૃત્તિ માટે, ભવ્ય જીવોના હિતને માટે અંગપ્રવિષ્ટ સૂત્રોની રચના કરતા થકા **આચારાંગમાં** આચારની અને **સૂયગડાંગમાં** વિચારની વ્યવસ્થા કરી. તે વ્યવસ્થા કર્યા છતાં સર્વ કાળના સર્વ પ્રસંગો, સર્વ જીવોના સર્વ વિચારો વચનથી ન કહી શકાય તો ભવ્ય જીવોને અધૂરું રહે, તેટલા માટે **ઠાણાંગજીની** અંદર વર્ગીકરણ કરી દીધું–પ્રકારનો નિયમ કર્યો, એક એક વસ્તુ કયી કયી રીતે જુદી બોલી શકાય, સમજાવી શકાય તે માટે મૂળ ભેદો, પેટાભેદો, ભેદાંતર બધું જણાવવામાં આવે ત્યારે વર્ગીકરણ કહેવાય. તેને માટે **ઠાણાંગની** રચના કરી.

*પરિશિષ્ટ પહેલું નંબર (૯) જુઓ.

ઠાણુંગમાં પાંચમા ઠાણામાં પહેલું સૂત્ર મહાવ્રતો પાંચ. તેમાં મહાવ્રતો એટલા માટે કે સર્વથા પાપથી વિરતિ. પાંચ પાપોથી સર્વથા વિરતિ તેને અંગે મહાવ્રતપણું. વિરતિને અંગે વ્રતપણું; સર્વથા વિરતિને અંગે મહાવ્રતપણું.

[1]**તત્ત્વાર્થકારે** જણાવ્યું હિંસા વગેરેથી વિરમવું તેનું નામ 'વ્રત.'

**'વ્રત' સંજ્ઞાનું કારણ–**

**પ્રશ્ન**—'વ્રત' સંજ્ઞા શા માટે રાખી? 'વ્રત' શબ્દ બેમાં વપરાય છે. આ કરવું, તે નહિ કરવું. એકાસણાનું વ્રત કર્યું. એકાસણું કરવાની પ્રતિજ્ઞા થઈ. એક આસન ઉપર બેસી ખાવું–ખાવાનું છોડવાનું નહિ. **विगइए पच्चक्खाइ** બોલ્યા–ત્યાં ઘીનું પચ્ચક્ખાણ એટલે ત્યાગ. 'પચ્ચક્ખાણ' શબ્દ બે રીતે વાપરીએ છીએ. તેમાં છોડવાનું જોડે લેવું પડે છે. એક આસને ખાવાનું નિયમિત કરૂં છું, અનેક આસને બેસવાનું છોડું છું. ખાવું તેનું નામ પણ વ્રત, નિવૃત્તિ કરવી તેનું નામ 'વ્રત'. 'વ્રત' શબ્દથી ભોજનમાં અને તેની નિવૃત્તિમાં. ચાહે તો દહીં ઉપર રહેવાનું નક્કી કરે, ચાહે તો દહીં છોડે.

**'વ્રત' નિવૃત્તિના અર્થમાં**

સમાધાન—આથી જ **તત્ત્વાર્થકારને** સંકેત માટે સૂત્ર કરવુ પડયું-'વ્રત' શબ્દ ખાવા અર્થમાં નથી. 'વ્રત' શબ્દ કેવળ નિવૃત્તિ અર્થમાં છે. 'विरति', 'व्रत', બંને કહેવાની જરૂર ન હતી. અહીં કરવાનો નિયમ નહિ, છોડવાનો નિયમ.

દેશથી જે વિરતિ કરે તેને 'અણુવ્રત' કહીએ સર્વથા

---

1 हिंसाऽनृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम्. (तत्त्वा० अ० ७सू०१)

વિરતિ કરે તેનું નામ 'મહાવ્રત'. વિચારો અહીં 'અણુ'નો અર્થ દેશથી વિરમવું; 'મહા'નો અર્થ સર્વથી વિરમવું. પાંચ મહાવ્રતો–'મહા' એટલે સર્વથી. એક મહાવ્રતમાં સર્વથા નવે કોટિની વિરતિ લીધી. પાંચે આશ્રવોથી ત્રિવિધ, ત્રિવિધ વિરમવું તેનું નામ 'મહાવ્રત'. સામાન્ય મોટાના અર્થમાં 'મહા' શબ્દ લીધો નથી. અહીં મહા, શબ્દનો અર્થ સર્વથી વિરતિમાં લઇ લેવો. देशसर्वतोऽणुमहती, ( तत्त्वा० अ०७ सू० २ ) એટલે દેશથકી વિરતિ હોય તે અણુવ્રતમાં. સર્વથી વિરતિ હોય તે મહાવ્રતમાં. આથી સર્વપ્રાણાતિપાતથી વિરતિ તેનું નામ 'પ્રથમ વ્રત'.

## 'तंजहा', 'पण्णत्ता'થી તીર્થંકરોની છાપ

તીર્થંકરોએ પાંચ મહાવ્રતો કહેલાં. એમ ગણધર કહેઃ મને તીર્થંકર ભગવાન પાસેથી પ્રજ્ઞા-બુદ્ધિદ્વારા પ્રાપ્ત થયાં છે. બુદ્ધિ હતી તેથી ગ્રહણ કર્યાં છે. એ મેં કહ્યાં છે, તેથી 'तंजहा', 'पण्णत्ता' કહીને ગણધર નિયમિત કરે છે કે જિનેશ્વર સિવાય મહાવ્રતોની પ્રરૂપણા કરનાર કોઇ નથી.

## બૌદ્ધો વગેરે અનુકરણથી શિક્ષા આદિ બોલે છે

બૌદ્ધોએ 'શિક્ષા'ને નામે આ પાંચ મહાવ્રતો માનેલાં છે. પાતંજલે 'યમો'ને નામે આ પાંચ મહાવ્રતો માનેલાં છે.

ઝવેરીનું દેખીને બચ્ચાંઓ કાચના કકડાને 'હીરા' કહે છે. ઝવેરી હીરાને સજ્જડ પકડે છે, તાળામાં મેલે છે. તેમ નાના બચ્ચાં પણ અનુકરણથી કકડાને પેટીમાં મૂકે છે.

## અનુકરણ કરવાવાળા કોણ?

અનુકરણ કરવાવાળો કોને કહેવો? બે આદમી આ મારી

છે એમ કહેવાવાળા હોય તો બંનેના ચોપડા જોવાય. ચોપડામાં નોંધ નીકળે, ઘડનાર કહે, માલ આપનાર કહે કે આને આપ્યું છે ત્યારે તેનો માલ છે એમ નક્કી થાય. પહેલાં તો સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારીએ તો 'જીવ' અગર 'આત્મા' શબ્દની ઉત્પત્તિ જિનેશ્વરથી છે.

**પદાર્થ જાણ્યા પછી નામ સ્થાપન**

સામાન્ય નિયમ છે કે પદાર્થ જોવામાં, જાણવામાં આવે ત્યારે તેના વ્યવહાર માટે નામનુ સ્થાપન કરવું પડે. જે પદાર્થ જોવામાં, જાણવામાં ન આવે ત્યારે તેના નામ સ્થાપનની જરૂર રહેતી નથી. અને જોયા જાણ્યા વિના પદાર્થોના નામનું સ્થાપન કરવામાં આવે તો નામ ઘણાં થઇ જાય.

**આત્મા સ્પર્શાદિનો વિષય નથી.**

સર્વ મતવાળાને આ વાત મંજુર છે કે દુનિયામાં હવા એ અનાજના કાંટે, શાકના કાંટે, સોનાના કાંટે પણ તોલવાની ન હોય; એમાંના એકે કાંટે તોલાય નહિ. હવાના તોલ માટે સ્વતંત્ર કાંટો તેમ આ આત્મા સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર પાંચ ઇંદ્રિયમાંથી એકે ઇંદ્રિયનો વિષય નથી. આત્મા અરૂપ, 'અ'શબ્દ વગેરે કહીએ છીએ. 'આત્મા' સ્પર્શ વગેરેને કાંટે જણાતો નથી. એને માટે કાંટો જુદો જોઇએ.

**'આત્મા'ને જણાવનાર કોણ?**

જ્યારે આત્માને જાણવાનો કાંટો જુદો છે તો તે કાંટો કયો? કૈવલ્યનો. કેવળજ્ઞાન સિવાય આત્માને જાણવાનો કોઈ કાંટો નથી. ઇંદ્રિયોના બધા કાંટા નકામા. કૈવલ્યનો કાંટો કામનો. કૈવલ્યજ્ઞાન ફક્ત જિનેશ્વરમાં રહેલું છે. કોઈ પણ પોતાના દેવને 'અલ્પજ્ઞ' માનવા તૈયાર નથી. કોઇ છોકરો માને ડાકણ કહેવા

તૈયાર નથી. એ તેમના દેવને 'સર્વજ્ઞ' મનાવે. તમે તમારા દેવને 'સર્વજ્ઞ' મનાવો. બજારમાં દુકાન માંડીને બેસે તે બધા મૂછ તો આમ જ કરે છે. જ્યાં રોકડા જોખવા પડે ત્યારે હાથ ક્યાં રાખવો તે ખબર પડે. સર્વજ્ઞપણું મનાવવા બધા તૈયાર છે તો હજુ વચલા કાળમાં તો ભ્રમનો વખત રહેત.

જગતમાં કોર્ટમાં કેટલા કેસો જાય છે? લાખો, કરોડો. તે કેસોમાં વાદી કહે છેઃ હું બરોબર. પ્રતિવાદી કહેઃ હું બરોબર. કોર્ટે ન્યાય-નિર્ણય કરવો જોઈએ. કોર્ટને બેમાં સાચો કોણ છે તેનો નિર્ણય કરવાની જરૂર છે. તેમ જીવોએ નિર્ણય કરવાની જરૂર છે. વેપારી કહે છેઃ હું સારો માલ આપું છું, સોંઘો આપું છું. લેનારે તપાસ કરવાની છે.

વચલા કાળમાં જેમ બજારમાં બરાબર મોસમ ન આવે, ભીડ ન થાય ત્યાં સુધી હાથ મૂછો પર રહે, પણ ભીડ વખતે મૂછ પર હાથ કોનો રહે છે તેની તપાસ કરો. આજના જમાનામાં અત્યારે તો તરત નિર્ણય થઈ જાય છે. બધાં શાસ્ત્રને મેલો, **નૈયાયિકે, વૈશેષિકે, મીમાંસકે** પોતપોતાના દેવને 'સર્વજ્ઞ' માન્યા છે.

## પરમાણુના જ્ઞાનમાં પણ સાચું કોણ?

પરમાણુ કોને માન્યો? એ લોકો (નૈયાયિક-વૈશેષિકો) કહે છેઃ બારીકમાં બારીક કણીયાંનો છઠ્ઠો ભાગ, તે 'પરમાણુ', બે પરમાણુનો દ્વિઅણુક; છ ભાગથી સાત ભાગ કણીયાના થાય તો સર્વજ્ઞપણું ઊડી જાય.

**પૌરાણિક** ને **વેદાંતિક** કહેઃ જાળિયાંની વચમાં સૂર્યનું તેજ આવતું હોય તે વખતે જે રજ દેખાય તેનો ત્રીસમો ભાગ તે 'પરમાણુ'. એકત્રીસમો ભાગ થાય તો સર્વજ્ઞપણું નહિ

ને? બારીક કણીયાને સૂક્ષ્મદર્શક યંત્રથી જોઇએ તો બે કરોડ અગણોતેર લાખ કટકા ગણાય. તો છટ્ઠા ભાગવાળા, ત્રીસમા ભાગવાળા સર્વજ્ઞો સરાઈ જવાના કે બીજુ કાંઈ? એક પરમાણુનો જ વિચાર કરીએ તો એ બધાની જીભ બંધ. ખરી રીતીએ તો વ્યાવહારિક પરમાણુ અનંત મળે ત્યારે કણીઓ થાય. 'અનંત' શબ્દની મશ્કરી કરવાવાળાને પણ ઉપરનું તો માનવું પડયું. હવે ઈથર સુધી પહોંચ્યા છે. સ્પર્શ, રસ, વગેરેવાળી વસ્તુને ન દેખે તે કહે-આત્માને દેખું છું તો કોણ માનશે?

પરમાણુનું જ્ઞાન ખોટું હોવાને લીધે એમનું સર્વજ્ઞપણું ખોટું થાય.

## અન્યોની પરમાણુની થિયરી ધોઇ નાખવાની

પાણી કેમ બને તે જાહેર વાત ન હતી. અત્યારે તો હાઇડ્રોજન, ઓક્સિજનથી પાણી બને છે. બે હવા ભેળી કરી પાણી કરી દેવું. બે હવા કાઢી લો તો પાણી ઊડી જાય. હવે **વૈશેષિકો, નૈયાયિકોને** કહો કે તમારાં શાસ્ત્રો ધોબીને ધોવા આપો. એમનો નિયમ હતો કે જલના પરમાણુ જલમાં રહે, પરમાણુરૂપ જલ નિત્ય. નિત્ય માનવાવાળા છોકરાના પ્રયોગમાં જ પટકાઈ ગયા. ચારે જાતના પૃથ્વી, અગ્નિ, વાયુ, તેજના પરમાણુ જુદા, નિત્ય. એ પરમાણુની નિત્યતાની થિયરી (Theory) પૃથ્વીનો પરમાણુ અનાદિ કાળથી પૃથ્વીરૂપે રહ્યો છે, રહેશે. આ તેમનો મત. હાઇડ્રોજન, ઓક્સિજનથી પાણી કરી દો, બેને જુદા પાડી દો તો કયાં જાય? પરમાણુની થિયરી ધોઈ નાખવાની, ઔદારિક વર્ગણા ચાહે એકેંદ્રિય વગેરે-પૃથ્વીકાય વગેરેના પુદ્ગલ હોય. પરમાણુ માત્ર એક વર્ગણા રૂપે રાખ્યા. ઔદારિક

પુદ્ગલોની એક વર્ગણા રાખી.

## તીર્થંકરો સર્વજ્ઞ હોવાથી જાણીને કહી શક્યા

[1]સૂયગડાંગજીમાં પાણીનું સ્વરૂપ જણાવતાં લખ્યું: વાયુ ઉપાદાન, વાયુ નિમિત્ત. કોનું? અપ્કાયનું. એ નાગાબાવા ક્યાં યંત્ર લઈને ફર્યા હશે. તીર્થંકરને પહેરવાનું પૂરું વસ્ત્ર પણ ન હતું. તે ક્યાં લેબોરેટરિ (Laboretory) લઈને બેઠા હતા કે પાણીને અંગે નક્કી કર્યું છે કે વાયુ ઉપાદાન, વાયુ નિમિત્ત–કારણ છે. એમનામાં આત્માનું જ્ઞાન હતું તેથી જાણી શક્યા અને જગતને કહી શક્યા. પરમાણુના દૃષ્ટાંતમાં જ સર્વજ્ઞ-પણું એ લોકોનું સળી ગયું.

## જે સ્પર્શાદિના જ્ઞાનમાં નથી ટકતા તે અરૂપી જ્ઞાનમાં ક્યાંથી ટકે ?

સો વખત દીવાસળી સળગાવી. સો વખત અગ્નિના જીવો ઉત્પન્ન થયા. મૂળ વાત એ છે કે–પરમાણુનું જ્ઞાન બીજે ઠેકાણે સત્યરૂપે રહેલું નથી. વાયુનું જ્ઞાન કોઈ પણ જગ્યા પર સત્યરૂપે રહેલું નથી. શબ્દને આકાશનો ગુણ માનીને ચાલ્યા હતા. એ શબ્દને સ્પર્શવાળો માનવો, તે જૈન સિવાય બીજા કોઈએ માન્યું નથી. રૂપ, રસ, વગેરેની જાળમાંથી ન નીકળી શક્યા તો પછી શબ્દ–રૂપ વગરની ચીજમાં–આત્મામાં શી રીતે પહોંચ્યા?

મંકોડાએ કહ્યું: આ ભેલી ઉપાડી લાવું. બીજાએ–તારી કેડ તો જો.

---

[1]પરિશિષ્ટ પહેલું નંબર (૭) જુઓ.

**સાયન્સથી સાબિત થયેલું પૃથ્વી આદિનું જીવપણું જૈનોએ જ માનેલું છે**

જે જડની જાળમાંથી નથી નીકળતા તે પરમાણુ, પાણી, હવા, શબ્દના સ્વરૂપમાં ટકી શકતા નથી. જેનું જ્ઞાન ચાલતું નથી તે આત્માની વાત શી રીતે કરી શકે? જેઓ પરમાણુ, પાણી, હવા, શબ્દ એવા જડ પદાર્થોના સ્વરૂપમાં જાણતાં જકડાઈ ગયા, નીકળી ગયા તે અરૂપ વગેરે આત્માને શી રીતે જાણવાના? તીર્થંકરે જ આત્માને જાણ્યો. સર્વજ્ઞ તે જ છે, પણ વનસ્પતિ એ જીવ છે. પૃથ્વી, પાણી, હવા એ પણ જીવ છે. એ શબ્દો બિચારાને ભયંકર લાગતા હતા. તેની જગ્યા પર વર્તમાન જમાનામાં વનસ્પતિનું જીવપણું, તાજી માટીનું જીવપણું—સ્થાવરને જીવ માનવાને જૈન સિવાય કોઈ હકદાર નથી. આજની શોધે મનાવ્યું તે બીજાને માનવું પડે છે. જૈનોના લેખો આગળના છે.

**બીજાઓને છજીવનિકાયની માન્યતા કે વિરતિ નથી**

છએ જીવનિકાયને જીવ તરીકે માનવા તૈયાર નથી, તેણે છજીવનિકાયની હિંસાથી વિરમવાનું હોય નહિ. છએ જીવનિકાયની હિંસાથી વિરમવાનું મહાવ્રત જિનેશ્વર જ કહી શકે.

**સ્મૃતિમાં ઝાડમાં સુખ, દુઃખ નથી માન્યા**

સ્મૃતિમાં ઝાડ વધતાં દેખ્યાં એટલે ઉપાય ન રહ્યો, પણ સુખ, દુઃખ વગરના માન્યાં, નવી શોધથી ઝાડોને સુખ દુઃખની લાગણી સાબિત કરવામાં આવી.

**છજીવનિકાયની માન્યતાથી હિંસાદિની વિરતિનો ક્રમ**

એવાને મતે છજીવનિકાયની દયા હોય નહિ, તો પાંચ મહાવ્રતો કેવી રીતે હોય? મહાવ્રત, સર્વથા વિરતિ, છએ જીવનિકાયથી વિરતિરૂપ મહાવ્રતો છે, તે પણ અનુક્રમે. આજ

ક્રમ. પહેલાં હિંસાવિરતિ નામનું, બીજું મૃષાવાદવિરતિ નામનું. આ અનુક્રમ નિયમિત છે. તેને માટે ગણધર કહે છે: એક જ પૂર્વાનુપૂર્વીનો ક્રમ. અહીં પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વી કામમાં લાગતી નથી.

### પહેલાં મહેર નજરની જરૂર

અણુવ્રતમાં બધી છૂટી રાખી છે! અણુવ્રતનું લક્ષણ દેશ. કયો દેશ લેવો તે તેની મરજીની વાત. ભાગમાં નિયમ ન રહે પણ આખા વ્રતમાં નિયમિત, ક્રમસર જોઇએ. દેશવિરતિમાં ચાહે તેની પહેલી, ચાહે તેની પછી, ચાહે તેની કરો, ન કરો તેમાં વાંધો આવતો નથી. હિસાબ થઈ ગયો, ખાતું મેળવાઈ ગયું પછી. કિંમત નથી. મહાવ્રતમાં પહેલાં સર્વ થકી હિંસાની વિરતિ. હિંસા સર્વ ગુણોનો નાશ કરનાર છે. **મોક્ષમાં પહેલું વિઘ્ન જીવની ઉપર મહેર નજર ન થવી તે.** જીવના ઉપરથી ક્રૂર દૃષ્ટિ નીકળી જાય તો કાંઇ નહિ.

### હિંસા વગેરે ચોથાનાં કચ્ચાંબચ્ચાં

શંકા-બ્રહ્મચર્યને પહેલે નંબરે કેમ ન લીધું? ત્રીજા, બીજાને સોય જેવું ગણીને પછી ગણો. ચોથું શાસનની, ચારિત્રની, મોક્ષમાર્ગની જડ છે, એને ચોથે નંબરે કેમ નાખી? હિંસા, ચોરી જૂઠ એ ચોથા પાપનાં કચ્ચાંબચ્ચાં છે. અબ્રહ્મને રસ્તે પ્રવર્ત્યો એટલે હિંસા, જૂઠ ચોરી, પરિગ્રહનો પ્રસંગ ન હોય ત્યાંથી આવી બેસવાનો.

### હિંસાના ડરથી જ બીજાં પાપસ્થાનક છે

ચોથું પાપસ્થાનક એ ચારે પાપસ્થાનકોનો બાપ છે તો પછી એની વિરતિ પ્રથમ કેમ ન લીધી? સમાધાન-ચોથા વ્રતને શાસનની, મોક્ષની જડરૂપ માનવામાં અડચણ નથી. ચોથા પાપનાં

કચ્ચાંબચ્ચાં માનવામાં વાંધો નથી, **પણ મૈથુન છોડવું શા માટે?** નવ લાખ ગર્ભજ, અસંખ્યાત સંમૂચ્છિમની હિંસા વર્જવા માટે. હિંસા વર્જવી એ જ ધ્યેય. હિંસા, મૃષાવાદ વગેરેને લાવનાર ભલે મૈથુન હોય, હિંસાનો ડર ન હોય તો મૈથુનમાં પાપસ્થાનક બુદ્ધિ આવવી મુશ્કેલ.

**એક વખતના મૈથુનમાં નવ લાખની હિંસા કેમ?**

એક વખતના મૈથુનમાં નવ લાખ ગર્ભજો, જેવા આપણે ગર્ભજ પચેંદ્રિય મનુષ્યો તેવા નવ લાખની હાનિ છે. એક વખત એટલી હિંસા તે કેમ માનવી? જેમ વરસાદ વરસે છે, બધું પાણી વનસ્પતિ પકડતી નથી. જ્યારે વરસાદ વરસે છે તેમાંથી કાંઈક વનસ્પતિરૂપે પરિણમે છે. તેમ નવ લાખમાંથી કોઇક જીવ સંપૂર્ણ પર્યાપ્તિરૂપમાં આવે છે. એક બેની જે નિષ્પત્તિ થાય તે થાય; બાકીના રખડી જાય. જેમ બાકીનું પાણી દરિયામાં ચાલ્યું જાય તેમ.

**પરિણામના અંગે હિંસા એ પહેલું જ છે**

ચોથું મહાવ્રત ચારિત્રની જડરૂપ. શાસનનું મૂળરૂપ પ્રવૃત્તિને અંગે પહેલા, બીજા, ત્રીજા, પાંચમાનો બાપ. પરિણામને અંગે જ્યાં પહેલાનો ડર ન લાગ્યો હોય, ત્યાં સુધી ચોથાના પચ્ચક્ખાણ માટે કોઈ તૈયાર થાય નહિ. ચોથું અમુકના બચાવ માટે. જ્યારે પહેલું સર્વના બચાવ માટે.

**બ્રહ્મચર્યનો ક્રમાંક**

છએ જીવનિકાયને અંગે પહેલા મહાવ્રતને પહેલો નંબર મળવો જોઈએ. હિંસાને પ્રથમ રાખ્યું તે તો ઠીક, પણ બ્રહ્મચર્યને બીજું તો લો. મૃષાવાદને, અદત્તાદાનને વચમાં કેમ ખોસ્યાં? હિંસાથી જરા પાછળ મેલવું તે વાત કબૂલ

થાય, પણ મૃષાવાદથી પાછળ મેલો છો તો જે મહત્ત્વ છે તે રહે નહિ. મૃષાવાદ, અદત્તાદાન બીજા ત્રીજા નંબરે ન મેલતાં બ્રહ્મચર્યને તારી દૃષ્ટિએ બીજે નંબરે મેલવું જોઈએ. બધા પાપસ્થાનકવાળો એ ધર્મના દરવાજામાં આવે તો સીધો સમજવો, પણ જૂઠ બોલવાવાળો તો વાંકો સમજવો. સાહેબ અગિયાર વ્રત આપો પણ જૂઠની છૂટ.

## મૃષાવાદનો ક્રમ બીજો જ આવે

રકમ ઉપર કુચડા ફરેલા દસ્તાવેજની કિંમત શું? ગાંઠની ખર્ચેલી કિંમત ગઈ. મૃષાવાદને અંગે ચાહે તે કહો તે નકામું છે, જે કાંઈ પ્રાયશ્ચિત્ત કર્યું, પાપ કર્યું, એક નન્નો સો દુઃખને હણે. જૂઠથી બચે ત્યારે બ્રહ્મચર્ય ઉચ્ચરાવવું લાયક. વખાણ પૂરતું, તે દહાડા, મહિના પૂરતું ઉચ્ચર્યું હતું એમ કહે તેને શું કરવું? જૂઠું બોલવામાંથી પ્રથમ બચ. જેઓની જબાન પર કાબૂ ન હોય તેને કહેવું શું? કારણકે જે સંપૂર્ણ બ્રહ્મચર્ય—ચોથું મહાવ્રત કોને અંગે કામનું છે? જબાન ઉપર કાબૂ મેળવેલો હોય તેને. જબાન ઉપર કાબૂ ન મેળવેલો હોય તે ચોથું વ્રત પાળી શકે નહિ. બ્રહ્મચર્ય ઉચ્ચરીને કોઈના ફાંસામાં ન આવે એવી દશા ક્યારે આવે? જીભ ઉપર કાબૂ મેળવે ત્યારે. જ્યાં સુધી કાબૂ ન આવ્યો હોય ત્યાં સુધી આગળ ન વધી શકે. મૃષાવાદવિરમણ વિના બીજા વ્રતોનું ટકવું મુશ્કેલ. જબાન ઉપર કાબૂ ન આવે ત્યાં સુધી ટકે નહિ. ત્રીજું કારણ મૈથુન એ સંયોગ પ્રાસંગિક ચીજ, મૃષાવાદનો પ્રસંગ ચોવીસે કલાકનો. હાલતાં ચાલતાં. મૃષાવાદ એ અંદરની જડમાંથી—આત્માની પરિણતિમાંથી નીકળનાર, તેમાં બળાત્કાર ચાલતો નથી. ચોથું મહાવ્રત મોટું પણ સંજોગ

વર્જાય કે ખલાસ. જેટલાનું બોલવું તેનું જ્ઞાન જોઇએ. મૃષાવાદથી બચવા માટે અંદરનું ષડ્યંત્ર મજબૂત હોવું જોઇએ. જ્યાં બહારના સંજોગો રોકાયા કે બ્રહ્મચર્ય પળાય. મૃષાવાદને અંગે જ્ઞાન જોઇશે, મોઢું કાબૂમાં જોઇશે. વિચારીને બોલવું, પદાર્થ હોય તેવું બોલવું. એ ન બને.

**તમામ દ્રવ્યોનો વિષય હોવાથી મૃષાવાદ બીજું**

મૃષાવાદવિરતિનો વિષય કયો? સર્વદ્રવ્ય. મૈથુનવિરતિનો વિષય વિજાતીય. મનુષ્ય, સ્ત્રી, રૂપી, અરૂપી તમામ દ્રવ્યો બીજા મહાવ્રતોનો વિષય. ચોથા વ્રતના વિષયની અલ્પતા હોવાને લીધે અને મૃષાવાદમાં વિષયનું બહુપણું હોવાને લીધે બીજે નંબરે મૃષાવાદવિરતિ રાખવાની જરૂર છે.

**અદત્તાદાન ત્રીજે ને ચોથે મૈથુન યોગ્ય જ છે**

શંકા— ત્રીજે તો બ્રહ્મચર્યને લો એક નંબર ચઢયું તો સંતોષ માનીશું. માનની ખાતર તો એક નંબર ચઢાવી દ્યો. સમાધાન— વસ્તુસ્થિતિએ ચઢાવવા માંગતો હોય તો વિચારની જરૂર છે. અદત્તાદાન ટળાવવાને જીવોની સ્થિતિનો ખ્યાલ કરવો પડે ચાર *અદત્ત-સ્વામી-અદત્ત, જીવ૦, તીર્થંકર૦, ગુરુ૦ એમ કહ્યું. તેનો ખ્યાલ ન રહેતાં ચારમાંથી એકનો ખ્યાલ નીકળી જાય તો મીંડું વળી જાય. જ્યારે ચોથા વ્રતને અંગે રૂપ, રૂપસહગત બેનો ત્યાગ કર્યો કે ખલાસ. ભયંકર પાપ છે એ કબૂલ. અદત્તાદાનની અંદર મોટો વિષય છે, તેટલો મૈથુનવિરતિમાં નથી તીર્થંકર-અદત્ત વગેરે જેના ખ્યાલમાં ન હોય તે બિચારો મૈથુનથી વિરતિ કરવાનો શી રીતે? ગ્રહણ કરવા યોગ્યને ગ્રહણ કરે, ધારણ કરવા યોગ્યને ધારણ કરે.

---

*પરિશિષ્ટ પહેલું, નંબર (૮) જુઓ.

સર્વજીવવિષયક, સર્વદ્રવ્યવિષયક. ચારેની માલિકીને અંગે અદત્તાદાન ત્રીજે નંબરે યોગ્ય હતું અને મૈથુનવિરતિ ચોથે નંબરે યોગ્ય હતું પણ પાંચમા નંબરની તો જરૂર જ ન હતી.

અગ્નિ, પાણી, સ્ત્રીને બંધ કરો, તો પરિગ્રહ લઈને કરીએ શું? ચાર બંધ થયા પછી પરિગ્રહ કરાવે તો પણ કોણ કરવાનો? મૂંગાને બોલવાનાં પચ્ચક્ખાણ આપવાં તે નકામાં છે. પરિગ્રહ આપવા જાય તો પણ કહે: શું કરું? છોકરાં છૈયાં ન હોય તેને વીલ કરવાં પડે છે. છતા પૈસા, પાપમાં પ્રવૃત્તિવાળા છતાં પણ દઈ દેવા માગો છો, વીલનો અર્થ આટલો.

પહેલાં પાંચમાની સફળતા સાબિત કરો. એમાં એટલી બધી ઓછાશ છે? માગ્યુંતુગ્યું છે? તો પછી પાંચમા નંબરે કેમ?

## વ્યાખ્યાન ૧૨

### નય, પ્રમાણ ને નયાભાસ

ગણધર મહારાજા **સુધર્માસ્વામીજીએ** ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે દ્વાદશાંગીની રચના કરવા માંડી, તેમાં **આચારાંગમાં** સાધુઓએ આચારનુ આચરણ કેવી રીતે કરવું તે કહ્યું. ને વિચારમાં સાવચેતી કેવી રીતે રાખવી, સ્વસમય ને પરસમય કેવી રીતે જુદા છે, તે બધી જ વ્યવસ્થા **સૂયગડાંગમાં** કહી. એ કર્યા છતાં પરસમય કેટલા તેનો પત્તો નથી. દુનિયામાં મતમતાંતરોની તો સંખ્યા છે: કહો કે પાંચસો-છસો. જેટલા વચનના માર્ગો છે તેટલા નયવાદો છે. જેટલા

નયવાદો તેટલા મિથ્યાત્વનાં સ્થાનો છે. પોતાની ગાતાં બીજાની ગબડાવે તે 'નયાભાસ.' પોતાના ગુણ ગાય પણ બીજાની દરકાર રાખીને ગાય તે 'પ્રમાણ.' स्याद् घटः કહેતાં બીજા બધા ધર્મો મારી ધ્યાનમાં છે પણ એની મારે જરૂર નથી, અત્યારે પટનું અવિદ્યમાનપણું જણાવવાની જરૂર નથી. અત્યારે ઘટમાં ઘટપણું છે તેની વાત કરૂં છું. 'ઘડો' છે એટલી વાત કરૂં છું. બીજામાં પડતો નથીઃ પટરૂપ છે કે નહિ? પટરૂપનો અભાવ છે કે નહિ તેની તથા નહિ. બીજાની તથા છોડી તેથી ઘટ છે. એમ કહેવું તે 'નય' કહેવાય. 'घट एव' ઘટ જ છે. એમાં છે જ પણું જ પકડી લીધું અને નાસ્તિપણાનો અભાવ તે 'નયાભાસ'-'મિથ્યાત્વ.'

## 'બહુ ભણેલો શાસ્ત્રનો-શત્રુ' તેનો ખુલાસો

શાસ્ત્રો બહુ ભણે તે મિથ્યાત્વી, નહિ ભણેલો મિથ્યાત્વી પણ ભણેલો શાસનનો શત્રુ-મિથ્યાત્વ નહિ રાખતાં આગળ વધ્યા-શત્રુ. જેમ જેમ બહુ ભણેલો હોય તેમ તેમ વધારે શત્રુ. એટલો બધો વસ્તુને સમજનારો કે બીજાની ઉપર છાપ પાડે. જેમ જેમ બહુશ્રુત, જેમ જેમ વધારે છાપ પાડે, તેમ તેમ વધારે શત્રુ. શંકા-આ કહીને જ્ઞાનને દુનિયામાંથી કાઢી નાખ્યુંને? આવું જૈન શાસ્ત્રનું જ્ઞાન? એક મનુષ્યે સાધુને નદી ઉતરતાં દીઠો ત્યાં કહી દીધું કે તમારૂં મહાવ્રત ગયું. સર્વપ્રાણાતિપાતનાં પચ્ચક્ખાણ કર્યાં છે કે નહિ અને અહીં હિંસા થાય છે કે નહિ? સમાધાન-શાસ્ત્રકારો કહે છેઃ શાસ્ત્રો પ્રમાણ નથી, કારણ શાસ્ત્રોમાં જે વાક્યો છે તે નય-વાક્યો છે, વચન જે નિરૂપણ કરે તે એક ધર્મ પૂરતું નિરૂપણ કરે. મહાવ્રત મોક્ષનું સાધન તે રૂપે વાત લીધી તેનું નિરૂપણ કર્યું.

## 'ઓલંબા' હિતને માટે છે

શંકા—सव्वाओ पाणाइवायाओ वेरमणं—હવે તારૂં સર્વ-પ્રાણાતિપાતવિરમણ ઘેર ગયું! સમાધાન—ઓળંબા સહન ન થયો, વસ્તુ તો પરિણમી હોય તો આ બિચારો અવિરતિ-વાળો તેને આટલી લાગણી થાય છે તો મને કેટલી થવી જોઇએ! સિંહગુફાવાસીએ રત્નકંબલ ખાળમાં નાખી એમ કહ્યું ત્યારે વેશ્યાએ કહ્યું કે મને ફાયદો કરનાર છે કે નહિ પણ તમો ચારિત્રથી ચૂકો તેનો મને અફસોસ થાય છે. આ કથનથી ઓળંબા વખતે મને ફાયદો થાય કે નહિ તે વિચારવાની જરૂર છે. મણિભાઈના ગુંજામાંથી મહોર પડી, પછી તે મહોરને ગમે તે બતાવે. તે વખતે મણિભાઈ એમ કહેવા ન જાય કે તારી પાસે બીડી લાવવાની પાઈ નથી, મને મહોરની વાત કહે છે. વેશ્યાએ બતાવ્યું છેઃ હિતશિખામણ હોવી જોઇએ, છિદ્રબુદ્ધિ ન હોવી જોઇએ.

જૈન શાસનમાં બે રાશિ છે, જીવ, અજીવ છતાં પરિવ્રાજકે એક જ મુદ્દાથી કહ્યું કે આ બોલીશ ત્યારે બોલવું બંધ થશે. બંદા ફાવશે.

કેટલાકને સાધુનું છિદ્ર જ કાઢવું. આચારની શ્રેષ્ઠતા કે અનુકરણ ખ્યાલમાં નહિ લેવું. આવી શિખામણ દેવાવાળા તત્ત્વને ન પામે. જેને કહ્યું તેણે અંગત અસર હોય તો સુધા-રવાની જરૂર. શાસનને અંગે છિદ્રબુદ્ધિ ન હોવી જોઇએ.

## 'સર્વપ્રાણાતિપાતથી વિરમણ' એ નય-વાક્ય

'સર્વપ્રાણાતિપાતવિરમણ' એ મોક્ષાર્થીને મોક્ષનું કારણ છે. પણ તે વાક્યને જે વખતે 'તારે ઘેર લઇ જા' તે વખતે

તિરસ્કાર કર્યો, તેથી રખડાવનાર. તે અપેક્ષાએ મહાવીર ગોશાલાને રખડાવવાના–ભમાવવાના કારણ થયા. ઘણાંને મહાવીર મોક્ષમાં લઈ જનારા થયા. આટલાં જ માટે 'સર્વથા પ્રાણાતિપાતથી વિરમવું' તે નય–વાકય છે. માટે નદીને છોડીને આ ન મેલ્યું

***સિદ્ધસેનદિવાકરે** કહ્યું; શાસ્ત્રની અંદર જે વાકયો પ્રવર્તેલાં છે તે નય–વાકયો છે. સંપૂર્ણ અર્થને નિશ્ચય અર્થ કરવાની તાકાત ન હોય, જો આગળપાછળના સર્વ મેળ સાથે નિશ્ચયને ન જાણે તો, જે શાસ્ત્ર મોક્ષે લઈ જનાર, તે એને રખડાવનાર થયું. જેટલા વચનના માર્ગો તેટલા નયો, અને તેટલાં જ મિથ્યાત્વ. તેથી નય વાકયને 'પ્રમાણ' નહિ પણ 'પ્રમાણનો દેશ' કહી શકાય.

## લગીર આઘાપાછામાં મિથ્યાત્વ

**સૂયગડાંગથી** વહેંચણી કરીને કેટલું સમજાવાશે? તેને માટે ત્રીજા **ઠાણાંગજી** નામના અંગની અંદર વર્ગીકરણ કરી પદાર્થ કયા રૂપે રહેલા છે એના કેટલા ભેદ કે પેટાભેદ પડે છે તે સમજાવે છે. છોકરાને ૫×૫=૨૫ શીખવી દીધું–૫×૫=૪૫ નહિ. ચોવીસ સુધીની ચાહે તે સંખ્યા કહેવામાં આવે તો તે આપોઆપ સમજી જાય છે કે ખોટી, છવ્વીસથી ચાહે તેટલી સંખ્યા બધી ખોટી. ઠાણાંગજીનું વર્ગીકરણ એવું કરીને મેલી દેવું કે લગીર આમનું થાય તો મિથ્યાત્વ જરા તેમનું થાય તો પણ મિથ્યાત્વ થાય.

---

*અહીંથી આગળ જ્યાં જ્યાં ફુટનોટમાં કૌંસમાં આંકો આવે ત્યાં પરિશિષ્ટ પહેલામાં તે તે નંબરમાં જોવું. (૯).

## મૂળ સ્થાનરૂપે આ જ ક્રમ

વર્ગીકરણ તરીકે 'पंच महव्वया'. તે પણ 'तद्यथा' આ જ અનુક્રમે. પાંચની અનુપૂર્વી, એકસો વીસ લાઈનોમાં એક જ કબૂલ કબૂલ. એકસો ઓગણીસ લાઈન નકામી. પાંચે મહાવ્રતો છે તે આ અનુક્રમે છે. આ જ અનુક્રમ જણાવવા માટે 'तद्यथा' હું કહું છું તેમ, પણ બીજી રીતિએ નહિ. આચારોની પ્રરૂપણા થતી હોય ત્યારે અધિકાર આવે તે મૂળ સ્થાન તરીકે નહિ. ત્યાં ગમે તે ક્રમે ચાલે. પણ મૂળ સ્થાનરૂપે આજ અનુક્રમ.

## પહેલું ,બીજું', ત્રીજું અપવાદિક ચોથું નિરપવાદિક

પ્રાણાતિપાતની વિરતિ સર્વ પ્રાણોનો નાશ-પહેલે નંબરે. આત્માના એક ભાગના એક ગુણને અમુક અંશે લોપનાર મૃષાવાદ તે બીજે નંબરે. મૃષાવાદ સર્વદ્રવ્યપર્યાયવિષયક. જ્યારે અદત્તાદાન લેવા મેલવાની ચીજવિષયક, જ્યાં સર્વ દ્રવ્ય વિષય નથી, તો પછી સર્વપદાર્થવિષયક હોય શાનો? તેથી બીજા નંબરે ન રાખતાં ત્રીજે નંબરે મૂકયું. મૈથુન રૂપ, રૂપસહગતને માટે તેથી ચોથે નંબરે. જે નિરપવાદ તેને ચોથે નંબરે. પહેલું, બીજું, ત્રીજું પદ અપવાદવાળુ -એટલે પ્રસંગે, કારણે કરવાની છૂટ.

એક મનુષ્ય એક જગ્યા પર ગયો, આવ્યો ત્યારે નદીમાં પાણી ન હતું, નદી ઉતરૂં તો હિંસા થાય. નદી ઊતરીને વિહાર ન કરે તો દોષ. નદી ઊતરીને જાય તો દોષ નહિ. ચોમાસાના ચાર મહિનામાં એ પ્રતિબંધ. નદી ઉતર પણ વિહાર કર. પ્રાણાતિપાતવિરમણને 'મહાવ્રત' રાખ્યું, પણ છૂટ રાખી-ત્રસની

વિરાધના ટાળવા માટે કિલામણા. [1]મૃગલાં જતાં હોય, દેખ્યાં હોય, પારધિ આવીને પૂછે તો મૌન રહે, તેથી ન વળે તો 'હું નથી જાણતો' એમ કહે. કેટલાક વસ્તુ નહિ જાણનારા–**નો जाणंति वएज्जा, जाणंति नो वएज्जा** એનો એવો અર્થ કરે છે કે–'હું જાણું છું એમ ન કહે. હું નથી જાણતો એમ બોલે. ત્યારે જૂઠું બોલવાની શાસ્ત્રે આજ્ઞા આપી.

नो जाणंति वएज्जा હું જાણતો નથી.

जाणंति नो वएज्जा હું જાણું છું એમ ન કહે

પહેલાં મૌન, જાણે છતાં ન બોલે તે 'મૌન' છે. મૌનપણું બેદરકારી. પછી બોલવાનો નિષેધ એ બીજા પક્ષમાં ન આવે, હું જાણું છું એમ નહિ કહો તો जाणं વાની શી જરૂર? જાણતો થકો, નથી જાણતું એમ બોલવું હોય તો जाणं વાની શી જરૂર? શાસ્ત્રકારે મૃષાવાદની ખાળ કરી, આવા મૃગલાના પ્રસંગમાં તમને પૂછે અને મૌનપણાથી ન ચાલે તો જાણતાં થકાં હું નથી જાણતો એમ કહેવું–મૃગલાં દેખ્યાં છે, છતાં નથી જાણતો એમ બોલો. કહો મૃષાવાદવિરમણમાં ખાળ મેલ્યો. જ્યારે મૃગલાં સરખી જાનવરની જાત, અવિરતિ જાત, તેની માત્ર

---

१ (अ) से भिक्खू वा० दूइज्जमाणे अंतरा से पाडिवहिया उवागच्छिज्जा, ते णं पा० एवं वइज्जा–आउ० स० ! अविमाइं इत्तो पडिवहे पासह, तं० मणुस्सं वा० सिरीसिवं वा जलयरं वा से आइक्खह दंसेह, तं नो आइक्खिज्जा नो दंसिज्जा, नो तस्स तं परिन्नं परिजाणिज्जा, तुसिणीए उवेहिज्जा, जाणं वा नो जाणंति वइज्जा। (आचा०-सू० २५२); (आ) (९)

દ્રવ્ય–દયા. તમે તમારા અભિપ્રાયે મરવાનું કારણ ન બન્યા. દ્રવ્ય–દયાને અંગે, જાણવરની દ્રવ્ય–દયાને અંગે, મૃષાવાદથી પહેલું મેલતા હોય તો ભાવ–દયાને માટે પહેલું મૂકે તો નવાઈ શી?

**બીજું મહાવ્રત જાળી–બારીવાળું**

[1]નવદીક્ષિતનાં કુટુંબો આવીને પૂછે: જાણો છો તો 'નહિ' એમ કહી દેવું. ખુદ ભાવ–દયાનો પ્રસંગ. સાધુ લોચ કરવા બેઠા છે, પૂછે કે કેટલો રહ્યો છે? તો કહે–હવે 'થોડો' રહ્યો છે. થયો હોય છ આની, રહ્યો છે દશ આની–એના આચાર, પરિણામને ટકાવવા બારું રાખ્યું. હિંસા એ બારી જાળીવાળું છે. બીજું મહાવ્રત જાળી બારીઓવાળું છે.

ત્રીજું પણ જાળીબારીવાળું છે. પહેલામાં સંયમના રક્ષણને અંગે, બીજામાં માત્ર ભાવ–દયાના બચાવને, આચારના બચાવને માટે છૂટ રાખી છે.

**વિષ્ણુકુમારે** ત્રણ ડગલાં માંગ્યાં, તેમાં આખી ધરતી દાબી દીધી–આ શાહુકારી ગણાય?

પહેલા, બીજા, ત્રીજા મહાવ્રતમાં જાળીઓ–બારીઓ છે, તે સિવાયનું કોઈ મહાવ્રત હોય તો તે ચોથું મહાવ્રત છે.

**મૈથુનમાં સ્યાદ્વાદ નહિ**

ચોથા મહાવ્રતમાં નથી જાળી કે નથી બારી. શાસ્ત્રમાં

---

१ (अ) शैक्ष्यो वा प्रव्रज्याभिमुख आगतः प्रव्रजितो वा तं च स्वजनाः पृच्छंति, तत्र जानतोऽपि भणंति न जानीमो न वा दृष्ट इति; शैक्षस्य वा अनधिसहिष्णोर्लोचे क्रियमाणे बहावपि तिष्ठति एवं वक्तव्यं, एष समाप्तो लोचः स्तोकं तिष्ठति। (यतिजितकल्प गा० ८० टी० पृ० ३०); (आ) (१०)

કશાની પણ એકાંતે કરવું જ જોઇએ એવી આજ્ઞા નથી રાખી, પણ અહીં સ્યાદ્‌વાદમાં સરકી જઇ શકશો નહિ. મૈથુનમાં સ્યાદ્‌વાદ લગાડશો નહિ.

## મૈથુનવિરમણમાં 'પરિણુતિ' પ્રવૃત્તિથી ભિન્ન ન થાય

શંકા–દયાએ, સત્યે, અદત્તાદાને તમારૂં બગાડયું કે જાળી–બારી મૂકી? ચોથામાં બારી કેમ ન મૂકી? સમાધાન— પહેલા, બીજા અને ત્રીજાને અંગે પ્રવૃત્તિ, પરિણુતિ જુદી રહી શકે છે. નદી ઉતરે ત્યારે પ્રવૃત્તિ હિંસાની. પરિણુતિ જુદી. આ ત્રણ મહાવ્રતોમાં પરિણુતિ, પ્રવૃત્તિને જુદી રાખી શકાય છે, માટે સ્યાદ્‌વાદ કરવો ઉચિત છે, પણ ચોથામાં પ્રવૃત્તિની સાથે પરિણુતિ બગડે છે હિંસા આત્માનું સાધ્ય રહે અને પ્રવૃત્તિ બગડે એ બની શકે, પણ મૈથુનવિરમણ આત્માનું સાધ્ય રહે અને પ્રવૃતિ બગડે તે બની શકે જ નહિ.

## કૃષ્ણ પણ બ્રહ્મચર્યને વખાણે

કૃષ્ણને ગોપીઓ છતાં 'બ્રહ્મચારીને' માટે માન રાખે. પોતે કર્યું તેને જ ગાય એવો જગતનો નિયમ છે, છતાં આટલા બધા વિકારવાળો ગાય છે શાને? 'બ્રહ્મચર્યને.' રંડીબાજ બ્રહ્મચારીને ધન્યવાદ દેતો નથી રંડીબાજ બ્રહ્મચારીનો દાસ બને તે મહામુશ્કેલ. આવા સોળ હજાર ગોપીઓથી સંતોષ ન માનનારા, એવા 'બ્રહ્મચયને' ગુણ તરીકે ગણે એમની પરિણતિ કેવી હોવી જોઇએ? એવા છતાં એમને મહાવ્રતધારી કે અણુવ્રતધારી નથી માન્યા

મૂળ વાત પર આવો–પહેલા મહાવ્રતને અંગે, બીજાને અંગે, ત્રીજાને અંગે જાળી, બારી, ખાળ, નહેર પણ ચોથા વ્રતને અંગે જાળી, બારી, વગેરે નહિ. આવા ચોથા મહાવ્રતને

પહેલે નંબરે ન મૂકયું ને ચોથા નંબરે કેમ મૂકયું ?

**મૈથુનમાં અપવાદ નહિ**

હિંસા મોક્ષના આચારને આચરતાં વચમાં આવે છે પણ મૈથુન એવી ચીજ નથી કે તમારા આચારની વચમાં આવતી નથી. બાળ, ગ્લાન આચારમાં પ્રવર્તેલા. તેને વરસાદમાં લાવી આપો એ જરૂરી. લોચાદિમાં પરિણુતિ બગડવા માંડે તો અપવાદ. મૈથુન એ કોઈ પણ પ્રકારે આચારમાં આડે આવનારી ચીજ નથી. મૈથુન જરૂરી ચીજ નથી. તેમજ પરિણુતિ ઠેકાણે રહેતી નથી. અહીં પરિણુતિ સાથે પ્રવૃત્તિ બદલાઈ જાય, તેથી અપવાદ ન હોય ?

**છોકરાને કરિયાતું અપાય, ઝેર ન અપાય**

છોકરાને કડવી દવા અપાય, પણ ઝેર ન અપાય. ઝેરમાં સાધ્ય વસ્તુ જ નથી સોમળ, કાલકૂટ, હલાહલ ન અપાય. કરીઆતુ, કંડુ વગેરે કડવાં જોખમદાર ન હોવાથી જીંદગીને સહીસલામત કરનાર છે. પણ સોમલ, કાલકૂટ, તાલપૂટ વગેરે હલાહુલ ઝેરો છે તો કડવાં, પણ જીંદગીની સલામતી કરનારાં નથી. એની સાથે જીંદગીને જોખમ કરનારાં છે. આથી જ માને સોમલ દેવાનો હક નથી પણ અફીણ, કરીઆતું દેવાનો હક છે.

તેવી રીતે અબ્રહ્મ એ કોઇ પણ પ્રકારે બ્રહ્મચર્યના જીવનને સાબિત રાખનારી ચીજ નથી. એકાંતે. તેથી ચોથું નિરપવાદ.

શંકા—ચારિત્રના પ્રાણરૂપ બ્રહ્મચર્ય છે તો પહેલે સ્થાને કેમ નહિ? પહેલા સ્થાનકે જે મૂકવું જોઈએ તે કેમ મૂકયું નહિ, અને ચોથે સ્થાનકે કેમ ચોંટાડયું ?

**હિંસામાં અપવાદ કયા પ્રકારનો ?**

પાણી માત્રના આરંભ અંગે અપવાદ નહિ પણ નદી

ઉતરતાં અપવાદ, પણ અગ્નિ સળગાવવો નહિ.

હવે મૂળ વાત પર આવો—શંકા—આવા જબરજસ્ત નિરપવાદ મહાવ્રતને ચોથે નંબરે મૂક્યું. જેને પહેલે નંબરે મૂકવું જોઇતું હતું, તેને પણ 'तद् यथा' કહીને ચોથે સ્થાને જ મેલવાનું કારણ?

**બ્રહ્મચર્યનું ચોથું સ્થાન બરોબર જ છે**

સમાધાન—પહેલામાં છએ જીવનિકાયની દયા છે. ચોથામાં રૂપ, રૂપગત—આકૃતિ, આકૃતિવાળા દ્રવ્ય જ વિષય છે. તે દ્રવ્યો હોવાથી ચોથે સ્થાને તેનો નંબર છે.

**અબ્રહ્મ નહિ સેવવાવાળો દુર્ગતિનો ભાગી થતો નથી**

શંકા—શાસ્ત્રમાં [1]ઉવવાઇજીમાં કેટલાંક કુલોમાં બાળ વિધવાઓ કુટુંબની લજ્જાને લીધે બ્રહ્મચર્ય પાળે છે, મનમાં આબરૂનો ડર છે. આબરૂના ડરે જ બ્રહ્મચર્ય પાળે તો દેવલોકે જાય. ખૂનને કરવાવાળા ફાંસીને લાકડે લટકે પણ મનમાં ખૂનના વિચારવાળો ફાંસીને લાકડે લટકતો નથી. અબ્રહ્મને સેવવાવાળો દુર્ગતિનો ભાગી થાય છે. જેણે સેવ્યું નથી તે દુર્ગતિનો ભાગી થતો નથી.

**મૈથુનાનુબંધીને રૌદ્રધ્યાનમાં ગણાવ્યું નથી**

સમાધાન—[2]હિંસાનુબંધી, (૨) મૃષાનુબંધી; (૩) સ્તેયાનુ-

---

(૧) से जाओ० इत्थियाओ भवंति, तं० अंतो० अकामबंभचेरवासेणं० जाव चउसट्ठिं वाससहस्साइं ठिई पण्णत्ता ८। (औप० सू० ३८)

(२) हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरतदेशविरतयोः। (तत्त्वा० अ० ९ सू० ३६)

બંધી એમ રૌદ્રધ્યાન કહ્યું. રૌદ્રધ્યાનના ત્રણ પાયા કહ્યા. મૈથુનાનુબંધી રૌદ્રધ્યાન કેમ ગણાવ્યું નહિ? હિંસા, જૂઠ, ચોરીના વિચારો એટલે રૌદ્રધ્યાન. કાયાથી હિંસા ન કરનારો હોય, પણ મનથી હિંસા કરનારો હોય તે દુર્ગતિ સાધશે. ચોરી (રાજાના બળાત્કારથી) ન કરતો હોય પણ મનમાં ગડભાંજ કરતો હશે તો દુર્ગતિએ જશે.

## દ્રવ્ય–બ્રહ્મના પાલનની જરૂરિયાત

દ્રવ્યબ્રહ્મનું પાલન એટલું બધું જરૂરી છે કે મન બગડી જાય તો પણ દ્રવ્યને પકડી રાખ. હિંસાનું મન બગડે, દ્રવ્યથી નથી બોલતો તે નકામું. દ્રવ્ય–હિંસાનું વર્જવું. ભાવહિંસા–ચાલતી હોય તો નકામું પણ 'મૈથુન' મન ચાહે તેટલા ગોટીલા વીણતું હોય પણ દ્રવ્યથી પાળે તો પણ તે ફાયદાકારક.

હિંસા, જૂઠ, ચોરીના વિચારોને રોદ્રધ્યાનમાં ગણ્યા પણ મૈથુનના વિચારો ખરાબ છે, છતાં આર્તધ્યાનમાં ગણ્યા પણ રૌદ્રધ્યાનમાં ગણાય નહિ. **તુલસીદાસ** કહે છે **'મન જાય તો જાને દો, મત જાને દો શરીર'.** પ્રવૃત્તિ ઉપર કાબૂ મેળવ્યો તો દેવલોકે જવાનો. વગર ઇચ્છાથી બ્રહ્મચર્ય પાળવાથી દેવલોક છે. રૌદ્રધ્યાન ગણ્યું નથી.

## બળાત્કારે પળાતું બ્રહ્મચર્ય દેવલોક આપે

બાળવિધવાઓ સાસુ સસરાની ખાતર, કુટુંબની ખાતર બ્રહ્મચર્ય પાળે છે, વગર ઇચ્છાએ બ્રહ્મચર્ય પાળનારા છે છતાં તે દેવલોક મેળવે છે. મનને ઢેઢવાડે મોકલવાનું પોષણ કરતા નથી. હિંસાના વિચાર કરવા પહેલાં બાહ્યહિંસાને રોકો. પણ ચોથા વ્રતમાં બહારની પ્રવૃત્તિ રોકે અંદરનું ન રોકે તો પણ તારે માટે સારૂં છે. એ ચોથા વ્રતમાં છે.

## બ્રહ્મચર્યનું ચોથા નંબરનું સ્થાન યથાર્થ જ છે

અબ્રહ્મને અંગે રૌદ્રધ્યાન વિચારો માત્રથી ગણાતું નથી. ટાળવાનો ઉપદેશ આપીએ છીએ, ટાળતાં વાર લાગે. પહેલાં દ્રવ્ય-બ્રહ્મચર્યથી શરૂ કરી દે. દ્રવ્ય બ્રહ્મચર્યનો પ્રભાવ એટલો બધો માન્યો કે વિચારો ન જવા છતાં દેવલોક દ્રવ્યથકી બ્રહ્મચર્ય પાળનારો પણ અકામનિર્જરાનો, દેવલોકનો ગુણઠાણાનો ભાગી. કુલાચારે પણ બ્રહ્મચર્ય પાળનાર પવિત્ર ગણાય. તો એને ચોથે નંબરે મેલવું જ પડે. હિંસાના, જૂઠના, ચોરીના વિચારો વર્તનો બંને છોડવાં છે, પણ મૈથુનને અંગે વિચાર ન છૂટે તો વર્તન માત્ર છોડવું જ જોઈએ. તેથી મૈથુનવિરમણને ચોથે નંબરે મૂકવું પડે. ચોથે નંબરે કેમ? તેને અંગે સમજી શક્યા છીએ કે બાહ્ય ઉપર જોર દે છે, અભ્યંતર ઉપર જોર નહિ. ચારિત્રની જડ છે તેથી ચોથે નંબરે છે. રાગદ્વેષ પરિણતિ વગરની હિંસા હોય તો તે હિંસા નથી.

## અનાદિ કાળથી રખડાવનાર પરિગ્રહ

શંકા—પરિગ્રહ છેલ્લું કેમ? ચારેનો માબાપ છે. તો પછી છેલ્લું લટકતું કેમ રાખ્યું? એને તો પહેલે નંબરે લાવો. અનાદિ કાળથી જીવ ભટક્યો હોય તો તે ચાર હિંસા વગેરેને લીધે ભટકતો નથી. ભટકવાનું કોઈ પણ કારણ હોય તો તે મૂર્ચ્છાભાવ, મમત્વભાવ. પરિગ્રહ, તેને ગણધરે પાંચમે નંબરે કેમ મૂક્યું?

# વ્યાખ્યાન ૧૩

**ગણધર** મહારાજા **સુધર્માસ્વામીજી** ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે દ્વાદશાંગીની રચના કરતાં **આચારાંગમાં** સાધુના આચાર વિષે અને **સૂયગડાંગમાં** **સ્વસમયથી** હચમચાવવાળા પ્રસંગો આવે–પરસમયના હલ્લા આવે, તે બધાની પ્રરૂપણા કરી છે. ભગવાન્ મહાવીરનું શાસન વક્ર–જડની નિશાળ છે તેની અંદર ઉત્પાત, ઉન્માદ હોય તેમાં નવાઇ શી? તેવી જગ્યા પર વિચારને મજબૂત રાખવા તે મુશ્કેલ. સ્વ, પર સમયથી હલ્લા આવે તે વખતે મજબૂત રહે તે માટે **સૂયગડાંગની** રચના કરી.

**લશ્કર વફાદારીવાળું જોઇએ**

લશ્કર તાલીમ પામેલું કામ બજાવે, પણ લશ્કર બેવફા નીવડે તો? એના એ હથિયાર, દારૂગોળા બધું શું કરે? ઘાણ કાઢી નાખે. કોઈ હથિયાર, દારૂગોળા વિના ટકી શક્યો નથી. વફાદારીથી સીધું કામ શું થાય? જેમ ભૂખ લાગી હોય તો વ્યાકરણ ખવાતું નથી. તેમ વફાદારીથી ઘા થાય છે? તાળામાં પુરાવે છે? વફાદારી, દેશનો ટકાવ કરતી નથી. દેશને ટકાવનાર, જીત મેળવાવનાર, હલ્લો કરાવનાર હથિયાર છે. પણ તે વફાદારી છે ત્યાં ઉપયોગીનાં છે. વફાદારી ન હોય ત્યાં તો તે નિરૂપયોગી થાય; કામ પડે તો દુરૂપયોગી થાય. આચારની સંપૂર્ણ વ્યવસ્થા કરી પણ અંદર વિચારની વફાદારી ન હોય તો શું થાય? માર ખાય. દેશવિરતિ, સર્વવિરતિ એ દારૂગોળા. ચૈત્યો હથિયારનાં કારખાનાં. એ કાર્ય ક્યારે કરે? વફાદારી હોય તો. વફાદારી સીધી કાર્ય કરનારી દેખાય નહિ.

**લશ્કર ને બળવાખોરમાં વફાદારીનો ભેદ**

તાલીમ, દારૂગોળો, હથિયાર કાર્ય કરતાં દેખાય પણ તે બધાંની પાસે વફાદારી કામ કરાવે. કુટુંબ, હાટહવેલીને છોડે. યાવત્ શરીરને પોતાનું ન ગણે. ધનમાલ છોડયા, શરીર છોડયું તે દુનિયામાં દેખાય પણ ખરી રીતે અંદર કામ કરનારી ચીજ કોણ? વફાદારી હોય તો તે દારૂગોળો, હથિયાર, તાલીમ સીધું કામ કરે. પલટી જાય તો? બંડખોર પાસે શું નથી હોતું? તાલીમ પામેલા બંડ ઉઠાવે. જેના કબજામાં કાંઈ પણ હથિયાર દારૂગોળો આવે, જે કાંઈ તાલીમ પામેલા હોય તે બંડ ઉઠાવે. તાલીમ એ લશ્કરના હાથમાં; બળવાખોરના હાથમાં પણ હોય. ફરક શો? લશ્કરને દેશહિતની બુદ્ધિ; બળવાખોરોને પોતે ફાવટની બુદ્ધિ. તેવી રીતે અહીં પણ સાધુ આચારમાં પ્રવર્ત્યો, ઘરબાર વગેરે છોડયાં, યાવત્ શરીર ઉપરથી મમતા છોડી, પણ પોતે છે કોણ? લશ્કરી કે બળવાખોર? શાસનના હિત, ફાયદાને માટે, જગતના બચાવને માટે, ઉદ્ધારને માટે જેની બુદ્ધિ હોય તે લશ્કરી. જેને શાસન શું? ધર્મ શું? તે બળવાખોર. જેને માત્ર હું અને મારૂં. મારૂં માન વોસિરે કર્યું છતાં પણ તેને વળગવા જાય તો? જે માન, સન્માનને પકડવા જાય તે બળવાખોર. કાર્ય કરનારી દેખીતી ચીજો લશ્કરી અને બળવાખોરો. બંને પાસે છે. મોક્ષમાર્ગ સાધવાવાળા પાસે જે ત્યાગ, આચાર, ચારિત્ર છે, તે જ ચીજ મોક્ષથી ખસેડવાવાળા પાસે પણ છે.

**બાહ્ય ત્યાગ સદાચાર હોય તો ભવ્ય ઝૂકે**

જેને રૂપિયાભાર કલાઈમાં રૂપિયો મેળવવો છે, તેને સિક્કો ત્યાં ઠોકી દેવો પડે. કલાઇ ઉપર સિક્કો ન ઠોકે તો રૂપિયાભાર કલાઇને લે કોણ? ચાંદીનો સિક્કો ન હોય તો

કોઈ લે નહિ. બાહ્ય ત્યાગ, સદાચાર શાસનમાં કહેલી પ્રવૃત્તિ ન હોય તો ભવ્ય જીવોથી ભરેલું શાસન એ તરફ ઝુકે નહિ.

## અભવ્યની પ્રરૂપણામાં ભલભલા ઝંપલાય

અભવ્ય—મિથ્યાદૃષ્ટિ તરફ શાસન ક્યારે ઝુકે? ત્યાગ, વિચાર, પ્રરૂપણા બધું એવું ને એવું હોય તો ફરક શેમાં? મોક્ષની માન્યતામાં. પણ મોક્ષ પામવાવાળાને મોક્ષપ્રાપ્તિ, કર્મક્ષયની બુદ્ધિથી. જ્યારે વિરોધીને મોક્ષમાં જઈને શું કરવું? ખોટી નોટોમાં સરકારી અમલદારો પારખી શકતા નથી. ધર્મના નામે છાપ મારી દીધી, અંદર કાંઈ નહિ. ખોટી નોટોના ચલણમાં ભલભલા ઝંપલાય છે. તેમ જિનેશ્વર મહારાજની પ્રરૂપણા એવી રીતે ઢોંગી કરે, તેમાં ભલભલા ઝંપલાય છે.

## સાધ્યની દૃષ્ટિ કાર્ય કરનાર છે

અભવ્યના વચનથી ને આચારથી દોરાતાં જૈન શાસ્ત્રનો રસ્તો પકડાયો તો ફાવ્યો, નહિ તો ગયો માર્ગને અંગે દોરાતા વ્યક્તિમાં જો દોરાઈ ગયો તો ગયો. કૂતરું બકરી તરફ દોરાય છે, પણ ઝેર હોય તો મર્યું. વ્યક્તિ તરફ રાગ હોવો જોઈએ, પણ ગુણના ઉદ્દેશે હોવો જોઈએ, ગુણનો ઉદ્દેશ ભૂલી જાય, વ્યક્તિમાં ગૂંચવાઈ જાય તો મરી જાય. ઉપદેશથી વિરૂદ્ધ માલમ પડે તો જે ઝટ છોડી દે તેને કાંઈ નહિ. ત્યાગ, આચાર, વૈરાગ્ય એ બધાં એક સરખાં, પણ ખરેખર કાર્ય કરનાર ચીજ દેખીએ તો ત્યાગ વગેરે કાર્ય દેખાય છે, પણ ખરેખર કાર્ય કરનાર સાધ્યની દૃષ્ટિ છે. જેમ હથિયાર વગેરેમાં વફાદારી દેશપ્રેમ.

## આચારાંગ અને સૂત્રકૃતાંગની રચનાના ઉદ્દેશ

આચારાંગના રચવાથી આચારની બધી વ્યવસ્થા નિય-

મિત કરી. દુનિયામાં દારૂગોળો, હથિયાર તાલીમ મેળવી દીધી, પણ વફાદારી ન કેળવી તો ? રશિયાનો બાલ્ટિક કાફલો. કયારે આવ્યો. તેની દુનિયાને ખબર ન પડી: માત્ર તેમાં રહેલાં લડવૈયા વફાદાર ન હતા. બાકી બધું હતું. **આચારાંગ** રચતાં વ્યવસ્થા કરી પણ વિચાર વ્યવસ્થિત ન થાય તો નકામું. તેથી **સૂયગડાંગ**ની રચના કરવી પડી. ચાલતી લડાઇએ લોહી ઉશ્કેરવા માટે જે સાહિત્ય ઊભું કરવામાં આવે તે શાંતિ વખતના સાહિત્ય કરતાં જુદું હોય છે. **સૂયગડાંગજી**એ લડાઈમાં દંભાવ વગર વિચારની મજબૂતી રાખવી જોઇએ તે બતાવ્યું, પણ લડાઈ જાગે ત્યારે લોહી ઉશ્કેરાય, અને બોલે કે નીતિને અંગે ભોગ આપીએ છીએ. સાહિત્યનો પ્રચાર કરીને લોકોનાં લોહી ગરમ કરવાં પડે છે. **આચારાંગથી** આચારની વ્યવસ્થા, **સૂયગડાંગજીથી** વિચારની મજબૂતી. પણ યુદ્ધની વખતે લોહી ગરમ કરી નાખવું પડે. આપણે નીતિથી ચાલવાવાળા છીએ.

## ઠાણાંગનો ઉદ્દેશ

**ઠાણાંગજી**ની અંદર કાંઈ પણ કરવામાં આવ્યું હોય તો કોઈ પણ પ્રસંગ હોય તો તમારે આ જ રીતે ચાલવાનું આ રીતે વધીશું. ત્રણ કાળનો નિશ્ચય કરાવી દેવો. વર્ગીકરણ તે **ઠાણાંગ**નો ઉદ્દેશ. કયું રાજ કયી દાનતમાં છે તે દુનિયાને જાહેર કરવું તે અર્ધી જીત છે. અન્યાયવાળાની અનીતિ દુનિયાને જણાવો તેમાં અર્ધી જીત. ન્યાયનો નિર્ણય કરવા માટે, સર્વ કાળની નીતિનો નિર્ણય. નીતિના પક્ષમાં વધેલા છે તેનો નિર્ણય તે વગેરે **ઠાણાંગજીથી** વર્ગીકરણ કરવામાં આવે ત્યારે માલમ પડે.

## બાવીસ તીર્થંકરમાં પ્રરૂપણા ભેદે અવધિ આદિનું શું થાય?

ઠાણુંગજીમાં પહેલે ઠાણાથી વર્ગીકરણ કરતાં આવ્યાં-હવે પાંચને હિસાબે વર્ગીકરણ કરતાં પાંચ મહાવ્રતો છે. કેવલી, તીર્થંકરો બધાએ પાંચ જ કહેલાં. સર્વની પ્રરૂપણા સરખી ન રાખીએ તો જાતિસ્મરણો ચૂકાવનારાં થાય. જો સર્વ કાળને માટે શાસનની પ્રરૂપણા એકસરખી ન હોત તો, જાતિસ્મરણ જ્ઞાન પણ જુલમ કરનાર થાત. મેં આવી રીતે ધર્માચરણ કર્યું છે તેથી ઉચ્ચ ગતિએ આવ્યો છું. આ લોકો જુદો માર્ગ લઈ બેઠેલા છે તેથી ઢોંગી લાગે, જ્યારે સર્વ શાસનની મર્યાદા એકસરખી ન હોય તો તેવી સ્થિતિ થાય. ચતુર્યામના વખતે પણ પહેલા ને છેલ્લાને અંગે પાંચ મહાવ્રત જ કહેલાં છે. આથી અવધિજ્ઞાન થાય, જાતિસ્મરણ થાય તો પણ ફરક લાગે નહિ. પર્યુષણમાં બાવીસ તીર્થંકરના વારામાં ચાર મહાવ્રત-બાવીસને અંગે ચાર મહાવ્રતઃ પહેલા ને છેલ્લાને અંગે પાંચ, જાતિસ્મરણથી યાદ આવે પણ જો પાંચ મહાવ્રતનો જ ધર્મ એમ કહી ચાલ્યા હોય. પછી બીજે ભવે અવતર્યો. ત્યાં થયું જાતિસ્મરણ. કાં તો પેલાને ખોટા માનત કાં તો જાતિસ્મરણને ખોટું મનત.

## નાસ્તિક ને ગુરૂ

એક નાસ્તિક ખોટું ફેલાવનારો તે ગુરુ પાસે આવ્યો. શાથી? ઈર્ષાનો માર્યો. ગુરુ તપસ્વી, મહાપ્રભાવવાળા હોવાથી લોકો તે તરફ ઝુકયા છે. લોકોને ઘેરઘેર નિષેધ કરવા ન જવાય, તેથી વિચાર થયો કે ગુરુને ભોંઠા પાડી દઉં કે જેથી બધા આપોઆપ ઘેર બેસી જશે. એ કારણથી ગુરુ પાસે આવ્યો. ગુરુ ચાર જ્ઞાનવાળા. આવ્યો ત્યારે ગુરૂએ કહ્યું. મહાનુભાવ!

નાસ્તિકપણાને લીધે હેરાન થયો હવે તો કાંઈ સુધર. ભવાંતરની બનેલી હકીકત મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની હોવાને લીધે જણાવી.

દરિયો અગાધ, પણ ઘડો આકાશ તરફના મોઢે હોય તો ઘડામાં પાણી ક્યાંથી ભરાય? પાણીને પૂંઠ દઈને રહેવાવાળા ઘડામાં ટીપું યે ન ભરાય. ભલે દરિયો અગાધ હોય. આવા ચાર જ્ઞાનવાળા, તપસ્વી, ગુરૂ મળ્યા. ગુરૂએ પહેલાના ભવ જોઈને કહ્યા. પેલા નાસ્તિકને આઘાત થયો. વિચારમાં પડવાથી જાતિ-સ્મરણ થયું. જાતિસ્મરણ મિથ્યાદૃષ્ટિને પણ થાય. નાસ્તિકને જાતિસ્મરણ થયુ. નાસ્તિકને આઘાત થયો વિચાર કરવા માંડ્યો. શું કહે છે? તેથી જાતિસ્મરણ થયું.

## 'કેરી પાકે ત્યારે વંટોળીઓ' તેમ નાસ્તિકનું જાતિસ્મરણ

કહો હવે ખરેખર આંબાને માટે ચૈત્ર વૈશાખ. કેરીઓ પાકી છે, ઉતારીને ખાવાની છે. માવઠું થઈ જાય તો કેરીઓ બગાડી દે. તેમ કેરી પાકી, આંબો વેડવાની તૈયારી તે વખતે વંટોળીઓ આવ્યો. ચાર જ્ઞાનીનો સંજોગ, પહેલાના ભવો કહ્યા તે વખતમાં જાતિસ્મરણ થઈ ગયું, પણ મોંએ ચઢેલો પડે તો માથું ફોડે, પગથીએ ચઢેલો પડે તો પગ મચકાય-લચકાય. અરે, ઈંદ્રજાળીઆ છો, અરે મોંએ બોલે તેવું મને દેખાવા લાગ્યું. આ તો આત્માની ઈંદ્રજાળ કરવાવાળા છે. દુનિયામાં ઈંદ્રજાળ બહારના પદાર્થની, પણ આ તો એવી વિચિત્ર ઈંદ્રજાળ દેખે છે, માટે ખસ. જાતિસ્મરણને ઈંદ્રજાળ માનીને (ગુરૂનાં) વચનને દૂર ફેંકી દીધું.

તેમ બાવીસના આચારો, પહેલા ને છેલ્લા તીર્થંકરોના આચારો ખ્યાલમાં ન હોય, જાતિસ્મરણ પામે તે વખતે કઠાકટી થાય.

## સર્વ તીર્થંકરોએ પાંચ જ મહાવ્રત કહ્યાં છે

બંને પ્રકારના શાસનમાં બંને પ્રકારની પ્રરૂપણા સતત ચાલી રહેતી હતી. ચાહે ત્યાંનો અહીં જાતિસ્મરણ પામે, અહીંનો ત્યાં પામે, તેને વાંધો ન આવે. આથી પહેલા, છેલ્લા તીર્થંકરોએ પાંચ મહાવ્રત કહ્યાં છે એમ કહ્યું નથી, કારણ પહેલા, છેલ્લા તીર્થંકરોએ પાંચ મહાવ્રત કહ્યાં છે એમ નહિ. સર્વે તીર્થંકરોએ પાંચ મહાવ્રતો કહેલાં છે.

## ચાર જ્ઞાની પડે માટે સાવચેતીની જરૂર

શંકા—પાંચ મહાવ્રતોની પ્રરૂપણા પહેલાં શા માટે? ચાર જ્ઞાનના એ ધણી હતા તો પછી આવા પ્રશ્નનો પ્રસંગ કેમ આવ્યો? સમાધાન—હેતુ અને કારણ શિષ્યોની શંકાના નિવારણ માટેના પ્રશ્નો છે. બીજાના આત્માને નિશ્ચિત કરાવવું તેથી તે તેની પાસે યુક્તિ કહાવે, ત્યારે નિરાકરણ કરી શકે. બીજો માણસ કઇ યુક્તિથી કહે તેનો ભરોસો કયારે આવવાનો? તીર્થંકર હતા ત્યારે આખું જગત તીર્થંકરને માનતું હતું એમ તો નથી ને? આવી રીતના મિથ્યાત્વી જગતમાં બને છે, માટે હે **ગૌતમ!** તું સાવચેત રહેજે ખુદ **ગૌતમસ્વામી** પ્રતિબોધ પામ્યા પહેલાં માનતા ન હતા–બધા પ્રતિબોધ પામેલા ન હતા. જે પ્રતિબોધ ન પામેલા, તે તો બોલેને? ખુદ **મહાવીર** પાસે દીક્ષિત થનાર, સાથે રહેનાર, એવો મનુષ્ય ઊલટો પડયો ત્યારે કહી દીધું: **મહાવીર** સર્વજ્ઞ નથી. **ઘરમાં કોળ છે.** અપ્રમાદી બે ઘડીથી વધારે બીજો કોઇ હોય તો કેવળી જ હોય. ચાર જ્ઞાની પડયા તો નિગોદમાં ગયા

## ગૌતમસ્વામીની નિશ્રાએ બીજાને પ્રતિબોધવા

**ગૌતમસ્વામી**ની લાઇન સુધી આવેલા પડી જાય તો

સાવચેતી ન આપવી? તીર્થંકર ભગવાન્ જાગતા જમાદાર છે. લગીર ગચકો ન પડે, એ સ્થિતિ હતી ત્યારે જાણી જોઈને **ગૌતમસ્વામીજી**એ કહ્યું: મને કેવળજ્ઞાન થશે કે નહિ? એવો વિચાર ગૌતમસ્વામીને હતો, ત્યારે જ **ગૌતમસ્વામી**ની નિશ્રાએ બીજાને પ્રતિબોધ કરવા ભગવાને તે જણાવ્યું.

નવી પરણેલી વહુને ન કહેવાય તેથી કહે છોકરીને–મારા ઘરમાં ન ચાલે, એમ છોકરીને કહીને વહુને સંભળાવીએ છીએ. બીજા શિષ્યોને સીધુ ન કહે, જે લાયક, ખમી શકે, સીધો રસ્તો લે, તેને કહી શકાય. એકેન્દ્રિયની કાયસ્થિતિ, નારકીની સ્થિતિ બતાવી. જગતની સામાન્ય સ્થિતિ બતાવી. બીજા દ્વારાએ શિખામણ દેવી. વહુને સીધું કહીએ ન શોભે. **ગૌતસ્વામી**ની નિશ્રા કરીને બધાને જણાવ્યું

હવે મૂળ વાત પર આવો–જો અનંતા તીર્થંકરો એક સરખી મહાવ્રતની પ્રરૂપણા ન કરતા હોત તો **ક્ષેમંકર** નાસ્તિકને જાતિસ્મરણ થયુ અને તે ઊલટું ગયું. જાતિસ્મરણ થાય અને ધર્મ બધો અધર્મ ગણવામાં આવે. ભગવાન્ **મહાવીર** ગળે ઓઢાડવા બેઠા છે કે પહેલા અને છેલ્લાએ પાંચ કહેલાં છે સર્વ તીર્થંકરો પાંચ મહાવ્રતની પ્રરૂપણા કરે જ છે.

## પહેલાં પાપનો નિષેધ કેમ?

પ્રશ્ન–મહાવ્રત એટલે નિવૃત્તિ નિવૃત્તિની હકીકત પહેલા કેમ? પુણ્યની પ્રવૃત્તિ ન લેતાં પાપનો નિષેધ પ્રથમ કેમ? સંવર, નિર્જરા વીસસ્થાનક વગેરે જણાવવાનાં હતાં, છતાં પાપના પ્રતિષેધનું સૂત્ર પહેલાં મૂકયું, ને **पंच महव्वया पन्नत्ता** કહી દીધું. જ્ઞાન, દર્શન ચારિત્રના ભેદો છે તે પ્રથમ કેમ ન કહ્યા? સમાધાન–જગતને પૂછી લો માલમ પડશે. રસોઈ કરવામાં

વાસણને પહેલાં કૂંટીવાળો કરવો. પહેલાં ભીંત સાફ કરવી પછી ચિત્રામણની વાત કરવી. કોઠો સાફ કરીને હવા આપવી.

જેમ રસોઇને અંગે વાસણો સાફ કરવાની જરૂર તેમ આ જીવને મોક્ષ માર્ગ તરફ વધવું હોય તો પહેલાં આશ્રવને રોકવાની જરૂર. આશ્રવ ન રોકયો તો નિર્જરાની પ્રવૃત્તિ ચાહે તેટલી જબરજસ્ત હોય તો કાર્યકર ન થાય.

સૂર્યને અંગે વાદળ ખસેડવાની જરૂર છે. પ્રકાશ આપો-આપ છે. પ્રકાશને માટે ઉદ્યમ નહિ. ઉદ્યમ વાદળ ખસેડવા પૂરતો. કમાડ ખોલ્યું કે અજવાળું આવ્યું જ છે.

આત્મા સર્વગુણસંપન્ન છે. કોઈ ગુણ નવો કરવાનો નથી. કમાડ ઉઘાડી નાખો. આશ્રવથી આવેલાં કર્મોનાં ઢાંકણાં દેવાઈ ગયાં છે તે ખસેડો તેટલી જ જરૂર. આ વાત ખ્યાલમાં લેશો તો મુખ્ય શંકા ઊડી જશે કે—જૈન શાસ્ત્રકાર જે માને છે, એ વિના બની શકે નહિ જ. અતીંદ્રિય પદાર્થ શાસ્ત્રથી કહેવો જોઇએ.

## એક તોડવામાં આટલી બધી જરૂર કેમ?

શંકા—અગણોતેર (૬૯) કોડાકોડ ખપાવી દે ત્યાં સુધી ખાલીના ખાલી, વળ્યું નહિ, તો પછી એકમાં શું વળવાનું? અગણોતેર ખપાવવામાં હથિયારની જરૂર ન હતી, કેમકે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી, તો પછી એકને તોડવામાં ચારિત્ર વગેરે શું કરવાનાં? ત્રણ વગર અગણોતેર તોડી તો એકને તોડવામાં શો ભાર કે જેને અંગે આટલી બધી કેડ બાંધવી?

## એક તોડે મોક્ષ મળે

સમાધાન—સામે લશ્કર આવ્યું, માથું ઓળ્યો જાય છે, બે હજાર લશ્કરની કિંમત ન હતી. હું એટલી શક્તિવાળો કે

જેણે વગર સાધને અગણોતેર તોડી નાખી, તેને એક કોડાકોડીમાં શું હતું ? આવી કલ્પના કરવાવાળા જે હોય તેઓએ વિચારી લેવું કે આ બધું મેળવવા માટે, મળવા માટે કાંઇ છે જ નહિ.

ત્યારે શું આ બધું નકામું ?

માણસ રેચ લે ત્યારે શરીરમાં શું આવે છે ? રેચનું તત્ત્વ કચરો કાઢવામાં છે. કચરો નીકળી જાય તો જઠરાગ્નિ તૈયાર (તીવ્ર થાય) છે. કચરો હોય તો જઠરાગ્નિ મંદ પડે છે. અગણોતેરનો કચરો નીકળ્યો, એકને તોડી નાખ તો આપોઆપ મોક્ષ મળશે.

## લેપ માટે સાબુના ન્યાયે સકામ-નિર્જરાની જરૂર

લૂગડું કચરામાં રગદોળાઇ ગયું, અર્ધો આંગળ થર બાઝી ગયો. પાણીમાં કચરો ધોવાઇ જાય પણ લેપ માટે તો સાબુ જોઇએ. અગણોતેર કોડાકોડ અકામ-નિર્જરાએ નીકળી જાય પણ છેવટે રહેલી એક કોડાકોડ સકામ-નિર્જરાના સાબુ વિના નીકળે જ નહિ.

રાતના પોણીબાર કલાક ગયા તેમાં સૂર્યનું અજવાળું ન આવ્યું. પણ છેવટનો પા કલાક તેમાં અંધકાર મટે અજવાળું થાય, સૂર્યનો પ્રકાશ થઈ જાય.

## જેમ જેમ વાદળ વિખરાય તેમ તેમ પ્રકાશ

છેલ્લાં વાદળ વિખેરાયાં ત્યારે સૂર્યનો તડકો પડ્યો. ત્યારે પહેલાનાં વિખરાએલાં નકામાં ? પોણીબાર ગયા તો છેલ્લા પામાં સૂર્ય દેખાયો. અગણોતેર કોડાકોડ તોડી નાંખી ત્યારે સમ્યગ્દર્શનનો પ્રકાશ. પાંચ મિનિટ પછી વધારે. એક તોડી નાંખે ત્યારે મોક્ષ. જેમ જેમ કર્મનો ક્ષય થતો જાય, તેમ તેમ આત્માનો ધર્મ પ્રકાશતો જાય. સૂર્યને પ્રકાશ મોકલવા માટે હાથ જોડવાના નથી. બારી ખૂલે એટલે પ્રકાશ આપોઆપ મળે.

આશ્રવો—આવરણોને તોડી ન નાખીએ તો મોક્ષને પામી શકીએ નહિ.

શાસ્ત્રકારોએ મોક્ષનો માર્ગ બતાવતાં આશ્રવોને તોડવાની વાત કરવી પડે, તેથી पंच महव्वया पन्नत्ता કહેવું પડે.

## પહેલાં આવરણ તોડવાં કે કર્મ રોકવાં?

શંકા—આવરણ તોડવાં એ પહેલો નંબર કે આવરણો આવતાંને રોકવાં તેનો પહેલો નંબર? પહેલો નંબર કોનો?

સમાધાન—શરીરમાં આરોગ્ય કરવાની, રૂઝવવાની શક્તિ છે. પાકવાનો વિકાર મટાડી દો તો રૂઝ આપોઆપ આવશે. દવાથી પાકની સ્થિતિ મટાડો. આત્માનો સ્વભાવ છે કે સ્વતંત્ર નિર્જરા કરતો જ ચાલ્યો જાય, પણ ક્યારે? આશ્રવની અગવડને ખસેડી નાંખો ત્યારે. આશ્રવ એ પકવનારી ક્રિયા છે. એને ખસેડી નાંખો તો આત્મામાં નિર્જરાની સ્વતંત્ર તાકાત છે.

આંતરડામાં ભરાએલું હોય તેને કાઢી નાંખવાનું કામ રેચનું. મલ કાઢી નાખો એટલે આંતરડાં સીધાં વહે. જો વિકાર થવાની દશા રોકવામાં આવે તો આંતરડાંનો સ્વભાવ છે કે મેલ કાઢ્યા જ કરે. તેમ આત્મા લાગેલાં કર્મોને તોડયાં જ જાય. કચરો કાઢવો જ જોઈએ.

## સંવરનું સ્થાન પહેલાં કેમ નહિ?

**પ્રશ્ન**—નવ તત્ત્વમાં પહેલાં સંવરને સ્થાન કેમ ન આપ્યું? નિર્જરાને પ્રથમ સ્થાન આપવું જોઈએ. નિર્જરા અનાદિની. અનાદિ કાળથી જીવ નિર્જરા કરતો આવ્યો છે. નિર્જરા ન કરી હોય તો એકેંદ્રિયમાંથી બહાર ન આવત. ચૌદ રાજલોકમાં કોઈ પણ નિર્જરા કર્યા વિનાનો જીવ નથી.

દરેક જીવ નિર્જરા કરે છે. દરેક જીવ આઠે કર્મો ભોગવે છે કે નહિ? જો તે આઠે કર્મો ભોગવે, તો ભોગવેલાં તૂટે છે કે નહિ? ભોગવે એટલાં તૂટે તો નિર્જરા થાય છે. વધવાવાળાને બંધ થોડો ને નિર્જરા ઘણી માનવી પડે.

સમાધાન—નિર્જરા આત્મબળ છે. સંવર થયો હોય તો આશ્રવનો કચરો નીકળે. સંવર એ જ ખરેખર નિર્જરાનું કાર્ય કરનાર.

## તામલિ તાપસ

અજ્ઞાન તપસ્વીઓ, પંચાગ્નિ તપ કરવાવાળાઓ ઘણી તપસ્યા કરે છે. **તામલિ** તાપસ ખૂબ તપસ્યા કરવાવાળો. **તામલિની** તપસ્યા એકઠી કરીએ અને તે તપસ્યા આઠ જીવોમાં વહેંચીએ તો આઠે જીવો મોક્ષે જાય. આટલી બધી તીવ્ર તપસ્યા ત્યારે એને ફળ બીજો દેવલોક મળ્યો. જે તપસ્યા આઠ સમકિતીને મોક્ષ પમાડી દે, તે તપસ્યાથી બીજો દેવલોક જ મળ્યો. કારણ સંવરની શકિત ઉત્પન્ન થઈ નથી.

## સાધુ સદા ઉપવાસીનો ખુલાસો

સાધુ સદા ઉપવાસી—ખાય પીએ છે ને ઉપવાસી બનવાનું છે? કહેવાનો મુદ્દો. સંવરનું એટલું બધું જબરજસ્ત બળ છે કે જેથી ઉપવાસીપણાનો લાભ મેળવે.

સાત લવનું આયુષ્ય હોત તો મોક્ષ મેળવત. સાધુપણાની સંવરની જીંદગી કેટલી જબરજસ્ત કે સાત લવ–પોણી મિનિટ નહિ. બે ઘડીની સીત્તોતેર લવ. ત્યારે સાત લવ એટલે અગિયારમો ભાગ. સાધુપણાની ચાર સાડીચાર મિનિટની જીંદગી બે ભવને તોડી શકે. સાગરોપમો તોડી શકે. **છઠ્ઠની તપસ્યા એક બાજુ. સાડીચાર મિનિટની જીંદગી એક બાજુ;**

આમ છે તો સંવરનો પ્રભાવ કેટલો જબરજસ્ત છે. તે જ અપેક્ષાએ પાંચ મહાવ્રત એ સંવરરૂપ છે તેથી સંવરનું નિરૂપણ કરવામાં આવ્યું.

[1]આશ્રવનો નિરોધ તે સંવર. સંવરનું ફળ તપોબળ. તપબળને પોષણ કરનાર, ઉત્પન્ન કરનાર, ટકાવી રાખનાર 'સંવર' છે. તે મહાવ્રતોમાં ક્રમ નિયમિત બતાવીએ તે જ રીતિએ.

## હિંસાદિકનો આધાર પરિગ્રહ ઉપર

પરિગ્રહને છેલ્લો કેમ? મમત્વ ભાવથી અનાદિથી ભટકી રહ્યો છે. મમત્વ ભાવ નીકળી જાય તો સ્ત્રીગમન હિંસાને સ્થાન નથી. મમતારૂપી મહીમાતાનો પ્રભાવ છે કે જેની આગળ હિંસા, જૂઠ વગેરેના કિલ્લા રહ્યા છે. ધરતી ધ્રૂજે તો તો બધા કિલ્લા જમીનદોસ્ત. હિંસા કરવી કોને માટે? કુટુંબ સાચવવા, ધન મેળવવા. જૂઠું બોલવું શાને માટે? લેવા મેલવાની બુદ્ધિ તેથી. **એઠું ખાય તે મીઠાને માટે.** દુનિયા જૂઠું બોલે શાને માટે? મમતારૂપી મહીમાતા ઉપર જૂઠનો કિલ્લો છે તેને માટે. ચોથાને અંગે પોતાની વિકૃતિ દશાને પોતાની ગણે ત્યારે પંચાત છે ને? મમપણું ન હોય તો છે જ શું? ગુણ ઉત્પન્ન થવો, વધવો, ટકવો, એ ત્રણેનો આધાર પરિગ્રહની વિરતિ ઉપર છે.

## આરંભ, પરિગ્રહથી વિરમવાવાળો ધર્મને ફળીભૂત કરે

**ઠાણાંગજીની** અંદર [2]બીજા ઠાણામાં અધિકાર આપ્યો.

---

१ आश्रवनिरोधः संवरः (तत्त्वा० अ० ९ सू० १). २ दो ठाणाइं परियादित्ता आया केवलिपन्नत्तं धम्मं लभेज्ज सवणयाए, तं०–आरंभे चेव परिग्गहे चेव, एवं जाव केवलनाणमुप्पाडेज्जा (स्था० सू० ६५).

કેવલીનો ધર્મ માને કોણ? ફળીભૂત કરે કોણ? આરંભ અને પરિગ્રહથી વિરમવાવાળો. ધર્મને અંગે જેટલા બોલ કહ્યા તેનો આધાર આરંભ, પરિગ્રહની વિરતિ ઉપર. ધર્મ સાંભળવો, જાણવો એ બધાને અંગે આરંભ પરિગ્રહની વિરતિ.

મનથી તો પરિગ્રહને મોકળો કરવાની બુદ્ધિ હોય તો સમ્યક્ત્વ.

સર્વ ધર્મની પ્રવૃત્તિ મોક્ષ-પ્રાપ્તિ સુધીનાં સાધનો, કેવળજ્ઞાન સુધી આરંભ-પરિગ્રહની વિરતિ છે.

શંકા-આરંભ અને પરિગ્રહ તેમાં પરિગ્રહ એ જડ, એ પરિગ્રહને છેલ્લા નંબરે કયાંથી નાખ્યો? મમતાભાવ એ જગતની હિંસા વગેરેનું મૂળ છે, મમતાભાવ એ કેવળજ્ઞાન સુધીની ચીજને રોકનાર છે.

### ચાર મહાવ્રતના બળે મમતા જીતાય

સમાધાન-કેવળજ્ઞાન સુધીની ચીજ રોકનાર કારણ એ. જેમ એક કારણ રાજાનું જબરજસ્ત લશ્કર, બૉડી ગાર્ડ (Body-guard) તરીકે રહેવાવાળું લશ્કર. બૉડી ગાર્ડની સાથે લડાઈ છેલ્લી. પહેલાં એની સાથે લડાઈ આપવા જાય તો લશ્કર જીતના જોર તરફ રહે નહિ, તેથી જીતી શકે નહિ. તેમ ચાર મહાવ્રતોથી જીતનાં જોર એટલું બધું પેદા કર્યું કે મમતાને કહ્યું કે આવી જા. જીતીને જોરદાર બનેલી ફોજ મજબૂતમાં મજબૂત લશ્કરને ઉડાવી દે. હિંસા વગેરેથી વિરમી ગયો, મમત્વભાવ હોય તો કોને માટે? મમતાભાવ રાખીશું તો આમ બગડશે. ચાર મહાવ્રતોનું બળ ન મળ્યું તો મમતા-ભાવમાં ધૂસી જાત. માટે પરિગ્રહવિરતિને પાંચમે સ્થાનકે મેળવી પડે છે.

# વ્યાખ્યાન ૧૪

## દાનત પાક જોઇએ

ગણધર મહારાજા સુધર્માસ્વામીજીએ ભવ્ય જીવોના ઉપકાર માટે અને શાસનની પ્રવૃત્તિ માટે દ્વાદશાંગીની રચના કરતા થકા **આચારાંગમાં** સાધુના આચારની વ્યવસ્થા જણાવી. આચારમાં પ્રવર્તેલો સાધનસંપન્ન થયો પણ દાનત પાક જોઇએ. હુશિયારી માત્રથી લશ્કરનો ચાર્જ સોંપાતો નથી. લશ્કરને અંગે દારૂગોળો હથિયાર વગેરે હોય પણ વફાદારી ન હોય તો તે જ બળવાખોર. પવિત્ર આચારવાળો છતાં દાનત સાફ ન હોય તો વિચારની પવિત્રતા ટકી ન શકે. જે આચાર મોક્ષને સાધવાવાળો તે સંસારમાં રખડાવનારો થાય.

## વાસુદેવો વિચારના પરિવર્તનથી નરકે

નવે વાસુદેવો પહેલા ભવમાં આચારવાળા. તે આચારને પ્રતાપે રાજ પામે છે. પણ એમાં જે વિચારનો પલટો થઈ ગયો છે તેનું પરિણામ શું ? એક નોકારસી સરખું પચ્ચક્ખાણ ન કરી શકે, અણુવ્રત ન હોય, નરકે જવું પડે. આચારના બીજમાંથી ખસ્યા તો જો સીધા શબ્દોમાં કહીએ તો નરક-જન્મી. ત્રણ ખંડની સિદ્ધિ ન મળી હોત, લેપાયા ન હોત તો નરકે જવાનું હતું નહિ. નરકે જવાનું થયું તે વિચારના પરિવર્તનથી.

## આચારની સાથે વિચારની વ્યવસ્થાની જરૂર

તે ભવની આચારની મદદ ન હોત તો સુભૂમ ને બ્રહ્મદત્ત પણ શું મેળવત ? નવકારસી ન કરતો હોય તેને શું મળે ? આચાર એ

વિચારને પોષણ કરનારો હતો, તો મોક્ષસાધનની અપેક્ષાએ આચારની સુંદરતા, અધિકતા, ઉત્કૃષ્ટપણું હોત તો મોક્ષ મેળવી આપે, પણ વિચારનો પલટો થઈ જાય તો તે આચાર દુર્ગતિએ લઈ જાય. શાહુકારની ક્રિયા કરે તેને 'ઠગારો' કહીએ. વિચારનો પલટો એ આચારમાં ખરાબ પરિણામ લાવનારું થાય. વિચારની વ્યવસ્થા કરવાની જરૂર તેથી **સૂયગડાંગજી** કેમ રચવું પડયું તેનો પત્તો લાગે છે.

## વિચારના અઠેકાણે આચાર છોડવાનો ન હોય

આચારનું સુંદર ફળ મેળવવું તે વિચાર સુંદર રહે તો, અગર વિચાર ન પલટે તો. આથી વિચાર વગરના અસુંદર આચારો સર્વથા નકામા છે એમ માની લેશો નહિ. નિયાણું કરે તે વખતે વિચારની પારાકાષ્ઠા થઇ છે. પારાકાષ્ટાએ વિચાર ન બગડે, તો વિચાર સુધારવાની દરકાર ન રાખે. વિચારનું સાંભળીને આચારમાં શિથિલ. શાસ્ત્રદૃષ્ટિએ આચાર, વિચાર સુંદર રહેવા જોઇએ. શાસ્ત્રકારનું ધ્યેય આચારને છોડાવવા માટે નથી. તેમ વિચારને પલટાવવા માટે પણ નથી. આચાર કરાવવા માટે શાસ્ત્રકારનું ધ્યેય છે.

વિચાર ઠેકાણે ન રહે તો તે કરીને શું કામ છે? એમ શાસ્ત્રકાર કોઈ દહાડો કહેતા નથી અને આચાર છોડવાનું પણ કહેતા નથી.

## સૂયગડાંગ પહેલું અંગ કેમ નહિ?

શંકા–વિચારની સુંદરતા એ શાસ્ત્રકારનું ધ્યેય છે તો પહેલાં શાસ્ત્રકારે **સૂયગડાંગજી** કેમ ન કર્યું? પહેલાં વિચારની સુંદરતા થઇ જાત પછી આચાર દેવો હતો ને? આચાર પહેલો, વિચાર પછી કેમ?

## વિચારનો બાપ આચાર

સમાધાન—આચાર પ્રવર્તાવવાની પહેલી જરૂર છે. વિચારની સ્થિતિ વિચારીએ તો વિચારનો બાપ આચાર છે. વિચાર વસ્તુ શી? મન. મનને બનાવે કોણ? કાયા. વિચારને માટે મનના પુદ્ગલો કાયજોગ લે. જે મનુષ્યને જે વસ્તુનો પરિચય આવ્યો હોય તેના જ વિચારો થાય. જે વસ્તુ છૂટી જાય તેના વિચારો છૂટી જાય. તમાકુ સુંઘનારો વ્યસનમાં પૂરો ઉતર્યો હોય, ત્યારે ઊંઘમાં ચપટી ભરી લે. કાયાની પ્રવૃત્તિ. એ જ વ્યસન છૂટી જાય ત્યારે કાયાની પ્રવૃત્તિ રોકાઈ જાય છે. જેને અંગે કાયાની પ્રવૃત્તિ હોય તે જ સંબંધી વિચારો આવે. એક જ સંજોગ પર નિયાણું કરે છે.

## બાહ્ય સંજોગ વિના ખરાબ વિચાર ન થાય

ખરાબ વિચારો બાહ્ય સંજોગ વિના થાય નહિ. ચાહે તેવો રંડીબાજ હોય તેને અમેરિકામાં ન દેખેલી સુંદર સ્ત્રીનો વિચાર કોઈ દિવસ આવે છે? ઈંદ્રિયો દ્વારા રસના, શ્રોત્ર વગેરે પ્રવર્તે તેમાં મનનું ચાલે છે. માટે પહેલાં આચારને કાબૂમાં લો. વિચાર મનનો વિષય છે તેથી મન પહેલાં કાબૂમાં ન આવે. આચાર પહેલાં કાબૂમાં આવશે. લેવાદેવાની ચીજ હોય તો લઈ દઈ શકીએ. આચાર કાબૂમાં લઈ શકાય તેવી ચીજ છે. પહેલાં એને કાબૂમાં લેશો તો વિચાર કાબૂમાં આવશે. અજવાળું જોઈતું હોય તો દીવાને પકડો. અજવાળું લાવવાની કે કાઢવાની ચીજ નથી. તેમ વિચાર પણ નથી, કાયાને પ્રવર્તાવો એટલે મન આપોઆપ ચુમાઈને રહેશે.

## સામું ન મળ્યાં ન લડાય

જે માણસને સામો લડવા માટે ન મળે તે લડીલડીને

થાકશે. સંજોગ ન મળ્યો તેથી લડકણી આપોઆપ લડતાં રોકાઈ. લડકણી બાઈ તમાશગીર, લડનાર સામા ન મળે તો થાકી જાય. બે જણ જોવા આવ્યા, એક જણ લડવાવાળો મળ્યો તો લડકણી સારી ન રહે.

## નાગિલાથી સન્માર્ગ

કાયાના સંજોગ ન મેળવો તો ચિંતવન કરતાં થાકો. નાગિલા નાગિલા કરતાં બાર વર્ષ રહ્યો, નાગિલાએ ધર્મનો સદ્‌ભાવ દેખાડયો ત્યારે સન્માર્ગે આવ્યો. નાગિલા ખરાબ હોત તો કાંઈ સન્માર્ગે નહિ આવત.

## પહેલો ઉપદેશ આચારનો

આદ્રકુમારની ઘરવાળી ખરાબ હતી તેથી શું થયું? આથી ગણધર મહારાજ નિશ્ચિત કરે છે કે પહેલવહેલાં ઉપદેશ આપો તો આચારનો. આચાર દૃઢ થઇ જાય ત્યાર પછી વિચારનો. ભૂગોળ, ગણિત વાંચતાં આવડયા પછી પરીક્ષા ક્યારે? ધોરણનો અભ્યાસ કર્યા પછી. વિચારને અંગે પરીક્ષા લેવા જેવું તે અભ્યાસ વિના પરીક્ષા લેવા જેવું થાય.

## આચારની સજ્જડતા માટે પહેલું આચારાંગ

આ૦ ભ૦ [1]હેમચંદ્ર મહારાજે પહેલાં યોગશાસ્ત્રમાં માર્ગા-

---

1 न्यायसम्पन्नविभवः ०॥ पापभीरू०॥ अनतिव्य०॥ कृतसङ्गः ०॥ व्ययमायो ०॥ अजीर्णे ०॥ यथावद ०॥ अदेशा ०॥ दीर्घदर्शी ०॥ अन्तरङ्गा ० कल्पते॥ (यो० शा० प्र० १ श्लो० ४७-५६)

નુસારીના ગુણોનો ઉલ્લેખ કર્યો. [1]**અધ્યાત્મકલ્પદ્રુમ**માં પહેલાં સ્ત્રીમમત્વમોચન જણાવાયું પછી મનને વશ કરવાની વાત જણાવાઈ. જેને ઘેર આવ્યા વિના ચાલતું ન હોય તેને કહેવાય-મારે ઘેર આવીશ નહિ પણ જેને ચાલતું હોય તેને ન કહેવાય. દરેક જીવે પહેલાં આચારને સજ્જડ પકડવાની જરૂર. આચારને સજ્જડ પકડે તે જ વિચારમાં સજ્જડ થશે. આથી પહેલું **આચારાંગ** કર્યું.

## આચારની દૃઢતા માટે પહેલાં પૃથ્વીકાયાદિ નિરુપણ

દીક્ષા કોને આપવી? છજીવનિકાયમાં માનતો હોય, અગર ન માનતો હોય તે બંનેને. **આચારાંગ**ના પહેલા શ્રુતસ્કંધમાં પહેલા અધ્યયનમાં પૃથ્વી-કાયના ઉદ્દેશા કહીને તેઉકાય, વાઉકાયના ઉદ્દેશા પછી રાખ્યા. અનુક્રમ કેમ છોડી દીધો? હા-ધારીને છોડ્યો છે. પૃથ્વી, અપ્કાય, વનસ્પતિ, ત્રસ-કાયની માન્યતા થવી સહેલી છે, પણ વાઉકાયની પરીક્ષા અઘરી. છકાયની પૂરી શ્રદ્ધા ન થઇ હોય તો પણ દીક્ષા લઈ શકે. આચારમાં વ્યવસ્થિત કરી દો.

પહેલાં ઘા કરતાં બંધ કરી દેવાય છે. દાનત નથી સુધરી. કેદ કરનાર દરેક જાણે છે કે કેદીની દાનત સુધરી નથી, હથિયાર મેલી દે, હથિયાર ગયાં તેથી આપોઆપ ઠેકાણે આવશે. દાનત ખરાબ હોય તો પણ સુધરે છે, તેમ વિચાર એક વખત ન સુધર્યો હોય તો પણ આચાર તો સુધારી નાખવા.

રાજાની રૈયત બની એટલે વફાદારીની ફરજ પડાય.

---

૧ अथ स्त्रियः—मुह्यसि प्रणयचारुगिरासु, प्रीतितः प्रणयिनीषु कृतिन्! किम्?। किं न वेत्सि पततां भववार्द्धौ, ता नृणां खलु शिला गलबद्धाः॥ (अध्य० क० श्लो० २५)

પહેલાં સદાચારવાળો થાય, દૃઢ થાય, ત્યારે વિચારની પરીક્ષા કરવી. બાહ્ય તપ પહેલું કહ્યું, અભ્યંતર તપમાં પણ ધ્યાન છેવટે કહ્યું. બાહ્ય તપો આલોચન થઇ ગયાં. સ્વાધ્યાય થઈ ગયા, પછી ધ્યાન. આચારમાં ઓતપ્રોત થાય ત્યારે તેના વિચારને સુધારો કરવાની જરૂર. તેથી **આચારાંગ** પછી **સૂયગડાંગ.**

**શાસન દોરી લેનાર થાય માટે ઠાણુાંગ**

આ બેથી આચાર વિચારની વ્યવસ્થા થઇ, પણ તે **શેઠની શિખામણ ઝાંપા સુધી**. આગળ જવામાં જનારની અક્કલ કામ લાગે. ચાલેલા કેસો વાંચી જાય તેથી ન્યાયાધીશ ન થાય, સ્વતંત્ર ન્યાયબુદ્ધિ થવી જોઇએ. **આચારાંગમાં, સૂયગડાંગમાં** જણાવેલા આચાર, વિચાર જાણી જાય તેથી શાસનની દોરી લેનારો ન થાય, તેથી ઠાણુાંગ.

**પાંચ મહાવ્રતોના નિરૂપણનો હેતુ**

તે ઠાણુાંગના પાંચમા ઠાણુામાં પાંચ મહાવ્રતોનું નિરૂપણ કર્યું. પણ પૂજા પ્રભાવનાનું નિરૂપણ કરતા નથી. એકદમ મહાવ્રત. સારા મનુષ્યને બોલાવવા હોય તો આસન, સિંહાસન માંડવાં પડે. આસન વગેરે માંડયા વિના બોલાવવા આવે તો મૂર્ખ બને. સમાધાન—દેવની પરીક્ષામાં મહાવ્રત ફરજ તરીકે. ગુરૂ અને ધર્મની પરીક્ષામાં મહાવ્રત ફરજ તરીકે. હિંસક બને, પ્રાણીનો ઘાત કરે તેવો દેવ પાલવવાનો નથી. **જે હિંસા કરે તે ભોગવે તારા બાપનું શું જાય?** પવિત્ર, અહિંસક, મમતાભાવ રહિત હોય તો જ દેવ માનવા. દેવની પૂજા કરનારે પહેલાં દેવનું લક્ષણ જાણવાની જરૂર. કુદેવત્વના અભાવરૂપ લક્ષણ પહેલાં, તે પછી જ સુદેવનું લક્ષણ સમજવું. પાંચ મહાવ્રતો કુદેવત્વ નથી એમ સાબિત કરે છે. કુદેવપણું નથી

એ નક્કી થાય તો પછી જ સુદેવપણાનાં લક્ષણ આવે. 'દેવ' તત્ત્વનું નિરૂપણ કરવામાં પહેલે નંબરે ઉપયોગી થાય તેવું હોય તો તે આ પાંચ મહાવ્રત છે. આ પાંચ જેમાં આગળ કરવામાં આવે તે જ ધર્મ. પાંચ જેમાં આગળ કરવામાં ન આવે તે ધર્મ જ નથી.

## [1]ધર્મોપગ્રહ-દાન સંયમના ટેકા માટે

ધર્મના ચાર પ્રકારમાં પણ દાનધર્મમાં ૧ **જ્ઞાનદાન** દેવું-હિત અહિતને જાણે, અહિતને છોડે. **૨ અભયદાન** દેવું-જીવને બચાવવા ૩ **ધર્મોપગ્રહ**-દાન-તેમાં ધારણા મહાવ્રતના પોષણની. ફલાણા ભાઈને ટેકો આપું છું તેમ હું ટેકો આપું છું. તેનું નામ ધર્મોપગ્રહ-દાન. આ દાન એટલે સંયમમાં ટેકો આપવો, સાધનો મેળવી આપવાં, વિઘ્ન દૂર કરવાં.

શીલ તો મહાવ્રત રૂપ જ છે.

તપસ્યા—સંવર વગરની તપસ્યા સોના સાઠ કરતાં **સોની સોય. સોની સોય** બને તેમાં કેટલો ફરક?

## તામલિની તીવ્ર તપશ્ચર્યા

**તામલિ** તાપસે તપસ્યા કરી કેવી કરી? છઠ છઠ નિયમિત. આપણને તીર્થસ્થાન મળ્યું, તપસ્યા કરનારાઓને અનુભવ રહે છે. ચાર મહિના એકાંતરા નિભાવવા પડે છે તો શી અડચણ થાય છે? તો પછી સાઠ હજાર વર્ષ સુધી લાગલગાટ છઠને પારણે છઠ. ઉપવાસ, આંબેલ, એકાસણું નહિ. પારણાને દહાડે બારે ભાગોળો છૂટી રાખે તો પણ તપસ્યા આકરી પડે. પારણામાં પોલ તેવાને તપસ્યા આકરી પડે. ભિક્ષાવૃત્તિથી

---

૧ (૧૧)

રાબડી ઉકાળો, મગનું પાણી મળશે એમ નહિ. તો સાઠ હજાર વર્ષ લાગલગાટ છઠ કેમ થયાં હશે? છઠનાં પારણામાં શી રીતે ખાય છે? આપણે જોવા પણ ન ઊભા રહી શકીએ તેવું. જે માંગેલું અનાજ તેને એકવીસ વખત પાણીએ ધુવે, તેમાં શું? કશું નહિ–રસકસ ઊડી જાય. શાના ઉપર તપ કરતો હતો? દૂધપાક પૂરીના અંતરવારણામાં ન હતો, પારણાં આ દૂધનાં ન હતાં–એક વખત મળેલું એકવીસ વખત ધોઈ નાખે, પિંડ રહે તેના કોળીઆ. આપણને આંબેલ આકરાં પડે છે તો સાઠ હજાર વર્ષ સુધી એકવીસ વખત ધોવાઇને કેમ ખવાયું હશે?

## તામલિને તપનું ફળ બીજો દેવલોક

એ તપસ્યાની કસોટી કરો, કયી સ્થિતિએ તે પહોંચી હશે? આઠ મોક્ષે જાય એવી સ્થિતિએ છતાં **તામલિ**ને શું મળ્યું. માત્ર બીજો દેવલોક. કહો માત્ર બીજા દેવલોક સુધીની સ્થિતિ મળી–ક્યાં આઠ મોક્ષ ને ક્યાં બીજો દેવલોક? સંવરની ઉપાદેયતામાં શ્રદ્ધા નથી તેથી તેમ થયું. આશ્રવ છે, રોકવાની જરૂર છે, સંવર છે, આદરવાની જરૂર છે, એટલું માન્યું નથી.

## લીલોતરી વર્જવામાં ઇન્દ્રિય-આસક્તિવર્જન

સૂકવણી તિથિને દહાડે વાપરો તેના કરતાં લીલોતરી લાવો તો શું? વર્જવાનું. ન ખાવાનું કહે ત્યાં સુધી ધર્મ. તિથિને દહાડે રસના-ઇંદ્રિયથી જીવોની વિરાધના થાય તેથી લીલોતરી છોડી. સૂકવણી વાપરી. લીલોતરી લાવો તો અધર્મ. રાઈ જેવી ચીજ અચિત્ત ખાધી તો? અગ્નિકાયના જીવો અસંખ્યાત માર્યા ત્યારે રાઇ નિર્દોષ થઇ. થોડું પકવ્યું તેમાં એટલા અગ્નિકાય બચ્યા. દોષ કેમ? આખા જગતનું એકઠું

યોગપ્રતિકકર્મ કરતાં ઇંદ્રિયની આસક્તિ વધારે. ઇંદ્રિયની અપેક્ષાએ થતો વધ તે બંધ કર્યો.

## સંવરની ન્યૂનતા

હવે મૂળ વાત પર આવો— સાઠ હજાર વર્ષ સુધી લાગલગાટ છઠની તપસ્યા. આવી નીરસપણાની તપસ્યા–આઠ જણને વહેંચી આપીએ તો આઠે જણ મોક્ષે જાય–એટલી તીવ્ર તપસ્યા–ફળમાં બીજો દેવલોક મળ્યો. કારણ? સંવરની માન્યતાની ખામી.

## સારૂં થવાની બુદ્ધિથી તામલિનો તપ

પ્રશ્ન–શાથી **તામલિ** તાપસ તપસ્યા કરતો હતો? સમાધાન–તામલિ તાપસ આવતા ભવમાં સારૂં થાય તેથી તપસ્યા કરતો હતો.

ભાવઉલ્લાસરૂપી 'ભાવના' લો તો ભાવ જ ફળ દેનાર છે. અન્ય મતવાળા બધા ભાવવાળા તો છે. તાળાં મળાય છતાં દર્શનને માટે દોડાદોડી. અનિત્યભાવના-ચારિત્રના ઘરની. મૈત્રીભાવના પ્રવૃત્તિ (ચારિત્ર) ધર્મની નથી. સમ્યક્ત્વના ઘરની છે.

## ભાવનાથી કર્તવ્ય

ભાવના નામનો ચોથો ભેદ તે આ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને ધારણ કરનારા છે તેને અંગે અદ્વિતીય ભક્તિ. તે અનંત સંસાર મટાડી દે. તેવા હોય તો આ મહાપુરુષો. તેનું જે કાર્ય તે કરવું–ઉપાશ્રય, અન્ન વગેરે આપવું.

## પૂજાનો અધિકારી કોણ?

ત્રણ તત્ત્વને ધારણ કરનાર એટલે મહાવ્રત તો જોડે રહ્યાં. દેવ, ગુરુ ને ધર્મની જડ મહાવ્રતને અંગે. માટે પહેલાં મહાવ્રત જણાવ્યાં. જેને મહાવ્રતનો મુદ્રાલેખ નથી તેને ભગવાનની પૂજા કરવાનો વાસ્તવિક હક નથી. મહાવ્રત લઇ શકો,

ન લઇ શકો એ જુદી વાત છે. પણ કર્તવ્ય આ. જેને તે કર્તવ્ય નથી તેને ભગવાનની પૂજાનો અધિકાર નથી.

નાતમાં માતબર હોય તેને કહે-વરો નહોતો કરવો. માતબરના મોંમાંથી આવો શબ્દ ન નીકળે. નાગાના મોંમાંથી આવો શબ્દ નીકળે.

**બીજા મિથ્યાત્વી કેમ?**

પ્રશ્ન—દેવ ગુરૂ ને ધર્મને માને, છતાં બીજા મિથ્યાત્વી કેમ? સમાધાન—ઝવેરીનો છોકરો મોતીથી રમે, હીરા ટીચે તેથી 'ઝવેરી' તો કહેવાય નહિ. હીરા, મોતી મળ્યાં છે પણ તેની કિંમત નથી. તેમ દેવ ને ગુરૂની કિંમત હોવી જોઇએ. તે નથી તેથી મિથ્યાત્વી.

**ભગવાન્ શું પૂજાની દરકારવાળા છે?**

હવે મૂળ વાત પર આવો—જેને મહાવ્રતનું ધ્યેય નથી. તે પૂજા કરે છે તેથી ભગવાનને બેઈમાન બનાવે છે. ભગવાનની પૂજા લાભ સમજીને કરૂં છું એમ સમજીને પૂજા કરતો નથી. પણ ભગવાનના કહેવાથી પૂજા કરૂં છું. ભગવાને આ પાંચેનો આરંભ થાય તેમાં તમને લાભ કહ્યો કેમ?

જે ભગવાન ચાંગલું પાણીના જીવોને બચાવવા માટે પોતાના શૂરા સરદારોનો ભોગ આપ્યો.

સાધુ મહારાજને તરસ લાગી હોય, જીવ જાય તો જવા દેવો. કાચું પાણી આપવું નહિ. વચનમાં માત્ર નહિ. વર્તાવમાં આવ્યા. પાંચસો સાધુ તરસે મર્યા તો બધાને પચ્ચક્ખાણ કરાવી દીધાં. તેમાં પણ અપ્કાયની વિરાધના ન હતી. અપ્કાયની વિરાધનાનો સંભવ હતો. આખું તળાવ ઔષધિના પ્રભાવે કાચું પાણીવાળું મટી

ગયું હતું. આવું છતાં ભગવાને સાધુને રજા નથી આપી. તે ભગવાન્ તમને કળશ ઢોળવા રજા આપે છે ? પોતાની પૂજા વધે તેટલા માટે ઘડાની છૂટ ? બીજાના પ્રાણ બચે તેમાં લોટાની કે ચાંગલું પાણીની છૂટ નહિ. ભગવાન કેવા લુચ્ચા ? જન્માભિષેક વખતે દરિયાની છૂટ ! માટે આ પૂજા એ ભગવાનની પૂજ્યતા માટે નથી. ભગવાનની પૂજ્યતા હોય તેથી ભગવાનને કાંઈ નથી. વીતરાગ નહોતા તે વખતે કાંઇ ન હતું. પ્રરૂપણા કરતા ન હતા તે વખતે પૂજાની, નિંદાની દરકાર ન હતી. તેને વીતરાગ દશામાં પૂજાની દરકાર કહેવાવાળા કેવા કહેવા ? દરિદ્રપણામાં હીરો જડેલો રાજાને આપી આવ્યો હોય, તે લક્ષાધિપતિ થયા પછી લોટો ચોરે તેને કેવો માનવો ? દીક્ષા લીધા પછી ગોવાળીઆ મારી ગયા તેની દરકાર નહિ. તેવા મહાપુરૂષ વીતરાગ થયા પછી શું પૂજાની દરકારવાળા થઇ ગયા ?

## પૂજા શાને માટે ?

શંકા—પૂજાનું ફળ તો બતાવ્યું છે ને ? પૂછવું હોય તો પૂછો. પણ ભગવાન્ ઉપર આરોપ મૂકો છો ? અપ્‌કાયને બચાવવા માટે શૂરા સરદારોને પ્રાણોનો ભોગ આપવાને કહ્યું. પૂજાને માટે તો પાંચે કાયમાંથી એકેને બચાવી નથી.

સમાધાન—સાઠ વર્ષે છોકરો જન્મ્યો. કરોડો રૂપિયા છે. છોકરાને ફૂલની પેઠે ઉછેરાય. પણ જો એવા છોકરાનો પગ સડી જાય તો ાવવો પડે કે નહિ ? બાકીના બચાવને માટે છોકરાના પગને કપાવવો અનુચિત નથી. છએ કાયને અનંતા કાળ સુધી અભયદાન આપવાને તૈયાર થઇએ તેથી એટલો ભોગ દેવાનો ભગવાનની પૂજા ભગવાનના બહુમાનને માટે નથી, પૂજા માટે નથી.

### 'કોલ' ભવનિર્વેદનો

આથી હરિભદ્રસૂરિએ [1]'પચાશકમાં જણાવ્યું–દ્રવ્ય-પૂજા કયી કહેવાય? જેમાં સર્વવિરતિ મેળવવાની ભાવનાએ ભગવાનની પૂજા હોય–તેનું નામ 'દ્રવ્ય–પૂજા'. અને આથી જ રોજ કોલ લેવામાં આવે છે. નાનાં બચ્ચાઓને કોલની કિંમત ન હોય. કોલ કયો जय वीयराय! जगगुरू! होउ ममं तुह पभावओ भयवं!। भवनिव्वेओ ( प्रणिधानसूत्र ). ચારે ગતિરૂપ સંસારથી નિર્વેદ તારા પ્રભવાથી થાઓ. એમના પ્રભાવથી માગીએ છીએ ભવનિર્વેદ.

### 'પૂજા' દસ્તાવેજ, 'સહી' જય વીયરાય

જેને ભવનિર્વેદનું ધ્યેય ન હોય તે પૂજા કરે તેમાં શું? દસ્તાવેજ આખો લખે, સહીમાં છટકી જાય તો? દસ્તાવેજ નકામો. પૂજા એ દસ્તાવેજ; जय वीयराय એ સહી છે. સહીમાં છટકી જવાય તો દસ્તાવેજ રદ થઈ જાય. લુલીઆ જમાલીઆ ઉપર કાંઈ હુંડી લખતા નથી.

### તીર્થંકરની કિંમત તેમના ગુણથી

ભગવાનમાં રહેલા ગુણોની જ પૂજા છે. જ્ઞાન, દર્શન ને ચારિત્ર એ ગુણોની જ પૂજા રાખવામાં આવેલી છે. પુરુષ ને ગુણ એ બે એકરૂપ છે. તીર્થંકરોની કિંમત એમના ગુણોને લીધે છે.

---

१ दव्वे भावे य थओ दव्वे भावथयरागओ सम्मं। जिण-भवणादिविहाणं भावथओ चरणपडिवत्ती ॥ जिणभवणबिंबठावणजत्ता पूजाइ सुत्तओ विहिणा। दव्वत्थउत्ति नेयं भावत्थयकारणत्तेण ॥ (पंचाश॰ २४६–२४७)

## મહાવ્રત મુદ્રાલેખ

હવે મૂળ વાત પર આવો-મહાવ્રતનો મુદ્રાલેખ ન હોય તો દાન, શીલ, તપ, ભાવરૂપ ધર્મની-કશાની કિંમત નથી. પૂજાની કિંમત મહાવ્રતના મુદ્રાલેખને અંગે છે. તેથી પાંચ મહાવ્રતો ગણધરે કહ્યાં.

## પાપની જડ પરિગ્રહ

પ્રશ્ન-પરિગ્રહવિરમણ પાંચમે નંબરે કેમ? કંકાસની જડ એ, સંસારની જડ એ, પાપની જડ એ છે. रागेण वा दोसेण वा બોલવું પડે છે. મૂર્છાભાવ-મમત્વભાવ એ બધાનો બાપ. તેનાથી વિરમવાવાળા મહાવ્રતને તમે પાંચમા નંબરે નાખ્યું?

## પાંચના પચ્ચક્ખાણથી મહાવ્રતધારી

સમાધાન-મહાવ્રતને સમજ્યો છે? **બાટલે મોટી ખોડ કે ચોથો પાયો નહિ.** પરિગ્રહ-વિરમણને પહેલા નંબરે મૂકાવવા માગે છે પણ હજી પરિગ્રહ-વિરમણને સમજ્યો નથી. મૂર્છાભાવનો ત્યાગ નથી. વસ્તુ ત્યાગ કરવાની છે. વસ્તુત્યાગ એ અહિંસા, સત્ય, શાહુકારી, બ્રહ્મચર્યની જડ નથી. પરિણતિના અહીં પચ્ચકખાણ નથી. પરિણતિ તો બધાનું કરણ છે. પરિણતિ વિવેકને લાયક છે, પણ પ્રત્યાખ્યાનને લાયક નથી. હિંસા, જૂઠ વગેરે પાંચ પ્રત્યાખ્યાનને લાયક, પચ્ચકખાણ પાંચનાં. પાંચનાં પચ્ચકખાણ કર્યાં, એટલે મહાવ્રતધારી કહ્યા.

## અઢાર ને બદલે પાંચ કેમ?

શંકા-'મહા'નો અર્થ 'સર્વથી' વિરતિ. પાંચ પાપની સર્વથી વિરતિ થઇ પણ અઢારની કરવી જોઇએને? અઢાર છોડવાનાં તેમાં પાંચ છોડયા તેથી સર્વવિરતિ કયાંથી આવી ગઇ? દશ

જન્મ્યા, દશ મર્યા એમાં ઓછાવતા કહે તો મૃષાવાદ સુધી પહોંચાડી દો. જન્મ્યાની સંખ્યામાં ફેરફાર થાય તો મૃષાવાદ. બારની જગ્યા પર દશની વાત કરવામાં આવે તો મૃષાવાદ. તો પછી અઢારની જગ્યા પર પાંચમાં સર્વ થઈ ગયું? અઢારનાં પાંચ કર્યાં તેમાં સર્વ કેમ?

સમાધાન–પાદશાહે બીરબલને પૂછયું–સત્તાવીશમાંથી નવ ગયાં તો? શૂન્ય. નવ નક્ષત્ર વરસાદનાં. સત્તાવીશમાંથી નવ નક્ષત્ર વરસાદનાં કોરાં જાય તો આશા શું રહે? શૂન્ય. અઢાર મોરચાં કર્મરાજાએ માંડેલાં છે પણ તે બધાનું મુખ્ય સ્થાન આ પાંચ. અઢારમાંથી પાંચ જાય તો શું રહે? કર્મસ્થાનને અંગે પૂછીએ તો 'શૂન્ય' કહેવાય.

**વાંઝીઆનો વંશ વગર માર્યો મરે, તેમ તેર પાપસ્થાનક**

ક્રોધ, અભિમાન, માયા, લોભવાળા આ પાંચમાં ન આવે ને પોતાના ફળ દેખાડે. જુઓ? આ પાંચ દરવાજા હતા. પાપસ્થાનક તો અઢાર. પેસવા નીકળવાના રસ્તા પાંચ તે બંધ કર્યા, એટલે ચુમાઈને બેઠા. બેઠા બળ્યા કરો, નીકળવા ન દઇએ તો શું કરવાના હતા? હિંસા, જૂઠ વગેરેમાં ન આવવા દઇએ તો તેર પાપસ્થાનકો વાંઝીઆ મરી જાય. વાંઝીઆના વંશને મારવા માટે શૂળીઓ ગોઠવવી ન પડે. વાંઝીઓ મર્યો એટલે ખલાસ. હિંસા વગેરે પાંચ હોય તો એનો વંશ; એ નહિ હોય તો વગર માર્યે મર્યા છે.

એક લઈને ત્રણ જમા કરે તો દેવાળું કાઢે. જ્યારે ત્રણનો વિભાગ કરે તો રાગ, દ્વેષ ને પરિગ્રહ એ જુદી વસ્તુ. પરિગ્રહ માનીશ તે જ પરિગ્રહવિરમણ. પરિગ્રહવિરમણ એટલે ધર્મોપકરણ સિવાયની ચીજ લેવી તે બંધ. ધર્મોપકરણની ચીજ

ન લેવી તે અર્થ વિરમણમાં નહિ. પરિગ્રહવિરમણ નામ શા માટે રાખ્યું? 'પરિ' ઉપસર્ગ શા માટે છે? ગ્રહણ માત્રનો ત્યાગ નથી. આહાર લે તો પાપ થઈ જાય તેમ નહિ, સંયમોપકરણ સિવાય જે કાંઈ વસ્તુ લેવી તે જ 'પરિગ્રહ'. 'પરિ' ઉપસર્ગથી વિશિષ્ટ એમ જણાવી સંયમ-ઉપકરણ સિવાય એમ જણાવ્યું.

## બિલાડીને ગળે ઘંટડી

એક ઓરડામાં ઉંદર રહેતા હતા. બિલાડી આવીને રોજ મારી જાય છે. પેસે તેની ખબર પડતી નથી. ઉંદરડાના પંચે ઠરાવ કર્યો–બિલાડીના ગળે ઘંટડી બાંધી દો. વાત ખરી. બિલાડીને ગળે ઘંટડી બંધાઇ જાય તો ભય ન રહે. આ નિર્ણયનો અમલ કોણ કરવા જાય?

मुच्छाओ वेरमणं–શબ્દમાં સારો છે. મૂર્છાનું વિરમણ થાય છે ક્યાં? તેની ખબર રહી? જેની પાસે જે વખતે જે હોય તેમાં જે જકડાય તે મૂર્છા ચક્રવર્તી છ ખંડની રિદ્ધિ છોડીને નીકળે, આવીને દાંડામાં લેવાયો. ઘેરે હજારો, લાખો રૂપિયા છોડીને આવેલા સાધુસાધ્વીઓ ચીંથરામાં ચૂંથાયા. જે લાખોમાં લેવાયા નહિ તે ચીંથરામાં મૂંઝાયા.

## જકડાવવાનો સંભવ અગિયારમા સુધી

જકડાઈ જવાનો સંભવ ક્યાં સુધી? અગિયારમા સુધી. તો અગિયારમા સુધી પાંચ મહાવ્રત ન દેવાં? દશની આગળ વધે નહિ ત્યાં સુધી લોભ જવાનો નહિ. ડૉક્ટર ( doctor ) દવાખાનું કરે. દવા, ઓજારો રાખે. રોગ કાઢી નાખવા તે હાથમાં ન રહે. રોગ કાઢે તો જ ડૉક્ટર એમ ન કહીએ, તેમ મૂર્છા કાઢે

તો જ વિરતિ એમ ન કહી શકીએ. મૂર્છાનાં સાધનો કાઢી નાખે. સાધનો અલ્પ, બહુ, સચિત્ત, અચિત્ત. મૂર્છાને મારનારી ચીજ અલ્પ વગેરે ન જોઇએ. મૂર્છા પરિણામના પચ્ચક્ખાણ નથી. રાગપરિણતિ, લોભપરિણતિના પચ્ચક્ખાણ નથી. જો એ રાખવા જઇએ તો મહાવ્રત અગિયારમા સિવાય બને નહિ.

**પરિગ્રહ પોતાનું જ બગાડે માટે પાંચમું**

અરે હોય તેમાં મમતા થાય તો થાય, પણ ન હોય તેમાં મૂર્છા થાય. તો ડગલે પગલે ભાંગવાનો ડર. ડગલે પગલે ભાંગવાનો ડર તો પચ્ચક્ખાણ કયાંથી લેવાય? માટે મૂર્છા છોડવાનો વખત લાવવા માટે બહારની વસ્તુ છોડવાની જરૂર. અલ્પ, બહુ છોડવાં તેથી પાંચમે નંબરે તે રાખ્યું. હિંસા વગેરે ચારમાં બંનેનું બગડે પણ પરિગ્રહમાં લેનારનું જ બગડે. મૂર્છા કરનારનું બગડે. મારું કર્યું. મમતા કરી તેથી પોતાનું બગડે. જો એમ છે તો બેના પકડનારને પહેલાં પકડવો કે એકને પકડનારને પહેલાં પકડવો? એકના બગાડનારને પછીથી પકડાય. હિંસા વગેરે અનંતા વિષયોને બગાડનાર. કાબૂ બહારના વિષયો તેથી કાબૂ બહારનાં પચ્ચક્ખાણ. જ્યારે પરિગ્રહમાં કાબૂની વાત. કાબૂના વિષયના પચ્ચક્ખાણ તે હાથની વાત છે. આ પાંચે મહાવ્રતોનો અનુક્રમ નક્કી થયો. તેથી ગણધરે કહ્યું: 'तद्यथा' એટલે આ કહું છું, તેમાં ફેરફાર નહિ.

આ પાંચે વ્રતો કહેવાં કોને? તે માટે પાંચેનું સ્વરૂપ જાણવું જોઇએ.

# વ્યાખ્યાન ૧૫

## વિચારની વ્યવસ્થા વિના બધું નકામું

**ગણધર** મહારાજા **સુધર્માસ્વામી**જીએ ભવ્ય જીવોના ઉપકાર માટે, શાસનની પ્રવૃત્તિ માટે, ક્ષેત્રાંતરે, કાલાંતરે, ભગવાનના વચનામૃતનું પાન કરવાને શક્તિમાન થાય તે માટે, **આચારાંગમાં** આચારની વ્યવસ્થા કરી. સાધુઓ આચારમાં વધવાવાળા સ્થિર થયા છતાં જો વિચારની વ્યવસ્થા ન હોય તો નકામું. દુનિયામાં પ્રજાકીય મનુષ્ય અને જાસુસના વર્તનમાં જરા પણ ફરક હોય નહિ બલ્કે એમ કહીએ તો ચાલે કે જાસુસની એવી વર્તણુક હોય કે જેમાં શંકાને અવકાશ ન રહે.

## ભવ્ય ને અભવ્યનાં ચારિત્ર

આ જૈન શાસનમાં વિચારની વ્યવસ્થાવાળાના ચારિત્રમાં જેટલી ચઢતી સ્થિતિમાં નિયમિત ન દેખાય, તેટલી વિચાર વગરનામાં ચઢતી સ્થિતિમાં દેખાય. ભવ્ય જીવ જે ચારિત્ર પાળે, તે ચારિત્ર મોક્ષના ઉદ્દેશનું હોય, વગર પણ ઉદ્દેશનું હોય, સામાન્ય પણ ચારિત્ર હોય. પણ અભવ્ય જે ચારિત્ર લે તે ઉદ્દેશનો ખીલો ઠોકીને લે. દેવેન્દ્રપણું, રાજા-મહારાજાપણાનો ખીલો ઠોક્યા સિવાય તેને ચારિત્રમાં પેસવાનું થતું નથી. ભવ્ય જીવ ઓઘે પણ પેસી જાય, પણ અભવ્ય ખીલો ઠોકીને જ પેસવાનો. ભવ્ય જીવ વગર ખીલે પેસી જાય. જો અભવ્ય વગર ખીલે પેસી જતો હોત તો સમ્યગ્દર્શનની અસર થઇ જાત. અભવ્ય ચારિત્રમાં પેસે છે તે મારો ખીલો ન ખસે તેથી. **મહાજન મારા માથા ઉપર ખીલી મારી ખસે નહિ.** જિનેશ્વરના કર્મક્ષયના માર્ગો મારે આચરવા છે. અભવ્યને

માટે મહાજન માર માથા ઉપર, જિનેશ્વરે કહેલું બધું આચરવું છે. ખીલો મારો ખસે નહિ. ખીલો ઠોકયો છે તે બગ્રી જાય. ભવ્ય જીવો ખીલા ઠોકીને પેસે છે, પણ તેમનો ખીલો ખસી જાય છે. મોક્ષની ઇચ્છાએ લીધેલાં ચારિત્રો કરતાં પૌદ્ગલિક સુખની ઇચ્છાથી ચારિત્ર લીધેલા અનંતા જેટલા સિદ્ધો થયા. ખીલાવાળાં ચારિત્ર અનંતા ફરસ્યાં. ખીલા વગરના ચારિત્ર કરતાં અનંતગુણાં ફરસ્યાં.

## ખીલા વગરનાં ચારિત્ર આઠ

આખા ભવચક્રમાં ખીલા વગરના ચારિત્ર આઠ જ હોય છે. अट्ठ भवाउ चरित्ते (आव० नि० गा० ८५६). જેમાં મહારાજા કે ધનાઢય થવાનો ખીલો ન ઠોકયો હોય તેવાં ચારિત્રના ભવ-ચક્રમાં આઠ જ ભવ. બીજ જો હણાયેલું નથી, તો પછી એ બીજને પાણીનો જોગ પૃથ્વી ઉપર કે વાસણમાં મળે તો ઊગ્યા વિના રહે જ નહિ. બીજમાં તાકાત છે તો ચાહે તે પૃથ્વી ઉપર પડી રહ્યું હોય કે વાસણમાં હોય તો અંકુરો ફૂટયા વિના રહેવાનો નહિ. ભવ્ય જીવને સંયોગ મળ્યો તો અંકુરો થયા વિના રહે નહિ. આથી ખીલા વગરના ચારિત્રને માટે આઠ જ ભવ માન્યા.

ખીલો એટલે પૌદ્ગલિક ઇચ્છા. ખીલાના જોરે વર્તવું છે. તેને ચઢતી કળા રાખવી જોઇએ. જાસુસનું વર્તન એવું હોય કે શંકા થાય નહિ. ચોરની ચુપકીદી એટલી બધી હોય કે સોય ખખડે નહિ ખીલો ઠોકીને પેસેલા ચારિત્રમાં એવા ચાલાક રહે કે શંકાનું સ્થાન રહે નહિ.

## દ્રવ્ય-ચારિત્ર વિના ભાવ-ચારિત્ર આવે નહિ

દરેક સિદ્ધ સિદ્ધપણાને પામેલા છે. તેમને અનંતી વખત

તો ખીલાવાળાં ચારિત્ર કર્યાં છે. ખીલા વગરનાં ચારિત્ર આઠ વખત જ હોય છે. અનંત દ્રવ્ય–ચારિત્ર થયા વિના ભાવ–ચારિત્ર આવે નહિ એમ [1]હરિભદ્રસૂરિ કહે છે.

પગથિયે ચઢનારો નથી માળનો, નથી માઢ ( આંગણાનાં એક ભાગ)નો. પગથિયાં વટાવ્યા વિના માળ મલવાનો નથી. દ્રવ્યત્યાગ કરનારો એ દુનિયાના સુખથી નીકળી ગયો. એ આત્મીય સુખને પામ્યો નથી. વચલા પગથિયામાં છે, છતાં જેટલાં પગથિયાં ઓળંગે તેટલો માળ નજીક આવે. જેટલાં દ્રવ્ય–ચારિત્ર થાય તેટલું ભાવ–ચારિત્ર નજીક આવે. ભાવને લાવવાને માટે દરેકે પ્રવૃત્તિ કરવાની છે.

**દ્રવ્ય–ચારિત્ર કરતાં ભાવ–ચારિત્ર અધિક છે.**

ભાવ–ચારિત્રની અપેક્ષાએ દ્રવ્ય–ચારિત્રની કિંમત નથી. રૂપિયા હિસાબમાં નહિ. સોદો થવાનો હોય, સ્પેશિયલ (special) મૂકાવી દે. રૂપિયાનો હિસાબ નહિ. શું ઘરમાંથી રૂપિયા ફેંકી દીધા ? પેલા લાભની અપેક્ષાએ. આમ પૈસાની કિંમત છે. પછી પાંચસો ગયા તો શું ? પાંચ હજાર આવવાના છે તેથી. ચિનુભાઈ મરી ગયા તે વખતે વિમાનમાં બેસીને આવવું પડયું. પૈસાની કિંમત શી ? એમ થયું છે. એ બધા શબ્દો ઉદ્દેશથી છે. દ્રવ્ય–ચારિત્રની કિંમત શી ? નકામું; એ બધું ભાવ–ચારિત્રની

---

[1]नेवं चरणाभावे मोक्खत्ति पडुच्च भावचरणं तु। दव्वचरणम्मि भयणा सोमाईणं अभावाओ ॥ तेसिपि भावचरणं तहाविहं दव्वचरणपुव्वं तु। अन्नभवाविक्खाए विन्नेअं उतमंत्तणं ॥ तह चरमसरीरत्तं अणेगभवकुसलजोगओ निअमा। पाविज्जइ जं मोहो अणाइमंतोत्ति दुव्विजओ ॥ (पंचव० गा० ९२१–२२–२३).

એપેક્ષાએ. આજકાલ આપણે અજ્ઞાની કે હાથારંગા મનુષ્યો છીએ.

### હરકોઇ સાધુ એટલે 'દ્રવ્ય-સાધુ' એમ નહિ

સાધુપણું એટલે દ્રવ્ય-સાધુ એમ કહેવાવાળાની શી દશા? તારા આત્મામાં એવો કયો ગુણ થયો છે કે આમાં ભાવ-સાધુની પરિણતિ નથી એમ કહી શકે. દ્રવ્ય-સાધુ કહેનારા, સાધુપણામાં રહેલાના-ભાવ-ચારિત્રની સ્થિતિવાળા જેઓ હોય તે બધાનો ચોર. દ્રવ્ય-ચારિત્ર કહેવાનો હક શો? કાં તો અભવ્ય, કાં તો મિથ્યાદૃષ્ટિ હોય. નહિ તો જેઓ ચારિત્ર પાળી રહ્યા હોય તેને 'દ્રવ્ય-સાધુ' કેમ કહેવાય.

સમ્યક્ત્વવાળા છે કે નહિ તેના માટે સમ્યક્ત્વનાં ચિહ્નો જોવાનાં છે, તે સિવાય અમુક વ્યક્તિમાં સમ્યક્ત્વ નથી એવો નિર્ણય આપણાથી થઈ શકે નહિ. જેનામાં સમ્યક્ત્વનાં ચિહ્નો છે; તેને સમકિતી માનવામાં હરકત નથી. જે પ્રરૂપણા કરનાર છે, તેને ગુણી માનશે તો ગુણની પ્રાપ્તિ થશે. દીપક સમ્યક્ત્વવાળો દેશના દે છે. જિનેશ્વરની પ્રતીતિ થઈ તે વખતે અહો! કરવાનો. દીપક સમ્યક્ત્વવાળો મિથ્યાદૃષ્ટિ હોય. બીજાને સમકિત થાય તે વખતે ઉપદેશક તરીકે પ્રરૂપકને માનવાનો. બાહ્ય વ્યવહાર હતો તેથી માન્યા, તેથી પેલાને હરકત નથી. નિહ્નવને દેખીને ચારિત્ર લે, બીજો શુદ્ધ ગુણવાળો ન હોય, પણ શુદ્ધ ગુણનાં ચિહ્નો હોય તો માનવામાં અડચણ નથી.

### વ્યક્તિને લઇને જાતિને નિંદવાનો હક નથી

શુદ્ધ ચિહ્નોવાળો છે તેને દૂષિત માન્યો તો શી દશા થવાની? ધર્મના ધોરીને, રક્ષકોને, મોટામાં મોટું કલંક આપનારા થઈએ-દ્રવ્ય-સાધુ કહીએ તો.

જાતિને અંગે કલંક બોલે તો માથું ફરી જાય છે.

પોરવાડ જ્ઞાતિમાં બે જણ ખરાબ નીકળે, બે સારા નીકળે. તે વખતે નાત 'આવી' છે એમ કહો તો તમારૂં શું થાય છે? તમે ઈજારો લઇને બેઠા હશો. કોઇ વ્યક્તિની ખરાબીને અંગે, તમારી જાતિને દોષારોપણ કરે છે તે ઝેર જેવું લાગે છે.

એક અંગ્રેજે ખૂન કર્યું હોય એ ઉપરથી અંગ્રેજો આવા છે એમ કહો તો તમને કોટડીમાં ઘાલે. વ્યક્તિને લઇને જાતિને નિંદવાનો હક નથી. જે વ્યક્તિ અપકૃત્ય કરનારી હોય, માર્ગથી બહાર હોય, તે માર્ગને બગાડનાર; તેને લીધે જે વ્યક્તિ માર્ગને ઉન્નતિ કરનારી છે તેને ભેળી લેવાનું થાય તો તે વખતે **બેગુનેગારને ગુનેગાર બનાવવાનું થાય.**

**'કુચારિત્રીઆ દેખી ચારિત્રીઆ પર અભાવ થયો' (શ્રાવક અતિચાર).** ગામ હોય ત્યાં ઢેડવાડો હોય. ઊંચી સ્થિતિ, તેમાં પતિત હોય તેમાં નવાઈ શી? બુધવારીઆ(નાદારી)ની કોર્ટ તપાસીએ તો કાછીઆ, દરજી, કુંભાર કોઈ નથી આવતા. બુધવારીઆની કોર્ટમાં સફેદ જ હોય, મેલા ન હોય. સફેદમાં બુધવારીઆની કોર્ટ હોય, તો છી છી. સફેદમાં બુધવારીઉં હોય તેમાં નવાઈ શી? એવાને બહાર કાઢવો એ પહેલે નંબર.

**કુમાર્ગે ચઢેલાને સન્માર્ગે લાવવો.**

**પણ ફજેત કરીને નહિ**

બહેન બેટી અવળે રસ્તે ચાલે તે વખતે લાગે જ. આંખમાંથી લોહી વરસે. પણ લોહી શમાય છે ક્યાં? એને રસ્તે લાવવામાં. બજાર વચ્ચે ખડી રાખવામાં નહિ. છાવરી લેવાય આનો અર્થ પોષણ એમ લેવાનો નથી પણ તેને કોઇએ ચોરે ચઢાવી નહિ. કુટુંબની અંદર આવી ખરાબી ચલાવવી ન જોઇએ, રોકવી જોઇએ. એ નિશ્ચય છતાં એને સુધારવી; પણ એના નામે

કુટુંબની આબરૂ બગાડવી નહિ. **તેમ શાસન વહાલું નથી એમ ખરાબ સાધુને બહાર પાડવો તેમાં છે.** પોષણ માટે નથી કહેતો. શ્રેણિક મહારાજે સુવાવડનું કામ કર્યું. નોકર ચાકર ન હતા? જીંદગીના ઉપયોગને પહોંચી વળે તેટલી બધી કળાઓ લેવાની પ્રથમ હતી. દાયણનું કામ કર્યું. ચંદનબાળા, મૃગાવતી બધા એવા છે એમ કહે છે શું?

એક પાપી મનુષ્ય બીજાને પાપી કહેવડાવવા માગે પણ તેથી કાંઈ બધા પાપી નથી.

ધંતુરો પીનાર ઈંટને સોનું માને તેથી બીજા તેમ કહેવા તૈયાર નથી. **મારૂં કહેવું નથી તો વેશની પૂજા માટે કે નથી તો અવગુણને પોષવા માટે.**

**તાડન તર્જનની શાસ્ત્રકારે આપેલી છૂટ**

શ્રેણિક વંદન કરતો નથી. કુટુંબમાં થયેલી ખરાબી ખમી ન જાય, તેમ ચોરે ચઢાવેલી પણ ન પાલવે. છોકરો સટ્ટો કરી આવે, તેને શિક્ષા કરાય અને એણે કરેલું દેવું આપવું પડે. હરામખોર, લુચ્ચો કહેવાય, પણ પણે કોડીએ કોડી બધા ભરી દેવા પડે. તેમ જે માર્ગ ચૂકેલા હોય તેમને માટે [1]શાસ્ત્રકાર છૂટ આપે છે, તાડન તર્જન સુધી છૂટ આપે છે પણ

---

१ एष उत्सर्ग उक्तः, अपवादस्त्वाज्ञाबलाभियोगावपि दुर्विनीते प्रयोक्तव्यौ, तेन च महोत्सर्गतः संवास एव न कल्पते, बहुस्वजननाल-प्रतिबद्ध त्वपरित्याज्ये अयं विधिः—प्रथममिच्छाकारेण योज्यते, अकुर्वन्नाज्ञया पुनर्बलाभियोगेनेति, ( आव० टी० हारि० पृ० २६१); पुरिसज्जाएऽवि तहा विणीयविणयंमि नत्थि अभिओगो। सेसंमि उ अभिओगो जणवयजाए जहा आसे ॥ ( आव० नि० गा० ६७२ )

ચોરે ચઢાવવાની છૂટ આપતા નથી! ઘરના ભાઈભાંડુને અંગે દૃષ્ટાંત આપ્યું. મેથીપાક પૂરો આપે, પણ બજારમાં પતાવી દેવું પડે.

વ્યક્તિ માર્ગવિરૂદ્ધ ચાલતી હોય તેને મેથીપાક સુધી છૂટ આપે, પણ એની સાથે ચોરાને માટે તો સાફ મના. બજારમાં પાટિયું ફરે એ તો પિતાને પાલવે જ નહિ, તેવી રીતે અહીં શાસનને અંગે જેને લાગણી છે તેને વ્યક્તિને બરોબર શિક્ષિત કરવાની છૂટ છે, **પણ જાતિમાં એક શબ્દ બોલવાનો હક નથી.** વ્યક્તિને દૂષિત દેખો તો વ્યક્તિને ભાંડો. પણ જાતિને ભાંડવાનો હક નથી. એક પણ સારો હોય ત્યાં સુધી જાતિને ભાંડવાનો હક નથી.

## સૂર્ય ઝગઝગાવે બોલાય, તેમ સાધુમાંના એકનો પણ ગુણ જ બોલાય

આકાશમાં એક સૂર્ય હોય અને તે ચારે બાજુ અજવાળું કરી રહ્યો હોય તો ઝગઝગ આકાશ કહેવું પડે. જાતિમાં એક પણ જાગતો હોય, દીવો હોય ત્યાં સુધી જાતિને ભાંડી શકીએ નહિ. 'સાધુ'નું નામ લઈને જે કોઈ કહે, લખે **તે શાસનનો કેવળ ગુનેગાર બને.** વ્યકિતના ગુનાને અંગે છૂટ છે. એ વારંવાર કહું છું પણ બચાવ કરવાનું કે પોષવાનું કહેતો નથી. શ્રેણિકે વ્યકિતને શિક્ષિત કરી પણ ચોરે કે ચૌટે નહિ.

## સાધુને 'દ્રવ્ય-સાધુ' કહેવું તે કલંક

સાધુમાત્રને દ્રવ્ય-સાધુ કહેતાં કલંક લગાડે તેનો ખ્યાલ નથી આવતો! વ્યકિત ખરાબ લાગે તે નિર્ણય થાય તો કહી શકે. વ્યકિતને અંગે નિર્ણય કરવાનાં શાંસાં ત્યાં આખા

જાતિને ખરાબ શી રીતે કહી શકાય? ભાવ–સાધુપણાની અપેક્ષાએ દ્રવ્ય–સાધુપણું નકામું. જેને પાંચ હજાર મળે તે કહે પાંચ નકામા, પાંચ ખાસડે માર્યા, પણ પાંચ પૈસા મળતા નથી તે શું જોઈને બોલે છે કે ખાસડે માર્યા?

વેશ્યાને પણ છાપામાં 'આ કુલટા છે' એમ લખો તો ગુનેગાર. એ (વેશ્યા) જે સ્થિતિમાં છે તેની તે સ્થિતિ અંગે લખવાની છૂટ નથી આપી.

શેતાન હોય તેને શેતાન લખવાની છૂટ નથી. ગુનો થાય, ફાંસીની સજાની છૂટ પણ મેજિસ્ટ્રેટને ગુનેગાર, લુચ્ચો શબ્દ બોલવાની છૂટ નથી.

**ભાવ–ચારિત્રની અપેક્ષાએ જ દ્રવ્ય–ચારિત્ર નકામું**

'શેતાન' શબ્દો બીજા વાપરે તેની શી દશા? 'દ્રવ્ય-ચારિત્ર' કિંમત વગરનું કબૂલ, પણ તે કોની અપેક્ષાએ? ભાવ-ચારિત્રની અપેક્ષાએ. 'દ્રવ્ય–ચારિત્ર'થી **ભવની ભીતિ જાય નહિ એમ કહેવાય, તે ભાવ–ચારિત્ર મેળવવા માટે.** દઢતા માટે. નહિ કે અવિરતિને પગથીએ ઊતારી દેવા માટે લીટા કરવા નકામા. આગળ વધેલાની અપેક્ષાએ. પણ પેલો ધૂળમાં રમીને શરીર, લૂગડાં બંને બગાડતો હોય, તેની અપેક્ષાએ લીટા નકામા નથી. તેમ દ્રવ્ય–ચારિત્ર નકામું, અનંતા આવી ગયાં, કંઈ ન વળ્યું તે બધું પેલા ભાવ–ચારિત્રની અપેક્ષાએ નકામું.

**ખાનપાનની અપેક્ષાએ ત્યાગ કરેલ નવ ગ્રૈવેયકે જાય**

મહારંભ, પરિગ્રહ, આર્ત–ધ્યાન, રૌદ્ર–ધ્યાન કરીને સંસારમાં ભટકવાળા તેની અપેક્ષાએ દ્રવ્ય–ચારિત્ર નકામું નથી. લીટો કરવા બેઠેલો તે શુક્રવારના ચણા પામે. લીટો કરવાવાળો છેવટે ચણાને

લાયક. ઈનામને લાયક પસાર થયેલો. આંબા, પીપળાની રમત કરનારો, ધૂળમાં બંગલા બાંધનારો ચણુમાં નથી. શિક્ષણ સિવાયની કળા ચણુમાં કામની નથી. દ્રવ્ય-ચારિત્રમાં રહેલો, તેને ખાન-પાનની ઈચ્છા છે, એવી ઈચ્છાએ જેણે પાપનો ત્યાગ કર્યો તે નવ ગ્રૈવેયક સુધી જવાનો છે, પણ જે આરંભ સમારંભમાં ખૂંચી રહ્યા છે. તેને નરક સુધી જવાનું; તે સિવાય બીજું કોઈ સ્થાન નથી.

## કમલપ્રભાચાર્યનો નીડર જવાબ

કેટલાક ઉચ્છૃંખલો આવું કહેનારા હોય છે. **કમલ-પ્રભાચાર્યે** સાધુની નિશ્રાએ થતાં દહેરાને અંગે કહ્યું-જિનેશ્વર મંદિર છે, પણ તે સાધુને નિમિત્તે થાય તેથી 'સાવદ્ય' છે. તીર્થંકરગોત્ર સાચાપણામાં બાંધ્યું. નીડરપણે પ્રરૂપણા કરી. તેમાં બાંધ્યું. જ્યાં જતિઓ મંદિરના માલિક બનવાવાળા, આખું ગામ બધું મંદિરના માલિકના પક્ષનું. એ સભામાં જિનમંદિર જો કે પૂજ્ય છે. પણ જે સ્થિતિ છે તે પાપનું સ્થાન છે, એ કહેતાં કેટલી જીગર ચલાવવી પડી હશે. પોતાનું કોઈ નથી. ગામ આખું જે કહેવા માગે છે તેનાથી વિરુદ્ધ. એવાની સામે પરદેશી મનુષ્યે આખા ગામની રૂચિમાં ન આવે તે કહેવાની હિંમત કરી હશે તે કેવી સ્થિતિ? એ ગામનો વર્ગ એમની પાસે લઈ રાગવાળો, પ્રીતિવાળો છે. આખું ગામ એ દશામાં છે તે વખતે જિનેશ્વરના મંદિરને અંગે ચૈત્ય જેવી પવિત્ર વસ્તુના ખોદણાં કાઢવાનાં છે, છતાં જ્યાં કહી દીધું ત્યારે કેટલી હિંમત ભીડી હશે?

જો કે છે તો નજીકનો સગો પણ-પ્યારા ગણવા છે અને પ્રહાર કરવાનો વખત આવે-તો-ચૈત્ય-મોક્ષનું સ્થાન અપા-

વનારને હુમણાં **કુમલપ્રભ** પાપનું સ્થાન કહે છે. 'મા' શબ્દ પેલાઓને નોર જેવો લાગે તેમાં નવાઇ નથી. જતિઓને રાખવા–આમાં જ ઉછર્યા છે, હંમેશની ટેવ છે, તેમાં કલ્યાણ માની રહ્યા છે. એ પ્રવૃત્તિની માન્યતા ઉપર એકીસાથે તોપગોળો છૂટયો

## 'સાવદ્યાચાર્ય' નામ કોણ પાડે?

તે તોપગોળો ન સહન થયો માપવાળાઓથી, ન સહન થયો જતિઓથી. એમનો શબ્દ એમને માથે નાખો. આપણાં મંદિરોને 'સાવદ્ય' ઠરાવ્યાં તેથી એમને 'સાવદ્ય' ઠરાવો. સાવદ્યાચાર્ય નામ પાડયું. 'સાવદ્ય' શબ્દ કહ્યાથી **તીર્થંકરનામકર્મ** બંધાવાનું થયું. આ બિચારી ટોળીને સીધું ન પરિણમ્યું તેથી 'સાવદ્યાચાર્ય' નામ પાડયું. જેમણે બતાવ્યું આ સાધુ શ્રાવકધર્મને લાયક નથી, જે મંદિરોને અંગે સાવદ્યપણું હતું તે **કુમલપ્રભાચાર્યે** બતાવ્યું. તે વખતે સાવદ્યપણું છોડવું તો દૂર રહ્યું, સારો માર્ગ સૂઝયો નહિ. તેમનું નામ 'સાવદ્યાચાર્ય' પાડયું. જેમને તીર્થંકરનામકર્મ બાંધવાનું જણાવ્યું હતું.

## આરંભ–પરિગ્રહમાં ખૂંચેલા નરક નિગોદમાં

આરંભપરિગ્રહમાં મચેલાને આરંભ છોડવાનું તો ન સૂઝે પણ જે બતાવે તેને 'નરકનિર્દેશક ટોળી' નામ રાખ્યું. ચૈત્યવાસીઓને ઝાળ ઊઠી હતી. સત્ય પ્રરૂપણા કરનારને 'સાવદ્ય' શબ્દ તીર્થંકરનામગોત્ર બાંધ્યું તેને લાયક ગણ્યો. તે સાવદ્ય નામ પાડવાને ઉપયોગી લાગ્યું. બીજા નરકનિર્દેશક ટોળી તેના મેંબર (member) કહે તેનો ડર રાખવાનો નથી, પણ જેઓ આરંભ-પરિગ્રહમાં મચેલાં છે તેઓ નરક નિગોદમાં પડેલાં જ છે.

## અપવાદને દાખલા તરીકે લેવાય નહિ

અનંતા ચારિત્રો દ્રવ્યથકી દરેક સિદ્ધે કર્યાં, પણ ભાવ-ચારિત્ર કર્યાં ત્યારે એઓ મોક્ષે ગયા છે. દ્રવ્ય-ચારિત્ર દરેક જીવને અનંતી વખત આવ્યાં છે. વ્યવહારરાશિમાં અનંતો કાળ જેને થયો હોય તે અનંતી વખત નવ ગ્રૈવેયક સુધી જઈ આવ્યો હોય. અનંતી વખત દ્રવ્ય-ચારિત્ર લીધાં તે નક્કી થયાં, ત્યારે **મરૂદેવા** માતાને અંગે શું કહેવું ? વ્યવહારરાશિ માટે નિયમ બાંધ્યો. [1]**મરુદેવા**ને વ્યવહારરાશિમાં અનંતો કાળ થયો નથી. આ બાજુ આશ્ચર્ય છે. આશ્ચર્ય એટલે અપવાદ, જુદો માર્ગ. મરુદેવાને દ્રવ્ય-ચારિત્ર વિના ભાવ-ચારિત્ર મળ્યું તેને આશ્ચર્ય માને છે. જે અપવાદ તરીકે મેલે તેનો દાખલો લેવાય નહિ. આ જીવે અનંતી વખત ઉત્કૃષ્ટ ચારિત્ર પાળ્યાં. શંકાને સ્થાન પણ ન હોય, એવાં ચારિત્ર પાળ્યાં છતાં તેમાં શુક્રવાર વળ્યો નહિ.

## સ્થાનાંગ એટલે બચાવ માટે ઊભી કરાયેલી દીવાદાંડી

વિચારની વ્યવસ્થા નહોતી તેથી **આચારાંગ** બનાવ્યા છતાં વિચારની વ્યવસ્થા કરવાની જરૂર હતી. **આચારાંગ, સૂયગડાંગ** રચ્યાં છતાં સિદ્ધાંતની ઈયત્તા ખ્યાલમાં ન આવે ત્યાં સુધી કઈ વખતે ક્યાં ચઢી જવાય તેનો પત્તો નહિ. વહાણ મજબૂત અને વહાણમાં માલ પણ સારો છતાં, વહાણના બચાવ માટે દીવાદાંડી ઊભી કરવી જોઈએ. દીવાદાંડી

---

[1] मरुदेविसामिणीए ण एवमेअंति सुव्वए जेणं । सा खु किल वंदणिज्जा अच्चंतं थावरा सिद्धा ॥ ९२४ ॥ सच्चमिणं अच्छेरगभूअं पुण भासिअं इमं सुत्ते . अन्नेऽवि एवमाई भणिया इह पुव्वसूरीहिं ॥ ९२५। (पंचवस्तु)

હોય તો માલનો, વહાણનો અને મુસાફરનો બચાવ થાય. આચાર ને વિચારની ઉત્તમ સ્થિતિ હોય, છતાં કઈ કઈ જગ્યા પર ખડકો છે તે ખ્યાલમાં રહેવું જોઈએ. દીવાદાંડી ઊભી કરવાના કાર્ય માટે-વર્ગીકરણ માટે સ્થાનાંગ રચાયું છે. એ વર્ગીકરણ કરનારા ઠાણાંગજીની અંદર પાંચમા ઠાણામાં પાંચ મહાવ્રતો જણાવ્યાં છે.

## જીવન પર્યંતના પ્રત્યાખ્યાનનું કારણ

અનુક્રમ સાબિત કર્યા પછી એક એકની વ્યાખ્યા કરવી જોઇએ. છ પ્રકારના અનુક્રમોમાં પહેલાં ક્રમ નક્કી કરવો જોઈએ. પાંચના ક્રમના એકસો વીસમાં એક ભાંગો કામનો; એકસો ઓગણીસ ભાંગા નકામા. પૂર્વાનુપૂર્વીનો ભાંગો કામનો. પહેલા વ્રતને પહેલું મેલાય એવું છે, યાવત્ પાંચમાને પાંચમું મેલાય તેવું છે. પાંચમાની અંદર સાધન સિવાયની ચીજ લેવાની બંધ, તેથી 'પરિગ્રહ' નામ રાખ્યું. મૂર્છાને અંગે, રાગદ્વેષને અંગે નથી, कोहाओ वेरमणं નહિ, कोहविवेगे० (ઠા૦ સૂ૦૪૧) કહ્યું છે. વિરતિને લાયક ચીજ નહિ. વિવેકને લાયકની ચીજ, તેની પ્રતિજ્ઞા નહિ. આવતા ભવમાં જઈએ ત્યાં વ્રતો ટકવાનાં નથી એ સમજીએ છીએ. આવતા ભવમાં પણ હું પાપથી દૂર રહું છતાં પચ્ચક્ખાણ જાવજ્જીવનાં કરીએ છીએ. આવતા ભવે પાપ સેવવા વગેરેની ઇચ્છા છે? પચ્ચક્ખાણ જાવજ્જીવનાં. સમજીએ છીએ કે આગળ ટકવાનું નથી.

## વિચાર ને વર્તનમાં આંતરું જોઇએ

એક દરિદ્ર હતો. એ દાનતનો સારો હતો. એ શેઠને ત્યાં ગયો. શેઠ ઢોંગ કરીને સૂઈ ગયા. એણે પગ ચાંપવા

માંડ્યા, પંદર મિનિટ સુધી કાંઈ બોલ્યો નહિ. શેઠે પૂછ્યું, બલા ગઈ? મને જવાબ ન દેવો પડે માટે સૂતા છે, તેથી દેવાની દાનત નથી એ ચોકખું છે. એટલે બોલ્યો—એ બલા તો ગઈ નથી, પગે વળગી છે. પેલાએ દેખ્યું અરર! બધી મારી જાળ ખુલ્લી થઈ ગઈ. शेषं कोपेन पूरयेत् એ ન્યાયે આંખ લાલ થઇ, દલીલ ખૂટી. કોપે પૂરે ત્યારે શેષ કાંઈ નથી. શેઠ બેઠા થયા ને બોલ્યા. તારામાં ને મૂર્ખામાં આંતરો કેટલો? શેઠ ને પોતાના વચ્ચેનું આંતરૂં માપીને બોલ્યો: મારા ને મૂર્ખાની વચ્ચે એક વેંત ને ચાર આંગળનું આંતરૂં છે. શેઠને 'મૂર્ખ' કહ્યો નહિ પણ ઠરાવ્યો 'મૂર્ખો.' જગતમાં તપાસીએ તો ડાહ્યા ને ગાંડા વચ્ચે આંતરૂં કેટલું? તાંતણાં જેટલું. ગણ્યાનું નહિ ગળ્યાનું. ડાહ્યો હોય તો વિચાર આવે, ગળે ને વર્તન કરે. વિચાર આવે ગળે નહિ ને વર્તન કરે તે 'ગાંડો'. મનુષ્યોને ઇચ્છા પછી પ્રયત્ન જોઈએ. વિરતિની અપેક્ષાએ લાયકાત. વિચાર અને વર્તનના આંતરાના અભાવે દેવતાને ચારિત્ર, વ્રતની લાયકાત નથી.

**પરિગ્રહનું લક્ષણ**

હવે મૂળ વાત પર આવો—આવતા ભવે વ્રતની ઇચ્છા છે; પાપથી દૂર રહેવાની ઇચ્છા છે. આવતા ભવે જઇએ તે વખતે મહાવ્રતને ટકાવવાની બાજી આપણા હાથમાં નથી. આવતા ભવને માટે અશક્ય દેખી છોડી દેવું પડે છે. પાંચમા મહાવ્રતમાં મૂર્છા–રાગદ્વેષનું વિરમણ કહીએ તો જાણી જોઇને વ્રત ભાંગવા માટે થાય. તેથી લેવાથી વિરમવાનું રાખ્યું. અલ્પ, બહુ, સચિત્ત કે અચિત્ત ધર્મોપકરણ સિવાયની ચીજ લેવી તે 'પરિગ્રહ.' ધર્મસાધન સિવાયની ચીજ લેવી તે બંધ.

પ્રશ્ન—ઘડીઆળ રાખવી કે નહિ?

સમાધાન—ચાવી દેવી એ સંજમની વિરાધના છે માટે ઘડીઆળ રાખવી નહિ જોઇએ.

**ઉપકરણ કે અધિકરણ**

હવે મૂળ વાત પર આવો—નથી તો મૂર્છાભાવ, રાગ-દ્વેષ, મમત્વભાવ આવવાથી પાંચમા વ્રતનો ભાંગવાનો ભય. ધર્મોપકરણ સિવાયની વસ્તુ લેવાની બંધી. [1]સંયમના ઉપકારમાં વર્તે તે 'ઉપકરણ'; બાકી અધિકરણ. અધિકરણનો અર્થ સમજો. ગૃહસ્થને અંગે હળ, હથિયારો, ચપ્પુ, એ અધિકરણો—દુર્ગતિનાં સાધન. દુર્ગતિ ઉપકરણ બુદ્ધિથી ટળે છે. હળ, હથિયારની સગી દુર્ગતિ છે, એમ ન સમજશો ઉપકરણની બુદ્ધિ વિનાના પાટાં, પૂઠાં સંયમનું સાધન હોય. ઉપકરણ-પણાની બુદ્ધિ હોય ત્યાં દુર્ગતિનું જોર ચાલતું નથી. જે વસ્તુ દુર્ગતિથી બચવા માટે છોડી-ઘર હાટહવેલી એકે વળગ્યું નથી. જે વસ્તુ પ્રમાર્જનનું સાધન અમારાથી એક ડગલું છેટું થાય તો પ્રમાર્જન થાય નહિ. ઊનમાં ઊતર્યા તરીકે વળગાડયું નથી. સર્વ જીવોની વધની વિરતિ કહેલી છે, તે પ્રતિજ્ઞા ઓઘાના સથવારા સિવાય પાળી શકું નહિ. એનાથી સાડા

---

१ (अ) उपकरणं' उपकरोतीत्युपकरणं, तथा करणमुच्यत-उपधिरिति, (ओघनि०टी० पृ० २०८); (आ) जं जुज्जइ उवकरणे (कारे) उवगरणं तं सि होइ उवगरणं। अतिरेगं अहिगरणं अजतो अजयं परिहरंतो। (ओघनि० गा० ७४२) (इ) उवगरं जं जुज्जइ उवयारे सेसयं तु अहिगरणं। इय उवहिं पेहित्ता पुणरवि संगहइ सुत्तत्थं। (यतिदिन० गा० १२१)

ત્રણ ડગલાં છેટાં જવાય નહિ. સંયમના સાધનની બુદ્ધિ સિવાય જે કાંઇ પણ લેવું તેનું નામ 'પરિગ્રહ'. તેનાં પચ્ચક્ખાણ હોય; નહિ કે રાગ કે દ્વેષનાં. પાંચમે સ્થાને મેલવાથી ક્રમ નક્કી થયો.

હવે એક એકની વ્યાખ્યા જણાવવી જોઇએ. હિંસાવિરમણ શબ્દ કેમ ન કહ્યો? અને પ્રાણાતિપાતવિરમણ કેમ કહ્યું? આનો સ્વરૂપ થકી ક્રમે વિચાર કરવામાં આવશે.

# વ્યાખ્યાન ૧૬

## કાર્ય કરનાર આચાર

ગણધર મહારાજા **સુધર્માસ્વામીજી**ને ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનું સાધ્ય સિદ્ધ કરાવવા માટે, દ્વાદશાંગની રચના કરતા થકા આચારવિચારની વ્યવસ્થા કરવાની હતી, છતાં પહેલાં વ્યવસ્થા આચારની રાખી. કારણકે શાસનની પ્રવૃત્તિ, વધવું ટકવું એ આચાર ઉપર આધાર રાખે છે. દ્રવ્ય થકી પણ ત્યાગી થયેલો હોય, ત્યાગના પરિણામ ન પણ હોય-આચારની વ્યવસ્થા પૂર્વકનો ત્યાગી હોય તો તેને 'ત્યાગી' માનવા તૈયાર છીએ. આગળ જતાં વિચાર એ કાર્ય કરનારી સ્વતંત્ર ચીજ નથી; આચાર એ કાર્ય કરનારી ચીજ.

## મોક્ષનો માર્ગ સંયમ

[1]"निव्वाणं संजमो चेव" મોક્ષનો માર્ગ કયો? કેટલાક જ્ઞાન, દર્શન ને ચારિત્ર કહે. કેટલાક જ્ઞાન ને ક્રિયા કહે. સંયમમાં જ મોક્ષનો માર્ગ. જે વસ્તુ ન હોય અને જે ન બને, પણ જે વસ્તુ હોય અને બને, તે તેનું ખરૂં કારણ કહેવાય. ક્ષાયિક કેવળજ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ થઈ ગયા છતાં, યથાખ્યાત ચારિત્ર આવ્યા છતાં, હજુ મોક્ષ છેટો છે. કારણ? આપણે વિચારીએ તો, તેરમા ગુણસ્થાનની શરૂઆતમાં તપાસીએ તો, ત્રણમાં અધુરૂં કયું? ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક કેવળજ્ઞાન અને ક્ષાયિક ચારિત્ર પ્રાપ્ત થઇ ગયાં છતાં મોક્ષને અંગે લાખો પૂર્વની વાર છે.

ક્રોડ પૂર્વ મોક્ષ રોકયો કોણે? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર સંપૂર્ણ છે. ચારિત્રમોહનીયનો એક અંશ પણ રહ્યો છે એમ નહિ કહી શકો. દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય ત્યાં નથી. ચોર્યાસી લાખ વર્ષને ચોર્યાસી લાખ ગુણા કરીએ ત્યારે એક 'પૂર્વ' થાય. તેવા ક્રોડ પૂર્વ એટલો મોક્ષ છેટો છે. સંયમ બાકી છે.

## આશ્રવનિરોધરૂપ સંવરની ગેરહાજરી

કયો સંયમ બાકી? મોહનીય કર્મના ક્ષયથી થવાવાળું ચારિત્ર સંપૂર્ણ થયું છે. આશ્રવનિરોધરૂપ સંવર તે સંવરરૂપ સંયમ હજુ બાકી છે. ભલે ઇંદ્રિયો-કષાયો નથી. ક્રિયાઓમાં ઇર્યાપથિકી ક્રિયા છે. પચીસમાં ભલે ચોવીસ ચાલી ગઇ હોય,

---

१ तवसंजमो अणुमओ निग्गंथं पवयणं च ववहारो। सद्दुज्जुसुयाणं पुण निव्वाणं संजमो चेव ॥ (आव० नि० गा० ७८९)

પણ એક ક્રિયા ઇર્યાપથિકી છે. સાથે ત્રણ યોગ રહ્યા છે, એટલા જ માટે [1]પન્નવણાજીમાં પ્રશ્ન થયો–સયોગિકેવલી મોક્ષે ગયા? કોઈ કાલે સયોગિકેવલી મોક્ષે જતા નથી, ગયા નથી, જશે નહિ. કેવળજ્ઞાન પામેલા ને વિચરતા મુનિવર તે 'સયોગિ-કેવલી'. જેઓ સમ્યક્ત્વ નથી પામ્યા. જેઓ જિનેશ્વરની શ્રદ્ધામાં આવ્યા નથી, તત્ત્વમાં આવ્યા નથી, પણ મોક્ષની ઇચ્છાવાળો તેને માટે છાપ મારો છો કે એક પુદ્‍ગલ–પરાવર્તમાં મોક્ષે જવાના. સમ્યક્ત્વ થયું, અંશે પણ વિરતિ નથી થઈ ત્યાં છાપ મારો છો કે અર્ધ પુદ્‍ગલ–પરાવર્તમાં મોક્ષે જવાના. દેશવિરતિ લીધી. ચારિત્રની જઘન્ય ભાવના આઠ ભવે મોક્ષ દેનારી છે. તો પાંચમા, છઠ્ઠા, સાતમાવાળા આઠ ભવે મોક્ષે જવાના. ચોથાને માટે અર્ધ પુદ્‍ગલ-પરાવર્તે મોક્ષે જવાને એમ સર્ટિફિકેટ (Certificate, પ્રમાણપત્ર) આપો તો સયોગિકેવલીને માટે એવાં બારણાં બંધ કરી દીધાં કે કોઇ કાળે સયોગિકેવલી મોક્ષે ગયા નથી, જતા નથી, જશે નહિ.

દ્રવ્યચારિત્રવાળો મોક્ષે ન એ જાય. ચાહે તેવું વડનું ઝાડ હોય પણ મૂળ ખવાય તો પડવાનું.

## સયોગિકેવળી માટે કેમ નિયમ નહિ?

હવે મૂળ વાત પર આવો–મિથ્યાત્વે રહેલા પહેલા ગુણ-ઠાણાવાળાને મોક્ષના માટે ઇચ્છા થાય તો એક પુદ્‍ગલ–પરાવર્તનો નિયમ કર્યો. પ્રમાદી સાધુ. દેશવિરતિવાળો છયે કાયના કુટામાં તેને આઠ ભવનો નિયમ. સયોગિ–કેવલીએ શું બગાડ્યું?

---

[1] से णं भंते! तहा सजोगी सिज्झति जाव अंतं करेति? गो० ! नो इणट्ठे समट्ठे, (प्रज्ञा० सू० ३५२)

મનુષ્યો તત્ત્વ ન દેખે ત્યારે સીધું ખાટું લાગે.

**લોભ મીઠા ઝાડના મૂળ કાઢે**

એક શેઠીઓ હતો. એને પોતાના ભાણેજને પોતાને ઘેર ઉછેર્યો હતો. મા મરી ગઈ હતી. આ બિચારો નિરાધાર થઈ રહેશે. છોકરાઓ મિલકત લઈ લેશે એવો શેઠને વિચાર આવ્યો. છોકરો સમજે છે દાદા છેઃ ત્યાં સુધી પછી ઠીક છે. મામા દાદ નહિ દે. શેઠીઆએ દસ્તાવેજ કર્યો ને ચોકખું જણાવ્યું કે જેવી રીતે ત્રણ છોકરાના ભાગ વહેંચવા, તેવી જ રીતનો ભાગ ભાણેજને આપવો. શેઠ માંદા પડયા. છોકરો રોયા કરે છે, શેઠ જાણે છે કે આ આ કારણથી રોએ છે. ભલામણ કરીશ. ત્રીજો ભાગ લેશે તેવો તને મળશે. શેઠ મરી ગયા. કેટલીક મુદત ગઇ. રાતદિવસ રહેવું થાય તેમાં ચડભડ થાય. એક હાથમાં બે ત્રણ ચૂડી હોય તો ખખડે. એક ઘરમાં રહેવું તેને સહેજે બોલવુંચાલવું થાય. જુદા રહેવાનો વિચાર થયો. **લોભ મીઠા ઝાડનાં મૂળ કાઢે.** ભાણેજને જે જે કાંઈ મળે તે મફતિયા, પણ એને હિમત છે કે લખ્યો છે સરખો ભાગ. દાનત બગડી. મને ત્રીજો ભાગ કહ્યો છે તે આપો. પેલા કહેઃ ચોથો ભાગ લખ્યો છે. પેલો કહેઃ ત્રીજો કહ્યો છે.

**સમુદાયનો ચોથો તે શેષનો ત્રીજો**

કોર્ટે ચઢયા. કેટલાક જજ (Judge) અક્કલવાળા હોય છે. પતાવી નાંખો. શા માટે લડો છો? તમારી તકરારમાં કાંઈ જડ નથી. એ માગે છે ત્રીજો ભાગ; અમારે આપવો છે ચોથો ભાગ. સેંકડે આઠનો ફેર. હજારની મિલકતમાં ઘણો ફેર પડી જાય. વકીલને કહે-અક્કલ ન પહોંચાડો એમ કહે ત્યારે ધુંવાફુંવા

થઈ જાય. ત્રીજા ભાગની, ચોથા ભાગની તકરાર તમે કરો છો, કાંઈ નથી. જજ કહેઃ ત્રીજો ભાગ એ જ ચોથો ભાગ અને ચોથો ભાગ એ જ ત્રીજો ભાગ છે. શેઠીઆએ જે ત્રીજો ભાગ કહ્યો છે અને વીલમાં લખ્યો છે તે બંને એક જ છે. **સમુદાયનો ચોથો એ શેષનો ત્રીજો.** બંને ભાગ મેળવી લો. સોનો ચોથો પચીસ. સોમાંથી પચીસ કાઢીને રહેલાં પંચોતેર. તેમાંથી ત્રીજો પચીસ. એના જેવું વહેંચી લેશે, તેવી જ રીતે તેને મળશે. દસ્તાવેજમાં ચોથો ભાગ લખ્યો છે તે બધાનું ભેગું કરીને લખ્યું છે. હવે તકરાર શાની કરો છો?

અક્કલ નહિ પહોંચાડનારા મોટા વકીલો હોય, સાચી વસ્તુ સમજી ન શકે. તેમ મિથ્યાત્વે રહેલા મોક્ષની ઈચ્છા કરે. એક પુદ્ગલ-પરાવર્તે મોક્ષે જાય. ચોથે ગુણઠાણે એક પાપસ્થાનક રોક્યું. અર્ધ પુદ્ગલ-પરાવર્તમાં મોક્ષ. પાંચમે આરંભપરિગ્રહ છે, છતાં [1]આઠ ભવે મોક્ષ. છઠ્ઠે પણ આઠ ભવની છાપ. સયોગિકેવલી મોક્ષે જતા નથી. જેમ પણે ફરક ન હતો તેમ અહીં અક્કલ પહોંચાડાય.

## વસ્તુને ન સમજે તેને સોનું-પિત્તલ બંને સરખાં

પહેલે એક પુદ્ગલ-પરાવર્તે મોક્ષ તે પહેલા ગુણઠાણે રહેલો નહિ પણ અત્યારે પહેલે છે, મોક્ષની ઇચ્છા છે તેને

---

१. नरलोकमेत्य सर्वगुणसम्पदं दुर्लभां पुनर्लब्ध्वा। शुद्धः स सिद्धिमेष्यति भवाष्टकाभ्यन्तरे नियमात् ॥ (प्रशमरति श्लोक० ३०८) च्युत्वोत्पद्य मनुष्येषु भुक्त्वा भोगान् सुदुर्लभान्। विरक्तो मुक्तिमाप्नोति शुद्धात्मान्तर्भवाष्टकम् ॥ (यो० शा० प्र० ३, श्लो० २२९)

ઉદ્દેશીને છે. ચોથેને ચોથે રહેલો અર્ધ પુદ્ગલ-પરાવર્તે મોક્ષે જવાનો નથી. એ બધા તો પોતપોતાનાં સ્થાન છોડવાના અને મોક્ષે જવાના, તેથી મુદત મારી. સયોગિ-કેવલીપણામાં રહેવાના પણ છોડવાની શરતે. પહેલું, ચોથું, છઠ્ઠું ગુણઠાણું છોડવાની શરતે અહીં તેરમે રહે ને ચૌદમે ચઢે નહિ, તો મોક્ષે જાય છે કે કેમ? જશે કે કેમ? આ તેરમે ટકી રહેવાવાળો ને પેલા પહેલાં વગેરે ખસવાવાળા. તેરમે ટકી રહેવાવાળાને માટે પ્રશ્ન છે. તેરમાથી આગળ જાય નહિ તેવા મોક્ષે ગયા નહિ, જાય નહિ, અને જશે નહિ. અભવ્યો મોક્ષે ગયા નથી, જતાં નથી અને જશે નહિ તેવી રીતે સયોગિ-કેવલીપણામાં નિષેધ કર્યો. સયોગિ-કેવલી મોક્ષે જતા નથી, ગયા નથી અને જશે નહિ. વસ્તુને ન સમજે તો બંને સરખા. નાના છોકરાને પિત્તળ ને સોનું બંને સરખાં. સયોગિ-કેવલીને અંગે સયોગીપણામાં નહિ જાય, પણ એ છોડીને મોક્ષે જાય. અભવ્ય અભવ્યપણું છોડવાના નથી. તેથી જવાના નથી. સયોગિ-કેવલી તે સ્થાનમાં રહે ત્યાં સુધી મોક્ષે જાય નહિ; છોડે ત્યારે જાય. આવો ચોકખો ફરક સમજે તેને વાંધો ન આવે.

## ચારના ચક્રાવામાં હોય ત્યાં સુધી મોક્ષની અપ્રાપ્તિ

ક્ષાયિક-સમ્યગ્દર્શન, ક્ષાયિક-કેવળજ્ઞાન ને ક્ષાયિક-ચારિત્ર પ્રાપ્ત થયેલાં છે, પણ આશ્રવનિરોધરૂપ સંવર, એ સંવરરૂપ સંયમ સયોગિ-કેવલીને પ્રાપ્ત થયો નથી. ચારિત્ર પ્રાપ્ત થયું છે, પણ સંયમ નથી. ઈંદ્રિયો, કષાયો, અવ્રતો ને ચોવીસ ક્રિયાઓ નીકળી ગઇ છે. **આડત્રીસ નીકળ્યાં પણ ચાર તો બેઠાં છે.** ત્રણ યોગ અને પચીસ ક્રિયામાંની ઈર્યાપથિકી

ક્રિયા આ ચાર બેઠાં છે, ત્યાં સુધી કર્મનાં દ્વાર ખુલ્લાં છે. જ્યાં સુધી ચારના ચકાવામાં છે, ત્યાં સુધી મોક્ષ નથી પામી શકતો.

ચારના ચક્રાવામાંથી નીકળવું ક્યારે બને? અયોગિપણામાં જાય ત્યારે. ચારેની ચોકી મૂકી–ઇર્યાપથિકી ને ત્રણ યોગ એ ચારેની ચોકી મૂકી, ત્યારે મોક્ષ આવ્યો. શુદ્ધનયવાળો કહે: "निव्वाणो संजमो चेव" નિર્વાણ એ સંયમ. વ્યવહારે પ્રવચન અને નિર્ગ્રંથપણું–જ્ઞાન અને ચારિત્ર એ બંનેને મોક્ષ માન્યા છે. કેવળજ્ઞાન આવી જાય અને બેસી રહેવું પડે તો તેની તાકાત શી? શુદ્ધ–નયનો મુદ્દો સંયમ એ જ મોક્ષ. જ્યાં ચારિત્રની પ્રાપ્તિ છે ત્યાં સમ્યગ્દર્શન ને જ્ઞાન રહેલાં છે. "उत्तरलाभे तु नियतः पूर्वलाभः (तत्त्वा० अ० १ सू० १ भा०). બીજી બાજુએ भजनीयमुत्तरम् (तत्त्वा० अ० १ सू० १ भा०). 'उत्तरं' ज्ञानं चारित्रं च (तत्त्वा० टी० हरि०पृ० २६) એક જ વિકલ્પ એક જ નો.

**સમ કાલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન**

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન બંને સાથે આવે છે. જે સમયે સમ્યગ્દર્શનનો લાભ તે જ સમયે સમ્યગ્જ્ઞાનનો લાભ. સમય માત્ર પણ સમ્યગ્દર્શન થયું હોય ને અજ્ઞાની રહે તે માનવા તૈયાર નથી. એ વચ્ચે એક સમયનો પણ ફરક નથી.

**સમ્યક્ચારિત્ર હોય તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હોય જ**

ચારિત્રની સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં ભજના. પણ ચારિત્ર પ્રાપ્ત થયું કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની ભજના નથી.

ચારિત્ર થયું ત્યાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે જ.

## આચારની વ્યવસ્થા પહેલી કેમ?

કાયદાની સાથે આપેલા અપવાદો કાયદામાંથી નીકળી જાય, પણ તેથી કાયદા ખોટા નથી. મોક્ષનું કારણ શુદ્ધ-નયવાળાએ સંયમ માન્યું. સંયમ એ જ મોક્ષ. તેમજ તે જ સર્વ નયે માનેલી હકીકત છે કે ચારિત્રરૂપ ગુણમાં રહેલો હોય તે 'સાધુ'. કેટલાક ગુણને અંગે જ્ઞાન લે છે. અલ્પ સ્વરવાળો પહેલો આવવો જોઈએ. 'ગુણ' શબ્દથી 'જ્ઞાન' લેવા-વાળાને પણ ચરણની પૂજ્યતા માનવી પડે. ચરણરૂપી ગુણ લે છે તેને વાંધો નથી. સામાન્ય અપેક્ષાએ ચારિત્ર ત્યાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન જરૂર હોય. ચારિત્ર ન હોય ત્યાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હોયે ખરાં ને ન એ પણ હોય. આચારની વ્યવસ્થા તેથી પહેલી કરી. પછી વિચાર, પછી વર્ગીકરણ.

## વિધિ, નિષેધ વિશેષણને લાગે

પાંચ મહાવ્રતોમાં ક્રમ નક્કી કર્યો. પ્રાણાતિપાતવિરમણ. માલ વેચી દીધો; બારદાન અનામતમાં સોંપો છો. હિંસાથી વિરમવું તે પહેલું વ્રત હતું. હિંસા-'प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा' (त० अ० ७ सू० ८). પ્રમાદવાળા યોગથી જે પ્રાણનો વિયોગ તેનું નામ 'હિંસા'. એવી હિંસાથી વિરમવામાં મહાવ્રત. જે વાક્યમાં વિશેષણને સહિત હોય ત્યાં ચાહે તો કરવાનું કહીએ, તે વિશેષણને લાગે, ચાહે નિષેધ કરીએ તે વિશેષણને લાગે; વિધિ ને નિષેધ વિશેષણને લાગુ થાય.

## મૂર્ખાનું દૃષ્ટાંત

મૂર્ખાનું દૃષ્ટાંત—એક મનુષ્ય મેલાં કપડાં લઈને આવ્યો.

આપણે કહ્યું: મેલાં કપડાં કાઢી નાખ. એ કાઢીને નાગો થઈ જાય તો 'મૂર્ખો'. તેં કહ્યું ને કાઢી નાખ્યાં. મૂર્ખો કેમ કહો છો? મેલાં એ વિશેષણ ને લૂગડાં એ વિશેષ્ય. કાઢી નાખવાનો નિષેધ નહિ, પહેરવાનો નિષેધ. એકલો મેલાપણાને, નહિ કે લૂગડાંને. પેલાએ મેલાં અને લૂગડાં બંનેને લગાડ્યો. તમે મેલાપણું ખસેડવા માટે નિષેધ કર્યો. લૂગડાં કાઢીને નાગા થવા પર તત્ત્વ ન હતું. નિષેધ મેલાપણાનો હતો.

## શ્રાવકના ૨૧ અને માર્ગાનુસારીના ૩૫ ગુણોના ભેદનું કારણ

શંકા—**न्यायसंपन्नविभवः** વગેરે માર્ગાનુસારીના ૩૫ ગુણો બતાવ્યાં. કોઈ જગ્યા પર [1]શ્રાવકના એકવીસ કહ્યા ને કોઈ જગ્યા પર [2]માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ કહ્યા તો માનવા કયા? સમાધાન—કુટુંબને સંસ્કારિત કરવું તેથી ધર્મનો સંયોગ મળે, તરત છાપ પડે. ચોકખાં કરીને, લૂગડાંને ખટાઈ વાળાં કરીને, છીપા લોકો રાખે છે. છાપ મારી કે ચોંટી. ફાટયા ને બળ્યા પણ છાપ જાય નહિ. ખારે કે સાબુએ ધૂઓ તો પણ જાય નહિ. તેવી રીતે તમારા કુટુંબને એવી સ્થિતિમાં તૈયાર કરો કે જે વખતે ધર્મની પ્રાપ્તિનો વખત

---

१ धम्मरयणस्स जोगो अक्खुद्दो रूववं पगइसोमो। लोयप्पिओ अकूरो भीरू असढो सदक्खिन्नो ॥ ५६ ॥ लज्जालुओ दयालू मज्झत्थो सोमदिट्ठि गुणरागी। सक्कहसुपक्खजुत्तो सुदीहदंसी विसेसन्नू ॥ ५७ ॥वुड्ढाणुगो विणीओ कयन्नुओ परहियत्थकारी य तह चेव लद्धलक्खो इगवीसगुणो हवइ सड्ढो ॥ ५८ ॥ (प्रवचनसारोद्धार) २ યોગશાસ્ત્ર (જુઓ ઠાણાંગ વ્યા૦ પૃ૦ ૧૮૫)

આવે તે વખતે ધર્મ પ્રાપ્ત થાય ને ભવાંતરે યે એ ધર્મ ન જાય. એવા કુટુંબને તૈયાર કરવા માટે માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો અને તમારા આત્માને તૈયાર કરવા માટે એકવીસ ગુણો.

ખેડૂતો વરસાદ આવવા પહેલાં જમીનને ખેડીને તૈયાર રાખે છે. વરસાદ આવ્યો, બીજ નાંખ્યું કે તૈયાર. વ્યક્તિ તરીકે એકવીસ ગુણો, કૌટુમ્બિક તરીકે પાંત્રીસ ગુણોની જરૂર. તેથી શ્રાવકના અને માર્ગાનુસારીના ગુણોનો ભેદ બતાવ્યો છે.

**न्यायसंपन्नविभवः એટલે શું ?**

શંકા—શું 'न्यायसंपन्नविभवः' એટલે ન્યાય રાખવાનો, પૈસો ભેગો કરવાનો ઉપદેશ કર્યો ? સમાધાન—જ્યાં વિશિષ્ટ વાક્ય હોય ત્યાં વિધિ ને નિષેધ વિશેષણને લાગુ થાય. વિધિ ન્યાયને લાગુ થયો, અન્યાયના નિષેધમાં-નહિ કે પૈસા પેદા કરવામાં-અતિચારવાળું ચારિત્ર છોડવું-ક્ષાયોપશમિક ધર્મો છોડવા એટલે ચારિત્ર છોડવાનું નથી. વિધિ અથવા નિષેધ જે કાંઈ લાગુ થાય તે વિશિષ્ટ વાક્ય હોય તેથી તે વિશેષણને લાગુ થાય.

## હિંસાની વ્યાખ્યા

પ્રમાદના યોગથી પ્રાણની વિરાધના તેનું નામ 'હિંસા'. હિંસાપણું ક્યાં જઈને રહ્યું ? પ્રમાદમાં. પ્રમાદયોગ હોય તો હિંસા થઈ ગણવી-પ્રમાદયોગ ન હોય તો હિંસા થઈ ન ગણવી. [1]પગ ઊંચો કર્યો છે બીજે મેલવા માટે, ત્યાં ઈર્યાસમિતિવાળા

---

१ उच्चालियंमि पाए ईरियासमियस्स संकमट्ठाए। वावज्जेज्ज कुलिंगो मरिज्ज तं जोगमासज्ज ॥ ७४९ ॥ न य तस्स तन्निमित्तो बंधो सुहुमोत्ति देसिओ समए। अणवज्जो उ पओगेण सव्वभावेण सो जम्हा ॥ ७५० ॥ (ओघनि०)

સાધુને હાથે કદી કોઈ મરી જાય તો પણ તે હિંસાને નિમિત્તે સૂક્ષ્મ પણ બંધ નથી.

[1]**ભગવતી**જીમાં સૂત્રકાર હિંસાનું લક્ષણ કરતાં ખુલાસો કર્યો. [2]શ્રાવકે પચ્ચક્ખાણ લીધાં કે વનસ્પતિને છેદવી નહિ. કુંભાર હતો. માટી ખોદવા ગયો. કોદાળીએ ખોદતાં ઝાડના મૂળને કોદાળી લાગી ગઇ. માટીનો કે વનસ્પતિનો કે બંનેનો આરંભ લાગ્યો? માત્ર માટીનો આરંભ લાગ્યો. તેને અંગે સાવચેત. સાધુને અંગે સાવચેતી હોવાથી શ્રાવકને અંગે વનસ્પતિ કપાઈ જાય તો હિંસા ન કહી. પ્રમત્તયોગ નથી, તેથી બંનેને હિંસામાંથી કાઢી નાખ્યા. **પ્રમત્તયોગ એ હિંસાનો ખરો માલ, પ્રાણનો નાશ એ તો એનું બારદાન.** તત્ત્વાર્થસૂત્રકાર ઉમાસ્વાતિજીની વ્યાખ્યા સૂત્રકારે, [3]**નિર્યુક્તિકારે** કબૂલેલી જ છે.

**પ્રમત્તના બદલે મહાવ્રત કેમ?**

સાક્ષી પૂરી પણ અવળી પૂરી; પછી મારી આંખ ઊઘડી

---

१. तत्थ णं जे ते पमत्तसंजया तेसिणं दो किरियाओ कज्जंति, तं० आरंभिआ य मायावत्तिया य (भग० सू० २२)

२ समणोवासयस्स णं भंते ! पुव्वामेव वणस्सइसमारंभे पच्चक्खाए से य पुढविं खणमाणे अन्नयरस्स रुक्खस्स मूलं छिंदेज्जा से णं भंते ! तं वयं अतिचरति !, णो तिणट्ठे समट्ठे, नो खलु तस्स अइवायाए आउट्टति। (भग० सू० २६२)

३ आया चेव अहिंसा आया हिंसत्ति निच्छओ एसो। जो होइ अप्पमत्तो अहिंसओ हिंसओ इयरो॥ (ओघनि० गा० ७५५)

ગઈ. તેવી રીતે ક્રોધના નામે ઉડાડી દીધું. પ્રાણવ્યપરોપણની વિરતિમાં સર્વ પ્રમત્તયોગથી વિરમવાનું હતું, છતાં પ્રમત્તપણાની નામનિશાની ન રાખી. અને મહાવ્રત બનાવી દીધું ?

## પ્રમતયોગ ટળ્યા વિનાની વિરતિની શી કિંમત?

શંકા—મહાવ્રત એટલે છેલ્લો છેડો. "सव्वाओ पाणाइ-वायाओ वेरमणं" ત્રિજોરી છોકરાને આપવાની. ટ્રસ્ટીઓએ માલ લઈ લીધો. છોકરાને ત્રિજોરી આપી. લોઢું ગળે બાંધ્યું. તેમ હિંસાની ખુદ જડ-થાંભલો-ખુદ સ્વરૂપ જે અંદર ગોઠવાયેલી હતી તે કાઢી નાંખી. પ્રમાદવાળો યોગ એ કાઢી નાખીને મેલ્યું સર્વપ્રાણાતિપાતથી વિરમવું. એને કરે શું? પ્રમત્તયોગ જો ટળેલો છે તો એની કિંમત નથી. પ્રમત્તયોગ ટળ્યો નથી તો વિરમ્યાની કિંમત નથી. સર્વથા પ્રાણાતિપાતથી વિરમ્યા વીસે વસાની દયા પાળી, છતાં પ્રમત્તયોગ ન ખસ્યો તો પાણીમાં. વીસ વસાની દયામાં એકે દયા ન ટળી. પ્રમત્તયોગ ટળેલો છે તો વીસ વસાની દયા ટળેલી જ છે.

## પ્રમત્તયોગ એ પ્રાણાતિપાતની જડ છે

સમાધાન-કાચા પાણીનો લોટો ઢાળીને કામ કર્યું હોય તો આપણને ન ખપે. **તીર્થંકરને માટે યોજન સુધી વરસાદ વરસાવ્યો** તો એ **તીર્થંકર** સમવસરણમાં બેઠાં શું જોઈને? લાકડાં, કાંકરા, પાન, વાંસ તણાઈ જાય તે વાયરો કેવો? કોને માટે? ભગવાનને માટે. આખા યોજન સુધી વૃષ્ટિ ભગવાનને માટે. તેમાં ભગવાન આવીને બિરાજે. રોજ રોજ આધાકર્મી એમને માટે થયેલું ઉપયોગમાં લે તો ડૂબી જાય કે બીજું ? ડૂબી જવાની વાત દૂર રહી, પણ ઘાતિકર્મની કણી

ન લાગે, કારણ પ્રમત્તયોગ નથી. ક્રોધ, માન માયા ને લોભ એ કષાયો વિચ્છેદ પામી ગયા છે; તેથી આવી સ્થિતિમાં પાપ નથી લાગતું. પ્રાણાતિપાતની જડ પ્રમત્તયોગ છે.

## પ્રાણવ્યપરોપણ એ દ્રવ્યહિંસા ને પ્રમત્ત યોગ એ ભાવ-હિંસા

દ્રવ્યહિંસાથી વિરમાવો છો ને નામ આપવાનું મહાવ્રત? 'પ્રાણાતિપાત' શબ્દ લીધો એટલે બંદોબસ્ત કર્યો ખાળનો. દરવાજે કાંઇ નહિ. ખાળે ચોકીદાર.

સમાધાન—શંકા કરીને પહેલું વ્રત ઉડાવ્યું. પણ પ્રમત્તયોગનો મૃષાવાદાદિ સાથે સંબંધ છે. જે હિંસાના લક્ષણને અંગે પ્રમત્તયોગ જણાવેલો છે તે એકલી હિંસામાં કે બીજામાં? પ્રમત્તયોગ તો બધામાં; મૈથુન સિવાય ચારેમાં પ્રમત્તયોગ. प्रमत्तयोगत् બધે લગાડવાનું હોવાથી प्रमादात् प्राणव्यपरोपणं ન કહેવાને બદલે प्रमत्तयोगात् કહ્યું. અનુવૃત્તિ એક પદમાં ન આવે. પ્રમત્તયોગ દરેક સૂત્રમાં લેવાનો છે. હિંસાના કારણરૂપ જે પ્રમત્તયોગ તે ભાવ-હિંસા. મૃષાવાદના કારણરૂપ જે પ્રમત્તયોગ તે ભાવ-મૃષાવાદ. પ્રમત્તયોગ એ હિંસાને જ છે એમ નહિ. હિંસાને પ્રમત્તયોગ વરેલો. મૃષાવાદને વળગેલો, અદત્તાદાનને અને પરિગ્રહને પણ વળગેલો છે. મૈથુન સાથે તો નથી ને ?

જેમ આંખથી રૂપ દેખીએ પણ મન જોડે લાગેલું; કાનથી શબ્દ સાંભળીએ છીએ, પણ મન જોડે લાગેલું. શરીરથી ઊનાંટાઢાં જાણીએ પણ મન જોડે લાગેલું છે; ત્યારે મનનો વિષય કયો? શબ્દ, રૂપ ને ગંધ એ મનનો વિષય?

મન તો બધે હતું તેથી હિસાબ નહિ.

રૂપ, ચક્ષુને અંગે સંબંધી. રૂપ એ ચક્ષુનો જ વિષય. ચક્ષુ ગ્રહણ કરે તો રૂપને. જે અસાધારણ કારણ હોય તેને અંગે વ્યપદેશ થાય. પાંચ ઇંદ્રિયના તેવીસ વિષયો અસાધારણ કારણપણાને અંગે સમજવા.

## સાધારણ અને અસાધારણ કારણ

પ્રમત્તયોગ એ ચારેમાં રહેલો છે, માટે સાધારણ કારણ. પ્રમત્તયોગ સાધારણ કારણ હોવાથી તેનાથી વ્યપદેશ કર્યો નહિ. પ્રાણનું વ્યપરોપણ એ અસાધારણ કારણ છે. પહેલા મહાવ્રતમાં સર્વથા પ્રાણાતિપાતથી વિરમવાનું કહ્યું. અસાધારણથી વ્યપદેશ થાય. મહાવ્રત તરીકેનો વ્યપદેશ અસાધારણ કારણનો કરવો તેથી તે વ્યપદેશ કર્યો.

શંકા–કર્મબંધ રોકવા માટે પ્રાણાતિપાતવિરમણ કરો છો કે અન્ય કોઈ કારણે ? કર્મબંધનું અસાધારણ કારણ તો પ્રમત્તયોગ છે. પ્રમત્તયોગ ક્યાંથી થાય ? પ્રમત્તયોગ (મદ્ય, વિષય કષાય, નિદ્રા અને વિકથાના વ્યાપાર) વડે કરીને પ્રાણનો નાશ કરવો તે હિંસા. प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा તે વગેરે આગળ વિચારાશે.

# વ્યાખ્યાન ૯૭

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી** મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષનો માર્ગ દુનિયા સાધી શકે તેને માટે બાર અંગની રચના કરતા થકા પહેલાં **આચારાંગની** અંદર આચારની વ્યવસ્થા કરી, બીજા **સૂયગડાંગમાં** વિચારની વ્યવસ્થા કરી અને તે બેની રચના કરીને સાધુઓને આચાર-વિચારની વ્યવસ્થા કરી આપી.

## જૈન શાસનનું ધ્યેય જ મોક્ષ

પહેલાં **આચારાંગ** કેમ? કાર્યની સિદ્ધિ જો સંપૂર્ણ કારણ મળી જાય તો આપોઆપ થઈ જાય. મોમ એ પણ એના કારણને આધીન છે. મોક્ષનું કારણ કયું? 'निव्वाणो संजमो चेव.' સંજમ એ જ મોક્ષનું કારણ જણાવ્યું, અને **તત્ત્વાર્થકારે** सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः (तत्त्वा० અ० १, सू० १) સીધું વાક્ય મૂકી દીધું. મોક્ષનું સાધ્યપણું કયું રાખવું વગેરે સંબંધી કાંઇ બોલ્યા નહિ. મોક્ષના સ્વરૂપ, શ્રેષ્ઠતા, અદ્વિતીયતા, અને સંપૂર્ણ સાધ્યતાને અંગે કાંઈ બોલ્યા નહિ. ખરી રીતે તો તે બધું પહેલું કહેવું જોઈએ. મોક્ષનો માર્ગ કહેવા બેઠા છો, પણ મોક્ષને માગે છે કોણ?

સરકાર જે ગામ તરફ રેલ નાખે છે ત્યાં મુસાફરો છે કે નહિ તે તપાસે. તેમ અહીં મોક્ષના મુસાફર તો તપાસો.

સમાધાન—જે જે આર્ય, જે જે સંસારના સ્વરૂપને સમજનારા તે મોક્ષના અર્થી છે; તેથી મોક્ષ શી ચીજ તે સમજાવાની જરૂર નથી. જૈન શાસનમાં 'મોક્ષ' શબ્દ એવો

ઓતપ્રોત થયેલો છે કે મોક્ષનું સ્વરૂપ વગેરે જાણે કે નહિ પણ એને મોક્ષની ઇચ્છા છે. મોક્ષની માંડણી જોઇએ. બીજાની માંડણી કામ ન લાગે. જૈન શાસનમાં સમજુ કે અણસમજુ હોય પણ મોક્ષરૂપ ધ્યેય સિવાય બીજી વાતને વળગે નહિ. અત્યારે જૈન ધર્મ દયાના સ્થાન તરીકે પ્રસિદ્ધ છે, પણ જૈન શાસનમાં જૈન ધર્મ 'મોક્ષમાર્ગ' તરીકે પ્રસિદ્ધ છે. કેટલાંક રાજ્ય હોય છે. તેમાં આ રાજ્યનું ધ્યેય સુલેહ છે તો આ રાજ્યનું ધ્યેય પ્રજાની આબાદી છે. તેમ જૈન શાસનનું ધ્યેય જ 'મોક્ષ'. ગમે તે બાજુ જાઓ; ત્યાં જવાની છૂટ છે; પણ આવો ત્યાં આવવાનું સ્થાન એક.

ચાહે તો કોઇ સમ્યક્ત્વ, કોઇ ચારિત્ર, કોઇ વિનયની તીવ્રતાવાળો થાઓ. અસંખ્યાતા જોગમાં ધ્યેય એક જ; નવકાર ગણવો. અડધી મિનિટની ચીજ નહિ પણ છતાં એનું ધ્યેય સર્વ કર્મનો સર્વ પાપનો નાશ. એક જ ધ્યેય તરીકે રહે છે, રહ્યું છે, રહેશે -મોક્ષ.

**મોક્ષને ન માનનાર અભવ્યને પણ**
**દેશના મોક્ષના ધ્યેયથી જ દેવી પડે**

આ વાત વિચારશો ત્યારે તમને માલમ પડશે કે અભવ્ય મોક્ષને ન માને પણ તેને મોક્ષને માટેની દેશના ફરજિયાત દેવી પડે. અભવ્ય જીવને દેશના મોક્ષના ધ્યેયથી દેવી પડે છે. મોક્ષના ધ્યેય સિવાય બીજુ કહી શકાતું નથી. કારણ? લોકોને આ રુચે છે. જૈન શાસનમાં મોક્ષનું ધ્યેય કેટલું સજ્જડ પકડાયું હશે કે જેથી મોક્ષ સિવાય બીજું એકે ધ્યેય રહેવા પામ્યું નહિ હશે. માન–પૂજા મળે એ હેતુએ લોકોને રસ પડે તેવી વસ્તુ કહે.

## ધર્મ મોક્ષને માટે

પ્રશ્નનો ઉત્તર—ભવ્ય કરતાં અભવ્યના પ્રતિબોધેલા અનંતા મોક્ષે ગયા. તીર્થંકરના પ્રતિબોધથી જે જીવો મોક્ષ પામ્યા, તેના કરતાં અભવ્યના પ્રતિબોધેલા અનંતા મોક્ષે ગયા. ભવ્ય જીવને તો સાધીને ખસી જવું છે. અભવ્ય તો છે, છે ને છે એના કાલનો, દ્રવ્ય-ચારિત્રનો પત્તો નથી. અભવ્ય જીવ મોક્ષને ન માને, મોક્ષને નકામો, કલ્પિત માને છતાં જૈન શાસનની જડ મોક્ષ સિવાય બીજામાં નથી તેથી એને મોક્ષ-તત્ત્વની ફરજિયાત પ્રરૂપણા કરવી પડે. જેની પાસેથી માન-પૂજા લેવા માગે છે, તે આના સિવાય-મોક્ષ સિવાય બીજી વાત સાંભળવા માગશે નહિ. ધર્મ એ મોક્ષથી છૂટો પડી ગયો તો તે પણ સાંભળવા માગે નહિ. મોક્ષની સાથે સંબંધવાળા ધર્મને સાંભળવા માગે. ધર્મ કરવાવાળો, ધર્મને માનવાવાળો, આચરવાવાળો જો મોક્ષની સાથે ધર્મને રાખનારો ન હોય તો સમકિતી નહિ. ધર્મ મોક્ષને માટે છે એવું ધ્યેય જેનું હોય નહિ, તે પછી દેવલોકને માટે ધર્મ કરે, માને તેથી તેને મિથ્યાત્વમાં મેલીએ છીએ.

## પૌદ્ગલિક સુખ સાથે બંધાયેલા ધર્મની નિરર્થકતા

મિથ્યાત્વીઓ હોય તે દ્રવ્ય-ચારિત્રીઓ નક્કી. અનુપયોગે થાય તે 'દ્રવ્ય-ચારિત્ર.' મેલવાનું ચારિત્ર તે 'દ્રવ્ય-ચારિત્ર.' છોકરો મોટો થાય, પરણાવું, પછી ચારિત્ર લઉં આવું વિચારનારે કોલ દીધો: **તું લે તો મારે લેવું**, મેં ધાર્યું હતું કે પાંચ વર્ષે લેશે. વહેલો તૈયાર થયો તેથી ચારિત્ર લીધું-ત્યાં દ્રવ્ય-ચારિત્ર. ધર્મ એ જ માનવાને તૈયાર છીએ કે જે ધર્મની દોરી મોક્ષની સાથે બંધાયેલી. ધર્મ એનો એ જ હોય પણ

દોરી જો મોક્ષ સાથે ન બંધાઈ હોય પણ પૌદ્દગલિક સુખની સાથે બંધાઈ હોય તો તે ધર્મ જૈન શાસન માનવા તૈયાર નથી. લોકોત્તર મિથ્યાત્વવાળો પૂજે છે તીર્થંકરને અને એ જૈન શાસનમાં કહેલી તપસ્યા કરે છે. પણ મોક્ષનો દોર કાપેલો છે. દોર પૌદ્દગલિક સાથે બાંધેલો છે. આને આ દેવ, ગુરૂ, ધર્મની આરાધનાએ એક વખત 'મિથ્યાત્વી' એક વખત 'સમકિતી' કહીએ. મોક્ષની સાથે બંધાઈ ગયો તો સમ્યક્ત્વ,' પણ પૌદ્દગલિક સુખને દોરે બંધાઇ ગયો તો 'મિથ્યાત્વ'. મોક્ષ ઇચ્છે તે 'ભવ્ય.' મોક્ષ ન ઇચ્છે તો તેટલા માત્રથી અભવ્ય નથી. ભવ્યનું લિંગ અભવ્યમાં ન હોય.

સૂક્ષ્મ એકેંદ્રિય શું માને છે? તેમજ સંજ્ઞી પંચેંદ્રિય છતાં સમકિત ન પામે ત્યાં સુધી દેવને માને નહિ. જે મોક્ષનું ધ્યેય તે રહે ત્યારે ભવ્યની કરણી કરવાવાળો મોક્ષના ધ્યેયમાં પોતે શ્રદ્ધા કરે. આચારની વખત સાધ્ય ન રહે. દૃષ્ટાંત તરીકે જિનેશ્વરની પૂજા મોક્ષ માટે હતી તે સુખના માટે માની, આપત્તિ થઇ તે વખતે આંબેલ કરો, ઠેકાણું પડશે. આટલા વૈદ્યને ત્યાં રખડું છું તો આંબેલ શા ખોટાં? રોગ જશે ને કલ્યાણ થશે. આત્માનું કલ્યાણ, પૈસા ખર્ચ્યા. આ થતી વખતે જે આંબેલ કરે છે તે કઈ સ્થિતિનું? આંબેલ બતાવ્યું; ફાયદો થયો તો કૂદે છે, રોગ મટ્યો, કલ્યાણ થયું. આથી દ્રવ્ય-ક્રિયા થઈ ગઈ. કલ્યાણ ન ગણે તો શ્રદ્ધા જ ન રહી.

**જૈન શાસનનો એક જ સૂર 'મોક્ષ' જ**

જૈન શાસને ધર્મ માન્યો છે તે ધર્મ સ્વતંત્ર માન્યો નથી. દયા, શાહુકારી કે નિષ્પરિગ્રહને સ્વતંત્ર ધર્મ તરીકે માનેલ નથી જો મોક્ષને અંગે દોરીએ બંધાયેલા હોય તો જ

તે ધર્મ. વ્યવહારે ધર્મ ભલે હોય, ઉપાદેય ધર્મ એને ન કહીએ. શાથી? મોક્ષની સાથે બંધાયેલા નથી માટે. ધર્મ કેવળ મોક્ષને અંગે આદરવા લાયક છે. જૈન શાસનમાં ખૂણે-ખાંચરે જ્યાં ત્યાં તપાસો તો એક જ સ્વર નીકળે અને તે એ કે 'મોક્ષ'. જૈન શાસનમાં કોઈ પણ નાનામાં નાની ક્રિયા મોક્ષની સાથે બંધાયા વગરની હોય નહિ. જૈન શાસનમાં બધે ધ્યેય મોક્ષનું છે, તેથી અભવ્યથી એ સિવાય બીજું બોલાય નહિ.

બીજા દેશમાં ગયા હોઇએ. ત્યાં આપણે વ્યવહારમાં વાંકા રહીને ભાંગીતૂટી પણ ત્યાંની જ ભાષા જે હોય તેમાં જ બોલવું પડે. મદ્રાસ તરફ જઈએ ત્યાં તેમની ભાષામાં જ બોલવું પડે. બાળબચ્ચાં બીજી ભાષા સમજે નહિ.

## નવી તરકડી નવ વખત નમાજ પડે.

જૈન શાસનમાં મોક્ષ સિવાય વાત જ ન સાંભળે તો પછી અભવ્યને માન-પૂજા લેવાનો રસ્તો કયો? એને વગર ઈચ્છાએ પણ મોક્ષનું નિરૂપણ કરવું પડે. સરકારી અમલદારો હુકમ કાઢનારા ગાંધીજીથી વિરુદ્ધ. તેઓને પણ ટોળું ભેગું થાય તે વખતે ગાંધીજીની જય બોલીને આગળ વધવું પડે, તો પછી જે અભવ્યને માન-પૂજા લેવી હોય તે તો એ વર્ગ કરતાં સવાયો કૂદે તો જ આગળ વધે. યુરોપિયન (European) ને દેશી પાસેથી માન મેળવવું હોય તો દેશી કરતાં સવાયો ગાંધીજીનો ભક્ત થાય. મોક્ષના ધ્યેયવાળા પાસેથી માન મેળવવું હોય તો **નવી તરકડી નવ વખત નમાજ પડે.** જેને માન લેવા માટે ઘૂસવું હોય તેને સવાયું કૂદવું પડે. આ ઉપરથી અભવ્યને મોક્ષરૂપ તત્ત્વ કહેવું પડે છે, મોક્ષ-તત્ત્વ સિવાય એનાથી બીજું કહેવાતું નથી. એ પ્રભાવ જૈન આબાળગોપાલનું ધોરણ.

તેથી **ઉમાસ્વાતિજી** 'મોક્ષ' શબ્દ સીધો મેલીને ચાલ્યા.

**જૈન ધર્મમાં મોક્ષના સંસ્કારો ગળથુથીમાં**

મોક્ષ કેવો? મોક્ષ જ લેવો. તે વિષે કાંઇ નહિ. જૈનનાં બચ્ચાંને મોક્ષ સમજાવવો પડે નહિ. જૈનનું બચ્ચું ગળથુથીથી મોક્ષ સમજે છે. મોક્ષ જ ધ્યેય હોય તેને લીધે મોક્ષ શી ચીજ? મોક્ષ સર્વ કરતાં ઉત્કૃષ્ટ તે કાંઈ **ઉમાસ્વાતિજી**એ કહ્યું નહિ. **પાલીતણા**માં રહેલાને **ભાવનગર** આવું છે તે કાંઇ જાણવાની જરૂર નથી. બોર્ડ (Board) ઉપર સીધો **ભાવનગર**નો રસ્તો છે. **ભાવનગર**ના સ્વરૂપની જરૂર પડતી નથી. બધાં નજીકના ગામવાળાઓ નજીકના શહેરની સ્થિતિ સમજતાં હોય તેમ અહીં **ઉમાસ્વાતિજી**એ મોક્ષનું બોર્ડ (Board) માર્યું. **ભાવનગર** કેવું છે એવું બોર્ડ મારવા જાય તો દુનિયા 'મૂર્ખો' કહે. **ભાવનગર**ની હકીકત બધા જાણે છે.

તેવી રીતે જૈન ધર્મમાં ગળથુથીમાં મોક્ષના સંસ્કારો ગળેલા હોય છે. **કોઇ પણ જીવ જગતથી મુકાય તેમાં આનંદ; કોઇ જીવ મુકાવનારો થાય તેમાં આનંદ.** મોક્ષે ગયા અને અમને મુકાવે તેમાં આનંદ. આટલું બધું જૈન ધર્મનું મોક્ષ માટે ધ્યેય છે; તેથી મોક્ષનો માર્ગ **ઉમાસ્વાતિ**એ કહ્યો. જૈન શાસનની જડ મોક્ષમાં એટલી બધી જામેલી છે તેથી અભવ્યને મોક્ષની પ્રરૂપણા કરવી પડે. જે માન-પૂજાની ઇચ્છાવાળો, જેને મોક્ષ સાથે સંબંધ નથી તેનાથી મોક્ષ સિવાય બીજું બોલાય નહિ.

**પુણ્યનો પાયો જ પાપ**

[1]વિમુક્તિ અધ્યયન એ **આચારાંગ**માંનું છેલ્લું અધ્યયન

---

१ विमोत्ति चउत्था, निसीहं पंचमा चूला। (आचा० चू० पृ० ४)

છે. [1]'છકાયના આરંભને છોડો તમે તે પહેલું અધ્યયન કહે. મોક્ષ તો ગળથુથીમાં પામેલો છે, તે કહેવાની જરૂર નથી.

શંકા–જો મોક્ષ ગળથુથીમાં છે તો નવકારમાં શા માટે મહેનત કરવી? સમાધાન–કર્મ એ પાપરૂપ છે. શુભાશુભ કર્મ આત્માને નડતરરૂપ છે. કાઉસ્સગ્ગમાં पावाणं कम्माणं निग्घायणट्ठाए (आव० सू० २७) બોલીએ છીએ. મોટા શહેરમાં મોટા મોટા બંગલા; એકે જાજરૂ વગરનો નહિ. એકે પુણ્ય પાપ વગર રહ્યું નથી. **પુણ્યનો પાયો જ પાપ.** પાપ નાશ પામ્યું એટલે પુણ્ય આપોઆપ બેસી રહેશે. ચાહે તેવાં પુણ્ય બંધાય. તેની સ્થિતિ બંધાવાની તે રાગદ્વેષની પરિણતિને અંગે, કષાયને લીધે, સાતા–વેદનીય બાંધ્યું તે કષાયને લીધે. કોઈ પણ પુણ્ય પ્રકૃતિ એની સ્થિતિ કષાયે દ્વારાએ બંધાય, તો પુણ્યનો પગ તો પાપ. રસોઈ વખતે ઠામ બગાડીએ છીએ. ઠામ બગાડવાથી ડરીએ તો દાળ થવાની? ના. રાગ એ કષાય ખરો. કષાય સ્થિતિ બંધાવે છે. પુણ્યની સ્થિતિ અને પુણ્યપણું એ બેમાં ફરક છે. જેમ દાબડી અને દાબડીનું પકડવું એ બેમાં ફરક છે તેમ તેમાં ફરક છે. યોગ પ્રશસ્ત હશે તો પુણ્યને બાંધશે.

## અવગુણ ઉપર દ્વેષ, નહિ કે અવગુણી ઉપર

ગુણ અને ગુણી બંને ઉપર રાગ, એ શાસ્ત્રનું વિધાન, એનું જ નામ 'પ્રશસ્ત રાગ.' અવગુણ ઉપર દ્વેષ કરવો તે 'પ્રશસ્ત દ્વેષ.' અવગુણી ઉપર દ્વેષ ન કરવો. ગુણી ઉપર દ્વેષ કરશો તો બાકડી ન બાંધે, પણ અવગુણી ઉપર દ્વેષ કરશો તો લુહારની

---

१ छज्जीवणिया पढमे बीए चरिमे य सव्वदव्वाइं । सेसा महव्वया खलु तदेक्कदेसेण दव्वाणं ॥ (आचा० नि० गा० १५).

સામે લોઢું મળ્યું. એની પરંપરા ચાલી; એનો છેડો નહિ. દ્વેષના પરિણામને અંગે વાત થાય છે. અવગુણી ઉપરનો દ્વેષ સજ્જડ નુકશાન કરશે. તમે કુપાત્ર ન બનો. એ તો કુપાત્ર તે કુપાત્ર રહ્યો છે. ધોબી તો ધોબી હતો. સાધુ સુપાત્ર હતો તે કુપાત્ર શું કામ થયો? મિથ્યાત્વ, કષાય અને અવિરતિ ઉપર દ્વેષ તે 'પ્રશસ્ત દ્વેષ'. પ્રશસ્ત રાગ-ગુણ, ગુણી ઉપર. દ્વેષ અવગુણ ઉપર હોય; અવગુણી ઉપર દ્વેષ નહિ. **સંગમ મહાવીરનું** ભાવજીવન બગાડવા માટે મથ્યો. એણે કાલચક્ર માથે મેલ્યું. તેવાને અંગે પણ कृतापराधेपि जने, कृपामन्थरतारयोः। इषद् बाष्पार्द्रयोर्भद्रं, श्रीवीरजिननेत्रयोः॥ (योग० प्र० १ श्लो० २) આ સ્થિતિ. અવગુણી ઉપર પણ કરુણા ભાવ.

## અવગુણી ઉપર દ્વેષ એ અકર્તવ્ય

મનુષ્યને પદાર્થ ઉપર પ્રેમ હોય છે તો પ્રેમના પ્રકર્ષમાં નુકશાન સહન થતું નથી. માતાને ઘડપણે છોકરો. માતાને છોકરા ઉપર પ્રેમની ખામી નહિ. છોકરો માતાના વાળ ખેંચે તે વખતે ઠોકે છે. છોકરાની લેવાદેવા નહિ જોઈએ. વાળ ખેંચે, વેદના થાય તે સ્થિતિમાં મા સમતાવાળી હોય તો કહે-વાળ ખેંચાય છે, છોડી દે; સમતાવાળી ન હોય તો ધક્કો મારે અને છોકરો પડયો, ને વાગ્યું તો તેને પંપાળે પોતે. વીતરાગ-પણાની પરિણતિ થઈ નથી ત્યાં સુધી ક્રોધ થયા વિના ન રહે. પ્રશસ્તપણું દેખીએ તો અવગુણ ઉપર દ્વેષ. અવગુણ ઉપર દ્વેષ એ કર્તવ્ય. અવગુણના ખોદણાં કાઢો. ગુણનો રાગ એ 'કર્તવ્ય'. જેમ બને તેમ ગુણમાં ઊંડા ઊતરો, ગુણનો મહિમા વિચારો અને એના રાગવાળા થાઓ. અવગુણી ઉપર

દ્વેષ આવે તે કર્તવ્ય નહિ.

## સૂયગડાંગ કરતાં આચારાંગ પહેલું રચવાનું કારણ

**ગણધર** મહારાજે જૈન શાસનમાં મોક્ષ તો જડ ઘાલીને બેઠો છે એમ માન્યું. **ઉમાસ્વાતિએ** મોક્ષ જડ ઘાલીને બેઠેલો છે એ માન્યું. અભવ્યે પણ એ માન્યું. ઘરોની જડ પૃથ્વીમાં પેઠેલી છે તેમ જૈન શાસનની અંદર મોક્ષની જડ પેઠેલી છે. પહેલવહેલાં **ગણધરે આચારાંગ** કર્યું પણ **સૂયગડાંગ** ન કર્યું, તે આથી સમજાશે. આચારમાં વ્યવસ્થિત ન થયેલો એવો પણ પુરુષ હિંદુનો છોકરો અભક્ષ્ય, અપેય પહેલેથી વર્જે, નુકશાન મોટો થશે ત્યારે સમજશે. જેમ હિંદુપણાના કુળને અંગે અભક્ષ્ય, અપેય પદાર્થો પહેલાં છોડવામાં આવે અને નુકશાન સમજાય પાછળથી તેમ જૈન કુળમાં કંદમૂળ છોડવામાં આવે, ને નુકશાન સમજાય પાછળથી.

## આચરણ પહેલાં ને સમજણ પછી

શંકા—પહેલાં દીવા આવા ન હતા. હવે તો લાઈટ (Light) છે, તો રાત્રે ખાવામાં વાંધો શો? સમાધાન-સર્ચ લાઈટ(Search Light)ની જ્યોત વધારે કે કેવળજ્ઞાનની જ્યોત વધારે? જૈનથી કંદમૂળ ખવાય નહિ, એ ગળથુથીમાં. પ્રથમ આચાર શીખવાય. બાળકને બાપ કોને કહેવાય તે શીખવો છો કે સીધો 'બાપ' શબ્દ શીખવો છો? જો ક્રિયાને મુખ્ય પદ ન આપવું હોય તો તમારી વસ્તુ છે તેમાં ક્રિયા ખસેડતા રહેજો. માનું ધાવણ પછી લેજો. પહેલાં મા આમ કરે છે એમ માને સમજો. જેઓ ક્રિયાના કટ્ટા દુશ્મનો છે તેઓ એથી જ્ઞાનના નામે ક્રિયાને ખસેડે છે.

### વહોરાનું દૃષ્ટાંત

કોઈ ચોરે દાઢી પકડી. ફલાણા જાગે છે ? ફલાણાએ દાઢી પકડી છે બસો આપવા પડશે. ચોટલી પકડશે તો ચારસો આપવા પડશે. **ચોટલીના ચારસો કહ્યા તે દાઢી છોડાવવા.**

આ લોકોએ જ્ઞાનની વાત કહી તે ક્રિયા છોડાવવા. જ્ઞાનનો જમાનો છે, ક્રિયા કરીને જ્ઞાન લો. કોઈ પણ જૈન જ્ઞાનથી વિરુદ્ધ નથી. જ્ઞાનનું આરાધન કરનારા છે. **સૌભાગ્ય–પંચમીએ** નમો નાણસ્સ કહેવાવાળા છે. કુલને વિષે, આર્યોને વિષે આચારની પહેલી જરૂર અને સમજણ પછી. પહેલાં 'બૂ' બોલતાં શીખ્યા કે પહેલાં પાણી પીતાં શીખ્યાં ? જન્મે ત્યારથી સમજાવવાની વાત રાખો છો ? કેવળ ધર્મને અંગે ચેડાં કાઢવાની નીતિ છે. **સુધર્માસ્વામીને** બાર અંગની રચના કરવી હતી, વિચારની રચના કરવી હતી. છતાં પણ આચારની વ્યવસ્થા પહેલી કરી.

### સ્થાનાંગની રચના

તમે દયા પાળો છો શાને અંગે ? સ્વ સમયના વિચારો પણ પછી આવે છે. છોકરો ભૂખીને બચતો રહ્યો; પછી ભૂનું સ્વરૂપ જાણશે તેમ **સ્થાનાંગમાં** સ્વ સમય, પર સમયની વ્યવસ્થા કરી. વર્ગીકરણ કરે તો ઇયત્તા આવે, તેથી ઠાણાંગજીની રચના.

### સ્થાનાંગનો વિષય આચાર કે વિચાર નહિ પણ વર્ગીકરણ

પાંચે મહાવ્રતો છે હિંસા વગેરેને છોડો છો. બીજા

મતોમાં મહાવ્રતો નથી એમ કહેતા નથી. પાંચ મહાવ્રતો કહે છે. આચાર ગ્રંથ નથી, વિચાર ગ્રંથ નથી, સર્વથા હિંસાથી વિરમવું તેનું નામ 'અહિંસા' તે **આચારાંગ**નો વિષય. હિંસાથી વિરમવું તે જૈન શાસનમાં જ છે તે વિષય **સૂયગડાંગ**નો. અહીં તો વર્ગીકરણનો વિષય. મહાવ્રતો પાંચ છે. એમ કહે છે પણ આદરવા લાયક, ટકાવવા લાયક, વધારવા લાયક છે એમ કહેતા નથી. સીધું કહે છેઃ—પાંચ મહાવ્રતો છે. **આચારાંગ**માં જે પરિણામે નીકળ્યો તેને પકડી રાખજે. **સૂયગડાંગ**માં સમજવું. અહીં મહાવ્રતને આદરવાની, વધારવાની, ટકાવવાની વાત નહિ પણ વર્ગીકરણની વાત. શાસ્ત્રકારે સીધાં પાંચ મહાવ્રતો છે એમ કહ્યું છે. તમે પાળજો, લેજો એમ કહ્યું નથી. મહાનુભવો! આચરવાનો વિષય **આચારાંગ**નો ને વિચારવાનો વિષય **સૂયગડાંગ**નો છે.

## દ્રવ્ય-ભાવ-હિંસાની ચતુર્ભંગી

પાંચ મહાવ્રતોના નિયમમાં આજ અનુક્રમ. પહેલાં પ્રાણાતિપાતવિરમણ. કોઈ બીજો ક્રમ કહેવા માગે તો નહિ. પાંચેનો અનુક્રમ આગળ જોઈ ગયા છીએ. તેમાં પ્રાણાતિપાતવિરમણ એ નામ કેમ રાખ્યું? હિંસા કેમ ન રાખ્યું? હિંસા બે પ્રકારની છેઃ દ્રવ્ય-હિંસા અને ભાવ-હિંસા. તેમાં ચાર ભાંગા પાડે છે: (૧) દ્રવ્યથી તેમજ ભાવથી હિંસા, મારવાની બુદ્ધિએ માર્યો. (૨) મારવાની બુદ્ધિ, પેલો ખસી ગયો. ભાવથી હિંસા, દ્રવ્યથી હિંસા નહિ. (૩) દ્રવ્યથી હિંસા પણ ભાવથી નથી. મારવાની બુદ્ધિ નહિ. પગે જીવ કચડાઈ મરી ગયો. અને (૪) દ્રવ્યથી માર્યો નહિ ને ભાવથી પણ માર્યો નહિ તે ચોથો.

**દશવૈકાલિક**માં આ ચાર ભાંગા બતાવેલા છે.

## હિંસા શબ્દ બંનેમાં

'હિંસા' શબ્દ પ્રમત્તયોગ ને પ્રાણવ્યપરોપણ બંનેને લાગુ પડેલાં છે. અનુપયોગે ચાલ્યો તેટલા **માત્રથી** મહાવ્રત તૂટ્યું. પ્રમત્તયોગ અને દ્રવ્યપ્રાણવ્યપરોપણ બંનેના પચ્ચકખાણ નથી. તમારાં પચ્ચક્ખાણ તો [2]સૂક્ષ્મ-બાદર, ત્રસ કે સ્થાવર-માંના કોઈ જીવ મરાય નહિ તેનાં છે. પ્રમત્તયોગ–પરિણતિને રહેવા દો, એની પ્રતિજ્ઞા રહેવા દો. આટલા જ માટે કર્મ-બંધનના ઉપર તત્ત્વ રાખીને **તત્ત્વાર્થકારે** હિંસાનું લક્ષણ કહ્યું. અહીં આચાર ઉપર તત્ત્વ રાખેલું હોવાને લીધે 'પ્રાણાતિ-પાત' એમ કહ્યું પણ સૂક્ષ્મ આદિ ચાર કહેવાનું કામ ન હતું.

## સૂક્ષ્મ બાદર છતાં ત્રસ સ્થાવર શા માટે?

શંકા—સૂક્ષ્મ ને બાદર લો તો દુનિયામાં જીવ રહેતો નથી ત્રસ, સ્થાવર લો તો દુનિયામાં કોઈ જીવ રહેતો નથી. બધા આવી જાય છે. છતાં તમે તો ચારે લીધા. એ વખત બબ્બે શું કામ લીધાં? સમાધાન—બેવડે દોરે બાંધેલું મજબૂત રહે. કબજો લઈ લે. અને લગાવી લે. તમે બેવડે દોરે મજ-બૂત ગણો છો, તેથી બધાં વ્રતમાં બેવડા દોરા કરવા પડે.

---

१ हिंसाए पडिवक्खो होइ अहिंसा चउव्विहा सा उ। दव्वे भावे अ तहा अहिंसऽजीवाइवाओत्ति ॥ (दश० नि० गा० ४५)

२ पढमे भंते! महव्वए पाणाइवायाओ वेरमणं, सव्वं भंते! पाणाइ-वायं पच्चक्खामि, से सुहमं वा बायरं वा तसं वा थावरं वा, (दश० सू० ३)

## સૂક્ષ્મ-બાદર એટલે શું?

પહેલાં તો 'સૂક્ષ્મ'નો અર્થ નથી સમજ્યો. 'સૂક્ષ્મ' શબ્દથી સૂક્ષ્મ નામકર્મના ઉદયને લીધે જે જીવો તે લેવાના નથી.

કોઇ પણ જીવ સૂક્ષ્મ જીવને હણી શકયો નથી, હણી શકે નહિ. એના એટલાં બધાં શરીરો બારીક છે કે જેમ કાચની વચ્ચેથી અજવાળું ચાલ્યું જાય. કાચે અજવાળું હણાય છે? કાચના પુદ્ગલો કરતાં અજવાળાના પુદ્ગલો બારીક છે તેથી નીકળી જાય. તેવી રીતે સ્થૂલ ઔદારિકો, એની આગળ સૂક્ષ્મ એટલા બધા બારીક કે એની આગળ આ બધા દરવાજા, પોલી ચીજ તેને હણે શી રીતે? બધે આંગળની જાળીઓ ઓર ઝુડીએ તો ઉછળી જાય પણ ચાણીઓર, મગ દબાય નહિ, તેમ બારીક શરીર આનાથી દબાય નહિ. તો પછી શી રીતે ઘાત થાય? સૂક્ષ્મ હિંસાના વિષયમાં નથી તેથી લીધા નથી. સૂક્ષ્મત્રસ, બાદરત્રસ, સૂક્ષ્મસ્થાવર, બાદરસ્થાવર. સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા નથી લીધા. સૂક્ષ્મ, બાદર એ બે પેટા ભેદો ત્રસ ને સ્થાવરના. સૂક્ષ્મત્રસમાં કુંથુંઆ બારીક. સ્થૂળ ગાય, ભેંસ, કીડી બધા બાદર ત્રસ. સ્થાવરમાં શું કરશો? વાયુકાય, તેઉકાયને સૂક્ષ્મમાં. સ્થાવરમાં વનસ્પતિમાં લીલફૂલને સૂક્ષ્મમાં લીધી.

## આઠ પ્રકારના સૂક્ષ્મ

આઠ સૂક્ષ્મ [1] **કલ્પસૂત્ર**માં કહ્યાં. સૂક્ષ્મ વનસ્પતિ, ઈંડા,

---

१ वासावासं पज्जोसवियाणं इह खलु निग्गंथाण वा निग्गंथीण वा इमाइं अट्ठ सुहुमाइं जाइं छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा अभिक्खणं अभि० जाणियव्वाइं पडिलेहियव्वाइं भवंति, तंजहा—पाण·

વગેરેને પૃથ્વીકાયનાં સ્થાનો, અપકાયના સ્થાનો તે સૂક્ષ્મમાં લીધાં. સ્થાવરમાં જે જે સૂક્ષ્મ તે સૂક્ષ્મ. જે જે બાદર તે બાદર.

## સૂક્ષ્મ ને બાદરની વ્યાખ્યા

જેને બચાવવા માટે તીવ્ર પ્રયત્ન કરવો પડે તે 'સૂક્ષ્મ'; ઓછો કરવો પડે તે 'બાદર'. સૂક્ષ્મ ને બાદર એ ભેદો સૂક્ષ્મ નામકર્મ અને બાદર નામકર્મને અંગે લીધા નહિ. જીવોનો બચાવ એ તત્ત્વ રાખ્યું. અહીં આચારને અંગે સૂત્ર રચાયેલું છે તેથી 'હિંસા' શબ્દ ન લેતાં 'પ્રાણાતિપાત' શબ્દ લીધો. કરણ વર્જવાનું નહિ કાર્ય વર્જજો. રાગ-દ્વેષ વર્જાવતા નથી. રાગથી પ્રાણાતિપાત થતો હોય તે છોડજે. જીવની વિરાધનાથી વિરમજે.

શંકા—તો જીવાઇવાયાઓ કેમ કહેતા નથી ને પ્રાણાતિપાત એમ કેમ કહો છો?

---

सुहुमं १ पणगसुहुमं २ बीअसुहुमं ३ हरियसुहुमं ४ पुप्फसुहुमं ५ अंडसुहुमं ६ लेणसुहुमं ७ सिणेहसुहुमं ८ ॥ (कल्प० सा० सू० ४५)

# વ્યાખ્યાન ૧૮

### શાસનનું મૂળ આચાર

ગણધર મહારાજા **સુધર્માસ્વામીજી**એ ભવ્ય જીવોના ઉપકાર માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષનો માર્ગ સાધવા માટે દ્વાદશાંગીની રચના કરતાં થકાં કહ્યું કે આચાર એ શાસનનું મૂળ છે.

### તીર્થની જડ આચાર

**લોકાંતિક** દેવતાઓએ **ભગવાન**ને દીક્ષાની વખત વિનંતિ કરી: હે લોકનાથ! ધર્મતીર્થ પ્રવર્તાઓ. જન્મથી ત્રણ જ્ઞાન હતાં: મતિ, ત અને અવધિ. દુનિયાનો વ્યવહાર જન્મને ઉદ્દેશીને ચાલે છે, તેથી પહેલા ભવથી લાવેલાં ગર્ભમાં ત્રણ જ્ઞાન હોવા છતાં ધર્મતીર્થની પ્રવૃત્તિ ન ગણી. અપ્રતિપાતી અને નિર્મળ ત્રણે જ્ઞાનો હોવા છતાં તીર્થની પ્રવૃત્તિ થઈ ગયેલી ગણી નહિ. જ્યારે ભગવાનને દીક્ષાનો વખત આવ્યો ત્યારે ધર્મતીર્થની પ્રવૃત્તિ ગણી ભગવાને દીક્ષા લેવાનો વિચાર કર્યો તેને અંગે લોકાંતિકોએ કહ્યું: ધર્મતીર્થ પ્રવર્તાઓ. મુખ્યતાએ તીર્થની જડ આચાર છે. **નીતિકારો**નો મુદ્દો પણ એ જ રહે છે કે **आचारः प्रथमो धर्मः।** જ્ઞાન અને ક્રિયા બંને ધર્મરૂપ હોવા છતાં **તીર્થંકરો** દીક્ષા લે છે, **ગણધરો** દીક્ષા લે છે.

### અર્થનું જ્ઞાન ક્યારે અપાય?

દીક્ષા પ્રાપ્ત કર્યા પછી અંગનું રચના જ્ઞાન કોને દેવું? તેમાં શાસ્ત્રકારોએ નિયમ કર્યો. આવા વિનયવાળો, સદાચારી હોય, બાર વર્ષ ચારિત્ર પાળ્યું, સૂત્ર ગ્રહણ કર્યાં હોય તેને અર્થ. બાર વર્ષ ગયા પછી અર્થનું જ્ઞાન.

**અનુયોગ પછી અનુજ્ઞા**

હરિભદ્રસૂરિજી 'દશવૈકાલિકની વ્યાખ્યા કરતાં પહેલાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા થઈ ગયો હોય તેને 'અનુયોગ' કહે છે. 'અનુયોગ' એ જ્ઞાન આચાર પછી. તે વગેરે અનેક કારણોથી આચાર પ્રથમ હોવાથી આચારાંગની પ્રથમ યોજના કરી.

[1]પાપનું મૂળ 'જ્ઞાન'

જ્ઞાન એ જ્ઞાનરૂપે સાધ્ય નથી. જગતમાં **પાપનું મૂળ** લોભ કહેવાય પણ હેઠા ઉતરીએ તો **પાપનું મૂળ 'જ્ઞાન'.** બહેરાને ગાળો દો તો ક્રોધ ચઢે ખરો ? સાંભળતો નથી. આંધળાની સામા ચેષ્ટા કરો તો તેને આવેશ આવતો નથી. આંધળો છે. શ્રવણ-ઇંદ્રિયથી શબ્દ સાંભળે ત્યારે એ શબ્દ ક્રોધ કરાવે. નેત્ર-ઇંદ્રિયથી આકાર, રૂપ, ચેષ્ટા જાણે તો જ ક્રોધ ચઢે. લકવો-પક્ષાઘાત થયો હોય તેને ઠંડું, ઊનું માલમ પડતું નથી. ક્રોધ વગેરેની પ્રવૃત્તિ જ્ઞાન ઉપર આધાર રાખે છે. જેને જેટલું જ્ઞાન તેને તેટલી દુર્ગતિ. એકેંદ્રિય જીવ અનંતા છે, પણ નરકે જતા નથી. કારણકે જ્ઞાનની માત્રા વધારે નથી. એકેંદ્રિયને જ્ઞાન ઓછું; દુર્ગતિ ઓછી. એકેંદ્રિય ઓછામાં ઓછું કર્મ બાંધે. સંયોગજન્ય દુઃખ નરકને છે. ગુણના નાશને લીધે દુઃખ એકેંદ્રિયને છે. એકેંદ્રિયથી બેઇંદ્રિયમાં જ્ઞાન વધ્યું; સાથે સાથે કર્મની પાયરી પણ વધી. જેવી રીતે અનુક્રમે જ્ઞાન વધે છે તેવી જ રીતે અનુક્રમે પાપ વધે છે. છોકરાને સોની સંખ્યાનું જ્ઞાન. કેટલા રૂા આપીએ ? સો કહે. જે વસ્તુ જાણવામાં આવેલી નથી તેને અંગે ક્રોધ, માન, માયા, લોભ થતા નથી.

---

૧ તાત્ત્વિક પ્રશ્નોત્તર પૃ૦ ૧૭ જુઓ.

### જ્ઞાન વધારે તેને આલોચણ પણ વધારે

ગીતાર્થને સજ્જડ આલોચણ આપી. જેમ જ્ઞાનની માત્રા વધી તેમ કર્મબંધનની માત્રા વધી. તેથી ભિક્ષુ કરતાં અનુક્રમે એકને એક કાર્ય માટે પ્રાયશ્ચિત્ત વધારે.

### પાપનું મૂળ જ્ઞાન પણ તે છોડવાનું નહિ

[1]પ્રાયશ્ચિત્તની વૃદ્ધિ શાસ્ત્રકારોએ જ્ઞાન પ્રમાણે કહેલી હોવાથી, ક્રોધ, માન વગેરે જાણપણાને અંગે વધારે થતાં હોવાથી, કર્મબંધ જાણપણાને અંગે વધારે થતો હોવાથી પાપનું મૂળ લોભ છે. પણ **ખરેખર પાપનું મૂળ જ્ઞાન છે.** એ પાપનું મૂળ છતાં છોડી દેવા જેવું નથી. છોકરો મરી જશે, મોકાણ માંડવી પડશે, એમ ધારીને, તેના ભયે કોઈ દિવસ જન્મ બંધ કરાય નહિ. પણ મરણના બચાવને માટે ઉપાયો કરાય.

### ઉપદ્રવની જડ પૈસો

પૈસો એ જ દુનિયામાં ઉપદ્રવની જડ છે. સામાન્ય ગરીબોને માથાં ફૂટયાં હોય તો પણ કોર્ટમાં ત્રણ દહાડામાં ફેંસલો. ત્યારે શેઠિયાને અંગે કાંઈ લખ્યું કે બોલ્યો હોય તો છ મહિને, બે વર્ષે પત્તો ખાય નહિ. પૈસાદારોને માટે જ ન્યાય મોંઘો છે. ગરીબોને માટે ન્યાય સસ્તો છે. પૈસાદારપણાને લીધે ન્યાયનું મોંઘાપણું, માટે પૈસો ખરાબ થયો.

---

१ पुरिसं पडुच्च अहियं ऊणं वा दिज्ज अहव तम्मत्तं। ते पुण पुरिसादीया इमे समासेण णायव्वा॥ पुरिसा गीतागीता सहासहा तह सढासढा केति। परिणामाऽपरिणामा अतिपरिणामा अवत्थूग॥ (जी० क० भा० २००७, २००८)

**ભયોનું સ્થાન પૈસો**

ચોર લોકો નજર કરે તો કોના ઘર સામી કરે? હરિદ્રના ઘર સામી નજર કરી હોય તો નજર પાછી ખેંચી લે. ચોરોને ઉત્પન્ન કરનાર પૈસો છે. ચોરીબાજી, રંડીબાજીનું મૂળ પૈસો. બાર વર્ષ સુધી રાખીને ઘર ખાઈ ગઈ, ત્યાંથી કાંઈ આવવાનું નથી એમ ધાર્યું ત્યારે તગડી મૂક્યો. ગરીબના નળીઆં રાજામહારાજા ગણતા નથી. રાજા, ચોર, લુચ્ચા, અને જુગારીનો ભય પૈસાની પાડોશમાં. ન્યાયનુ મોંઘાપણું પૈસાને લીધે. જગતના સર્વ ભયોનું સ્થાન પૈસો છે. એટલા માત્રથી પરિહાર કરાયો? તેમ જ્ઞાન એકલા પાપમાં લઈ ગયુ પણ તેની સંપત્તિ દેખી?

**જ્ઞાન વિના મોક્ષ નહિ**

એકેંદ્રિયને સ્વર્ગ કેટલાં હોય છે? એકે દેવલોકને પામે નહિ. વધેલો દેવલોકને પામે. એકેંદ્રિય જેમ નરકને નથી પામતો. તેમ દેવલોકને પણ નથી પામતો. એકેંદ્રિય જેમ તેવાં પાપકર્મ બાંધતો નથી તેમ પુણ્યની તેવી સ્થિતિ બાંધતો નથી પુણ્ય, દેવલોક એ જ્ઞાનની વૃદ્ધિ ઉપર આધાર રાખે છે. મોક્ષ એ તો જ્ઞાન સિવાય થતો નથી.

**જ્ઞાનનું બહુમાન**

શાસનને અંગે વિચારીએ તો શાસનની દોરી કોને સોંપાય છે? જ્ઞાનવાળાને. **તીર્થંકર** મહારાજા પણ **ગણધર** દીક્ષા લે છે ત્યારે તો સામાન્ય વાસક્ષેપ કરે છે. દ્વાદશાંગીની રચના વખતે તેઓ ઊભા થઇને વાસક્ષેપ કરે છે. બાર અંગો કર્યાં પછી અનુજ્ઞાનો વખત આવે ત્યારે ઈંદ્ર થાળ લઇને ઊભા રહે.

## કુંભાર કરતાં ગધેડાં ડાહ્યા ?

સાધુની [1]દશ પ્રકારની સામાચારીમાં ત્રીજી તથાકારની સમાચારીમાં જે જૈન શાસનને માનનારા છે તેનો 'તથાકાર' કરવાની ફરજ છે એમ કહ્યું. અર્થાત્ જે કહ્યું તેની 'તહત્તિ'. [2]**કાલકાચાર્ય** કહેવડાવે છે:—હું ન આવું ત્યાં સુધી પર્યુષણ ન કરશો. અગિયારે ગણધરોએ દ્વાદશાંગી રચી, છતાં અગિયારનો મત સરખો: વિચાર કરો, પર્યુષણ સરખો જૈનોનો અદ્વિતીય તહેવાર, જગત માત્ર જાણે બોલે શ્રાવકના 'પજુસણ' બોલે છે. જૈન ધર્મમાંથી આખા જગતને અસર કરનારૂં પર્વ નીકળ્યું હોય તો તે પર્યુષણનું છે. પર્યુષણ સિવાય જૈનોનો એકે તહેવાર સર્વત્ર પ્રસિદ્ધિવાળો નથી. એવા તહેવારને માટે **કાલકાચાર્ય** કહેવડાવે છે: હું આવું ત્યાં સુધી ન કરો. 'તથાકાર'–જેઓ ગીતાર્થ, પાંચ આચારમાં વ્યવસ્થિત, એ **કાલકાચાર્યે** કંઈક કર્યું તે સર્વ સંઘને કબૂલ. પછીના સંઘને કબૂલ. [3]**કાલકાચાર્ય** કહે: ચોથની સંવચ્છરી

---

१ इच्छामिच्छातहक्कारो आवस्सिआ य निसीहिआ । आपुच्छणा य पडिपुच्छा छंदणा य निमंतणा ॥ (अनु० गा० १६)

२ पतिट्ठाणसमणसंघस्स य अज्जकालगेहिं सदिट्ठं–जावाहं आगच्छामि ताव तुब्भेहिं णो पज्जोसवियव्वं । (नि० उ० १० गा० ५४५ चू०)

३ एवं जुगप्पहाणेहिं चउत्थी कारणे पवत्तिता, सच्चेव णुमता सव्वसाधूण, (नि० उ० १० गा० ५४५ चू०).

સૂત્રથી વિરૂદ્ધ. [1]**નિશીથ** સૂત્રકારે પર્યુષણ પર્વમાં જ થાય. એમ કહ્યું છે. પૂર્ણા તિથિનું નામ પર્વ (લૌકિકરૂઢિથી પર્વ કહેવાય) છે. પાંચમ, આઠમ, પૂનમ, અપર્વમાં પર્યુષણ કરે તો પ્રાયશ્ચિત્ત. તે વસ્તુ ચોથે કરો, અપર્વે કરો, શ્રમણ સંઘ કબૂલ કરે છે. **કાલકાચાર્ય** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને દેખવાવાળા છે. કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં નથી.

## ગીતાર્થતા એ શાસનનો આધાર

તે જ વર્ષે ઉત્પાત છે. જર્મનીને બેલજીયમમાં થઇને જવું પડયું તેમ તેમને માળવાની મજબૂતી હતી, તેથી [2]લાટ દેશમાં આવવું પડયું ને બલમિત્ર ને ભાનુમિત્રને જોડે લેવા પડયા. જે વખતે બધો ભાગ ખળભળ્યો હોય તે વખતે પ્રજાને નમતું આપવું પડતું હોય, તે નમતું હંમેશાં આપવાનું ન હોય. આખા દેશમાં રાજ્ય ક્રાંતિ થઇ ગઇ. શક લોકો આવ્યા, રાજ્યક્રાંતિ થઇ, અપર્વનું પ્રાયશ્ચિત્ત કે શાસનની સ્થિતિ બેમાંથી શું વિચારવું? હાજરી ન આપે તે નજરે ચઢે, ખૂંચે. તેમાં અધિકારી વર્ગ ગેરહાજર રહે તો એને ઘેર બધું હુલ્લડ આવે. તેવો વખત દેખીને **કાલકાચાર્યે** કહ્યું: ચોથ. તે શાથી કબૂલ કરી? આચારસિદ્ધિ ગીતાર્થપણાને લીધે. તેમના વચનને અંગે વિકલ્પિત 'તથાકાર' છે જ નહિ. શાસનનું ચાલવું એ ગીતાર્થ-

---

૧ तं च पुण्णिमाए पंचमीए दसमीए एवमादिपव्वेसु पज्जोसवेयव्वं णो अपव्वेसु ( नि० उ० १० गा० ६४५ चू० ).

૨ ढक्कानिनादेन कृतप्रयाणा, नृपाः प्रचेलुर्गुरुलाटदेशम्। तद्देशनाथौ बलमित्रभानुमित्रौ गृहीत्वाऽगुर्यवन्तिसीमाम् ॥ काल० कथा० श्लो० ३३)

પણા ઉપર આધાર રાખે છે.

## એક આંખે અધૂરું દેખાય

[1]એક સાધુપણું ગીતાર્થનું છે અને બીજુ સાધુપણું ગીતાર્થની નિશ્રામાં રહે તેનું. આથી ત્રીજું સાધુપણું જિનેશ્વરે જ્ઞાનથી દેખ્યું નથી તો કહે કયાંથી? જ્ઞાનને લીધે થવાવાળાં પાપ દેખ્યાં, તો જ્ઞાનને લીધે થવાવાળા ફાયદા વિચાર્યા? શાસનનું ચાલવું, સદ્‌ગતિ, પુણ્ય પ્રકૃતિની તીવ્રતા એ જ્ઞાનને જ આભારી. એક આંખે દેખતો હોય તેવો જો જમણી આંખ ખુલ્લી હોય, તો તે જ બાજુ દેખે. જ્ઞાનને દૂષિત કરનારને જ્ઞાનના દોષ જ દેખાય. મધ્યસ્થ દૃષ્ટિવાળો હોય તો જ્ઞાનના દૂષણો દેખ્યાં તેની સાથે તેનાં ભૂષણો પણ દેખે.

## સારા નરસાનો આધાર વાપરનાર પર

જ્ઞાનને શાની જડ માનવી? જગતમાં હથિયાર શાપ સમાન કે આશીર્વાદ સમાન? અને કેવાં ગણવાં? શાણાના હાથમાં આવે તો આશીર્વાદ; દાધારંગીના હાથમાં આવે તો શાપ સમાન. હથિયાર સ્વતંત્ર આશીર્વાદ સમાન કે શાપ સમાન નથી. એમ જ્ઞાન સારાના હાથમાં આવે તો શાસન ચલાવવાનું કારણ અને મોક્ષનું કારણ બને.

જ્ઞાનને હિસાબે સારા કે નઠારા ગણવાનું રહ્યું નહિ ત્યારે

---

१ गीयत्थो य विहारो बिइओ गीयत्थमीसिओ भणिओ एत्तो तइअ विहारो नाणुन्नाओ जिणवरेहिं ॥ १२२ ॥ संजमआयविराहण नाणे तह दंसणे चरित्ते अ। आणालोव जिणाणं कुव्वइ दीहं तु संसारं ॥ १२३ ॥ ओघनिर्युक्ति).

સારા નઠારા કોને ગણવા? જ્ઞાન-હથિયારરૂપ સારાના હાથમાં આવે તો સદ્‌ગતિ સાધે; નઠારાના હાથમાં આવે તો દુર્ગતિ સાધે. જે સદાચારનો સખી તે 'સારો'; જે દુરાચારનો સખી તે 'નઠારો.' સદાચારનો દોસ્ત સદાચારને ક્ષણભર ન છોડે.

## જ્ઞાનનું પ્રયોજન સદાચાર

કલ્પ ને અકલ્પનો પરેપૂરો કેળવાયેલો હોય તે કલ્પને કોઈ દિવસ ખરાબ ગણે નહિ. પાંચે આચારરૂપી પાંચ સ્થાનોમાં સ્થિર, સંયમ, તપસ્યાએ કરી ભરપૂર હોય, આવો હોય અને ગીતાર્થ હોય તેના વચનને અંગે નિર્વિકલ્પપણે 'તહત્તિ' આ સમાચારી. જૈન શાસન જ્ઞાનને-સ્વતંત્ર જ્ઞાન તરીકે સાધ્ય માનતું નથી. સદાચારને માટે એને માને છે. **જ્ઞાનનું પ્રયોજન સદાચાર** આંખ દેખવાનું કામ કરે. દેખવાના મુદ્દાએ કામ કરે નહિ. ઇષ્ટ હોય તો દેખવું, અનિષ્ટ હોય તો ન દેખવું. જ્ઞાન એ જો તત્ત્વ હોય તો પડી ગયેલી મહોર દેખવામાં આવી, જ્ઞાન થયું છે, ઉંચકો નહિ, ગુંજામાં નાખો નહિ. શું કહો? અજ્ઞાની. દેખ્યું કામનું શું? ને દેખ્યું તો તારી ફરજ હતી, તો તારે લેવી હતી. સાપ દેખ્યો. સાપ છે, જ્ઞાન થયું. ખસો છો. શુ કરવા? જ્ઞાન ઇષ્ટ પ્રાપ્તિના સાધનો સંપડાવવાં અને અનિષ્ટ પ્રાપ્તિના સાધનો દૂર કરવા તરીકે ઉપયોગી છે. તેમ જ્ઞાન એ કોઇ પણ અંગે ઉપયોગી હોય તો ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટ દૂર કરવામાં.

## સંયમના માટે દયા છે

[1]पढमं नाणं तओ दया એ જૈનોમાં થોડાથી જ અજાણ્યું હશે. એનો ભાવાર્થ કયા રૂપે લીધો છે? **કોઇની સોય, કોઇની ગઠડી.** સોયની જાહેરખબર દેવી છે. ગઠડી ગળી જવી છે. જ્ઞાનને માટે આ વાકય કહ્યું જ નથી. સંયમ દયાને માટે આ વાકય કહ્યું છે. પહેલું ઝાડ પછી ફળ. પહેલાં સ્ત્રી પછી પુત્ર. ઝાડ ઉપર તત્ત્વ નથી: ફળ ઉપર લોકોને તત્ત્વ છે. ફળની ઇચ્છા હોય તો ઝાડ વાવ પહેલી કરાતી વસ્તુ એ આગળના ફળને અંગે. દયા કરવા માંગે છે, દયા કરવી એ તારૂં કર્તવ્ય છે. દયા કર્મ બંધાવનાર નથી, બચાવનાર છે. આખું પ્રકરણ દયામય છે. જ્ઞાનનું પ્રકરણ નથી.

## ઉપક્રમ ને ઉપસંહાર જયણાને માટે

[2]કેમ ચાલુ, કેમ બોલું? કેવી રીતે રહું કે પાપ કર્મ ન બંધાય? જયણાથી ચાલે, ઊભો રહે, બેસે, બોલે ને ખાય તો પાપકર્મ બાંધે નહિ. આખા પ્રકરણનો ઉપોદ્ઘાત કયાં છે? **જયણાને ઉદ્દેશીને પાપકર્મ ન બંધાય**–આ ઉપક્રમ. એના પોષણમાં पढमं नाणं तओ दया જણાવ્યું. તારે દયા પાળવી હોય તો જીવોને સમજી લેજે આશ્રવ–મોક્ષનું જ્ઞાન મેળવી લેજે. શાને માટે? જયણા પાળવા માટે. ઉપક્રમ એ

---

૧ પર્વદેશના પૃ ૧૦૨ જુઓ.

૨ कहं चरे कहं चिट्ठे, कहमासे कह सए। कहं भुजंतो भासंते, पावं कम्मं न बंधइ ॥ ३८ ॥ जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए, जयं भुजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥ ३९ ॥ दश० )

જયણાને નામે, ઉપસંહાર જયણાને માટે. જીવ, અજીવ અને બંનેને જાણનારો સંજમ જાણશે. ઉપસંહાર સંજમમાં ઉપક્રમ ને ઉપસંહારને એક બાજુએ રાખીએ પણ ગાથામાં જ આવીએ. સર્વ સાધુઓ આવી રીતે છે.

**તત્ત્વ જયણામાં**

જગતમાં જેને ભૂખ લાગી તેણે રસોઈ કરી. રસોઈ કરે તે જ ભૂખ ભાંગે તેથી બધા ધરાયલા છે? તત્ત્વ કયું? ચૂલા સળગાવવાનું પહેલું પણ મુદ્દો ક્યાં? ધરાવામાં. ચૂલો સળગાવવા ઉપર તત્ત્વ હોય તો સો ચૂલા સળગાવે. દાળ વગેરે ન લાવે તો? રસોઈ કરીને ધરાવામાં તત્ત્વ છે તેમ જયણામાં તત્ત્વ.

**ગીતાર્થ અને ગીતાર્થ નિશ્રા એ જ સાધુપણું**

જીવ, અજીવને જાણે ત્યારે સર્વ જીવોની ગતિ જાણે. ગતિ જાણે: પુણ્ય, પાપ, બંધ, અને મોક્ષ પણ જાણે. સંસારથી કંટાળો ને કંટાળાથી ત્યાગી આ બધો અનુક્રમ શા માટે? સદાચારની નીસરણી. નથી દેખવો ઉપક્રમ કે ઉપસંહાર કે નથી દેખવું ગાથાનું તત્ત્વ. દલીલથી પણ સાબિત કરે છે. અજ્ઞાનને 'નકામું' કહીએ છીએ. અજ્ઞાન ઉપર ચીઢાઇ ગયા છે એવું નથી. બિચારો જાણે નહિ તો શું કરે? જયણાદિક ન કરી શકે માટે અજ્ઞાન ખરાબ. અજ્ઞાનથી ખરાબી અજ્ઞાનપણે છે તેના કરતાં જયણા નહિ પાળે તેની ખરાબી છે. અજ્ઞાની કરવાનો શું? આ સુંદર, અસુંદર, વિરતિનો લાભ, અવિરતિનું નુકશાન જાણે શું? ન જાણે તો કહી ન શકે. એને ખાતર અજ્ઞાન ખરાબ. અજ્ઞાની પણ જ્ઞાનીની નિશ્રામાં હોય તો તે જ્ઞાની જેવો માન્ય છે. એકલા જ્ઞાન ઉપર જઈએ તો અજ્ઞાની એકલો હોય કે નિશ્રામાં હોય તે નકામો. અજ્ઞાની પણ જ્ઞાની જેવા જ

છે, કારણકે જ્ઞાનીના વચનની નિશ્રાએ રહીને જ્ઞાનીની માફક વર્તાવ કરનારા એ હોય છે. અગીતાર્થ જો ગીતાર્થની નિશ્રાવાળો હોય તો તેનું સંયમ માન્ય.

**જ્ઞાન પારકું પણ કામ લાગે**

આચારની પ્રબળતા કેટલી બધી સ્વીકારી? એક દેખતો હોય અને એક આંધળો હોય, આંધળો દેખતાની આંગળી પકડનારો હોય અને જ્યાં જવું હોય ત્યાં બંને સાથે જાય. તો પછી દેખનારા અને નહિં દેખનારામાં ફરક નહિં. જ્ઞાન પારકા આત્મામાં રહેલું તે કામ લાગે છે. અગીતાર્થની નિશ્રાએ સાધુપણું માન્યું તેમ અવિરતિની નિશ્રાએ સાધુપણું માન્યું નહિ.

**જ્ઞાન સાથે દયાની પણ આવશ્યકતા**

શંકા—જ્ઞાન બીજાના આત્મામાં રહેલું ફળ ન દે તો પછી બીજાના આત્મામાં રહેલી વિરતિ કેમ ફળ ન દે? સમાધાન—પારકું જ્ઞાન બીજાને કામ લાગે, પણ પારકું ચારિત્ર બીજાને કામ ન લાગે. અગીતાર્થને પણ ગીતાર્થની નિશ્રાથી જ્ઞાન માન્યું. જવું હોય તેને ટાંટીઆમાં જોર જોઈશે. આચાર, ચારિત્ર પવિત્ર ક્રિયા એ તો શાસનમાં લેવી પડશે; જ્ઞાન તે માત્ર સાધન તરીકે. જ્ઞાન પહેલાં પણ તેથી તત્ત્વ તો દયાનું જ લાવવાનું છે. જો જ્ઞાનની અંદર દયાનો ઉદ્દેશ ન રહે તો તે જ્ઞાનને જ્ઞાન માનવા જૈન શાસન તૈયાર જ નથી. આથી જ્ઞાનને ખસેડવું છે એમ માનશો નહિ.

**દયાના સાધન તરીકે જ્ઞાન**

**દશવૈકાલિક**માં પહેલું જ્ઞાન કહ્યું છે. જ્ઞાન એ શાસનની જડ છે. **જેના પરિણામમાં સદાચાર હોય તે 'જ્ઞાન.'** જ્ઞાન, જ્ઞાન તરીકે ઉપયોગી નથી, પણ જ્ઞાન દયાના સાધન તરીકે ઉપયોગી છે.

## આચાર ત્યાં સુધી જ શાસન

દ્વાદશાંગી ગૂંથતાં **આચારાંગ** કેમ ગૂંથ્યું? આચાર એ પ્રથમ, કેમકે એ ધર્મની જડ છે. આચાર છે ત્યાં સુધી જ શાસન છે. છઠ્ઠા આરામાં કથંચિત્ જ્ઞાન પામનારા થશે પણ સાધુપણું નહિ ચાલે તેથી શાસનનો વિચ્છેદ. સમ્યક્ત્વના માલિક ચારે ગતિવાળા અને સમ્યગ્જ્ઞાનના માલિક પણ ચારે ગતિવાળા, પણ ત્યાં તીર્થ નહિ. દેવતા, નારકી, તિર્યંચમાં તીર્થ નહિ. **નિર્ગ્રંથ વગર તીર્થ નહિ** '[1]ण विणा तित्थं णियंठेहिं'. શાસન પ્રવર્ત્યું ત્યારે ગણીએ કે જ્યારે ગણધરોની દીક્ષા થાય–જે દહાડે સાધુપણું થાય તે દહાડે શાસનની પ્રવૃત્તિ. જે દહાડે સાધુપણું બંધ થાય તે દહાડે શાસન બંધ. **મહાવીરને** ઋજુવાલિકામાં કેવળજ્ઞાન થયું. પણ તીર્થપ્રવૃત્તિ ક્યાંથી ગણીએ? દીક્ષા થઈ ત્યારથી. સાધુપણાની ઉત્પત્તિ ત્યાં તીર્થની ઉત્પત્તિ ને સાધુપણાનો છેડો ત્યાં તીર્થનો છેડો. તિર્યંચમાં દેશવિરતિ હોય તો પણ શાસન છે નહિ.

આ વિચારીશું ત્યારે **સુધર્માસ્વામીએ** બારે અંગની રચના કરતાં આચારને કેમ પ્રથમ સ્થાન આપ્યું તે સમજાશે. આથી **આચારાંગની** રચના કરી અને પછી **સૂયગડાંગની** રચના કરીને વિચારની વ્યવસ્થા કરી.

શંકા–ઠાણાંગજીમાં પાંચ મહાવ્રતોનું વર્ણન કરતાં પ્રાણાતિપાતવિરમણ કેમ કહ્યું? જીવહિંસા કેમ કહ્યું નહિ? સમાધાન–પહેલાં 'હિંસા' શબ્દમાં બે વસ્તુ હતી: પ્રમત્તયોગ

---

[1]ण विणा तित्थं णियंठेहिं णियंठा व अतित्थगा। छक्कायसंजमो जाव ताव दुण्हाऽणुसज्जणा ॥ (जी० भा० गा० ३१८)

અને પ્રાણનું વ્યપરોપણ. પ્રમત્તયોગના પચ્ચક્ખાણ નથી; પચ્ચક્ખાણ તો પ્રાણવ્યપરોપણનાં છે. હિંસાથી વિરતિ કહેવામાં પ્રત્યાખ્યાનીય, વિવેચનીય વસ્તુ છે. 'હિંસા' ન રાખીએ ને 'વધ' શબ્દ રાખ્યો હોત તો જીવવધથી વિરમું, કહેવામાં શી દશા થાત? સર્વથા મરણથી વિરમવાનું થાય. આંધળો, બહેરો કરવામાં કોઈ પણ પ્રકારે પ્રતિજ્ઞાને વાંધો રહે નહિ.

**વધના ત્રિવિધ ભેદો**

શંકા–[1]વધના ત્રણ ભેદ છે. (૧) જે પર્યાયમાં જે જીવ રહ્યો તે પર્યાયનો નાશ કરવો તે 'વધ.' પાણી પહેલાં મોજાના ઉછાળા નહિ હોય. પૂરી વાત થવા દો પછી બોલજો. (૨) જે દુઃખ ઉત્પન્ન કરવું તેનું નામ 'વધ.' નથી તો પર્યાયનો નાશ કર્યો, નથી દુઃખની ઉત્પત્તિ કરી, એટલા માત્રથી વધ સંપૂર્ણ થઈ ગયો એમ નહિ. (૩) પરિણામની ક્લિષ્ટતા કરવી. આ ત્રણેનું નામ 'વધ'. પર્યાયનો નાશ, દુઃખની ઉત્પત્તિ અને પરિણામની ક્લિષ્ટતા તે 'વધ.' જિનેશ્વર મહારાજે આ ત્રણનું નામ 'વધ' કહેલું છે, તે વધ પ્રયત્નથી, ઉદ્યમ કરીને, સાવચેતી કરીને વર્જવો જોઈએ માટે પઢમે વયે जीववहाओ वेरमणं કહી દો, પછી पाणाइवाय લંબાવો શું કામ?

**વર્જન આચાર પરત્વે, પ્રતિજ્ઞા પરત્વે નહિ**

સમાધાન–વર્જવાની અપેક્ષાએ તેં જણાવેલો વધ વર્જવાનો છે પણ મહાવ્રતમાં પ્રાણાતિપાતવિરમણ રાખ્યું તેનું કારણ ધ્યાનમાં લે. વધ એ જગતમાં વર્જવો અસંભવિત છે. અયોગિ,

---

१. दुःखोत्पत्तिर्मनः क्लेशः तत्पर्यायस्य च क्षयः । यस्याः स्यात् सा प्रयत्नेन, हिंसा हेया विपश्चिता ॥ (हारिभद्रीयहिंसाष्टक–अवचूर्णि)

અયોગિ કેવલીની દશા વિચારીએ તો ત્યાં પણ પર્યાયનો નાશ અને દુઃખની ઉત્પત્તિ એ બે વર્જી શકાતાં નથી. છતાં જળમાં સિદ્ધ થયેલા, દરિયામાં, નદીમાં સિદ્ધ થએલા આપણે માનીએ છીએ. જે વખત સિદ્ધ થનારાનાં શરીરો નદી, દરિયા, જલાશયમાં હોય તે વખત જીવોને અંગે પર્યાયનો નાશ છે કે નહિ? દુઃખની ઉત્પત્તિ છે કે નહિ? પર્યાયનો નાશ ને દુઃખની ઉત્પત્તિ છે. 'વધ' વર્જવો એ અશકય છે એટલું જ નહિ, પણ અસંભવિત પણ છે. આ જે કહ્યું તે પ્રવૃત્તિને અંગે. આ ત્રણ પ્રકારનો જે વધ કહેલો છે તે વધનું વર્જન આચાર પ્રત્યે છે પણ પ્રતિજ્ઞા પરત્વે નથી. વર્તનની અપેક્ષાએ 'પાણી, વનસ્પતિ, વાયરાની વિરાધના ન થાય તેમ વર્તજે' એમ શ્રાવકને કહીએ છીએ.

આચારને અંગે આપેલો ઉપદેશ પ્રતિજ્ઞામાં ઉતારી દે તો તું સ્થાનને સમજેલો નથી. આચાર બતાવવામાં વાંધો નથી. પણ પ્રતિજ્ઞા ન કરી શકાય. વધ વર્જવાને અંગે ઉપદેશ આપ્યો તે લાયક અને જરૂરી, પણ પ્રતિજ્ઞાનો વિષય ચાલે છે. પ્રતિજ્ઞાને અંગે ન ચાલે. પ્રતિજ્ઞા લઈએ તો એક એક જલસિદ્ધ થયા તે પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ છે એમ કહેવું પડે છે. શ્રાવકને એકેંદ્રિયની વિરાધના વર્જવાની હતી, તે વર્જીત થઈ ગઈ, આચારને અંગે વર્જવાની હતી. આચારનો વિષય છે. પ્રતિજ્ઞાનો વિષય છે. **સર્વ પ્રાણાતિપાતવિરમણ એ પ્રતિજ્ઞાનો વિષય છે.**

# વ્યાખ્યાન ૧૯

## ધર્મની જડ

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી**એ ભવ્ય જીવોના ઉપકારને માટે દ્વાદશાંગીની રચના કરતા થકા આચાર એ **ધર્મની** મૂળ જડ છે એમ કહ્યું. તીર્થપ્રવૃત્તિ એ પણ મહાવ્રતના ઉચ્ચારણને અંગે થયેલી હોઈને આચારની જડવાળી ગણાય. તીર્થનું ટકવું સાધુપણું હોય ત્યાં સુધી.

## અવકેશી જ્ઞાન કયું ?

જ્ઞાનનો આદર જ્ઞાનના મુદ્દાથી કરાયેલો નથી. આદરવા લાયક વસ્તુનો ખ્યાલ આવે તેથી તે આદરી શકાય, છાંડવા લાયકને છાંડી શકાય તે માટે જ્ઞાન છે. ગ્રહણ કરવા લાયકનું ગ્રહણ કરવું અને છાંડવા લાયક છાંડવું એ ફળ જ્ઞાનનું છે. જે જ્ઞાન થયા પછી આદરવા લાયકને આદરી ન શકયા, છાંડવા લાયકને છાંડી ન શકયા, તો જેમ ઝાડને ફળ ન આવે તેને 'અવકેશી' કહે છે. તેમ તે જ્ઞાન પણ 'અવકેશી' કહેવાય.

## જ્ઞાનની સાર્થકતા શાથી ?

વાચકવર્ય **ઉમાસ્વાતિજી**એ **પ્રશમરતિ**માં જણાવ્યું કે [1]"ज्ञानस्य फलं विरति" જ્ઞાનનું ફળ વિરતિ છે. જ્ઞાન એ જ્ઞાનની અપેક્ષાએ આદરવાનું હોતું નથી. વિરતિ થાય તો જ જ્ઞાન ગણવું. આદરવા લાયક આદરાય અને છાંડવા લાયક છંડાય.

---

१ विनयफलं शुश्रूषा गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम्। ज्ञानस्य फलं विरतिर्विरतिफलं चास्रवनिरोधः ॥ (प्रशमरति श्लो० ७२)

## મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન, એ અજ્ઞાન શાથી?

શંકા—તમે તો જબરા પક્ષપાતી, તમારૂં ટીલું ધરાવે તે જ્ઞાનવાળો. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનવાળો, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનવાળો. એ શું હાબડીને હાબડી નથી જાણતો, નથી માનતો? એ પાનાને પાના તરીકે જાણે છે અને માને છે. જેમ સમ્યગ્દૃષ્ટિ માને છે તેમ મિથ્યાદૃષ્ટિ પણ પાનાને પાના માને છે. સરખું જ્ઞાન છતાં એકને જ્ઞાન અને બીજાને અજ્ઞાન! સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન તે જ જ્ઞાન. અફીણને કડવું, ગોળને મીઠો તમે કહો, એવું તે પણ કહે. બે સરખા છતાં એકને જ્ઞાની, બીજાને અજ્ઞાની શા મુદ્દાથી કહો છો?

સમાધાન—એકાંતવાદ હોવાને લીધે સત્, અસત્પણાનો ફરક નથી પડતો. સમ્યગ્દૃષ્ટિને ચાહે જેવો ઇષ્ટ વિષય હોય તો પણ એ પુદ્ગલના સ્વભાવ અનિષ્ટને અનિષ્ટ તરીકે જાણે. હેયમાં ઉપાદેયની બુદ્ધિ આવે ત્યાં પુદ્ગલની દૃષ્ટિ આવી. સમ્યગ્દૃષ્ટિ થવું દરેકને ગમે છે, પણ મિથ્યાદૃષ્ટિ થવું કોઈને ગમતું નથી. પણ સમ્યગ્દૃષ્ટિની સ્થિતિ કેવી મુશ્કેલી ભરેલી છે તે વિચારવું નથી.

### 'જિતશત્રુ'નું ઉદાહરણ

**જિતશત્રુ** રાજા છે અને **સુબુદ્ધિ** પ્રધાન છે. (ज्ञाताजी० अ० १२ सू० ९८-९९) બંને ખેલવા નીકળ્યા. ખાઈ આવી. ખાઈમાં આખા ગામની દુર્ગંધી હતી. રાજાએ દુર્ગંધનું સ્થાન આવ્યું ત્યારે મોંએ ડૂચો દઈને ઘોડો દોડાવી મૂક્યો. સુબુદ્ધિ સમકિતી છે. તેને વિચાર આવે છે. પુદ્ગલના પરિણામને આ જીવો સમજી શકતા નથી. પાડોશીને ત્યાં

સળગતો પૂળો ઘાલે છે. વગર સગાંસંબંધીએ મોકાણ શાની માંડે છે? તારે ને પુદ્ગલને સંબંધ કયો કે જેની ઉપર તું અરર! અહોહો! કરે છે. આ વાત મારા માલિકના ખ્યાલમાં આવી નથી, તો એની સેવામાં રહ્યો શા કામનો? સહસ્રયોધી રહ્યો હોય ને કોઈ રાજાને ધોલ મારી જાય તો સહસ્રયોધી નોકરીમાં હાજર હોય ને પેલો ધોલ મારી જાય તો તેને ધિક્કાર. હું પણ ધર્મ પામેલો છું ને પુદ્ગલનું સ્વરૂપ જાણેલો છું. એવાની તહેનાતમાં મોહરાજા રાજાને ધોલ મારી જાય તેથી મને શરમ આવે છે. 'બાવના' ચંદન છેદ્યું, બાળ્યું કે ઘસ્યું તો યે સુગંધ આપે. સમકિતના મોંઢામાં ચાહે તો સંપત્તિ કે વિપત્તિ હોય તો જેમ ચંદન કોઈ દિવસ દુર્ગંધી વમે નહિ, તેમ આ જીવ પણ ચાહે તેવા ઈષ્ટ સંયોગમાં, અનિષ્ટ સંયોગમાં પોતાની સાચી સમજણને તજે નહિ.

### સ્થૂલભદ્રની પરીક્ષા

[1]સ્થૂલભદ્ર બાર વર્ષ સુધી વેશ્યાને ત્યાં રહ્યા છે. પછી પહેલવહેલો મુનિ વેશ લે છે. રાજા પરીક્ષા શામાં લે છે? હાથી મરી ગયો છે. લોકોની નાસભાગ, પણ સાધુ સ્થિર. એમાં એની પરીક્ષા. સીધી લાઇને ચાલ્યા જાય છે, ત્યારે રાજાએ જાણ્યું કે સાધુ છે.

### સમ્યગ્દૃષ્ટિના વિચાર

હવે મૂળ વાત પર આવો–પ્રધાન કહે મારા સંસર્ગમાં

---

1. राया भणइ–पेच्छह कवडत्तणेण गणियाघरं पविसइ, आगासतलगओ पेच्छइ, जहा मतकडेवरस्स जणो अवसरइ मुहाणि य ठावइ, सो भयवं तहेव जाइ। (आव० हारि० पृ० ६९९).

આવેલો તેને ધર્મ ન આપું તો હું ધર્મ પામેલો કામનો શું ? સજ્જનોના ગુણો પ્રાપ્ત થયેલાના 'સંસર્ગ'માં આવીને સમ્યગ્દૃષ્ટિની પ્રશંસા ન કરે તો દોષ; પ્રશંસા ન કરે તો અનાચાર, ને પ્રાયશ્ચિત્તનું સ્થાન. રાજાને કેવી રીતે સમજાવવો એ વિચારી પોતે નોકરને હુકમ કર્યો કે આમાંથી પાણી લઇ લેજે. ખરાબ ખાઇમાંથી પાણી લઇ લીધું. એ પાણીને રેતી, કોલસામાંથી ગાળી સ્વચ્છ કરી, વાસિત કર્યું. પાણી તૈયાર થયું ત્યારે રાજાને જમવા બોલાવ્યો. નોકરને કહી રાખેલું કે પેલું પાણી આપજો રાજા કહે : અરે પ્રધાન ! પાણી જેવી ચીજ તે તેં મારાથી છાની રાખી ? આ જે સ્થાનનું પાણી હોય તેમાંથી અમે ભરી લાવીએ તો ખૂટી જાય એમને?

પ્રધાન બોલ્યા—આપને આવેશ ન આવે તો કહું. જે ખાઈ આગળ ઘોડો દોડાવીને આપ નાઠા હતા તે આ પાણી. રાજા એકદમ ચમક્યો ! ન હોય એ પાણી ! કોયલાને ચાહે તેટલો ધોઇએ તો ખડી ન થાય.

પ્રધાને બધી પ્રક્રિયા બતાવી. આ પાણીને આ બધાં સાધનો, એ સંસ્કાર કરતાં એલચી, લવિંગને જે રૂપે મેળવવાં તે રૂપે મેળવે, ગંધ આવે તે રૂપે. એ તૈયાર કરેલું પાણી બતાવ્યું, ત્યાં કબૂલ કર્યું. કોલસો કાળો હોય છે. એમાંથી ગોળી કરે છે તે સફેદ. પરિણામનું પલટવું તે પુદ્ગલનો સ્વભાવ. જ્યાં રાજાએ મહેનત દેખી ત્યારે રાજાએ પૂછયું: રોજ આવી રીતે કરે છે? ના સાહેબ, આપને માટે જ કર્યું છે. બીજું પાણી લાવીને કર્યું હોત તો અપૂર્વ થાતને ? ના. આમાં એક કારણ છે. આપ એ ખાઈના પાણીને દેખીને દોડી ગયા ત્યારે આપને પુદ્ગલનો વિચાર ન આવ્યો. પુદ્ગલના

ખરાબપણાને લીધે તમારામાં ખરાબપણું દેખ્યું તેથી મારે આટલી મહેનત કરવી પડી. પુદ્ગલનું સ્વરૂપ સમજાવ્યું. **જિતશત્રુને** સમકિત પમાડયું.

## પુદ્ગલનો દ્વેષ એ પારકી લાય

સુબુદ્ધિમાં જે પરિણતિ ઉત્તમ હતી તે રાજામાં કેમ ન આવે? પારકાને ત્યાં લાગેલી લાય પોતાને ત્યાં કેમ આવવા દે? પાંખ ઘરની કાપી નાખવી જોઈએ. **સુબુદ્ધિ** પ્રધાન, રાજાને માર્ગે લાવવા માટે, પુદ્ગલનું પરિણમન કેમ થાય છે તે સમજાવીને પુદ્ગલનું ચાહે તે પરિણમન થાય તેમાં આપણે ઘેરે લ્હાય લગાડવી નહિ. પણ તે પદાર્થની અંદર આ જીવ દ્વેષ કરે છે. ગટર ( Gutter )નું પાણી જોઈ દ્વેષ કરે છે, એ જ પાણી જઈને શાક થયું તેને આદરથી લે છે. શાથી? સંસ્કારથી બદલાયું તેથી. તે જ અર્થ ઉપર દ્વેષ કરીએ છીએ, તે જ અર્થ ઉપર લીન થઈએ છીએ.

નિશ્ચયથી વિચારીએ તો જીવને ઈષ્ટ, અનિષ્ટ નથી. પારકી લ્હાય ઘરમાં ન ઘાલો. પુદ્ગલના પરિણામની વિચિત્રતા ખ્યાલમાં આવી હોય તો, પાનાંને પાનાંરૂપે કહે, પણ પોતાને ઘેર લ્હાય ન લગાડે. સમ્યગ્દૃષ્ટિને જે જ્ઞાન થશે તેમાં એક ભવ હેતુ થવા દેશે નહિ. જ્યારે મિથ્યાદૃષ્ટિને જે જ્ઞાન થશે, ઊનાને ઊનું કહેશે. સમ્યગ્દૃષ્ટિ વસ્તુરૂપ જણાવે છે, અરે કાંઈ નથી-રાચવું માચવું નહિ એ જ્ઞાનનું ફળ તેથી કર્મબંધન નહિ.

## કેવું જ્ઞાન સંસાર વધારે?

જ્યારે સારૂં દેખ્યું ત્યારે હાશ! ખરાબ દેખો ત્યારે અરે! જે જ્ઞાન થાય તે હાશ! અને અરે!માં પરિણમે એ જ્ઞાન તે સંસારવૃદ્ધિનું કારણ બને છે.

## વિરતિરૂપ ફળ વિનાનું જ્ઞાન અજ્ઞાન

જ્ઞાનનું ફળ વિરતિ તે ન થવાથી મિથ્યાદૃષ્ટિના જ્ઞાનને જ્ઞાન કહી શકતા નથી, કેમકે એને વિરતિનું ધ્યેય ન હોય. સમ્યગ્દૃષ્ટિના બોધને જ્ઞાન તરીકે મનાયું તે સદાચારના ધ્યેયને લીધે. આદરવા લાયકને આદરવાની, મોક્ષ મેળવવાની બુદ્ધિ ન હોય તો સમ્યગ્દર્શન નહિ. અહીં લાલ પડદો કરેલો હોય અને સામો સૂર્ય હોય, એનું અજવાળું એના પર પડે છે. વસ્તુની લાલાશ દેખાય. પણ વસ્તુ લાલ નથી અહીં આભાના સમકિત ન લેવાં. શાસ્ત્રની વાત ચાલતી હોય ત્યાં પુદ્ગલ આમ છે. ઉદયા એટલે ખંખેર્યું. સમ્યક્ત્વની સ્થિતિ [1]છ.સઠ સાગરોપમથી અધિક.

જ્ઞાન, 'જ્ઞાન' તરીકે ક્યારે ગણ્યું? વિરતિ ઉપર ધ્યેય રહ્યું હોય ત્યારે. જ્ઞાન જ્ઞાનરૂપે આદરેલું નથી પણ વિરતિના કારણ તરીકે આદરેલું છે. પહેલું જ્ઞાન ખરૂં. પહેલાં ચૂલો સળગાવવાનો, પણ કરવાનું શું? રસોઈ. જેમાં વિરતિ આવે નહિ તે જ્ઞાન નકામું.

શંકા–જ્ઞાનથી દયા થાય તે સીધું કહેવું હતું. શા માટે પઢમં નાણં તઓ દયા" કહેવું પડ્યું? એક જ પદમાં બે વાક્યો શા માટે?

સમાધાન-પહેલાં જ્ઞાન થાય છે, પણ તે જ્ઞાન શા માટે? દયા માટે. માટે જ્ઞાન મેળવી દયામાં આવ.

જગતમાં જ્ઞાન જ્ઞાનરૂપે આદરાયું નથી; જ્ઞાન ફળરૂપે આદર્યું છે. ઘરનાં નળીઆં ગણ્યાં છે? લૂગડાના તાંતણા

---

૧ (તાત્વિક પ્ર૦ પૃ. ૮૫ જુઓ.)

ગણવા બેઠા છો? ગણો તો જ્ઞાન થાત ને? નળીઆં ગણ્યાં હોત તો નળીઆનું જ્ઞાન થાત ને? ઉપયોગ શેનો? જ્ઞાન જ્ઞાનરૂપે લેવાતું હોત તો એનો ઉપયોગ શો? એ કોઈ દિવસ રહેતું નથી. સુખ શા માટે એ સવાલ થતો નથી. સુખ સુખરૂપે આદરવા લાયક છે; હેતુ તરીકે આદરવા લાયક છે. જ્ઞાન જ્ઞાનપણે લેવાતું નથી; હેતુ તરીકે એ લેવાય છે.

## જ્ઞાન, સાધન તરીકે, નહિ કે સાધ્ય તરીકે-

નળીઆં ગણવાં તેનો ફાયદો શો? જ્ઞાન સાધન તરીકે ગણ્યું. તેનાથી દયા થાય છે માટે 'જ્ઞાન' જ્ઞાનની કિંમત શાને લીધે? રાજાને ત્યાં જન્મેલા છોકરાની કિંમત રાજપુત્ર તરીકે છે, પુત્ર તરીકે નથી આશ્રવને છાંડવા અને સંવરને આદરવા માટે જ્ઞાનની જરૂર છે. જ્ઞાનનું જ્ઞાનપણે આરાધ્યપણું નથી. આચારને અંગે **જ્ઞાનનું** આરાધ્યપણું છે. **પ્રશમરતિમાં** "**ज्ञानस्य फल विरतिः**" કહ્યું છે. હેયનું હેય, ઉપાદેયનું ઉપાદાન. **तओ दया** ધ્યાનમાં લઈશું ત્યારે સમજાશે કે પ્રથમ આચારનું ધ્યેયપણું છે. **દશવૈકાલિકમાં શય્યંભવસૂરિજી** "पढमं नाणं तओ दया" એમ કહે છે, તે એટલા માટે કે જ્ઞાનમાં બે વાત: જાણે, પણ દયા ન યે કરે. સંભવ વ્યભિચારનો છે. જેણે દયા કરી તેને પાપ નથી, કટુક ફળ નથી. અર્થાપત્તિથી આખો ઉપસંહાર થઈ ગયો. ઉપક્રમ કર્યો. કટુક ફળના અભાવને લીધે પાપકર્મ ન થાય. તે પાપબંધ થાય તો કટુક ફળ થાય. ઉપસંહારની વખતે પાપફળ, કટુક ફળની વાત છોડી દીધી. 'જ્ઞાન,' જ્ઞાન અને દયા બેને અંગે વ્યભિચાર છે. તેથી 'तओ दया' કહેવું પડયું. દયાના ધ્યેયે જ્ઞાન આદરવાનું છે.

## આચારની દૃષ્ટિએ જ્ઞાનની સફળતા

જ્ઞાન આચારની દૃષ્ટિએ સફળ છે, માટે પહેલાં આચારની જરૂર છે. **સુધર્માસ્વામીજી**એ પહેલાં **આચારાંગ**ની રચના કરી; પછી આચારમાં પ્રવર્તેલો પુરુષ મળવામાં મિનિટ અને જાળવવામાં જીંદગી. એક લાખની ચીજ લઇને બજારમાં જાય, લાખની મિલ્કત હોય ને ચેક આપો લઇ આવ્યો, પણ લાવ્યા પછી જાળવવામાં જીંદગી જોઇએ. તેમ **આચારાંગ**થી આચારની પ્રાપ્તિ કરાવી દીધી, છતાં જાળવવા માટે જીંદગીનો પ્રયત્ન જોઇએ. તેને માટે **સૂયગડાંગ**માં વિચારની વ્યવસ્થા કરી નાંખી તેથી મળેલો આચાર ઓછો ન થાય, ખસે નહિ. વિચારની વ્યવસ્થા કર્યા પછી **ઠાણાંગજી**માં પાંચ મહાવ્રતો કહ્યાં.

## પ્રમત્ત યોગ તરીકે પચ્ચક્ખાણ નહિ

"पाणाइवायाओ वेरमणं" હિંસામાં પ્રમત્ત યોગ, પ્રાણવ્યપરોપણે હિંસા. પ્રમત્ત યોગની પ્રતિજ્ઞા કરવાની નથી હિંસાથી વિરમવાનું ન બને, હિંસા વગેરેમાં પ્રમત્ત યોગ બધાને લાગેલો છે. સ્ત્રી-ગમનમાં લાગેલો નથી. શાસ્ત્રકારે મનાઇ કરી, તેથી પ્રમત્ત યોગ શાના લગાડો છો? પ્રમત્ત યોગ પદ ન લાવવું. તે હિંસામાં બે પ્રકાર છે; જૂઠમાં બે પ્રકાર છે; અદત્તાદાનમાં બે પ્રકાર છે; અને મૂર્ચ્છામાં બે પ્રકાર છે. આમ ચારમાં બે પ્રકાર. અહીં ચોથામાં વિશેષણનો વ્યભિચાર નથી. પ્રમત્ત યોગ પાંચેમાં લાગુ પડે છે તે એને એ નામથી કહી શકીએ નહિ. 'મન' સ્પર્શ, ગંધ વગેરે જાણવામાં લાગુ. રસને મનનો વિષય કહેતા નથી. મન બધામાં લાગુ પડે છે તે સાધારણ કારણ છે. પ્રમત્ત યોગ એ પાંચે પાપસ્થાનકોને અંગે સાધારણ કારણ છે, તેથી પ્રમત્ત યોગ હિંસારૂપ છે એમ કહી શકીએ નહિ. પ્રમત્ત યોગ

તરીકે પચ્ચક્ખાણ થતાં નથી. પ્રાણવ્યપરોપણથી વિરમણ કહીએ છીએ. જીવના વધથી વિરમવાવાળાને જીવનો વધ જ થતો નથી. કારણકે અનાદિ નિધન જીવ છે. તેથી जीवरक्षाओ वेरमणं અસંભવિત. જો એમ કહીએ તો જીવને 'અનિત્ય' માનવો પડે.

## જીવ અને મરણની સમજ

જીવ કોણ? જીવન કરનારો. જેણે દશ પ્રાણથી જીવન કર્યું છે, અને કરશે તે 'જીવ.' જીવે છે તેનું નામ [1]'જીવ' બોલીએ છીએ. સમજ્યા હોય તો એમ કહીએ નહિ. જીવ્યો છે, જીવે છે, અને જીવશે તે જીવ. જીવે છે તે જીવ એમ તો નાસ્તિકને કબૂલ છે. નાસ્તિકને દશે પ્રાણ માન્ય છે, માટે શાસ્ત્રકારોએ જે જીવ્યો, જીવે છે અને જીવશે તે 'જીવ' એમ રાખ્યું. જીવન કરનારો જીવ. પણ એ જીવ ન રહ્યો, પ્રાણને ધારણ કરનારો તે 'જીવ.' વધ થશે તો પ્રાણનો થશે. પ્રાણની સાથે વિયોગ તેનું નામ 'મરણ.' જીવનો નાશ બન્યો નથી, બનશે નહિ અને બને નહિ. જીવથી વિરમણ ન કહ્યું તેથી પ્રાણાતિપાત વિરમણ કહ્યું. પ્રાણનો અતિપાત સંભવિત છે.

દેવદત્ત છૂટો પડયો, યજ્ઞદત્ત છૂટો પડયો એમ કહી શકાય. એકલો છૂટો પડયો એમ ન કહી શકાય. વિયોગ છે. જીવ પ્રાણથી છૂટો પડયો, પ્રાણ જીવથી છૂટો પડયો તે કબૂલ. પ્રાણ અને જીવ બે એકરૂપે મળેલા હોવાથી છૂટા પડવું તેનું નામ 'હિંસા.'

શંકા—જીવ અને પ્રાણના વિયોગનું નામ 'મરણ' છે.

---

1. एगे जीवे० एकः—केवलो जीवितवान् जीवति जीविष्यति चेति जीवः—प्राणधारणधर्मा आत्मा। (टाणा० पृ० १०)

તો જીવાતિપાત કે પ્રાણાતિપાત રાખો તે સરખાં જ છે! સમાધાન—મહાનુભાવો! શાસ્ત્રકારો ઘણા આગળ વધીને ચાલ્યા છે. જ્યાં સુધી વીતરાગ દશા આવી નથી, સંજ્વલન કષાયની ચોકડી ગઇ નથી, ત્યાં સુધી પ્રતિજ્ઞા કરે તો પણ દૂષણની તરવાર તો લટકતી જ છે. દૂષણની તરવાર લટકતી રહે તેનાથી બચવું એ દરેકની ફરજ.

## અંતર્મુહૂર્ત તો અપ્રમત્તપણું આવવું જોઇએ

જીવાતિપાતથી—પ્રાણાતિપાતથી બચવાની પ્રતિજ્ઞા કરી, તેથી હમેશાં તૈયાર રહેવું જોઇએ. દૂષણો તો લાગવાનાં, તો તૈયાર કેમ થવું? દુનિયામાં ધૂળ ઊડયા વિના રહેશે નહિ પણ ઘરધણીએ સાવરણી રાખવી જોઇએ. વધારે વાયુ આવે ત્યારે બારણાં બંધ કરીએ છીએ, પડદા રાખીએ પણ ધૂળ સર્વથા બંધ થતી નથી, તેમ દૂષણ લાગવાનાં. સવારે मिच्छा मि दुक्कड કહે છે પછી સાંજે, પછી પક્ખીમાં, ચોમાસીમાં, સંવચ્છરીમાં દુક્કડં કરવાનું આવા ચેડા કહે છે. ક્ષણે ક્ષણે પ્રમત્તદશાનો પ્રવાહ વહ્યો છે.

આજકાળ દુઃષમાકાળ છે, પણ કેવળજ્ઞાન ચાલતા વખતની સ્થિતિ લઇએ. ક્રોડ પૂર્વની સ્થિતિ દેશોનક્રોડ પૂર્વ સુધી સાધુપણું પાળે, એમાં અંતર્મુહૂર્ત તો અપ્રમત્તપણું આવવું જોઇએ. અપ્રમત્તપણું અંતર્મુહૂર્ત. તે અપ્રમત્તપણું એકઠું કરીએ તો અડતાળીસ (૪૮) મિનિટથી-અંતર્મુહૂર્તથી વધે નહિ (भग. पृ. ૧૮૫). ચોર્યાસી લાખ વર્ષને ચોર્યાસી લાખ વર્ષ ગુણો ત્યારે=એક પૂર્વ. એવાં ક્રોડ પૂર્વ તેમાં અડતાળીસ મિનિટ. હિસાબ મૂકો તો વર્ષે કેટલું? અપ્રમત્ત-

પણાનું અંતર્મુહૂર્ત એ વીજળીના ઝબકારા જેવું છે.

**અપ્રમત્તપણાની** આ જીવને મુશ્કેલી કેટલી? આવી **મુશ્કેલી હોવાથી** આજે પ્રાણાતિપાતનું કે જીવાતિપાતનું વિરમણ કરે તેમાં નિર્દોષપણું કેટલું રહે? ભાડુતી ઘરમાં રહેવા લાગે ત્યાં સાવરણી જોઈએ. મહાવ્રતો ઉચ્ચારવાની સાથે પ્રાયશ્ચિત્તની શુદ્ધિ તો જોઈએ.

## પ્રાણોના હિસાબે શુદ્ધિ ને પ્રાયશ્ચિત્ત

જીવાતિપાત નહિ લેતાં પ્રાણાતિપાત લેવું તેમાં બીજી વાત કેમ? કાંઇ સંબંધ? શુદ્ધિનું પ્રાયશ્ચિત્ત પ્રાણના હિસાબે છે; જીવના હિસાબે નથી. હિંસાનું પાપ પ્રાણના હિસાબે છે. એક એકેદ્રિયને મારે ને એક મનુષ્યને મારે. જીવ તરીકે બંને સરખા. પ્રાયશ્ચિત્ત સરખું જોઇએને? શાસ્ત્રકાર કોઈ દિવસ એક માને ખરા? એકેંદ્રિયને મારે તો એક મર્યો, મનુષ્યને મારે તો એક મર્યો છે ને? જીવાતિપાત સરખો રહે. પ્રાણાતિપાતમાં ફરક પડયો. પ્રાણને હિસાબે પ્રાયશ્ચિત્ત. પ્રાણના હિસાબે શુદ્ધિ. પણ જીવના હિસાબે નથી તો પ્રાયશ્ચિત્ત ગણવાનું નથી તો શુદ્ધિ ગણવાની. **અધિક પ્રાણના બચાવને માટે અલ્પ પ્રાણની વિરાધના ક્ષંતવ્ય ગણાય.**

મુનિરાજ રસ્તામાં વિહાર કરી રહ્યા છે. બે જ રસ્તા છે. એક રસ્તો પાણીમાં થઇને જવાનો છે અને બીજો લીલોતરીમાં થઇને જવાનો છે. ઉત્સર્ગ ને અપવાદ આમાંથી નીકળે. એ ‘પ્રાણાતિપાત’ શબ્દ રાખો તો નીકળે. ‘જીવાતિપાત’ શબ્દ રાખો તો ન નીકળે.

## પ્રાણાતિપાત-વિરમણ રાખવાનું કારણ

પ્રાણાતિપાતને હિસાબે પડિલેહણ-પ્રમાર્જન છે. પુદ્ગલો

નરી ગતિ પામે. રેલ્વે આટલો બધો ભાર લઈને ચાલે છે. સંચાની સોય આટલી હોય છે. ચલાયમાનની સાથે વાયુનું ઉત્થાન છે. વાયુ બીજાને ચલાયમાન કર્યા વિના રહે નહિ. જીવાતિપાત રાખો તો પડિલેહણ, પ્રમાર્જનને દેશવટો દેવો પડે. ઉત્સર્ગ, અપવાદને અંગે વિચાર કરીએ. જીવને હિસાબે ત્રસ સ્થાવર સરખા છે. પ્રાણનો હિસાબ સરખો નથી. અહીં જીવનો હિસાબ નથી. તેથી પ્રાણાતિપાતવિરમણ રાખ્યું.

શંકા—પ્રાણનો હિસાબ રાખ્યો તો જુલમ થઈ ગયો. આખા જગતની હત્યા એક બાજુ અને વાટકી જેટલા પ્રાણીની વિરાધના એક બાજુ. પ્રાણનો હિસાબ રાખશો તો વાટકી કાચું પાણી પીધું તેનું પાપ લાગે તેના કરતાં બધાં મનુષ્યોને મારી નાખો તો ઓછું પાપ લાગે? 'પ્રાણાતિપાતવિરમણ' શબ્દ બોલી ગયા. સમાધાન—અહીં ક્ષયોપશમને લીધે પ્રાણાતિપાતવિરમણ છે. જ્ઞાનના ક્ષયોપશમમાં આવો. અનંતા એકેંદ્રિય ભેગા થાય તો રસને જાણવાની તાકાત નથી. અનંતા રસનાવાળા એકઠા થયા હોય તો ગંધ જાણવાની તાકાત ન આવે, દ્રવ્યપ્રાણમાં નહિ રહેતાં ભાવપ્રાણમાં આવશો ત્યારે પ્રાણાતિપાતવિરમણ કેમ રાખ્યું તે ખ્યાલમાં આવશે.

## મુનિ હત્યામાં અનંતુ વેર

ઋષિહત્યા કરનારાને [1]અનંતા વેર. એક વિકલ્પ. એક

---

१. (अ) पुरिसे णं भंते ! इसिं हणमाणे किं इसिं हणइ नोइसिं हणइ ? गोयमा ! इसिंपि हणइ नोइसिंपि हणइ, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जाव नोइसिंपि हणइ ? गोयमा ! तस्स णं एवं भवइ एवं खलु अहं एगं इसिं हणामि, से णं एगं इसिं हणमाणे अणंते जीवे

બાજુ ઋષિનું વેર અને એક બાજુ બધા જીવોનું વેર. મૃગને મારનારો એકલા મૃગના વેરને સ્પર્શ્યો. કોઈ મનુષ્ય કાવડ લઈને આવતો હોય. તેનું આગલું ફોડી નાખે તો પાછલું આપોઆપ ફૂટી જાય છતાં આગલા ફોડનારે તે ફોડયું એમ કહેવાય. આ ફોડી નાખ્યો એટલે પેલો આપોઆપ ફૂટી ગયો. એ ન્યાયે ઋષિઓ ચૌદ રાજલોકમાં ઉપદેશ આપતા હતા. તેથી 'કાપોતિકા'ન્યાયે ઋષિને મારનારો અનંતા વેરને સ્પર્શ્યો છે. સાધુ મહાત્મામાં જ્ઞાન વિરતિ માટે છે.

જીવ નહિ કહેતાં પ્રાણ શબ્દ કેમ રાખ્યો? વધ કેમ ન વાપર્યો? એ વાત હવે પછી.

---

हणइ से तेणट्ठेणं निक्खेरओ। (भग. सू. ३१०) (आ) 'इसिं' ति ऋषिम् 'अणंते जीवे हणइ' त्ति ऋषिं घ्नन्ननंतान् जीवान् हन्ति, यतस्तद् घातेऽनन्तानां घातो भवति, मृतस्य तस्य विरतेरभावेनानन्तजीवघातकत्वभावात्' अथवा ऋषिर्जीवन् बहून् प्राणिनः प्रतिबोधयति, ते च प्रतिबुद्धाः क्रमेण मोक्षमासादयन्ति, मुक्ताश्चानन्तानामपि संसारिणामघातका भवन्ति, तद्वधे चैतत्सर्वं न भवत्यतस्तद्वधेऽनन्तजीववधो भवतीति (भग. पृ. ४०५).

## વ્યાખ્યાન ૨૦

### જ્ઞાનની ઉપયોગિતા શી?

ગણધર મહારાજા **સુધર્માસ્વામીજી** ભવ્ય જીવોના ઉપકાર માટે, શાસનની પ્રવૃત્તિ માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ ચલાવવા માટે દ્વાદશાંગીની રચના કરતાં જણાવી ગયા કે જ્ઞાન એ જ્ઞાનના મુદ્દાએ આદરવાનું નથી. છાપરામાં નળીઆં ગણીએ તો શો ફાયદો? જાણવું એ જ. ફાયદો નથી. નાનાં બચ્ચાંઓને ગણવું એ ફળ છે. એમને અંગે ભણવુંગણવું એ ફળ ગણીએ છીએ તેનું કારણ આગળ વેપાર રોજગારમાં એ જવાનો એથી આગળ ફળ આપે તે તરીકે એને ઉપયોગી ગણ્યું.

### જ્ઞાન સાધન તરીકે ઉપયોગી

ગુજરાતીની બારાખડી શીખવો છો. પહેલાં અંગ્રેજી શીખવોને? જ્ઞાન થશે. એવા જ્ઞાનને શું કરે? જ્ઞાન, જ્ઞાન તરીકે, સાધ્ય તરીકે માન્યું નથી. વ્યવહારનું શિક્ષણ મેળવાય તે મેળવાતા નહિ. ફક્કાગું જ ભણતર શા માટે? બચ્ચાઓનાં જ્ઞાનમાં આપણી નેમ કયાં છે? એને વર્તનમાં ઉપયોગી થાય એમાં છે. શિક્ષણ છે એવી બૂમો મારે છે. જે શિક્ષણ ઉપયોગમાં ન આવે તે ગોખાવીને માથું ખાઇ જાય છે. જ્ઞાન, જ્ઞાન તરીકે ઉપયોગી નથી; સાધન તરીકે ઉપયોગી છે. ચક્ષુ દેખે. દેખવા માત્રથી ફળ નથી કાંટા દેખ્યા એટલે પગ ઉપાડીને સાચવીને ચાલે. [1]પાંગળો, આંધળો આ બેની સ્થિતિ

---

१ हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया। पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ (आव० नि० गा० १०१)

વિચારો. આંધળો દેખે નહિ; એની પ્રવૃત્તિ સાધ્ય વગરની હોય. પાંગળો દેખે, પણ પ્રવૃત્તિ કરવાની નથી. બન્ને લાઈમાંથી બચી શકે નહિ. સ્થલાંતરે જઈ શકે નહિ તો દેખ્યાનું ફળ શું? જ્ઞાન તો થયું છે ને? જેમ આગનું દેખવું એ બચાવ કરનાર ન હોવાથી વ્યર્થ જાય છે. દુનિયાદારીમાં છોકરાને અંગે, આગને અંગે થયેલું જ્ઞાન, જ્ઞાન જ્ઞાનરૂપે ફળદાયી નથી એ જોઈ શકયા. જો આંખો ન હોય તો દાવાનળમાંથી બચી શકવાનો નહિ. ઊલટો એવા ખાડામાં જઈ પડે કે મોડો મરતો હોય તો વહેલો મરે.

## ક્રિયારૂપે જ્ઞાનની ઉપયોગિતા

જ્ઞાન છે ઉપયોગી, પણ તે ઉપયોગી જ્ઞાનરૂપે નહિ. ત્યારે જ્ઞાન કયા રૂપે ઉપયોગી? જ્ઞાન એ ક્રિયાના સાધનરૂપે ઉપયોગી છે. અલ્પ જ્ઞાન પણ જો ક્રિયાની સિદ્ધિ કરનાર થયું તો તે ઉપયોગી. મોટું જ્ઞાન જો ક્રિયાની સિદ્ધિ કરનાર ન થયું તો તે નકામું. જેને પાપથી બચવાનું કાર્ય કરી લીધું, તે એટલું જ માત્ર જ્ઞાન ધરાવે કે પાપથી બચવું, વધારે નહિ તો એટલું જ્ઞાન ધરાવનારો જો પાપથી બચી ગયો તો તેને માટે બધાં ગુણઠાણાં ખુલ્લાં.

## પાપના જ પરિહારની આવશ્યકતા

બારમા ગુણઠાણાને છેડે અને તેરમા ગુણઠાણાની શરૂઆતમાં કેવળજ્ઞાન થવાનું પણ તેના પહેલાં સમયે આઠ-પ્રવચનમાતાનું જ્ઞાન હોય છે. બારમા ગુણઠાણાને છેડે આટલું જ્ઞાન હોય. ઉત્તરાધ્યયનના એ ( **पवयणमाया अ० २४** ) નામના અધ્યયનનું જ્ઞાન લેવું નહિ. જ્ઞાન નડતું નથી પણ પ્રકરણ નડે છે. જઘન્યનું પ્રકરણ લેવાનું હોવાથી એ ઉત્તરા-

ધ્યયનનું જ્ઞાન નહિ. માત્ર અષ્ટપ્રવચનમાતા એટલા જ્ઞાનવાળો બધાં ગુણઠાણાં મેળવી શકે, જ્યારે ક્રિયા વગરનો, પાપને નહિ વર્જનારો ત્રણ જ્ઞાનવાળો હોય તો પણ નકામો. મતિ, શ્રુત, અવધિને ધારણ કરનારો હોય તો નકામો. શાસનની રક્ષા કરે, શાંતિ કરે, શાસનની વેયાવચ્ચ (વૈયાવૃત્ય) અને સમાધિ આ બધું કરનારો હોય પણ એ હિસાબમાં નહિ. એને અંગે કાઉસ્સગ્ગ કરીએ ત્યારે वंदणवत्तिआए ન બોલી શકીએ. સમ્યગ્દૃષ્ટિ ત્રણ જ્ઞાનવાળા છે. શાસનની શાંતિ વગેરે કરનારા છે, પણ वंदणवत्तिआए નથી. ત્રણ જ્ઞાનવાળા છતાં પાપના પરિહારવાળા નથી. જેનાથી [1]પાપનો પરિહાર થાય તેવા અલ્પ જ્ઞાનવાળો હોય તો તે શિરસા વંદ્ય છે. આ વાત [2]ઉપાધ્યાયજીએ જણાવી.

## ગ્રંથિભેદ વિના સમ્યક્ત્વનો અભાવ

એક નિર્વાણપદ આત્માની રાગદ્વેષની, વિષય-કષાયની પ્રવૃત્તિમાં ન હોય, એક વાર એ વિચારાય તો કલ્યાણ થાય. થોડા પણ જ્ઞાનવાળાઓ આત્માને કાબૂમાં લઇ પાપથી નિવૃત્તિ કરી શક્યા તો તે જ્ઞાનની કિંમત ઘણી છે. આત્માને રાગદ્વેષ, વિષય-કષાયની પ્રવૃત્તિથી દૂર રાખો તો કલ્યાણ થાય. ગ્રંથિભેદ કર્યા સિવાય કોઈ સમ્યક્ત્વ પામતું નથી, અને સમ્યક્ત્વ પામ્યા સિવાય કોઈ મોક્ષે જઈ શકતું નથી. મોક્ષને માટે જેને ઇચ્છા

---

૧ अप्पंपि सुयमहीयं पयासयं होइ चरणजुत्तस्स। इक्कोपि जह पईवो सचक्खुअस्सा पयासे (आव० नि० गा० ९९)

૨ निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहुः। तदेव ज्ञानमुत्कृष्टं, निर्बंधो नास्ति भूयसा। (ज्ञान० अ० ५ श्लो० २)

હોય તેણે સમ્યક્ત્વ તરફ પહેલી પ્રવૃત્તિ કરવી જરૂરી છે. ઘીની પ્રવૃત્તિવાળાએ દહીં તરફ ધ્યાન રાખવું, પણ એ દૂધવાળા તરફ ધ્યાન ન રાખે તો? મોક્ષની ઈચ્છા રાખવાવાળાએ સમ્યક્ત્વ તરફ ધ્યાન રાખવાનું છે પણ સમ્યક્ત્વવાળાએ ગ્રંથિભેદ તરફ ધ્યાન રાખવાનું છે. કારણકે ગ્રંથિભેદ થયા સિવાય સમ્યક્ત્વ થવાનું નથી.

## ઉદ્યમની જરૂરિયાત

ગ્રંથિભેદ કહેવો કોને? વસ્તુ બનાવવી હોય તો પહેલાં ખ્યાલ લેવો જોઈએ. કોઈક ભાગ્યશાળીને ખ્યાલ વિના પણ બની જાય. જંગલમાં ભૂલા પડેલામાં અજાણ્યા છતાં કોઈકને માર્ગે આવી જવાનું થાય. ગ્રંથિભેદને જાણે નહિ પણ નિસર્ગ-સમ્યક્ત્વ થાય. તે તો કોઈક જંગલમાં ભૂલો પડેલો માર્ગે આવે તેવો જાણવો, પણ જો નિસર્ગ-સમ્યક્ત્વ સહેજે થઈ જતું હોત તો ઉદ્યમ કરવાની જરૂર રહેત નહિ. દુનિયામાં પણ જાણીતાને જોડે લેવાની મુસાફરીમાં જરૂર પડે છે. કાલચક્રની અપેક્ષાએ કેટલાક નિસર્ગ-સમ્યક્ત્વવાળા ગણાય પણ સામાન્ય રીતે કોઈક ગણાય છે માટે કરવાની ઈચ્છાવાળાએ ઉદ્યમ કરવો જરૂરી.

## ગ્રંથિનું સ્વરૂપ

ગ્રંથિભેદ કરવાની ઇચ્છા કોને હોય? ગ્રંથિ નથી જાણી ત્યાં શું થાય? ગ્રંથિ પહેલાં સમજવી જોઈએ કે ગ્રંથિ શી ચીજ છે. શાસ્ત્રકારે કહ્યું છે: દુર્ભેદ રાગદ્વેષનું પરિણામ તે જ 'ગ્રંથિ.' કર્કશ રૂઢ એવી ગાંઠ તે 'ગ્રંથિ.' કર્મથી થયેલો

---

१ गंठित्ति सुदुब्भेओ कक्खडघणरूढगूढगंठिव्व । जीवस्स कम्मजणिओ घणरागदोसपरिणामो ॥ (वि० आ० गा० १२००)

સજ્જડ રાગદ્વેષનો પરિણામ તે જ ગાંઠ. જરા વિચાર કર. સિત્તેર કોડાકોડી સાગરોપમ આગળ ગાંઠ નહિ. છાસઠ, સડસઠ, અડસઠ, અગણોતેર આગળ ગાંઠ નહિ. [1]એક કોડાકોડમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો થાય ત્યાં જ ગાંઠ.

શંકા—રાગદ્વેષની વૃદ્ધિ અહીં છે એમ કહેવું જોઈએ. જો રાગદ્વેષના પરિણામ સિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ બોલે ત્યાં ગાંઠ કહો. ત્યાં કોઈ ગાંઠ છે એમ કહેતું નથી. બધાં શાસ્ત્રો એક કોડાકોડ સાગરોપમ માત્ર રહી, અગણોતેર કોડાકોડ તૂટી–એક કોડાકોડમાંથી પલ્યોપમનો અસંખ્યાતમાં તૂટે ત્યારે ગાંઠ આવે એમ કહે છે.

સમાધાન—દરિયામાં મધ્ય ભાગમાં ઝોલાં આવાનાં ન હોય; વધારે ઝોલાં ખાવાનું કિનારા પર: તેવી રીતે આ જીવ સિત્તેર, અગણોતેરમાં ઝોલે ચઢેલો ન હતો, હતો પ્રવાહમાં. અહીં આવીને એક કોડાકોડ સાગરોપમ બાકી રહે ત્યારે ઝોલે ચઢે છે. કંઈ સ્પર્શ, રસ વગેરે મળે એ હતું.

તદ્દન નાનું બચ્ચું રમતમાં ચઢેલું હોય એને ભણવું-એ ધ્યેય નથી. રમવું એ ધ્યેય છે. પ્રવાહે ચાલે છે, જ્યાં પાંચ, સાત વર્ષનો થયો કે નિશાળે બેસાડયો. નિશાળે જાય ત્યારે ભણવાનું; બહાર આવે ત્યારે રમવાનું.

કોડાકોડ સાગરોપમ મોહનીય કર્મ બાકી રહે ત્યાં સુધી રૂપ રસ તરફ દોરાયેલો; જ્યાં અહીં આવ્યો ત્યાં ગ્રંથિ નજીક. મોક્ષનું સુખ લેવું એ સ્થિતિ થઈ. પહેલાં વિચાર ન હતો,

---

१ अंतिमकोडाकोडीए सव्वकम्माणमाउवज्जाणं । पलियासंखिज्जइमे भागे खीणे हवइ गंठी ॥ (वि० आ० ११९९)

નિશાળમાં ભણવાનું, નીકળે એટલે રમવાનું મન થાય. છોકરો રજામાં રાજી. ભણવાની કિંમત તેને કેટલી? પણ છોકરાને હજી ભણવા તરફ પૂરું લક્ષ નથી તેથી ભણવામાં રાજી નથી.

તેમ આ જીવ હજુ ઉપાશ્રયમાં રહે ત્યાં સુધી બંધનીમાં; બહાર નીકળે તો શું થયું? સામાયિક પ્રતિક્રમણમાં અર્ધો કલાક વધારે ગયો તો ઊંચો નીચો થાય છે. જેમ છોકરાને અર્ધો કલાક વધારે બેસાડે તો છોકરાને કાંઇને કાંઈ થાય છે. કીડીઓ ચઢે છે, રૂએ છે, માસ્તરે પાઠ તૈયાર કરવાના મુદ્દાએ બેસાડ્યો, તેમ સામાયિકમાં વધારે વખત જાય, પ્રતિક્રમણમાં શાંતિ ધીમેથી બોલે તો 'હું' થાય છે. જો આમ થાય તો જાણવું કે ધૂળિયા નિશાળિયા છીએ. ભણવાનો રસ લાગે ત્યાં ચોટલી બાંધી રાતના બે વાગ્યા સુધી વાંચે છે. માબાપ ટાંગા-ટોળી કરીને નિશાળે મૂકતા હતા ત્યારે કીડીઓ ચઢતી હતી તેનો તે છોકરો અત્યારે ચોટલી બાંધે છે.

## ચમત્કારી પરિવર્તન

નાના બચ્ચાને રમતમાં રસ હતો તે વખતે એને નિશાળ બંધીખાનું લાગતું હતું, માસ્તર જમ જેવો લાગતો હતો, અને માસ્તરને ઊંડા ભણાવવામાં બહાદુરી ગણાવતો હતો. પણ એ છોકરો શિક્ષણના રસમાં આવ્યો ત્યારે બબ્બે વાગ્યા સુધી ચોટલી બાંધીને ચોટ લગાવે છે. અનાદિ કાળથી જીવ હતો. ચાહે તો એકેંદ્રિય, ચાહે તો દેવતાની ગતિમાં ફર્યો, ઇષ્ટ રસ, રૂપ વગેરે મળવાં જોઇએ. એણે સુખ સાધ્ય ગણ્યું-દુઃખ દૂર કરવાનું સાધ્ય માન્યું. હવે એ પલટો ખાય છે ત્યાં દશા પલટી જાય છે. ઇષ્ટ રસ, રૂપ વગેરેને એ ફાંસીઓ ગણે છે. અનાદિ કાળથી જેની વાંહે લાગ્યો હતો તેને એ 'ફાંસી' ગણવા

મંડયો. માસ્તરને જમ, નિશાળને બંદીખાનું માનતો હતો તેને રસ લાગ્યા પછી એ ને એજ રમત ઝેર જેવી લાગે. ભમરડો, લખોટી સંઘરી રાખી હોય તે બતાવો તો ચીઢાય છે. ઈષ્ટ સ્પર્શ, રસ, રૂપ, ગંધ, શબ્દો જ્યારે ઝેર જેવા લાગે ત્યારે તેના સામું જોતો નથી. મોહ ઉંદરની ફૂંક જેવો છે. ફૂંક ન મારે તો બીજી વખત કરડવા ન પામે. ફૂંક મારે તેથી વેદના ડબાઈ જાય છે. મનુષ્યને જાગવા દેતી નથી. તેમ ઈષ્ટ વિષયો સ્પર્શ વગેરે જાગવા દેતા નથી. મોહરાજાએ ઈષ્ટ સ્પર્શ વગેરે ન રાખ્યા હોત તો આ જીવ રખડત નહિ. અનિષ્ટમાં રહેવાવાળો હોત તો સંસારમાં રાચવામાચવાવાળો થાત નહિ. મધનું મીઠાપણું એજ આટલી બધી પીડા ભોગવાવે છે. **ઈષ્ટ વિષયો જગતને ફસાવનાર છે.** એ ન મળ્યા હોત તો કળકળતું ન રહેત. ઈષ્ટ વિષય મળ્યા તેથી શાંતિ થાય.

એકલા કૉન્ઝર્વેટિવ ( Conservative ) આવતા હોય તો રાજ્યની જડ ઊંડી થાત નહિ લિબરલો ( liberal )જ પ્રજાનું સત્યાનાશ કાઢે છે-જરાતરા આપે છે ઈષ્ટ સ્પર્શ વગેરે દેખાવના સુંદર લિબરલો તરફ દોરાઈએ. તે દોરવાને લીધે ફસાયા છીએ. ઉપનય એટલા પૂરતો કે એ ફસાવાનું કારણ. શાસ્ત્રકાર ઈષ્ટ સ્પર્શ વગેરે સાતાવેદનીયનાં કારણો-સાધનોના પચ્ચકખાણ કરવાની ફરજ પાડે છે અનિષ્ટ રૂપ વગેરેની ફરજ પાડતા નથી. જેમ અનાજના બદલે માંસની છૂટી રાખીને અનાજ બંધ કરે તો નહિ, પણ માંસના બંધનાં પચ્ચકખાણ હોય. જેમ સ્વસ્ત્રી બંધ ને પરસ્ત્રી છૂટી ન હોય પણ પરસ્ત્રી બંધ હોય. જેમ આખો દિવસ ખાવાનાં પચ્ચકખાણ નહિ પણ આખો દિવસ

ઉપવાસનાં પચ્ચક્ખાણ હોય અર્થાત્ સાતાવેદનીયથી મળવાવાળો ખોરાક તેના ત્યાગનાં પચ્ચક્ખાણ હોય.

## પચ્ચક્ખાણ શેનાં હોય?

ઉપવાસ કરવો એ કહ્યું. આજના સૂર્યોદયથી કાલના સૂર્યોદય સુધી ખાધા ન કરવું એમ કહ્યું છે? પીધા જ કરવું એમ કહ્યું છે? ઇષ્ટ વિષયોના અપચ્ચક્ખાણ એ પાપનું કારણ. ટાઢને વેઠવી એ પાપનું કારણ માન્યું? ટાઢ સહન કરવી તેને 'પરિષહ' રાખ્યું. પ્રતિકૂળ વિષયોના પચ્ચક્ખાણ નહિ. કડવું ત્યાગ કરવાના પચ્ચક્ખાણ રાખ્યાં? મીઠું ત્યાગ કરવાનાં પચ્ચક્ખાણ રાખ્યાં. ઇષ્ટ વિષયોના જ પચ્ચક્ખાણ કરવાં અને તેમાં જ લાભ. તાપની આતાપના કરવી હોય તો ખુલ્લાં મેદાનમાં જાઓ.

પરિગ્રહથી વિરમવાનું નામ 'પચ્ચક્ખાણ.' પણ અપરિગ્રહથી વિરમવું એવું કોઇએ પચ્ચક્ખાણ રાખ્યું? જે આ જીવને લોભાવનાર વિષયો છે તેના જ પચ્ચક્ખાણની જરૂર છે. આતાપના, પરિષહ, ઉપસર્ગ, બ્રહ્મચર્ય, અપરિગ્રહના પચ્ચક્ખાણ નહિ. પાંચ ઈંદ્રિયોના ઇષ્ટ વિષયો તે જ ફસાવનાર છે. પાંચ ઇંદ્રિયોના વિષયોને પચ્ચક્ખાણ લાયક ગણ્યાં છે.

## મોક્ષના સાગરીત અને એની ભુંગળની સમજણ

પાપ ભોગવવાથી નિર્જરા થાય છે. એવી રીતે દુઃખ ભોગવવાથી નિર્જરા થાય છે કે? નારકીની નિર્જરા કેમ હિસાબમાં લીધી? દેવલોકની નિર્જરા હિસાબમાં કેમ નહિ? એક નોકારસી કરે તો નારકીનું આયુષ્ય તૂટે, તો દેવલોકનું આયુષ્ય તૂટે એમ કહોને? શુભ કર્મનું તો બાંધે એમ

જણાવ્યું. અશુભ વિષયોનો જેટલો અનુભવ કરશો તેટલી ઊલટી નિર્જરા. શુભ વિષયના પર્યવસાનમાં બંધ મેલ્યો. શુભ વિષય બંધના ઘરના. અનિષ્ટ વિષયોને મોક્ષની સાથે વળગાડી દીધા; ઇષ્ટ વિષયોને વળગાડ્યા નહિ. **ગજસુકુમાલ**ને માથે અંગારા ભર્યા. **સ્કંધકમુનિ**ના અંગેથી ચામડી ઉખાડી. અનિષ્ટ વિષયના દાખલા દીધા. ઇષ્ટ વિષયના દાખલા કોઈએ દીધા નથી. અનિષ્ટ વિષય મોક્ષના બારણાં સુધી પહોંચાડનારો. અનિષ્ટ વિષય આપણને મોક્ષનો સાગરીત. ઇષ્ટ વિષય મોક્ષની ભુંગળ. બારણાની ભુંગળ-બારણું ઊઘાડી શકાય નહિ.

## ગ્રંથિભેદનું સ્વરૂપ

જ્યારે ગ્રંથિભેદ થાય તે વખતે શું થાય? ઇષ્ટ વિષયો એ જ મારી ફાંસી, જગતની ફાંસી. અનિષ્ટ વિષયો એ જ પૌદ્ગલિક દુઃખો. એનાથી ભય નીકળી જાય. પૌદ્ગલિક સુખોની લાલચ નીકળી જાય. જે વખતે ખ્યાલમાં આવે કે જ્યાં પૌદ્ગલિક સુખદુઃખ ન હોય એને હંમેશ માટે સુખ હોય. એ દશા મને પ્રાપ્ત થાઓ તે 'ગ્રંથિ ભેદ.'

ઝાડ, પાંદડું, સુકાઈ જાય તેને પછી ચાહે જેટલું પાણી છાંટો એ લીલારૂપમાં ન આવે. પાણી વધારે આવે તો કોહી જાય. **ઈષ્ટ વિષયની તરફની પ્રીતિ અને અનિષ્ટ વિષય તરફનો દ્વેષ નીકળી જાય તે 'ગ્રંથિ ભેદ.'** ઈષ્ટ વિષયો પાપનાં કારણો છે અને એ છોડવા લાયક છે. સાંજ સવાર પડિક્કમણ કરતાં હંમેશાં બોલીએ છીએ: અઢાર પાપસ્થાનક. એ અઢારે પાપસ્થાનકોને પૂરું કરતાં ફોનોગ્રાફ (Phonograph) ન બનીએ તો ગ્રંથિભેદ. વિધિ છે માટે બોલવું, માટે ફોનોગ્રાફ. એ અઢારની પાપસ્થાનક તરીકે અંદરની લાગણી,

હિંસા થતી હોય અને વર્જી શકાય તેમ ન હોય તો જીવ કપાય તો ગ્રંથિભેદ.

## પાપની ભયંકરતા વિનાનું બોલવું એ તો જોખમદારી વગરનું નામું

પાંચ હજાર કમાઓ છો, તે વખતે પાપમાં ફસાયો, એક બેડી વધી તે વિચાર નથી આવ્યો તો કહો 'ફોનોગ્રાફ.' આ પરિણતિ સુધારવા માટે ફોનોગ્રાફ કહ્યું છે, વગર જોખમના હિસાબે, જોખમદારીના હિસાબમાં જવાશે. અત્યારે ઉધાર બાજુ પાંચ, દશ માંડવા પડે તે વખતે કલમ થોભાવો છો. અત્યારે કલમ જોખમદારીની ચાલે છે. બે ઉધાર્યા તે વખતે ગયા એમ કહેતા હતા. જે કલમ ધ્રૂજતી હતી, તે કલમ વડે પાંચ હજારના હવાલા નાખતા હતા, તે વખતે ધ્રૂજતી હતી? વગર જોખમદારીની વાત હતી. તેવી રીતે જ્યાં સુધી પાપનું ભયંકરપણું ન લાગે ત્યાં સુધી બોલીએ તે શિખાઉની પેઠે જોખમદારી વગરનું નામું છે. જોખમદારી વગરના છોકરાના ચોપડા કોઈ પડાવી લેતા નથી. તે તો તમે સમજો જ છો. બિન જોખમદારીના નામામાંથી ખરા નામામાં આવશે, તેથી ખોટું બિન જોખમવાળું નામું લખાવો છો. તે લખતાં શીખે તો વાહ! મારો છોકરો નામું શીખ્યો! પણ જે સાચા સુંદર મોક્ષને દેવાવાળી ક્રિયા છે તેમાં લાગણી વગરનો અભ્યાસ થયો તો તેથી ખસેડવો નથી. અર્થાત્ લાગણીમાં લાવવો નથી.

## પાપસ્થાનકને ફોનોગ્રાફ પેઠે આલોવવું શોભે નહિ

અભ્યાસવાળા જીવો ફોનોગ્રાફની પેઠે બોલ્યા જ જવાના તેને તે જ ફાયદો કરનાર છે. પણ ધૂળિયા નિશાળમાં રહેશો કે આગળ આવશો? દુકાન પર બેસનારને એ ખોટું નામું-વગર

જોખમદારીનું નામું લખ્યું પાલવતું નથી. જે સમ્યક્ત્વના માર્ગે ચઢયો છે-જેને જિનેશ્વરનો મત મળ્યો છે તેવો મનુષ્ય પાપસ્થાનકને ફોનોગ્રાફ પેઠે આલોવે તે એને શોભતું નથી.

પ્રતિક્રમણમાં પાપસ્થાનકો છે કે ચોવીસે કલાક પાપ-સ્થાનકો છે? પડિક્કમણમાં પાપનું સ્થાનક, ઉઠયા ત્યારે નહિ તો આત્મા વિંધાયો નથી. અઢાર પાપસ્થાનકને ભયંકર દેખે તો ગ્રંથિભેદ. ભયંકરના ભાવનામાં આવવી જોઇએ. ઇષ્ટ અને અનિષ્ટ વિષયનો ભેદ સમજાય અને પાપસ્થાનક ભયંકર લાગે તો ગ્રંથિભેદ થયો એમ ગણવું.

**ઉત્કૃષ્ટ જ્ઞાન કયું?**

ગ્રંથિને ભેદવાવાળું જ્ઞાન પાંચ વિષયોનું માત્ર જ્ઞાન, તે જ્ઞાન અમલમાં મેલવાનું થાય તો બસ થાય. જો ગ્રંથિમાં ભેદવાવાળું જ્ઞાન છે, તો આત્મા પરપરિણતિમાં ન જાય. એ સ્વરૂપ લક્ષમાં આવ્યું તો એ જ જ્ઞાન ઉત્કૃષ્ટ. જ્ઞાન જ્ઞાનરૂપે સાધ્ય નથી, પણ જ્ઞાન ક્રિયાના સાધન રૂપે જ સાધ્ય છે. માત્ર નિર્વાણ-પદના જ્ઞાનવાળા માત્ર અષ્ટપ્રવચનમાતાવાળાને માટે બારમા યાવત્ બધા ગુણઠાણા માટે દરવાજા ખુલ્લા છે. ક્રિયાના સાધન વગરનું જ્ઞાન-અવધિ જેવુ-અતીંદ્રિય જેવું જ્ઞાન હોય તો તે પણ અમારે શિરે ઝુકાવવા લાયક નહિ. શાસનની વેયાવચ્ચ, રક્ષા, શાંતિ કરનારા, ત્રણ જ્ઞાનવાળા સમકિતી દેવના છતાં वंदणवत्तियाए નહિ.

શંકા—શ્રુતજ્ઞાનમાં તો वंदणवत्तियाए કહીને કાઉસ્સગ કરયો છે, અવધિજ્ઞાનવાળા તેને માટે કેમ નહિ? સમાધાન—શ્રુતજ્ઞાનની આરાધના કરવી છે. અવધિજ્ઞાનવાળા-તેની

નહિ. આ ક્રિયાના સાધનરૂપ શ્રુતજ્ઞાન છે જ્યારે પેલું અવધિ-જ્ઞાન પણ ક્રિયાને અંગે નિરૂપયોગી पुक्खरवरदीवड्ढे० धम्मस्स सारमुवलब्भकरे पमायं ॥ (શ્રુતસ્તવ).

એ અધ્યયનનું શ્રુતસ્તવ નામ અને શ્રુતસ્તવનો અધિકાર છે તો ચારિત્રની શી જરૂર હતી? नंदी सया संजमे—સંજમ રહ્યો છે માટે શ્રુતજ્ઞાનની અધિકતા. બંને જગ્યા પર જે ચારિત્રને નામે સ્થાન આપ્યું-જે શ્રુતજ્ઞાન આરાધવા માગીએ છીએ તે ક્રિયાના ઉપયોગ વિનાનું નહિ. જે શ્રુતજ્ઞાન ક્રિયાને અંગે ઉપયોગી છે તેને માટે કાઉસ્સગ્ગ બોલીએ ત્યાં वंदणवत्तिआए બોલીએ છીએ.

## દયાના સાધન તરીકે જ્ઞાન

જ્ઞાનની ઉપયોગિતા એકસરખી રીતે જૈન શાસન સ્વીકારે છે, પણ તે ક્રિયાના સાધન તરીકે. એકલા જ્ઞાનને જ્ઞાન તરીકે નહિ. "पढमं नाणं तओ दया."

શંકા—પહેલું જ્ઞાન જ છે એટલે બધામાં આવી જતું હતું તો तओ दया મેલવાનું કારણ? तओ दया કેમ મેલ્યું? જ્ઞાનથી ઘણાં કાર્યો થાય છે, તેમાં એકને ક્યાંથી પકડ્યું? तओ दया ન બોલ્યા હોત તો તમામ કાર્યોમાં જ્ઞાનનો પ્રથમ દરજ્જો રહેત. तओ બોલીને બોળી માર્યું. બધાંમાં પહેલું જ્ઞાન થાત તો આપોઆપ આવી જાત, તો પછી तओ दया શા માટે?

સમાધાન—અમે જે જ્ઞાન લઈએ છીએ તે સર્વ સાધારણને લેવા માગતા નથી. જે જ્ઞાન દયા, વિરતિ, સંયમનું સાધન બને તેને લેવા માગીએ છીએ તેથી तओ दया કહેવું

પડયું. ગુરુની બલિહારી; ગુરુ કરતાં ગોવિંદને વધારે ગણ્યા. ગોવિંદને બતાવ્યા તેથી ગુરુની બલિહારી તો પછી ગોવિંદની કેટલી? ગુરુની બલિહારી શાને અંગે છે? ગોવિંદને દેખાડવાને અંગે. તેમ જ્ઞાન પહેલે નંબરે. શાને અંગે? દયાનું સાધન બને તેને અંગે. આ વાત વિચારીશું ત્યારે આખું પ્રકરણ બંધ બેસશે. કેમ બેસું કે જેથી પાપ કર્મ ન બંધાય અને કટુક ફળ ન લાગે. જ્ઞાન આદરવા લાયક જરૂર. શ્રેષ્ઠ, ઉત્તમ જ્ઞાનની પહેલે નંબરે જરૂર. જ્ઞાનની જ્ઞાન તરીકે જરૂર નહિ. ક્રિયાના સાધન તરીકે, આશ્રવથી બચાવે, નિર્જરાને નિશ્ચિત કરે તેને અંગે એની ઉપયોગિતા છે.

## પચ્ચક્ખાણ પ્રાણના વ્યપરોપણનાં, નહિ કે પ્રમત્તયોગનાં

ગણધરે બાર અંગમાં આચારને જણાવનાર આચારાંગની પહેલી રચના કરી. જ્ઞાન એ ક્રિયાના સાધન તરીકે છે. આચારાંગ પછી આચારમાં વધેલો વિચાર પલટો ખાય. જો વળી પડે તો માથું ફોડે. મોભેથી પડે તો માણસ મરે. તેમ આચારમાં ચઢેલો વિચારનો પલટો ખાય તો વધારે નુકસાન કરે. આચારમાં ચઢેલાઓએ વિચારમાં મજબૂત થવું જોઇએ તેથી સૂયગડાંગમાં વિચારની વ્યવસ્થા કરી. શંકા—પછી ઠાણાંગજીમાં આવ્યા ત્યાં તેના પાંચમા અધ્યયનમાં હિંસા ને વધ શબ્દ છોડ્યા, ને પ્રાણાતિપાત કયાંથી પકડયો? સમાધાન— હિંસામાં પ્રમત્તયોગ અને પ્રાણવ્યપરોપણ બંનેના પચ્ચક્ખાણ થાય. બંનેનાં પચ્ચક્ખાણ પાલવે તેમ નથી; પાલવાં શક્ય પણ નથી. ચાહે તેવો કાળ હોય, છદ્મસ્થ દશામાં હોય ત્યાં સુધી પ્રમત્ત, અપ્રમત્તનો હીંચકો ખાવાના. પ્રમત્ત ગુણઠાણાનો કાળ

અંતર્મુહૂર્ત, અપ્રમત્તનો અંતર્મુહૂર્ત. ચારિત્રનો કાળ દેશોન ક્રોડ પૂર્વ. અપ્રમત્તના અંતર્મુહૂર્ત કરતાં પ્રમત્તનુ અંતર્મુહૂર્ત ઘણું મોટું.

કેવલી મહારાજ વિદ્યમાન હોય, કેવળજ્ઞાન પામવાવાળો જીવ હોય તો પણ પ્રમત્તપણું આવ્યા સિવાય રહેવાનું નથી. તે સમજતાં હોઈએ તે છતાં પચ્ચક્ખાણ કરીએ તો એનો અર્થ તોડવા માટે. પચ્ચક્ખાણ કર્યાં એવો અર્થ થયો. એથી આવતા ભવનું પચ્ચક્ખાણ પાળી શકવાના નથી અને આવતા ભવના પચ્ચક્ખાણ લેવામાં આવે તો પચ્ચક્ખાણ પાડવા (તોડવા) માટે છે. પ્રમત્ત દશા અંતર્મુહૂર્તે આવવાની છે. પ્રમત્તપણામાં વધારે વખત, અગર અપ્રમત્તમાં અંતર્મુહૂર્તથી વધારે વખત રહેવાના નહિ. પ્રમત્તપણું આવ્યા સિવાય રહેવાનું નથી તો પછી હિંસાના નામે પ્રમત્ત દશાના પચ્ચક્ખાણ કરવામાં આવે. બે પચ્ચક્ખાણ થાય તો પાડવા માટે અને આથી જ હિંસાથી વિરમણ ન રાખ્યું, પણ 'પ્રાણાતિપાતવિરમણ' કહ્યું. પ્રમત્ત યોગ ટાળવા લાયક છે, પણ પચ્ચક્ખાણ પ્રાણના વ્યપરોપણનાં. બાહુબલજી પ્રમત્ત દશાના રહ્યા પણ મહાવ્રતમાં રહ્યા. પ્રમત્ત યોગ સજ્જડ રહ્યો પણ મહાવ્રત ફરી ઉચ્ચારવા પડયાં નહિ. પ્રમત્ત યોગનાં પચ્ચક્ખાણ ન હતાં, પ્રાણવ્યપરોપણનાં પચ્ચક્ખાણ હતાં તેથી સર્વ હિંસાથી વિરમવું ન રાખ્યું.

## પ્રાણાતિપાત શબ્દ રાખવાનું કારણ?

'વધ' શબ્દ હિંસાની વાંસે લટકયો છે. 'हन् हिंसायाम्' (हनो वा वध् च । सि. ५-३-४६ ) हननं वधः) હિંસાની સિદ્ધિ પ્રમાણે વધની સિદ્ધિ છે. 'અતિપાત' લીધો તેમાં જીવા-

તિપાત ન લીધો. કારણકે જીવાતિપાત અસંભવિત. કોઇ કહે સર્વથા બ્રહ્મચર્ય, પણ કોનું વાંઝણીનું? એનો અર્થ નહિ. જીવનું મરવું કોઇ દહાડો હોય નહિ. જીવ કોઈ દહાડો મરતો નથી. જીવનું સ્વરૂપ મરવું નથી. તેથી 'પ્રાણાતિપાત' રાખ્યું. આ જે વ્રત પાળવાનું છે તે પ્રાણની વિરાધના ઉપર લક્ષ રાખીને પાળવાનું છે. તેથી પડિલેહણ, પ્રમાર્જન કરી શકીએ છીએ. કીડીનું દર હોય ત્યાં થઇને ન જતાં, પાણીમાં થઇને જવું. પ્રાણાતિપાત તો બંને ઠેકાણે થયાં ને? પ્રાણના ઉદ્દેશે પ્રવૃત્તિ નિવૃત્તિ હોવાને લીધે વધારે પ્રાણ જ્યાં હોય ત્યાંથી વર્જવું જોઇએ.

## 'પ્રાણ' શબ્દ રાખવાનું કારણ

દ્રવ્ય–પ્રાણને અંગે વાત કરી તો નદી કેમ ઊતરી શકશો? વરસાદમાં બાળ અને ગ્લાનને માટે શું ગોચરી લાવી શકશો? 'પ્રાણ' શબ્દ રાખીને દ્રવ્ય–પ્રાણ અને ભાવ–પ્રાણ. ભાવ–પ્રાણને વધારવા માટે દ્રવ્ય-પ્રાણનો ભોગ આપવો પડે તો તે અમારા વ્રતની બહાર નથી. નદી જાણીને ઊતરીએ છીએ. બાળ અને ગ્લાનને–અસહિષ્ણુને અંગે ચાર છાંટા હોય તો જવું પડે; જે છઠ્ઠ અઠ્ઠમ કરી શકે તેવાને માટે છૂટ નથી. બાળ અને ગ્લાનના બચાવ માટે છે; શક્તિવાળાને માટે નિરપેક્ષ છે. 'પ્રાણ' શબ્દ રાખ્યો તો જ ફાવ્યા. 'જીવ' શબ્દ રાખ્યો હોત તો દ્રવ્ય–જીવ, ભાવ-જીવ વિભાગ થઈ શકતે નહિ. શાસ્ત્રકારે દ્રવ્ય–જીવમાં મીંડુ વાળ્યું છે. જગતના ચાર નિક્ષેપા માન્યા. આશ્રવ, બંધ ચાહે તે લો. સમ્યગ્દર્શન લો છતાં જીવ ને અજીવમાં દ્રવ્ય-નિક્ષેપો નહિ. મૂળ દ્રવ્ય–નિક્ષેપો ઊડી જાય છે તો દ્રવ્ય–જીવ ને ભાવ-જીવ એવા વિભાગ કરો કયાંથી? પ્રાણને અંગે

દ્રવ્ય–પ્રાણ અને–ભાવ–પ્રાણ એમ કહી શકો છો. તરસ લાગી હોય, મરણ થાય. મરણ થવામાં ભાવ–પ્રાણનો ભોગ થાય તેમ કહેતા નથી. જીવનું મરણ થાય તે દ્રવ્ય–પ્રાણનો ભોગ છે. સંયમ એ ભાવ–પ્રાણ છે. ભાવ–પ્રાણ એ સાધ્ય છે. ભાવ–પ્રાણનું ટકવું, વધવું એ સાધ્ય. જ્યારે જીવ શબ્દ નહિ રાખતાં 'પ્રાણ' શબ્દ રાખીએ તો પ્રાયશ્ચિત્ત આવવાનું પ્રાણના હિસાબે. પ્રાણ શબ્દથી દ્રવ્ય–પ્રાણ અને ભાવ–પ્રાણ બને લેવાના છે. દ્રવ્ય–પ્રાણ અને ભાવ–પ્રાણ એ બંનેથી વિરમવાનું છે.

'પ્રાણ' શબ્દ લેવો કબૂલ પણ 'અતિપાત' શબ્દ કેમ રાખ્યો? 'વધ' કેમ ન રાખ્યો?

# વ્યાખ્યાન ૨૧

## આચારાંગની રચનાના અને સ્થાપનાના ક્રમમાં ભેદ

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે અને મોક્ષમાર્ગ વહેવડાવવા માટે 'ગણધર' પદવી પામતી વખતે દ્વાદશાંગીની રચના કરતા થકા, પહેલવહેલી રચના શાની કરે છે? બારે અંગમાં પહેલું **આચારાંગ** છે પણ રચના પહેલી **આચારાંગ**ની નથી તો પછી પહેલવહેલી શાની છે? ચૌદ પૂર્વોની. એટલા માટે તો તેનું નામ પૂર્વ છે. પહેલાં રચાય એટલે 'પૂર્વ' કહેવાય તો પહેલાં સ્થાપન કરવામાં કેમ ન આવ્યાં? સ્થાપનાની અપેક્ષાએ **આચારાંગ** પહેલું છે. નિબંધ કે ચરિત્ર વિસ્તારથી તૈયાર થાય પછી શિક્ષણપોથીમાં

નાના રૂપમાં એ મેલવામાં આવે. સ્યાદ મોટો પહેલો; સારરૂપ ઇતિહાસ પછી જ કહાય. પહેલો અભ્યાસ નાનાનો કરવાનો હોય-સારરૂપ વાંચણનો અભ્યાસ કરવાનો હોય. ચૌદ પૂર્વમાંથી સારરૂપ અભ્યાસને લાયકનું બધું અગિયાર અંગની અંદર મેલવામાં આવ્યું.

## શ્રુતકેવલી અને કેવલજ્ઞાનીની પ્રરૂપણામાં સમાનતા

શંકા કરી: કોઇ પણ વસ્તુ જગતભરમાં એવી નથી કે ચૌદ પૂર્વમાં સ્યાઇ ન હોય. બારમામાં બધું આવી જાય છે તો અગિયાર અંગની રચના શું કામ કરી? સમાધાન—બારમા અંગને ભણેલો તે શ્રુતકેવલી. એક બાજુ શ્રુતકેવલી પ્રરૂપણા કરે ને બીજી બાજુ કેવલી ભગવાન જે પ્રરૂપણા કરે તેમાં ફરક ન હોય.

**કાલકાચાર્ય** મહારાજ ઉપર ઇંદ્ર કેમ ખુશ થયા હતા? જે **સીમંધરસ્વામી**ની પાસે દેશના સાંભળે, સેવામાં જાય, તેવા મનુષ્યને **કાલકાચાર્ય** ઉપર શાથી રાગ થયો?

ચૌદ પૂર્વ કેવળજ્ઞાનના અનંતમા ભાગે. [1]**નંદીસૂત્રમાં** વાત ચાલી છે. સર્વ જીવોને અક્ષરનો અનંતમો ભાગ ઊઘાડો છે. જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ. ચૌદ રાજલોકમાં જીવોની અંદર હલકામાં હલકો નિગોદીઓ. શ્રુતકેવલી-ચૌદપૂર્વી; એને પણ અક્ષરનો અનંતમો ભાગ. શ્રુતકેવલી હોય તો પણ કેવલીના ભાગે અનંતમા હિસ્સે. મહાવિદેહમાં **સીમંધરસ્વામી** પાસે નિગોદનું સ્વરૂપ ઇંદ્રે સાંભળ્યું ત્યારે પૂછ્યું: હે ભગવન્! ભરતક્ષેત્રમાં નિગોદનું સ્વરૂપ કહેનાર કોઇ છે? ભગવાને કહ્યું:

1 તાત્ત્વિક પ્રશ્નોત્તર પૃ૦ પં૭ જુઓ.

શ્રુતકેવળી **કાલકાચાર્ય** છે. ઈંદ્ર આવ્યા અને નિગોદનું સ્વરૂપ પૂછયું ત્યારે **કાલકાચાર્ય** પાસેથી ઈંદ્રે જેવી રીતે **સીમંધરસ્વામી** પાસે સાંભળ્યું હતું તેવું આબેહૂબ સ્વરૂપ સાંભળ્યું (कालकाचार्यकथा श्लो० ૬૧ થી ૬૪).

## સર્વે કેવલીનાં વચનોનો ચૌદ પૂર્વમાં સમાવેશ

શ્રુતકેવલી નહિ તેની પ્રરૂપણા કેવલી સરખી જ્યારે હોય તો શ્રુતકેવલીની પ્રરૂપણા કેવલી સરખી હોય તેમાં નવાઈ શી? જો પૂર્વમાં એટલું બધું જ્ઞાન ન ગૂંથેલું હોય તો તે પૂર્વોને ભણનારો કેવલીની તુલ્ય પ્રરૂપણામાં આવી શકત નહિ. કહેવા લાયક એક પણ વિષયનું કેવલી મહારાજ નિરૂપણ કરે તે શ્રુતકેવલીના ધ્યાન બહાર હોવું જોઈએ નહિ. ચૌદ પૂર્વમાં કેવલીના બધાં વચનો બાંધી લીધાં છે. એ સિવાય કાંઈ પણ કોઈ પણ કાળના કોઈની આગળ કોઈ કેવલી બોલતા નથી.

## આચારાંગાદિ રચવાનો હેતુ

જો વસ્તુસ્થિતિ આમ છે તો પછી **આચારાંગ, સૂયગડાંગ** રચવાની જરૂર શી? બધા સરખી બુદ્ધિના હોતા નથી મંદ બુદ્ધિવાળાને આગળ ચઢાવવા એમ કરવું પડે. નામાની અંદર બધા આંકડા આવે છે; બધા પાડા આવે છે. પહેલાં એકડા શીખવો છો કે નામું? તેમ પહેલવહેલો દીક્ષિત થાય તે એકદમ પૂર્વને ધારણ કેમ કરે?

## દશ શેર ઘી પચાવનાર દુર્બલિકાપુષ્પમિત્રનું ઉદાહરણ

**દુર્બલિકાપુષ્પમિત્ર આર્યરક્ષિતજીના** શિષ્ય છે. (आव० चू० भा० १ पृ० ४०९-१०). **દુર્બલિકાપુષ્પમિત્રના** સગા બૌદ્ધ ધર્મના છે. તેમણે દુર્બલિકાપુષ્પમિત્રમાં હાડકાં નીકળેલાં દીઠાં. એટલે **આર્યરક્ષિતસૂરિજીને** કહ્યું:

મહારાજ, તમારામાં ખાવાપીવાનું ઠેકાણું લાગતું નથી: હાડકાં નીકળી ગયાં. **આર્યરક્ષિત** કહે: જણતી વખત જે માનાં દ્વાર દેખવાં પડે તેની ખબર જનનીને ન હોય. રોજનું દશ શેર ઘી ખાય છે પણ દુર્બલ.

મહારાજ, તમને એક જણ માટે દશ શેર ઘી રોજ આપનાર કોણ? એની લબ્ધિ એવી વિચિત્ર છે કે રૂ કાંતિને ભેગું કરનારી બ્રાહ્મણી પણ આપે છે. સુવાવડમાં કામ લાગે તે માટે એણે સંઘરીને ભરેલું. આમાંથી એ કોઈ હડાડો છોકરાને આપે ખરી? પણ આવી સ્થિતિવાળા લબ્ધિશાળીને અંગે દેવા તૈયાર થઈ જાય તો ઋદ્ધિવાળાનું તો પૂછવું શું? આવાને દશ શેર ભેગું કરવું તેમાં વિશાત શી? નાલો મેળવીએ. તમારા ઘરની પાસે ઉપાશ્રય છે ત્યાં રાખો. **દુર્બલિકાપુષ્પમિત્રને** ત્યાં મોકલ્યો. પેલાઓએ દશ શેર ઘી દેવા માંડ્યું. ઊલટા દુબળા. 'અહીં તો પૂછીને ચલાવતા, અહીં ભૂલ્યો તો પત્તો ખાશે નહિ' એ ચિંતાને લીધે ઊલટો દુબળો થતો જાય. સગાંઓ કહે: એનું શરીર જ એવું છે. પેલાને ગુરુએ કહ્યું: ચિંતવન બંધ કર. પંદર વીસ દિવસ ગયા ત્યાં તો એ અલમસ્ત. પેલાઓને કબૂલ કરવું પડ્યું કે ચિંતવન જબરજસ્ત છે. પૂર્વનાં ચિંતવનો આટલાં બધાં જબરજસ્ત હોય છે. તેને લીધે દશ શેર ઘી પચી જાય. શ્રુતકેવલીને લાયકનું પૂર્વગત શ્રુત તેમાં પહેલવહેલો દીક્ષિત પ્રવેશ કરી શકે નહિ. જે દૃષ્ટિવાદને લાયક નહિ તેવાને માટે અગિયાર અંગની રચના કરવી પડી.

## જ્ઞાન સાથે આચારની પણ આવશ્યકતા

સ્થાપન કરવામાં આવ્યું **આચારાંગ** પહેલું, તેથી પ્રથમ

આચાર એ પહેલો ધર્મ. જ્ઞાન એ આચારને અંગે ઉપયોગી. કોર્ટ( Court )ને કામ વકીલ પાસેથી કાયદાનું લેવાનું, પણ એટલું કામ લેવામાં પહેલાં વફાદારીના સોગન. ચાલચલગતમાં કોઈ કેસ( case )માં આવી પડે તો રજા દેવાય. ચાલચલગત ઉપર કોર્ટને આધાર રાખવો પડે છે. સ્કૂલ ( School )ના માસ્તર ( Master )ને ભણાવવાનું કામ છે, છતાં ચાલચલગત સાથે સંબંધ. મુનિમ રાખો છો; નામું લખાવવું છે. હુશિયારી સાથે પ્રમાણિકતા દેખવી પડે. ચાલાકીની સાથે ચોક્ખાઈ દેખવી છે. સ્કૂલ ને કૉલેજ ( College )માં શિક્ષણની સાથે શિસ્ત દેખવાં છે. વકીલાતની વફાદારી દેખવી છે, તો જ્ઞાન દેવાની સાથે આચાર દેખવો પડે તેમાં નવાઈ શી? અહીં આચારની દોરી સોંપવી છે. આચાર્ય જે કહે તેને આપણે કરી દેવું. કારણને જાણવાવાળા આચાર્ય કદાચ કહે કે ધોળો કાગડો તો તેના વચનને કૂટ નહિ ગણે. સમજણ ન પડે તો એકાંતમાં કારણ પૂછે. ખુલાસો કરવાની છૂટ, પણ કરવાનું તહત્તિ. જેના વચન ઉપર વિચાર કર્યા વિના તહત્તિ કરવાની ફરજ નંખાય તે મનુષ્ય કેવો હોવો જોઈએ?

### બે સોગનની આવશ્યકતા

ગીતાર્થપણું અને ધર્મદેશકપણું જ્ઞાન માત્રને અંગે ન રાખ્યું. આચાર અને જ્ઞાન, આચાર સિવાય નહિ. આચારને અંગે વિચાર કરીએ. જેમ રાજ્યમાં નોકર સારા અધિકાર ઉપર રાખવામાં આવે તો શહેનશાહને શહેનશાહતને વફાદારી રહેવાની પ્રતિજ્ઞા લેવડાવાય. આયર્લૅન્ડ અને ઈંગ્લંડની તકરાર આ ઉપર જ. ઈંગ્લંડવાળા સોગન લેવડાવવા માંગે; પેલા કહેઃ નહિ. અમને શહેનશાહત ઉપર ભરોસો નથી.

જેમ શહેનશાહતમાં રહેવાવાળાને રાજ્ય અને રાજા ઉપરના વફાદારીના સોગન લેવા પડે તેમ જૈન શાસનમાં જો કોઇને અધિકારી તરીકે આવવું હોય તો તેને એ સોગન લેવાં પડશે.

## જિનેશ્વરના વર્ગના નિશાળિયા કોણ?

જેઓ આચારવાળા છે અને મોક્ષના માર્ગે પ્રવર્તેલા છે તે બધા માલિકની લાઇન ( line )માં શહેનશાહત કઇ? જિનેશ્વર મહારાજના શાસનની કોઇ પણ શહેનશાહત હોય તો છ જીવનિકાયની દયા. એની વફાદારીના સોગન સિવાય પગલું ચઢવાનું નથી. જેની પ્રતિજ્ઞા હોય કે આ છ જીવનિકાયને અંગે મન, વચન ને કાયાથી ત્રિવિધે દયા પાળવી ને જ્યાં સુધી પ્રતિજ્ઞા ન લે ત્યાં સુધી જિનેશ્વરના કલાસ (Class)માં પણ ન આવી શકે.

## સ્થાવરની પ્રરૂપણાને અંગે જૈન ધર્મની અદ્વિતીયતા

જે છ જીવનિકાયની દયાવાળા નથી તે બીજા મનુષ્યને ધર્મ સમજાવતાં કયો સમજાવશે? ત્રસ કાયની દયાનો કે છ જીવનિકાયની દયાનો સમજાવશે? છ જીવનિકાયની દયાનો સમજાવવા જાય તો પોથીમાંનાં રીંગણાં જેવું થાય. પોતે છ કાયની દયા પાળતો નથી, તો એ દયા કઇ? છએ કાયનું નિરૂપણ કરે. પોતે પાછો પ્રવર્તે તો બીજાને છાયા શી થાય? પોતે એકે કાયની દયા પાળે નહિ, અને બીજાને છ કાયની જીવદયાનો ઉપદેશ આપે તે પોથીમાંનાં રીંગણાં. **જે લોકોએ છએ કાયની દયાને માટે પ્રતિજ્ઞા કરેલી હોય તેઓ જ ઉપદેશ આપી શકે.** જૈન મતનું તત્ત્વ સ્થાવર મતના નિરૂપણમાં છે. ત્રસને તો બીજા લોકો પણ માને છે. લોકોત્તર તત્ત્વ હોય-જૈનધર્મની અદ્વિતીયતા હોય તો સ્થાવરની

પ્રરૂપણાને અંગે.

### ત્રસ કાય માનવામાં બુદ્ધિ

### પણ સ્થાવરને અંગે કેવળ ભરોસો

[1]સિદ્ધસેનદિવાકરે જણાવ્યું: જૈનત્વ–શ્રદ્ધા સમ્યક્‌ત્વ શું? છએ જીવનિકાયને માનવા તે. બીજાને જીવ માનવામાં તો આપણી બુદ્ધિ કામ કરે. ભગવાને કહેલું તે ખરૂં. ત્રસ જીવનું જીવપણું માનવું એ કેવળ સર્વજ્ઞની બુદ્ધિને અંગે નથી, ભેળી આપણી બુદ્ધિ પણ કામ કરે છે. એ સર્વજ્ઞે કહ્યું, મને પણ જચ્યું તેથી ત્રસ કાયની દયા પાળું છું. બુદ્ધિ પણ ચાલે ખરી. મિત્રની સલાહ મનમાં લાગે તો મનાય; ન લાગે તો ન મનાય. ત્રસ કાયને અંગે જિનેશ્વરનાં વચન મિત્રના જેવાં કહેવાય. જાનવર ને મનુષ્યને અંગે જીવપણું માનીએ છીએ તેમાં આપણી બુદ્ધિ ચાલે છે. કેવળ સર્વજ્ઞ ભગવાનના ભરોસે મનાતું હોય તો પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને વનસ્પતિના જીવો. એને માનીએ, કર્મબંધનવાળા માનીએ, રખડતા માનીએ તેમાં આપણી ચાંચ કયી જગો પર ખૂંચી છે? એકેમાં નહિ. સ્થાવર કાયને અંગે વિચારીએ તો એકેમાં ચાંચ ખૂંચેલી નથી.

### મુખ્ય રક્ષણીય ચીજ દયા

तहत्ति શાને લીધે કર્યું? સાત લાખ પૃથ્વીકાય શાને અંગે? સાત લાખ ઉત્પત્તિનાં જુદાં જુદાં સ્થાનો. સર્વજ્ઞ ભગવાન ઉપર ભરોસો. સર્વજ્ઞના વચનના ભરોસાને લીધે માનીએ છીએ. બુદ્ધિનો પ્રચાર એમાં નહિ. ત્રસને માટે નિરૂપણ થાય તેમાં તો કાંઈક

---

१ निअमेण सद्दहंतो छक्काए निअमओ न सद्दहइ। हंदी अ·पज्जवेसु वि सद्दहणा होइ अविभत्ता ॥ (संमति० गा० ३८).

કાંઈક બુદ્ધિ ચાલે. સ્થાવરના સ્વરૂપે માનવાનું થાય તે કેવળ સર્વજ્ઞ ભગવાનનાજ ભરોસે. આ અપેક્ષાએ **સિદ્ધસેને કહ્યું: જૈનપણાની જડ છ જીવનિકાયની શ્રદ્ધામાં.** છ જીવનિકાયનું રક્ષણ તે શહેનશાહત જૈન શાસનની. જે છ જીવનિકાયને અંગે અહિંસા વગેરેની પ્રતિજ્ઞાવાળો હોય તેજ શહેનશાહતમાં ઉપદેશ આપી શકે. પહેલી આ વફાદારી જોઈએ. **છ જીવનિનિકાયની વિરાધના કોઇ પણ પ્રકારે નહિ કરું તે પ્રતિજ્ઞા હોવી જોઈએ.** બીજું ને ત્રીજું મહાવ્રત જબરજસ્ત છે. ચોથું ને પાંચમું મહાવ્રત પણ જબરજસ્ત છે. એ દયાની વાડો છે. અનાજ તરીકે મુખ્ય રક્ષણીય ચીજ હોય તો તે 'દયા' છે. મુખ્ય સાધન તરીકે છ જીવનિકાયની દયા છે. બીજા વગેરે મહાવ્રતો છે, પણ એ વાડો છે-મૂળ ચીજ નહિ. છ જીવનિકાયની દયાની પ્રતિજ્ઞાવાળો ન હોય તેને જિનેશ્વર પોતાના વર્ગમાં દાખલ કરે નહિ.

**છ જીવનિકાયની શ્રદ્ધા થાય તેજ જૈનત્વ**

સ્વલિંગ જિનેશ્વરનો વર્ગ છે. સ્વલિંગમાં કોને દાખલ કરાય? જેને છ જીવનિકાયની દયા છે તેને. જેને આ વર્ગમાં દાખલ ન કર્યો તેને આ પટો મળવાનો નથી. જેને પટો ન મળ્યો તે કોઇના ઉપર હુકમ ચલાવી શકે નહિ. જાણવાનું કહે છે, મિલકતો ધરાવે છે, અને ઘરબાર હાટહવેલી વગેરે ધરાવે છે છતાં કાયદાથી બચાવ કરવાની તાકાત નથી. વકીલ અરજી ઘડશે એમાં સહી એમના નામની. વકીલને મુખત્યારનામું આપે. વકીલ એના નામે બોલે, અને વાદી કે પ્રતિવાદી ગેરહાજર કે હાજર હોય તો વકીલ કહે અમારાથી આ સહન ન થાય. અસીલ બોલે છે; મોઢું વકીલનું છે. કરોડોની મિલકત

સાચવી શકાય છે. છ કાયની દયાને અંગે ગીતાર્થને મુખત્યાર-નામું આપ્યું તો આપણને ચિંતા નહિ. જે બોલે તે તારા જોખમે. મુખત્યારનામું આપ્યું. કાં તો બાળગંગાધર તિલકની પેઠે પોતે બચાવ કરવા ઊભા રહો કે કાં તો વકીલને મુખત્યારનામું આપો. કાં તો છયે જીવનું સંપૂર્ણ જ્ઞાન કરો કે કાં તો છના જ્ઞાનવાળાને મુખત્યારનામું આપો. જમનાભાઈ, ભોળાભાઈ ભાગીદાર થાય. કંપની ચલાવે. એમના ઘરનું ખર્ચ પેઢીના ખાતે લખાય. આ સ્થિતિ ક્યારે હોય? પૂરી સ્થિતિ હોય તો. વાંધો પડે કે વકીલની નોટિસ (Notice). એક વખત એ આવી ગઈ તો વકીલની હાજરી વિના બોલે નહિ. એક વખતના બે આવા ભાગીદાર. તકરારનું રૂપ આવ્યું ત્યાં વકીલની હાજરી સિવાય એક શબ્દ બોલવાનો નહિ. તેમ આ જીવ આ સંસારની સાથે અનાદિનો ભાગીદાર છે, પણ જ્યારે માલમ પડ્યું કે એ તો જડ અને હું ચેતન એટલે વાંધો પડ્યો. પછી તો આ વકીલની હાજરી સિવાય તારે મારે લેવા દેવા નહિ. વાતચિત કરવાની નહિ. એ સ્થિતિમાં આવી જાય તો મિલકતનું રક્ષણ કરી શકે. નોટીસ દેવાઈ, પછી ઘાલમેલ કરે તો–ગફલત કરી તો આખો દસ્તાવેજ ઊડી જાય. છ જીવનિકાયને ન જાણતો હોય તો પણ વકીલને વચમાં રાખીને વાત કરે તે કોઈ દિવસ ફસાય નહિ. **છ જીવનિકાયની દયા એ શાહેનશાહત; એનું નિરૂપણ કરનાર એ શાહેનશાહ.** એ મહાપુરુષ એક જ. છ જીવનિકાયને છ જીવનિકાય તરીકે જણાવનાર મહાપુરુષ એક જ. છ જીવનિકાયની શ્રદ્ધા થાય તે જ જૈનત્વ છે. ત્રસમાં આપણી બુદ્ધિ ચાલે. જેમાં આપણી બુદ્ધિ ન ચાલે તેમાં એ જે કાંઈ કહે તે હિતને માટે એવી

શ્રદ્ધાએ ભરોસો ક્યારે રહે?

**ચંદ્રગુપ્તની ચાણુક્યમાં અચળ શ્રદ્ધા**

**ચંદ્રગુપ્ત** પહેલો જબરજસ્ત રાજા ગણાય છે. તે **ચંદ્રગુપ્ત** મોતના મોઢામાં મેલાયેલો ત્યારે કહેઃ **ચાણુક્ય** કહે તે મારા ફાયદાને માટે. વાત એમ બનેલી કે **ચંદ્રગુપ્ત** હારીને આવેલો. સવાર એને પકડવા આવ્યો. તે વખતે **ચાણુક્યે ચંદ્રગુપ્તને** ઉદ્દેશીને કહ્યું: આ રહ્યો **ચંદ્રગુપ્ત. ચંદ્રગુપ્તની** શ્રદ્ધા આ પ્રસંગે જોવાની છે. મોતના મોંઢામાં મેલાયા છતાં એ શ્રદ્ધા રાખે છે, તો જિનેશ્વરના વચનમાં 'મારી ધ્યાનમાં આવે તો માનું' એમ કહેનાર કેવો? જિનેશ્વરના કરતાં ડાહ્યો? મારી શ્રદ્ધા નથી એમ ચોક્ખું કહો. ત્રસ જીવનિકાયની શ્રદ્ધાનું તત્ત્વ જબરજસ્ત નથી. જૈનત્વનું તત્ત્વ સ્થાવર કાયને જીવ તરીકે માનવામાં છે. છ જીવનિકાયની દયા એ શહેનશાહત. એ છ જીવનિકાયને જાણનારા, પ્રરૂપનારા શહેનશાહ. એને અંગે જેને વફાદારી હોય તેને જિનેશ્વરના પગથિયામાં ઊભા રહેવાનું સ્થાન છે. જેને શ્રદ્ધા નથી તેને જિનેશ્વરના પગથિયે ચઢવાનો હક નથી. ત્રસમાં દયા પાળનારાં તો બીજા મતમાં ઘણાં છે.

**વાડ ચીભડાં ગળે એ કેવો ન્યાય?**

શહેનશાહને શહેનશાહતને અંગે વફાદારીના સોગન લેવા પડે. છ કાયને છોરૂની પેઠે ઉછેરે, જાળવે તેને અધિકાર મળે. વાડ ચીભડાં ગળે એ અન્યાય કહેવાય. જો છ જીવનિકાયની દયા કરનારના પટ્ટધરો છ જીવનિકાયની દયા ઉપર કુચડો ફેરવે તો વાડે ચીભડાં ગળવા માંડયાં શરણ તરીકે નિયત કરેલા ભય તરીકે થાય.

**પહેલી આચારાંગની** ગોઠવણ આચારમાં સ્થિત અને

વિચારમાં સ્થિત થાય પછી ઠાણુાંગ અને પછી મહાવ્રત.

## દ્રવ્ય–દુઃખ દૂર કરવા માટે શાસન સ્થાપવાની જરૂરિયાત

જીવનું બાહ્ય હિત નહિ તપાસો અને બાહ્ય અહિત ન છોડો, તો અભ્યંતર હિત સર્જી શકો નહિ. જ્ઞાન, દર્શન ને ચારિત્ર મેળવી દેવું શા માટે? કર્મબંધનથી છૂટવા. કર્મબંધન હોય તો શું નુકશાન? દ્રવ્ય–દુઃખે દુઃખિયો થાય. સંસારમાં રખડનારો થાય. જિનેશ્વર મહારાજે આ તીર્થ સ્થાપ્યું છે, શાસન પ્રવર્તાવ્યું છે તે સીધાં દ્રવ્ય–દુઃખ ટાળવાં માટે. જગતને દુઃખી થતું દેખ્યું, દુઃખમાં કોઈ શરણ નહિ. તે તીવ્રતર દુઃખી થતું દેખ્યું ત્યારે શાસન પ્રવર્તાવ્યું. જેને નાક, કાન નથી, તેને નથ–વાળી શા કામની? તેમ જો જન્મ, જરા ને રોગ વગેરે ઉપર તત્ત્વ ન હોય, તેના દ્રવ્ય–પ્રાણોના નાશ ઉપર તત્ત્વ ન હોય તો શાસન સ્થાપવાની જરૂર ન હતી. દ્રવ્ય–દુઃખ એટલે જન્મ, જરા ને મરણનું દુઃખ. તીર્થંકરને અંગે દ્રવ્ય–દુઃખ ટળવાને અંગે મહિમા ગણાવવામાં આવ્યો. દ્રવ્ય–દુઃખો તરફ બેદરકારી હોય, તો પછી જિનેશ્વરને શાસન સ્થાપવાની જરૂર નથી.

## 'પ્રાણ' શબ્દ રાખવાનું કારણ

પાંચે મહાવ્રતોમાં પહેલું મહાવ્રત હોય તો તે પ્રાણાતિપાતનું વિરમણ છે. 'પ્રાણાતિપાત' કેમ રાખ્યું? દ્રવ્ય–પ્રાણ અને ભાવ–પ્રાણ તરીકે પ્રાણના વિભાગ કરી ગયા. પ્રાયશ્ચિત્ત–શુદ્ધિ પ્રાણ ઉપર આધાર રાખે છે. જીવ કોઈ દિવસ મરતો નથી. તેનાથી વિરમવાનું હોય નહિ તેથી 'પ્રાણ' શબ્દ રાખ્યો.

અતિપાત કરતાં 'વધ' શબ્દ શું ખોટો હતો? अतिपातनं

अतिपातः એ 'हन्' ધાતુનું રૂપાંતર છે અને 'हन्' એ 'जिघांसा' એટલે હણવાની ઇચ્છામાં ધાતુ છે. 'પાત' સામાન્ય પડવામાં છે. સ્વપણું ચાલ્યું ન ગયું, નીચે પડયો. ઊર્ધ્વનો વિયોગ કરી, અધઃના સંયોગ માટે વપરાય. સ્વતંત્ર 'પાત' શબ્દ એકલા અધઃપતનમાં જાય. 'અતિપાતન' એટલે 'નાશ' જે જીવની હિંસા કરી હોય તે જીવે પર્યાપ્તિ-નામકર્મ બાંધ્યું હોય તેને અંગે ઇંદ્રિય-પર્યાપ્તિ થઈ અને શ્વાસ લેવાની તાકાત આવી. પુણ્યનું વૃક્ષ ઊગી ગયું. એને જેણે મારી નાખ્યો તેણે એ કાપી નાખ્યું. પર્યાપ્તિ-નામકર્મને પુણ્યમાં લઈએ છીએ. ખેડુતને કાર્તિક મહિનો થયો હોય તે વખતે તીડ પડે શું થાય? આ બિચારે પહેલા ભવનું બાંધેલું. પુણ્યના ઉદયને લીધે બધી પર્યાપ્તિ મળી ગઈ છે. અત્યારે પુણ્ય ભોગવતો કલ્લોલ કરે છે. પુણ્યનું ઝાડ ફળીને તૈયાર થયું છે. ફળો ભોગવાય તે વખતે સારું. પુણ્યનું ઝાડ જડમૂળથી ઉખેડી નાખ્યું. કણબી ઘેરે હશે તે ખાશે ખરો, પણ તીડે સત્યાનાશ કાઢી નાંખ્યું.

## ભાવ-પ્રાણોનો આધાર દ્રવ્ય-પ્રાણ

હિંસામાં કેમ લાગે છે? 'અતિપાત' શી ચીજ છે? ઝાડ ઊભું હોય તેને પાડી નાખે. તેમ પુણ્ય પ્રકૃતિ જેને મળેલી તેનું પડવું. પ્રાણના અતિપાતન કરાતાં પુણ્યનાં ફળનું અતિ-પાતન થાય. સ્પર્શન-ઇંદ્રિયનો ક્ષયોપશમ. આત્માની જડ જ્ઞાન. જ્ઞાનની જડ શરીર ને ઇંદ્રિયો એ સિવાય આપણી પાસે જ્ઞાન નથી. આપણે શરીરને આધારે રહેવાવાળા છીએ. ખેડુતને ખેતી ઉપર જીવન છે. સર્વજ્ઞો તો અનંત જ્ઞાનમય હોય છે. આ ખેડુત તો આની ઉપર જીવે છે. સ્પર્શ વગેરે પાંચ પ્રકારનાં

જ્ઞાન આ શરીરને લીધે છે. આત્માની જડ જ્ઞાન છે, પણ જ્ઞાનની જડ સંસારીને અંગે કેવળ શરીર ને ઇંદ્રિયો છે. જેણે શરીર ને ઇંદ્રિયોનો નાશ કર્યો તેને આત્માના સર્વસ્વનો નાશ કર્યો. મનુષ્યને અંગે મરણ એ સમ્યક્ત્વનો વિઘાતક. શરીરનો નાશ કર્યો તેણે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રનો નાશ કરેલો છે. ભાવ–પ્રાણની રક્ષા કરવાની ઇચ્છા હોય તેણે દ્રવ્ય–પ્રાણની રક્ષા કરવાની જરૂર છે. ભાવ–પ્રાણનો આધાર દ્રવ્ય–પ્રાણ છે. મારનારે જ્ઞાન, દર્શન ને ચારિત્ર આત્માનું સ્વરૂપ તેનો નાશ કર્યો. પુણ્યનું ઝાડ ફળ્યું ફૂલ્યું હતું. આખું ઝાડ ઉખેડી નાખ્યું. આત્મા વધીને ટોચે ચઢેલો હતો. મેરૂ પર્વતના ઉપર ચઢેલાને ધક્કો મારવો એનો અર્થ શો? જુલમની બાકી નહિ. આ જીવ અણુસમજુ અવસ્થામાં ગર્ભમાં આવ્યો હતો તે ચઢયો એણે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર મેળવ્યાં. તેના દ્રવ્ય–પ્રાણનો નાશ થયો ત્યારે બધાંનો ચૂરો થઇ ગયો. જીવની હિંસા એ મોટું નુકશાન છે. દ્રવ્ય–પ્રાણનો નાશ થતાં ભાવ–પ્રાણોનો નાશ થાય છે. જીવની હિંસા એ મોટામાં મોટું પાપ છે. પુણ્યનું ઝાડ નાશ પામ્યું. પ્રાણનો પ્રહાર કર્યો છે. દીવો ઓલવીએ એટલે અજવાળું આપોઆપ હાલી જાય છે. તેમ પ્રાણનો નાશ કરવાથી પુણ્યરૂપી વૃક્ષ નાશ થાય છે.

'વિરમવું' એટલે શું? છૂટા પડવું. આખા સંઘની આબરૂ લીધી. જેલમાંથી કયારે છૂટયો? એમ પૂછાય એટલે આબરૂ લીધી. તમે હિંસાથી પાછા હઠવાનું કહો છો એટલે ચોક્કસ થયું કે હિંસામાં પેઠેલા હતા. સંઘને 'હિંસાખોર' કહો છો! સર્વ હિંસાથી વિરમાવો છો તેથી સર્વ સર્વ પ્રકારે હિંસા કરનારા હતા એમ તમે સાબિત કર્યું. હવે ચોરી ન કરીશ

એટલે જુલમ કર્યો ને ? બધાની વચ્ચે 'ચોર' ઠરવી દીધો. જેલમાંથી છૂટયો તે 'જેલમાં ગયો' હતો, તે જાહેર કરવા જેવું હતું. હિંસા છોડો એટલે 'હિંસાખોર' સાબિત કરો છો. પોલીસ (Police)ની કોર્ટમાં જઈ ગુનેગાર એકરાર (કબૂલાત) કરે તો બચાવનો રસ્તો નહિ. તેવી રીતે બીજાએ કહ્યું: જેલમાંથી કયારે છૂટયો તો જેલમાં કયારે હતો તે સાબિત કરવું રહ્યું પણ તમે તો કહેવડાવો છો, અમે ચોરી છોડીએ છીએ. તમે કહ્યું હોત કે ચોરી છોડ તો બચાવનો રસ્તો હતો. પહેલા વ્રતમાં કબૂલ કરાવ્યું કે સર્વ હિંસાથી પાછો રહું છું એટલે સાબિત કરાવ્યું કે સર્વ હિંસામાં હતો.

'સર્વ હિંસામાં છે કોણ ?' એમ કહે તેને બચાવ કરવાનો હક રહે. પણ હવે હું હિંસા છોડી દઉં છું એમ બોલે તેને બચાવનો રસ્તો ન રહે. આ વ્રત કરીને તમારા સર્વ ભકતોને હિંસા કરનારા બતાવ્યા.

શંકા—બેનું અપાદાન થતું હોત તો સ્થિર હોય તેને પંચમી લાગે. ઘોડાથી માણસ પડયો. તેમ પ્રાણાતિપાતથી છૂટો પડયો. પ્રાણાતિપાતને સ્થિર બનાવી. આત્માને ઘોડા ઉપર બેઠેલા માણસની પેઠે. હિંસાથી જીવને ખસેડયો અને આથી જ वृक्षात् पर्णानि पतंति કહીએ છીએ. પણ તમે તો હિંસાથી સાધુ ખસે છે એમ કહેવા કરતાં સાધુથી હિંસા ખસી ગઈ એમ કહો છો. એક તો પ્રાણાતિપાતથી વિરમવાનું કહીને 'હિંસાખોર' બનાવ્યા અને હિંસાથી જીવ ખસે છે એમ કહો છો પણ જીવથી હિંસા ખસે એમ નહિ. એનાં સમાધાનો આપવા પડશે.

# વ્યાખ્યાન ૨૨

## જગતના વ્યવહારનો આધાર આચાર

**ગણધર** મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે શાસનની પ્રવૃત્તિ માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ વહેતો રહે તેને માટે દ્વાદશાંગીની રચના કરતા થકા, **આચારાંગમાં** આચારના ટકવા સાથે તીર્થનું ટકવું, આચારના વિચ્છેદ સાથે તીર્થનો વિચ્છેદ, નિગ્રંથ વિના શાસન હોય નહિ, કહો કે મહાવ્રત વિના શાસન પ્રવર્તતું નથી વગેરે જણાવી ગયા. જગતનો આખો વ્યવહાર આચાર ઉપર પ્રવર્તેલો છે.

ઘાતિકર્મનો ક્ષય કરીને વીતરાગ સર્વજ્ઞપણાની સ્થિતિને પામેલાને 'દેવ' તરીકે માનીએ છીએ. જૂઠ, પરિગ્રહ કરનારને 'દેવ' તરીકે માન્યા નહિ. જ્યાં દ્રવ્ય હોય ત્યાં ભાવ હોવ એવો નિશ્ચય કરી શકો તેમ નથી. મોક્ષને અંગે ભાવલિંગનો નિયમ રાખ્યો ને દ્રવ્યલિંગની ભજના રાખી. દ્રવ્ય-ત્યાગ અનિયમિત પણ ભાવ-ત્યાગ જરૂર જોઇએ. ભાવ-ત્યાગ અને ભાવ-ચારિત્ર વિના મોક્ષ નથી. દ્રવ્ય-ત્યાગનું અનિયમિતપણું છે. ભાવ-ત્યાગનું નિયમિતપણું છે છતાં દ્રવ્યથી હિંસા ન પાળનો હોય, જૂઠ વગેરે ન છોડતો હોય તેવાને 'દેવ' કે 'ગુરૂ' માનવા તૈયાર નથી. અને તેવી ક્રિયાને 'ધર્મ' માનવા તૈયાર નથી.

## દ્રવ્ય-આચારની મહત્તા

શંકા-તમારે ગુણ માનવા છે કે આડંબર? એના આત્મામાં જૂઠનો ત્યાગ છે કે નહિ? બહારથી જૂઠનો ત્યાગ કરે કે ન

કરે પણ અંદરથી છે કે નહિ? ભાવ ચારિત્રને બધા માનવા તૈયાર છે પણ ક્યારે માને? સંભવની વ્યાખ્યાએ કરીને. પણ તે સિવાય માનવા તૈયાર નથી. બરોબર શેર શેરના હિસાબનો હોય, રતિભરનો ફરક ન હોય, માત્ર સંભવ, પણ તે સંભવ ધારીને તોલવામાં બેસીએ તો કોઈ ભરોસો ન રાખે છાપ વગરના કાટલાં બરોબર છે એમ કેટલા માનશે? વ્યવહારમાં તો છાપવાળાને જ લાવીશું. જેને ભાવ-ચારિત્ર ને ભાવ-ત્યાગ હોય તેને મોક્ષ થાય છે. દ્રવ્યથી ત્યાગ છે, જેને દ્રવ્યથી પણ લિંગ છે ને જેને દ્રવ્યથી ક્રિયાકાંડરૂપ ચારિત્ર છે તેને માનવાના. શાથી? છાપ પડયાથી. દ્રવ્ય ત્યાગને અંગે જ વ્યવહાર. જેની પાસે સ્ત્રી, હથિયાર કે માળા એ ત્રણે હોય તેને 'દેવ' માનીશું નહિ. ભાવ-પરિણતિમાં જાઓ તો આ કથન ખોટું. પૃથ્વીચંદ્ર સરખાયે સ્ત્રીના હાથમાં હાથ મેળવ્યો છે. ભાવ ચઢી ગયો તો પામી ગયા. દ્રવ્ય છે. જૈન શાસનની મજબૂતી એ છે કે હથિયાર હોય, ભલે અંદરથી હૃદય ચોકખું હોય તો પણ તેવાને 'દેવ' માનવા તૈયાર નથી દ્રવ્ય-આચાર જ ઉપર મહત્તા. જો દ્રવ્ય-આચાર ઉપર મહત્તા ન હોય તો અહીં ભાવના ભોગે દ્રવ્ય-ત્યાગને ચિહ્ન તરીકે રાખ્યો. કેવળજ્ઞાનની પરિણતિ થઈ હોય પણ હથિયારવાળો હોય તો 'દેવ' નહિ. બહાર સ્ત્રીનો ત્યાગ નથી પણ કેવળજ્ઞાનની પરિણતિ થઈ હોય તો પણ દેવ નથી. બહારનો વ્યવહાર નથી. કેવલી થયા એટલે સંપૂર્ણ ગુણ છે. બાહ્ય વ્યવહાર ન હોય તો સંપૂર્ણ ગુણ આદરવા લાયક નહિ; ભલે એના આત્માને એ ફાયદો કરે.

## દ્રવ્ય-ત્યાગની ખાસ જરૂર

ભરત મહારાજાની સભામાં ઇંદ્ર મહારાજ આવ્યા. કેવળ-જ્ઞાન થઇ ગયું તે જાણ્યા છતાં ઇંદ્રિ સભામાં બેસતાં વિરતિને નમસ્કાર કરીને બેસે છે. એવો ઇંદ્ર કેવળજ્ઞાન જાણીને આવ્યો છે પણ વંદન બંધ. એ ચોક્ખું કહે છે: દીક્ષિત થાઓ. વિચારો, રસોઇ થઇ ગઇ છે, ચૂલો સળગાવો એના જેવું ઇંદ્રનું કથન છે. જેને આત્મામાં ત્યાગ વસી ગયો છે તેને ઉત્પન્ન થતી વખત બહારની ચીજ અશુદ્ધ રહી પણ ઉત્પન્ન થયા પછી અશુદ્ધ કેમ રહે? જે મનુષ્ય મોહના ઉદયમાં, કષાયના ઉદયમાં હોય તેના મોહ, કષાય શુદ્ધ થઇ ગયાં માનીએ તો બહારની ચીજ રહેવી જોઇએ નહિ, ખસવી જોઇએ. આથી જ કેવળજ્ઞાન થઇ ગયાં છતાં તેને દ્રવ્ય-ત્યાગ કરવો જોઇએ.

## અન્યલિંગે કે ગૃહલિંગે સિદ્ધના દૃષ્ટાંતનો અભાવ

દ્રવ્ય-ત્યાગ જીવને થતો કેમ નથી? પુદ્ગલાસ્તિકાય એટલે બધી સ્ત્રી, કુટુંબકબીલો વગેરે. પરિણતિ થયા વિના ચોથું ગુણઠાણું નથી. ત્યાગ થતો કેમ નથી. દ્રવ્ય-ત્યાગને રોકનારી ચીજ અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાનાવરણીય કષાય. કેવળજ્ઞાનને રોકનારા કેવળ જ્ઞાનાવરણીય. દ્રવ્ય-ત્યાગ એ સ્વભાવ થઇ ગયો હોય તો કેવળજ્ઞાન એ આત્માનો સ્વભાવ થઇ ગયો તે વખતે જરૂર ત્યાગ થવો જોઇએ. અન્યલિંગે સિદ્ધ ને ગૃહલિંગે સિદ્ધ તેઓ છે કે જેમને કેવળજ્ઞાન પછી પૂરી બે ઘડીનું આયુષ્ય હોય નહિ. બાકી જેમને બે ઘડી આયુષ્ય હોય તે અન્યલિંગે સિદ્ધ કે ગૃહ-લિંગે સિદ્ધ કહી શકાય નહિ. ભરત મહારાજે કેવળજ્ઞાન પછી દસ હજાર વર્ષ સાધુપણું પાળ્યું; વલ્કલચીરી વિચર્યા છે.

સીધું જો અન્યલિંગ કે ગૃહલિંગ સિદ્ધનું ઉદાહરણ લેવા જઈએ તો આ ચોવીશીમાં નથી. દૃષ્ટાન્ત તે કે ગૃહસ્થપણામાં કેવળજ્ઞાન પામ્યા હોય ને તરત મોક્ષે ગયા તેવું જોઈએ. તેવું દૃષ્ટાંત મળતું નથી.

કેટલાક ગ્રંથકારોએ ગૃહિલિંગે સિદ્ધમાં મરુદેવામાતાનું દૃષ્ટાંત આપી દીધું તેમ આપી દેવું હતું ને? અંહીં કેવળજ્ઞાન થયું, પછી આયુષ્ય હતું, સાધુપણું લીધું. ઉપચાર કરીને ભરત મહારાજા અને વલ્કલચીરીને ગૃહિલિંગે ને અન્યલિંગે સિદ્ધમાં લીધા.

## ચારિત્ર એ તો આત્માનો સ્વભાવ

બાહ્ય-ત્યાગ એ આત્માનો સ્વભાવ છે. જો એ ત્યાગ એ આત્માનો સ્વભાવ ન હોય તો પ્રત્યાખ્યાનાવરણીય અને અપ્રત્યાખ્યાનાવરણીય કષાય માનવાની જરૂર શી? કેવળજ્ઞાન થયું એટલે રખડવાના નથી. મોક્ષ હાથમાં છે તો ચારિત્ર શું કામ લેવું પડ્યું? ચારિત્ર એ આત્માનો સ્વભાવ છે. એ પ્રગટ થાય તેમાં નવાઈ શી? જેને બાહ્ય-ત્યાગ ન હોય તેને આત્મસ્વભાવ ચોકખો થયેલો નથી; તેથી સ્ત્રી, હથિયાર કે માળા રાખવાવાળા 'દેવ' નહિ જે દ્રવ્યનો વિરોધ છે એ ખસેડવામાં ન આવે તો દેવત્વને અટકાવે તેથી કુદેવનું ચિહ્ન માન્યું.

## દેવને આપણા જેવી મુશ્કેલી ન હોય

હથિયાર શાને માટે રખાય? શત્રુપણાની બુદ્ધિ પહેલાં હોય તો શત્રુને મારવો આ બુદ્ધિ. 'સ્ત્રી' એ મોહનો ચાળો હોય તો જ સ્ત્રીનો સંકલ્પ. માળા કેમ? સામાયિક, પડિક્કમણામાં ગણું એ શું નડી? માળા નથી જુલમ, પાપનું સ્થાન નથી. એમાં કુદેવપણું ક્યાંથી આવી ગયું? મનુષ્યોની દૃષ્ટિ

પહોંચે નહિ ત્યાં સુધી એમને વસ્તુની સત્ય સ્થિતિ માલમ ન પડે. માળા ધર્મસ્થાનમાં હોય છે એવું માની લે છે. માળા શા માટે રાખવી પડે તેનો વિચાર કર્યો? એકસો આઠ યાદ ન રહે–પાંચ પંદર લોગસ્સનો કાઉસગ્ગ આવે ત્યાં મુશ્કેલી થઇ પડે છે. એ આપણી મુશ્કેલી ટાળવા માટે માળા છે. ભજન કરવા માટે છે ખરી. આપણને મુશ્કેલી તેવી દેવને મુશ્કેલી નથી.

**માળા એ અજ્ઞાનનું–મોહનું ચિહ્ન**

જેને એકસો આઠ, સાઠની મુશ્કેલી તે લોકાલોક શું જાણશે? બીજી બાજુ માળા શું કામ લો છો? પાપ તોડવાં–ઇશ્વરનું ભજન કરવા. પાપ છે; મહાપુરૂષ છે. મહાપુરૂષના પ્રતાપે પાપ તોડવું છે? મહાપુરૂષને જપવા દ્વારાએ પોતાનાં પાપ તોડી રહ્યાં છે. જેઓને પાપ તોડવાનાં હોય તેને 'દેવ' તરીકે માનવા? માળા એ અજ્ઞાનનું–મોહનું ચિહ્ન છે.

ગુરૂને અંગે પણ કસાઇ હોય અને ગુણઠાણે ચઢી ગયો હોય. બને કે નહિ? દ્રવ્ય થકી કુલની રીતિએ પ્રવર્તી રહ્યો છે. એવામાં ભાવના ચઢી તો કેવળજ્ઞાન પામે કે નહિ? તેમ છતાં એને 'ગુરૂ' તરીકે માનીશું નહિ. કેમકે ત્યાગની પરિણતિ ભલે છે પણ આચાર નથી. પરિણતિ ચોકખી હોય પણ દ્રવ્ય–ત્યાગ ન હોય તો 'ગુરૂ' તરીકે માનવાના નથી.

**ગૌતમસ્વામીનું ઉદાહરણ**

તુંગીઆ નગરીમાં **ગૌતમસ્વામી** બજારમાં નીકળ્યા. દાંડો ખભામાં રાખ્યો. આખા બજારમાં કોઇએ નમસ્કાર ન કર્યો. પાછા બરાબર રાખીને આવ્યા તો બધાએ નમસ્કાર કર્યો. શાસ્ત્રમાં આવો ઉલ્લેખ સ્પષ્ટ નથી પણ કહેવાય છે માટે કહું છું.

અંદરનું અશુદ્ધ હોય પણ બહાર શુદ્ધ હોય એ આરાધક છે. બહાર સારૂં છે પણ અંદરનું માલમ પડતું નથી તો એ આરાધક છે. જે મનુષ્ય માયા મમતામાં મૂંઝાયો તેને ત્યાગ કરતાં આકરૂં પડે. જેની પરિણતિ સુધરી છે તે કેમ ન છોડે? કુદેવના લક્ષણ તરીકે હથિયાર, સ્ત્રી ને માળા ગણી શકીશું. અંદર હોય તેની વાત, બહારનાની વાત શી? ઝાડ નવપલ્લવ હોય તો માનવું કે અંદર અગ્નિ નથી. કુદેવ, કુગુરૂ ને કુધર્મનાં લક્ષણો બાંધ્યાં તે વિચારીશું. શાસને સર્વ આચારથી કહ્યું. ગણધરોએ દ્વાદશાંગી ગૂંથતાં આચારાંગને જ પ્રથમ સ્થાન આપ્યું.

## આચાર એ તો જૈન શાસનની મુદ્રા

ભાવની પરિણતિ ઉત્પન્ન થઈ કોને ગણીએ? ભાવ થાય તેને. પરિણામ ચોક્ખાનો અર્થ એ કે આ બધું છોડું એવી બુદ્ધિ થાય. છોડવાની બુદ્ધિ થઈ તો પરિણામ ચોકખા. જેને સંયોગ ભયંકર લાગે તે બીજો મનાવવા આવે તો કહે: આ ન હોય.

## શિવકુમારનું ઉદાહરણ

શિવકુમાર કેવી પરિણતિએ ત્યાગમાં રહ્યો છે! રાજાના કહેવાથી શ્રાવક આવ્યો છે. વિનયની સ્થિતિ ચઢતી કરીને વાત કહી. દ્રવ્ય ખરાબ છે. ભાવ સારો છે. તેના ભાવમાં સંસારનો ભડકો ઊઠેલો છે. ભાવમાં હોય તેમાં ભવની કિંમત કરવાની નથી. શિવકુમાર એટલો બધો ત્યાગી હતો કે ભાવની સ્થિતિમાં તેને થયું આ શું?

જેને ભાવ–પરિણતિ હોય તેને દ્રવ્યથી પણ ન છૂટવું તેથી ભડકો થાય. પહેલાં ભાવ જાણવાને માટે. ભાવ ભાવવા માટે, ટકાવવા માટે આચારની જરૂર. આચારને આધારે તીર્થ. જૈન

શાસનનો સિક્કો 'આચાર' છે એ જૈન ટંકશાળનો સિક્કો છે. પરિણતિ એ આત્માનું સ્વરૂપ છે. આચાર એ જૈન શાસનનો સિક્કો છે. રાજા ભંડાર કે કોઠાર તપાસે તેના કરતાં પહેલી મુદ્રા હાથમાં લે. તેવી રીતે જૈન શાસનમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર જરૂરી છે પણ આચાર એ જૈન શાસનની મુદ્રા છે.

**આચારાંગથી** આચારની અને **સૂયગડાંગથી** વિચારની વ્યવસ્થા કરી. **ઠાણાંગજીમાં** વાત આવી હતી કે જીવહિંસા બંધ કરો એવું કોને કહો છો? ચોરી કરવી બંધ કરો એવું કહો તો ખરા? જે મનુષ્યો પાપ કરતાં નથી તેઓને પાપ કરવાનું બંધ કરો એમ કહી શકાય નહિ. એના મોઢામાં બોલાવો છો; હું ત્રસ ને બાદરની હિંસાથી વિરમું છું. તમે બધાંને હિંસક ઠરાવો છો.

## વળાવો શું કામ લીધો?

અપાય બે પ્રકારે. એક કાયાના સંસર્ગથી ને બીજો બુદ્ધિના સંસર્ગથી. અપાય એટલે છૂટાપણું. બનવાના પ્રસંગની બુદ્ધિથી સંબંધ કરીને છોડવું. આવો પ્રસંગ આવે તો પણ કરવું નહિ તેનું નામ 'અપાય.' કાયાના સંસર્ગથી ત વિરમે છે. કાયાનો સંસર્ગ છે. વળાવો શું કામ લીધો? એ તો ચોરથી રક્ષણ કરે. ચોર આવ્યો ક્યારે? જોડે લીધો કેમકે કદી ચોર આવી પડે તો બચાવ કરે એ બુદ્ધિથી લીધો છે. બુદ્ધિનો સંસર્ગ. બુદ્ધિથી ચોરોની કલ્પના કરી તેને ખસેડવાનું વિચાર્યું. હિંસાના પચ્ચક્ખાણ કાયાની બુદ્ધિથી. જે હિંસા નથી કરતા તેને અંગે બુદ્ધિનો સંસર્ગ છે. કદાચ પ્રસંગ આવી પડે તો મારે તો ન જ કરવું. સટ્ટો રમનારો સટ્ટાના પચ્ચક્ખાણ કરે તો કાયાથી સંસર્ગ. સટ્ટો રમતો નથી તે પચ્ચક્ખાણ કરે તો બુદ્ધિથી

સંસર્ગ. સર્વ પ્રાણાતિપાતવિરમણ. સર્વ જીવની હિંસાથી વિરમવાનું રાખ્યું તે સર્વ જીવની હિંસા કરતો હતો એમ નથી. બુદ્ધિથી વિરમવાની બુદ્ધિ છે. જેવી રીતે બુદ્ધિથી ચોરોની કલ્પના કરી. ચોરો આવી પહોંચે અને રક્ષણ કરે તેથી વળાવો લીધો. તેમ હિંસાને અંગે કલ્પના આવે, પ્રસંગે આવી જાય તો પણ મારે હિંસા કરવી નહિ. બુદ્ધિથી બધી હિંસાઓ કલ્પી, તેથી દૂર રહ્યો. ચોરી છોડે એ ચોરને જ કહેવાય. દુનિયામાં કાયાના સંસર્ગનાં દૃષ્ટાંતો છે માટે જોડે ધ્યાન રાખ. વફાદારીના સોગન લેવાય છે ત્યાં પ્રજા શું બેવફાદાર હતી? બેવફા થયો હોય તે જ લે ને? ના. પણ બિનવફાદારીનો પ્રસંગ આવે તો બિનવફાદારી નહિ કરૂં. વફાદારીથી ચાલીશ એ આશયે સોગન લે છે. આથી જે હિંસાથી વિરમવાનું કહે છે તે હિંસા કરતો જ હોય એ નિયમ નથી. અહીં 'અપાદાન' કહીને પંચમી કહી તેથી અહીં અપાદાનમાં પંચમી લેવાની છે. આ સર્વ પ્રકારની હિંસા બુદ્ધિથી સમજી લીધી છે. બુદ્ધિથી આત્માએ સંસર્ગ કર્યો છે અને આવો પ્રસંગ આવે તો તે ન કરવી. અહીં કાયાના સંસર્ગનો અપાય નથી.

## 'સર્વ' કહેવાનું કારણ શું?

'સર્વ' વિશેષણની જરૂર શી? એક ઘટનું ઘટપણું ઓળખ્યું તો દુનિયાના બધા ઘટો ઓળખાઈ ગયા. રતિભર સોનાને પારખ્યું તો આખા જગતનું સોનું પારખ્યું. સોનાપણું ખ્યાલમાં આવવાથી જગતનું સોનું પારખ્યું, કટકો ન દેખ્યો પણ સોનાપણું ખ્યાલમાં હતું. હિંસાપણું તે તમારા ખ્યાલમાં રાખો તો પછી સર્વથી કહેવાની જરૂર શી? સર્વ હિંસામાં હિંસાપણું હોય તો હિંસાથી વિરમો એટલું બસ. 'સર્વ શબ્દ'

નકામો છે. જે જે હિંસા હોય તે બધાથી આપોઆપ વિરમવાનું થઈ જશે. 'સર્વ' મેલવાનું કામ શું? જેને હિંસામાં છૂટી રાખવી હશે તે કહેશે: સ્થૂળથી વિરમું છું. એ એના પચ્ચક્ખાણ લે. પેટમાં દુઃખે તે અજમો લે.

## 'સર્વ' શબ્દ રાખવાથી બે લાભ

'સર્વ' શબ્દ મેલીને ફાયદો શો? કારણ બે છે: એક મહાવ્રતપણું જણાવ્યું છે. પ્રાણાતિપાતવિરમણ એમાં મહાવ્રતનો ધ્વનિ નથી, જ્યારે 'સર્વ' આવે ત્યારે મહાવ્રતનો ધ્વનિ છે. દેશથી વિરતિ કરે તેનું નામ 'અણુવ્રત.' સર્વથી વિરતિ કરે તેનું નામ 'મહાવ્રત.' 'સર્વ' શબ્દ જોડે તેથી મહાવ્રતપણું સમજાય છે. એક ઘડાને ફોડયો. ઘડાને ફોડયો કે નહિ? રૂઢ શબ્દો દેશમાં કામ કરે છે. ચૌદ સ્વર એકઠા થાય તો સ્વર કહેવા કે એકલા એકલામાં સ્વરપણું છે? સર્વ પ્રકારની હિંસા છોડવા માટે 'સર્વ' લેવાની જરૂર છે. પ્રાણાતિપાતથી વિવક્ષિત પ્રાણાતિપાત નહિ. જેમ ઘી લોટામાં ભર્યું હોય અને પછી કોઈ ઘી પી ગયો તો એ બધું ઘી પી ગયો એમ જણાવ્યું. તો શું દુનિયામાં ઘી નથી? ના તેમ નથી પણ અહીં લોટા પૂરતું 'બધું' સમજવાનું છે. અહીં પ્રાણાતિપાતમાં પ્રાણાતિપાતની એક વસ્તુ છોડી દે, તો તેથી પ્રાણાતિપાતનું વિરમણ થઈ જાય એવું કોઈ કહે તેથી મહવ્વયા ઉદ્દેશમાં જણાવી ઉત્તરમાં 'સર્વ' કહ્યું અને તેથી નિરવિશેષ 'સર્વ' લેવું એમ જણાવ્યું. છે. તેથી 'સર્વ' શબ્દ મેલવો જોઈએ. મહાવ્રત લેવું જોઈએ

## 'વેરમણ'નો અર્થ

વેરમણં એટલે વિરમવું. જે લોકો વસ્તુ સમજી શકતા નથી.

સમ્ ઉપસર્ગ–ધાતુ સાથે ઉપસર્ગ જોડાય. અત્યંત સર્વ કાળને માટે સરકવું–ખસ્યા કરવું તેનું નામ 'સંસાર' હતું. હંમેશા ભટક્યા કરવું તેનું નામ 'સંસાર.' ધાતુને ઉપસર્ગ જોડાય કે નામને જોડાય તેનો ખ્યાલ નહિ. સમ્યક્સાર કરે. विरमणथी विशेषे रमणं विरमणं એવો અર્થ કરવાવાળા બિચારા ઢોરચારવાવાળા હોય તો જુદી વાત. 'થી' ક્યાં લાગે ? વિશેષે લેવું હોય તો સપ્તમી લેવી પડે. પંચમી વિભાગમાં તો વિરમણનો 'પાછું હઠવું' એ અર્થ કર્યા સિવાય છૂટકો નથી. એ જ જગો પર સપ્તમી હોત તો વિશેષ રમવું થઈ જાત. પંચમી કરીને ચોકખું જણાવી દીધું કે પ્રાણાતિપાતથી છૂટા પડવું. 'સર્વ' પ્રાણાતિપાતનો ત્યાગ કહેવું હતું ને? 'ત્યાગ' શબ્દ રાખ્યો હોત તો 'મોટો' શબ્દ ન લેવો પડત ને પંચમી પણ ન લેવી પડત. જગતમાં આશ્રવની પ્રવૃત્તિ કોઈ દિવસ બંધ થવાની નથી. પગ બચાવવા હોય તેણે પોતે જોડા પહેરી લેવા. દુનિયામાં કાંટા ન હોય તેવો પ્રસંગ ન આવે. જગત કર્મના સકંજામાં સપડાયેલું છે. તેમ આશ્રવમાં ગડમથલ કર્યા કરવાનું છે. તારે વિરમવાનું છે; આશ્રવ તારાથી વિરમે નહિ.

### પચ્ચક્ખાણ કરે તે જ કર્મથી બચે

આ ઉપરથી ધ્વનિત કરે છે કે અનાદિ કાળથી જીવ આશ્રવમાં પડેલો છે. પ્રાણાતિપાત–વિરમણ. ઘોડેથી આદમી પડયો. જીવહિંસાથી પાછો હઠયો. હિંસા મોટી ચીજ છે. મોટી ચીજ ન હોય તો પાછા હઠવાનું ન હોય. આત્માથી હિંસા ખસતી નથી; હિંસાથી આત્મા ખસે છે. તેને માટે પ્રાણાતિપાત–વિરમણ. હિંસા એ અનાદિની ચીજ છે. સંસારી જીવ પ્રાણાતિપાતના આશ્રવવાળો છે. બીજાં શાસ્ત્રમાં 'કરે તે ભોગવે'

એવી સ્થિતિ છે; જૈન શાસનમાં કરનારો ને ન કરનારો બંને ભોગવે. ખૂનનો ગુન્હો હોય છે. એક હથિયાર લઈને ખૂન કરનારા તેનો ગુન્હો અને બીજી ત્રીજી વસ્તુ લઈને ખૂન કરનારા તેનો પણ ગુન્હો જ માનીએ છીએ. કરે તે ભોગવે ને ન કરે તે પણ ભોગવે એ જૈન શાસનનો નિયમ છે. અર્થાત્ જે પચ્ચક્ખાણ ન કરે તે બધાંએ ભોગવે એ જૈન શાસનનો નિયમ. પચ્ચક્ખાણ કરે તે જ કર્મથી બચે. પચ્ચક્ખાણ નહિ કરવાવાળાં પાપ કરે કે ન કરે તોયે પાપને બાંધે એકલું જૈન શાસન જ એવું છે કે જે અવિરતિને કર્મ માને છે; બીજાં બધાં અપકૃત્યથી કર્મ માને છે. જેટલી વિરતિ નહિ તેટલું કર્મ, કરો કે ન કરો. ખૂન કરે તે તો ખૂનને અંગે ગુન્હેગાર હોય પણ આ તો ખૂનને જાણતો નથી તેવાને તમે ખૂની ઠરાવી દો છો? અહીંથી પાંચસો ગાઉ ઉપર રહેલા ત્રસ જીવો, કે વનસ્પતિને અમે જાણતા નથી તેની હિંસા અમને લાગે? હા. વિરતિ નથી કરી તેથી. વ્રત પચ્ચક્ખાણ ન કરે એટલે કર્મ બંધ. આથી બીજે નંબરે અવિરતિને કર્મબંધનું કારણ રાખ્યું. મિથ્યાત્વ સિવાય અવિરતિથી કર્મબંધનું બીજું કોઈ પહેલું કારણ નથી. કંપની (Company)ના મેંબરો(members) થયા. મેંબરો ઘેર જઈ બેઠા. હાજર થએલાએ ગુન્હો રાજદ્રોહ કર્યો. તેમના કરવાથી ગુન્હેગાર આખી ટોળીને ગણવાના. પેલા બિચારા તો ઘેરે બેઠેલા. મિલમાં નફો કે નુકશાન થાય તે શેર હોલ્ડરોને ઘેર બેઠા ખમવાનો. જે કંપનીમાં મેંબરપણે નામ નોંધાયું હોય તેમાં નફો કે નુકશાન થયા તે ભોગવવું પડે. નુકશાન કેમ થયું તેની ખબર નથી. આખા ચૌદ લોકમાં એવું એકે સ્થાન નથી કે જેમાં આપણે ન જન્મ્યા હોઈએ. બધાંને પોતાના માન્યા

છે. વિરતિ કરી નથી તીર્થંકર મહારાજ સરખા ગર્ભથી ત્રણ જ્ઞાન ધરાવનારા પે ઘરથી નીકળ્યા. તીર્થંકરથી ઘર નથી નીકળ્યું; પોતે ઘરથી નીકળ્યા છે. અવિરતિ સાથે અનાદિની વિચારીએ. આત્માંમાંથી અવિરતિ ન કાઢી શકાય. તમે અવિરતિમાંથી નીકળી જાઓ. અનાદિ, ધ્રુવ એવી અવિરતિ છે. હિંસા અનાદિ કાળની છે. માત્ર તમે નીકળી જાવ; એ તો રહેવાની. પ્રાણાતિપાત-વિરમણ. હિંસા એ અનાદિની જગતની વ્યાપક અને અવિરતિની ચીજ છે. એને ખસેડવા માગે તે બને તેમ નથી. તારે ખસવું હોય તો તું ખસ. કૂવા, તળાવ ગળાય નહિ. જેટલું જોઇએ તેટલું લઇ હાથે ગાળી લે; જોઈતાને ગાળીશ તો ફાવીશ. જગતનાને ગાળવા જઇશ તો ન ફાવે. તારા પોતાના આત્માને બચાવવો હોય તો ખસી જા. જીવ-હિંસાની અવિરતિ અનાદિની સ્થિર છે, હિંસાના કાર્યથી વિરમવાનું તત્ત્વ નથી. હિંસાનું કાર્ય તો છોડી શકાય તેવું છે, પણ હિંસાની અવિરતિ અનાદિ કાળની છે. તેની અવિરતિની પરિણતિથી તારે પાછા હઠવાનું છે.

## હિંસા અંગે એક જ વિકલ્પ

પ્રાણાતિપાતની અવિરતિથી થતો કર્મબંધ શાશ્વતો-નિત્ય બંધન થઇ શકે એવો છે. તને કલ્યાણની બુદ્ધિ થાય તો તું ખસી જા. તું અવિરતિ-હિંસાનો ભય સમજ. એને છોડ, એ તને ન છોડે. દુનિયા વિષયને છોડે. મનુષ્ય રિદ્ધિને છોડે છે અને રિદ્ધિએ મનુષ્યને છોડયો-એ બે વાત છે; પણ હિંસા તને ન છોડે એ ચોક્કસ છે. બે રસ્તે વિજોગ નથી. બે વિકલ્પ છે જ નહિ, એક જ છે. મોતને અંગે બે વિકલ્પ કહે છે. (૧) જીવ શરીરને છોડે છે; (૨) શરીર જીવને છોડે છે. હિંસા કોઈ દિવસ જીવને છોડવાની નથી; જીવે હિંસા છોડી છે. જેને વિષયવિષયી,

જીવ શરીર એને છોડે, એને એ છોડે પણ હિંસાદિક પાપસ્થાનકોમાં એકજ નિયમ છેઃ પાપ જીવને છોડે નહિ. જીવને જ પાપ છોડવું પડે. તેથી પ્રાણાતિપાત–વિરમણ કહેવું પડયું. જગતમાં પાપ છે, છે અને છે. હિંસા છે, છે અને છે. તું ધારે કે હિંસા જાય પણ એ કોઇ દિવસ જવાની નથી; માટે તારે જવું હોય તો તું જા. આથી પ્રાણાતિપાતથી હું વિરમું છુ એમ રાખ્યું. થાંભલો ન છોડે તેથી મનુષ્યે થાંભલો ન છોડવો? મનુષ્યે તો બાથ કાઢી નાખવી જ જોઇએ. જીવે તો જરૂર નીકળી જવું જ જોઇએ. એ જરૂરિયાત જણાવવાને અંગે અહીં પંચમી છે. જ્યારે વિરમણ કરૂં છું ત્યારે જ હું બચું છું. અવિરતિથી કર્મો આવતાં હતાં એમ ‘ વિરમણ ’ શબ્દ અવિરતિનો ખ્યાલ લાવે. આથી અવિરતિથી કર્મો આવે છે એમ જાણીને, એનાથી ડરીને અને એ કર્મ બંધ કરવાને ‘વિરમણ’ શબ્દ મેલવાની જરૂર છે.

વિરતિ કે વ્રત ન લેતાં ‘ વિરમણ ’ શબ્દ કેમ લીધો? વિરમણમાં ‘अनट्’ પ્રત્યયથી ભાવ–પ્રત્યય લીધો તો તે કયા કાળને અંગે? વિરમણમાં ‘अनट्’ એકે કાળનો પ્રત્યય નથી?

---

# વ્યાખ્યાન ૨૩

## તીર્થનો આધાર

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામી**જી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે શાસનની પ્રવૃત્તિ માટે અને **મોક્ષમાર્ગ** વહેતો રહે તે માટે દ્વાદશાંગીની રચના કરતા થકા જે પૂર્વની પહેલાં રચના કરી હતી તેને પહેલાં સ્થાપન નહિ કરતાં પહેલવહેલાં **આચારાંગ**નું સ્થાપન કર્યું. બાર અંગોમાં

**આચારાંગની** રચના (સ્થાપના) કરવામાં આવી કારણકે તીર્થનું રહેવું, ટકવું તે આચારને આધારે છે. સર્વ વિરતિના આચારે તીર્થની ઉત્પત્તિ, ટકવું, ચાલવું છે. તેમ હોવાને લીધે નિર્ગ્રંથ સિવાય તીર્થ જ નહિ એમ કહેવાય છે.

**અફળ દેશના**

પર્યુષણમાં સાંભળીએ છીએ-દશ આશ્ચર્યો. તેમાં અભાવિતા પર્ષદ્ નામનું આશ્ચર્ય કહીએ છીએ. ભગવાન **મહાવીરને** કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. સમોસરણ દેવતાએ રચ્યું. ભગવાને દેશના દીધી પણ કોઈને વિરતિ થઇ નહિ. દેશનાને નિષ્ફળ ગણી, જોકે કેટલાક સમ્યક્ત્વ પામ્યા.

**સમ્યક્ત્વ અને ચારિત્રનો સંબંધ**

સમ્યક્ત્વ પ્રાપ્ત થયું તો ચારિત્રને આવ્યા વિના છૂટકો નથી. સમ્યક્ત્વ આવ્યા પછી પતિત ન થાય તો સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ ભોગવાઈ જાય ત્યારે ચારિત્ર આવ્યે જ છૂટકો. સમ્યક્ત્વને પૂંછડે ચારિત્ર બંધાયેલું છે, પણ ચારિત્રને પૂંછડે સમ્યક્ત્વ બંધાયેલું નથી. પહેલાં વિરતિ મળી ગઈ. સમ્યક્ત્વ વગરની તે વિરતિને દ્રવ્ય–ચારિત્ર–દ્રવ્યવિરતિ કહીએ છીએ પણ તેની સાથે સમ્યક્ત્વ બંધાયેલું નથી. ચારિત્ર–આચાર એ અનંતી વખત આવી જાય પણ સમ્યક્ત્વ અનંતી વખત આવે નહિ. સમ્યક્ત્વ વધારેમાં વધારે વધત અસંખ્યાત વખત આવે.

એક માણસ જાસુસી કરવા આવે તે રાજ્યની સુખસમૃદ્ધિ બધું દેખે છે, અનુભવે છે પણ તેનું ધ્યેય એક જ કે ચઢતી રાજાની કરવી છે. સુખ, સુધારો, સમૃદ્ધિ બધું દેખે. અપરિમિત ગુણો છતાં ક્યાં પોલ છે તે દેખવી છે. કિલ્લો આખો મજબૂત હોય, ખાંચો ક્યાં પડે તેવો છે તે જુએ. રાજ્યમાં પોલ ક્યાં

છે તે જુએ. તેમ આને પુદ્ગલ તરફ ધ્યેય હોય. પુદ્ગલની અરુચિની વાત મગજમાં ન ઊતરે. જેમ વિદ્યા સાધવા બેઠેલો તે વખતે દેવી સામે આવે તો ન જુએ. વિદ્યા સાધીને તો રાજપાટ લેવાનો છે. હમણાં દેવીની સામે જોઇશ તો રાજ્ય ન મળે, તેમ એને દેવલોક નહિ મળે.

**આશ્ચર્ય કયું ?**

હવે મૂળ વાત પર આવો. દ્રવ્ય-ચારિત્ર અનંતી વખત આવી જાય તો પણ મોક્ષ કે સમ્યક્ત્વનો નિયમ નહિ, પણ સમ્યક્ત્વ આવી જાય તો અર્ધ પુદ્ગલ-પરાવર્તમાં મોક્ષ પામે. સંખ્યાતા સાગરોપમ પછી ચારિત્ર પામે. કોઇ દેવતાઓ સમકિત તો પામ્યા છે. મનુષ્યો ન આવવાથી સર્વ વિરતિ ન થઇ એ આશ્ચર્ય. મનુષ્યો ન આવ્યા તે આશ્ચર્ય નહિ. સર્વ વિરતિ ન થઈ તે આશ્ચર્ય. **મહાવીર**ના સમવસરણમાં સમ્યક્ત્વ કેઇ જીવોને થઈ ગયું, છતાં તે દેશના સફળ ન ગણાઇ-નિષ્ફળ થઇ તેથી આશ્ચર્ય ગણાયું. સર્વ વિરતિ ન થઈ તેથી આશ્ચર્ય.

**ચારિત્રને આધારે જ તીર્થ**

આચાર પરત્વે જ શાસન અને તીર્થ. પહેલી દેશના વખતે તીર્થ સ્થપાયું નહિ. પહેલી દેશનામાં સમ્યક્ત્વ થયા છતાં એને આપણે નિષ્ફળ ગણીએ છીએ. તીર્થની સ્થાપના કરાઈ નહિ. સર્વ વિરતિને લેવાવાળો કોઈ થયો નહિ. તીર્થની સ્થાપના સર્વ વિરતિને લેનારો ન થવાથી ન થઈ. ચારિત્રને આધારે જ તીર્થની ઉત્પત્તિ છે અને તીર્થનું વહેવું પણ ચારિત્રને આધારે છે. જ્યાં સુધી ચારિત્ર ત્યાં સુધી તીર્થ. ચારિત્રનો વિચ્છેદ તે દહાડે જ તીર્થનો વિચ્છેદ.

ગણધર મહારાજે તેથી પહેલાં **આચારાંગ** સ્થાપન કર્યું.

એમણે **આચારાંગ**માં સાધુના આચારનું નિરૂપણ કર્યું. કુલ્લાં કિંમતી પણ તે ધીને અંગે ઝવેરી નેકલેસ (Neklace) તૈયાર કરે પણ તેની પેટી વીસ પચીસ રૂપિયાની. એ નેકલેસનું રક્ષણ કરનાર હોય તો તે પેટી. બરોબર આચારમાં ટકી રહે, એ બધાનું ફળ વિચારની સુંદરતા રહે તેમાં છે. વિચારનું અસ્તવ્યસ્ત ખાતું થઈ જાય તો એ જ ચરિત્ર રખડાવનાર થઈ જાય. ચક્રવર્તીઓએ અને વાસુદેવોએ નિયાણાં કર્યાં તેથી તેઓ નરકે ગયા. રખડી ગયા. વિચાર વ્યવસ્થિત રહે તો મોક્ષ પમાડે; વિચારનો પલટો થાય તો રખડાવે.

ચારિત્ર ફળ દેનારૂં, મોક્ષને અંગે જરૂરી છે. તીર્થની જડ છે. એના વધવાએ વધવું. ઘટવાએ ઘટવું એટલું સંબદ્ધ છે.પણ વિચારસરણી બરોબર ચાલે તો ફળ દે છે. વિચારસરણીમાં પલટો થાય તો નુકશાન થાય. **સૂયગડાંગ**ની રચના તેથી કરી. વર્ગીકરણને અંગે **ઠાણાંગજી**. પાંચમા ઠાણામાં 'पंचमहव्वया पन्नत्ता' એનો ઉલ્લેખ છે. અનુક્રમસર જ પાંચ મહાવ્રતો છે. તેમાં પહેલું પ્રાણાતિપાત–વિરમણ.

'वेरमणं' શું કરવા? નિવર્તન રાખ્યો હોત તો અર્થ આવત કે નહિ? 'वेरमणं' શબ્દ કેમ પકડો છો? **દશવૈકાલિક, આચારાંગ ને પક્ખીસૂત્રમાં** એ શબ્દ કેમ પકડો છો? 'વેરમણ શબ્દ યૌગિક નથી.

**શબ્દના ત્રણ પ્રકાર–**

શબ્દ ત્રણ પ્રકારના હોય છે: (૧) રૂઢ (૨) યૌગિક અને (૩) મિશ્ર. રૂઢમાં વ્યુત્પત્તિને સંબંધ નહિ. ગણિત શીખવાય છે ત્યારે કહેવાય છે કે अ નામનો માણુસ. આમાં अ નો અર્થ શો? કાંઈ નહિ. अ, ब એ પણ એક જાતનું આંધળું અનુકરણ

છે. કેટલાકને ખ્યાલમાં ન હોય. જંગલીની લિપિ A. B. C. D. अ, ब, क, ड, એનું જ અનુકરણ. નથી સ્વરનું ઠેકાણું, નથી વ્યંજનનું ઠેકાણું. આર્યોની ભાષામાં કંઠ્ય લીધા તો કંઠ્ય. જ્યારે એની ભાષામાં નથી અક્ષરો પુરા, નથી રચના પૂરી, છતાં અનુકરણ કરીને अ, ब, क, ड લીધા. વાસ્તવિક રીતે अ, आ, इ, ई. અ નો અર્થ કાંઈ નહિ. તે બધા રૂઢ.

કેટલાક શબ્દ વ્યુત્પત્તિ પ્રમાણેના છે. करोति इति कर्ता. જે કરનાર હોય તેને 'કર્તા' શબ્દ લાગુ થાય. કેવળ વ્યુત્પત્તિથી લાગુ થાય તે 'યૌગિક.'

યોગિકરૂઢ શબ્દ તે વ્યુત્પત્તિ ને પ્રવૃત્તિનો હિસાબ રાખે. ગો એટલે ગાય. गच्छति इति गौः. ચાલે છે તે गौः તો શું ભેંસ, ઘોડા ચાલતા નથી ? તેમ ગાય બેસે છે, ક્યાં ચાલે છે, છતાં એને 'ગો' કહીએ છીએ. ગો શબ્દ વ્યુત્પત્તિ લઈને રૂઢ કરી નાખ્યો. ચાલતા હાથીને ન લાગ્યો પણ બેઠેલી ગાયને પણ 'ગો' કહેવાય. તેવી રીતે આ 'વેરમણ' શબ્દ એકલો વ્યુત્પત્તિ અર્થને લેનારો નથી. વ્યુત્પત્તિ લઈએ તો 'પાછુ નિવર્તવુ' એ નથી. આ 'વેરમણ' શબ્દ યૌગિક નથી. જો એ યૌગિક શબ્દ હોય તો ત્યાગ ખુશીથી લેવાય. નહોતી પંચમીની જરૂર. वेरमणंની જરૂર? ક્યારે? વેરમણ યૌગિક હોત તો. પણ આ 'વેરમણ શબ્દ યોગરૂઢ છે. ક્યાં રૂઢિ કરી? [1]ज्ञात्वाऽभ्युपेत्याकरणं. એમ યોગ્યરૂઢ કહ્યું.

વિરતિ–વિરમણ કોનું નામ? પાછું હઠવું એટલાનું નામ 'વિરતિ' નથી તો અહીં 'ત્યાગ' શબ્દ હતો.

સૂક્ષ્મ એકેંદ્રિય જીવો હિંસાથી છૂટા રહેલા છે. કેવળ-

1 विरतिर्नाम ज्ञात्वाऽभ्युपेत्याकरणम् (तत्त्वा. अ. ७ सू० १ भा०)

–જ્ઞાની-સયોગિ કે અયોગિ કેવલી હિંસાની ઝાપટમાં આવી ગયેલાં છે પણ સૂક્ષ્મ એકેંદ્રિય કોઈની હિંસા કરતા નથી. હજુ બીજા જીવોને અનુપયોગે અને કેવલી મહારાજને સર્વદા ઉપયોગ છતાં હિંસા થાય, પણ સૂક્ષ્મ એકેંદ્રિયને હિંસા માત્ર નથી. જો 'તેને હિંસા માત્ર' નથી તો એને 'મહાવ્રતધારી' માની લેવા? હિંસા રહિતપણું એટલું જો હોય તો સૂક્ષ્મ એકેંદ્રિયને મહાવ્રતધારી માનવા પડે. તેમજ સિદ્ધ મહારાજ હિંસા રહિત છે, હિંસા કરનારા નથી. જગતના જીવો હિંસા કરીને કર્મ બાંધે તેનાં કારણ તેઓ બનતા નથી. સૂક્ષ્મ એકેંદ્રિય અને સિદ્ધને સ્વરૂપહિંસા–દ્રવ્યહિંસા નહિ. હિંસાના કરનારા થાય નહિ. હિંસા ન કરવી તેટલા માત્રનું નામ 'મહાવ્રત' કહેવામાં આવે તો તેઓ મહાવ્રતધારી અહિંસક થાય, માટે હિંસાપરિહાર, હિંસાત્યાગ એ મહાવ્રતના શબ્દોમાં ન રાખ્યું પણ 'वेरमण' શબ્દ રાખ્યો.

## વિરમણથી ત્રિવિધ અર્થનું દ્યોતન

'वेरमण' શબ્દમાં વધારે શું? 'વેરમણ' શબ્દ યોગરૂઢ છે. અકરણ, ત્યાગ એ બધા યૌગિક છે. યોગરૂઢ હોવાથી એ 'वेरमण' શબ્દ ક્યાં લાગુ થાય તે વિચારો. કચરાથી પેદા થાય તે પંકજ. पंकात् जायते इति पंकजम्. માછલી પણ કચરામાંથી પેદા થાય કચરામાંથી જન્મેલો અને કમળની જાતનો હોય તો પંકજપણું. બાકી દેડકાં, કીડાં, માછલીઓ પંકજ નહિ. 'विरमण' એટલે પાછું હઠવું. નહિ કરવું, ત્યાગ કરવો એટલા માત્રમાં 'વિરમણ' શબ્દ લાગતો નથી.'વિરમણ'સામાન્ય નિવૃત્તિ અર્થને રાખનારો નથી વિશિષ્ટ નિવૃત્તિને કહેનારો છે. ज्ञ त्वाऽभ्युपेत्याकरणं. 'વિરમણ' શબ્દ મેલીને ત્રણ વસ્તુ ખેંચી છે. જેનો ત્યાગ કરવો છે તેને જાણો. મિથ્યાદૃષ્ટિ પણ, સમ્યગ્દૃષ્ટિ અવિરતિ, દેશવિરતિવાળા

પણ જાણનારા હોય. અભ્યુપેત્ય-પ્રતીતિ કરે, જાણે પછી તે નહિ કરવાની પ્રતિજ્ઞા કરે.

સૂક્ષ્મ અને બાદરને જાણવા તે વિરમણનો પહેલો અંશ છે. પ્રતિજ્ઞા કરવી તે બીજો અંશ છે. પ્રતિજ્ઞા ન કરે ત્યાં સુધી વિરતિમાં આવેલા નથી. આ જીવ કરવામાં જેટલો અથડાયો નથી તેના કરતાં વિરતિ ન કરવામાં વધારે અથડાયો છે. આ જીવ પાપ કરવાને પ્રતાપે જેટલો રઝળ્યો નથી, તેના કરતાં અનંત ગુણો સંસાર વિરતિ ન કરવાથી એણે વધાર્યો છે. અનંતો કાળ વધારે રખડવું પડયું. અનંત કાળ તે (હિંસા) ન કર્યાં છતાં રખડવામાં કાઢયો. ન કર્યા છતાં રખડવાનું કેમ? અવિરતિ હોવાને લીધે.

આ જીવ અનાદિ કાળથી સૂક્ષ્મ નિગોદમાં હતો. કઈ હિંસા વગેરે કર્યાં હતાં કે જેથી સૂક્ષ્મ નિગોદમાં હતો? પાપનાં પચ્ચક્ખાણ ન કર્યાં તે માટે. ગૂમડું થયું પણ આપણને રૂંવાડું યે મનમાં નથી કે ખાઉં છું તેથી તેનું પોષણ એને મળે. ગૂમડું થયું હોય અને એ પાક ઉપર ચઢે છે ત્યારે મારા ખોરાકથી પરૂ થાય તેવી આપણી ઈચ્છા-કલ્પના હોતી નથી, છતાં જે પ્રમાણમાં ખોરાક લેવાના તે પ્રમાણમાં એનો રસોળી ગૂમડું ભાગ લઈ લેવાનો.

## અવિરતિથી ભયંકર હાનિ

જીવને અવિરતિ એ વિકાર છે. જે સમયે કર્મ આવે તેમાંથી અવિરતિ પોતાનો ભાગ પડાવી લે. વિકાર સંયોગ મળવાથી વધ્યો જ જવાનો. અવિરતિ એ વિકાર છે. જે સમયે કર્મ બંધાય તેમાંથી અવિરતિનો હિસ્સો ચાલુ રહે. કરવાથી જેટલો કાળ ન કાઢવો પડયો, તેટલો કાળ ન કરવાથી કાઢવો પડયો. સૂક્ષ્મ એકેંદ્રિય જીવો અવિરતિના વિકારને લીધે કર્મ

બાંધનાર છે. સિદ્ધને અવિરતિનો વિકાર નથી. જે ખોરાક ખાય તેનું ગૂમડું થાય તેમાં ભાગ જાય. સિદ્ધ મહારાજને કર્મ આવતાં નથી.

સૂક્ષ્મ એકેંદ્રિય જીવો અવિરતિનો ત્યાગ કરનારા નથી–અવિરતિવાળા છે. સંજ્ઞી પંચેંદ્રિય સમજુ છે. ત્યાગ કરતો નથી. અવિરતિવાળો વધારે રખડ્યો? અવિરતિ કરતાં અજ્ઞાન વધારે રખડાવે તે માનવામાં વાંધો શું? સંજ્ઞી પંચેંદ્રિય કેટલી વખત સંસારમાં રહ્યો? અને એકેંદ્રિયપણામાં કેટલી વખત રહ્યો? વિરતિનું ઉપાદેયપણું ન જાણે તે 'અજ્ઞાન.' અવિરતિના બંધ ઉપર મુખ્યપણું રાખીએ છીએ. સૂક્ષ્મ એકેંદ્રિયે કર્મ બાંધ્યાં. નહિ કર્યા છતાં બાંધ્યા. કારણ? અવિરતિને લીધે. બાદર એકેંદ્રિય [illegible] કરતાં વિરતિ કરવાનો કાળ કેટલો? અવિરતિને લીધે સૂક્ષ્મપણું [illegible] વેડચું. કરવાવાળો છોડવાવાળાના પક્ષમાં પણ જઈ શકે છે.

હવે મૂળ વાત પર આવો–અભ્યુપેત્ય જાણવું એ ગૌણ. પૂર્વ કાળની ક્રિયા ગૌણ હોય. નાહીને જમવા બેસું ત્યારે નાહવું એ ગૌણ. જ્ઞાન ગૌણ છે, પણ ગૌણ હોયા વિના ન ચાલે. પહેલાં જાણવું જોઇએ, જાણ્યા છતાં પ્રતિજ્ઞામાં ન અવાય તો જાણવાની કિંમત નથી. જાણવું જરૂરી છે.

**શુભ પ્રત્યાખ્યાન કયું?**

[1]ભગવતીમાં પ્રશ્નોત્તર ચાલ્યા. સારાં પચ્ચક્ખાણ કોનાં

---

१. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ सव्वपाणेहिं जाव सिय दुपच्चक्खायं भवति ?, गोयमा ! जस्स णं सव्वपाणेहिं जाव सत्तेहिं पच्चक्खायमिति वदमाणस्स णो एवं अभिसमन्नागयं भवति इमे जीवा इमे अजीवा इमे तसा इमे थावरा तस्स णं सव्वपाणेहिं जाव सव्वसत्तेहिं पच्चक्खायमिति वदमाणस्स नो सुपच्चक्खायं भवति दुपच्चक्खायं भवति, (भग० श० ७ उ० २ सू० २७०).

ગણવાં ? ને ખરાબ પચ્ચક્ખાણ કોને ગણવાં ? દયાને ઉદ્દેશીને સુપચ્ચક્ખાણની અને દુપચ્ચક્ખાણની વ્યાખ્યા કરી. આ જીવ છે, આ અજીવ છે, આ ત્રસ છે ને આ સ્થાવર છે. તે જાણીને પચ્ચક્ખાણ કરે તેનું પચ્ચક્ખાણ સુપચ્ચક્ખાણ છે. જીવ છે એવું જાણે તો સુપચ્ચક્ખાણ. જ્યાં સુધી જાણવામાં ન આવે ત્યાં સુધી સુપચ્ચક્ખાણ ગણવાં નહિ.

જ્ઞાનની જરૂર છે પણ 'જ્ઞાન' શબ્દથી અમુક જ્ઞાન–એનો વિષય એમ સમજવાનું છે. જેનો પરિહાર કરવો છે તે પરિહાર કરવાનો પદાર્થ જાણવો જોઈએ. જીવહિંસાનો ત્યાગ કરે ત્યારે જીવો જાણવા જ જોઈએ. જેણે હિંસાનો ત્યાગ કરવો છે તેણે સચિત્ત ને અચિત્તપણાનો વિભાગ, સ્થાવર ને સૂક્ષ્મનો વિભાગ કરી લેવો. જેનો પરિહાર કરવો છે તે વસ્તુ સમજવી જોઈએ. એ સમજ્યા સિવાય પરિહાર કહીએ તો મા સાથે છોકરો પચ્ચક્ખાણના હાથ જોડે છે ને બહાર જઈ પતાસું ખાય છે તેના જેવી વાત થઈ. પતાસું મોઢામાં ભરેલું છતાં કોઈ પૂછે તો કહેઃ મેં ઉપવાસ કર્યો છે. ઉપવાસમાં ખાવાનું છોડવું જોઈએ તેનો ખ્યાલ નાનાં બચ્ચાંને નથી. જે મનુષ્યને સચિત્તનો ખ્યાલ ન હોય તે હિંસા કરતો જશે અને કહેશેઃ હું હિંસા કરતો નથી તેટલા માટે જ્ઞાત્વા વગેરે કહ્યું અને અહીં 'वेरमण' શબ્દ રાખ્યો તે એટલા માટે કે હું એકલો ફરતો નથી. ત્રણને લઈને ફરૂ છુ. 'ज्ञात्वा' જે વસ્તુનો ત્યાગ કરવો તેને જાણે. બીજામાં પચીસ તત્ત્વોને જાણી લીધા પછી ચાહે તેમ વર્તો તેમ જૈન શાસનમાં નથી. જૈન શાસનમાં જ્ઞાન એ જ્ઞાનને માટે સાધ્ય નથી. પ્રવૃત્તિ ને નિવૃત્તિના ઉપયોગિપણા માટે એ સાધ્ય છે. માટે કહ્યું 'अभ्युपेत्य' અંગીકાર કરે અને 'अकरणं' એની નહિ કરવાની પ્રતિજ્ઞા કરવી જોઈએ. પાપ જાણ્યું અને પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા ન થાય તો

ખરેખર એના કરતાં અજાણ્યો સારો. આ કોણ ગણે? જ્ઞાની–જાણનારો ગણે. કેટલાંક વચનો જે જે વ્યક્તિને લાયકના હોય તે તે વ્યસ્થિત શોભે ભોળાભાઈ આવે ત્યારે જમનાભાઈ કહેઃ પધારો તે શોભે પણ ભોળાભાઈ કહે કે હું પધારું છું તો તે શોભે નહિ. જાણનારો પાપથી હઠે નહિ તેના કરતાં નહિ જાણનારો સારો છે. બજારની અંદર ઝવેરી વેપાર કરી રહ્યો છે. ત્યાં રબારીના હાથમાં હીરો આવી ગયો છે. તે હીરાને સમજે નહિ. શેઠીઆને ત્યાં આપીશ તો એના છોકરાને ગળે બાંધવાનું થશે. શેઠ લેશો? શેઠ કહેઃ હા. શેઠના ચહેરા ઉપરથી રબારીને થયુંઃ આનો લેવાનો વિચાર થયો છે. કટકાના પાંચ લેવા છે? કાચના કટકના બે પૈસા આપે નહિ તો હમણાં પાછો આવશે. ત્યાં દુકાન ઉપરથી ઊતરે ત્યાં બીજો બોલાવે. જેવો ઉતર્યો તેવો સામી દુકાનવાળાએ દેખ્યો ને કહ્યુંઃ અલ્યા, અહીં આવ. આ કટકો છે. શેઠે કહ્યુંઃ અઢી રૂપિયા. તેં શું કહ્યું? પાંચ. પાંચ નક્કી છે? લાખનો હોય તો પણ પાંચ કે? અરે શેઠજી કરોડનો હોય તો પણ પાંચ. પેલા પ્રથમના શેઠે કહ્યુંઃ લાવ લાવ. દઈ દીધો. એં એં. મને તો કિંમત ન હતી તેથી પાંચમાં આપી આવ્યો. તમે હીરો જાણતાં હતાં તો અઢી રૂપિયામાં ન લીધો તો મૂર્ખ કોણ? શેઠજી મને 'મૂર્ખ' કહે છે. ન્યાય કરો. અમારામાં મૂર્ખ કોણ? તેવી રીતે જેઓ જીવ માનતા નથી. નાસ્તિક છે, તેમને હિંસાથી વિચાર કરવાનો શાનો હોય?

## ભરત ચક્રવર્તીના ઉદ્‌ગાર

ભરત મહારાજા પોતાના મોંએ બોલે છે. મારાં કરતાં નાસ્તિક સારા. પહેલાં કહ્યું છે કે 'પધારો' એ શબ્દો જમનાભાઈના મોંમાં શોભે પણ અજ્ઞાનીના મોંમાં શોભે નહિ.

જે જ્ઞાની છે, પોતે વિરતિ નથી કરતો તેના મોંમાં આ વાક્ય શોભે છે. 'મારા કરતાં અવિરતિ સારા.' નાનું છોકરૂં ન જાણતું હોય અને એ સાપ ઉપર પગ મૂકે. મોટો જાણતો હોય ને પગ મૂકે તો મોટો નપાવટ. નાસ્તિકો જીવ, પુણ્ય અને પાપને માનતા નથી. જાણતા નથી. એ ન કરે એમાં નવાઈ શી? આંધળો અથડાઇ પડે તેમાં કોઇને હસવું આવતું નથી. દેખતો અથડાય ત્યારે હસે છે. નાસ્તિક-મિથ્યાત્વી આંધળા કોઈ અથડાય છે; પણ ભરત મહારાજ દીવો લઈને કૂવે પડે છે. હિંસા વગેરે કર્મ આવવાનાં બારણાં છે, છતાં બંધ કરતો નથી તો પછી હું જાણનારો કેવો? જાણ્યા માન્યા પ્રમાણે હિત અહિતની પ્રવૃત્તિ ન કરી ને સબુરીમાં 'હું-હોતા હૈ' એમ કહ્યું તો તેમાં બોત્તેર કિલ્લા ખોયા. કર્મને આવું જાણ્યું ને માન્યું પછી નિર્ભયપણું શાનું?

**ભરત** મહારાજા પોતાના મોઢે કહે છે: મારા કરતાં નાસ્તિકો-મિથ્યાત્વીઓ સારા. **ભરત** મહારાજા જ્ઞાની છે એટલે પોતાના આત્માની નિંદા કરવાને અંગે બોલે છે. તેથી તે વાક્ય તેમને શોભે છે પણ અજ્ઞાનીને મોઢે આ વાક્ય શોભે નહિ. સર્વ વિરતિને મોઢે આ વાક્ય શોભે નહિ. જ્ઞાની છે, વિરતિની ઈચ્છા છે તે ન કરી શકતો હોય ત્યારે બળાપો કાઢે તેને શોભે. મિથ્યાત્વી-અજ્ઞાની તમાશગીરોને ન શોભે.

**જ્ઞાત્વા**-પહેલું જાણવું જોઇએ પણ જાણવાથી કે જાણવા માત્રથી મોક્ષ નથી. માટે જાણવા પછી માનવું અને ત્યારપછી આદરવું એમ બને ત્યારે મોક્ષ.

શંકા—"**દેશ-આરાધક** ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન." **એમ** જ્ઞાનપંચમીના ચૈત્યવંદન(ગા. ૬)માં કહ્યું છે. જ્ઞાન થશે એટલે બસ. જ્ઞાન પછી પ્રતિજ્ઞા કરવાનું શું કામ? સમાધાન-અહીં સર્વ

આરાધકપણું ઉપચારથી છે નહિ કે વાસ્તવિક. જ્ઞાનવાળાને અંગે તો શાસ્ત્રકારે કહ્યું : જ્ઞાનવાળો ને ક્રિયાવાળો તેમાં જ્ઞાનવાળો દેશ-વિરાધક, ક્રિયાવાળો દેશ-આરાધક. એમ શ્રુતસંપન્ન, શીલ-સંપન્નને અંગે જણાવ્યું. જે જ્ઞાન પામ્યો. જેને વસ્તુસ્થિતિ ખ્યાલમાં આવી, જેને શેઠ વેપાર કરીને લાખનો માલ લઈ આપે. તેને માલ ભલે પાંચ પૈસામાં આવ્યો હતો પણ લાખમાં જેટલા ઓછા આવે તેની ફીડી ચઢે છે. લાખમાં જેટલા ઓછા આવે તેને નુકશાન માને. ગફલતનું જાય તે છાતીએ વળગે. તેમ ચારિત્ર ન મળ્યું હોય તેનો ખટકો રહે. એને નારકીનું દુઃખ હિસાબમાં નહિ એટલો બધો ખટકો રહે. દુઃખ રહે. **જેને જીંદગીમાં મળવાનો વખત નથી તેને ખટકો.** આપણે મનુષ્ય જો મેળવવા માગીએ તો ઘડીના છઠ્ઠા ભાગમાં મેળવી શકીએ. નારકી કોઈ દિવસ વિરતિ મેળવવાના નથી.

ક્ષેત્રની પીડા ઓછી. ક્ષેત્રની પીડામાં એક વખત ગુન્હેગાર પોતાના ગુન્હાને સમજે તેને પછી જેલમાં દુઃખ ન થાય. તેવી રીતે જે જે સમકિતી જીવો જાણે છે કે પાપ કર્યાં તે ભોગવીએ છીએ. ક્ષેત્રની પ્રતિકૂળતા છે; તેથી શું? પરમાધામિકો મારે છે તેથી શું? અનાજના દુઃખે, ખાવાપીવાના, ઓઢવાના દુઃખે છાતી ફાટીને મર્યો નથી પણ આબરૂનો સવાલ આવે તે વખત છાતી તપાસો. આ સમ્યક્ત્વવાળાને પહેલાંના ભવે વ્રત-પચ્ચ-ક્ખાણમાં વિરતિ ન થઈ તેનો એટલો બધો ધક્કો લાગ્યો, કે નારકીના દુઃખો કરતાં પણ વધારે.

નરકમાં ગયેલા જીવોમાં મહાવેદના કોને? સમકિતીને. જેને આબરૂ જવાનો પ્રસંગ આવ્યો તે મનુષ્ય જે દુઃખ વેઠે છે તે અદૃશ્ય દુઃખ વેઠે છે. તેમ વધારે વેદનાવાળો હોય તો સમ-

કિતી જીવો છે. કારણ-જાણ્યા છતાં જે ન થાય તે સમજે છે. સિંહ કેદમાં પડયો છે. સિંહ પાંજરામાં પૂરાય ત્યારે તરફડીયા મારે તેના એકે અંશે બકરાને પૂરો તો એ તરફડીઆં ન મારે. અર્થાત્ જે જ્ઞાની થયો તેને લાગેઃ અરર! સિંહ પાંજરામાં પૂરાઇ ગયો. અવિરતિએ આટલો દાબી દીધો છે. એને જેટલી વિરતિ ઓછી થઈ તેટલી કાળજામાં બળતરા થાય. અજ્ઞાની હોય આટલું કરવા મંડ્યો, આટલું કર્યું. નિશાળમાં ગયો. ચણા મળ્યા, પતાસું મળ્યું તો મોજ. એકલો ક્રિયાવાળો તેને પસ્તાવવાનું નથી. જેટલું કરે તેટલું સુખ થાય. આ વાતને **જ્ઞાતાસૂત્ર** સાથે મેળવવાનું છે. થોડી ક્રિયા કરનાર આરાધના બુદ્ધિમાં છે.

## દેશ-આરાધક અને દેશ-વિરાધનાની સમજ

**જ્ઞાતાસૂત્રના** અગિયારમા અધ્યયન (સૂ૦ ૯૭)માં વાત ચાલી. સહન કરવું એ સાધુનો ધર્મ. સહન કોનું કરવું ? ઘરનું કે બહારનું ? ઘરનું-ચતુર્વિધ સંઘનું. બહારનું-અન્ય મતવાળાનું. ઘરનું ને બહારનું સહન કરે તે સર્વ આરાધક. તેમ અહીં જ્ઞાન ને ક્રિયાવાળો સર્વ આરાધક. પણ કોઇક બહારનું સહન કરે ને ઘરનું ન કરે; કોઈ ઘરનું સહન કરે ને બહારનું સહન ન કરે. કોઈ ચતુર્વિધ સંઘનું સહન ન કરે, ચતુર્વિધ સંઘનું સહન કરે. બહારનું ન કરે, બહારનું સહન કરે. જે બહારનું બધાનું સર્વ સહન કરે છે-મરણાંત ઉપસર્ગ હોય તો પણ સહન કરે, છતાં તે દેશ-આરાધક, પણ જે શાસનનું સર્વ સહન કરે ને બહારનું સહન ન કરે તે માત્ર દેશ-વિરાધક. તેવી રીતે અહીં એકલી ક્રિયાવાળો દેશ-આરાધક અને એકલા જ્ઞાનવાળો પણ દેશ-આરાધક કહ્યો છે.

શાસન પંદર આનીના હિસાબમાં અને આખું જગત

એક આનીમાં. પરિણતિવાળું–જ્ઞાન જેમાં અવિરતિનો પશ્ચાત્તાપ હોય તેવું જ્ઞાન તે પંદર આની. તે જ્ઞાન સર્વ આરાધક છે. જો તેમ છે તો અભ્યુપેત્યનું શું કામ ?. જેને પ્રતિજ્ઞા કરવાની મરજી હોય તેનું જ જ્ઞાન; પંદર આનીવાળું જ્ઞાન છે ને તે વિરતિ તરફ ઝુકાવનારૂં જ્ઞાન છે. અહીં પદાર્થનું જ્ઞાન થવું જોઇએ. 'ज्ञात्वा' એટલે જ્ઞાનવાળો થયા છતાં, अभ्युपेत्य એટલે સ્વીકારવું અને પછી પ્રતિજ્ઞા કરવી જોઇએ. આર્દ્રકુમારે પ્રતિજ્ઞા કરી હતી ને ? પાપ જાણીને પાપની પ્રતિજ્ઞા કરીને પાપથી દૂર રહેવું. પાપને જાણવું, માનવું અને પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરવી. તેમ કરીને તેનાથી દૂર રહેવું તેનું નામ 'વિરમણ.'

દ્રવ્ય–પ્રાણો અને ભાવ–પ્રાણો જાણો તે દ્વારાએ કર્મ કેમ બંધાય છે અને રોકાય છે તે જાણો. છ જીવનિકાયનું અધ્યયન (द० अ० ४) તે છ જીવનિકાયનું સ્વરૂપ જણાવનારૂં હતું. છતાં કટુક ફળ સુધી કેમ પહોંચ્યા ? 'વિરમણ' શબ્દ તેથી વપરાયો. નુકશાન બંધ થવાથી આત્માની ઉજ્જવળતાનું સ્વરૂપ વગેરે જણાવવું જોઇએ. सर्वं प्राणातिपातमाश्रित्य विरमणम्. સર્વ પ્રાણો જાણવા, સર્વ પ્રાણોનો અતિપાત જાણવો, એનાથી કટુક પરિણામ આવે તે જાણવું, તે કર્મ કેમ રોકાય તે સમજવું. પ્રાણાતિપાતને આશ્રીને જ્ઞાન કરવું, એના પચ્ચક્ખાણ કરવાં. પ્રાણાતિપાતથી દૂર રહો. અહીં સમાસ થઈ શકયો નહિ, તેથી પંચમી રાખવી પડી. સર્વ જાતિના પ્રાણુતિપાતને આશ્રીને જ્ઞાન, પ્રત્યાખ્યાન–દૂર રહેવું બને તે પહેલું પ્રાણાતિપાત વિરમણ–પહેલું મહાવ્રત.

**પ્રથમ ભાગ સમાપ્ત**

# परिशिष्ट १

(१) (अ) किं ! जीवो तप्परिणओ ( दा० १ ) पुव्वपडिवन्नओ उ जीवाणं । जीवस्स व जीवाण व पडुच्च पडिवज्जमाणं तु ॥ (आव० नि० ८९२); (आ) जीवस्स सो जिणस्स व अजीवस्स उ जिणिंदपडिमाए । जीवाण जतीणं पिव अजीवाणं तु पडिमाणं ॥१॥ जीवस्साजीवस्स य जइणो बिंबस्स चेगओ समयं । जीवस्साजीवाण य जइणो पडिमाण चेगत्थं ॥२॥ जीवाणमजीवस्स य जईण बिंबस्स चेगओ समयं । जीवाणमजीवाण य जईण पडिमाण चेगत्थं (हरि० टी० पृ० ३८०)
(पृ० ११२) तए णं से आणन्दे गाहावई समणस्स भगवओ महावीरस्स अन्तिए तप्पढमयाए थूलगं पाणाइवायं पच्चक्खाइ० (उपा० सू० ६).

(२) निरर्थिकां न कुर्वीत जीवेषु स्थावरेष्वपि । हिंसामहिंसाधर्मज्ञः काङ्क्षन्मोक्षमुपासकः ॥ (योग० प्र० २ श्लो० २१)
३ (आ) तित्थाइसेससंजय० (आव० नि० ५५८) 'तीर्थं' गणधरस्तस्मिन् स्थिते सति । (हारि० टी० पृ० २३३); (इ) तित्थं भंते ! तित्थं तित्थकरे तित्थं? गोयमा ! अरिहा ताव नियमा तित्थयरे, तित्थं पुण चाउव्वण्णो समणसंघो, पढमगणहरो वा । (हरि० टी० पृ० ५९).

(४) प्रत्यक्षतो न भगवानृषभो न विष्णु-रालोक्यते न च हरो न हिरण्यगर्भः । तेषां स्वरूपगुणमागमसम्प्रभावात्, ज्ञात्वा विचारयत कोऽत्र परापवादः ॥ (लोकत० नि० श्लो० २२); आगमं आयरंतेणं, अत्तणो हियकंखिणा । तित्थनाहो गुरू धम्मो, सव्वे ते बहुमन्निया ॥ (स० सप्तति श्लो० २७).
(५) समतिपवित्ती सव्वा आणाबज्झत्ति भवफला चेव । तित्थगरुद्देसेणवि ण तत्तओ सा तदुद्देसा ॥ (पंचा० गा० ३५७)
(पृ० १२४) "चोद्दसपुव्वी चउनाणोवगए सव्वक्खरसन्निवाई," (भग० सू० ७).

# परिशिष्ट २

## साक्षिग्रंथनामकारादि


**ग्रन्थनामानि पत्रांकः**

अध्यात्मकल्पद्रुम १८६
अनुयोगद्वारसूत्र २४४
आचारांगचूर्णि २३१
आचारांगनिर्युक्ति २३२
आचारांगसूत्र ४६, १६१
आवश्यकचूर्णि ९०, २८४
आवश्यकटीका हरि० ९२, २०३, २५६, ३२२, ३२२
आवश्यकनिर्युक्ति ५२, १९९, २०३, २१३, २६७, २६९
आवश्यकसूत्र २३२
उत्तराध्ययनसूत्र ९०, २६८
उपाशकदशांगसूत्र १२, ३२२
ओघनिर्युक्ति १०१, २१३ २२१, २२२, २४६
औपपातिकसूत्र १६५
कल्पसमर्थन ५१
कल्पसूत्र २३९
कालकाचार्यकथा २४५, २८४
क्षामणकसूत्र २१
जीतकल्पभाष्य २४२, २५१
ज्ञातासूत्र २५५, ३२०
ज्ञानसारअष्टक २६९
तत्त्वार्थटीकाहारि० ९२, २०३, २५६
तत्त्वार्थभाष्य १८, १०३, १०५, २१८, ३१२
तत्त्वार्थसूत्र २२, ३१, ७७, ८०, १४५, १४६, १६५, १८०, २२६
तात्त्विकप्रश्नोत्तर २४१, २५९, २८३
दशवैकालिकसूत्र १५, २३, २३७, २४८, ३२१
धर्मसंग्रहणी ३४
निशीथचूर्णि ३२३
निशीथसूत्र २४४, २४५
पयन्ना ३२३
पर्वदेशना २४८
पंचवस्तु ५१, २००, २०८
पंचाशक ५३, १९३, ३२२
प्रज्ञापनासूत्र २१४
प्रणिधानसूत्र १९३
प्रवचनसारोद्धार २२०
प्रशमरति २१६, २५३
भगवतीसूत्र ११८, १२४, २२२, २६३, २६६, ३१४, ३२२
यतिजीतकल्प १६२
यतिदिनचर्या २११
योगदृष्टिसमुच्चय ४३
योगशास्त्र १८५, २१६, २२०, २३३, ३२२

(७) (अ) अहावरं पुरक्खायं इहेगतिया सत्ता णाणाविहजोणिया जाव कम्मणियाणेणं तत्थवुक्कमा णाणाविहाणं तसथावराणं पाणाणं सरीरेसु सचित्तेसु वा अचित्तेसु वा तं सरीरगं वायसंसिद्धं वा वायसंगहियं वा वायपरिग्गहियं उड्ढवाएसु० (सूत्र० सू० ५); (आ) तदप्कायशरीरं वालयोनिकत्वादप्कायस्य वायुनोपादानकारणभूतेन. (सूत्र०टी०पृ० ३५८)
(८) सामीजीवादत्तं तित्थयरदत्तं तहेव य गुरूहिं। एवमदत्तं चउहा पण्णत्तं वीयरागेहिं ॥ (साधुअतिचार).
(९) सुनिश्चितं नः परतंत्रयुक्तिषु, स्फुरन्ति याः काश्चन सूक्तसंपदः। तवैव ताः पूर्वमहार्णवोत्थिता, जगत्प्रमाणं जिन वाक्यविप्रुषः ॥ (सिद्धसेन० द्वात्रि० १ श्लो० ३०).
(९) (आ) भुंजामो कमढगादिसु मिगादि णवि पासे अहव तुसिणीए। (नि० उ ०१ भा० ३२२) 'संजमहेउं' ति, जइ केइ लुद्धगादी पुच्छंति–कतो एत्थ भगवं दिट्ठा मिगादी? 'आदि' सद्दातो सुअराती, ताहे दिट्ठेसुवि वत्तव्वं–ण वि 'पासे'त्ति ण दिट्ठत्ति वुत्तं भवति, अहवा तुसिणीओ अच्छति, भणति वा ण सुणेमित्ति, एवं संजमहेउं मुसावातो। चू०)-
(१०) (आ) भिक्खुगमादि० एस समत्तो लोओ सक्को यऽभिधारते छत्तं ॥ (नि० उ १०९ भा० ३२३). 'सेहो'त्ति, सेहो पव्वज्जाभिमुहो आगतो पव्वतितो वा, तं च सण्णायगा से पुच्छंति, तत्थ जाणंता वि भणंति 'ण जाणामो ण वा दिट्ठो'त्ति, सेहस्स वा अणहियासस्स लोए कज्जमाणे बहुए वा अच्छमाणे एवं वत्तव्वं 'एस समत्तो लोओ' 'थोवं अच्छत्ति'। (चू०)
(११) धम्मो चउव्विहो दाणसीलतवविविहभावणामइओ। सावय! जिणेहि भणिओ तियसिन्दनरिन्दनमिएहिं ॥ दाणं च होइ तिविहं नाणाऽभयधम्मुवग्गहकरं च। जं तत्थ नाणदाणं तमहं वोच्छं समासेण (समराइच्चकहा तइओ भवो).

(पृ० २१६) वेमाणिएसु कप्पोवगेसु नियमेण तस्स उववाओ। नियमा सिज्झइ उक्कोसएण सो सत्तमंमि भवे ॥ (पयन्ना गा० ७२.)

लोकतत्त्वनिर्णय ३२२
विशेषावश्यक २७०, २७१
श्रुतस्तव. २७८
समराइच्चकहा ३२३
सम्यक्त्वसप्तति ३२२
संमतितर्क २८८
संस्तारकपोरसि ३२२
साधुअतिचार ३२३
सिद्धसेनद्वात्रिंशिका ३२३
सूत्रकृतांगसूत्र ३२२
स्थानांगसूत्र १, १८०
२०९, २६२
हिंसाष्टक हरि० २५२


# परिशिष्ट ३

## साक्षिपाठानामकारादि


साक्षिपाठानि पत्रांकः

अगाराओ अणगारियं० १३६
अजीर्णं० १८५
अट्ठ भवाउ चरित्ते १०९
अथ स्त्रियः-मुह्यसि० १८६
अदेशा० १८५
अनतिक्य० १८५
अन्तरङ्ग० १८५
अप्पंपि सुयमहीयं० २६९
अयमट्ठे परमट्ठे० ४७
अहावरं पुरक्खायं० ३२२
अंतिमको डाकोडीए० २७१
आगमं आयरंतेणं० ३२२
आत्मसंयोगेन० १०३
आया चेव अहिंसा २२२
आश्रवनिरोधः संवरः १८०
इच्छामिच्छातहक्कारो० २४४
'इसिं'ति ऋषिम्'अणंते'०२६६
उच्चालियंमि पाए० २२१
उत्तरलाभे तु नियतः० २१८
'उत्तरं' ज्ञानं चारित्रं च २१८
उपकरणं-उपकरोती० २११
उपन्न इ वा० ९२
उवगरं जं जुञ्जइ० २११
एक्कोवि नमोक्कारो० ५२
एगग्गचित्ता जिणसासण०५१
एगे जीवे एकः-केवलो० २६२
एवमेकमजीवाख्यं० १०५
एवं जुगप्पहाणेहिं० २४४
एष उत्सर्गो उक्तः० २०३
करेमि भंते! सामाइयं० १२

कहं चरे कहं चिट्ठे० २४८
किं ? जीवो तप्परिणओ० ३२२
कृतमङ्गः १८५
कृतापराधेपि जने० २३३
कोहविवेगो० २०९
गंठत्ति सुदुब्भेओ० २७०
गीयत्थो य विहारो० ६२४
चरणपडिवत्तिहेउं० १०१
चोद्दसपुव्वी चउ० ३२२
च्युत्वोत्पद्य मनुष्येषु० २१६
छज्जीवणिया पढमे वीए० २३२
जय वीयराय जग० १९३
जयं चरे जयं चिट्ठे० २४८
जं जुज्जइ उवकरणे० २११
जं संमंति पासहा० ४६
जिणभवणबिंब० १९३
जिनपन्नत्तं तत्तं० १२२
जीवस्स सो जिणस्स ३२२
जीवस्साजीवस्स० ३२२
जीवाणमजीवस्स य० ३२२
जो सम्मत्तं चरित्तं ९०
ढक्कानिनादेन० २४५
ण विना तित्थं णियंठेहिं २५१
तए णं से आणन्दे० ३२२
तत्थ णं जे ते पमत्त० २२२
तदप्कायशरीरं वातयोनि ३२३
तवसंजमो अणुमओ० २१३
तस्यैव-शैलेश्यवस्था० ४४
तह चरमसरीरत्तं २००
तं च पुण्णिमाए० २४५
तित्थाइसेससंजय० ३२२
तित्थं भंते ! तित्थं० ११८
तेसिंपि भावचरणं० २००
दव्वे भावे य थओ० १९३
दीर्घदर्शी० १८५
दुःखोत्पत्तिर्मनः० २५२
देशसर्वतोऽणुमहती० १४६
दो ठाणाइं परियादित्ता १८०
द्विधाऽयं धर्मसंन्यास० ४३
धम्मस्सयणस्स जोगो० २२०
धम्मो चउव्विहो दाणा० ३२३
न य तस्स तन्निमित्तो० २२१
नरलोकमेत्य सर्वगुण० २१६
नंदी सया संजमे० २७८
निअमेण सद्दहंतो २८८
निरर्थिकां न कुर्वीत० ३२२
निर्वाणपदमप्येकं० २६९
नेवं चरणाभावे मोक्ख० २००
न्यायसंपन्नविभवः १८५
पढमे भंते महव्वए० २३७
पत्तिट्ठाणसमणसंघ० २४४
परसंयोगेन जीवस्या १०५
पंच महव्वया पं० ५०१
पापभीरु १८५
पावाणं कम्माणं० २२३

| | |
|---|---|
| पुक्खरवरदीवड्ढ० | २७८ |
| पुरिसज्जाणंति तहा० | २०३ |
| पुरिमं पडुच्च अहियं० | २४२ |
| पुरिसा गीनागीता० | १४२ |
| पुरिसे णं भंते! इसिं० | २६५ |
| प्रत्यक्षतो न भग० | ३२२ |
| प्रमत्तयोगात् प्राणव्य० | २१९ |
| भिक्खुगमादि० एसो० | ३२३ |
| भुंजामो कमढगा० | ३२३ |
| मरुदेविसामिए० | ५१, २०८ |
| मिथुनं-स्त्रीपुंसयो० | १८ |
| मुच्छा परिग्गहो० | २२ |
| मूर्च्छा परिग्रहः | २२ |
| यथावद० | १८५ |
| रायाभणइ--पेच्छह० | २५६ |
| लज्जालुओ दयालू० | २२० |
| वासावासं पज्जोसवि० | २३८ |
| विनयफलं शुश्रूषा० | २५४ |
| विमोत्ति चउत्था० | २३१ |
| विरतिर्नाम ज्ञात्वा० | ३१२ |
| वुड्ढाणुगो विणीओ० | २२० |
| वेमाणिएसु कप्पोवगेसु० | ३२३ |
| व्ययपायो० | १८५ |
| शैक्ष्यो वा प्रव्रज्याभिमुख | १६२ |
| सच्चामिणं अच्छेरग० | ५१, २०८ |
| समतिपवित्ती सव्वा | ३२२ |
| समणोवासयस्स णं भंते | २२२ |
| सम्यग्दर्शनज्ञान० | ७०, २२६ |
| संजमआयविहारण | २४६ |
| संमत्तचरिताइं जुगवं | ९० |
| सामीजीवादत्तं० | ३२३ |
| सुनिश्चितं नः परतंत्र | ३२३ |
| सुस्सूस धम्मराओ० | ५३ |
| से केणट्ठेणं भंते० | २१४ |
| से जाओ० इत्थियाओ० | १६५ |
| से णं भंते! तहा सजोगी० | २१४ |
| से भिक्खू वा० | १६१ |
| सो उभयक्खयहेऊ० | ४४ |
| हन् हिंसायाम्० | २८० |
| हयं नाणं कियाहीणं० | २६७ |
| हिंसाए पडिक्कमो होइ० | २३७ |
| हिंसाऽनृतस्तेयविषय० | १६५ |
| हिंसाऽनृतस्तेयाब्रह्म | १०५ |

# પરિશિષ્ટ ૪

## મૂળભૂત પ્રશ્નો અને તેના ઉત્તરો

**પ્ર. ૧**—પૃ. ૧૩-૧૪ બાવીસ તીર્થંકરના શાસનમાં મહાવ્રતનું અધુરાપણું કે જેથી મહાવીરના વખતમાં પાંચપણું કરવામાં આવ્યું ? અગર કહો મહાવીરના વખતમાં અધિકપણું-મોક્ષમાર્ગને પ્રવર્તાવનારા માટે છે ? જો મહાવીર મહારાજના શાસનમાં અધિકતા કે ન્યૂનતા નથી તો ૨૨માં ચાર કેમ રાખવાં પડ્યાં અને આ શાસનમાં પાંચ કેમ રાખવાં પડ્યાં ?

**ઉ. ૧**—પૃ. ૧૪ આ શાસનમાં ન્યૂનતા કે અધિકતા નથી. બાવીસ તીર્થંકરના શાસનમાં પણ ન્યૂનતા કે અધિકતા નથી....( પૃ. ૧૭ ) બે મળીને એક મહાવ્રત થાય છે....બે મળીને એક પ્રતિજ્ઞા હતી. ( પૃ. ૨૫ ) જગતના વક્ર જડોને ફેરવવા મહાવીરને શબ્દ ફેરવવો પડ્યો.

**પ્ર. ૨**—પૃ. ૧૮ 'આદાન' શબ્દ પ્રસિદ્ધ હતો તે કેમ ન રાખ્યો ?

**ઉ. ૨**—પૃ. ૧૮ બાવીસ તીર્થંકરના શાસનમાં જીવો સરલ, બુદ્ધિશાળી હતા-વક્ર ન હતા. આ તો વક્ર—જડ એટલે ગ્રહણમાત્રના પચ્ચક્ખાણથી પાટી પકડે.

**પ્ર. ૩**—પૃ. ૧૯ પાંચ મહાવ્રતો કેમ કહ્યાં ? છેલ્લા પાઠો કેમ ફેરવ્યા ?

**ઉ. ૩**—પૃ. ૧૯ બધું વક્ર-જડપણાને આભારી છે, છતાં એને માર્ગે લાવવો એ શાસ્ત્રકારનું ધ્યેય છે.

**પ્ર. ૪**—પૃ. ૨૦ सव्वाओ परिग्गहाओ वेरमणं કેમ ?

**ઉ. ૪**—પૃ. ૨૦-૨૧ જો सव्वाओ गहाओ મેલે તો અશન, પાન લીધું તો તમારૂં મહાવ્રત ગયું એમ કહે અને ઉપકરણ

# બે બોલ

## 'हा! अणाहा कहं हुंता न हुंतो जो जिणागमो'

જો જીનાગમો ન હોત તો અનાથ એવા અમારૂં શું થાત !

ચરમતીર્થાધિપતિ શ્રી મહાવીર મહારાજાએ જે ઉપદેશની ધારા વહેવરાવી તે ગણધર ભગવાને પોતાના શબ્દોમાં ત્રિપદીના આધારે ગોઠવી, પ્રભુએ અનુભવપૂર્વક પ્રરૂપેલા જીવાદિ તત્ત્વોના અર્થો ગણધરોએ સૂત્રરૂપે ગોઠવ્યા તેને દ્વાદશાંગી કહેવામાં આવે છે. એ આગમોને ચિરંતનાચાર્યોએ ૧ હજાર વર્ષ સુધી કંઠસ્થ રાખ્યા અને પછી વાચકવર્ય શ્રી દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે અનેક મહાન્ આચાર્યોને ભેગા કરી ગ્રંથરૂપે લખાવ્યા. અજૈન ધર્મગ્રંથો શબ્દપ્રધાન છે, જ્યારે આપણા આગમો અર્થપ્રધાન મનાય છે. બાર અંગોમાં પ્રથમ આચારાંગસૂત્ર, તેમાં સાધુઓનો આચાર બતાવેલો હોવાથી તે આચાર સુધારનાર આગમ ગણાય, બીજું સૂયગડ તેમાં જૈનઅજૈન તત્ત્વોનું નિરૂપણ હોવાથી વિચારોને સુધારનાર, અને ત્રીજું સ્થાનાંગસૂત્ર છે, તેમાં પદાર્થોનું વર્ગીકરણ છે, એટલે તે તે પદાર્થોના ભેદોની સંખ્યા મુજબ વિભાગો કરવામાં આવ્યા છે.

આ. દેવશ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજ સાહેબ જૈન આગમોના પ્રખર વિદ્વાન્ હતા, અને તેથી અનેક સાધુઓને આગમોની વાંચના આપતા. તેઓની બહુશ્રુતતા તેમના છપાયેલા અનેક વ્યાખ્યાન ગ્રંથો ઉપરથી સ્પષ્ટ

જણાય છે. સ્થાનાંગસૂત્ર ઉપર તેઓએ આપેલા વ્યાખ્યાનોનો પ્રથમ ભાગ પહેલા બહાર પડી ગયો છે, તે પછીનો ઉપદેશ આ દ્વિતીય ભાગરૂપે પ્રસિદ્ધ થાય છે, એમાં મુખ્યતયા વિષય પંચ મહાવ્રતો હોઇ શરૂઆતમાં તેના પાલનરૂપ આચારનું મહત્ત્વ ( પૃ. ૧ ), તે પછી પ્રાણવિયોગરૂપ હિંસાનું સ્વરૂપ, ક્રિયાકાંડની મહત્તા, નિશ્ચયવ્યવહારની મીમાંસા, આગમોની ભાષા, સંસ્કૃત કરતાંય અર્ધમાગધીની પ્રાચીનતા, ધર્મનો સૌને હક્ક, જીનપ્રતિમાસિદ્ધિ, સાધુવેશની અનિવાર્યતા, પંચ મહાવ્રતો, તેના ક્રમનો વિચાર, વિનિયોગ, ઘાતિઅઘાતિ કર્મ, ભવ્યત્વ, મિચ્છામિ દુક્કડં, વસ્ત્ર અને પાત્ર વિનાનું દિગંબર મુનિપણું, "પત્થરની ગાય દૂધ ન દે" એ સ્થાનકવાસીઓની ભોળાઓને મૂર્તિપૂજાથી બ્હેકાવવાની છેલ્લી દલીલનો સચોટ જુવાબ, રાગદ્વેષ [કષાય] અને યોગની જેમ મિથ્યાત્વ અને અવિરતિનું પ્રશસ્તપણું કેમ નહિ ? આદિ મહત્ત્વના વિષયોને પોતાની તાર્કિક શૈલીથી સારી રીતે સમજાવ્યા છે. સૂત્રો ગાય જેવા અને તેનો અર્થ તેને દોરી પકડી લઈ જનાર જેવો છે. જેમ દોરીથી ગાયને ઇચ્છા હોય ત્યાં લઇ જઇ શકાય, તેમ સૂત્રોના અર્થ પણ બુદ્ધિથી ધાર્યા મુજબ કરી શકાય, સૂત્રોને ઘટાવવા હોય તે અર્થમાં ઘટાવી શકાય, માટે જ મિથ્યાત્વીને જૈનાગમો મિથ્યાશ્રુત, અને સમકિતીને કુપ્રવચન પણ સમ્યક્શ્રુત તરીકે પરિણમે છે

આ ગ્રંથમાં મુખ્યતયા 'વિનિયોગ' વર્ણવ્યો છે વિનિયોગ એટલે મોક્ષમાર્ગસન્મુખને કે માર્ગ ચૂકેલાને

પણ તે ન કહે છતાં મુક્તિમાર્ગે લાવવો. સંસારથી તારનારી અણમોલ ચીજ મળી હોય અને તેને જે અમૂલ્ય માનતો હોય તેનું જ હૃદય બીજાઓને કેમ ન મળે એમ આપવાની વિચારણામાં પરોપકારબુદ્ધિવાળું હોય. બાળક લૂંટાતો હોય તે વખતે બૂમ પાડી પોલીસને બોલાવવા જેટલી સમજણ તેને હોતી નથી, પણ પોલીસ તો તેને લૂંટાતો બચાવવા દોડે જ, તેમજ વિષયકષાયમાં રક્ત જીવો પોતાની ખરાબ દશા, સંસારની કાળી બાજુને, કર્મની સતામણીને નથી જાણી શકતા, છતાં પરોપકારી જ્ઞાનીઓ તો આપણને જણાવે જ. પોતાને મળેલું બીજાને આપવામાં તત્પર જ હોય. મને મળેલું શાસન બીજાને પમાડું, સમ્યક્ત્વધર્મ પ્રાપ્ત કરાવું એ ભાવનાથી ગણધરો દ્વાદશાંગીને રચે છે. બાહ્ય–જડ ચીજો આપવાથી ઓછી થાય માટે તે દેવામાં ખોવાનો ભય રહે છે, જડ ચીજો જેમ દુર્લભ તેમ ન આપવાની બુદ્ધિ વધારે, આપતાં સંકોચ વધુ. પરંતુ ધર્મ –સમ્યક્ત્વ–ભાવ એ આપતાં જવાવાળા નથી, સમકિત-દીપકથી લાખો સમ્યક્ત્વદીપ પ્રગટે, અનેક જીવો શાસન-રસિક બને તેમાં પહેલા દીપકને જરાય ખોવાનું કે ઓછું થવાનું નથી, આવું દેવામાં કંજુસાઈ કરે તે ઉપકારને સમજતા નથી. ગણધર મહારાજા પોતાને ધર્મરૂપી ચિત્રાવેલ મળેલી માને છે, તે બીજાને ન દઉં તો કમનસીબ ગણાઉં, એ માન્યતાવાળા હોવાથીજ ગણધરોની દાનશાળા તે બાર અંગોની રચના કહેવાય. તેમાં પ્રથમ આચાર સુધારવા આચારાંગ, વિચારો સુધારવા સૂયગડાંગ અને ત્રીજા સ્થાનાં-ગમાં પદાર્થોનું વર્ગીકરણ કરતાં પાંચમા ઠાણામાં પંચ

મહાવ્રતોનું વર્ણન કર્યું, તેનું સ્વરૂપ અને નિયતક્રમના કારણો વગેરે મહાવ્રતોને લગતું કહેતાં પ્રાસંગિક પણ કેટલીક મહત્ત્વની બાબતો આ ગ્રંથમાં જણાવી છે.

આ વ્યાખ્યાનો વાંચવાથી દેશનાકારની અજોડ પ્રતિભા પ્રગલ્ભબુદ્ધિ, તલસ્પર્શી વિચારણા અને આગમની ગ્ંચોને ઉકેલવાની અપૂર્વ કળા અજબ છે એમ જણાયા વગર ન જ રહે. ગયા બે ત્રણ સદીવાળા અલ્પકાલીન યુગમાં મહોપાધ્યાય ન્યા. આ. શ્રી યશોવિજયજી મહારાજ પછી આ આચાર્ય ભગવંત એક અસાધારણ કોટિના મહાપુરૂષ હતા એમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય, તેમજ બીજા કોઈનેય હલકા ચીતરવાનો ઉદ્દેશ પણ નથી, પણ મારી માન્યતા મુજબ વસ્તુનું સ્વરૂપ દર્શાવવાનો હેતુ છે, ભવ્યાત્માઓ એવા વિદ્વદ્રત્નમાળાના એક અણમોલ જવાહિરના ગુણોની ઘણી ઘણી અનુમોદના કરી આત્માને ઉન્નત બનાવે એ ભાવના છે.

# અનુક્રમણિકા


કલિયુગના નિશ્ચયવાદિઓ ૧૫
આચારની મહત્તાથી આચારાંગ પહેલું ૧, ૧૭, ૪૩, ૮૪, ૧૨૮
ભાવપ્રાણોની પ્રધાનતા ૨૦, ૩૨
અંગોની રચના અને સ્થાપનાના ક્રમમાં ભેદ ૨૩, ૩૫
આચારાંગમાં સાધુના આચાર ૨૬
પરિણતિ અને પ્રવૃત્તિમાં મુખ્ય કોણ? ૨૭
બાહ્ય આચારની તારકતા ૨૯
દ્રવ્યપ્રાણો રિસીવરો છે ૩૦
તીર્થંકરની જ આજ્ઞામાં ધર્મ કેમ? ૩૬
"**पक्षपातो न मे वीरो**" નું રહસ્ય ૩૮
સૂયગડાંગમાં વિચારની વ્યવસ્થા ૪૫, ૮૫
નિર્જરા ૪૭
વિચારના ત્રણ પગથિયાં ૫૦
સ્થાનાંગમાં પદાર્થોની વર્ગવારી ૫૩, ૮૫
૧૧ અંગો કોના માટે, ૧૨ મું કોના માટે? ૫૪
દેવતાઓની ભાષા અર્ધમાગધી ૫૭
આગમો ચાલુ ભાષામાં કેમ નહિ? ૫૮
પહેલા પ્રાકૃત કે સંસ્કૃત? ૬૦
વ્યાખ્યાન કોનું સાંભળવું? ૬૧
સૌને ધર્મ સમજવાનો હક્ક જૈનોએ જ આપ્યો છે ૬૪
વ્યવહારની મુખ્યતા ૭૦, ૯૪
સ્ત્રીઓ પ્રભુપૂજા કરી શકે? ૭૨
જિનપ્રતિમાસિદ્ધિ ૭૩
મોક્ષે જવા સાધુવેશજ લેવો પડે ૭૭
ગૃહીલિંગ સાતમી નરકની નીસરણી ૮૪

| | |
|---|---|
| ઈશ્વરવિષયક જૈનઅજૈન માન્યતા | ૮૫ |
| પાંચ મહાવ્રતો ૮૮, ૯૭, ૧૦૦, ૧૨૯, ૧૫૩, ૧૬૧, ૧૭૮ | ૩૬૮ |
| શાસ્ત્ર અને આચાર ( જ્ઞાનક્રિયા ) શાસનના આધારે છે | ૯૦, ૧૧૨, ૧૨૩ |
| અજૈનોની દયાની માન્યતા | ૯૪ |
| જયણા | ૧૧૭ |
| દાનાદિધર્મ | ૧૧૯ |
| અગીતાર્થ પોષાય, અનાચારી ન પોષાય | ૧૨૮ |
| ભાવ એટલે શું ? | ૧૩૬ |
| સમ્યક્ત્વ અને ચારિત્ર | ૧૭૭ |
| કેવા જીવો જાતિભવ્ય ? | ૧૪૧ |
| 'ભાવ'ના પ્રણિધી આદિ પાંચ અંગો | ૧૪૩ |
| સુદેવની પરીક્ષા | ૧૫૮ |
| ઈર્યાસમિતિ | ૧૮૧ |
| ૭ જીવનિકાયની માન્યતા એજ સમકિત | ૧૮૭ |
| આસ્તિકતા અને અનુકંપા | ૧૮૮ |
| મોક્ષનું સ્વરૂપ | ૧૯૦ |
| મોક્ષમંડપના મિસ્ત્રી તીર્થંકર અને કારીગર ગણધર | ૧૯૧ |
| પૂજામાં થતી આશાતના | ૧૯૩ |
| પૂજાના દ્રવ્યો ભક્તિના હિસાબે હોય | ૧૯૪ |
| ફુલમાં સુદ્રો શું ? | ૧૯૫ |
| મંદિરમાં ઇલેક્ટ્રિક ? | ૧૯૬ |
| મંદિરો માટે પહેલાનું બંધારણ | ૧૯૬ |
| મંદિરમાં ઘીના જ દીવા શા માટે ? | ૧૯૭ |
| વીતરાગને આંગી મુગટ શા માટે ! | ૧૯૭ |
| લોગપઈયાણંનું રહસ્ય | ૧૯૮ |

મોહનીયના બે ભેદ કેમ ? ૨૦૧
ચોથા ગુણુઠાણુાની અને સમકિતની સ્થિતિમાં ફરક કેમ ? ૨૦૩
સુપાત્રે દાન દેવું મહા દુષ્કર કેમ ? ૨૦૪
આઠ વાઘ જેવા આઠ કર્મો ૨૦૫
સમકિત બીજા ભવમાં ન વિરમે તો સમકિત જાય ૨૦૭
પ્રાણુાતિપાતવિરમણુજ પહેલું કેમ ? ૨૦૯, ૨૦૬
ગુણુવ્રતોની જરૂર શી ? ૨૧૧, ૨૧૯
ઉદ્યમ અલ્પકાળ, કર્મ લાંબો કાળ ૨૧૨
ધર્મમાં ઉદ્યમ કામ લાગે ૨૧૩
રાગ ગુણુ–ગુણીનો, દ્વેષ અવગુણીનોજ ૨૧૫
પ્રાણુાતિપાતવિરમણુ ૨૧૮, ૨૩૪
ભક્તિ મોક્ષ માટે, અને તે ભગવાનના કહેવાથી નથી ૨૨૨
વિનિયોગ ૨૨૪, ૨૪૭, ૨૬૧, ૨૬૯, ૩૦૪, ૩૧૦
**શઠં પ્રતિ શાઠ્યં ?** ૨૨૫
ચંડકોશીયો ૨૨૯
દયાનો ઈજારો જૈનધર્મમાંજ ૨૩૬
ઘાતીઅઘાતી વિચાર ૨૩૦
ભવ્યત્વ અને તથાભવ્યત્વ ૨૨૪
વ્યાખ્યાન સાંભળતાં જ્ઞાનવરણીય બંધાય ? ૨૪૫
પત્થરની ગાય દૂધ દે ? ૨૪૯, ૨૭૯
સુદેવ અને કુદેવ ૨૫૭
સંપના કારણો ૨૬૪
ભવ્ય કે અભવ્યપણુાની શંકાનું મહત્ત્વ ૨૭૦
અભવ્યો મોક્ષ સિવાયના આઠ જ તત્ત્વો કેમ માને ? ૨૭૩
ભવ્યત્વની શંકા જ ભવ્યપણુાની નિશાની કેમ ? ૨૭૪
આગમવાચના પછી ભૂલ કે પાઠાંતરો કેમ હોય ! ૨૭૭

| | |
|---|---|
| વારે વારે મુહપત્તિ કેમ પડિલેહવી ? | ૨૭૮ |
| ભાષા દ્રવ્યશ્રુત કેમ ? | ૨૮૨ |
| મૂર્તિપૂજાની જેમ દીક્ષાના મહોત્સવો કે મડદાના અંગે પાપ નહિ ? | ૨૮૪ |
| દિગંબરો છત્રચામરાદિ રહિત સામાન્ય કેવલીને અસિદ્ધ માને છે કે તે સહિત તીર્થંકરને ? | ૨૮૬ |
| દયાનું મૂળ જીવના ભેદો કર્મનું વર્ણન ઉપનિષદોમાં છે ? | ૨૮૭ |
| ઈષ્ટતા વધે તો તેનો અસંતોષ વધે | ૨૮૮ |
| ઈર્ષ્યાથી કરાતી માયા માટે મલ્લિનાથજીનું દૃષ્ટાંત | ૨૯૦ |
| 'મારૂં જાય તોય બીજાને મળો' એ ભાવના માટે ખંધકજીનું દૃષ્ટાંત | ૨૯૩ |
| આચારની સુંદરતા ક્યારે વધે ? | ૨૯૫ |
| જ્ઞાનદર્શન ઉભય ભવના ચારિત્ર આ ભવ પુરતું જ | ૨૯૭ |
| દેવાને અંગે અફસોસ હોય, જમીને અંગે ન હોય | ૨૯૮ |
| માંકડાનો દીવો આંબા ન દેખ્યા ત્યાં સુધી ઝગઝગતી | ૨૯૯ |
| ચીંથરા સાચવનાર સાધુઓ બકુશકુશીલ | ૩૦૧ |
| સૂર્યનું તેજ ન ખમાય તે આંખે હાથ ધરે | ૩૦૩ |
| ગણધરનામકર્મ અને કૃષ્ણજી | ૩૦૫ |
| મરીચિ અને કપિલ (સાંખ્ય) | ૩૧૧ |
| તપ કરીને કહી દેખાડવું કે ક્રોધ કરવો એ અજીરણ | ૩૧૬ |
| કૂરગડુના ભોજનમાં બળખો | ૩૧૮ |
| ગેજ ક્રિયા કરવાથી પાપ બંધાય ? | ૩૧૯ |
| મિચ્છામિ દુક્કડં દેવા માટે પાપ સેવવું તે મૃષાવાદ | ૩૨૧ |
| સાધનનો સંપૂર્ણ ઉપયોગ ન કરવો એ જ દુરૂપયોગ | ૩૨૪ |
| મૈત્ર્યાદિ ભાવના | ૩૨૪ |
| આત્મિક ચીજો જાણે ત્યારે અસંતોષ, લે ત્યારે સંતોષ | ૩૨૬ |
| પીઠ–મહાપીઠે ઈર્ષ્યાથી સ્ત્રીવેદ બાંધ્યો | ૩૩૭ |

સ્નાન આશાતના ટાળવા માટે, તેમાં ધર્મબુદ્ધિ નથી ૩૪૧
ઈર્ષ્યાને બાળી નાંખનાર વિનિયોગ છે ૩૪૩
મરવા પડેલાને પણ મરે તો ઠીક એમ ન કહેવાય ૩૪૬
ધર્મક્રિયા તે જાન, નિર્જરા તે વરરાજા ૩૪૭
ક્રોધને ઘર છોડીને રમવાની ટેવ છે ૩૪૮
દ્રવ્યક્રિયા અને ભાવક્રિયા ૩૫૨
હિંદુસ્થાનનું રાજ્ય દયાએ ખોયું કે લંપટપણાએ ! ૩૫૩
અમે તેટલા ગુન્હાઓની પણ માફીજ કરાય ૩૫૬
અનાદિનો અધર્મ છે, ધર્મ નહિ ૩૫૮
પુરસદનો પ્રશ્ન કર્યો ? ૩૬૧
સંજ્ઞી કોણ ? ૩૬૩
શરીરાદિ કર્મના ચાંદાં છે ૩૬૩
શાસ્ત્રકાર આપણી જોખમદારીનો અરીસો છે ૩૬૪
આઠ પ્રવચનમાતામાં ૧૧ અંગો સમાયા છે ૩૬૫
શાસ્ત્રો ડાઘ દેખાડે, કરે નહિ ૩૬૫
વર્ષાના ગર્જારવથી મોર નાચે, કાગડો નહિ ૩૬૬
પોતાનું સાચવી વધારાનું કરનારા ઉત્તમ ૩૬૭
સામગ્રી છતાં ઉપકાર ન કરવો તે ડૂબાડવું છે ૩૭૦
સ્વાધ્યાયધ્યાન જૈનોમાંજ ૩૭૧
મૂળનાયકજી શા માટે ? ૩૭૨
મોતે મરે તેમાં હિંસા કેમ ? ૩૭૪
દેવગતિમાંની બળતરા ૩૮૩
મનુષ્ય ભવ એટલે ભુલભુલામણી ૩૮૫
મનુષ્યગતિની સોયથીજ કર્મકાંટો નીકળે ૩૮૬
દાનશાળામાં પહેલો નંબર સંપ્રતિનો ૩૯૨
એક નમીરા ( પ્રાણા. વિર. ) ને લીધે આખું કુટુંબ
( મહાવ્રતો ) પોષાય ૩૯૬, ૪૦૯

| | |
|---|---|
| સાચું છતાં નરકે જવાનો, જુઠું છતાં તરવાનો | ૩૯૭ |
| ગૌતમસ્વામી અને મૃગાવતી | ૩૯૭ |
| વસ્ત્રપાત્ર વિનાના દિગંબરોની દુર્દશા | ૩૯૯ |
| નબીરા વિનાની બેરી નકામી | ૪૦૦ |
| યોગ અને ઉપધાનોનું સ્વરૂપ | ૪૦૪ |
| મરીચિના શૌચમૂલકધર્મથી સાંખ્યો થયા | ૪૦૭ |
| જીવ શરીરથી ભિન્ન ને અભિન્ન પણ છે | ૪૦૯ |
| પ્રતિજ્ઞા વિનાનું બધું નકામું | ૪૧૨ |
| જૈન ધર્મ સિવાય બધે દલાલના ડખા | ૪૧૯ |
| કષાય ને યોગ પ્રશસ્ત અને અપશસ્ત છે | ૪૧૯ |
| મિથ્યાત્વ અવિરતિ અપ્રશસ્તજ | ૪૨૪ |
| મિથ્યાત્વની જડ અવિરતિ | ૪૨૫ |
| કષાયો કેવી રીતે જન્મે ? | ૪૩૦ |
| શરીર દુર્જન સમાન | ૪૩૨ |
| જીવ ધર્મને ક્યારે પૂછે ? | ૪૪૧ |
| સમકિતી સાધુ કરતાં અસંખ્યાત ગુણી નિર્જરા કરે | ૪૪૧ |
| દોષની નિંદા બે પ્રકારે | ૪૪૪ |
| મિથ્યાત્વ | ૪૪૫ |
| ફૂવડ કોણ ? સમકિતી | ૪૪૫ |
| મિથ્યાત્વનો રોગ અને અવિરતિનો ભૂખમરો | ૪૪૮ |
| કર્મરાજાના જાસૂસો | ૪૪૯ |
| આત્માઘોડેસ્વાર ઇંદ્રિયઘોડેસ્વારની મરજીએ જાય છે | ૪૫૦ |
| જીવવિચાર નાભિમાંથી કેમ બોલાય ? | ૪૫૧ |
| વચન કિંમતી પણ તેનો ઉપયોગ ? | ૪૫૨ |
| જૈન મતે જીવની વ્યુત્પત્તિ | ૪૫૧ |
| વિરૂદ્ધ સંકલ્પમાં જ્ઞાન આડે ન આવે તો 'પોથીમાંના રીંગણાં' | ૪૫૩ |

જડને 'છી' ક્યાં માનો છો? ૪૫૫

મિથ્યાત્વના હાથમાં અવિરતિનું ઓજાર ૪૫૬

**न मांसभक्षणे दोषो** એમ હિંદુગ્રંથ કહે છે ૪૫૭

નાળવામાંથી હાથી નીકળ્યો તે પૂંછડે અટક્યો ૪૫૯

પહેલા અને છેલ્લા ગુણઠાણા વચ્ચે બે ઘડીનું છેટું ૪૫૯

**तमेव सच्चं०** અને **इणमेव निग्गंथे०** ના ભેદનું રહસ્ય ૪૬૬

મિથ્યાત્વ અવિરતિ પ્રશસ્ત અપ્રશસ્ત કેમ નહિ? ૪૬૯

ગુણસ્થાનકનો ઉપયોગ શું? ૪૭૦

કષાય ને યોગ પ્રશસ્તાપ્રશસ્ત કેમ? ૪૭૧

દ્રવ્ય અને પર્યાયોનું સ્વરૂપ ૪૭૩

હિંસા કોણ માની શકે? ૪૭૪

નૈયાયિકનો અસત્કાર્યવાદ ૪૭૬

સાંખ્યોએ સર્વ નિત્ય માન્યું ૪૭૬

પ્રાણનાશ એટલે સ્વાભાવિક મિલકતનો નાશ ૪૭૭

મૃષાવાદમાં પાપ શું? ૪૭૭, ૪૮૭

કાચના કટકામાં હીરાની માન્યતા ૪૭૯

આવતા ભવમાં ઋદ્ધિસિદ્ધિ ન મળો એ નિયાણું કેમ કરાય છે? ૪૮૫

"तस्स भंते पडिक्कमामि" એટલે કોના પ્રપંચો મારેનું રોવું ૪૮૬

છદ્મસ્થની દેશના ઉભયશ્રુત અને કેવળીની દ્રવ્યશ્રુતજ કેમ? ૪૮૮

णमोऽत्थु णं भगवओ सुहम्मसामिस्स

# શ્રીસ્થાનાંગસૂત્ર

## ( સ્થાન ૫, ઉપદેશક ૧ )

## ભાગ ૨.

— દેશનાકાર —

## આગમોદ્ધારક આચાર્ય શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી

## વ્યાખ્યાન ૨૪

### આચાર અને તીર્થની ગતિ એક જ

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજીએ** ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષ માર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે **દ્વાદશાંગીની** રચના કરતા થકા પહેલાં **પૂર્વોની** રચના કરી. **પૂર્વોની** રચના કર્યા છતાં સ્થાપનાની વખતે પહેલાં **આચારાંગને** સ્થાન આપ્યું. આચાર ઉપર જ તીર્થનો આધાર. આચારની પ્રવૃત્તિ ચાલે ત્યાં સુધી તીર્થનું ચાલવું. આચારની પ્રવૃત્તિ રોકાય ત્યારે તીર્થનું બંધ થવું. જે ગતિમાં આચાર તે જ ગતિમાં તીર્થ.

### આચાર નહિ તો તીર્થ પણ નહિ

નારકીમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન છે. તિર્યંચની ગતિમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન ને દેશવિરતિનાં વ્રતો છે તો પણ શાસન નહિ, કારણ? મોક્ષનો માર્ગ નથી. જ્યાં સુધી ચારિત્ર ન હોય ત્યાં સુધી મોક્ષમાર્ગ થયો ગણાય નહિ. આચાર શરૂ રહે ત્યાં સુધી તીર્થ. આચાર બંધ થાય એટલે તીર્થ બંધ.

### એમ કેમ બન્યું ?

**મહાવીર** મહારાજની પહેલી દેશના નિષ્ફળ ગણી. શાથી? સર્વવિરતિના પરિણામ કોઇને ન થયા, તીર્થની સ્થાપના ન થઇ શકી

તેથી. અજ્ઞાનને વમીને જીવો જ્ઞાનને પામ્યા છે. કોઈ જીવો મિથ્યાત્વને વમીને સમ્યગ્દર્શન પામેલા છે છતાં પણ સમ્યક્ચારિત્રની ઉત્પત્તિ ન હોવાથી તે દેશનાને નિષ્ફળ ગણી. તે નિષ્ફળ દેશનામાં દેવતાઓ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પામ્યા છે.

## આત્માનું ઘર આચાર

આચારના બંદોબસ્તની પહેલી જરૂર. આચાર ઉપર તીર્થ, આચાર ઉપર સફળતા. આચાર ઉપર જ શાસન છે તેથી પહેલાં આચારની જરૂર. આચાર એ મુખ્યતાએ આત્માથી થાય છે. હંમેશાં નકલી માલ બાજે હોય પણ એનું સ્થાન ગણાય કારખાનું. આચાર આત્માનું ઘર છે. પરિણતિવાળું આચરણ આત્માના ઘરનું. પરિણતિ વગરનું ચારિત્ર નકલી. દેશવિરતિવાળા મનુષ્યોની શ્રમણોપાસક વર્ગમાં ગણતરી થાય છે.

## દ્રવ્ય-ચારિત્રમાં આચાર જેટલી તાકાત

હવે મૂળવાત પર આવો. આચાર ઉપર તીર્થનો આધાર, પ્રવર્તવું, ટકવું અને વ્યપદેશ. તેને અંગે **આચારાંગમાં** આચારની વ્યાખ્યા કરી. કુદરતી રીતે-આત્માના ગુણની અપેક્ષાએ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શનની અધિકતા છે તેને ગૌણ કરવા માગતા નથી, પણ દ્રવ્ય-ચારિત્રની કિંમત તેના કરતાં વધારે છે. ચોથે રહેલો કે દેશવિરતિવાળો અચ્યુત સુધી, જ્યારે એકલો ચારિત્રવાળો નવ ગ્રૈવેયક સુધી. સમ્યગ્દર્શને જે કામ ન કર્યું તે દ્રવ્ય-આચારે કર્યું. બાર દેવલોકથી આગળ લઇ જવાની તાકાત સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનમાં નહીં, પણ એકલા દ્રવ્ય-ચારિત્રમાં તે તાકાત. એ ચારિત્ર જો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની જોડે હોત તો એ ચારિત્ર કાંઇ ઓર જ કામ કરત. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન જે હદ ન આપે તે હદ દ્રવ્ય-ચારિત્ર આપે છે. આચારમાં એટલી બધી તાકાત છે કે જે સમ્યગ્જ્ઞાનમાં, સમ્યગ્દર્શનમાં નથી તે તાકાત દ્રવ્ય-ચારિત્રમાં છે. ગણધર મહારાજા સમ્યગ્દર્શન-

જ્ઞાનવાળા ચારિત્રનું નિરૂપણ કરે છે તેથી તેની તો તાકાતનો પાર નથી. આખા બાર અંગમાં ચારિત્રના સ્થાન ઉપર જોર આપ્યું છે. જેવા ચારિત્રના આચારો બાર અંગોમાં બતાવ્યા તેવા સમ્યગ્દર્શનના અધિકારો બાર અંગમાં લાવો ? સવારથી સાંજ સુધીની ક્રિયા મળી રહે છે. સમ્યક્ત્વની કરણી, જ્ઞાન કેમ ભણાવવું તેમાનું કાંઈ છે ? સમ્યક્ચારિત્રને માટે જેટલી મહેનત કરવામાં આવી તેટલી સમ્યગ્દર્શન, કે જ્ઞાનની નથી. અગિયાર **અંગને** ચરણકરણાનુયોગમાં લઈએ છીએ. ચરણકરણ ઉપર તત્ત્વ છે. ચરણકરણમાં આવેલો આત્માનું સાધી શકે.

## બાર અંગ એ તો સાધુનું ખાતું

શ્રાવકની રકમ ચોપડામાં ક્યાં છે તે કાઢ? શ્રાવકની અહોરાત્ર ચર્યા, પર્વની ચર્યા લખી હોય તે તો કાઢ? **યજ્ઞદત્તના** ચોપડામાં **દેવદત્તની** રકમ ક્યાંથી લેવા જાય ? જ્યાં ચોપડો જ બીજો છે. શ્રાવકે પ્રતિમા ભરાવી, શ્રાવકે પાણી ગાળ્યું એવું અગિયાર અંગમાં કાઢીશ ? લાકડાં પૂંજ્યાં એવું નીકળે છે ? શ્રાવકનું ખાતું નથી, તો પારકા ખાતામાં તારી રકમ લેવા શી રીતે માગે છે ? અગિયાર અંગ એ સાધુનું ખાતું એમાં શ્રાવકની રકમ નીકળે ક્યાંથી? **ઉપાસકદશાંગમાં** અહોરાત્રચર્યા, પર્વચર્યા કાંઈ નથી. વગર ખાતે રકમ કઢાવવી છે ? સાધુના આચારને અંગે અગિયાર અંગોની રચના કરવામાં આવી છે.

## બાહ્ય આચાર એ તો અંદરના આચારની પરિણતિનું અનુસંધાન કરાવનાર

ચારિત્ર લે પછી વધવા માટે અગિયાર અંગ. અંગનું નામ ચરણકરણાનુયોગમાં રાખ્યું છે. આચારની મુખ્યતાને અંગે બાહ્ય આચાર પણ સમ્યગ્જ્ઞાનદર્શનથી વધી જવાવાળી કોટિ છે, તેથી પહેલાં આચારનું વર્ણન. અવિરતિસમ્યગ્દષ્ટિને બીજો વંદન કરે તો વિરાધક. દ્રવ્ય વેષધારી હોય, ખબર ન હોય ત્યાં સુધી વંદન કરે તો આરાધક.

અંદરના આચારની પરિણતિનું અનુસંધાન કરાવનાર બાહ્ય આચાર. બાહ્ય આચાર દેખવો ત્યાં બીજાં અંદરની અશુદ્ધિનાં કારણો ન મળે ત્યાં સુધી શુદ્ધિ માનવા બંધાયેલા છીએ. બાહ્ય આચારની શુદ્ધિને અંગે અંદરના આચારની શુદ્ધિ માનવા બંધાયા છીએ.

## બાહ્ય શુદ્ધ હો તો અંદરનું શુદ્ધ માનવું પડે, ઊલટ નહિ

અવ્યક્ત નિહ્નવમાં શું હતું? (1) એક આચાર્ય છે. તેના ગચ્છમાં જોગના આચાર્ય બીજા નથી. પોતે ક્રિયા કરાવે છે. આગાઢ જોગમાં સાધુઓને ઘાલેલા છે. આચાર્ય કાળ કરી ગયા. આવી રીતે આગાઢ જોગવાળા એમને એમ રહ્યા છે, ખબર નથી, આવ્યા. સાધુને ઉઠાડયા, જોગની ક્રિયા શરૂ કરી. જોગ સમાપ્ત થયા તે દહાડે કહ્યું કે હું તો ફલાણા દહાડે મરીને દેવતા થયો હતો પણ જોગ અધૂરા રહે તેથી અહીં આવ્યો છું. આટલા દહાડા વંદન કર્યું તે માટે **"મિચ્છામિ દુક્કડં"** કહી ચાલતા થયા. એક અંશે દેવતાપણાનો વહેમ ન પડયો. દેવતા છતાં આચાર્ય તરીકે માનતા રહ્યા તો આપણામાં કોઇ દેવતા હશે તેની શી ખબર? માટે આપણે કોઇને વંદન કરવું નહિ. દેવતા હોય, અવિરતિને વંદન થઇ જાય. આથી વંદન વ્યવહાર ઉડાવી દીધો. તેને **શાસ્ત્રકારે** અવ્યક્ત નિહ્નવ ગણ્યા. સમાધાન—શુદ્ધ આચાર છે કે નહિ? વિહાર, ભાષા, વિનયકર્મ, સ્થાન, ચંક્રમણ શુદ્ધ છે કે નહિ? એ શુદ્ધ હોય તો સુવિહિત માનવો. અંદરનો હોય કે નહિ! બાહ્ય દેખવા છતાં બહારની શુદ્ધિને અંગે અંદરની શુદ્ધિ માનવાને બંધાયેલા છીએ. અંદરની અશુદ્ધિનું નિશ્ચયથી કારણ ન મળે ત્યાં સુધી શુદ્ધ માનવાને બંધાયેલા છીએ. વ્યવહાર-આચારની અપેક્ષાએ અંદરનું માનવાને બંધાયેલા છીએ. પણ અંદરનું શુદ્ધ હોય તો બહારનું શુદ્ધ માનવાને બંધાયેલા નથી.

## કૂર્માપુત્રનું દૃષ્ટાંત (૨)

**કૂર્માપુત્રજી** કેવળજ્ઞાન પામેલા છે. **મહાવિદેહમાં** ઇંદ્ર પ્રશ્ન કરે

છે. **મંદિરસ્વામીજી** ઉત્તર દે છે-**ભરતમાં** કોઇ તીર્થંકર નથી, કોઇ કેવલી નથી. આ ઉત્તર આપીને પણ ગૃહસ્થપણામાં આવી રીતે **કૂર્માપુત્ર** કેવળજ્ઞાન પામેલા છે. પહેલાં નિષેધ કર્યો તે સાચો કે ખોટો ? એ ગૃહસ્થપણામાં કેવળજ્ઞાની છતાં વ્યવહારથી ગણ્યા નહિ તેથી નિષેધ કર્યો. બાહ્ય આચાર-પ્રવૃત્તિ હોય તો જ અભ્યંતરનો પણ વ્યવહાર. બાહ્ય હોય એટલે અભ્યંતર માનવાને બંધાયેલા. અભ્યંતર હોય છતાં બહારનું માનવાને ન બંધાયેલા. જે **કૂર્માપુત્રે** એ વેષ નથી લીધો તે માબાપ આવી રીતે પ્રતિબોધ પામે તે માટે-પ્રતિબોધને માટે. પોતે ઉચિતતા દેખે તો માબાપના પ્રતિબોધને માટે વેષ ન લે.

## બાહ્ય વ્યવહારને અંગે અંદરનું માનવાને બંધાયેલા

**હીરસૂરિજી** પાલખીમાં બેસીને કેમ ન ગયા? **હીરસૂરિ** અતિશય જ્ઞાની ન હતા. ન ગયા તેથી **અકબરને** પ્રતિબોધ થયો. દ્રવ્ય જયાં ચોકખું હોય ત્યાં ભાવ ચોકખો માનવાને જો વિરુદ્ધ કારણ ન હોય તો બંધાયેલા છીએ. એવું ન હોય તો કરોડો સાધુ હોય. તે સંખ્યા કોટિપૃથક્ત્વની કહી છે. એમાં કોણ કયા ભાવે વર્તે છે તે શી રીતે જાણવું ? એક જ ગચ્છમાં નિશ્ચયથી કોણ કયા ભાવથી વર્તે છે તે કોણ જાણે? વ્યવહારથી વર્તતા ચારિત્રમાં નિશ્ચય કે અંતર્ગત જોવાની જરૂર નહિ. તે જણાય ત્યારે વર્જવાનો. જણાય નહિ ત્યાં સુધી માનવાને બંધાયેલા. જે પ્રથમ ચારિત્ર-સ્થિત તે વંદન કરવા લાયક છે. બાહ્ય વ્યવહારને અંગે અંદરનું માનવાને બંધાયેલા. કરોડો સાધુ વખત કરોડો માનવાનું થયું હશે, તે પણ ભાવો જાણીને માનવાનું નહિ.

## જગતને દોરવનાર તો બાહ્ય આચાર જ

'અંદરની પરિણતિ કેવલી જાણે,' તો જ્યાં સુધી અતિશય જ્ઞાન ન થાય ત્યાં સુધી કોઇને માનવા નહિ! દેવગુરુધર્મને માન્યા વિના

કેવલી થવાનો નથી. વ્યવહાર–ચારિત્ર ઉપર જાઓ. વ્યવહાર–ચારિત્રની આટલી બધી પ્રબળતા હોવાને લીધે **આચારાંગની** પ્રથમ સ્થાપના ગણધર મહારાજે કરી. જગતને કાંઇ પણ દોરવનાર હોય તો તે બાહ્ય વસ્તુ છે. પાંચ જ્ઞાનમાં શ્રુતજ્ઞાન એ બોલનારી ચીજ છે. ભલે મનઃપર્યવ, અવધિ, કેવલજ્ઞાન ચઢિયાતાં છે પણ મૂગાં છે. શ્રુતજ્ઞાન એ મહર્ધિક, કેવલજ્ઞાન એની પછી. કેવલજ્ઞાન જો કે જબરજસ્ત છે છતાં શ્રુતજ્ઞાનની પાછળ. જગતનું તારક હોય તો શ્રુતજ્ઞાન છે. જગતને તારનાર હોય તો તે શ્રુતજ્ઞાન છે, તેવી રીતે જગતને તારનાર બાહ્ય આચાર. અંદરનો વ્યવહાર જો કે કિંમતી છે.

## સાધુને પ્રથમ બાહ્ય આચાર ભણાવવાની જરૂર

દાનની પ્રવૃત્તિ સહેલી થઇ ગયેલી છે. દાનની મૂળ જડ તપાસીએ તો **શ્રેયાંસકુમાર** જાતિસ્મરણ થયું. તે જાતિસ્મરણ દ્વારાએ ધર્મની પ્રાપ્તિ. તે બાહ્ય આચાર ઉપર આધાર રાખે છે. બાહ્ય આચાર પહેલાં સાધુને ભણાવો.

## માત્ર હિંસાથી વિરમવું એટલું જ નહિ પણ બુદ્ધિથી તેને સમજવાની પણ જરૂર

**સૂયગડાંગમાં** વિચારની વ્યવસ્થા. **ઠાણાંગજીમાં** વિરમણ શબ્દ રાખ્યો. વ્યુત્પત્તિ લેવાય અને લાંબો અર્થ આવી જતો હોય તેને ટૂંકો કરવો તે યોગરૂઢ. એકેંદ્રિયથી માંડી પંચેંદ્રિયની બધી હિંસાઓ ધ્યાનમાં લીધી. કાયસંસર્ગ, બુદ્ધિસંસર્ગ ધ્યાનમાં લીધા. બુદ્ધિથી એ હિંસા સમજમાં ન આવે ત્યાં સુધી વિરમવાનું ન થાય. "**ज्ञात्वाभ्युपेत्य करणं**" પહેલાં જાણો. જે ભાષામાં દસ્તાવેજ લખ્યો તે ભાષા ન સમજે તો કામ લાગતું નથી. દેશદેશમાં કોર્ટમાં તે દેશની ભાષા રાખી. કારણ કે એમ કહેવાનો વખત ન આવે કે આ ભાષા હું જાણતો નથી. તેવી રીતે હિંસાનાં

પચ્ચક્ખાણ કરે પણ હિંસા કોની થાય તે ખબર ન હોય તો હિંસાના પચ્ચક્ખાણની કિંમત શી ? જીવ છે, આ ત્રસ, સ્થાવર છે તેવું ન જાણો છતાં હિંસાનો ત્યાગ કરો તેની કિંમત શી ? હિંસા ન કરવી એમ કહીએ તો સભામાંથી ઊભા થશે ને કહેશે કે પચ્ચક્ખાણ દો. તે ત્રસ જીવોને મારવા તેને હિંસા કહે છે. પૃથ્વીકાય વગેરે જીવ છે તેને મારવા તે હિંસા છે તો હાથ પહોળા કરી નાખે. જ્યારે ત્રસ, સ્થાવર, એ બે પદાર્થોનું ભાન થયું ત્યારે થયું કે સ્થાવરની હિંસા છોડવી મુશ્કેલ તેથી હાથ પહોળા કર્યા.

## સ્વરૂપ જાણ્યા પછી જ પ્રતિજ્ઞાનું ફળ મળે

પહેલાં એ જાણવું જોઇએ કે જે હિંસાનાં પચ્ચક્ખાણો કરવામાં આવે છે તે જીવો કયા કયા ? પહેલાં **ज्ञात्वा** જ્ઞાન કરો. અભાવનું જ્ઞાન કરવું હોય તો પ્રતિયોગિકનું જ્ઞાન કરવું જોઇએ. જેને ઘડાનું સ્વરૂપ ખ્યાલમાં નથી તે ઘડો નથી એ કેમ કહી શકે ? જેને જીવના સ્વરૂપનો ખ્યાલ નથી તે જીવને નહિ એમ કેમ કહી શકે? જે જીવને જાણતો હોય તેને જીવહિંસા નહિ કરું એમ કહેવાનો હક. પહેલાં જાણો, જાણ્યા માત્રથી ચરિતાર્થ નહિ. જાણ્યાની સાથે પ્રાણાપ્રાણનો વધ જાણો, તેથી જૈન ધર્મમાં આવેલા પણ પ્રાણના વધના પચ્ચક્ખાણમાં ન આવે ત્યાં સુધી પ્રાણવધના કર્મમાં બંધાયેલા રહેવાના. હું સાચું બોલીશ એમ કહો નહિ ત્યાં સુધી કોર્ટમાં તમારા વચન નોંધાય નહિ. પ્રતિજ્ઞા ન કરે ત્યાં સુધી કાગળમાં ચઢે નહિ. તેવી રીતે અવિરતિ ટાળ્યા સિવાય, વિરતિ કર્યા સિવાય, નહિ કરવાના પચ્ચક્ખાણ કર્યા સિવાય ગણતરીમાં અવાય નહિ; આથી જ કોઇ પણ જાતની હિંસા નહિ કરનારા એકેંદ્રિય એટલી બધી દયાવાળા છે છતાં વિરતિના કાગળીએ ચઢતા નથી. માટે '**ज्ञात्वा**.' જીવનું સ્વરૂપ જાણો, ત્યારે પ્રતિજ્ઞા કરવાનું ફળ આવે.

## માત્ર જાણવાથી નહિ પણ પ્રવૃત્તિ કરવાથી કાર્ય બને

પ્રતિજ્ઞા કરવાનો વખત ક્યારે આવે ? પ્રતિજ્ઞા કરવાની જરૂર છે એવું જ્ઞાન લો ત્યારે. **'જ્ઞાત્વા'** જીવોના પ્રાણોનો નાશ થતો જાણીને, હિંસા રોકવાનું જાણીને પ્રતિજ્ઞા કરે. હવે પ્રતિજ્ઞા કરવાથી તરી ગયા નથી. જો તેમ હોત તો પછી અનંત પ્રતિપાતીઓ હોત જ નહિ. અભવ્ય કરતાં અનંતગુણી પ્રતિપાતીની સંખ્યા છે. પ્રતિજ્ઞા કરવા માત્રથી બચાવ થતો હોય તો અનંત બચેલા છે. જાણવા માત્રથી બચાવ નથી. ક્રોડ વિચારી લીધા, જ્ઞાન કરોડનું થયું પણ તેથી કરોડો મળતા નથી. જ્ઞાન તો થઈ ગયું છે. દવા, ભોજનનું જ્ઞાન થઇ ગયું. દવાના જ્ઞાન માત્રથી રોગની શુદ્ધિ થતી નથી. એને લાયકની પ્રવૃત્તિ કરે ત્યારે કાર્ય બને. જ્ઞાન માત્રથી સિદ્ધિ નથી. જાણીને અંગીકાર કરો. દાંડો આવી ગયો તેથી બસ નથી. અનંતા જીવો છે. તેમ જાણો, પ્રતિજ્ઞા કરો અને હિંસા ન કરો ત્યારે વિરમણ કહેવાય.

## કર્મ બાંધ્યાં પ્રમાણે ભોગવવાં પડે એવો નિયમ નથી

જાણો, વર્તમાનકાળમાં ન કરો, ભવિષ્યમાં ન કરો પણ ભૂતકાળમાં જે કર્મબંધન થયાં હતાં, તેમાં હિંસાઓ થઇ તે કર્મોનું શું થાય ? 'સો ઉંદર મારીને બિલ્લીબાઇ હજ કરવા ચાલ્યા!' એ કર્મો તો ભોગવવાં પડશે. બાંધ્યાં પ્રમાણે કર્મ ભોગવવાં જ પડે આ નિયમ નથી. જો બાંધ્યા પ્રમાણે-જેવી રીતે બાંધ્યા તેવી જ રીતે કર્મ ભોગવવાં પડતાં હોય તો સમ્યક્ત્વથી એક પણ જીવ મોક્ષે જવો જોઇએ નહિ. સમ્યક્ત્વ પામ્યા પછી સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની અંદર કોઇ જીવ મોક્ષે જવો જોઇએ નહિ. તમારા હિસાબે જેવું બાંધ્યું તેવું ભોગવવું પડે. સમકિત પામે જ નહિ. જે પ્રમાણે બાંધ્યાં તે પ્રમાણે ભોગવાય તો સમકિત પામવાનો વખત ન આવે.

## કર્મો બાંધ્યાં હોય તેમાં ફેરફાર કરે તેથી જ ધર્મની કિંમત

આયુષ્ય સિવાય સાતે કર્મો નિયમિત બંધાવાવાળાં. પહેલાં બધાં ભેળાં કર્યાં હશે તે આત્મામાં, કેવલીના ભવમાં કઇ જાતનાં કર્મો હશે? કેવળ મોક્ષ કાંઇ થાય નહિ. ધર્મને દરિયામાં વહેવડાવી દેવો પડે. જો જે પ્રમાણે બાંધ્યાં તે પ્રમાણે ભોગવવાં પડે તો ધર્મ કરવાનો શું? કર્મ તો જેવાં બાંધ્યાં તેવાં ભોગવવાનાં? કર્મમાં બાંધ્યાં કરતાં કાંઇ પણ ફેરફાર કરે તો ધર્મની કિંમત. જેવી રીતે બાંધે તેવી રીતે ભોગવવાનું રાખે તો સમ્યક્ત્વ, ચારિત્ર, મોક્ષ મળે નહિ. ગાઢ બંધાયાં હોય તે તે રૂપે ભોગવે, ને તોડી પણ નાખે.

## કર્મોના નાશની શક્યતા ખરી

એક માણસે કોઇને કહ્યું: લાકડું એટલું મજબૂત કે ચપ્પુથી કાપું છું છતાં કપાતું નથી. જ્યારે કશાથી કપાતું નથી એવું બીજાએ કહી દીધું. ક્રોડો કલ્પની તાકાત નથી કે એ કર્મોનો ક્ષય કરે. ક્રોડો કલ્પરૂપ કરણોથી નાશ નથી. બાકી નાશ દરેકના છે. નહિ તો ધર્મ, પશ્ચાત્તાપ બધાં નકામાં થઇ જાત. 'કરેલાં કર્મોનો નાશ નથી' આ વાક્ય કહ્યું છે પણ પહેલાં અપવાદની પ્રવૃત્તિ. અપવાદ ન લાગે તો ઉત્સર્ગ લાગે. જેમ દ્વિવચનનો ઈ સંધિ પામતો નથી. કરેલાં કર્મોનો ક્ષય નથી એ ધ્યાનમાં લીધું પણ જોડે કહ્યું છે તે ધ્યાનમાં લીધું નથી. કાં તો વેદે નહિ, કાં તો તપસ્યાએ કરીને ક્ષય કરે નહિ. વેદવાથી ક્ષય ન થતો હોત તો અપવાદ ન મેલત. તપસ્યાથી ક્ષય ન થતો હોત તો અપવાદ મેલત નહિ. કરેલાં કર્મોનો નાશ નથી. જો ભોગવવામાં ન આવે, અગર તપસ્યાએ તોડવામાં ન આવે તો ગયા કાળના બાંધેલાં કર્મો માટે **'तस्स भंतो पडिक्कमामि, निंदामि, गरिहामि अप्पाणं वोसिरामि.'** એમ કહ્યું તે ન કહેત. અહીં વિરમણ શબ્દની અંદર

ભૂતકાળમાં થયેલાં પાપોનું નિંદન, ગર્હણ કર્યું. ત્રણે કાળ, ત્રણ અવસ્થાને લાગુ થયેલો હોવાથી વિરમણ શબ્દ રાખ્યો. જ્ઞાન, પ્રતિજ્ઞા અને ન કરવું એ ત્રણે રૂપ હિંસા ન કરવામાં આવે ત્યારે પહેલું મહાવ્રત કહેવાય.

## મૃષાવાદ-વિરમણની આવશ્યકતા

'હાથીના પગલામાં બધાં પગલાં આવી ગયાં.' બાકીનાં મહાવ્રતો શા માટે જોઇએ? જગતમાં એક જ મહાવ્રત છે એમ કહેવું જોઇએ. સભા૦- દ્રવ્ય-ભાવ-પ્રાણનું સ્વરૂપ જણાવ્યું, વિરમણનું સ્વરૂપ જણાવ્યું છતાં મૃષાવાદ એવી ચીજ છે કે એની ખબર ઘડીએ ઘડીએ રાખવી. **રોહિણીયાને** કહ્યું-મરી ગયાની ખબર આપીશ તો મારી નાખીશ. ધાસ પડયું છે, શ્વાસ ચાલતો નથી. તો રાજા કહે છે શું મરી ગયો છે? આપ કહો છો, હું બોલતો નથી. 'હમણાં બોલ્યા તે હમણાં ફોક' તે માટે મૃષાવાદ-વિરમણની જરૂર. પહેલા મહાવ્રતને અંગે દ્રવ્ય-પ્રાણ, ભાવ-પ્રાણ જાણ્યા. તે ન હણવાની પ્રતિજ્ઞા કરી. જે હમણાં બોલ્યા તે હમણાં ફોક તે ન થાય માટે બીજા મહાવ્રતની જરૂર. તેમાં સત્ય શબ્દ કેમ ન રાખ્યો?

---

# વ્યાખ્યાન ૨૫

## પૂર્વોની બહાર કશું રહેતું નથી

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી**એ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે દ્વાદશાંગીની રચના કરતા થકા પહેલાં પૂર્વોની રચના કરી. પૂર્વોની અંદર એવી કોઇ પણ જગતની વસ્તુ નથી કે જેનું નિરૂપણ ન હોય. એવી સ્થિતિ હોવાથી ચૌદ પૂર્વને જાણનારાની દેશના ને કેવળજ્ઞાન પામેલાની દેશના સરખી ગણાય. પ્રત્યક્ષ કેવળજ્ઞાન થયેલું હોય તે પદાર્થો દેખે અને શ્રુતજ્ઞાનથી પરોક્ષ દેખે તેમાં ફરક નથી. ત્યાંના ફોટાને અહીંથી કાચથી દેખે, ત્યાં બજારને દેખે, તેમાં કોઇ પણ જાતનો ફરક નથી. કેવલીઓએ જે પદાર્થો દેખ્યા તે જ પદાર્થો કહ્યા. કેવળજ્ઞાની કેવળજ્ઞાનથી અભિલાપ્ય જેવા જાણે તેવા શ્રુતકેવળી જાણે. અનભિલાપ્ય–જે પદાર્થ કેહેવાના નહિ, જે પદાર્થ કહી ન શકાય તે અનભિલાપ્ય. તેને વાચક શબ્દો નથી. આટલું બધું પૂર્વમાં છે તેથી જ સમગ્ર પૂર્વને જાણનારા કેવળીની જોડમાં આવી શકે.

## આચારાંગ એ તો શાસનની પ્રવૃત્તિની જડ

ચૌદ પૂર્વો રચ્યાં છતાં પહેલાં ગોઠવવાને લાયક પૂર્વોને ગણ્યાં નહિ. રચના પૂર્વની કરી પણ ગોઠવણ નહિ. ગોઠવણમાં પહેલું **આચારાંગ** ગોઠવ્યું. **આચારાંગ** એ જ આચારનો આધાર, અગ્રિસ્થાન તરીકે. **આચારાંગ**ને વંચાવ્યા સિવાય બીજું સૂત્ર વંચાવે તો પ્રાયશ્ચિત્ત. શાસનની પ્રવૃત્તિની જડ જો કોઇએ પણ રાખેલી હોય તો તે **આચારાંગે.** જૈન શાસનને હિસાબે શુદ્ધ નયો છે. શુદ્ધ એટલે નિશ્ચય નયનું નામ લઇને એવું કહેવાવાળા છે કે આત્માને જાણ્યો

એટલે બસ. ક્રિયા કરી તો શું, નહિ કરી તો શું, ખાધું તો શું, ન ખાધું તો શું? આ કલિકાળના નિશ્ચયવાદીઓ,સત્યયુગના કે શાસ્ત્રના નહિ.

## દેવું પતાવ્યા વિના શાહુકારીની મૂછ ન મરડાય

ચરણઆત્મા–ચારિત્રઆત્મા એનો જો ઘાત થયો તો જ્ઞાન, દર્શનનો ઘાત છે.ચારિત્ર ન હોય તો સમકિત કહીને ચોથું, પાંચમું માની લે, તે કોણ ? વ્યવહાર, નિશ્ચયવાળો નહિ. જ્યારે ચારિત્ર હોય ત્યારે જ્ઞાન, દર્શન નિશ્ચયવાળો માને. 'દેવું પતાવે નહિ અને શાહુકારીની મૂછ મરડે' તેમાં વળે શું ? કોથળી છોડે નહિ, ને મૂછ મરડે તેની કિંમત શી ? કિંમત નથી. તેમ અહીં શ્રદ્ધા કરે ત્યારે સૂક્ષ્મનિગોદની, પણ આરંભ ન છોડે બાદરનો, તેને પછી લબાડ કહેવો કે બીજું ? હજારની રકમ ઓહીઆં કરવી છે, એક બદામ કોઇની રહી જાય તો કોડ ફૂટે એવું બોલનાર મનુષ્યોની માફક સૂક્ષ્મ એકેંદ્રિય નિગોદિયા એ સિદ્ધસ્વરૂપ છે એમ વાતો કરે. અહીં બાદરની પણ દયા ન પાળે એણે એ વિચારવું જોઇએ.

## શરીર અનેં આત્માંને ભિંન્ન ગણનારને અડચણ શાની?

જેટલા નિગોદિયાને મારે તેટલા સિદ્ધને મારે છે, ત્યારે સિદ્ધની હત્યા કરનારો છે ? નિશ્ચય નયની અપેક્ષાએ આત્મા સ્વસ્વરૂપનો કર્તા છે તેથી તેને હણનારો તેની હત્યા કરે છે. નિશ્ચય નયને હિસાબે ચરણરૂપી આત્માનો ઘાત થયો તો જ્ઞાન, દર્શનનો ઘાત થયો છે. બધા આત્મા સિદ્ધ સમાન છે. વ્યવહારવાળાએ એકેન્દ્રિયને માર્યા, તેં તો સિદ્ધને માર્યા. તું એકલા નિશ્ચયવાળો. 'મુનિપણું તે જ સમકિત, સમકિત તે.જ મુનિપણું.' નિશ્ચયવાળાને મુનિપણું અને સમકિત બે એક જ છે. તમારે વ્રત પચ્ચક્ખાણ વિના ચાલવાનું નહિ. ઉપવાસ કરતાં શરીર ઢીલું લાગે છે. નિશ્ચયમાં નથી ઊતર્યા. શરીરને અને આત્માંને જુદા સમજનારને શી અડચણ આવે છે! જડ અને ચેતનને

તો ભિન્ન સમજ્યો છે ને? બળી જાય તો તારે શી પંચાત, તું તો બળવાનો નથી ને?

## મહાદેવ પાર્વતીનું દૃષ્ટાંત (3)

શાહુકારી દેખાડવાવાળા બધા બોલે 'વધારે વ્યાજ ન આપીએ, તારે મૂકવા હોય તો મૂકી જા.' ક્રાઇસીસ (Crisis)નો વખત–નાણાંભીડનો વખત આવે ત્યારે શાહુકારી માલમ પડી આવે. આત્મા અને શરીરને ભિન્ન બધાએ માન્યો છે પણ જ્યાં પ્રસંગ આવ્યો ત્યાં એકે એક ફેસકી ગયા.

**મહાદેવ, પાર્વતી** જતાં હતાં. **ભસ્માસુર** તપસ્યા કરી રહ્યો હતો.

**પાર્વતી**એ કહ્યું–આ તપસ્યા કરે છે, તેને કાંઇ આપો.

**મહાદેવ**–આપવામાં ફાયદો નથી.

**પાર્વતી**–આપના નામે તપ કરે છે, આપો.

**મહાદેવ પાર્વતી** ઊભાં રહ્યાં. ત્યાં **ભસ્માસુર**ને થયું. **મહાદેવ**ને માર્યા વિના પાર્વતી મળે નહિ. એના પ્રભાવે એને મારવો. શી રીતે બને? મને કંકણ આપો. જેના ઉપર એ ધરું તે બળી જાય. જેવું કંકણ આપ્યું તેવું **મહાદેવ** ઉપર લગાડવા લાગ્યો. **મહાદેવ** ભાગ્યા. **બ્રહ્મા** પાસે ગયા. કેમ? **બ્રહ્મા**એ **મહાદેવ**ને અંદર રાખ્યા. **ભસ્માસુર**ને કહ્યું–ઘણા દિવસે આવ્યા. નાટક આવડે તે ભૂલી ગયા હશો. **ભસ્માસુર** પાસે નાટક કરાવે છે. હાથ આમને આમ રાખે છે. હાથ મરડી નાખ્યો, મરી ગયો. આ વાત સાચી જૂઠી છે તે જોવાનું નથી.

## એમાં તો મહાવીર એક જ અચલ

શરીર આત્માને ભિન્ન કહેનારાને પોતાની ઉપર આવે ત્યારે

દોડાદોડ કરવી પડે. **ગોશાલો** શરીર અને આત્માને નોખા સમજતો ન હતો. પોતાના પર આવી ત્યારે ભાગ્યો. પોતાની પાસે અગ્નિ આવ્યો છતાં ન ખસ્યા હોય તો ત્રિશલાનંદન **મહાવીર.** છદ્મસ્થપણામાં અગ્નિ સળગ્યો હતો, ઢીંચણ સુધી બળી ગયા હતા. **ગોશાલો** ખસી ગયો. તેમ શરીર અને આત્મા જુદો છે એમ વાતો કરતાં બધાંને આવડે છે.

એકે એક મતવાળા કહે છે અને આપણા મતવાળા પણ કહે છે, પણ જ્યાં કાઉસીસ આવે ત્યાં તડાતડ ગણવા માંડે ત્યારે દુનિયા બંકો કહે. શરીર અને આત્મા જુદાં છે, એ પોકાર્યાં કામ ન લાગે. શરીરને છેદાવાનો, ભેદાવાનો પ્રસંગ આવે ત્યારે આત્મા સ્થિર ઊભો રહે તો જાણવું કે શરીર અને આત્માને જુદાં સમજ્યો છે.

## નિશ્ચય એ તો ખડાઉતારની હુંડીવાળો

તું ભેદજ્ઞાનમાં ઊંડો ઊતર્યો છે તો હવે તને તપસ્યામાં શું નડે છે? નિશ્ચયવાળાને શું નડે છે? કલિજુગના નિશ્ચયવાળા કે જેને વ્યવહારવાળા કરતાં શરીરને બમણું બાઝવું છે અને બનવું છે નિશ્ચયવાદી. શુદ્ધમાં શુદ્ધ નિશ્ચય નયોએ મોક્ષ કયાં માન્યો? સંયમ એ જ નિર્વાણ. ઋજુસૂત્રની અપેક્ષાએ નિર્ગ્રંથપ્રવચન એ મોક્ષમાર્ગ છે. જ્યારે શાસ્ત્રની અપેક્ષાએ સંયમને ટકાવનારા એ જ મોક્ષમાર્ગને ટકાવનારા. નિશ્ચય એ સંજમ વગરના જ્ઞાનને માનતો નથી. સામાન્ય બજારમાં આદમીને ઊભો રાખવો છે. વાયદો કરનારને ડાઘ તો લાગી જાય. વ્યવહારવાળો એટલે કાંધા કરનાર, કાં મુદતીઓ–આજ નહિ કાલ આવજે. કરવું છે, કર્યા સિવાય છૂટકો નથી. પાંચસો તો લે ઉપાડવાળો નથી. એ શાહુકાર જુદો. કાલે કે બે દહાડે કહે તો પેઢી બંધ. ભલે બંધ ન થાય પણ પાયરી તો ઊતરે જ. અર્ધપુદ્ગલની હુંડીઓ લખવાવાળો (વ્યવહાર સમકિતવાળો) ચારિત્ર લેવું ખરું પણ અર્ધપુદ્ગલપરાવર્તમાં લેવું. આથી વ્યવહારવાળો એ મુદતીઆ હુંડીવાળો છે. નિશ્ચયવાળો ખડા-

ઉતારની હુંડીવાળો. હુંડી દેખાડવા જોડા કાઢ્યા કે નાણું ગણી આપ્યાં. દેખાડવાની સાથે નાણું.

## કલિયુગના નિશ્ચયવાદી તો હુંડી જ ગેપ કરનારા

નિશ્ચય નય કોને કહેવાય ? ખડાઉતારની હુંડીવાળાને, નહિ કે પાટીયું ફેરવવાવાળાને. કલિયુગના નિશ્ચયવાદી તો હુંડી જ ગેબ કરનારા. કલિયુગના નિશ્ચયવાદી, અધ્યાત્મવાદી હુંડી ગેપ કરનારા. જ્ઞાન અને દર્શન એ કારણ નથી. નિશ્ચયની અપેક્ષાએ ચારિત્ર એ મોક્ષનું કારણ છે. વર્તાવ ખુલ્લા રૂપે નિશ્ચયવાળાને જોઇતો હતો. કલિયુગમાં નિશ્ચયવાળા થયા ત્યાં વર્તાવનું નામ નહિ. હુંડી દેખવા માત્રથી બળે તેને શું કહેવો ? નિશ્ચયવાળાને આજકાલ ઉપાશ્રયમાં બે ધર્મી બેઠા હોય ત્યાં સૂઝે છે કે **મેરુ** પર્વત જેટલા ઓધામુહપત્તિ કર્યાં. તેને પૂછીએ કે તારી જોડે તારી બાયડી બેઠી છે, એ તારી મા કેટલી વખત થઈ છે ? અનંતી વખત મા થઈ છે એ ભાવના ભાવી છે ? મા વધારે વખત થઇ કે ચારિત્ર વધારે વખત આવ્યું ? ધર્મક્રિયાને મારવો છે ધક્કો ત્યાં બોલાય અનંતી વખત. અહીં બાયડીને રાખવી છે પડખે પણ અનંતી વખત મા થઇ છે, એમ થાય તો ચટ વૈરાગ્ય થાય તેથી ન કહે. છોકરો જેને અંગે વહાલ કરે છે તે અનંતી વખત બાપ થયો છે, તેની ભાવના ભાવને!

## કોઈ પણ પ્રકારે કરવું ન હોય એથી આ દાનત

અનંતી વખત ઓધા ચરવળાની વાતો બોલનારાઓ લગીર મા કે છોકરા જોડે એ બોલ્યા ? દાનત એક જ છે–કોઇ પણ પ્રકારે આ કરવું નથી, તેને ધક્કો મારવો છે. બાયડી છોકરાંને સાચવવાં છે, તેથી તેને ધક્કો મારવો નથી. માને કહોને કે બાયડી અનંતી વખત થઈ છે તો સાંબેલું ઠોકશે. ધર્મ જ ભૂંડો લાગે છે. અહીં બોલ્યા એટલે ચાલ્યું. માને, બાપને કહી જોને કે અનંતી વખત બાયડી છોકરો થયો છે. શું એકલા ચારિત્રનું જ લખ્યું છે.? બૈરીછોકરાં થવાનું લખ્યું નથી ? અનંતી

વખત ઓઘામુહપત્તિ લીધાં એ વચનો કોહેલાં -કાળજાવાળાનાં છે, ધર્મને ધક્કો મારનારાનાં છે, નહિ તો માને કહી જુઓને કે તું અનંતી વખત બૈરી થઇ છે! અનંતી વખત જીવે ચારિત્ર પાળ્યું, દેશવિરતિ પાળી, ચરવળા, કટાસણાં લીધાં. જોડે બીજા ત્રાજવામાં મૂકો કે રિદ્ધિ સિદ્ધિ. બૈરીછોકરા કેટલી વખત લીધાં ? અનંતી વખત. બે ત્રાજવામાં બે આવ્યાં.

## 'એ તો કૂતરાની પૂંછડી ભોંયમાં ઘાલે તો વાંકીને વાંકી' એના જેવું થાય

અનંતી વખત ઓઘા, મુહપત્તિ વગેરે આવ્યા, તેનું ફળ શાસ્ત્રકારે શું કહ્યું છે ? નવમા ગ્રૈવેયક સુધી ગયો. ચરવળા, કટાસણાં-વાળો બારમા દેવલોક સુધી ગયો. અનંતી વખત બૈરીછોકરાં મળ્યાં તેમાં ખાસડા ખાવાનું, રખડવાનું. કૂતરાની પૂંછડી ભોંયમાં ઘાલે ને કાઢે ત્યારે હોય તેવી ને તેવી રહે. અનંતી વખત ખાસડાં ખાધાં છતાં સાન ઠેકાણે નથી આવતી ! અનંતી વખત ચરવળા, મુહપત્તિ લીધાં તેમાં ફળ મળ્યું છતાં તેને ફેરવતો નથી તો પછી કૂતરાની પૂંછડી જેવો તારા સિવાય બીજો કોણ ? અનંતી વખત નવ ગ્રૈવેયક મળ્યા છતાં આત્માનું શું વળ્યું ? આત્માનું વળાવવાવાળો કોને વળગે ? બૈરીછોક-રાંને કે ચારિત્રને ? આત્મામાં વળ્યું છે, સ્વલિંગ-સિદ્ધ છે. દ્રવ્ય-ચારિત્રથી મોક્ષે ગયા. આમાં તો આત્માનું વળવાનું છે. બૈરીછોકરાંમાં રાચ્યોમાચ્યો અને વળી ગયું એવું કોઈએ દેખ્યું છે ?

## અધ્યાત્મવાદી કોને કહેવાય ?

અધ્યાત્મવાદી, અભેદવાદી, નિશ્ચયવાદીનો આત્મા એવો કદાચ થયેલો હોય કે કહે તેવું આચરે તે શાસ્ત્રનો અધ્યાત્મવાદી. વ્યવહારવાળો બોલી શકે છે કે મારું શરીર નથી ચાલતું, ગળું સૂકાય છે. એને શરીરને અંગે જોવું પડે છે. નિશ્ચયવાળાને શરીરમાં

મમતા કેમ થાય છે? ધર્મક્રિયા તારું બગાડે છે? માથે અંગારા મૂકે તો મારે શું! તે અધ્યાત્મવાદી.

## અગણોસિત્તેર કોડાકોડ તોડવાં એ તો મહાદુર્લભ

અભવ્યને જે દ્રવ્ય થકી કરણી, અનુષ્ઠાન મળે છે તે અગણોસિત્તેર કોડાકોડ સાગરોપમ ખપાવ્યા વિના મળતી નથી. એ ચીજને અંગે એં! એટલે શું? હજુ સુધી શ્રદ્ધા થઇ નથી. અગણોસિત્તેર કોડાકોડ તૂટે ત્યારે થાય તેથી મહાદુર્લભ છે. દ્રવ્ય થકી ક્રિયા મેળવે ક્યારે? અગણોસિત્તેર કોડાકોડ ખપાવે ત્યારે. ઝવેરીના હાથમાં હીરો આવ્યો હોય તે કાચના કારખાનામાં ઘણા કટકા પડ્યા છે એવું ઉદાહરણ આપી શકે. ઓઘા, મુહપત્તિ વગેરે પણ ક્ષાયોપશમિક ભાવ થયા વિના દ્રવ્યથી આવવાનાં નથી. જ્યારે તમારે તો ઔદયિક ભાવમાં ડૂબવું છે અને બૈરીછોકરાં જોઇએ છે.

## સંજમ વિના નિર્વાણ અશક્ય

હવે મૂળવાત પર આવો. તત્ત્વ એ હતું કે આચાર દ્રવ્ય થકી પણ મહાભાગ્ય દશા હોય તો જ મળે છે. (ભાવ થકી હોય તો જરૂરી.) આજકાલ શુદ્ધનય, નિશ્ચયનય, અધ્યાત્મવાદ એટલે ખાવું પીવું મોજ કરવી. શાસ્ત્રકારની અપેક્ષાએ એમાં સંજમ હતો. સંજમ એ જ નિર્વાણ. શુદ્ધનયવાળો ચારિત્ર વિનાના જ્ઞાન, દર્શનને ન માને. એ તો કેવળ ચારિત્રને જ માને છે. અવિરતિ, આરંભપરિગ્રહમાં રક્તને સાધુ ન કહે.

## આથી સૌથી પ્રથમ આચારાંગની જરૂર

સંયમને અંગે મોક્ષ માને છે, આથી **આચારાંગ** પહેલું સ્થાપવું પડ્યું. **આચારાંગ** સાધુઓને વ્યવસ્થિત બનાવે. નવમું બ્રહ્મચર્ય અધ્યયન ભણાવ્યા વિના બીજું ભણાવે તો પ્રાયશ્ચિત્ત. પછી **સૂયગડાંગ**માં વિચારની વ્યવસ્થા. પછી ક્રમે **ઠાણાંગ**માં પંચ મહાવ્રતો.

## અણુસણુ વખતની સાધુની સ્થિતિ

અહીં વાદી બોલે છે–અવિરતિને, આરંભપરિગ્રહીને દયા પાળો એમ કહો અને સાધુને સંલેખના પાળીને અણુસણુ કર એમ કહો. બાર વર્ષનો કાળ સંલેખનાનો–ચાર વર્ષ ઉત્કૃષ્ટ, ચાર વર્ષ મધ્યમ, ચાર વર્ષ સુધી સામાન્ય. બાર વર્ષ સુધી તપસ્યા. અણુસણુ કરતી વખતે સાધુની સ્થિતિ કેવી હોય! હાડકાં, નસો ગણી લેવાય, ચાલતાં ગ્લાનિ, બોલતાં ગ્લાનિ. બાર વર્ષે સંલેખના થાય. શિષ્ય કહે–મહારાજ અણુસણુ કરું. આચાર્ય કહે–સંલેખના કર. બાર વર્ષ પછી આવ્યો. તે સંલેખના થઇ ગઇ! પેલો પરિણુતિવાળો થયો હોય તો કહે. સાહેબ બાર વર્ષ થયા કરું છું. બીજો પરિણુતિ વગરનો આમાં શું દેખો છો કે સંલેખના કરાવો છો? સંલેખના કરી કે ન કરી તે તો આપોઆપ દેખાઇ જાય છે. આંગળીમાં લોહીનો છાંટો નહિ. પહેલું સત્ત્વ આંગળીમાંથી ઊડે છે. વધારે માંદો હોય તો નખ જુએ છે. કાળા નખ પડે તો ખલાસ. તે આંગળીઓ સુકાઇ ગઇ હોય આટલે સુધી સંલેખના કરી. અવિરતિ, આરંભપરિગ્રહીને દયા પળાવી, એકેંદ્રિયની કિલામણા, સંઘટ્ટો વર્જાવ્યો. સાધુને જોડે રહીને મરણુની પથારીમાં સુવાડી દીધા.

## ભાવ–પ્રાણુ એ જ ધ્યેય

તમારું પ્રાણુાતિપાત–વિરમણુ શી રીતનું? દ્રવ્ય–પ્રાણુના ભોગે પણુ ભાવ–પ્રાણુનું રક્ષણુ કરાવો છો. બીજો બચાવ નથી. તપસ્યા કરે તે તમારા વચને કરે. તપસ્યા કરો કહ્યું. આડકતરી રીતે દુઃખને નોતરું દેવાનું કહ્યું. અણુસણુ એટલે મોતને નોતરું દેવાનું કહ્યું, તે શાના દયાળુ! મહાત્મા સિવાયના જીવો પ્રાણુાતિપાતથી વિરમ્યા પણુ મહાત્મા પ્રાણુાતિપાતથી વિરમ્યા નથી. સમા૦–એકલા દ્રવ્ય–પ્રાણુને અંગે જ પ્રાણુાતિપાત વિરમણુ શબ્દ વાપરેલો નથી. દ્રવ્ય–પ્રાણુ, ભાવ–પ્રાણુને

લક્ષમાં રાખીને પ્રાણાતિપાત-વિરમણ શબ્દ રાખેલો છે. ભાવ-પ્રાણ ધ્યેય છે. દ્રવ્ય–પ્રાણનો બચાવ તે ભાવ–પ્રાણના ધ્યેયથી.

## ભાવ-પ્રાણને અંગે દ્રવ્ય-પ્રાણનો ભોગ ઉપેક્ષારૂપ થાય

દ્રવ્ય–પ્રાણનો બચાવ એ શી ચીજ છે? ભાવ–પ્રાણનો બચાવ એ શી ચીજ છે? એક શેઠીઆના કોઇની પાસે પાંચ હજાર લેણા છે. બીજા કોઇ પાસે પાંચ હજાર લેણા છે. એકની મુદ્દત બાકી. બીજાને અગવડ દેખી, પાંચ દહાડા પછી દેજે કહ્યું. પહેલાને કહ્યું-પાંચ હજાર માંડી વાળું છું. બીજા પાંચ હજાર ધીરું છું. એના કાળજે નિરાંત કે પેલાને નિરાંત? દ્રવ્ય–દયા જે એકેંદ્રિયની કે ચાહે પચેંદ્રિયની તે મહેતલ–મુદ્દત બીજું કાંઇ નહિ. એને દુઃખ પામવાનું તે એના કર્મને લીધે. તે જડ ખસેડી શકો તેમ નથી. હમણાં દુઃખી થતો બચાવ્યો, મરીંજતાને બચાવ્યો, એટલે હમણાં મરી જતો બચાવ્યો. દ્રવ્ય-પ્રાણની જે દયા તે દયા–મુદ્દત. પાંચ હજાર દેવાને અંગે મુદ્દત. બીજું કાંઇ નહિ. એટલી મુદ્દત બચ્યો, પણ સરવાળે પાંચ હજાર આપવાના. માંડી વાળીને ઊલટા પાંચ હજાર આપ્યા. ભાવ–પ્રાણના બચાવમાં એવી સ્થિતિ છે. વર્તમાન કાળે કર્મબંધ ઓછું, ભવિષ્યમાં મોક્ષની નજીક. તીર્થંકર છ કાયની દયા પ્રરૂપનારા, એમણે સંયમધારીને નદીમાં ઊતરવાનું, સંયમધારી પડી જતા હોય તો વેલડી પકડવાનું, ભાવ–પ્રાણનું ધ્યેય રાખીને ફરમાવ્યું. સંયમધારી એક જીવ એને બદલે પાણીમાં અસંખ્યાતા જીવો મરવાના. દ્રવ્ય–પ્રાણના હિસાબે લેવા જાય તો ભગવાન્ નદી ઊતરવાની, બાળ–ગ્લાન માટે લાવવાનું, વેલડી પકડવાનું વગેરે આજ્ઞા આપી શકે નહિ. ક્ષીણની શાંતિ કરવા માટે અશુદ્ધ પાણી કરે તો અલ્પ પાપ ને બહુ નિર્જરા. જીવમાં દ્રવ્ય–જીવ, ભાવ–જીવ વિભાગ થાત નહિ. ભાવ–પ્રાણની કિંમત વધારે ગણાઈ, ત્યારે સંજમરૂપી ભાવ–પ્રાણનો બચાવ કરવાની અપેક્ષાએ નદી ઊતરવાની રજા અપાઇ. ભાવ–પ્રાણને

અંગે દ્રવ્ય–પ્રાણુનો ભોગ ઉપેક્ષારૂપ થાય. જિનેશ્વરની પૂજા, પ્રભાવનાને લીધે થયેલું દ્રવ્ય-પ્રાણુનું પાપ, ભાવ-પ્રાણુના વિચારની સાથે ચાલ્યું જાય.

## ભાવ–પ્રાણુ પહેલાં બચાવવાની જરૂર

'પ્રાણુ' શબ્દ ન વાપર્યો હોત તો દ્રવ્ય-પ્રાણુના ભોગે ભાવ-પ્રાણુની રક્ષા કરવી એ થાત નહિ. ભાવ–પ્રાણુ પહેલાં બચાવો. પાંચ હજાર માંડી વાળ્યા, પાંચ હજાર આપ્યા. ભૂત કાળના તોડી નાખ્યા. ભવિષ્યમાં મોક્ષની નજીક. ભાવ–પ્રાણુનો અતિપાત કોઇ પણ પ્રકારે થવો જોઇએ નહિ. દ્રવ્ય–પ્રાણુના અતિપાતની છે તો બંધી. ભાવ–પ્રાણુ વખતે ભાવ-પ્રાણુને પકડજો. ભર ચોમાસામાં ચારિત્રને માટે વિહાર કરે, ભણવાને અંગે નહિ. જે જ્ઞાન ધારણ કરવાવાળા એક જ આચાર્ય છે. ચોમાસું પહેલાં અણુસણ કરવાના છે તેવા જ્ઞાનને માટે ચોમાસું ઊતારીને લઇ લેવું. દર્શનપ્રભાવચક્ર સંલેખના કરી હોય. આસો ઊતર્યે અણુસણ કરવાનાં હોય તો ચોમાસામાં જવાય. દ્રવ્ય–પ્રાણુનો નાશ, પાર વગરનો નાશ છતાં તે લખી દીધું. જનારો આજ્ઞાને ઓળંગતો નથી. ચોમાસામાં વિહાર એટલે પૂછવું શું? જ્યાં વર્તમાન કાળમાં ભૂત કાળનાં કર્મો તોડે, ત્યાં ભાવ–પ્રાણુનો બચાવ થયો, આથી ત્યાં દ્રવ્ય–પ્રાણુનો બચાવ ઓછો થયો હોય તો વાંધો આવે નહિ.

## દ્રવ્ય–પ્રાણો એ ભાવ–પ્રાણોનું કામ આપે નહિ

અહીં 'પ્રાણુ' શબ્દ રાખ્યો. સિદ્ધને ભાવ–પ્રાણુ ચાર, દ્રવ્ય–પ્રાણુ એકે નહિ. શરીર જબરજસ્ત હોય તે પાપમાં પ્રવર્તેલાને ભાવ–પ્રાણુનું રક્ષણ કરવાની દાનતે વર્તેલો એમ કહી શકે કે આમાંથી દ્રવ્ય–પ્રાણુ કાઢી લે. પણ દ્રવ્ય–પ્રાણો ભાવ–પ્રાણો કાઢી આપે નહિ. **જંબૂસ્વામી**નો જોગ મળ્યો તો મોક્ષમાર્ગના ચોકીદાર થાય, નહિ તો જાત લૂંટારુની છે **પ્રભવસ્વામી**ની.

## દ્રવ્ય-પ્રાણનો અતિપાત તો જરૂર વર્જવાનો પણ ભાવ-પ્રાણ વખતે તે પાછળ પડે

હવે મૂળવાત પર આવો. દ્રવ્ય-પ્રાણનો અતિપાત જરૂર વર્જવાનો. ભાવ-પ્રાણની વાત આવે ત્યાં દ્રવ્ય-પ્રાણની વાત પાછળ પડે. વૈર વિવાહ માંડે તો મહિના સુધી દુકાને તાળું મારે. શું વેપારી નથી ? પેલું કાર્ય હોય તો પેલાને ગૌણ કરી દે. સહેજે કામ હોય તો મારાથી ન થાય. દુકાન પહેલે નંબરે પણ દુનિયાદારીનું કામ આવ્યું ત્યારે દુકાન બીજે નંબરે.

## વાડ વગર અનાજ કેવી રીતે બચે ?

ભાવ-પ્રાણના બચાવ, વૃદ્ધિ, ઉત્પત્તિ માટે જે દ્રવ્ય-પ્રાણનો અતિપાત થાય તે વખતે મહાવ્રત લેનારો દૂષિત નથી, 'પ્રાણ' શબ્દ રાખે ત્યાં. 'જીવ' શબ્દ રાખે તો આખો ડબો ડૂલ. દ્રવ્ય-જીવ, ભાવ-જીવ થાય નહિ માટે સર્વથા પ્રાણાતિપાતથી વિરમવાનું રાખ્યું. ભાવ-પ્રાણને સમજે, માને, ભાવ-પ્રાણનું નિરૂપણ કરે ત્યારે પહેલું વ્રત ટકી શકે. પ્રાણાતિપાત-વિરમણનું વ્રત સારું. દ્રવ્ય-ભાવ-પ્રાણો જાણી, માની, દ્રવ્ય-ભાવ-પ્રાણરૂપે પ્રરૂપણા કરો ત્યારે, સર્વથા મૃષાવાદથી વિરમ્યો હોય ત્યારે, યથાસ્થિત દ્રવ્ય-ભાવ-પ્રાણની પ્રરૂપણા થઇ શકે. જે દ્રવ્ય-ભાવ-પ્રાણને સમજતો ન હોય તેને કાંઇ કામનું નહિ. મૃષાવાદ-વિરમણ કરે તે અહિંસાનું પાપ ન કરે. બીજું મહાવ્રત ન હોય તો પહેલું મહાવ્રત બચે નહિ. બીજા મહાવ્રતરૂપી સજ્જડ વાડ હોય તો પહેલું મહાવ્રતરૂપી અનાજ બચી શકે.

## ૫. લોકને આરાધવાવાળી ભાષા તે સત્ય

મૃષાવાદ-વિરમણ શા માટે? સત્ય રાખી દો. સમા૦-સત્યવાદ એ અશક્ય. સત્ય બોલવું અશક્ય છે. હું અહીં બેઠો હોઉં. જેટલું જાણું તેટલું

મારે બોલવું જોઇએ. જેટલો સમય બોલું તેટલો વખત વ્રત, ન બોલું તેટલો વખત ખંડન ? સાચું બોલવું તેની પ્રતિજ્ઞા છેને ? સાચું છૂપાવવું નહિ. સત્ય બોલવાની વાત રાખાવામાં આવે તો જિંદગીમાં એક બદામ જેટલું પળાય, બાકી રૂપિયા જેટલો વ્રતનો ભાગ તોડાય. કેવળજ્ઞાની માટે ટાંકણી જેટલો પળાય, દરિયા જેટલું તોડાય. કેવળજ્ઞાની બોલે અમુક. જાણે લોકાલોક. સાચું જ બોલવું જોઇએ એ વ્રત થઇ શકે નહિ. બોલવું તો સાચું બોલવું એટલો નિયમ કરવામાં આવે તો વાંધો મોટો આવે. દરિદ્ર મનુષ્ય છે. બાપે નામ રાખ્યું છે **ધનરાજજી.** તમે **ધનરાજજી** બોલી શકો નહિ. આંધળી બાઇને **સૂરજ** ન કહી શકો. **મૂળભાષા** ચાર–સત્ય, અસત્ય, વ્યવહાર, મિશ્ર. કહેવું પડે કે વ્યવહાર ભાષા ઉપર આખું જગત્ દુર્ગતિગામી જીવ ક્યાંસુધી રખડશે ? **લાલચંદભાઇએ મણિભાઇને** કહ્યું આવજો, એટલે વચન જૂઠું પડયું ને ? જે સત્યનું સ્વરૂપ સમજતા નથી તે આત્માને કૂટે તેમાં વળે શું ? પરલોકને આરાધવાવાળી ભાષા તે સત્ય. લોઢું કાળું, એને પરલોકને સંબંધ છે ? સત્યનું સ્વરૂપ ખ્યાલમાં આવ્યું નથી. સત્યામૃષા, અસત્યામૃષા કોને કહેવી ? આ વિચાર કરવાની જરૂર છે, પણ તે સમજાય ક્યારે ?

卐

# વ્યાખ્યાન ૨૬

**पंचमहव्वया पन्नत्ता, तंजहा–सव्वाओ पाणाइवायाओ०।**

## રચના પ્રથમ છતાં સ્થાપના પ્રથમ નહિ

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામી** મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગ વહેવડાવવા માટે દ્વાદશાંગીની રચના કરતા થકા પ્રથમ પૂર્વોની રચના કર્યા છતાં જે પૂર્વોની અંદર ત્રણ લોકની સર્વ વસ્તુઓનું, સર્વ કાળ સંબંધી નિરૂપણ કરવામાં આવેલું છે, એવા પૂર્વોની રચના કર્યા છતાં સ્થાપના કરતી વખતે તે તો પૂર્વોને પહેલાં સ્થાપન નહિ કરતાં **આચારાંગ**ને પ્રથમ સ્થાપવામાં આવ્યું

## જૈન શાસનનું મૂળ આત્મશુદ્ધિ

આત્મશુદ્ધિ જૈન શાસનનું મૂળ છે. બાહ્ય આચાર હોય ત્યાં અભ્યંતર શુદ્ધિ હોય જ એમ જૈન શાસન કબૂલ કરતું નથી. દેવની પરીક્ષાને અંગે હથિયાર, માળા, સ્ત્રી ન હોય તો જ તેને દેવ તરીકે માનવા. શંકા–અભ્યંતર શુદ્ધિ હોય, ને સ્ત્રી હોય તો શું ગયું? સ્ત્રીના હાથે હાથ મેલાવનાર કેવળજ્ઞાન પામે, તો પાસે રહેલી સ્ત્રી શું નડી? સમા૦–એકાંતિક મહાવ્રત ચોથું છે. બાકીના મહાવ્રતો અનેકાંતિક છે. જિનેશ્વર મહારાજે કોઇ પણ ચીજ કરવી જ જોઇએ એવા તરીકે નિયમિત કરી નથી. કરવાને અંગે નિયમ ન રાખ્યો, પણ 'અંદર બેસસો નહિ' તો આપોઆપ બહાર જવાનું આવી ગયું. 'વ્યવહાર બંધ' એ ગુનો નહિ, 'ન્યાત બહાર' ગુનો. તેમ અમુક કરતું જ જોઇએ એ ફરજ રાખી તેથી અમુક ન જ કરવું એ ફરજ આપોઆપ આવી જાય. સર્વથા નિષેધ કશાનો કરેલો નથી, ફાલતુ મનુષ્ય ગમે તેમ બોલી દે. ફાલતુ મનુષ્યોનું આ બોલેલું નથી.

## સાચું વચન પણ તેને ખોટી રીતે જોડતાં તીર્થંકર નામકર્મ બાંધ્યું હોય તો તે પણ ચાલ્યું જાય

શબ્દો સાચા, શાસ્ત્રના પણ ગોઠવનારો એવી જગો પર ગોઠવે કે બંનેનું અહિત થાય. જેમ ચૂડામણિ માથે ધરાય પણ મોજડી તરીકે ધરાય તો ? ચૂડામણિની વ્યવસ્થા બગડી ગઇ. પણ ચૂડામણિ-પણું ગયું નથી. જિનેશ્વરનું વચન હોય છતાં તેને અયોગ્ય સ્થાને જોડે. વચન સાચું છતાં જોડનારો ડૂબી જાય. વચન ખોટી રીતે જોડયું તેથી બાંધેલું તીર્થંકર નામકર્મ ચાલ્યું ગયું. નિકાચિત ન જાય. "દરેક મતવાળા જાણે છે" એ શબ્દ એમણે કહ્યો, જેનો સ્યાદ્વાદી છે એ શબ્દ વાપર્યો એમાં તીર્થંકર ગોત્ર ચાલ્યું જાય એનો અર્થ શો ? જે સ્થાનને માટે તે શબ્દ કરેલો, તે સ્થાને ન વાપરતાં બીજે ઠેકાણે વાપર્યો.

## કમલપ્રભ આચાર્યનું દૃષ્ટાંત (4)

**કમલપ્રભ** આચાર્ય બહારથી આવતા હતા. વંદના કરતાં કોઇ જતનીએ પગ પકડી લીધો, પોતે જાણતા ન હતા. જતની ખસી ગઈ. મુનિ ગામમાં આવ્યા. કોઇ વખત વ્યાખ્યાનમાં પ્રરૂપણા ચાલી. કલ્પના ખાતર લો કે તીર્થંકર હોય તે સ્ત્રીનો હાથ પકડે નહિ, તીર્થંકર હોય, અને સ્ત્રીનો હાથ પકડે તો તે તીર્થંકર નહિ. આ પ્રરૂપણા ચાલી નિરૂપણ કર્યું. નિરપવાદ હોય તો આ વસ્તુ છે. લોકોએ પ્રશ્ન કર્યો. મહારાજ આપને તે દિવસે સંઘટ્ટો થયો તેનું કેમ ? સીધું કહેવાનું હતું કે મારા ખ્યાલમાં ન હતું, તે જગા પર કહ્યું —'સ્યાદ્વાદ' છે. આ પોતાના પ્રમાદના બચાવને માટે જોડયું. જે વસ્તુના બચાવ માટે સ્યાદ્વાદ હતો તેને પોતાના પ્રમાદને માટે જોડયો. આથી તીર્થંકર નામગોત્ર બાંધેલું તેનાં દલિયાં વીખરાઇ ગયાં. ચોર્યાસી ચોવીસી રખડયા. કારણ કે સ્યાદ્વાદને અસ્થાને ગોઠવ્યો.

## પેઢીને અંગે મુખત્યારી, પોતાને અંગે નહિ

મુનીમ પેઢી પર કુલ મુખત્યારી લઈને બેઠેલો હોય ત્યારે પેઢીને માટે લાખો રૂપિયાની આપલે કરી શકે. પોતાના ઘરને માટે બે આનાનું શાક ન લઈ શકે. જે દિવસે બે આનાનું શાક શેઠના નામે માંડે તે દિવસે મુનીમ ગુનેગાર. પોતાને અંગે નહિ, પેઢીને અંગે મુખત્યાર. જૈન શાસનની પેઢીમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ચારિત્ર માટે બધું લેવાય પણ સંસારના કામમાં એનો ઉપયોગ થાય તો **કમલપ્રભ** આચાર્યના જેવી સ્થિતિ થાય.

## કમલપ્રભ આચાર્યે તીર્થંકર નામકર્મ કેવી રીતે બાંધ્યું ?

ચૈત્યવાસીઓ છે. બધામાં એકકે ત્યાગી નહિ. કેટલાક કહે છે કે કરીએ છીએ તે વ્યાજબી છે. કેટલાક કહે છે કે કરીએ છીએ પણ વ્યાજબી નથી. વ્યાજબી કહેવાવાળાનો મુદ્દો-પ્રમાદી છીએ, તથાપ્રકારનું ચારિત્ર પાળી શકતા નથી. બીજાનો મુદ્દો–સાધુપણાની લાઈનમાં યોગ્ય નથી. પોલીસનો પટો હાથમાં લીધો, ભલે પાંચ રૂપિયાની નોકરી, ભલે બારણા આગળ ઊભો રહીને પહેરો ભરનાર હોય પણ તેનાથી ચોરી ન થાય. આપણે સર્વવિરતિનો પટો હાથમાં રાખીએ તે વખતે છ કાયના આરંભનું કામ ન થાય. આ બે મત પડયા. નિર્ણય કેમ થાય ? શાસ્ત્રને સમજી શકતો હોય, બે પક્ષને સમજી શકતો હોય તે નિર્ણય આપી શકે. કલેકટરને તે તે જિલ્લાની ભાષા સમજવી પડે, નહિ તો તે લોકોનાં હિત અહિતને સમજી શકે નહિ. **કમલપ્રભ આચાર્ય** છે તેમને બોલાવ્યા. તે વખતે જતની અડી ગઈ છે. તેમને કહ્યું–આવી રીતે સાધુઓથી સાધુપણું ન પળે, સાધુપણું પાળવાને માટે તૈયાર થવું જોઇએ, પણ આ રસ્તે તો જવાય નહિ. જે નિર્ણય આપ્યો તે બધાંએ કબૂલ કર્યો. ચોમાસાની નજીકનો વખત આવ્યો. બધાંઓએ ચોમાસાની વિનંતિ કરી. બધાંને માટે મંદિરો છે, તેમ

તમારા માટે પણ એક મંદિર બંધાવી દઇશું. આચાર્યની સ્થિતિ શી થઇ? બધા શ્રાવકો, ચૈત્યવાસીઓ રાજી થયા છે. રાજી થયા વિના વિનંતિ કરે નહિ. ચૈત્ય બંધાવી આપવાનું કહે નહિ. વાદનો નિર્ણય કરવા **કમલપ્રભ** આચાર્યને લાવેલા છે, નહિ તો ત્યાગીનું સ્થાન નથી. **કમલપ્રભ** આચાર્યે કહ્યું જો કે છે તો જિનમંદિર છતાં સાવદ્ય-પાપવાળું, આ બોલવામાં લોકોની છાયા કેટલી બધી તોડવી પડી? બોલી દીધું. પોતાના પ્રસંગે બોલી દીધું. પ્રસંગે નિરૂપણના પ્રસંગમાં બોલી દીધું. મંદિરનું કહ્યું, એટલે છૂટકો ન હતો. સત્ય હતું તે કહી દીધું તેથી તીર્થંકર નામગોત્ર બાંધ્યું. **ઢુંઢીઆને અર્થ** સૂઝે નહિ તેને શું કહેવું? ચૈત્યોનો નમસ્કાર વિધિ કહ્યો છે. **કમલપ્રભ** આચાર્યનું તીર્થંકરપણું ઉપાર્જન થયું તે આ વચનથી, કે આ કહે છે તે જ કે?

## આચારાંગમાં તો સાધુના આચાર

સૂત્ર ઉપર પ્રામાણિકતા છે કે નહિ? સૂત્ર ઉપર પ્રામાણિકતા હોય તો સૂત્રકારે પોતે વંદન કર્યું છે, અહીં વાક્યને સમજી શકે તો બસ છે. **जइवि-तहवि** શા માટે? ધ્યાન રાખજો, બેટાની જગો પર બેટી બોલો તો નખોદ જાય. અહીં **जइवि-तहवि** ઢુંઢીઆઓને ઉડાવવાં છે. **કમલપ્રભ** આચાર્યે ચોકખું જણાવ્યું. જૈનમંદિર તરીકે આરાધવા લાયક, કરવું ચોકખું છે પણ સાધુને રહેવા માટે કરાય તે પાપવાળું છે, **जइवि-तहवि** દેખવાં નથી. 'જો કે-તો પણ' જોકે જૈનમંદિર છે તો પણ સાવદ્ય છે. જો કે છોકરો છે તો પણ ચાર ઠોકી દઉં એમ ચોરીને અંગે કહ્યું. અહીં સમાઇ સાબિત કરી. શ્રાવકોએ પાણી ગળ્યું. ચૂલા પૂંજ્યાનો સૂત્રમાં લેખ નથી. પૂર્વોમાંથી ઉદ્ધરેલા પ્રકરણોમાં શ્રાવકના કર્તવ્ય હોય. સાધુના પ્રસંગમાં શ્રાવકનો પ્રસંગ આવી જાય, નહિ તો સૂત્રમાં શ્રાવકના કર્તવ્ય

ક્યાંથી? **આચારાંગ**માં સાધુના આચારમાં શ્રદ્ધાવાળા શ્રાવકોએ દહેરાં બનાવ્યાં એમ લખ્યું છે. શ્રદ્ધાવાળા શ્રાવકો તેણે આવાં કર્યાં હોય.

## મોક્ષ સાધવા માટે એની એ વસ્તુઓ કરાય અને ન કરાય

હવે મૂળ વાત પર આવો. એક શબ્દ જિનેશ્વરનો કહેલો હોય તેને અયોગ્ય સ્થાનમાં જોડવામાં આવે તો તીર્થંકર નામ કર્મ બાંધેલું જતું રહે. ત્રિલોકનાથે જે મોક્ષની પ્રાપ્તિને માટે લખ્યું તે લઇને પ્રમાદની પ્રવૃત્તિમાં જોડી દીધું. મોક્ષસાધનાના દસ્તાવેજ ઉપર જિનેશ્વરની સહી તેને ઉપાડીને પ્રમાદપણામાં મૂકી દીધી. સર્વથા કરવું જ જોઇએ કે સર્વથા નહિ જ કરવું જોઇએ એવું નહિ કહેલું હોય. તીર્થંકરોએ કોઇ વાત એવી કહી નથી કે જે કરવી જ જોઇએ, કે કોઇ પણ વસ્તુ ન જ કરવી જોઇએ. મોક્ષ સાધવા માટે એની એ વસ્તુઓ કરાય, એની એ વસ્તુઓ ન કરાય.

## બાહ્ય અભ્યંતર જુદાં રહી શકે કે નહિ ?

બીજા બધામાં બાહ્ય, અભ્યંતર જુદાં રહી શકે છે. હિંસા જૂઠ, ચોરી, પરિગ્રહમાં જુદાં રહી શકે છે પણ મૈથુનની પ્રવૃત્તિ રાગદ્વેષ વિના બનતી નથી, તેથી તેમાં બાહ્ય અભ્યંતર જુદાં રહી શકે નહિ, માટે એકાંત. શંકા—આવું એકાંત છતાં **ગુણસાગર, પૃથ્વીચંદ્ર**ને કેવળજ્ઞાન. બાયડીનો હાથ પકડયો છતાં કેવળજ્ઞાન થાય તે માનવાવાળા તમે, સ્ત્રી સાથે હોય તો કુદેવ થાય તે શી રીતે માનો છો ? હથિયાર, સ્ત્રી, માળા હોય તો કુદેવ. સ્ત્રીને અંગે તો એકાંત, હથિયાર, માળાને અંગે એકાંત નથી, છતાં હથિયાર રાખે તો દેવ નહિ. કુદેવનાં લક્ષણ આ કેમ રાખ્યાં છે?

## જૈન શાસન અભ્યંતર શુદ્ધિને ચાહવાવાળું છે

અન્યલિંગે સિદ્ધ માનવા તૈયાર છો? અન્યલિંગમાં, ગૃહિલિંગમાં શું ન હોય? સિદ્ધ થવામાં વાંધો નથી. ઘરમાં બૈરી રાખી છે ત્યાં મોક્ષ થવામાં વાંધો નથી. હથિયાર નથી નડ્યાં, બૈરી નથી નડી. એક જ મુદ્દાએ જૈન શાસન બાહ્ય આચાર ઉપર પૂરેપૂરું ધોરણ રાખે છે. બાહ્ય આચાર શુદ્ધ હોય તો અંદર શુદ્ધ જ હોય તેમ કબૂલ નથી. અંદરથી મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, અભવ્ય એવાએ સાધુપણાની ક્રિયા કરી તેથી નવ ગ્રૈવેયક સુધીની સત્તા આપી. આટલું બાહ્યનું પ્રબળ-પણું. જૈન શાસન અભ્યંતર શુદ્ધિને ચાહવાવાળું છે, અભ્યંતર શુદ્ધિને માટે શાસ્ત્રો બનાવનાર અભ્યંતર કરતાં બાહ્યને સજ્જડ રીતિએ પકડ ગણશે. હથિયાર, માળા, સ્ત્રી કુદેવના લક્ષણ માન્યાં. અભવ્ય અંદરનો ખાલી છે. જાહેર કર્યું છે કે અભવ્ય આવો હોય પણ બાહ્ય આચા-રને લીધે નવ ગ્રૈવેયક. હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહમાં અંદરનું સુધારવાની જરૂર. બાહ્ય સુધરવું જોઈએ. ચોથામાં અંદરનું ન સુધરે, કાણું મેશ હોય, તો પણ બહારનું ચોકખું હોય તો સદ્ગતિ પામે. હિંસાની દાનત હોય, દયા પાળતો હોય તો કાંઈ વળે નહિ. હિંસા-નુબંધી રૌદ્રધ્યાન ગણ્યું પણ મૈથુન-અનુબંધી રૌદ્રધ્યાન ન ગણ્યું. ત્યારે દેવલોકની ગતિ મેળવવાનું સાધન, મનમાં કાળા પરિણામ છતાં બાહ્યથી બ્રહ્મચર્ય પાળે તો દેવલોકનું સાધન. **ઉવવાઈસૂત્ર**માં જણાવ્યું કે બાળવિધવા સાસુસસરાની શરમની ખાતર વગર ઇચ્છાએ બ્રહ્મચર્ય પાળે તે એંસી હજાર વર્ષની દેવતાની સ્થિતિ બાંધે. મનથી બાંધે છે પણ કાયાથી પળાય તેનો આ હિસાબ ગણ્યો છે. મન, કાયાથી શીલ પાળે તેના કરતાં કાયાથી શીલ પાળે તે એક અપેક્ષાએ ઉત્તમ. મન વળે તે તો બ્રહ્મચર્ય પાળે, મન નથી વળ્યું તે કાયા વાળે છે. બાહ્ય કારણો— શીલનાં કારણો તેના ઉપર કેટલું જોર રહ્યું હશે. કુલલજ્જા, આબરૂ

ઉપર કેટલું હોવું જોઇએ કે ખરાબ વિચાર થયા છે છતાં શીલની બાબતમાં ખરાબ ન દેખાય.

## બાહ્ય આચાર એ સ્વ-પરનો ઉદ્ધારક

બ્રહ્મચર્યને અંગે બીજા પાપસ્થાનકોમાં મનને ન કેળવો, કાયાને કેળવો ત્યાં રૌદ્રધ્યાનમાં ચાલ્યા જવાશે. મૈથુનવિરમણમાં કાયાને પહેલી કેળવો. જૈન શાસન' અભ્યંતરની શુદ્ધિ સારી રીતે કરવા, વધારવા માગે છે, ફળ જણાવે છે છતાં બાહ્ય આચારની કિંમત ઘટાડી પાલવતી નથી. બાહ્ય આચાર એ જ માર્ગ છે. બાહ્ય એ સ્વ-પરનો ઉદ્ધારક, અભ્યંતર આચાર આત્માનો ઉદ્ધારક. અન્યલિંગે, ગૃહિલિંગે સિદ્ધ માન્યા પણ સ્ત્રી, હથિયાર, માળાવાળાને દેવ ન માન્યા. બાહ્ય આચાર એ જ કસોટી, એ જ વ્યવહાર, એ જ શાસન, એ જ શાસનને ચલાવનાર છે. તેથી પહેલી સ્થાપના **આચારાંગ**ની. આચારની જરૂર હોવાથી સાધુના આચારો નિયમિત કરી નાખ્યા છતાં ગામમાં આવેલો ભેદુ ન થાય તે ખરેખર ધ્યાનમાં રાખવાની જરૂર. જગતમાં ભેદુ જન્મે ત્યારથી હોતા નથી. જાસુસ લાંચ ખાઇને પછીથી બને છે. આચારમાં પ્રવર્તવાવાળો મિથ્યાત્વનો જાસુસ ન બની જાય તેને માટે **સૂયગડાંગ**-વિચારની વ્યવસ્થા. સ્વ પર સમયની સ્થિતિ સમજાવવા માટે **સૂયગડાંગ. સૂયગડાંગજી**એ વિચારની વ્યવસ્થા કરી પછી વર્ગીકરણ માટે **ઠાણાંગજી.** તે **ઠાણાંગજી**ના વર્ગીકરણમાં પંચ મહાવ્રત.

## મૃષાવાદ-વિરમણ પ્રાણના અતિપાત ઉપર ગયો નથી

શંકા-બીજું મહાવ્રત લેવાની જરૂર શી? દ્રવ્ય-પ્રાણ, ભાવ-પ્રાણ બંનેના અતિપાતથી બચવાનું છે, તો જૂઠમાં ભાવ-પ્રાણનો તો નાશ થવાનો છે. જેનો નાશ થવાનો તેને સંભાળવા માટે, મૃષાવાદ

વિરતિ પહેલા વ્રતમાં આવી ગયું પહેલા મહાવ્રતનો વિષય દ્રવ્ય-ભાવ-પ્રાણની વિરતિવાળો છે. દ્રવ્યથકી પ્રાણાતિપાતનો વિષય છ જીવનિકાય. સીધા પ્રાણોના અપહાર તેનું વર્જન. મૃષાવાદ-વિરમણ પ્રાણના અતિપાત ઉપર ગયો નથી. પ્રાણના અતિપાતને માટે જૂઠું બોલાતું નથી. જૂઠું બોલે તો પ્રાણનો અતિપાત થાય એમ નથી. ચાહે જેટલો બકવાદ કરે છે પણ શાસનમાં ઢૂંઢને અસર થતી નથી. પોતાના પ્રાણ જાણી જોઇને હણે એમ નથી. ક્ષણે ક્ષણે મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે બંધાય તે વખતે ભાવ-પ્રાણ હણાય છે.

## આત્મા એ અરૂપી દ્રવ્ય

આત્માને કર્મ કેમ ચોંટે? એ બિચારાં શું સમજે? કષાયવાળા આત્મા બાંધી લે છે. આત્મા દ્રવ્ય છે, અરૂપી દ્રવ્ય છે. દ્રવ્ય દ્રવ્ય જોડાય તો નવાઇ શી? આંગળીમાંથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ કાઢી નાખો. જે રહેશે તે અરૂપી ચીજ. કોઇ દિવસ પુદ્ગલમાંથી રૂપ, રસ વગેરે નીકળવાનાં નથી. દ્રવ્ય ન કાઢો. ગુણ કાઢી લો કલ્પનાથી. જે રહે તે અરૂપી. ઘટ અને આકાશનો સંબંધ શી રીતે? રૂપી અને અરૂપીનો સંબંધ થયો. સમજવા તરીકે-ખોરાકમાંથી ચરબી લેવી નથી છતાં થાય છે, અને જઠર વગર સમજે ભાગ પાડી દે છે. કર્મવાળો આત્મા કર્મોને ખેંચે છે. જ્ઞાનાવરણીયનો ઉદય હોય ત્યાં સુધી ભાગ પડે, પહેલાં ઉદય ન હોય તો નવાં કર્મો બંધાય નહિ.

## દ્રવ્ય-પ્રાણો એ કર્મરાજાએ આત્મા પર મૂકેલા રીસીવરો છે

દ્રવ્ય, ભાવ બંને પ્રકારના પ્રાણનો નાશ નહિ કરવો તેની પ્રતિજ્ઞા પહેલા વ્રતમાં લીધેલી છે તો બીજા વ્રતની જરૂર શી? મૃષાવાદ એ સીધી ભાવ-પ્રાણ નાશની ક્રિયા નથી. તેમજ જે અતિપાત તે દ્રવ્ય કે

ભાવ-પ્રાણનો કોનો ગણવો? '**अतिपातनं अतिपातः**' નાશ કરવાની ક્રિયા. પગ મેલવો એ ક્રિયા. સચિત્ત ઉપર પગ મેલ્યો, સીધી નાશની ક્રિયા, અતિપાતની ક્રિયા, સીધો પ્રાણનો અતિપાત કરનારી છે તેવી રીતે ભાષા વર્ગણાના પુદ્ગલો અતિપાતને ઊભાં કરનારાં નથી. એ તો માત્ર વાચ્યને જણાવે છે. વાચ્યના વિપર્યાસે પહેલાં તો વિપર્યાસ થાય. પ્રાણાતિપાત પામું છું એમ કહે મૃષાવાદ થઈ જાય. ભાવ-પ્રાણ જીવના સ્વભાવરૂપ, જીવ અને તેના પ્રાણ બે જ રાખવામાં આવે, દ્રવ્ય-પ્રાણ, ભાવ-પ્રાણ વિભાગ ન રાખે તો, સિદ્ધ મહારાજને જડ માનવા પડે. ટેલિફોન(Telephone)ની ઓફિસ(Office)માં છીએ, રીસીવર(Receiver) નથી. આપણે આત્મા ઉપર કર્મનું રીસીવર ખાતુ બેસાડયું, અગર બેસી ગયું છે. જેમ રીસીવર નીમાઇ ગયા પછી પાંચનું ખર્ચ રીસીવરના હાથથી પાસ થાય તો થઈ શકે. આત્મા અનંત જ્ઞાનનો માલિક. લોકાલોકને જાણવાની તાકાતવાળો આત્મા છતાં આ રીસીવર મદદ ન કરે તો એક સ્પર્શ પણ જણાય નહિ. કહો કે દ્રવ્ય-પ્રાણો એ કર્મરાજાએ આત્મા ઉપર મેલેલા રીસીવરો છે. રીસીવર વિના કાંઇ ન થાય. ટેલિફોનની ઓફિસમાં રીસીવરથી ત્રણ કલાક વાત કરી શકો પણ રીસીવર મૂકી દો તો વાત થઇ શકે નહિ. રીસીવર દ્વારાએ સ્પર્શ વગેરેનું જ્ઞાન લઈ શકો. સિદ્ધ મહારાજા આ ઓફિસમાં જોડાએલા નથી. તેમને દ્રવ્ય-પ્રાણે જીવપણું માન્યું ને? ભાવ-પ્રાણની વાત જ ઉડાવી દો તો સિદ્ધપણામાં શું કરો? દ્રવ્ય-પ્રાણને એકલા પ્રાણ તરીકે માનો તો સિદ્ધપણામાં એકકે નથી. ભાવ-પ્રાણ ન માનો તો છાના નાસ્તિક છો. ઉઘાડા નાસ્તિક નથી.

## ભાવ-પ્રાણની વ્યાખ્યા

જીવ માન્યો તો પેલા ભવથી આ ભવ આવ્યો તેમાં રસ્તામાં જીવપણું હતું કે નહિ? જીવપણું ભાવ-પ્રાણને લીધે. સિદ્ધ પરમાત્માને

અંગે ભાવ-પ્રાણ માનવાની જરૂર છે. એક ભવથી બીજે ભવ જવામાં જીવપણું છે, ભાવ-પ્રાણ છે. દ્રવ્ય-પ્રાણનો નાશ થયા પછી શાસ્ત્ર સાંભળ્યાં પછી બહેરો થયો છતાં શાસ્ત્રનું જ્ઞાન રહે છે. દ્રવ્ય-પ્રાણ તો ગયો? ભાવ-પ્રાણ છે. આત્માના સ્વરૂપમાં માનવું પડે કે જે દ્રવ્ય-પ્રાણોનો નાશ થયા છતાં ટકે છે, એવી ચીજ તેનું જ નામ ભાવપ્રાણ.

## ભાવ-પ્રાણ માનવામાં ન આવે તો છાના નાસ્તિક થવાનો વખત આવે

ઇંદ્રિયો દ્વારાએ થયેલું જ્ઞાન લો તો ચક્ષુ ઇંદ્રિયને રૂપનું જ્ઞાન થયું. તેને જીભ કેમ કહી શકે કે મેં જોયું. સર્પ દેખ્યો. આંખને ભાગવું હોય તો ભાગે. શરીર કેમ ભાગ્યું? જીવમાં સ્વાભાવિક જ્ઞાન ન માન્યું. ઇંદ્રિયે કહેલું જ્ઞાન માન્યું. જડ જ્ઞાન કરે એમ માનો તો છાના નાસ્તિક. માટે ભાવ-પ્રાણ માનવામાં ન આવે તો છાના નાસ્તિક થવાનો વખત આવે. જીવનો જ્ઞાનરૂપી ગુણ માનવો પડે.

## વીર્ય ફોરવવું જોઇએ

સામાન્ય વગર વિશેષ હોય નહિ. લાલ ઘટ ક્યારે? પહેલાં ઘટ હોય ત્યારે. મનુષ્ય જેવી ચીજ ન હોય તો **યજ્ઞદત્ત** જેવી ચીજ શી? ભાવ-પ્રાણોમાં જ્ઞાન, દર્શન, એ એક દુકાનની ગાદી. ઝાડના ડાળાને દેખે છે પણ મૂળ કેટલાં ઊંડા ગયા છે તેની તો ખબર નથી. દુનિયામાં જ્ઞાન, દર્શન બોલાય છે તેને વળગ્યો, ખરું મૂળ તો ધ્યાન બહાર છે. વર્તન, પરિણતિ ધ્યાન બહાર છે, આત્મ-પરિણતિ તો તને ખ્યાલમાં નથી. પોતાના સ્વરૂપમાં રમણ કરે તે ચારિત્ર. દૂધ-પાકનો કઢાઇઓ આખો ભર્યો છે, કડછીથી હાથમાં લીધો. મોઢું ખુલતું નથી. જ્ઞાન, દર્શન, શુદ્ધ પરિણતિવાળો થયા છતાં એનામાં તાકાત ન હોય તો ભણ્યા-પહેલે નંબરે પાસ થયા, તાવ આવ્યો એક કડી યાદ કરવાની તાકાત નથી. જેમ મંદવાડમાં હોય તાકાત ન હોય

આમાં તાકાત ન હોય ભલે જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય તેથી શું વળે! વીર્ય ફોરવવું જોઈએ. વીર્ય એ ભાવપ્રાણ છે. આવા આત્માને વીર્યમય માનવાની જરૂર છે. આત્મા જ્ઞાન, દર્શન ચારિત્રરૂપી અને વીર્યરૂપી ભાવપ્રાણવાળો છે.

## ભાવપ્રાણ તો શેઠ, દ્રવ્યપ્રાણ એ નોકર

ભાવપ્રાણરૂપ સ્વરૂપવાળો આત્મા છે છતાં આ દશા કેમ ? દૂધપાક છે, સાકર મસાલો નાખ્યો છે પણ ભાઈના હાથ હાલતા નથી. હાથ હલાવે તો દૂધપાક થાય. તેવી રીતે અનાદિ કાળથી સ્વપરિણતિમાંથી ખસ્યા છે. પરપરિણતિનો ઉપયોગ કરે છે. દૂધપાક ચોંટી ગયો છે. બીજું દૂધ લાવો તો દૂધપાક થાય. અહીં બધા કર્મોને તોડીને આત્મસ્વરૂપને પ્રગટ કરે તેમ માનનારો જ જીવને માનનારો હોય. ભાવપ્રાણ પહેલે નંબરે માનવાની જરૂર છે. દ્રવ્ય–પ્રાણ એ તો નોકર છે, શેઠ ભાવપ્રાણ છે. ચેતનાલક્ષણ જીવ છે છતાં આનાથી–દ્રવ્યપ્રાણોથી જ્ઞાન થાય છે, આત્માના ખુદ જે દર્શન, જ્ઞાન, ચારિત્ર ને વીર્યરૂપ ગુણોનો વિચાર નહિ પણ માત્ર આના સંબંધવાળા શરીરનો વિચાર. દ્રવ્ય–પ્રાણ તરફ ચોવીસે કલાક આપણી દૃષ્ટિ ચોંટી રહે છે પણ જે ખુદ એને પ્રવર્તાવનાર, એની કિંમત કરાવનાર, એને બતાવનારની કિંમત નથી. જો ભાવપ્રાણ જેવી ચીજ ન માનીએ તો આસ્તિકતા ઊભી વળી જરૂર

## આથી જ બીજા મહાવ્રતની જરૂર

આસ્તિકતાથી આગળ વધવાનું ક્યાં ? ભાવ–પ્રાણ માનીએ તો જ પ્રાણાતિપાત શબ્દ રાખ્યો સાર્થક થાય. અને આથી દ્રવ્ય, ભાવપ્રાણ રાખવા પડ્યા. બહુમતિ સરખાની હોય પણ પાઈ રૂપિયાની બહુમતિ ન હોય. જ્ઞાનપ્રાણ એ ચૌદ રાજલોકમાં અજવાળું કરનાર પણ દ્રવ્ય દશ પ્રાણ તેમાં શું કરવાના ? ભાવપ્રાણોની કિંમત ભાવપ્રાણોને સમજો ત્યારે આવે. દ્રવ્ય–પ્રાણોમાંથી એકેકનો નાશ ન થાય તેની

પ્રતિજ્ઞા કરવામાં આવી. પ્રતિજ્ઞા તે પહેલું મહાવ્રત. આમ છતાં બીજા મહાવ્રતની જરૂર છે. ભાવપ્રાણના અતિપાતમાંથી નીકળી જાય તેને માટે મૃષાવાદ–વિરમરણની જરૂર છે. શંકા–સત્ય મહાવ્રત રાખવું હતું ને? સમજુ મનુષ્ય પ્રતિજ્ઞા જૂઠું નહિ બોલવાની કરે. સાચું બોલવું એની પ્રતિજ્ઞા ન હોય. સાચું બોલવું એ વ્રત હોય તો તીર્થંકરો જેટલું ન બોલે તેટલું પાપ લાગે. સાચું બોલવું જ એ વ્રત ન રહ્યું. જેટલું બોલવું તેટલું સાચું જ બોલવું તે પાલવે. સાચું જ બોલવું ન પાલવે. વ્યવહાર ભાષા છે. તેને શું કહેશો ? નિર્ધન છે. બાપે ધનરાજજી નામ રાખ્યું તો, તો શું કહીને બોલાવવો ? દરિદ્ર-શેખર અહીં આવ એમ બોલવું ? ભવિષ્ય જાણ્યા સિવાય સાચું જ ન બોલાય. એક માણસને બોલાવ્યો, આવ્યો નહિ, તેથી વચન ખોટું ને ? આવવાનો છે એમ જાણો પછી જ બોલી શકો. સાચું જ બોલવું રાખ્યું હોય તો તેમાં એકૂકે ધંગધડો ન રહે. કોઇને કહેવાય નહિ કે અરે તું હિંસા કરે છે, રખડી મરીશ. પેલાની ભાવના ચઢી. કેવળજ્ઞાન પામ્યો. તમારું કહેવું સાચું કે ખોટું ? ભવિષ્ય જાણતા ન હતા. ભવિષ્ય બોલ્યા તેથી ખોટું. સાચું જ બોલવું ન રહ્યું. આટલા માટે શાસ્ત્રકારોએ સત્ય વ્રત ન રાખતાં મૃષાવાદ–વિરમણ વ્રત રાખ્યું. આથી મૃષાભાષાના પ્રકારો તો પહેલાં સમજવાં જોઇએ. ચારે ભાષાનાં સ્વરૂપ જાણવાં જોઇએ. જ્યારે તે સમજાશે, ત્યારે મૃષાવાદ–વિરમરણનું સ્વરૂપ સમજાશે.

# વ્યાખ્યાન ૨૭

## રચના કરતાં સ્થાપનાનો ક્રમ ઊલટો

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે, દ્વાદશાંગીની રચના કરતા થકા પ્રથમ ચૌદ પૂર્વોની રચના કરી, તેને લીધે તે પૂર્વો કહેવાયાં. જે પૂર્વોની અંદર કોઈ પણ એવી ચીજ નથી કે જે એમાં ન હોય. કેવલી, શ્રુતકેવલી સરખા હોય. આ પ્રભાવ એ પૂર્વેનો છે. એ ચૌદ પૂર્વો રચ્યાં છતાં સ્થાપનાનો ક્રમ કયો ?

## એમ તો પાપનું સ્થાન બને

શંકા—સ્થાપનામાં પહેલાં પૂર્વો જોઈએ, પછી દૃષ્ટિવાદ, પછી બીજાં અંગો જોઈએ પણ પહેલું આચારાંગ કેમ ? સમાધાન–તે થાપના તરીકે છે નહિ કે રચના તરીકે કહ્યો. દશ જાતના નિબંધ તૈયાર કર્યા હોય, જેમ સગવડતા થતી ગઈ તેમ છપાવતા ગયા. કરનારાઓ વાંચનારાઓ ઉપર ફરજ પાડી શકે નહિ. જેમ ધોરણનો અનુક્રમ. પહેલા ધોરણમાં પાસ થયા વિના બીજામાં દાખલ કરાય નહિ. તેમ બાર અંગની રચના નિબંધરૂપમાં–રચનારૂપમાં ન રહી પણ ક્રમરૂપમાં ફેરવાઇ. કોઇ પહેલી અઢાર હજારી શરૂ કરે તેને લઘુવૃત્તિ, સમાસચક્ર ન કર્યા તેથી ગુનેગારી નથી, પણ અહીં તો શિક્ષાપાત્ર બનાવી દીધા ને આજ ક્રમે કરવું એમ ફરજિયાત કરી દેવામાં આવ્યું. પહેલાં રૂપાવલી, ધાતુ, સમાસચક્ર પછી ૭ હજારી ક્રમ કર્યાં છતાં ફેરફાર થઈ શકે છે. પણ અહીં ખીલી ઠોકી દીધી.

**આચારાંગના નવ બ્રહ્મચર્ય અધ્યયન** ભણાવ્યા વિના બીજું ભણાવવું નહિ. તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન તે પાપનું સ્થાન. મહાવ્રતોમાં લાગતાં દૂષણોને અંગે લાગતાં પાપો સમજીએ છીએ પણ આ પાપ લૌકિક છે. જેઓ લોકોત્તર દૃષ્ટિમાં નથી આવ્યા તે હિંસા થાય ત્યાં જ પાપ માનવા તૈયાર થાય.

## વચનની આરાધના એ જ ધર્મ

ખરી લોકોત્તર દૃષ્ટિ ક્યાં ? હિંસાના કાર્યથી પાપ માનવું. ભલે તીર્થંકરને માનીને ચાલતા હોય પણ લોકોત્તર દૃષ્ટિની વાર છે. લોકોત્તર દૃષ્ટિ ક્યાં ? વચનની આરાધના એ જ ધર્મ અને વચનની જે જે અંશે વિરાધના તે તે અધર્મ એમ થાય તો જ લોકોત્તર સ્થિતિએ ઉત્તમ ધર્મ પ્રાપ્ત થયો ગણાય. ભલે હિંસાને ખરાબ માનીએ. પાપ માનીએ, શુદ્ધિને માટે તપ કરીએ, પણ જ્યાં સુધી અતીન્દ્રિય જ્ઞાની પુરુષોના વચન ઉપર આપણે ધોરણ રાખનાર ન થઈએ, ત્યાં સુધી લોકોત્તર કે તત્ત્વ દૃષ્ટિ આવેલી કહેવાય નહિ. મહાવ્રત પાળે, સાચવે, મહાવ્રતના દૂષણો ટાળે, તે ટાળવા પ્રાયશ્ચિત્ત કરે, તપસ્યા કરે, પણ જ્યાં સુધી વચન ઉપર ચોટ ગઈ નથી ત્યાં સુધી ધર્મનું બારણું ખુલ્લું થયું નથી. આવાં મહાવ્રતો છે કે જેમાં દુનિયા ચૂં કરી શકે તેમ નથી. ભગવાને કહ્યાં તેથી ભગવાનને માનીએ છીએ અને ભગવાને કહેલાં તેથી સાચાં માનીએ છીએ. આ મહાવ્રત તરીકે મહાવ્રત નહિ પણ જિનના વચન ઉપર. જિનેશ્વરોએ કહેલાં છે તેથી પાંચ મહાવ્રત માનીએ છીએ.

## સર્વજ્ઞપણાની પ્રતીતિનું કારણ સંશયછેદ

મને દોરનારો જે માર્ગે લઈ જાય છે તે સારો માર્ગ. દોરનારાને ભરોસે જવું હોય તો પગે રેતી લાગે. અગર રેતી, કાંકરા વગરનો રસ્તો છે તે જોવાનું નહિ. ત્રણ જ્ઞાન રાખ્યા છે. સ્વયંજ્ઞાન, અનંતરજ્ઞાન, પરંપરજ્ઞાન. શ્રુતજ્ઞાનના પ્રકાર ત્રણ. ત્રણ સિવાય બીજા

પ્રકારો નથી. આંખે આંધળો, ઘેને ચઢેલો દોઢડાહ્યો થાય, લાકડીએ દોરનારા ઉપર હુકમ ચલાવે, દેખતાને દોરવા જાય તેની વલે શી થાય? આપણે પરંપરાગમને આધારે ચાલવાવાળા. શ્રદ્ધાનુસારીને તો એમના વચન હોવાથી એ માન્ય છે. **પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ,** પણ તર્કાનુસારી **ગૌતમસ્વામીજી** પહેલવહેલા આવ્યા. **મહાવીરે** વચન દ્વારા તેમના સંશયને છેદ્યો તેથી માનવા લાગ્યા. દેખ્યા ત્યાં સુધી કાંઇ નહિ, બોલાવ્યા ત્યારે કાંઇ નહિ. મારું નામ કોણ ન જાણે? પછી મારા સંશયને છેદે તો સર્વજ્ઞ જાણું. સર્વજ્ઞપણાની પ્રતીતિનું કારણ સંશયછેદ અને તેથી **મહાવીરને** બોલવું પડ્યું– **અરે ગૌતમ!** તને જીવનો સંશય કેમ રહે છે? તું આ પદોનો આવી રીતે અર્થ કરે છે પણ આ રીતે કર કે જેથી સંશય ન રહે. તર્કાનુસારીને કોઇ પણ જગો પર પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ આવવાનો નહિ. તે તો વચનવિશ્વાસથી પુરુષવિશ્વાસ પર જવાનો.

**ગૌતમ** કહે છે–હું એક પિંડિક છું તેની જગો પર મને અનેક પિંડિક કહે છે? પણ તમે અનેક પિંડિક છો. પ્રત્યેકબુદ્ધ થયા. માલૂમ પડ્યું, મારા નિમિત્તે અનેક જગો પર રસોઈ તૈયાર થાય છે. જો કે લઉં છું એકને ત્યાંથી. જ્યાં સુધી શ્રદ્ધા નથી ત્યાં સુધી વચનની પરીક્ષા કરશે. પછી પુરુષવિશ્વાસ કરશે. જેનું આગમ, વર્તન, જેની મુદ્રા શુદ્ધ દેખીએ તેને માનીએ છીએ. શ્રદ્ધાને અંગે પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ. તુલનાત્મક દૃષ્ટિએ વચનવિશ્વાસે પુરુષવિશ્વાસ છે. આવી મુદ્રા, આવો આગમ છે તેથી માનીએ છીએ શાસ્ત્રના શુદ્ધપણાના બળથી તારી પ્રતીતિ. આ શાસનમાં બાધિતપણું હોત તો પ્રતીતિ થાત નહિ. તુલનાત્મક દૃષ્ટિ લેવી હોય ત્યાં વીતરાગની વીતરાગ તરીકે પ્રતિષ્ઠા થઇ શકે નહિ. ત્યાં તો જો આવું કોઈ કહેનારો હોય તો લાવ. આવી કર્મની થિયરી, આવી મોક્ષ પામવાની સ્થિતિ, કોઇ પણ જગો પર હોય તો લાવ. આવી સ્થિતિ નથી કોઇએ કહી, આવી સ્થિતિને

શંકણું લાગી શકે તેમ નથી. વચનથી પુરુષ પર જવું પડ્યું. તુલનાત્મક દૃષ્ટિએ વિચાર ચાલતો હોય તો વચનને આધારે પુરુષ. હરિભદ્રસૂરિ કહે છે "पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु" આ શ્લોકનો ખરાબ દુરુપયોગ થયો છે. મારો છોકરો હો કે નહિ હો તો પણ જે સાચું હશે તે માનીશ. છોકરાપણાની શંકાને અંગે આ કહ્યું છે? એ છોકરાને ઓળખતા નથી? ભગવાન હરિભદ્રસૂરિને પક્ષપાત ન હતો એમ કેટલાક કહે છે પણ હરિભદ્રસૂરિને પક્ષપાત હતો. પ્રાપ્તિ હોય ત્યાં નિષેધ કરવો પડે. મારું છોકરાપણું હો કે ન હો, પણ છોકરાપણાની અપેક્ષાએ નથી કહેતો, હું તો સત્યતાની ખાતર કહું છું. કહો છોકરાપણું પૂરેપૂરું હતું. એમને બોલવું પડ્યું ક્યારે? છોકરા તરીકે કહેતો નથી, સત્ય વસ્તુ તરીકે કહું છું. છોકરા તરીકે નહિ શબ્દાર્થ તરીકે એટલો જ અર્થ થાય પણ એ એનો જ છોકરો છે. વીર મહારાજમાં સોળ આની-વીસ આની હરિભદ્રસૂરિને પક્ષપાત હતો. તે જગત્ આખું જાણતું હતું. હરિભદ્રસૂરિને પક્ષપાત ન હોત તો પેલાને શંકા ન થાત. અહીં પક્ષપાતની દૃષ્ટિથી અંગીકાર કરું છું એમ નહિ, યુક્તિવાળું વચન તપાસો. તુલનાત્મક દૃષ્ટિથી ગ્રહણ કરું છું.

## તુલનાત્મક અને પક્ષપાતની દૃષ્ટિ

આપણા તરીકે માન તો છે જ પણ ધર્મીપણાની સ્થિતિ માટે અદ્વિતીય માન ઉપજે છે. પક્ષપાત એટલે એનો હું, મારા એ. પૂરો પક્ષપાત છે પણ તુલનાત્મક દૃષ્ટિથી, પક્ષપાતની દૃષ્ટિથી કહેતો નથી. જજ પોતે જજમેન્ટ લખતાં લખે છે-જો કે મારી મા છે, માની ખાતર નહિ પણ ખરેખર એ શિરપાવને લાયક છે, એનું કામ અદ્વિતીય છે માટે શિરપાવ અપાવું છું. મારી મા ન હોય તેથી શું થઈ ગયું? એટલે મા મારી છે એ ચોક્કસ થયું. પક્ષપાત છે એમ નહિ સમજો એટલે પેલઓ પક્ષપાત સમજે તેવી સ્થિતિમાં છે.

'**पक्षपातो न मे सांख्ये**' એમ કહોને ? એમ કેમ ન કહ્યું ? કહ્યો ત્યારે જણાવ્યું કે ઘર મારું છે, એ મારા, હું એમનો છું પણ આ વાત કહું છું તે મારાપણે નથી કહેતો. **મહાવીર મહારાજને અંગે ઊંઘમાં લવારો કરનારા હતા. બીજાને અંગે સ્વપ્નામાં ધક્કો મારીને કહેનારા હતા.** હું જે અંગીકાર કરું છું એ પક્ષપાત છે તે દૃષ્ટિથી નહિ. **સાંખ્યાદિકમાં** દ્વેષ છે તે અંગે નહિ. **સાંખ્યાદિકની** છાયા ન લઉં. વાંદરાની પેઠે છાયા પર ઘા કરું પણ અત્યારે તપાસ કરવા બેઠા છીએ. મારી મા છે એની આગળ કોઈ આંગળી કરે તો હાથ કાપી નાખું પણ ન્યાય તપાસીએ. વીરના પક્ષપાતને કોરાણે મેલ્યો. "**युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः**" ॥ જેનું યુક્તિવાળું વચન નીકળે તેને માનવો. વિધિનો પ્રત્યય મેલ્યો, કરવું જ જોઈએ. **મહાવીરનું** વચન યુક્તિવાળું છે તેને કબૂલ કરતો નથી તેથી તમે અન્યાયી છો.

"**पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥**"
**(लोकतत्त्वनिर्णयः)**

ન્યાયની દૃષ્ટિ જગતની સ્થિતિ જણાવે છે તેથી **कुर्वे** જણાવતા નથી પણ **कार्यः** કહે છે. હું તો મા તરીકે જ માનું છું પણ તું જો અક્કલવાળો હોય તો તારે પવિત્રતા તરીકે માન્યા સિવાય છૂટકો જ નથી. તુલનાત્મક દૃષ્ટિથી કેમ બોલાય છે? તુલનાત્મક દૃષ્ટિથી જે બોલાય તે વ્યવહાર દૃષ્ટિથી, ભક્તિ દૃષ્ટિથી દેખાતું નથી. **લોકતત્ત્વનિર્ણય** ગ્રંથમાં આ લખ્યું છે. તુલનાત્મક દૃષ્ટિના ગ્રંથોમાં ક્યાં જોડ્યું? અભ્યુપગમ સિદ્ધાંત વાદીને દુર્બલ બનાવવા માટે છે. વાદીનો વકીલ સમજવાને માટે કહે કે સાચી માની લો. સામાની વસ્તુ ઊડી ગઈ. પ્રતિવાદીને ઊભા થવાનો વખત નથી રહેતો. એક વાર એમ કહી દીધું હોત કે **મહાવીર** જેવો કોઈ ઉન્મત્ત નથી, તો

ઉન્મત્ત છે તેના વચનો આવાં છે, તો એનાથી સારાં વચનો તો કાઢ? તુલનાત્મક દૃષ્ટિમાં ચાહે તે બોલી શકો છો. તુલનાત્મક દૃષ્ટિનાં જે વાક્યો હતાં તે ભક્તિ દૃષ્ટિમાં મેલી દીધાં.

## ખુદ જિનેશ્વરનાં વચનો પણ ઝાંપા સુધીનાં

હરિભદ્રસૂરિને **મહાવીરનો** પક્ષપાત ન હતો એ કહેવાવાળા કેવા હતા? જ્યાં તુલનાત્મક દૃષ્ટિ ત્યાં પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ સમજુથી બોલાય નહિ. તેમ તર્કાનુસારીને માટે પુરુષવિશ્વાસે વચન-વિશ્વાસ બોલાય નહિ. શ્રદ્ધાનુસારી માટે તો ભગવાને કહ્યું તે કબૂલ. વૈષ્ણવ, શૈવને યુક્તિથી રદીઓ અપાય, વાત સાબિત કરીને પછી કહેવાય કે અમારા શાસ્ત્રોમાં આમ લખ્યું છે પ્રથમ પદાર્થની સાબિતી, પછી વચનની સાબિતી અને પછી વક્તાની સાબિતી. અન્યદર્શની માટે, તર્કાનુસારી માટે વચન દ્વારાએ પુરુષમાં જવાનું. તર્કાનુસારીને સમ્યક્ત્વમાં મીંડું છે. તુલનાત્મક દૃષ્ટિવાળાને મીંડું નથી. એનું કાળજું ઠેકાણે છે. **વચનની આરાધના એ જ ધર્મ**. વચનની વિરુદ્ધ જે કાંઈ હોય તે અધર્મ. 'શેઠની શિખામણ ઝાંપા સુધી'. શેઠજીનાં વચન ઝાંપા સુધી. શેઠજીની અક્કલ, ધ્યેય ઝાંપા સુધી નહિ? માબાપે શિખામણ આપી હતી–'એક વખત હા કહેવી, એક વખત ના કહેવી'. આવ્યા તો હા. કુશળ છે? તો કહે ના. અહીં વચન એ પણ ઝાંપા સુધીનાં છે. ખુદ. જિનેશ્વરનાં વચનો ઝાંપા સુધીનાં. મોક્ષદ્વાર સુધીનાં નહિ. સમકિત સુધી નહિ.

## માત્ર શાસ્ત્ર નહિ પણ શાસ્ત્રથી તાકાત આવવી જોઈએ

મિથ્યાદૃષ્ટિ અભવ્ય જીવ કંઇક ન્યૂન દશ પૂર્વ ભણે, મોક્ષને દરવાજે પહોંચી ગયો ને? ગ્રંથિમાં રહ્યો થકો ભણે. આ વચન ખુદ **ગૌતમસ્વામીજીએ** ગૂંથ્યાં. સર્વજ્ઞપણાના, મોક્ષના રસ્તા બતાવ્યા. પોતે મોક્ષ વિના કેમ લટક્યા? એમને પ્રેમ હતો, તેને તોડવા માટે

શાસ્ત્ર શક્તિમાન ન થયું ને ! શાસ્ત્ર માત્ર નહિ ચાલે, શાસ્ત્રથી તાકાત આવવી જોઈએ.

## વચનના મુદ્દાને અંગે સામર્થ્ય યોગ

સમ્યક્ત્વને અંગે, કેવળજ્ઞાનને અંગે, મોક્ષ પામવાને અંગે **હરિભદ્ર**સૂરિએ ચાવી આપી હોય તો તે સામર્થ્ય યોગ. શાસ્ત્ર યોગ–મોક્ષને દર્શાવનાર શાસ્ત્રો એ જુદી ચીજ છે, એનાથી આવતું સામર્થ્ય જુદી ચીજ છે. "**વચનારાધનયા**" વચનની દિશા. શેઠજીના વચનનો શિખામણનો મુદ્દો કામ લાગે, વચન કામ ન લાગે. શાસ્ત્ર દ્વારાએ થયેલું બળ કામ લાગે છે. બળ શાસ્ત્રથી આવ્યું છે. અભિપ્રાયને ધ્યાનમાં રાખવાનો છે. વચનની આરાધના પણ વચનના અક્ષરો નહિ; એને બાધા થઈ એટલે અધર્મ. વચન જે શેઠજીનું છે તેના અભિપ્રાયથી વિરુદ્ધ ન જવાય. વિરુદ્ધ જાય તો શું કરી આવ્યો ?' એમ શેઠ બોલે છે. તેમ જૈન શાસ્ત્રકારોએ જે દૃષ્ટિ બતાવી છે તેની દિશા ભૂલવી ન જોઈએ. અક્ષરને અંગે ધર્મ રાખીએ તો અસુચ્ચા કેવલી માનવાનો પ્રસંગ ન આવે વચનને અક્ષરરૂપે નથી લેવાનાં. વચનના મુદ્દાને અંગે સામર્થ્ય યોગ છે.

## ઘર ચણશે તે ખાળ રાખશે

અસુચ્ચા કેવલી એટલે જન્મથી માંડીને કોઈ પાસેથી ધર્મ સાંભળ્યો ન હોય અને તપસ્યા કરતાં કેવળજ્ઞાન થઈ જાય. ધર્મ સાંભળવાની અપેક્ષાએ તેમને ધર્મ સાંભળવાનું નામ નિશાન નથી. વચનની વિરાધના તે અધર્મ. **સુધર્માસ્વામીજી**એ ચૌદ પૂર્વોની રચના પહેલી કર્યા છતાં **આચારાંગ**ને પહેલું ગોઠવ્યું, ક્રમ ગોઠવ્યો, એ ક્રમથી વિરુદ્ધ જનારને પ્રાયશ્ચિત્ત. નવ બ્રહ્મચર્ય અધ્યયન ભણાવ્યા વિના બીજું ભણાવે તો પ્રાયશ્ચિત્ત. જ્ઞાન શીખવ્યું આવે છે. વગર શીખવ્યું પોતાની મેળે આવતું નથી. વગર શીખવ્યા નાટક કરે છે એવા કેટલાક જાનવરની

જાતમાં હોય છે. દુનિયાને નાટક દેખાડે છે ને પૂંઠ ઉઘાડી કરે. મોર ચાર પીછાં નીચાં રાખીને ઢાંકે તો કળામાં અડચણ આવે તેમ નથી, પણ ગુરુ વિના નાચવામાં તૈયાર થયો છે પણ ગુરુ ન હોવાથી ચાર પાંચ રહી પીછાં છે, નીચલા ભાગમાં છે, પૂંઠ ઢંકાઈ એમ છે, છતાં સ્વપ્નામાં પૂંઠ ઢાંકવાનો વિચાર ન આવે. ગુરુગમને અંગે પરંપરાથી શીખેલાને દરજી જેવી સ્થિતિ. તેમાં અગમચેતી. દરજી મૂતરવાની જગ્યા રાખશે. ઘર ચણશે તે ખાળ રાખશે.

## કાયદો કર્યા પછી ન માને તો ગુનો

જ્ઞાન ત્રણ માન્યાં છે. આત્માગમ, અનંતરાગમ, પરંપરાગમ. પરંપરાગમ એક જ જ્ઞાન. **જંબૂસ્વામીજીથી** આગળ કોઈ આત્માગમનો દાવો કરે તે શાસ્ત્રથી વિરુદ્ધ છે. પરંપરાગમનું નિયમિતપણું હતું ત્યારે ગણધર કહી શક્યા કે **બ્રહ્મચર્ય** અધ્યયન વિના બીજું વંચાવે નહિ. **અંગની સાથે ઉપાંગ. મૂળ** દીક્ષાના દિવસથી ખુલ્લાં. **છેદ** પરિણતિ પર આધાર રાખે છે. એક અંગ તેનું ઉપાંગ, મૂળસૂત્રો દરેક વખત લાયક છે. **દશપયન્ના** કોને દેવાય તેનો નિયમ નહિ. પરંપરાગમ હોવાનું નક્કી કર્યું તેને લીધે નવ અધ્યયન વંચાવ્યા વિના બીજું વંચાવે તો પ્રાયશ્ચિત્ત તો વાંચનારો તો છૂટો ને ? દુકાનમાંથી કોડીનો માલ મફત આપે તો ઠપકો મળે. લઈ જનારને તો સત્તા ક્યાં છે ? પરંપરાગમ વિનાનો **આગમ** નથી માન્યો તો સ્વતંત્ર લેવાની વાત ક્યાં ? જે વાંચના વંચાવે, આપે તેને પ્રાયશ્ચિત્ત. સ્વયં વાંચે તો પણ પ્રાયશ્ચિત્ત. આટલું બધું બંધન આચારાંગ ઉપર લાવીને મૂકી દીધું. **આચારાંગને** પહેલું ગોઠવ્યું. ક્રમ નક્કી કર્યો. કાયદો કર્યો એટલે કાયદો ન માને તો ગુનો. શંકા–પોતાની મેળે **આચારાંગ** વાંચવા માંડયું તેમાં શું હિંસા વગેરે થઈ ગઈ ? પોતાની મેળે **સૂયગડાંગ** વાંચ્યું. સમાધાન–વચનનું ઉલ્લંઘન એ જ પ્રાયશ્ચિત્તનું સ્થાન. **હિંસા** બનો કે ન બનો, પણ વચનનું ઉલ્લંઘન એ જ પ્રાયશ્ચિત્તનું સ્થાન.

ચોરી કયાં ગણાય તેનું વર્ણન ત્રીજા મહાવ્રતમાં આવશે તીર્થંકરના વચનથી વિરુદ્ધ કરો તો ચોરી લાગવાની છે. છોડવાનું કે આદરવાનું તીર્થંકરના વચનથી. અદત્તમાં ચાર ભાંગાની જરૂર. તીર્થંકર અદત્તનો પરિહાર.

## જૈન શાસન આચારમાં ઓતપ્રોત છે

તીર્થંકર અદત્ત કયું ? જે સ્વામિઅદત્તમાંથી, જીવઅદત્તમાંથી ઊતરેલું તે. સ્વામિઅદત્ત, જીવઅદત્તમાંથી ઊતરેલું ન હોય તે તીર્થંકરઅદત્ત નથી. જે તીર્થંકરનાં વચનો તે વચનો માનવાને લાયક. એને અંગે આત્માને ધકી દેવાનો પણ જે પ્રાયશ્ચિત્ત તે શાને અંગે ? નથી બની હિંસા, નથી બની ચોરી. એક જ વચનથી વિરુદ્ધ તેને અંગે. શંકા—પ્રાયશ્ચિત્ત નક્કી કરવામાં આવ્યું. એટલું બધું આચારાંગમાં શું છે ? સમાધાન—જૈન શાસનની જડ આચારમાં છે. જૈન શાસન ઉત્પન્ન થાય, ચાલે, ટકે તે આચારે. આચાર હોય ત્યાં સુધી ટકે. આચાર ગયા પછી તીર્થ રહે નહિ. આચારની આટલી કિંમત હોવાને લીધે એ નક્કી કર્યું કે **જૈન શાસન આચારમાં ઓતપ્રોત છે.** આથી આચારને નિરૂપણ કરનાર **આચારાંગ** એ પ્રથમ રહે. એ ક્રમને ઓળંગનાર પ્રાયશ્ચિત્તનું સ્થાન બને. પછી વિચારને માટે **સૂયગડાંગ.** પછી વર્ગીકરણ માટે **ઠાણાંગ.**

# વ્યાખ્યાન ૨૮

## મોક્ષની ઇચ્છાવાળાએ ત્રણ પગથિયાં વિચારવાનાં છે

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી** મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે, દ્વાદશાંગીની રચના કરી. તેની અંદર પહેલાં જો કે ચૌદ પૂર્વોની રચના કરી. રચનાની અપેક્ષાએ પૂર્વો પહેલા નંબરે હોવા છતાં, આખું દૃષ્ટિવાદ પહેલાં કરેલું હોવા છતાં, અગિયાર અંગની રચના પછી કરી છતાં સ્થાપના કરતી વખત આદિમાં **આચારાંગની** સ્થાપના કરી. કેમકે શાસનનું ચાલવું, ટકવું, એ કેવળ આચાર ઉપર જ છે. આચાર શરૂ થાય ત્યાંથી શાસન. આચાર જ્યાં સુધી ચાલે ત્યાં સુધી શાસન. **આચારાંગની** સ્થાપનાથી આચારને વ્યવસ્થિત કરેલો છતાં, વિચારની વ્યવસ્થિતતા ન થાય ત્યાં સુધી 'મહુવાની લાકડાની કેરીઓ' છોકરાને લલચાવે પણ રસ ન નીકળે તેના જેવું થાય, પણ વિચારની વ્યવસ્થાને અંગે ફળ મળે. વિચારવાનાં ત્રણ પગથિયાં. દરેક મોક્ષની ઇચ્છાવાળાને ત્રણ પગથિયાં ધ્યાનમાં લેવાનાં છે. તે **સૂયગડાંગજી**માં જણાવવામાં આવ્યાં. આ ત્રણ શબ્દો એટલે આ **અર્થ, આ પરમાર્થ** અને શેષ **અનર્થ.**

## જીવે કોઇ પણ દિવસ નિવૃત્તિને ઇષ્ટ ધારી નથી

અનાદિ કાળથી જીવ, ધર્મને સાધ્ય તરીકે ગણતો ન હતો. સાધ્ય તરીકે પાંચે ઇંદ્રિયોના વિષયોને-સ્પર્શ વગેરેને ગણતો હતો. ચાહે તો પાંચ જાતિમાંથી કોઈ જાતિમાં, ચાહે તો ચાર ગતિમાંથી કોઈ ગતિમાં હોય તો પણ તેનું સાધ્ય એક જ હતું-ઈષ્ટ વિષય. જગત કોની વાંસે ફરી રહ્યું છે? પાંચ ઇંદ્રિયોની વાંસે. અનાદિ કાળથી આ જીવ વિષયોને ઇષ્ટ

તરીકે ગણતો હતો, એટલે સાધ્ય તરીકે મળે તો ઠીક, ભવિષ્ય કાળમાં મળે તો ઠીક, વર્તમાનમાં મળ્યા તે ઠીક, મળી ગયા એ ઠીક, રહે તો ઠીક, આ આખા જગતની દશા છે. ઇષ્ટ સ્પર્શ વગેરે ઉપર પોરણ. આ જીવે કોઇ દહાડો નિવૃત્તિને ઇષ્ટ ધારી નથી. ઇષ્ટ સ્પર્શ વગેરે ગયા તે ઠીક થયું આવું કોઈ દહાડો ધાર્યું નથી, પણ અનિષ્ટ વિષય ગયો તે ઠીક થયું એમ ધાર્યું છે. આપણે આર્તધ્યાન ન કરવું, આર્તધ્યાન ખરાબ છે, સંસાર વધે છે એમ કહીએ છીએ, છતાં લક્ષમાં નથી આવ્યું કે ઇષ્ટની પ્રાપ્તિ ઇચ્છવી, અનિષ્ટનો વિયોગ ઇચ્છવો. આ બધું આર્તધ્યાનનું સ્વરૂપ છે.

## આંધળો દેખે નહિ એ સવાલ જ ન હોય

આર્તધ્યાનના પહેલા બે પાયા—ઇષ્ટ મેળવવું, અનિષ્ટ છોડવું. લગીર ખારું આવ્યું માથું ફરી જાય. મીઠું આવ્યું ખુશ થઇ જવાય, આમ થાય તો હજુ આ જીવ આર્તધ્યાનથી છૂટો પડ્યો નથી. જીવો બિચારા શું જાણે ? પાંચે જાતિના જીવો આર્તધ્યાનમાં જન્મારો પૂરો કરે તેમાં નવાઇ શી ? વૈદ્ય થયેલો કુપથ્યની પરેજી પાળી શકતો નથી, રાખતો નથી તો પછી બિચારા અજ્ઞાન ક્યાંથી રાખી શકે ? અનાદિ કાળથી જીવ ભટક્યો ? આ સવાલ કેમ રહે છે ? આંધળો ન દેખે એનો સવાલ જ ન હોય. આંધળો દેખે તો સવાલ. તેમ આ જીવ અનાદિ રખડે છે તેનો સવાલ જ ન હોય. ભટકવાનાં કારણો– ઇષ્ટ વિષયની વાંછા અને અનિષ્ટથી દૂર રહેવું એ જોડે લાગેલાં છે. આર્તધ્યાનમાં લીન થયેલો એવો જીવ ઊંચે કેમ આવ્યો એ સવાલ હોય ? જેને જે વિષયો છે તેમાં તો ઇષ્ટની પ્રાપ્તિ અનિષ્ટના, વિયોગનો વિચાર હોય છે. ઇંદ્રિય વિનાનો કોઇ જીવ નથી. પાંચ સિવાય છઠ્ઠી જાતિ નથી. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવો છે. ઇંદ્રિય દરેક જાતિ, જાતિમાં છે તો ઇંદ્રિયના વિષયો પણ દરેક જાતિ, જાતિમાં છે. તે છે તો ઇષ્ટનો સ્વીકાર, અનિષ્ટનો તિરસ્કાર રહેલો છે. તે રહેલો

છે તો કર્મ બાંધવા એ આંગણે બેઠેલું છે. કર્મ બાંધવું છે તો રખડીએ તેમાં નવાઈ શી ? પણ આવી સ્થિતિએ રહેલો ઊંચી સ્થિતિએ કેમ આવ્યો એમાં નવાઈ છે. જે આ જીવ ઊંચો આવ્યો તે અજ્ઞાનપણે કષ્ટ, અકામ નિર્જરાના જોરે. તેમાં વધારે નિર્જરે, બાંધે ઓછું.

## જે વાત નહોતા જાણતા તેમાં પાસ કર્યા

ભણ્યા ગણ્યા વિના અજ્ઞાનીની તપસ્યા શા કામની ? તમને બંદા બનાવ્યા કોણે ? સંજ્ઞી પંચેન્દ્રિય સુધી કોણ લાવ્યું ? અકામ નિર્જરા. અજ્ઞાન કષ્ટે જ શિખર ઉપર ચઢાવ્યા. એકેંદ્રિયપણું હતું, દસ હજાર વર્ષ રહ્યા. ત્યાં બાદર ત્રસપણાનો ખ્યાલ ન હતો. જેની વાત જાણતા નહોતા તેમાં અકામ નિર્જરાએ પાસ કર્યા. ક્યાં જવું છે તેનું જ્ઞાન નથી તો એના ઉપયોગનું જ્ઞાન ક્યાંથી લાવવું ? આ તો આંધળાની ઈંટ. જે જીવ સૂક્ષ્મ એકેંદ્રિયમાંથી બાદર એકેંદ્રિયમાં આવે, એ જ કહો કે આંધળાની ઈંટ. બાદર એકેંદ્રિયપણામાં પણ ત્રસપણાનો ખ્યાલ ક્યાં હતો ? જંગલમાં સાત ભૂલા પડે તેમાં રસ્તો શોધતાં કોઈને રસ્તો મળે. કેટલાક ઊલટે રસ્તે જાય. સૂક્ષ્મ એકેંદ્રિયમાં રસ્તો શોધવા નીકળેલા જુદા નથી. તે નિગોદમાં સાથે કર્મો ભોગવે છે.

## અનંતાનું સૂક્ષ્મ શરીર તે નિગોદ

સિદ્ધ થાય છે તેની સંખ્યા લઈએ તો એક નિગોદના જીવો અનંત ગુણા છે. સમુદ્રમાં પાણી છે તેમાં ટાંકણી બોળીએ તો કાંઈ દરિયો ખાલી નથી થતો. ગિરિરાજ ઉપર ચઢીને આવે, કોઈને પગે કાંકરો લાગે, તે પગ સાથે આવે, તેથી ગિરિરાજ ખાલી થઈ જવાનો નથી. એક ટાંકણીને લાગેલા પાણી માત્રથી દરિયો ખાલી થનાર કહેવાવાળાને મૂર્ખો કહીએ. કરોડ દીવા વચ્ચે એક ટાંકણી મૂકીએ, એક દીવો ઓલવીએ તો તેનો પ્રકાશ ગયો. દીવાનો જુદો જુદો પ્રકાશ ટાંકણી ઉપર હતો. પૃથક્રૂપે પ્રકાશ હતો તે ગયો. ટાંકણી ઉપર કરોડો

દીવાનો પ્રકાશ માનવામાં વાંધો નથી. સૂક્ષ્મ નિગોદ બાદર તૈજસના પુદ્ગલો કરતાં ઘણી બારીક છે. અહીં દીવાની જ્યોત સ્થુળ છે તો એનાથી અસંખ્યાતા ભાગ બારીક શરીરવાળાં કેટલાં શરીરો રહે ? એક એક શરીરમાં અનંતા જીવો તાકાત–શક્તિ ઉપર વિચાર કરીશું તો અનંતા માન્યા સિવાય છૂટકો ન થાય. ઔદારિક શરીર બનવાનું જ્યાં ઊભું કરીએ ત્યાં આત્માની શરીર બનાવવાની તાકાત ઉપર આધાર રહે છે. અનંતા જીવો મળીને સૂક્ષ્મ એવું અંગુલના અસંખ્યાતમા ભાગનું શરીર બનાવે. આત્માની શક્તિનો અનંતમો ભાગ તે સ્થિતિનો નીચેનો છેડો. અનંતાનું સૂક્ષ્મ શરીર તે નિગોદ. તે વનસ્પતિ જ. બાદર વસ્તુ દેખી શકીએ. પૃથ્વી, પાણી આધેય વસ્તુ છે. અગ્નિ બાહ્ય સંયોગથી ઉત્પન્ન થાય છે. વાયુ એ પાણીનો બાપ કે દીકરો. સ્થાવર એકેન્દ્રિયના પુદ્ગલો મનુષ્ય પંચેન્દ્રિય તરીકે પરિણમાવી શકે અને પંચેન્દ્રિયના પુદ્ગલો માટી થઇ જાય છે. વાયુ અપ્કાયની સાથે સબંધ રાખે. અપ્કાય સર્વ જગતમાં વ્યાપક તે કેવી રીતે? બારીક રૂપે પાણી હોય તો આખા જગતમાં વ્યાપી શકે. પાણી એક રૂપે લાંબો કાળ રહે. રહે તો લીલફૂલને નોતરું દે. વધારે ભાગ છેલ્લામાં છેલ્લા કાર્ય તરીકે લીલફૂલનો આવશે. તે જ નિગોદ. એવી રીતે જગતને અંગે છેલ્લામાં છેલ્લી સ્થિતિ સૂક્ષ્મ નિગોદ વનસ્પતિમાં જ હોઈ શકે.

## સકામ નિર્જરા તો દેવપણું લાવે

જ્યાં એકેન્દ્રિયપણું હતું ત્યાં સૂક્ષ્મપણાનો, બાદરપણાનો ખ્યાલ ન હતો. બાદરપણું મેળવવું જોઈએ એ ધ્યાનમાં ન હતું. બાદરપણાનો રસ્તો લેવા તૈયાર ન હતો, છતાં બાદરપણું મેળવી આપ્યું, એ પ્રભાવ અકામ નિર્જરાનો. ત્યાંથી ક્રમે મનુષ્યપણા વગેરેમાં આવ્યા તે પ્રભાવ અકામ નિર્જરાનો. સકામ નિર્જરા દેવપણું લાવે. કર્મને, કર્મના ફળોને, કર્મના ક્ષય કરવાના ઉપાયોને સમજે અને તેને અમલમાં

મેલે તે સકામ નિર્જરા. સકામ નિર્જરા કાં તો આપે દેવલોક કે કાં તો આપે મોક્ષ. સકામ નિર્જરા મનુષ્યપણું ન દે. તે સમ્યગ્દષ્ટિ મનુષ્યને હોય. અને તે મોક્ષે ન જાય તો દેવલોકમાં જાય. સૂક્ષ્મ નિગોદમાંથી નીકળીને મનુષ્યપણા સુધી આવ્યો છે. તેમાં મનુષ્યપણું, ઉત્તમ કુળ વગેરે અકામ નિર્જરાથી પ્રાપ્ત થયાં છે.

## રજપૂત તિલક કરનારને ન ગણે તેટલો હથિયારને ગણશે

**મારવાડી** રાજાઓ પરણવા માટે મુસાફરી કરવી હોય તો સાંઢીઆ ઉપર બેસે. પાદરે બેસે, હાથી ઉપર. સકામ નિર્જરા તોરણે હાથીના જેવી છે. દોડાવી મારે સાંઢીઆને, હાથીના ઉપર બેસીને તોરણે આવે. મોક્ષ પામવાની વખતે સકામ નિર્જરાનો હાથી લઈ લીધો છે પણ લાવી મૂકયા છે અકામ નિર્જરાએ. અગણોસ્તેર તૂટે તે અકામ નિર્જરાથી. યથાપ્રવૃત્તિ કરણમાં નથી મોક્ષનું જ્ઞાન, કે નથી તેને-મોક્ષને બતાવનારનું જ્ઞાન, કે નથી કર્મને તોડવાનું જ્ઞાન. અગણોત્તેર તોડે યથાપ્રવૃત્તિકરણ. આગળ તોરણ સુધી લાવનાર અકામ નિર્જરાનો સાંઢીઓ છે. ગ્રંથિ આગળ કોઈ પણ લાવી દેતું હોય તો તે અકામ નિર્જરા. કહ્યું " છે કે **देहःदुखं महाफलं** " શરીરને કષ્ટ તે જ મહાફળ. શરીરને દમો તો જ ફળ પામશો. ભાઇસાહેબ, બાપુ કરવાનું રહેવા દો. વઢકણી વહુ છે. દેહ આત્માની સાથેની વઢકણી વહુ છે. દેહદમન જ્ઞાનક્રિયાને મેળવી દે, માંડવે તો હાથીની જગાએ *સકામ નિર્જરાને રાખી છે, પણ સાંઢીઆને ભૂલો નહિ.* **અકામ** નિર્જરા સૂક્ષ્મ એકેન્દ્રિયમાંથી બાદર એકેન્દ્રિયમાં યાવત્ સંજ્ઞી પંચેન્દ્રિયપણામાં લાવનાર. મરુદેવીને જુગલિયાપણું અકામ નિર્જરાએ આપ્યું. દેવપણું અકામ નિર્જરા મેળવી દે છે. દેવપણું મેળવવાની તાકાત એમાં છે, પાવર(power)વાળી છે. મામૂલી ચીજ નથી. આપણી અપેક્ષાએ તો ગુણ જ એના ગાવાના. 'રજપૂત તિલક કરનારને ન ગણે તેટલો હથિયારને ગણશે'. સાચો રજપૂત હથિયારની બેઅદબી

કોઈ દિવસ ન કરે, તેમ સાચો પુરુષ અકામ નિર્જરાની બેઅદબી ન કરે. કુંભારજ તરવારને ખીલો ગણે.

## કારણ તરીકે તો અકામ નિર્જરાને વખાણીએ

સૂક્ષ્મ એકેન્દ્રિયથી કેવી રીતે ચઢવું થયું? અકામ નિર્જરાથી થયું. રજપૂત સિંહાસન, મુકુટને ફેંકી દેતો નથી પણ કારણ તરીકે, પ્રભાવ તરીકે હથિયાર તરવારને ગણે છે. અકામ નિર્જરા ન હોત તો આપણી આ દશા ન આવત. કારણ તરીકે સમશેરનું શૌર્ય વખાણે, તેમ કારણ તરીકે અકામ નિર્જરાને વખાણીએ. આથી આંધળો નથી દેખતો એ સવાલ ન હોય. આંધળો દેખે તો નવાઈ.

## એ પ્રભાવ તો અકામ નિર્જરાનો

સૂક્ષ્મપણું, ત્રસપણું વગેરેમાં ખ્યાલ ન હતો છતાં સંજ્ઞી મનુષ્યપણું આ જીવને કેમ મળ્યું? તેનો સવાલ. તે અકામ નિર્જરાનો પ્રભાવ. તે અકામ નિર્જરા ભવિતવ્યતાએ કરાવી. ભવિષ્યમાં ન બનવાનું બન્યું તેથી તેનું નામ ભવિતવ્યતા. દરેક જિંદગીમાં, દરેક ભવમાં, દરેક ગતિમાં, દરેક જાતિમાં કર્મબંધના દરવાજા ખુલ્લા મૂકેલા હતા અને ઇષ્ટ વિષયની પ્રાપ્તિ, અનિષ્ટનો તિરસ્કાર આ બે વિચાર રાખ્યા હતા.

## લાલચમાં આપણી જાનવરના જેવી દશા

ગાય પાણી પી આવે બહાર, ચરી આવે બહાર, ખોળ દઈએ તેથી દૂધ અહીં દોવડાવવા આવે એ. ખોળમાં લલચાઈ છે. સવારથી ઢોર છૂટવા માંડે, છૂટતાં ત્રણ કલાક જોઈએ. સાંજે ચરીને આવે ત્યારે ઝપાટામાં. કારણ? ખોળની લાલચ. લાલચમાં રૂપિયાનો માલ ચાર પૈસામાં ખોળ માટે આપનારી ખીલા આગળ આવી ઊભી રહે. દોરડું બંધાવે. દોરડું બંધાવે ત્યારે માથું કે શીંગડું ન ફેરવે. આ વાત ધ્યાનમાં લઈશું તો લાલચમાં કઈ સ્થિતિએ જીવ ન ઊતરે! ભૂલાપણાપણું ખ્યાલમાં નથી આવ્યું, ગાય પોતે ક્યાં ઊછરી હતી? ક્યાં જન્મી હતી તેનો ખ્યાલ નથી. અત્યારે ખોળ કોણ દે છે તે જુએ,

પણ ઉત્પત્તિ વગેરે ભૂલી જાય, જંગલની સ્વતંત્રતા ભૂલી જાય. દોડીને ખીલે આવે. અડફટમાં માણસ આવે તો પડી જાય. લાલચમાં જેવી જાનવરની તેવી આપણી દશા થાય. આને તો લાલચ સાથે મમતા, મારાપણું, કાકા, મામા, બધામાં મારાપણું. આ બધા ખીલા લાગ્યા પછી શું થાય? શી રીતે ખસે?

## ત્રણ પગથિયે જીવની સ્થિતિ

હવે મૂળવાત પર આવો. અનાદિ કાળથી આ જીવે વિષયોની પ્રાપ્તિ તરફ ઈષ્ટતા મથી છે. ઈષ્ટ વિષયોને મેળવવા માટે, અનિષ્ટને દૂર કરવા મથ્યો છે, તેમાં કાળ ગુમાવ્યો છે, પણ છૂટે તો કલ્યાણ એમ થયું નથી. પહેલે પગથિયે જીવ આવે તો શું થાય? ઇષ્ટ વિષયો પ્રાપ્ત થાય તેમાં જેવી ખુશી, અનિષ્ટ વિષયો ખસે તેમાં જેવી ખુશી. તેવી જ ખુશી દાન, શીલ, તપ, ભાવને અંગે થાય, તેવી જ ખુશી મોક્ષ માર્ગને અંગે, સમ્યગ્દર્શન વગેરે અંગે થાય ત્યારે પહેલું પગથિયું. કોઈ અર્થ લાગતો, "**अयमट्ठे**" આ સાધ્ય લાગતું. જેવી રીતે કુંટુંબ-કબીલાને અંગેજેટલે અંશે પ્રીતિ તેટલા અંશે દેવ, ગુરુ, ધર્મને અંગે પ્રીતિ થાય. વિવાહને અંગે પ્રીતિ, તેવી ઓચ્છવને અંગે થાય તો **પહેલું પગથિયું**

બીજા પગથિયે "**अयं परमट्ठे**" આ પરમાર્થ. દેવ, ગુરુ, ધર્મનું આરાધન, દાન, શીલ, તપ, ભાવની પ્રવૃત્તિ સરવાળે હિસાબમાં આવવાવાળી છે એમ થાય ત્યારે બીજું પગથિયું. આ નિર્ગ્રંથપ્રવચન જ પરમાર્થ છે—આમ થાય ત્યારે **બીજું પગથિયું** આવ્યું, ત્રીજું નહિ. આ બધાં ફળ તરીકે કહેવાનાં. ખરેખર હોય તો આ—આ બધાં જુલમગાર, સંસારમાં જેટલી મારી પ્રવૃત્તિ, તે મારા આત્માને ફસાવનારી જુલમગાર છે. દાન, શીલ, તપ, ભાવ, સમ્યગ્દર્શન વગેરે સિવાય જે કરું તે મોતને નોતરું છે. આ સિવાય જે કાંઈ કરું તે મોતને નોતરું છે. 'બકરી બેવકૂફ. ધૂળથી ઢંકાયેલી

છરીને ખરીથી કસાઈને ખુલ્લી કરી આપે', તેમ આ બેવકૂફ પોતાને ડુબાવનાર ચીજે તે આનંદથી કરે છે. રખડાવનારને ખીલી ઠોકીને મજબૂત કરે છે.

"**सेसे अनट्ठे.**" આ નિર્ગ્રંથપ્રવચન સિવાય જે કાંઈ જગતની સ્થિતિ તે બધી જુલમગાર છે. આ સ્થિતિ આવે ત્યારે **ત્રીજું પગથિયું**. આ ત્રીજી વિચારસરણી સાથે આચારનું પાલન મોક્ષના બારણાને તડાકે ખોલી નાખે છે. જ્યાં સુધી એ વિચારસરણી ન આવે ત્યાં સુધી બારણાં ખુલતાં નથી. પાંચ અનુત્તરમાં મોક્ષનાં બારણાં બંધ. ચાહે તેવો આચાર વિચારસરણી વિના આવે નહિ.

**એક છોકરાની બુદ્ધિ પર આખા ગામનો ભરોસો [૫]**

**સૂયગડાંગ** રચીને ત્રણ વિચારોમાં ચઢવાનું, ત્યાં સ્થિર રહેવાનું જણાવ્યું, છતાં સર્વ કાળના પદાર્થો અને વિચારોની ઇયત્તા લાવી શકાય નહિ તેથી શું કરવું? આખો પહાડ ઉપાડી ન લવાય તો નીચે ખોદીને માંડવો કરી દેવો તેથી પહાડ આપોઆપ ઉપર આવી જાય. આ રોહિણીઆએ કહ્યું—માંડવા ઉપર શિલા મૂકવા લો કોદાળી પાવડા. કોદાળી પાવડા લો તેથી શિલા ઉપડવાની? જે અસંભવિત લાગ્યું તે કરાવવા નાનો છોકરો જાય છે. શિલા માંડવા ઉપર શી રીતે લઈ જવાય? રોહિણીઆની સાથે ગયા. પચાસ ડગલાં રહ્યાં ત્યારે કહ્યું અહીં ખોદો. ત્યાં ખોદાવીને ઊંડો ખાડો કરાવ્યો ત્યાંસુધી પેલા ખોદતા ગયા. એક છોકરાની બુદ્ધિ ઉપર ગામ લોકોને કેટલો ભરોસો છે. પચાસ, સાઠ હાથ ઊંડો, દસ હાથ પહોળો ખાડો ખોદાયો ત્યાં સુધી ખોદ્યા ગયા. એટલો ઊંડો ખાડો થયો. જે તરફ શિલા છે તે તરફ ખોદવા માંડો. અજ્ઞાનીને તો આ મારી પાડશે એમ થાય. શિલાની નીચે ખોદાવવું તે મારી પાડવા જેવું. તેમ આપણને સર્વજ્ઞ ભગવાન્ ઉપર કુતર્કના ભય જતા નથી. શિલાનો ભાગ આવતો ગયો. પેલી બાજુ ખોદો. શિલાની નીચે કાંઇ પણ માટી રહેવા દેતો

નથી પણ સળેલાં કાળજાવાળાને એમ થાય કે દબાઇ જઈશું. ગામના લોકોને રોહિણીઆ ઉપર વિશ્વાસ હતો. પચાસ સાઠ હાથ ઊંડું ખોદાઈ ગયું એટલે બસ. દસ જણ રહો, બીજા ચાલ્યા જાઓ. બધે લીંપી નાખો. ઉપર ચંદરવો બાંધી દો. અહીં સિંહાસન ગોઠવો. રાજાને કહેવડાવ્યું કે મંડપ તૈયાર થયો છે. રાજા આવ્યો, ખરેખર માંડવો છે. શિલા ઉપર છે. અહીં રોહિણીઆ સરખા છોકરા ઉપર આખું ગામ ભરોંસે રહે છે અને તે પ્રમાણે ચાલે છે.

## દેશવિરતિ મુસાફરખાનું છે, ઘર નથી

અહીં ત્રિલોકના નાથને માનીએ છીએ અને આમ કેમ? એમ કહી ડોચકાં હલાવે તેની દશા કેવી? જેઓની આચારની દશા વિચારવા જેવી હોય. ઇયત્તા ન આવે તો વચન ઉપર ભરોસો ન રહે, માટે ઠાણાંગજીમાં વર્ગીકરણ. તેમાં નક્કી કર્યું-'**पंच महव्वया०**' પાંચ મહાવ્રતો કહેલાં. ખુદ ભગવાન્ જણાવે છે કે મારાં કહેલાં નથી, હું કહું છું એમ નહિ, દરેકે કહેલાં છે. મહાવ્રતપણું રાખવાને માટે 'સર્વ' શબ્દ મૂકવો પડ્યો. શંકા-પ્રાણાતિપાત માત્ર છોડવો છે, પછી સર્વની જરૂર શી? પાતળું પાણી લાવજે તે કહેવાની જરૂર? પાણી પાતળું હોય તેમ પ્રાણાતિપાત છોડી દીધો તો સર્વ આવી ગયું. **જેના પેટમાં દુઃખતું હોય તે અજમો ખાય.** તેમ જેને દેશથકી છોડવું હશે તે સ્થૂળ વિશેષણ જોડશે, માટે સર્વ વિશેષણ જોડીને કામ શું?

## આગળ જવાનું ધ્યેય હોય તેજ મુસાફર

સમા૦-છોકરાને રોગે માને અજમો ખાવો પડે. કેમ? કારણ એક જ, મા દ્વારાએ છોકરાનું પોષણ. તેમ અણુવ્રતવાળામાં 'દેશ' વિશેષણ મૂકવાની જરૂર હતી. 'સર્વ' મૂકવાની અહીં જરૂર ન હતી પણ છોકરાના પેટમાં દુઃખાવો હોય ત્યારે માને અજમો ખાવો પડે, તેમ દેશવાળાને ખ્યાલ રહે કે સર્વ ધ્યેયપણે છે. દેશવિરતિ એ મુસાફરખાનું છે. ઘર

નથી. ઘર સર્વવિરતિ છે. દેશવિરતિ તપેલા લોઢાનું પતરું-તેની ઉપર રહેવાનું. તપેલું કઢાઈયું તેમાં પગ સ્થાપવાનું શાસ્ત્રકારે ત્યાં વાપર્યું છે. મેં તો મુસાફરખાનું વાપર્યું. મુસાફરખાનામાં ઊતરેલો મુસાફર-ખાનાના વિચારો ન કરે, પણ જ્યાં જવું છે ત્યાંના વિચારો કરે. જે અમુક ધારીને ન નીકળ્યો હોય તે રખડાઉ છે, મુસાફર નથી. જેને આગળ જવાનું ધ્યેય તે મુસાફર. સર્વવિરતિનું ધ્યેય ન હોય, તો ભલે દેશવિરતિમાં હોય પણ રખડતો. **'यतिधर्मानुरक्तानां देशतः स्यादगारिणां'** એ ધ્યેય રહે. અમદાવાદથી સંઘ નીકળ્યો. દોઢ માસે આવ્યો. સોસાઈટી આગળ કહ્યું, **સિદ્ધાચળજી**નો સંઘ. **સિદ્ધાચળ** જવાવાળો ન હોય તેને પોલીસ પકડે. સોસાઈટીથી માંડીને જેટલા પડાવ કર્યા તેમાં જઈએ છીએ, **સિદ્ધાચળજી** જઈએ છીએ એમ બોલીએ છીએ. **સિદ્ધાચળજી** સુધી જઈએ છીએ. એમ બોલતા નથી કે **સિદ્ધાચળજી** આવ્યા. રહ્યા એક દહાડો પણ ધ્યેય **સિદ્ધા-ચળ**જીનું. તેમ સર્વવિરતિનું ધ્યેય—એક હજાર ત્રણસો ચોર્યાસી ભાંગા વખત. સર્વવિરતિ કેટલી છેટી રહી. સર્વવિરતિ ક્યારે મળવાની. એવી સ્થિતિમાં આવે ત્યારે દેશવિરતિવાળો કહેવાય.

**'पंच महव्वया'** પાંચ મહાવ્રતમાં પહેલવહેલું સર્વ પ્રાણાતિપાતથી વિરમવું.

卐

# વ્યાખ્યાન ૨૯

## પિષ્ટપેષણની પણ આવશ્યકતા

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજીએ ભવ્ય જીવોના ઉપકાર માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેડાવવા માટે દ્વાદશાંગીની રચના કરતા થકા પહેલાં ચૌદ પૂર્વોની, દૃષ્ટિવાદની રચના કરી. તે રચના કર્યા પછી મંદ બુદ્ધિઓને માટે, સ્ત્રી બાળકોને માટે અગિયાર અંગની રચના કરી. અગિયાર અંગ એટલે પિષ્ટપેષણ–કહેલું કહેવું. તેમ છતાં તે કરવું પડ્યું. ચૌદ પૂર્વોની અંદર, બારમા અંગની અંદર એવી એક પણ વસ્તુ નથી કે જેનું નિરૂપણ ન હોય. અગિયાર અંગમાં તેનું જ નિરૂપણ કરવાનું રહ્યું, તેથી કરેલાનું કરવું, પિસેલાનું પીસવું. વાત ખરી છે પણ એક વાત ધ્યાનમાં રાખવી–'મૂળકરણે કરેલી ક્રિયાનો ઉપયોગ કરવા માટે બીજી ક્રિયા કરવી પડે.' એક ક્રિયા કરી દીધી એટલે કૃતાર્થ થયા એમ સમજવું જોઇએ નહિ. ચૌદ પૂર્વ, બારમું અંગ એ તેવા બુદ્ધિશાળીઓને અંગે કૃતાર્થ. જેઓમાં બુદ્ધિ નથી, જેને અધિકાર નથી એવા પહેલા પગથિયાવાળાને બારમું અંગ, ચૌદ પૂર્વ શું કામ કરે ?

### ગુરુ અને વિદ્યાર્થી [6]

વિદ્યાર્થી ગુરુની સાથે જતો હતો. તરસ લાગી, ગુરુ પાણી ભરવા ગયા, પગ ખસી ગયો. શિષ્ય રાડો પાડવા લાગ્યો.–**'धावत धावत लोकाः मम गुरुः कूपे पतितः'** આ બૂમ સાંભળીને કોણ આવે ? લાગણી, ફરજ, રાડોપાડી લોકોને સંભળાવ્યું પણ તેથી વળે શું ? તેમ ગણધર મહારાજા ચૌદ પૂર્વોની રચના કરીને બેસી રહ્યા હોત તો આપણી શી વલે થાત ? 'धावत' વાળું સારું, સુંદર છતાં જંગલી લોકોને નકામું, તેમ અહીં પિષ્ટપેષણ કહો પણ જરૂરી. આથી અગિયાર અંગ રચવાં પડે.

## મીનીબાઈ અને બગલું

આ શાસન એકલા વિદ્વાનોને માટે નથી. એકલા બુદ્ધિશાળીઓને માટે નથી. માતા રોટલો કરે તેથી સંતોષ માનો લેતી નથી. જેઓના દાંત મજબૂત છે તે ખુશીથી ખાઈ લેશે, પણ બચ્ચાને પૂરા દાંત નથી આવ્યા, તેને માટે ચૂરો કરી દઉં. બચ્ચાંને માટે રોટલી તૈયાર કરેલી હોય પણ સંસ્કાર કરવો પડે. બચ્ચાંને લાયકનું બનાવવું પડે. મીનીબાઈએ બગલાને જમવા નોતર્યો. ખાઓ ભાઈ! શું ખાય? ગણધર રચના કરવા બેસે, અને માત્ર ચૌદ પૂર્વની રચના કરીને બેસી રહે તો મીનીબાઈએ બગલાને ખીર પીરસી તેના જેવું થાય. અહીં તો જેઓ સમ્યગ્દર્શનની દિશાથી દૂર થાય છે, સમ્યગ્જ્ઞાનચારિત્રથી છેટા છે, તેઓને દાખલ કરવા એ જ ઉદ્દેશ છે. કારખાનાવાળા માલ બનવા માત્રથી કૃતાર્થતા માનતા નથી, પણ ઘરાકી ખેંચાય કેમ? માલનું પેકિંગ (pakcing) ફક્કડ બનાવે અને ઠાઠમાઠ રાખે. માલને તૈયાર કરવામાં કારખાનાવાળા પોતાની કૃતાર્થતા માનતા નથી, પણ ખપાવવામાં કૃતાર્થપણું માને છે. ફળ માલની ખપતમાં માને છે. તેમ ગણધર મહારાજ રચના કરવા માત્રથી પોતાનું કૃતાર્થપણું ગણતા નથી.

## રચના માત્રથી કૃતાર્થપણું નથી

મોક્ષનો માર્ગ દરેક જીવ લેવાવાળો નીકળે, પ્રવર્તે, દરેક જીવ હિત પ્રાપ્ત કરી શકે, તેથી અગિયાર અંગ કરવાની જરૂર પડી. રચના માત્રથી કૃતાર્થપણું હોત તો ચૌદ પૂર્વ, બારમું અંગ કર્યા પછી આચારાંગાદિની રચના કરવાની જરૂર ન હતી. બધું આવી ગયેલું છતાં એ તો બુદ્ધિશાળીને લાયકનું. દીક્ષાને લીધાને દસ વીસ વર્ષ થયાં-તે અંગના વાંચનારા તરીકે છે. પૂર્વે શ્રુત પાઠીપાણા તરીકે નહોતું પણ મોઢે રાખતા.

## માધુકરી વૃત્તિનો પાયો જૈનોએ લીધો છે

શંકા-મોઢે કરવાથી શું? સમા૦—આપણી દરિદ્ર દશાની

એ વાત છે કે એક વસ્તુ ખ્યાલમાં આવી કે દોડયા. એકનો વિરોધ કેટલી જગો પર આવે છે, તે મોઢે ન હોય તો શું થાય? એક સવાલ નીકળે ત્યાં પુસ્તકો ખોલવાં પડે છે. વૈદિક લોકોએ માધુકરી વૃત્તિ રાખી. તે વૃત્તિનો પાયો જૈનોમાંથી લીધેલો છે. એક વાત ધ્યાનમાં રાખીને અગિયાર અંગ ખોલો. દેખ્યા જાઓ. એક સવાલને અંગે અગિયાર અંગ વાંચી જવાં જોઇએ. અંગમાં એ કઇ જગાએ છે? એ માધુકરી વૃત્તિ કેવી રીતે કહેવા માગે છે? અપીડા, અવ્યથાને અંગે માધુકરી વૃત્તિ હતી. અંગપ્રવિષ્ટમાં ઉંછવૃત્તિ શબ્દ હતો. **શય્યંભવસૂરિએ** જે બ્રાહ્મણો માધુકરી વૃત્તિ પર જોર દેતા હતા તેને બતાવ્યું કે જે ઉંછવૃત્તિ છે તે જ ખરેખરી માધુકરી વૃત્તિ છે માધુકરીની વૃત્તિ સામુદાયિક. તે ઉંછવૃત્તિથી હલકી છે. આનો વાદીએ સવાલ કર્યો. તેનો ઉત્તર કહેતાં દોઢ મહિનો જાય. દોઢ મહિનામાં એની શંકાનું શું થાય? જો મોઢે હોય તો તેને તે વખત કહેવાય. આપણો કે પૂછનારનો આત્મા સંદેહમાં ન રહે. આપણી અને એની દૃષ્ટિમાં તફાવત. એના શાસ્ત્રમાં ઔદ્દેશિકાદિ દોષ નથી. અનુમોદના જેવી ચીજ નથી. સંકલ્પ નામનો દોષ માનવો નથી, તો વર્જવાનું કયાંથી રાખ્યું હોય? માધુકરીનો અર્થ એટલે એક ઘેરે ન ખાવું. એષણાશુદ્ધિ પર તત્ત્વ નથી. એક ઘર પર તત્ત્વ છે.

## પ્રત્યેકને મોક્ષને માર્ગે લાવવા છે આથી અગિયાર અંગોની જરૂર

ઘોડિયામાં વગર ગોખે અગિયાર અંગને મોઢે કરવાવાળાને માટે ચૌદ પૂર્વો, બારમા અંગની રચના બસ છે. અગિયાર અંગની કાંઈ જરૂર નથી. વીસ વર્ષનો છોકરો હોય. તે મા ભાણું ગમે ત્યાં મૂકી ગઈ હોય તો ઉતારીને ખાઈ લે. માને તો ધાવણાને, ધૂળમાં રમતાને, દુકાનવાળાને પણ પાળવાના છે. માની દૃષ્ટિ બધાને પાળવાની છે તો માએ સવડ બધાની કરવી પડે. પોતે છેવટે ચાવીને નાનાં બચ્ચાંને આપે. આજ વાત લક્ષમાં લઇશું તો જગતના તારક બનવાને તે જ લાયક. જગતના રાહને માટે જગતના ગુરુ બનનારે તૈયારી કઈ કરી?

ચૌદ પૂર્વ, બારમા અંગની રચના કર્યા છતાં તે ન સમજે તેને માટે અગિયાર અંગની રચના કરી. બંનેને તારવા છે. માતાએ દાંતવાળા, દાંત ન આવ્યા હોય અગર પડી ગયા હોય તેવાનું રક્ષણ કરવું પડે. તેમ ચાહે બાળક હોય, ચાહે વિદ્વાન હોય, દરેકને મોક્ષને માર્ગે લાવવા છે, તેને માટે અગિયાર અંગ કરવાની જરૂર.

## દેવતાની ભાષા અર્ધમાગધી

ભાષામાં વિચાર કરીએ તો **સૂયગડાંગ નિર્યુક્તિકાર કહે છે** કે સ્વાભાવિક ભાષા **પ્રાકૃત** ભાષા છે. બચ્ચું બોલતાં શીખે તે વખતે બોલાવવા માંડો. **रामः रामौ** કહે તો રામો બોલી દેશે પણ **रामः** બોલી શકશે નહિ. બત્રીસ દાંત હોય ત્યાં સુધી બોલી શકાય. **સંસ્કૃત** ભાષા કૃત્રિમ છે. **પ્રાકૃત** તો સ્વાભાવિક છે. જગતમાં પ્રવર્તેલી **સંસ્કૃતને** ગીર્વાણવાણી કેટલાક કહે છે, એ બિચારા કેટલું જૂઠું બોલે છે. તેમને તેનો ખ્યાલ નથી. સિદ્ધાંતથી, વાસ્તવિક રીતિએ કેટલું જૂઠું બોલે છે તેનો ખ્યાલ નથી. દેવતાની વાણી જૈનો અર્ધમાગધી માને છે. **ભગવતી**-જીમાં ચોકખો લેખ છે કે દેવતાની ભાષા **અર્ધમાગધી**. આપણે કહીએ ગીર્વાણવાણી–સંસ્કૃત તો તે શાસ્ત્રથી વિરુદ્ધ. અઢાર દેશની ભાષાએ મિશ્રિત એટલે **અર્ધમાગધી**. જેઓ ગીર્વાણો ભાષા સંસ્કૃત બોલતા હતા એમ કહે છે તેઓએ સિદ્ધાંતને કુઠારાઘાત કર્યો છે.

## અઢારે દેશથી મિશ્રિત ભાષા તે પ્રાકૃત

**અર્ધમાગધીએ** નિબદ્ધસૂત્ર. દેવતાઓને **અર્ધમાગધી** બોલવાનું. જે વખતે દેવતાની **સંસ્કૃત** ભાષા કહીએ તે વખતે **મિથ્યાત્વથી** દોરાયા છીએ. ન જાણે તો ન બોલે પણ બાપ બૈરી કહે તેથી બૈરી બોલી દેવું ! સ્વસિદ્ધાંતનું અજાણપણું. ખ્યાલ નહિ તેથી શાસ્ત્રની વિરુદ્ધ બોલી દઈએ ? ભલે શાસ્ત્રમાં દેવતાની **અર્ધમાગધી** ભાષા હોય, પણ બીજા સંસ્કૃત બોલે તેનું શું ? શાસ્ત્રનું એકવચન શાસ્ત્રાનુસારીને માટે બસ છે. તુલનાત્મક દૃષ્ટિએ–અહીંથી કાળ કરીને દેવતામાં જાય

તે બધા વીતરાગ હોય એમ કહેવાય નહિ, સરાગ પણ હોય. સરાગપણે જે દેવતામાં ઉત્પન્ન થાય તે પોતાનાં બૈરી છોકરાંને અંગે રાગવાળો હોય, તેથી '**वृणुस्व वरं वृणुस्व वरं !**' ડોશી, બાળ, બોલે ત્યારે શું કહે? કહે તો '**धावत धावत लोकाः**' જેવું થાય. જગતની ભાષા સંસ્કૃત નથી, પણ અઢારે દેશથી મિશ્રિત પ્રાકૃત ભાષા છે. તેમાં અઢાર દેશના શબ્દો દાખલ થયા હોય. રેલ્વે, ફાનસ વગેરે શબ્દો બધી ભાષામાં પેસી ગયેલા છે. ત્યાં ભાષાને અંગે અજાણપણું નહિ. દેવતાને આબાલગોપાલની ભાષામાં બોલવું પડે. લડાઈઓ જાગે છે, અનેક દેશનાં લશ્કરો હોય, બધા સમજે તેવી ભાષામાં બોલવું જોઈએ. લશ્કરને અંગે નિયમિત ભાષા કરવી પડે. તે વિના એકસરખો સંદેશો આપી શકાય નહિ.

## બધા સમજે તેવી ભાષાની જરૂર

દેવતાઓને આરાધવાનો ઇજારો અમુકે જ રાખ્યો નથી. દેવતાની સ્તુતિ બધા કરી શકે. દેવતાની સ્તુતિનો હક્ક બધાને છે. દેવતાની પ્રાર્થના કયા શબ્દોમાં હોય? જો દરેકની પોતપોતાની ભાષામાં હોય તો ઘોંઘાટ થાય. જે મનોહરતા છે તે રહે નહિ. દેવતાનું આરાધવાનું દરેકને માટે શક્ય, જરૂરી હોય તો સર્વને ચાલતી એવી ભાષા હોવી જોઈએ. તેથી અઢાર દેશ મિશ્રિત ભાષા રાખવી પડી. પૂર્વ ભવના રાગને અંગે આરાધવાની યોગ્યતા દરેકને મનેલી હોવાને અંગે, વરદાન માગનારા જુદી જુદી ભાષાના હોવાને લીધે ભાષા બધા સમજી શકે તેવી રાખવી જોઈએ.

## દેશવ્યાપક તરીકે પ્રાકૃત ભાષા

તે વખતે કઈ ભાષા હતી? અશોકના શિલાલેખો કયા ધર્મને અંગે છે? તેનો નિર્ણય કરવો મુશ્કેલ છે. લગભગ બધા દેશમાં અશોકના શિલાલેખ મળ્યા છે. એક પણ શિલાલેખ **સંસ્કૃતમાં નથી**, એ શિલાલેખો તે તે દેશની રૈયતને ઉદ્દેશીને લખવામાં આવ્યા છે

રાજા આમ માગે છે, ધારે છે, માટે આમ કરવું એમ દેશને ઓર્ડર (order) કરવો હોય, તો દેશના ઓર્ડરને માટે જે ભાષા લખાય તે તે લોકો સમજતા હોવા જોઈએ. તે વખતે તે ભાષા પ્રવાહ તરીકે ચાલતી હતી. સંસ્કૃત ભાષા પ્રચલિત નહોતી. દેશ-વ્યાપક તરીકે જો પ્રાકૃત ભાષા ન હોત તો જે અશોકને અનેક દેશોમાં લોકોની પોતાની ભાષામાં શિલાલેખ લખવાનું બનેલું તે બનત નહિ.

## એથીજ એક નિયમિત ભાષાની જરૂર

અર્ધમાગધી અને પાલીમાં અમુક અક્ષરોના આદેશમાં ફેરફાર વિના બીજો ફેરફાર નથી. પાલીનો અભ્યાસી પ્રાકૃતને સારી રીતે જાણી શકે છે. અક્ષરનો ફેરફાર થાય તેમાં નવાઈ નથી. અશોકની વખતે જે ભાષા ચાલતી હતી તેનો અમુક વિકાર થયેલો હતો. આર્ય દેશોની અંદર અઢાર દેશોને ચાલી શકે. દેશની દૃષ્ટિએ સાડી-પચીસ દેશની ભાષા તરીકે અઢાર વિભાગ છે. સર્વની આરાધનાના દરવાજા ખુલ્લા કરવા માટે, સર્વને વરદાન આપવા માટે, તેમજ તીર્થંકરો દેવતાને ઉદ્દેશીને ધર્મ કહે તે વખત એક નિયમિત ભાષા ન હોય તો જે દેવતાને કહેવાનું હોય તેમાં મનુષ્ય આવે તો તેની આબરૂના કાંકરા થઈ જાય. દેવતાની, તીર્થંકરની અને દેશની ભાષા અર્ધમાગધી હતી, તેથી ધર્મનો પ્રવાહ એકસરખી રીતે ચાલી શક્યો. બહારથી આવવાવાળાની ભાષા એકસરખી હોય તો તે બધાને બોધ થઇ શકે. હિંદીમાં અમુક સમજી શકે, અમુક ભાગ બીલકુલ નહિ. આગ્રા અજમેરમાં 'હું આવ્યો છું' કહો તો અહીં આવી ગયેલા સમજે, બીજા ન સમજે. ધર્મના પ્રતિબોધરૂપ ભાષા બધા દેશને લાગુ પડે તેવી ન હોત તો અમુક શ્રોતા જ લાભ લઇ શકત. અહીંની ભાષામાં બીજા લોકોને 'તુંબડીમાં કાંકરા' જેવું થાય પણ સામાન્ય હોય તો બધા સમજી શકે. ધર્મ, અધર્મ, આરાધના, વિરાધનાના પ્રસંગો, કૌટુંબિક વ્યવહાર, આર્થિક, ધાર્મિક વ્યવહાર જે ભાષાએ રોકી લીધા પછી જે ભાષા બાકી રહે તે સડીને

મરી જાય. દેવલોકનો વ્યવહાર મોટી સંખ્યામાં વહેતો હોય ત્યારે વિશેષ પ્રમાણમાં જે ભાષા હોય તે જ ભાષા રહે. ગુજરાતમાં રહેલા હોય, મારવાડ જઈએ, ત્યાં અહીંના અએલાને કાંઇ જરા તરા પલટો કરવાનો હોય. ઘણો ભાગ અર્ધમાગધીનો ઉપજેલો છે. આથી સ્તુતિના, નિંદાના વ્યવહારને અંગે, ધર્મને અંગે, વરદાન અંગે, ધર્મીઓના પ્રસંગને અંગે અર્ધમાગધી રાખ્યા સિવાય છૂટકો થતો નથી. શ્રાવકને ધર્મનો પ્રસંગ જેવો અહીં તેવો દેવતાનો વ્યવહાર ત્યાં પણ ખરો.

## જગત માત્રના ઉદ્ધાર માટે પ્રાકૃત ભાષા

જે તીર્થંકરની ભાષા, તે જ શાસનની ભાષા અને તે જ ભાષા દેવતાને રાખ્યા સિવાય છૂટકો નથી. તીર્થંકરથી માંડીને દેવદેવી સુધી એક ભાષામાં આવવું જ પડે. ભાષાની અપેક્ષાએ તીર્થંકર, ગણધર, કેવલી, સાધુ. સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, ભક્ત, દેવ, દેવીઓની એક જ ભાષા હોય. તેથી તે ભાષામાં તીર્થંકરને દેશના દેવી પડે છે. સર્વજ્ઞ હતા, નવી ભાષામાં ચમત્કાર દેખાડે તેમ હતું, પોતે બોલે તેવું બીજા સમજી જાય પણ ગણધરે રિપોર્ટ શામાં લેવો? રિપોર્ટરની ભાષામાં ન બોલે તો રિપોર્ટમાં ગોટાળો થઇ જાય. તીર્થંકરને તે જ ભાષામાં બોલવું થાય કે જે ભાષા ગણધરની, જે ભાષા લોકોની, દેવતાની. આથી તીર્થંકરને અને ગણધરને, સૂત્રની ભાષા અર્ધમાગધી લેવી પડે. આવી ભાષામાં જગત માત્રના ઉદ્ધારને માટે બોલે છે.

## સંસ્કાર કરેલી, કૃત્રિમ એ સંસ્કૃત

હવે જગદ્ગુરુ કોણ થઈ શકે? જગતને લાયક ઉપદેશશૈલી-ભાષા હોય તે જગદ્ગુરુ થઈ શકે. જે અર્ધમાગધી અઢાર દેશની છે તે જ અર્ધમાગધી દેવતાની ભાષા છે. અશોકના શિલાલેખોથી, પાતાંજલિના ભાષ્યથી કહો—અશુદ્ધ શબ્દ ઓળખાવવા કે શુદ્ધ

ઓળખાવીને તે બોલતાં શીખવવું? શીખવવું શું? અશુદ્ધ નહિ બોલતાં શીખવતા પાર ન આવે. કોઈ દેશમાં ગાયને માટે અમુક શબ્દ વપરાય છે. દેશ, દેશની ભાષા કેટલી બધી, તેની અશુદ્ધિ સમજાવવી તે કરતાં 'ગો' શબ્દ શીખવવો ઠીક છે. 'ગો' શબ્દ એક દેશમાં બોલાતો ન હતો. સંસ્કૃત એ પાતંજલિની વખતે દેશભાષા ન હતી. ફલાણા દેશમાં 'ગો' શબ્દ બોલાય તે લખવું પડત. પાતંજલિની વખતે એક પણ ભાષાનો શબ્દ 'ગો' ન હતો. દેશદેશની ભાષાને જણાવતા શબ્દો અર્ધ-માગધીના હતા. સંસ્કૃત એટલે સંસ્કાર પામેલી એટલે મૂળ કાંઈ બીજી ચીજ છે. શાક અને વઘાર એ જુદી ચીજ છે. નહિ તો વઘારેલું બોલવાનો પ્રસંગ ન આવે. સંસ્કાર કરેલી, કૃત્રિમ એ સંસ્કૃત. આથી સંસ્કૃત શબ્દ જ કહી આપે છે કે તે કૃત્રિમ છે. શીલાંકાચાર્યે લખ્યું છે કે ગણધરોની રચના સંસ્કૃત-કૃત્રિમ ભાષા વડે નથી. નિર્યુક્તિકારે જે લખ્યું તેના અર્થમાં તેમણે લખ્યું છે.

શંકાનું સમાધાન કરી શકે તેનું જ વ્યાખ્યાન સાંભળવા લાયક.

"સ્વાભાવિક એટલે પ્રાકૃત '**न तु कृत्रिमेण संस्कृतेन, प्रकृतं संस्कृतम्, तत्र भवम् प्राकृतम्**' પ્રકૃતિ એટલે સંસ્કૃત અને સંસ્કૃતમાંથી થયેલું તે પ્રાકૃત એમ હેમચંદ્રસૂરિજી જણાવે, **પ્રાકૃતવ્યાકરણમાં** જણાવે. સૂત્રકારે, નિર્યુક્તિકારે પ્રાકૃતને અસલ માની જ્યારે હેમચંદ્રાચાર્યે સંસ્કૃતને અસલ માની. લખેલું કહી દે-એવું કહેવાવાળા પાસે સમકિતીઓથી વ્યાખ્યાન સંભળાય નહિ.

## ગાયનું દૃષ્ટાંત [7]

એક વખત ગાય ચરવા ગયેલી, ટાંટિયો ભાંગી ગયો, ચાલે જ નહિ. મારે કરવું શું? બેસી રહેવું પાલવે? એવામાં કોઈ ગામ વેચાતી લેવા આવેલો. શરીરે હૃષ્ટપુષ્ટ, આંચળ ભરેલા, કિંમત ઠરાવી. રોકડા પૈસા આપે તો વાત. ગાય લેવા આવેલો એટલે પૈસા લઈને આવે, રકમ લઈને પેલો તો ઘરે ગયો. આણે ગાયને ઉઠાડવા માંડી,

પગ તૂટેલો, શરીરે લષ્ટપુષ્ટ. માર્યા, ઠગાયા, અરે શું થાય? આંધળાને બહેરા મળે તેમ તેને થયું. તેણે વિચાર કર્યો કે કોઈને ખોળવા દે. કોઈ બીજો ગામ લેવા આવ્યો. મેં કમમાં લીધી પણ કોણ ખટપટમાં પડે તેથી વેચી દઉં છું. કિંમત ઠરાવી, પેલો કહે જરા તપાસવા દે, એટલે પેલો કહે મેં બેઠી લીધી છે તેથી તમ લે: 'હું અક્કલનો આંધળો તેથી મારે આંધળા બનવું.'

ગુરુ પાસેથી સાંભળ્યું હોય, બીજો શંકા કરે. ગુરુએ કહ્યું, તેટલું સંભળાવવું છે. બીજું પૂછશો નહિ. આથી જે શંકાનું સમાધાન ન કરી શકે તેની પાસે વ્યાખ્યાન સંભળાય નહિ. ગુરુ પાસેથી સમજીને લો, બીજાને સમજાવીને આપો. મેં તો બેઠી લીધી છે. તારે બેઠી લેવી હોય તો લે. ગાયનો પગ ખોડો છે કે કેમ તે પરીક્ષાનું સ્થાન છે. કેટલા વેતર થશે? તો કહેવાય જ્ઞાની જાણે. પગ જેવી ચીજ પોતે જુએ નહિ બીજાને જોવા દે નહિ. જેનો ખુલાસો થઈ શકે તેવો હોય તેમાં 'ગુરુ પાસેથી લીધું છે. તારે સાંભળવું હોય તો સાંભળ' એમ ન કહેવાય. સૂત્રકારે કહ્યું છે તેમ કહું છું એમ ન ચાલે. હેમચંદ્રાચાર્ય મહારાજે કહ્યું છે તેમ કહી દો તેથી ન ચાલે. 'કહ્યું તે સંભળાવી દીધું' તેવાની પાસે વ્યાખ્યાન સંભળાય નહિ. વિરોધ મેલીને ચાલ્યા જવામાં આવે તો નુકશાન.

## વસ્તુની ખૂબી સમજાઈ નહિ

હેમચંદ્રાચાર્ય મહારાજે આ વાક્ય કયી જગો પર કહ્યું છે? સિદ્ધહેમ વ્યાકરણના આઠમા અધ્યાયમાં. સૂત્રો કયી રીતે કરવાં છે? સંસ્કૃતથી જે કાંઈ જુદું પડતું હોય તે માત્ર કહેવું છે. સાત અધ્યાયમાં કહેલાથી જુદું પડતું તે આઠમા અધ્યાયમાં કહેવું છે. સાત અધ્યાયે સાધેલું તે મૂળ રાખ્યું. તેમાં પલટો કરીને કરવાનું તેને માટે આઠમો અધ્યાય. આઠમાના સૂત્રની અપેક્ષાએ મૂળ વસ્તુ સંસ્કૃત. તેમાં ફેરફાર કરીને પ્રાકૃત કરી. શાસ્ત્ર રચનાની અપેક્ષાએ છે, ભાષાની અપેક્ષાએ નથી. 'अथ प्राकृतम्' અહીં દેશ્ય

પ્રાકૃતનો અધિકાર નથી. સંસ્કૃત કહેવાઈ ગયેલું છે. સંસ્કૃતજન્ય પ્રાકૃતનો અધિકાર છે. કહો આ ઉપરથી હેમચંદ્રાચાર્યે ચોકખી રીતે જણાવ્યું કે અહીં પ્રાકૃત માત્રનો અધિકાર નથી. સંસ્કૃતના સૂત્રો પછી જે વિકાર કરીને પ્રાકૃત બનાવવામાં આવે તેનો અધિકાર છે. સંસ્કૃતથી જે પ્રાકૃત બનાવાય તેનો અધિકાર છે. પ્રાકૃત માત્રનો અધિકાર નથી. આ જર્યા ચોકખું જણાવ્યું છે. એ અર્થ પ્રાકૃત ભાષાને લગાડી દેવો અને વિરોધ જણાવવો તે કોનું કામ? શંકા–હેમચંદ્રાચાર્યે એવું આંધળું અનુકરણ કેમ કર્યું? એમણે પહેલા અધ્યાયમાં પ્રાકૃત રાખવું હતું ને? આઠમા અધ્યાયમાં કેમ રાખ્યું? 'અથ'નો આનંતર્યા અર્થ કરીએ તો હવે નહિ તો હમણાં. સ્વાભાવિક ભાષા પ્રાકૃત હતી તેનો સંસ્કાર થયો તેથી સંસ્કૃત થયું એમ કહેવું હતું. પ્રાકૃત ચંડવ્યાકરણ, પાણિનીની કરતાં પહેલું છે તે સીધું છે. સ્વાભાવિક પ્રાકૃત ભાષાને અંગે સીધું જ પ્રાકૃત. ક્રમ સીધો હતો તે છોડીને આમ કેમ કર્યું? સમા૦–દેશ, કાળ, મનુષ્યોના પ્રસંગને ન જાણે તે વસ્તુની ખૂબીને ન સમજે તે સ્વાભાવિક છે.

## રચનાની અસર છે, ભાષાની નહિ

કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રાચાર્યને આ વ્યાકરણ શા માટે? કોની પ્રાર્થનાથી કરવું પડયું? સિદ્ધરાજ જયસિંહની પ્રાર્થનાને અંગે કે કુમારપાળની? સિદ્ધરાજ કયારે પસંદ કરે? એના પંડિતો તિરસ્કાર ન કરે ત્યારે. અરુચિવાળા ન થાય ત્યારે. આવી રીતે સિદ્ધરાજને ખેંચવો છે. બ્રાહ્મણનું સામાન્ય જામેલું છે તેમાં વ્યાકરણ પાસ કરાવવું છે. કઇ રીતે થાય? એકલું પકડી રાખે તો પાસ ન થાય. વ્યાકરણોમાં પહેલાં સંસ્કૃત કરીને વરરુચિએ અને પાણિનીએ પછી પ્રાકૃત વ્યાકરણ કર્યું. પાણિનીએ અષ્ટાધ્યાયી કર્યું. પ્રાકૃત વ્યાકરણ જુદું કર્યું પણ અષ્ટાધ્યાયીમાં સ્થાન ન આપ્યું, ત્યારે હેમચંદ્રાચાર્યને પ્રાકૃતને અષ્ટાધ્યાયીમાં સ્થાન દેવાનું થયું. સંસ્કૃતની સાથે સ્થાન અપાવી દેવા માટે સંસ્કૃતના સાત અધ્યાય કરી, આઠમા અધ્યાયમાં પ્રાકૃત કરેલું. આ

રચનાની અસર છે, ભાષાની અસર નથી. રચનાની સ્થિતિ લઉં છું, ભાષાની સ્થિતિ લેતો નથી.

## ધર્મ સમજવાનો સૌને હક આપ્યો હોય તો જૈનોએ

જગતનો ધર્મ બની શકે ભાષાના મુદ્દાએ, સર્વ અધિકારીના મુદ્દાએ. જગતની ભાષાને ધર્મમાં જૈનોએ લીધી છે. ધર્મ સમજવાનો આબાલ-ગોપાલને હક આપ્યો હોય તો જૈનોએ. હિંસા છોડવામાં જૈન બચ્ચો કસાઈને ન કહે કે "**સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ**" ચાહે જે વર્ણનો, આશ્રમનો હોય, હિંસા વગેરેથી વિરતિ કરવાને લાયક છે. પોતાનો જે ધર્મ પાંચેના સંવરનો તે સર્વને માટે ખુલ્લો. ચાહે જુવાન, વૃદ્ધ, પુરુષ, સ્ત્રી બ્રાહ્મણ, કે વૈશ્ય હોય પણ તેઓના માટે ધર્મના દરવાજા ખુલ્લા છે. આવો જે હોય તે જગતનો તારક ગુરુ બની શકે. જેણે પોતાના દરવાજા આશ્રમ, વર્ણના નામે બંધ કરેલા હોય તે જગદ્ગુરુ તરીકેના વચનમાં શોભતા નથી.

## સૌને હિતકારક વસ્તુ પ્રથમ જ હોય

ધર્મ કરવાનો સર્વને અધિકાર. આથી ભાષા પણ સર્વને માટે યોગ્ય. ગણધરે જગતના હિતને માટે ચૌદ પૂર્વોની રચના કર્યા છતાં, પહેલી હિતકારક વસ્તુ પહેલી ગોઠવવી જોઇએ. એવી ચીજ કઈ? **આચારાંગ.** એ નિર્જરાનું સ્થાન હોવાને લીધે, બાલગોપાલને હિતકારક હોવાને લીધે **આચારાંગની** સ્થાપના પહેલી કરવામાં આવી. વ્યવહારમાં પ્રથમથી જ માબાપ કહેવડાવીએ છીએ. માબાપની સમજણ થાય પછી માબાપ કહેવડાવવું જોઇએ એવું કોઇ જગાએ નથી. સમજણની પહેલાં પ્રવૃત્તિ થાય. પહેલી પ્રવૃત્તિ કરવામાં આવે છે, અને તે જરૂરી છે. આચારની જરૂરી હોવાને લીધે **આચારાંગને** પહેલે નંબરે ગોઠવ્યું. **આચારાંગથી** પ્રવૃત્તિ નક્કી થઈ પછી **સૂયગડાંગમાં** વિચારો બતાવ્યા. આચાર વિચારની વ્યવસ્થા કર્યા છતાં બંધારણ જોઈએ. બંધારણના વાડા કરનારાએ ભૂંકનારાને જુદા ગણવા ન જોઈએ.

તમે ભૂકનારી જાત નહિ. વાડો થયો, ભસતાં ભૂંકતાં શીખવું જોઇએ. બંધારણમાં પવિત્રતા જોઇએ, તે માટે ઠાણાંગજી. તે ઠાણાંગજીમાં પંચ મહાવ્રતોમાં પહેલું મહાવ્રત કહ્યા પછી બીજાનો અધિકાર છે તે અગ્રે.

# વ્યાખ્યાન ૩૦

## માત્ર વિચક્ષણને માટે કરવું નથી

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેડાવવા માટે પહેલાં ચૌદ પૂર્વોની રચના કરી. બારમા અંગની રચના કરી છતાં, માતા પુત્રના પોષણ ઉપર ખ્યાલ રાખે. એક રીતે પોષણ ન થાય તો જુદી જુદી રીતિ અમલમાં મેલે, તેમ ગણધર મહારાજને એકલા વિચક્ષણને માટે જ કરવાનું નથી. ગણધરને બાળકો, મધ્યમ બુદ્ધિવાળા, સ્ત્રીઓ, પુરુષો માટે–સર્વને અંગે કરવું છે. શાસનની પ્રવૃત્તિ મોક્ષમાર્ગ પ્રવર્તાવવામાં છે. તેથી જો એકલા પૂર્વની, બારમા અંગની રચના કરીને અટકી જાય તો આપણી દશા શી થાય ?

## નહિ તો જંગલી જાનવર જેવી સ્થિતિ થાત

ઉદ્ધારનું આલંબન તે સિવાય દુઃષમ કાળમાં નથી. તીર્થંકરની, કેવલીની હાજરીના વખતમાં તે મહાપુરુષોનો સંજોગ હતો. ત્યાં આપણો બેડોપાર થાત. અત્યારે તે પુરુષો નથી તેવા વખતમાં ઉત્પન્ન થયેલા આપણે, તેની દશા શી હોય ? જો શાસ્ત્ર જેવી ચીજ ઉપદેશક પાસે નથી તો આપણી દશા શી ? જાનવરમાં જંગલી જાનવર તેના જેવી દશા આપની હોય. જીવ આદિ તત્ત્વોનું નિરૂપણ, પુણ્યપાપનું વહેંચણ તે રૂપ ધર્મની જે ધોરી નસ તે આપણને ક્યાં મળવાની હતી ! અરર, જેમ કોઈ વિધવાબાઈ હોય તેના માથાનું છત્ર તૂટી જાય તો નિરાધાર. તેમ આગમરૂપી છત્ર, મુરબ્બી ન હોય તો આ કાળમાં પ્રાણીઓની

દશા શી થાય? બારમું અંગ રહેત નહિ અને અંગો રચાયાં ન હોત તો આપણી દશા નિરાધાર થાત.

**મારવાડ જેવી ભૂમિને તો આ જ આગમ કલ્પવૃક્ષ**

દેવ પરોક્ષ છતાં ગુરુ ઉપદેશ દ્વારા ધર્મનું સ્વરૂપ બતાવીને ખેંચે છે. તે ખેંચનાર ફક્ત આગમ છે. દેવાદિક, સમ્યગ્દર્શન આદિ રત્નોને દેખાડનાર જગતમાં શ્રુતજ્ઞાન ન હોત, તો તેવી ચીજ જ ન હોત. પૂર્વો એ કલ્પવૃક્ષવાળું નંદનવન, નંદનવનમાં ઠામઠામ કલ્પવૃક્ષો— બારમું અંગ એ કલ્પવૃક્ષવાળું નંદનવન, પણ મારવાડની ભૂમિ જેવા દુઃષમ કાળમા આ જ આગમ કલ્પવૃક્ષ. નંદનવનનાં કલ્પવૃક્ષો સારાં છે પણ મારવાડીઓને માટે નકામાં છે. એને તો જે પોતાને સ્થાને હોય તે ભલે આંબો હોય તે કલ્પવૃક્ષ; તેમ આ દુઃષમ કાળમાં તો ચૌદ પૂર્વ, બારમા અંગરૂપી કલ્પવૃક્ષ મળ્યું નથી તેવા વખતમાં આપણું કાર્ય કરી દેનાર અંગપ્રવિષ્ટ—અગિયાર અંગ. તે દ્વારાએ કાર્ય થાય. જો એ અગિયાર અંગોની રચના ગણધર મહારાજાએ ન કરી હોત તો આપણી શી દશા થાત? જંગલી અને આપણામાં શું ફરક રહેત? ગણધરે ચૌદ પૂર્વોની, બારમા અંગની રચના કરી. તેમાં સર્વ હકીકત આવી ગયેલી હતી. કોઈ હકીકત બાકી ન હતી. આખા જગતની સર્વ હકીકત તેમાં સંપૂર્ણ રીતે આવી ગયેલી હતી. મોટો છોકરો કોઠારમાંથી લઇને ખાય તેવો હોય તેથી માતા નાના છોકરાને ચોળાને આપવામાં અચકાય નહિ. બુદ્ધિવાળાઓનું હિત કરવા સાથે આપણું પણ હિત કરવું એ ગણધર મહારાજાનો મુદ્દો તેથી અગિયાર અંગની રચના કરવી પડી. ગણધર મહારાજ પોતાની ફરજ સમજતા હતા, મારે બનાવવું એટલે બનાવવું એમ સમજતા ન હતા, પણ સમગ્ર જગતના જીવોનું હિત થવું જોઇએ એમ સમજતા હતા. આંધળાને દોરડું દેવું, તેમ કરવાથી ન આવે તો હાથ પકડીને, તેમ નહિ તો ડૂબકી મારીને લાવી શકાય. કાંઠે બેઠેલાનો મુદ્દો કર્યું એ દેખાડવનો નથી, તારવાનો છે. તેવી રીતે ગણધર મહારાજનો મુદ્દો

શ્રુતને કહી દઉં એટલે બસ છે એમ નથી. દરેકનું હિત કરવું એ મુદ્દો છે તેથી અગિયાર અંગની રચના કરવી પડી. બારમા અંગમાં સમગ્ર નિરૂપણ છતાં જગતનું હિત કરવા બેઠા છે તેથી હિત ઉપર મુદ્દો હોવો જોઇએ. પછી હું રચી શકું છું કે નહિ તે મુદ્દો ન હોવો જોઇએ.

## ગણધરની પંડિતાઇ કે શોભાને માટે સૂત્રો પ્રવર્તેલાં નથી

શાસનના હિતને માટે સૂત્રો પ્રવર્ત્યાં છે. ગણધરની પંડિતાઈ કે શોભાને માટે સૂત્રો પ્રવર્તેલાં નથી. શાસનના હિત માટે પ્રવર્ત્યાં હોય તેને પહેરામણી સંઘમાં પહેલાં કરવામાં આવતી હતી. સાધર્મિક-વાત્સલ્ય-ધર્મના સરખાવટને અંગે વાત્સલ્ય, તો જેમ જેમ ધર્મની અધિકતા તેમ વાત્સલ્યની અધિકતા. સંઘને પોતાને ઘેર નોતરે. મોટો રાજા હોય તે બધા બ્રાહ્મણોના પગ ધોઈ પીએ. આ સ્થિતિએ તમામ સાધર્મિકની ભક્તિ કરવી જોઇએ. તેમાં દરેકને પહેરામણી આપવામાં આવે. આપણે વહેંચવું છે તેમાં જઇએ છીએ. તેમ ગણધર એવું વિચારી લેત કે મારે તો રચવું છે તે રચીશ, ન સમજે તો તેના નસીબ. તમે એના ઉપકારને માટે પ્રવર્ત્યા હોત તો જેવી રીતે ઉપકાર થાય તેવી રીતે પ્રવર્તવું જોઇએ. આથી બાળ, સ્ત્રી, મધ્યમ વર્ગના માટે અગિયાર અંગની રચના.

## જગતની ભાષામાં તીર્થંકરો બોલ્યા અને ગણધરે તે જ ભાષામાં રચના કરી

તીર્થંકર મહારાજે અઢાર દેશની મિશ્રિત ભાષામાં નિરૂપણ કર્યું. જગતની અનુકૂળતા માટે અર્ધમાગધી ભાષા રાખી હતી તો હવે ભાષા કેમ ન ફેરવવી? તે વખતની ભાષામાં ધર્મ કહેવાનો રાખ્યો તેથી જગદ્ગુરુ બની શક્યા. અત્યારે ગુરુ, હે ચેલા! એમ કહેવા માગે છે પણ ચેલો ગુરુ એમ કહેવા માગતો નથી. જે જગતને ધર્મનો શબ્દ સમજાવતો નથી તે ચેલા ઉપર ગુરુપણું સ્થાપી દેવું છે. ચેલાની ભાષા બોલવી નથી, ચેલો પોતે બોલે તે સમજતો નથી, તો ચેલા

ક્યાંથી? તીર્થંકરનું જગદ્ગુરુનું જે પ્રખ્યાત બિરુદ તે પોતે પોતાની મેળે લગાવ્યું છે? આખા જગતને લાયકની ભાષામાં ધર્મનો અધિકાર તીર્થંકરનો ગણ્યો હતો તે અધિકાર શબ્દ માત્રથી પકડવા પ્રયત્ન કર્યો એમ કહેવાય. આથીજ જગતની ભાષામાં તીર્થંકરો બોલ્યા અને ગણધરે તે જ ભાષામાં રચના કરી.

## સિદ્ધસેન દિવાકરને પ્રાયશ્ચિત્ત કેમ?

શંકા—સિદ્ધસેન દિવાકરે સંસ્કૃતનો પ્રચાર વધ્યો હતો તે વખતે સંસ્કૃત ભાષામાં કરવાનું કહ્યું. આથી તે વખતે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પ્રાયશ્ચિત્તને માટે લાયક કેમ બન્યા? પારાંચિત પ્રાયશ્ચિત્ત મોટામાં મોટું, છેલ્લામાં છેલ્લું. જગતની ભાષામાં બોલવું તે ઉપકાર. ઉપકારની વાત દૂર રહી. પ્રાયશ્ચિત્ત શું જોઈને? તીર્થંકર, ગણધરને જગદ્ગુરુનું બિરુદ મળ્યું તો સિદ્ધસેન દિવાકરે તે વખતની પ્રચલિત ભાષામાં કરવા કહ્યું તેને પ્રાયશ્ચિત્ત કેમ? ભાષાને અંગે તીર્થંકરનું ઉપકારીપણું મળ્યો તો સિદ્ધસેનને પ્રાયશ્ચિત્ત આપ્યું શી રીતે? એમણે લીધું કેમ?
સમા૦—સિદ્ધસેન દિવાકરજીએ "**नमो अर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः** કહ્યું પછી બીજું કરવા આજ્ઞા માગી. એક વાત ધ્યાનમાં રાખવી કે આજકાલ દિવસે દિવસે ભાષા સુધરતી આવે છે. પહેલાંના દસ્તાવેજોને જો કોઈ મનુષ્ય ફરી કરી દેતા કાગળ ઉપર લખે તો સુધારો કર્યો કહેવાય કે નહિ? પટા, પરવાના, સનંદો રદ કરીને સુધરેલી ભાષામાં લખે તો શું થાય? દસ્તાવેજમાં ભાષા એ તત્ત્વ નથી, સમર્પણ એ તત્ત્વ છે, હુકમ તત્ત્વ છે. તેથી પહેલાંના દસ્તાવેજો ચાહે જેવી ભાષામાં હોય. પાદશાહના સિક્કાઓ ગામડિયા ભાષામાં હોય તો તેની નકલ તેવી કરવી પડે, નહિ તો દસ્તાવેજ રદ થાય.

## તો આગમો સર્વજ્ઞપ્રણીત ઠરી શકતે નહિ

સિદ્ધસેનના કહેવા પ્રમાણે બધાં આગમો સંસ્કૃતમાં કરવામાં આવ્યાં હોત તો ભાષાના ઇતિહાસની અપેક્ષાએ તમારા આગમો ક્યારના ઠરત? સિદ્ધસેન દિવાકરના વખતના ઠરત. શંકા—સાત લાખ

અને અઢારે પાપસ્થાનકનું વિવેચન જુદો જુદો પર છે, પણ આ પડિક્કમણામાં ક્યાંથી ઘુસ્યું ? ચોરાસી લાખ જીવાયોનિમાં ક્યાંથી ઘૂસ્યું ! સમા૦—આ જે ગુજરાતી છે તે બાળજીવો સમજે તે માટે રાખ્યું છે. પડિક્કમણું કાઢી નાખ્યું નથી. આ ભાષા તો આધુનિક છે. પડિક્કમણાની ગરબડ કરી નાખે તો ! આગમની ભાષા સંસ્કૃત કરી નાખત તો કોણ માનવા પામત ? સંસ્કૃત ભાષા તે વખતે લોકોમાં પ્રચલિત હતી તેનો લેખ નથી. લોક ભાષા તરીકે સંસ્કૃતનો પ્રચાર ચૌદસો, પંદરસો પહેલાંનો નથી. શિલાલેખ જાહેર ચીજ. પુસ્તક તો પંડિત કરે. શિલાલેખ જગતને દોરવા માટે હોય. ગ્રંથ જગતની સ્થિતિને માટે નહિ. સંસ્કૃતનો શિલાલેખ તેરસો, ચૌદસો પહેલાંનો નથી. તે પહેલાના માગધી, પાલીમાં મળશે. સિદ્ધસેનની મકસદ બર આવી હોત તો, આગમો સંસ્કૃતમાં કરવાનું સંઘે કબૂલ કર્યું હોત તો તે સર્વજ્ઞપ્રણીત ઠરી શકતે નહિ.

## ઉખાણા લોકોમાં હોય નહિ

દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે વલ્લભીપુરમાં ઉદ્ધાર કર્યો પણ પ્રક્રિયા મગધની. ઉદ્ધાર કર્યો કાઠિયાવાડમાં પણ તેની ભાષા નહિ. તે વખતની જે વ્યવહારિક સ્થિતિ, નિવર્તન શબ્દ. 'વીઘું' વસો માટે છે તે મગધ દેશનો છે. તેનો પુરાવો કૌટિલ્ય અર્થશાસ્ત્ર. બૌદ્ધના શબ્દો જૈન આગમમાં છે. ઉખાણાં છે. તે જૈન મતના ગ્રંથમાં આવી જાય. બીજાઓ કરે તો તેમાં પણ આવી જાય. તે વખતના પ્રચલિત ઉખાણા જૈનોમાં છે, ને બૌદ્ધોમાં પણ છે.

## સિદ્ધસેન દિવાકરની રીતે તો શાસન ઊથલી જાત

અત્યારે જો કદી જૈન શાસ્ત્રમાં કાઠિયાવાડના શબ્દો હોત, રીતરિવાજો હોત, ક્ષમાશ્રમણજીના ઉદ્ધરેલા ઘૂસી ગયા હોત તો આગમની દશા શી થાત ! તે વખતની ભાષા કરી નાખી હોત તો શાસનની જડ ઊડી જાત, શાસનમાં હતું શું એમ થાત. એ વિચાર કર્યો હોત તો આગમ સર્વજ્ઞપ્રણીત છે એમ

સાબિત થાત નહિ. શત્રુરાજ્યમાં વાવટો ચઢાવવાની દરખાસ્ત કરે તે બોલવાની સાથે ખાણુપાણુનો વરસાદ થાય. સર્વજ્ઞપણું ઉખડી જાય તેવી દશા સિદ્ધસેન દિવાકરે કરી. મહાવીરના સમયની ભાષા આગમમાં છે. લોકરૂઢિ તરફ અભિરુચિવાળી સિદ્ધસેનની દરખાસ્ત હતી. ભાષાની ચતુરાઇએ લખાણ કવિ લખે તેને માનવા કોણ તૈયાર? ફાલતુ મનુષ્ય, સત્તા નહિ. શબ્દ, વાક્યની રચના સુંદર છે છતાં રાજા કરતાં કવિના ઓર્ડરને માનવા કોઇ તૈયાર નથી. સેક્રેટરિ (Secrotry), ગવર્નર(Govnery)નું કહેલું લખે છતાં સિક્કો, સહી ગવર્નરની જોઇએ. એ સિક્કો, સહી ઊડી જાય તો કિંમત કેટલી? એ કરવાથી આગમોનું સર્વજ્ઞકથિતપણું નાશ પામત. શાસન જયવંતુ વર્તવાનું છે કે જેને લીધે સિદ્ધસેનની માગણી કબુલ ન કરી. એ માણસના આધારે દોરાયા હોત તો શાસન ઉથલાઈ જાત. સિદ્ધસેનને પ્રચલિત ભાષા કરવા માટે પ્રાયશ્ચિત્ત આપ્યું. આથી ગણધરે જગતની ભાષામાં આગમો ગૂંથ્યાં તે લાયક હતું. જે આજકાલ ડહાપણ કરે છે. આ ભાષા આમ છે. આમ કરી નાખો, એમ કહેનાર તે પારાંચિત પ્રાયશ્ચિત્તને લાયક છે. ભાય ગઈ એમ કહો તો તે દાંત કાઢે. કેમ? લાજ ગઇ એમ કહો એટલે લાજ હતી એમ થયું, તેથી સર્વજ્ઞ-પ્રણીતપણાની જે જડ તે આખી ઉખેડવા માટે પ્રયત્ન છે. આથી ગણધરોએ સમગ્રને હિત થાય તેને માટે અર્ધમાગધીમાં રચના કરી.

## પાલનમાં વ્યવહાર છે

પહેલી સ્થાપના આચારાંગની કરી. જૈન શાસન અંદરની શુદ્ધિને સાધ્ય તરીકે માને છે. પાલનમાં વ્યવહાર છે. આટલા માટે કહું છું કે "નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી પાલે જે વ્યવહાર" શ્રુતકેવલી બીજાને શંકા હોય તેનું સમાધાન આપે. શ્રુતજ્ઞાનમાં એટલી તાકાત છે. સામાન્ય પિંડેષણા, પાણૈષણા જેણે જાણેલી હોય અને તે આહાર લાવ્યો હોય, તે આહારને કેવલી મહારાજ અશુદ્ધ જાણે પણ અશુદ્ધ ન કહે પણ વાપરે. બહારના આચાર ઉપર કેટલો ભાર દોર્યો જોઇએ

કે કેવલી મહારાજાઓને બહારના આચારની શુદ્ધિ ઉપર ભાર મૂકવો પડયો. કેવલીને પાત્ર લઇને જવું પડે તો છદ્મસ્થોને કહેવું પડે કે અમે જઇએ છીએ. જો એમ ન હોત તો છદ્મસ્થો એમ કહેત કે અમારાથી ન સમજાય માટે આપ લઈ આવો. કેવલી મહારાજને માથે ફરજ છે, કે પોતાને કેવળજ્ઞાન થઈ ગયું હોય પણ ગુરુને ખબર ન પડે ત્યાં-સુધી છદ્મસ્થ એવા ગુરુને વંદન કરે.

## કેવલી સરખાને પણ આચાર પરત્વે જ રહેવાનું છે એટલી બધી એની પ્રબળતા

શંકા—કેવલીએ છદ્મસ્થને વંદન કરવાનું કેમ ? પેલા તેરમે, પેલા ગુરુ છઠ્ઠે. સમા૦—વ્યવહાર છે જો કેવલી ગુરુ છદ્મસ્થ હોય તો તેને વંદન કરે. તો કેવલીને જ કચરા માનવાને ? બીજાનું લાવેલું છદ્મસ્થની દૃષ્ટિએ શુદ્ધ હોય, પણ કેવળજ્ઞાનથી અશુદ્ધ હોય છતાં તે વાપરે છે. તે વ્યવહાર રાખવા. તેમ વંદન કરે તે પણ વ્યવહાર રાખવાને માટે. કેવલી કેવળજ્ઞાન પામ્યા પછી આચારમાં આવે છે. આચાર રહિત કેવલી હોય નહિ. ઉઘ્લી બે ઘડી સિવાય અન્યલિંગે ન હોય. વ્યવહારની—આચારની એટલી બધી જૈન શાસનમાં પ્રબળતા છે કે કેવલી સરખાને પણ આચાર પરત્વે જ રહેવાનું છે.

## સર્વજ્ઞ પરમાત્માના વચનથી માણસાઈ મળી છે

**મહાનિશીથ**માં પાઠ છે કે તીર્થંકર કેવળજ્ઞાની થયેલા હોય તે પણ સ્ત્રીનો હાથ પકડે તો તેમને તીર્થંકર માનવા નહિ. આ બન્યું નથી બનતું નથી ને બનશે નહિ, છતાં હદ બતાવી. **મલ્લિનાથ**જીની વૈયાવચ્ચમાં સાધ્વીઓ, સાધુ નહિ. સ્ત્રીઓ શ્રદ્ધા—સમ્યગ્દર્શનથી આગળ આવી શકે છે. સર્વજ્ઞ પરમાત્માના વચનથી માણસાઇ મળી છે. આવી જેની ધારણા હોય તેવા જ સેવા માટે ચોવીસ કલાક મથે. અત્યારે તો સર્વજ્ઞની હાજરી નથી. સર્વજ્ઞની વખત તો ઉપકાર માનનારા હોય. વળી અત્યારે પણ દેખીએ છીએ કે જ્યારે રાજા મહારાજા બહાર ગયા હોય ત્યારે તેમનો ઉપકાર માનનારા હોય જ. જે તીર્થં-

કરનો ઉપકાર જાણનાર હોય તે ચાહે તો શ્રાવક કે શ્રાવિકા હોય તો પણ પૂજા કરે.

### સમ્યગ્દર્શન હોય તો જાનવર પણ પૂજાનો અધિકારી

બૈરીઓ પૂજા કરે ? બૈરીઓ સમ્યગ્દર્શન પામે તો પૂજા કરે. દિગંબરોએ માની લીધું કે સ્ત્રીઓને મોક્ષ નથી તો સવાલ-પૂજાને અંગે શું અધિકાર નથી ? સમ્યગ્દર્શન હોય તો પૂજાને માટે જાનવર હોય તો પણ અધિકારી છે. પોપટ સરખા જિનેશ્વરની પૂજાના અધિકારી. સ્ત્રીઓ, બહેનો હલકી સ્થિતિમાં માલમ પડતી હોય તો પૂજાના અધિકારી ન હોય, એમાં અમારો ઉપાય નહિ. તે સિવાય સ્ત્રીઓ પણ પૂજાને માટે અધિકારી.

### સ્ત્રીઓથી પૂજા થાય તેના પુરાવા

શાસ્ત્રની રીતિએ પૂજાનો અધિકાર છે કે નહિ ! દ્રૌપદીએ જિનેશ્વરની પૂજા કરી, એ હકીકત ઢુંઢિયા-પ્રતિમાના શત્રુ તે પણ મોઢે કબૂલ કરે છે. ઢુંઢિયા જેવા ઉત્થાપક એ વાત કબૂલ કરે, બીજા કબૂલ ન કરે તેને કેવી સ્થિતિમાં ગણવા ? અહીં મિથ્યાત્વી હતી કે નહિ તેનો સવાલ નથી. પણ સ્ત્રી પૂજા કરી શકે કે નહિ તેનો સવાલ છે. પ્રતિમાની પૂજાનો ધ્વજ ચઢયો. દ્રૌપદીને મિથ્યાત્વી માની તો વધારે વાવટો ચઢયો. જેમ કેસરિયાજી મહારાજને અઢારે આલમ માને છે એટલે મહિમા વધ્યો ગણાય. દ્રૌપદી મિથ્યાત્વી હતી, વિવાહ જેવા પ્રસંગે, પરણવાની તૈયારીમાં, હાથે મીંઢળ બાંધવાં તે વખતે જિનેશ્વરની પૂજા કરવાનો વખત ક્યારે આવ્યો હશે ? કહો કે આખા દેશનો આચાર થઈ ગયો હોય તો. જો દ્રૌપદીને મિથ્યાત્વી માનવામાં આવે તો પૂજાનો ધ્વજ ચઢયો. સમકિતી તો પૂજે પણ મિથ્યાત્વી ક્યારે પુજે છે ? મીંઢળ બાંધ્યાં ત્યારે. શાસ્ત્રના પ્રેમી ગણાતા તેને પાણિગ્રહણ ને પૂજામાં વેર રાખ્યું હોય તો પણ પાણિગ્રહણ વખતે પૂજા કર્યા સિવાય મિથ્યાત્વીને ન ચાલે. એ વખતે પૂજાનો ધ્વજ કેટલો ચઢયો હશે ? કુંવારીને અંગે મનાઈ ન

કરીએ એમ માનીએ! પજુષણમાં પ્રભાવતીનો અધિકાર સાંભળો છો. વળી દુર્ગંતા નારીએ પુષ્પપૂજાના વિચારે પુષ્પ લીધાં. પૂજા કરવા જાય તે વખતે કાળ કર્યો, દેવલોકે ગઈ. દુર્ગંતા નરકે જવી જોઈએ ને? સ્ત્રીથી પૂજા કરાય નહિ તો આજ્ઞાવિરુદ્ધ તે દેવલોકે જાય કેમ? અંગ પૂજાને અંગે કહું છું ધૂપ, દીપ અગ્ર-પૂજામાં છે. તેને અંગે નથી કહેતો. સુવર્ણગુલિકાએ પૂજા કરેલી છે. આટલા બધા સ્પષ્ટ પુરાવા છતાં કોઈને કદાગ્રહ હોય અને સ્ત્રીઓથી પૂજા ન થાય તેમ માને તેને શું કહેવું?

## જિનમતિનું દૃષ્ટાંત જોવા લાયક

શંકા—ભગવાનને સ્ત્રીઓ અડતી હતી! ભગવાનને ન અડે તો પ્રતિમાની પૂજા કેમ કરે? સમા૦—ભગવાનની પૂજા કરે તેને સંઘટ્ટાનું પાપ લાગે. તમારા ગચ્છવાળા સાધુઓના ફોટાઓને જેટલી સ્ત્રીઓ અડકે તે મરીને નરકે જાય. અને સાધ્વીઓ તો બધીએ નરકે જવાની. આચાર્યની સ્થાપના કરશે તે બેવડી નરકે જશે. આચાર્યને અડવાની છૂટ નથી. સાધ્વીઓ આચાર્યની સ્થાપના રાખશે તે વખતે વલે શી? એમને જિનેશ્વરસૂરિ કહે છે કે મહાનુભાવ! સ્થાપનાનો કલ્પ જુદો છે. દ્રૌપદી પોતે ડૂબી કે તીર્થંકરને ડુબાડયા? સ્થાપનાને અડે તેથી દૂષણ નથી ગણાતું. દૂષણ લાગે તો સ્થાપનાચાર્યને અડકવાનું સાધ્વી, શ્રાવિકા માટે બંધ કરો. જે અભયદેવસૂરિજીને, જિનેશ્વરસૂરિજીને માન્ય કરે છે. તેમના ગુણચંદ્રજીએ બનાવેલા પ્રાકૃત મહાવીરચરિત્રમાં જિનમતિએ કેવી વિસ્તારથી પૂજા કરી છે તેનો અધિકાર જોઈ લેવો.

હવે મૂળવાત પર આવો. ગણધર મહારાજાઓએ ચૌદ પૂર્વો, બારમું અંગ રચ્યું છતાં જગતના હિતને માટે, સર્વ લોકને માટે, સર્વ લોકની ભાષામાં આચારની વ્યવસ્થા કરી.

## અમોઘકરણનું સચોટ ઉદાહરણ

"જિનપતિમા જિન સારખી" કયા મુદ્દાથી? બહુમાન, ઉલ્લાસ, જ્ઞાન—એ પ્રતિમાને દેખીને બની શકે માટે. તીર્થંકર ભગવાન વિદ્યમાન

હતા તે વખતે **મહાવીરને** કેમ ઓળખવાના હતા ? આકારથી ઓળખવાના હતા. તીર્થંકરને અંગે આત્મા ગુણ મેળવી શકે તે આકારથી. માંસનો લોચો એમનો એવો આપણો છે. એ માંસનો લોચો પૂજ્ય કેમ ? જેઓ મૂર્તિને પત્થર માનીને બોલે છે તેને માટે આ પ્રશ્ન છે. ભાવ તીર્થંકરપણું માંસના લોચા વિના હોતું નથી. 'તીર્થંકર નામકર્મ' તેને અંગે પ્રતિબોધ. માંસના હાડકાના પૂજારી ! તારી અપેક્ષાએ તું શું જોઈને બોલે છે? અમારે શરીર આત્માનો અભેદ છે. તેવો કેવળજ્ઞાનસ્વરૂપ છે.. અમારે ખુદ તીર્થંકર છે, પત્થર નથી. જેને આકાર–નિક્ષેપો ન માનવો હોય તેને હાડકાં માંસનો ઢગલો છે શું તું તીર્થંકરના આત્માને ઓળખે છે ? તું જેને ઓળખે છે તે શરીર છે: તે તો આકાર છે. જે વસ્તુથી ઉપકાર થાય છે, તેના પ્રતિબિંબથી પણ ઉપકાર થાય તેથી તેની સરખાવટ થાય તે સ્વાભાવિક જ છે. આથી જિનેશ્વરની મૂર્તિને જિનેશ્વર તુલ્ય કહેવી તેમાં અડચણ નથી. જિનેશ્વરની મૂર્તિ અને જિનેશ્વર એકરૂપે ગણાવેલાં છે. સમવસરણમાં ચારે દિશાએ પર્ષદા બેસે છે. તીર્થંકર પૂર્વ દિશા સન્મુખ હોય ત્યારે ત્રણ દિશાએ મૂર્તિ જ છે. મૂર્તિ અને તીર્થંકર વચ્ચે ફેરફાર માનવામાં આવ્યો હોત તો ઇશાન, અગ્નિ ખૂણામાં પર્ષદા બેસત ? ત્રણે બાજુની મૂર્તિઓ સરખી ગણવામાં આવેલી તેથી બીજા ખૂણાઓમાં પણ પર્ષદા બેઠી.

## જિનેશ્વરની ગેરહાજરીમાં જિનેશ્વરની પ્રતિમા

ખુદ તીર્થંકરની હાજરીમાં દેવતા દેવીઓ આવતાં હતાં કે નહિ ? તીર્થંકરની તુલ્ય એમની પ્રતિમા માનવામાં આવી હતી તેથી બાર પર્ષદા બેઠી હતી. શ્રેણિક ત્રણ કાળ મૂર્તિની પૂજા કરતા હતા. જિનેશ્વરની હાજરી ન હોય તે વખતે જિનેશ્વરની પ્રતિમા છે.

## કેવળજ્ઞાનીની કિંમત વ્યવહારને અનુસરવામાં

વ્યવહારને જૈન શાસન અગ્રપદ આપે છે. કેવળજ્ઞાનીની કિંમત વ્યવહારને અનુસરવામાં. પંદરસો સાધુ મરી ગયા તે **મહાવીરે**

કબૂલ કર્યું, તે એક વ્યવહારને માટે. જ્યાં **મહાવીર** વિહાર કરતા કરતા ગયા. ત્યાં પાંચસો સાધુઓને પ્રાણ જાય તેવી તરસ લાગી છે. કાચું પાણી ન પીવું. સચિત્ત પાણીનું તળાવ ઔષધિના યોગે અચિત્ત થઇ ગયું છે, માટે લો તેમ **મહાવીર** કહેતા નથી. સાધુઓ અણસણ લે છે. આ વ્યવહારને માટે છે. અચિત્ત તળાવનું પાણી લેવા માટે આગ્રહ ન કર્યો. ઠંડિલની બાધામાં પાંચસો સાધુ મરી ગયા. વ્યવહારના રક્ષણ માટે **મહાવીરે** પંદરસો સાધુનો ભોગ આપ્યો. એવા વ્યવહારને ધાસપૂસ જે ગણી લેવામાં આવે તો કેટલી બધી ભુલ થાત તે સમજો. સર્વને વ્યવહાર કબૂલ છે. આટલી બધી પ્રબળતા છે, તો આચારને માટે પહેલવહેલું **આચારાંગ** સ્થાપન કરવું પડે તેમાં આશ્ચર્ય નથી. વિચારની પ્રબળતા માટે **સૂયગડાંગ**. વર્ગીકરણ માટે ઠાણાંગ. તેમાં આ પાંચ મહાવ્રતનો **અનુક્રમ** શિરોધાર્ય કર્યા સિવાય છૂટકો નથી.

# વ્યાખ્યાન ૩૧

## સર્વના કલ્યાણની ભાવનાથી અગિયાર અંગની રચના

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્મસ્વામીજી**એ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે દ્વાદશાંગીની રચના કરતા થકા પ્રથમ ચૌદ પૂર્વો, બારમા અંગની રચના કરી, છતાં જેમ માતા જેવો પુત્ર હોય તેને તેવી રસોઇ આપે-નાનાં બચ્ચાંને દૂધ આપે. માતાનું હૃદય દરેક પુત્રનું પોષણ કરવું એ વિચારમાં છે, તેથી તે દરેક પ્રકારે પુત્રના પોષણની વ્યવસ્થા કરે છે, તેમ ગણધરને શાસન પ્રવર્તાવવું છે, બાળ, મધ્યમ બુદ્ધિ, પુરુષ, સ્ત્રી, મૂર્ખ, વિદ્વાન સર્વને મોક્ષને માર્ગે ચઢાવવા છે. આ ધારણા હોવાથી આખા જગતનું નિરૂપણ ચૌદ પૂર્વમાં બારમા અંગમાં થઈ ગયું હતું છતાં પિષ્ટપેષણ કર્યું. એની એ વાતોમાંથી

કેટલીક વાતો કાઢીને અગિયાર અંગોની રચના કરી. બાળકો, સ્ત્રીઓ, મૂર્ખા ગણાતા તે પણ બેનસીબ ન રહે, શાસનને પામી શકે, પાળી શકે, મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરે. આથી અગિયાર અંગની રચનાની જરૂર ગણધરોએ જોઈ.

**કોઈ પણ દેવની મૂર્ત્તિ ગૃહિલિંગે હોય નહિ**

અગિયાર અંગમાં પહેલો નંબર આચારાંગને આપ્યો. સ્થાપનાએ પહેલો નંબર આચારાંગને આપ્યો. દેવ, ગુરુ, ધર્મનો વ્યવહાર અને પરીક્ષા આચાર ઉપર રહેલી છે. આત્મા શુદ્ધ હોય પણ ખરાબ આચારવાળાને દેવ તરીકે માનવા તૈયાર નથી. જો કે અન્યલિંગે આઠે કર્મક્ષય કરીને મોક્ષે જાય તે વાત કબૂલ પણ ગૃહસ્થલિંગે, અન્યલિંગે દેવ માનવાની વાત અમારે કબૂલ નથી. શંકા– અન્યલિંગે, ગૃહસ્થલિંગે કેવળજ્ઞાન અને સિદ્ધિ છે તો પછી ગૃહસ્થલિંગવાળાને દેવ માનવામાં અડચણ શી? હથિયાર, સ્ત્રી, માળાવાળો હોય તે પણ દેવ માની શકાય! સિદ્ધિ મેળવવામાં વાંધો નથી, તો દેવ માનવામાં ગયું શું? જેને સ્ત્રી, હથિયાર, માળા હોય તે બધું પલિંગ છે એમ વાત કરે છે. કેવળજ્ઞાન અને મોક્ષ, આ બે વસ્તુ નડી નથી તો દેવપણું કેમ નડ્યું! જો અન્યલિંગમાં સિદ્ધિ કે કેવળજ્ઞાન થવામાં અડચણ નથી તેને ગુરુ તરીકે માનવામાં અડચણ શી? સમા૦–અન્યલિંગવાળા, ગૃહસ્થલિંગવાળા કથંચિત્ જૈનની સ્થિતિને જાણતા હોવાથી ભાવ–ચારિત્રમાં આવી જાય, તેથી કેવળજ્ઞાન મેળવી લે અને બે ઘડી ઓછી હોય તો સિદ્ધિ પણ મેળવી લે, પણ અન્યલિંગે કે ગૃહિલિંગે દેવ માનવામાં અમને અડચણ છે. તેનું કારણ એ છે કે–જેમ જગતમાં માંસ ન ખાવાવાળો હોય, પણ ગળે હાડકાં બાંધવાવાળો હોય તો હિંદુની હારમાં બેસવાને લાયક ગણાતો નથી. એવી રીતે આ સંસારભ્રમણનું હાડકું છે. કયું? અન્યલિંગ અને ગૃહિલિંગ. માટે તે હાડકાંવાળો ન જોઈએ. કોઈ પણ દેવની મૂર્તિ ગૃહિલિંગ તરીકે હોય નહિ. ખંધક, શિવરાજર્ષિ બધાને

લિંગ પલટાવવાં પડ્યાં. ખંધક સંન્યાસી હતા. ખંધક વગેરેને વેષ પલટવો પડયો.

**વેષ પલટાવવાની જરૂર કારણકે એ ભવભ્રમણનું ચિહ્ન છે**

ખુદ ગૌતમ ગણધર મહાવીર પાસે પ્રતિબોધ પામ્યા છતાં વેષ પલટાવવાની જરૂર શી ? કહો કે એ ભવભ્રમણનું ચિહ્ન છે. જેમ હાડકું એ માંસનું ચિહ્ન છે. જો ભવભ્રમણ બચી ગયું હોય પણ ભવભ્રમણનું ચિહ્ન રહ્યું હોય તો પણ તે ત્યાગીની લાઇનમાં બેસી શકે નહિ. રાજામહારાજાઓને ગૃહસ્થપણાનાં ચિહ્ન છોડવાં પડયાં. અન્યલિંગ શબ્દ કહી આપે છે કે આ છોડવા લાયક, ઝેર જેવી ચીજ છે.

**મોક્ષે જવું હોય તેણે સ્વલિંગ પકડવું**

અન્યલિંગ એટલે શું ? અહીં બેઠા એટલે પરધર્મી છે એટલે જૈન દર્શનને માનવાવાળા નથી. તેમ અન્યલિંગ શબ્દ કેમ વાપર્યો ? મોક્ષની વિરુદ્ધતા જણાવે છે માટે. મોક્ષના અર્થીએ આવી છાયાએ જવું નહિ. રજોહરણાદિ બધાં સ્વલિંગ, સ્વ એટલે પોતે. સ્વનું— સિદ્ધિનું આ લિંગ. કેવળજ્ઞાનીઓએ જગતને જણાવી દીધું કે જેણે જેણે મોક્ષે જવું હોય તેણે તેણે આ પકડવું. મોક્ષનું ચિહ્ન આ છે. બીજું મોક્ષનું ચિહ્ન નથી. અન્યનું ગૃહસ્થનું ચિહ્ન છે. અન્ય, ગૃહી શબ્દોની સાથે લિંગ શબ્દ મૂકયો તેથી સ્વલિંગને પણ સ્વ શબ્દ વાપર્યો છે.

**અન્યલિંગ એટલે આરંભપરિગ્રહનાં કર્મો બાંધવાનું સ્થાન**

શંકા—જેને કર્મનો બંધ, કર્મને રોકવાની વાતો કરવી છે, આત્માનું શુદ્ધ સ્વરૂપ મોક્ષ તે જણાવવું છે તેને સ્વ કયું ? અન્ય કયું ? સ્વ–પરની વહેંચણ જડ ચેતનને અંગે હોય. અમુક જડ ચિહ્ન તેને સ્વ અને અમુક જડ ચિહ્ન તેને અન્યલિંગ કેમ કહે છે ? જડ ચીજને ગૃહિલિંગ કેમ કહે છે ? સમા૦—કોઇ પ્રકારે અન્યલિંગના રસ્તે જશો નહિ. સ્વલિંગે જજો. ઝેર ખાવાવાળા પણ બચી ગયા. પાણીમાં તણાઇ ગયેલા પણ બચ્યા. પાણીમાં વહ્યા તેટલા મર્યા, કોઇ ન

બચ્યું એમ કહી શકીએ નહિ. ઝેર ખાધું તેટલા બધા મર્યા નથી. સાપે કરડયા હોય અને આયુષ્ય બળવાન હોય તો જીવી પણ જાય. આયુષ્ય બળવાન હોય ને નદીમાં તણાઇ ગયો હોય તો પણ બચે. આ ભરોસો રાખીને સાપ, પાણી, ઝેરથી નિર્ભય કેટલા બન્યા? કોઇક બચી જાય. અન્યલિંગે, ગૃહિલિંગે મોક્ષે જાય છે તે, ઝેર, અગ્નિ, સર્પ, પાણીમાં બચ્યા માનીએ છીએ તેવું છે. તેવું દેખીએ છીએ, છતાં તે ઝેર, અગ્નિ, પાણી, સર્પનો ભય ઓછો થતો નથી. પાણીમાં વહ્યો પણ બચ્યો એટલે પાણીમાં વહે તે મરી જાય. અર્થાત્ ઘણા ભાગે તો મરી જાય તેમ અન્યલિંગ એટલે છે તો સંસારમાં રખડવાનું, આરંભપરિગ્રહના કર્મો બાંધવાનું સ્થાન. કોઇક બચી જાય, બચવાની સર્વથા ના ન કહેવાય પણ અન્યલિંગ, ગૃહિલિંગ શબ્દ વાપરીને જણાવે છે કે આ તો મરી જવાનું છે.

### અન્યલિંગ સંસારમાં રખડાવનાર, સ્વલિંગ તારનાર

સ્વલિંગ એ તરવાનું સ્થાન. ખોરાક એ આયુષ્યને ટકાવનાર, રસાયણ ખાનાર બધાં જીવતાં નથી. ઊંચામાં ઊંચો ખોરાક ખાનારા મરી જાય તે દેખીને રસાયણ, ખોરાક ઉપર અણભરોસો કરીએ ખરા? એ સાધન તો આયુષ્ય વધારવાનું ટકાવવાનું છે, તેમ સ્વલિંગ એ સાધન તો મોક્ષનું જ છે. પાણી, ઝેર, સર્પ, એ જીવનનો નાશ કરનારાં છે. કોઇ બચી જાઓ ભલે. ગૃહિલિંગ, અન્યલિંગ સંસારમાં રખડાવનાર, સ્વલિંગ તારનાર. તેમાં કોઇ દુર્ગતિએ ચાલ્યા જાય. જેમ જગત ખોરાક, રસાયણથી ડરતું નથી, આયુષ્યના ક્ષયથી ડરે છે. જેમ આયુષ્યને ટકાવનાર રસાયણ છે. તેમ શુભ પરિણતિને લાવનાર, ટકાવનાર આ—સાધુવેષ છે.

### પ્રસન્નચંદ્રજી આત્મકલ્યાણને માર્ગે [7]

પ્રસન્નચંદ્ર રાજર્ષિ તો સાધુ વેષમાં હતા. તેને કેમ થયું? આ સવાલ કરનારા કાણી હાથણીની લીલા ન કહે, તો બીજું શું? પ્રસન્નચંદ્રનું દૃષ્ટાંત એવું સીધું છે કે શાસનનો તો રસ્તો બતાવી

દે. પ્રસન્નચંદ્રજીએ દીક્ષા લીધી તે વખતે રાજ્યનું શું થશે એવો વિચાર નથી કર્યો. બાળક પુત્ર છે. રાજ્યનો કારભાર છે. રૈઢિયો હોય તો રીબીવર નામી દે. મોટા રાજ્યમાં ન ધણિયાતું ખાતું થાય તેમાં પરિણામ શું આવે? તેની ચિંતા ન કરી. થવાનું હોય તે થાઓ. મારે તો નીકળવું. **સંસારમાં પાછળ રહેલાની ચાહે તે સ્થિતિ હોય તેની ચારિત્ર લેનારે દરકાર કરવી નહિ.** ચોથા આરાવાળાને આટલું કરવું પડે તો પાંચમા આરાવાળાને વધારે મહેનત પડે. સારાં લૂગડાંને સાફ થતાં મુશ્કેલ તો કોલસા જેવાને માટે કેટલા સાબુની જરૂર પડે! મોક્ષ—આત્મકલ્યાણ માટે નીકળ્યા છે. પાંચમા આરામાં સાધ્યતા મોક્ષની રાખી છે. સાધન બંધ નથી, સિદ્ધિ બંધ છે. જે વખતે બાળકને છોડીને રાજા નીકળે તે વખતે રાજકુટુંબમાં કકળાટ ન હોય એમ સ્વપ્ને પણ માની શકો ખરા? બધાંનો કકળાટ વહોરીને દીક્ષા અંગીકાર કરવી તે શ્રેય મનાઈ હતી. પ્રથમ આ પગથિયું આવશે. પ્રસન્નચંદ્ર—જ્યાં રાજગૃહી નગરી, શ્રેણિક સરખા રાજવી, અભયકુમાર જેવા બુદ્ધિશાળી પ્રધાન, ત્યાં પણ દુનિયા દોરંગી ચાલતી હતી. દોરંગી દુનિયાની અસર આત્મા ઉપર થવી ન જોઈએ. ખુદ **મહાવીર** બિરાજ્યા છે, સમોસર્યા છે. શ્રેણિક સરખા રાજવી, અભયકુમાર જેવા પ્રધાન ત્યાં દુનિયા દોરંગી. દીક્ષિત થાય તેનાં કુટુંબીઓ માથાં ફોડે તેમાં ધર્મ છે. કલ્પાંત કરે તેમાં ધર્મ છે, પણ જે કુટગલીઆ ફતવા ફજેતા કરે તેનું શું થાય? કુટુ**બીના કલેશમાં ધર્મ** કહ્યો છે.—નીકળ્યા ત્યારે કુટુંબી ઊંચાનીચા થયા હશે પણ જરાક વખત ગયો હોય. પછી સાધુ પાસે સગાંસંબંધી જાય. સાધુ કહે કર પડિક્કમણું. વાંકા વળીને કરવું પડે. અઠ્ઠાઈ મહોત્સવ કરવો પડે. સંબંધને લીધે. પેલા સંસાર તરફ રહેવા માગતા હતા, આ સાધુ તરફ રહેવા માગતા હતા. નિવેડો થઈ ગયો. કુટુંબપણાને લીધે શાતા પૂછાવે. શાને લીધે? સંબંધને લીધે.

## ગોરને ત્યાં મરણની નોંધ ન નીકળે

અમદાવાદમાં કાંતિવિજયજીને અંગે કેસ ચાલ્યો હતો. છાપાવાળાઓનાં છાપાં નીકળ્યાં હતાં, છાપાવાળા કાઇટિયા. લગ્નની નોંધ ન હોય, મુવાની નોંધ હોય. છાપાવાળાને જૂઠાં સાચાં લખવનાં હોય. એને બિચારાને બીજું હોય નહિ. કાઇટિયાને ચાહે તેવું ભરડવું પડે. કાંતિવિજયજી માંદા પડ્યા હતા ત્યારે સારવાર કરવા કોણ ગયું હતું ? સંબંધી કે કાઇટિયા. નોંધ રાખનારા, જૂઠા છાપાઓ ભરનારાઓ કાંતિવિજયજીની ખબર લેવા ગયા હતા ? કુટુંબીઓ છાતી માથાં કૂટે, તેમાં ધર્મની જડ રોપાય છે, શ્રેણિક સરખા રાજવી છે, અભયકુમાર જેવા પ્રધાન, મહાવીરસ્વામી સમોસર્યા છે, છતાં કૂતવાવાળા તો હતા. પ્રસન્નચંદ્રજી કાઉસ્સગમાં છે. એક કૂત ધન્ય ભાગ્ય છે' એમ તપસ્વીને કહે છે. ધન્ય છે એની શ્રમતાને. એમ ગોરને ત્યાં મરણની નોંધ ન નીકળે, તેમ જેઓ પોતાના આત્માને ધર્મે દોરવા માગતા હોય તેમને ત્યાં અધર્મની નોંધ ન નીકળે. પતિતને પતિત તરીકે કહેવામાં કયો ફાયદો ? તું પતિત નથી છતાં પતિત થાય છે. કુરગડુની વાત સાંભળીએ છીએ કે ચાર માસના ઉપવાસી. ફળ શામાં ખોયું ? દેવતાને વંદન કરવા લાયક ન રહ્યો. હેં ખાય છે? લાંબા હાથ કરવામાં વંદન કરવા લાયક ન રહ્યો. જે મનુષ્યો ધર્મની લાઇનમાં જવાવાળા હોય તે બજારમાં જાય તો ખાટકીની દુકાન હોય તો મોઢું ત્યાં ન ઘાલે, પણ જાય શાકવાળાની દુકાને. પતિતોના વર્તનોમાં આપણી વૃત્તિને ઝૂકાવીને ધર્મ સુંદર કરશું એ માનવાવાળો તો પતિત થવાનો છે. પતિતને હેય તરીકે કહું છું તેમ કહીને ખાટકી વાડે ન જાઓ.

## ઊંટને આંબો ન રુચે, એ તો લીમડે જાય

શંકા—પતિતને ઉઘાડા પાડવામાં ધર્મ નથી ? સમા૦—ગૃહસ્થોને ઉપદેશનો અધિકાર નથી આપ્યો. તમને પૂછ્યું કોણે ? પતિતને પતિત એમ જાહેર કરો. ખરાબ માર્ગે જવાનું બંધ કરવાનું થાય તેમ હોય

તો તે કરો. કુશીલિયાને કુશીલમાં રહેવું છે તેથી **સુશીલિયાની** સુશીલ ચાલ ન ગમે. ભૂંડને વિષ્ટા ખુદી કરવાનું મન થાય પણ દૂધપાકમાં દોડવાનું મન ન થાય.

જ્યારે દૂત પ્રશંસા કરે છે 'દેખો રાજઋદ્ધિ છોડી. આપણાથી પાંચ પૈસા છૂટતા નથી. આપણે નહિ મળેલી સ્ત્રીને અંગે ઘેરઘેર ભટકીને સ્ત્રી કરવા માગીએ છીએ. એણે રાણીઓ છોડી છે. બાળકની મમતા નથી વળગી. જાનવર પણ બાળક પર મમતા રાખે છે તો આને ધન્ય છે.' જે ધર્મિષ્ઠો છે તે મોઢે ધૂ ન ખાય. એ તો પાન જ ચાવશે. જે મનુષ્ય પોતાનું મોઢું લાલ કરવા માગે તે પારકા ઘરના કોલસા ન ચાવે. ધર્મિષ્ઠો પતિતની પલોજનમાં ન પડે. ઉત્તમની સેવા તન, મન, ધનના ભોગે કરશે. પાન લઈને મોં લાલ કરવું છે. પતિતોને પડખે પણ ન ચઢવા દો. અહીં પાન ખાવાનો ઉદ્દેશ નથી, આ તો વાત કહેવાય છે. જેને મોઢું લાલ કરવું છે તે ઘરના નથી ખાતો તો પારકા કોલસા ખાશે? જેને સારી સ્થિતિ છતાં બગાડવી છે તે પંચાત કરશે તપસ્યા તરત અસરવાળી ચીજ છે. ચાર મહિનાની સામટી તપસ્યા, એ શી ચીજ? એ ધૂળમાં ભળી, શામાં? આ ખાધા કરે છે. તપસ્યા નથી કરતો, એમાં. આટલું જ માત્ર બોલ્યા. બીજું કશું નહિ. તેમાં ચારે માસની તપસ્યા ચોળાઈ ગઈ, તો બીજામાં શું ન બને? સુમુખ દૂત હતો તે સમજતો હતો કે જે છતી પ્રશંસા ન કરવી તે મહાપાપ છે. કુગુરુને ગુરુ ન માનવા, તારું જીવન સુગુરુની સેવામાં, સુગુરુની પ્રશંસામાં અર્પણ કર. રૂઢિચુસ્ત નહિ. શાસ્ત્રને માન્ય ગુણોની પ્રશંસા કરવાવાળો થા. બીજો દુર્મુખ, જેમ બાવનાચંદ, વિષ્ટા પડી હોય તો માખીને બાવનાચંદન કામનું નહિ. 'ઊંટને આંબો ન રુચે, લીમડે જાય.' 'અકર્મી મૂતર જ પીએ, અમૃતને ન પીએ.' તેમ સદ્‌ગુણી વિદ્યમાન છતાં, ધર્મનાં કાર્યો છતાં, પ્રવૃત્તિ વિદ્યમાન છતાં, કાઉસ્સગ ધ્યાને બિરાજેલા મુનિ મહારાજ છતાં, ઊલટો સુમુખને કહેવા જાય છે. એકલું

પોતાનું મુખ રાજી કરવામાં સંતોષ નથી, પણ સુમુખને કહેવા જાય છે—એનું મોઢું જોઈએ તો પાપ લાગે. મહાવીર સર્વજ્ઞ ત્યાં છે, છેટું નથી. શ્રેણિક, અભયકુમાર ત્યાં છે, ત્યાં દુર્મુખ હતો. પ્રસન્નચંદ્રજીના ત્યાગને પાપનું કારણ માને. દુર્મુખની દશા એ કે હું તો સુમુખ ન બનું પણ સુમુખને દુર્મુખ બનાવું. અરે એને શું વખાણો છો? એનું મોઢું જોઈશ તો નરકે જઈશ. શાસ્ત્રકારો જ્ઞાનથી દેખે. સ્વર્ગ, નરકનાં ફળ બતાવે પણ દુર્મુખ જેવા નરકની વાત કરે તેમાં તેમને નરકની ગંધ રહેલી છે, જ્ઞાન તો છેજ નહિ. નરકનો ગંધ ક્યાં તો આગળ–પાછળની, ક્યાં તો ત્યાં જવું હશે, ક્યાં તો ત્યાંથી આવ્યો હશે. આથી બોલ્યો–નાના બાળકને છોડયો તો શત્રુએ રાજ્ય લઈ લીધું. રાણીઓને રક્ષક નીમ્યા વિના છોડી, પ્રધાનો રક્ષક તે ભક્ષક થઈ ગયા, આવું કરનાર નરકનો ધણી નહિ તો બીજું શું? આ બોલનારો દુર્મુખ. બોલે તેનું મોઢું ગંધાય. ગંધાતા મોંઢાનો દુર્મુખ. જેમ આજકાલના કાષ્ટિયાના દલાલો સાધુને ખસેડવા માટે જ પ્રયત્ન કરે છે, ને કહે છે—મહારાજ! થઈ જાઓ ગૃહસ્થ. રેલભાડું, નોકરી આપું. ત્યાં દુર્મુખનું વચન ભાવથી મારી નાખનારું બન્યું

## દુર્મુખને બોલવાનો હંમેશાં વખત છે

પ્રસન્નચંદ્ર સરખા ત્યાગી બદલાઈ ગયા તો આજકાલના કાષ્ટિયાના દલાલો બોલે તેમાં સાધુની શી દશા ન કરે? દુર્મુખના એક વચનની અસર પ્રસન્નચંદ્રજી ઉપર થઈ. આ રાજર્ષિ–કેવલીના ભાઈ છે, વલ્કલચીરી કેવલી. એવાને કાષ્ટિયાના કાતિલ બાણે અસર કરી. નાની ઉંમરમાં લે તો કમાતાં નથી આવડતું તેથી દીક્ષા. આગળ કહે કે 'કમાતાં નથી આવડતું'. બૈરી નથી મળતી તેમાં દીક્ષા લીધી કે? દુર્મુખને બોલવાનો હંમેશાં વખત છે. પ્રસન્નચંદ્રજીની આગળ દુર્મુખ બોલે છે. આજે છાપાં—કાષ્ટિયા ખાતાં સાધુ, શ્રાવકો વાંચે તો તેના આત્માનું શું થાય! કેટલાક સાધુ કાષ્ટિયાખાતાના દલાલ

જેવા છે. જૂઠી વાતો લખીને બીજાના સમકિત ખોવડાવવાં. સાધુઓ પોતાને નામે બહાર પડે છે. લખી લખીને શુભપણે આપે. કહો દુર્મુખના અવતારો ખરા કે નહિ? સાધુને પોતને રસ્તે જવાની જરૂર છે. દુર્મુખના વચને પ્રસન્નચંદ્રજીનું સત્યાનાશ કાઢયું, તો પછી આજકાલના કાઈટિયાખાતાને ભોગ બનારા પોતાનું સત્યાનાશ કેમ ન કાઢે? લખનારા, સમાચાર આપનારા, વાંચનારા દુર્મુખો, પતિતોને બચાવવા માગતા નથી, પણ દુર્મુખ બનાવવા માગે છે. તેમ કરવાથી સાધુપણાની સ્થિતિ પાતાળમાં ગઈ.

સાતમીનાં બાંધ્યાં કોણે? પ્રસન્નચંદ્ર સરખા મહાપુરુષે. દુર્મુખના વચનના ઝેરને લીધે. વચનનું ઝેર સાતમીએ પહોંચાડનાર થાય, તો પછી ફાલતુ સાધુ, સાધ્વી દુર્મુખના વચને ચાલે તો તેની શી દશા થાય? એ પ્રસન્નચંદ્રજી એક વચનના બાણમાં વિંધાઈ ગયા. જો માતપિતા રજા આપે તો પૈસા આપ્યા. રૂવે તો રોતાં કકળતાં, ન રૂવે તો પેટ ઠંડુ કર્યું છે. દુર્મુખને આ બધી વાતમાં પંચાત છે. દુર્મુખોની પંચાતનો પાર આવવાનો નથી. તમે પોતાનું સુધારો. પ્રસન્નચંદ્ર સરખા સાતમીએ ગયા. પેટમાં દુઃખતું હોય, તરફડિયાં મારતો હોય તે વખતે બોલો કે સાતમીમાં શું? જો તે બોલો તો ખબર પડે. સાતમીએ પ્રસન્નચંદ્રજી પહોંચે છે. મહવ્રત છોડ્યું છે? કાઉસ્સગ છોડયો છે? નહિ. પણ દુર્મુખનું ઝેર રૂવાડે રૂવાડે પ્રસરી ગયું છે. દુર્મુખના ઝેર આગળ સાધુપણું તણાઈ ગયું, તપસ્યા તણાઈ ગઈ. આજકાલના ઝેરીગેસ છોડનારા છે. એના સકંજામાં જાય તેની શી દશા થાય?

**શાકભાજીના બદલામાં અમૃતનો કુપ્પો ઢોળે તે કેવો ગણાય?**

શંકા—જો સાધુપણાના વેષમાં આતાપના, તપસ્યા કરે છે, છતાં સાતમીએ સિધાવ્યા, તો વેષ શા કામનો? સમા૦—કાણી હાથણીની લીલા ન કરીશ. કલ્પનાથી હથિયારની લડાઈ કરી, લડાઈ કરતાં હથિયાર ખૂટયાં, મુગટથી ઠોકું. પછી શું થયું? લોચ દેખ્યો.

સાધુત્વનું ભાન આવ્યું. ફર્યા પાછા. રાણીઓ કયા ભવે નથી મળી? પણ અનંત જન્મે નહિ મળેલી ચીજ તો આ દીક્ષા છે. શાકભાજીને બદલે અમૃતનો કુપ્પો ઢોળે તે કેવો? છોકરાં, રાણી—શાકભાજી એને બદલે અમૃતનો કુપ્પો ઢોળું? શ્રેણિક સમોસરણમાં જાય છે. સાતમીથી નીકળ્યા, સર્વાર્થસિદ્ધે પહોંચ્યા. લોચના પ્રતાપે દુંદુભી. આ શું? કેવળજ્ઞાન થયું છે.

## ગૃહિલિંગ તો સાતમી નરકની નીસરણી

એ બધું કોણે? ભોગે, ત્યાગે, સ્વલિંગે. આ વાત ધ્યાનમાં લઈશું તો જ્ઞાનીઓએ સાધુપણાને સ્વલિંગ કહ્યું છે તે વ્યાજબી કહ્યું તેમ થશે. તેને લીધે પ્રસન્નચંદ્ર સાતમી નરક ટાળવાને યોગ્ય થયા. ઘરની જંજાળે બંધાવી. ગૃહિલિંગ સાતમી નરકની નિસરણી અને દ્રવ્યસાધુપણું એ જ કેવળજ્ઞાનની નિસરણી. શાસ્ત્રકારોએ કેવળજ્ઞાન અન્યલિંગ અને ગૃહિલિંગમાં માન્યું, છતાં જોડે કહી દીધું કે આને સ્વપ્ને ભેટશો નહિ. અનંતા જીવો જે દીક્ષિતો થયા તે ગૃહસ્થના વેષો છોડી સાધુપણામાં આવ્યા. શંકા–વેષની અપેક્ષા એ કે જીવની હિંસા ન કરવી. ચાહે તે વેષ રાખને? સમા૦–તીર્થંકર ભગવાન્ ઘર છોડીને, ગૃહિલિંગ છોડીને નીકળ્યા. જો તે મોક્ષનું કારણ હોય તો તીર્થંકરોએ છોડ્યું, અનેકને છોડાવ્યાં તેની જરૂર શી? શંકા–સિદ્ધિ તો કહી છે ને? સમા૦–જેમ સાપ કરડ્યો પણ બચી ગયો. સાપ કરડ્યાનો ડર નહિ એમ બોલવાને કોઈ તૈયાર થાય નહિ તેમ ગૃહલિંગે કે અન્યલિંગે કોઈક મોક્ષે ગયા તેથી તે ભયંકર નથી એમ શ્રદ્ધાળુ બોલી શકે નહિ. પાણી, ઝેરનું સ્વરૂપ જાણનાર જિંદગીને નાશ કરનાર માને, ભલે કોઈની જિંદગી બચી જાય. ગૃહિલિંગમાંથી મોક્ષે જાય તે ઝેરમાંથી બચી જવા જેવું. આથી હથિયાર, સ્ત્રી, માળા છતાં કોઈને દેવ માની શકાય નહિ.

## આચાર એ મજૂરી, પરિણામની સુંદરતા એ ગાયનું દૂધ

આચારની મુખ્યતા. ફળ કરતાં કારણની મુખ્યતા. કારણને

આધારે મનુષ્યે ચાલવું એ વ્યવહાર. અગિયાર અંગની રચનામાં પહેલો નંબર આચારાંગનો રાખ્યો છે. આચાર–મોક્ષનો રસ્તો. આચાર પ્રવર્તે ત્યારથી શાસન, આચાર ન પ્રવર્તે ત્યારે શાસન નહિ. તેથી પહેલાં અંગ તરીકે ગણધર મહારાજ આચારાંગને સ્થાપન કરે છે. આચારે વ્યવસ્થિત થવા માટે. ગાયને ઘરે બાંધે, ગાયની ચારવાર ચાકરી કરે, તે દૂધની આશાએ. 'ઢોરની વસે ઢોર થવા જેવું.' એ દૂધની આશાએ. આચારને પહેલો નંબર અપાય છતાં તેમાં પરિણામની સુંદરતાને ધ્યાનમાં રાખવાની ખરી. માટે આચાર એ મજૂરી, પરિણામની સુંદરતા એ ગાયનું દૂધ. આપણે ગાયની મજૂરી કરીએ અને દૂધ કૂતરીઓ પી જાય તો મહેનતનું ફળ કાંઈ નહિ.

## મજબૂત કિલ્લો કોઈ કરે તો તે વિચાર

આચાર આણુના પાળીએ, મનમાંકડું મોત લાવે તો કામ ન થાય, માટે વિચારની વ્યવસ્થાની જરૂર. આથી બીજી સૂયગડાંગની સ્થાપના કરીને સ્વ–સમયની, પર–સમયની, સ્વ–પર–સમયની વાતો કરી ને વિચાર નિશ્ચિત કર્યા. શહેર સારી રીતે વધ્યું, વેપાર જામી ગયો, હલ્લો ટાળી શકે. પણ જેમ પર રાજ્યના આક્રમણનો પ્રસંગ આવે તો વેપાર ખલાસ થાય પણ મજબૂત કિલ્લો કરે તો બચાવ થાય, તેમ વિચાર. આચારને આક્રમણ ન આવે તેને માટે વર્ગીકરણવાળું સ્થાનાંગસૂત્ર.

## એકમાં નિર્મળમાંથી મલિન, બીજામાં મલિનમાંથી નિર્મળ

તેમાં પાંચમા ઠાણામાં એક જ વસ્તુ તપાસવાની છે. અન્ય જગતના મતવાળાઓ પોતે પરમેશ્વરને માને છે. આપણે પરમેશ્વરને માનીએ છીએ. બે વસ્તુ સરખી છતાં આંતરો. અવતાર, ઈશ્વર બંને માનીએ છીએ અવતાર, ઈશ્વર ન માનીએ તો મહાવીર, ઋષભદેવને માનીએ નહિ. આમાં ફરક નથી પણ જમેની ઉધાર રકમમાં મેલી દે તો, ભૂલ થાય તો એક ગોટાળો, પણ ઉધારની જગો પર જમેમાં મેલી દે તો ડબલ ગોટાળો. એ લોકો ઈશ્વરમાંથી અવતાર માને,

આપણે અવતારમાંથી ઈશ્વર માનીએ. **મહાવીર, ઋષભદેવ**, ભવવાળા (અવતારવાળા) પણ અવતારમાંથી થયા ઈશ્વર. ઈશ્વર સ્વરૂપે છેડા. એમણે ઈશ્વરમાંથી અવતાર માન્યો એટલે છેડા આવે અવતારે. નિર્મલમાંથી મલિન થવાનું એમને માન્યું. આપણે મલિનમાંથી નિર્મળ થવાનું માન્યું. આપણે ઉન્નતિને રસ્તે ભગવાનને માનીએ છીએ. ઉન્નતિને રસ્તે જવું હોય તો ઉન્નતિનો માર્ગ લેવો પડે. ઊંચી દૃષ્ટિએ ઊતરી શકાય છે પણ નીચી દૃષ્ટિએ ચઢી શકાતું નથી. નીચે મોઢે ઊંચે ચઢી જુઓ ? આદર્શ હલકો હોય તો આત્માને ઊંચી સ્થિતિમાં લાવી શકાય નહિ. નિર્મલમાંથી મલિન લેવો તે કે મલિનમાંથી નિર્મલ, એ બેમાં કયો આદર્શ ઊંચો ? જૈનોએ પહેલાં કર્મવાળા, પછી ઉન્નતિ કરતાં ઊંચે ચઢેલ. મલિનમાંથી નિર્મલ થયા તેનો આદર્શ. પેલાઓ નિર્મલમાંથી મલિન કેમ થયા ? કયો આદર્શ લેવાય ? જૈન મત અને અન્ય મતમાં મોટો ફરક આ છે.

**ઈશ્વર સંદિગ્ધ જન્મ આપનાર તરીકે શ્રદ્ધાગમ્ય**

બીજી વાત. ઈશ્વર માનવા શા માટે ? આસ્તિક માત્ર ઈશ્વર માને છે શા માટે ? બીજાઓને એમ કહેવાનું થાય કે આપણને જન્મ આપ્યો, પાણી આપ્યું, પહાડ, સૂર્ય, ચંદ્ર બનાવી દીધા. જૈન સિવાય બીજાઓએ જન્મ આપ્યો તે વગેરેમાં ઉપકાર ગણ્યો. તો પછી મોક્ષને કઈ લાઈનમાં મૂકશે ? મોક્ષને મહાઅપકારનું કારણ માનશે કે બીજું ? કારણકે જન્મનો નાશ કરનાર તે અપકારી. ઈશ્વરે જન્મ આપ્યો માટે ઉપકારી તો પછી ધર્મ નાશ કરનાર. ઈશ્વરને ભજે જન્મ આપવા માટે, ભજનમાં ફળ સંસારભ્રમણ. બીજી બાજુ અંધ શ્રદ્ધા. વાંઝણીએ શું ઈશ્વરનું બગાડ્યું કે તેની કૂખે જન્મ ન આપ્યો ? કૂતરીએ પૂરેપૂરી આરાધના કરેલી કે તેને પેટે કુરકુરિયા એકી વખતે પાંચ છ. પ્રત્યક્ષ જન્મ આપનાર માબાપને માનવા નહિ ને ઈશ્વર સંદિગ્ધ જન્મ આપનાર તરીકે શ્રદ્ધાથી માનવો. પેલો (ઈશ્વર) જન્મ આપીને બેસી રહે. માબાપ તો જન્મ આપે, શીખવે,

સંપત્તિમાં સહાય કરે. પેલો 'અજાગળસ્તન' જેવો તેની કિંમત કે આ સાક્ષાત્ મદદ કરનાર તેની કિંમત! કહો મોટા પરમેશ્વર કે માબાપ. જન્મને અંગે માનવા હોય તો. કોઇના કહેવાથી ખૂન કરવા આવ્યો તેથી ખૂન કરનારો ખૂન કરવમાંથી ખસી જવાનો? રાજાને ત્યાં ખાંડુ લઇને આવે તે તો પામી જાય છે. જ્યારે જન્મ એનો ઇશ્વરે આપ્યો. એને દેખે ત્યાંથી સુજ્ઞ પુરુષ જીવ તો ન મેલે. કારણ કે નવ માસ ઊંધે માથે લટકાવ્યો. અંધારી જગામાં ઇશ્વરે કેદમાં પૂર્યો હતો. ઇશ્વરે જેલરનું કામ કર્યું હતું. જન્મ દેનાર તો જેલર છે. નવ માસની સજા ભોગવાવી છે. ઇશ્વરનું કર્યું બગાડ્યું કે ઘાતકી શબ્દ ન આપે તેવી સજા. સત્તા સાત વર્ષની ઉંમરની અંદર ગુનેગાર ઠરાવતી નથી. ચૌદની ઉંમર હોય તો ન્યાયાધીશે જોવાનું. બુદ્ધિથી કરેલું લાગે તો સજા. માબાપને કાયદાએ બાંધેલા છે. માબાપ છોકરાની આંખ ફોડે, મરી જાય તેવી રીતે મારે તો સજાપાત્ર. જેલર એવી રીતે મારે, મરી જાય તો જેલર સજાપાત્ર?

## કર્મમાં ફળ દેવાની સત્તા છે કે નહિ?

ઇશ્વર ન હોય તો કર્મ ભોગવવાં પડે નહિ. કર્મમાં સત્તા છે તો ઇશ્વર શું કામ માથાફોડ કરે છે. માબાપ છોકરાને શિખામણ દે. તે અલ્પ શક્તિવાળો તેથી ધાર્યે રસ્તે લાવી શકતાં નથી. ઇશ્વરને સર્વ શક્તિ કે અલ્પ શક્તિવાળો માનો છો? જોડે રહીને ઇશ્વર પાપ કરાવે છે. જોડે રહીને દુઃખી કરે છે, એમ માનો. માબાપ અજ્ઞાન, અશક્ય હોય છે. તો ઇશ્વર સર્વ શક્તિવાળો, જ્ઞાનવાળો તેની હાજરીમાં પાપ થાય કેમ? પોલીસની હાજરીમાં ખૂન થાય તો પોલીસ ગુનેગાર.

## જૈનો જન્મદ્વારાએ ઇશ્વરને પૂજવા તૈયાર નથી

જૈનો સંસારને ધિક્કારનારા. જન્મને ધિક્કારનારા હોય, જન્મ દ્વારાએ ઇશ્વરને પૂજવા તૈયાર નથી. 'પૃથ્વી, પાણી તેં કીધાં' આ કહીને લોકોને ભરમાવ્યા છે. પાણી કેમ તૈયાર થાય એ જગતની

જાહેર ચીજ છે. પાણીની તૈયારી કેવી રીતે થાય છે! જગતના કર્તા મનાવવાવાળાઓએ જગતને ધૂત્યું છે. પાણીના ખેંચાણથી વાદળાં બંધાય છે, તેમાંથી પાણી થાય છે. જેઓ ખાણો તરફ જવાવાળા છે તેને ખ્યાલ હશે કે જે કચરો જે ખાણમાં નાખ્યો હશે તે એંસી વર્ષે પાછું એ જ બને છે. આરસપાણની ખાણ ખોદે છે. દશ વર્ષે ખોદે તો આરસપહાણ. ઝરીઆ તરફ ખાણમાં રેત, કચરો નાખે છે. એંસી વર્ષે કોલસા થાય છે. જો પૃથ્વી, પૃથ્વીના સ્વભાવે થાય છે, તો ઇશ્વરને ટોકી બેસાડનો છે? જે મનુષ્યે દલાલીથી દશ રૂપિયા પેદા કરવા હોય તે ચોર એવા પણ શેઠને મોટો શાહુકાર ગણાવે છે. તેમ ધામાપંથીઓએ ઇશ્વરનું કર્તાપણું મનાવી, ગર્ભમાં આવે ત્યાંથી મરણ થાય ત્યાં સુધી લાગા રાખ્યા. જેને બળીને રાખ થાય ત્યાં સુધી ફોલીને ખાવું છે, તે ઇશ્વર ન મનાવે તો ફોલીને ખાય શી રીતે? જૈન સિવાયના ધર્મવાળાઓ જન્મ આપવાને લીધે ઇશ્વરને માને, પાણી. પૃથ્વી, સૂર્ય, ચંદ્ર કર્યા તેને લીધે ઇશ્વરને માને છે.

## જૈનો કયા તરીકે ઇશ્વરને માને?

દીવાનો, સૂર્યનો ઉપકાર માનીએ છીએ કે અજવાળાનો ઉપકાર માનીએ છીએ? સૂર્યનો પ્રકાશ વિદ્યમાન જે વસ્તુ, એનું સ્વરૂપ બતાવે છે. પ્રકાશથી ઇષ્ટ વસ્તુને જોઈ શકીએ છીએ, અનિષ્ટને જોઇ શકીએ છીએ. અજવાળું ન હોત તો કાંટા, કાંકરા, વીંછી, સાપના ભોગ થઇ પડત. બાહ્ય આપત્તિનો બચાવ બાહ્ય અજવાળાથી થયો, તેમ આત્મામાં કઈ આપત્તિ છે તે ઓળખાવનાર તરીકે ઇશ્વરને માનીએ છીએ. આપત્તિ ઓળખાવે છે, બચાવે છે, બતાવે છે. બચાવવાનાં સાધનો આપે છે, આને માટે તીર્થંકરનો ઉપકાર જૈનો માને છે.

## આપત્તિ છોડાવવા માટે પાંચ મહાવ્રતો કહ્યાં

શંકા—અજવાળાએ સાપની આપત્તિ બચાવી, તીર્થંકરે આત્માને કઈ આપત્તિમાંથી બચાવ્યો? સમા૦—અનાદિ કાળથી પાંચ

આપત્તિ આ આત્મા વેઠી રહ્યો હતો—હિંસા, જૂઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહ. આમાંથી બચાવનાર કોઈ ન હતું. જન્મ્યા ત્યારે ઝભલાં, ટોપી, ગળથુથીની વાતો ચલાવી. આગળ ગયા એટલે ભણવાની વાતો ચલાવી. એનાથી આગળ વધ્યા ત્યારે પરણવાની વાત ચલાવી. દાંત પડી ગયા, ખાટલામાં પડવાની વાત બતાવી. પછી સુઈ ગયા, ઇ. આ વાતો બતાવી. હિંસા, જૂઠ વગેરે આત્માને રખડાવનાર છે એવું જગતભરમાં કોઈ બતાવનાર નથી. એક તો એ વસ્તુની માલમ નથી. બીજું માલમ હોય તો બતાવનારે તે પ્રમાણે વર્તવું પડે. ટીપ ભરાવવા આવે તો પોતે ભરવું જોઈએ ને! પોતે હિંસા વગેરે છોડે તો છોડવાનું કહી શકે તીર્થંકરોએ પોતે હિંસા વગેરે છોડયાં. અને તેઓ બીજાઓની આપત્તિ છોડાવવા માટે દરેક વખતે પ્રયત્ન કરે છે, તેથી પંચ મહાવ્રત કહ્યાં છે. પાંચ મહાવ્રતો પોતે આચર્યાં અને તે પછી તેનો સંદેશો આપ્યો.

પાંચનો અનુક્રમ કહી ગયા, પહેલું પ્રાણાતિપાત-વિરમણ કહી ગયા, અને બીજું મૃષાવાદ-વિરમણ તે જગતના કુદરતી નિયમ પ્રમાણે—ગતિ પ્રમાણે બીજું આવે તે અહીં બતાવ્યું છે.

---

# વ્યાખ્યાન ૩૨

## શાસ્ત્રની પરંપરા છે ત્યાંસુધી શાસનની પ્રવૃત્તિ

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગની પ્રવૃત્તિ માટે દ્વાદશાંગીની રચના કરતા થકા પહેલાં ચૌદ પૂર્વ અને બારમા અંગની—દૃષ્ટિવાદની રચના કરી. મકાનની નિસરણી કરતાં મોટાં પગથિયાં હોય તો મોટા માણસ ચઢી જાય, પણ નાનાં બચ્ચાંઓ ચઢી શકે નહિ. વજ્રસ્વામીજી સરખા અગિયાર અંગના પારગામી થઈ જનારને ચૌદ પૂર્વ, બારમું અંગ બસ હતું. જે જીવો તેટલા ક્ષયોપશ-

મવાળા નથી તેવા જીવોને તારવાને માટે-બાળ, સ્ત્રી, અણુદનો ઉદ્ધાર કરવા માટે જો અધિકાર અંગની રચના કરવામાં ન આવે તો તે લોકો શાસ્ત્ર વગરના રહે અને તેવા મનુષ્યો મોક્ષમાર્ગે આવી શકે નહિ પાંચમા આરાને છેડે પણ અનુયોગદ્વાર, દશવૈકાલિક સરખાં રાખવાં પડયાં. કારણકે શાસનની પ્રવૃત્તિ કયાં સુધી કે શાસ્ત્રની પરંપરા છે ત્યાં સુધી.

**જે દિને શાસ્ત્રનો વિચ્છેદ તે દિને સર્વવિરતિનો વિચ્છેદ**

શય્યંભવસૂરિએ જણાવ્યું કે 'કલ્યાણ' શબ્દ એટલે 'સર્વ-વિરતિ.' શંકા—કલ્યાણ શબ્દથી વાચ્ય સારી કોઈ બીજી હકીકત નહિ ને સર્વવિરતિ કયાંથી લેવી? દીક્ષાનું ભૂત ભરાઇ ગયું હોય તો દીક્ષા કરો તે જુદી વાત છે. સમા૦—અહીં કલ્યાણ શબ્દ છે. સમ્યક્ત્વ, દેશ કે સર્વવિરતિની ગંધ નથી. કલ્યાણનો અર્થ સર્વવિરતિ કેમ છે અને તે કરવાની જરૂર છે. તે ન કરવામાં આવે તો બેસી શકે નહિ. શંકા—પાપનો અવિરતિ અને કલ્યાણનો સર્વવિરતિ અર્થ કરવાનું કામ શું? સમા૦—'**उभयं पि जाणइ सोच्चा**" ત્યાં શું કરશો? કોઇ પણ પ્રકૃતિ પુણ્ય, પાપ ઉભય સ્વરૂપ નથી. વર્ણાદિ પ્રશસ્ત, અપ્રશસ્ત છે પણ પ્રશસ્ત બંધાય તે વખતે અપ્રશસ્ત નહિ. આથી ઉભયનો અર્થ કલ્યાણ અને પાપ થઇ શકે નહિ. બન્નેનું સ્વરૂપ એકમાં લાવવું છે. એકત્ર આવતું નથી. બે હોય અને એક સ્વરૂપે હોય તેવી ચીજ કઇ? જ્યારે એ નિર્ણય થયો. કલ્યાણ સાંભળીને જાણી શકીએ, પાપ સાંભળીને જાણી શકીએ પછી **उभयं** કહેવાની જરૂર ન હતી માટે વ્યાખ્યા એ કરવામાં આવી કે કલ્યાણ એટલે વિરતિ. પ્રકરણ વિરતિનું છે. પહેલું જ્ઞાન પછી દયા. સર્વવિરતિવાળાનો પ્રસંગ છે. જ્ઞાનના ફળ તરીકે સર્વવિરતિ લેવાની છે. સર્વવિરતિને અંગે અધિકાર છે. અવિરતિરૂપ પાપ એ સાંભળવાથી માલમ પડે. ઉભય શબ્દથી વિરતાવિરતિરૂપી જે દેશવિરતિ તે પણ સાંભળવાથી માલમ પડે. જ્યાં સુધી શાસ્ત્રોની પ્રવૃત્તિ, શ્રવણ, શાસનના સૂત્રોની હયાતિ ત્યાં

સુધી જ સર્વવિરતિ. જે દહાડે સર્વવિરતિનો વિચ્છેદ તે દહાડે શાસ્ત્રનો વિચ્છેદ. પહેલાં શાસ્ત્રનો, પછી સર્વવિરતિનો વિચ્છેદ પછી ધર્મનો વિચ્છેદ.

## શાસનની બંને આંખો છે, જ્ઞાન અને ક્રિયા, સૂત્ર અને આચાર

સૂત્રની રચના શાસનની પ્રવૃત્તિ માટે છે. સૂત્રોની પ્રવૃત્તિ બંધ થવાની ત્યારે શાસન બંધ થવાનું. શાસનનો આધાર તે સૂત્ર કે આચાર? આચાર પ્રવર્તે ત્યારે શાસનની ઉત્પત્તિ, ટકવું. શાસનની બંને આંખો છે. જ્ઞાન, ને ક્રિયા. સૂત્ર અને આચાર. મોક્ષ એ જ્ઞાન ને ક્રિયા બંને દ્વારાએ છે તો શાસનને બે રૂપે કહેવામાં છૂટકો નથી. શાસન એકલું જ્ઞાનમય હોય તો મોક્ષનો રસ્તો નથી, તેમ એકલું ક્રિયાવાળું હોય તો તે મોક્ષનો રસ્તો નથી. જીવાદિ પદાર્થોના જ્ઞાનવાળો, તેમજ અવિરતિ આદિને છોડનારો પણ જોઈએ. મોક્ષને સિદ્ધ કરવાને માટે બે ચીજની જરૂર છે. એક પણ ઓછી કરવી પાલવતી નથી. મુસાફરને આંખ, પગ ઘરાણે મેલવાનું પાલવે નહિ, તેમ મોક્ષના મુસાફરોને જ્ઞાન, આચારને છોડવાં પાલવે નહિ. મોક્ષનું સાધન જ્ઞાન, ક્રિયા બન્ને હોય તો શાસન. એને પણ બેમય રહેવું જોઈએ. તેથી શાસન—આચારમય અને જ્ઞાનમય છે.

## જ્ઞાન અને ક્રિયા બન્ને દ્વારા મોક્ષની મુસાફરી થાય

જ્યારે જ્ઞાનની ઉત્પત્તિ ત્યારે શાસનની ઉત્પત્તિ, જ્યારે આચારની ઉત્પત્તિ ત્યારે શાસનની ઉત્પત્તિ કહી શકાય. જ્યાં બન્ને આંખે સરખા રૂપે દેખવામાં આવતું હોય તો ડાબી આંખે દેખ્યું એમ કહી શકતો નથી. જ્ઞાન, ક્રિયા બન્ને દ્વારાએ મોક્ષની મુસાફરી થાય છે. મોક્ષની સિદ્ધિને માટે પ્રવર્તાવેલું શાસન જ્ઞાન, ક્રિયા ઉભયમય હોય તેમાં આશ્ચર્ય નથી. બંને પ્રકૃષ્ટ તપ છે, જ્ઞાન અને ક્રિયા બન્ને મુખ્ય કારણ છે તેથી બંનેને કરણસંજ્ઞા રાખે છે. "**ज्ञानक्रियाभ्यां मोक्षः**" । પણ **क्रियायुक्तेन ज्ञानेन, ज्ञानयुतया क्रियया मोक्षः** નહિ. એમ જ્ઞાન-

**क्रियाभ्यां मोक्षः ।** બંને કરણ. શાસન સુધી જ્ઞાનની સ્થિતિ હોવી જોઈએ. ચૌદ પૂર્વ, બારમા અંગની રચના કરીને બેસી રહ્યા હોત તો એક હજાર વર્ષ માટે શાસન કર્યું. પૂર્વગત શ્રુત, ક્યાં સુધી? હજાર વર્ષ. ભગવાન્ **સુધર્માસ્વામીજીએ** જો પૂર્વગત શ્રુત, દૃષ્ટિવાદ સિવાય બીજાની રચના કરી ન હોત તો હજાર વર્ષ સુધી સ્થાપેલું થાય.

**શાસનની જડ રૂપે આચારની જેમ જ્ઞાનની પણ જરૂર**

એકવીશ હજાર વર્ષ સુધી શાસનની પ્રવૃત્તિ તે શાને આધારે? ઉદ્ધરવાની પ્રવૃત્તિ સમર્થ ગણધરો ન કરે, તો બીજા તે કરવાને કેવી રીતે સમર્થ થાય? ગણધરોએ ચૌદ પૂર્વો, દૃષ્ટિવાદમાંથી **આચારાંગ** આદિ ઉદ્ધર્યાં ન હોત તો શાસન લાંબો કાળ ટકત નહિ. શાસનની પ્રવૃત્તિ, ટકાવ, મોક્ષમાર્ગ વહેવડાવવા માટે આચારની જરૂરિયાત હતી. તેમ જ્ઞાનની પણ જરૂર હતી. તેથી **આચારાંગ**ની રચના કરવી પડી. **સુધર્માસ્વામીજીએ** શાસનની જડ રૂપે જેવી આચારની જરૂરિયાત દેખી હતી તેવી જ રીતે જ્ઞાનની જરૂરિયાત દેખી હતી. આચાર જરૂરી. બાહ્ય આચારમાં સુંદરતા ન હોય, અંદર સુંદર હોય તો તે પણ ન લેવાની. બાહ્ય આચારમાં સુંદરતા હોય તો જ લેવાની.

**આચારની ઉત્પત્તિ જ્ઞાનની ક્યારીમાં**

જીવને જાણે તો હિંસા છોડે. જેને જીવ અજીવનો ફરક નથી તે હિંસાને છોડશે શું? માટે આચાર જરૂરી. આચારની ઉત્પત્તિ થવાની જ્ઞાનની ક્યારીમાં. આચાર એ આકાશમાં ઉત્પન્ન થવાનો નથી, જ્ઞાનની ક્યારીમાં ઉત્પન્ન થાય છે. શાસનના હિતને માટે સૂત્ર પ્રવર્ત્યાં. ક્યારો તૈયાર થયો હોય ત્યાં વેલડી રોપવાની તૈયારી થાય. આચાર–અનાચારનાં ફળો વગેરે જાણવામાં આવે ત્યારે પાપથી, દુરાચારથી હટવાવાળો થાય. કોઈ પણ વિરતિનું વર્તન, અનાદિ કાળની વાસનાના ભોગ વિના બનતું નથી. ભોગ આપીને વધવાનું ક્યારે કરે? અનાદિ કાળની પ્રવૃત્તિ, હિંસા વગેરે તરફ સંસ્કારો ઊભા થવાના. આથી તે રોકવાનું જોર જોઈશે માટે જ્ઞાન.

**એ લગામ જો આત્માને લાગી ગઈ તો આત્મા લાઇનમાં**

શય્યંભવસૂરિએ આઠ વર્ષના છોકરાને સમજાવતાં–મનકમુનિને માટે–પાપકર્મ બંધાશે, કટુક ફળ આવશે એમ કહી દીધું. આ જીવને પાછા હઠાવવા માટે, અજયણામાં દોડતો જતો હોય તેને માટે ખેંચવાની આ લગામ. આ પાપકર્મ બંધાવશે, આથી પાપકર્મ બંધાશે તે પાપકર્મ કટુક ફળને દેવાવાળું થશે. લીંબોળી પાકે ત્યારે મીઠી થાય, પણ પાપ બંધાય તેનું કડવું ફળ આવવાનું. એ લગામ જો આત્માને લાગી ગઈ તો આત્મા લાઈનમાં. એ લગામ છૂટી તો જગતભરમાં લગામ નથી. પાપકર્મ બંધાય છે અને તેનાં કડવાં ફળ મળે છે, માટે આ લગામ હોય તો જીવ અનાચાર, અવિરતિથી પાછો હઠી શકે છે. જ્ઞાનથી તૈયાર થાય છે માટે અગિયાર અંગની રચના. બાળકો, મૂર્ખ તેને પણ જ્ઞાન આપવું, અને તેને પણ માર્ગે લાવવા.

**જૈન ધર્મ જગતને ઉપકારી હોય તો તે પાંચ મહાવ્રતદ્વારાએ**

બાહ્ય આચાર ઉપર શાસનનું ટકવું તેથી પહેલી આચારાંગની રચના કરી. પછી સૂયગડાંગની રચના કરી. પછી વર્ગીકરણ તરીકે ઠાણાંગજીની રચના કરી. આ જગતમાં જૈન ધર્મ ઉત્પન્ન થયો એ સાર્થક માનતા હોઇએ, જૈન ધર્મ જરૂરી, જગતને ઉપકાર કરે એમ માનતા હોઈએ તો આ કેવળ પાંચ મહાવ્રત દ્વારાએ. જૈનોમાં હિંસા વગેરે પાંચ પાપસ્થાનકો છે. તે આત્માને હેરાન કરનાર છે તેથી આ પાપોથી બચવું જોઈએ. આ સિદ્ધાંત ખસી જાય તો જગતમાં જૈન ધર્મની કિંમત નથી. જૈન ધર્મમાંથી હિંસા છોડવી એ સિદ્ધાંત જો કાઢી લઈએ તો દેવત્વ, ગુરુત્વ, ધર્મને પણ સ્થાન નથી. કારણ? મારીકૂટીને દેવ તરીકે જાહેર થનારા ડગલે ને પગલે દુનિયામાં છે. મારીને, કુળનો નાશ કરીને, દેવ થનારા ડગલે ને પગલે હતા, પણ નહિ મારવાથી, તે ક્યાં સુધી બીજો મારી નાખે તો પણ નહિ મારવા, મને કાંઇ પણ આપત્તિ ન હોય ત્યાં સુધી નહિ મારુ–માતાનું હેત પોતાને આપત્તિ ન હોય ત્યાં સુધી જાળવી શકે છે.

**પાદશાહ ને બીરબલ[ ]**—પાદશાહે બીરબલને પૂછ્યું, પ્યારામાં પ્યારી ચીજ કોણ? બીરબલ-પ્રાણ. બાદશાહ કહે-પ્રાણ જો પ્યારા હોત તો યુદ્ધમાં કેમ ઝંપલાવે છે, દરિયામાં જાય છે કેમ? બીરબલ-પ્રાણના પોષણને માટે જ છે. એકવાર તેઓ બગીચામાં ગયા. બેઠા છે. નાના કુંડામાં વાંદરી વિયાઈ છે. ઉપરથી પાણી પડ્યું. થોડું પડ્યું વાંદરી ઊભી થઈ બચ્ચાંને બચાવ્યાં. બચ્ચાં પર કેવો પ્યાર છે! દુસરો કોસ જ્યાં પડયો, વાંદરીના નાક પર પાણી આવ્યું. બચ્ચાંને છોડીને બચ્ચાં પર ચઢી બેઠી. પાદશાહ કહે-જુલમ હો ગયા. જિંદગીને માટે જોખમ ઊભું થાય તો કોઇ ચીજ વહાલી છે! એવી રીતે અન્ય ધર્મીઓ દયાના નામે બેવા તૈયાર છે. '**न हिंस्यात् सर्वभूतानि**' કહેવા તૈયાર છે, પણ પોતાની જિંદગીને ભયની નોબત આવે ત્યારે કશું જોવા તૈયાર નથી.

## એ દયા તો માંકડાની દીવી જેવી

**મનુસ્મૃતિ** નીતિનું પુસ્તક છે. એ જ **મનુસ્મૃતિ** જણાવે છેઃ અજીગર્તઋષિ-દુષ્કાળનો વખત. ભિક્ષા ન મળી. છોકરાને મારી ખાવા દોડ્યા. પાપે લેપાયા નહિ. ભૂખ લાગી તેનો ઉપાય કરતા હતા. છોકરાને મારી ખાય તેમાં પાપ ન લાગે તે માનનારી **મનુસ્મૃતિ**. એ તો ક્ષુધાનો ઉપાય કર્યો. આ વાત જ્યારે ખ્યાલમાં લેશો ત્યારે મનમાં આશ્ચર્ય થતું હશે કે **દશવૈકાલિક** કરવા માંડ્યું ત્યારે જીવાદિની વાત નહિ. ઝાડના ફૂલોમાં ભમરો રસ લે તેમ વર્તવું. બીજા ધર્મવાળાઓએ દયાને રાખી છે, પણ એ દયા માંકડાની દીવી જેવી છે.

## મદારી અને તેનાં બે માંકડાં [ ]

એક રાજા પાસે કોઈક મદારી બે માંકડાંને બરાબર કળા શીખવીને લાવ્યો છે. રાજા કહે એ શું કરશે. પેલો કહે—ચોપદારનું કામ કરશે. રાજાએ કપડાં પહેરાવ્યાં. દરબાર ભરાયો તે વખતે ત્રણ ચાર કલાક સુધી દીવી લઈને ઊભાં રાખ્યાં. લોકોમાં આશ્ચર્ય થાય. પાદશાહ કહે બીરબલ દેખ. પહેરેગીરો રાખીએ તેને પેટમાં દુઃખે.

બાયડીનું રહે છે. જુઓ, આને કાંઈ પંચાત છે? બીરબલ—સાહેબ, જાનવર છે. મનુષ્યને ફરજ, હાજત હોય. કેટલીક મુદત ગઈ. પરદેશી મનુષ્યો ફેરીનો ટોપલો લઈને આવ્યા. પાદશાહની દીવી ઠેકાણે રહી, ટોપલો ગબડાવ્યો, બધું ખરાબ કરી નાખ્યું. પાદશાહ ચીઢાયો. બીરબલ કહે—સાહેબ! જાનવર છે. બીજા ધર્મની દયા—માંકડાને ફેરી ન દેખાય ત્યાં સુધી દીવી પકડીને ઊભા રહેવા જેવી છે અન્ય ધર્મીઓની દયા કેવળ વચનની, પોતાને આપત્તિ ન આવે ત્યાં સુધીની.

## જિંદગીના ભય વખતે પણ દયા ન છોડીશ કહેનાર તે જૈન શાસન

શિબિનાં દષ્ટાંત આવે છે, તે કયા રૂપમાં લેવું? પોતાને ખોરાક ન મળવાનો વખત આવે તે વખતે શું કરે તે પૂરતો પ્રસંગ છે. પોતાની જિંદગીનો ભય ઊભો થાય તો દયા ન છોડીશ તે જૈન શાસનમાં છે. નાનાં બચ્ચાંને માટે દશવૈકાલિક કહેવાય છે—આઠ વર્ષની ઉંમરના મનકમુનિને ભૂખે મરી જવું બહેતર પણ હિંસામાં ન પ્રવર્તવું પહેલવહેલું આ શું? જ્ઞાન, ધ્યાનની વાતો પહેલાં નહિ. બીજાઓએ જે હદે લાવીને બોધ મેલી દીધો છે તે બોધ અહીંથી શરૂ કરે છે. દેવપણું, ગુરુપણું, ધર્મ હિંસાના પરિહાર ઉપર લટકેલો છે. હિંસાનો ત્યાગ, જૈન ધર્મમાંથી ખસેડી દેવામાં આવે તો જૈન ધર્મના ગુરુ, દેવ, ધર્મમાં ગુરુત્વ, દેવત્વ,. ધર્મત્વ નહિ. જૈન ધર્મનું જગતમાં જરૂરી, ઉપકારીપણું હિંસા છોડવાને અંગે છે.'**लोगहियाणं**'—સર્વ જગતની દયાને નિરૂપણ કરનાર એ. બીજાં બધાંએ મારું રાખીને દયા નિરૂપી છે. છૂટનું સ્થાન કેવળ તીર્થંકરે નથી રાખ્યું.

## હેતમુનિનું દષ્ટાંત

બીજો પ્રાણાંત ઉપસર્ગ કરે, મનથી પ્રતિકૂળ વિચારવાની જરૂર નથી. મારે તો ઘણું મનવાળીને રહેવું હતું. હેતમુનિએ આવીને આમ કહ્યું, અવળે રસ્તે ચાલવું અને આરોપ બીજાના ઉપર મૂકવો. કાળો નાગ એ ખોળીને કરડવા જતો નથી. દબાણ ચંપાણ થાય

તો કરડે છે. જેની પાસે જે શક્તિ હોય તેનો તે ચીડાય ત્યારે ઉપયોગ કરે. નાનું બચ્ચું ચીડાય ત્યારે જે હાથમાં આવે તેનો ઉપયોગ કરે, વાળ ખેંચે. કે ગાયને પવિત્ર માનેલી તે ગાયને છેડવા જાય તો શીંગડું મારી દે. ચાર વર્ષના છોકરાને શીંગડું મારે તો તે મરી જાય. મારી પ્રવૃત્તિનું શું પરિણામ આવશે તે નિર્વિવેકીના મનમાં આવે નહિ. એવી રીતે સાપ દબાય, ચંપાય ત્યારે કરડે છે. ધારીને કરડવા ફરતો નથી. હવે કાળો નાગ ક્યારે કહેવાયો? દબાવ, ચંપાય ત્યારે કરડે તેથી. તું કાળા નાગથી શું ઊતર્યો?

## સાપ અને મુનિમાં એ જ મોટો ફરક

મુનિપણું, ધર્મીપણું શામાં? પ્રસંગ ન આવે ત્યાં સુધી શમતા રાખવામાં! મુનિપણાને અંગે ફરજ છે કે પ્રાણાંત પ્રસંગ હોય તો શાંત રહેવું. સાપ પ્રસંગ પડયે શાંત રહેતો નથી અને સાધુ પ્રસંગ પડયે શાંત રહે, આટલો ફરક પડયો. તું પાણી જેવો શું કામ થાય છે. બરફ લાગે તો ઠંડો, તાપ આવે તો ઊનાપણું મુનિપણું તો અલાયદાપણામાં છે. આ ઉપદેશની લાઈન જૈન ધર્મમાં છે. પ્રાણાન્તે કોઈને મારવાનો વિચાર ન કરવો. સ્વપ્નમાં હિંસા થઇ જાય તો પ્રાયશ્ચિત્ત કરવું. આ તરીકે ગુરુ, દેવ, ધર્મની સ્થિતિ જૈન ધર્મમાં છે. જૈન ધર્મ દુનિયામાંથી જાય તો? ફ્રાંસ હતું ન હતું થઈ જાય તો શોખનું સત્યાનાશ, જર્મની હતું ન હતું થઈ જાય તો કલા નષ્ટ થાય, ઇંગ્લાંડ હતું ન હતું થાય તો સામ્રાજ્યપણું નષ્ટ થાય. તેમ પ્રાણાંત ઉપસર્ગો હોય તો પણ કાળજામાં ન હાલવું. એવું જૈન ધર્મ ન હોય તો આ દશા સ્વપ્નમાં ન રહે. એ જૈન ધર્મની બલિહારી છે. કોઇ પણ હિંસાનાં કાર્યો છોડો. એ કાર્યોને પડખે ન ચઢો. હિંસાનું પરિહારપૂર્વક રક્ષણ કરો, જૈન ધર્મ સિવાય બીજા કોઈ ધર્મનું આ ધ્યેય નથી. અહિંસક બુદ્ધિ ઉત્પન્ન કરવી પ્રસંગે–દુનિયામાં જીવન-મરણના પ્રસંગે દયામાં તત્પર રહે તે કહેનાર જૈન ધર્મ છે.

**જૈનશાસનની જડ હોય તો તે હિંસાની વિરતિ**

આ જૈન ધર્મ કરવો તો દૂર રહ્યો પણ સાંભળી શકાતો નથી. જિનેશ્વર મહારાજનાં વાક્યો, ઉપદેશો બીજાને ત્રાસ કરી દે છે. એક બાજુ ભગવાનની વાણીને અમૃતરૂપ કહો છો, બીજી બાજુ ત્રાસ કરી દે એમ કહો છો? મૃગલાંનું ટોળું ભેળું મળેલું હોય તો સિંહનો અવાજ થાય તો નાસી જાય. જૈન શાસનનો શબ્દ એ કુવાદીઓને ત્રાસરૂપ છે. કોટવાળ, જિલ્લાનું જીવન, પણ ચોરનો ચંડાળ. તેવી રીતે સર્વ જીવોનું રક્ષણ કરનારું, હિત કરનારું વાક્ય હોવાથી જિનવાણી અમૃત સમાન છે. જેઓને હિંસા હાથમાં હથિયાર તરીકે રાખવી છે, હિંસાનો ત્યાગ એ નામર્દપણું, બાયલાપણું લાગતું હોય તો તેવાને માટે જિનવાણી સિંહનાદ જેવી ભયંકર થાય તેમાં નવાઈ શી? કુમાર્ગ જેને છોડવો નથી તેને જિનવાણી સિંહનાદ સમાન થાય જૈનોની દયાને નિંદવામાં બીજા બાકી રાખતા નથી. **જૈન શાસનની જડ હોય તો હિંસાની વિરતિ ઉપર.** જૈન દશાની ઉત્કૃષ્ટ દશા હોય તો હિંસાની વિરતિ ઉપર. જૈન ગુરુ, દેવ, ધર્મ જગતમાં જીવતા રહેવાના હોય તો હિંસાની વિરતિ ઉપર. દયાને દેશવટો દેવો હોય તો જૈન દેવ, ગુરુ, ધર્મની જરૂર નથી. જિનેશ્વરને ઊંચે દરજ્જે આવવાનું સાધન, ગુરુ, ધર્મને આગળ વધવાનું સાધન કોઈ હોય તો તે જીવદયા છે. તેથી પંચ મહાવ્રતમાં પ્રાણાતિપાત–વિરમણને સ્થાન મળ્યું. જીવ–દયા એ શાસનની, દેવ, ગુરુ, ધર્મની બધાની જડ છે.

**એ ઉપદેશ તો માસાહસ પંખી જેવો [ ]**

પહેલાં મહાવ્રતમાં જીવદયાને અંગીકાર કરું છું એમ કહી દો. જીવદયા કરનારા પોતે પોતાના તરફથી હિંસા ન છોડે તો વાત કરવાનો અર્થ નથી. એક કસાઈ બીજા કસાઈને કહે ભાઈ ગાય શું કામ મારે છે! એનો કાંઈ અર્થ નથી. તને દયા સારી લાગી તો તારા કાળજામાંથી કેમ નીકળી ગઈ? તારા કાળજામાં હોય તો કાળજારૂપી કૂવામાંથી બીજાના હૃદયના હવાડામાં આવે. તમામ દયાની

વાતો શોભે ક્યારે ? પોતે પ્રાણવધથી દૂર થાય તો. ગઠડીની ચોરી, સોયની શાહુકારી. સોય જેની હોય તે લઈ જાઓ. પોતે હિંસાનો પરિહાર ન કરે, બીજાને પરિહાર કરવાને કહે તે તેવું થાય. તેથી દ્રવ્ય, ભાવ બને પ્રકારના–કોઈ પણ પ્રકારના જીવના, કોઈ પણ પ્રકારના પ્રાણોના વધથી પાછો હઠે તો તે ધર્મ તરીકે ગણાય. તું પોતે પ્રાણના નાશથી દૂર રહેલો ન હોય, બીજાને દૂર રહેવાનું કહે. પોતે જ્યાં સુધી જીવની હિંસાથી ખસેલો નથી ત્યાં સુધી બીજાને જીવહિંસા બંધ કરવાનો ઉપદેશ આપે તે માસાહસ પંખી જેવું છે. જૈન ધર્મની જડ છકાયની દયા છે પોતે હિંસક હોય તો જગતના જીવોને દયાની વાત કરે તે માસાહસ પંખી જેવી છે. કોઈ પણ જીવના દ્રવ્ય–પ્રાણથી પાછા હઠવું તેનું નામ દયા છે.

## ખૂન ન થાય તો પણ હથિયારને અંગે કાયદો

જૈન મતની–જૈન ધર્મ, જૈન દેવ, ગુરુ, ધર્મની જરૂરિયાત, ઉત્કૃષ્ટતા નક્કી કરી તે પ્રાણાતિપાત–વિરમણથી. જૈન ધર્મનો ઉપદેશ દેવાનો અધિકાર જૈન સાધુઓને છે. જેણે વીસે વસા દયા પાળવાની પ્રતિજ્ઞા કરી નથી તેને જૈન ધર્મનો ઝંડો ઊચકવાનો હક નથી. પોતે છકાયની દયા પાળવાને તૈયાર થયેલા નથી, પ્રતિજ્ઞાના ધ્યેયવાળા નથી તે જૈન ધર્મનું એક વચન બોલે તો વરઘોડામાં ઝંડો ઊચકવા ભળી ગયેલા છે જૈન ધર્મનું એક વચન બોલવાનો હક તેને છે કે જે એ છકાયની દયામાં તૈયાર હોય. જૈન ધર્મની જડ, જીવન તરીકે, દેવ, ગુરુ, ધર્મની ઉત્પત્તિ તરીકે, ઝંડા તરીકે કોઈ ચીજ હોય તો એક જ–પ્રાણના નાશથી પરહેજ રહો. તેથી પ્રાણાતિપાત–વિરમણને પહેલે નંબરે મૂકવું પડયું સ્વ–પરના દ્રવ્ય અને ભાવ–પ્રાણો બચાવવાનો નિયમ થઇ ગયો. ખામી આવે તે નહિ કરવાની પ્રતિજ્ઞા થઇ ગઈ. હવે પછી જૂઠ જેવી ચીજ ક્યાં રહી છે ? અદત્તાદાન વગેરે ક્યાં રહ્યાં છે ? એક જ મહાવ્રત હોવું જોઈએ એમ કહો ? કાર્યરૂપે ત્યાગ થયા છતાં હથિયારના વેપારી ફાંસીએ ચઢી જતા નથી, ખૂન કરનારા

ફાંસીએ ચઢે છે. ખૂનની સાથે સીધો સંબંધ વેપારીને નથી. જૂઠ બોલવાવાળાને સ્વ, પરના દ્રવ્ય-ભાવ-પ્રાણ સાથે સીધો સંબંધ નથી. નાશના વિચાર, ક્રિયાવાળો સીધો સંબંધવાળો છે. હથિયારના વેપારીને ખૂની ગણી શકે નહિ, જો કે હથિયારથી ખૂન થાય છે. મારવાના વિચારમાં ન હોય, મારવાની ક્રિયા ન કરે તેને હિંસાના ગુનાએ ગુનાવાળો કેવી રીતે કરાય? આ વચનને, શબ્દને, વાતને સીધો હિંસાની સાથે સંબંધ નથી. હથિયારથી ખૂન થાય તેથી હથિયારનો વેપારી ખૂની નથી. હથિયાર ન હોત તો ખૂન ન થાત. સ્વ, પરના દ્રવ્ય કે ભાવ બંને પ્રકારના પ્રાણોનો નાશ નહિ કરવાની મન, વચન, કાયાથી પ્રતિજ્ઞા કરવામાં આવે તો જ મૃષાવાદનો કિલ્લો રહે છે. ખૂનના કાયદાઓ કર્યાં છતાં હથિયારના કાયદા જુદા કરવાની જરૂર છે. ખૂન ન થાય તો પણ હથિયારને અંગે કાયદો. હિંસાના કારણરૂપ બનો અગર ન બનો તો પણ મૃષાવાદનો ત્યાગ કરવો જોઇએ. સાચું એ પરિણામે જૂઠું છે, પણ એ જૂઠું એ પરિણામે સાચું નહિ. કોઈની આબરૂની વાત કરી, ગુપ્ત વાત કરી, સાચી કરી છતાં જૂઠી. સત્ય તરીકે પ્રતિજ્ઞા કરનારો આમાં છૂટો રહે છે. સત્ય જ બોલવાવાળો અહીં છૂટો રહે છે. કોઈની ગુપ્ત વાત કરવાની છૂટ. મૃષાવાદ–વિરમણવાળાને છૂટ નથી. વેશ્યાઓ ઘૂમટો વધારે કહે. જે જૂઠામાં જડાએલા, જકડાયેલા કહે–આપણે તો સાચે સાચું કહી દેવાના, તો વેશ્યાનો ઘૂમટો. નિર્લજ બમણો લાજ કાઢે, તો સમજવું કે જૂઠાનો પીર છે. શાસ્ત્રકાર જે બીજાના જન્મનું, કર્મનું, મર્મનું વાક્ય ઉચ્ચારે તેને જૂઠ કહે છે. મૃષાવાદ-વિરમણના ભાગમાં ત્રણ જૂઠ કહ્યાં છે. તેમ નિંદાના વાક્યને જૂઠ કહેલી છે. સ્વરૂપ નિરૂપણમાં છૂટ.

ક્રાઈસ્ટને દેવ માનવો કે નહિ? વસ્તુ સ્વરૂપ બતાવાય–હલકો પાડવાની બુદ્ધિએ ઊતરી જવાય તો **ગરિહા**. ઉત્કર્ષ, અપકર્ષ કરવાને અંગે એક **ગરિહા** વાક્ય નીકળે તો મૃષાવાદ છે. વસ્તુ નિરૂપણની બાબતમાં કહો તો, **ગરિહા** નિંદા નહિ.

સત્ય રાખવું કે મૃષાવાદ-વિરમણ રાખવું ? મૃષાવાદથી વિરમવાવાળો જન્મ, કર્મના મર્મ વાકયથી છૂટો રહી શકતો નથી. સાચી સિવાય બીજી કંઈ નહિ તેવી વાત ક્રોધથી ધમધમીને કહેનાર સત્યવાળાને વાંધો નથી. મૃષાવાદ-વિરમણ તેવા વચનોને બંધ કરે છે. મૃષાવાદ-વિરમણ અશે.

---

# વ્યાખ્યાન : ૩૩

## શાસનમાં એકલા વિદ્વાનોને જ અધિકાર નથી

ગણધર મહારાજા **સુધર્માસ્વામીજી** મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિત માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે દ્વાદશાંગીની રચના કરતા થકા, પહેલાં પૂર્વોની રચના કરી, બારમા-દૃષ્ટિવાદની રચના કરી છતાં શાસનમાં એકલા વિદ્વાનોને અધિકાર છે તેમ નથી.

## અહીં વિહારનો અર્થ સાધુપણામાં વર્તવું તે

જ્ઞાન આપુતી હોય તો ચાલે, જ્ઞાન પારકા આત્મામાં રહેલું હોય તો ચાલે, તેથી એક ગીતાર્થનો સંયમ અને બીજો ગીતાર્થની નિશ્રાનો. જો કે અહીં 'વિહાર' શબ્દ છે. જ્યાં વર્તવું થાય ત્યાં વિહાર' શબ્દ વપરાય છે. તેથી **કલ્પસૂત્ર**માં ઇંદ્રનો અધિકાર ચાલ્યો ત્યાં ઇંદ્ર કંઈ ફરી રહેલો નથી. **શક્ર** નામના સિંહાસન ઉપર છે. બીજી બાજુ **'विहरइ'** કહેવું. **'विहरति'**-વર્તે છે, રહ્યા છે એ અર્થ કર્યો છે. જેમ **મહાવીર**ને અંગે સંયમ અને તપસ્યાથી ભાવતા વિચરે છે અને જ્યાં કાઉસગ્ગ રહેતા, ચોમાસું રહેતા ત્યાં તપથી વાસિત કરતા ન હતા એવો અર્થ નથી. અહીં **'विहरइ'**નો અર્થ વર્તે છે. વર્તવું એ અર્થ 'વિહાર'નો લેવો પડે છે. એક ગામથી બીજે ગામ જવું તે રૂપ વિહાર લેવો. ગીતાર્થે દેશદેશાંતરે ફરવું. ગીતાર્થની નિશ્રાનો

'વિહાર' આવો અર્થ નથી. અહીં 'વિહાર'નો અર્થ વિચરવું તે નથી. પણ 'સાધુપણામાં વર્તવું' છે.

### માલિક કોણ ?

ક્ષેત્રને અંગે અધિપતિપણું જણાવ્યું ત્યાં ક્ષેત્રનો માલિક કોણ ? કાં તો ચક્રવર્તી, કાં તો ઇંદ્ર. તમારે તેનું કામ શું છે ? કોઈ પણ જગા શાસ્ત્રકારોના હિસાબે પાંચથી પરિગ્રહિત હોય છે. પાંચેની આજ્ઞા જોઈએ. **પાંચેની આજ્ઞા વિના ક્ષેત્રમાં રહેવું થાય તો અદત્તાદાન થાય.** ઇંદ્ર ૧, ચક્રવર્તી ૨, રાજા ૩, ગૃહપતિ ૪, સાધર્મિક ૫–સ્વામીએ ન દીધેલું. સ્વામી આ પાંચ. જો આ પાંચ સ્વામી હોય તો સાધુમાં સ્વામિતા શી રીતની ? કયા સાધુને પૂછવું ?, ત્યાં ખુલાસો કર્યો–અજાત અને અસમાપ્ત કલ્પને પૂછવાનું હોય નહિ. જાત અને સમાપ્તકલ્પ ક્ષેત્રનો માલિક છે. **ગીતાર્થનું નામ જાત.** શેષ ઋતુમાં અમુક પ્રમાણ. આચાર્ય ઉપાધ્યાય–ત્રીજા (?)

### જૈન શાસનમાં અજ્ઞાની એ જ્ઞાનીના સરખુંજ ફળ મેળવે છે

સાધુપણું એ વિહારનો અર્થ લેવો. વિહાર શબ્દથી સંયમનું વર્તન લેવું. સંયમનું વર્તન ગીતાર્થનું. પોતે જ્ઞાનવાળો હોય. બીજું સંયમનું વર્તન ગીતાર્થની નિશ્રાવાળું. ગીતાર્થ નથી. શંકા–અજ્ઞાનીનું સાધુપણું અને જ્ઞાનીનું સાધુપણું કહો, તો "**पढमं नाणं तओ दया**" છોડવું પડશે ! સમાધાન–એકકે છોડવું પડશે નહિ. હરિભદ્રસૂરિ જણાવે છે કે અજ્ઞાની, જ્ઞાની બંને સરખો લાભ મેળવે છે. શંકા–તો પછી જ્ઞાનમાં અધિકતા શી ? સમાધાન-આંધળો ગામ પહોંચી શકે કે જે વખતે દેખતો પણ પહોંચે છે. બંને સરખા વખતે પહોંચે છે. દેખતાની આંગળીએ લાગેલો આંધળો એ આંધળો દેખતાની સાથે ગામ પહોંચે. તેમ જૈન શાસનમાં અજ્ઞાની એ જ્ઞાનીના સરખું જ ફળ મેળવે છે. આંધળો દેખતાની સાથે ક્યારે ગામ પહોંચે ? જો દેખતાની આંગળીએ લાગેલો હોય તો. અજ્ઞાની એ જ્ઞાની જેટલો લાભ પામે, જો જ્ઞાનીની નિશ્રાએ ચાલતો હોય તો. આ લગીર

ઊંડી દૃષ્ટિથી જોશો ત્યારે માલમ પડશે કે સાધુપણું લીધું એટલે કેદી કરતાં ભારે તાબેદારી. કેદીને સુવું હોય, માતરું કરવું હોય તો પૂછવું પડતું નથી. બહાર જવું હોય તો જ જેલરને પૂછવું પડે છે. જે બાબતોમાં કેદીઓને જેલરને પૂછવું પડતું નથી તેવી બાબતમાં સાધુઓ પરાધીન. સુવું હોય, માતરું કરવું હોય તો સાધુઓને રજા લેવાની. આ તાબેદારી. શંકા—જેવી તાબેદારી કેદીઓ નથી ઉઠાવતા તેવી અમારે ( સાધુઓને ) ઉઠાવવી ? સમાધાન—આંકેલા સાંઢને વાડામાં રહેવું બંધન લાગે, પણ એ જ વાડો વાઘ, વરુથી બચાવનાર હોય. એ વાડો સીધી દૃષ્ટિએ દેખનારી ગાયને બચાવનાર લાગે. સાંઢને બંધન લાગે છે. જેઓ પોતાના આત્માના કલ્યાણના અર્થી છે, જેઓ શરીરની મમતા ધરાવતા નથી, તેમને શરીર પણ ગુરુ મહારાજની અનામત ચીજ છે. શંકા– આપેલી તો મેં છે ને ? સમાધાન—જેને સખાવત કરીને વસ્તુ અર્પણ કરી હોય, પછી તે અર્પણ કરનારનો હક રહેતો નથી. પોતે ચેરીટી ( charity) કરી હોય, તેનાં નાણાં પોતે ઉપયોગમાં લે તો ગુનેગાર. અનામત ચીજમાં જે ફેરફાર થાય તે માલિકની મરજી વિના થાય નહિ. તેને અંગે પાણી વાપરું એની, માતરું કરવાની રજા લેવી પડે છે. ગીતાર્થની નિશ્રા કેટલી બધી ! ખાવાપીવામાં, જંગલમાત્રામાં ગીતાર્થની નિશ્રા.

## અજ્ઞાની જ્ઞાનીની નિશ્રાએ રહે તો જ્ઞાનીના જેવું ફળ મળે

આલોચન નામનું પ્રાયશ્ચિત્ત પહેલું. પ્રાણાતિપાત-સંઘટ્ટ થયા હોય તેને આલોચન કહીએ તે વાસ્તવિક આલોચન નથી. આલોચનનો અર્થ—અહીંથી નીકળ્યા અને અહીં આવ્યા, તે વચ્ચેની હકીકત ગુરુને જણાવી દેવી. આલોચનાનો અર્થ નિવેદના કર્યો. કોણ મળ્યું ? કોની સાથે વાત થઈ ? બધું કહી દેવાનું. આલોચનાનું પહેલું સ્થાન બધાં પ્રાયશ્ચિત્તોમાં છે. આ વિચારીએ ત્યારે માલમ પડશે કે અગીતાર્થ હોય તો પણ જ્ઞાનીનું ફળ પામે છે. જ્ઞાનીની નિશ્રાએ કઈ સ્થિતિમાં રહ્યા છો તે તપાસો. મ્યુનિસિપાલિટિ (municipa-

lity)માં રહ્યા હોય. તમે કાયદા ન જાણો પણ વકીલની સલાહથી ચાલો છો તો તમારી મિલકત સહીસલામત. કાયદાને જાણવાવાળા વકીલોની માલમિલકત સહીસલામત છે, અને તમે કાયદા જાણતા નથી તેની માલમિલકત સહીસલામત નથી એવું નથી. બંનેની સહી-સલામત છે. કાયદાથી કરવું તે વકીલ પાસે કરાવી લો. નોટિસ આપો તે વકીલ મારફત. કાયદા જાણનારની નિશ્રાએ ચાલનારો મનુષ્ય એ કાયદા જાણનારાની જેમ માલમિલકત સહીસલામત રાખી શકે છે. તેવી રીતે અગીતાર્થ, અજ્ઞાની પણ ગીતાર્થ અને જ્ઞાનીની નિશ્રાએ રહે તો તેની માફક નિષ્કંટક સંયમ પાળી શકે. અગીતાર્થને ફળ થાય પણ તે ગીતાર્થની નિશ્રએ. આથી "**पढमं नाणं**" એ વાક્યને બાધ આવ્યો નહિ. ભલે ગીતાર્થમાં રહેલું જ્ઞાન હોય. ગીતાર્થની નિશ્રા જ્ઞાનને પહેલું લાગવ ને અંગે છે. પોતે અજ્ઞાની છતાં જ્ઞાનીની નિશ્રાએ રહે તો જ્ઞાનીના જેવું ફળ મેળવે. આથી પારકા આત્મામાં રહેલું જ્ઞાન અગીતાર્થને કામ લાગ્યું.

## સાંભળીને શ્રદ્ધા કરવાની

સમ્યક્ત્વ ક્યારે? તત્ત્વાર્થની શ્રદ્ધા થાય ત્યારે. શ્રદ્ધા પોતાના જ્ઞાનથી કે પારકા જ્ઞાનથી? જિનેશ્વર મહારાજે કેવળજ્ઞાનથી જીવાજીવાદિક પદાર્થો જાણ્યા, તેનું નિરૂપણ કર્યું. આપણે તે સાંભળીને શ્રદ્ધા કરવાની. આત્માનો સીધો સ્વભાવ નથી. પોતાનું જ્ઞાન એ પણ એમના જ્ઞાનને આધીન. પોતાનું સમ્યક્ત્વ એમના જ્ઞાનને આધીન. તીર્થંકરોએ કેવલજ્ઞાનથી જણાવ્યું, આપણે જ્ઞાન મેળવ્યું અને સમકિતી ગણાયા. જો આપણે જાણવું એટલું જ માનવું હોય તો શું થાય? જીવને જાણે નહિ તેને જાણવાનો વખત નથી શાને આધારે માનીએ છીએ! જીવની પરમગતિ-મોક્ષની, તે શાને આધારે માનીએ છીએ? પારકા જ્ઞાને માનીએ છીએ. ભગવાને કહ્યું છે તેથી જાણીએ છીએ. આપણા જ્ઞાનથી તેમાંનું જાણતા નથી.

## તીર્થંકરના વચન ઉપર ભરોસો રહે તો આત્મા ખડો કેમ ન કરાય?

આત્માને શુદ્ધ ચિદાનંદસ્વરૂપ જાણીએ. તેને દેખ્યો નથી ત્યારે તેના સ્વરૂપને ક્યાંથી દેખીએ? આબરૂનું રક્ષણ કરજે, ઘટાડો ન કરજે. આબરૂ તો દેખાતી નથી, તો શી રીતે બતાવાય? તેનું (આબરૂનું) ફળ બતાવાય, કોઈ ઊભા થાય છે–તે બુદ્ધિ ઉપર ભરોસો રાખીને. તેને કહેનાર કહે છે કે જોજે બુદ્ધિ મારી ન જાય. બુદ્ધિ વધારજે. તે (બુદ્ધિ) કેવી છે? લાલ, પીળી છે? તો પછી આત્મા માનવામાં વાંધો શો આવ્યો છે! આત્માનો સ્વભાવ, આકાર જે જિનેશ્વરે બતાવેલો તે ધ્યાનમાં રાખીએ તો બસ છે. સગાઈ કરતી વખતે વરને દેખેલો હોતો નથી, પણ તેનું સ્વરૂપ સાંભળવાથી સગાઈ કરી શકાય છે. જેમ કહેવાવાળા ઉપર ભરોસો રહ્યો તો જમાઈનું, વેવાઈનું સ્વરૂપ ખડું કરી દીધું. તેમ તીર્થંકરના વચન ઉપર ભરોસો રહે તો આત્મા ખડો કેમ ન કરી શકાય?

### સમ્યગ્દર્શન એ પારકા જ્ઞાને સ્વસ્વરૂપમાં આવે

ખુદ સમ્યક્ત્વ લઈએ તો પારકા જ્ઞાને જ્ઞાન કરવાનું. સ્વયં જ્ઞાને જ્ઞાન નહિ. તમે કહેશો મતિ, શ્રુત તો આપણા આત્મામાં છે તો પછી સ્વયં જ્ઞાન કેમ નથી? મતિ, શ્રુત શાસ્ત્રના ઘરનાં છે. ધર્માસ્તિકાય વગેરેનું જ્ઞાન મતિ, શ્રુતથી થતું નથી. મતિજ્ઞાન સર્વ દ્રવ્યને જાણે પણ તે સૂત્રના આદેશે મતિજ્ઞાન ચાલતું હોય ત્યાં; સૂત્રના ઇસારાવાળું શ્રુતજ્ઞાન ન હોય તો, ત્યાં ધર્માસ્તિકાય જણાવાના નથી. મતિ, શ્રુતજ્ઞાન ભલે ગણાય પણ ભાડૂતી પોતાના નહિ. છદ્મસ્થનું સ્વયં મતિ, શ્રુતજ્ઞાન હોય તો તે ધર્માસ્તિકાયાદિને જણાવનાર હોય નહિ. તેમાંથી સર્વજ્ઞ ભગવાનનો અંશ લાવે તો ધર્માસ્તિકાયાદિ જણાય. સમ્યક્ત્વ એ ભાડૂતી જ્ઞાનથી. અવધિ, મનઃપર્યવ રૂપીને જણાવે છે. શ્રુતજ્ઞાન સર્વરૂપી, અરૂપીને જણાવે છે. અવધિ, મનઃપર્યવની સર્વ જણાવવાની તાકાત નથી. શ્રદ્ધાને માટે તો પદાર્થોનું જ્ઞાન

ભાડૂતી, સ્વયં નહિ. સમ્યક્ત્વની વખતે થતું જ્ઞાન ભાડૂતી થયું એમણે —ગણધરોએ, શ્રુતકેવલીઓએ, તીર્થંકરોએ કહેલું, આપણું સ્વતંત્ર દેખેલું નહિ. સમ્યગ્દર્શન એ પારકા જ્ઞાને સ્વસ્વરૂપમાં આવે. જ્ઞાન પોતાનામાં હોય તો ઠીક, પોતાનામાં ન હોય તો પારકાના જ્ઞાનને ભરોસે હોય તો પણ કામ થાય. કાયદાનું જ્ઞાન ન હોય પણ વકીલની મદદ લીધી તો કાયદા જાણનારના જેવું કામ થાય અક્કલ ભાડૂતી મળે છે, મિલ્કત તો ભાડૂતી મલતી નથી. અર્થાત્ વેચાતી મળે છે. જ્ઞાન ન હોય તો પારકા જ્ઞાને કલ્યાણ સાધી શકે.

## પારકું જ્ઞાન કામ લાગે, પારકું ચારિત્ર કામ ન લાગે

સમકિતી જ્ઞાન પારકા જ્ઞાને મેળવે. પારકા જ્ઞાને મોક્ષનો રસ્તો સર કરી દે પણ પારકા ચારિત્રે કોઈ ચારિત્રવાળો થતો નથી. અવિરતિને વિરતિવાળાની નિશ્રાએ ચારિત્ર માન્યું નહિ. વિરતિ પોતે ન કરે તો પારકી વિરતિ કામ ન લાગે, પારકી અક્કલ કામ લાગે, પણ જેમ પારકી મિલ્કત કામ ન લાગે, તેમ પારકું ચારિત્ર કોઈને કામ લાગતું નથી. મિલ્કત સ્વયં જોઈએ. તેમ ચારિત્ર સ્વયં જોઈએ. જ્ઞાન અને ક્રિયા બંને મોક્ષના માર્ગ. જ્ઞાન, ક્રિયાથી મોક્ષ થાય છે. મોક્ષને અંગે જ્ઞાન, ક્રિયા આદરવા લાયક છે એવો નિશ્ચય છતાં જ્ઞાનીની નિશ્રાદ્વારાએ પણ આત્મ હિત કરી શકે. જ્યારે નિશ્રાદ્વારાએ ચારિત્ર હિત કરી શકતું નથી પણ ચારિત્ર આદરવા દ્વારાએ આત્મહિત કરી શકે છે. ચારિત્ર એવી ચીજ છે કે વર્તાવમાં પોતે મેલવી જોઈએ. જ્ઞાન પોતે વર્તાવમાં મેલો અગર બીજા દ્વારાએ મેલો. ચારિત્રમાં બીજાનું દ્વાર કામ લાગતું નથી, તેથી જૈન શાસનમાં ચારિત્રનું સ્થાન કેટલું વ્યાપક છે તે સમજી શકાશે. ગોખલાનો દીવો અજવાળું કરે પણ મકાનનો કચરો ન કાઢે. જ્ઞાનીપણું, ગીતાર્થપણું જવલ્લે હોય તો શાસન ચાલે, પણ ચારિત્ર વગર શાસન ચાલે નહિ.

## જ્ઞાનનો અંશ ભાડૂતી મળી શકે પણ ચારિત્ર તો સ્વયં આચરેલું કામ લાગે

જૈન શાસનમાં જ્ઞાન, ક્રિયા બંને માનેલાં છતાં બેમાં કેટલો

ફરક છે? પારકા આત્મામાં રહેલું જ્ઞાન રૂપ સૂર્ય એક જ હોય કે જગ*તભરના અંધારાનો નાશ કરે, પણ સાવરણી જ્યાં ફરે ત્યાંથી કચરો* જાય. ચારિત્ર જે આત્મામાં આવે તે આત્માના કર્મનો ક્ષય કરે. આથી અનાદિનો સંસાર રહ્યો તે માની શકીશું. આત્મામાં રહેલું ચારિત્ર કામ લાગતું હોત, તો આ જીવનું અનાદિ સુધી સંસારમાં રહેવાનું થાત નહિ ક્ષપકશ્રેણીના આત્મામાં બધાં કર્મો પેસી જાય તો તે એક આત્મા એક અંતર્મુહૂર્તમાં ચૌદ રાજલોકમાંના કર્મોનો ક્ષય કરી શકે. એક આત્મામાં રહેલું ચારિત્ર બીજાનું કામ કરી દેતું હોત તો અનાદિનો સંસાર રહેત નહિ. જ્ઞાને શાસન સ્થપાયું. પારકું જ્ઞાન અસંખ્યાતને કામ લાગ્યું. જ્ઞાન પચાસ લાખ ક્રોડ સાગરોપમ સુધી કામ લાગ્યું, પણ ચારિત્ર બીજા આત્માને તે સમયે પણ કામ લાગતું નથી, તો પછી સમયાંતરે, ક્ષેત્રાંતરે કામ લાગે શાનું? અહીંનું ચારિત્ર અંશ થકી દેવલોકમાં ન હોય. અગિયારમા ગુણસ્થાન સુધીના ચારિત્રનો અંશ ત્યાં ચાલતો નથી. સમ્યક્ત્વ દેવના ભવમાં તેવું ને તેવું ચાલે. ચારિત્રનો ચોકો જુદો છે. એ તો પૂરબાઆઓનો ચોકો, સૈયાનો ચોકો. તેમાં બાઇ ન ભળે. એ તો જે ચોકામાં રહ્યા તે જ કામ લાગે. ચારિત્ર જે આત્મામાં હોય તે આત્માને જ કામ કરનારું થાય. જ્ઞાન એક આત્મામાં રહેલું અનંત આત્માને કામ લાગે. તેથી **આચારાંગ**ની સ્થાપના પ્રથમ કરવી પડી. જ્ઞાનનો અંશ ભાડૂતી મળી શકે છે. ચારિત્ર સ્વયં આચરેલું કામ લાગે

## એકલા એકથી કામ ન ચાલે

**આચારાંગ**નું નિરૂપણ કર્યા પછી વર્તનમાં વિચારને કોરાણેતો ન મેલાય. વિચારને કોરાણે મેલીએ તો **શેઠે છ મહિના વિચાર કરીને ગાયના શીંગડામાં મોઢું ઘાલ્યું હતું** તેના જેવું થાય. ચારિત્ર એવું તો નહિ કે જેમાં વિચારના વાંખા હોય. તેવું ચારિત્ર નહિ તેથી વિચારની વ્યવસ્થા કરવાની જરૂર. આચાર, વિચાર વ્યવસ્થિત થયા પછી ઇયત્તા હાથમાં ન આવે ત્યાં સુધી મુદ્દા વિના આચાર,

વિચાર કામ કરી શકે નહિ. તેથી ત્રીજું ઠાણાંગજી.

## જૈન શાસનની જડ પાંચ મહાવ્રત છે

જૈન ધર્મ જગતમાં ઉપકાર કરી શકે, ઉત્તમતા દાખવી શકે તેવો હોય તો તે મહાવ્રત દ્વારાએ. દેવપણું, ગુરુપણું, ધર્મપણું એ મહાવ્રતને અંગે. કલ્પનાની ખાતર માની લો કે જૈનોના અરિહંત હિંસક હોય તો અરિહંત તરીકે કોઈ માને નહિ. જૂઠું બોલે, સ્ત્રી રાખે તો કોઈ માને નહિ. મહાવ્રત એ પહેલું પગથિયું છે. વીતરાગપણું એ તો ઘણું ચઢિયાતું પગથિયું છે. પાંચ મહાવ્રત વગર દેવમાં દેવપણું નહિ, ગુરુમાં ગુરુપણું નહિ, અને તે વગર ધર્મને કોઈ ધર્મ માને નહિ. આથી જ જૈન શાસનની જડ પાંચ મહાવ્રત છે. "**पंच महव्वया पन्नत्ता**" પાંચ મહાવ્રતો કહ્યાં.

## સર્વ કાળથી સિદ્ધ છે એમ જણાવવા 'पन्नत्ता' કહ્યું છે

શંકા– **મહાવીર** મહારાજ સ્વયં સાક્ષીથી સાચા દર્શી છે તો હું કહું છું એમ કહી દો ને? "**पंच महव्वया पन्नत्ता**" એમ શા માટે? સમા૦–હિંસા વગેરેથી વિરમવું પોતે જ નાખેલું છે એમ નથી. જે જે કાળે લોકો હિંસા વગેરેથી વિરમેલા હોય તે મહાવ્રતવાળા કહેવાય. ભગવાન્ **મહાવીર**ની કારીગરીથી મહાવ્રતપણું ઉત્પન્ન થયેલું નથી. સર્વ કાળથી સિદ્ધ છે, 'આ' જણાવવા માટે 'પન્નત્તા' કહ્યું છે. સર્વ કાળની સ્થિતિ, એકસરખી સ્થિતિ. આથી સર્વથા વિરમવું તે મહાવ્રત કહેવાય. દ્રવ્ય, ભાવ બંને પ્રકારના પ્રાણોનો નાશ તેનાથી વિરમવું તેનું નામ પ્રથમ મહાવ્રત.

## મૃષાવાદનો પ્રસંગ સંજ્ઞી પંચેન્દ્રિય સિવાય કશે નથી

જૂઠનો પ્રસંગ ક્યારે? સંજ્ઞી પંચેન્દ્રિયપણા સિવાય જગત્‌ભરમાં બીજે ક્યાંય નથી. ભાષા તો છે પણ મૃષાવાદનો પ્રસંગ એ તો સંજ્ઞી પંચેંદ્રિય સિવાય બીજી કોઈ જગો પર નથી. વચનના ચાર ભેદ (ચોગ). એમાં બેઇંદ્રિય, તેઇંદ્રિય યાવત્ અસંજ્ઞી પંચેન્દ્રિયને અંગે

એક વચન યોગ માન્યો. બેઇંદ્રિય આદિ વચન યોગવાળા છે પણ ત્યાં ભાષાને અંગે એક જ યોગ—અસત્યામૃષા.

**સર્વ વ્યાપક કોઈપણ હોય તો તે પ્રાણાતિપાત-વિરમણ**

ત્રણ બીજા ક્યાં? સત્ય, મૃષા, મિશ્ર. તે ભેદ નહિ! પ્રાણાતિપાતિકી ક્રિયા તો સંજ્ઞી પંચેંદ્રિય સુધી બધામાં છે. હિંસાના પ્રસંગમાં જીવ દેહથી છે. સંજ્ઞી પંચેંદ્રિય થાય ત્યારે મૃષાવાદના પ્રસંગમાં. પાંચ મહાવ્રતમાં અનાદિથી સર્વ વ્યાપક હોય તો તે હિંસાથી વિરમવાનું છે તે જ. હિંસાનો પ્રસંગ ક્યાંથી શરૂ થાય તે તપાસો. જૂઠનો પ્રસંગ સંજ્ઞી પંચેંદ્રિયમાં આવે ત્યાંથી. સંજ્ઞી પંચેંદ્રિયમાં ચાર વચન યોગ, ત્યારે મૃષાનો પ્રસંગ. મૃષામાં આવે ત્યારે વિરતિનો પ્રસંગ. સર્વ વ્યાપક કોઈ પણ હોય તો તે પ્રાણાતિપાત-વિરમણ. પ્રાણાતિપાત-વિરમણ સર્વને માટે, તેથી એની વિરતિ પહેલા નંબરે. સત્ય ઉપાધિ રહિત હોય તો જ સત્ય. સત્ય સ્વરૂપે સત્ય નથી. જો ઉપાધિવાળું હોય તો તે જ સત્ય અસત્ય છે. સત્ય વ્રત લે તો ઉપાધિને લીધે સત્યનું અસત્ય થઇ જાય. તેનાં પચ્ચક્ખાણ રહે નહિ. કાણો હોય તો કાણો કહેવો એમાં વાંધો નહિ ને? સત્યની પ્રતિજ્ઞાવાળાને કાણા ને કાણો કહેવામાં વાંધો નહિ. જૂઠું બોલનારા સાચેસાચું કહી દેવાના સમજવું કે? ત્યારે જૂઠું બોલનારાને વેશ્યા બમણો ધૂમરો કાઢે એ ન્યાયે સત્ય બોલવાનો હક નથી. સત્ય બોલવાનો હક ક્યાં લેવા જાઓ? જન્મ, કર્મ, મર્મનું વાક્ય બોલવામાં તેને હરકત રહે નહિ.

**ક્રોધમાં ધમધમેલો મનુષ્ય સાચું બોલે તો પણ જૂઠું**

આર્યમુનિ—શેઠિયાને ત્યાં કહે ફલાણાને ત્યાં જન્મ્યો તો શું થાય? સત્ય એ દુનિયાદારીથી સોએ સો ટચનું સત્ય હોય તો પણ ચોકખું ઘી અથવા દૂધ, મેલી ગળણીમાંથી ઊતરે પરિણામ શું થાય? ઘી અને દૂધ બગડે. દૂધ ચોકખું, ગળણી મેલી, વચનનું ઉત્થાન, ગળણીમાંથી ગળાઇને નીકળે. ગળણી મેલી હોય તો-હૈયારૂપ ગળણી મેલી હોય તો! ક્રોધમાં સાચું કહી દે તો તે જૂઠું. માન, માયા, લોભમાં

સાચે સાચું કહી દે તો તે જૂઠું. સાચું એ સ્વરૂપે સાચું નહિ સ્વરૂપે સાચું હોત તો ગળણીની પંચાત ન પડે. અહીં તો ગળણી-ની ઉપર જ ધોરણ. કૂવામાંથી પાણી નીકળે, ઊંચું નીકળે, ખારમાંથી નીકળે, પસાર થાય, ખારવાળું પાણી પહોંચવાનું. અહીંથી ઉત્થાન આવે તેવું થયું હોય, આ ટાંકીમાંથી પસાર થવાનું. તેમાં જો ક્રોધનો કચરો, માનનો મેલ, માયાનું જાળું કે લોભના લાકડાં ભરાયાં હોય તો તેમાંથી નીકળતું વચન સાચું હોય તો પણ મૃષા. આથી જ શાસ્ત્રકારે ક્રોધ, લોભ, ભય, હાસ્યથી જે બોલાય તે જૂઠું જણાવેલું છે તે સમજાશે. જૂઠું ન બોલ્યો તો પ્રતિજ્ઞાને શો વાંધો ? જે મનુષ્ય ક્રોધમાં ધમધમ્યો પછી સાચું બોલે તો પણ જૂઠું. એને સાચું બોલ્યો એનું પ્રાયશ્ચિત્ત લેવું પડે.

## મહાશતક અને રેવતી [ ]

મહાશતક નામનો શ્રાવક, મહાવીરના દશ-શ્રાવકમાંનો મુખ્ય. તેને રેવતી નામની સ્ત્રી. શ્રાવક ત્યાગી, વૈરાગી, સંસારથી નીરસ પણ સ્ત્રી તેવી નથી. દુનિયામાં સરખા જોગ ઘણા ઓછા બને છે. સ્ત્રી ભર્તારની માફક અનુકૂળ મળે, ભોગવિલાસની મળે, પણ ત્યાગવૃત્તિવાળો આદમી હોય ત્યાં સ્ત્રીની ત્યાગવૃત્તિ થાય એવું મુશ્કેલ. પરદેશી રાજાએ સૂર્યકાંતાનું શું નુકશાન કર્યું હતું ? ઘરેણાં ગાંઠાં લઈ લીધાં ન હતાં. વિષયપિપાસા એ સૂર્યકાંતાને સળગાવનાર થઈ. ક્યાં સુધી સળગી. ચોથો આરો હતો. જેને ભોગનો અંતરાય પડયો તે સૂર્યકાંતા સળગી. આજે અંતરાય પડે કઈ બાઈ ન સળગે ? કયા મનુષ્યો દીક્ષા લે તેમાં તેની સ્ત્રીને ભોગનો અંતરાય ? હમણાં તો સળગે યુવકો. ત્યાં એકલી સૂર્યકાંતા સળગી હતી. અરે તમને અનુમોદના નથી આવતી ? ધર્મમાં ગયો પાલવ્યો નહિ. સૂર્યકાંતાને તો પેટ બળ્યું તેથી પાલવ્યું નહિ. પોતાને વિષયવાસના હતી તેથી ન પાલવ્યું, પણ આ તો પારકા ત્યાં સળગે છે. યુવકો ભોગની આકાંક્ષાવાળા પોતાનું ધાર્યું ન થાય તો પ્રાણ લે. 'જમને દેવાય પણ જતિને ન દેવાય' એ

વાત સોએ સો ટકા સાચી, પણ તે સૂર્યકાંતાના સગાને માટે. તેને પરદેશી રાજાને જમને દીધો. મરી જાય તો કબૂલ. સાધુપણું તો નહિ લેવા દઉં. મહોલ્લા વચ્ચે મારવા, ત્યાગી થવાવાળાને શરીરે કયા સિતમો ગુજરે છે તે જોયું? ભોગાભિલાષીની આંતરડીનું દુઃખ જોવું છે. ત્યાગી થવાવાળા પર જુલમનો સિતાર ગુજરે છે. તેની ચોપડી ઉપર ચોપડી (કળાચળી) થઇ જાય તે જોવું નથી. પછી કહે અમે સંઘ છીએ. સંઘ કોનો? જેમ સૂર્યકાંતાને બીજું કાંઇ દુઃખ ન હતું. રાજ્ય-ઋદ્ધિ સંપૂર્ણ, ભોગપિપાસા તૃપ્ત ન થાય તેથી મારવા તૈયાર થઇ. મહાશતક ધર્મધ્યાન કરવા લાગ્યો. સજ્જન સજ્જન થયો તેથી દુર્જનના હૈડામાં વૈર છે. જો ધર્મીઓ ધર્મની લેશ્યામાં જાય તો અધર્મીઓને ગમે નહિ, તો જેને અધર્મપણાનો ભોગ દેવો પડતો હોય તેને તે ન ગમે. રેવતીને મહાશતકનું વર્તન ન ગમ્યું. મહાશતક કાઉસ્સગ્ગધ્યાને ઊભા છે, ત્યાં કહે છે અરે મહાશતક! તું આ શું કરે છે? આ વાત તો પડખાની વાત તરીકે છે. રેવતી ઊછળી. ત્યાં મહાશતકનો મહોદધિ ખળભળ્યો, એને (મહોદધિને) આધીન થવામાં ન હોય પણ ઊલટું દૃઢ થવાનું હોય. જેને મનગમતું નથી થતું તે તે વખતે નરકની દીવડી થાય છે. એને એસાડી દેવી ત્યાં ખળભળ્યું છે મહાશતકને અવધિજ્ઞાન છે. તેથી કહ્યું - તને સાતમે દિવસે રોગ થવાનો છે, ને મરીને નરકમાં ઉપજવાની છે, કાંઇક તો ભાન રાખ. આ તારું ભવિષ્ય જો. અહીં અંશ જૂઠાનું સ્થાન નથી. વાત સાચી છે, ચોક્કસ છે. અવધિજ્ઞાનથી દેખીને કહ્યા છે. પેલીના મોતિયા મરી ગયા. પેલીએ એનો ચહેરો જોયો. મારી નાખવાનો. પોસહ પારે તેટલી વાર છે. સીધી ચૂપ ચાલી ગઈ. કેમ? દવા લાગીને બરાબર? એક વચન ટપકાર્યું કે સીધી દોર થઇ ગઈ ને?

## સત્ય પણ ક્રોધમાં બોલે તો તે મૃષાવાદ

ભગવાન્ મહાવીર ગૌતમસ્વામીને કહે છે—ગૌતમ! જા. વીંછી ડંખ મારે, આખા શરીરમાં વેદના ઊભી કરે પણ સંતથી કાંટા

કાપી શકાય નહિ. કાંટો કાપે તો સંતપણું ન રહે. રેવતી માતી થયેલી, તેથી ચાહે તેમ બોલી પણ મહાશતકને શોભે નહિ. જાઓ, કહો, બોલ્યા તેનું પ્રાયશ્ચિત્ત લો. સાચાનું પ્રાયશ્ચિત્ત અવધિજ્ઞાનીનું સાચું, કલ્પનાનું સાચું નહિ, છતાં પણ આલોચન, નિંદન વગેરે કરી પ્રાયશ્ચિત્ત લો. ગણધરને મોકલે છે. કારણ કે સત્ય હોય પણ ક્રોધમાં બોલે તો તે મૃષાવાદ.

**એથીજ સત્ય બોલવું એમ નહિ પણ મૃષાવાદ-વિરમણ**

મહાશતકના દૃષ્ટાંતથી સમજી શકયા! સાચું પણ ક્રોધથી બોલાય તો તે બધું જૂઠું છે; આ કારણથી બીજું મહાવ્રત સત્ય ન રાખ્યું પણ મૃષાવાદથી વિરમવું તે રાખ્યું. આથી બીજા મહાવ્રતમાં મૃષાવાદ–વિરમણ કેમ રાખ્યું તે સમજાશે. જૂઠું જે બોલાય છે તે ક્રોધ વગેરેથી બોલાય છે.

શંકા—મૃષાવાદના કારણો કયાં? મૃષાવાદના વિરમણવાળાઓએ કયાં કારણો છોડવાં જોઈએ? તે અગ્રે.

---

## વ્યાખ્યાન : ૩૪

### એટલાથી જ ગણધર મહારાજા સંતોષ કેમ માને?

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી** મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે સૂત્રોની રચના કરતા થકા પહેલાં ચૌદ પૂર્વોની, બારમા અંગની રચના કરી. એથી બુદ્ધિશાળી એ વાંચીને કલ્યાણ કરી શકે પણ સર્વ જીવો તેવા હોતા નથી. બલ્કે ઘણા થોડાજ બુદ્ધિશાળી હોય છે. આંગળીના વેઢે ગણી શકાય તેટલા. આટલા જીવોનું હિત કરીને ગણધર બેસી રહેતા નથી. અન્ય બાળજીવો, મંદ બુદ્ધિવાળા, સ્ત્રીઓનું હિત કરવું જોઈએ તેથી અગિયાર અંગની પણ રચના કરી.

## અલ્પ જ્ઞાન પણ ક્રિયાસહિત હોય તો જ આરાધ્ય

ગોઠવવામાં પહેલું સ્થાન આચારાંગને આપ્યું. બીજા કશાને પહેલું સ્થાન આપ્યું નહિ. જગતમાં વૈદ્ય અને ડૉક્ટરો જગો જગો પર હોય, પણ દવા લેવાની ન હોય તો રોગનું શું થાય? દવા ન હોય, તો શું થાય? વૈદ્ય, ડૉક્ટરનો ઉપયોગ દવાના ઉપયોગને અંગે છે. વૈદ્યને નાડ બતાવ્યા કરે, દવા લે નહિ તો શું થાય? દવા વિના મોટા ધન્વંતરી રોગ મટાડી શકતો નથી. કંદોઇની દુકાન પર દૃષ્ટિ કરવાથી પેટ ભરાતું નથી. કંદોઇની દુકાનમાં મણુ બંધ પકવાન્ન છે. જોઈ લે ખુશીથી, ક્ષુધા અગ્નિ બુઝાય નહિ. કંદોઇની દુકાન પર રહેલાં પકવાન્નો મણો બંધ જુએ તેથી ભૂખ ન મટે પણ મીઠાઈ લઇને ખાય તો ભૂખ મટે. ક્રિયા વગરનું અવધિજ્ઞાન સુધીનું જ્ઞાન થઇ જાય તો! કંદોઈની દુકાન દેખવાની. ખાવાની ક્રિયા કર્યા વિના કંદોઈની દુકાન ઉપરની મીઠાઇનું જ્ઞાન કેવળ ટાઇમ ગાળવા જેવું છે. કંદોઇની દુકાન પર જેને લેવું હોય તે ચઢે છે. તેમ જૈન શાસનની અપેક્ષાએ અલ્પ જ્ઞાન હોય પણ તે ક્રિયા સહિત હોય તો આરાધ્ય, ક્રિયા વિનાનું અવધિજ્ઞાન હોય તો તે આરાધ્ય નથી.

## અમલમાં નહિ મૂકનારો અવધિજ્ઞાની પણ પરમેષ્ઠીમાં નહિ

માત્ર અષ્ટ પ્રવચનમાતાના નામ જાણનારો, અષ્ટ પ્રવચનમાતા પાળતો હોય તો પરમેષ્ઠી–સાધુપણાનું પાંચમું પરમેષ્ઠી–પદ. અષ્ટ પ્રવચનમાતાનું નામ જાણે છે ને આદરે છે તેથી તે પરમેષ્ઠીના સ્થાને. પણ જો અમલમાં નહિ મેલનારો અવધિજ્ઞાની હોય તો તે પરમેષ્ઠીમાં નહિ. પાંચે પરમેષ્ઠીમાં એકલા જ્ઞાનવાળો કોઇ નહિ, ક્રિયાશૂન્ય કોઇ નહિ. અહીં જ્ઞાનની સાથે દુશ્મનાવટ નથી. જે માર્ગ-ને અનુસરવાવાળા હોઇ ક્રિયા કરે છે, તે ક્રિયા કરવાવાળા જ્ઞાનના દ્વેષી નથી. જ્ઞાનની રુચિવાળા છે. શુષ્ક જ્ઞાનવાળા તો ક્રિયાના દ્વેષી છે, અરુચિવાળા છે. ક્રિયાવાળાની જ્ઞાનવાળાઓ નિંદા કરે પણ ક્રિયાવાળાઓ જ્ઞાનીની નિંદા ન કરે. અમે જ્ઞાનની અરુચિવાળા નથી,

પણ વસ્તુસ્થિતિએ જ્ઞાન ઓછું હોય, અભિરુચિવાળા હોય. કારણ કે બીજાને અનુસરે તો જ્ઞાન મેળવી શકે છે. પોતે ચોકસી, ઝવેરી ન હોય તો ચોકસીને, ઝવેરીને દેખાડીને હીરામોતીની પરીક્ષા કરાવી લે. પારકા ઘેરે રહેલાં હીરામોતી, સોનાથી કામ લેવાય છે? ઝવેરીપણાનો ફાયદો ઝવેરી ન હોય તે પણ મેળવી શકે, પણ માલ વગરનો ફાયદો મેળવી શકે નહિ ફાયદો મેળવવા માટે પોતાનો જ માલ જોઈએ. થોડા જ્ઞાનવાળો હોય પણ તેને જ્ઞાનની અભિલાષા હોય, જ્ઞાનીનું બહુમાન હોય તો કલ્યાણ સાધી શકે. ક્રિયા ન હોય, તો પાપમાં પ્રવર્તેલો કાંઈ કામ કરી શકે નહિ. જે કાર્ય કરે છે તે બધા પારકી ક્રિયાથી કાર્ય કરે છે?

## જ્ઞાન ભાડૂતી કામ લાગે પણ ક્રિયા ભાડૂતી કામ લાગે નહિ

સમ્યક્ત્વ થાય ત્યારે વીતરાગદેવની શ્રદ્ધા કરે. સમ્યક્ત્વ પામ્યો તેનામાં વીતરાગનો છાંટો નથી. વીતરાગના આલંબનથી એમાં-રાગદ્વેષમાં ભરપૂર ભરેલો વીતરાગ થવાનો. મહાવ્રતધારીની સેવા-આલંબનથી પોતે મહાવ્રતને લાવવાનો. જેને સમ્યક્ત્વ થયું તેને વધા-રેમાં વધારે અર્ધ પુદ્ગલપરાવર્તની અંદર વીતરાગપણું આવવાનું. અગીતાર્થ છતાં ગીતાર્થની નિશ્રાએ રહે તો સાધુપણું ખરું. મોક્ષ થયા પહેલાં તો જ્ઞાન થવાનું જ છે. ક્રિયા મોક્ષે જવા પહેલાં પણ ઘરની જ. ક્રિયા અત્યારે ભાડૂતી કામ લાગતી નથી; જ્ઞાન ભાડુતી કામ લાગે છે. ક્રિયામાં ભાડૂતી અંશ પણ નથી.

## ક્રિયા આવ્યા વિના ફળ થવાનું નહિ

અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણઠાણે કઈ ક્રિયા? કશી નહિ, પણ તેને ખુદ ક્રિયા લાવી દેનાર ભાડૂતી ક્રિયા. કેમ? વીતરાગની શ્રદ્ધા એ જ એને વીતરાગ બનાવશે. મહાવ્રતધારીની શ્રદ્ધા એ જ એને મહાવ્રતધારી બ-નાવશે. જ્ઞાન ફળ દ્વારાએ આવી શકે. તેમ ક્રિયા પણ અનુમોદના દ્વારા-એ આવી શકે. ક્રિયાનું કામ આશ્રવનું રોકવું. ક્રિયા આવે ત્યારે આશ્રવનું રોકવું થાય. ક્રિયા ભલે અનુમોદનાથી ભાડૂતી આવી જાય.

ક્રિયા આવ્યા વિના ફળ બનતું નથી, પણ જ્ઞાન આવ્યા પહેલાં એનું ફળ આવે છે. પાપથી પાછા હઠવું એ જ્ઞાનનું ફળ છે. જ્ઞાન ન આવ્યું હોય તો જ્ઞાનીની નિશ્રાથી પાપથી પાછા હઠો છો. ક્રિયા ન આવે તો અર્ધ પુદ્ગલ સુધી રખડાવી મારે. જ્ઞાન આવવા પહેલાં પણ પાપનાં પચ્ચક્ખાણ થઈ શકે છે. જ્ઞાન તો ગીતાર્થ જ્ઞાનીમાં છે. એના આલંબને ચાલતાં હિંસાદિ છોડી શકીએ, નિર્જરા થઇ શકે. જ્ઞાન આવ્યા પહેલાં જ્ઞાનીનું ફળ થઇ જાય. ક્રિયાવાળાની અનુમોદના છતાં કામ થાય નહિ. ક્રિયાથી જ્ઞાન લાવતાં આઠ ભવથી વધારે ટાઇમ જાય નહિ. કહ્યું છે કે "**अट्ठ भवाउ चरित्ते**" ચારિત્રના ભવ આઠ જ. વગર જ્ઞાનીની ક્રિયા—જ્ઞાનીની નિશ્રાવાળા અજ્ઞાનીની ક્રિયા ( ભાડૂતી જ્ઞાનવાળો અજ્ઞાની ક્રિયાનો માલિક) આઠ ભવે મોક્ષ જરૂર મેળવી આપે. ક્રિયાવાળાની નિશ્રાએ મળેલું જ્ઞાન એ અર્ધ પુદ્ગલપરાવર્ત સુધી ક્રિયાને લાવતાં વાર લગાડે. અંતે ક્રિયા આવે ત્યારે કામ થાય. અહીં ભાડૂતી જ્ઞાનમાં આઠ ભવે પણ કામ થાય. જોકે ક્રિયા બીજાની ભાડૂતી લઇ શકાય છે ને ભાડૂતી ક્રિયાથી કામ થાય છે, પણ તે ફળ દેવા રૂપે નહિ. ડૉક્ટર સારો જોઈએ. દવા વિના રોગ ન જાય. વિચારોથી રોગ જાય? વિચારો પણ ક્રિયા છે. જ્ઞાન ભાડૂતી કામ લાગે છે તેનો અર્થ જ્ઞાન આવ્યા વિના જ્ઞાનીની નિશ્રાવાળો જ્ઞાનીના જેવું કામ કરી શકે. ક્રિયાવાળાના અનુમોદન, ભક્તિથી ક્રિયા મળે પણ ક્રિયાનું ફળ ભાવક્રિયા આવે ત્યારે જ થવાનું. ક્રિયા આવ્યા વિના ફળ થવાનું નહિ.

## ઉદ્દેશમાં ફરક

ઉદ્દેશમાં ફરક પડે છે તે અપેક્ષાએ શાસ્ત્રકારોએ જણાવ્યું કે સુપાત્રદાન દેનાવાળો મનુષ્ય લાંબું દેવતાનું આયુષ્ય બાંધે. બીજી જગો પર જણાવ્યું કે એકાંત નિર્જરા. શંકા૦—સુપાત્રદાનથી એક બાજુ દેવલોકનું આયુષ્ય બાંધવાની વાત, બીજી બાજુ દાનથી એકાંત નિર્જરા. એક બાજુ બંધ, બીજી બાજુ એકાંત નિર્જરા?

## વીતરાગપણું પ્રાપ્ત ન થાય ત્યાંસુધી સરાગ સંજમ

" **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।** " ચારિત્ર એ મોક્ષનો રસ્તો છે. સર્વ સંવર ચારિત્ર પહેલાંના તપ સંજમે દેવતા થવાય છે. એક બાજુ આમ, બીજી બાજુ આમ બોલો છો. **સમાધાન**—તેમાં જે ફરક છે તે તત્ત્વાર્થકારે ખુલ્લો કર્યો. દેવતાપણું, સરાગ સંજમથી થાય. એકાંત નિર્જરા થાય તે વીતરાગ સંજમથી. સરાગ સંજમ થાય ત્યાં બંધ. વીતરાગપણું પ્રાપ્ત થયું નથી ત્યાં સુધી સરાગ સંજમ.

## પોલી મૂઠીમાં તો અનાજ થોડું જ રહે

શંકા૦—કયું ચારિત્ર દેવલોકનું કારણ? સરાગ સંજમ, પણ વીતરાગ ચારિત્ર તો મોક્ષનું કારણ. વીતરાગને જન્મ લેવાનો હોતો નથી. દાન એકાંત નિર્જરાનું કારણ, તેમ દાન એ દેવલોકનું પણ કારણ. આ બે વાનાં કેમ બને? ચારિત્રની જગો પર જે આ કૂંચી આપી તે લગાડી શકો તેમ નથી? સરાગ, વીતરાગ ભેદ પાડી શકો તેમ નથી. સરાગદાન, વીતરાગદાન એવા ભેદો પાડી શકો તેમ નથી. ત્યારે કયો વિભાગ કરવો? **સમાધાન**—દાનમાં બે વિભાગ. દાનમાં ધર્મ છે. ગૃહસ્થને ધર્મ કરવાનો બની શકતો હોય તો તે દાન.

શીલ, તપ ને ભાવ એ તો તાવડીમાં બિંદુ સમાન. એટલે ગણતરીમાં નહિ. ગૃહસ્થ એટલે આપણે અનંતા જીવો તેમાં મૂઠીભર દયાની બૂમ મારીએ તે. તે પણ પોલી મૂઠી. પોલી મૂઠીમાં અનાજ થોડું રહે. અનંતા જીવો સૂક્ષ્મ એકેંદ્રિયના તે હિંસામાં છૂટા. બાદર એકેંદ્રિયના જીવો હિંસામાં છૂટા. ત્રસમાં પણ મસ્તાની આરબ જેવું.

## શેઠ અને આરબ [ ]

એક શેઠિયાને ત્યાં આરબનો ખપ હતો. આરબે કહ્યું, મને રાખશો? શેઠ-મને જરૂર છે. આરબ—ચોવીસે કલાક તમારે ત્યાં રહું પણ જે વખતે જાનનું નુકશાન થવાનો વખત આવે, માલને નુકશાન થવાનો વખત આવે તે વખતે મારી નોકરી ગણવી નહિ. પાંચ રૂપિયા ઓછા આપવા હોય તો ઓછા આપો.

આવા આરંભને રાખીને કરવું શું ? ત્રસ જીવની હિંસાનાં પચ્ચક્ખાણ કરીએ, પણ મારે અંગે લાગે વળગે નહિ તેવાં. મને અડચણ પડે તે વખતે જોવાનું નહિ. ઘરનું જે કામ કરું, તેમાં જાણું છું મરશે. ખેતી કરાવે તેમાં જાણે છે કે હિંસા થાય છે, છતાં કરે. એ કામ રોકવાનું નહિ. હિંસાના ડરે કામ રોકી દેવું એ કબૂલ નહિ. પોલી મૂકી કરી કે ? ત્રસનાં પચ્ચક્ખાણમાં પોલી મૂકી. હું જાણી જોઈને મારુ નહિ. કામકાજ કરુ તેમાં મરે તેનું પચ્ચક્ખાણ નહિ. 'ભાગના ચોરની લંગોટી'. ને તે લંગોટી સડેલી. જાણી જોઈને ન મારુ, તેમાં અપરાધ આવે તો ફટકારી દઉં. લંગોટી નવી નકોર નહિ કામ લાગે તેવી નહિ. અપરાધ ન કરે, કામ ન રોકાય તો મારવાનું બંધ ને ? આગળ પાછળ અપરાધ કરેલો માલમ પડે તો ? કોઈ જાતની અપેક્ષા ન હોય, કોઈ જાતનો અપરાધ ન કર્યો હોય, મારા કામમાં રોકટોક નહિ તો મારવાનું પચ્ચક્ખાણ કરું. આ શીલ !

## ખાળે ડૂચો ને દરવાજા ઉઘાડા

વ્રત આવાં ? આનામાં ખાળે ડૂચો દરવાજા ઉઘાડા. મણિભાઈએ બાર વ્રત લીધાં. કોઈ જીવને ન મારવો એમનો ભાઈ મોટું કારખાનું ચલાવે એમાં એમને વાંધો નહિ. એ કારખાનામાં અડચણ હોય તો મણિભાઈ કેડ બાંધીને નીકળે. આખા કુટુંબના પાપમાં તૈયાર છું. માત્ર મારે પાપ ન કરવું. સંબંધી હોય તેમને કારખાનામાં જરૂર પડી. મણિભાઈ, રૂપિયા પાંચ હજાર જોઈએ છે. તે વખતે મણિભાઈ દોડે. એમની શરમ ખાતર પાંચ હજાર લાવી દેશે. પોતે શેર ન લે. દરવાજા ખુલ્લા ખાળે ડૂચા. જૂઠી સાક્ષી ન પુરું પણ મોતીભાઈ જૂઠી સાક્ષીમાં સપડાયા તો કોથળી લઈને કેડ બાંધશે. ચાર આંગળીથી ખસનારો માત્ર હું ન બોલું, બીજો બોલી આવે, ફસાય તો મારે બધું કરવું પડે. પોતે ચોરી ન કરે, પણ કુટુંબમાંથી કોઈ ચોરી કરીને ફસાયો તો બચાવ કરવા નીકળે. પોતાની કાયાએ ન કરવું એટલું જ. આખું કુટુંબ, સંબંધી કરે, તેમાં પ્રસંગ આવે તો બંદાને કરવું પડે. ચોથા

વરવાળો છે. છોકરા છોકરી અવળું કરે, ઉપેક્ષા કરી શકશે? તાવડીમાં બિંદુ છે. ચાહે તો પોતે હિંસા વગેરે છોડે છે, પણ સરવાળો મોટો છે. પણ સરવાળો કોનો? બદામોનો, રૂપિયાનો નહિ. વ્રતો ઘણાં પણ કેવળ શરીરનાં. બીજા બધામાં બારે બાગોળ મોકળી.

**એ તપ તો આંધળો વણે ને વાછરડું ચાવે તેવું**

શીલને ભલે શાસ્ત્રકારો ધર્મ કહે છે પણ શીલધર્મ તાવડીનું બિંદુ છે. તપસ્યાનો ધર્મ આંધળો દોરી વણે ને વાછરડો ચાવતો જાય ચાર આંગળ કે વેંત દોરી ભાગ્યે જ રહે છે. આખો દહાડો વણે પણ ચવાઈ જાય. કર્મબંધને રોકવા માટે તપસ્યા, બંધાયેલાં તોડવા માટે તપસ્યા કરીએ. બીજી બાજુ છકાયનો આરંભ, કુટુંબ માટે આરંભ, ખાલી કાયાનો સંવર થયો.

**જયણા બુદ્ધિ આત્મામાં વસેલી ન હોય તેને ધર્મમાં આડે લાવવી તે ઢોંગ**

જયણાને નામે ભક્તિ ઉડાવવા માગો છો? દેવતાઓએ શું ભગવાન્ પૂજ્યા છે? કેવલી મહારાજ વિદ્યમાન છે. વાયરો વિકુર્વે, પથરા, પાંદડાં ઊડે, તે પૂંજીને ઉડાડ્યાં હશે? એક જોજન સુધી છંટકાર કર્યો, બધાં દર પૂરી દીધાં હશે, હદોમાંથી પાણી, ક્ષેત્રોમાંથી વનસ્પતિ, સવાલ ક્યાં છે—આવી રીતે થયું છતાં ખરાબ કહી શકો છો? કોહેલા કાળજાવાળાના શબ્દો કાળજામાં ખટકતા ન હોય તો એકેંદ્રિયની દયા તમને લાગી છે? ખરેખર એકેંદ્રિયની દયાની અસર લાગી છે? લેવા દેવા નહિ અહીં મોતીભાઈ ડાહ્યા થશે. ફૂલને આમ કરો છો, તેમ કરો છો? લીલફૂલ ઉપર ચાલ્યા જશે. આડે જતાં લીલોતરી ઉપર ચાલ્યા તે વખતે લીલોતરીની દરકાર નથી. આ જેની સ્થિતિ છે, આવાં મનુષ્યો ભક્તિ વખતે 'હે મહારાજ!' તે ખરેખર ઢોંગી છે. ભક્તિમાં વેર છે. તારું કાળજું હોય તો ત્યાં ચમકારો થવો જોઈએ. પછી અહીં આવ. વેશ્યા બજાર વચ્ચે વેશ્યાપણું કરે છે. રાજા આગળ આવે તે વખતે પુરુષ સાથે વાત

કરતી નથી. કહો કે લુચ્ચાઈ નથી? જેને બેસતાં ઊઠતાં ભાન નથી તે ફૂલની વાત કરે છે તે ઢોંગ છે. એમને કોહેલાં કાળજાવાળાની અસર થયેલી છે. જેને એકેંદ્રિયની હિંસામાં અરરાટી છૂટે. શાક લાવવાનું મારાથી ન બને. ચાહે તો ગોળમાં ખાઈશું. મારાથી ન બને તો બીજો કરે તો દોઢ શેર લાવ તેમ નહિ. બે ફાડવાથી ચાલે તો ત્રીજું ન લે. અહીં જેઓ રસ્તે ચાલતાં, જતાં આવતાં જો લીલોતરી હોય અરર! બીજો રસ્તો ન હોય તો કાળજું કંપી ઊઠે, એવી દયાવૃત્તિ જેને હોય તે ફૂલ ન ચઢાવે. ઘેર બેઠો હોય ફલાણા દીવો કરને! અહીં રાત્રિજગો પર દીવામાં પાપ માને છે, તે ઢોંગ. જો દયાબુદ્ધિ હોય તો સરખા દયા રાખે. જેને જયણા બુદ્ધિ પોતાના આત્મામાં વસેલી નથી તેને ધર્મમાં આડે લાવવી તે ઢોંગ છે. જયણા દરેક જગો પર રાખવી જોઇએ. જયણાથી કરવું જોઇએ. અહીં વાત ક્યાં થાય છે? ફૂલને અંગે વાત થાય છે. શાકને અંગે વાત કરી છે! ઘેર લીલફૂલ બાઝે છે ત્યાં વાત કરી! જયણા ઉપદેશ માટે બધી જગો પર શ્રાવકને કહેવાની જરૂર છે, પણ જેઓ જયણાને સમજતા નથી. કારેલાંથી કામ ચાલતું હોય તો બટાટા લેવા તૈયાર થાય તે કહે અરર ફૂલ! તે ઢોંગ છે. અરર! આવવું જોઇએ પણ ઘેર પહેલાં લાવો. અર્ધો દરના પાપડ નાખી દેવા પડે તેથી સેકવા છે. જેને અચ્છેર અનાજને માટે સળેલું અનાજ છોડવું નથી. છકાયની દયા ઉપર જેને ધોરણ છે તેવા મુનિને અજયણા ખટકે છે. છોકરાને ગૂમડું થયું હોય તો લસણ, ડુંગળી લસોટીને મુકી દે. તેવા કહે છે અરે મહારાજ! અહીં એમ થાય છે. સાચી દયાની બુદ્ધિથી કહેતો નથી. બીજાની ઘુસાડેલી છે. પોતાને પરિણમે તો સારી વાત. એકેંદ્રિય માત્રને માટે અરરાટી છૂટે ત્યારે સમજવું કે એકેંદ્રિયની દયાની અસર થઈ છે. તેવા ફૂલ ન ચઢાવે તો ચાલે.

### એ તો પોતાના ઘર ઉપર ચણા નાંખી વાંદરાને કૂદાવવા જેવું

ભિખારીઓ ગિરિરાજ ઉપર ચઢે તે ઠલ્લા, માત્રા ઉપર કરે

છે. તેને માટે નીચે હોય તો દાન આપવું. દાન આપવાની કોઈ ના પાડતું નથી. તીર્થસ્થાનમાં આવીને તીર્થસ્થાનને બગાડવા કરતાં, નીચે દાન આપો. ઘણી બાબતો હાથમાં પકડવા કરતાં એક એક બાબત લો. પ્રથમ ગરીબોને દાન આપો છો તે પ્રથા પકડો. ગરીબોને ગિરિરાજ ઉપર દાન આપીને આશાતના કરાવો તે પોતાના ઘર ઉપર ચણા નાખીને વાંદરાને કુદાવવા જેવું કરે છે. આણંદજી કલ્યાણજીના નામે આ પ્રવૃત્તિ ઉપાડવી નહિ. આપણા નામે પ્રવૃત્તિ કરો. જેમ અનર્થદંડ. આશાતના અનર્થ. ગોઠીને અંગે તો પૂજા ન થાય તેથી રાખવા પડે. ઉપર દાન ન દો તો ઉપર આવશે નહિ. ભક્તિને અંગે ચોકીદાર ગોઠીને રહેવું પડે. નકામાને પોષી આવ્યા, આપી આવ્યા અને ચોકીદારને લડયા તે કેવળ બેવકૂફી. જેને એકેન્દ્રિયની જયણા કરવી નથી, પછી અહીં આગળ મહારાજ! મહારાજનાં કાળજાં કૂતરાં ખાઈ ગયાં હોય તો તારી સલાહે ચાલે. એ કેવળ સાધુને બનાવવાની વાત છે. શાણા સાધુએ તો ત્યાં અહીં બંને જમાએ કરવાનું છે.

## ભક્તિને ઉડાવવા દયાનો ડુંગરો ઊભો કરી દેવાય

રાધનપુરમાં ચોમાસામાં દીવા થતા નથી, ત્યાં દહેરાસરમાં દીવા થાય, તો લોકો કહે ભઈ વહેલું દહેરાસર મંગલિક થાય તો સારું. તે ઠામે પણ જે ઘેરે એક હોલમાં ચાર પાંચ ઇલેક્ટ્રિક (electric) લાઇટ (light) રાખે અને દહેરાસરને અંગે કહે તો તે ઢોંગ છે. અહીં ભક્તિ ઉડાવવા માટે દયાનો ડુંગરો ઊભો કરી દેવાય છે. ઘેરે, દુકાને, વેપારમાં નિર્મળ બુદ્ધિ થઇ નથી અને અહીં નિર્મળ બુદ્ધિની વાત કરે છે. ભક્તિના નામે શા માટે બંધ કરો છો? પહેલાં આ ખાંડ બંધ કરો ને? રાત્રિભોજન ખોટું છે, ભક્તિ ખોટી નથી.

## એવી તપસ્યા તો સોના સાઠ બનાવે

દાનને અંગે શીલધર્મને માનું છું. શીલધર્મ પાળું છું. મારો શીલધર્મ ઊની તાવડીમાં બિંદુ છે. મારું તપ આંધળો વણે ને વાછરડો ચાવે તેવું થાય. અહીં કાયા સૂકવી દઉં છું. છોકરીને સીમંત

આવે છે તે વખતે બંધ કેટલો તેનો વિચાર. તપસ્યા નિર્જરા માટે, આવતાં કર્મો રોકવાં માટે શરીર ગાળી નાખીને નિર્જરા કરે. બીજી બાજુ મેં કહી તે સ્થિતિમાં 'આંધળો વણે ને વાછરડો ખાય' તેના જેવું થાય. તેવી તપસ્યાથી સંવર, નિર્જરા કરીએ તે લાખની જગો પર બદામ છે. તપસ્યા જ્ઞાન-ધ્યાનવાળી હોય તો વધારે નિર્જરા. કર્મના ભાન વગરની, સંવરના ભાન વગરની અકામ નિર્જરા. અકામ નિર્જરામાં તો સોના સાટે નહિ. તપસ્યા નિર્જરા કરશે પણ સોના સાટ કરશે. તપસ્યામાં ગૃહસ્થ વિચારે—મારી તપસ્યા ભલે સંવર માટે હોય પણ બંધમાં એટલો બધો ખુંચી ગયો છું કે મારા આશ્રવ, બંધના દ્વારો એટલાં બધાં જબરજસ્ત છે કે મારો તપસ્યારૂપી ધર્મ બાગે ડૂચાવાળો છે.

## ગૃહસ્થનો ધર્મ—દાન

ભાવના—સો ઉંદર મારી બિલ્લી હજ કરવા ચાલ્યાં. ગૃહસ્થને તેવીસ કલાક તોફાન. અર્ધો કલાક આત્મ-ભાવના. તે ખોટી નથી પણ બે ઘડી પૂરતી. તેવીસ કલાક પાપમાં પ્રવર્તવું છે. અહીં બેઠાં ત્યાં દોડાય છે, ત્યાં બેઠાં અહીં દોડાતું નથી. શ્રેણિકની રાણી ચેલણા ઊંઘમાં આત્માને મુનિમય રાખે છે. શ્રેણિકના પડખામાં દુનિયાદારીથી ડુબવાની સ્થિતિ છે છતાં આત્મા મુનિમય રાખે છે. આપત્તિની વખત એ કેમ રહેતા હશે તે વિચાર આવવો! એ ધર્માત્માને ચોવીસ કલાક ચોટ લાગેલી હતી. નાનાં બચ્ચાંએ ખાધેલું અડદનું ગુલ્લું રેચો દેવા છતાં જવું મુશ્કેલ પડે. મધ્યરાત્રિના વખતે જ્યાં શરીર ધ્રૂજી ઊઠયું ત્યાં મુનિની ભાવના આવવી. ચોવીસે કલાક ચોટ એમને મુનિની ચાલતી હતી. આપણે તેવીસ કલાક છૂટા. સામાયિકના અર્ધો કલાકમાં તો શેઠ સામાયિકમાં બેઠા છે: વહુને પૂછ્યું, શેઠ કયાં છે? તો કહે—ઢેડવાડે. આ દશાનો એ ધર્મ. શીલ, તપ, ભાવ તો માત્ર ગણવાનાં છે. મારે ખરો ધર્મ દાનનો છે, માટે ગૃહસ્થનો ધર્મ દાન. જે દાનધર્મથી ચૂકયો તે ગૃહસ્થધર્મથી ચૂકયો. માટે મારે દાન દેવું જોઈએ. આવું

દાન દેવલોકનું આયુષ્ય બંધાવનારી સ્થિતિનું. એકાંત નિર્જરાના દાનની સ્થિતિથી આ દાન દૂર.

## એનું એ દાન દેવલોકનું આયુષ્ય બંધાવે અને એકાંત નિર્જરા પણ કરાવે

**ભગવતીજી**માં જણાવ્યું કે સુપાત્ર દાન દે તે દુષ્કર કરે છે ને દુસ્ત્યજ તજે છે. ટુકડો આપવો. ટોયલી પાણી આપવું—સુપાત્ર કરવાવાળાએ દુસ્ત્યજ છોડયું, દુષ્કર કર્યું. લાખના દસ્તાવેજ ઉપર સહી વપરાય ને કલમ ઘસાય તેની કિંમત કેટલી? કોડીની નહિ. એટલે એ દસ્તાવેજ કોડીની કિંમતનો? એમાં શાહી, કલમ ઘસાય તેની કિંમત ગણવાની હોય નહિ. કઇ રકમનો દસ્તાવેજ તે જોવાનું છે, તેમ અહીં રોટલાના ટુકડાનો, ટોયલી પાણીનો હિસાબ નથી. દસ્તાવેજની સહીનો હિસાબ છે. સાધુને પાણી આપે તે દસ્તાવેજ કરે છે. રકમ કઇ? જે આત્મા એ સ્થિતિમાં છે કે આ સંજ્ઞી પંચેંદ્રિય, હું પણ સંજ્ઞી પંચેંદ્રિય છું. આ મોહની સામે લડી રહ્યા છે. રજપૂતાણી બાણ ન ઉતારીને ખૂટીએથી આપે છે, પણ વાણિયણને એં એં થઇ જાય, ગરાસણના ટાંટિયા ન ધ્રૂજે. બાણ ફેંકાતું નથી એમ રજપૂતાણી સમજે છે, તેમ હું મારુ નહિ તો મદદ આપું. મોહને મારવાની તાકાત મારામાં નથી. છેવટે રજપૂતાણી બાણો ખીંટીએથી લાવીને આપે છે એ મોહને મારે છે તેમાં મદદગાર તો થાઉં. ભવિષ્યમાં મોહને મારનારો થાઉં. આવતે ભવે સાવદ્યને તોડનારો થાઉં. આ દશાએ જે દાન આપે તે ભલે લોટી પાણી આપે, રોટલાનો ટુકડો આપે, તે લોટી પાણીની કિંમત નહિ. મોહને મારનારો થાઉં, સાવદ્યનો ત્યાગ કરનારો થાઉં તેને માટે મદદ કરું છું. અહીં હું એ દશામાં આવું તો દસ્તાવેજ થયો. આવી રીતે આપવાવાળો એકાંત નિર્જરા કરે તેમાં હરકત નથી. આથી એનું એ દાન દેવલોકનું આયુષ્ય બંધાવે, એનું એ દાન એકાંત નિર્જરા કરાવે.

**જ્ઞાન ભાડૂતી હોય તો જ્ઞાન થવા પહેલાં પણ પાપ લાગે**

મોહને મારવાનો વખત ક્યારે આવે? ભવાંતર છોડનારો થાય ત્યારે. જ્ઞાન ભાડૂતી હોય તો જ્ઞાન થવા પહેલાં પાપ લાગે. ક્રિયા ભાડૂતી ન ચાલે, માટે આચારની, ક્રિયાની પહેલી જરૂર. આથી અગિયાર અંગોની રચના કરી—આચારાંગની પહેલી સ્થાપના કરી. આથી આચારની કિંમત સમજાશે. તે સમજાશે ત્યારે મહાવ્રતની કિંમત સમજાશે.

## વ્યાખ્યાન : ૩૫

### સમર્થને એકલાને જ તારવા એમ નહિ

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજ ભવ્યોના ઉપકાર માટે, શાસનના હિત માટે, મોક્ષમાર્ગની પ્રવૃત્તિ માટે દ્વાદશાંગીની રચના કરતા થકા પ્રથમ ચૌદ પૂર્વોની રચના કરી, દૃષ્ટિવાદ-બારમા અંગની રચના કરી. તેમાં સર્વ જગતની હકીકત આવી ગઈ. અગિયાર અંગની રચના એટલે પીસ્ટપેષણ, રાંધેલાનું રાંધવું છે. શંકા— જો ચૌદ પૂર્વમાં બધી હકીકત આવી ગઈ તો અગિયાર અંગ શા માટે કર્યાં? સમાધાન—એક જ કારણ. શાસનની પ્રવૃત્તિ. બીજ બુદ્ધિવાળા, કોષ્ઠબુદ્ધિવાળા, પદાનુસારી બુદ્ધિવાળા એકલા પુરુષો ઉપર રહેલી નથી. એવાઓ શાસન-ધોરી છે, શાસન ચલાવનારા છે, પણ એટલા માત્રનું નામ શાસન નથી તેઓ એક પદ ઉચ્ચારણ કરવાથી આગળના, પાછળના બધા અધિકાર કહી દે. જે વિદ્યા જન્મમાં ન સાંભળી હોય પણ એક પદ કહેવાય તો આખી વિદ્યા કહી દે, આવી બુદ્ધિવાળા. કોઠારમાં બીજ નાંખીએ, બે ચાર મહિને કાઢીએ તો તેવું ને તેવું, વગર સંભારે તેવું ને તેવું યાદ રહે. આપણે તો ત્રણ પખવાડિયાં ન સંભારીએ તો વીસરી જવાય. બીજ બુદ્ધિવાળા તો એક અક્ષરથી આખું સંભારી આપે. આવા પુરુષોમાં વજ્રસ્વામીનું દૃષ્ટાંત દીધું છે. ત્રણ વરસમાં ઘોડિયામાં પડ્યા, બીજા ભણે ને પોતાને

આવડે—ભણે સાધ્વીઓ અને આવડે પોતાને. અગિયાર અંગો પોતાને તૈયાર થયાં. એવા જે બુદ્ધિશાળી મહાપુરુષો તે પૂર્વ માટે લાયક છે, પણ અહીં તો ગણધર મહારાજની બુદ્ધિ શી? સમર્થને એકલાને તારવા તેમ નહિ, અસમર્થને પણ તારવા જોઈએ. સ્ત્રી, બાળકો મંદ બુદ્ધિવાળા ને અસમર્થોનું પણ કલ્યાણ થવું જોઈએ. તેવાને મોક્ષમાર્ગે પ્રવર્તાવવા માટે અગિયાર અંગની રચના કરાવાની જરૂર.

## નિષ્ફળ એવા જ્ઞાનમાં દુનિયા પ્રવૃત્તિ કરતી નથી

અગિયાર અંગ રચાયાં છતાં જૈન શાસન આચાર ઉપર ધોરણ રાખનાર છે. જૈન શાસન જ્ઞાનની બેદરકારીવાળું નથી. જૈન શાસન જ્ઞાન ઉપર પૂરેપૂરું લક્ષ રાખનાર છે. જ્ઞાન જરૂરી ગણે છે પણ દુનિયા જ્ઞાનને જ્ઞાનરૂપે જરૂરી ગણતી નથી, ફળ નિપજાવવા તરીકે જરૂરી ગણે છે. આથી નિષ્ફળ જ્ઞાનમાં દુનિયા પ્રવૃત્તિ કરતી નથી. કેટલાં નળિયાં છે તે ગણીએ તો જ્ઞાન થાય છે, પણ બિનજરૂરી હોવાથી તેને કોઈ ગણતું નથી. ભીંતની ઇંટો, પથરા, નળિયાં, તાંતણા, કોઈ ગણતું નથી. જ્ઞાન જ્ઞાનરૂપે ફાયદાકારક માન્યું હોત તો સવાલ રહેતે જ નહિ. જ્ઞાન કંઈ પણ ઇષ્ટની સિદ્ધિ, અનિષ્ટનું નિવારણ કરે તો જ સફળ. તેમ જૈન શાસ્ત્રકારે જ્ઞાનને મોક્ષના સાધન તરીકે જરૂરી ગણ્યું છે, પણ જ્ઞાનને જ્ઞાનરૂપે સાધન ગણ્યું નથી.

## જ્ઞાન દયાના સાધન તરીકે આદરવાનું છે

"**पढमं नाणं तओ दया**" એ પદની વ્યાખ્યા કરતાં સ્પષ્ટ જણાવ્યું છે કે '**तओ दया**' કેમ કહે છે? તમારે જ્ઞાનને મુખ્ય કરવું છે તો "**पढमं नाणं तओ दया**" એ કેમ કહ્યું? એક જ વાક્ય કહેવું હતું, બે વાક્ય કેમ કર્યાં? '**सर्वेषु साध्येषु प्रथमं ज्ञानं**' અહીં જ્ઞાન જ્ઞાનરૂપે આદરવાનું નથી, જ્ઞાન દયાનો સાધન તરીકે આદરવાનું છે. પ્રથમ જ્ઞાનની શ્રેષ્ઠતા જ્ઞાનરૂપે નહિ, પણ દયાના સાધન તરીકે. વિચારો, જ્ઞાન દયાના સાધન તરીકે શ્રેષ્ઠ. એટલે ફળ જ્ઞાનનું દયા થયું. લક્ષ્મી હોય તો મોજ. પહેલાં લક્ષ્મી પછી

મોજ, પણ મોજ લક્ષ્મીનું ફળ. એમ અહીં જ્ઞાનનું ફળ વિરતિ. વળી બીજી જગો પર "**ज्ञानस्य फलं विरतिः**" એમ કહેવાયું. **જિનભદ્રગણિક્ષમાશ્રમણ** એમ કહે છે કે જ્ઞાન એનું નામ કે જે ફળ આપે. મિથ્યાદષ્ટિનું **સાડાનવપૂર્વ** સુધીનું જ્ઞાન પણ તે જ્ઞાન અજ્ઞાન. મિથ્યાદષ્ટિ પણ સ્પર્શાદિકને સ્પર્શ, રસ, ગંધાદિક કહે છે. જેવું તમે જાણો છો તેવું તે જાણે છે. ઘડો આપણે જેને કહીએ છીએ તેને તે પણ ઘડો કહે છે. મિથ્યાદષ્ટિ અને તમે બન્ને જાણો છો પણ તમે જાણીને હેયાદિક તરીકે વિભાગ કરો છો અને પેલા વિભાગ ન કરે તેથી અજ્ઞાન. મિથ્યાદષ્ટિના જ્ઞાનને અજ્ઞાન કહીએ છીએ. તે જ્ઞાન જ્ઞાનરૂપે નથી લેવાનું, સાધનરૂપે લેવાનું છે. હેયાદિક જાણીને છોડવા, આદરવા, ઉપાદેય તરીકે વિભાગ કરે તો જ જ્ઞાન જ્ઞાનરૂપે જરૂરી. જો જ્ઞાન વગર હેયનું ભાન થઈ જતું હોય, ઉપાદેયનું ઉપાદાન થઈ જતું હોય તો જ્ઞાન ન હોય તો પણ ચાલે. એ કહીને જણાવ્યું કે જ્ઞાન હેયને હેયતા માટે, ઉપાદેયને આદરવા માટે ઉપયોગી છે. આ મુદ્દાએ વિચારો—જેવું ગીતાર્થનું સાધુપણું તેવું જ ગીતાર્થની નિશ્રાવાળું સાધુપણું માન્યું. આગળ ચાલીએ—જેવું સર્વજ્ઞનું સમ્યકૃત્વ તેવું ચોથે રહેલો—જ્ઞાનાવરણીયથી ઘેરાયેલાનું પણ સમ્યકૃત્વ. તેરમાવાળાનું જેવું ક્ષાયિકસમકિત તેવું ચોથાવાળાનું ક્ષાયિકસમકિત જેવું તેરમાવાળાનું તેવું જ ચોથાવાળાનું સમકિત નિર્મળ છે. જ્ઞાનોમાં મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવના ઘણાં ભેદો, તેમ કેવલના ભેદો નહિ. ક્ષાયોપશમિકના અસંખ્યાતા ભેદો. તેમ ક્ષાયિકનો એક જ ભેદ. યાવત્ સિદ્ધ દશામાં પણ તે જ સમકિત.

## એ બેમાં કશો પણ ફેરક નહિ

તેરમે રહેવાવાળા લોકાલોકને સાક્ષાત્ જાણે તેમને જે સમ્યકૃત્વ તે ચોથાવાળાને સર્વજ્ઞ સાક્ષાત્ દેખે, પેલો સર્વજ્ઞના જ્ઞાનદ્વારાએ દેખે. પોતાની આંખે ન દેખે પણ સર્વજ્ઞની આંખે દેખે. જગતમાં એક માણસે વાઘને સાક્ષાત્ દેખ્યો. બૂમ મારી. બીજાએ નથી દેખ્યો.

દેખનારની બૂમ સાંભળીને ઘરમાં પેસી ગયો. તો બંનેમાં બચાવમાં ફરક ખરો? સાંભળીને જે મકાનમાં પેસી ગયો તેનો બચાવ તેમાં ફરક નથી. વાઘને દેખી બચી જવાવાળો અને સાંભળી પેસી જવાવાળો તેમાં ફરક નથી. તેમ અહીં સર્વજ્ઞ સાક્ષાત્ દેખી જે પદાર્થની માન્યતા ધરાવે, તેવી રીતે ચોથે રહેલો અજ્ઞાની પણ સર્વજ્ઞના વચનના આધારે માન્યતા ધરાવે તેમાં ફરક નથી. શંકા૦—પારકું જ્ઞાન કામ લાગે છે? પારકું જ્ઞાન કામ ન લાગે તો ચોથે ક્ષાયિક કોના ઘરનું? ચોથે મતિ, શ્રુતનું પણ ઠેકાણું હોતું નથી તો ક્ષાયિક શાના આધારે? સમાધાન—પોતે સાક્ષાત્ જુઓ અગર જોનારાના વચનથી માનો, આ બેમાં કંઈ પણ ફરક નથી.

## વગર ક્રિયાએ તરવા માગીએ તો તરાય નહિ

જ્ઞાન દયા માટે જ. જ્ઞાનનું સાધ્ય દયા. દયા એ જ ફળ હોવાથી ફળ થઇ જાય તો જ્ઞાન હો કે ન હો બંને સરખાં. તેથી કેવળજ્ઞાન વગેરે જ્ઞાનોનો અધિકાર એકલા ગીતાર્થને આપ્યો નથી. અગીતાર્થ હોય તો પણ કેવળજ્ઞાનના અધિકારી છે. કારણકે જ્ઞાન પારકું પણ કામ લાગે છે દોડવું, ભરાવવું, પારકું કામ લાગતું નથી, પણ એ તો સ્વયં કરવું પડે. જેમ સિંહથી બચવાનું આપણા દોડવાથી જ બનવાનું, પારકો દોડે એથી આપણો બચાવ થાય જ નહિ. તેમ સર્વજ્ઞના વચનને આધારે ક્રિયા કરીએ તો પાલવે, પણ તેમના વચન વગર ક્રિયાએ તરવા માગીએ તો પાલવવાનું નથી.

## ચારિત્ર ભાડૂતી ન મળે

વીતરાગ પરમાત્માએ આચર્યું તેથી આત્મામાં ચારિત્ર આવી જતું નથી. ચારિત્ર ભાડૂતી નથી મળતું, જ્ઞાન ભાડૂતી મળે છે. બધાં માલ-મિલ્કત રાખો છો પણ કાયદા કેટલા જાણો છો? બારીસ્ટરો, વકીલો પાસેથી અક્કલ મેળવી શકો છો પણ મિલ્કત તેમની પાસેથી મળતી નથી. કુનેહબાજી બીજાની કામ લાગે. તેમ જ્ઞાન તીર્થંકરનું આખા શાસનને કામ લાગે છે, પણ ચારિત્ર કેવલીનું, તીર્થંકરનું કોઇનું કામ

ન લાગે ક્રિયા તો કરાવવા, અનુમોદન કરવા દ્વારાએ ફાયદો આપે છે.

## જ્ઞાનમાં તો જ્ઞાન આવ્યા વગર પણ ફાયદો થાય

જ્ઞાન, જ્ઞાન આવ્યા વગર પણ ફાયદો કરે છે પણ જે ક્રિયા એ ફાયદો ક્યારે કરવાની? જ્યારે ક્રિયા આવે ત્યારે જ. ક્રિયાની અનુમોદનાથી ક્રિયાની પ્રાપ્તિ થાય, પણ ફાયદો ક્રિયા કરવાથી જ મળે. હિંસાદિક આશ્રવને ન છોડીએ ત્યાં સુધી ક્રિયાનું ફળ ન મળે. ક્રિયા આવ્યા વગર ફળ ન થાય, જ્યારે જ્ઞાનમાં તો જ્ઞાન આવ્યા વગર પણ ફાયદો થાય છે.

## ગુરુપરંપરાએ જ્ઞાન, તે આપ્યા વગર લેવાય નહિ

ક્રિયાનું ફળ ક્રિયા વગર છે જ નહિ. આ વિચારી ગણધરોએ બાળાદિક માટે અગિયાર અંગની રચના કરતાં પ્રથમ આચારાંગની રચના કરી. દેવ–કુદેવ ગુરુ–કુગુરુનું સ્વરૂપ આચારને અંગે હોવાથી આચારની જરૂરિયાત ગણી. તેથી પ્રથમ આચારાંગ ગોઠવ્યું. ગણધરોથી પણ આચારાંગ સૂત્ર ભણાવ્યા વગર બીજું સૂત્ર ભણાવાય નહિ, એટલું જ નહિ પણ ભણાવનારને પ્રાયશ્ચિત્ત. જો જ્ઞાન ઉપર જૈન શાસન ધોરણ રાખતું હોત તો આગલાં સૂત્રો ભણાવામાં પ્રાયશ્ચિત્ત ન રાખત. તેમાં કંઈ હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ થયો કે જેથી પ્રાયશ્ચિત્ત રાખ્યું? ગયું શું જેથી પ્રાયશ્ચિત્ત. આચારાંગ ભણાવ્યા સિવાય આગળનું શાસ્ત્ર ભણાવે તો પ્રાયશ્ચિત્ત. આ વાત કહીએ તો ગાંડાઈ ગણાય કે ભણાવવામાં પ્રાયશ્ચિત્ત! જૈન શાસન જ્ઞાનને માને છે, મોક્ષનું કારણ, જરૂરી માને છે, પણ આચારના મુદ્દાએ. આચારની પ્રવૃત્તિ કરાવ્યા વગર જો એકલું જ્ઞાન આપે તો તે જ્ઞાન ઉથલાવી નાખે છે. જ્ઞાન એ આરાધનાનો રસ્તો છે. બીજાં સૂત્ર આપનારને પ્રાયશ્ચિત્ત તો લેનારને કેમ નહિ? અત્યારે તો ગુરુપરંપરા જ્ઞાન છે. આપ્યા વગર લેવાય નહિ. જે વક્તા વચનગુપ્તિવાળો નથી તેને ધર્મોપદેશ કરવાનો હક નથી. કારણ કે જે વચન સંબંધી બધા પ્રકારોને જાણતો નથી તે વચનગુપ્તિવાળો કહેવાય નહિ, આ અધિકાર અનુ-

યોગદ્વારસૂત્રમાં છે. સામાન્ય ધર્મોપદેશ આપે તો હરકત નથી. અત્યારે સૂત્રવાચનનો ક્રમ કહેવાય છે. ૨૫–૫૨–સમય સિદ્ધાંતનો જ્ઞાતા વક્તા હોવો જોઈએ.

**મોક્ષના સાધ્ય વગર મનુષ્યભવની સફળતા નહિ**

જૈન શાસ્ત્રકાર ત્રિવર્ગના સંસાધન વગર મનુષ્યભવ નકામો કહેવા તૈયાર નથી. મોક્ષના સાધ્ય વગર મનુષ્યભવ સફળ ગણાતો નથી. ત્રિવર્ગ લોકદૃષ્ટિએ છે. લોકોત્તર દૃષ્ટિએ અનુવાદ તરીકે ચાર વર્ગ છે. આ પરસમયનો શ્લોક છે, છતાં આવા લોકો પણ ધર્મને મૂળ તરીકે ગણે છે માટે ધર્મ આદરવો જ જોઈએ. ધર્મની આદરણીયતા જણાવવી એટલો જ આચાર્યનો મુદ્દો છે.

**"त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य ।
तत्रापि धर्मं प्रवरं वदन्ति, न तं विना यद्भवतोऽर्थकामौ ॥"
(सिन्दू० श्लो०३)**

"**त्रिवर्गसंसाधनमंतरेण**" ત્રણ વર્ગને સાધવાથી મનુષ્યની મનુષ્યતા. તે સિવાય પશુતા. તે માનવાને તૈયાર રહેશે ! "**तत्रापि धर्मं प्रवरं वदन्ति**" એમ કહીને '**वदन्ति**' જણાવ્યું પણ '**वदामः**' નહિ. એ ત્રણ વર્ગમાં અમે ધર્મને શ્રેષ્ઠ કહીએ છીએ તેમ નહિ. તે લોકો પણ ત્રણ વર્ગ સાધના વગર જાનવર જેવું નિષ્ફળ મનુષ્યપણું માને છે. આમ છતાં બીજો હેતુ આપ્યો કે "**न तं विना यद् भवतोऽर्थकामौ**" તે વગર **અર્થ**, કામ થતાં નથી. માટે ધર્મની શ્રેષ્ઠતા. અર્થ, કામની હેતુતાએ ધર્મની શ્રેષ્ઠતા રાખી. અર્થ, કામની સિદ્ધિ કરે છે માટે ધર્મની શ્રેષ્ઠતા. અર્થ, કામ તેમને ધ્યેય છે. તે ધર્મ વગર થતા નથી માટે ધર્મને શ્રેષ્ઠ કહે છે. "**यस्मात् धर्मं विना अर्थकामौ न भवतः तस्मात् धर्मः प्रवरः ।**"

**આચારાંગ ભણાવ્યા સિવાય બીજું શાસ્ત્ર ભણાવે તો પ્રાયશ્ચિત્ત**

શંકા—પાદ્ગલિક દૃષ્ટિવાળા ચારિત્રીને મિથ્યાદૃષ્ટિએ કેમ કહો

છો ! "આગમવાદે હો ગુરુગમ કો નહિ." (૩૦ત્રિ૦સ્ત૦) "શાસ્ત્ર ઘણાં મતિ થોડલી" (યો૦દ૦સ૦) એમ કહીને જણાવે છે કે સામાચારી–નય ભેદમાં ઊંડા ઊતરી જઈએ તો એક્કે તત્ત્વ ન મળે. તત્ત્વભેદમાં ભેદ નહિ પડે. નય, સામાચારી ભેદમાં ઊતરીએ તો આપણો પત્તો ન ખાય. તેથી **ભગવતીજી**માં "**नयंतरेहिं**" ( **भग०सू०२८**) "**नया–द्रव्यास्तिकाद्यः**" ( **भग०टी०पृ०६२** ) એમ જણાવ્યું છે. શાસ્ત્રકારે લખ્યું કે જેને સાવદ્ય–નિરવદ્ય વચનનો ખ્યાલ નથી, તેને બોલવું વ્યાજબી નથી, તો ઉપદેશ દેવાને લાયક કેમ હોય ? તેને અંગે નિયમ બાંધ્યો કે **આચારાંગ** ભણાવ્યા વગર બીજું શાસ્ત્ર ભણાવે તો પ્રાયશ્ચિત્ત. એ વાક્યો ધ્યાનમાં રાખજો કે **આચારાંગ** પહેલાં ભણાવવું જોઈએ. એ ભણાવ્યા સિવાય બીજું શાસ્ત્ર ભણાવે તો પ્રાયશ્ચિત્ત.

## શાસનમાં અગીતાર્થ પોષાય, અનાચારી ન પોષાય

**આચારાંગ** ઉપર આટલું જોર કેમ ? **આચારાંગ** ભણ્યા વગર બીજું જ્ઞાન ભણે તો શુષ્ક જ્ઞાની આચારમાં વર્તી આગળ ભણે તો સફળ. આચારને મજબૂત પાયા તરીકે જૈન શાસન માને છે. બંધારણ બાંધી દીધું. **આચારાંગ** ભણાવ્યા સિવાય બીજું જ્ઞાન અર્પણ કરે તો પ્રાયશ્ચિત્ત. કારણ એક જ કે આચાર એ મૂળ જડ હોવાથી આવેલો આચાર જ ફળ દેનારો છે. ભાડૂતી આચાર કામ ન લાગે. અગીતાર્થ શાસનમાં પોષાશે, પણ અનાચારી શાસનમાં નહિ પોષાય. આચારવાળાની નિશ્રાએ અનાચારી પોષાવાના નહિ. અજ્ઞાની જ્ઞાનીની નિશ્રાએ પોષાય. આચાર વગરનો આચારવાળાની નિશ્રાએ નહિ પોષાય. નીતિ ભાડૂતી નહિ, કાયદાનું જ્ઞાન ભાડૂતી ચાલશે. આચાર વગરનો કોઈ આચાર ભાડૂતી મેળવી શકે નહિ. આચાર સ્વયં સેવેલો ફાયદો કરે, તેથી પ્રથમ અંગ **આચારાંગ**. વિચારની મજબૂતી ન આવે તો આચારનો ભરોસો નહિ. માંકડા જેવું થાય. વિચારની વ્યવસ્થા કરવા માટે સ્વ–પર–ઉભય સમય જણાવી વિચારમાં વ્યવસ્થિત કરવા **સૂયગડાંગ** કર્યું. પછી શાસનના સર્વ કાળના વિચાર,

વાદો તમે સમજાવી ન શકો તો? આપણું ધ્યેય માર્યું જાય. **આચારાંગથી** આચારની, **સૂયગડાંગથી** વિચારની દષ્ટિ જણાવી. પછી ધ્યેયની દષ્ટિ નક્કી કરવા **ઠાણાંગમાં** વર્ગીકરણ કર્યું. પદાર્થનું વર્ગીકરણ કરવા માટે ઠાણાંગ છે. પાંચમા ઠાણામાં પાંચ મહાવ્રતો કહેવા માટે "**सव्वाओ पाणाइवायाओ वेरमणं**" વગેરે કહ્યું.

## પ્રાણાતિપાત-વિરમણ લોકની દરકાર વગરનું

શંકા—સર્વથા પ્રાણના અતિપાતથી વિરમવું, એને પહેલું પ્રાણાતિપાત કેમ રાખ્યું? સમાધાન–તે સ્વભાવસિદ્ધ. વ્યવહારસિદ્ધ નહિ. બીજા બધાં —ચાર વ્યવહારસિદ્ધ. મૃષાવાદ, અદત્તાદાન, સ્ત્રીગમન, ને પરિગ્રહવિરતિ વ્યવહારસિદ્ધ. પ્રાણાતિપાત-વિરમણ સ્વભાવસિદ્ધ. પાંચે ઇન્દ્રિયો, ત્રણે બળ, શ્વાસોશ્વાસ ને આયુષ્ય જગતના સંકેત, વ્યવહાર, અને રૂઢિ ઉપર આધાર રાખતા નથી. જ્યાં ગર્ભમાં આવી ઉપજે ત્યાં જ તે આવી જાય. લોક શું કહે તેની દરકાર નથી. મૃષાવાદ લોકની દરકારવાળો. અદત્તાદાન, સ્ત્રીગમન, પરિગ્રહ-વિરમણ વ્યવહારની દરકારવાળું. પ્રાણાતિપાત-વિરમણ લોકની દરકાર વગરનું. પ્રાણો સ્વભાવસિદ્ધ. ફલાણાને મારીએ તો દુ:ખ ન ગણવું તેમ ન ગણાય. ત્યાં વ્યવહાર કામ ન લાગે. જે પ્રાણો, તેનો નાશ તે તમારા વ્યવહાર પર ધોરણ રાખતો નથી. તેથી જ એ બધે માન્યો છે. હિંસાનો સદ્ભાવ—એકેંદ્રિયથી પંચેદ્રિય સુધી તમામમાં માન્યો છે.

## હિંસાનું પાપ સ્વાભાવિક, જ્યારે મૃષાવાદાદિકનું પાપ કૃત્રિમ

એકેંદ્રિય મૃષાવાદી છે? તો કે નહિ. અસંજ્ઞી પંચેંદ્રિય મૃષાવાદી નથી. બધા આરંભી છે પણ મૃષાવાદી નથી, તેમ એકેન્દ્રિય યાવત્ અસંજ્ઞી પંચેન્દ્રિયને અવિરતિ તરીકે હિંસાનું કર્મ છે, મૃષાવાદનું કર્મ નથી. અવિરતિ, કષાય, અને યોગ એ કર્મબંધનાં કારણ, પણ મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહની અવિરતિ બંધના કારણમાં નહિ. હિંસાની અવિરતિ બંધમાં છે. આજ પાપ–હિંસાનું પાપ સ્વાભાવિક છે. મૃષાવાદાદિક પાપ કૃત્રિમ છે, તેથી પહેલાં હિંસાની વિરતિ રાખી.

અવિરતિ કોના અંગે મણી બંધ મણ્યો ?

## હિંસાનું ધોરણ અનુભવ પર, જ્યારે મૃષાવાદનું ધોરણ ઠરાવ પર

છએ કાયની હિંસાની અવિરતિ એને અંગે કર્મ. બાર અવિરતિમાં પાંચ ઇંદ્રિય, છકાયની અવિરતિ તેમાં મૃષાવાદીને સ્થાન આપ્યું છે? પ્રથમ તો હિંસા એ સાર્વત્રિક અને સ્વાભાવિક વ્યવહારથી નિરપેક્ષ. તેમ હોવાથી પ્રથમ પાપસ્થાનક. તે પાપની વિરતિ ન કરે તો અવિરતિ. મૃષાવાદ વ્યવહારિક તેની વિરતિ ન કરે તો અવિરતિ નહિ. કેમ? એક જ કારણ. એકેંદ્રિયની અવસ્થા મૃષાવાદને અંગે સંભવ વગરની. બોલવું નથી ત્યાં મૃષાવાદ ક્યાંથી લાવવો? બેઇંદ્રિયમાં તો મૃષાવાદ ખરો ને? ના. જૈન શાસન સમજવાવાળાને વચનના ચાર ભેદો છે. તેમાં સત્ય, મૃષા, મિશ્ર, એ નામના ત્રણ ભેદ એને છે? ના. કેવળ વ્યવહાર ભેદ, વ્યવહાર ભાષા. મૃષાભાષા અસંજ્ઞી પંચેંદ્રિય સુધી નથી. હિંસા એ સ્વયંસિદ્ધ, કોઇના કહેવાથી હિંસાપણું નથી. મૃષાવાદમાં લોકોએ જે ભાષા કરી તે કામ લાગવાની. આને પાટું કહેવું, પાટી ન કહેવી, એમ જે ઠરાવ્યું તે કહે તે સાચો. ઠરાવ પર મૃષાવાદની વિરતિનું ધોરણ. હિંસાનું ધોરણ અનુભવ પર. લોકો ઠરાવી દે તે તેમાં કામ ન લાગે, તેથી અહિંસા ન થઈ જાય. લોક વ્યવહારની હિંસામાં દરકાર નથી. મૃષાવાદ લોક વ્યવહાર પર આધાર રાખે છે. ધડિયાળને કોડીઉં કહે તો નહિ ચાલે, કારણ કે લોકોના ઠરાવ ઉપર આધાર રાખે છે.

## બહિષ્કાર ગુનાપાત્ર, અસહકાર એ નીતિ

મૃષાવાદની વિરતિ શાના ઉપર આધાર રાખશે? નહિ કરો તે ઉપર આધાર. આવા આકારવાળાને બૈરી કહેવી ને આપણે પુરુષ કહીએ તો મૃષાવાદ. હિંસાનું સ્થાન લોકવ્યવહાર ઉપર નહિ. સત્ય મોટો ધર્મ પણ ખ્યાલ નથી કે એ તો લોકોનો સંકેત! હિંસા ખુદ આત્માની ચીજ. સત્યપણું, જૂઠાપણું આત્માની ચીજ નથી, વ્યવહાર

ચીજ છે. મૃષા, સત્ય વ્યવહાર ઉપર ધોરણ રાખનારી ચીજ છે. હિંસા સ્વયં ચીજ, તેની અવિરતિ કરે એટલે કર્મબંધ. વિરતિ કરે તો લાભ એ સિદ્ધાંત જૈન શાસનનો નહિ. અવિરતિ રહે એટલો ગેરલાભ. એ સિદ્ધાંત. બહિષ્કાર ગુનાપત્ર, અસહકાર એ નીતિ. ખસ કહેવું તે બીજા પર સત્તા જમાવવી. અસહકાર–મારે સંબંધ નથી રાખવો. અવિરતિ એ જ નુકશાન. અવિરતિ ટાળી એટલો ફાયદો નહિ પણ અવિરતિ રહી તેટલું નુકશાન. કારણ? શાસ્ત્રોમાં કહેવાય છે કે 'જ્ઞાનવાળો દેશવિરાધક, ક્રિયાવાળો દેશઆરાધક'. કેમ? જ્ઞાનવાળો દેશવિરાધક, એને વિરાધકની કોટીમાં કેમ મૂકો છો? અને ક્રિયાવાળાને આરાધકની કોટીમાં શાસ્ત્રકારોએ કેમ મૂક્યો છે?

## ક્રિયાવાળો નાહ્યા એટલું પુણ્ય માને

જ્ઞાનવાળો જે ક્રિયાની ન્યૂનતા રહી છે તે માટે બળવાવાળો હોય છે. નથી થતું તે ખોટું છે. સમ્યગ્જ્ઞાન, દર્શનની પ્રાપ્તિ માટે સફળતા કરતાં ક્રિયાની પ્રાપ્તિ નથી થઈ તે માટે તેને ખટક્યા કરે ક્રિયાવાળો જેટલું થયું તેટલો લાભ માને છે. અજ્ઞાની ક્રિયામાં નાહ્યા એટલું પુણ્ય માને. જ્ઞાનીને નથી થતું તેની બળતરા થાય. અગિયારમી પ્રતિમાવાળો પોતાના આત્માને કેમ બાળતો હશે? બળતરા–હું આટલા પાપમાં કેમ રહ્યો? કેમ આટલું પાપ છૂટતું નથી? જ્ઞાનીને લગીર રહેલું પાપ ખટકે છે. જ્યારે અજ્ઞાની ક્રિયાવાળો હોય તે કર્યું એટલું સફળ, ન કર્યાને અંગે દુઃખવાનું ન ગણે. જ્ઞાનવાળો મળ્યું એ લાભ માનવા કરતાં ન મળ્યું તેનો ગેરલાભ માને છે. એટલા જ માટે હિંસાની જેટલી અવિરતિ તેટલું જ્ઞાનીને શલ્ય. તેથી પાંચમે ગુણઠાણે બાર વ્રતી, અગિયાર પ્રતિમા વહેતાને ટળી એક જ અવિરતિ–ત્રસકાયની. અવિરતિ બાર પ્રકારની છે. એ અવિરતિમાંથી એક જ અવિરતિ પાંચમે ટળી. અગિયારનો અડ્ડો જામેલો છે, તે છઠ્ઠે જાય ત્યારે જ બંધ થાય. અવિરતિને લીધે કર્મબંધનો પોષ કહ્યો તે કેવળ હિંસાના પ્રભાવે. મૃષાવાદાદિની અવિરતિને ત્યાં સ્થાન ન આપ્યું. અવિરતિમાં

'इंदियकसायअव्वय०' (नव०गा.२१) એમ કહીને પાંચ અવ્રત ગણાવ્યાં, તેથી આશ્રવ વખતે પાંચ.

## બંધ આશ્રવનો બેટો છે, બાપ નથી

શંકા—આશ્રવ વખતે આશ્રવ ગણાવા તૈયાર, બંધ વખતે બધાં ઉડાવી દીધાં, તેનું શું કારણ? આશ્રવમાં બાર અવિરતિ ન રાખી, બંધની જગો પર બાર અવિરતિનું નામ કર્યું. બંધ આશ્રવનો બેટો છે, બાપ નથી. બાપ આશ્રવ છે. આશ્રવે કર્મ આવે તેનો બંધ થાય. આશ્રવથી કર્મ ન આવે તો બંધ થાય નહિ. બાપને ઘેર પાંચ અવ્રત. બેટાને ઘેર બાર અવિરતિ. બાપને ઘેર મૂડી ન હતી તો વારસો બેટાને ક્યાંથી મળ્યો? કોઇ પણ કાળે અનાશ્રવમાં બંધ છે જ નહિ! આશ્રવ વગર બંધ નથી તો આશ્રવમાં પાંચ અવ્રતને કેમ રાખ્યાં? બંધ વખતે બાર અવિરતિ ઊભી કરી. આશ્રવમાં પાંચ અવ્રતો રાખ્યાં તે સંજ્ઞી પંચેંદ્રિયની અપેક્ષાએ. એકેંદ્રિયને બાર અવિરતિથી બંધ છે. એના આત્માને પ્રાપ્ત નથી થયાં તેથી પ્રવર્ત્યાં નથી. મિયાંજી મસાલા વગર રહ્યા છે. મર્યાદામાં નથી રહ્યા, સાધન નથી મળ્યું. બાર અવિરતિ એટલા માટે લગાડી કે મસાલા વગર મિયાંજી રહ્યા છે. જે બારે પ્રકારની બંધના કારણ તરીકે અવિરતિ રાખી છે તે હિંસાની અપેક્ષાએ. દુનિયાએ ધોળો કહ્યો તેને પીળો કહીએ તો ખોટું તે વ્યવહાર. હિંસામાં વ્યવહારના પલટે પલટો નથી. મૃષાવાદમાં પલટો વ્યવહાર કરે તો નભે. વ્યવહારિક સત્યના ભેદો પડાયા છે. પારમાર્થિક સત્યની વ્યાખ્યા જુદી છે, તેથી સત્યની વ્યાખ્યા જુદારૂપે કરી છે. "असदभिधानमनृतं" વિરાધનાવાળું વચન અનૃત એટલે, પારમાર્થિક અસત્ય.

## પરસ્પર વ્યવહારની ઉત્પત્તિ થાય ત્યારે સત્ય કે જૂઠની પણ ઉત્પત્તિ

હિંસા સ્વભાવસિદ્ધ. હિંસા પર વ્યવહારની છાયા નથી, માટે પ્રથમ મહાવ્રત તરીકે તે જરૂરી છે. તેથી અવિરતિ બંધ તરીકે લીધી.

બીજી બાજુ મૃષાની કે સત્યની ઉત્પત્તિ ક્યારે? પરસ્પર વ્યવહારની ઉત્પત્તિ થઇ ત્યારે. જ્યાં પરસ્પર વ્યવહાર ત્યાં જ સત્ય, જૂઠની ઉત્પત્તિ. વ્યવહાર નથી ત્યાં સત્ય, જૂઠ ઉત્પન્ન થતું નથી.

### વ્યવહાર ઉપર અદત્તાદાનનો આધાર

એવી રીતે અદત્તાદાન તો સ્વાભાવિક ને? ના, કૃત્રિમ. કારણ? બીજો પોતાની માલિકીની ચીજ ગણે પણ તેને દુનિયા કબૂલ કરે તો. આપણે ચાલવાનું દુનિયા કબૂલ કરે તે ઉપર. આ મકાન દેવદત્તનું હોય. યજ્ઞદત્તે જોર જુલમથી પડાવી લીધું છે. એક મહિના પછી આવ્યા. આજ્ઞા કોની માગવી? ખરો માલિક કોણ છે? વ્યવહારે જે માલિક થયો, પછી ન્યાયથી કે અન્યાયથી માલિક થયો હોય. વ્યવહાર ઉપર ધોરણ

રાજાએ અહીં સુધી પોતાની હદ લીધી અન્યાયથી લીધી, બળાત્કારે મારીને, છળથી માલિકી લીધી તો પણ માલિકી રાજાની. શંકા—રજા રાજાની માગી તો અન્યાયના પોષક બન્યા ને? સમાધાન—અમારે કાંઇ લાગતું વળગતું નથી. વ્યવહારે જે માલિક તેની રજા માગવી તેટલું જ તત્ત્વ. આજ કાયદો ઠરાવે કે ઝાડનું મૂળ જ્યાં ગયું હોય તેનાથી ભિન્ન ફળ લેનારો ચોર ગણવો. કાલે બીજો ઠરાવ કર્યો કે જેના ઘરમાં ડાળ ગઈ હોય તેનું ફળ તે ઘરવાળાનું, તો ફળ લેનાર ગુનેગાર નહિ। મૂળ હોય ત્યાંની માલિકી, શાખા હોય તેની માલિકી, એ મુજબ જેવો ઠરાવ. વ્યવહાર ઉપર અદત્તાદાનનો આધાર. અદત્તના ચાર પ્રકાર—જીવ, તીર્થંકર, ગુરુ, સ્વામી સ્વામી—અદત્તની વાત ગુરુ, તીર્થંકરને મંજૂર. સ્વામી અદત્તની રીતિ વ્યવહાર ઉપર. ત્રીજા વ્રતનો આધાર વ્યવહાર ઉપર. તેમ મૃષાવાદ વ્યવહારિક ચીજ, તેથી વિરમવું તે વ્યવહારિક. આપણા ઘરની મિલકત છાનોમાનો દેવદત્ત લઈ ગયો છે, તે જો આપણે લઇએ તો ચોર આપણે કહેવાઇએ?

### એનો આધાર પણ દુનિયાના ઠરાવ ઉપર

મૈથુનવિરતિ ઉપર આવીએ. જેમ હિંસા સ્વાભાવિક તેમ

સ્ત્રીપુરુષપણું ઉદયથી થવાવાળી ચીજ. તેને હિંસા માફક સ્વાભાવિક માનવું જોઇએ, તેમાં વ્યવહાર કામ નહિ કરે. એને બીજા નંબરે રાખવી હતી? ના. તે પણ કાળાન્તરે થવાવાળી ચીજ છે. જન્મ સાથે થનારી ચીજ નથી. આથી પાછળ નાખી. પર પારણુતી સ્વાભાવિક ચીજ હતી. તેનું નામ મૈથુન રાખ્યું હતે તો બીજું રાખવું પડત, પણ કહો કે દુનિયાના વ્યવહારે જે સંજ્ઞા પાડી તે સંજ્ઞા કબુલ કરીને ચાલીએ છીએ. "**मैथुनं द्वंद्वं युगलं युग्मं**" જોડેલા વાચક જોડકા શબ્દો હોવાથી પાપ લાગતું નથી. ગમન તરીકે પ્રવૃત્તિ થાય તો જ તેનું નામ અબ્રહ્મ. તેને અંગે જે દુનિયાએ ઠરાવ્યું કે આવી રીતે જે કર્મ તે પાપ. જોડકા વાચક શબ્દો કરવા ગયા તો કંઇ નહિ.

## પરિગ્રહ વ્યવહાર ઉપર આધાર રાખે છે

પરિગ્રહમાં ગ્રહણ કરવું. વ્યવહારથી પર માને તો પરિગ્રહ કહેવાય ને? સ્વ-પરપણાનો વિભાગ ન હોય તો પરિગ્રહને સ્થાન નથી. બીજાનું સ્વામિત્વ ઉઠાવી પોતાનું સ્વામિત્વ કરવું તે પરિગ્રહ. તે વ્યવહાર પર આધાર રાખે છે. આથી જ પ્રથમ "**पाणाइवायाओ वेरमणं**" રાખ્યું.

'મૃષાવાદ' એ જ કહી આપે છે કે સત્યથી ઊલટું. તે સત્ય ભાષા પર આધાર રાખે છે. જે મનુષ્યને મૃષાવાદથી બચવું તેને સંધિ, સમાસ, કૃદંત વગેરે બધાના નિયમો તૈયાર કરવા જોઇએ. નહિ તો મૃષાવાદથી બચે નહિ. લોક વ્યવહારે ચાલેલી ભાષા આ બધા વિષય-વાળી છે. જેમ માલિક વસ્તુને જાણ્યા સિવાય ન કહેવાય, તેમ ભાષાના નિયમો જાણ્યા વગર બોલનાર મૃષાવાદી છે, માટે સૂત્રકાર મહારાજાએ નામ, આખ્યાત, તદ્ધિત સર્વને જાણે તેને સત્ય બોલ-નારો ગણ્યો. મૃષાવાદની કે સત્યવાદની ઉત્પત્તિ જન્મ્યા પછી. વ્યા-કરણાદિથી ભાષા વ્યવસ્થિત ન થઇ હોય ત્યાં સુધી મૃષા, સત્ય કયું તેનો પત્તો જ નહિ.

## ભાષાની ઉત્પત્તિ ને મહાવ્રતની ઉત્પત્તિ

ભાષાની ઉત્પત્તિ રાજ્યાભિષેક વખત. મહાવ્રતની ઉત્પત્તિ દીક્ષા વખતે. ભાષા વ્યવસ્થિત થાય ત્યારે જ સત્યને સ્થાન છે. પન્નવણામાં સ્ત્રી જાતિ જાણીને સ્ત્રી તરીકે વ્યવહાર કરવા જણાવ્યું. જાણ્યા વગર સામાન્યથી વ્યવહાર કરે તે મૃષાવાદી છે. પ્રથમ ભાષાની ઉત્પત્તિ. પ્રથમ ઉત્પત્તિ પછી વ્યવસ્થા. વિચિત્ર નિયમો વ્યાકરણમાં કર્યા તે પહેલાથી અનિયમિત ભાષા ચાલતી હતી તેથી. પ્રચલિત ભાષાની જે વ્યવસ્થા થયેલી હોય તે વ્યવસ્થા ખ્યાલમાં રાખીએ તો જ સત્યપણું, નહીંતર મૃષાવાદ.

## મૃષાવાદ એટલે શું ?

શંકા—મૃષાવાદ ચીજ શી ! તેમાં લોકવ્યવહારનો સંબંધ શો ? હિંસા સ્વાભાવિક પાપનું સ્થાન છે. હિંસાને અંગે બીજાના પ્રાણ કરતાં અમારા પ્રાણને નુકશાન થાય તે વ્યાજબી છે. અમારા ભાવ-પ્રાણો પ્રગટ થતાં વાર લાગે તે બનવું સ્વાભાવિક છે, પણ અહીં લોકે ફોગટ વ્યવહાર બાંધ્યો તે કબૂલ ન કર્યું તેમાં પાપ શી રીતે ? હિંસાથી ભવિષ્યના પ્રાણો મળવાનો અંતરાય થશે તેથી તેને કારણ તરીકે પાપ થયું એમ માનવું તે યુક્તિયુક્ત ગણાય. તમારા હિસાબે પુણ્યપાપની વ્યવસ્થા કરનાર જગત્ થયું. સમાધાન—વાત ખરી, મહાનુભાવ! શબ્દો કરતાં લગીર આગળ વિચારવાની જરૂર છે. બીજાને જે જ્ઞાન કરાવે છે તેનો આધાર શબ્દ. જે પ્રમાણે શબ્દ પ્રચલિત છે તે પ્રમાણે જ્ઞાન થવાનું છે, તેથી જ્ઞાનના પલટાને અંગે પાપની ઉત્પત્તિ. મૃષાવાદને અંગે જ્ઞાનનો વિપર્યાસ થાય તો પાપ. મૃષાવાદના અપવાદો છે. એ સમજાશે ત્યારે અપવાદોના દ્વારો બરાબર ખુલ્લાં થશે. એ એકાંતિક ચીજ નથી. 'વિરુદ્ધ જ્ઞાન ઉત્પન્ન થતાં અનુકૂળ જ્ઞાનની ઉત્પત્તિ જબરજસ્ત હોય.' ખાઉં છું એ શીખવાડતાં ખાઉં એ ધાતુ કહીએ છીએ. પહેલાં ખોટા રસ્તામાં થઈને સાચે રસ્તે જવાય છે. જો વસ્તુમાં વિરુદ્ધ પ્રતીતિ કરાવનાર ન હોય તો

મૃષાવાદ નથી. વાક્યમાં વિભક્તિ, વચન લગાડયા વગર બોલીએ તો ખોટું. જ્ઞાનનો વિપર્યાય હોય તો મૃષાવાદ. વિપર્યાસ નથી તો મૃષાવાદ નથી. મૃષાવાદ વ્યવહાર ઉપર ધોરણ રાખે છે. મૃષાવાદ જ્ઞાનના વિકારને કરનાર છે, માટે મૃષાવાદ પાપ ગણ્યું.

જેમ તેના ત્યાગને વ્રત ગણ્યું તેમ પાંચે મહાવ્રતોમાં સમજવાની જરૂર છે. તે સમજાશે ત્યારે પાંચે મહાવ્રતો સમજાશે.

---

# વ્યાખ્યાન : ૩૬

## ભાવશૂન્ય ક્રિયા ફળવાન ન નીવડે

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે દ્વાદશાંગીની રચના કરતા થકા ગણધર પદવીને પામ્યા તે વખતે પ્રથમ આચારાંગની સ્થાપના કરી. આપણે સામાન્ય રીતે સમજીએ છીએ કે ભાવશૂન્ય ક્રિયા ફળવાન્ થતી નથી. જો ક્રિયાને ફળવાળી કરવી હોય તો ક્રિયા ભાવવાળી હોવી જોઇએ.

### ભાવ એટલે શું ?

ભાવનો અર્થ એકલો ઉલ્લાસમાં નથી લેતા. શરીરના અભિનયમાં ચેષ્ટામાં ભાવનો અર્થ નથી લેતા. બીજા મતવાળાઓ ઉલ્લાસ, અભિનય, ચેષ્ટામાં લે છે. શંકા—ભાવ ચીજ કઈ? સમાધાન—દાન, શીલ, તપ અને ભાવમાં જે ભાવધર્મ તરીકે વિવેચન આવ્યું તે. ભાવધર્મ કયી ચીજ છે? રત્નત્રયી—સમ્યગ્દર્શન વગેરે. એ જ સંસારસમુદ્રથી ઊતરવાને માટે જહાજ સમાન, દાવાનળને દૂર કરવા માટે પુષ્કરાવર્ત મેઘ સમાન છે. એ ભાવના થાય અને જ્યારે આત્મા એનો અર્થી થાય ત્યારે ભાવધર્મ.

## સમ્યગ્દર્શનાદિ ભવાંતરે લઈ જવાની ચીજો

આ સમ્યગ્દર્શન વગેરે એ જ જગતમાં અર્થ છે, એ જ જગતમાં પરમાર્થ છે, એટલું જ નહિ પણ એ ત્રણને અંગે જે ન હેય તે બધી વસ્તુ હોય તે અનર્થ. જેને આવી ભાવના થયેલી હેય તે તેને (ભાગ્ને) જ તાકે. તેને મનોરથ—પામવાની ઈચ્છા કોઈને અંગે હોય તો આ ત્રણ વસ્તુને અંગે. ત્રણેની રાતદિવસ ઝંખના, જપમાળા ચાલતી હોય. ઈષ્ટ વસ્તુ પોતાને ત્યાં હોય તો સંતોષ. જો ઇષ્ટ વસ્તુ ન હોય, તો જેની પાસે ઈષ્ટ વસ્તુ હોય તેની સેવા બરદાસ કરે, યાવત્ તેનો ગુલામ થઇને રહે જગતમાં ધન ઈષ્ટ હોય તો ધનવાળાના ધન મેળવવાવાળા ગુલામ બને. કળા મેળવવાની ઈચ્છા હોય તો કળાવાળાના ગુલામ બને છે. ધન મેળવવા માટે, રોગને નિવારવા માટે, કીમિયા, કળા માટે આ જીવ ગુલામ બને છે. આ જીવન માટે ધન વગેરે ચારે મેળવ્યાં પણ એ ચારેમાં લઇ જવાનું કયું ! ઉચાંતરી કરતી વખતે એકે ચીજ લઇ જવાના નથી. જે ચીજ લઈ જવાના નથી તે મેળવવા માટે ગુલામી કરીએ છીએ. સમ્યગ્દર્શન વગેરે ભવાંતરે લઈ જવાની ચીજ. સમ્યગ્દર્શન આ ભવનું, પર ભવનું અને ઉભય ભવનું હોય. સમ્યગ્દર્શન આ ભવે પામેલાં, આવતે ભવે પામે. જે સમ્યગ્દર્શન પામ્યા તે આવતે ભવે રહે યાવત્ સર્વ કાળને માટે રહે. ક્ષાયિક સમ્યગ્દર્શન સર્વ કાળને માટે રહે. સાચા તત્ત્વની માન્યતા, જીવાજીવાદિની જીવાદિ તરીકે માન્યતા કે હેયોપાદેય તરીકે વિવેક કરવામાં આવે તે સમ્યગ્દર્શન.

## સમ્યક્ચારિત્ર મેળવ્યું તે તો આજ ભવ પૂરતું

સમ્યગ્જ્ઞાન પણ આ ભવનું, આવતા ભવનું અને ભવોભવનું છે. આ પ્રમાણે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન આ ભવનું, આવતા ભવનાં અને ભવોભવનાં છે પણ સમ્યક્ચારિત્ર મેળવ્યું તે આ ભવનું જ છે. આવતે ભવે ચારિત્ર હોતું નથી. તેથી ચારિત્ર લેનારા પ્રતિજ્ઞા કરતી વખતે '**યાવજ્જીવ**' શબ્દ બોલે છે. આથી સિદ્ધમહારાજને ચારિત્ર

માનતા નથી. કારણ કે ચારિત્ર આ જિંદગીને છેડે પૂરું થાય છે.

**મોહક્ષયરૂપ જે ચારિત્ર તે તો સિદ્ધપણામાં પણ છે**

શંકા—જ્યારે સમ્યક્ચારિત્ર આ ભવનું છે તો પછી ભવોભવ સાથે આવનાર છે એમ કેમ કહ્યું? સમાધાન—આવું કહેનારે બારીક દૃષ્ટિથી જોવું જોઇએ. ચારિત્ર બે પ્રકારનાં—૧ પ્રતિજ્ઞારૂપ ચારિત્ર અને ૨–મોહક્ષયરૂપ મોહક્ષયરૂપ જે ચારિત્ર તે તો આગળ સિદ્ધ-પણામાં પણ છે. સિદ્ધપણામાં પ્રતિજ્ઞારૂપ ચારિત્ર નથી. સિદ્ધદશા થાય ત્યારે તો આત્માની સ્થિર પરિણતિરૂપ ચારિત્ર રહે, પણ જેઓ સિદ્ધ ન થાય, તેઓને આ ભવમાં આચરેલું ચારિત્ર આ ભવમાં નાશ પામ્યું. તેનું આગળ શું? સટ્ટો ખેલ્યો. વેપારમાં મર્યાદાસર આવવું જવું થાય. સટ્ટામાં મર્યાદાસર આવવું જવું થતું નથી. ચારિ-ત્રથી સિદ્ધપણું મેળવ્યું તો મેળવ્યું, નહિ તો ચારિત્ર તો ચાલ્યું જવાનું. સામાયિક વગેરે પાંચ ચારિત્રોમાંનું એકે અપ્રતિપાતી નથી, બધાં પ્રતિપાતી છે. આ ભવમાં ન પડે, તો ભવને છેડે પણ પડ-વાનાં. ચારિત્ર લીધા પછી તે ભવે મોક્ષ થઈ ગયો તો ફળ આવી ગયું. મોક્ષ ન થયો તો તે ચારિત્ર ટકવાનું નહિ. જે વખતે મોક્ષ થશે તે વખતે નવું ચારિત્ર.

**જંબૂસ્વામીજીનો આત્મા ચારિત્રમાં કેટલો રંગાયેલો હશે!**

શંકા—જો તેમ છે તો ચારિત્ર ધન પેઠે આ ભવ પૂરતું થઇ ગયું? સમાધાન—નહિ. ચારિત્રે કરેલો આત્મામાં મોહનીયનો ક્ષયો-પશમ તેનું કાર્ય બીજે ઠેકાણે કર્યા સિવાય રહેતો નથી. માત્ર ગર્ભ-દશા, બાળદશામાં પ્રતિજ્ઞારૂપ ચારિત્ર આવી શકતું નથી. સંસ્કારનો પ્રભાવ ભવાંતરે પણ ચાલવાવાળો છે. ચારિત્રનો સંસ્કાર થયેલો હોય તો તે કેટલું કામ કરે તે જંબૂસ્વામીજીના દૃષ્ટાંતથી જાણી શકીએ છીએ.

**ચારિત્ર ઉપર જંબૂસ્વામીજીનુ દૃષ્ટાંત [ ]**

જે વૈરાગ્યવાસના થાય છે તે ચાહે તેટલા ઝપાટા આવે તો

ખસતી નથી. માબાપે ચાહે તેવા રોકયા. આઠ સ્ત્રીઓ પરણાવી દીધી. કોઇ પણ પ્રકારે વૈરાગ્યભાવના ઓછી ન થઈ. આ જંબુ-સ્વામીજીમાં પ્રભાવ શાનો? અહીં જો પહેલાંના સંસ્કારો ન લઇએ તો સર્વ જીવો એવી દશામાં કાં ન આવે? જે ચારિત્રની આરાધના કરે તેને ભવાંતરમાં સંસ્કારો લઈ જવાનું બને છે. જંબૂસ્વામીજી પહેલા ભવમાં રાજકુમાર. રાજકુમારપણામાં પોતે દીક્ષાના અભિ-લાષી. એ અભિલાષામાં કેટલાક લોકો એ રૂપે દૃષ્ટાંતને લઈ શકશે કે માબાપે ના કહ્યું તેથી રહી ગયા. તે જ દૃષ્ટાંતને આત્માર્થીની દૃષ્ટિએ જોવામાં આવે તો એ દૃષ્ટાંત કાળજાને કોતરી નાખે એવું છે. રાજ્યસ્થિતિમાં વર્ષો સુધી છઠ્ઠ છઠ્ઠે પારણાં કરવાં, કઈ સ્થિતિએ? રાજકુમાર છે. છઠ્ઠે પારણું. પારણું ત્યારે આંબેલ. આપણો ઘણે ભાગે ત્યાગ જ પોલો. અહીં તો ૭ વિગ-ઇનો ત્યાગ કરે, કાચી ૭ વિગઇનો નહિ. આ તો આંબેલ. તે પણ છઠ્ઠ છઠ્ઠને પારણે. રાજકુંવરની સ્થિતિ. એને કોઇ કહેવા નહિ આવતા હોય? રાજકુમાર જ્યારે આંબેલ કરે છે ત્યારે રાજારાણીને, કુટુંબને, દરબારી મનુષ્યને કાંઇ લાગ્યું હશે? કોઈ કહેવા આવ્યા હશે? જો આવું આપણે ઘેર બને તો બધાં કહેવા લાગે. પાડોશી કહેવા લાગે. એમને ન બનતું હશે? એના ઉપર કઇ જાતના પ્રહારો હશે? એમાં દઢ, એટલું જ નહિ પણ ચારિત્ર લેવા તૈયાર થયેલો હોય, બે ચાર મહિનામાં ચારિત્ર મળી ગયું તો લાઇનમાં ચઢશે. જો ન મળ્યું તો ગઈ વાત. ન મળ્યા છતાં પરિણતિ ટકવી તે કઈ દશાએ? પહેલો છૂટો ફરતો હોય. ધંધામાં જો ગયો તો ચારિત્રનું નામ ચૂકી જાય. પર-ણ્યો ન હોય, પરણે તો ચારિત્રનું નામ ચૂકી જાય. રાજકુમારને સ્ત્રી, સસરા તરફથી ગોદા મારવામાં બાકી રહ્યું હશે કે? એ આત્મા ચારિત્રમાં કેટલો રંગાયેલો હશે? 'માબાપ કંટાળે, રજા આપે તો ચારિત્ર લઉં,' આ મુદ્દાએ તપસ્યા કરી. ભવદત્તના ભવમાં જે વિરાધના કરી તે વિરાધના જ અહીં નુકસાન કરનારી થઈ. જિંદગી સુધી ઉજાળો માર્યો.

માબાપે રોકી રાખ્યો. પહેલા ભવે દ્રવ્ય થકી ક્રિયા હતી પણ મનમાં અભિલાષા હતી. બીજા ભવમાં બધું કર્યું. વીર્ય ઉલ્લાસ ન જાગ્યો. માબાપને રજા આપવાનું ન થયું. શિવકુમારને ચારિત્રની ભાવના, યાવજ્જીવ છઠ્ઠ, પારણે આંબેલ. રાજકુમારને આ કેટલું મુશ્કેલ!

## સંસ્કારદ્વારાએ સમ્યક્ચારિત્ર ભવોભવ કામ લાગે

રાજાએ રજા ન આપી, તેથી શિવકુમારે દીક્ષા ન લીધી ને? પહેલા ભવની વિરાધનામાં ન જાઓ. આ ભવની આરાધનામાં જાઓ. રાજકુમારમાં ચારિત્રનો રાગ અવિહડ રહેવો, ચારિત્રની અભિલાષા જરી પણ મંદ ન પડવી! રાજા, રાણી, અમાત્યો તમામ મથી મરે પણ જેના પરિણામને લગીર મંદતામાં જવાનું થતું નથી. હજારો ઉત્પાતો આવ્યા છતાં જેના આત્માને અસર ન થઇ તે આત્મા જંબુસ્વામીજીના ભવમાં માબાપની અસરવાળો ન થાય. એક જ નિશાન તાકી રહે તેમાં નવાઈ શી? ઘડો કરતી વખતે દંડ કોરાણે મૂકી દેવામાં આવે, પણ વેગ તો ચાલતો રહે. પ્રતિજ્ઞારૂપ ચારિત્ર આ ભવને છેડે પૂરું થઈ જાય પણ સંસ્કાર આ ભવે પૂરા થઇ જતા નથી. સંસ્કાર દૃઢ હોય તો મોક્ષ મળે ત્યાં સુધી રહે. ચારિત્ર ભવને અંતે ચાલ્યું જાય છે એનો અર્થ એ કે પ્રતિજ્ઞા તરીકે ત્યાં સુધી રહે છે. આથી સંસ્કાર શૂન્ય થઈ જાય એમ છે નહિ. તે જ પ્રભાવને લીધે કહી શકીએ કે ચારિત્ર ભવોભવ કામ લાગનારી ચીજ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ભવોભવ કામ લાગનારું. સંસ્કાર દ્વારાએ સમ્યક્ચારિત્ર ભવોભવ કામ લાગે.

## સંજ્ઞી પંચેન્દ્રિયપણામાં જે જીવ છે તે ભવ્ય હોય તો તે જાતિભવ્ય હોય જ નહિ

ભવ્ય છું એટલો નિર્ણય થાય તો મારે મોક્ષે જવું એ ચોક્કસ એ નિર્ણય થવાનો. સૂક્ષ્મ એકેંદ્રિય સિવાયના કે અનંત કાય સિવાયના જેટલા ભવ્યો તેમાં કોઈ પણ જાતિભવ્ય નહિ કહેવાય. જાતિભવ્ય માત્ર જાતના ભવ્ય. ભવ્યપણાનું કાર્ય થવાનું નહિ. જે જીવ સંજ્ઞી

પંચેંદ્રિયપણામાં છે તે ભવ્ય હોય તો તે જાતિભવ્ય હોય જ નહિ. જાતિભવ્યને ત્રસાદિકપણાની સામગ્રી હોય જ નહિ. ત્રસાદિકપણાની સામગ્રી મળી તો તે જાતિભવ્ય નથી. તે ભવ્ય હોય તો ખરેખર મોક્ષગામી ભવ્ય છે. જો આપણે ભવ્ય છીએ તો મનુષ્યપણામાં હોવાને લીધે જાતિભવ્ય-નામના ભવ્ય નથી.

## કેવા જીવો જાતિભવ્ય કહેવાય?

જાતિભવ્ય-આત્મામાં લાયકાત છે. દરિયાના તળિયે રહેલો પત્થર મૂર્તિને લાયક છે. કોઈ દહાડો મજૂર એને ખોદવાના નથી. એની મૂર્તિ બનવાની નથી. બહારના પત્થર અને એ પત્થરમાં તફાવત નથી. દરિયાની ખાણના પત્થરની મૂર્તિ બનાવાની નથી. જાતિભવ્યમાં ને ભવ્યોમાં ફરક નથી. સિદ્ધમહારાજને સામગ્રી મળી, કાર્ય થયું. તેવી સામગ્રી જેને મળવાની નથી. છે લાયક પણ ત્યાં પડી રહેવાના છે તેવા જીવો જાતિભવ્ય કહેવાય.

## મગ અને કોરડું મગ

મગ અને કોરડું મગ બંનેને સંયોગો સરખા મળ્યા, કોરડુનો સ્વભાવ છે કે પાણી મરે નહિ, પચે નહિ. તેમ જીવ કેટલાક એવા છે કે જેમાં સમ્યગ્દર્શન વગેરે પ્રવેશ ન કરી શકે.

## વિલંબ કરે તેટલાં ખાસડાં ખાવાનાં

હવે મૂળ વાત પર આવો. જો મનુષ્ય પોતાનામાં ભવ્યપણું છે એમ ચોક્કસ કરી શકયો, તો આ કર્યા સિવાય મોક્ષ નથી. જો મોક્ષે જવું છે એમ છે તો ખત્તા ખાધા કરે, ખાસડાં ખાવાં એ નકામાં. ખત્તા ખાઇને કરવું પડશે તેના કરતાં પહેલું કરવું તે સારું નહિ? મોક્ષની ઇચ્છા થઈ એટલે ભવ્યપણું. મોક્ષગામીપણું, ભવ્યપણું છે એમ નિશ્ચય થાય તો વિલંબ કરો તેટલાં ખાસડાં ખાવાનાં. ભવોભવ સાથે આવનારી ચીજ તે તો મેળવવી.

## ભાવ ચઢિયાતો કેમ તે તો સમજાય ત્યારે જ

જે વસ્તુ આપણી પાસે ન હોય, તે મેળવવી હોય તો તે વસ્તુ

જેની પાસે હોય તેનો આશ્રય મેળવવો. સમ્યગ્દર્શન વગેરેવાળાનો આશરો મેળવવો. વિદ્યાર્થીથી ગુરુની ભક્તિ કરાય. કીમિયાના અર્થીથી કીમિયાવાળાની ભક્તિ કરાય, તેમ સમ્યગ્દર્શનના અર્થીએ સમ્યગ્દર્શનવાળાની ભક્તિ કરવી. આ પહેલો ભેદ (૧). ભક્તિમાં તેની તરફ બહુમાન. તે દેખતાની સાથે હૃદયમાં ઉલ્લાસ, અભ્યુત્થાન, નમસ્કાર, હાથ જોડીને હાજર રહેવું. જાય ત્યારે વળાવવા જવું એટલું જ નહિ પણ જ્યારે ધન વગેરે લેવા માટે મનુષ્યો સેવામાં હાજર રહે છે, તે સેવા નોકરિયાત જેવી હોતી નથી. એ સેવા તુહી તુહીના જેવી છે. કાળજાને કોતરી નાખે એવી સેવા હોય છે. "**तत्कार्यं कर्म च**" સમ્યગ્દર્શન વગેરેને ધારણ કરનારાનું જે કાર્ય તે પોતાના કાર્ય તરીકે કરવું. સમ્યગ્દર્શન વગેરેવાળાની ભક્તિ, તેમની વૈયાવચ્ચ, તેમનું કાર્ય તમામ પોતે કરવું. આ કરવા છતાં સંસારના પદાર્થો તરફ ઘૃણા, આ ક્યાં વળગ્યું છે એમ લાગે, કેમ છૂટતું નથી એમ લાગે ત્યારે ભાવ, દાન, શીલ વગેરેમાં ભાવધર્મ કહીએ છીએ તે ભાવધર્મ આ છે. જ્યારે આ ભાવનું સ્વરૂપ સમજશો ત્યારે દાન, શીલ, તપ કરતાં ભાવને ચઢિયાતો કેમ કહેવાય છે તે સમજાશે.

## ભાવશૂન્ય ક્રિયા ફળે નહિ

રત્નત્રયધરની ભક્તિ, તેનું કાર્ય, રત્નત્રયધર સિવાયના આખા જગત્ તરફ ઘૃણા તેનું નામ ધર્મ. ક્રિયાને અંગે ભાવ કહીએ તે શી ચીજ? ધાર્મિકક્રિયા નવકાર ગણીએ એટલી. એક બાજુ ચૌદ પૂર્વધર થઈએ. એક નવકારથી કરીએ, યાવત્ છ માસની તપસ્યા કરીએ, છતાં ભાવશૂન્ય ક્રિયાઓ ફળતી નથી. ક્રિયાની સાથે લેવાતો ભાવ કયો કે જે ભાવ ક્રિયામાંથી ધર્મને ઉત્પન્ન કરે? આગળ જણાવીશું તે ભાવ ન હોય તો ક્રિયાથી ધર્મ થવાની તાકાત આવે નહિ.

## એ બે તો ગુણના કોળ

"यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः।"

(कल्याण० श्लो० ३८)

જે કારણથી ભાવ વિના ક્રિયા ફળવાળી ન થાય તે ભાવ કયો? હરિભદ્રસૂરિજી કહે છે કે—

" प्रणिधिप्रवृत्तिविघ्नजयसिद्धिविनियोगभेदतः प्रायः ।
धर्मज्ञैराख्यातः शुभाशयः पञ्चधाऽत्र विधौ ॥ "

( षो० ३, श्लो० ६ )

પ્રણિધિ, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ—આ પાંચ વસ્તુ હોય ત્યારે જ ભાવ કહેવાય. પ્રણિધિ સામાન્ય રીતે વંદિત્તા નો અર્થ ખ્યાલમાં હોય તો " **तिविहे दुप्पणिहाणे** " એટલે યોગની એકાગ્રતા. જે ક્રિયા કરવામાં આવે તે ક્રિયાને અંગે યોગની નિશ્ચલતા કરી દેવી જોઈએ. પોતાનું મેળવેલું હોય તે જો ખોવાનો વખત આવે તો ક્ષત્રિય કેસરિયાં કરે. નવું મેળવવા તૈયાર પણ જે મેળવ્યું તે મેલાય નહિ. પ્રણિધાન એ કે જે વસ્તુ મેળવી છે તેમાં સર્વથા સ્થિરતા. મેળવેલો ગુણ ખસે તો ગુણની કિંમત જાણી નથી. છોકરાના હાથમાંથી બોર બાપને લેવું હોય તો પાણી ઊતરે. ગુણની બોર જેટલી કિંમત કરીએ તો આપણો ગુણ ખસે કેમ! અનાજનું અજીરણ બે ત્રણ કલાક પછી માલમ પડે, ઓડકાર આવવા માંડે ત્યારે. તપસ્યાનું અજીરણ પારણાને દહાડે. વધારે ક્રોધ તે દહાડે. જ્ઞાનનું અજીરણ સામો જ્ઞાનને ગ્રહણ કરનારો મળે ત્યારે. અહંકાર આવે તો તે જ્ઞાનનું અજીરણ. ગુણનું અજીરણ ગુણ આવતાંની સાથે પોતાથી ઊંચા તરફ ભક્તિનો અભાવ, પોતાથી નીચા તરફ દયાનો અભાવ. આ ગુણનું અજીરણ. આપણે અટ્ઠમ કર્યો. જોડિયાને કહે કે છત. આ અજીરણ. કરવાવાળાને અંગે અહો! આ બે શબ્દો ભાવને નાશ કરનારા છે. આ બે શબ્દોને દેશવટો મળશે ત્યારે ભાવનો છોડ થશે. ગુણ પ્રાપ્ત થાય તે વખતે જેને ગુણ મળ્યા છે તેનું બહુમાન, નથી મળ્યા તેને અંગે દયા. નિર્ગુણને ગુણ મેળવી દેવા માટે પરિણતિ. મળેલાને અંગે બહુમાન. આ બે સમજાશે ત્યારે સળેલો ભાવ નથી એમ ગણાય, ગુણના જે બે કાળ છે તે ગુણને ખોદી

ખાશે, પત્તો નહિ ખાય. પ્રણિધાન જે મળ્યું છે તેની સ્થિરતા મેળવી દઉં, નથી મળ્યું તેના પર દયા. અધિક હોય તેમાં બહુમાન. આ બે રહે તો ભાવધર્મનું પહેલું પગથિયું. આ પહેલું પગથિયું મળ્યા છતાં બીજી વસ્તુ મેળવવા માટે જીવ તલપાપડ ન થાય ત્યાં સુધી મેળવેલી વસ્તુના બીજા ભેદમાં આવી શકીએ નહિ (૧).

## ભાવનો બીજો ભેદ પ્રવૃત્તિ ત્યારે જ પરિણમે

પ્રવૃત્તિ-આગળ ધપો.દુનિયા આરંભપરિગ્રહમાં છે, તમને ધપાવે છે.ક્રિયા, ગુણના બહુમાનવાળા હો, ધર્મની કિંમત સમજ્યા હો તો યાહોમ કરીને ચાલો. આગળ ધપવાની બુદ્ધિ ન થાય, યાહોમ કરવાની વૃત્તિ ન થાય, ત્યાં સુધી તે વસ્તુનો રસ જાણ્યો છે એમ કહેવાય નહિ. બૈરી રોટલો નાંખવા જાય છે. બાઇ આપવા આવી છે. છતાં કૂતરો તરાપ મારે છે, વચમાં વાર ખમાતી નથી. નાખવાનો છે, એને માટે લાવી છે, છતાં આકાંક્ષા તીવ્ર છે. એવા તલપવું જોઈએ કે વહેલો કેમ મળે? આ સ્થિતિએ પ્રવૃત્તિ થાય ત્યારે ભાવનો બીજો ભેદ પ્રવૃત્તિ (૨).

## સમ્યગ્દર્શન વગેરેની સ્થિતિ તે તો આત્માની મિલ્કત

પ્રણિધાનથી પોતાની સ્થિતિનો નિશ્ચય. બીજામાં જાય ત્યારે ઊલટ. એ પ્રવૃત્તિએ વધતાં જેને નાત રાખવી છે તેને નાત બહારનો ડર. જેને નાત રાખવી નથી તેને? તેવી રીતે દરેક ધર્માર્થીઓએ ધ્યાનમાં રાખવું કે આ ધાર્મિક પ્રવૃત્તિ કરવા માંડું તેમાં જ ધાડ પડવાની છે. ધનવાળાએ ધન લાવવા પહેલાં ધાડમાંથી બચવાના ઉપાયો ધ્યાનમાં લેવા પડે છે. સમ્યગ્દર્શન વગેરેની સ્થિતિ તે આત્માની મિલ્કત છે, તેની ઉપર ધાડ તૈયાર છે. ખોરાક લઇ જાઓ તેને ઢાંકીને લઈ જવો પડે છે, નહિ ઢાંકો તો ચકલી, કાગડા તૈયાર બેઠા છે. આત્મામાં આવતો એક પણ ગુણ ચાહે તો સમ્યગ્દર્શન રૂપે હો, તપસ્યા રૂપે હો, એક પણ ગુણ ઉપર કર્મરાજાના કાગડા ચાંચ માર્યા વિના રહેવાના નથી. ઢેડને કાગડા કૂતરાની આભડછેડ ન હોય. ઢોર બંદોબસ્ત ન કરી શકે તેથી એક બાજુ તે ખાય, બીજી બાજુ

કાગડા કૂતરાં ખાય. જેમ મનુષ્યોને રસોઇ સ્વચ્છ લેવાનું મન હોય તો ખુલ્લો લઈ જતો નથી. તેમ સ્વચ્છ ગુણ આત્મામાં રાખવા હોય તો હાથમાં ડંડુકો રાખો. ઢાંકો. કયું ઢાંકણ ?

## સાવચેત રહેવાની જરૂર

વિઘ્નજય–મારા કામમાં વિઘ્ન આવશે, વિઘ્ન વિનાનું કામ જ નથી. દરેક ગ્રંથકારોને શરૂઆતમાં મંગલ કેમ કરવું પડે છે તે આથી ખ્યાલમાં આવશે. પ્રણિધિ–પ્રવૃત્તિ મેળવેલી હોય છે, છતાં વિઘ્નજય જરૂરી છે, તે મેળવવો જોઇએ. તેને અંગે મંગલ કરવાં જોઇએ. તેમ આ આત્માને પ્રાપ્ત થતા ગુણો તેને કાગડા, કૂતરાં દિવાળી ન કરી જાય તેને માટે સાવચેત રહેવાની જરૂર.

## એ માટે તો તુંહી તુંહી થવું જોઇએ

શી રીતે વિઘ્નનો જય થાય ? જેમ મુસાફરી કરવાવાળાએ ૧–શરીર તંદુરસ્ત રાખવું. ૨–રસ્તો ચોકખો દેખવો અને ૩ વળાવાને જોડે રાખવો. તેવી રીતે અહીં પણ દરેક ધર્મક્રિયા કરનારે ત્રણ વસ્તુ વિઘ્નજયને માટે રાખવી જોઇએ. આ ત્રણ વસ્તુઓ વિઘ્નજયને માટે જરૂરી છે. વિઘ્ન જીતી ન શકીએ તો કરેલું પ્રણિધાન, પ્રવૃત્તિ ઊલટી કર્મબંધનમાં પરિણમી જાય. પણ નિર્જરા ન કરે. માર્ગ સિવાય બીજી ચીજમાં મોંઢું ઘાલવું નહિ. સમ્યગ્દર્શન વગેરે માર્ગ. તે સિવાય બીજે દ્રષ્ટિ જવી ન જોઇએ. બીજે બધેથી દ્રષ્ટિ સંહરી લો. 'લોટ ખાવો અને ભસવું' એ સાથે ન બને. સમજું લોટ ખાતો હોય તો ફોઇ ન બોલે. સમ્યગ્દર્શન વગેરેનું આદરવાલાયકપણું આત્મામાં આવ્યા પછી અન્યનું આદરવાપણું રહે તો લોટ ખાઈને ભસવા જેવું થાય છે. મહામહેનતે કર્મનો ક્ષયોપશમ કરી ધર્મ મેળવ્યો. છતાં મૂર્ખ છોકરો ફોઈ કરીને લોટ ગુમાવી દે, તેની માફક થાય. ધર્મ મેળવ્યો છતાં હેય વસ્તુને છોડવાની સ્થિતિમાં આવ્યા નથી. ત્રણ સિવાય બીજામાં ઉપાદેય બુદ્ધિ રહે નહિ. જ્યાં સુધી આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને અંગે તુંહી તુંહી ન થાય, આ ઉપાદેય છે, બીજું ઉપાદેય નથી, આ બુદ્ધિ ન થાય,

ત્યાં સુધી વિઘ્નને જીતવાવાળો થતો નથી. આદરવામાં આવેલી ધર્મ-ક્રિયાને અંગે, ગ્રહણ કરવામાં આવેલા ગુણોને અંગે તુંહી તુંહી થવું જોઈએ. (૩)

## ઓપની સ્થિતિમાંથી બચવું મુશ્કેલ

એ થયા પછી દૃષ્ટિમોહ મારી નાખે છે. આંધળાની ટોળીમાં ભળેલો સોનાનાણું લઈને હાલતો થઈ જાય. તેનાથી બચવું મુશ્કેલ છે. ટોળીમાં ભળીને લૂટારું બનેલો હોય તેનાથી બચવું મુશ્કેલ. પાપ તરીકે ગણાતાં પાપો તેનાથી બચવું સહેલું, પણ કાર્ય અધમ ને ઓપ ધર્મનો; કર્મ પાપનું ને ઓપ પુણ્યનો, તેનાથી બચવું મુશ્કેલ. કાર્ય ભવનું ને ઓપ મોક્ષનો, તેનાથી બચવું મુશ્કેલ પડે. એ ઓપની સ્થિતિમાંથી બચવું મુશ્કેલ. મોટા ઝવેરીને કલચર મોતીથી બચવું મુશ્કેલ થઈ પડે છે, તેમ ધર્મના નામે અધર્મથી બચવું મુશ્કેલ પડે છે.

•

## પેટમાં પીર આવે

પૂજા કરવા ગયા. કેસર ઘસી લીધું. અંગલૂહણો કર્યો. બીજાએ પૂજા કરી લીધી તો તમારા ગરમીના પારાનું માપ લો. માકડાથી ફેરીની વખતે દીવી ન પકડાઈ. કોઈની ભાવના જાગી કે ભાઈ તારી પાસે ફૂલ નથી, મારી પાસેથી લે! કોઈએ ધૂપ, દીપ આપ્યો? ભગવાન્ તારા રજીસ્ટર થઈ ગયા. પખાલ કરી, અંગલૂહણાં કર્યાં તેથી રજીસ્ટર થઈ ગયા! **બોલી કલેશ નિવારણ માટે નથી, ધર્મની વૃદ્ધિ માટે છે.** અંગ્રેજ ને રૂશિયા મળીને ઈરાનના ભાગ ચાહે તેમ પાડી લે. તેની માફક જે કલેશ નિવારણ શબ્દ વાપરે છે, તે દેવદ્રવ્ય ચાહે તેમ વાપરી શકે. ભક્તિ ભગવાનની, ભાગ પાડી લીધા તમે. કાકાભત્રીજા વચ્ચે માહોમાંહે બોલી હોય છે, અંટશ કલેશ રહેતો નથી. વધારે ચઢે તેને ચાંલ્લો કરવા બોલનારો ઊભો થાય છે. બીજાએ પૂજા કરી લીધી તો શું થાય? મહારાજના મોંઢે તમારો જશ ગવડાવવા તૈયાર થયા હતા ને, થોય કોઈ બોલ્યો તો એ શું! તે વખતે ઊંચાનીચા કેમ થવાય છે?

આપથી બચવું મુશ્કેલ પડયું. જ્યાં નામ આવે ત્યાં હજારો ખર્ચાય છે, પણ ફાયદાકારક કામ છે, એમ અંતઃકરણ કબૂલ કરતું હોય, છતાં એમાં નામ, પાઘડીને સ્થાન ન હોય તો પાંચ હજારની જગો પર પાંચ દેતાં પેટમાં પીર આવે છે. નામ આવે, પાઘડી બંધાય, ટીલું થાય ત્યાં પૈસા આપીએ છીએ. **દેવદ્રવ્યની વૃદ્ધિ માટે બોલી બોલ-વાનું** છે તે જગો પર, જીર્ણોદ્ધારની ટીપ વખતે પાટિયા પર નામ ન આવવાનું હોય તો કેટલા આપવા તૈયાર થાય?

## મુક્તપણાનો સ્વાદ તો બીજાને મુક્ત કરે તેમાં

જીવનને જીરવવાની જીગર ચાલતી નથી. કલચરમાં કૂદે છે. પહેલું–અન્ય છોડવા લાયક પદાર્થો ઘૂસી ન જાય માટે અંતઃકરણ શુદ્ધ કરો. બીજું–બળતા ન બળી જાય. બળતામાં બોળવાઇ ન જાય. ત્રીજું–અંતઃકરણનું કાળજું ન કોવાય તો કામ ચાલશે. વસ્તુ–કર્તવ્ય છે. બીજું પેસીને બગાડે છે, આપ બગાડે છે. ભક્તિ કરવી છે તો નામ રહે કે ન રહે તેનો મુદ્દો નથી. પાટિયાની કિંમત બે હજાર છે. ભક્તિનું ધ્યેય ઊડી જાય છે. આપની વસ્તુ બળી જતી હોય તેથી સાવચેત થાઓ. આ સાવચેતી છતાં જાનૈયા લીધા. વેલો લીધી. વર-રાજાને રસ્તામાં ન સાચવ્યો તો શું થાય? ૧–જૂઠાથી બચ્યા, ૨–બનાવટીથી બચ્યા, છતાં જો કર્મક્ષયનું, સમ્યગ્દર્શન વગેરેનું ધ્યેય ચૂકી જઈએ તો શું થાય? હેયને ઘૂસવા દેવું નહિ. વિજય કરે ત્યારે સિદ્ધિ કહેવાય છે. તે ગુણો, તે ગુણસ્થાનકો પ્રાપ્ત થવા તેનું નામ સિદ્ધિ. (૪) આવી સિદ્ધિ થવા છતાં "**खानेका स्वाद तो दुसरेको खिलाव**" જે ગુણ તને મળ્યો હોય, તેનો ખરેખર તને રસ લાગ્યો હોય તો બીજાને તે ગુણમાં લાવ તેનું નામ વિનિમય. (૫) આ ખ્યાલમાં આવશે તો ખ્યાલમાં આવશે કે '**जिणाणं जावयाणं**" જોડે શા માટે લેવાં પડયાં? મુક્તપણાનો સ્વાદ, બીજાને મુક્ત કરે તેમાં.

## પહેલું પ્રાણાતિપાતને મૂકવાનું કારણ

ભગવાન્ સુધર્માસ્વામીજીએ જ્ઞાન થવાની સાથે બાર અંગની

રચના કરી. રચના કર્યા પછી ગણધર પદવી મળે છે. અન્યને ગુણો પ્રાપ્ત થવા માટે બાર અંગની રચના કરે. તેમાં પ્રથમ **આચારાંગ**, પછી **સૂયગડાંગ**, પછી **સ્થાનાંગ**. તેમાં પાંચમા ઠાણમાં પંચ મહાવ્રત. પ્રાણાતિપાત–વિરમણ–પ્રાણનો વિજોગ સર્વ સ્થાનોમાં વ્યાપક છે, અનાદિનો છે. હિંસા એ પાપસ્થાનક અનાદિનું સર્વ વ્યાપક સ્વાભાવિક. કોઇ પણ જીવ કોઇ ભવમાં આવે ત્યાં પ્રાણ લઇને આવે, પણ બોલવાની ભાષા લઈને કોઈ આવતું નથી, મિલ્કત, બૈરીને લઇને કોઇ આવતો નથી. લબ્ધિથકી લઇને આવતો હોય તો પ્રાણોને લઇને આવે છે. ગતિને લાયકનું આયુષ્ય લઇને આવે છે. પ્રાણો એ બીજી ગતિથી લઇને અવાય છે તેથી સ્વાભાવિક. ભાષાની માલિકી પાછળથી, માટે પહેલવહેલાં પ્રાણાતિપાત–વિરમણને પહેલું મહાવ્રત ગણાવ્યું. એના નાશ સાથે સર્વ ગુણોનો નાશ. બીજામાં એક અંશનું નુકશાન. હિંસામાં સર્વ પ્રાણોનો એકી સાથે ઘાણ નીકળી જાય.

## હિંસામાં સંકેતની અપેક્ષા નથી

જૂઠ બોલવામાં જે ખોટું લાગે તે ભાષા જાણતો હોય તેને. ભાષા ન જાણતો હોય તેને કાંઈ નહિ. નાના બાળકને અંગ્રેજીમાં બોલો તો કાંઇ નહિ. સંકેત જાણે તેને મૃષા હેરાન કરે છે. હિંસામાં સંકેતની અપેક્ષા નથી. હિંસા અંતરંગ ગણાય, તેથી અહિંસા પહેલી કરવી જોઇએ. આ પહેલું. હવે બીજા મહાવ્રતમાં મૃષાવાદ–વિરમણ કહીશું. પ્રાણનો વિયોગ તેનું નામ હિંસા. પ્રાણ ચીજ બીજાની દરકારવાળી ન હતી. મૃષાવાદથી પાછું હઠવું. 'મૃષા' શબ્દ સ્વતંત્ર નથી. મૃષા–જૂઠું એટલે સાચું નહિ. સાચાની વ્યવસ્થા કરો ત્યારે જૂઠાની વ્યવસ્થા થાય. જૂઠાની વ્યવસ્થા નક્કી થાય ત્યારે જૂઠું ન બોલવાની વ્યવસ્થા થાય. આ હતું ત્યારે સત્યવ્રત રાખવું હતુંને? ભાષાની દૃષ્ટિએ સત્યતા, અસત્યતા મિશ્રતા, વ્યવહાર કઈ ચીજ છે તે ધ્યાનમાં લે. સત્ય વગેરેની વ્યાખ્યા કરીને મૃષાની વ્યાખ્યા કરવી. તે કરીને તેનો બીજો નંબર કેમ તે અગ્રે વર્તમાન.

# વ્યાખ્યાન : ૩૭

## બોધ પામતાની સાથે શું કર્યું ?

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે પોતે જેવા સર્વજ્ઞ ભગવાન્ **મહાવીર**ના વચનથી બોધ પામ્યા, તેની સાથે રચના. "**यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ।**" આમાં જે ભાવ કહ્યો તે ભાવ કઈ ચીજ ? ઉલ્લાસ.

## તારવાનો દાવો કરનારે પ્રથમ પોતે તરવું જોઈએ

બીજા મતવાળા પોતાની ધર્મક્રિયા કરે છે, તે હૃદયના ઉમળકાવાળી, કાયાના અભિનયવાળી હોય છે. આથી હરિભદ્રસૂરિએ ભાવના-પ્રણિધિ, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ એમ પાંચ પ્રકાર કહ્યા. જેવું પોતાને પ્રાપ્ત થયું તેવું બીજાને પ્રાપ્ત કેમ થાય આ ધારણા થાય ત્યારે તેનું નામ વિનિયોગ. "**मुत्ताणं मोयगाणं,' 'तिण्णाणं तारयाणं**" (**शक्रस्तव**). સ્વમાં ફળ ન આવ્યું હોય ત્યાં સુધી પરના ફળની ચિંતા એક અપેક્ષાએ વ્યર્થ છે. તરતી ચીજ બીજાને તારનારી બની શકે છે. જે ચીજ બીજાને તારવાનો દાવો કરે તેણે પોતે તરવું જોઈએ.

## હુંડીના નાણાંનું દૃષ્ટાંત

ધર્મઉપદેશ દેવાનો અધિકાર સાધુને, તેમાં પણ ગીતાર્થ સાધુને અધિકાર આપ્યો. શંકા—કેવલીના વચન કહેવાં છે તો ચાહે તે સાધુ કહે તોએ શું ને દેશવિરતિવાળો કહે તોએ શું ? જો હુંડીના નાણાં છે તો દેખાડનાર લંગડો હોય તોએ શું ? હુંડી ચોકખી હોવી જોઈએ. જે સમ્યગ્દર્શન વગેરે શ્રોતાને પામવું છે, તે જિનેશ્વરના વચનથી પામવું છે. ઉપદેશકના વચનથી પામવું છે, સ્વતંત્ર તો પામવું નથી. જ્યારે ભગવાનના વચનથી પામવાનો છે, તો બોલનારો ભલે મિથ્યાદૃષ્ટિ હોય, જડ ફોનોગ્રાફ કેમ ન હોય! ચાહે તો દેશવિરતિવાળાના મોંઢામાંથી

આવો, ચાહે તો સાધુના મોંઢામાંથી આવો, તો શાસ્ત્રકારે શા માટે કહ્યું કે ગીતાર્થ સાધુએ જ ઉપદેશ આપવો? સમાધાન—હુંડીનાં નાણાં છતાં નામઠામ તપાસીને અપાય છે. નાણાં હુંડીનાં છે, દેખાડ કરનારનાં નથી. અજાણ્યાને નાણાં અપાતાં નથી. નામ, ઠામ, ઠેકાણું ચોક્કસ કરીને આપજો. જેવી રીતે હુંડીમાં લખનારે નાણાં હુંડીનાં આપવાનાં લખ્યાં પણ નામ, ઠામ, ચોક્કસ કરીને આપવાનાં. તેવી રીતે આ પણ.

## તો પછી જાણેલુ કામનું શું?

આ જિનવચન કોણ બોલે, કહે? સાધુ થયેલો હોય તે. ગીતાર્થ હોય તે જ જિનવચન બોલે, કહે. હુંડીનાં નાણાં અપાવવાં છે, પણ બળતો ન લઈ જાય તે માટે નામ, ઠામ ચોક્કસ કરાવવાં છે. જિનેશ્વરના વચનથી સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે છે. ગીતાર્થ સાધુ હોય તેવાએ સંદેશો દેવો. શંકા—જગતને બોધ કરવો હતો તો તે શરત શા માટે? ઉદારવૃત્તિ રાખવી હતી. વરસાદ કઇ જમો પર વરસું તેનો વિચાર કરતો નથી. ઉપકારી પુરુષોએ સીધી પ્રવૃત્તિ કરવી જોઈએ. તેમાં આ શરત શા માટે રાખી? સાધુ હોવો જોઇએ, ગીતાર્થ હોવો જોઇએ. સાધુ ગીતાર્થ હો કે ન હો, તમારા વચનમાં ખામી છે કે નહિ? સમાધાન–જિનેશ્વરનાં વચનો એક અપેક્ષાએ તત્ત્વજ્ઞાનને માટે નથી. આદરવા લાયક વસ્તુ આદરવા માટે, છોડવા લાયક છોડવા માટે, જિનેશ્વરનાં વચનો કર્મનો ક્ષય કરી જીવ નિર્વાણ પદવી મેળવે તેને માટે છે. એકલું જાણે તેને માટે નથી. આંખરૂપી રતન કાંટાથી દૂર રહેવામાં, કાંટામાં પગ મૂકવામાં નહિ. હેય, જ્ઞેય, ઉપાદેય તરીકે ખ્યાલમાં ન આવે તો જાણ્યું કામનું નહિ.

## જિનેશ્વરનો મુદ્દો તો જીવોને માર્ગે લાવવાનો

જિનેશ્વરને વિચાર કરવો પડે કે કયા દ્વારાએ જવાથી આ વચનો હેય, જ્ઞેય, ઉપાદેય તરીકે પરિણમશે? વરસાદને ફક્ત માટે વરસવું તે મુદ્દો નથી, પડવું તે મુદ્દો છે. જીવોને માર્ગે લાવવા તે જિનેશ્વરનો

મુદ્દો છે. શિખામણ સારી છે, છતાં ડાહીની શિખામણ જે અસર કરે તે ગાંડીની શિખામણ અસર ન કરે. ડાહી ડાહપણમાં રહેતી ન હોય તો ગાંડીને શી અસર કરશે? શાસ્ત્રના ઇજારાવાળા, મોક્ષમાર્ગના ધોરી ઢંગધડા વિનાના હોય તો શ્રોતાએ મોક્ષમાર્ગની શ્રદ્ધા કેમ કરવાના? આપણે તો કોડી આપવાની નથી, તે એવું દાન આપવું જોઇએ' એમ કહે તેની અસર શી થાય? જ્યાં મનુષ્યની અક્કલ ન હોય ત્યાં ચાહે તે ધૂતી જાય. કહેનારાએ કુહાડો મારેલો હશે તો જ બીજો મારશે. છજીવનિકાયની દયા દ્વારાએ રક્ષણ કરવાનું નિરૂપણ કરવું તે પોતે પ્રવર્તેલો ન હોય તો શી રીતે પરિણમશે? પાંચ મહાવ્રતો હોય તો જ મારું સર્ટિફિકેટ. શહેનશાહનો ઢંઢેરો છાપામાં આવેલો હોય પણ વાંચી સંભળાવે શેરીફ. જિનેશ્વરનાં વચનો એ મોક્ષમાર્ગની પ્રવૃત્તિ માટે હોય. તેથી તે ગીતાર્થ સાધુ બતાવે. વિનિમયમાં પોતાને ફળ મળેલું હોય તેણે બીજાને તે મળે તેને માટે પ્રયત્ન કરવાનો. આનું નામ વિનિમય.

### વચન સંભળાવનારો વ્યવસ્થિત હોવો જોઇએ

શંકા—જ્યારે વચન દ્વારાએ કાર્ય કરવું છે તો અધિકારી, અનધિકારીનો ભેદ પાડવાનું કારણ શું? સમાધાન-વચન સંભળાવનારો વ્યવસ્થિત હોવો જોઇએ. આટલા માટે સિદ્ધિ પછી વિનિયોગ રાખ્યો છે. વિનિમયનું સ્થાન પાંચમું રાખ્યું, કારણ પોતામાં પહેલી પ્રાપ્તિ કરવા માટે દરેકે તૈયાર થવાની જરૂર. તીર્થંકરને અંગે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થયું ત્યાં સુધી ઉપદેશ સરખો નહિ. ગણધર પોતે બોધ પામ્યા, સાધુપણું પામ્યા. બારે અંગની રચના કરી. જે પોતાને મોક્ષમાર્ગ પ્રાપ્ત થયો છે, તે જગતના જીવો કેમ પ્રાપ્ત કરે તે વિનિમયનું સ્થાન બારે અંગની વ્યવસ્થા કરી. આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગની રચના કરી. પાંચમા ઠાણમાં પહેલું મહાવ્રત પ્રાણાતિપાત-વિરમણ રાખ્યું.

### વંધ્યાપુત્રને મારવાના પચ્ચક્ખાણ નકામાં

શંકા—એને પહેલું કેમ રાખ્યું? સમાધાન-સ્વાભાવિક પ્રવૃત્તિવાળું

પાપસ્થાનક હિંસા છે. હિંસાનો સંભવ એકેંદ્રિયથી સંજ્ઞી પંચેંદ્રિય સુધી. મૃષાનો સંભવ સંજ્ઞી પંચેંદ્રિયમાં છે. એકેંદ્રિય માત્રમાં ભાષા નથી, બેઈંદ્રિય વગેરેને ભાષા છે. તે સાચામાં, જૂઠમાં આવી શકતી નથી, તો મિશ્રમાં ક્યાંથી આવે? માત્ર વ્યવહાર પૂરતી છે. વચનયોગનો ભેદ પાડતી વખતે એક યોગ લઇએ છીએ. વ્યવહાર વચન પૂરતું જ વચન. સંજ્ઞી પંચેંદ્રિય સિવાય વચનયોગના ચાર ભેદો જ નથી. વંધ્યાના છોકરાને મારવાના પચ્ચક્ખાણ નકામાં. આકાશ પુષ્પ સુંઘવાનો ત્યાગ તે વિષય વગરનો ત્યાગ. બેઈંદ્રિયથી૦ અસંજ્ઞી પંચેંદ્રિય સુધી મૃષાવાદ-વિરમણ અવિષય ત્યાગ છે. હિંસાની વિરતિ હિંસા સર્વ વ્યાપક હોવાથી સર્વ વ્યાપક બની શકે છે. મૃષાવાદની વિરતિ કેવળ સંજ્ઞી પંચેંદ્રિય માટે.

## બંધના દ્વારો પૂર્વાપર નિયમરૂપે છે

કર્મબંધના હેતુ—૫-મિથ્યાત્વ, ૧૨ અવિરતિ, ૨૫ કષાય અને ૧૫ યોગ. બાર અવિરતિમાં મૃષાવાદ વગેરેને સ્થાન નથી. પાંચ અવ્રતમાં તો મૃષાવાદ, મૈથુન વગેરેને સ્થાન. અવિરતિમાં તો છયે કાયને સ્થાન છે. શંકા—આશ્રવમાં પાંચે અવ્રત લીધાં તો બંધમાં કેમ નહિ? સમાધાન—બંધમાં ક્રમ, નિયમ છે. જ્યાં યોગ હોય ત્યાં મિથ્યાત્વ, અવિરતિ ને કષાય હોય અને ન પણ હોય. જ્યાં અવિરતિ હોય ત્યાં કષાય, યોગ બંને હોય. આશ્રવને અંગે નિયમિત નિયમ નથી. ઇંદ્રિયનો આશ્રવ હોય ત્યાં કષાયનો આશ્રવ હોય એ નિયમ નહિ. પચીસે ક્રિયા એકી સાથે હોય તે નિયમ નથી. બંધના દ્વારો પૂર્વાપર નિયમરૂપે છે ગુણઠાણામાં બંધદ્વારનું ઓછાવત્તાપણું તપાસ્યું પણ આશ્રવ હેતુ કેટલા છે તે ન વિચાર્યું. આશ્રવમાં પૂર્વાપર ભાવ નથી. ફલાણું હોય તો ફલાણું હોય એ નિયમ નથી. બંધને માટે નિયમ. અવિરતિ હોય ત્યાં મિથ્યાત્વ હોય ને ન પણ હોય. બંધના દેખાડેલા કારણો ક્રમ, નિયમવાળાં છે. આશ્રવ પ્રવૃત્તિરૂપે લીધો છે. મન, વચન કે કાયાના યોગનો વ્યાપાર તે આશ્રવ. વ્યાપાર તો પાંચેનો બને. પાંચેના વ્યાપારો

બંધ ન કરે તો આશ્રવ લાગે. બંધના હેતુ તરીકે છએ કાયને ગણવામાં આવ્યાં છે. આથી પહેલા વ્રત તરીકે પ્રાણાતિપાત–વિરમણને લેવું પડે. હિંસાને અંગે સ્વાભાવિક નુકશાન થાય છે, તેથી હિંસા એ પહેલું પાપસ્થાનક.

## મૃષાવાદમાં તો કેવળ દુનિયાનો સંકેત

મૃષાવાદમાં વસ્તુ શી? કેવળ દુનિયાનો સંકેત દુનિયાએ ધોળું કહ્યું. ધોળું નહિ બોલીએ તો સંકેતનો ભંગ. દુનિયાએ કહ્યું તે પ્રમાણે કહેવું. બીજાના ચાલે ચાલવું તે સાચું.

## સાચાજૂઠનો વિવેક તો સંજ્ઞી પંચેન્દ્રિયમાં જ છે

પાપ એ સ્વાભાવિક છે કે કૃત્રિમ છે? દુનિયાએ આને ચાંદી કહી તો ચાંદી કહીએ તો સાચા. મૃષાવાદમાં પાપની ઉત્પત્તિ શી રીતે? હિંસાનું પાપસ્થાનક દુનિયાની દરકાર વગરનું છે. મૃષાવાદ એ તો દુનિયાની ચાલે ચાલવાનું. પોતાની જણનારીને મા કહે તો સાચા, બૈરી કહે તો જૂઠા. દુનિયા ઠરાવે તેનાથી વિરુદ્ધ બોલીએ તો જૂઠા, મૃષાવાદને પાપ કહેવા જતાં ધર્મની અનાદિની સ્થિતિ રહેતી નથી. વ્યવહાર થયા પછી સાચજૂઠનો વિવેક હોય. સાચજૂઠનો વિવેક સંજ્ઞી પંચેંદ્રિયમાં છે. પરિપક્વ થાય ત્યારે સાચજૂઠનો વિવેક હોય તો ધર્મ પછી થયો? પુણ્યપાપની જડ ઉખેડી નાખી. આથી હિંસા એ જગતના વ્યવહાર ઉપર ધોરણ નથી રાખતી. જગતનો વ્યવહાર હિંસા ન પણ ગણે, પણ હિંસા થઈ કે પાપ લાગ્યા વગર રહેતું નથી "**जीवो जीवस्य जीवनम्** ।" એમ કહેતો પણ જીવ જીવને મારે તે પાપ. અસંજ્ઞી તિર્યંચોને સમજણ નથી. સંજ્ઞી પંચેદ્રિય તિર્યંચને સમજણ હોય છે. કૂતરીને નામ લઈને બોલાવો તો આવે. માટે હિંસા લોકવ્યવહારની દરકાર રાખવાવાળી ચીજ નથી.

## લોકવ્યવહારથી વિરુદ્ધ વચનમાં પાપ

શંકા–મૃષાવાદ એ પાપ કેમ? લોકવ્યવહાર ઉપર ધ્યાન રાખવાવાળી ચીજ. લોકવ્યવહારે ધોળું ઠરાવ્યું તેને ધોળું કહીએ તો સાચા.

પાપનું આવવું, પાપનું રોકાવું એ લોકોના હાથમાં. કહો–મૃષાવાદમાં પાપનું વિધાન, રોકાણ લોકોને આધીન. સમાધાન–આવું કહેવામાં આવે તેણે સમજવું જોઇએ કે સાંભળનારની પ્રતીતિ એ જ્ઞાન છે કે નહિ? સાંભળનારને કહેનાર પ્રતીતિ ઉપજાવે છે. એ પ્રતીતિ તે જ્ઞાન-રૂપ છે કે નહિ? તે પ્રતીતિ જ્ઞાનરૂપ છે તો જે પ્રતીતિ ઊલટી થઈ, ચાહે તો સંકેત દ્વારાએ, માન્યતા દ્વારાએ ઊલટી થઈ હોય. મેં ધોળી ચીજને કાળી કહી, સાંભળનારે માની કે ન માની તે જુદી વાત છે. મેં તો કાળી ઠરાવવા માગી. અહીં પાપસ્થાનક પદાર્થના સ્વરૂપને અંગે છે. સ્વરૂપ જણાવવા માટે લોકવ્યવહારના શબ્દો છે, આથી લોકવ્યવહારથી વિરુદ્ધ વચનમાં પાપ સમજીએ છીએ. જ્ઞાન લોક-વ્યવહાર ઉપર ઉત્પન્ન ન થતું હોય તો મૃષાવાદ જેવી ચીજ ન હતી, પાપ ન હતું. બીજાને જણાવવું એ શબ્દ બોલવાવાળાનો હેતુ હોય છે. શબ્દનો હેતુ બીજાને જણાવવાનો છે. તેમાં વિપરીત શબ્દ બોલવામાં આવે તો બીજાને વિપરીત ભાન કરાવવાનો પ્રયત્ન છે, આથી આત્મા પાપે ભરાય છે.

## વિરુદ્ધ પ્રતીતિના સાધનો ન થાય તો પાપ નહિ

જગતમાં તેં હિંસા કબૂલ કરી હિંસા કરનારો પાપે ભરાય કે નહિ? દ્રવ્યપ્રાણોનો નાશ ન થવા છતાં નાશ કરવાની ભાવનાવાળો પાપી કહેવાય. પુણ્યપાપનો આધાર એની પ્રતીતિ ઉપર છે. વિરુદ્ધ પ્રતીતિના સાધનો ન થાય તો પાપ નહિ. સત્ય બોલવાની બુદ્ધિએ અસત્ય બોલાઇ જાય તો પાપ ન બાંધે અસત્ય બોલવાની પ્રવૃત્તિએ સત્ય બોલાઈ જાય તેમાં પાપ બાંધે. એનો આત્મા પ્રાયશ્ચિત્તને લાયકનો.

## મૃષાવાદની નીમ પ્રતીતિજનકતા ઉપર રહેલી છે

વચન એ પ્રતીતિ ઉત્પન્ન કરવા માટે છે. મૃષાવાદપણું પ્રતીતિ ઉપર આધાર રાખે છે. દુનિયાનો વ્યવહાર પ્રતીતિનુ સાધન છે. ગામડિયાને ગામડિયા ભાષામાં સમજાવવું પડે. ગામડામાં કેટલાક શબ્દો પ્રચલિત ન હોય માટે તેની ભાષાના શબ્દો બોલવા પડે. આથી તેને

પ્રતીતિ થઈ જાય તો ખોટું નથી. કેટલાક ગાય કહે. ચાલે તે ગાય. ભલે પછી તે ચાલતી ન હોય ને બેઠી હોય, ભેંસ ચાલે છે છતાં ગાય નથી કહેતા. 'ગો' શબ્દથી પ્રતીતિ કોની થવાની ? ગાયની. માટે તે જ શબ્દ વપરાય છે. દુનિયાના વ્યવહાર ઉપર જ મૃષાવાદની નીમ (નિયમ) રહેલી છે, તેમ નથી તો નીમ (નિયમ) શાની ઉપર રહેલી છે ? કેવળ પ્રતીતિજનકતા ઉપર રહેલી છે. જેવો પદાર્થ તેવી પ્રતીતિ કરાવવી તે સત્ય. પદાર્થથી વિપરીતપણે પ્રતીતિ કરાવવી તે અસત્ય. જુદી જુદી ભાષામાં શબ્દ ઉપર તત્ત્વ નથી, પ્રતીતિ ઉપર તત્ત્વ છે. પાકું બોલીએ ત્યારે બીજાને તેમની પ્રતીતિ થાય, પાકું એટલે પૂકું એમ એને ચોકખી પ્રતીતિ કરાવવી જોઇએ. એ ન કરાવીએ તો મૃષાવાદ. સાંભળનાર આદમી દેશ, પ્રકૃતિ જુએ એમ શાસ્ત્રકાર કહે છે. લોકના વ્યવહાર ઉપર પાપનો આધાર નથી, પ્રતીતિ કરનાર ઉપર છે.

## પ્રતીતિ એ જ્ઞાન છે

જ્ઞાન એ આત્માનો સ્વાભાવિક ગુણ છે. બેઇંદ્રિય વગેરેમાં મૃષાવાદ નથી. બેઇંદ્રિયને ત્રણ ઇંદ્રિયનો વિષય નથી તેથી બે ઇંદ્રિયથી થતું જ્ઞાન કૃત્રિમ થઈ જતું નથી. તેની શક્તિની ખામી છે. જે જે પ્રતીતિ ન થાય તે તે તે જીવોની ખામી છે. જે જીવોને પ્રતીતિ થઇ તેમાં કૃત્રિમતા આવી ગઇ એમ નથી. પ્રતીતિ એ જ્ઞાન છે. જ્ઞાન એ આત્માનો સ્વાભાવિક ગુણ ભાષાથી બોલ્યા વિના ઊલટો પ્રતીતિ કરાવે તો પણ મૃષાવાદ. કોઈ બેઠો હોય, તમે ઈશારાથી કહો બેઠેલો નથી. જાણીએ છીએ કે અપ્રતીતિ થશે, ઉત્તર ન આપ્યો તો પણ મૃષાવાદ.

## વિપરીત પ્રતીતિ ટાળવા માટે મૃષાવાદના ત્યાગની જરૂર

વિપરીત પ્રતીતિ તે મૃષાવાદ. મૃષાવાદવિરતિ સ્વાભાવિક છે. મૃષાવાદથી પ્રતીતિ વિપરીત થવી તે પાપનું કારણ. વિરુદ્ધ પ્રતીતિ ન થાય એ ધારણા થઈ તો પાપથી બચ્યા. વિપરીત પ્રતીતિ એ પાપનું કારણ. વિપરીત પ્રતીતિ ટાળવાને માટે મૃષાવાદના ત્યાગની

જરૂર. મૃષાવાદવિરતિ એ સ્વાભાવિક ચીજ છે. એકેંદ્રિયને ચાર ઇન્દ્રિય-ની શક્તિ ન મળે તે ખામી. એ જ્ઞાનગુણુ થયો નથી. મૃષાવાદ એ પાપ સ્વાભાવિક. લોકવ્યવહાર ઉપર માત્ર પ્રતીતિને આધાર છે. મૃષા-વાદ પાપ સ્વાભાવિક તેથી વિરતિ કરવાની સ્વાભાવિક. સફેદ શબ્દ રાખે, કોઈ શ્વેત રાખે હરકત નહિ. સત્ય અને મૃષાવાદનું સ્વરૂપ જ જુદું. પદાર્થ જેવો હોય તેવું કથન થાય તે સત્ય. પદાર્થથી વિરુદ્ધ કથન થાય તો મૃષા–જૂઠ કહેવાય.

## અર્થાન્તર તે મૃષાવાદ

ચાર પ્રકારના મૃષાવાદ સમજ્યા સિવાય મૃષાવાદની વિરતિ થઈ શકતી નથી. એક વસ્તુ છે, તેને નથી એમ કહી. અસત્ વસ્તુ–ન હોય ને છે એમ કહેવું. આત્મા છે છતાં આત્મા નથી કહેવું તે મૃષાવાદ. નોજીવ નથી તો તે છે કહેવું તે મૃષાવાદ. અર્થાન્તર તે મૃષાવાદ છે. ગાયને ઘોડો કહેવો તે મૃષાવાદ. છેપણું ગાયપણે હતું તેને બદલે ઘોડાપણે કહેવું તે મૃષાવાદ.

## અપકર્ષ કરવાનો મુદ્દો તે મૃષાવાદ

ગર્હવાક્ય–બીજાને ઉતારી પાડવાનું હોય તે મૃષાવાદ. અપકર્ષને માટે વાક્ય તે ગર્હાવાદ–મૃષાવાદ. કાણાને કાણો કહ્યો તે ગર્હવાક્ય. વિપરીત પ્રતીતિ અહીં ક્યાં છે? વિપરીત પ્રતીતિ ક્યા રૂપે છે તે સમજો ગર્હાવાક્ય કહેનારાએ ક્યા મુદ્દાથી કહ્યું. જે વર્ણન કરે છે, તેને અંગે પેલાની અરુચિ, નિંદા, બીજાને કઈ પ્રતીતિ થવાનું થયું? વિપરીત પ્રતીતને અંગે કહેવું છે. સ્વરૂપના નિરૂપણ વખતે મૃષાવાદ નથી. સુદેવ વગેરેના સ્વરૂપ કહેતી વખતે કુદેવના લક્ષણો કહો તે મૃષાવાદ નથી. તે વિપરીત પ્રતીતિ તરીકે નથી. શુદ્ધ પ્રતીતિના હેતુ તરીકે કહેવામાં આવે તે ગર્હાવાક્ય નથી. અપકર્ષ કરવાનો મુદ્દો હોય તો મૃષાવાદ છે.

## ખરાબનું કથન તે અસદ્-અભિધાન

મૃષાવાદ–'અસદ્–અભિધાન' શબ્દ તત્ત્વાર્થકારે રાખ્યો. મૃષા-

વાદ શબ્દ રૂઢ લાગેલો હતો. ચારેમાં રૂઢ કરેલા મૃષા હોવાથી રૂઢ અર્થમાં ન જતાં તત્ત્વાર્થકારે શબ્દાર્થ કરી નાખ્યો. અસદ્ અભિધાનમાં શબ્દ દ્વારાએ ચાર લીધાં. અછતાનું કહેવું અસત્ અભિધાન, છતા અછતાનું કથન, વિદ્યમાનનું કથન સદ્-અભિધાન. વિદ્યમાનનું કથન ન કરવું તે અસદ્-અભિધાન, સદ્ ભિન્ન, સદ્સદશ-અર્થાન્તર. સદ્-શોભન, અસદ્-અશોભન. ખરાબનું કથન તે અસદ્-અભિધાન. ચારે મૃષાવાદ એકઠાં કરી લીધાં. " **असदभिधानमनृतम्** " ( **तत्त्वा०अ०७ सू०९**) । ભાષા, લોકવ્યવહાર દ્વારાએ જણાવી, મૃષાવાદ જણાવી, તેનો ત્યાગ જણાવ્યો. શંકા-**मृषाभाषाओ वेरमणं** કેમ નહિ?

---

# વ્યાખ્યાન : ૩૮

## ગણધર નામકર્મનો ઉદય

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી** મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે પોતે ભગવાન્ **મહાવીર**ના વચનથી પ્રતિબોધ પામ્યા, દીક્ષા અંગીકાર કરી તેની સાથે પહેલા ભવમાં બાંધેલાં નામકર્મનો ઉદય ગણધર નામકર્મના ઉદયને અંગે સર્વજ્ઞના ત્રણ પદો પામીને પોતે ચૌદ પૂર્વો, બારે અંગો રચવાની તાકાતવાળા થાય છે.

## જિનપણું ઔદયિક છે, મોક્ષગામીપણું નિયમિત છે

શંકા- આવા પ્રકારનું ગણધર નામકર્મ એક વખત માની લઈએ પણ તે ઉદયિક પ્રવૃત્તિ છે. બોધ થયો તે ક્ષાયોપશમિક પ્રવૃત્તિ છે. આથી અંગોની રચનાને સંબંધ શો? સમાધાન-જેમ તીર્થંકર નામકર્મનો ઉદય હોવાને લીધે, કેવળજ્ઞાન તે ભવમાં પામે અને મોક્ષે પણ તે ભવમાં જ જાય. કોઈ તીર્થંકર કેવળજ્ઞાન પામ્યા સિવાય હોય નહિ. તેમ તીર્થંકર બીજો ભવ કરવાવાળા હોય નહિ. જિનપણું ઔદયિક છે, મોક્ષગામીપણું નિયમિત છે. ગણધર નામકર્મનો ઉદય

જે જીવને હોય તે જીવને તેની સાથે તેનો ક્ષયોપશમ જરૂર થાય. દરેક પ્રતિબોધ પામ્યાની સાથે ગણધર નામકર્મ ઉદયવાળા હોય. તેથી દીક્ષાની સાથે ચૌદ પૂર્વો, બાર અંગો રચવાવાળા હોય.

## વગર પરીક્ષાએ વ્યકિત આદરવાની નથી

પહેલાં વચન વિશ્વાસ. જ્યાં શ્રદ્ધાનુસારી હોય ત્યાં તે પુરુષની પ્રતીતિ થઈ ગયેલી હોય, તેથી પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ. હેમચંદ્રાચાર્ય વગેરેને માનનારા હોવાને લીધે તેમનાં વચનનો વિશ્વાસ, પણ પુરુષની પ્રતીતિ ન હોય તો પુરુષની પ્રતીતિ કયા દ્વારાએ ? અમે વ્યકિતને વગર પરીક્ષાએ માની લેવાવાળા નથી. જિનેશ્વરને પણ અઢાર દોષરહિત હોય તો માનવા તૈયાર છીએ. ઋષભદેવ નામ પડ્યું તેથી માનવા તૈયાર નથી. તેમના ગુણોને અંગે માનીએ છીએ અરિહંત ગુણવાળા છે. માનો કે ક્ષણ પછી ગુણ વગરના થાય તો તેને આપણે માનવા તૈયાર નથી. આપણે વગર પરીક્ષાએ વ્યકિત આદરવાની નથી. ગુરુ સર્વ ગુણરહિત થાય તો તેને માનવા તૈયાર નથી. જમાલિ નિહ્નવ ન થયો ત્યાં સુધી તેની ભકિત, સત્કાર થયાં, પણ એ જ જમાલિ ઊથલો ખાઈ ગયો તે વખતે ભકિત, સત્કાર નહિ. કારણ પુરુષનો વિશ્વાસ પુરુષપણાને અંગે નથી. ગુણવાનપણાને અંગે છે

## રાગ, દ્વેષ અને મોહ ત્રણ જૂઠું બોલવાનાં કારણો

અરિહંતનો વિશ્વાસ શા ઉપર લઈએ છીએ ? યથાસ્થિતવાદી છે માટે અરિહંતને માનીએ છીએ. '**रागाद् वा ०**' મનુષ્ય ત્રણ કારણથી જૂઠું બોલે. ઈષ્ટ પદાર્થના રાગને લીધે, ઈષ્ટ પદાર્થને બાધા થતી હોય અને તેને બચાવવા માટે જૂઠું બોલે છે, પણ જેને કોઈ પદાર્થ ઉપર રાગ નથી તેને જૂઠું બોલવાનું કારણ નથી. સંપત્તિ, કુટુંબ, શરીરની મમતા છોડી તેને જૂઠું બોલવાનું કારણ નથી. રાગ, દ્વેષથી જૂઠું બોલવાનું થાય છે. દ્વેષનો સ્વભાવ એવો છે કે પીઉં નહિ તો ઢોળી દઉં, બગાડવું, બીજાનું બગાડવું તે જ દ્વેષનો સ્વભાવ છે. એમ બગાડવાનું થયું. બગાડવાની દ્રષ્ટિમાં સાચું બોલીને નહિ તો જૂઠું

બોલીને પણ બગાડવું. દ્વેષને અંગે જૂઠું બોલે છે. રાગદ્વેષ ન હોય છતાં જૂઠું બોલાય છે. જીવ બે પ્રકારના, તેને બદલે ત્રણ પ્રકારના બોલી દેવાય છે. એ અજ્ઞાન જાણ્યા વિના બોલવામાં આવે તો જૂઠું થાય. આપણાં મેઢાં જજ થવાને તૈયાર થાય છે, પણ ધ્યાન રાખજો કે મોગલાઈ તેનું નામ કહેવાતું કે બે બાજુનું સાંભળ્યા વિના ચુકાદો અપાય. કોઈ પણ વસ્તુને બે બાજુ સાંભળ્યા વિના બોલી દઈએ તો મોગલાઈ. બનેનું સાંભળીને અભિપ્રાય બાંધીએ તો ન્યાયની દૃષ્ટિ ખરી. આપણે તો તરત જજમેંટ આપવા તૈયાર. સાંભળ્યા વિના જજમેંટ આપવા તૈયાર. પાંચ હજાર, દશ હજારના પગાર ખાવાવાળાનું પણ સાચું ઠરેલ અપીલમાં આગળ જાય તો ઊથલી જાય છે. ગુનેગાર બેગુનેગાર થાય છે. હુકમનામાં થયાં હોય તે ઊથલી જાય છે. આવા દશ હજારના પગારવાળા ઊંડા ઊતરવામાં થાપ ખાય તો આપણી ગુંજાશ કેટલી? અજ્ઞાનતા હોવાને લીધે આપણે જજમેંટ દેવાને તૈયાર થઈએ ત્યારે જૂઠું પડે, એટલે અજ્ઞાનથી જૂઠું પડે. આ ત્રણ કારણથી જૂઠું બોલાય–રાગ, દ્વેષ અને મોહથી.

### શ્રદ્ધા સિવાય કાંઈ પારખું નથી

ચુકાદો કોની પાસે લેવા માગો છો? લવાદ નીમો તે બંનેનો પક્ષકાર ન હોય. અજ્ઞાનદશા જેનામાં હોય તેને ચુકાદો સોંપતા નથી. વાદી, પ્રતિવાદીની પૂરી સ્થિતિ ન જાણી શકે તેને લવાદ કરતા નથી. પક્ષકાર પાલવતો નથી, તેમ દ્વેષી લાયક થતો નથી, તેમ ચુકાદો દેવામાં અજ્ઞાનવાળો લાયક થતો નથી. તો હવે જેને ચૌદ રાજલોકના દરેક પદાર્થોનો ચુકાદો આપવો છે; તેમાં કયાં બંધનાં કારણ? કયાં નિર્જરાનાં કારણ છે? એવા રૂપે ચુકાદો આપવો છે, તે રાગ, દ્વેષ, અજ્ઞાનવાળા હોય તો ચુકાદો કેવી રીતે આપે? જે વસ્તુનો જે મનુષ્ય પક્ષકાર બને તેને ચુકાદો દેવાનો હક નથી. પરમાણુથી માંડીને ચૌદ રાજલોક સુધી, સૂક્ષ્મ એકેંદ્રિયથી માંડીને સિદ્ધના જીવો સુધીનું સ્વરૂપ જણાવવાનું એમને. શ્રદ્ધા સિવાય કાંઈ પારખું નથી. કેટલીક વસ્તુનાં પારખાં છે. જેમ

આ સોનું છે કે નહિ? તો લે કસોટી. કસોટી વગેરે પારખું કરાવનાર.

## યથાસ્થિત કહેવાવાળા છે તેથી તીર્થંકરને માનીએ છીએ

ભગવાન્ સૂક્ષ્મ એકેન્દ્રિયનું સ્વરૂપ કહે, તેનું પારખું શું? સિદ્ધનું સ્વરૂપ વર્ણવે, તેનું પારખું શું? પારખાનું સ્થાન નથી, તો શાને આધારે માનવાનાં? એમના વચનના ભરોસે સૂક્ષ્મ એકેંદ્રિયથી સિદ્ધ સુધીની માન્યતા. ત્રણ કારણથી એમનો ભરોસો. સચિત્ત, અચિત્ત કે મિશ્ર કોઈ પણ પદાર્થને અંગે રાગ, દ્વેષ અને અજ્ઞાન નથી તેથી ભરોસો. કોઈ જગો પર કેસ ચાલતો હોય. ટ્રાન્સફર કરવા અરજી કરી, તો મુદ્દો પુરવાર ન થાય તો ટ્રાન્સફર થઈ શકે નહિ, તેવી રીતે જિનેશ્વરના વચનમાં પણ ભરોસો લાવવામાં એમને રાગ, દ્વેષ, અજ્ઞાનવાળા સાબિત કરવા પડે. કોઈ પણ પદાર્થ સંબંધી રાગ, દ્વેષ કે અજ્ઞાન એમનામાં નથી. યથાસ્થિત કહેવાવાળા છે, તેથી તીર્થંકરને માનીએ છીએ.

## તીર્થંકરને માન્યા તેથી તેમનાં વચન કબૂલ

હેમચંદ્રાચાર્ય કહે હે મહારાજ! તમે કયારના બીજાના સરખા થઈ ગયા હોત, તારા ચરણકમળમાં ઇંદ્રોનું આળોટવું કયારનું ફેંકી દેવાયું હોત, કયારના બીજાના સરખા કરી દેવાયા હોત. કયારે? તમે પદાર્થનું જે સાચું નિરૂપણ કર્યું છે તેને જો બીજાઓ કોઈ પણ રીતે ખસેડી શકત તો તો ઈંદ્રની પૂજા, તારી ઉત્તમતા, બધું ખસી જાત. પણ તે શાને અંગે રહ્યું છે? યથાસ્થિત પદાર્થના નિરૂપણને અંગે રહ્યું છે. યથાસ્થિત કથન છે એને લીધે તમારો ભરોસો છે. તેથી તમને માનીએ છીએ. કેટલીક જગોપર પુરુષવિશ્વાસથી વચનવિશ્વાસમાં જવાય છે. કેટલીક જગો પર વચનવિશ્વાસથી પુરુષવિશ્વાસમાં જવાય છે. તીર્થંકરને માન્યા તેથી તેમનાં વચન કબૂલ. અરિહંતને માન્યા તે રાગ, દ્વેષ, મોહ નથી અને વચન સાચું છે તેથી. વચનની સચ્ચાઈ કહી, આથી યથાસ્થિતઅર્થવાદી તમે ભગવાન્ છો.

## નામકર્મના ઉદયમાં તફાવત

બે પ્રકારે વિશ્વાસ–પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ અને વચનવિશ્વાસે

પુરુષવિશ્વાસ. ગણધર મહારાજે મહાવીર ઉપર ભરોસો કર્યો તે વચન-વિશ્વાસ દ્વારાએ. સંશય છેદ્યો. પદાર્થનું નિરૂપણ કર્યું, તે માન્યું, ત્યારે તીર્થંકરપણાની પ્રતીતિ થઇ અને પ્રતિબોધ પામ્યા. આથી દીક્ષા લીધી અને ગણધર નામકર્મનો ઉદય થયો. જિન નામકર્મનો ઉદય કેવળજ્ઞાન પામ્યા પછી ફળ તરીકે. ઉદ્ધારનું કાર્ય શરૂ થાય તે કેવળજ્ઞાન પછી. જિનેશ્વરને કેવળજ્ઞાન પછી તીર્થંકર નામકર્મનો ઉદય શરૂ થાય છે, ગણધરને પ્રતિબોધ થાય ત્યાર પછી ગણધર નામકર્મ ઉદયમાં આવે છે.

## શ્રુત પ્રત્યક્ષ નથી

ગણધરો ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનવાળા બને છે. અગિયાર ગણધર ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનવાળા. મારે મેળવવાનું પહેલાં મેળવી લેવા દે. પહેલાં દેશના દે તે શ્રુતને આધારે દે. એક માણસ ઊભો છે તેને પૂછીએ, ઓરડામાં ફલાણો છે? ઓરડામાં બૂમ મારે, ફલાણા છે? ઉત્તર ન આપે તો કહી દઇએ નથી. પછી પેલો માણસ ઓરડામાંથી નીકળે તો આપણે મૂર્ખા કહેવાઇએ. પ્રત્યક્ષથી નિર્ણય કરવો શક્ય હોય તો પ્રત્યક્ષથી નિર્ણય કરીને ઉત્તર દેવો. કદાચ કાઉસ્સગ્ગમાં હોય તેથી ઉત્તર ન દે. શ્રુત પ્રત્યક્ષ નથી. કોઈ વાત લાવે છે, તો કહેવાથી કે દેખવાથી કહો છો કે શ્રુતથી જાણીને, પ્રત્યક્ષથી દેખીને નહિ. સાંભળેલી ને દેખેલીમાં ફરક પડે છે. પોતાની જોયેલી કહેવાને શક્તિવાળો હોય તેને ટાઇમ જાય છતાં પોતે જોઇને કહેવી તે વ્યાજબી છે. જોઇને ઉત્તર દેવો તે મુખ્ય લાઇન છે. જેને પ્રત્યક્ષ જ્ઞાન થવાનું નિશ્ચિત છે તેવાને પ્રત્યક્ષ થાય તો જ બોલવું સારું.

## પોતાના જેવું બીજાને થાય તે માટે બાર અંગની રચના

તીર્થ પ્રવર્તાવવાનું નક્કી જ. તેથી કેવલજ્ઞાન પામ્યા કે પહેલી દેશના. તે દેશનામાં પ્રતિબોધ પામે તેનું શું થાય? તે વખતે ચાર મહાવ્રત કહેવાં કે પાંચ મહાવ્રત કહેવાં? શું કહીને પાછું ફેરવવું? છાણાં થાપે, પછી ઉથલાવે, તેમજ સૂકવવાં. તો શું તે દશા થાય? જો આમ થાય તો આખું શાસન પલટાઈ જાય. વળી એમ થાય કે પહેલાં કાંઇ કહેતા હતા, હવે કાંઇ કહે છે. બોલવાનો ઢંગધડો નથી.

તીર્થંકરોને જ્યાં સુધી કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય ત્યાં સુધી કેવળજ્ઞાન ઉપજાવવા માટે કેડ બાંધવી, તે સિવાય બીજો ઉદ્યમ કરવાનો હોય નહિ. આથી કેવળજ્ઞાન થાય ત્યારે ગણધર મહારાજ દીક્ષા લે અને તે જ વખતે ગણધર નામકર્મનો ઉદય થાય. અને તેના ઉદયની સાથે ત્રણે નિષદ્યાથી ચૌદ પૂર્વોનું રચવું, ચાર જ્ઞાન, ઉત્તમ શ્રુતધરપણું મળે. આત્માને જ્ઞાન થાય તે ત્યારે જ ફળે છે કે જ્યારે બીજાને તે ફળ મળે. આથી ભાવનાના ભેદમાં પાંચમો વિનિયોગભેદ કહેવો પડ્યો. પોતાના જેવું બીજાને થાય તેના માટે વિનિયોગ. મોક્ષમાર્ગમાં પ્રવર્ત્યા તેવી રીતે બીજા પ્રવર્તે, તેને માટે બાર અંગની રચના.

## હિંસા તો દાવાનલનો અગ્નિ

પહેલાં આચારાંગમાં આચારની, સૂયગડાંગની અંદર વિચારની અને ઠાણાંગમાં ઇયત્તાની. એમ કહેતાં પાંચ મહાવ્રતોમાં હિંસા સાર્વત્રિક હોવાથી પહેલે નંબરે. હિંસા સર્વ ગુણનાશક. અગ્નિનો ઉપદ્રવ સારો કે પાણીનો? પાણીનો સારો પણ અગ્નિનો ખરાબ. પાણીનો દટાયેલો કોઈ વખત જડે. અગ્નિથી બળેલો દુનિયામાં કાંઈ નથી. હિંસા અગ્નિ જેવી સર્વથા નાશ કરનારી છે. પોતાની જિંદગી ખતમ થઈ જાય પછી કયો અંશ રહે? જ્ઞાન, દર્શન, સુખ, ચારિત્ર તે જિંદગી સંબંધીનું ગયું. હિંસા એટલે દાવાનલનો અગ્નિ. તે બાળીને સાફ કરે, કાંઈ રહે નહિ. સર્વ ગુણોનો નાશ કરે. તે સર્વ નાશ કરનારી તેથી હિંસાને પહેલી મેલવી પડે.

## કાર્યનું પ્રાયશ્ચિત્ત છતાં કારણનું પ્રાયશ્ચિત્ત શરૂ કર્યું

હિંસાની ક્રિયા મન, વચન, કાયા દ્વારાએ થતી હોય તો રોકવી. તે રોકવા છતાં ભાવપ્રાણને બીજા દ્વારાએ નુકશાન પહોંચે કે સીધું નુકશાન પહોંચે? બીજાં વ્રતોમાં આડકતરું નુકશાન, હિંસામાં સીધું. ઊલટા સ્વરૂપનું ભાન થયું, તેનું કારણ મેળવ્યું, તેથી એના જ્ઞાનપ્રાણને નુકશાન થયું. સીધું નુકશાન નથી. જેમ ખૂન એ ગુનો છે, પણ ખૂનના સાધનભૂત વગર કાયદાએ હથિયાર રાખે તે ગુનો. વગર

કાયદાએ હથિયાર રાખ્યાં પણ ખૂન કરે ત્યારે પકડાજો. ખૂનનો કાયદો કર્યો છતાં ખૂનના કાયદાની ચુંગાલમાંથી નીકળી જવાતું અને તેથી હથિયારનો કાયદો સ્વતંત્ર જુદો કરવો પડયો. તે હિંસાનું સાધન તેથી હથિયારનો કાયદો. તેમાં સ્વતંત્ર તરીકે બીજું તત્ત્વ નથી હથિયારનો કાયદો ખૂનામરકીની બંધી માટે, ઉત્પત્તિ થવા ન પામે માટે. ઉત્પત્તિનાં સાધનો રહે અને સજા કરવાનો વખત આવે તેથી ઉત્પત્તિ બંધ કરે. જેમ એક કાયદો કર્યો છતાં તેના સાધનભૂત બીજો કાયદો કરવાની જરૂર પડે છે. આથી જ મૂર્ચ્છાનું પ્રાયશ્ચિત્ત રાખીએ છીએ. વગર મૂર્ચ્છાએ અધિકના ગ્રહણનું પ્રાયશ્ચિત્ત રાખીએ છીએ. કાર્યનું પ્રાયશ્ચિત્ત છતાં કારણનું પ્રાયશ્ચિત્ત શરૂ કર્યું. હથિયાર ઉપર કાબૂ મેળવવાથી વધારે ખૂનરેજી ન થાય.

### ચુંગાલમાંથી નીકળી ન જાય માટે મૃષાવાદથી વિરમવું

ગાંધી અને તિલકમાં ફરક. ગાંધી કહે અહિંસા ધ્યેય, સત્ય ધ્યેય. તિલક કહે દેશની ઉન્નતિ થાય તે ધ્યેય. સત્યથી થાય તો સત્ય હિંસાથી થાય તો હિંસા ધ્યેય. રાજ્યની રક્ષા અને વૃદ્ધિને બાધ ન આવે તેવા રસ્તા કબૂલ. શાસ્ત્રકારોએ મૂર્ચ્છા પાપબંધનનું કારણ હોવા છતાં અધિકના ગ્રહણને પ્રાયશ્ચિત્ત કહ્યું. આથી કોઇ પણ દ્રવ્ય, ભાવપ્રાણને નુકશાન થાય, તે પહેલાં છોડી દીધું. દ્રવ્ય પ્રાણાતિપાત, ભાવપ્રાણાતિપાત બંનેમાં છોડેલું હતું તો મૃષાવાદનું પ્રાયશ્ચિત્ત કેમ? સીધી રીતે દ્રવ્ય–ભાવપ્રાણનો નાશ ન હોય, આડકતરી રીતે હોય. હું તો આમ બોલ્યો છું. મેં ક્યારે એના પ્રાણને ઘા કર્યો છે? હું તો મારી ધ્યાનમાં આવ્યું તેમ બોલ્યો. દાબડી કાળી છે એને લાલ કહી. દ્રવ્યભાવપ્રાણનો નાશ કરવાનો ઇરાદો હતો, એમ શાથી કહો છો? ચુંગાલમાંથી નીકળી ગયો. પ્રતિજ્ઞા હતી તેની ચુંગાલમાંથી નીકળી ગયો. મેં ઝેર ખાવાનું કહ્યું નથી. આવી રીતે ચુંગાલમાંથી નીકળી ન જાય માટે મૃષાવાદથી વિરમવું રાખ્યું.

### હિંસા શબ્દ સ્વતંત્ર જ્યારે મૃષા શબ્દ પરાધીન

હિંસા શબ્દ સ્વતંત્ર હતો. હિંસા શબ્દ ઉપરથી અહિંસાની

ઉત્પત્તિ. પહેલાં મહાવ્રતમાં હિંસા શબ્દ સ્વતંત્ર હતો પણ મૃષા શબ્દ સ્વતંત્ર નથી. સત્ય ન હોય તે મૃષા. સાચાથી ઊલટું મૃષા. તે સાચની સ્થિતિને આધીન. અભાવ જાણવો હોય તો ભાવ જાણવો પડે. દાબડી નથી એમ કહેવાવાળાને દાબડી કેવી છે તે જાણવું પડે. જે દાબડીને ન ઓળખે તે દાબડી નથી એમ કહેવાનો હકદાર નથી. અભાવ જાણવો હોય તો ભાવ જાણવો જોઇએ. ભાવ જાણ્યા વગર અભાવ જાણવાની વાત વ્યર્થ છે. સાચું જાણ્યા વગર જૂઠું જાણવું તે વ્યર્થ. સાચું જાણ્યા પછી જૂઠાંને જાણી શકાય. મૃષા શબ્દ પરાધીન છે. હિંસામાં એમ ન હતું. અહિંસા જાણે તે હિંસા જાણે એમ ન હતું. અહીં મૃષા શબ્દ પરાધીન છે. હિંસા શબ્દ સ્વતંત્ર હતો. સત્યને આધીન મૃષા શબ્દ છે. સત્ય જણાય તો પછી મૃષા જણાય. સત્યનો નિર્ણય ન ન થાય ત્યાં સુધી અસત્યનો નિર્ણય થાય નહિ. એનો હક નથી, એનું ઘર નથી એ સાબિત ન થાય ત્યાં સુધી ગેરકાયદેસર ગૃહપ્રવેશ સાબિત થતો નથી. સત્યવાદ સાબિત થાય ત્યારે મૃષાવાદ સાબિત થાય.

## સત્યની વ્યાખ્યા

શંકા—તો પછી પ્રાણાયમથી સાબિત શું કરવા કરો છો? જૂઠું નહિ બોલવું કરતાં સત્ય બોલવું એમ કેમ નહિ? સત્યથી ઊલટામાં જઈ પાછા હઠવામાં આવવું, તેના કરતાં સત્યમાં રહેવું ખોટું શું? બીજા મહાવ્રતમાં સત્ય વચનને અંગીકાર કરું છું એમ કહો. જે ભાષાની પહેલી વ્યાખ્યા છે, તેની અપેક્ષાએ કોઇ જાતની અડચણ નથી. સત્ય કોને કહે છે? મોક્ષમાર્ગને આરાધવાવાળી ભાષાને. જીવાદિનું સ્વરૂપ યથાસ્થિતપણે નિરૂપણ કરવામાં આવે તે ભાષાને અજીવ, આશ્રવ, સંવરનું સ્વરૂપ નિરૂપણ કરવામાં આવે તે ભાષા તેનું નામ સત્ય. જે મોક્ષને આરાધનારી ન થાય તે ભાષા અસત્ય છે. જે મોક્ષને આરાધનારી થાય તે સત્ય. સત્ય તે અસત્ય, અસત્ય તે સત્ય એમ બનતું હશે? એક ધર્મે કરેલી વ્યાખ્યા તે અસત્ય. એ ને એ જ પદ અનેક ધર્મોની અપેક્ષા રાખીને કરેલું હોય તો તે સત્ય.

## મતાંતરો તે જૈન મત

સિદ્ધાંતનાં જેટલાં વચન તે બધાં મિથ્યા. સિદ્ધસેન દિવાકર જણાવે છે કે શાસ્ત્રનાં તમામ સ્થાનકોમાં એક એક અપેક્ષાએ પ્રવૃત્તિ છે. જે વચનો છે તે એક ધર્મથી છે. જ્યારે બધાં વાક્યોને મેળવીને અર્થ કરવામાં આવે ત્યારે તેનું નામ સ્યાદ્વાદ.

" जह जह बहुस्सुओ सम्मओ अ सीसगण सपरिवुडो अ।
अविणिच्छिओ अ समए तह तह सिद्धंतपडिणीओ ॥"
( उप० मा० गा० ३२३ )

શંકા—આ ગાથાથી એક બાજુ બહુશ્રુત કહો છો. બીજી બાજુ સિદ્ધાંત પ્રત્યનીક કહો છો! સમાધાન—શાસ્ત્ર એક નયે પ્રવર્તેલાં હોવાથી એક નયે વ્યાખ્યા કરતો જાય, પૂર્વાપર અનુસંધાન ન કરે. તો જેમ જેમ વધારે ભણે તેમ તેમ મિથ્યાત્વી. જે નયવાદનાં સૂત્રો છે તેનાં તે જ સ્યાદ્વાદનાં સૂત્રો છે. જેનાં જે સ્યાદ્વાદનાં સૂત્રો છે તે નયવાદનાં સૂત્રો છે. મતાંતરો તે જૈન મત. જૈન મત તે મતાંતરો. ઈતર મતાંતરનું નિરપેક્ષપણું થાય ત્યારે મતાંતર.

## વિરાધના જ ટાળવી જરૂરી

પાંચ ભૂતો છે તો નયવાક્ય. પાંચ ભૂતો જ છે કહે તો નયાભાસ. અસત્ય ભાષા કયી ગણવી તે મુશ્કેલ. મોક્ષમાર્ગને આરાધવાવાળી સત્યભાષા. મૃષા, જૂઠ જેવી દુનિયામાં ચીજ નથી. મોક્ષમાર્ગને આરાધવાવાળી તેનું નામ સત્ય. કર્મક્ષય તરફ વધે, નિર્જરા થાય તે સત્ય. કર્મબંધના કારણભૂત જે ભાષા તે મૃષા. મિશ્રમાં કથંચિત્ આરાધકપણું, કથંચિત્ વિરાધકપણું હોય. કેટલીક માત્ર વ્યવહારિક છે. ભો દેવદત્ત! તે દેવદત્ત હોય. દેવદત્તનું સંબોધનપણું કર્યું. તેમાં ૧ આરાધના ૨ વિરાધના કે ૩ આરાધનાવિરાધનાનો મુદ્દો નથી. કેવળ ૪ વ્યવહાર છે. મોક્ષમાર્ગની આરાધવાવાળી ભાષા તે સત્ય. પહેલાં આરાધના થાય કે પહેલાં વિરાધના ટળે. પહેલાં વિરાધના ટળે એ પહેલું. વિરાધના ટાળ્યા પછી આરાધનાને લાયક બને. આથી

મૃષાવાદવિરતિ કહ્યું તે જ વ્યાજબી છે. અહીં સાચી, જૂઠી, મિશ્ર કે વ્યવહાર તરીકે છે કે કેમ તે જોવાનું નથી. મારી ભાષા મોક્ષની વિરાધનાવાળી ન હોવી જોઈએ. સત્યવ્રતનો અંગીકાર અશક્ય. વિરાધના ટાળવી તે જરૂર. આથી મૃષાવાદથી વિરતિ રાખવું પડયું. સત્યની વ્યાખ્યા પદાર્થોને અંગે છે, મોક્ષને આરાધવાવાળાની અપેક્ષાએ નથી. પ્રતિપાદનના મુદ્દાએ સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર છે. **ભાષા અને વાદનો ફરક નથી.**

સત્ય ભાષા, સત્ય વચન મોક્ષની આરાધનાને માટે લીધું. આરાધનાવાળી ભાષા તે જ સત્ય. વાચ્યપણાને અંગે લઈએ, પદાર્થોના સ્વરૂપ પ્રમાણેની ભાષા તે સત્ય. સંત શબ્દની વ્યુત્પત્તિ કરતાં સત્‌થી મુનિઓ જણાવ્યા. સત્‌થી પદાર્થો જણાવ્યા; મુનિઓ વ્યંજનથી જણાવ્યા. મોક્ષની આરાધનાવાળા પદાર્થોના પ્રતિપાદનની અપેક્ષાએ સત્ય. સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર કોને કહેવાં તે અગ્રે વર્તમાન.

---

# વ્યાખ્યાન : ૩૯

## પોતાને મળ્યું તેવું બીજાને પણ મેળવાવવું

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી** મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે પ્રણિધિ વગેરે ચાર ભાવનાના ભેદો જણાવ્યા. તે પછી વિનિયોગ નામનો પાંચમો ભેદ જણાવે છે, તેની અંદર સ્વરૂપ કહેવામાં આવ્યું છે કે પોતાને મળ્યું તેવું બીજાને મેળવાવવું.

### એ એક જ ભાવના

સમ્યગ્દર્શન થાય ત્યારથી જીવની એ સ્થિતિ હોય છે કે મને ન મળેલું હોય પણ બીજાને મળો. ચોથે ગુણઠાણે એક મિથ્યાદર્શન–શલ્ય ગયું છે, તેથી તેના આત્માને સમ્યગ્દર્શન થયું હોય છે. તેથી

તેને એક જ ભાવના હોય છે.–" **मा कार्षीत् कोऽपि पापानि, मा च भुत् कोपि दुःखितः ।**" (યો૦શા૦પ્ર૦૪, શ્લોક૦૧૧૮) જગતમાં કોઈ પણ જીવ ચાહે તો મિત્ર, ચાહે તો શત્રુ હોય પણ કોઈ જીવ પાપ કરો નહિ આ સમ્યક્ત્વની શરૂઆતથી ભાવના છે.

## મૈત્રી આદિ ભાવનામાં બચાવ નથી

હરિભદ્રસૂરિજીએ ધર્મનું લક્ષણ જણાવતાં કહ્યું કે બે લેશે ધર્મ નહિ. દરેક પોતાની ક્રિયાને ધર્મ કહેવા તૈયાર છે. શાસ્ત્રને અનુસારે કરે તેટલા માત્રથી જ ધર્મ નહિ. પ્રવૃત્તિ પણ શાસ્ત્રને અનુસારે કરે. આગળ વધવું શાસ્ત્રને આધારે કરે તો પણ ધર્મ નહિ. શાસ્ત્રોમાં કહેલા વચનોને ઉદ્દેશીને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરવાની સાથે, જે અનુષ્ઠાન કરવામાં આવે, તેની સાથે ચાર ભાવના-મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ પણ જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે કે "**मैत्री आदि भावसंयुक्तं०**" આ ચાર ભાવના આવવી જોઈએ. જો તે આવે તો તેનું નામ ધર્મ કહેવાય.

**" वचनाद्यनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।**
**मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते ॥ "**

(ध० बिं० श्लो० २)

સર્વજ્ઞના વચનને આશ્રીને પ્રવૃત્તિ હોવી જોઈએ. કહેલી વિધિસર અનુષ્ઠાન હોવું જોઈએ. એવું અનુષ્ઠાન હોય છતાં પણ જો મૈત્રી આદિ ભાવનાવાળો હોય તો ધર્મ કહેવાય. આ ત્રણ વસ્તુમાં હજુ એમ કહીએ તો ચાલે કે શાસ્ત્રને આશ્રીને વિધિમાં બચાવ છે, પણ મૈત્રી આદિ ભાવનામાં બચાવ નથી. અગીતાર્થ હોય, ગીતાર્થની નિશ્રાએ કરે. પોતે ભગવાનના વચનને જાણતો નથી, સર્વજ્ઞ ભગવાનને કે શ્રુતકેવલીને પૂછ્યું કે પારકાના આધારે ચાલે છે. તેનું કેમ? વિધિનો પ્રયત્ન કરે, કદાચ અવિધિ થઈ જાય, વિધિના પ્રયત્નની બુદ્ધિએ અવિધિનો દોષ ટળે, પણ મૈત્રી આદિ ભાવના ન હોય તો તે દોષ ટળે નહિ.

## સળીને માટે નાવડી કોઈ તોડે નહિ

મૈત્રી આદિ ભાવના કોને કહેવાય ? તો હરિભદ્રસૂરિજી મહારાજ ષોડશકમાં જણાવે છે કે—

" परहितचिन्ता मैत्री परदुःखविनाशिनी तथा करुणा।
परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥ "

( षो० ४, श्लो० १५ )

આત્માનું વિચારવું એ દરેકની ફરજ છે, પણ બીજાનું હિત ચિંતવવું, બીજાના હિતને અંગે ચાહે તેવું નુકશાન થાય તો આત્મા આડો ન આવે. શ્રમણ ભગવાન્ મહાવીર કૌસાંબીમાં સમોસર્યા. તે વખતે મૃગાવતીએ ચંડપ્રદ્યોતની સ્થિતિ કેવી કરી. નાક કાપીને હાથમાં આપીને ચૂનો ચોપડયો, છતાં એ ગુનો સમવસરણમાં નડે નહિ. અર્થાત્ સમોસરણમાં જનારાને વેરો નડે નહિ. આવા વખતમાં વેરો છૂટો કરાયો હશે, તે કેટલી સ્થિતિએ ? કેટલી મૈત્રી ભાવના હોવી જોઈએ ? ખીલાને બદલે મહેલ ન તોડવો એમ બરાબર સમજેલા હતા. સળીને માટે નાવડી કોઈ તોડે નહિ. મોક્ષમાર્ગ એ મહેલ જેવો. નાવડી જેવો. એને આના અંગે કેમ તોડાય ? આ જેની સ્થિતિ. "પરહિતચિંતા"—તમામ જીવોનું હિત ચિંતવવું તેનું નામ મૈત્રી. અહીં આગળ ખરી મૈત્રી છે. તમામ જીવોનું હિત. ઉપકારી, સ્વજન કે સામાન્યને અંગે ભેદ પડે છે, પણ મૈત્રીનું સ્વરૂપ કયું ? પરહિતચિંતા. જ્યાં હિતનું ચિંતવન થાય ત્યાં આઘાતબુદ્ધિ કેમ થાય ?

## દ્રોહને દાહ લગાડવાની જરૂર

પહેલું પ્રાણાતિપાત-વિરમણ મહાવ્રત રાખ્યું તે દ્રોહબુદ્ધિ છોડવા માટે. બીજાને નુકશાન થાય તે ખમાવું ન જોઈએ તો પછી બીજાને નુકશાન કરનારા કેમ બનીએ ? બીજાને નુકશાન થાય અને બીજી બાજુ એનું હિત થાય તે ઇચ્છું છું એમ બોલીએ, તો આ બે વચન મેળવવાં શી રીતે ? બીજાના હિતનું ચિંતવન થાય ત્યાં દ્રોહને દાવા-

નળ લાગી જાય. દ્રોહને દાહ લગાડવાની જરૂર, તેથી પ્રાણાતિપાત– વિરમણ પહેલાં લેવાની જરૂર. દ્રોહનું કાર્ય પહેલાં હઠાવવું જોઈએ. દ્રોહનું કાર્ય ન હઠાવે, અને હિત ચિંતવે તે છારના ઉપર લીંપણના જેવું. આથી સ્વપ્ને પણ અહિત કરનાર ન થાઉં.

**પોતાનાથી ન બને પણ બીજા કરે તેમાં સહાયભૂત**

કૃષ્ણ મહારાજ કે શ્રેણિક સરખા નવકારશી સરખી કરી શકતા ન હતા, પણ બીજા કરે તેમાં સહાયભૂત. ત્રિપૃષ્ઠકુમારને અંગે તો ચક્રવર્તી તરફથી સાત દહાડાનો ઑર્ડર મળેલો હતો. વાસુદેવ હંમેશના માલિક હતા, યાવજ્જીવના. તે દ્રોહબુદ્ધિમાં ઊતર્યો હોય તો પોતાની રાણીઓને, કુટુંબોને દીક્ષામાં જવા કેમ દે? રાણીઓ માટે બધું કર્યું. શ્રેણિકે ચેલણા માટે શું નથી કર્યું? પોતે વૈરાગી ન હતા. પૂરેપૂરા સંસારમાં લુબ્ધ હતા, પણ તે બધું બીજાના હિતના પ્રસંગને બાધ ન આવે ત્યાં સુધી. શ્રેણિકની કેઈ રાણીઓ, કુંવરો દીક્ષા લઈ શક્યા! કૃષ્ણની કેઈ રાણીઓ, કુંવરો દીક્ષા લઈ શક્યા! **હું પાપે ડૂબેલો છું. મારાથી પાપ છૂટતું નથી. સમજું છું કે પાપ ખસતું નથી, પણ બીજાનું ખસતું હોય તો દિવાળી કેમ ન ઉજવવી?**

## એનું નામ મૈત્રી

છોડનારાના દીક્ષા મહોત્સવો કરી દિવાળી ઉજવી. શાને અંગે? પરહિત બુદ્ધિ અંગે. બીજાના હિતમાં સ્વપ્ને પણ બાધ ન આવવો જોઈએ. સવારમાં ઊઠયાની સાથે નવકાર ગણવો તે સિદ્ધાંત. તેની સાથે આ સિદ્ધાંત કરી લો કે બીજાના હિતમાં મદદ કરનારો થાઉં. ચૌદ રાજલોકના જીવોનું અહિત મારા હાથે ન થાઓ. શંકા–સવારે શા માટે? સમાધાન–બચપણમાં માતા જેવી દૂધ દેનારી મળે તેવા સંસ્કાર જિંદગી સુધી. જો બચપણમાં માતા વાત્કું દૂધ પાનારી હોય તો વાયડાની પ્રકૃતિ થઈ જાય. તે દવા કરે પણ વાયડાપણાની પ્રકૃતિ ન જાય. ગરમીવાળી માતાનું દૂધ મળી ગયું. આગળ ચાહે તેટલા ઉપ-

ચારો કરે તો ગરમીની તાસીર ન મટે. તેવી રીતે સવારના પહોરમાં ભાવના કરી લીધી તો ચાહે તેવી પ્રવૃત્તિમાં હશે તો તેનું સંધાન ચાલ્યા કરશે. શાસ્ત્રકારો વિચારવાનું સ્થાન સવારે કહે છે બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને જાત, કુળ, ધર્મ વગેરે યાદ કરે. સવારે યાદ કરવાથી થયેલા સંસ્કારો આખો દિવસ ચાલે. આથી પ્રથમ એ જ સંસ્કાર હોવો જોઈએ—પરહિત કરવું. પરહિત ન કરી શકું તો મારા હાથે કોઈનું પણ અહિત થાવ નહિ. જે અંશે બીજાને મદદગાર બનું તે તે અંશે મારું સફળપણું. એનું નામ મૈત્રી.

**મૈત્રી ભાવના અમુક વિષયની નથી, જીવ માત્રની હોય છે**

આપણાથી અધિકગુણી હોય તેનું હિત-ચિંતવન. આપણે ચોથે ગુણઠાણે હોઈએ, બીજો પાંચમે ગુણઠાણે હોય તો પાંચમા ગુણઠાણાવાળો છઠ્ઠે ગુણઠાણું પામે તો ઠીક. મૈત્રી ભાવના અમુક વિષયની નથી. જીવ માત્રની હોય છે. સર્વજીવ વિષયક. માત્ર એકલો ગુણવાન મૈત્રીનો વિષય હોય એમ નહિ. સમગુણી, અવગુણી, દોષી જ મૈત્રીનો વિષય હોય એમ નથી.

**ખરેખરી હિતની કિંમત સમજ્યા પછી જ બીજાનું હિત**

મૈત્રી ભાવનાનો વિષય કોણ? કોઈ પણ જીવ હો, (ચૌદ રાજ-લોકમાં) તે મૈત્રી ભાવનાનો વિષય છે. સર્વ જીવોની મૈત્રી ભાવના વિચારી તો હિતની કિંમત સમજ્યો. હિતની કિંમત ન સમજે તો બીજાનું હિત કરે જ શાનો? હિતને વિચારનારો ન હોય, હિતનું સ્વરૂપ સમજવામાં આવેલું ન હોય અને હિતનું ચિંતવન કર્યું, તો તે હિતની કિંમત ખોટી સમજેલો છે. હિતની ચિંતામાં તે જ મનુષ્ય જઈ શકે કે જે ખરેખર હિતની કિંમત સમજ્યો હોય. જેઓને હિત મળી ગયું હોય તેને તો તે ગુલામ બનીને રહે. પૈસાની કિંમત સમજનારો, પૈસાદારની શેહમાં રહે. હિતની કિંમત તે સમજેલો કે જે, જે જે હિત મેળવી શક્યા હોય, જે જે હિતના કાર્યમાં વધેલા હોય, તેનો તેનો ગુલામ થઈને રહે. તેને માટે પ્રમોદ ભાવના—

જે જે ગુણવાળા તેની ઉપર પ્રમોદ ભાવના. પ્રમોદ ભાવનામાં સર્વ ગુણાધિક કે સ્વગુણાધિક જોઇએ તેમ નહિ.

## મોક્ષમાર્ગના પ્રવેશમાં અનુમોદના છે

કોઇ ગુણાધિક દેશવિરતિ પામે તેમાં આચાર્ય આનંદ કેમ પામવાના ? દેશવિરતિ પામે તેથી આચાર્યથી અધિક થઇ ગયો ? તારો જન્મ સફળ. સમ્યક્ત્વ પામ્યો તેમાં અનુમોદન કરે છે. પ્રમોદ એ પોતાથી અધિક ગુણને અંગે નહિ પણ ગુણ માત્ર અધિક ગુણાધિક કેમ ? એટલા માટે કે જ્યાં સુધી મોક્ષમાર્ગને લાયકના ગુણો ન આવે ત્યાં સુધી બીજા ગુણો અનુમોદનને લાયક રહેતા નથી. જેટલા એકેંદ્રિયમાંથી નીકળીને બેઇંદ્રિયમાં આવ્યા તે ગુણી થયા છે તેનું અનુમોદન નથી. મોક્ષમાર્ગના પ્રવેશમાં અનુમોદના છે. દેશવિરતિ, સમ્યક્ત્વ આવ્યું હોય તો ત્યાં અનુમોદના. આથી જ આચાર્ય મહારાજ સરખાઓ જે સાતમે, છઠ્ઠે ગુણઠાણે રહેલા તે સરસ્વતી દેવી, સમ્યગ્દષ્ટિ દેવતા વગેરેની સ્તુતિ કરી શકે છે. સ્વગુણાધિક લેવા જાઓ તો સ્તુતિ કરી શકે નહિ. આચાર્ય છતાં ઉપાધ્યાયને નમસ્કાર કરી શકે છે. ગૌતમાદિક ગણધરો જેઓ આચાર્યોના સર્વોપરિ છે, તેઓ પણ પાંચે પરમેષ્ઠીને નમસ્કાર કરે છે. અર્થાત્ ગુણાધિકને અંગે પ્રમોદ. શાસનમાં નિયમ છે કે ચતુર્વિધ સંઘને અંગે માંહોમાંહે નમસ્કાર. ગુણાધિકપણું માનીને ઓઘે નમસ્કાર કરે છે, સ્વગુણાધિક લેવા જાઓ તો પંચ પરમેષ્ઠીના નમસ્કારની વ્યવસ્થા ઊડી જાય.

## એ તો હવાઇ કિલ્લો

ઉમાસ્વાતિજીએ ગુણાધિક શબ્દ રાખ્યો છે. ગુણે કરીને અધિક. લાઇનમાં ચઢેલો. ચારની લડાઇમાં ચારે બાજુની સરહદ પર લડાઇ હતી. કોઇ પણ સરહદવાળાએ છાપો માર્યો તો ખુશી થાય તેવી રીતે મોહમલ્લની સામા આ શાસને યુદ્ધ ચલાવ્યું છે. શાસનની સ્થાપના મોહમલ્લને મારવા માટે છે. બધા લશ્કરીઓ મોહમલ્લ સાથે ઝૂઝી રહ્યા છે. મોહને હણવાવાળો, હઠાવવાવાળો કોઇ ભવ્ય જીવ

થાય તેમાં દરેક ભવ્યને આનંદ આવવો જોઈએ, તો પ્રમોદ ભાવના. ગુણાધિકને અંગે પ્રમોદ ન હોય તો હિતના વિચારની કિંમત શી? હિત થાય તે વખતે આનંદ થવો જોઈએ. હિત થાય તે વખતે આનંદ ન થાય તો હવાઈ કિલ્લો હતો.

## કેવી વચનની હુશિયારી!

મૈત્રી વગેરેના ચાર ચાર ભેદ છે. સોળ ભેદ એકંદરે છે, તે રહેવા દઈએ. જેઓ હીનગુણુ હોય તે દરેકને સાધનની પ્રાપ્તિનો વિચાર કરે. ગુણની પ્રાપ્તિ હીનગુણુને થાય. એ કરવામાં ન આવે ત્યાં હિતનો વિચાર 'નીચેથી ગોળી કાઢી લઈને ઉતરડ સાચવવા કહેવું' તેના જેવી તે વચનની હુશિયારી છે. ગોળી કાઢવાથી ઉતરડ પડે, તેના જેવું અહીં હિતનું ચિંતવન કર્યું. હિત પામ્યા તેમાં પ્રમોદ આવ્યો, પણ જે હિત પ્રાપ્ત નથી કરી શકયા તેને માટે કાંઈ રસ્તો છે? માટે કારુણ્ય–મહેરનજર. આથી મૈત્રી, પ્રમોદ પછી કારુણ્ય ભાવના.

## કાંઠે હોય તો કોઈ પણ ખબર લે

વ્યવહારે કરીને હેરાન થતા હોય, અવગુણે કરીને, દોષે કરીને હેરાન થતા હોય, કર્મે કરીને હેરાન થતા હોય તેનો બચાવ કેમ થાય તેને માટે કારુણ્ય ભાવના. આ ત્રણ ભાવના કહી પણ ખાવાવાળાએ અજીરણથી સાવચેત રહેવું; ધીરવાવાળાએ ધલાઈ ન જાય તેથી સાવચેત રહેવું. ગંજીવાળાએ તણખાનું ધ્યાન રાખવું. તેમ કારુણ્ય ભાવના કરવાવાળાએ આગળ સળગી ન જાય તેનું ધ્યાન રાખવું. જગતમાં વિચિત્ર દશા છે કે **સારું કર્યું તો મેં કર્યું ને ભૂડું કર્યું તો તેં કર્યું**. આ કારુણ્ય ભાવનાવાળામાં પેસી ગયું હોય છે. ભોળાભાઈ સામાયિક કરી શકતા ન હોય, કોઈ સાધુએ બે શબ્દો કહ્યા એટલે ભોળાભાઈએ સામાયિક કર્યું. તો તે સાધુ શું બોલે છે–બંદાએ સામાયિક કરાવ્યું ને? અરે! કર્મ રાજાએ વિવર આપ્યું તો કાર્ય થયું જો તું કાર્ય કરતો હોય તો ભોળાભાઈ સિવાય બીજા નહિ કરવાવાળા કયાં ઓછા હતા? વેણુમાં વહેતો વહેતો ખાંચામાં ભરાઈ

જાય તેનો પત્તો ન ખાય. કારુણ્ય ભાવનામાં ઊતર્યો ત્યાં એવા ખાંચામાં ભરાઇ ગયો કે એની કોઇ ખબર ન લે, કાંઠે હોય તો કોઇ ખબર લે, કોટરમાં ભરાય તો કોણ ખબર લે? અંદર ડૂબ્યો, ગોખલામાં માથું ભરાઇ ગયું તો ઉપર શી રીતે આવવાનો? કેમ મે કરાવ્યું ને? આ થયું તે ખાડામાં ભરાઇ ગયા જેવું થયું. તેવામાં ભોળાભાઇ ન સમજ્યા. કેમ? ભોળાભાઈ પથરો છે. આ બોલે તો કૂવામાં, ગોખલામાં માથું ભરાયું છે. પથરો છે એમ કહેવું કે કર્મરાજાએ વિવર નથી આપ્યું એમ કહેવું. 'સો ઉંદર મારીને બિલાડી હજ કરવા ચાલી.' તારા અનાદિના અનંત ભવ એનો પત્તો નહિ. પાપનાં પોટલાં બાંધીને આવ્યા તેનો પત્તો નથી, તો પછી બીજાને શું જોઇને ઉતારી પાડે છે?

## કારુણ્ય ભાવનામાં અજીરણથી બચવું

ગંજીમાં અંગારો પડ્યો છે. અંગારો ન પડ્યો હોય તો ભડકો શાનો? શ્રેણિક સરખા સાંભળવાવાળા, મહાવીરના ચૌદ ચોમાસાં રાજગૃહમાં. એવી સ્થિતિમાં શ્રેણિક એક નોકારશી ન કરે તે વખતે મહાવીરને શું લાગવું જોઈએ? કઈ રીતે મહાવીર ઉપદેશ દઇ શક્યા હશે? શ્રેણિક સરખા ભક્ત, નોકારશી સરખી ન કરે. મહાવીર શ્રેણિકને પથરો કહેતા હશે! આથી કારુણ્ય ભાવનાની સાથે અજીરણ ન થઇ જાય તે ધ્યાન રાખવાની જરૂર.

## કારુણ્ય ભાવનાનું ટકવું

કારુણ્ય ભાવના ક્યારે ટકે? પરોપકારને માટે મનુષ્ય કાર્ય કરે તેની બે નિસાની ફળીભૂત થાય તો—પરોપકાર થયો તો તેનું ભાગ્ય, નિષ્ફળપણામાં ભવિતવ્યતા નથી પાકી. ફળીભૂત થવામાં પોતાની છાતી આગળ કરે અને નિષ્ફળ થવામાં પારકું કપાળ આગળ કરે તો તે કામનું નથી. તેથી ઔદાસીન્યપણું રાખ્યું. હિત ન કરે એટલે ઉદાસીનપણું નહિ. હિતના સંજોગો મેળવી દીધા છતાં હિત નથી થતું તો ઉદાસીનપણું નહિ.

## માધ્યસ્થ ભાવના

ક્રૂરમાં ક્રૂર કર્મ કરનાર હોય, તે ક્રૂર કર્મી માત્ર માધ્યસ્થનો વિષય. શંકા–ક્રૂર કર્મી માત્ર માધ્યસ્થનો વિષય તો જગતમાં રહ્યા કોણ? દેવગુરુને અંગે માધ્યસ્થપણું હોય? સમાધાન–દેવગુરુની, ધર્મની નિંદા કરનાર હોય તેને માર્ગ સમજાવવો તે તમારી ફરજ. દેવ, ગુરુની નિઃશંકપણે નિંદા કરે છે, ક્રૂર કર્મ નિઃશંકપણે કરે છે, તે છતાં પોતાનું સ્વત્વ, અભિમાન હોય, પોતાની જ માત્ર પ્રશંસા કરનાર હોય, તેની પણ ઉપેક્ષા કરવી તેનું નામ માધ્યસ્થ ભાવના. ખૂનનો ગુનેગાર હોય પણ તેને કેસ વખતે મેજિસ્ટ્રેટ લુચ્ચો કહે તો પેલો ફરિયાદ માંડે. દેવગુરુની નિંદા કરે તે વખતે દ્વેષમાં ઊતરી જઈએ તે ઠીક નથી. લાગણીને વશ દેવગુરુની નિંદા સહન ન કરી શકે, ધપ્પો વગેરે કરશે, પણ શાસ્ત્રકાર તે વાત ચલાવી લેશે નહિ. શાસ્ત્રકાર બચાવનારને એકાંત લાભ પણ કહેશે ને ધપ્પો મારનારને કર્મબંધ પણ કહેશે.

## ક્રોધ આવ્યો એટલે વિરાધક

સ્કંધકના ચારસો નવાણું ચેલાને નમુચિએ પીલી નાખ્યા. મને પીલીને આ ચેલાને પીલજો એમ સ્કંધકે કહ્યું. અપ્રશસ્તભાવના આવી. તેને અંગે મુનિસુવ્રતસ્વામીજીએ શું કહ્યું? ચારસો નવાણું પીલે તેને અંગે ક્રોધ આવેલો નહિ, પણ એને પીલીને મને પીલ, ત્યાં ક્રોધ આવ્યો એટલે વિરાધક. ગોશાલાની તેજોલેશ્યા કરતાં અનંતગુણી તેજોલેશ્યા શ્રમણોની છે. આથી ઔદાસીન્ય ભાવના આવવી મુશ્કેલ પડે છે, પણ કોઈક અવસરે કારુણ્ય ભાવના તો આવી જાય છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, અને માધ્યસ્થ—એ ચાર પરિણામ સાથે જો ક્રિયા કરાતી હોય તો તે સર્વજ્ઞના વચન પ્રમાણે કરાતી ક્રિયાને ધર્મ કહી શકાય.

## કર્મરાજાના કરતાં પણ ક્રૂર

ચાર ભાવનામાં પહેલી ભાવનાનું સ્થાન એ છે કે જગતનો

કોઈ પણ જીવ પાપ કરો નહિ. એ એક જ ભાવનાએ બેસી રહેવાનું નથી. પાપ કરો નહિ એ ભાવનાનું અજીરણ થાય તો જુલમ થઇ જાય. કોઇ જૂઠું બોલતાં પકડાયો તો બરાબર ફૂટો. પાપ કર્યું, આવી રીતે વિચારીએ તો દયા જેવી કોઈ ચીજ રહેતી નથી. અત્યારે જેને ખરાબ સ્થિતિમાં દેખે છે તે બધા દુઃખી કોઈને કોઈ સ્થિતિમાં રહેલા હતા. તેને આવાં કર્મ બાંધ્યાં છે. કર્મ કરેલાં તેથી દુઃખી, તેમાં દયા શી રીતે લાવીશ ? જો જૂઠને અંગે તું સજા કરવા તૈયાર છે, તો કરેલાં કર્મોને અંગે તેઓ દુઃખી થાય છે. તું અત્યારે સજા કરવા માગે છે, જ્યારે કર્મ આટલી મુદતે સજા કરવા માગે છે. કર્મ મુદત આપે છે. કારણ કે હજુ પણ ખસેડવું હોય તો ખસેડ. કર્મે તો હજુ ઘાતકીપણું કરતાં પણ જીવને મુદત આપી-બચાય તો બચ. કર્મરાજાએ તો ગુનાની સજા કરવામાં મુદત રાખી, પણ તું તો કર્મ કરતાં એ કઠોર કે અત્યારે સજા કરવા તૈયાર થયો છે. બીજા પાપ કરનારાઓને સજા કરવી. પાપના ખરાબપણાની ભાવનામાં બરાબર ધ્યાન ન રખાયું તો બાવળિયો ઊગ્યો. પાપના ખરાબપણાને લીધે ભાવના થઈ હતી કે કોઈ પાપ ન કરો પણ તેને બદલે બાવળિયો ઊગ્યો. મર એ વિચારતાં પાપના ખરાબપણાની ક્યારી ભૂમિમાં બાવળિયો ઊગી નીકળ્યો.

## કલ્યાણ માનવાની ભાવના

(૧) પાપ ન કરો, (૨) પાપ કર્યાં હોય તો પણ તે પાપને તોડી નાખનારા થાઓ, પણ પાપને ભોગવીને દુઃખી થનારા ન થાઓ. "मा च भूत् कोपि दुःखितः" આ ભાવના પાપીઓને અંગે છે. કોઇ પણ દુખી ન થાઓ. પાપ થયાં ને દુઃખી ન થાય તે કેમ બનશે ? પાપને તોડનારા થાવ. પાપ કરો નહિ, છતાં પાપ થયું હોય તો તેને તપસ્યાથી તોડનારા થાવ. આખું જગત્ કર્મથી મુક્ત થઈ જાઓ. કોઈ કહેશે કે આ અસંભવિત, ખોટી, શાસ્ત્રથી વિરુદ્ધ

ભાવના છે. કારણ કે કોઈ કાળે સર્વે જીવ મોક્ષે ગયા નથી. સમાધાન–જગત્ આખું મોક્ષે ગયું નથી, જવાનું નથી. એ સ્વભાવે ન બને તો પણ એમની ભાવના તો એ બને તેમાં કલ્યાણ માનવાની છે.

## બંનેમાં આનંદ

મનુષ્યને દરદ થયું, શ્વાસ ઉપડયો, ઠંડો પડવા માંડયો, જાણીએ કે ચોક્કસ મરવાનો છે, તો શું તેને મર એમ કહેવાય? તમે તો કોઈ પણ પ્રકારે જીવી જાય તેવી ભાવના રાખો છો. અભવ્ય સરખો હોય. તે પોતાને સ્વભાવે સમકિત ન પામે, પણ આપણી ભાવના તો એનું કલ્યાણ થાવ એ હોય છે. અભવ્ય મોક્ષે ન જાય, એ આપણી ભાવના ન હોય. અભવ્ય જીવ સ્વભાવે સમ્યક્ત્વ પામવાનો નથી, છતાં માની લો કે મોક્ષે જાય તો અમારા પેટમાં લાય સળગશે નહિ. ભવિજીવ મોક્ષ પામે તેને અંગે ઠંડક છે, તેવી રીતે અભવ્ય મોક્ષે જાય એમ કલ્પના કરો તો ઠંડક છે " मुच्यतां जगत् अपि " આખું જગત કર્મથી મુક્ત થઈ જાવ. જેમ ભવ્ય મોક્ષ પામે તેમાં આનંદ, તેમ કલ્પનાની ખાતર અભવ્ય મોક્ષ પામી જાય તો તેમાં પણ આનંદ.

## સંકેત વગરનું પાપ હોય તો તે હિંસા

ગણધર મહારાજ દ્વાદશાંગીની રચના કરે છે. જગતના જીવોના ઉદ્ધારની ભાવના કરે છે. તેથી ચૌદ પૂર્વો, બાર અંગોની રચના કરી, આચાર, વિચારની વ્યવસ્થા કરી. હવે પંચ મહાવ્રતમાં સંકેત વગરનું પાપ હોય તો તે હિંસા. હિંસા સ્વાભાવિક પાપ છે. એકેંદ્રિયથી માંડીને સંજ્ઞી પંચેંદ્રિય સુધીનું વ્યાપક. કોઈ પણ જાતિ, ગતિ હિંસાના ડર વિનાની નથી. સર્વ જીવો જીવવા ઇચ્છે છે. કોઈ મરવા ઇચ્છતું નથી. મરણથી ડરવું સર્વે ગતિ, જાતિમાં છે. બીજા દેશનો તમારી ભાષા ન સમજે, તો પણ ગોદા મારવામાં સમજે છે. મારનો અણસમજુ દેખ્યો? ભાષાનો અણસમજુ દેખ્યો. હિંસા એ સર્વ ગતિ, સર્વ જાતિ, સર્વ કાળનું વ્યાપક સ્વાભાવિક સ્થાન. કોઈની દરકાર

નહિ. ગોદો વાગ્યો તેમાં હાથ, ચામડી સમજવા બેસતી નથી, ગોદો વેદના કરી દે. માટે પ્રાણાતિપાતની વિરતિ પહેલાં જણાવી.

**મૃષાવાદ વચનથી બને, કાયા કે મનથી નહિ**

**હવે** મૃષાવાદ શા માટે બોલ્યા? બીજા મહાવ્રતમાં મૃષાથી વિરમવું. **શંકા**–મૃષામાં જૂઠું બોલવું જો આવી જાય છે તો વાદ મેલવાની જરૂર શી? **સમાધાન**–જે લોકો જૈન શાસનની પદ્ધતિને ન જાણે તેમને વાદ નકામો લાગે. જૈનશાસનમાં જૂઠ બે પ્રકારનું–મનોયોગ ને વચનયોગનું એક એકના ચાર પ્રકાર–સત્ય, મૃષા, મિશ્ર અને વ્યવહાર છે. આથી મૃષાના બે પ્રકાર છે. એક મૃષા બોલવું, ને બીજુ મૃષા મનમાં ચિંતવવું. મૃષા મનોયોગ કોની ઉપર આધાર રાખે છે? મૃષા વચનયોગ ઉપર. અહીં મન, વચન અને કાયા ત્રણે લઈ લેવાનાં છે. પચ્ચક્ખાણ વખતે મન, વચન, કાયા ત્રણેનો મૃષાવાદ ત્યાગ છે. ઔદારિક, વૈક્રિય ને આહારકમાં બબે ભેદો રાખ્યા છે, જેમ ઔદારિક, ઔદારિકમિશ્રયોગ, એમ ત્રણેમાં બબે ભેદ રાખો. મૃષનો ત્યાગ કરવામાં કયાનો યોગ આગળ કર્યો હતો. મૃષાવાદ વચનથી બને છે, કાયા કે મનથી બનતો નથી.

શંકા–**मुसाओ वेरमणं** રાખો, અને જો "**मुसावायाओ वेरमणं**" રાખો તો મન, વચન, કાયા કાઢી નાખો? **સમાધાન**–જે યુક્તિને અંગે વાદ રાખવાની જરૂર હોય, તે યુક્તિ અહીં ઊડી જાય છે માટે

# વ્યાખ્યાન ૪૦

## નહિ તો શેઠની શિખામણ ઝાંપા સુધીની વાત

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે પોતે ભગવાન્ **મહાવીર** પાસેથી પ્રતિબોધ પામ્યા

અને સંયમ અંગીકાર કર્યો. તે સંયમમાં ગુણઠાણું આવવાને અંગે પાંચમો વિનિયોગ ભેદ જણાવી ગયા. પોતાને જેવું ઉત્તમ સ્થાન પ્રાપ્ત થયું તે બીજાને પ્રાપ્ત થાય તેનું નામ વિનિયોગ. તે મુદ્દાએ પોતે શાસનને ચલાવવા માટે, મોક્ષમાર્ગને પ્રવર્તાવવા માટે દ્વાદશાંગીની રચના કરી. તેમાં **આચારાંગ, સૂયગડાંગ**ની વ્યવસ્થા કરી. આચાર અને વિચારની વ્યવસ્થા કર્યા છતાં પદાર્થનું પ્રમાણ લક્ષમાં આવે નહિ ત્યાં સુધી **આચારાંગ, સૂયગડાંગ**ની કરેલી રચના શેઠની **શિખામણ ઝાંપા સુધી**ની તેના જેવું થાય. તેથી ઠાણાંગજીની રચના કરી. પાંચમા ઠાણામાં મહાવ્રતોની પ્રરૂપણા કરી

## જૈન ધર્મની ઉત્કૃષ્ટતા પાંચ મહાવ્રતોને અંગે

જૈન ધર્મની ઇતર ધર્મો કરતાં ઉત્કૃષ્ટતા હોય તો તે પાંચ મહાવ્રતોને અંગે છે, માન્યતા તરીકે અને બોલવા તરીકે તો દરેક કબૂલ કરે. દયા પાળવી, સત્ય બોલવું વગેરે વાતો કયા મતવાળા બોલતા નથી? કેટલાકે નિયમ, કેટલાકે વ્રત, કેટલાકે શિક્ષા વગેરે શબ્દથી લીધેલાં છે. " **पञ्चैतानि पवित्राणि** " આ પાંચ વસ્તુ સર્વ ધર્મવાળાઓએ પવિત્ર માનેલી છે.

## ત્રસ માત્ર જીવ, તો સ્થાવર?

પાંચ કઇ? જે અત્યારે કહેવામાં આવે છે તે અહિંસા, સત્ય, અસ્તેય, મૈથુનવર્જન અને પરિગ્રહવર્જન. વાસ્તવિક હકીકતને બીજા લોકો સમજી શકતા નથી. અહિંસા માની છતાં જીવના ભેદો માન્યા નહિ. હાલે ચાલે તેનું જ નામ જીવ માન્યો. તેવા જીવની હિંસા વર્જવી તેનું નામ અહિંસા. તો હાલે ચાલે નહિ તેવા જીવોની તો વાત જ દૂર ગઇ. હાલે ચાલે તે જ જીવ એમ આપણાં બચ્ચાં પણ બોલી દે છે, તેથી તો ત્રસ માત્ર જીવ તરીકે થાય. આથી સ્થાવરોને તો જીવની કોટિમાં આવવાનુ ન રહ્યું.

## 'જ'કારનો પ્રતાપ

અમારે તો હાલે ચાલે તે જીવ જ. આ અને તે બેમાં ફરક

ક્યો ? ફરક રાત દહાડાનો. તે કહે હાલે ચાલે તે જ જીવ. અહીં કહીએ છીએ હાલે ચાલે તે જીવ જ. 'જ'કાર જોડવામાં ફરક પડયો. વાણિયો જ શાહુકાર. વાણિયો શાહુકાર જ. વાણિયો જ શાહુકાર કહો તે વખતે બીજી જ્ઞાતિવાળાને ગુસ્સો થાય. આપોઆપ બીજાને દેવાળિયો ઠરાવ્યો. બીજાઓ આપોઆપ શાહુકારીથી નીકળી ગયા. હાલેચાલે તે જ જીવ. પૃથ્વીકાય વગેરે પાંચે સ્થાવરો હતા તે જીવ-પણામાંથી નીકળી ગયા. 'હાલે ચાલે તે જ જીવ' આ વચન મિથ્યાત્વીનું. વાણિયો શાહુકાર જ હોય આમ કહેવામાં બીજી જાતિના બેઠેલાની આંખ લાલ ન થાય. હાલેચાલે તે જીવ જ. આ કહી દે તો બીજાઓ હાલવાચાલવાવાળા ન હોય તેને જીવપણું કહેવામાં વાંધો નથી. હાલેચાલે તે જીવ વગરનો ન હોય, જીવ જ હોય. આ વ્યાખ્યા નિશ્ચયવાળી નહિ, કથંચિત્‌વાળી. હાલવાચાલવા માત્રને જીવ કહી દઈએ તો પરમાણુનું હાલવાનું થાય.

**ત્રસ જીવો મૂઠીભર જ્યારે સ્થાવર જીવો તો અનંતા અનંત.**

પુદ્‌ગલમાં ગતિ ક્રિયા છે. એક પરમાણુ સાતમી નરકના અંત ભાગમાંથી નીકળે ને એક સમયમાં સિદ્ધશિલાના ઉપરના ભાગમાં આવી શકે. જે ઇચ્છાપૂર્વક તાપડેથી તડકે જવાની બુદ્ધિએ, ઇષ્ટ પ્રાપ્ત કરવાની બુદ્ધિએ, અનિષ્ટ નિવારણ કરવાની બુદ્ધિએ, જે કોઈ હાલે તે જીવ જ હોય. એ ધર્મ કોઈ દિવસ અજીવમાં ન મળે. આપણે મૂળ વાત તરીકે વિચારીએ તો હાલેચાલે તેને જ જીવ કહેવાય. આ તો મૂઠીભર જીવનું લક્ષણ થયું, એ ત્રસ જીવોનું લક્ષણ થયું. સ્થાવર જીવો અનંતાઅનંત છે, ત્રસ જીવો મૂઠીભર છે. મૂઠીભર જીવોને જીવમાં રાખ્યા. બાકીનાની ગણતરી ન કરી, તો તેનો અર્થ શો ? સર્વ જીવોના જીવનની હિંસાની વિરતિ જે સ્થાવર અને ત્રસને જાણે તે જ કરી શકે.

**પૃથ્વીકાયને જીવ માનનારો કોઈ બીજો વર્ગ નથી**

આચાર્ય સિદ્ધસેનદિવાકરે જણાવ્યું—સમકિત ચીજ શી ? દેવ-

ગુરુધર્મની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત, પણ વાસ્તવિક સમ્યકૃત્વ ક્યાં? છકાયની શ્રદ્ધા તેમાં જ વાસ્તવિક સમ્યકૃત્વ. છજીવનિકાયની શ્રદ્ધા અન્ય કોઈ મતમાં થાય તેમ નથી. પૃથ્વીકાય વગેરેને જીવ તરીકે માનનારો કોઈ બીજો વર્ગ નથી. વનસ્પતિમાં કેટલાકો જીવ માનતા હતા પણ તેઓ જીવોને નિઃસુખદુઃખ માનતા હતા. સ્મૃતિકારોએ વનસ્પતિમાં જીવ માનવા માંડયો છે, પણ તે જીવ નિઃસુખદુઃખ. તેને સુખ નથી, દુઃખ નથી.

## વર્તમાનનો શોધે જૂઠા પાડયા

સુખદુઃખ નથી તો એની હિંસામાં અડચણ શી રહે? કાષ્ટ વગેરે, ઘટ, પટ વગેરે અચેતન છે તો તેને ફાડવામાં, કાપવામાં અડચણ દેખતા નથી. વનસ્પતિને સુખદુઃખ ન હોય તો કાપવામાં હરકત શી રહેવાની? વનસ્પતિને પણ લાગણી છે. અને સુખ અને દુઃખ બંનેની લાગણી છે એમ વર્તમાનની શોધે સાબિત કરી આપ્યું. જેઓ વનસ્પતિને સુખદુઃખની સંજ્ઞા વગરના માનતા હતા તેઓ લોકોને જૂઠે રસ્તે દોરતા હતા. જાણીજોઈને વનસ્પતિની હિંસા કરાવતા હતા. પોતે પોતાના ઉપદેશથી આડકતરી રીતે હિંસાનો પ્રવાહ વહેવડાવતા હતા.

## પ્રરૂપણાની દૃષ્ટિએ અહિંસા કોઈ મતમાં રહેલી નથી

છએ જીવ ન માનો તો જગતમાં અહિંસકપણું ન રહે. જેને હિંસા વર્જવાની બુદ્ધિ છે, જેની હિંસા વર્જનમાં પ્રવૃત્તિ છે, તેની ધારણા રાખવાવાળો છે. તેવાના હાથે હિંસા થઈ જાય તો તેને હિંસક કહેતા નથી. શાસ્ત્રકારોએ તો ત્રસકાયની પણ હિંસા થઈ જાય, અર્થાત્ વર્જવાની બુદ્ધિ, પ્રવૃત્તિ, ધારણા છે તેનાથી થઈ જાય તો સૂક્ષ્મ પણ બંધ નથી એમ કહ્યું.

" उच्चालियंमि पाए ईरियासमियस्स संकमट्ठाए।
वावज्जेज्ज कुलिंगी मरिज्ज तं जोगमासज्जा ॥ "
( ओघनि० ७४९ )

## ઈર્યાસમિતિ કોને કહી ?

એક ચાલતાં પગ ઊંચો કર્યો. પછી પગ નમવા જાય તે વખતે ચાલનારના હાથમાં નહિ. ઊંચો કરે ત્યારે પોતાના હાથમાં પગ સંપૂર્ણ ઊંચો થઇ ગયા પછી ઇર્યાસમિતિવાળાને હિંસા ન થાય એ મુદ્દાથી ત્રણ ડગલાં જોવાનું રાખ્યું છે. અજવાળું થયા વિના બહાર નીકળવું નહિ. જ્યાં લોકો ગયા આવ્યા હોય, એટલે પૃથ્વીકાયની વિરાધના વર્જવાનું જેનું ધ્યેય હોય, તે પણ માર્ગે, નહિ કે ઉન્માર્ગે. તો નદીમાં લોકો ગયા આવ્યા હોય, માર્ગે ગયા આવ્યા હોય, તેવો માર્ગ છતાં પણ રાત્રિએ ચાલે તો માર્ગ ન કહેવાય. સૂર્યનાં કિરણો જ્યાં પથરાયાં હોય, દિવસ ઊગ્યો હોય, અજવાળું થઈ ગયું હોય, છતાં દિવસે ચાલે તે પણ ઈર્યાસમિતિ રાખીને. કોઇ જીવ માત્ર પગ નીચે આવે નહિ, આવી ધારણાથી જે દેખતો હોય, ત્રણ ડગલાં દૃષ્ટિ જાય તો સમિતિ કહે છે. જંતુની રક્ષા માટે યુગ માત્રની બહાર દૃષ્ટિ નહિ એવી રીતથી ચાલે તેને સત્પુરુષોએ ઈર્યાસમિતિ માનેલી છે.

**આઠ કર્મની અંદર આયુષ્ય વિનાના સાતે કર્મ સાધારણ**

ઇર્યાસમિતિ રાખવાપૂર્વક પગ ઊંચો રાખેલો હોય. જ્ઞાનાદિક કાર્યોરૂપી જરૂરી કાર્યને અંગે જવું થતું હોય, મંદિર સિવાયના વ્યાપારો બંધ કરવાના. **આવસ્સહી** પૌષધવાળો બોલે. આવશ્યક કાર્ય. સાધુ, પૌસાતીને મંદિરમાંથી નીકળ્યા પછી પણ સ્વાધ્યાય વગેરે કાર્યો કરવાનાં હોય. જરૂરી કામને અંગે જવું થાય તેથી કદાચ ત્રસ વગેરે જીવ મરી જાય. **શંકા**—આયુષ્ય આવી રહ્યું હોય તો મરી જાય. તો પછી હિંસા ચીજ શી? **સમાધાન**—જગતમાં કોઇ પણ જીવ છતા આયુષ્યે મરતો નથી. આયુષ્ય ગયેલું હોય તે જીવતો નથી. જ્ઞાનાવરણીય ભોગવાય તેટલું અહીં ભોગવો! બાકી રહ્યું તે બીજા ભવોમાં ભોગવાય. સાત કર્મ સાધારણ, પણ આયુષ્ય કર્મ એ તો નિયમિત બંધારણવાળું, જે ભવ આવે ત્યારે ઉદયમાં આવે. એક ભવનું આયુષ્ય

બીજા ભવમાં ભોગવવાતું નથી. સજાતીયમાં પણ ભોગવવાતું નથી. દેવતા મરીને મનુષ્ય, તિર્યંચ થાય. મનુષ્યનું આયુષ્ય દેવતામાં કામ ન લાગે એ તો સમજી શકાય તેમ છે. જાતિ જુદી છે પણ સરખી જાતિમાં પણ આયુષ્ય કામ લાગતું નથી. મનુષ્ય મરીને મનુષ્ય થવાનો હોય, તિર્યંચ મરીને તિર્યંચ થવાનો હોય, નારકી મરીને નારકી થાય નહિ. મનુષ્ય, તિર્યંચમાં સરખી જાતિમાં ઉત્પત્તિ છે. મનુષ્ય મરીને મનુષ્ય થાય છે પણ આયુષ્ય એક જ ભવમાં કામ લાગે છે. હાથી મરીને હાથી થવાનો હોય, તો પણ આ ભવનું હાથીનું આયુષ્ય આવતા ભવમાં કામ લાગતું નથી. આઠ કર્મની અંદર આયુષ્ય વિનાના સાતે કર્મ સાધારણ તે અહીં ભોગવાયાં તો ભોગવાયાં, નહિ તો આવતા ભવમાં ભોગવાય.

## આયુષ્ય સિવાયના કર્મો તો અમર

વેદનીય કર્મ સહિયારૂં. આ ભવ છૂટયો એટલે વેદનીય કર્મ છૂટી જવાનું નથી. મોત થવાથી વેદનીયકર્મ કે નામકર્માદિ કર્મ મોતની સાથે મરવાવાળાં નથી. મોતની સાથે મરવાવાળું કેવળ આયુષ્યકર્મ છે. બાકીના કર્મો તો અમર. જ્ઞાનાવરણીય અમર. દર્શનાવરણીય મર્યું? નહિ. એ તો આગળ તૈયાર. જ્ઞાનાવરણીય વગેરે સાત કર્મો મોતની સાથે મરવાવાળાં નથી, પણ આયુષ્ય મોતની સાથે મરવાવાળું છે. **આયુષ્ય છતાં કોઈ પણ મરતો નથી, આયુષ્ય ન હોય તો કોઈ જીવતો રહેતો નથી.** આ સિદ્ધાંત માન્યો તો હિંસા જેવી ચીજ દુનિયામાં ન રહી. કોઈનો જીવ મારવો એટલે હિંસા. એનાં કર્મ હોય ત્યાં સુધી નાશ કરનારો નાશ કરી શકવાનો નથી. મારવું, બચાવવું બીજાને સ્વાધીન નથી, તો પછી મારવાની, બચાવવાની વાતો કરવી તે જગતને ઊંધા પાટા બંધાવવાના છે. હિંસા-અહિંસા રહેવાની નથી. આવું કહેવાવાળાએ વિચાર કરવાનો કે આયુષ્ય છતાં કોઈ મરે નહિ અને આયુષ્ય ન હોય તો કોઈ જીવે નહિ. આ બે પોઈન્ટ કબૂલ.

## ગજસુકુમાલજી તો દેવતાનો દીધેલો કુંવર

આયુષ્યનો નાશ સ્વતંત્ર થાય છે કે કોઈ કારણથી થાય છે? કારણો મળવાથી પણ આયુષ્યનો નાશ થાય છે. આયુષ્યનો નાશ ભોગવવાથી થાય અને વિચિત્ર સંજોગોથી પણ થાય. તીવ્ર રાગ, દ્વેષની, ભયની પરિણતિ પણ આયુષ્ય તોડી નાંખે. ભયની પરિણતિમાં દૃષ્ટાંત દીધું સોમિલનું. એ ભયે કરીને છાતી ફાટી જવાથી મરી ગયો. ગજસુકુમાલજી કોણ? દેવતાનો દીધેલો કુંવર. વાસુદેવે અઠ્ઠમ કરીને દેવતાને પસંદ કરેલો, ત્યારે દેવતાએ દીધેલો. વાસુદેવ રાજખટપટમાં પડી ગયેલા. માતાને છ મહિનાએ નમસ્કાર કરવા જાય. આજકાલ માતાપિતાને નમસ્કાર કરવા તે શરમની વાત થઈ પડી છે. વાસુદેવ સરખાને માતાને પગે લાગતાં શરમ ન હતી. માતા ઉદાસીન હતી. કૃષ્ણ આવ્યા તે ખ્યાલમાં નથી કૃષ્ણ પૂછે છે–માતા કેમ ઉદાસીન છો? આજે આવ્યો છું, વંદન કરુ છું, છતાં ધ્યાન નથી! દેવકી કહે છે કે મારો પોષેલો છોકરો એકે નથી. મારા પહેલાંના છ છોકરાં સુલસાએ પોષ્યાં, તું ગોકુળમાં પોષાયો. મારાં પોષેલાં એકે નહિ. કોયલ પોતાના ઈંડાને કાગડાના માળામાં મેલી દે. કોયલ પારકા પાળેલાં બચ્ચાંની માતા થવા જાય. તેમ હું પારકાં પાળેલાની માતા થવા જાઉં છું. કૃષ્ણ મહારાજે અઠ્ઠમ કરી દેવતાને આરાધ્યો. એ યોગે જ જન્મેલા પુત્ર તે ગજસુકુમાલજી.

## તીવ્રમાં તીવ્ર અસર ધર્મની

દેવકી અને કૃષ્ણને ગજસુકુમાલજી ઉપર કેટલો રાગ હશે? જે રાગને અંગે ગજસુકુમાલજીને માટે કન્યા તપાસવી તે કૃષ્ણને પંચાત. લાયક ઉમરના થયા પછી કૃષ્ણજીનો કેટલો બધો પ્રેમ હોવો જોઈએ! કન્યા ખોળવાનું કામ માબાપનું. કૃષ્ણ ભાઈ હતા. તે કન્યાને ખોળતાં બ્રાહ્મણની કન્યા સુંદર દેખવામાં આવે છે. ચક્કર છતાં બ્રાહ્મણની કન્યા પસંદ કરી. દુનિયાદારીની દૃષ્ટિએ મોટો જુલમ. કોઈની છોકરીને ઉપાડી જવી, જનાનામાં દાખલ કરવી, તે જુલમનું

કાર્ય. તે કાર્ય કૃષ્ણજીએ કર્યું. ગજસુકુમાલજી ઉપર કેવો રાગ હશે! પહેલાં દેવતા પાસેથી તપ કરી લેવાયા. આટલો પ્રેમ છતાં પણ જે વખતે કહ્યું મારે દીક્ષા લેવી છે, તે વખતે વરઘોડો કાઢવા તૈયાર. વિરતિને કેટલા ચાહવાવાળા હતા. નોકારસી કરી શકતા ન હતા. રાણીઓ મહેણા મારતી હતી કે તમારે કાંઈ કરવું નથી, બીજાને દીક્ષા અપાવવી છે. દેવતા પાસેથી માગેલો, જેની સગાઈની પોતે ચિંતા કરી, પરણાવવા માટે દુનિયાની નીતિ ઉપર પગ મૂક્યો, તે ગજસુકુમાલજી દીક્ષાની વાત કરે તે વખતે બધો પ્રેમ ગણતરીમાં નહિ, હિસાબમાં નહિ. જેને અંગે આવું કર્યું તેને છોડું શી રીતે? તીવ્રમાં તીવ્ર અસર ધર્મની હતી. ધર્મ કરવાનું નામ પડ્યું કે બધું બસ. માખી ચાહે તેટલી ધમધમ કરે, તેલનું ટીપું પડે એટલે સાફ. ચાહે જેટલો પ્રેમ, વિવાહને માટે જુલમનો અમલ, તો પણ જ્યારે ત્યાગની, ધર્મની વાત આવી ત્યાં તેમાંનું એકકે પણ આગળ કર્યું નહિ. ત્યાગની વાત આવી ત્યારે વાજાં વગડાવ્યાં. કૃષ્ણ મહારાજની સ્થિતિ કેવી હોવી જોઈએ?

## જમને દેવાય પણ જતિને ન દેવાય

દીક્ષા થઈ ગઈ. ગજસુકુમાલજીના સસરાને પગથી માથા સુધી આગ સળગી. જોકે આજકાલ આગ સળગે છે, પણ તે તરત બુઝાઈ જાય છે. એના એ વળી બે ચાર માસ થઈ જાય ત્યારે "**मिच्छामि दुक्कडं.**" કાંઈ જોઈતું કરતું મંગાવજો કહે છે. ગજસુકુમાલજીના સસરાને ઘાસનો અગ્નિ ન હતો, ભઠ્ઠીનો અગ્નિ હતો. દીક્ષા લીધાને મુદ્દત થઈ ગઈ ત્યાં દાઝ હોલાય નહિ. અંગારા મસાણની ચિતામાંથી લાવી ભરી દીધા. જમને દેવામાં છેડો લાવે છે. સોમિલે '**જમને દેવાય, જતિને ન દેવાય**' તે સાચું કરી દેખાડ્યું. મરે તે કબૂલ પણ સાધુપણામાં રહેવો ન જોઈએ. તેથી માથે અંગારા મૂક્યા. તેને મારવામાં બાકી શું રાખ્યું? આપણને એક ડાંસ, મચ્છર કરડે તો કેવું થાય, તો તે તો કાઉસગ્ગમાં, શી સ્થિતિ થાય? તો પછી તે મહાત્મા

કાઉસગ્ગમાં કેવા ધ્યાનમાં હોવા જોઈએ કે માથે અંગારા મેલાય છતાં માથું હલાવતા નથી. કેટલી આત્માની સ્થિરતા? અંગારા ભર્યા તેમાં માથું ચલાયમાન ન થાય. મોક્ષની ઇચ્છા ધારણ કરનારાઓએ આ નિર્મમત્વ ભાવ યાદ રાખવાનો. આ શરીરથી હું જુદો છું. આવો પ્રસંગ આવે ત્યારે સ્થિર રહે તે બોલવાવાળા બધા છે, પણ પ્રસંગ આવ્યે પાધરા ચાલનારા મુશ્કેલ. ગજસુકુમાલજીની સ્થિર પરિણતિ રહી, માથે અંગારા ભર્યા, ગજસુકુમાલજી મોક્ષે ગયા.

## સોમિલને ફળ મળી ગયું

સોમિલ શહેરમાં આવે છે. વાસુદેવને જવા આવવાનો વખત. વાસુદેવે દેખ્યો તો બાર વાગ્યા. ધર્મને અંગે વાસુદેવે ભોગ આપ્યો છે, પણ એના ઉપર થયેલા ઉપદ્રવને સાંખી શકશે નહિ, ગજસુકુમાલજીએ દીક્ષા લીધી, કૃષ્ણ વિરોધમાં ઊભા રહે તેવા નથી. એના વિરોધનું લગીર કાર્ય સાંખી શકશે નહિ તેથી સોમિલ બીજે રસ્તે આવે છે. કૃષ્ણ પૂછે છે. નેમનાથજી ફરમાવે છે–ગજસુકુમાલજીએ કાર્ય સાધી લીધું. કૃષ્ણ કહે છે કોણ દુષ્ટ છે? જેણે મારા ભાઈની આ સ્થિતિ કરી. નેમનાથજીથી નામ અજાણ્યું નથી. કોઈ જીવને કર્મબંધનું કારણ દેખે ત્યાં હટી જાય. નેમનાથજીએ નામ નહિ કહ્યું. તું અહીંથી જઈશ, તને દેખીને જેની છાતી ફાટી જશે તે તેને મારનાર મનુષ્ય. નામ ન આપ્યું. ગજસુકુમાલજીનો કાળધર્મ સાંભળીને કૃષ્ણને આઘાત થયો. જાહેર રસ્તેથી જવું માંડી વાળ્યું. પાછલે રસ્તે જવાનું રાખ્યું. ખાનગી જવાનું રાખ્યું. આડંબર બંધ કર્યો. ખાનગી રસ્તે મહેલે જવાનું રાખ્યું. પેલો ખાનગી રસ્તે જાય છે. કૃષ્ણ જાય છે. પેલાને લાગ્યું કે મને આવતો જાણીને ખાનગી રસ્તે આવ્યા. વાસુદેવને મોટા રસ્તા સાંકડા પડે તો સાંકડે રસ્તે આવે શાના? હવે મારું શું થશે? પ્રાણ ગયો. ભયદ્વારાએ પ્રાણ તૂટ્યા. સોમિલને તો ફળ મળી ગયું.

## કેટલી રીતે મરવાનું થાય?

કૃષ્ણને એટલાથી સંતોષ થતો નથી. કૃષ્ણ ઢેડાને બોલાવે છે. એના પગે દોરડી બાંધો, દ્વારકાના બજારોમાં ઘસડો, આગળ કહેતા જાઓ, કે આ ફલાણો મનુષ્ય પાપ કરનારો. ઘસડતા જાઓ, ત્યાં પાછળ પાણી છાંટતા જાઓ કે મારી નગરી અપવિત્ર ન રહે. જે ધર્મની કિંમત ન સમજે, સ્વાર્થ સમજે. આખી દ્વારકામાં જાહેર કરાવ્યું–'આવાનું મોઢું જોવું નહિ'. ભય થવાથી છાતી ફાટી જાય છે. અરે! ઝેર, શસ્ત્રો, અજીરણ, આઘાત વગેરેથી મરવું થાય છે.

## આયુષ્યનો ઉપક્રમ કરનારો હિંસા કરનારો

સાત પ્રકારે આયુષ્ય જલદી ભોગવાઈ જાય–તૂટી જાય. ઘડિયાળને આઠ દિવસની ચાવી છે. નિયમસર ચાલે તો આઠ દિવસ ચાલે. સ્ક્રૂ ઢીલો કર્યો તો આઠ દિવસની ચાવી સેકંડમાં ઊતરી જાય. જે ચાવી ક્રમસર ઊતરવાની હતી તે એકદમ ઊતરી ગઈ. જે આયુષ્ય ક્રમસર ભોગવવાનું હતું તે એકદમ ભોગવાઇ ગયું. આયુષ્ય હોય તેટલું ભોગવાય એ ચોક્કસ, પણ કેટલા કાળનું તે ચોક્કસ નહિ. ઘડિયાળની ચાવી અઠવાડિયાની ચોક્કસ પણ સ્ક્રૂ ઢીલો થાય તો તે સેકંડમાં ઊતરી જાય. ત્રણ પલ્યોપમનું આયુષ્ય હોય, તે આયુષ્ય પણ અંતર્મુહૂર્તમાં ભોગવાઇ જાય. આથી આયુષ્યનો ઉપક્રમ થાય છે, તેથી તે ઉપક્રમ કરનારો હિંસા કરનારો જ છે.

## કાર્ય ન થાય પણ તેના વિચારો કરવામાં પણ પાપ

**શંકા**–હિંસા કોને અંગે? આયુષ્યના ઉપક્રમને બાંધે. આયુષ્યના ઉપક્રમને અંગે હિંસા. જેને આયુષ્યનો ઉપક્રમ ન થાય તેને તો હિંસા નહિ ને? અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચ, મનુષ્યો, ઉત્તમ પુરુષો એ બધા અનપવર્તનીય આયુષ્યવાળા છે. આઉખાનો ઘટાડો થઇ શકતો નથી. જે ચરમશરીરી હોય તે તેટલું આયુષ્ય ભોગવે, ને પછી મોક્ષે જાય તો તેને મારવામાં હિંસા નથી ને? કારણ કે આયુષ્ય ઘટાડ્યું નથી. આયુષ્ય ઘટે નહિ. આથી ઉપદ્રવ કરનારે

તેમનું આયુષ્ય ઘટાડયું નથી. કારણ કે તેમના આયુષ્યનો ઉપાય નથી. માટે જેટલા મોક્ષે જનાર હોય તેની હિંસા થાય તે હિંસા જ નથી. **સમાધાન**–કાર્ય થાય તો જ પાપ થાય એમ જૈન શાસન માનવાવાળું નથી. જૈન શાસન કાર્ય ન થાય તો પણ તેના વિચારો થવામાં પાપ માને છે.

### જયણાથી વર્તે તો જ હિંસાથી વર્જવાનું

મારનારે ઉદ્યમ કેવો કર્યો? મારનારે આયુષ્યના ઉપક્રમનો ઉદ્યમ કરેલો છે. સંકિલષ્ટ અધ્યવસાય, ખરાબ પરિણામ એ પાપ છે. મોક્ષે જવાવાળાને મારનારો હિંસક તેના વેરવાળો છે. સંસારી જીવોને મારનાર તે તે જીવના વેરવાળો. ઘોડાને માર્યો તો ઘોડાના વેરવાળો. મહાવ્રત ધારીને મારનારો તે સાધુના વેરવાળો, બીજાના વેરવાળો. સંસારી જીવોને મારનારને એક વેર. મહાવ્રતવાળાને મારતાં વચમાં કોઈ ન મરે તો પણ પરિણામ અને કાર્ય બન્ને ખરાબ થયાં. આથી તે બંનેમાં પાપ રહેલું છે. પ્રવૃત્તિ કરનારે જયણાથી પ્રવર્તવું. તેવી રીતે પ્રવર્તે તો જ હિંસા વર્જવાનું થાય.

### છજીવનિકાયને માનવા તે સમકિત

"**ईरियासमियस्स०**" ઈર્યાસમિતિથી ચાલવા છતાં કોઈક જીવ મરી ગયો, ચાલનારની ક્રિયાને લીધે જીવ ચગદાઈ ગયો, તો તેને તે મરેલાને અંગે હિંસા નથી. એણે ઈર્યાસમિતિથી જોયું છે, જોઈને પગ ઊંચો કરેલો છે, પ્રયોગે કરીને અનવદ્ય છે. આખું જગત હિંસાએ ભરેલું છતાં હિંસાની વિરતિ કરવી તે અશક્ય નથી.

**શંકા**–ત્રસ જીવને માને તે અહિંસા પાળી શકે. છજીવનિકાયને માનો તો હિંસાથી બચવાના શી રીતે? ત્રસકાયને જીવ તરીકે માની તેની હિંસા વર્જવી સહેલી છે. સ્થાવરમાં જીવ માનો તો તેની હિંસા અશક્ય. **સમાધાન**–છજીવનિકાયની હિંસાનું વર્જવું જીરવી શકાયું નથી, તેથી અહિંસા ઉડાવી દીધી. છએ કાયને જીવ તરીકે માને તે સમકિતી. સમકિતી થાય ત્યારે છજીવનિકાય માને. વાયુકાય વગેરે જીવ

તરીકે માનો તેમાં તમારી બુદ્ધિ શું કામ કરે છે? શાને આધારે મનાય? કેવળ ભગવાનના વચનને આધારે મનાય. સિદ્ધસેન દિવાકરે જણાવ્યું–છજીવનિકાયને માનવા તે સમકિત. પહેલું વ્રત માને તેને બીજું વ્રત પાળવાનું બની શકે. મૃષાવાદ-વિરમણ અંગે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન : ૪૧

### આસ્તિકયનું ખરું ફળ અનુકંપામાં

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે, ભગવાન્ **મહાવીર** પાસેથી પ્રતિબોધ પામીને પ્રવજ્યા અંગીકાર કરી કે તરત બાર અંગની રચના કરી. કારણ કે સમ્યક્ત્વને અંગે લઈએ છીએ કે આસ્તિકયરૂપી વૃક્ષ ફળ્યું કયારે ગણાય? અનુકંપારૂપી ફળ આવે ત્યારે. ફળથી અનુક્રમે ચાલ્યા છે. મુખ્યતાનો ક્રમ લીધો. પાંચમાં મુખ્ય શમ પહેલો. પછી સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય. યથાપ્રાધાન્યન્યાયે પહેલી જડ આસ્તિકયની છે. આસ્તિકય એ મુખ્ય છે, પણ આસ્તિકય આવ્યા પછી જો અનુકંપા ન આવે તો આસ્તિકય ફળીભૂત થએલું નથી. એ કેરીઓ વગરના વાંઝિયા આંબા જેવું થાય. અનુકંપા વગરની આસ્તિકતા એ ફળ વગરની છે. આસ્તિકતામાં જીવ છે, જીવ નિત્ય છે, જીવ કર્મ કરે છે, અનુભવે છે, જીવને મોક્ષ છે અને મોક્ષના રસ્તા છે, એમ માની લીધું, છતાં પોતાને અંગે મોક્ષ મેળવવાનો વિચાર ન થાય, પોતાનો આત્મા જવાબદાર, જોખમદાર ન થાય, પોતાનાં કરેલાં પોતાને ભોગવવાં પડશે તે ધારનારો ન થાય ત્યાં સુધી મીંડું.

### આસ્તિક અને નાસ્તિક વચ્ચે ફેર

એ ધારનારો થયો છતાં ડગલું વધ્યો કયારે ગણાય? મોક્ષ

તરફ પ્રયાણ કરે ત્યારે. અન્ય આત્માઓને થતાં દુ:ખોનું લક્ષ સમજમાં આવે છે. પોતાના જીવને સર્વ, માને છે. જીવ નથી, પાંચ ભૂત છે, ચેતના નથી, તેવા મનુષ્યને લોઢાની કોસ અગ્નિમાં તપાવી, સાણસાથી પકડીને પેલાને કહે, હાથથી પકડને! પેલો સંકોચે, ચેતના નથી, અગ્નિ બાળે છે, આ બધો વિચાર શાનો? જેને જીવ, ચેતના નથી, તેને પછી અગ્નિનું ભાન ક્યાંથી? અગ્નિ બાળે છે એ ભાન ક્યાંથી? નાસ્તિક પોતાને જીવ ગણીને બચવા માગે છે પોતાને જીવની, સમજણની લાઇનમાં ન મેલે તેવો નથી. ચાહે તો અગ્નિ ઉપર હાથ મૂકો તો કાંઇ નહિ. નાસ્તિકોને બીજાને બચાવવાનું ન સૂઝે, પોતાને તો પોતાનું બચાવવાનું સૂઝે છે. પરને બચાવવામાં, પરના દુ:ખો ટાળવામાં નાસ્તિક તૈયાર નથી. આથી આસ્તિક્યનું ખરું ફળ અનુકંપામાં છે.

## માનસિક દુ:ખ વિચિત્ર છે

અનુકંપા વડે વ્યાપ્તિ ચૌદ રાજલોકની કરી લીધી હોય, ચૌદ રાજલોકના જીવો ધ્યાનમાં લેવામાં આવેલા હોય, ત્યારે નરકનાં દુ:ખો, તિર્યંચના દુ:ખો, દેવતાનાં દુ:ખો ક્યાંથી કણ્યાં? જગતમાં સર્વ સામગ્રીઓ સંપૂર્ણ છતાં જેને આબરૂ જવાનો વખત આવે છે તે વખતે સામગ્રી બધી દેખો છો કે ઓછી? સામગ્રીમાં ફેરફાર છે? છાતી દેખો તો ફાટવાની તૈયારી. માનસિક દુ:ખ વિચિત્ર છે. બાહ્ય સંજોગ ચાહે તેટલા સુખના હોય, પણ જે વખતે માનસિક દુ:ખો ઉત્પન્ન થાય તે વખતે બાહ્ય સુખ કામ આવતું નથી. બીજી બાજુ આપણે જગતમાં દેખીએ છીએ કે નિર્ધનોને પુત્રો ઉપર રાગ હોય છે, પણ શ્રીમંતોને સંતાન ઉપર રાગ હોય છે તે વિચિત્ર હોય છે. શ્રીમંત્ બરાબર સંભાળ લઇ શકે. રાગનું વૃક્ષ ઉછળતું ચાલે, તો સ્ત્રીઆદિને અંગે પૂછવું શું! શ્રીમંતને સ્ત્રી મરી ગઇ તો શું થઈ ગયુ? એનું કાળજું કપાઇ જાય, ગાંડા થઈ જાય. કારણ કે સ્નેહની પરાકાષ્ઠા હોય. દેવતાની સ્થિતિ માલમ પડશે. જિંદગીમાં

લાખો વખત રોવું પડે. બાહ્ય સામગ્રીએ સુખ ભલે હોય. ચારિત્ર-મોહનીય રોવડાવે છે. દેવતાઓને લાખો વખત જિંદગીમાં એવા પ્રસંગો ભોગવવા પડે છે, રડવું પડે છે એ સાગરોપમ આયુષ્ય એટલે વીસ કોડાકોડ પલ્યોપમ આયુષ્ય. પોતાને દેવી મળી હોય તેને સાત પલ્યોપમ, ત્રણ કોડાકોડ છાતી કૂટવા જેવું થાય. ચારે ગતિ દુઃખમય છે. જ્યાં સુધી દેવીઓનો સંસર્ગ છે ત્યાં સુધી આની આ દશા છે. બારમે બાવીસ સાગરોપમ સુધી આયુષ્ય પહોંચશે. બાર દેવલોક પછી રડવાનું નથી. દુકાનદાર બીજાના ચાર ઘરાકને જોઇને બળીને ભસ્મ થઈ જાય. પહેલાં તો દુનિયાદારીના શ્રીમંતોનો દાખલો દીધો, તેમાં તેમની શી દશા? શક્તિમાનનું રહેલું કાર્ય તેને ઘણું ખટકે. સમર્થનું એક કાર્ય અટકે તો ધૂવાંપૂવાં થઇ જાય. ગરીબનું કાર્ય અટકે તો તેને કાંઈ ન થાય. દેવી ગઈ તેને પકડી શકાય નહિ. સ્નેહરાગનો ફટકો પડે છે, ઈષ્ટના વિયોગથી કાળજાં સરાઈ જાય છે. જ્યાં ભવાંતરની વાતો જાણવામાં આવે ત્યાં પોતાના સથવારામાં હોય તેને ચઢેલો દેખે. વિદ્યાર્થી પોતાના ગોઠિયા પાસ થાય, પોતે નાપાસ થાય ત્યારે ઝૂરી ઝૂરીને મરે. સાગરોપમોના શલ્યો ઘૂસે. સાગરોપમ સુધી ન જાય. દેવતાને અવધિજ્ઞાન છે. દેવતામાં પશ્ચાત્તાપ છે, પોતાની અલ્પ ઋદ્ધિને લીધે બળાપો, વિજોગને લીધે બળાપો. ચોકખા શબ્દોમાં શાસ્ત્રકારો જણાવે છે કે ચ્યવવાના છ મહિના રહે ત્યારે ઝૂરવાનો પાર નહિ.

## નિર્વાણ સિવાય ત્રણ ભુવનમાં સુખનું સ્થાન નથી

સુરપતિના સિંહાસન ઉપરથી ખસવું અને જવું અંધારી ગંધાતી કોટડીમાં. એ વૈક્રિય શરીરી છે. જો વૈક્રિય શરીર ન હોય અને ઔદારિક શરીર હોય તો કાળજાંના સેંકડો કકડા થઇ ગયા હોત. ખસની ચળ ઊભી થાય તે વખતે જાણપણું ક્ષણવાર જતું રહે. ખરજવાથી વધારે ખંજવાળ થાય ત્યારે જાણપણું જતું રહે. આસ્તિક્ય ચૌદ રાજલોકના જીવોની સ્થિતિ ખડી કરી દે. જીવોનું દુઃખપણું

દેખે ત્યાં દયાનો ઝરો વહ્યા વિના રહે નહિ. અત્યંત વેદના હોય તેની દવા કરીએ. આ વેદના માથાનાં કામ કરનારને ન હજો. એક બાજુ વેદનાની માવજત કરી અને બીજી બાજુ વેદના તરફ તિરસ્કાર. એક બાજુ જીવોની અનુકંપા, બીજી બાજુ હું રખેને એમાં સપડાઇ જાઉં. મારે એકકે સ્થાન આમાં રહેવા લાયક નથી. અનુકંપાએ નિર્વેદ ઊભો કરી દીધો. પાંચે જાતિ, ચારે ગતિમાં એકકે સ્થાન આસ્તિકને મન-ગમતું નીકળે નહિ. જ્યાં દેખે ત્યાં દુઃખસુખનું સ્થાન ખોળવું જોઇએ. નિર્વાણ, મોક્ષ સિવાય ચૌદ રાજલોકમાં, ત્રણ ભુવનમાં એકકે તેવું સ્થાન નથી. નિર્વેદ થયો એટલે મોક્ષને અંગે લક્ષ બંધાય. મોક્ષને અંગે દોરી લગાડી તે સંવેગ. પતંગને બાંધેલી દોરીને જો હલાવતો ન રહે તો પતંગ નીચે પડે. મોક્ષને અંગે દોરી તો બાંધી પણ મોક્ષના અન્-ઉદ્યમોમાં—ક્રોધ, માન, માયા ને લોભમાં તન્મયતા ન કરવી.

## સંવેગમાં મોક્ષની અભિલાષા

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય. તેમાં પહેલાં આસ્તિ-ક્ય, પછી અનુકંપા, પછી નિર્વેદ, પછી સંવેગ અને પછી શમ. નિર્વેદમાં ચાર ગતિનો કંટાળો, સંવેગમાં મોક્ષની અભિલાષા, શમ તરીકે પ્રયત્નો, સાધનો, આત્માની પરિણતિમાં સ્થિર; પરિણતિને અંગે પશ્ચાનુપૂર્વીએ અને ઉત્પત્તિને અંગે શમ વગેરે.

## મોક્ષનો માંડવો ઊભો કરવામાં મિસ્ત્રી તરીકે તીર્થંકરો, કારીગરો તો ગણધરો

પહેલાં મોક્ષનાં બારણાં બંધ હતાં. જે વખતે દરેક ગણધર ગણધર થાય ત્યારે મોક્ષના બારણાં બંધ હતાં. તીર્થંકર થાય છે શા માટે? કેટલાક તીર્થંકરોને રિફોર્મરની લાઇનમાં મૂકે છે. તેવીસમાનો માર્ગ ચોવીસમાએ સુધાર્યો નથી. બીજાથી તેવીસમા સુધીમાં શું સુધારવાનું છે? તીર્થંકર થાય છે ત્યારે મોક્ષનો માર્ગ બંધ થયેલો હોય છે. મોક્ષના બારણાં ઉઘાડવા માટે તીર્થંકરની હાજરીની જરૂર છે, આથી કલ્પસૂત્રમાં દરેક તીર્થંકરની "अंतकृद्भूमि" સૂચવીએ

છીએ. તે બે પ્રકારની. એક તો કેવળજ્ઞાન પામ્યા પછી કેટલા કાળે મોક્ષમાર્ગ શરૂ થયો, અને શરૂ થયા પછી કેટલા કાળ સુધી ચાલ્યો. મોક્ષનો મંડપ ઊભો કરનાર હોય તો તે તીર્થંકરો છે. તીર્થંકરોના કેવળજ્ઞાન પહેલાં મોક્ષનો માંડવો તૂટી ગયેલો હોય. તે માંડવો ઊભો કરે ત્રિલોકનાથ તીર્થંકર મહારાજ. મોક્ષનો માર્ગ ઊભો કરે છે તે તો માત્ર મિસ્ત્રી તરીકે, કારીગર તરીકે નહિ. કારીગર કોણ? ગણધરો. જ્યાં **સુધર્માસ્વામી**જી પ્રતિબોધ, સમ્યક્ત્વ અને દીક્ષા પામ્યા ત્યાં મોક્ષનો નવો માંડવો ઊભો કરવો જોઈએ, તેથી બાર અંગની રચના કરી.

## મોક્ષનો આખો માંડવો ઊભો કરવાનું કામ ગણધરોનું

ભગવાન્ **સુધર્માસ્વામી**જીએ મોક્ષમાર્ગનો પ્રવાહ વહેતો રહેવા માટે બાર અંગોની રચના કરી. જગતના જીવોને મોક્ષના માર્ગે લાવવા માટે વિનિયોગ સંપૂર્ણપણે છે તે માટે દ્વાદશાંગીની રચના કરી તે રચતાં **આચારાંગ**, **સૂયગડાંગ** રચ્યાં. તે રચ્યા છતાં વસ્તુનું સંપૂર્ણ પ્રમાણ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી આચારવિચારની વ્યવસ્થા કામની નહિ, તેથી **ઠાણાંગજી**ની રચના કરી. મોક્ષનો માંડવો આખો ઊભો કરવો તે ગણધરોનું કામ હતું. તેને અંગે વિનિયોગ નામનો ભાવનો ભેદ, અને તેને અંગે બારે અંગની રચના કરી. ઠાણાંગમાં વસ્તુની ઇયત્તા કરી. સુતારને ખાનાં પાડવાં હોય, પણ પાટિયું કેવું જાડું તે ખ્યાલમાં આવવું જોઈએ. કડિયાને ચોકડી પાડવાની હોય, પણ કોઠાની લંબાઈ પહોળાઈ ખ્યાલમાં આવવી જોઈએ. તેવી રીતે વર્ગીકરણથી ઇયત્તા આવ્યા વિના આચારવિચારમાં આવેલો મનુષ્ય વ્યવસ્થા કરી શકે નહિ.

## ભવવ્યાધિના ડૉક્ટર જિનેશ્વર

પાંચમા ઠાણામાં પાંચ મહાવ્રતો. તીર્થંકરો દેશનામાં પહેલી પ્રરૂપણા કઈ કરે? પાંચ મહાવ્રતની. પહેલામાં પહેલી પ્રરૂપણા પાંચ મહાવ્રતોની કરે. **આચારાંગ**માં **મહાવીર**ને અંગે અધિકાર ચાલ્યો.

ત્યાં પંચમહાવ્રતની દેશના દીધી. તીર્થંકરોનો પહેલો સંદેશો કહેવાવાળા ધ્યાનમાં રાખજો કે પંચ મહાવ્રતની જડ ન હોય તેવી દેશના તે દેશના નથી, પણ વેતાલનો સંદેશો છે. મોક્ષના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર, તે રોગ પ્રચાર પામે તેવું કરે તો અધમમાં અધમ કહેવાય. જેણે પોતાના કર્મ તોડ્યાં છે, તેવા એક અંશે પણ કર્મબંધનું કારણ કરી દે તો અધમ કોટિમાં આવી જાય. જિનેશ્વર એટલે ભવવ્યાધિના ડૉક્ટર. ભવવ્યાધિ કેમ અટકે? ભવવ્યાધિ ઉત્પન્ન ન થાય તે કરે. તેમાં જ મશગુલ રહે. ડૉક્ટરને ઘેર રહેલો કમ્પાઉન્ડર ડૉક્ટરની ધારણાથી વિરુદ્ધ કરનારો હોય તો બેઇમાન કહેવાય. તીર્થંકર ભગવાનને ઘેર નોકરી કરીએ છીએ, નિર્જરાનો પગાર આપે છે. એને ત્યાં રહેલો કમ્પાઉન્ડર બંધનાં, આશ્રવનાં કારણો પોષે તો તે વખતે ખાસડાં ખાઇને જવું પડે.

## પૂજામાં થતી આશાતના

પૂજાની, પુષ્પની વિધિ-"**आचारोपदेश**" "**श्राद्धविधि**" માં કહેલી છે તે ઉપર પૂજા કરનારા લક્ષ રાખે તો ફાયદો કરે. સ્નાન કરતી વખતે ઓરડીમાં બાજઠ ઉપર બેસવું. ચારે બાજુ થાળું હોય તેમાં પાણી એકઠું થાય. ન્હાઇ રહે ત્યારે પાણી કાઢી નાખે. પગ કોરા કરવા. પગ કોરા થવા જોઈએ તે ધ્યાન રાખવું. 'ઓટલાની કિનાર પર સ્નાન કરવું તે કીડીઓના દર પૂરવા માટે છે' એમ કહેવાય. જ્યાં જિનમંદિરમાં જાય ત્યાં ગુણોને ચિંતવતાં અનુમોદના કરવી, પણ આપણે તો દુકાને જઈએ છીએ એમ ચિંતવીએ છીએ. નિર્મળ ટાઇમિમાં કાં કચરો નાખો છો? જ્યાં જિનેશ્વરની પ્રતિમાના દર્શન થાય ત્યાં નમસ્કાર. પૂજામાં આવે ત્યારે ત્રણ ખમાસમણાં દીધા વિના બેસાય નહિ. ઇંદ્ર જેવા દૂર બેઠેલા પણ ત્રણ વખત જમીન પર માથું અડાડે. ખમાસમણાં દે પણ ઝોકાં ખાવાની સ્થિતિ છે. દહેરાના બારણા આગળ ભગવાન્ દેખાય ત્યારે નમસ્કાર. રાજસભામાં બારણામાં પેસે ત્યાં ઘૂંટણીએ પડવું પડે છે. મંદિરની અંદર જતાં

આશાતના થઇ હોય, આશાતના થાય છે તે કોઈ ટાળતું નથી, આશાતના પહેલી ટાળવા જેવી ચીજ છે. આથી ત્રણ "**निसीहि**" જુદી રાખી છે. એક ઘરના કામકાજ છોડીને મંદિરનું તપાસવામાં, મંદિરને તપાસીને ગભારામાં પેસે ત્યારે બીજી. ત્યાં બીજું ચિંતવવું નહિ. ત્રીજી અંગપૂજા પછી. આ પાપની **निसीहि** નથી પણ વ્યાપાર અંતરના નિષેધરૂપ **निसीहि** છે. બીજા વ્યાપારને બંધ કરવો તેની **निसीहि** છે. પહેલી જે બારણા આગળની તે કદાચ પાપરૂપ તેથી **निसीहि**. બીજા આગળ પાપરૂપ નથી. દેશનાના કાર્યની પણ **निसीहि** અહીં છે.

## બધાં પદાર્થો ભક્તિની હદના હોય, પ્રમાણની હદના ન હોય—

જિનેશ્વરની ભક્તિ અષ્ટ પ્રકારની પૂજાથી. તે બને તેટલી વિભૂતિથી. ભગવાનની જરૂરને માટે પૂજા કરતા નથી એ ખ્યાલ રાખજો. જેમ દેવેન્દ્રોએ, દેવતાઓએ મેરુ પર્વત ઉપર અભિષેક કર્યો. તે વખતે ભગવાનને નવડાવવા માટે કેટલું પાણી જોઇએ તેનો વિચાર કર્યો? આટલા સરખા ભગવાન. મોટા કળશોનું શું કામ હતું? ભગવાનની કાયાને અંગે લોટો પાણી બસ હતું. એ બધું ભગવાનને માટે નથી, ભક્તિને અંગે છે. શક્તિ હોય તેટલો લાભ. કરોડો કળશો જોજનના લાવીને દેવતાઓ અભિષેક કરે છે. જિનેશ્વરની ભક્તિને અંગે પ્રમાણનો મુદ્દો નથી. ઉલ્લાસ પ્રમાણે ભક્તિ. ચંદન વગેરે પૂજા કરીને ઊતરતાં શાંતપણું ન જવું જોઈએ. ચંદન તો બગડ્યું નથી. ચંદનના તો કુંડાંને કુંડાં ઢોળાય તેમાં વાંધો નથી, પણ મુદ્રા બગડવી ન જોઇએ. જે આટલું ખર્ચ ધર્મનિમિત્તે થાય છે તેજ આશ્રવથી બચે છે. કેસરના કૂચાને કૂચા ચરણ ઉપર ઢાળે. પાણી, ચંદન, કેસર બધાં પદાર્થો ભક્તિની હદના હોય, પ્રમાણની હદના હોય નહિ. સ્નાન, ચંદન, વિલેપન, કેસર મહારાજને માટે નથી, ભક્તિને અંગે છે.

## મુદ્દો સુગંધનો

પુષ્પ જે સુગંધી, સારાં હોય, તેનું પ્રમાણ હોય નહિ. દેવકુરુ, ઉત્તરકુરુ, હિમવાન્ ઉપરથી પુષ્પો, કમળો લાવે, પણ તે વાસી ન જોઈએ, તાજાં જોઈએ. પવિત્ર ભાજનમાં રહેલાં જોઈએ. અહિ વિધિ જરૂરી છે. તમે કહો છો તે અવિધિ કેવી રીતે પૂરવાર કરવી? પોતે પુષ્પ પરોવ્યાં, હાર ચઢાવવો છે કે નહિ? ફૂલને પરોવવાં તે કિલામણા. એમ જો કહો તો તોડયાં તે કિલામણા નહિ? કમળ ઉખેડીને લીધાં. ત્રસની જયણા, દીવો ઉઘાડો બાળવો ન જોઇએ. **પૂજા વગેરેમાં એકેંદ્રિયની દયાને બહાને જે લોકો કહે છે તે ફોહેલાં કાળજાવાળાં છે.** એકેંદ્રિયની દયા આવે તે ઘણી સારી વાત છે, ફૂલની માળા ઉપર તે વખતે ભમરા ઝુંકાર કરી રહ્યા છે. માળી પાસેથી ફૂલો લેતી વખત વણિક્‌વિદ્યા ન કરવી. પર્યુષિત ફૂલની મનાઈ કરે છે, તાજાં ફૂલ લખે છે. ઇલેક્ટ્રિકનો દીવો પ્રભુ આગળ મૂકવામાં આવે છે તે યોગ્ય નથી કારણ કે દીપકપૂજા વગેરે જે ચાલેલાં છે તે માત્ર સુગંધ માટે. દીવો બળતો હોય તો ગંધ હોય છે, ઇલેક્ટ્રિકમાં ગંધ નથી, ઘીના દીપકનું સ્થાન વિજળી લે તે યોગ્ય નથી. દીવો અજવાળા માટે નથી. જો તેમ હોત તો દીવા દિવસે કરવા નકામા થયા. અજવાળા ઉપર જાઓ છો પણ મુદ્દો સુગંધ ઉપર રાખવાનો છે. ઇલેક્ટ્રિકમાં સુગંધ નથી, આપણે તો સુગંધને માટે એક દીવો રાખી મૂકીએ છીએ. જે પ્રમાણમાં ઘી બળવાનું તેટલા પ્રમાણમાં સુગંધ ફેલાવાની. એક દીવો કરવો, તેટલી બુદ્ધિ જાળવી રાખી. સુગંધ ઉપર તત્ત્વ રાખ્યું નહિ. સુગંધનો મુદ્દો ન રહેતાં લાઈટનો મુદ્દો થઇ જાય છે.

## શણગાર કરનારે મૂળ ધ્યાનમાં રાખવું જોઈએ

દીપકપૂજા પ્રકાશને માટે છે કે સુગંધ માટે છે? લાઇટ હમણાં થઈ છે, પહેલાં તેલ હતું. તેલના દીવામાં અજવાળું વધારે છે. અજવાળા ઉપર મુદ્દો હોય તો તેલ તો હતું ને. દહેરાં, ઉપાશ્રયના મૂડી-

દારના હાથમાં વહીવટ છે. તેને શોભાની પડી હોય, પણ ધર્મિષ્ઠોને ધર્મની પડી હોય. ઇલેક્ટ્રિક શોભાને માટે કરે છે, ભાવના શી છે? ઘીનું તત્ત્વ સમજ્યો નથી. મોટું દેરાસર, એક દીવો કર્યો, તેથી ચાલે નહિ. લાઈટથી ઘીના દીવાને ધક્કો લાગ્યો છે. જ્યાં પરિણામ ખરું આવવાનું હોય ત્યાં બંધ રહેવું જોઇએ. લાઈટને અંગે ઘણાં દર્શન કરવા આવે છે, એમ જો કહો તો વેશ્યાને નચાવે તો ઘણાં આવે. અહીં લોકોના આવવા ઉપર તત્ત્વ નથી. પ્રભુના દર્શનમાં સુગંધને ઉડાવી તો વાતાવરણ ખરાબ થવાનું. દર્શન કરવા આવવાવાળા પાંચ ટકા મુખ તરફ પણ પંચાણું ટકા રચના કરી હોય તે જોઈને જાય છે. ઓગ્છવમાં મુખ ધારીને જોનારા કેટલા? શણગાર કરનારે મૂળ ધ્યાનમાં રાખવું જોઈએ.

## બંધારણ શું હતું?

૭ વાગે દહેરાસર બંધ થતાં હતાં. હવે તો જૈન શાસનમાં વેશ્યાવાડો થયો છે. કયું સાહિત્ય કોણે વાંચવું, શું પાસ થવાની જરૂર નથી? તીર્થંકરના કહેલાં વચનને આધારે ગણધર ગૂંથે આ બંધારણ હતું. હરિભદ્રસૂરિજી, હેમચંદ્રસૂરિને કહેવું પડયું "**यदाह**" "**तदुक्तं**" આ પૂર્વ ઋષિના વચન છે, અને તેને આધારે મનાતું. અત્યારે તો કાગળ કાળા કરતાં આવડે તે માનીતા થયા. કૂવે કાણું પડયું છે. જો લોટામાં કાણું પડયું હોય તો ફેંકી દઇએ. તેમ મુદ્રણ-કળાને લીધે, અજ્ઞાનતાને લીધે એ બધું થયું છે. દેખેલા પ્રમાણે કરેલી ટીકા બીજા પાસે શોધાવે ત્યારે પાસ થાય. અભયદેવસૂરિ સરખાને માટે આમ હતું. ભગવાનનાં વચન સાંભળવા નથી, નોવેલો વાંચવી છે અને જૈન ધર્મ સમજી લેવો છે, તો તે કેવો સમજાય? વસ્તુસ્થિતિ દેખવી નથી, ભગવાનની આગળ ઇંદ્રાણીઓ નાચે, આવ-વાવાળાનું ધ્યાન બીજે ન હોવું જોઇએ, માટે લોકો દર્શન કરવા આવે છે તેને માટે કરવું તે ધારણા કેટલી અનુકૂળ છે?

### એ બધું ભગવાનનું સ્મરણ કરાવે એવું હોવું જોઇએ

દીપકપૂજાનું પ્રયોજન શું છે? તેમાં ધક્કો લાગે તેવું કરવું જોઈએ? ઘીનો દીવો સ્વાધીન છે. વીજળીનો દીવો ઉત્પાત કરશે, તે તમારા હાથમાં નથી. વીજળી પાંચ મિનિટ બંધ થશે તો દહેરાસર લૂંટાશે. વીજળી દાહક છે. તેના પરિણામે મૂર્તિ ભાગ્યશાળામાં શ્યામ થયેલી છે. કારીગરી, કળા, દષ્ટાંતો એવાં હોય કે જેથી ભગવાનનું સ્મરણ થાય. ઘીના દીવા અજવાળા માટે નથી, સુગંધને માટે છે. સુગંધના દીવાને ધક્કો ન લાગવો જોઇએ. વીજળી પેઠી તો ઉત્પાત થશે એ ચોક્કસ છે. દેહરાસર રાતે બંધ જ રહે એવો નિયમ નથી. અધિકારો છે. રાત્રિજાગરણ, ઓચ્છવ કરે છે. પ્રતિક્રમણ કર્યા પછી દહેરે જાય તે અવિધિ છે એમ કહે છે એ પ્રથા ખોટી છે.

### આરતિનો સમય

આરતી ઉતારવાનો ટાઈમ કયો? પૂજનથી જુદી આરતી કરીએ છીએ. ત્રિકાળપૂજન હોય તો સંધ્યા વખતે આરતી ઊતરે.

### પૂજાજન્માભિષેક આદિ સૂચવનાર

જિનેશ્વરની આંગી શાને માટે છે? લાખોના ઘરેણાં શાને માટે છે? છદ્મસ્થપણાની ભાવના ભાવવા માટે. જન્મ વખતે મેરુ પર્વત પર લઇ જાય તે વખતે મુગટ ચઢાવેલા છે, જન્માભિષેક વખતે વસ્ત્રાભૂષણ હતાં કે નહિ? ઇંદ્ર શું શું ન કરે તે ધ્યાનમાં લો! જેને ભક્તિ કરવી હોય તે વાત ધ્યાનમાં લે. જેમાં ચોકખા શબ્દો ન હોય તેમાં મૌન રહેવું એ શ્રેયસ્કર છે.

---

## વ્યાખ્યાન : ૪૨

### ઈર્ષારૂપી અગ્નિને બાળી નાંખનારી આ વિનિયોગની પ્રવૃત્તિ

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજ ભવ્ય

જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે, ઇતરજીવોને પોતાની માફક કલ્યાણની પ્રાપ્તિ થાય તેટલા માટે પોતે પ્રતિબોધ પામ્યા, દીક્ષા ગ્રહણ કરી, પછી બાર અંગની રચના કરી. ભાવમાં ઉલ્લાસ થઈએ તો બીજા મતવાળાને પણ ઉલ્લાસ હોય છે. કાયાનું અભિનયન દરેક ધર્મવાળાને હોય છે. અભિનયન ધર્મક્રિયા કરે તે વખતે હોય છે. આથી તેને એકલાને ભાવ નથી કહેતા. પ્રણિધિ, પ્રવૃત્તિ વગેરેને કહે છે. છેલ્લો વિનિયોગ ભેદ–જેવું મને ફળ થયું તેવું બીજાને થાઓ તે વિનિયોગ. ઈર્ષારૂપી અગ્નિને બાળી નાંખનારી આ વિનિયોગની પ્રવૃત્તિ છે. ઇંદ્ર ઇંદ્રપણામાં રહ્યો થકો બળી રહ્યો છે. કોઇ તપસ્યા કરે તો એને બળે છે. ઈંદ્રાસનની જમો પર નિંદ્રાસન બોલાવી દે. બીજો કોઈ રખે ઇંદ્ર થઇ જાય. જો ઈંદ્ર સુધી ઈર્ષાની આણ પ્રવર્તેલી છે તો સામાન્ય જીવનું પૂછવું જ શું ? જો પોતાને એક ગુણ મળેલો હોય ને બીજો ગુણવાળો કહેવાય તો ચાર આંખો. શેઠીઆને બીજો શેઠીઓ થતો દેખાય તો ચાર આંખો. હૃદયની હોળીમાં તાપ છે, ઈર્ષાનો તાપ છે. એ તાપને ખરેખર બુઝાવનાર હોય, નિર્મૂળ કરી નાંખનાર હોય તો તે વિનિયોગભાવ છે.

## એથી જ જિનેશ્વરને દીવા સમાન કહ્યા

વિનિયોગભાવની ઉત્પત્તિ જ્યારે ઈર્ષાનો દાવાનળ હોલાઇ જાય ત્યારે થાય છે. **જીવવિચાર**ની અંદર તેમ જ '**नमोत्थुणं**'માં જિનેશ્વરને દીવા સમાન કહ્યા. "**भुवणपईवं वीरं,**" "**लोगपईवाणं**". **શંકા**–દીવા કરતાં સૂર્ય, મણિ વગેરે તેજસ્વી વસ્તુઓ હતી, દીપક શબ્દ શા માટે વાપર્યો ? **સમાધાન**–દીપક શબ્દથી ધ્વનિત કરી શકાય છે કે વિનિયોગ કરવાની સત્તા દીપકમાં છે. સૂર્ય, ચંદ્ર, મણિ, હીરામાં નથી. સૂર્યથી બીજો સૂર્ય ઊભો ન થાય, ગ્રહથી બીજો ગ્રહ ઉત્પન્ન ન થાય, પણ દીવાથી બીજો દીવો થશે. દીવો બીજાને પોતા જેવો કરે. એ તાકાત દીપકમાં છે કે બીજાને પોતાના જેવો કરી દે. પ્રકાશનો છાંટો ન હોય તેવાને જ્યોતરૂપ કરી દે. જિનેશ્વરો જે જીવો એવા

હોય કે જેમાં ધર્મ પામવાની, પાળવાની તાકાત દેખાતી ન હોય, સિદ્ધિના સ્વપ્નાં પણ ન હોય, તેવા જીવોને પોતાની લાઇનમાં લાવી મેલે. મોક્ષપણું પામ્યા, સાધુપણું પામ્યા, એને જ્યોતરૂપ કરી દે તે તાકાત દીવાની છે. જે જીવો ધર્મ પામે છે તે જીવોના હૃદયમાં ઇર્ષાનો છાંટો હોવો જોઇએ નહિ. એને તો એક જ હોય કે સર્વ જીવો કલ્યાણ સાધે કેમ ? વિનિયોગ ઇર્ષાના દાવાનળને ઓલવી દે.

## એમાં જ જૈન મતની શ્રેષ્ઠતા

આ ભાવનાને અંગે ગણધર પ્રતિબોધ પામવાની સાથે બીજાઓને જ્યોતરૂપ કરવા માટે, ધર્મમાં તત્પર કરવા માટે, દ્વાદશાંગીની રચના કરે છે. તેમાં પહેલી આચાર માટે **આચારાંગ**ની, વિચાર માટે **સૂયગડાંગજી**ની અને છટ્ટા માટે **ઠાણાંગજી**ની રચના કરી. જૈન મતની શ્રેષ્ઠતા હોય તો તે લોકોની અબાધાથી. અહિંસા આચરીને કલ્યાણની કોટિ બતાવી માટે તમે નિગોદની વાત કરો તેમાં અમે સમજીએ નહિ પણ સૂક્ષ્મ એકેન્દ્રિયની વાતમાં સમજીએ, તમારા શાસનને વળગીએ છીએ તે "**हितोपदेशात्**" અર્થાત્ હિતના ઉપદેશથી. જ્યાં દેખો ત્યાં અથથી ઇતિ સુધી હિતની વાત, હિત સિવાય બીજી વાત નથી. તેથી સર્વજ્ઞ મહારાજના આપેલા આગમમાં આગળ દેખો, પાછળ દેખો પણ ત્યાં વાત હિતની જ. જે પરીક્ષાને અંગે ઉપયોગી છે તેનો કંટાળો આવે. અહીં પાપનાશની વાત, જ્યાં જુઓ ત્યાં પાપનાશની વાત. શા માટે ? કર્મનિર્જરાને માટે. એક બાજુ પરિગ્રહની છૂટ આપે, બીજી બાજુ પરિગ્રહની નિંદા કરે તેવું અહિં નથી. કોઇ પણ વચનમાં વિરોધ ન આવે તેવું વચન અહીં છે. મતની સત્યતા માની લઇએ પણ અશક્ય હોય તો સત્યતાને શું કરવાનું ? શેષનાગનો મણિ પાણીમાં નાંખીએ પછી તે પાણી આપીએ તો ચાહે તેવો જ્વર હોય તો ચાલ્યો જાય. વાત સાચી, પણ મણિ ક્યાંથી લાવવો ? ચાહે તેવો ઉનાળો હોય, ચંદ્રને લાવીને અહીં બેસાડી દો તો ગરમી ન રહે. સાચી વાત, પણ ચંદ્રને લાવવો ક્યાંથી !

એવી રીતે સર્વજ્ઞે સાચો રસ્તો કહ્યો હોય તેમાં વાંધો નહિ. તેમાં ખોટાપણું ન હોય, પણ વાત જ કરવી અશક્ય હોય તો? તેમ નથી. તેથી જેને મોક્ષની ઇચ્છા હોય તે તે સાધુપુરુષોએ તે રસ્તો ગ્રહણ કરેલો છે.

## સમ્યગ્દૃષ્ટિ મોક્ષ સિવાય કોઈને પણ ઈચ્છે નહિ

**શંકા**–મુમુક્ષુ, સત્, સાધુ ત્રણ શબ્દો શા માટે મેલવા પડયા? સાધુપુરુષોએ ગ્રહણ કર્યો તેથી તે શક્ય અનુષ્ઠાનપણું થઇ જાત, તો ત્રણને લેવાની જરૂર શી? **સમાધાન**–જેઓ અવિરતિવાળા છે પણ શુદ્ધ શ્રદ્ધાવાળા છે; તેમને મોક્ષને છોડીને કશું પણ સાધ્ય હોય નહિ તે મુમુક્ષુ. કહે મોક્ષ જ જોઈએ તે મુમુક્ષુ. કેટલાક એવા છે કે જેને મોક્ષ પણ જોઈએ. જ્યાં સુધી એક પુદ્ગલપરાવર્ત સંસારમાં રખડવાનું હોય, ત્યારે આ પણ જોઇએ–મોક્ષ પણ જોઇએ. પણને બદલે જકાર આવી જાય, મોક્ષ જ જોઇએ. લઉં છું, રાખું છું, વધારું છું, બધું કરું છું પણ તત્ત્વ નથી. સિપાઇ જોડે હોય. કોર્ટ તરફ લઇ જતો હોય, દોડાવીને લઇ જતો હોય તો પણ જવું પડે, તેથી કોર્ટમાં જવાનો રસ થયો છે એમ નથી. મનમાં સમજીએ છીએ કે જાણીજોઇને દંડ ભોગવવા જેવું છે, અંદર રસ નથી. તેવી રીતે આરંભ, વિષય વગેરે ન છૂટયા હોય તે ચોથે ગુણઠાણે. અહિં છૂટી જતા નથી. જેમ મનુષ્યને ખસ ખણવાનું થાય છે. ખસ ખણતી વખત લોહી નીકળવાનું, હેરાન થવાનું ભાન ભૂલી જાય છે, છતાં એમાંનું એકે ખ્યાલ બહાર નથી, વિકારમાં ભૂલી જાય છે પણ ખ્યાલ બહાર નથી, સમ્યગ્દૃષ્ટિ સંસારમાં પટકાયો છે, મોક્ષ સિવાય બીજાની ઇચ્છા નથી છતાં અથડાય છે. ખસને અંગે ખ્યાલ બહાર નથી. વેદના વધશે, બળતરા થશે તે સમજે છે, વિકાર સમજે છે છતાં ચળની વખતે ચૂકે છે, પણ સમ્યગ્દૃષ્ટિ મોક્ષ સિવાય કોઈને પણ તત્ત્વ તરીકે ઇચ્છનારો હોતો નથી.

## મોહનીયની જવાબદારી કર્મ ઉપર જતી નથી

માન્યતા, શ્રદ્ધા અને પ્રતીતિની સાથે વર્તન થઇ જતું હોત, પ્રતીતિ અને વર્તનને આંતરો ન હોત, તો દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય જુદાં રાખવાં પડત નહિ. કેટલાકને પ્રતીતિ હોય છતાં વર્તન ન હોય. જો પ્રતીતિવાળાને વર્તન હોય તો દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય બે ભેદ પાડવા પડત નહિ. અને તે કર્મનું નામ જ મોહનીય ન રાખત। બીજાં કર્મ ઉપર બીજી જવાબદારી છે. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકી દે, મોહનીયની જવાબદારી જ્ઞાનાવરણીય કર્મ ઉપર જતી નથી. મૂઝવે એટલે ઇંદ્રજાળ. પહેલાં દેખીએ કાંઈ નથી, પછી દેખાડી દે છે. દેખનારની આંખો અંજાઇ જાય તેવી રીતે ઇંદ્રજાળિયો કરે, તેમ આત્માને આંજીને આત્મા પાસે કામ કરાવવું તે મોહનીયનું કામ, જ્ઞાનાવરણીય જ્ઞાનને ઢાંકીને બેસી રહે. મોહનીય ઢાંકીને બેસી રહેતી નથી. ઇંદ્રજાળિયાની પેઠે નવું દેખાડે એટલે ઝંપલાવે, જેને વઈ આવે તે પહેલા ક્ષણે સાવચેત, જાણે છે, પડી જાઉં છું. વઈ મટવી જોઈએ. ઘણી દવાઓ ખાધી, વઈ મટતી નથી. જ્યાં વઇ આવી તે વખતે બેભાન. પડયે જ છૂટકો. પાટડો. પથરો પડયો હોય, તેવો જ પડે. તેવી રીતે અહીં જીવ જાણે કે આ કર્મબંધનાં ખાતાં, રખડપટ્ટી થવાની. મોક્ષ દૂર થવાનો, તે જાણે છતાં મોહનો વાયુ ઊછળે. આગળ અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની કષાયો માન્યા. ઉભય વિપાકી કષાયોના પુદ્‌ગલો છે. મૂંઝાઈને પ્રવૃત્તિ થતી હોત તો આત્મવિપાક ન કહેવાત. સિદ્ધો જીવવિપાક જોડે છે. પુદ્‌ગલવિપાક છે. જીવવિપાક છે. જીવને વિપાક વેઠવો પડે છે તો જીવ તદ્‌રૂપે પરિણમે તો શ્રદ્ધાનું શું થાય?

## ઇચ્છા તો મોક્ષની

ખસ ખણતી વખતે વિકાર વગેરે ખ્યાલ બહાર નથી. દર્શનમોહનીયનો ક્ષય થયો હોય તો તેટલા માત્રથી ચારિત્રમોહનીય તૂટી જ ગયું હોય તે નિયમ રહે નહિ. તાત્વિક મોક્ષની ઇચ્છા. ઇચ્છા

મોક્ષની. ખસને ખણતી વખતે ખણનારો મોજ માને છે. કોઇ ખસેડે. તો તે વખતે મારી દે. હાથ પકડે તે કડવું ઝેર જેવું લાગે, પણ ખસ વધારવા કોઇ ઉદ્યમ કરતો નથી. તેલનો ખોરાક ખાઈએ, પાણી પીએ તો ખસ થાય છે, માટે તેવો ખોરાક ખાઇએ એમ કોઇએ કહ્યું ? ખસ ખણવાના વિકારને લીધે રમૂજ માની હોય તો પણ ખસ ઊભી કરવાને કોઇ તૈયાર થાવ નહિ. ચોથે ગુણઠાણે રહેલો આરંભ, વિષય અને કષાયનો ત્યાગ કરી શકતો નથી તો પણ ભવાંતરને માટે આરંભ વગેરેની ભાવના હોય નહિ. અહીં વિષય, કષાયમાં ઓતપ્રોત થઇ ગયેલો છે પણ ભવાંતરમાં મળો એવું સ્વપ્નામાં પણ ન હોય. તેમ મોહનીયને આધીન આરંભ, પરિગ્રહ, વિષય અને કષાય ન છોડી શકે તો પણ તે આરંભ વગેરે ભવાંતરે મળે તેવી ભાવના થાય નહિ. નિયાણું બાંધતી વખતે જીવ માર્ગથી ખસી જાય છે. તે વખતે ઘણે ભાગે મિથ્યાત્વમાં આવી જાય છે. આવતા ભવમાં મેળવવા માગ્યું એટલે ખસ ઊભી કરવાના રસ્તા ખોળ્યા. આખો દિવસ મગફળી સિવાય બીજું ખાતું નહિ, ઉધરસના વિકારને જાણવાવાળો ખસ કે ઉધરસની વેદના વખતે તત્પર થાય નહિ. નવી ખસ ઊભી કરવા માટે, ટકાવવા માટે કોઇ ઉદ્યમ કરે નહિ. સમ્યગ્દર્શન પામ્યો હોય. વર્તમાનમાં વિષય, કષાય વગેરે ન છોડી શકે, પણ ભવિષ્યના વિષય, કષાય વગેરે તરફ લક્ષ ન હોય.

## ચારે મજલ ઓળંગીએ તો મોક્ષ

મોક્ષ જ જોઈએ ત્યારે મુમુક્ષુ. અહીં પહેલી મજલ પૂરી થઇ એમ એક અપેક્ષાએ કહીએ. ચાર મુકામ–મજલ ઓળંગીએ તો મોક્ષ. અનંતાનુબંધીની મજલ. હાજર ઊભેલો ન દેખાય તો તે ખરચો છે એ દેખાતું નથી. અંજનપ્રયોગથી અદૃશ્ય થયેલો હોય તે સાક્ષાત્ ન દેખાય તો છાયા દેખાય. છાયા ન દેખાય તો પણ પગલાં માલમ પડે. અનુમાનથી માની શકીએ કે કોઈ અંજનવાળો આવ્યો હતો. ન દેખાયલો મનુષ્ય ગયેલો છે એમ માલમ પડે છે, તેવી રીતે અનં-

તાનુબંધી અંજનકરણે રહેલું છે. ક્યાં રહ્યું છે, શું કહે છે તે માલમ પડતું નથી. પેલો છાયા કે પગલાં દ્વારાએ માલમ પડે તેમ અનંતાનુબંધી જાય ત્યારે તેનું ચિહ્ન પડે ત્યારે સમજવું કે એક મજલ થઇ. અઢારે પાપને પાપ તરીકે ઓતપ્રોત થઇને માને એ ચિહ્ન. અંજનકરણવાળો ચાલ્યો ગયો તો પણ પગલાં રહ્યાં, તેમ અનંતાનુબંધી ચાલ્યો જાય તેની નિશાની એ કે-સ્વપ્ને પણ પાપસ્થાનક તરફ અનુમોદના થાય નહિ. પાપ તરફ ધિક્કાર એ ધર્મના ચિહ્ન તરીકે શાસ્ત્રકારે રાખ્યું. ઔદાર્ય, દાક્ષિણ્ય અને પાપજુગુપ્સા-પાપના તરફ ધિક્કાર. જર્મનો માનતા હતા કે કિલ્લા તોડયા તેની દરકાર નહિ, પણ શત્રુ તરફ ધિક્કારની નજર તે તૂટી નથી. મન, વચન અને કાયા એ બધી સાધનસામગ્રી મોહરાજા કબજામાં લે પણ મોહની તરફ ધિક્કારની નજર ખસે નહિ તો ધર્મનું ચિહ્ન. અઢારે પાપસ્થાનક તરફ ધિક્કારની નજર થાય ત્યારે પહેલી મજલ પૂરી થઇ સમજવી, પહેલી મજલમાં વધારે વખત ન રહેવાય. એકવાર વાંદરું કાળજું લેવા ઝાડે જાય તે છૂટી જાય, પછી વારંવાર છૂટવા ન પામે. મોહરાજાના સપાટામાં કાળજું ધરે હોય ને આવી ગયો તો એકવાર છૂટે પણ વારંવાર છૂટતો નથી.

## એ સિવાય ત્રીજો રસ્તો નથી

કોઇ પણ સમકિતીને બીજો ભવ પાપથી વિરમ્યા વગરનો હોતો નથી. બીજો એટલે મનુષ્યનો ભવ. ચોથા ગુણઠાણાની સ્થિતિ કાંઇક અધિક તેત્રીસ સાગરોપમ રાખી, અને સમ્યક્ત્વની સ્થિતિ છાસઠ સાગરોપમ અધિક રાખી. શંકા-ચોથે ગુણઠાણે સમકિત. સમકિતની સ્થિતિ છાસઠની તો ચોથા ગુણઠાણાની સ્થિતિ તેત્રીસ કેમ? સમાધાન-જન્મથી આંધળો, લંગડો થયો દીક્ષા ન લઇ શક્યો તો પણ સમકિતીનો બીજો ભવ પાપથી વિરમ્યા વિનાનો હોય નહિ. કાં તો પાપથી વિરમ, નહિ તો સમકિતમાંથી રાજીનામું આપ! બીજા ભવને માટે આ બે શરતો છે. એ સિવાય ત્રીજો રસ્તો નથી. તેત્રીસ સાગરોપમથી

અધિક ચોથા ગુણુઠાણાની સ્થિતિ રાખી છે તે આથી.

## હાજરી આપે તેમાં ભાગ મળે

દેશવિરતિ એ સર્વવિરતિની તાલીમ. સાધુ થવાની નિશાની. છેલ્લાં ચાર વ્રતોનું નામ સાધુપણાની શિક્ષા. **અતિથિસંવિભાગ** એટલે સર્વવિરતિ તરફ એકસરખી ભકિત નથી મળી તેથી સોદો કરે છે. બાનું આપે છે. જે ગુણ નથી મળી શકતો, મેળવવો છે એ ચોક્કસ છે. જેમ અનાજ ખાવા જોઈએ છે, કોઠાર ખાલી છે તો ખેતરમાં વાવેત્તર કરવું પડે. તેમ સાધુતા, સર્વવિરતિ એ ક્ષેત્ર છે. એની અંદર વાવેતર કરું છું. એમના મોક્ષના અનુષ્ઠાનમાં મદદ કરનાર થાઉં છું. દુનિયામાં હાજરી આપે તો તેમાં ભાગ મળે તેમ સર્વવિરતિમાં મદદગાર થાઉં તો ભાગ કેમ ન પડે ? એમાં શિક્ષાવ્રતની શીખવાની વૃત્તિ આવે છે. **શંકા**–સુપાત્રે દાન કરે છે તે શું કરે છે, શું છોડે છે ? **સમાધાન**–દુષ્કર કરે છે, દુસ્ત્યજ છોડે છે. **શંકા**–લોટી પાણી, રોટલીનો ટુકડો આપે તેમાં દુષ્કર શું કર્યું ? શું દુસ્ત્યજ છોડયું ? **સમાધાન**-દશ હજારનો દસ્તાવેજ લખાવ્યો. નીચે સહી કરી. તેમાં શાહી કેટલી વપરાઈ તેની કિંમત કાંઈ નહિ. કલમ ઘસાયાની કિંમત કાંઇ નહિ. આંચકો શાનો આવે છે ? જોખમદારીનો આવે છે. કલમ ઘસાયાનો, શાહીનો આંચકો નથી. લોટી પાણી, રોટીનો ટુકડો આપે તેમાં સંયમની ધારણા થઇ, એ દુષ્કર થયું મમતા છૂટી એ દુસ્ત્યજ થયું, મને સંયમ મળો એ બુદ્ધિથી સંજમવાળાને મદદ કરે છે. આપે છે ટુકડો પણ જે આપે છે તે બધું છોડવાના બહાના તરીકે આપે છે. લાખોની મિલ્કત છોડવી–છોડવાને લાયકનો થાઉં તે માટે આપે છે. ત્યાગમાં મદદ, ત્યાગ મેળવવા માટે આપે છે. રોટીના ટુકડાની કિંમત નથી પણ બાના તરીકે આપે છે તેની કિંમત છે. સંસાર ઉપાધિમય છે. ઋદ્ધિ રખડાવનારી ચીજ છે. મહાત્માને ત્યાગમાં મદદ કરું તો ત્યાગ મેળવનારો થાઉં. આથી લોટી પાણી, ને રોટીનો ટુકડો, સંયમનું બહાનું. આથી અતિથિ-

સંવિભાગને બારમા વ્રતમાં રાખ્યું તે વ્યાજબી છે.

**આઠ વાઘ સમાન આઠ કર્મોને દેખો**

સામાયિક, દેશાવકાશિક, પૌષધ, અતિથિસંવિભાગ એ બધાં સંજમને ખેંચનાર છે. તેને માટે જણાવ્યું છે કે—

" **तत्तायगोलकप्पो पमत्तजीवोऽनिवारियप्पसरो ।**
**सव्वत्थ किं न कुज्जा पावं तक्कारणणुगओ ॥** "

( **श्रा० प्र० गा० २८१** )

એક વખત એક મનુષ્ય જંગલમાં સૂતેલો, જ્યાં જાગ્યો ત્યાં પર્વતમાંથી આઠ વાઘ નીકળી આવ્યા છે. ભયનો શું પાર રહે ! ભાગવા માગે છે. આગળ દેખે તો અંગારા ભરેલી ખાઈ છે પણ કોઈ નસીબજોગે વચમાં લોઢાનું તપેલું પતરું પડ્યું છે. લોઢાના પતરા ઉપર પગ મેલીને ખાઇ વટાવી જવી જોઇએ. આંગળીથી ચાલે તો આખો પગ મૂકવો પડે નહિ. પગ મેલનારને કાંઠાનું દુર્લક્ષ થાય ખરું ? સામટો નથી કૂદી શકતો તેથી વચમાં પગ મૂકે છે. સામટો કૂદી શકે તો પગ વચમાં મૂકે નહિ. જ્યારે સમ્યક્ત્વ પામે ત્યારે મુસાફરી કરતાં રાત પડી હોય, ગમે તેવાં સ્થાને પડીએ. સવાર પડે ત્યારે સૂઝે કયી દશા ! મિથ્યાત્વની દશામાં કર્મોની સ્થિતિ કે મોક્ષનું કારણ માલમ પડે નહિ. બળદ જન્મ્યો. નીર પીએ, ઘાસ ખાય અને જિંદગી પૂરી કરે-હાલતો થાય. તેમ કુટુંબના બળદ જન્મેલા છીએ. કમાઈએ, કુટુંબનું પોષણ કરીએ, જિંદગી પૂરી થઈ, એટલે હાલતા થઈએ. જન્મની ભીંતમાં કાણું છે પણ સૂઝતું નથી. સૂર્યોદય ન થયો હોય ત્યાં સુધી સૂઝે નહિ. પહેલા જન્મથી અહીં આવેલા છીએ છતાં સમ્યક્ત્વરૂપ સૂર્યોદય ન થાય ત્યાં જન્મ તરફ નજર જતી નથી. " **मृतस्य जननं ध्रुवम्** " બંને બાજુની બારી બંધ હોય ત્યારે અંધારી કોટડી છે. સમ્યક્ત્વ વિનાનો જન્મ અંધારી કોટડી જેવો છે. જન્મની વાતોમાં લીન થઇએ છીએ. અંધારી કોટડીમાં કેદ પડેલો કોટડીમાં મુસાફરી કરે છે. જન્મથી મરણ વચ્ચેના બધા

વિચારો કરીએ છીએ, પણ જન્મની પહેલાં શું હતું, મરણ પછી શું થશે તેનો વિચાર આવતો નથી. ઘોર રાત્રિમાં ઝાડોની ઘટામાં સૂતેલો શું દેખે? તેમ જન્મ, મરણની કોટડીમાં ઘેરાયેલો કાંઈ પણ દેખતો નથી. સમ્યક્ત્વ થાય ત્યારે આંખ ઊઘડે, જેમ આઠ વાઘ દેખવામાં આવ્યા તેમ આઠ કર્મને દેખે.

## પ્રતિબંધ તેને પંચાત

આઠ કર્મથી બચવાનો રસ્તો કયો? મોક્ષ. મોક્ષે પહોંચ્યુ તો કર્મના પંજામાંથી બચ્યું. મોક્ષે જવું શી રીતે? જે કોઈ સમકિતી હોય તેની સહાયથી. નવું સમ્યક્ત્વ પામનારો સંજ્ઞી પંચેંદ્રિય સિવાય હોય નહિ. જૂના સમકિતવાળા એકેંદ્રિય વગેરે હોય. જ્યારે નવા સમ્યક્ત્વવાળા સંજ્ઞી પંચેંદ્રિય હોય. તો તે માબાપથી જન્મેલા જ હોય; આથી કુટુંબની અંગારારૂપી ખાઈ વચમાં આવી. હવે શું થાય? ત્યારે ત્યાં આગળ પતરું લોઢાનું, અંગારા કરતાં લોઢાનો દાહ સજ્જડ છે. અંગારામાં પગ મેલાય તો અંદર ઊતરે છે. લોઢામાં સીધો ફોલ્લો થાય પણ અંદર ન ઊતરે. કૂદવાવાળાને જમીન મજબૂત જોઈએ. પાણી હોય તો ફલંગ ન મારી શકીએ. દેશવિરતિ એક અપેક્ષાએ આ મમતાને વધારનાર છે. છૂટે રાખ્યું હોય તો મારા તરીકેનો પ્રતિબંધ ન થાય. વિરતિ રાખીએ તો આટલું ખપે છે. વિરતિ ન હોય તો જે વખતે જે હોય તે ખપે છે. જેને ત્યાગ નથી તેને લીલોતરી સૂકવીને રાખવી પડતી નથી. જેને પ્રતિબંધ હોય તેને પંચાત હોય છે. જે ઊંચી જ્ઞાતિનો હોય તેને પાણી પીતાં ઘર જોવું પડે. મુસલમાન કે ઢેડને ઘર જોવું પડતું નથી. જેને વ્રત, પચ્ચક્ખાણ, દેશવિરતિ હોય તેને તપાસ કરવી પડે, સગવડ કરવી પડે. જાનવરને ઘર પૂછવું પડે નહિ. જે આવે તે ખપે.

## દેશવિરતિવાળાનું લક્ષ સર્વવિરતિરૂપ કાંઠા તરફ

મહેનતનું સ્થાન છે તેમાંથી બચવાનો રસ્તો છે, અવિરતિમાં બચવાનો રસ્તો નથી. તપેલા પતરામાં પગ મેલે તેનું ધ્યેય કાંઠા પર

પહોંચવા માટે. સર્વવિરતિરૂપ કાંઠા તરફ દેશવિરતિવાળાનું લક્ષ હોય. દેશથકી વિરતિ ગૃહસ્થને હોય. સાધુ ધર્મમાં તલ્લીન હોય તેને દેશ· વિરતિ તો હોય જ. પાપની વિરતિ થવી જોઈએ. ચાહે તો સર્વથી કે દેશથી વિરતિ કરો. સમ્યક્ત્વ પામ્યા તે ભવમાં સંજોગને આધીન ન છોડી શકો. બીજા ભવમાં કાં તો વિરતિ કરો નહિ તો સમ્યક્ત્વ જાય આથી તેત્રીસ સાગરોપમ અધિક ચોથા ગુણઠાણાની સ્થિતિ રાખી. સમ્યક્ત્વી જીવે અઢારે પાપસ્થાનકોને પાપસ્થાનક તરીકે માનીને તેની તરફ ધિક્કારની નજર કરી દીધી.

## શેઠ અને ચોર [ ]

પહેલી મજલ. એક શેઠીઆને છોકરો એક. શેઠ ધનાઢ્ય. ચોરે છોકરાનું ખુન કર્યું. કોઈ હતું નહિ એવી જગો પર માર્યો. સરકારે પકડ્યો. સાબિત ન થાય ત્યાં સુધી આરોપી તરીકે કેદમાં રાખેલો છે. શેઠશેઠાણીની એના ઉપર કેવી દૃષ્ટિ હોય! શેઠ ઉપર ગુનો આવી ગયો. શેઠને કેદમાં રાખ્યો. કેદીઓમાં રિવાજ છે કે બે જણ જોડે જવાવાળા થાય તો સિપાઈ જોડે આવે શેઠને ઝાડાની શંકા થાય તે વખતે ચોર કહે તો સિપાઇ આવે. ચોર જાણીજોઇને કહે મારે નથી જવું તો શું થાય? શેઠ શાહુકારીગુનાને અંગે આવેલા છે. ખોરાક ઘેરથી આવે છે. આમાંથી આપો તો ઝાડા વખતે સાથે આવું એમ ચોર કહે. વેરને અંગે દેખીએ તો હદ થઈ ગઈ. બુઢાપામાં છોકરો તેને મારી નાખેલો આ ચોર છે. શેઠને રોજ રોજ થોડું આપવું પડે. શેઠાણીને થયું કે અહીંથી રાંધીને મોકલું તે આવા ચોર જેવાને આપે શેઠ છૂટી ગયા. શેઠાણી જુએ નહિ. શેઠ કહે મારું શું થાય! વિરોધ જાણ્યા છતાં કંઇક કરવું પડે સ્વાર્થ સાધવા માટે. તેમ કુટુંબકબીલો, બધું આત્માના ગુણને ઘાત કરનારું છે. ફસામણ આવી પડી તેમાંથી પોષ્યા વિના પાર પમાતું નથી ખૂનીને, ચોરને ચોગણું આપવું પડે. આખું શરીર એ જ આત્માને અંગે ચોર–ખૂની છે, છતાં આને પોષણ કર્યા વિના ડગલું ચાલી શકાતું નથી.

જીવ કુટુંબ, આરંભ વગેરેમાં પ્રવૃત્તિ કરે છતાં શરીરને ખૂની, ચોર સમજે તો આ અપેક્ષાએ દેશવિરતિ. આને પોષવા પૂરતું પાપ કરવું પડે તો જુદી વાત, ખૂનીને ચોર ધારીને પણ વર્તમાન કાળની સવડ પૂરતું પોષણ કરવું પડે. પોષવા પૂરતું, નવું વેર વધે એવું પોષણ નહિ. માત્ર પોતાની મતલબ સારી દે તેટલા પૂરતું. પોતાની સવડ પૂરી કરી દે તેટલા પૂરતું પોષણ. કુટુંબકબીલાનું પોષણ કરવું પડે પણ તે પોતાને આર્તધ્યાનનો પ્રસંગ ન આવે ત્યાં સુધી આપત્તિથી બચવા માટે, આપત્તિ ચાહે તો ઝાડે જવાની. ચાહે તેમ થાય, મારે તો દાણોએ આપવો નથી પણ આપત્તિથી બચવા માટે આપવું પડે. મારે કુટુંબકબીલો, શરીર, મારું કાંઇ નથી. કોઇને માટે મારે પાપ કરવું નથી આમ થાય તે બીજી મજલ ઓળંગનાર લીધા. સત્–ત્રીજી મજલ ઓળંગનારા સાધુ. એવાઓએ શાસ્ત્રને ગ્રહણ કર્યું છે માટે એમને માનીએ.

ગણધરે દ્વાદશાંગી ગૂંથી. કોઈ પણ જીવના પ્રાણના અતિપાતથી બચવું તે એક શુદ્ધિ થઇ. ત્રણ શુદ્ધિ કઇ તે અગ્રે વર્તમાન.

---

# વ્યાખ્યાન ૪૩

## ઠાણાંગજીની આવશ્યકતા

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી** મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે; મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે, ભાવના પાંચ ભેદોમાં વિનિયોગ નામનો ભેદ કહ્યો છે. પોતાના આત્માને જે લાભ થયો તે બીજાને કેમ થાય તેના પ્રયત્નને અંગે બાર અંગની રચના કરી. તેમાં **આચારાંગ**ની અંદર આચારની, **સૂયગડાંગ**માં વિચારની વ્યવસ્થા કરી, પણ જ્યાં સુધી પદાર્થની ઇયત્તા ખ્યાલમાં ન આવે ત્યાં સુધી આચારવિચારની વ્યવસ્થા સર્વ વ્યાપક થઈ શકે નહિ. તેથી **ઠાણાંગજી**ની રચના શરૂ કરી.

પાંચમા ઠાણામાં પંચ મહાવ્રતો જણાવ્યાં. તેમાં પહેલું મહાવ્રત કયું? પ્રાણાતિપાતથી સર્વથા વિરમવું તે પહેલું મહાવ્રત.

### જૈન ધર્મની અધિકતા શામાં?

પહેલું આ માટે? મૃષાવાદ પહેલું કેમ નહિ? જૈન મતની, જૈન ધર્મની જગતમાં કાંઇ અધિકતા હોય તે હિંસાની વિરતિ દ્વારાએ છે. મૃષાવાદ વગેરેની વિરતિને ઓછી ગણતા નથી. ઓછી નહિ ગણવા છતાં જે પહેલું સ્થાન આપવામાં આવે છે તે તો પ્રાણાતિપાતવિરતિને જ.

### પ્રાણાતિપાતવિરમણને અંગે જૈન શાસનનું લોકોત્તરપણું

જિનેશ્વરની માન્યતા રાખવામાં પ્રબળ સાધન ગણીએ તો તે છકાયના જીવોની રક્ષા છે. રાગદ્વેષ ટાળવાનું દરેક આસ્તિક કહે છે. ક્રોધ, માન, માયા અને લોભ ટાળવાની વાતો દરેક આસ્તિક કરે છે, જૂઠ, ચોરી અને પરિગ્રહ ટાળવાની વાતો દરેક આસ્તિક કરે છે તો પછી લોકોત્તરપણું શામાં? જૈનશાસનનું લોકોત્તરપણું શામાં છે? લોકોત્તરપણું તપાસીએ તો પ્રાણાતિપાતવિરમણને અંગે છે. આટલાં બધા આસ્તિક મતોનાં શાસ્ત્રો છતાં એકેમાં છકાયના નામ સરખાય નથી. જેમાં છકાયની દયા નથી, જેણે છકાય જાણ્યા નથી, માન્યા નથી, જાહેર કર્યા નથી તે માણસ છકાયની હિંસા ન જાણે, જે છકાયની હિંસા ન જાણે તેને ઘા લાગ્યો હોય તે વખતે લોહી દેખીને ચીતરી ચઢે, પૃથ્વીકાય વગેરેનો નાશ તે વખતે જીવની હેરાનગતિ છે કે નહિ? ત્રસ જીવને અંગે હેરાનગતિની સ્થિતિ લક્ષમાં આવી જાય છે તેવી રીતે એકેંદ્રિયની હેરાનગતિ લક્ષમાં આવતી નથી. લોહીની ચીતરી છે, જીવની નથી, ત્રસકાયને અંગે કોઈ અંશે દયા છે. સ્થાવરને અંગે તો માન્યતા ધરાવી નથી. જાણ્યા નથી, તો પછી છકાયની હિંસા જાણવી, માનવી બને કયાંથી?

### લૌકિક દૃષ્ટિમાં અને શ્રાવકધર્મમાં ફેર

શંકા—શ્રાવકની લોકોત્તરદૃષ્ટિ ગણવી કે નહિ? શ્રાવકનો ધર્મ

ત્રસકાયની જયણા ઉપર. નિરપરાધી ત્રસકાયને ન મારવો, તે જાતનું પચ્ચક્ખાણ-વ્રત છે, તો તે લૌકિકદૃષ્ટિ કહેવીને ? સ્થાવરના બચાવની વાત નહિ. **સમાધાન**–બેશક લૌકિક દૃષ્ટિ ગણવી. શ્રાવકની સ્થિતિ એકલી ત્રસકાય પરત્વે રહે પણ સ્થાવરકાયની દયા ચાલી જાય તો શ્રાવકનો ધર્મ લૌકિક થઈ જાય. સ્થાવર જીવોથી નિરપેક્ષ બુદ્ધિવાળો, સ્થાવર જીવોની હિંસા નહિ માનનારો તે શ્રાવકના ધર્મમાં નથી. પચ્ચક્ખાણ ત્રસજીવને જાણીજોઇને નિરપરાધીને અપેક્ષા વગર મારવો નહિ તેવાં કરે છે. સ્થાવરની હિંસામાં પાપ નથી એમ માનતો નથી. સ્થાવરની હિંસા થઇ, કંઇ નહિ, ફિકર નહિ, અડચણ શી ? એવી બુદ્ધિ થઇ જાય તો લૌકિક દૃષ્ટિ થઇ જાય. લૌકિક દૃષ્ટિમાં અને શ્રાવકધર્મમાં આ ફેર છે. સ્થાવરની હિંસા વર્જવા લાયક તો લાગી છે પણ વર્જી શકતો નથી. પચ્ચક્ખાણ નથી લઇ શકતો પણ સ્થાવરની હિંસા ડૂબાડનારી છે એમ તો માને છે. ગુણવ્રતો સ્થાવરની દયાને માટે છે.

## દિશાપરિમાણ તો નાગકુમાર સમાન

દિશાનું પરિમાણ કરીને કામ શું ? દિશાનું પરિમાણ કરો કે ન કરો, ત્રસજીવની હિંસાના પચ્ચક્ખાણ તો ચાલુ જ છે ને ? પાલીતાણા પુરતાં જીવહિંસાના પચ્ચક્ખાણ કરું છું એવું તો બોલ્યા નથી ને ! અહીં હોઉં બીજી કોઇ પણ જગો પર હોઉં, નિરપરાધી જીવને નહિ મારવાનાં પચ્ચક્ખાણ છે માટે દિશાપરિમાણ કરવાની જરૂર. ત્રસની હિંસાનાં તો પચ્ચક્ખાણ છે પછી દિશા પરિમાણ કરે કે ન કરે તો શું ? બંને જગામાં પચ્ચક્ખાણ છે. જે સ્થાવરની હિંસા છૂટી છે તેની પણ બંધી. એટલે ત્રસની હિંસા છૂટી છે તેમાં ના નહિ પણ લોભનો થોભ કરવાને દિશાનો પ્રતિબંધ કર્યો. લોભસમુદ્ર ઊછળી રહ્યો છે. જ્યાં જ્યાં લાભ દેખે ત્યાં ફરી વળે. દરિયો વગર રોકટોકે જેટલી જગો પર ઘુસાય તેટલી જગો પર ઘૂસી જાય છે. જેમ નવા નવા સંકલ્પો ઊઠે છે તેમ દરિયામાં મોજાંઓ ઊઠે

છે, તેને દબાવનાર કોઈ નાગકુમાર છે પણ આ મોજાંને દબાવનાર કોઇ નથી. લોભસમુદ્રના મોજાંને દબાવવા માટે સાધન હોય તો તે દિશાપરિમાણ છે.

## દરિયાના ઉછાળા રોકવાનો રસ્તો બંધ

કાંઠો બંધાઈ ગયો હવે મોજાંને કૂદવું હોય તો કૂદે. દરિયાને બાંધી લીધો હોય તો મોજાં ભીંતે અથડાય, આગળ વધે નહિ. જેમ બંદરમાં સુખે રહેવા માટે બંધ બાંધે છે, તેમ આત્માની પરિણતિમાં સુખે રહેવા માટે લોભરૂપી ઉછાળાને દિશાપરિમાણથી બાંધે છે. દરિયાના ઉછાળા રોકયા જાય તેમ નથી. દરિયાના ઉછાળાને રોકવાનો રસ્તો બંધ છે તેવી રીતે આ લોભદરિયાનો ઉછાળો બીજી કોઇ રીતે રોકાય તેવો નથી. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોએ દિશાપરિમાણનો બંધ કહેલો, તે બંધ કર્યો તો લોભનો દરિયો રોકાઇ ગયો, મોજાં આગળ ચાલવાનાં નહિ. સર્વથા એમ નથી. કારણ ? સર્વથા કહેવા જઇએ તો ગુણવ્રતની વ્યુત્પત્તિ કરી છે કે ઉચ્ચરેલા પાંચ અણુવ્રતો અંગીકાર કરેલી સ્થૂલ હિંસા વગેરેની વિરતિ તેના ફાયદાને માટે, ગુણને માટે ઉચ્ચરેલાં તો આ વ્રતો છે.

## ઘરધણીનો સાંઢ સીધો ખીલે આવે

અણુવ્રતોમાં કયો ગુણ ? બહાર જે સ્થાવરની હિંસા મારે છૂટી છે, પચ્ચક્ખાણ નથી લીધાં, તે માટે ક્ષેત્ર થકી તો પચ્ચક્ખાણ કરનારો થાઉં. જેણે દિશાનું વ્રત લીધું તેણે ક્ષેત્ર થકી સ્થાવરની હિંસાને અંગે દયા ન હોત તો વાડ બાંધવાની જરૂર શી ? જાનવરનો ભય ન હોય, જાનવરની માન્યતા ન હોય ત્યાં ક્ષેત્રમાં કોઇ વાડ કરતો નથી. સ્થાવરની હિંસાને હિંસા તરીકે ન માનતો હોત તો દિશાપરિમાણ કરત જ નહિ. સ્થાવરની હિંસા દ્રવ્ય થકી ન છૂટી શકી તે ક્ષેત્રથી છોડવી શકય છે તે છોડું તે દિશાવકાશિક આ ક્ષેત્રને માટે. ભોગોપભોગપરિમાણ–ભોગોપભોગપરિમાણ એટલે સ્થાવરની હિંસા છૂટી હતી તેના ઉપર અંકુશ. ત્રસ જીવની દયા તો પહેલા વ્રતમાં કરી

લીધેલી. જે ત્રસમાં આરંભથી છૂટી તેનો બંદોબસ્ત. આટલા સિવાય મારે કરવું જ નહિ કે જે સંકલ્પ નકામા થાય છે તેને માટે ક્ષેત્રાંતરની હિંસા રોકવા દિશાપરિમાણ. ક્ષેત્રની હિંસામાં ભોગોપભોગ. **ક્ષેત્રને અંગે નિયમિતપણું ન હોય તો મહાજનનો સાંઢ.** ધરધણીનો સાંઢ સીધો ખીલે આવશે. જે ક્ષેત્ર રાખ્યું છે તેમાં નિરંકુશપણે વર્તનારા માટે ભોગોપભોગપરિમાણથી બંદોબસ્ત કર્યો. મન માને તેમ ખાવું, મન માને તેમ ફરવું, તેને માટે ભોગોપભોગ નિયમિત કર્યા. ભોગોપભોગ નિયમિત કર્યા છતાં કેટલીક વસ્તુ વગર ઉપભોગે દંડ લેવાનો બહુ છે. જેમ કાયાથી ટેવ પડી ગઇ છે તેમ વચનથી ટેવ પડી ગઇ છે. નુકશાન થતું હોય તો સામાયિકમાં બેઠેલાનું ચિત્ત જાય છે. નથી બોલવું છતાં બોલી જવાય છે.

## કર્મ રહેવાવાળી ચીજ, ઉદ્યમ તો નાશ પામવાવાળી ચીજ

કાયાના વ્યસનને અંગે નીસરણીનો દાખલો. મનમાંકડાનું વ્યસન વિચિત્ર છે. નસીબમાં જે હશે તે થવાનું છે એમાં આપણો ઉદ્યમ રતીભર કામ કરવાનો નથી. ધર્મિષ્ઠને ઘેર ઉપજવું તેમાં તમારા હાથમાં અંશ પણ નથી. આ ભવમાં ઉદ્યમને જરા આગળ લાવી શકો છો, પણ ભવાંતરમાં ઉદ્યમને આગળ લાવી શકો તેમ નથી. દલાલ વિના કાંઇ બની શકે તેમ નથી. માલ વિના દલાલ વેપાર કરાવી દેતો નથી. દલાલ વિના વેપાર થતો નથી. માલ વિના દલાલ આંગણે ચઢતો નથી. દલાલનું કર્મ, ઉદ્યમ અમારો. મુખ્યતા દલાલની. દલાલ જો ધારે તો બીજું જ કરે. માલ વગરનાને ઊંચો લાવે, માલવાળાને બેસાડી દે. આ દલાલની શક્તિની વાત છે. ઉદ્યમ તો આજ જિંદગીમાં નાશ પામવાનો. આજ દાન દીધું, પલક પછી શું છે? ઉદ્યમ તો ક્ષણનાશી છે. ઉદ્યમ ટકવાવાળી ચીજ નથી. જે ઉદ્યમ થતા જાય છે તે નાશ પામે છે. ક્રિયાકાળ ક્ષણિક, કર્મકાળ સિત્તેર સાગરોપમ સુધી. કર્મ રહેવાવાળી ચીજ છે, ઉદ્યમ નાશ પામવાવાળી ચીજ છે. આ જિંદગીને અંગે ઉદ્યમને આગળ કરી શકીએ.

## જોયા વિના વિચારને અવકાશ નથી

કર્મ શું? અમારો ઉદ્યમ કરવાવાળાઓને સમજાવી શકીએ કે ઉદ્યમ સવળો અવળો થાય છે. મૂર્ખા હોય, ધંધામાં પડે, લાખો કમાય છે. વકીલ, બેરિસ્ટરો થપ્પડ ખાય છે. ઉદ્યમ સવળો, અવળો બોલીશ? ઉદ્યમને અવકાશ છે પણ જ્યાં તારી પાસે ઉદ્યમનું સાધન નથી, જ્યાં ઉદ્યમને માટે વિચારને અવકાશ નથી, વિચારના સાધનો નથી, વિચાર કરી શકાય તેમ નથી ત્યાં શું કરવાનો? ભાડાનું ઘર લેવું હોય તો પાંચ ઘર જોઈએ, તેમ ઉપજવાનાં કયા સ્થાનો જોઈ રાખ્યાં! પસંદગી તમારે આધીન ક્યાં છે? જોયા નથી તો વિચારને અવકાશ નથી, તમારો ઉદ્યમ દાન, શીલ, તપ અને ભાવની વિરતિ કરી તેમાં ખરો, પણ ત્યાં લઈ જવા માટે ફક્ત કર્મ દલાલ. તૂટેલો આસામી હોય તો દલાલ ટકાવી શકે છે. ઘરના ધીરીને ઊભો રાખી શકે. જ્યાં તારો વિચાર, ઉદ્યમ ચાલે તેમ નથી, જેની તને ખબર નથી, તે કાર્ય કરી દે તે કોણ? કોઈ પણ એમ ન કહી શકે કે મે મારા માબાપને પસંદ કર્યા, પછી જન્મ લીધો છે, ભાઈને પસંદ કરીને ભાઈ તરીકે આવવા દીધો છે. જઈ આવે તો પણ ખબર નથી કે કેવું છે સ્થાન? આ ભવની અપેક્ષાએ તેં માબાપને પસંદ કરીને લીધા છે? આખી જિંદગીનો આધાર, એને તો આપણી પસંદગીથી લેવાના નથી. માબાપને આધારે આખી જિંદગી. બચ્ચાં થયાં તેને આખી જિંદગી નિભાવવાનાં. તેમાં આપણા ઉદ્યમને અવકાશ નથી. જગતસ્થિતિમાં ઉદ્યમવાદને આગળ કરનારા ભીંત ભૂલે છે. ધર્મની સ્થિતિમાં કર્મવાદને આગળ કરનારા ભીંત ભૂલે છે.

## ધાર્મિક અનુષ્ઠાનોમાં ઉદ્યમ જ આગળ કરવો જોઈએ

શુક્લપક્ષી કોણ? ધાર્મિક અનુષ્ઠાનોમાં ઉદ્યમવાદી તે શુક્લપક્ષી, જે કર્મવાદી તે કૃષ્ણપક્ષી. ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ભાવ તે ધર્મ છે. આત્માનું ચઢવું આવરણભૂત કર્મોના ઉપશમ વગેરેથી થાય છે, પણ તે કર્મના ઉદયથી બનતું નથી. ધાર્મિક અનુ-

ષ્ઠાનોમાં કર્મને આગળ કરીએ તો શુકલપક્ષીપણું ઊડી જાય. ઉદ્યમજ આગળ કરવો જોઇએ.

## કર્મ સિવાય જૈન શાસનને કોઈ શત્રુ નહિ

જૈનોનું બચ્ચું " **નમો અરિહંતાણં** "થી અજાણ્યું નહિ હોય. શત્રુને હણો, શત્રુ તમારા ન માની લેશો. જર્મનપ્રજાનો બચ્ચો બોલે –શત્રુને ઝેર કર્યા વિના ન રહું. તે વાક્ય ફ્રેંચો શત્રુ છે તેને જ લાગુ પડે. એવી રીતે ફ્રેંચો અને જર્મનોને પરસ્પર જાતિવેર કહીએ તો ચાલે. ઉંદરનો કાળ આવ્યો એમ બોલીએ તો બિલાડો બોલવો ન પડે. તેમ અહીં કર્મને અંગે શત્રુ શબ્દ લાગુ થાય કર્મ સિવાય બીજા કોઇને અંગે શત્રુ શબ્દ લાગુ કરવો તે જૈન શાસનની શત્રુતા છે. કર્મ સિવાય જૈન શાસનને કોઇ શત્રુ નથી. જેટલાં સંસારનાં કારણો, તેટલાં જ મોક્ષનાં કારણો. જુદાં જુદાં નહિ, તેનાં તે જ. જે સંસારનાં કારણો તે જ મોક્ષનાં કારણો. આખું જગત્ નથી તો ધર્મિષ્ઠોના મિત્રોમાં, નથી ધર્મિષ્ઠોના શત્રુમાં. યથાસ્થિત ભાન પ્લેન ( plain ) કાચ હોય તો જ થાય. શુભ પરિણતિમાં જાય તો નિર્જરાનાં કારણો, અશુભ પરિણતિમાં જાય તો બંધનાં કારણો.

## ઉદ્યમ જ ડ્રાઇવર તરીકે જોઇએ

**શંકા**–દુનિયામાં કોઈ જીવ દુઃખને નોતરું દેવા તૈયાર **નથી** દરેક જીવ સુખ મેળવવા માગે છે. આત્માનું કર્યું થઈ જતું હોય તો સકલ જીવો સુખમાં હોય, પણ દુઃખ તો નજરે દેખીએ છીએ. દુઃખ મેળવવા કોઇ માગતું નથી, તો દુનિયા દુઃખમાં ડૂબેલી કેમ? **સમાધાન**,–ઉધરસનો દરદી ઉધરસ ચઢે તે વખતે તેલ, ખટાશ ઉપર શાપ વરસાવે છે, અને જીભની નિંદામાં બાકી નથી મેલતો. દાક્તર આવે છે, તેલ, મીઠું, મરચાંની મનાઈ કરે છે, કુટુંબો સાંભળે પણ જમવા બેસે તે વખતે શું થાય? વૈદ્યનું કહેલું કેમ કોવાઇ ગયું? ખ્યાલમાંથી બહાર ગઇ છે પેલી રાત્રિની હેરાનગતિ. કુટુંબનું કહેલું કોવાઇ ગયું નથી પણ ચાર આંગળની દલાલણ એ રાંડ એવી લુચ્ચી છે કે

માલ વેચવાવાળો વેચવા માગે છે, લેવાવાળો લેવા માગે છે દલાલણનું પેટ ભરાતું નથી, તેથી બંનેને રખડાવે છે. આ દલાલણનું પૂરું ન થાય તો બંનેને રખડાવે છે. એનું ભરાય તો આ મરે કે પેલો મરે તેની એને ફીકર નથી. દલાલી પાકે તેટલું કામ છે. સારો સ્વાદ મળે તો પછી પેટ ફાટી જાય, ઝાડા થાય, તાવ આવે, અજીરણ થાય તેની ફીકર નહિ, રાતની વેદના જીભ ભુલાવી દે છે. વૈદ્યનું વચન ભુલાવી દે છે. ભાન ભૂલાવશે? ભિક્ષુકું, બેસ બેસ, બહુ ડાહ્યો નહિ થા, ખાઈએ તો મરી જઈએને? એ તો એ ખાઈને રાતે રોવાનો છે. વૈદ્ય કહે કેમ ખાધું? ખાય નહિ ત્યારે શું મરે? હેરાનગતિ કોને ગમી છે? કોઈને નહિ, છતાં જીભ હેરાનગતિના હવાડામાં નાખી દે છે. આ પાંચે ઇન્દ્રિયોના વિષયો જ્યાં એકઠા થાય ત્યાં શું થાય? ધારણા ઘણી સુખની હોય પણ પાંચ પોતાના પોષણને સંભારે. આત્માના સુખને આ પાંચ પાપીઓ જોવાવાળા નથી દરેક છોકરાને પાસ થવાની, સારા માર્ક મેળવવાની ઇચ્છા હોય, છતાં જ્યાં રમતના ચાળા વચ્ચે આવે ત્યાં શું થાય? રમતના ચાળા વચ્ચે આવવાથી સારા માર્ક મેળવવાની ઇચ્છા હવાઈ કિલ્લા જેવી થઈ જાય છે. સુખ મેળવવાની ઇચ્છા છે પણ પાંચ પાપીઓ આવે ત્યાં શું થાય? દાટ વાળે છે સુખ મેળવવાનું હાથમાં છતા પાંચ પાપીના પંજામાં સપડાય ત્યાં શું થાય! આગલા ભવને માટે, ઔદયિક વસ્તુ માટે, દુનિયાદારીની ચીજો માટે, કર્મના ડ્રાઈવરથી ચાલે છે, ધર્મને અંગે વિચારીએ તો કેવળ ઉદ્યમ જ ડ્રાઈવર તરીકે જોઈએ. જૈન શાસનમાં પહેલે પગથિયેથી એ ગળથૂથી છે, એક જ શત્રુ છે, કર્મ શત્રુ છે. કર્મને છોડીને બધાની સંભાળ. કર્મને અંગે અસંભાળ.

## રાગના બંને પક્ષમાં સર્ટિફિકેટ, દ્વેષના એક જ પક્ષમાં

જૈન શાસનમાં દ્વેષની પીઠ થાબડી–શાબાશ! તે કર્મ પ્રત્યેના દ્વેષની. અજ્ઞાન, અવિરતિના દ્વેષની પીઠ થાબડી છે. એક દ્વેષને ખિતાબ મળે છે. દ્વેષ છે છતાં ખિતાબ મળે છે. શાબાશ. કહી પીઠ થાબડી

ક્યા દ્વેષની પીઠ થાબડી ? કર્મની સામે કટાક્ષવાળા દ્વેષની કર્મને કશ્મલ તરીકે સમજનારો દ્વેષ, એવી જ રીતે રાગને શાબાશી આપી છે. સરકાર ચાંદ આપે છે. પૂર્વે જેમ જમીનની માલિકી આપતા હતા તેમ હમણાં આપતા નથી. વડો પ્રધાન થઇ જાય તો પૂછડું વધારી આપે, ઇંચ જમીન ન આપે. દ્વેષને શાબાશી આપે. ઊંચો, જરૂરી, મારો ખાસ કહી દે. વડો પ્રધાન ચૂંટણીમાં હારી જાય તો ઘેર બેસવાનો ચોથા ગુણઠાણાથી અગિયાર અને ચોથેથી બાર, તેરની વાત. રાગદ્વેષ અહીં નહિ. જે રાગદ્વેષની મદદથી દસમા સુધી પહોંચે છે તેને ધક્કો મારે છે. સાજા થયા તે દવાના પ્રતાપે. સાજા થયા પછી દવા પીએ તે ઘેલો. દવા સારા થવાના મુદ્દે, પીવાના મુદ્દા તરીકે નહિ. બારમે ગયા ત્યાં દવાનો બાટલા કોણ પીએ, દ્વેષનો એક પક્ષ જિનેશ્વરે રાખ્યો, ત્યારે રાગના બે પક્ષ રાખ્યા. રાગનું સ્થાન ગુણ, ગુણી બંને; પણ દ્વેષના સર્ટિફિકેટની વાત થાય ત્યાં અવગુણ ઉપર દ્વેષ કરો તો સર્ટિફિકેટ. અવગુણી ઉપર દ્વેષ કરો તો સર્ટિફિકેટ નહિ. **नमो नाणस्स** કહીએ. પંચપરમેષ્ઠી ગુણી, સમ્યગ્દર્શનાદિ ગુણો. તે બંને ઉપર રાગ ધરીએ તેનું સર્ટિફિકેટ. જે અવગુણી છે તે તો રાગના વિષયમાં નહિ તેમ દ્વેષના વિષયમાં પણ નહિ. અવગુણ એકલો જ દ્વેષનો વિષય છે, પણ અવગુણી તરફ તો કારુણ્યભાવના. અવગુણી એ દયાનો વિષય. દયાના વિષયમાં ન આવે તો ઉપેક્ષાનો વિષય. આથી રાગના બંને પક્ષોમાં સર્ટિફિકેટ, દ્વેષના એક પક્ષમાં સર્ટિફિકેટ, રોગ ગયા પછી દવા લેનારો મૂર્ખ, **ગૌતમસ્વામીજીએ** તાપસોને કહ્યું–ભગવાનને વંદન કરો ! તેમાં આશાતના. કેવલીની આશાતના ન કર ! સોટી ઠોકી. સાજો થયા પછી દવાનું બીલ શેઠ પાસે માગવા જાય તો ધક્કો ખાય. ક્ષીણમોહની પછી પ્રશસ્ત રાગ કે દ્વેષની જરૂર નથી. સંસારીને કર્મને અંગે દ્વેષ જરૂરી છે તેથી જૈન શાસનનો પાયો નંખાયો ત્યારથી કર્મ શત્રુ એ નીમ–નિયમ જ રાખ્યો.

## છૂટાં રાખેલાંને કબજે લેવા માટે ગુણવ્રતો

લોકોત્તર દૃષ્ટિમાં પ્રભુતા કર્મ તરફ છે. ધર્મનું કાર્ય કરનારે ઉદ્યમને ભરોસે જવું-કરવું જોઈએ. હું કરું ન કરું તેટલી ખામી. ઉપદેશપદમાં હરિભદ્રસૂરિએ જણાવ્યું કે ધાર્મિક દૃષ્ટિમાં ઉદ્યમવાદી તે શુકલપક્ષી. છેલ્લામાં છેલ્લે ઉદ્યમ પાંગળો થઈ જાય છે. કર્મ જ જવાબ દે છે. શું પોતાનાં છોકરા છોકરીને પસંદ કરીને લાવ્યો છે! કર્મદલાલે દીધાં તેવાં મળ્યાં. ઉદ્યમને ત્યાં આગળ અવકાશ ઓછો છે. ઉદ્યમને અંગે ભોગોપભોગનું વ્રત કહ્યા છતાં આવતે ભવે આમ મળજો! સુતારનું ચિત્ત બાવળીએ. કોનું ખેતર અને કોનો બાવળીઓ! તેમ આ જીવ-પારકાએ ઘર ચલાવ્યું ઠીક થયું, આમ કર્યું હોત તો ઠીક થાત, સારું થયું, ખોટું થયું આ શા માટે? તને કાંઈ મળવાનું નથી. તારા જરૂરના ઉદ્યમ સિવાય જે મનથી ભવાંતરને માટે વિચાર કરે, વચનથી બોલે, કાયાથી બનાવે બંધ તે ત્યાં કરવા જોઈએ તેનું નામ અનર્થદંડવિરતિ, સ્થાવર જીવને વિચાર થતા હોય નહિ, તેથી તે સંબંધી બંધ તેને નથી. ખેડૂતને નવરો બેઠેલો દેખ્યો, તું એદીની પેઠે બેઠો છે, ખેતર ખેડ! આ અનર્થદંડ. ઉપર જણાવેલું કરવું જોઈએ એવું કહેવાવાળો, આ ધર્મ, આ ફરજ આમ કહેવાવાળો, સાચી શ્રદ્ધા, આચાર ધરાવી શકતો નથી. જ્યારે અનર્થદંડની વસ્તુ સમજવામાં ન આવે તો સાચું જ્ઞાન, સાચી શ્રદ્ધા ક્યાંથી આવે? ગુણવ્રતો જે છૂટું રાખેલું તેને કબજે લેવા માટે છે. જો સ્થાવરની હિંસાની પ્રતિજ્ઞાવાળો નથી પણ બેદરકારીવાળો તો નથી. નિરર્થક હિંસા તો સ્થાવરોમાં પણ ન કરે. મોક્ષને ઇચ્છવાવાળો શ્રાવક સ્થાવર જીવોમાં પણ નિરર્થક હિંસા ન કરે. ભલે સ્થાવરની હિંસા વર્જી ન શકાઈ, પણ છકાયની દયાથી નિરપેક્ષપણે રહેલો નથી. હિંસાની વિશેષ વિરતિને અંગે લોકોત્તર દૃષ્ટિ, તેથી હિંસાની વિરતિ એ પહેલું મહાવ્રત.

# વ્યાખ્યાન : ૪૪

## ઇયત્તા વિનાની આચારવિચારની વ્યવસ્થા નકામી

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે, પ્રતિબોધ પામ્યાની સાથે, સંયમ લીધાની સાથે બાર અંગની રચના કરી. પહેલા અંગમાં આચારની વ્યવસ્થા કરી. બીજા અંગમાં વિચારની વ્યવસ્થા કરી. જ્યાં સુધી ઇયત્તા ન આવે ત્યાં સુધી આચારવિચારની વ્યવસ્થા કામ લાગે નહિ તેથી ઠાણાંગજીમાં વર્ગીકરણ વિચાર્યું. અને પાંચ મહાવ્રતો પાંચમા ઠાણમાં જણાવ્યાં.

### એકનું ઉલ્લંઘન થાય તો પાંચેનું ઉલ્લંઘન

પહેલું મહાવ્રત કયું ? આખી નાતને જમાડવી હોય, તો કોઇ પહેલો જમી જાય, કોઈ બીજો જમી જાય તેમાં તત્ત્વ નથી, પણ મુખી હોય તેને પહેલો જમાડવો જોઈએ. પાંચ મહાવ્રતો તો મહાવ્રતો તરીકે એકસરખાં છે. એકના અતિક્રમણે પાંચેનું અતિક્રમણ. બીજાના ઓળંગવાથી પાંચેનું ઉલંઘન. માળાનો મણકો જ્યાં તૂટે ત્યાં ખરાબ, માળા તૂટી ગણાય, એકસો આઠ મણકામાંથી જે જગો પર તૂટે તે જગો પરથી પણ માળા જ તૂટી એમ ગણાય. તેમ મહાવ્રતમાંથી એક પણ મહાવ્રતનું ઉલંઘન થાય તો પાંચેનું ઉલંઘન. પાંચે મહાવ્રતોમાં બધાં મહાવ્રતો સરખા છતાં, અતિક્રમણ એકનું થાય તો બધાનું થાય. આમ છતાં પણ પ્રાણાતિપાત–વિરમણ મુખ્ય છે.

### પહેલું મહાવ્રત રક્ષણીય, બાકીનાં બધાં રક્ષક

એ પાંચમાં પહેલું મહાવ્રત રક્ષણીય છે. જેમ ખેતરમાં અનાજ રક્ષણીય, વાડ એ રક્ષક. જેમ ક્ષેત્રને અંગે અનાજ રક્ષણીય તેમ પ્રાણાતિપાત વિરમણ રક્ષણીય છે અને મૃષાવાદ વગેરે ચારે મહાવ્રતો

રક્ષક છે. " **अस्य संरक्षणार्थं** " સત્યાદિક વ્રતો અહિંસાના પાલન માટે છે. વાડ પાકી કરી, વાડો બંધ કર્યો, આખલો અંદર રહ્યો. જો રક્ષણીય ઊડી જાય તો પછી રક્ષક શું કરે ! તેવી રીતે જેને પ્રાણાતિપાત વિરમણનું યથાસ્થિત રક્ષણ નથી, તેને સત્યાદિનું રક્ષણ આખલો બલીને રક્ષે એના જેવું છે; માટે પ્રાણાતિપાત વિરમણને પહેલું મહાવ્રત કરવાની જરૂર.

## છકાયના જીવો માનવા એટલે જૈન શાસન

જૈન શાસનની લોકોત્તરતા પ્રાણાતિપાત-વિરમણને અંગે છે, કારણ અન્ય મતવાળાઓ જીવની પૂરી સ્થિતિ જાણી શક્યા નથી. માત્ર ત્રસકાયને જીવો તરીકે જાણ્યા છે. તેથી તેની દયાની કાંઈક વાત કરી. સ્થાવરને જાણ્યા નથી તો દયાની વાત તો કહે શાના ? છકાયના જીવો માનવા એટલે જૈન શાસન, જૈનપણું, લોકોત્તરપણું. એ જ સમ્યક્ત્વ. પૃથ્વીકાય વગેરેને કોઇ પણ મતવાળો જીવ તરીકે માનવા તૈયાર નથી. પૃથ્વીકાય વગેરેને જીવ તરીકે મનાવતો હોય તો તે જૈન શાસનનો પ્રભાવ છે. જૈની થનારે સ્થાવરકાયને જીવ તરીકે માનવી જોઇએ.

## નજરમાં ન આવતી ચીજ કસોટી લાવી શકે

પહેલા મહાવ્રત પર જૈન શાસનની જડ. ધર્મની પરીક્ષા કરવા, શાસ્ત્રોની પરીક્ષા કરવા માટે કસોટી શાસ્ત્રકારોએ રાખી છે. કસોટી કોઈનો પક્ષ ન કરે. આ કસોટી તારા ઘરની છે એમ કોઈ બોલી શકે નહિ. પોતાના માલિકનું પિત્તળ હોય તો કસ ન લે, દુશ્મનનું સોનું હોય તો કસ લે. તારા ઘરની કામ ન લાગે, મારાય ઘરની કસોટી કામ લાગે એમ નથી. સોનાના ટચનું માપ આંખે દેખવાથી આવી જાય નહિ, તેમ ધર્મ નજરે દેખીએ તો પણ ધર્મમાં રહેલું ધર્મપણું નજરે આવી જાય નહિ. ત્યારે નજરમાં ન આવતી જે ચીજ છે તેને કસોટી નજરમાં લાવી શકે ,છે. નહિ જાણેલું સોનાપણું કસોટી દ્વારાએ જાણી શકે. ધર્મશાસ્ત્રમાં ધર્મપણું, શાસ્ત્રપણું

કસોટી દ્વારાએ લાવી શકીએ; પણ તે કસોટીના બે પ્રકાર. જેમ કસોટીમાં સોનાનો રંગ આવે, પિત્તળનો રંગ ન આવે.

## પાપસ્થાનકનો સર્વથા નિષેધ હોય

કરવાનું કહ્યું હોય તે દ્વારાએ, ન કરવાનું કહ્યું હોય તે દ્વારાએ, અગર વિધિ દ્વારાએ કે નિષેધ દ્વારાએ. પહેલાં કસ કયો લેવો? પહેલાં કરવાનું કહ્યું હોય તેનો લેવો કે ન કરવાનું કહ્યું હોય તેનો કસ પકડવો? અપકાર ન થયો તો ઉપકાર થયો સમજજો. સેંકડો ઉપકાર કરનાર હોય પણ એક અપકાર કરનાર હોય તો તે ન પાલવે. અપકારથી દૂર રહો. પહેલાં નિષેધ સર્વથા હોવો જોઇએ, નિષેધ કોનો? પાપસ્થાનકનો સર્વથા નિષેધ હોય. હિંસાનો સર્વથા નિષેધ હોય મન, વચન, અને કાયાથી અતીત, વર્તમાન અને અનાગતકાળનો હિંસાનો નિષેધ જ્યાં કરવામાં આવ્યો હોય તે શાસ્ત્ર.

## હિંસાનું વર્જવું તે તો સંયમ પાલનને માટે

બીજા મતમાં "**मा हिंस्यात् सर्वभूतानि**" એમ કહી સર્વ જીવોની હિંસા વર્જવાની કહી, પણ યજ્ઞમાં જે કાંઇ હિંસાવધ થાય તે હિંસા, વધ ગણાય નહિ. શંકા—તમે "**करेमि भंते! सामाइयं सव्वं सावज्जं जोगं पच्चक्खामि**" બોલો છો ને તમે જ પોતે નદી ઊતરો છો તેનું શું થાય? ગૃહસ્થોને પૂજાનો ઉપદેશ આપો છો તેનું શું થાય? સમાધાન—બન્ને જગો પર સમાધાન છે તે લક્ષમાં લો. પછી વિચાર કરી લો. નિર્ણય થઇ જશે. નદીનું ઊતરવું તે શાને માટે છે? ઠંડક લેવા માટે છે? ક્રીડા કરવા માટે છે? કે સંયમપાલનને માટે છે? હિંસાનું વર્જવું સંયમ પાલનને માટે. જેમાં એક જ વસ્તુ ઉદ્દેશ તરીકે હોય તેમાં અપવાદ બની શકે. બંને સંયમને અંગે છે, તો પછી એમ કહેવું પડશે કે જ્યારે તું ઐદંપર્યમાં જઇશ ત્યારે તે ખુલ્લું થશે. વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ—સર્વ જીવહિંસાના પચ્ચક્ખાણ કરું છું એ વાક્યાર્થ. એ વાક્યાર્થ કરવાથી વાંધો આવ્યો. આહાર, વિહાર અને નિહાર કાંઇ

થઈ શકશે નહિ, એ વિચાર આવ્યો તેનું સમાધાન મહાવાક્યાર્થથી. મહાવાક્યાર્થમાં વસ્તુની જોડે બાધની ઉપસ્થિતિ થઇ.

## એ બધું સંયમને માટે

સર્વથા જીવહિંસા ન કરવી તે શાને માટે? સંયમને માટે. નદી ઊતરવી, આહાર વગેરે કરવા તે સંયમને માટે; ત્યારે આહારને અંગે રાખ્યું કે છ કારણે આહાર કરવો. બીજામાં ભૂખ્યો થાવ ત્યારે ખાવું એમ હતું. જ્યારે અહિં છ કારણો કેમ રાખ્યાં? આહાર સંજમને માટે છે. ઇર્યાસમિતિ સંયમના પાલનને માટે, તે માટે આહાર. હિંસાનું વર્જન સંજમ માટે. નિહારને અંગે એક હજાર ચોવીસ વિકલ્પ કરવા પડ્યા. ઠંડિલને અંગે એક હજાર ચોવીસમો કામનો, એક હજાર તેવીસ નકામા. થંડિલ જવું તે સંજમના ખપ-પૂર્વકનું. વિહાર તે પણ સંજમને માટે. દરેક મહાવ્રતને અંગે પૂછડું લગાડી દીધું છે, કે 'અંગીકાર કરીને વિચરું છું.' શંકા—સીધું અંગીકાર કરું છું એમ કહેવું હતું ને, વિચરું છું તે પૂછડું શા માટે? સમાધાન—જે મહાવ્રતોને અંગીકાર કર્યાં છે તે ટકવાનાં ક્યારે? વિહાર થાય ત્યારે. અંગીકાર કરો તે કામનું નથી. અંગીકાર કરીને વિચરે તો જ કામનાં. મહાવ્રતોનો અંગીકાર કર્યો છે તે ટકાવને માટે વિહાર કરું છું. વૃદ્ધાવસ્થા વિહાર નહિ કરવાનું કારણ જણાવે છે. એક જગો પર ચાતુર્માસ થાય પછી બે વર્ષ બહાર રહેવું જોઈએ. પ્રમાદને અંગે ભગવાનની છાપ ન મારો. વિહાર એ સંયમને માટે છે. નદી ઊતરવી સંજમને માટે છે. એક પગ આકાશમાં બીજો પગ પાણીમાં. આટલું પાણી હોય તો ઊતરીને જવું. વગર ઊતર્યા જવું તે પણ સંજમને માટે છે. વર્જવું એ સંજમને માટે, આહારાદિ કરવા તે સંજમને માટે છે. યજ્ઞને અંગે વર્જવું પાપથી બચવા માટે. યજ્ઞમાં હિંસા કરવી શાને? પાપથી બચવા માટે યજ્ઞ નથી. તે ઋદ્ધિ કે પુત્ર માટે કરે છે. હિંસા વર્જવાનું ક્યાં મુદ્દાએ કહ્યું? પાપથી બચવા માટે. યજ્ઞમાં હિંસા કરવાની તે દેવલોક કે

પુત્ર માટે. બંનેમાં ( નદી ઊતરવામાં ને યજ્ઞમાં ) પ્રયોજન અલગ છે બીજાને માટે કરેલું વિધાન બીજાને માટે અપવાદ થાય નહિ. અહિ સંયમને ઉદ્દેશીને હિંસાનું વર્જન હતું, આહારવિહારને અંગે હતું. સાધુપણું પાળવા માટે. બધું સંજમ માટે છે.

## મોક્ષ પામવાને માટે ભક્તિ

શંકા—પૂજા, મૂર્તિ, દહેરાં વગેરેને અપવાદ ગણો છો કે નહિ ? અપવાદ ગણો તો બંનેના ઉત્સર્ગ સરખાં કર્યા છે ? પાપનિવારણને માટે હિંસાનો ત્યાગ ઉત્સર્ગ થયો. સંયમની અપેક્ષાએ અપવાદ થયો. ભગવાનની ભક્તિની અપેક્ષાએ પૂજા વગેરેનું શું કરશો ? સમાધાન—જિનેશ્વરનું પૂજન, ભક્તિ એ જિનેશ્વર માટે છે જ નહિ. ઘોડાને ખવડાવી પીવડાવી રાતોચોળ કરીએ છીએ તે દશેરાની સવારીમાં દોડાવવા માટે. ઘોડા માટે ઘોડાનું ખવડાવવું નથી. જે દેવાય છે તે દશેરા માટે. ભગવાનની ભક્તિ ભગવાન્ માટે નથી. જો ભગવાનની ભક્તિ ભગવાનને માટે હોત તો ઠગનારામાં ઠગનારા, ઘાતકીમાં ઘાતકી જિનેશ્વર થાત. ચાંગળા પાણી માટે સાધુને કહે છે જીવ જાય તો જવા દેવો પણ આટલું કાચું પાણી લેશો નહિ. કાયદાનો અમલ કરી દીધો. છાપની ખાતર અમલ કર્યો. મરી જવાય તો કાચું પાણી ન લેવાય. અમલમાં પાંચસો સાધુના પ્રાણ ગયા. ત્યાં જ્ઞાનીની દૃષ્ટિએ પાણી અચિત્ત છે, પણ જળાશયનું પાણી છે. છાપને બાધ આવી જાય, તેથી પાંચસોને અણશણ કરાવ્યાં. કોઇ ઔષધિથી પાણી અચિત્ત થયેલું હતું, છતાં પાંચસોને કાળ કરાવ્યો. જે સર્વજ્ઞ છાપને માટે પાંચસોને કાળ કરવાની વાત મંજુર કરે, તે ભગવાન્ પોતાની ભક્તિ માટે કળશના કળશ ઢોળવાનું કહે તેને સર્વજ્ઞ કોણ માને ? મૂર્ખો હોય તે માને. ક્યારે ? એ એની ભક્તિને માટે હોત તો. દશેરામાં દોડવા માટે ઘોડો મજબૂત જોઇએ તેમ મોક્ષ પામવાને માટે ભક્તિ છે.

## લીન થવું એ ધ્યેય

**ભગવાન્ હરિભદ્રસૂરિજી જણાવે છે–દ્રવ્યપૂજા કઈ? તેનું** નામ દ્રવ્યપૂજા કે જેમાં આ ભગવાનની ભક્તિ કરવાથી વચનમાં લીન થઈશ. લીન થઈશ તો સર્વવિરતિનો વખત આવશે. ભક્તિ દ્વારાએ વચનમાં લીન થવું, વચન દ્વારાએ આચારમાં લીન થવું એ ધ્યેય હોય તેને દ્રવ્યપૂજા કહે છે.

## ક્રિયામાં લાભ થવાનો તે પરિણામે

દાન શી ચીજ? પાત્રમાં દેવું તે. દેવામાં કે પરિણતિમાં લાભ? દેવાની પરિણતિ એ લાભ છે. ક્રિયામાં લાભ થવાનો તે પરિણામે. જો પાત્રમાં દેવાની પરિણતિથી લાભ તો બેઠા બેઠા ભાવના ભાવોને? દિગંબરોએ પોતાને માટે બદામ જેટલું ઓછું નથી કર્યું. ભગવાનને માટે બધું ભૂંસી નાખ્યું છે.

## પૂજા, ભક્તિ સર્વવિરતિના રંગે રંગાવા માટ

હવે મૂળ વાત પર આવો. જિનેશ્વરની દ્રવ્ય પૂજા શાને માટે? ભગવાનને માટે નહિ, ભગવાનની ભક્તિ દ્વારાએ વચન ઉપર વધારે આદર થાય તેથી. તીર્થંકરોની ભક્તિ તીર્થંકરો માટે નથી. હું ભક્તિમાં દોરાઉં. ભક્તિમાં દોરાવાને લીધે એવી સ્થિતિમાં આવું કે જે બચ્ચે ત્યાં નથી કરતો તે અહીં કરી દઉં છું. સંપૂર્ણ તમારું વચન કરવાવાળો થાઉં તો જ દ્રવ્યપૂજા ગણાય, નહિ તો રૂઢ દ્રવ્યપૂજા, સર્વવિરતિના રંગે કરાતી પૂજા તે જ દ્રવ્યપૂજા. તમારા પ્રભાવથી ભવનિર્વેદ મળો. ભવનિર્વેદના મુદ્દાથી જે પૂજા ન કરાય તે રૂઢ દ્રવ્યપૂજા. સર્વ જીવોને ન મારવા એ પાપથી બચવાના ઉદ્દેશનું. પૂજા, ભક્તિ સર્વવિરતિના રંગે રંગાવા માટે. તેમાં સર્વ હિંસાના ત્યાગનો ઉદ્દેશ. ભક્તિપૂજાનો ઉદ્દેશ એક જ–સર્વ હિંસાનો ત્યાગ એ ઉદ્દેશ સીધો સાક્ષાત્. ભક્તિપૂજાનો સીધો નહિ. યજ્ઞમાં પંચેંદ્રિયની હિંસા સુધી જવામાં આવે તો ઉત્સર્ગની જડ રહી ક્યાં? જે ઉત્સર્ગને ઉખેડી નાખે તે અપવાદ તરીકે ક્યાંથી ઉભો રહે! ઉત્સર્ગમાંથી હિસ્સો

કાઢી લે તે અપવાદ. જિનેશ્વરનું પૂજન શ્રાવકને ઉચિત. કોઈ કંદમૂળ ખાતો હોય તેથી ભગવાનને કંદમૂળનું નૈવેદ્ય ધરે તે પાલવે નહિ. શ્રાવકધર્મમાં ન કલ્પતી ચીજ ચઢાવાય નહિ. તેમ થાય તો ઉત્સર્ગની ઘોર ખોદાઈ જાય. દયા–બુદ્ધિ રહી નહિ. એકેંદ્રિયના ભોગે પંચેંદ્રિયનું રક્ષણ, પણ પંચેંદ્રિયનો જે ભોગ લે છે તેની દયા ક્યાં રહી?

**વચનની શાહુકારી સાથે ક્રિયાની શુદ્ધિ હોય તો મનાય**

હિંસા છોડવાની વાત જે ધર્મમાં હોય તે ધર્મ નિષેધની અપેક્ષાએ કસ શુદ્ધ થયો. વચનના દેવાળિયા કોઈક જ હોય વચનના સામાન્ય રીતે બધા શાહુકાર હોય. કાલે દેવાળું કાઢવું હોય, તો પણ હમણાં ભીડ પડી છે કાલે સવારે આપી દઈશ એમ કહીને લઈ જાય. ખૂન કરે, પુરાવા મળે, કોર્ટ ખૂની માને છે પણ ગુનેગાર તો તેમજ બોલે કે 'હું મને બિનગુનેગાર જણાવું છું.' તો પછી દુનિયામાં પોતાને ગુનેગાર ગણાવવા કોણ માગે છે? હિંસાના નિષેધ માટે, દયાના અંગીકાર માટે, કોઈ પણ ધર્મવાળાને હિંસા ન કરજો એમ કહ્યા વિના ચાલતું નથી. 'તુલસી દયા ન છોડીએ, જબ લગ ઘટમેં પ્રાણ' વચનની શાહુકારી. વચનની શાહુકારી છતાં ક્રિયાની શુદ્ધિ હોય તો જ મનાય. આથી તાપશુદ્ધિ, છેદશુદ્ધિ, દયાપાલનને અંગે જરૂરી તે અત્રે વર્તમાન.

---

# વ્યાખ્યાન : ૪૫

## કસ્તૂરી તો સુગંધ ફેંકે

ગણધર મહારાજા શ્રીમાન્ **સુધર્માસ્વામીજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે, ભાવના જે પાંચ ભેદો તે જણાવી ગયા; તેમાં વિનિયોગનો મુદ્દો એ જ કે 'પોતાને મળેલો ગુણ સંસારથી તારનારો છે.' આ જો વસ્યું હોય, એ ગુણને તારનાર તરીકે અદ્વિતીય સાધન

માનતો હોય તો બીજા જીવોને તારવાને લાયકનાગણે. ચાહે તેને તરવાની આકાંક્ષા હોય કે ન હોય, કાંઠે ઊભેલા પરોપકારીઓને ડૂબતા બૂમ મારે કે ન મારે પણ તેમને તો તારવાની જરૂર છે. 'મને તારવાનું કહે તો તારૂં, ન કહે તો એ જાણે, એનું નસીબ જાણે,' એવી ધારણા રખાય નહિ. વિનિયોગ એટલે જે માર્ગમાં આવ્યો હોય, જે માર્ગસન્મુખ જવા માગતો હોય, માર્ગથી વિરુદ્ધ જવા માગતો હોય તેને સન્માર્ગમાં લાવવો તે છે. તમારી પાસે બોધ માગતો હોય, સાંભળવા આવ્યો હોય, માર્ગ જાણવા અગર ન જાણવા આવ્યો હોય, પણ આગળ માર્ગમાં રહેલાએ તો માર્ગ આપવાનો જ છે. કસ્તૂરીની સુગંધે તો સારા નાકવાળા કે નાકકટ્ટા આગળ પણ ગંધ ફેંકવી. સારા નાકવાળો હોય કે કપાયેલા નાકવાળો હોય, તે તેને જોવાનું નથી. અપૂર્વ ચીજ મળી છે, આ મળવાથી ભાગ્યશાળી છું, તો અપૂર્વ ચીજ માગતો આવે તેને આપવી, ન માગતો આવે તો પણ આપવી. દર્દને કહે તેને દવા આપે. નાનાં બચ્ચાં દરદ ન કહે તેને પણ દવા દાક્તર આપે છે. દાક્તરે પોતે પારખીને દવા આપવી. જેઓ માર્ગની ઇચ્છા રાખતા હોય, સાંભળવા આવે તેને માર્ગ બતાવવો અને જેને ક્ષયોપશમ થયો નથી તેને પણ માર્ગ આપવો જોઇએ.

## शठं प्रति शाठ्यं નહિ.

ઉપલી વાત આચારાંગના શબ્દો સ્પષ્ટ કરી આપે છે. ચાહે તો જાણવા માટે ઉપસ્થિત હો કે ન હો. અનુપસ્થિતમાં દરકાર ન હોય પણ લાયકાત હોય. પરદેશી રાજાને ઘોડા ખેલાવતાં લઇ ગયા. જે વખતે કેશીકુમાર દેશના આપી રહ્યા છે. દેશનાનો ટાઈમ ધ્યાનમાં લીધો છે, સમુદાય એકઠો થયેલો છે એ બધું ધ્યાનમાં રાખીને ચિત્રસારથી એ તરફ લઇ ગયો છે. પરદેશી રાજા કહે છે— આ ઊંચા સ્વરે બરાડે છે કેમ! બાંગડવાની વાત ચાલી. આવું બાગડી શકે છે તે ખાય છે શું? ધર્મની છાયા પણ પડી છે!

ચિત્રસારથીનો મુદ્દો એ જ કે એને માર્ગમાં લઈ જવો છે. ચિત્રસારથી કહે–આપ પૂછી શકો છો. પાસે આવ્યો. કેશીકુમારની આખી દેશના સુણી, પત્થર ઉપર પાણી. છેવટે પ્રશ્ન કરે છે કે જીવ નથી એ નિર્ણય મેં કર્યો છે. જીવ આવનો નથી, જીવ જવાવાળો નથી એનો નિર્ણય કરેલો. પોતાના કરેલા બધા નિર્ણયોને ગાય છે. હું એને સુધારૂં. એવાને પણ માર્ગે લાવવો. બીજો માર્ગને ચાહતો નથી, માર્ગમાં આવવા માગતો નથી એવા માટે પણ એક જ પરિણતિ. મને મળેલું સારૂં છે તે એને કેમ ન મળે? મને જિનેશ્વરનો અપૂર્વ માર્ગ મળ્યો છે તે એને કેમ ન મળે? કેશીકુમાર ચીડાતા નથી. છદ્મસ્થ હતા, સરાગ દશામાં હતા. રાગદ્વેષને રોકી રાખ્યા હતા. પરદેશી રાજાના પ્રશ્નો આડા હતા. પ્રશ્ન કરનારને નાસ્તિક કહીને ઉત્તરમાંથી ખસી જવું એ કેવી વાત? પોતે નિરપરાધી છે. બીજો એને લીધે ખરાબ વિચારે છે. હું ફાંસામાં પડ્યો છું તેથી બીજાને કર્મબંધનું કારણ બનું છું. રાજાના બે કુંવરો છે. મોટાને ગાદી મળે છે. મા જુદી છે. નાના કુંવરની મા વિચારે છે, આ મોટો જીવતો છે ત્યાં સુધી મારા કુંવરને ગાદી મળશે નહિ. કાતિલ ઝેર આપે છે. વિદ્યાધર આવે છે, કલ્પાંત સાંભળે છે. ઔષધી આપી. સાજો થયો. હું નિષ્પરિગ્રહી નહિ. રાજ્ય લેવાની લાયકાતવાળો રહ્યો તેથી એને કર્મબંધનું કારણ છું. "**शठं प्रति शाठ्यं कुर्यात्**" એવું અહીં નહિ. વીતરાગના માર્ગથી તમે વટલ્યા હો તો પણ વટલાવો નહિ.

## અપરાધી ઉપર અમૃત વરસાવવો એ જૈન દર્શનની સ્થિતિ

પેલો ધોબી હોય, આપણે ધોબી બનીએ? શાહુકારને ધોબી બનાવીએ એ ન ચાલે. બૈરીછોકરાં પર રાગ કરો તે કર્મબંધ. અરિહંત પર રાગ કરો તે કર્મબંધ. સંસારી રાગ એકલો કર્મબંધક, પેલો નિર્જરાનો ભંડાર, પણ જોડે એટલાએ બંધ ખરો કે જે નિષ્પક્ષ સ્થિતિથી છે. બંધનને ઢીલું કરો એ જુદી વાત. ત્યાં '**शठे शाठ्यम्**

**સમાચરેણ્** ' ક્યાંથી હોય ? ગુનેગાર ઉપર, અપરાધી ઉપર અગ્નિ વરસાવવાનો હક નથી. **અપરાધી ઉપર અમૃત વરસાવવો એ જૈન દર્શનની સ્થિતિ છે.**

## મરેલી ઉપર પગ આવવાનો બચાવ એ શાસનને શોભાવનાર નથી

ચંડકોશિયો આપણી દશાનો છે એની સામે ચૂંકીએ નહિ. એક સાધુ ચંડકોશિયાએ દેડકી મારી. નામકર ગયો. મે પોતે મારી ? પેલાએ કહ્યું—હા, તમે મારી છે. તે (બીજી) મેં મારી છે ? આ બીજાએ મારેલી છે. જેમ તે મરેલી છે તેમ આ મેં મારી નથી. તેં પગ કેમ દીધો ? બીજાની મારેલી છતાં ગુનેગાર. તત્વમાં તેં પગ કેમ દીધો. જીવતી હોત તો મરત. મારવાના પરિણામના અંગે તું ગુન્હેગાર. આ ગીતાર્થ ચિંતવે. પેલો ક્ષુલ્લક—નાનો સાધુ છે ને વિચાર શાનો ? મરેલી ઉપર પગ આવવાનો બચાવ એ શાસનને શોભાવનાર નથી. આડકતરી ગુનેગારી કબૂલ કરીને દબાવ્યો. મરેલી હતી. મરેલી હતી તો પણ મારનાર તું. તારી ફરજ શી હતી ? સાધુપણામાં પંચેંદ્રિય જીવની હિંસાથી મનુષ્યગતિ નથી. તને પોતાને ' અરે ! ' ન થયું ઉલટો દોષને ઉડાવવા માગે છે. સાચું કહેનારા ઉપર થૂંક ઉડાડે એ, એવાને કહેવું શું ? આચાર્યની આગળ પડિક્કમણા વખત કહે છે. ગુનાને અંગે ખૂન કરનારો ખૂની ગણાય. વચમાં કાળ ગયો હોય. કોઈનું કોઈ સગું છે. એને અંગે કોઈકે ગેરઆબરૂનું કામ કર્યું. પેલાને ચઢી જાય ત્યાં ને ત્યાં ખૂન કરે તો ગુનેગાર. આવેશને શમાવવાનો વખત મળ્યો હતો. જે કાર્ય થયું તે આવેશમાં નહિ. ત્યાં ખૂન કર્યું એ ખૂનીનો બચાવ નહિ. તેવી રીતે ક્ષુલ્લક નાનો છતાં વિચારે છે. પારણાને અંગે જતો હતો, તો વખતે ચાહે તેવું કહી દીધું. તેથી હવે દેડકીનું આલોયણ કરવાનું કહ્યું, કોર્ટમાં કાયદો હાથમાં લે તેને કેવો ગણવો ? ખૂની ખૂન ઉપર ચઢેલો કાયદો હાથમાં લે તેવો ભય રહે છે. તેના હાથ બાંધી લેવા પડે છે. તે મનુષ્યો

આચાર્ય બિરાજ્યા છતાં કાયદો હાથમાં લે છે-તું કોણ કહેનાર? ચોરને પકડવાની સત્તા, પોલિસને સ્વાધીન કરવાની સત્તા, પણ તેને મારી દો તો ગુનેગાર. કારણ કે કોર્ટ માથે છે. આચાર્ય મહારાજ બિરાજમાન છે, તે વખતે કાયદો હાથમાં લેવાય કેમ? પંચેંદ્રિયની હિંસાની બેદરકારીવાળો સાધુ સાચું કહેનારને સીધું પાટીઉં લઈને મારવા દોડયો. પોત પ્રકાશ્યું. ભવ આખો બગડયો. જાણીજોઈને ભવ બગાડયો. આ ભવ બગાડયો, આવતો બગાડયો. કેટલાક પારકા મેલો આપણા આત્મામાં ચોંટાડવાવાળા હોય છે. જેટલા એનાં ભયંકર પાપો છે તે પોતાના આત્માને લગાડવા માગે છે જેમ પિતા પોતે ખાલી થયો. છોકરાંનાં છોકરાં ગુલામીમાંથી છૂટે નહિ તેવું લખી આપ્યું. ચંડકોશિએ સાધુપણાનું ખોયું તો ખોયું પણ લખી આપ્યું. જ્યાં વગર ગુને પારકાના ગુનાને દેખીને એ સ્થિતિમાં જાવીએ ત્યાં શું થાય? દૃષ્ટિવિષ સર્પ થયો.

## ભયંકર દર્દને પણ સુધારે તેમાં જ ડૉક્ટરની બાહોશી

જ્યાં આપણી ઉપર જવાળા ફેંકે. સ્વપ્નમાં દેખેલા સાપે સરાડો પાડયો, તે યા કલાક સુધી જતો નથી; સાક્ષાત્ સર્પ, દ્રષ્ટિવિષ સર્પ. લોકો રસ્તે જવાની મનાઈ કરે છે. વટેમાર્ગુ કહે છે-આ રસ્તે જવાનું નથી. આખા વનને બાળી નાંખ્યું. આવી સ્થિતિએ લોકોના નિવારણ છતાં તે માર્ગે નીકળાય છે, દયાનો ધોધ ક્યાં રહ્યો છે! પંચેંદ્રિયની હત્યા કરનારો, પોતાના દોષને કબૂલ ન કરનારો, સાચું કહેનારાને મારવા તૈયાર થનારો, જે પોતાના હાથે કરીને ભવ હારી ગયેલો નહિ, પણ દૃષ્ટિવિષ સર્પપણું માગી લીધેલું. જો પહેલાંની એની દશા વિચારીએ તો ઉલટા ભક્તોને મોકલીને એ ઠોકાવી દઈએ. પંચેંદ્રિયની હત્યા કરે, ખોટો બચાવ કરે, લોકોને મારી નાખે, આચાર્યની સમક્ષ કાયદો હાથમાં લે, ખરેખર રખડનાર છે, ત્યાં તારવાની અનહદ ભાવના. ભયંકર દર્દને હાથમાં લઈને સુધારે તેમાં જ દાક્તરની બાહોશી, લોકોત્તરદૃષ્ટિ. જિનેશ્વરનો ધર્મ દાખલ થયો

હોય તો પાપીમાં પાપીને સુધારવાનું થાય. **મહાવીર**માં એ સ્થિતિ છે. આ અધમ જીવ છે તેનો ઉદ્ધાર કરે છે. લોકો રોકે છે. તે વખતે જાય છે. લોકોએ કહેવાનું બાકી રાખ્યું હશે?/ 'હાથી પાછળ કૂતરાં ઘણાં ભસે.' જે શેરી આગળ પાંચ કૂતરાં હોય તે શેરીમાં જે ગતિ હોય તે જ ગતિ પાંચ કૂતરાં ન હોય ત્યાંય એની ગતિ એનીએ, કૂતરાં ભસે ત્યાં કૂતરાં તરફ દૃષ્ટિ ન હોય. ઉતાવળો ન હોય. કૂતરાં ન હોય ત્યાં ધીમો પણ ન ચાલે. મહાપુરુષોની ધારણા એનીએ. ઉપસર્ગ કે નિરુપસર્ગમાં તારવાની બુદ્ધિ.

## ભગવાન્ મહાવીર અને ચંડકોશિયો

હાથી નથી બનતું. ગધેડાને હાથીનું ચામડું ઓઢવું છે. તે તો ભૂંકવાનું કામ કરે, પણ હાથીનું ચામડું ઓઢયે નાટકમાં ન શોભે. **મહાવીર** આવા અધમાધમ જીવના ઉદ્ધાર માટે સેંકડો મનુષ્યો આબાળગોપાળ રોકે છે, શબ્દોનો વરસાદ વરસાવે છે છતાં જાય છે. ઉદ્ધરવાની બુદ્ધિમાં 'બધા ના કહે છે' તે નહિ. આ તો આડા લાકડાં. એમનું કહેલું ન માને તે વખતે તે લોકો શું બોલે! તેઓ બોલે તેની દરકાર નહિ. અધમતા કરી છે પેલાએ, એની સજા પોતે ભોગવતા ન હોય! પેલો કહે લાવો તમારો સત્કાર કરું? આમથી! આવા ઉપર દયા આવકી. આબાળગોપાળના વચનો સાંખ્યાં. ઉદ્ધાર કરવા આવ્યા, ત્યાં અંગારા વરસાવ્યા. અહીં આપણે તો કહીએ કે **અકર્મીના પડીઆ કાણા.** તારે માટે આટલું કર્યું, તને દરકાર નથી. પેલો તો ઝેરી ગેસ છોડી રહ્યો છે. દૃષ્ટિવિષની જ્વાળા છતાં જેના અંતઃકરણનો પલટો થતો નથી. અગ્નિએ સ્વરૂપ ન બદલાય તે જ સોનું. મોતી હીરાની રાખ થઈ જાય. પણ જેને આગની આંચ ન લાગે ચાહે જેટલી ભઠ્ઠી બળે, પોતાનું સ્વરૂપ ન છોડે તે સુવર્ણ. કરુણ નજર વસી તે વસી. અનાડી લોકોના વચનો વચમાં આવ્યા. જેની ઉપર ઉપકાર કરવો છે તેણે ઝેરી ગેસ છોડયો, છતાં ઉપકારની નજર ખસતી નથી. એક બાજુ ઉપકારની ધારા, બીજી બાજુ અપ-

કારની ધારા. જોતા જાય. કેમ બળ્યો નહિ? આવાની ઉપર ઉપ-
કારમાં ફરક પડતો નથી. આત્માની કઇ સ્થિતિ! બીજી વખત, ત્રીજી
વખત જ્વાળા વરસાવી. તેની ઉપર પણ ઉદ્ધારની બુદ્ધિ. કઈ સ્થિતિ
એ! વીતરાગ દશામાં તો રહે પણ આ વખત કે જ્યાં રાગની સત્તા-
માંથી નીકળી ગયા નથી, જ્યાં ત્રણ ત્રણ વખત ઝેરી ગેસ ફેંકે છે. મારી
જ્વાળા આની ઉપર અસર કરતી નથી એવો નિશ્ચય કર્યો. જે જ્વાળાએ
ઝાડોના ઝાડો, વનના વન બાળી નાંખ્યાં. તેવી જ્વાળા ભગવાન્ ઉપર
ત્રણ વખત વરસાવી, આથી એ હૃદય કમળ ઉપર ભાર પડે છે. તે
કમળ કેમ ઉખડતું નથી! જેમ સુદર્શન શેઠને સાત વખત શૂળીએ
ચઢાવ્યા છતાં તૂટી ગઇ, તરવાર છેવટે તૂટી ગઇ. તેમ ડંખીને પણ
મારી નાંખું એમ ચંડકોશિયાને થયું. એવાને માર્ગમાં લાવવાની
દૃષ્ટિ. કઈ છાતી કામ કરતી હશે! પહોંચે એટલા નાંખી દીધા, ત્રણ
વખત આગ વરસાવી છેવટે ડંખ માર્યો. હથિયાર ખૂટ્યાં. હવે કાંઇ
નથી એમ થયું, ત્યારે ચંડકોશિયો ઢીલો પડ્યો. ભરત પાંચે યુદ્ધમાં
હારી ગયા તે વખતે પોતાની શક્તિને અંગે કેટલું ઢીલાપણું
આવ્યું હશે! પહેલા નંબરનો વિદ્યાર્થી હોય, દાખલો ન આવડે તે
વખતે જે કાળજું કપાય તે બીજાને સૂઝે નહિ, બીજો સમજી
શકે નહિ. ચંડકોશિયો અપ્રતિહત શક્તિવાળો, જંગલમાં
જાનવરને ન રહેવા દે, મનુષ્યને ન આવવા દે. જંગલનો ચક્રવર્તી
થયેલો, તેણે પોતાના બધાં હથિયારો ફેંકી દીધા. બીજું હથિયાર ન
રહ્યું. તે વખતે શી દશા થઈ હશે! પરોપકારરૂપી હાથીની દૃષ્ટિમાં કે
ચાલમાં ફરક પડતો નથી. એ દુષ્ટ, પાપી એમ કહેવાનું નહિ. બુઝ,
બુઝ, ચંડકોશિયા! હે ચંડકોશિયા! તું સમજ. સામાન્ય
નખ લાગ્યો હોય ત્યાં એ વાત કરી જુઓ! અગ્નિની જ્વાળામાં એ
પાઠ આપણને ક્યાંથી આવવાનો! ત્રણ વખત ચંડકોશિયાએ
અગ્નિની ભઠ્ઠી સળગાવી. ત્યાં વૃષ્ટિ વરસી રહી છે. ડંખ મારીને
મારી નાંખવા સુધી પહોંચાય છે, ત્યાં બૂઝ બૂઝ ચંડકોશિયા આ

દ્રષ્ટિનો વિચાર કરો! એ વાક્યનો પાઠ ભણો! આવા ઉપસર્ગ કરવા-વાળા તરફ આપણું વચન બીજું ન નીકળે. એ પાઠ ભણો તો કલ્યાણ છે.

### દરેકને માટે ઉદ્ધારનું ઝાડ વાવી દેવું

ભાવનાનો પાંચમો ભેદ વિનિયોગ જે આ માર્ગ પામ્યો છું તે ઉત્તમ છે કે નહિ? ચાહે તો તારી તરફ ઉપકાર કરતા હોય, અપ-કાર કરતા હોય, લેવા માગતા હોય ન લેવા માગતા હોય તો પણ તું તો તેના તરફ તે દાન કર! દરેકને માટે ઉદ્ધારનું ઝાડ વાવી દેવું તે મારી સ્થિતિ છે. ભગવાનની સામે વેર ધારણ કરનારો દેવશર્મા. તેવાને પ્રતિબોધ. કેમ પમાડવો એ દ્રષ્ટિએ ગણધરનું જવું. સમતાની સરિતાઓ એ આત્મામાં કેવી વહી રહી હશે કે માર્ગ સાંભળવા માગે છે કે નહિ તેનો વિચાર કરે નહિ! ક્ષેત્ર કે ક્ષેત્રાંતરના હો, ભક્તિવાળા હો કે ન હો, મારે તો ઉદ્ધાર કરવો એવી સ્થિતિમાં જે આને તે જ બાર અંગની રચના પ્રતિબોધની સાથે કરે.

---

## વ્યાખ્યાન ૪૬

### મોક્ષમાર્ગમાં પડનાને ધૂળીઆ નિશાળ હોય નહિ

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે, પ્રતિબોધ પામ્યા અને દીક્ષા પામ્યા કે તરત વિનિયોગ નામનો ભાવનો પાંચમો ભેદ જણાવ્યો જેને જે જે પદાર્થોની ઉત્તમતા લાગી હોય, જે ઉત્તમતાની અસરવાળો થયો હોય, જેને ઉપકારદષ્ટિ થઇ હોય તે પોતાને મળેલા પદાર્થો બીજાને મેળવી આપ્યા વિના રહે નહિ. ગણધરે પ્રતિબોધ પામતાની સાથે, દીક્ષા પામતાની સાથે, ચૌદ પૂર્વો, બાર અંગ રચ્યાં. તેમાં મોક્ષમાર્ગે જવાવાળાએ કેવી રીતે પ્રવર્તવું જોઇએ તે જણાવ્યું. નિશાળમાં બાળવર્ગમાં એકાવન બોલવાનું પણ

બજારમાં તે કોઇને બોલતા દેખો છો ? ધૂળીઆ નિશાળમાં શીખેલું નિશાળ પૂરતું કામનું વ્યવહારને અંગે સીધું એકાવન કામનું નથી, તેવી રીતે અહીં અવિરતિ, સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિપણું એ બધું ધૂળીઆ નિશાળિયા જેવા. મોક્ષમાર્ગમાં ચડતાને ધૂળીઆ નિશાળ હોય નહિ.

## મોક્ષમાર્ગનો બજાર તેમાં શિક્ષિતનો વહેવાર

ગણધરના અગિયાર અંગોમાં શ્રાવકની કરણી મળે નહિ, અહોરાત્રની શ્રાવકની ચર્ચા નથી. અગિયાર અંગોમાં સાધુની કરણી મળે છે. મોક્ષમાર્ગ અગિયાર અંગોમાં છે, શ્રાવકનો ધર્મ નથી. મોક્ષમાર્ગની આરાધનાને અંગે. જેમ વ્યવહારસિદ્ધ થયેલા હિસાબને અંગે પાંચ × પાંચ = પચીસ. તે બજારમાં ગણાવવાનું ન હોય, તેમ સર્વ વિરતિને મોક્ષનો બજાર ગણ્યો, ગણધરોએ સૂત્રરચના કરી તે બધી સર્વ વિરતિને મુખ્યતા ગણીને. આચારાંગમાં સાધુઓના આચારની વ્યવસ્થા, પણ શ્રાવકને અંગે અધિકાર ન મળે. મોક્ષમાર્ગનો બજાર, તેમાં શિક્ષિતનો વહેવાર હોય. જેને ધનમાલ, કુટુંબની દરકાર ઊડી ગઈ છે, જેને પોતાના શરીર, જીવનની દરકાર ઊડી ગઇ છે, શરીર, જીવનનું ધારણ પોતાને માટે નહિ. ઘોડાનો પગારદાર રાખીએ તે ઘોડાની સેવા કરે, પગારદાર પોતાને માટે કે ઘોડાને માટે કરતો નથી. શેઠને માટે કરે છે. સુગમના માટે કરે છે, નહિ કે પોતાના કે ઘોડાના આરામના ધ્યેયથી. જો કે પોતાને, ઘોડાને આરામ છે પણ ધ્યેય તો શેઠના આરામનું છે. જીવનને, શરીરને ટકાવવાનું તે શાને માટે ? મોક્ષમાર્ગની પ્રવૃત્તિને માટે. ઘોડાની વર્ષો સુધી નોકરી કરે, પણ શેઠ પગાર બંધ કરે તે દહાડે ઘોડાને અને નોકરને કેટલો સંબંધ ? એવી રીતે ઘોડો વેચી દેવાયો, ઘોડાને નિસબત ન રહી. નોકર પોષાતો હતો, ઘોડો પોષાતો હતો તે શેઠને અંગે. આ જીવન, શરીર ટકાવવાનું તે જ્યાં સુધી મોક્ષમાર્ગનો લાભ પહોંચતો રહે ત્યાંસુધી. મોક્ષમાર્ગનો લાભ પહોંચતો બંધ થાય કે ખલાસ, સોનું ખોદતો જાય, સોનું બંધ

થાય કે સેંકડો વર્ષોનો પટો હોય તો પણ છોડી દે છે. સેંકડો વર્ષો સુધી પામીએ, પણ આમાંથી સમ્યગ્દર્શન વગેરેનો લાભ નીકળે ત્યાં સુધી. સમ્યગ્દર્શન વગેરેનો લાભ બંધ થાય તે વખત આ જીવન, શરીરને ટકાવવાનું નથી. મંડિક ચોરને મૂળદેવે ખૂબ પોષ્યો એની બહેનને ખુશ કરી બહેનદ્વારાએ બધું લઈ ગયેલું ધન કઢાવવું છે. ધન આવી ગયું કે શૂળીએ ચઢાવી દીધો. **ઉત્તરાધ્યયનમાં** કહ્યું કે **"જાવ લાભ"** જ્યાં સુધી લાભ મળે ત્યાં સુધી પોષવું. લાભ મળતો અટકે કે પોષણ નહિ.

## વાડથી ખેતરનું વર્ગીકરણ થાય

કેવી રીતે વર્તવું કે જેથી આ શરીર દ્વારાએ સમ્યગ્દર્શન વગેરે મેળવી શકીએ? દેહ, જીવ તમામ અર્પણ કર્યા. સમ્યગ્દર્શન વગેરેની વૃદ્ધિ થાય ત્યાં સુધી ધારણ પોષણ કેમ વર્તવું તે જણાવવું જોઇએ. ઘરના નોકરને ઘોડાને કેમ રાખવો તે શેઠે જણાવવું જોઇએ. જીવે કયા વિચારો કરવા, શરીરે કેમ વર્તાવ રાખવો તે બતાવવું જોઈએ. તે બતાવવા પહેલું **આચારાંગ**. તે દ્વારાએ સાધુના આચારની વ્યવસ્થા કરેલી છે. ગીતાર્થને ઉદ્દેશીને ધર્મશ્રદ્ધાન હતું તે વખતે એક વસ્તુ મગજમાં બેઠી તો તેને માટે પ્રાણ આપતા, આથી સાધુના આચારને અંગે **આચારાંગની** વ્યવસ્થા આચારની વ્યવસ્થા નિયમિત કરી, પણ વિચારનું નિયમિતપણું ન થાય તો વગર સવારે, વગર લગામે ઘોડો દોડે તેવું થાય, અને તે ઉપયોગનો ન કહેવાય આચારનો વ્યવસ્થા કર્યા છતાં આચાર, વિચારને આધીન હોય તો વ્યવસ્થા બરાબર છે, માટે વિચારની વ્યવસ્થાને અંગે**સૂયગડાંગ**ની રચના. આચાર–વિચારની વ્યવસ્થા થયા છતાં ધ્યેય સાબિત થવું જોઇએ. આથી પદાર્થની ઇયત્તા માટે **ઠાણાંગજીમાં** વર્ગીકરણ જણાવે છે. જેમ વાડથી ખેતરનું વર્ગીકરણ થઇ જાય તેમ **ઠાણાંગજીમાં** વર્ગીકરણ કરવામાં આવ્યું. તેમાં પાંચ મહાવ્રતોનો અધિકાર.

## હિંસા વર્જવાનું ધ્યેય પકડો !

સર્વ પ્રાણીઓની જીવહિંસાથી વિરમવું પહેલું મહાવ્રત. પહેલા તો વચન નીકળવું મુશ્કેલ. દુનિયા અર્થના ધ્યેયવાળી છે, વિરતિના ધ્યેયવાળી નથી. એને તો હિંસા થાઓ કે ન થાઓ પણ અર્થની સિદ્ધિ થવી જોઇએ પછી કામનું ધ્યેય, પછી ધર્મની સિદ્ધિ થાઓ કે ન થાઓ તેની પડી નથી. કમાણી ન થાય તો ધંધો નથી કરવો, તેમ કોઈ પણ જીવની હિંસા ન થાય તો ધંધો કરવો એ કોનું ધ્યેય છે? કોઇનું નથી. ધધામાં કમાણી ધ્યેય છે. અર્થ એ જ ધ્યેય થઇ ગયું. અર્થથી કેટલાક પૈસા સમજતા હશે. પૈસા એકલા અર્થ નથી. તો પછી મનુષ્ય સિવાયના બધા સારા થઇ જાય. ઘોડા વગેરેને પૈસા પેદા કરવા નથી બાહ્ય સુખનું સાધન અર્થ મેળવવું તે ધ્યેય. હિંસા થઓ કે ન થાઓ તેની કોઇને પડી નથી. તેથી જ અહિંસામય પદાર્થો તે પણ હિંસામય થઈ ગયા છે. ગાયનું દૂધ, ભેંસનું દૂધ છતાં હિંસામય થઇ ગયા છે. મુંબઇ, કલકત્તામાં ભેંસો લાવે. બસો, ત્રણસોની ભેંસ લાવે. છ માસ વગેરે દોહી પછી કસાઇખાને જાય છે. શહેરોમાં દૂધને આભારી ગાય ભેંસની હિંસા. ધણીએ ગાય લીધી છે એને પોષે છે. વાછરડાનો હક નથી, ગાય કબજાની ચીજ. દૂધ આપે છે દયાની દષ્ટિએ. રાજા લોકો પર રાજ્ય ચલાવે છે તે ગુલામીની પ્રથા છે. જે પદાર્થની ઉત્પત્તિ અહિંસકપણે, મળવું, ઉપભોગ અહિંસકપણે છતાં વેપારનું ધ્યેય અહિંસક ન હોવાથી હિંસા થઈ ગઈ. ભેંસ ફરી ગર્ભિણી થાય ત્યાં સુધી હું ખવડાવું કેમ? આથી કસાઈવાડે જાય. અનાજ પોતાની પાસે છે પણ તે દુષ્કાળ છે તે વખતે બીજાને ન આપે તો હિંસક થાય, બાહ્ય સુખના સાધનો મળતાં જો હિંસા છોડાય તે છોડવા તૈયાર છે પણ હિંસા કે પાપ છોડવું જ જોઈએ તે ધ્યેય નથી. વાછરડું અર્ધું દૂધ ધાવી જાય તો અર્ધું જ દૂધ મારે ભાગે આવશે માને. જ્યારે ધર્મશાસ્ત્રકાર આખી લાઇન ફેરવી નાંખે છે, હિંસા વર્જવાનું ધ્યેય

પકડો! ખોરાક મળે તો હિંસા છૂટે છે કે નહિ, દુઃખી થએ હિંસા છૂટે છે કે નહિ? બાહ્ય સુખનાં સાધનો ધ્યેય હતાં, તેમ હિંસા છૂટવી જ જોઈએ. ગમતું મળે, અણગમતું મળે તે એકે જોવાનું નહિ, પણ અહિંસકપણું રહે છે કે નહિ તે જોવાનું છે. વેપારી આબરૂ, વેપાર, પૈસાને ધ્યેય તરીકે પકડે યાવત્ કુટુંબમાં માંદું કે ગમે તેમ હોય પણ ધ્યેય દુકાનનું.

## જિનેશ્વરે-ધર્મે-આખી ક્રીડ ફેરવી નાંખી

ધર્મે કર્યું શું? આખા જગતની દિશા બાહ્ય સુખ અને તેના સાધનો તરફ ચાલી રહી હતી. ચાહે તો ખાવા મળો કે ન મળો, ચાહે પહેરવા ઓઢવા વગેરે મળો કે ન મળો! પણ હિંસા ન થવી જોઈએ તે કર્યું. ધર્મે ક્રીડ ફરી ગઈ. ધર્મથી "**सव्वाओ पाणाइ-वायाओ वेरमणं**" એમ કહી પ્રથમ પાંચે મહાવ્રતોમાં અહિંસાને સ્થાન કેમ અપાયું? આખા ઉદ્દેશનો પહેલો મુદ્દો જ એ. એક મનુષ્ય હિંદુસ્તાનમાં જન્મ્યો હોય. અમેરિકા. જર્મનીમાં રહી આવે ત્યારે તેના વિચારની શી દશા થાય છે? જો ક્ષેત્રના સંયોગ પરત્વે ફેર થાય છે તો કાલના સંયોગ પરત્વે ફેર માનવામાં અડચણ નથી. દુઃખમાકાલને લીધે દુર્લભબોધી. દક્ષિણમાં કૃષ્ણપક્ષી વધારે હોય તેના વિચારે કેવા થાય? પાંચ ભરત દક્ષિણમાં છે જ્યારે પાંચ ઐરાવત ઉત્તરમાં છે, તેથી ત્યાં કૃષ્ણપક્ષી નહિ? **તે વખતે સત્તર પાપસ્થાનકમાં વર્તવાવાળા જે ગતિ મેળવી શકતા હતા તે ગતિ અત્યારના ત્યાગી, તપસ્વી, વૈરાગી એકને માટે નથી. અવિરતિ સમ્યગ્દૃષ્ટિની ગતિ બારમા દેવલોક સુધીની.** સાધ્યબિંદુ એ આખું વિચિત્ર હતું. બાહ્ય સુખના સાધન મેળવવાનું સાધ્ય અનાદિ કાળથી હતું. જ્યારે શાસ્ત્રો, ધર્મો ને જિનેશ્વરે એના પર પહેલો કૂચડો ફેરવ્યો કે, બાહ્યસુખ અને તેનાં સાધનો છોડવાનાં છે. છે કબૂલ? ચાહે તો સુખ મળો કે ન મળો તોપણ ૭ પ્રકારના જીવોમાંથી કોઈ પણ પ્રકારના જીવની વિરાધના ન થવી જોઈએ આ ક્રીડ. જિનેશ્વરે, અને ધર્મશાસ્ત્રોએ

કરી બધી ક્રીડા ભૂંસાવી દીધી, કહે કે–મારું નહિ. એમ કહી રાજીનામાં અપાવ્યાં. ધનમાલ, મિલ્કત, બૈરીછોકરાને અંગે દે રાજીનામું. જિનેશ્વર મહારાજ એ શરત દાખલ કરે છે, બધાનાં રાજીનામાં દે, ' **न मम** '. પહેલું લખ ' **मम** ' કરતો હતો તે ' **मम** 'નું સાધ્ય કઢાવી નાંખ્યું. મારું નહિ એમ કબૂલ કર. તારું શું? **સર્વ** પ્રાણાતિપાતથી વિરમણ. ક્રીડ, સાધ્યની પહેલી કલમ સર્વ પ્રાણાતિપાતથી વિરમણ. આ ક્રીડે વર્તવું પડશે. તેને પોષણ મળે અગર ન મળે, શરીરને કબૂલ કરે છે, પણ આ સાચવવું પડશે, તેને અંગે વિચાર કરાવાય છે. બે વાક્ય જુદાં બોલવા પડે છે " **पढमे भंते! महव्वये सव्वाओ पाणाइवायाओ वेरमणं** " પછી પચ્ચક્ખામિ આ છે, અને તેને અંગે વિરમું છું. આ પહેલા મહાવ્રતનું સ્વરૂપ, પછી તેનો અંગીકાર. પહેલાં જાણીબૂઝીને અક્કલ હુશિયારીથી સહી કરું છું એ નક્કી કર્યું, પહેલાં પચ્ચક્ખામિ ન રાખ્યું. પણ પહેલું મહાવ્રત સર્વ પ્રાણાતિપાતથી વિરમવું. પછી સર્વ પ્રકારના પચ્ચક્ખાણ કરું છું એમ કહ્યું. પહેલાં દસ્તાવેજ વાંચ્યો પછી સહી કરી. જિનેશ્વરે–તેમના ધર્મે બાહ્ય સુખ, તેના સાધનો, તેની આખી ક્રીડ ફેરવી નાંખી.

**દયાના ઈંતેજામ માટે જગતનો બીજો એકે ધર્મ નથી—**

પ્રાણાતિપાત–વિરમણને પહેલાં વ્રત તરીકે સ્થાન કેમ? મૃષાવાદ વિરમણને અંગે ક્રીડ રાખનારા હોય કે જુઠું ન બોલવું, કોઈ પણ પ્રકારે હિંસા થાય તો તે મારે પાલવે તેમ નથી તેવો દસ્તાવેજ. જીવહિંસા કરનારા સાથે લેવડ–દેવડ ન રાખીએ. પહેલા મહાવ્રત તરીકે આ વ્રત છે. સભાના ઉદ્દેશ જગતને ન્યાલ કરી દે તેવા છે પણ કાગળને શોભાવે તેમ તમે ક્રીડ રાખી લે કાગળીઆ શોભાવનારી. જે ઉદ્દેશ ધરાવે અને તેને લાયકનો બંદોબસ્ત–ઈંતેજામ કરે તો તે ઉદ્દેશ કાગળીએ રહેલો ન કહેવાય. ધર્મને નામે, યમને નિયમને નામે અહિંસાને એટલે હિંસા છોડવી જોઈએ એમ તો કબૂલ કરનારા બધા છે, ને કહે છે કે **नहिंस्यात् सर्वाभूतानि! पापाय परपीडनम्.** પણ ક્રીડ,

ક્રીડના રૂપમાં રહેવી જોઇએ, ઇંતેજામ (બંદોબસ્ત)ની વાત આવી ત્યાં બેસી ગયા. જૈન શાસનને અંગે વિચારીએ તો નખશિખાત દયા. એકે એક વસ્તુ દયા માટે જેમ પૂંજણી લાકડા વગેરેને પૂજવા માટે. આ ક્રીડવાવાળાએ ઇંતેજામ કેટલો કર્યો છે ? આચારને અંગે ઇંતેજામ સર્વજ્ઞ મહારાજનો ઇંતેજામ છે. જૈન ધર્મનો ઇંતેજામ છે, તે દયાની ક્રીડને બરોબર દાખલ કરવા માટે છે.. દયાના ઇંતેજામ માટે જગતનો કોઈ ધર્મ નથી, તે બધા સભાના ઉદ્દેશ માટે કાગળ કાળા કરનારા છે. અમલમાં મેલવા માટે પ્રયત્ન ન કર્યો હોય તો કેવળ કાગળ કાળા કર્યા છે. અન્ય મતવાળાએ દયા કહી છે તે તો કેવળ કાગળ કાળા કર્યા છે,

**ઇંતેજામ કર્યો તેથી જૈન ધર્મને અગ્રપદ મળ્યુ—**

પૂજવા, પ્રમાર્જવા માટે ક્યા ધર્મમાં ઉપકરણ છે ? દયાના આચારને કે ઉપકરણોને સ્થાન ન હોય તે દયા કરવા તૈયાર છે તે કેવી રીતે માનવું ? પહેલાં મહાવ્રતમાં જણાવેલી સર્વ પ્રાણાતિપાતની વિરતિ; આચાર ઇંતેજામને અંગે રહેલી છે. તેજ ધર્મને અગ્રપદ મળી શકે. સર્વથા પ્રાણાતિપાત-વિરમણની ક્રીડ કરી, ઇંતેજામ કર્યો તેથી જૈન ધર્મને અગ્રપદ મળ્યું. સર્વથા હિંસાની વિરતિની ક્રીડ કરી, ઉપકરણો કર્યાં પણ પદાર્થ અસ્તવ્યસ્ત હોય તો ક્રીડ કે ઇંતેજામને બાધ કરે, માટે તેવા પદાર્થો ન જોઇએ. પદાર્થો માનવા નહિ માનવાને અંગે ઇંતેજામ વગેરેની જરૂર.

## વ્યાખ્યાન : ૪૭

### છોડવો ન થાય ત્યારે ખબર પડે કે વાવેતર થયું નથી

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, ધર્મની પ્રવૃત્તિને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે પ્રતિબોધ પામી દીક્ષા પામ્યા, તેની સાથે જ વિનિ-

યોગની અંદર ભાવના કઇ હોય ? હું જે પામ્યો તે ઘણુંજ અપૂર્વ પામ્યો. અનાદિ કાળમાં નહિ પામેલું પામ્યો. વરસાદ વરસ્યો હોય. વરસાદને મહિના, બે મહિના થઇ ગયા હોય, અને ઊંચુ ન આવે તો કહી શકીએ કે બીજ વવાયું નથી. છોડવો ન થયો ત્યારે માલમ પડે કે વાવેતર થયું નથી, તેમ આત્માને અંગે વિચારીએ કે આપણને સર્વજ્ઞ ભગવાનનું શાસન તેમનાં વચન મળ્યાં તો પણ કૂતરો ગાદી પર બેસે તોં ખાસડાં આવે, તેવી રીતે આ જીવ સર્વજ્ઞ ભગવાનનું શાસન પામ્યો છતાં હજી સુધી સંસાર ભયંકર ન લાગ્યો. તે સંસારને ભયંકર કહે છે ખરો, પણ અંદર ભયંકર લાગ્યો નથી. અગ્નિથી ભય પામે છે ત્યાં દ્રવ્ય જાય તેનો ભય છે. એ ભય જેવા અંદર વસ્યા તેવો પેલો ભય હજી અંદર વસ્યો નથી. અહીં ચમકારો થાય છે તે કહી આપે છે. ઝાળ છેટી હોય, આ બાજુ આવતી હોય તો ચમકી ઊઠીએ છીએ. પારકા હાથમાં હથીયાર દેખીએ, હથિયાર છેટું છતાં ત્રાસ છૂટે છે. પણ ભવને અંગે વિચારીએ તો અંદર બળી રહ્યા છીએ છતાં ભયંકર લાગતું નથી. આથી નિશ્ચિત થાય છે કે હજુ ધર્મનો છોડવો ઊગ્યો નથી. તેનું બીજ પહેલાં વવાયેલું નથી. બીજ નવું છે. અહિં જે ત્રાસ છૂટે છે, તે મિથ્યાત્વની દશાનો છૂટે છે. આ ઉપરથી તેવાને મિથ્યાત્વી ઠરાવવા માંગતો નથી.

## દુઃખને ચૂરવા કરતાં દુઃખના કારણ રૂપ પાપને ચૂરવું

અજ્ઞાતીનો ત્રાસ છે. પાડોશીને ઘેર પોક મેલાઇ તેમાં મોકાણીઆ થઇએ છીએ, પણ ઘરના મનુષ્યની મોકાણ માંડી નથી. પુદ્‌ગલને જે દુઃખ થાય, તાવ આવે, ઝાડો થાય, માથું દુઃખે એ બધું પાડોશીના ઘરની પોક છે, તેના મોકાણીઆ થઇએ છીએ. તેમ તો મિથ્યાત્વી પણ થાય. મિથ્યાત્વી દુઃખને અંગે પોકારે છે. શરીરના પડેલા દુઃખને અંગે કંટાળો મિથ્યાત્વીને પણ હોય છે, જો શરીરના દુઃખને અંગે કંટાળામાં જઇએ તો જાનવર કે મિથ્યાત્વીની દશામાં. છોકરાને કાંટો વાગ્યો. બાએ કાંટો કાઢયો. પત્થરો લઇ કાંટાને ચૂરી

નાંખ્યો 'સાળા મને વાગ્યો', મને વાગ્યો હતો તેથી તને ચૂરી નાખ્યો. અહીં ગાળ દીધી તેમાં વળ્યું શું? બાવળીઓ ગયો નથી ત્યાં સુધી શું વળ્યું? છોકરાને મૂર્ખા જ કહીએ. બાવળીઆને ઉખેડી ન નાંખે, બાવળીઆ નીચે ફરવાનું ન છોડે તેને મૂર્ખો કહીએ પાપની પ્રવૃત્તિ રૂપ બાવળીઓ ઉખેડી કાઢયો નથી, પાપરૂપ બાવળીઆ નીચે ફરવાનું બંધ કર્યું નથી અને છોકરાની હાંસી કરીએ છીએ તો મૂર્ખ કોણ? આવતા દુઃખને ચૂરવાને સૌ તૈયાર. પણ દુઃખોના કારણો પાપ, એને ચૂરવા કેટલા તૈયાર થયા? વેદનાનો વિચાર કરવા દરેક તૈયાર છે પણ પાપ ન બાંધુ, પાપને રસ્તે ન જાઉં, એ વિચારો કયારે આવ્યા? ગુમડાની દવા કઈ કરું, કયા દાકતરને બોલાવું? કાંટો લાગેલો તે છૂંદાય છે પણ બાવળીઓ નથી કઢાતો.

## શાસ્ત્રકારો સિંહ થવાનો ઉપદેશ આપે છે

શારીરિક, માનસિક, વાચિક, કૌટુંબિક અને આર્થિક એ બધા દુઃખની જડ કઇ? બાંધેલા પાપ તે ઉખેડવાને કઈ મહેનત થઇ? 'તું કૂતરો એવું કોઇ કહી જાય તો ક્રોધ આવે, પણ કૂતરાના કામો કરીએ તેમાં વાંધો નહિ! કૂતરાને કોઈ પથરો મારે તો પથરાને કરડવા જાય પણ સિંહ બાણની સામું ન જુએ તે તો મારનારના સામો ધસે. આથી શાસ્ત્રકાર સિંહ થવાનો ઉપદેશ આપે છે. અનિષ્ટ વિષયો વગેરે તરફ ન જુઓ તેના કારણો તરફ જુઓ, જેઓ પાપના ઉદય તરફ જુએ તેવાઓને સમ્યગ્દર્શનના ઘરનું છેટું છે, તેણે હજુ પાડોશીની પંચાત કરી છે.

## આપણી ચોટ અઘાતી તરફ

અઘાતી અને ઘાતીકર્મ નામના બે પ્રકારના કર્મો કહ્યા છે. ઘાતીકર્મ=ઘાતકકર્મ--સીધો આત્માને મારનાર, બગાડનાર તે આ વર્ગ આત્માના ગુણો ઉપર જેની ચોટ એ ઘાતક, આત્માનો હત્યારો તેનું નામ ઘાતી. નાનો છોકરો, પથરો, થાળી જે હોય તે મારે, પણ તેનું કાંઇ નહિ, ઘાતક નહિ. અઘાતી કર્મ તે તને કાંઇ કરવાના નથી.

તેણે નામથી તમને સાવચેત કર્યા છે. આ વર્ગ ઘાત કરનારો છે. બીજો વર્ગ ભલે વિરોધી, પણ તારું બગાડે નહિ. પણ આપણી ચોટ અઘાતી તરફ છે, તેતો ખાળે ડુચા દરવાજા મોકળા છે. અશાતાનો ઉદય, પુદ્ગલમય. નારકી, તિર્યંચનું આયુષ્ય પુદ્ગલ દ્વારા ને નામકર્મ, ગોત્રકર્મ પણ પુદ્ગલ દ્વારા. તેઓ આત્માના ગુણને અડતા નથી.

## સમ્યગ્દષ્ટિ શત્રુ તરીકે ઘાતી કર્મને દેખે

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય, એ ચારે ઘાતીની ચોટ આત્મા ઉપર. એ પુદ્ગલોને પકડે નહિ. આત્માના ગુણોને પકડે. સમ્યગ્દષ્ટિના શત્રુ અશાતાનો ઉદય વગેરે નથી. સમ્યગ્દષ્ટિ શત્રુ તરીકે ઘાતી કર્મને દેખે. અઘાતીના જેટલા પાપ પ્રકૃતિરૂપે ગણાય તે દેખાતાં પાપ છે, પણ ખરેખર તે તો ટેકા છે, નીસરણી છે. અઘાતીની પુણ્યરૂપ પ્રકૃતિ તે તો ઘરના શત્રુ છે. જે પાપ પ્રકૃતિ છે તે ચઢતાં આવડે તો મોક્ષે જવાની, સદ્ગતિએ જવાની નીસરણી છે. પરીષહથી ઉપસર્ગના સહનથી નિર્જરા તે મોક્ષના માટે છે. અઘાતીના પાપને લીધે અઘાતીના ખરાબ પ્રકૃતિને લીધે આત્માનું ચઢવું થાય, અઘાતીના પાપના ઉદયના લીધે થતાં કાર્યોના પચ્ચક્ખાણ રાખ્યાં નથી.

## ઘાતીકર્મો બાંધવામાં આંતરો થયો નથી

આતાપના, લો તો નિર્જરા શા માટે? અઘાતીના પાપોને ઉદયમાં આવવા દો. જેમ ઉદયમાં આવશે તેમ અઘાતિના લાગેલા પાપો તૂટે અને આત્માની નિર્મળતા થાય. દેવું તૂટવાનું તો મિલ્કત વધવાની, આર્તધ્યાન શાનું નામ? વેદના થઇ હોય તે વેદનાના નાશનો વિચાર કરે તેનું નામ આર્તધ્યાન. ઇષ્ટ સંયોગ મેળવવાનો, અનિષ્ટ દૂર કરવાનો વિચાર તે 'આર્તધ્યાન' છે. તમે અઘાતી ઉપર જોર અજમાવીને કરો છો શું? અરવિંદકમળ ઉપર એરાવણ ચઢાવ્યો

કામનો શો ? અઘાતી તાકાત વગરનો તેના ઉપર સવારી કરો છો, સમયે સમયે અનંતા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય બંધાય છે તેનાથી ડરો. આ વિચારીશું ત્યારે ભવનું ભયંકરપણું સમજાશે. બીજાં પાપો બાંધવામાં આંતરા થઈ ગયા, પણ ઘાતીકર્મો બાંધવામાં આંતરો થયો નથી. સમયે સમયે નીચગોત્ર જ બાંધ્યું એમ નથી, અશુભનો પણ આંતરો પડયો છે. **અઘાતી પ્રકૃતિમાં શુભ અશુભ બાંધવાનો આંતરો પડયો પણ ઘાતીના અશુભને બાંધવામાં આંતરો પડયો નથી** અઘાતીનાને આંતરો પડે. આંતરો અઘાતીકર્મની પાપપ્રકૃતિઓમાં અનંતી વખત પડયો છે. આંતરો ન પડયો હોય તો ઘાતીનો પ્રહાર એક સમય, એના પ્રહારમાં આંતરો નહિ. જે કાતિલ ઘા કરવાવાળો છે, જેના પ્રહારમાં આંતરો નથી, તેનાથી ડરતા નથી પણ પાડોશી ઘા કરે તેનાથી ચોવીસે કલાક ડરતા રહો છો.

## સમજ્યા પછી કરે તે ઘા સજ્જડ

દશ વર્ષની ઉંમરનો નાનો છોકરો વેશ્યાને ત્યાં જઈને બેસે તેની પંચાત નથી, સમજુ થયા પછી પંચાત. તેવી રીતે મોહનીય સમજીને પહેલા ઘા કરે છે. **અણસમજીને કરેલું જે કાંઈ ઘા કરે તેના કરતાં સમજી કરેલું વધારે સજ્જડ ઘા** કરે. મોહનીયને જાણે ઓળખે છતાં જીવ મૂંઝાય. સહસ્રયોધી શું કરે છે ? ઓચિંતો માથું ન કાપે, પણ સામો થા, જોઈએ તો હથિયાર લે ! એમ કહીને મારે. તેની માફક મોહ ખોટો છે, જીવને સાવચેત કરીને માર દેવડાવે છે, દે છે.

પ્રશ્ન—જે વખતે મૈત્રી આદિ ભાવના ભાવતા હોઈએ, તે વખતે જીવે શું કરવું ? સમાધાન—બધા જીવોને અંગે મૈત્રી ભાવના રાખવી. પરદેશી રાજાએ મૈત્રી ભાવના ખડી કરી, તે વખતે સૂર્યકાંતાને પહેલો નંબર આપ્યો. બીજાને ખમાવવાની સાથે આને પહેલી ખમાવે.

કારણ કે વેર રહેવાનો સંભવ છે. ઝેર દઈને, નખ મારીને મારનારાને પહેલાં ખમાવે. આ સંસારી દશામાં રહ્યો તેની મોકાણ !

**પારકો રચેલો બનાવ બનતો નથી.**

**અતિ સુધરાવનાર સતી**—એક સતી છે. એના ધણીને મારી નાંખ્યા જેવો કર્યો છે. ધણી મરવા પડયો છે. સતીના શીલના ખંડનને માટે મારી નાંખ્યો છે. પહેલો એનો વિરોધ ખમાવો દો, એની ઉપર અપ્રીતિ ન લાવશો એમ કહે છે. ધણીનું માથું કાપ્યું તે અપકૃત્ય છે, તેને અંગે ધણીને કહે છે એનો વિરોધ ખમાવી દો, એના ઉપર અપ્રીતિ ન લાવશો. કઈ સ્થિતિમાં અપકૃત્યમાં ઉતરેલો છે? એક સતીનું શીલ તોડવા માટે સગા ભાઈને મારી નાંખ્યો. સતી તે વખતે કહે છે, પહેલા એને ખમાવો. આરાધનાનો માર્ગ કયો છે? એની ગતિ ન બગડે એ સતીનો મુદ્દો. **રાજકુવરીઓ આવા પ્રસંગે જ્યારે દૃઢતાને ધરાવી શકે તો પછી ધર્મ કરનારાએ આ આલંબન કેમ ન લેવું ? ચાહે તે કાર્ય હોય પણ દુનિયામાં બગાડી નાંખનાર કોઈ નથી.** છોકરાનો ખડિયો—છોકરાની રમત-છોકરાના હાથમાં ચીનાઈ ખડિયો આવે. પડી જાય, કટકા થઈ જાય. હાથ એમ રાખે કે બે કટકા જુદા ન થાય, પેલો બીજો બોલતો આવે છે. હાથ દે. ખડિયો ફૂટે, પેલો કહે લાવ મારો ખડિયો ! ખડિયો ફૂટેલો હતો, હાથ લગાડયો તે વાંક. દુઃખ લેવાની તૈયારી કરી મેલેલી છે, તેમાં પેલો બિચારો અટકચાળો આવ્યો. તેને માથે નાંખીએ કે 'તેં બધું કર્યું.' અહિં બધી દુઃખની તયારી કરીને વર્તમાનમાં સુખની તૈયારી દેખાડી. લુચ્ચાઈ કરીને જીવે કર્મો બાંધ્યાં છે, પણ બીજાએ કાંઈ કર્યું એટલે બીજાને માથે નાંખે છે, જે કાંઈ બનાવ બને છે તે પોતાનો પહેલાનો કે હમણાનો રચેલો છે, પારકો રચેલો બનાવ બનતો નથી.

**પોતાના કર્મવિપાકને સમજયો નથી તે રખડવાનું પરિણામ**

સર્વ જીવોએ પૂર્વે જે કર્મો કરેલાં છે તે તેના શુભ, અશુભ વિપાકને પામે છે. ચાહે તે સુખ દુઃખના કામો થાય. તેમાં બીજો

તો નિમિત્ત માત્ર છે. જેમ બીજો છોકરો અડયો તેથી ફેંકનાર ઠર્યો, તેમ આપણે પણ બાજી ગોઠવી રાખી છે. પેલો નિમિત્તવાળો, તેને મારી નાખીએ પણ આપણે નિર્દોષ ! મારો ખડિયો હતો, નવો હતો, એ બધી વચનની શાહુકારી. 'હું તો આમ કરું પણ ફલાણાએ આમ કર્યું.' આ છોકરાની રમત છે. જો પોતાના કર્મવિપાકને સમજ્યો નહિ તો રખડવાનું છે.

## ઘાતીના ઘાને અંગે ભયંકરપણું

હવે મૂળવાત પર આવો. હજુ આ જીવને સમ્યગ્દૃષ્ટિ થવું છે. ઘાતીના ભયંકરપણાનો સ્વપ્ને પણ ખ્યાલ આવતો નથી. અઘાતીના પાપના ફળો ભોગવવા તે સદ્‌ગતિની નીસરણી છે. ઘાતીનો વિચાર ન કરવો, અઘાતીના પુણ્યની પાછળ પલોટાયા જવું, અઘાતીના પાપથી પલાયન કરવું એ બધું કેવું ? ઘાતીનો સ્વપ્ને પણ ખ્યાલ નથી કર્યો. ઘાતીનો ખ્યાલ કરો ત્યારે ભવચક્રનું ભયંકરપણું-ઘાતીના ઘાને અંગે ભયંકરપણું. અઘાતી તો મલમપટાએ સાજા કર્યા જેવું છે. અઘાતીની પાપ પ્રકૃતિ જ બંધાય છે એમ નથી. અઘાતી એ તો વાદળાં છે, તે છાંયો કર્યા કરે છે, પણ કોઈ દિવસ આરામ ન આપે, ઘા કર્યા વિના ન છોડે, કાળજાં વીંધ્યા વિના ન રહે તેવો ઘા ઘાતીકર્મોનો છે. ઘાતીકર્મનો ઘા જીવને એકે સમય લાગ્યા વિના રહેતો નથી, પણ આ જીવ પાડોશીના મરણમાં મોકાણીઓ થાય છે.

## ઘાતી સમયે સમયે આપણી પાછળ પડયું છે

આત્માના ગુણોનો નાશ કરે તે ઘાતી. દુર્યોધનને કહ્યું બાણ કોણ મારે છે ? શિખંડીનાં બાણ ન હોય. અર્જુનનાં બાણ છે. તેના શિવાય બીજાનાં ન હોય. આત્માના ગુણોને ઘા કરવો, આત્માને ઊંચો જવા ન દેવો એ તાકાત ઘાતીમાં છે. અઘાતીનું જોર ચાહે તેવું હોય તો પણ આત્મા દબાઈ જતો નથી, ઘાતી સમયે સમયે આપણી પાસે પડયું છે.

આ દુનિયાદારીનું દૃષ્ટાંત છે—કેટલીક વખત બાયલા બનેલા

ઘરના નુકશાન કરતાં સાસરિયાનું નુકશાન તપાસે છે. તેમ આ જીવ બાયલો બન્યો છે, આ શરીરને કાંઈ ન થવું જોઈએ, આની ઉપર કાંઈ થાય તેના વિચારથી પણ આત્માની ઉપર કેટલા ઘા થાય તેનો વિચાર જીવ કરતો નથી. આત્માનું શું થાય તે ભૂલી જાય છે. ઘર-જમાઈ સાસરિયાનું તપાસે, કુટુંબનું ન તપાસે. તેમ શરીરના ઇષ્ટ સંયોગો મેળવવા પણ આત્માનો હિસાબ નહિ. માગ્યાનુગ્યામાં હોય તેનો હિસાબ હોય ? માગ્યાનુગ્યા એકાદ બે મરચાં હોય પણ ખોબો ભરો તે ચાલે નહિ. આપણે માગ્યાનુગ્યાના હિસાબમાં નથી. એમ જ્યારે તે દશા વિચારીએ ત્યારે માલુમ પડે, આપણું ઘર કેટલે ? છોકરાં કહે, "મામાનું ઘર કેટલે ? દીવો બળે એટલે"–સમકિતનું ઘર કેટલે ? આપણે આપણું ઘર કેટલું છેટું છે તે જોતું નથી, આ દશા વિચારીએ તો આપણું ઘર હજી ક્યાં છે ? વાત મોક્ષની કરીએ છીએ. પરમેશ્વર કે રાજા પાસે એવી માગણી કરવી નહિ, પરમેશ્વર પાસે માગણી મોક્ષની. દેખો તો મૂળજીભાઈ મૂળમાં નથી. અઘાતીનો ડર, પણ અઘાતીની પાપપ્રકૃતિ શું કરવાની હતી તે વિચાર નથી આવતો. ચોવીસે કલાક કીડીના કટકને જુવે છે પણ જે ચોરો સર-દાર છે તેના ઉપર વિચાર થતો નથી. ઘાતી સીધી આત્મા ઉપર અસર કરે.

### બેમાં ઘણો ફરક—

ભવ્યત્વભાવ સ્વાભાવિક છે. કૃત્રિમ નથી અનાદિ છે એમનું તીર્થંકરનું પાક્યું અને આપણું પાકવાનું ઠેકાણુંય નહિ. ભવ્યત્વમાં અને તથાભવ્યત્વમાં ઘણો ફરક. તથાભવ્યત્વ એટલે તે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે સમ્યગ્દર્શનજ્ઞાન વગેરેની પ્રાપ્તિ, અને મોક્ષ થવાની લાયકાત તે ભવ્યત્વ.

સમકિતી સો ટકા બનવા માગીએ છીએ. પણ હિસાબ કરવા જઈએ ત્યારે દોકડાનુંય ઠેકાણું નથી. સમયે સમયે અનંતા ઘાતી

કર્મો આપણા ઉપર ધા કરી રહ્યા છે તેની દરકાર નથી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ધાતી કહેવાય છે

પ્રશ્ન—વ્યાખ્યાન સાંભળતી વખત જ્ઞાનાવરણીય કર્મ બંધાય! સમાધાન—અહીં રસોળી થઇ. રસોળીનો વિકાર થઇ ગયો. મારા ખોરાકમાંથી આને પોષણ મળે તે મરજી રંચાડેય નથી, છતાં રસોળીને પોષણ મળ્યા વિના રહે નહિ. જે જ્ઞાનાવરણીય પૂર્વે બાંધ્યા છે તે ભોગવીએ છીએ. તે ભોગવતી વખત કર્મ પ્રકૃતિ જે બંધાય છે તેમાંથી તેનો ભાગ પડે.

## અજવાળી તોય રાત્રિ

શંકા—પૂજ્ય, સામાયિક નિર્જરાની ક્રિયા, તેમાં બંધ શાનો? સમાધાન—નિર્જરાના અધ્યવસાય સાથે રાગદ્વેષ ખરા. રાગદ્વેષ ધાતીને લાવવાનું કામ કરે. જેમ અજવાળી તોય રાત્રિ. અપ્રમત્ત દશામાં (૭ વગેરે ગુણસ્થાનમાં) જ્ઞાનાવરણીયનો બંધ ચાલુ છે. દશમાના છેડા સુધી બંધાય. અગિયારમે પહોંચે ત્યારે જ્ઞાનાવરણીયનો બંધ રોકાય.

## ક્લોરોફોર્મ આપો તોય વિકારનું પોષણ ચાલુ

પ્રશ્ન—ઉપાધિ મટી જાય તે વખતે સમાધિસ્થ પુરુષને બંધ ચાલતો રહે કે નહિ? સમાધાન—ભોજન કરીને સૂઈ ગયો છે, ઊંઘમાં પડયા પણ પોષણ તો મળે છે. વિકારનું પોષણ તો ક્લોરોફોર્મ આપો તો પણ ચાલુ રહે, તેમ બંધ ચાલતો રહે.

## સાળો એટલે બાપ કરતાં બડો

હવે મૂળ વાત પર આવો—આ જીવ અનાદિકાળથી સમયે સમયે આત્માના ગુણો ઉપર ઘા કરનાર અને આત્માની ખરાબી કરનાર ઉપર ચોટ (દાવ) ધારતો નથી. એને તો માને છે સાળો. **સાળો એટલે બાપ કરતાં બડો.** એનું શું થાય? આને પોતાના કરતાં આ શરીર વધે. આત્માનું ચાહે તે થાય તેની ફિકર નહિ. આ દશા ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને એક અંશે પણ શોભે છે! સમજીએ છીએ, કરીએ છીએ, ઉત્તરરૂપે કરીએ છીએ પણ "આત્મા એ સ્થિતિમાં

આવે " આ વસ્તુ વિચારીશું ત્યારે આ જીવ પહેલાં કાંઇ પામ્યો નથી, પહેલાં કાંઇ પામેલો હોત તો, વરસાદ વરસ્યાને મુદત થઇ તો જરૂર છોડવો થવો જોઇએ, છોડવો ન થયો તો પહેલાં બીજ વવાયું નથી, અનાદિકાળથી નથી પામ્યો એવું આ અપૂર્વ મળ્યું છે એમ લાગે, અસંખ્યાતી વખત આવા વિચારો આવે. સમ્યક્ત્વ આવે ત્યારે આ વિચારો હોય જ. એ સમ્યક્ત્વ અસંખ્યાતી વખત આવે ને ચાલ્યું જાય. ક્ષેત્રપલ્યોપમના અસંખ્ય ભાગ જેટલું આવે, ચાલ્યું જાય. તાવ આવે, ઊતરી જાય, ન ભૂલી શકે તેવો અભણ અને ભૂલેલો નહિ એવો ભણેલો સરખો ન હોય.

## અત્યાર સુધી નહિ મળેલું મળ્યું છે

આ જીવ તો આત્મીય ફળની અપેક્ષાએ આત્માના અસંખ્યાતા પ્રદેશના એક પ્રદેશનું સુખ એક વખત પણ મેળવવા ભાગ્યશાળી થતો નથી. આખી જિંદગી સામાયિક વગેરેમાં ગઇ. અઘાતીનો કયો ઘા ખટક્યા વિના રહ્યો? ઘાતીનો ઘા કયો ખટક્યો? અનંતા પુદ્ગલ પરાવર્તો રખડ્યા છતાં નથી મળ્યું તે અત્યારે મળ્યું છે, જો મેળવી જાણીએ તો અનંતા પુદ્ગલપરાવર્તમાં નથી મળ્યું તે મેળવી શકીએ.

## ઘાતીકર્મ તરફ નજર જતી નથી—

પુદ્ગલ અનંતા તેથી અનંત વર્ગ પાડ્યા. એની એક જાત એનું નામ કર્મવર્ગણા. બધા પુદ્ગલો જ્યારે શરીરપણે પરિણમે. એક પણ વર્ગણાના પુદ્ગલ ઔદારિક શરીરપણે પરિણમવા માંડે અને તેને સંપૂર્ણ પરિણમાવતાં જે કાળ જાય તેનું નામ દ્રવ્ય થકી પુદ્ગલપરાવર્ત. એક એક આકાશપ્રદેશે મરે, જોડેનો જ ગણવો, બીજે મરે તે કામનો નહિ. આવી રીતે ચૌદ રાજલોકના પ્રદેશો મરણથી ભરાઇ જાય. આવાં જે પુદ્ગલ પરાવર્ત થાય તેવાં અનંતા પુદ્ગલ પરાવર્ત રખડ્યો. જે ચીજ મળી નથી તેથી જ મેળવવાનું ભાગ્ય ખુલ્યું, જો મેળવી શકીએ તો ઘાતીને, ઘાતીના ઘાને ઓળખો તો

અજ્ઞાતીનો પાપનો ડર તે ફોતરા ખાંડવા જેવો લાગે. અજ્ઞાનીના પાપનો ઉદય તો ભગવવાનો શાનો? છોકરો છાપને દેખે, કાપડના થાનને ન દેખે, તેમ છોકરો અજ્ઞાનીના પાપના ઉદયને ટાળવા ચોવીસે કલાક મથે છે. આખી જિંદગી દૃષ્ટિ ત્યાં છે. ઘાતી તરફ દૃષ્ટિ ગમ નથી. જે આત્માના સ્વરૂપને જાણે, જ્ઞાનાદિક ગુણોને જાણે તેના ધ્યાનમાં કોણે ઠાર માર્યા તે રહેવું જોઈએ. અહીં નવું પામે છે કે જે પૂર્વે નથી પામ્યો. આટલાજ માટે અપ્રાપ્તપૂર્વ એમ લખે છે. ધર્મને બોધિલાભ કહે છે. સમ્યક્ત્વને અંગે નહિ પામેલો પામ્યો છે. આ સ્થિતિ નથી પામ્યો, જો પામ્યો હોત, વાવેલું ખેતર હોત તો વરસાદ વરસે તો છોડવો ઉગ્યા વિના ન રહે. ધૂળમાં લોટું છું. જન્મ્યો છું અત્યારે. અત્યારે જન્મ્યો ન હોઉં તો ધૂળમાં રમનારો ન હોત. જિનેશ્વરનું શાસન પામ્યો છું. ઘાતી તરફ નજર જતી નથી. આ ખરેખર હમણાં જન્મ્યો છું.

## મને મળેલું દુનિયાને દઉં તે વિનિયોગ

અપૂર્વતા આત્માને ભાસે તે વખતે આમ જરૂર થાય કે, મને આટલી મહેનત પડી તે અનંતા વખત જે વસ્તુ નહોતી મળી તે અત્યારે મળી છે તે મારું ધનભાગ્ય છે. આ ચીજ જગતને મેળવી આપું. નાતને સુધાર્યા, સુખી કર્યા વગર તારું કુટુંબ સુધરશે, સુખી થશે નહિ. નાતને સુધાર્યા વિના દીવા પાછળ અંધારું છે નાતને ન સુધારો તો છોકરીની શી વલે? નાત સુધરી હોય તો જે ઘેરે દેશે તે ઘેરે કલ્લોલ કરશે. છોકરા માટે કન્યા બહારથી લાવીશને? નાત નહિ સુધરી હોય તો તારું શું થવાનું? હમેશાં માટે સુધારો, સુંદર પણું રાખવું હોય તો આખી નાતને સારી કર! ભવ્ય જીવ ધારે કે મારા જીવને અપૂર્વ મળ્યું. ક્યારે ખસી જશે તેનો પત્તો નથી, માટે મારી નાત તૈયાર કરી દઉં. તેમાંથી કોઈ પાછું મેળવી આપશે. ભવ્ય જીવને મળ્યું ન હોય તો ખસે ત્યારે કોણ ઠેકાણે લાવવાનું? દેવાના અભિપ્રાયો ખસતું બચાવે છે. ભણાવે એટલે ભણતર પાકું

થાય. આપોઆપ સમ્યક્ત્વની જડ પાકી થવા માટે દરેકે શુભ પરિણામ પામીને એ વિચારમાં મશગુલ રહેવું જોઈએ. આ સ્થિતિએ ભવ્યોને કેમ લાવું તેનું નામ વિનિયોગ, મને મળેલું દુનિયાને દઉં તે વિનિયોગ. કોઈ એનાથી બેનસીબ ન રહે તેનું નામ વિનિયોગ. એને અંગે ભગવાન્ સુધર્માસ્વામીજી પ્રતિબોધ પામ્યા ને ભવ્ય જીવોને માર્ગે લાવવા માટે દ્વાદશાંગીની રચના કરી,

## દયાના સાધવાના ઓજારો ધરાવનાર જૈન ધર્મ

પ્રાણાતિપાત વિરમણ પહેલું બતાવ્યું. બધી પરીક્ષાઓનો આધાર એ વ્રત ઉપર રહ્યો છે. ગુરુ, ધર્મ ને શાસ્ત્ર પણ પ્રાણાતિપાત-વિરમણ ઉપર. જે વખતે સંસ્થા સ્થપાય છે તે વખતે કાગળના ઉદેશો જગતને ન્યાલ કરનારા દેખાય છે, દયાની પોકાર કરનારા, દયાને માટે ઘોંઘાટ કરનારા ઘણા હોય. 'માર, માર' કર્યે જીત ન મળી જાય, ઓજારો હોય તો જીત મળે. દયા પોકારી આપી જતી નથી. ઓજારોમાં હથિયાર વગરના સિપાઈઓ છે. દયાને સાધવાના ઓજારો ધરાવનાર જૈન ધર્મ છે. દંડાસણ, ઝોળી, પાતરાં બધું દયા માટે. હથિયારવાળું લશ્કર હોય તો તે જૈનોનું. દયાને પોકારે છતાં બીજામાં દયાનું સાધન એકે નથી.

## બીજા ધર્મમાં દયાની પ્રવૃત્તિ કાંઈ ન મળે

સાધન વગરના શું કલ્યાણ કરે! દયાનું સાધન ધરાવનાર જૈનધર્મ, જૈનગુરુ,ને જૈનોમાં પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિ છે, બીજે સમિતિનું નામ નહિ. બીજું હથિયાર વગરનું ટોળું 'માર માર' કરે, તે ખોરાક ઘટાડે બીજું કાંઇ કરે નહિ. બીજા ધર્મમાં દયાની પ્રવૃત્તિ, ક્રિયા, કાંઇ ન મળે. દયાના આચાર, સાધન, પ્રવૃત્તિ ને ક્રિયાવાળું જૈન શાસન છે. દયા પોકારે, દયાના સાધનો, આચાર રાખે પણ દયાનો તત્ત્વવાદ શાસનમાં રમી રહ્યો ન હોય ત્યાં સુધી કાંઈ થાય નહિ. જૈન શાસનમાં દયાને આગેવાન પદ કેમ આપવામાં આવ્યું તે અગ્રે.

# વ્યાખ્યાન ૪૮

## એક દીવો અનેકને ઉત્પન્ન કરે તેમાં તેને કંઈ ખોવાનું નથી.

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મની પ્રવૃત્તિને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે પ્રતિબોધ પામ્યા, દીક્ષા પામ્યા તેની સાથે જ વિનિયોગ નામનો પાંચમો ભેદ જણાવ્યો. વિનિયોગ નામના ભેદની અંદર હોય શું ? **પોતાને મળેલી ચીજ, પોતાને અપૂર્વ, અલભ્ય, ઉત્તમોત્તમ લાગી હોય, તો પછી દયાળુનું અંતઃકરણ બીજાને તે કેમ ન મળે એ જ વિચારમાં રહે.**

સામાન્ય દુનિયામાં બાહ્ય પદાર્થ એવી ચીજ છે કે, દીધી કે ગઈ. માટે તે ચીજને અંગે બીજાને દેવાની બુદ્ધિ થવા પહેલાં પોતાને ખોવાનો ભય રહે છે. મળેલી ચીજને જેમ દુર્લભ ગણે તેમ તેમ ન દેવાની બુદ્ધિ થાય. જેટલું દીધું એટલું ખોયું આ બુદ્ધિ થઈ જાય, તેથી દેવાનો સંકોચ થાય. પણ ભાવ તરીકે દીધેલી ચીજ દેવામાં જવાવાળી નથી. એક દીવો બીજા દીવાને ઉત્પન્ન કરે તેમાં દીવાને ખોવાપણું નહિ. સેંકડો નવા ઉત્પન્ન થયા છતાં પહેલાં દીવાને ખોવાનું હોતું નથી. સમ્યગ્દર્શન વગેરે રૂપ આત્માનો સ્વભાવ એવી રીતે રહેલા છે કે એનાથી લાખો સમ્યગ્દર્શન વગેરે પામી જાય અને તેનામાં સમ્યગ્દર્શન વગેરે રહેલા હતા તેમાં ઓછાશ થતી નથી.

## વ્યક્તિના જ્ઞાનમાં સાક્ષાત્ હોય કે પ્રતિબિંબ હોય તેમાં ફરક નથી.

ભગવાનની પ્રતિમાની માન્યતા ખસેડવા માટે, પૂજા ખસેડવા માટે કુમતે પ્રવર્તેલા છે. તે બીજાને કુમતમાં પ્રવર્તાવવા માગે છે. તે ઉદાહરણ દે છે કે 'પત્થરની ગાયથી દૂધ નીકળે છે ?' પત્થરની ગાયથી દૂધ ન નીકળે, પણ વિચાર કરશો તો જણાશે કે પત્થરની

ગાયથી દૂધ નીકળે. નાના બાળકને ગાયને જે ઓળખાવો છો તે ચોપડીના ચિત્રામણથી ઓળખાવો છો. આ ગાયનું શીંગડું કહેવાય, એમાંથી દૂધ ન નીકળે, આ પૂંછડું કહેવાય એમાંથી દૂધ ન નીકળે. આ આંચળ છે. અહીંથી દૂધ નીકળે છે. તે આંચળે હાથ લગાડીને શીખવો છો ? નિશાળે ગાય બાંધી હશે ખરી ? વાઘની ઓળખાણ પણ ચિત્રથી કરાવો છો ને ! વાઘની ઓળખાણ કેટલાએ ) વાઘ લાવીને કરાવી ? તમારે તો જ્ઞાન સાક્ષાત્‌થી થવું જોઈએ માટે વાઘ લાવવા જોઈએ. વાઘ. સાપ લાવ્યા વિના તેનું જ્ઞાન ન અપાય. બાલમંદિરમાં હવે વાઘ, સાપ લાવવા જોઈએ.

## સાક્ષાત્‌થી જે જ્ઞાન થાય તે જ જ્ઞાન તસ્વીર, પ્રતિબિંબ કે મૂર્તિથી થાય

બાળપોથીમાં ચિત્રામણનો થોકડો આવે. સાતમીમાં એટલા ચિત્રો હોતા નથી. ચોપડીએ સાપ લટકાવી બાળકોને સાપ ઓળખાવ્યા ? અને વાઘ પણ ઓળખ્યો ક્યાંથી ? સાક્ષાત્‌થી ન ઓળખાય, છબીથી ઓળખવામાં આવે છે. એ ઓળખાણ થવાથી વાઘથી બચે કે નહિ ? ચિત્ર ન બતાવો તો એ બચ્ચું સાક્ષાત્ વાઘથી બચશે નહિ. પ્રવૃત્તિ વ્યવહારથી જોઈએ છીએ. જ્ઞાનને માટે સાક્ષાત્ કે ચિત્રિત વસ્તુમાં ફરક નથી. સાક્ષાત્ તીર્થંકર હોય અને જે તીર્થંકરપણાનું જ્ઞાન થાય કે તીર્થંકરની મૂર્તિ હોય અને જે તીર્થંકરપણાનું જ્ઞાન થાય તેમાં કોઈ પણ જાતનો ફરક નથી. મૂર્તિથી જ્ઞાન થાય તે સાક્ષાત્‌થી થાય. વચનદ્વારાએ વ્યક્તિનું જ્ઞાન થતું હતું. વ્યક્તિનું જ્ઞાન જેવી રીતે વ્યક્તિને દેખવાથી થાય તેવું પ્રતિબિંબને દેખવાથી પણ થાય. વ્યક્તિના જ્ઞાનમાં સાક્ષાત્ હોય કે પ્રતિબિંબ હોય તેમાં ફરક નથી. પ્રતિબિંબની પ્રાપ્તિ સર્વદા અને સર્વત્ર છે. સાર્વત્રિક જ્ઞાન કરાવનારી ચીજ તરીકે વ્યક્તિ કરતાં પ્રતિબિંબ વધારે ઉપયોગી છે. પ્રતિબિંબ વ્યક્તિ સિવાયના કાળમાં, સ્થાનમાં વ્યક્તિનું જ્ઞાન કરાવશે. વ્યક્તિ કરતાં પ્રતિબિંબ જ્ઞાન કરાવવા માટે અત્યંત ઉપયોગી છે. વ્યક્તિજ્ઞાન થઈ

જાય ત્યારે વ્યકિતના ગુણોનું આપોઆપ સ્મરણમાં થાય. રામ યાદ આવે કે લક્ષ્મણ અને સીતા તરત યાદ આવે, કારણ કે સબંધી છે. રામ વગર જુદી સીતા હોતી નથી અને સીતા વગર જુદા રામ હોતા નથી. રામના ખાટલાની જગો પર રામ ખુદ યાદ આવી જાય. તીર્થંકરના આત્મામાં કૈવલ્ય, વીતરાગપણું વગેરે છે એવું જેને પૂરું જ્ઞાન છે તે મનુષ્યને પ્રતિબિંબ દેખવાની સાથે વ્યકિતનું સ્મરણ થવાનું. તેમાં રહેલા ગુણો જરૂર યાદ આવવાના. **सकसंबंधि ज्ञानं अपरस्मारकम्.**

## વ્યકિત કરતાં પ્રતિબિંબ પહેલા નંબરની ચીજ

જગતમાં ઇષ્ટ પદાર્થનો બોધ આત્માને ઉલ્લાસ કરનારો થાય છે. સ્ત્રી ઘેર બેઠી છે. ધણી પરદેશ ગયેલો છે. જો ધણી તરફથી સંતોષ હોય તો ધણીનું નામ યાદ આવતાં ઉલ્લાસ આવે છે. માતા ધંધો રોજગાર કરતી હોય તે વખતે પણ છોકરાની વાત આવતાં રૂંવાડાં ઊભા થઇ જાય છે. ઇષ્ટ વસ્તુનું સ્મરણ તેની ઇષ્ટતાને ઊભી કરી દે છે. ભવ્યજીવ માત્રને કેવળજ્ઞાન, દર્શન વીતરાગપણું અને અનંત વીર્યની પ્રાપ્તિ ઇષ્ટ હોય, તે ઇષ્ટ હોવાથી તીર્થંકર આ ગુણવાળા છે તે સ્મરણ થાય તો રૂંવાડાં રૂંવાડાં ખડા થય. પ્રતિબિંબ ઉપરથી વ્યકિતનું સ્મરણ, વ્યકિતના સ્મરણથી વ્યકિતમાં રહેલા ગુણોનું જ્ઞાન, તે જ્ઞાન થવાથી અપૂર્વ ઉલ્લાસ. માતા પહેલાં છોકરાના જ્ઞાનવાળી હતી. જે વખતે છોકરાના મ્હેલાણની વાત થાય તે વખતે છાતી ઓર જ ઊછળે. ઇષ્ટના ખ્યાલને લીધે ઉલ્લાસ થાય તે જુદો જ છે. પ્રતિબિંબ, મૂર્તિ એ વ્યકિતના જ્ઞાનને અંગે પહેલા નંબરની ચીજ. વ્યકિત કરતાં પ્રતિબિંબ પહેલા નંબરની ચીજ. વ્યકિત એક કાળની, જ્યારે પ્રતિબિંબ સર્વ ક્ષેત્ર, સર્વ કાળમાં, તેથી પહેલા નંબરની ચીજ. તો પછી ભગવાન્ જિનેશ્વરની મૂર્તિને અંગે જેટલી વખત દર્શન કરીએ તેટલી વખત વ્યકિતનું સ્મરણ, તેના ગુણોનું સ્મરણ કેમ નહિ થાય? જો વ્યકિત તરફ આદર હોય તો મન ઉલસ્યા વિના રહે નહિ. મૂર્તિ વ્યર્થ નથી.

**શંકા**-મૂર્તિ છતાં જેવી રીતે પ્રતિબિંબથી વ્યક્તિજ્ઞાન થાય છે, તેમ વાચ્યથી વાચકનું જ્ઞાન થાય છે, તો **નામસ્મરણ બસ છે.**

**સમાધાન**-તેં જે વસ્તુ કહી તે કબૂલ. તને અહીં પૂછી લઈએ કે પત્થરની ગાયથી દૂધ નીકળતું નથી તો નામ ગાય કોઈ દૂધ નીકળે? તારે તો પ્રતિમાનું વ્યર્થપણું કરવા માટે દૂધ નથી નીકળતું એ બાબ કરવો પડયો ને! માટે પત્થરની ગાય નકામી તેમ ભગવાનની મૂર્તિ નકામી આ સાધ્ય હતું. જેમ પત્થરની ગાયથી દૂધ ન નીકળે તેને લીધે પત્થરની ગાય નકામી, તો તું કહે છે કે નામથી કામ થાય છે તે શી રીતે બને! ગાય ગાય એનાં નામો શું દૂધ દઈ દે ખરાં? પત્થરની ગાયથી દૂધ ન નીકળે પણ ગાયનું સંપૂર્ણ જ્ઞાન તો અવશ્ય થાય જ, પણ તું નામમાત્રથી જ્ઞાન થતું કોઈ જગો પર દેખાડીશ? ભગવાન્ **મહાવીર** મહારાજા વિચરતા હતા તે વખતના નામની છાપ કોઈ હતી! **મહાવીર** એવું લખ્યું હતું? આકારથી ઓળખતા હતા? આત્માને દેખીને કે મોંઢાને દેખીને ઓળખતા હતા? આ **મહાવીર** કે આ **મહાવીર** નહિ, શા ઉપર? કેવળ મોંઢાના આકાર ઉપર. શરીરમાં રહેલા આત્માની ઓળખાણ શરીરના આકાર ઉપર આધાર રાખે છે. જ્ઞાનીનો ખુદ આત્મા શરીરના આકારે ઓળખવાના. શરીરનો આકાર ઓળખવાદ્વારા **મહાવીરને** ઓળખવાના. જે વખતે વિચરતા હતા તે વખતે **મહાવીરનું** જ્ઞાન આકારદ્વારાએ થતું હતું. ઘોડો, હાથી શાથી ઓળખીએ? શરીરના આકાર ઉપરથી. જેઓને આકાર ખસેડવો છે તેને નામ તો તદ્દન નકામું છે. જેઓને આકારથી ભાન નથી તેઓને વાચક (નામ)થી ભાન થાય નહિ. જે મને દેખવા છતાં નહિ ઓળખે તે મારા નામથી મને ઓળખી જશે એ અક્કલવાળો તો નજ માને. પોલિસ કોઈ પણ મનુષ્યને પકડવો હોય તો ફોટા કે અંગુઠાની છાપ લે છે, જેને આકાર ન માનવો હોય તેને પુછીએ આ શું? પુસ્તકો, ભગવાનના વચનના પ્રતિબિંબો. તમે ભગવાનના પ્રતિબિંબો ઉડાવ્યા

અને પુસ્તકો તો રાખ્યાં છે. આ છે એ આકાર છે. આકારથી કાર્ય ન થવું જોઈએ, એવું માનવાવાળાએ પુસ્તકો રાખવા તે ગુન્હાઈ છે.

## સાચી આકૃતિથી ભાન કબૂલ કરવું નથી, તેને નામ બોલવાનો હક નથી

જ્ઞાન અરૂપી છે છતાં એને માટે આકાર એ આલંબન છે. તો પછી સાક્ષાત્ આકાર મૂર્તિ. જ્ઞાનનો સાંકેતિક આકાર—કલ્પિત આકાર માનવો છે પણ સાચો આકાર નથી માનવો! ભગવાન મોક્ષે ગયા તે શરીરવાળા હતા કે નહિ? ભવમાંથી સિદ્ધને? ભવમાં તો આકાર હતો ને? નાની ઉપર ઉપકાર કઈ વખતે કર્યો? મૂર્તિનો આકાર છે તે સ્વાભાવિક છે પણ અક્ષરનો આકાર સાંકેતિક, કલ્પિત છે મૂર્તિના આકારમાં સ્ત્રી, હથિયાર, માળાથી રહિતપણું તેમ જ શાંત આકાર છે. હાથી ઉપર હાથ ઊંચો હાથમાં લીધો છે ત્યાં પ્રમાણ, તોલ નથી, માત્ર આકાર જ છે. તેમ મુખની, દૃષ્ટિની પ્રસન્નતા હોય, સ્ત્રી, હથિયાર રહિતપણું હોય તો આવી ગયું. ચોવીસે તીર્થંકરોમાં ભેદ હું માનતો નથી. માને તો મહાવીર સ્વામી આગળ બીજા ભગવાનનું સ્તવન બોલી શકે? જેને સાચી આકૃતિ, નામ કબૂલ કરવું નથી તેને નામ બોલવાનો પણ હક નથી. અત્યારે તે ચીજની સાબિતી નથી. આ વસ્તુત્વ છે કે નહિ? છબીમાં યોગ્યપણું છે કે નહિ? જેને આકારથી વસ્તુનું ભાન કરવું નથી તેને નામથી વસ્તુનું ભાન કરવા કહેવું તે કોઈ પ્રકારે ઘટે તેમ નથી. આવાઓએ '**નમો અરિહંતાણં**' ઉપર કૂચડો ફેરવ્યો. શાને અંગે? '**નમો અરિહંતાણં**' શબ્દને અંગે. પત્થરની ગાય દૂધ ન દે તો ગાય ગાય કર્યે દૂધ ક્યાં મળવાનું? એક મનુષ્ય એનાથી ઉપકાર થયો ગણે, જ્યારે બીજો જેનાથી ઉપકાર થયો તેને ઉપકારી તરીકે ન માને તો એના જેવો નફફટ કોણ? અત્યારે નામની વાત ચાલે છે. સામાન્ય ગરાસિયો કુલીન હોય તો લોયના ડંકાને શિર ઝુકાવે. કેમ? આનો પ્રતાપ છે. રજપૂતોને કુલીનપણાને

ખાતર લોઢાને શિર ઝુકાવવું પડે, તો તને જેનાથી જ્ઞાન થાય તેને શિર ઝુકાવવાનું ન ગમે તો તારી જાત કેવી ગણવી? આકાર પરથી વસ્તુનું ભાન, ગુણોનું ભાન, ભાન ઉપરથી આત્માનો ઉલ્લાસ માનવો નથી તેણે નામનું નખોદ કાઢવું છે. પત્થરની ગાયથી દૂધ ન નીકળે તો એમ પત્થરની ગાયથી દૂધ કેમ નીકળે પોકારવાથી દૂધ નીકળ્યું?

### ચાર જણ અને ગાય

એક સ્થાન હતું, પાયો ખોદતાં પત્થરની ગાય નીકળી. તે દેશમાં ગાય નહિ, નવું નીકળ્યું છે. કોઈ ઓળખે નહિ. જે દેશમાં ગાય થતી હતી ત્યાંના ચાર મુસાફરો આવેલા, નવું નીકળ્યું સાંભળીને પેલા ગયા. પેલા મુસાફરો કહે આ તો ગાય. ગાય કેમ? આ શીંગડું, એનાથી મારી નાંખે. આંચળમાંથી દૂધ નીકળે, તેનાથી તરસ છીપે, આ સ્વરૂપ બધાએ સાંભળ્યું. તેમાંથી ચાર જણ દેશાવર નીકળ્યા. ચારે જણ જંગલમાં ભૂલા પડયા. થાકી ગયા. ક્ષુધા લાગી છે, તૃષા લાગી છે, માથું ભમે છે. ચારે જુદી જગો પર પડયા. પડી જાય તેમાં નવાઈ નથી, નજીકના ગામમાંથી ગાય ચરવા નીકળી, ગામ દેખાતું નથી. ઝાડો છે તેથી પાદરમાં ન જઈએ ત્યાં સુધી ગામ ન દેખાય, ગાય આવેલી છે. ગાયને જોતાં મરી ગયો. ગાય આગળ ચાલી. બીજાએ જોયું છે તો ખરું, પણ, કોને ખબર શું છે આ કહી ખસી ગયો. ત્રીજી જગો પર ઝાડ નીચે ગાય ગઈ છે, પણ 'કાંઈક નીકળ્યું હતું, ગાય કહેતા હતા તેવું જણાય છે. તેણે કહ્યું હતું ભૂખ, તરસ મટે,' પણ શાથી મટે તે ત્રીજો ભૂલી ગયો, ગાય ચાલી ગઈ. ચોથાની આગળ ગાય આવી, આ પાયો ખોદતાં નીકળી હતી, આ જગો પરથી દૂધ નીકળે, શીંગડા મારે, ઢસડાતો ગયો. બાંડા શીંગડાવાળી ગાયના આંચળ પકડયા, દૂધ નીકળ્યું, સોબતીઓમાં બે જણ જીવતા છે. બીજો જણ ગામમાં પહોંચ્યા. સાચી ગાયે બચાવ્યા કે પત્થરની ગાયે બચાવ્યા? પત્થરની ગાયનું ભાન ન હતું તેથી સાચી ગાયથી તેને મરવાનું થયું. ભાન ભૂલી જવાયું તે લટકતા રહ્યા. પત્થ-

રની ગાયના ભાનવાળાએ કામ કર્યું. ભાન લાવવું તેમાં સાચી ગાયમાં અને છબીની કે પત્થરની ગાયમાં ફરક નથી. પત્થરની ગાય દૂધ ન દે તે શામાં છે? અવળા રસ્તે જવા માટે બત્તી, ભડકા કરીને સમજાવવું છે. આ બોલ્યો તેમાં આવી પડી બોલ્યો કેમ? જાણી જોઈને મૂર્તિ ઉઠાવવા માટે બોલ્યો, લુચ્ચાઈ કરી, લુચ્ચાઇથી ખસવા માગે, બેવડી લુચ્ચાઈ, સમ્યક્ત્વ આરોપણ ફરી કરવું જોઇએ. ભાનને માટે સાક્ષાત્ વ્યક્તિ અગર પ્રતિબિંબમાં ફરક નથી, છતાં કેવળ આગ્રહને લીધે આકારને માને નહિ, બરાબર આકાર નહિ એમ રાખજે! કોરા કાગળને લખેલા કાગળમાં ફરક ન માનવો, લખેલી હુંડીમાં આકાર કે બીજું કાંઈ? નોટ અને કોરા કાગળ આ બધામાં ફરક નહિ રાખવો! બધી આકારની માન્યતા, બીજાની સામું દેખીશ તો આકાર દેખાશે, આંખે પાટા બાંધ ને નામ માત્રથી ઓળખ! આકાર દેખવો નથી. આકારની જરૂરી નથી તેને આંખથી દેખીને કામ શું? બાંધ પાટા, સંસારમાં આકાર ઓળખાણનું કામ કરે છે તો ધર્મમાં પાટા બાંધવા કેમ ચાલે?

### જૈનશાસન ખૂટેલું ખૂટવા ન દે પણ વધારે.

હવે મૂળ વાત પર આવો. પ્રથમ તો ગાયનું દૃષ્ટાંત દેવાવાળાએ જૈન શાસનનું રાજીનામું આપ્યું. પત્થરની ગાય દૂધ નથી દેતી તેણે જૈન શાસનનું રાજીનામું આપ્યું. ગાયમાં બનેલું દૂધ લેવાય છે તે પછી ગાય ખાલી થાય છે. દોહી લીધા પછી આંચળે હાથ લગાડો તો શું? કોઈ પણ તીર્થંકરથી, કેવલીથી એક ભવ્યાત્માનું કલ્યાણ થઈ ગયું તો તીર્થંકર કલ્યાણ વગરનાને! ગાય દોહી લીધા, ગાયમાં શું? નવી ગાય દોહો ત્યારે, હવે તો નવું કલ્યાણ મેળવે ત્યારે. દૃષ્ટાંત ખોટું છે. એક ગાયને દોહી લે, બીજો દોહવાવાળો લૂખો જાય, એક ભવીનું કલ્યાણ થઈ ગયું તો બીજાનું કલ્યાણ નહિ થવાનું. 'તારા **ભગવાનમાં કલ્યાણ નથી' કહેવાવાળા જૈન ધર્મનું પહેલાં રાજીનામું આપો!**

આ દૃષ્ટાંત શી રીતે! પોતાનામાંથી કાઢીને આપવાનું નથી,

ગાયને છૂટી રાખીને આમ આમ કરો તો શું નીકળે? ભગવાનથી બે આંગળ છેટો રહે તો આરાધના ભક્તિ ન થાય, પત્થરની ગાયનું દૃષ્ટાંત દેવાવાળાએ રાજીનામું આપેલું છે. ગામમાં રહેતાં થકાં આપવાનું નથી, રહેતાં થકાં આપવાનું તેમાં દીવાનું દૃષ્ટાંત આપ્યું છે. આત્મામાં સમ્યગ્દર્શન ગુણથી માંડીને સંયોગિ કેવલી સુધી લઈએ. આરાધના કરનારને મળે, આરાધ્યમાંથી ઘટે નહિ, ઘટવાવાળું છતાં દાન કરે છે. ઘટવાનું કબૂલ કરીને સજ્જનનું લક્ષણ છે કે દાન દેવું, તો પછી ન ઘટે તે દાન દેતાં કંજુસાઈ કરે તેને કેવો કહેવો? ચિત્રવેલ મળી છતાં દાન કરતાં કંજુસાઈ કરે, ખૂટે છતાં દાન ન દે તો તે કંજુસ, તો વગર ખૂટયા દાન ન દે તો તેને કેવો ગણવો? લીધું, મેળવ્યું, દેતાં ખૂટતું નથી. સમ્યગ્દર્શન વગેરે દીધું ખૂટતું નથી, ચિત્રવેલમાં તો ભર્યું હોય તેટલું રહે, અખુટ રાખવાની તાકાત છે, વધારવાની તાકાત નથી, જો તે પાત્રમાં બે આંગળ ઓછું હોય ને કાઢો તો બે આંગળ ઓછું હોય તેટલું રહે, તે ખુટતું પૂરું કરનાર નથી, વધારનારી વસ્તુ મળી હોય અને પછી દાન ન દે તો શું કહેવું! ખૂટે તેવી ન દે તો કંજુસ, ચિત્રવેલ ખુટેલું પૂરું કરે. વધારવાની તાકાત નહિ, પણ જૈનશાસન મળેલું ખૂટવા ન દે પણ વધારે. સમ્યગ્દર્શન મળેલું હોય, બીજાને સમ્યગ્દર્શન લાવો તો તમારું સમ્યગ્દર્શન ચક્રવૃદ્ધિ વ્યાજ જેવું વધે, આ 'ભાવદાન,' સમ્યગ્દર્શનવાળાનું દાન ખૂટો આવવા ન દે, એટલે પૂરવાનું હોય નહિ. આ વેલ વધારે ચિત્રવેલ વધારે નહિ. આનું દેવતાઈ વેલી એવું નામ લો! એવી વેલી મળ્યા છતાં દેવામાં કંજુસાઈ કરે તે ઉપકારને સમજતો નથી. તેમ ગણધર મહારાજા ત્યાં પ્રતિબોધ, દીક્ષા પામ્યા, આ દેવતાઈ વેલી મળી છે તે દઈશ તેમ વધારો કરશે. દાન ન દઉં તો કમનસીબ ગણાઉં. તેવી રીતે સમ્યગ્દર્શન વગેરે આત્માને મળ્યાં તે અપૂર્વ કે દીધાં વધવાવાળા છે, તેનું દાન ન કરે તો મનુષ્યની દશા કંઈ!

**ગણધર મહારાજની દાનશાળા તે બાર અંગની રચના**

ભાવસ્થાન, ઉચ્ચસ્થાન, ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થવાની સાથે બીજાને દેવાનું મન થાય તેનું નામ વિનિયોગ. તેના અભ્યાસથી સુધર્માસ્વામી પ્રતિબોધ, દીક્ષા પામ્યા પછી દાન દેવા માટે દાનશાળા ખોલી દે છે, બાર અંગની રચના એટલે ગણધર મહારાજની થયેલી જ્ઞાન, દર્શન, ચારિત્રની દાનશાળા, ભવ્યો દાન લેવાને લાયક થાય, ભવ્ય ન હોય તે દાન ન લે તેમાં શાળા સ્થાપનારનો વાંક નથી, જે અભવ્ય જીવો હોય કે તેને લેવાનું મન ન થાય તેમાં ગણધરનો વાંક અંશે પણ નથી. દાનશાળા પ્રવર્તાવી, સો મણનો સોનાનો ગઠ્ઠો રાખ્યો. જેનાથી લઇ જવાય તેને છૂટ. કોઈએ કાપવું નહિ, ચઢાવવું નહિ. લઈ જાય તેને છૂટ, પોતાથી ઉપડે તો ઊપાડી જાઓ. દાનશાળા પ્રવર્તાવી ખરી પણ કોઈ લઇ શકે તેવું નથી, તેવી આ દાનશાળા નથી, એવી દાનશાળા પ્રવર્તાવવી જોઇએ કે માગવા આવનારાઓને લાયકની ચીજ મળે, એવી હોય ત્યારે દાનશાળા પ્રવર્તાવી કામની. પૂર્વની દાનશાળા હતી તેમાં સેંકડો મણના સોનાના ગઠ્ઠા હતા. આથી અગિયાર અંગ નામે જુદી દાનશાળા સ્થાપી. જોઇએ તે લો, પણ કોઇ પ્રકારે લો ચૌદ પૂર્વો કર્યાં છતાં અંગોની રચના કરી. તેમાં પ્રથમ આચારાંગ, પછી સૂયગડાંગ, પછી ઠાણાંગની રચના કરી. તેમાં ઠાણાંગજીના પાંચમા ઠાણામાં પાંચ મહાવ્રતોનું વર્ણન કર્યું.

**હિંસકપણું તેમજ હિંસા કરનારું સાધન પણ ન પાલવે**

તે પાંચ મહાવ્રતોમાં સર્વથા પ્રાણાતિપાતવિરમણ પહેલે સ્થાને રાખવામાં આવ્યું, શાસ્ત્રની પરીક્ષાનો કે દેવગુરુધર્મની પરીક્ષાનો આધાર હિંસાના પરિહાર ઉપર. હથિયાર ન જોઈએ, હથિયાર હોય તો કુદેવ ગણવા. શંકા–શું લોઢાના કે લાકડાના કટકાનો ડર લાગ્યો? એ ઉપરથી એ હિંસક હતા? હિંસકપણાથી કુદેવ ગણીને ફેંકી દીધા? કુદેવપણું કોને અંગે? સમાધાન–હથિયાર રાખવાને અંગે કુદેવપણું ગણાયું તેમાં ભૂલ કઇ? હિંસા મુખ્ય સ્થાને છોડવા લાયક ગણીએ છીએ. હિંસકપણું નુકશાન કરનાર માન્યું તેથી ઈતર

ગુસ્સો હોય તો પણ આ અવગુણ અમને પાલવતો નથી. કારણ કે દયાને અંગે એટલું બધું દીલ લાગેલું છે કે હિંસકપણું એ ન પાલવે, અને હિંસા કરનારું સાધન તે પણ ન પાલવે. ઓઠું પાલવે નહિ. કુદેવના હાથમાં હથિયાર છે તેનાથી ઊંચું ભાંગુ પડતું હોય તો ન પડે, તીરકામઠાનું ઓઠું પણ અમારી નજરે ન જોઈએ. દેવત્વના ચિંતનમાં હિંસાના સાધનનું ઓઠું લીધું પાલવતું નથી. કુદેવ તરીકે ગણતા હાથમાં ધરવામાં આવેલું ધનુષ્ય કે બાણનું ઓઠું તે આપણું મોઢું ફેરવી દે છે. કેટલાક દેવો એવા છે કે જેમની સાથે સ્ત્રી, હથિયાર નથી. પ્રથમ કુદેવના ચિહ્નો દેખવાં, પછી સુદેવના ચિહ્નો દેખવા. **સત્ય તો સ્વરૂપ ઉપર આધાર રાખે છે, સંખ્યા ઉપર આધાર રાખતું નથી ?**

## જયણા એ જ ધર્મની માતા

હિંસા વર્જવી એ જૈન શાસનનું કેન્દ્ર, હિંસા કરનારો, એનું સાધન, એ સાધનનું ઓઠું જ્યાં હોય ત્યાં દૃષ્ટિ ફેરવી દેવાની. જે મનુષ્ય ઓઠાથી દૃષ્ટિ ફેરવે તે મુખ્ય વસ્તુથી કેટલો ભડકેલો હોય ? અહિંસકપણાને પહેલું સ્થાન દેવાનું માનવામાં આવવું પડ્યું. કુગુરુનું લક્ષણ—જાતે હિંસક હોય તે કુગુરુ, કે જે કંદમૂળ ખાય, આત્માનું સ્વરૂપ જાણે નહિ, મનન કરે નહિ, સ્વરૂપ બીજાને કહે નહિ, દેખાડે નહિ. શાસ્ત્રકારોએ સુગુરુ, કુગુરુના લક્ષણ જણાવતાં કહ્યું કે દયા, હિંસાની વિરતિને ઝંડા તરીકે રાખી કાચું પાણી પીએ, ફૂલફળને અડકે, ઘર ચણાવે. અહિંસાનો વાવટો ન હોત તો આ લક્ષણો પણ કુગુરુનાં જણાવત નહિ. ધર્મને અંગે જયણા એ જ ધર્મની માતા, એ જ ધર્મને વધારનારી. જયણા જો ધર્મમાં ન હોય તો ધર્મની કિંમત નથી. ત્રસની હિંસા જો કાળજાને હચમચાવે નહિ તો જયણા રહિત ધર્મ જાણવો. એક છોકરો નિર્ધન છે. છોકરે પૈસો માગ્યો, ખેતરમાંથી છોડવા લાવી. ઝાડી લીધું. પછી છોકરાને આપ્યું પેલો આમ હાથ ક્યાં કરે પણ નીકળે શું ? તો જેમ દાણા વગરનો

ઢૂંડા, એની કિંમત કેટલી? વેશ્યાને ત્યાં દાણા વગરના ઠૂંડાથી વળ્યું નહિ. પરાળનો પૂળો ડાંગર વિનાનો પોષક બને નહિ, તેમ જયણા વગરનો ધર્મ આત્માને ઉપકારક થાય નહિં, ધર્મની જડ જો દયામાં ન હોત, દયા એ જૈન ધર્મનો વાવટો ન હોત, તો જયણા ઊડવાથી ધર્મને પરાળના પૂળા જેવો ગણત નહિ. દેવગુરુધર્મની પરીક્ષાને અંગે દયાનો વાવટો ઊડે છે. તેથી દયાના અંગે સર્વથા પ્રાણાતિપાતવિરમણ મુખ્ય સ્થાને હોય તેમાં નવાઈ શી? અન્ય મતવાળાએ દયા પોકારી પણ દયાના સાધનો નથી.

**બીજી શુદ્ધિ પ્રાણાતિપાતવિરમણના વાવટા નીચે**

બ્રર્માના રાજા, ટિબેટના રાજા સાધન વગરના હતા, તેનું કાંઈ વળ્યું નહિ. માત્ર ફડાકા હાંકનારા. જેઓ દયાના સાધન ન ધરાવે, વધારવાની સ્થિતિ જેનામાં ન હોય, તે દયાના પોકાર કરે, તેમાં કાંઈ વળે નહિ. દયા કેમ ઉત્પન્ન થાય, કેમ ટકે, ટકે એવાં સાધનો, આચાર ઉપદેશ બધું હોવું જોઈએ. પરીક્ષા માટે કષ, છેદ, તાપ, તેમાં બીજી શુદ્ધિ આ દયાને ઉત્પન્ન કરનાર, વધારનાર, ટકાવનાર આચાર, ઉપદેશ હોય ત્યાં રહેલી છે. બીજી શુદ્ધિ પ્રાણાતિપાતવિરમણના વાવટા નીચે છે, ધર્મની શુદ્ધિ તે પ્રાણાતિપાતવિરમણના વાવટા નીચે ગોઠવણી, શત્રુના લશ્કરને હચમચાવવું. મુલક કબજે કરવો એ જેટલું સહેલું છે તેટલું વ્યવસ્થિત કરવું સહેલું નથી. અંગ્રેજને અફઘાનિસ્તાન જીતેલું પાછું દેવું પડયું છે. કષ, છેદની શુદ્ધિ આવી ગઈ. પદાર્થની વ્યવસ્થા ન હોય તો જીતીને શરણે કરવા જેવું, પદાર્થની વ્યવસ્થા ન હોય તો કષ, છેદ દ્વારા આશાથી મેળવેલી ધૂળમાં ભળી જાય. તાપ દ્વારા જે શુદ્ધિ કરવાની તેમાં પ્રાણાતિપાતવિરમણને અગ્રપદ કેમ મળે તે અગ્રે.

# વ્યાખ્યાન ૪૯

## એ દાનમાં તો વર્તમાન અને ભવિષ્યમાંય વધારો થાય

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે શ્રમણ ભગવાન્ મહાવીર પાસેથી પ્રતિબોધ પામ્યા ને દીક્ષા અંગીકાર કરી કે તરત જ ભાવનો પાંચમો ભેદ વિનિયોગ જણાવ્યો. તેનો વિચાર કરીએ તો જગતમાં ખૂટવાવાળું દાન દેતાં પણ ભાગ્યશાળી સંકોચ કરતા નથી, બાહ્ય પદાર્થો અશન, પાન જે ચીજો લઈએ તે દેતાં પહેલાં તો ખુટે, ભવાંતરે અંતરાય તૂટવાથી મળે, પહેલાં તો દેતાં ખુટે. ઉદારતા કરીને આપતાં ખૂટવાનું મંજૂર કરવાનું ન હોય. જો દેતાંની સાથે વૃદ્ધિ થતી હોત તો દુનિયામાં કોઈ દાન દીધા વગરનો રહેત નહિ. દ્રવ્યદાનમાં ખૂટકો સહન કરવો પડે તેનું નામ ઉદારતા. સહન કરીને દેવું એવી બુદ્ધિ આવે તે ઉદારતા. એવા ગુણવાળો હોવાથી ઉદારતા ગુણ બહાદુરીવાળો છે. જમણે હાથે દે તેવું ડાબે હાથે આવી જતું હોય તો ઉદારતા કર્યા વિના કોઈ રહે નહિ. રકમ આપતાં બીજા હાથમાં વ્યાજ સાથે રકમ આવી જતી હોય તો ધીરવામાં કોઈ સંકોચ કરત નહિ. નાણાં મુદતે વ્યાજ સહિત આવે. જમણે હાથે દીધાની સાથે ડાબા હાથમાં મળી જ જતું હોય તો તેવી ઉદારતા કરવા પડાપડી થાય. જગતના અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વગેરેના દાનો કાલાંતરે વૃદ્ધિ કરનારા, પણ વર્તમાન કાળે તો ઓછાશ કરનારા. છતાં ભાગ્યશાળીઓ તો ભવિષ્યના વધારાની અપેક્ષાએ દઈ શકે છે. તો પછી જેનો વર્તમાનકાળે વધારો છે, ભવિષ્ય ઉપર જેનો આધાર નથી તેવું દાન દઈ શકાય તેમાં કયો મનુષ્ય કંજૂસાઈ કરે? વર્તમાનમાં ઓછાશ થાય, ભવિષ્યમાં વધારો થાય તેને અંગે સજ્જનો દાન દેવા તૈયાર થાય છે, તો વર્તમાનમાં

વધારો અને ભવિષ્યમાં વધારો થાય તેવું દાન દેવામાં કોણ સંકોચ કરે ? મળ્યું ત્યારે દીધું.

**ભાવદાનોના અંગે તો દાનનો વિચાર થયો એટલે દાન**

"गृह्यमाणं गृहितं" સાધુને દાન કરે છે. સાધુના પાત્રમાં પડ્યું નથી. પંખીએ ઉપાડી લીધું. સાધુએ ગ્રહણ કરવા માંડ્યું નથી ત્યાં સુધી ગૃહસ્થનું એ દાન નહિ. પાતરાંને અડકે ત્યારે ગ્રહણ કરવા માંડ્યું, ત્યારે દાન થાય, ગ્રહણ કરનાર ગ્રહણ કરે ત્યારે દાન થયું. દુનિયાદારીની વાત લ્યો, એક શેઠે વાર-તહેવારને દહાડે સો રૂપિયા ખર્ચ ખાતે ઉધારી ધર્મમાં ખર્ચવા ગૂંજામાં નાખ્યા. દહેરે, ઉપાશ્રયે ગયો દસ ખર્ચ્યા, મરી ગયો. નેવુંનો માલિક કોણ ? આખી મિલ્કતનો માલિક થાય તે, ધર્મવાળા માલિક નથી. જેને આપવું હતું તેને આપ્યું તો દાન થયું. દ્રવ્યદાનોને અંગે મળે ત્યારે દાન, **પણ ભાવદાનોને અંગે દાનનો વિચાર થયો એટલે દાન.**

**અકર્મીનો પડિઓ કાંણો**

ઉમાસ્વાતિએ **सर्वस्य श्रोतु०॥** કહ્યું સભામાં જેટલા સાંભળવા આવ્યા હોય તે બધાને ધર્મ ન થઈ જાય. હિતની જ વાત સાંભળે છે, તો પણ બધાને ધર્મ થાય નહિ. કારણ શું ? અભિપ્રાયના વાંકાપણાથી વાંકી ન થાય એવી એક પણ વસ્તુ નથી. સ્થૂલભદ્ર સરખા વેશ્યાને ત્યાં ચોમાસું રહી શીયળ પાળી ગુરુજીની પાસે આવ્યા. ગુરુજીએ દુષ્કર દુષ્કર કર્યું કરીને સન્માન કર્યું. અભિપ્રાય વાંકા તો અકર્મીનો પડિઓ કાંણો. પીવાનો વખત ન આવે. અકર્મી-શુભકર્મ રહિત. મૂગ તો પાણીની સામગ્રી મળે નહિ. કદાચ કોઈએ આપવા માંડ્યું તો દેનારના પદાર્થ (પાણી)ને ધૂળમાં મેળવે, દાતારનું ગયું ને અકર્મીને મળ્યું, તેમ જેની ભવસ્થિતિ પાકી નથી તેને સુંદર વાત પણ સવળી પરિણમે નહિ. વાત જ અસંભવિત લાગે, સમજવા માટે શાસ્ત્રકારોએ ગોઠવી કાઢી છે એમ લાગે. બીજાને લાગ્યું-ભાઈ વાત તો બને છે. બીજાને અંગે-સો તારી રામદુહાઈ એક મારું ઊંહુ,

વાત માની કર્યું જડભરતપણું, સ્થૂલભદ્ર સમજુ, જડભરત નહિ. બધું જાણે છે કે વેશ્યા છે, પણ રાજાની તાબેદારીમાં છે. રાજાએ કહ્યું પ્રધાનપદ લો ! તે ન લેતાં સાધુ થઇ ગયા. આમ વેશ્યાને ત્યાં પડી રહ્યો. રાજાની કઈ સ્થિતિ હોય આની ઉપર ? ચોથાએ વિચાર કર્યો, આમાં અસંભવિત નથી, વાત બનેલી છે. સ્થૂલભદ્ર જડભરત નથી. મડદાના રસ્તાદ્વારાએ પરીક્ષા કરી છે, તેમાં પાસ થયા છે. ત્યાગીનું બહુમાન છે. ગુરુને કહીને ગયા છે. બરાબર રહીશ. ગુરુએ પણ દેખ્યું છે કે રહે તેવો છે. મને કે કમને રહે, પાંચમો જડભરત નથી. ગુરુના વચનને અંગે બંધાઇ રહ્યો છે એમ નથી. મારે અહીંથી જવું ક્યાં ? નાનો ભાઇ પ્રધાન છે. સમુદાયના ડરે રહ્યો છે. છઠ્ઠાને વિચાર થયો બધી વાત ખરી. ઘૂવડ દિવસે આંધળા કામે આંધળા તે ચોવીસ કલાક આંધળા શું થશે ગુરુનું શું થશે સમુદાયનું તે વિચારવાનું રહે, મારું શું થશે તે વિચારવાનું રહે નહિ. કાયનું સ્વરૂપ જાણનાર હતા તેથી ધન્ય છે છએ જણે સ્થુલભદ્રની હકીકત સાંભળી, છઠ્ઠાને ધર્મ થયો. તમામ મનુષ્યો હિતને સાંભળે તો એકાંતે ધર્મ થાય તેમ કહેવાય નહિ, વક્તાને તો એકાંતથી જ ધર્મ છે. હિતને સાંભળનારા સર્વને એકાંતથી ધર્મ થવાનો નિયમ નહિ. વક્તામાં શરત ખરી.

## શ્રોતાઓ ન પામે તોય ધર્મ દેનારને દાન છે

કેવો વક્તા હોવો જોઇએ કે જેથી અન્ય જીવોના આત્માનો ઉદ્ધાર થાય. આ જગતના જીવો મરણ, રોગ, શોક આદિમાં હેરાન થઇ રહ્યા છે, તે બધા તેથી દૂર થઇ સ્વસ્વરૂપમાં રમણના કરનારા થાય આવી બુદ્ધિ જેની હોય, જેની ભાવઉપકારબુદ્ધિ હોય ભાવઉપકારબુદ્ધિએ બોલનારા ઉપદેશ આપે તેને લાભ થાય. લેનાર પામો કે ન પામો તો પણ દાતારને ફળ છેજ. બીજા દાનોમાં યાચક પામે ત્યારે ફળ. દ્રવ્યદાનોમાં ગ્રાહક-યાચક પામે ત્યારે દાન, ગ્રાહક ન પામે તો દાન નહિ. ભાવદાનોમાં ગ્રાહક પામે કે ન પામે તો પણ દાન દેનારને ફળ

છેજ ધર્મ દેનારને દાન છે. અર્થ પામે તો પણ દાન, અર્થ ન પામે તોય દાન કહેવાય, એવું આ ધર્મદાન છે.

## શબ્દ સોંઘો પણ અર્થ સાથે જમીન આકાશ જેટલું છેટું

શાસન શબ્દ સોંઘો થઈ ગયો છે. શાસનનો ભાવાર્થ ગળે નથી ઊતર્યો. શબ્દ સોંઘો થઈ જાય અને અર્થને જમીન આકાશ જેટલું છેટું હોય. મને કુસંપ વહાલો છે એમ કહેનારા લાખમાં એક ન નીકળે. બધા કહે મને સંપ વહાલો છે તે માની લીધું. પણ સંપના કારણો કયા માને છે? અમલ કેટલાનો કરે છે? આમાં લાખમાં એક ન નીકળે, સંપ ત્રણ ચીજો વગર દુનિયામાં ઊભો રહી શકે **૧ બીજાને નુકશાન કરનારી કોઈ પણ પ્રવૃત્તિ કાયા, વચન કે મનદ્વારા કરવી નહિ,** વાઘ માસ ખાઈને સૂઈ રહ્યો હોય, તેના હોઠ ઉપર માસાહસ પંખી બેસી દાંતમાંથી માંસની કણીઓ લે. ને ઝાડ ઉપર જઈને બેસે. પછી બોલે માસાહસ માં સાહસ એટલે કોઈ સાહસ કરશો નહિ. ભયંકરપણામાં પ્રવૃત્તિ કરશો નહિ. વાઘના હોઠ પર જઈને, વાઘની દાઢમાં જઈને માંસ ખાનાર મા સાહસ કહે તેનો અર્થ શો? તેની પ્રવૃત્તિ બીજાને નુકશાન કરનારી ચાલુ છે. સંપ કરો શા આધારે બોલો છો? પોતે પ્રવૃત્તિ ચાલુ રાખે અને સંપ રાખો કહે તે માસાહસ પક્ષી જેવો છે.

## જેને ત્યાં વધારે જોખે તે દેવાળીઆ

પોતે સાવચેત થયો છતાં સંપની ઈચ્છાવાળાએ ઇચ્છાથી પ્રતિકૂળ બનાવ બનતા હોય તોય તેથી બેદરકાર રહેવું જોઈએ. જેણે ધન સંઘરવું છે, લોભ કરવો છે. ભાટ ચારણો ભલે આકાશમાં ચઢાવે તો પણ લોભ, કંજૂસાઈ જણાય. જેને જે વસ્તુની ચાહના રાખી હોય, તેણે તે વસ્તુની વિરુદ્ધ આવતા વસ્તુનું દુર્લક્ષ કરવું જોઈએ. સંપની ચાહનાવાળો છે તો કુસંપના કારણો બહારથી ચાહે તેવા ખડા થયા હોય તોય તેની દરકાર રાખવી નહિ. "ભૂલી જાઓ" કહેવાય તે અહીં આગળ. બીજો ત્રણે પ્રકારની એટલે મન, વચન, કાયાની પ્રતિ-

ફૂળતા કરે તે ભૂલવી, પ્રતિકૂળતા ધ્યાનમાં આવે તો ખિસ્સું ખાલી થયું જાણવું. કંજૂસ, ભાટ ચારણોની બિરુદાવલિ તરફ ધ્યાન આપતો નથી. તેમ તારેય સંપ ધ્યેય તરીકે હોય, તો બીજો કુસંપના કારણો—મન, વચન, કાયાના કારણો મેળવે તો દુર્લક્ષ રાખવું જોઈએ. આવા લાખમાં કેટલા મળે? બીજો પ્રતિકૂળતા કરે તો પણ તે જમે કરે નહિ, એટલે તેની દરકાર ન કરે, પણ ભૂલી જાય. ચોપડાનો જથ્થો નહિ, આત્માનો જથ્થો. બીજાને અંગે વ્યાઘાતપ્રવૃત્તિ થાય નહિ. એટલે બીજો કરે તો વચમાં પડે નહિ. આ બે દાબડીમાં છે. ઘાતકપ્રવૃત્તિ કરતો નથી, ને જમે માંડતો નથી. જેને ત્યાં વધારે જમે તે દેવાળિઓ. જમાના ભારે ડૂબેલા તે દેવાળિઆ ૨. બીજો અપકાર કરે તે ધ્યાનમાં લાવવું નહિ. બીજાએ કરેલા અપકારને ધારી રાખવા તે જમેની રકમ. **બીજાને અપકાર કરવા પ્રવૃત્તિ ન થાય. બીજાએ અપકારની પ્રવૃત્તિ કરી હોય તો દુર્લક્ષ કરવું એ બીજું** લક્ષણ છે.

**કર્મરાજાએ આપેલી મુદ્દત પૂરી થાય ત્યાં એ બધુ મૂકી દેવાનું**

૧ અન્યને વ્યાઘાત કરનારી પ્રવૃત્તિ મન, વચન, કાયાથી ન થાય. ૨ બીજો કરે તેના તરફ મન, વચન, કાયાથી દુર્લક્ષ કરે અને ૩ બીજાને ફાયદો થવાનો વખત જવા ન દે. જ્યારે આમ થાય ત્યારે સંપ થાય. વહુ કરે તેટલું કરે બાકીનું સાસુને પોતાને સમેટવું પડે. એ કરતી નથી તો હું કેમ કરું. એમ માને તો જુદા રહેવું પડે. પોતાથી ઉડાઉ થવાય નહિ. નાનાભાઈને જોઈએ ત્યારે આપતો જાય, કમાઈને લાવે ત્યારે મોટો ભાઈ થાય. એ ત્રણ શરત લાખમાંથી કેટલા માને? ત્રણ શરતનો અમલ કોણે કર્યો? ત્રણ શરતો પળાય તો સંપ થયા વિના રહે નહિ. સંપ શબ્દ દુનિયામાં ઘણો વહાલો, બધા પોકારે પણ છે સંપના કારણોને. તેનો અમલ વિચારીએ તો ખબર પડે. શાસન શબ્દ સહેલો થઈ ગયેલો છે. સ્નાત્રપૂજામાં 'સવિ જીવ કરું શાસનરસી' છે, તેથી સહેલો થઈ ગયો છે. નિર્ગ્રંથ

**પ્રવચન તે જ અર્થ, તે જ પરમાર્થ. નિર્ગ્રંથ પ્રવચન સિવાયનું આખું જગત તે ભયંકર જુલમ છે આ** પહેલું તારા અંતઃકરણમાં વસાવ! તું શાસનરસિક બન! " **अयं अट्ठे, अयं परमट्ठे, सेसे अणट्ठे**". અનાદિથી જીવ બાહ્ય પુદ્‌ગલની ચાલમાં ફસેલો છે. માખીની જિંદગી થાય, તેમાં શબ્દને માટે વિચાર હોય! તેવી રીતે આ જીવ પુદ્‌ગલાનંદી રહ્યો ત્યાં સુધી આનો વિચાર નથી રહ્યો. બૈરીછોકરાં સારાં છે, તેમાં બે ચાર ઘડી ગુરુ, દેવ સાચવવા એ અર્થ એનાથી આગળ વધે. આ જીવે ધન, માલ, મિલ્કત મેળવી છે પણ હિસાબે તો સરવાળો શૂન્યવાળો છે. પાસે છપ્પન ક્રોડ છે તેમાંથી એક રહેવાના નથી. બૈરીછોકરામાંનું કોણ રહેવાનું! "ચકલી ચેં ચેં, બકરી બેં બેં, મનુષ્ય મેં મેં" કરે તેમાં વળ્યું શું! તે જાનવરનો ચાળો છે. મેં કર્યું, હું આનો માલિક છું, તેથી વળવાનું શું?

જે માલને અંગે માલનો પ્રતિબંધ હોય તે માલને પરદેશ જવા વખતે ગાડીમાં ભરે નહિ, કારણ પ્રતિબંધ મેલેલો છે. અહીં કૂદંકૂદા કરવી હોય તેટલી કરો, ખખડાવાય તેટલા ખખડાવો, પણ જતી વખતે બધું મૂકી દેવાનું. વાલીપણાની મુદત પૂરી થાય કે પછી ટ્રસ્ટીપણાની મિલ્કતનો માલિક નહિ. પ્રથમ ચાવી પાસે રહે. કર્મરાજાએ આપેલી મુદત પૂરી થાય ત્યાં મૂકી દેવાનું. અફઘાનિસ્તાનનો તે સ્થિતિનો અમીર શાહેનશાહને ન ગણે, પણ ગાદીથી ઊતર્યો તે વખતે કોઈ હિસાબમાં નહિ! રૂશિયાનો ઝાર ગાદીથી ઊતર્યો ત્યારે ગધેડા ગણાયા કે બીજું? અત્યારે ગાદીએ બેઠો છે, ઊતરે ત્યારે કેવો ગણાશે વાનો? સરવાળે શૂન્યવાળા, જે દાન, શીલ, તપ, ભાવ આચર્યાં. વ્રતપચ્ચક્ખાણ વગેરે કર્યાં તે સરવાળામાં આવવાના. તે સરવાળે શૂન્યવાળા નથી. દુનિયામાં ગુણાકાર કરે તેમ ઓછાશ થાય, ગુણાકારમાં અને ભાગાકારમાં ફરક શો? અપૂર્ણાંકનો ગુણાકાર રકમ ઓછી કરે જ જાય. સો ગુણ્યા પા પચીસ. ચારે ભાગે તો પણ ૨૫, આ ગુણાકાર ભાગાકારમાં ફરક નથી. કહેવાય મારા પણ મારી ઉપર

ખાતર ફેરવનારા છે. મારા કહીને મરદન મારનારા છે, મારા નથી. મારા છે એ કથા જાય ત્યારે જગતમાં જે મારી ચીજ ગણું છું તે મારી નથી, જૈન શાસન સિવાય મારું કંઈ નથી એમ થાય ત્યારે બાકીનું અનર્થ લાગે આ ત્રીજી ભૂમિકા. પહેલી! **ભૂમિ આ (શાસન) અર્થ. બીજી ભૂમિ** આ પરમાર્થ, **ત્રીજી ભૂમિએ આવે ત્યારે આ જિનાયતનું બધું** ખાતરી-**ફક્ત આત્માને માટે નીકળેલા** તેજ મારા આ બુદ્ધિ તેનું નામ શાસન. એ શાસન શબ્દ પોતાનામાં ઠા વસાવો! સાંપ મોકલવા જેવા તૈયાર થાય તેમ શાસન શબ્દ વાપર્યો છે, ચાહે તે બોલી દે, શબ્દ બોલવાની ના કહેતો નથી, પણ જેમ સાંપ શબ્દ બોલે છે તેમ તેના અર્થમાં, અમલમાં આવ! હું શાસનરસી બન!

### બીજા દાનો તે ઘટે

વિનિયોગ નામનો ભાવનો પાંચમો ભેદ તપાસવી લખ્ય : ગુણ-શ્રેણિને પામેલો ધર્મનિષ્ઠ થયેલો, બીજાને ન મળે તો પણ પોતાનું દાન કૃતાર્થ માને. દાન દેવાય તેમ પોતાનું સ્થિર થાય તો રહે, બીજાને દેતો તો ઘટે. મૂળ સંપદામાંથી વસ્તુદાન થાય. ઉદાર મનુષ્યો વટવાનું કબૂલ કરીને ઉદારતા કરે છે તો સાથે વધવાનું, સ્થિર થવાનું એવું દાન બને તો કેમ પ્રવૃત્તિ ન કરું? પોતાને મળ્યું તે બીજાને મેળવાવવા તૈયાર. **તેથી** દ્વાદશાંગીની રચના શરૂ કરે છે. **આચારાંગ, સૂયગડાંગની** વ્યવસ્થા કરી અને **ઠાણાંગ**માં પાંચ મહાવ્રતો જણાવ્યાં.

### પ્રાણાતિપાતવિરતિ રાજા, બાકીના ચાર બૉડીગાર્ડ

મહાવ્રતની જડ, તત્ત્વ, ધ્યેય, ને મહાવ્રતોમાં રક્ષણીય કોઈ હોય તો તે '**सव्वाओ**' સર્વથા પ્રાણાતિપાતથી વિરમવું. હરિભદ્રસૂરિ કહે છે કે સત્યાદિકનું પાલન જે જરૂરી છે તે આની—પ્રાણાતિપાતની વિરતિના રક્ષણને માટે છે. રાજા ન હોય તો બૉડીગાર્ડ body guard શાના? પ્રાણાતિપાત વિરતિ રાજા, રક્ષણીય પદાર્થ છે. મૃષા, અદત્તાદાન, મૈથુન ને પરિગ્રહની વિરતિ આ ચાર બૉડીગાર્ડ body guard છે.

**શંકા**—બીજા મહાવ્રતોને ઉતારી પાડ્યાં!

**સમાધાન**—માબાપ મોટા છે. જમાઈને વેવાઈવાળા તિલક કરે છે, છતાં માબાપ અપમાન ગણતાં નથી. વેવાણ જમાઈને તિલક કરે છે. માબાપ વિચાર કરે, અરર! અમને તિલક નથી કરતા! અત્યારે પ્રસંગ જમાઈના વિવાહનો છે, તેથી તિલક થાય તેમાં અપમાન ગણતા નથી. પ્રસંગ પૂરતું માન ઈચ્છાય છે. બીજાને મળે તેમાં વાંધો નથી તો અહિં માન અપમાનનો સવાલ ક્યાં? **મહાવીર** આગળ બીજા ભગવાનની સ્તુતિ કરાય છે. **ઋષભદેવજી** ભગવાન આગળ બેઠા છે, ને ગાય છે બીજા ભગવાનના ગુણ. સર્વ તીર્થંકરો સરખા છે. પ્રસંગે સ્તુતિ કરવામાં આવે તેથી બીજાની નિંદા થાય એમ કોઈએ માન્યું નહિ. જે વખતે પ્રાણાતિપાતવિરમણની મુખ્યતા કરવામાં આવે તે વખતે રક્ષણીયને ધોરી ગણવામાં આવે, તેમાં બીજા વ્રતોને અપમાન કરવા જેવું નથી. અણસમજુને માટે તો કંઈ કહેવાય નહિ. મૃષાવાદ આદિની નિવૃત્તિને રક્ષક તરીકે બતાવ્યા, પાછળ રહેલા બતાવ્યા તેથી બીજા મહાવ્રતોની અવજ્ઞા થાય એમ જે માને તે જૈન શાસનને સમજતા નથી. પાંચે મહાવ્રતોને અનુક્રમે બોલશો પહેલું, બીજું, તો વગર કહે પહેલું આવીજ ગયું. વારો પહેલો આવ્યો પ્રાણાતિપાતવિરમણનો, આનું શાસ્ત્રને ન સમજતા હોય તે બોલે. દેવ, ગુરુ, ધર્મનો આધાર પ્રાણાતિપાતવિરમણ ઉપર છે. હથિયાર ન હોય તે દેવ. જૂઠું બોલવું એ કુદેવપણાનું લક્ષણ શું નથી? છતાં તે ન લીધું. સુદેવને હથિયાર ન હોય તે કહેવામાં આવ્યું. એક જ કારણ. કયું કારણ? પ્રાણાતિપાતવિરમણ. આ જો ગયું તો તે સુદેવપણું રહે નહિ. જીવની વિરાધના વર્જાઈ તો જૂઠ, ચોરીને સ્થાન નથી. આથી કુદેવના લક્ષણમાં હિંસાની અવિરતિના ભાવને આગળ કર્યો. જૂઠ ચોરીના અવિરતિના ભાવને આગળ ન કર્યો, તેથી બોલ્યા શસ્ત્રાદિવાળા ન હોય તે સુદેવ. ગુરુની પરીક્ષાને અંગે 'કાચા પાણીને અડે, ફૂલને અડે તે કુગુરુ.' જૂઠ, ચોરીને સ્થાન કેમ નહિ? પરજીવઘાત બુદ્ધિ વર્જાઈ તો આપોઆપ

मृषावाद, अदत्तादान नीकळी गयेला गणाय. तेमज धर्मनी परीक्षामां "**अहिंसालक्खणस्स**" एम कही अहिंसाने धर्मस्वरूप बनावी. "**सच्चाहिट्ठियस्स**" आथी धर्म सत्यअधिष्ठित छे एम कही सत्यने भिन्न मान्युं पण अहिंसाने भिन्न न मानी. अहिंसा खुद लक्षण–देवनुं चिह्न ने गुरुनुं लक्षण. धर्मना लक्षणमां पण अहिंसा ते अग्र-पदे छे. एथी तेना साधनो व्यापक बनाव्या. जूठुं न बोलवुं तेनो दरेकने उपदेश. जूठाथी बचवा माटे बाह्य साधन बनाववानी जरूर न पडी. ज्यारे हिंसानी निवृत्तिने जाळववा माटे बाह्य साधननो ढगलो करवो पड्यो.

**मृषावादथी बचवा माटे साधनोनो ढगलो नथी**

मृषावादनी विरतिने बचाववानुं कयुं ? आत्मा बोले ते वखते जे वचन काढुं ते क्रोध, मान, माया अने लोभथी न नीकळतुं होय तो ते साचुं. गळणी अहीं राखी लीधी. पहेला व्रतमां ढगलो. अद-त्तादाननी विरतिमां कोनी मालिकी ते जोइ लेजो ! तेना साधनोनो ढगलो नथी. मैथुनथी बचवा माटे साधन सामग्रीनो ढगलो नहि. परिग्रहनी विरति माटे ममता न करशो. बीजाथी पांचमा माटे उप-देश कर्यो, जरूरी जणाव्युं पण सामग्रीनी जरूर पडी नहि. साम-ग्रीनो ढगलो हिंसानी विरति साचववा माटे, शास्त्रकारोए साधननो ढगलो जे बताव्यो ते अहिंसानी विरति माटे.

---

## व्याख्यान : ५०

### मनुष्य ईष्ट वस्तुने मेळवे तेने वधारवा प्रयत्न करे

गणधर महाराजा श्रीमान् सुधर्मास्वामीजी महाराज भव्य जीवोना उपकारने माटे, शासनना हितने माटे, मोक्षमार्गनो प्रवाह वहेवडाववा माटे श्रमण भगवान् **महावीर** महाराजा पासेथी सत्य धर्मने पाम्या, समज्या, ते ज वखत तेमने पोताने ए ध्यानमां

આપ્યું કે આ ચીજ હીયે વધવાવાળી છે. કોઇ પણ મનુષ્ય વસ્તુને મેળવે છે તે તેને વધારવા માટે પ્રયત્ન કરે છે, અને જો અનિષ્ટ હોય તો ઘટાડવા પ્રયત્ન કરે છે.

## બે સિવાય ત્રીજો વર્ગ નથી

**મહાવીર** ભગવાન્ પાસેથી મળેલો બોધ, જાણેલો ધર્મ ઇષ્ટ છે કે નહિ? જેને તે ઇષ્ટ ન લાગે તેની ભવસ્થિતિ હજુ પાકી નથી. કડછીને દૂધપાક લાગે છે, દશ મણની કડાઇમાં કડછો બધે ફરે છે પણ સ્વાદ કડછાને કેટલો આવે? કારણ કે ચેતના નથી એટલે ન આવે. **તેમ અહીં જેને સમ્યક્ત્વ ધર્મ પ્રાપ્ત** થયો, છતાં ઇષ્ટ ન લાગે **તો હજુ કડછો જ** છે. જ્યારે સચેતન પદાર્થ રસના ઇંદ્રિયવાળો હોય ત્યારે તે રસને જાણે. સચેતન હોવા છતાં રસના ઇંદ્રિયવાળો ન હોય તે રસને ન જાણે. રસને ચાખવો તેમાં રસના જોઇએ. એકેંદ્રિય કે ચાટવો દૂધપાકમાં ફરે તે બેમાં ફરક નથી. જેને સમ્યક્ત્વ—ધર્મ પ્રાપ્ત થયો છતાં ઇષ્ટ ન લાગ્યો તે અભવ્યની કોટિમાં જાય. પેલો છોડવો ચેતનાવાળો છે, પણ રસ લેવાના અપેક્ષાએ તે રસ લઇ શકતો નથી. રસના ઇંદ્રિય છોડવાને નથી. જીવ ભવ્ય હોય, મોક્ષે જવાને લાયકનો હોય તો પણ જ્યાં સુધી સમ્યક્ત્વને પામવું એ ઇષ્ટ ન લાગ્યું, ધર્મ પામવું ઇષ્ટ ન લાગ્યું તે વખત તો બિચારો ભવ્ય છતાં અભવ્ય અને એમાં આંતરો નથી. અહીં છોડવાને જડ કહેવા માગ્યો નથી, કહેવા માગ્યો છે ચેતન. દૂધપાકની વાત આવે તે વખતે કડછા અને છોડવામાં ફરક નથી. કારણ તેમને ધર્મપરિણતિ થવાની નથી, થતી નથી. એવો કોઈ વચલો વર્ગ લીધો નથી. ધર્મની પરિણતિ થાય, તે મોક્ષ પામે. ધર્મની પરિણતિ ન થાય તો મોક્ષ ન પામે. ધર્મની પરિણતિ ન થાય ને મોક્ષ પામે તેવો ત્રીજો વર્ગ નથી. બે વર્ગ છે, ત્રીજો વર્ગ નથી. ભવ્ય ગણાતો છતાં પણ ધર્મની પરિણતિ ન પામે. ધર્મને ઇષ્ટ ન સમજે તે વખત ભવ્ય અભવ્યમાં ફરક શો? એ સવાલ ઊઠે છે. ઇંદ્ર સરખા આવીને ભગવાનને સવાલ

કરે છે કે "હું ભવ્ય કે અભવ્ય ?" અવધિજ્ઞાનથી ભગવાનને દેખ્યા, ભગવાન્ પાસે આવ્યા તો પછી સવાલ કેમ થાય છે? કારણ તપાસીએ તો માલમ પડશે કે પોતે ભવ્ય જીવને અંગે પુરું ચિહ્ન કયું ગણે છે? ધર્મ સાંભળતાં સાથે રૂંવાડાં ખડાં થવાં જોઈએ. અપૂર્વ ચિંતામણિ મળ્યું તેવું માનવાની સ્થિતિ કેમ નથી આવતી? ચિંતામણિ કે કલ્પવૃક્ષ કરતાંય ધર્મને અધિક કેમ નથી ગણતો! જે વખત શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ પ્રાપ્ત થાય તે વખત કલ્પવૃક્ષ, ચિંતામણિનો સંતોષ આ જીવને થતો કેમ નથી! મોમાં પતાસું નાંખે તો સંતોષ થાય પણ મારામાં તે સંતોષમાંનો છાંટો કેમ નથી! જીહ્વાઈંદ્રિય સાવચેત હોય ને દૂધપાકનો છાંટો જીભ પર પડે તો આનંદ થયા વિના કેમ રહે? તેવી રીતે ધર્મકરણી કરતાં—શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ મળ્યા તે વખતે જો જીવ ભવ્ય હોય તો આનંદ થયા વિના કેમ રહે? જીભ પર દૂધપાકનો છાંટો પડયો, સ્વાદ ન આવે તો જીભ પર કાંટા છે એમ સમજવું. તેમ આ જીવને અનંત પુદ્ગલ પરાવર્તો રખડતાં રસના ઈંદ્રિયની પ્રાપ્તિ હોય, રસના સ્વચ્છ હોય પછી દૂધપાકનો છાંટો પડે, સ્વાદ ન લાગે તે કોઈ દિવસ બને નહિ. સ્વાદ લાગ્યા વિના રહે નહિ. તેમ જીવ ભવ્ય છે, અનંતા પુદ્ગલપરાવર્તો ચાલ્યા. અનિષ્ટને અનિષ્ટ માનવામાં વખત નહોતો મળ્યો. ઇષ્ટ ન મળે તો અનિષ્ટને ઇષ્ટ માનીને ચલાવ. ભીલ, કોળી હોય, કોડિયાના દાગીના પહેરે, મોતી દેખ્યાં નથી. જે વખતે મોતી, હીરા મળે તે વખતે કોળી, ભીલ પણ કોડીઆ કરતાં વધારે કિંમત એની સમજે તો પછી મળ્યા છતાં ન સમજે તેને શું કહેવું! મોક્ષનું સ્વરૂપ દેખાડનાર કોઈ મળ્યો ન હતો ત્યાં સુધી સંસારના સ્વરૂપમાં રાચ્યા. જે વખત દેખાડનાર મળે તે વખત આંખ ન ઉઘડે! ભીલડી સો વર્ષ સુધી કોડિયાના દાગીના પહેરે, જે વખત હીરા વગેરે મળે તે વખત બે હાથ કૂદે. તેમ આ જીવ અનાદિકાળથી કોડિયાના દાગીનામાં રાચ્યો. અત્યારે હીરાકંડી મળી તો પણ કૂદાતું નથી. અહાર

દૂષણરહિત દેવ, પંચ મહાવ્રત ધારક ગુરુ અને જિનેશ્વરનો ધર્મ મળ્યો છે. શેઠજી વધામણી લાવ્યો છું. શેઠ કહે એ જ કે સાઠ વર્ષે કુંવર જન્મ્યો. આમ જે શેઠ કહે તે શેઠની દશા કઈ? કલ્પવૃક્ષ મળ્યું છતાં આની (ધર્મની) આગળ કાંઈ નથી, ચિંતામણિ કે કલ્પવૃક્ષ કરતાંય આ અધિક છે, જો એવી સ્થિતિ ન આવે તો જીવમાં ભવ્યપણાની સ્થિતિ છે નહિ. મળેલી વસ્તુમાં પ્રમોદ કેમ થતો નથી? કહો કે આની ખામી હોવી જોઈએ. આને અંગે શંકા એવી ચીજ છે કે તે વખતે વિશ્વાસને સ્થાન ન રહે. એમ અહીં અવધિથી, સમ્યક્ત્વથી ભવ્યપણું નક્કી થયેલું હોય તો પણ ધર્મને અંગે ઉલ્લાસ ન થાય. અનાદિકાળની રખડપટ્ટી પછી મળેલી આ ચીજ છે તે ખ્યાલમાં ન આવે માટે સંયમ અને ઇંદ્ર મહારાજ સરખાએ તીર્થંકરને પ્રશ્ન કર્યો કે હું ભવ્ય કે અભવ્ય? જેને શંકા થાય કે હું ભવ્ય કે અભવ્ય? તે ભવ્ય જ છે.

### નિર્ણય એક પદાર્થે, શંકા બે પદાર્થના જ્ઞાને

**શંકા**—ભવ્ય, અભવ્યપણાની શંકા થાય તેટલા માત્રથી ભવ્યપણાનો નિર્ણય કેમ કરાય છે? **સમાધાન**—શંકા ક્યાં થાય છે તે વિચારો! નિર્ણય એક પદાર્થે થાય પણ શંકા એક પદાર્થે હોય જ નહિ શંકા બે પદાર્થના જ્ઞાને. ઘડો એટલે ઘડો, બે પદાર્થના જ્ઞાને શંકા. સાપ છે કે દોરડું? સાપનું અને દોરડાનું જ્ઞાન હોય તો શંકા થાય. એકલા સાપના જ્ઞાને શંકા ન થાય. સર્પજ્ઞાનથી સર્પનો નિર્ણય થાય પણ સર્પ અને રજ્જુનું જ્ઞાન હોય ત્યારે શંકા થાય. બે જ્ઞાન થયા છતાં જો બે વસ્તુને માને તોજ સંશય થાય. બંને ન માને તો સંશય હોય નહિ. છઠ્ઠું ભૂત કહ્યું, બીજો માને છે. આપણે ન માનતા હોઈએ ત્યાં સુધી આ પહેલું ભૂત કે છઠ્ઠું ભૂત તેની શંકા નથી. ત્યાં શંકાને સ્થાન નથી. જ્યારે બેને માનીએ ત્યારે શંકા થાય. જગતમાં જો સાપ ન હોત તો સાપ છે કે દોરડું તેની શંકા ન થાત. જ્યારે બે પદાર્થનું જ્ઞાન હોય, બે પદાર્થની માન્યતા દઢ હોય ત્યારે

શંકા ઊભી થાય. બે પદાર્થોનો ફરક ન માન્યો હોય તો ? ઘટ અને કળશ બે શબ્દો છે. બે શબ્દોનું જ્ઞાન છે. એમાં ફરક છે છતાં ફરક નથી માન્યો તો ઘટ છે કે કુંભ તેની શંકા થતી નથી, આંતરું ન હોય ત્યાં સુધી શંકાનું સ્થાન નથી. આંતરું હોય ત્યાં શંકાનુ સ્થાન.

## મોક્ષ માને તે ભવ્ય

ભવ્ય, અભવ્યપણું એ બે જાણ્યા વિના શંકા થાય નહિ. જેને થાય તેણે ભવ્યપણું જાણેલું, માનેલું. મોક્ષ જવા લાયક તે ભવ્ય. મોક્ષે જવાને લાયક નહિ તે અભવ્ય. ભવ્ય, અભવ્યપણું માન્યું ન હોય તો શંકાને સ્થાન નથી. શંકાજ્ઞાનમાં ઉભયની અભિલાષા ન હોય. શંકાના હેતુમાં ઉભય પદાર્થનું જ્ઞાન અને માન્યતા છે. ઉભયનું અંતર ખ્યાલમાં આવ્યું હોય ત્યારે શંકા થાય છે. ભવ્યપણું અને અભવ્યપણું બે જાણવા જોઈએ, જાણ્યા છતાં માનવા જોઇએ, જાણ્યા છતાં આંતરું ધ્યાનમાં લેવું જોઇએ. આંતરું ધ્યાનમાં લે તો શંકાનું સ્થાન, આવું ભવ્યપણું છે, આવું અભવ્યપણું છે એમ પોતે જાણ્યું હોય પછી માન્યું હોય. ભવ્ય, અભવ્ય, ધર્મ એ કેવળ તીર્થંકર, કેવલીઓ જ દેખી શકે. પરમ અવધિવાળો, મનઃપર્યવજ્ઞાની, ભવ્ય, અભવ્યપણાને સાક્ષાત્ જાણતો નથી. કેવલીનું કહેલું તેટલું માન્યું, બીજા કોઇનું નહિ. ભવ્યપણું તે મોક્ષે જવા લાયક. મોક્ષે જવા લાયક નહિ તેનું નામ અભવ્ય. આ બે બોલવું કોનું ? એ વચન કોના ઘરના ? કેવળજ્ઞાનીના ઘરના. કેવળજ્ઞાની સિવાય બીજાએ ભવ્યઅભવ્યપણું જાણ્યું નથી, દેખ્યું નથી. ભવ્યપણું, અભવ્યપણું દેખવાનો સ્વભાવ કેવળજ્ઞાનીનો છે. તે કેવળજ્ઞાનીનું કહેલું માન્યું, જાણ્યું તો શંકા હોય. સાપ ને દોરડું આને કહેવાય છે અને આને માને છે. આંતરું જાણે, દોરડું નુકશાન ન કરે, સાપ કરે તો જ ત્યાં ભયને લીધે શંકા થાય. સાપ નુકશાન ન કરે એમ થાય તો શંકાને સ્થાન નથી. ભવ્યઅભવ્યપણું કેવલીએ દેખ્યું તે આપણે માન્યું, ભવ્યપણું સારું તે માન્યું. આંતરું ખ્યાલમાં

આવ્યું. આથી કેવલીને માન્યા, મોક્ષને માન્યો, મોક્ષની લાયકાત હોય એમ માન્યું. જો મોક્ષની લાયકાતને સારી ન ગણે તો હું ભવ્ય કે અભવ્ય તેની શંકા ન થાય. ઇષ્ટ, અનિષ્ટપણે આંતરું સમજમાં આવ્યું. બંને પદાર્થને જાણવા, માનવા પૂર્વક આંતરું ખ્યાલમાં આવે ત્યારે શંકાનું સ્થાન. મોક્ષે જવાને લાયકનો ધર્મ ભવ્યમાં રહેલો છે. આથી મોક્ષે જવાને લાયક બનવાને પોતાનો આત્મા તલસ્યો છે. અભવ્યનું લક્ષણ રખેને મારામાં હોય એ શંકાથી ચમક્યો. જ્યારે ઇષ્ટને અનિષ્ટ ગણ્યું ત્યારે શંકા થઈ ભવ્ય કે અભવ્ય? અભવ્યને હું ભવ્ય કે અભવ્ય છું તે શંકા થાય નહિ.

## ડ્રાઇવર જવાબદાર ખરો. જોખમદાર નહિ

શાસ્ત્રમાં અભવ્યને જીવાદિ આઠ તત્ત્વની શ્રદ્ધા કહે છે. મોક્ષતત્ત્વ નવમું તેની શ્રદ્ધા નહિ. આઠ માને ને નવમું કેમ ન માને? આઠ જગતના અનુભવે વધવા માંડે તો માનવા પડે. વિચાર કરો. એકાંતમાં બેઠા હોય કે કોઇક અંદર ખખડાટ થાય. ઓરડી બંધ કરીને બેઠા હોય ત્યારે શંકા થાય કે કોઈક અંદર છે. જવાની પ્રેરણા થાય છે ત્યારે જાય. પોતાની મેળે ઊંચોનીચો થવાવાળો નથી. આ શરીરને ચલાવનાર, ઊભો રાખનાર કોઈક અંદર છે. જ્યાં સુધી અંદર છે ત્યાં સુધી બધું છે. અંદરનો ચાલ્યો જાય ત્યારે કાંઈ થતું નથી. કોઈ ચીજ આની પ્રેરક છે. આ યંત્રને ચલાવનાર કોઈ ડ્રાઇવર (driver) અંદર છે, આ એંજિન (engine) છે. ચલાવનાર ન હોય તો પડી રહે છે. ચલાવનાર એ જોખમદારને જવાબદાર છે કે નહિ? ડ્રાઈવર (driver) જવાબદાર ખરો, જોખમદાર નહિ. કમાઈ કેટલી થઇ તે કંપનીને, લાભ ને નુકશાનને અંગે તે જોખમદાર. જવાબદારી, જોખમદારી બંને એકમાં છે. કારણ આનાથી જે કાંઈ સારા પદાર્થોનો અનુભવ થાય તે સુખ ભોગવે છે માટે આથી કોઇ જવાબદાર, જોખમદાર, વ્યક્તિ અંદર છે. સારા-

નરસાનું ફળ ભોગવે છે. આ અપેક્ષાએ શાસ્ત્ર ન સાંભળ્યું હોય તો પણ જીવને કલ્પનાથી માની લે.

## આઠ તત્ત્વ માને પણ મોક્ષતત્ત્વ અભવ્ય માને નહિ

પ્રતિકૂળતા કે અનુકૂળતા કેમ થાય ? સુખ લેવા ધારે, પ્રયત્ન કરે, મળે દુઃખ. આમ કેમ થાય ? ત્રીજી વસ્તુ રહેલી છે કે જેને અંગે અનુકૂળતા કે પ્રતિકૂળતા થાય છે. જીવ માન્યો, શરીર જડ છે. પુણ્ય શબ્દ ભલે ન કહો, અનુકૂળતા કરનાર પદાર્થને માન્યો, પ્રતિકૂળતા-વાળા પદાર્થને માન્યો એટલે પુણ્ય, પાપ આવી ગયાં. કેટલીક વખત પ્રતિકૂળ ધારે અને અનુકૂળતા થાય, એવાં સાધનો હોય કે કોઈ વખત અનુકૂળતાની તો કોઈ વખત પ્રતિકૂળતાની શક્તિ આવે, આથી બંધ માન્યો. અમુક વખતે અમુક આવે. અનુકૂળતા વખતે પ્રતિકૂળતા નથી આવતી. રોકાણ માનવું પડે. પ્રતિકૂળતા માની છતાં છેડો આવે છે, એ શક્તિ તૂટે છે. અનુકૂળતા કે પ્રતિકૂળતા હોય માટે શક્તિ ખસી જવાવાળી ચીજ છે. આથી નિર્જરા આવી ગઈ, આઠ તત્ત્વ લૌકિક દૃષ્ટિએ માની શકાય. આથી આઠ તત્ત્વ અભવ્ય માને પણ મોક્ષતત્ત્વ માને નહિ.

## આંતરું જણાય તો જ શંકા થાય

ભવ્ય, અભવ્યપણાની શંકા ક્યારે થઈ ? મોક્ષતત્ત્વ માન્યું ત્યારેજ, મોક્ષતત્ત્વ ન માનત તો મોક્ષને પામવાને લાયક ભવ્યપણું પણ તે માનત નહિ. જેને ભવ્યપણાનું, અભવ્યપણાનું જ્ઞાન થયું અને એ બે જ્ઞાન માન્યા તે ભવ્ય થઈ ચૂક્યો. ભવ્યપણું મનાય ક્યારે ? મોક્ષની માન્યતા થાય ત્યારે. માન્યા છતાં મોક્ષની ઈચ્છા ન હોય, મોક્ષે જવા લાયક ભવ્યપણું ન હોય તો શું ? આંતરું જણાય, અભવ્યપણું હોય તો જુલમ થાય, તો જ શંકા થાય રખેને હું અભવ્ય ન હોઉં ! કંટાળો થયા વિના શંકા ન થાય, સાપનું ભયંકરપણું માન્યા વિના, સાપને દેખ્યા વિના શંકા થાય નહિ. ભવ્યપણાને ઈષ્ટ, અભવ્યપણાને અનિષ્ટ માને ત્યારે શંકા થાય. મારું

કેમ હશે? એમ ભવ્ય અભવ્યના આંતરાનો ખ્યાલ આવ્યો, પછી આગળ ચાલીએ.

### ઉલ્લાસના અભાવને અંગે શંકાની ઉત્પત્તિ

કેવલી કે તીર્થંકર ભવ્ય અભવ્યપણાનો નિર્ણય કરનાર છે તે ક્યારે થાય? જેને પૂછે છે તેના જ્ઞાનના સત્યવાદીપણાનો ભરોસો હોય. કેવલીના જ જ્ઞાનનો સત્યવાદીપણાનો ભરોસો થાય, નિર્ણય જાણે છે, એ માન્યો એટલે બે વસ્તુ માની. વસ્તુને માનીએ ત્યારે જાણનારો મનાય. સોનું રૂપું નથી તો ચોકસી ક્યાં છે? ચોકસી માને તો સોનું રૂપું માની લીધું. આ મહાપુરુષ ભવ્ય અભવ્યપણાના સ્વરૂપને જાણનારા છે. જાણનાર ધારીને પ્રશ્ન કરાય છે. જાણ્યા પ્રમાણે સાચું બોલનારા છે. મને ભવ્ય જાણશે તો જ ભવ્ય કહેશે, ભવ્ય જાણશે તો અભવ્ય નહિ કહે. જ્ઞાન કે વચનની ખામી થયા પછી સવાલ થાય કે હું ભવ્ય કે અભવ્ય? નિશાની છે છતાં કેમ પૂછે છે કે હું ભવ્ય કે અભવ્ય? અનંત પુદ્ગલ પરાવર્ત જે ધર્મ પામ્યો છું તેમાં જે આનંદ થવો જોઇએ, જે હર્ષ આવવો જોઈએ તેમાંનું કાંઇ આવતું નથી. જીભ ચોકખી છે, દૂધપાક મીઠો છે છતાં રસ કેમ નથી આવતો? જીભને દૂધપાકમાં ચોકસી માનું છું, તેના કાંટા ન હોય? તેનો તો રસનાજ કાંટો. ચિંતામણી, કલ્પવૃક્ષ અનંતી વખત મળ્યા. પણ આ ચીજ મળેલી નથી. તે ચીજ મળી છતાં આત્મામાં ઉલ્લાસ કેમ નથી થતો! ઉલ્લાસના અભાવને અંગે શંકાની ઉત્પત્તિ. શંકાની ઉત્પત્તિ થાય ત્યાં વિશ્વાસના ગાડાં ઢોળાઈ જાય. ભવ્ય, અભવ્યપણાનો નિર્ણય હતો, તેમજ અપૂર્વ વસ્તુ પામ્યા છતાં આહ્લાદ થતો નથી. ઝવેરીની નજરે નંગ આવ્યું, તે વખત તે નંગ ઉપર એની નજર ચોંટી ન જાય તો ઝવેરીપણાની ખામી, મોક્ષને પમાડનારી ચીજ મળી, દેવ ગુરુ ધર્મ મળ્યા, ધર્મક્રિયા કરવાનો વખતેય આવ્યો છતાં જેમ કડછો ફર્યા કરે છતાં કડછાને મુદ્લ સ્વાદ નથી આવતો, તેમ કરણી કરવા છતાં આનંદ નથી આવતો. જરૂર

પોતામાં ખામી હતી આ શંકા થવાને લીધે પ્રશ્ન થાય. ધર્મપ્રાપ્તિના વખતે, ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થતી વખતે આનંદ થવો જોઈએ. ચિંતામણિ, કલ્પવૃક્ષ મળે ત્યારે આનંદ થાય તેના હિસાબમાં તે અપૂર્વ આનંદ હોવો જોઇએ.

### યાવજ્જીવ ઉપકાર કરવો છે તેથી અંગોની રચના

સુધર્માસ્વામીજી પામ્યા ને આનંદમાં આવ્યા. વસ્તુને પામવાને અંગે જે આનંદિત થયો હોય તે વસ્તુ વધારવાને અંગે કટિબદ્ધ થાય. સુધર્માસ્વામીજી પ્રતિબોધ પામ્યા એટલે તે બધાં ઉત્તમ લાગ્યાં અને વધારું કેમ ? એમ થયું. દુનીયાના પદાર્થો પારકા લાગે તો તે વસ્તુનું વધારવું થાય. પારકાને દઇને વધારવું થાય ને પારકું લાવીને પણ વધારવું થાય. આત્માના પદાર્થોમાં દઇને વધારવાનું બને. દીધા સિવાય વધારવું બને નહિ. સમ્યક્ત્વ ઉત્પન્ન કરવાનું કહ્યું ત્યારથી આસ્તિકયની જોડે અનુકંપા મુકી દીધી. બીજાઓને મોક્ષનો માર્ગ પ્રાપ્ત થાય તે ભાવ અનુકંપા, કે જે સમ્યક્ત્વના પગથિયેથી શરૂ થાય. તે દાનને અંગે શરૂ થાય છે. ધર્મની પરિણુતિ—અધ્યવસાયો દેતા વધવાના. છેવટે દઈ શકવાની શકિત ન હોય તો દેવાની પરિણુતિ તો હોવીજ જોઇએ. પહેલે પગથિયે સ્થાન ત્યારે કે જ્યારે દેવાની પરિણુતિ. પાંચ ભાવમાં વિનિયોગ નામનો ભેદ તે કે મને મળ્યું તે બીજાને મેળવી દઉં આ પરિણુતિ, ને તેનું નામ 'ભાવ.' તે ભાવની અપેક્ષાએ ગણધરોને પ્રતિબોધ, પ્રવ્રજ્યા મળ્યાં, તેની સાથે સાથેજ જગતના સર્વ જીવો આ કેમ મેળવે એનો વિચાર કરવો પડયો. અને તેજ વિચારને અંગે બાર અંગની રચના કરવી પડી. ચૌદ પૂર્વો રચ્યા, તે અષ્ટાપદના પગથિયાં છે, પણ સિદ્ધાચલની પાગ નથી. એક પગથિયું એક જોજનનું. તેવી રીતે પૂર્વો પરોપકારને માટે રચ્યા પણ તે કોને ઉપકાર કરવાના ? સાધ્વીના મુખથી ઘોડિયામાં સૂતાં સૂતાં અંગનું જ્ઞાન થાય એમને. આથી આ બાળગોપાળને ચૌદ પૂર્વોની રચના કામની નહિ. જેને જિંદગીમાં અંગ ન લેવાય તેનું શું ? પૂર્વો

ચોડિયામાં અંગ ઝડપાય તેને માટે છે. ચોદ પૂર્વોમાં બધી રચના કરેલી હતી. અગિયાર અંગમાં એક ભાગ એવો નથી કે જે પૂર્વમાં ન હોય, છતાં, ફરી રચના કરી. દાંત બોખરા હોય તો ખાખરાનું શાક કરવું પડે. રોટલી થઈ હતી તેને શેકીને ખાખરા, તેને રાંધીને શાક કરવું પડે, તેવી અવસ્થા અહિં છે. નહિ પામેલાને માટે અગિયાર અંગ રચવા પડયા. કારણ? આ જીવો ઉપકારમાંથી રહી જાય છે. યાવજ્જીવ ઉપકાર કરવો છે તેથી અંગોની રચના.

## મદાર તો આચારરચના ઉપર જ

અંગોની રચનામાં જ્ઞાનને જરૂરી ગણે છે તો પણ મદાર આચાર ઉપર જ બાંધે છે, તેથી **આચારાંગથી** આચારની વ્યવસ્થા. પછી વિચારો ડામાડોળ થાય તો આચારની કિંમત ન રહે, તેથી વિચારની વ્યવસ્થા માટે **સૂયગડાંગ**. સ્વપરસમયની વાર્તાના વિચારો કર્યા. સર્વ કાળ, ક્ષેત્રને અંગે આચારવિચારનો નિયમ કરવો મુશ્કેલ. ત્યારે શું કરવું? પદાર્થની વ્યવસ્થા કરી દેવી, પદાર્થની વ્યવસ્થા કરી નાંખવા માટે ઠાણાંગજીની રચના. દશ સુધી વ્યવસ્થા **ઠાણાંગજીમાં** અને **સમવાયાંગમાં** અનંતા સુધીની વ્યવસ્થા. વર્ગીકરણને અંગે **ઠાણાંગજી**. ઠાણાંગજી રચતાં પાંચમા ઠાણામાં પહેલા સૂત્રમાં **પંચ મહવ્વયા**. તેમાં સર્વથા પ્રાણાતિપાત–વિરમણ પ્રથમ રાખ્યું.

## મા શબ્દ તેમ વાચના

દલાલ સો સોદા કરી આવે પણ સાંજે કાગળિયું લઇને તે કહે છે. જેને આખા દહાડાનું યાદ નથી રહેતું તે જોડે નોટ રાખે છે. સાંજે સોદા નોંધ્યા તેને કહો આખો દહાડો શું કર્યું? સોદો સવારે કર્યો હતો. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીના પહેલાં યાદ રાખીને ચાલતા હતા. આગમ=શાસ્ત્રરૂપી જનેતાને મા કહેવી તે કેટલા વખતથી ચાલ્યું છે? જનેતાને વહુ કોણે કહી? મા શબ્દ છે તેમ વાચનાય. વાચના પછી ભૂલ કે ભેળસેળનો સંભવ કેમ? પાઠાંતર કેમ? દેવર્દ્ધિગણિ

ક્ષમાશ્રમણજી વખતની સભાના નિર્ણય છે. નિર્ણય કરવા બેઠી નહોતી, પણ તે વખતે આમ છે તે જણાવ્યું.

## જૈન શાસન દયાના સાધનોનો ઢગલો

હવે મૂળ વાત પર આવો. કોઈ પણ જીવ કલ્યાણ પામે તે બુદ્ધિએ પૂર્વો રચ્યા, અંગો રચ્યા, હિંસાથી વિરતિ એ જૈન શાસનનો ઝંડો. દેવ, ગુરુ, ધર્મની અધિકતા હિંસાની વિરતિને અંગે. હિંસાની વિરતિ એટલું જ માત્ર બોલીને જૈન શાસન નથી રહેતું. બીજા 'તુલસી દયા ન છોડીએ જબ લગ ઘટમેં પ્રાણ' એમ બોલે છે. પોતાની ટોપીની છાયામાં પીંછું તેને આંગળી લગાડવાનું સોંપ્યું' બોલવા પૂરતું. તુલસીના મતમાં દયાનું સાધન તો કાઢ. તેમાં દયાનું ઉપકરણ નથી. જ્યારે જૈન શાસનમાં દયાના સાધનોનો ઢગલો. મુહપત્તિનો ઉપયોગ, કોઈ જીવ મરી જાય નહિ તે લક્ષ્ય છે. જીવ કેઈ મિનીટે નહિ ચઢે? ચાર વખત મુહપત્તિ કેમ પડિલેહવી તે પ્રશ્ન કર્યો, પણ જીવ મુહપત્તિમાં કઈ મિનિટે નહિ ચઢે તે પ્રશ્ન કર્યો? છદ્મસ્થને જીવ ઉપજે તો પડિલેહણ અને જીવ ન ઉપજે તો પણ શંકાએ પડિલેહણ. દયાના ઉપકરણો કે જે દયાના આચારો તેમાં જો કંટાળો આવે તો ખરેખર ધર્મ ઉપર ઘાત. આવ્યા ત્યારે પૂંજીને આવ્યા છો, પાછા જાઓ ત્યારે પૂંજીને જાઓ. હિંસાનો સંભવ લાગે ત્યાં સતત પ્રયત્ન કરાવી દે આચારો જો દેખે- વાંદણાં દો. ત્યાં સંભવમાં સતત પ્રયત્ન છે. વિદ્યમાનમાં તો પ્રયત્ન છે, પણ સંભવમાં સતત પ્રયત્ન કરવાનો આચાર બતાવનાર કોઈ હોય તો જૈન શાસન છે. સાધુ-સાધ્વીની ફરજ ત્રસ, સ્થાવરના સંભવને અંગે દયાના પ્રયત્ન કરવાની. ચારે પ્રકારના સંઘને ત્રસ, સ્થાવરના સંભવને અંગે, વિદ્યમાન અંગે આચાર બતાવનાર હોય તો તે જૈન શાસન છે. અહીં હિંસાની વિરતિને અંગે અધિકતા છે. સર્વથા પ્રાણાતિપાતથી વિરમવું તેને પહેલું સ્થાન છે. જૈનો એકલા ઉપકરણો રાખીને દયા કરવાવાળા નથી. રશિયાનો ક્રોડ મનુષ્યના લશ્કરના અધિકપણામાં નિર્ભય ગણતો

હતો પછી વ્યવસ્થા બરાબર જોઇએ. સ્થાન સ્થાન પર દયા પાળવાના વચનો. બધું છતાં પણ પદાર્થ વ્યવસ્થા અને પદાર્થોની માન્યતા એવી હોવી જોઇએ કે જેથી ફળ મેળવી શકાય. ભઠ્ઠીમાં નાંખ્યે ભડકો ન કરે અને બળે નહિ તે સોનું, તેવી રીતે દયાના ઉપદેશો, આચાર, ઉપકરણના ઉપદેશો દયાને અંગે હોવા છતાં તત્ત્વ-વ્યવસ્થા લાયક હોવી જોઇએ.

---

# વ્યાખ્યાન ૫૧

## મળેલી ઇષ્ટ વસ્તુને વધારવાનું મન થાય

ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, ધર્મની પ્રવૃત્તિને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવરાવવા માટે પ્રતિબોધ પામીને પ્રવ્રજ્યા પામ્યાની સાથે ભાવના પાંચ ભેદોને અંગે વિનિયોગ નામનો ભેદ જણાવ્યો. પોતાને મળેલી ચીજ અપૂર્વ લાગી. અર્થ પરમાર્થ ગણો તો આ સિવાયની બધી અનર્થરૂપ છે. મળેલી વસ્તુ ઇષ્ટ હોય તો તેનો વધારો કરવાનું દિલ થાય.

## ગુણોની નહિ પણ ગુણીની જાવકઆવક હોય

વસ્તુનું ઇષ્ટપણું કોને અંગે? મળેલી વસ્તુની પૂર્ણતા ન થાય ત્યાં સુધી વૃદ્ધિમાં વિરામ ન હોય. પાંચ રૂપિયા હોય, પંદર રૂપિયા કરવા હોય તો દસ બહારથી લાવવા પડે. અહીં વિચારીએ તો પ્રતિબોધ પામ્યા પછી પ્રવ્રજ્યા લીધી તેને અંગે જે વૃદ્ધિ તે બહારથી લાવવાની નથી. ચિત્રાવેલથી બાહ્ય પદાર્થ વધે તેને કોઇનો પદાર્થ લાવીને વધારવાનો ન હોય. ચિત્રાવેલથી વધે તે અંદર વધે. તેવી રીતે સમ્યગ્દર્શન વગેરે ચિત્રાવેલ જેવી ચીજ છે. અંદરને અંદર વધવાની. બહારથી લાવીને પૂરવું પડતું નથી. જેમ ચિત્રાવેલથી પૂરાઇ જાય,

બહારથી લાવીને પૂરવું ન પડે, તેમ સમ્યગ્દર્શન આદિને અંગે બહારથી લાવવાનું, પૂરીને વધારવાનું નથી. જે લોકો બહારથી લાવવાનું કહી પત્થરની ગાયનું દૃષ્ટાંત દે છે તે જૈન શાસનનું રાજીનામું આપે છે. દેવ પાસેથી કશું લેવાનું નથી. એમના આત્માના ગુણો તેમના આત્મામાં રહેનારા. ગુણોની જાવકઆવક હોય નહિ, ગુણીની અવકજાવક હોય. આપતાં વધે એવું અહીં છે. એક દીવાથી સો દીવા થયા. આપ્યું. શું ? પોતાનામાં ઓછું શું થયું ? ગાયથી દૂધ દેવાઈ ગયું પછી ગાય ખાલી. પરમાત્માના ગુણ બીજાને આપી શકાય નહિ. ગુણ જો લેવા હોય તો તે ગુણીથી જુદી પડવાવાળી ચીજ નથી. ગાય પાસેથી દ્રવ્ય લેવાનું હતું તે ગાય દઈ શકે. દ્રવ્ય દેવાલાયક લેવાલાયક છે. ગુણગ્રહણ માટે ગુણનું માન કરવું. કોઈના આત્મામાં રહેલો ગુણ લેવાતો નથી. ગુણ ને પર્યાય દેવાલાયક, લેવાલાયક માનો તો દ્રવ્ય અને ગુણ ભિન્ન મનાય, પણ ભિન્ન નથી. દ્રવ્ય આધાર, ગુણ આધેય, આધાર લેવા-લાયક છે. આધેય ગુણ લેવાલાયક કે દેવાલાયક ચીજ નથી. પત્થરની ગાય દૂધ દે છે ! પણ અહિં દ્રવ્યને લેવાદેવાની વાત કર્યા છે ? દેખેલા પદાર્થો, તેનાથી થયેલા સાક્ષાત્ ભાષા વર્ગણાના પુદ્ગલો આવે, ચીજ આવતી નથી.

## અક્કલ ઘરાણે મૂકાય એવી ચીજ નથી

જે કોઈ સંવર, નિર્જરા, કે સમ્યગ્દર્શનાદિથી મોક્ષ એ બહારની ચીજ નથી, તો ગાયનું દૃષ્ટાંત શું સમજીને બોલ્યા ? આપવા લેવાની વસ્તુ નથી. બાહ્ય દ્રવ્યની વાત નથી ત્યાં બાહ્ય દ્રવ્યનું દૃષ્ટાંત ! આ માણસ સમજ્યો શું ? ગાયનું દૃષ્ટાંત દીધું ત્યાં સમજ્યો શું ? ગાયની પાસે દૂધ લેવા જનારા પાસે દૂધ નથી. ભગવાન્ પાસે જનારો જ્ઞાન, દર્શન, ચારિત્ર વિનાનો હશે ? દ્રવ્યગુણમાં ફરક નથી, દેવાલેવામાં ફરક નથી, માંગનારમાં ફરક નથી, તેની શી સ્થિતિ ? જે વસ્તુ ઇષ્ટ લાગી છે તેની ઇષ્ટતા સમજ્યા ક્યારે ? સંપૂર્ણ મેળવવા, વધારવા માટે ઉદ્યમ થાય ત્યારે. જેટલી ઇષ્ટતા વધારે ગણો તેટલો

**સંતોષ ઓછો.** જો પદાર્થને અંગે ઇષ્ટપણું ધાર્યું તો જેટલે ઇષ્ટપણું તેટલો સંતોષ ઓછો. ઇષ્ટપણું ધાર્યું તો પરિપૂર્ણની પ્રાપ્તિ વિના સંતોષ નહિ. અનંત પુદ્ગલપરાવર્તે મળેલાં સમ્યગ્દર્શનાદિ ઇષ્ટતમ, પરમ સાધ્યતમ માની લીધાં છે. '**અયં અટ્ઠે, પરમટ્ઠે સેસે અણટ્ઠે**' આ અર્થ, આ પરમાર્થ બાકીનો બધો અનર્થ આ બુદ્ધિ થઇ હોય ત્યાં પૂર્ણતા થયા વિના સંતોષ વળે કેમ ? સમ્યગ્દર્શનાદિ વગેરે પૂર્ણ ન થાય ત્યાં સુધી જીવને સંતોષ થાય નહિ. પૂરણ કરવું એ ઇષ્ટ નક્કી થયું, પણ મોટો વાંધો આવ્યો. કયો ? બહાર જગતમાં ઇષ્ટ મળે નહિ તેનો. ચાહે દેવ, ગુરુ, સિદ્ધ, કે આચાર્ય વગેરે પાસે જાય, પણ કોઈ જગો પરથી ઇષ્ટ મળવાનું નહિ. કોઇ પોતાના આત્મામાંથી જ્ઞાનનો અનંતમો ભાગ કાઢીને આપે તેમ નથી. નથી આપતા તે કંજુસાઇને લીધે નહિ, પણ અપાય તેવો નથી માટે. જગતમાં બધી ચીજો ધરાણે મૂકાય છે, પણ કોઈ અક્કલ ધરાણે મૂકી પૈસા લાવી શકયો ? ઘર, ખેતર ધરાણે મેલાય, અક્કલ કોઈ ધરાણે મેલે છે ! નહિ.

## ગુણ ઉપજાવાય પણ દેવાય નહિ

ગુણ ઉપજાવાય તેનો વાંધો નથી. ગુણ દેવાતા નથી. દીવો પ્રગટાવ્યો, સ્વરૂપ હતું તો દીવો થયો. ચાહે તીર્થંકર, કેવલી, શ્રુતકેવલી, ગણધર હો. તે પોતાના આત્મામાંથી જ્ઞાન, દર્શન, ચારિત્રનો અનંતમો ભાગ પણ કોઇને આપતા નથી આપણામાં સમ્યગ્દર્શનાદિ અધૂરાં છે, પૂરા કરવા છે. કોઇ અનંતાઅનંત જીવોમાં છે નહિ, છે તેમાંથી કોઈ આપી શકતું નથી. અનંતા સિદ્ધો પાસે છે, પણ દેવું પડે તેથી ભાગી જઇને દૂર બેઠા છે. અનંતા સિદ્ધ મહારાજા એવી જગો પર બેઠા છે કે મોઢું દેખાય નહિ. સમ્યગ્દર્શનાદિ વધેલા દેખીએ તે આખા મૂઠીભર. તીર્થંકર, ગણધર, કેવલી, મૂઠીભર. ઓગણત્રીસ આંકની જગો પર બે કોડી ગણતરીમાં શા ? મૂઠીભરમાંય આપણને તો આંગળીના વેઢા જેટલા જ મળે. તેમાં જે મળે તે મીણ દીધેલી ગાંડવાળા.

તેલ પાઈને ગાંઠે મીણુ દીધેલા. તેમના આત્મામાં એવી રીતે રાખીને બેઠેલા કે એ ખસેડવાના નહિ. સમ્યગ્દર્શનાદિ એમના આત્મામાં છે, અભેદ–એકરૂપ સંબંધ જોડીને બેઠેલા છે.

## પોતાના આલંબને બીજાને જ્યોતરૂપ કરે

પૂરું કરવું શી રીતે? પૂરું કરવા મથતાને ત્યાં પૂરું કરવાવાળો જાય તો શી રીતે પૂરું થાય? ધર્મિષ્ઠોને જે વિચાર આવે તેવો વિચાર ગણધરને આવ્યો હતો. આત્માના ગુણો અપૂર્ણ છે તે લાવ્યે પૂરા થાય તેમ નથી, કોઈ દે તેમ નથી, લઇ શકુ તેમ નથી, દઈ શકાય તેમ નથી. આકાશનું દાન કોઈકે કર્યું, પણ લેનારે લઇ શી રીતે જવું? મારું પુણ્ય તને આપ્યું, પણ લઇ જવું શી રીતે? લે આપ્યું, એમ કહે તો પણ લેવાવાળાથી લેવાય તેમ નથી. ચારિત્રધર્મ આરોપાય છે! આપવાવાળો એક વખત આપી પણ દે, તો પણ લેવાય એવી ચીજ નથી. લાવવી શી રીતે! આપનારો અભેદ સંબંધે રાખી બેઠો છે. કદી 'આપવી' એમ કહે તો આપી શકાય તેવી નથી. અપૂર્ણ છે તો પૂરું કરવું શી રીતે? દીધે પુરાય! શંકા-દેવાતી નથી એમ આગળ કહ્યું તો દીધે પૂરાય એ વાત રહી કયાં? લેવાતી દેવાતી હોય તો દીધે પૂરાય એમ કહેવાય? સમાધાન–દઇ શકાય, લઈ શકાય તેવી ચીજ નથી. દીવો પોતાના અજવાળાને આપી દેતો નથી, પણ બીજાને દીવારૂપ કરી દે છે. પોતાના આલંબને બીજાને જ્યોતરૂપ કરે છે. બીજો દીવો થાય તો અજવાળું વધે છે. એક દીવાએ પોતાનું દઇને–બીજાને પ્રકાશ દઈને પ્રકાશમાં વધારો કર્યો છે? દેવાનું કાંઇ નહિ પણ **દેવાનાં કારણો મેળવી આપો એટલે તમારું વધે, એટલાજ માટે ભાષાને દ્રવ્યશ્રુત કહીએ છીએ.** ભાષા એ શ્રુતનું કાર્ય, કારણ, ઉપદેશક જે વચન બોલે તે વચન ઉપદેશકના જ્ઞાનનું કાર્ય છે. તે વચન શ્રોતાના જ્ઞાનનું કારણ છે. શ્રોતાને વચનો દ્વારા જ્ઞાન થવાનું. વચન દ્રવ્ય છે. તેથી પોતાના

કાર્યભૂત અને બીજાના કારણરૂપ વચનો અર્પણ કર્યાં. જ્ઞાનના કાર્ય-ભૂત ઉપદેશનું દાન દેવું તે જ્ઞાનદાન. લેનારો ન પણ પામે તો પણ દેનારો દાતાર કહેવાય. તીર્થંકરે ઉપદેશ દીધો તે ઉપદેશ ગણધરોને પરિણમ્યો. ગણધરો જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે પામ્યા. પ્રતિબોધના વચનો ફળ્યા એટલે જ્ઞાન દેવાની વાત બેઠી. મોક્ષની વાત કહો તે બેઠી. તેના કારણભુત ઉપદેશોનું દેવું. કારણભૂત ઉપદેશો કેવા મજબૂત? તેને લીધે તેમાં કાર્યને ઉપચાર કરી શકે. રૂપિયો એવી ચોજ કે તેનાથી ચાહે તે ચીજ મેળવી લે. ભોજનનું કારણ રૂપિયો હતો, છતાં તેમાં કાર્યનો વ્યપદેશ કર્યો તેને ભોજન તરીકે ગણાવ્યો એટલે 'રૂપિયા ખાઈશું'' એમ બોલાય છે. દેનારામાં ઉપચારથી આપનાર તરીકેનો આરોપ છે. સાક્ષાત્ કોઇ જ્ઞાન વગેરે લઇ શકતું નથી. જે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે દે તે ઉપદેશદ્વારા ઉપદેશ તો તીર્થંકરોએ દેવો હતો તે દઈ દીધો. અત્યારે તીર્થંકર ઉપદેશ દેતા નથી, કારણ કે અત્યારે શરીર નથી, તેથી મોઢુ નથી, તેથી વચન નથી, તેથી ઉપ-દેશક અત્યારે નથી ને? પત્થરની ગાયનું દ્દષ્ટાંત દેતા હતા, તેને કહો મરેલી ગાયનું દૂધ કેટલું નીકળે ! મરેલા તીર્થંકરને ભજીને શું કરીશ ! મોક્ષે ગયા તેવા તીર્થંકરને ભજીને શું કરીશ ? તીર્થંકરો મરેલા છે તેને મનાય છે કેમ ? મરેલી ગાયનું દૂધ કેટલું ? સાધુ મરી જાય પછી સોંપી દો ભંગીને, તે લઇ જશે ! એનો સત્કાર કેમ કરો છો? મડદાંમાંથી દૂધ નીકળે છે? મડદાને કેમ માનો છો ? એક પેઢીમાં કોઇ મનુષ્યે મુનીમ રાખ્યો. શેઠ પરદેશ ગયા. મુનીમે ધંધો કર્યો. બંગલા, વાડી પોતાને નામે કરી દીધા. પેઢી પોતાને નામે કરી દીધી. ભગવાનનું હતું તે ખોદીને તમામ સાફ કરી નાંખ્યું. પોતાનામાં હિંસા થાય તેનો વાંધો નહિ. ગર્ભમાં રહેલું વાછરડું કેટલું દૂધ આપશે? દીક્ષા વખતે વરઘોડો કાઢો છો તે દીક્ષા નથી દીધી ત્યાં સુધી નો ગર્ભમાં રહેલા વાછરડા જેવું છે. પોતાને અંગે હિંસા નથી નડતી. સાધુઓ જતા હોય, શિયાળાનો દહાડો છે, ટાઢથી કંપે છે, કાઉસગ્ગ

સ્થાને ઊભા, ત્યાં કોઈએ અગ્નિ સળગાવ્યો, અગ્નિ સળગાવનારને શું થયું? અગ્નિ સળગાવનારો નરકે જશેને?

## જિનપૂજા આરંભપરિગ્રહના દર્દને ઉપકારી

હવે મૂળ વાત પર આવો. પોતાને અંગે તો મરેલી ગાયનું કે ગાભણી ગાયનું દૂધ માનવાનું છે. નહિ તો શાના દીક્ષા દેવા પહેલાં કે મર્યા પછી ઓચ્છવ કરો છો? જે સાધુ કાઉસગ્ગમાં રહ્યા. કોઈએ અગ્નિ સળગાવ્યો તેને નરકે જવાનું કહો છો? સાધુ મૂર્છામાં છે તે વખતે તેમના ઉપર કોઈએ કાચું પાણી રેડી દીધું સાધુ પ્રાયશ્ચિત્ત લેશે, પણ રેડનાર નરકે જશે? નહિ. હિંસાના નામે લોકોને ભરમાવવા માટે કહેવામાં આવે છે કે તમારા સાધુ તમને પૂજા કરવાનું કહે છે તો તે પોતે કેમ પૂજા કરતા નથી? ગાંડો હોય તે તેમના કહ્યા મુજબ કરે. કહેવાવાળાની અક્કલ વખાણવા જેવી છે. દવા લેવા જનારાએ દાક્તરને પહેલા દવા પાવી. દાક્તર પોતે દવા ન પીએ તો આપણે શા માટે પીવી? દાક્તર દવા ન લે તે દવા આપણે પીવી નહિ? દાક્તરને દરદ ન હોય તો તે શાને દવા પીએ! આપણને તો દરદ છે. આરંભપરિગ્રહના દરદવાળાને દવા પીવાની છે. ગુરુ મહારાજ આરંભપરિગ્રહવાળા છે? આથી દાક્તર દવા પીએ તો હું દવા લઉં એવું કહેવાવાળો મૂર્ખો કે નહિ? નિરારંભવાળા, નિષ્પરિગ્રહવાળાને તમે કરો તો અમે કરીએ એમ કહેનારો દાક્તરને કહેશે કે પહેલા તમે દવા પીઓ પછી અમે પીઈએ.

## ભગવાનના અંગે હિંસા પોતાના મડદામાં કાંઈ નહિ

ચોમાસાનો વખત છે. કેટલાક સાધુ અહીં છે કેટલાક સામે રહ્યા છે. શ્રાવકો વ્યાખ્યાન સાંભળવા આવ્યા. વ્યાખ્યાન થયું. લાભ થયો કે નહિ? લાભ થયો. લાભ થયો તો સાધુ કેમ નહિ આવ્યા? પોતે ન આવ્યા તો લાભ શું જોઈને બતાવે છે? પોતાને અંગે લાભ નહિ

છતાં તે બીજાને અંગે લાભદાયી હોઈ શકે. ભગવાનના વચનના અંશનો અનુવાદ તે વ્યાખ્યાન. તેમાં આરંભ ન કુબ્યો, તેમાં મહાલાભ. પોતાની દીક્ષાને અંગે આરંભ, વ્યાખ્યાનને અંગે આરંભ. મરી જાય તે મડદાંને અંગે આરંભ, તે બંધ કર્યા નહિ. રસ્તો કાઢવો પણ કબૂલ કરવું નથી. ગૃહસ્થનું કામ ગૃહસ્થ કરે ભગવાનની પૂજા ગૃહસ્થોએ છોડી અને આ વ્યાખ્યાનાદિ ન છોડયું. તમારા કહેવા પ્રમાણે બે હિંસાના કારણોમાં આ ( પૂજા ) છૂટયું ને આ ( વ્યાખ્યાનાદિ ) છૂટયું નહિ. ઓચ્છવ ન કરવા વગેરેનો ઉપદેશ આપ્યો નથી ને મૂર્તિ ન માનવાનો ઉપદેશ કેમ આપ્યો ? પૂજાને અંગે લખો છો તો હવે લખો દીક્ષાને અંગે કે ' મહોત્સવ કરે છે તે નરકે જનારા છે.' પેઢીના માલિક બની જવું છે. ભગવાનને અંગે કાંઈ નહિ. ભગવાનની મૂર્તિ નહિ પણ પોતાના ફોટા ખરા. બત્રીસ સૂત્રો હૈદ્રાબાદવાળાએ છપાવ્યાં તેમાં ફોટો કેમ મેલ્યો ? એકલા પૈસા ખરચનારનો ફોટો, બહુમાન, કિંમત; પણ ભગવાનનું બહુમાન નહિ. કહો કે પેઢી ચોરી લીધી છે. ભગવાનની તસ્વીર, મૂર્તિ ન જોઈએ. ભગવાનની પૂજાને અંગે હિંસા થાય તે ભૂંડી. દીક્ષાના વરઘોડા વખતે શ્રાવક મોઢા બાંધીને નીકળતા હશે ? ' જય જય નંદા ' બોલતી વખતે મુહપત્તિ બાંધો છો ? મડદાને લઈ જતાં વાજામાં વિરાધના નથી માનતા ? ભગવાનને નામે તેમાં હિંસા કહેવી અને પોતાને નામે કરે તેમાં કાંઈ નહિ.

## ભગવાનની વાત આવે તો કૂચડા મારે

પેલા સાધુ વ્યાખ્યાન વાંચતા હોય, સભા ભરાઈ હોય ત્યાં કોઈ સિંદૂરનો ચાંદલો કરી આવ્યો હોય, આડ કરીને આવ્યો હોય ત્યાં વાંધો નહિ. કેસરનો ચાંલ્લો દેખે તો આંખ લાલ થાય. એમનામાં દહેરે કોઈ જાય તો વાંધો નથી, કેવળ આ દહેરાના દુશ્મન છે. દહેરે જવાવાળો મળે તે પાલવે નહિ. તેમને મહાદેવની કેટલી પૂજા બંધ કરાવી ! તેનો ઉપદેશ છે ? તે ન કરવાનો ઉપદેશ દે તો ધોકા ખાય. કેસરના ચાંલ્લાવાળાને દેખે ત્યાં દ્વેષ થાય. આ સ્થિતિ તપાસીએ તો

ચોક્કસ છે કે તેઓ દહેરાના દુશ્મન છે. '**જે મુનીમે શેઠની પેઢી પચાવી લીધી હોય તેમાં જે જગાએ શેઠનું નામ નીકળે તેમાં કૂચડો મારે.** બીજાનું નામ નીકળે તો વાંધો નહિ, ભગવાનની પૂજાની વાત આવે તો ઢૂંઢિયાઓ કૂચડો મારે.

## કેવલી અને તીર્થંકર

સામાન્ય કેવલી ને તીર્થંકર કેવલી એ બેમાં ફરક શો? તમારે (દિગંબરોને) ઉત્તમ કોણ? બેને સરખા ગણવા છે? તીર્થંકર કેવલીને જ ઉત્તમ કહેવા પડે. તીર્થંકર કેવલીની નિશાની સિંહાસન, છત્ર, ચામર, વગેરે (સામાન્ય કેવલી) ભોગ વગરના છે તેને અધિક માનોને? સામાન્ય કેવલીને કાંઈ નથી, તો કહો તેમને (સામાન્ય કેવલીને) ઉત્તમ? વીતરાગ નાહતા હશે? તો અભિષેક શાનો કરો છો? પાણીનું પોતું ફેરવ્યું, પાણી ઓછું ઢોળ્યું તેને સારો કહીશું! છત્ર, ચામર, ભામંડળ એ વીતરાગપણાના ચિહ્ન છે કે સરાગપણાના ચિહ્ન? વીતરાગનું ચિહ્ન હોય તો દરેક કેવલીને માનો, વીતરાગનું ચિહ્ન નહિ તો મૂર્તિ ન માનો પણ તે ગુણે તો માનો છો. છત્ર, ચામરવાળી મૂર્તિને માનો છો? જો સાવણીનું ચિહ્ન ભક્ત કરે છે કે અહીં વીતરાગ કરવા આવ્યા છે? ભક્તો જ કરે છે, ઢંગધડો નહિ. બોલવું છે ભામંડળ, છત્ર, ચામર અને વીતરાગ. શાનો વીતરાગ! રાજાને છત્ર, ચામર અદ્ધર હોય છે તો છત્ર, ચામર ભોગ નહિ ને! સિંહાસન તો અડે છે તો સિંહાસન ભોગ છે? ભક્તોની ભક્તિથી વીતરાગશાસન બગડી જાય એમ કહેનારો કાંઇ સમજ્યો નથી. ભક્તિથી ભગવાનનું ભોગીપણું થઇ જાય એ કયા ન્યાયે? ભગવાનના છત્રમાં એક એક રત્ન ચક્રવર્તીની રિદ્ધિ કરતાં કિંમતી છે.

મૂળ વાત પર આવો. દ્રવ્ય દેવાય છે, ગુણ દેવાતા નથી. ગુણ ઉત્પન્ન થાય તેવી ભાષા ઉપદેશ દ્વારા દઈ શકાય છે. તેવો ઉપદેશ દેનારે જ્ઞાન, દર્શન, ચારિત્ર દીધા એમ કહી શકાય. વરસાદની તાણ હોય. અષાઢ વદ થતાં વરસાદ આવે તો લોકો કહે છે સોનું વરસે છે. કસોટીએ ચઢાવ્યા પછી કિંમતી છે એમ કહો. ઉપદેશ, એ સમ્ય-

ગ્દર્શન વગેરેનું કારણ છે, તે અપેક્ષાએ ગણધર મહારાજા દેખે છે કે મને મળ્યું તે દુર્લભ છે, કોઇને ન મળે તેવું મળ્યું છે, પારકેથી લાવીને પૂરું થાય તેમ નથી ત્યારે પૂરું શી રીતે કરવું? દઇને પૂરું કરવું? આનો સ્વભાવ વિચિત્ર છે કે દેવાથી વધવાનું.

## શીખવે ત્યારે ખરું શીખે

એક છોકરો ભણવા ગયો લખ્યું ફલાણા "પંડિતે ભણાવ્યું," બાર મહિને લખ્યું ફલાણા "પંડિતને ભણાવ્યું છે." બાર વર્ષ થયા. પોતે પાઠશાળા ખોલી ભણાવવા બેઠા છે. લખ્યું જે મારું હતું તે હવે ઊગવાનું. અત્યાર સુધી તો ભણનારનું ઊંગ્યું હતું, હવે તેનું ઊગશે. આમ સામ્યગ્દર્શનાદિ દે ત્યારે વધે, આથી વિનિયોગ નામના ભાવના પાંચમા ભેદની કેટલી જરૂર છે તે સમજાશે. તેને અંગે ચૌદ, પૂર્વોની, બારમા અંગની અને છેવટે અગિયાર અંગોની રચના કરી. **આચારાંગ, સૂયગડાંગ,** રચી ઠાણાંગના પાંચમાં ઠાણામાં પ્રાણાતિપાતવિરમણ પ્રથમ કહ્યું. તેને અંગે જ જૈન શાસનની ઉત્તમતા. અગ્નિ લાગે તો બનાવટી સોનું બળી જાય. કષશુદ્ધિએ દયા કરવી જરૂરી એ કહેનારા ઘણા હોય પણ દયાનો આચાર, ઉપકરણો એ કોઇ જગો પર મળે નહિ. કાંસામાં જેવો શબ્દ હોય તેવો સોનામાં હોય નહિ, અજૈન પોતે સમજે નહિ, છતાં 'અહિંસા પરમો ધર્મ' એ અમારું વાક્ય, તેનું જૈનોએ અનુકરણ કીધું છે એમ બોલે. કાગડો કહે છે–'હંસે મારી ચાલ લીધી'. વેદો, ઉપનિષદોમાંથી તપાસીનેય દયાનું ફળ, જીવના ભેદો વગેરે કાઢો તો ખરા? ત્યાં દયાના ઉપકરણોનું વર્ણન નથી. આવાઓને અમારી પાસેથી લીધું તે કહેતાં શરમ નથી આવતી? જીવોની દયા કેમ થાય, તેની રીતિ, જીવોના ભેદો અને જીવોની દયા કરવાથી ફળ શું, કોને થયું તે તેમનામાં નથી. તે દયાના અધિકારી શાના? તે શું જોઇને કહે કે આ મારી પાસેથી લઇ ગયા? કસોટીએ અહિંસા પરમો ધર્મવાળા આવી જાય, પણ છેદની વાત આવે ત્યારે દયાના ફળો, દયાનો આચાર,

દયા પાળનારના દૃષ્ટાંતો મળે નહિ, છેદશુદ્ધિ તપાસવા ગયા ત્યાં આખો છબરડો વળી ગયો. છેદશુદ્ધિમાં બધું હોય, છતાં પદાર્થની વ્યવસ્થા ન મળે. ગીતામાં હિંસાને 'આસુરી સંપત્' ગણાવી, દયાને 'દૈવી સંપત્' ગણાવી, જોડે કહી દીધું. '**अछेद्योऽयं' अभेद्योऽयं** છેદાય નહિ, ભેદાય નહિ ને જેમાં વિકાર થઈ શકે નહિ તેવો આ (આત્મા) હણાતો નથી, કોઈથી મરતો નથી; હણનારો 'હણું છું' માને કે હણાયલાને 'મેં હણ્યો' માને તે બધા મૂર્ખા છે. દૈવી સંપત્ ને આસુરી સંપત્તિને ક્યાં ઘટાડવી? દયાના તત્ત્વને ક્યાં બેસાડવું? કસોટીથી પરીક્ષામાં પાર ઊતરે. કસોટીથી તાપમાં આવ્યા ત્યાં તત્ત્વ પરીક્ષામાં સાફ. એવી જ રીતે આત્માને અનિત્ય માની લીધો, એકે બીજાને કહ્યું, અરે, ભાન છે કે નહિ! વીજળીનો ઝબકારો બંધ કર્યો. વીજળીનો ઝબકારો હોય તેને ઓલવવાનો ગુન્હો કોઈને માથે હોય નહિ. એ તો ઝબકારો થઈને ઓલવાઈ જવાવાળો છે જેણે ક્ષણમાં ઉત્પન્ન થઈને નાશ થવાવાળો આત્મા માન્યો તેણે 'હિંસા ન કરવી, દયા પાળવી' એમ કહે તેમાં અર્થ શું? કષ છેદમાં શુદ્ધ થયેલા તત્ત્વની વ્યવસ્થા કરવામાં આવે ત્યાં ધૂળમાં મળી જાય તડ-તડી જાય. તત્ત્વ વ્યવસ્થા કોના સામું જોઈને કરે છે? પ્રાણાતિપાતથી વિરમણને ઉદ્દેશીને તત્ત્વવ્યવસ્થા.

# વ્યાખ્યાન ૫૨

## બીજાને મળે એ બુદ્ધિ થાય ત્યારે વધવાનો વખત આવે

સૂત્રકાર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી ગણધર મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે પ્રતિબોધ પામ્યા, ને પ્રવ્રજ્યા પામ્યા. તેની સાથે અપૂર્વ અનંત પુદ્ગલપરાવર્ત ન મળેલું, જે મળવાનો સંભવ સામાન્ય જીવોને છે નહિ, તે ચીજ મળી તે ઈષ્ટ લાગવાને લીધે-જો ઈષ્ટ લાગેલી વસ્તુ હોય તો ત્યાં અસંતોષ ઊભો થાય. **જેમ જેમ વધારે ઈષ્ટતા તેમ તેમ વધારે અસંતોષ.** જેમ વસ્તુ વહાલી

લાગે તેમ તેમ એને વધારવાનો વિચાર મનુષ્યને થાય, વસ્તુ વધારવી હોય તો બહારથી લાવવી પડે. આ ચીજ ગુણરૂપ છે, તે બહારથી લવાતી નથી દ્રવ્યરૂપ પણ કેટલીક લવાય છે. કેટલીક લવાતી નથી. તો પછી આ તો ગુણ, કોઇ દિવસ પણ લવાતો નથી. ગુણ ગુણીથી જુદો પડે નહિ. ગુણી આવે તો જ ગુણ આવે. કોઈ પણ દિવસ દ્રવ્યથી જુદારૂપે ગુણ રહેતો નથી. ગુણ જુદો પડવાવાળી ચીજ નથી, તો પછી સમ્યગ્દર્શનાદિ ગુણસ્વરૂપ છે તે લાવવાં ક્યાંથી? લાવી શકાય નહિ, જુદા પડે નહિ. જો કોઈની પાસે હોય, જુદા પડતા હોય તો લવાય. બાહ્ય વસ્તુનો લોભ બીજાની દરકારને ઉડાડી દેનારો થાય છે, વેપારમાં કમાયા, બીજાએ ખોયું તેને અફસોસ થયો હશે પણ તેની દરકાર રહે નહિ. ચોરને માલ મળ્યો તેનો આનંદ પણ ઘરધણીને રડારોળ થાય તેનો વિચાર નહિ, લાવવાનું થાય ત્યાં પરના ઉત્પાતનો વિચાર રહે નહિ. સ્વાર્થસિદ્ધિનો વિચાર રહે છે. મારો સ્વાર્થ થાય. મારા સ્વાર્થમાં બીજાનું શું! બીજા ભૂખે મરે, પાયમાલ થઇ જાય તેને અંગે બાહ્ય લોભવાળાને ડર હોય નહિ. બીજાના સમ્યગ્દર્શનાદિ વગેરે લઇને વૃદ્ધિ કરાતી નથી. છતાં લેવાય તેમ માનો તો કોઇ સમ્યગ્દર્શનાદિ રહિત થાય તે એને પાલવતું નથી. એને તો બીજામાં છે તેમાં વૃદ્ધિ થાય અને પોતાનું વધે તે પાલવે. આ ભાવ-અનુકંપાવાળો થયો. તેઓ બીજાના આત્મામાં ગુણની વૃદ્ધિ ઇચ્છવાવાળા હોય. કોઇનું જાય નહિ અને મને મળે તેવો વેપાર દુનિયાભરમાં ન મળે. એકનું જાય ને બીજાને મળે તેવું વેપારમાં થાય. બીજાનું વધે અને આપણને મળે તેવું વેપારમાં બની શકે નહિ. સમ્યગ્દર્શનાદિ એ એવા છે કે તેને કેળવીએ તો બીજાને અને આપણને મળે. કોયલો પોતે કાળો મટીને તેજવાળો થાય તો સળગાવનારનું કાર્ય થાય. આત્માના સમ્યગ્દર્શનાદિનો વિચિત્ર સ્વભાવ છે કે, બીજાને મેળવાવવા જાય તો પોતાની વૃદ્ધિ થવાની. તમામ જીવો સમ્યગ્દર્શનાદિ પામો એ બુદ્ધિ ન આવે ત્યાંસુધી પોતાનું સમ્યગ્દર્શનાદિ વધે નહિ. સર્વ જીવો એ ચિંતામણિવાળા થાઓ તેવા ભાવ ન થાય ત્યાંસુધી વધે નહિ. હું

સમ્યગ્દર્શનાદિ પામ્યો હવે કોઈ ન પામે તો મારી અધિકતા, એમ નહિ. **ઈર્ષ્યા એવી છે કે પારકાના સારામાં નારાજી.** ઈર્ષ્યાવાળો ઊંધા કાચ જેવો છે. ફોટામાં ઊંધા કાચ હોય છે તેવો. બીજાને મોજ ત્યારે આપણને અફસોસ. બીજો વધ્યો તો અરર! ક્યાંથી આવીને મળી ગયું? ઈર્ષ્યાવાળાની છાતી ઊંધા કાચના જેવી છે. એ ઊંધો કાચ અહીં પાલવતો નથી. અહીં તો થાય ત્યારથી એ દશા હોવી જોઈએ કે " જગતને મળો, જગતનું વધો, જગતનું વધારનારો થાઉં, જગત મેળવે તેમાં કારણ થાઉં." આ દશા પ્રાપ્તિની સાથે હોય પણ એને મેળવવું ક્યાંથી? કાવડના હાંડામાં એક હાંડો બીજાને પડતા રાખે છે. એક ફૂટ્યો તો બીજો ફૂટ્યો. એના આધારે તે અને તેના આધારે એ. આ જીવના સમ્યગ્દર્શનની પ્રાપ્તિએ મારા સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ છે. પરના સંપત્પૂર્વક સ્વાર્થસિદ્ધ. બીજાને મળે એવી બુદ્ધિ થાય ત્યારે વૃદ્ધિનો વખત આવે. દેતાં વધે, શિક્ષણ શીખવતાં વધે. ન શીખવે તો કટાઈ જાય, સડી જાય, ટકે નહિ. સમ્યગ્દર્શનાદિ એવી ચીજ છે કે, જગતને પ્રાપ્ત કરાવવાની ધારણા કરો તો જ વધે ને ટકે, ધારણા ઊડી જાય તો સડે, વધવાની વાત તો દૂર રહી.

## ભગવાન્ મલ્લિનાથજી અને એમના મિત્રો

ભગવાન્ મલ્લિનાથજી સ્રીવેદે થયા. રાજઋદ્ધિ છોડીને સાધુ થયા. ચારિત્ર પાળે છે, તપસ્યા કરે છે, આટલું કરે છતાં મિથ્યાત્વી. કહો, આવાને અંગે મિથ્યાત્વસહિતપણું એટલે શું? નદીમાં ભડકો! રાજા છતાં ત્યાગી થયેલા, સાધુપણું, તપસ્યા કરવાવાળા, છતાં મિથ્યાત્વ શાને અંગે? અરિહંતને દેવ નહોતો માનતો? કેવલીએ કહેલા ધર્મને તત્ત્વ તરીકે નહોતો માનતો? મહાવ્રતની શુદ્ધિ હતી. દેવગુરુધર્મની માન્યતા હતી તો મિથ્યાત્વ શાને લીધે? અભયદેવસૂરિ જણાવે છે કે સ્રીવેદ બાંધતાં મિથ્યાત્વ ગુણઠાણે ગયા. કારણમાં બીજું કાંઈ નથી, મને મળે, એનેય મળે તેમાં મારું જવાનું નથી. પણ હું મોટો તેનું શું! છ મિત્ર હતા. મલ્લિનાથે તીર્થંકરગોત્ર બાંધ્યું, તેવું પેલા બાંધી

લે તો એમના તીર્થંકરપણામાં ખામી આવવાની હતી ? હું એના કરતાં મોટો કેમ ગણાઉં ? માયાને સ્રીવેદના બંધમાં કારણ ગણીએ છીએ.

## માયાની જડ સ્રીવેદ બંધાવ્યો

માયાની જડ ક્યાં ? એ ન પામે, હું પામું. એને લીધે માયા કરવી પડી. જાણી જોઇને પારણાને દિવસે નથી વાપરવું કહી દીધું. મોટાઇ. ક્યાં ? આ નીચો રહે અને હું ઊંચો થાઉં, આ મિત્રો છે, 'મિત્રો ન પામે, હું પામું' આ દાનત; આ સ્થિતિમાં રાજર્ષિપણું ચાલ્યું ગયું છે ? મહાવ્રત ચાલ્યું ગયું છે ? તપસ્યા નથી કરતા ? અરિહંતને નથી માનતા ? દેવગુરુધર્મને નથી માનતા ? કહો, ધર્મની માન્યતા કે બરોબર, દેવગુરુની માન્યતા બરોબર, તપસ્યા, મહાવ્રત, ત્યાગ બરોબર છે છતાં એક જ, પોતાને મોટા થવું તેમાં વાંધો ન હતો, પણ વાંધો શામાં ? 'એ મોટા ન થઈ જાય તેમાં' એ નાના રહે હું મોટો થાઉં આ બુદ્ધિએ માયા ઉત્પન્ન થઇ. હું મોટો થાઉં અને મારે તેમને મોટા કરવા છે ત્યાં માયાને સ્થાન ન હતું. પણ આ બુદ્ધિએ ગયા ક્યાં ? મિથ્યાત્વમાં. શંકા-કોઈ શાસ્ત્રમાં લખ્યું છે ? સમાધાન-સ્રીવેદે મલ્લિનાથજી થયા તે તો ચોક્કસ, સ્રીવેદ તે વખતે જ બાંધ્યો તે ચોક્કસ છે. તે બાંધ્યો ઉપલી ધારણાની વખતેજ.

## સોનાની થાળીમાં લોઢાની મેખ

સ્રીવેદનો બંધ કયે ગુણઠાણે હોય ? પહેલે કે બીજે ? બીજું તો ઉપશમથી પડતાને અન્તર્મુહૂર્તનું હોય, ઉપશમેથી ખસેલો સાસ્વાદનમાં આવે. ઉપશમ પાંચ વખત મળે. કાં તો અનાદિમાં કે ચાહે તો ચાર વખત શ્રેણિમાં. અહિં ઉપશમશ્રેણિએ ચડેલ નથી તેથી ઉપશમ સમ્યક્ત્વનો સંભવ નથી, તેથી મિથ્યાત્વ ગુણઠાણે આવીને બાંધ્યું એમ અભયદેવસૂરિજીએ લખ્યું. આવા રાજર્ષિ, ત્યાગી, મહાવ્રતપાલક, તપસ્વી, શુદ્ધ દેવગુરુધર્મને માનવાવાળા, તેની આવી સ્થિતિ થાય છે. જગતના જીવોનો ઉદ્ધાર કરું એ ભાવના ન આવી

હોત તો તીર્થંકર નામકર્મ બાંધત નહિ. પોતે આસનથી ઊંચો થાય, 'આ મારાથી નીચા રહે, મારા બરોબરીઆ ન થાય' એ મલ્લિનાથજીનું ધ્યેય છે. મોક્ષ પામો, મુક્ત, થાઓ બધી ભાવના છે તેમાં વાંધો નહિ. એ ભાવના ન હોત તો સમ્યક્ત્વ ટકવું મુશ્કેલ. તીર્થંકર નામકર્મ ન રહે. ચૂલે ચઢાવેલી ઘેંસમાં ગાંઠીઓ પડી ગયો. બીજું બધું ચડે પણ ગાંઠીઆમાં કોરો લોટ. એ સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, મોક્ષ પામે બધું કબૂલ, પણ આ ગાંઠીઓ એમને એમ. ચારે બાજુ સીઝી જાય પણ ઉતારો ત્યારે ગાંઠીઆમાં લોટ એમને એમ. તેમ ગાંઠીઓ પડ્યો. કયો ગાંઠીઓ પડ્યો? 'મારા સરખો ન થાય, હું એનાથી અધિક થાઉં, એ મારા સરખા ન થાય.' એ ગાંઠીઆએ નખોદ વાળ્યું. સોનાની થાળીમાં લોઢાની મેખ ઠોકી. એવી ઠોકી કે ભોગવ્યે જ છૂટકો. વિપાકથી જ ભોગવવી પડે. જે ગાંઠીઓ તીર્થંકર નામકર્મના ઉચ્ચ અધ્યવસાયે ઓગળી ગયો નહિ, પાણી નાંખો, તાપ કરો પણ ગાંઠીઓ એમને એમ. બીજો ન પામે, બીજાથી અધિક થાઉં પણ પામીને, નહિ કે પમાડીને. મોટા દોડે ત્યારે પગનું જોર, દોડીને જીતે. છોકરા જીત મેળવે તે ઝભ્ભું પકડીને દોડે. છોકરાની દોડ માનની જડથી જ માયાળી ઉભી થઈ. આ માનની જડ એ ઓગળે નહિ. કયી? "બીજો ન પામે" આ જે જડ, બેડી તે ન ઓગળે એવી. બીજો ન પામે ન ઓગળે એવી જડ છે. તીર્થંકર નામકર્મને લાયકના અધ્યવસાય પણ જડને ઓગાળી શકે નહિ. આવો વિચાર ક્ષણવાર પણ આવશે તો નખોદ વાળી નાંખશે, મૂળથી સળગેલા ઝાડ ઉપર દરિયો નાંખો તોય કાંઈ વળે નહિ. બીજો પામે ભલે પણ મારા જેટલું ન પામે આ વિચાર કેટલો બધો અધમ થઈ ગયો! આવા રાજર્ષિ, ત્યાગીને મિથ્યાત્વમાં પટક્યા. સ્ત્રીગોત્ર બંધાયું. ત્યાંથી સારામાં આવ્યા, તીર્થંકર નામકર્મ બંધાયું પણ ગાંઠો તો ખસ્યો નહિ. તીર્થંકર નામકર્મના પરિણામ એ ગાંઠાને ખસેડી શકતા નથી. "બીજા પામે પણ મારા જેટલું ન પામે" આ

બુદ્ધિ એ ગાંઠો. રાયણની ગાંઠ કષાય છે. આ તો વિચિત્ર ગાંઠ કે તીર્થંકર નામકર્મના ક્ષાયકના પરિણામે પણ કષાય નહિ.

## ખંધકજી અને મલ્લિનાથજી

જે આત્માને સમ્યગ્દર્શનાદિ મળ્યા હોય તેમની ઇચ્છા "આખું જગત્ મારા કરતાં અધિક કેમ પામે" એ બુદ્ધિ રહેવી જોઇએ. એ બુદ્ધિ ન રહી તો ગયો. ગણધરોએ પ્રતિબોધ પામી પ્રવજ્યા લીધી તેની સાથેજ આ વિચાર શરૂ થઈ ગયો કે "જગતના તમામ જીવો કલ્યાણ કેમ પામે"? ગૌતમસ્વામીનો ઉદ્યમ "બીજા આત્માઓ કેવળજ્ઞાન કેમ પામે" તે માટે ચાલુ રહ્યો. પોતે પામ્યા નથી પણ તાપસને પ્રતિબોધ કર્યો. ગૌતમસ્વામીને ખાત્રી છે કે "હું મેળવ્યા વિના મરીને જવાનો નથી, હજુ કેમ મળતું નથી" આવી જિજ્ઞાસા રહે છે. પારણાને દિવસે તાપસોને જમવા તેડયા છે. રસોઇ થાય છે, ખાધું જાણે છે પણ અધીરાઈ થઇ ગઇ છે કેમ નથી આવ્યું? ગૌતમ-સ્વામીને કેવળજ્ઞાન તે ભવમાં થવાનું છે. મહાવીરે છાપ મારી છે 'તને કેવળજ્ઞાન ચોક્કસ થવાનું છે. આપણે બંને અંતે ફરક વિનાના થવાના છીએ, તને કેવળજ્ઞાન હમણાં ન ઉપજે' તેવી છાપ મરાઇ. છતાં બીજાને મળે તો કલ્યાણ એમ પોતે માનતા. ખંધકમુનિએ ત્રીજી વખત પૂછ્યું ત્યારે કહ્યું 'ત્યાં જવામાં ઉપદ્રવ છે.' આ જિંદ-ગીમાં ઉપદ્રવોનું આવવાનું તો ચાલ્યા કરે. સાધ્યને અંગે પૂછી લઉં, મુનિસુવ્રતસ્વામીજી ઉપદ્રવ કહે છે તેની અસર થતી નથી. પ્રશ્ન કરે છેઃ– આરાધક કે વિરાધક તે કહો! ઉપદ્રવ શી ચીજ તે હિસાબમાં નથી. નહિ તો કેવલી ઉપદ્રવ કહે તે વખતે ખંધકમુનિ સ્તબ્ધ થઈ જાય, પણ ઉપદ્રવની અસર નહિ. ખરો પોઇન્ટ (point) આરાધક થઇશ કે વિરાધક થઇશ ત્યાં હતો, ત્યારે મુનિસુવ્રતસ્વામી કહે છે "તારા સિવાયના બધા આરાધક, તું વિરાધક." કંઇ બાકી રહ્યું? ખંધકજી વિચારે છે કે હું વિરાધક રહીશ, પણ ચારસો નવાણું આરાધક થવાના છે, માટે કરું. તેઓ તો કલ્યાણ કરી જશે.

મલ્લિનાથજીની ભાવના કઈ બાજુ, ત્યારે આ ભાવના કઈ બાજુ! મલ્લિનાથજીની સ્થિતિનું ઉલટું દૃષ્ટાંત આ દેવાય છે. "બીજાને મારાથી ઓછું મળો" એ ભાવના મલ્લિનાથજીની. "મારું જાય તો પણ બીજાને મળો" એ ભાવના ખંધકજીની, માટે ઉદ્યમ કર્યો. મારું જશે તે ખોટું છે. મારું વિરાધકપણું ચારસો નવાણુંનું આરાધકપણું, તો કરવું કેમ? ખંધકજીએ પોતાનું વિરાધકપણું ખરાબ ન ગણ્યું હોત તો પરના લાભ (આરાધકભાવ) સાથે તુલના કરવાનો વખત આવત. પોતાનું વિરાધકપણું પોતાને ખટક્યું છે, છતાં ચારસો નવાણું આરાધક થાય તે મોટો લાભ છે. બ્હેનના ગામ ગયા ત્યાં ઉપદ્રવ આવ્યો ત્યારે ચારસો નવાણુંને નિર્યામણા કરાવી. તને મળ્યું નથી તો બીજાને ઘેર કકાકૂટ શાનો કરે છે? ન મળ્યું હોય તો પણ બીજાને મળે એ ભાવનામાં રહેવું જોઈએ. આખા જગતને મળે તે ભાવનામાં ચાલવું જોઈએ એટલા માટેજ શુભ ભાવનો છેડો વિનિયોગમાં લાવીને મૂકયો. બીજાને મળે એ ભાવ ન આવે ત્યાં સુધી શુભ પરિણામમાં નથી. ભલે પ્રવૃત્તિ વિઘ્નજય વગેરેની કરી લીધી હોય, છતાં બીજાને અધિક ફળ પ્રાપ્ત કરાવું એ ભાવના ન આવે ત્યાં સુધી ભાવની ત્રુટિ જવાની નહિ. ભાવની ત્રુટિ ત્યારે જાય કે જ્યારે જગતના જીવો ઊંચી પદવી પામે એમ થાય અને ત્યારે જ ભાવની સંપૂર્ણતા. ત્રુટિ વગરનો ભાવ કયો? ભગવાન્ સુધર્માસ્વામીનો પ્રતિબોધ પામ્યાની સાથે આવો ભાવ થયેલો–'બાળ વધે, સ્ત્રી પણ વધે, મંદ બુદ્ધિવાળા વધે, મૂર્ખાઓ પણ વધે" એ ભાવના જાગી હતી. તેથી પોતાના માટે પૂર્વોની રચના કરી, છતાં "આ બાલગોપાલનું હિત કરું" તે ભાવના જાગી હતી. વહેતી ગંગામાં ચાહે તો ચંડાળ કે કૂતરું પાણી પીએ પણ તે ગંગા ઉલટી જાય નહિ. અમે તે જીવ, ચાહે તે હોય મારામાંથી—ગંગામાંથી પામો તે બુદ્ધિને અંગે ભગવાન્ સુધર્માસ્વામીએ પ્રતિબોધ પછી પ્રવ્રજ્યા પામતાની સાથે પૂર્વોની ને અંગોની રચના કરી.

## નીચ ગોત્રને લીધે અપહાર

આચાર એ વિચારની જડ છે. વિચારની પૂર્વકાળની જડ તપાસીએ તો આચાર. જે મનુષ્ય જે કુળમાં હોય તે કુળના પ્રમાણમાં સંકલ્પવાળો હોય. મહાવીર દેવાનંદાની કૂખે આવે છે, દેવાનંદા ચૌદ સ્વપ્નાં ઋષભદત્તને કહે છે. ઋષભદત્ત શાસ્ત્રોમાં પ્રવીણ છે છતાં તે વખતે ફળાદેશમાં શું આવે છે? પોતાના અભ્યાસને લઈને સ્વપ્નનું ફળ તે બાજુએ લઈ ગયા. અતીત કાળના વિચાર આચારને ઉત્પન્ન કરે છે. ઋષભદત્તને ચૌદ સ્વપ્નાં દેવાનંદાએ કહી સંભળાવ્યાં. મોઢામાંથી નીકળ્યું શું? નીચ ગોત્રને લીધે અપહાર કરવો પડયો. સ્વપ્નાંનો ફલાદેશ ખોટો થયો છે. ફળાદેશથી ફળ આખું અટકી જાય છે. ઋષભદત્તે જે ફલાદેશ કહ્યો તે કોણે કહેવડાવ્યો? આચારે. વેદના પઠનપાઠનનો ધંધો હતો. ઋષભદત્ત પછી સિદ્ધાર્થ બોલ્યા, પણ ચાહે તે વગેરે બોલ્યા નથી. ઋષભદત્તમાં સવારે સ્વપ્નપાઠકોને બોલાવવાનું નથી. સિદ્ધાર્થ સવારે બોલાવવાનું કહે છે. ભગવાન્ ઋષભદેવજીને અંગે ફલાદેશ દેનાર કોઈ નહિ, તેથી સ્વપ્નોના ફળો ઈંદ્રે કહ્યા. ફલાદેશ તો લાવવો જ જોઈએ. ભીખારી અને મૂળદેવના સ્વપ્નામાં ફલાદેશમાં ફેરફાર, તો ફળમાં ફેરફાર થઈ જાય.

## વિચાર, મન એ તો વાંઝીયો શેઠ

જે મનુષ્યનો જે આચાર હોય તે જ તેના વિચારને ઘડે છે, તે જ તેના વિચારને ઉત્પન્ન કરે છે. વર્તમાનના થયેલા વિચારો આચારને ઘડે છે. ભૂતકાળના આચાર હોય તે જ જાતના વિચાર ઘડાય. વિચારને ઉત્પન્ન કરનારી ચીજ આચાર છે. વિચાર ચીજ શી? મનોવર્ગણાના પુદ્ગલો લઈને મન જોડે પરિણમાવવા. કાયજોગમાં કુશળતા હોય તો લેવાના પુદ્ગલો કુશલ લેવાય, દૂધ ચાહે તેવું ચોકખું પણ પાકવાનું કઢાઈમાં. દૂધપાક અંગે કઢાઈનો આધાર, તેમ વિચારને અંગે કાયા આધાર. આચારની પહેલી જરૂર છે. વિચાર–મન

વાંઝીઓ શેઠ છે. પારકા છોકરા પોતે લઇને નામ રાખે છે ઘરના છોકરા એક નહિ. સ્પર્શ વગેરેના વિચારો આવે આથી તેનો વિચાર. પોતાનો વિચાર કાંઇ નહિ. જો વિચારો તપાસીએ તો સ્પર્શન વગેરેના વિષયમાં ન આવેલી ચીજ હોય નહિ, વાંઝિયો શેઠ છે. વાંઝિયા શેઠને નામ ચલાવવું હોય તો પારકા ઘરની સુવાવડ કામ લાગે, તેમ મન વાંઝીઆ શેઠ જેવું છે. વિચારને અંગે ખરો આધાર હોય તો આચારનો. પાંચે ઇંદ્રિયોની ક્રિયા તેના ઉપર મનનો આધાર અપુત્રીઓ મરણ પામે તેની ગાદી બીજો લે. મન અપુત્રીઓ, તેને બીજાને લાવીને બેસાડવા પડે. મન એ સ્વતંત્ર વિષય ધરાવતું નથી. આથી પહેલાં આચારને સ્થાન છે. મનના વિષયની અપેક્ષાએ, વિચારનું ઘડાવું તે અપેક્ષાએ મનના પુદ્ગલોનું ગ્રહણ કરવું તેને અંગે આચારનું સ્થાન. તેથી સુધર્માસ્વામીજીએ પ્રથમ **આચારાંગની** સ્થાપના કરી. આચારની સાથે વિચારનું પોષણ મળે તો આચાર વધે ટકે અને પરાકાષ્ઠાએ પહોંચે. વિચાર માટે **સૂયગડાંગ.** આચાર વિચારની વ્યવસ્થા કર્યા છતાં લશ્કરમાં ઢંગ ધડો ન હોય તો શું થાય? આથી વ્યવસ્થા કરવાને માટે **ઠાણાંગજીની** રચના કરી. તેમાં પાંચમા ઠાણામાં પાંચ મહાવ્રતો કહ્યાં.

## સાચા હીરા પછી ઇમિટેશન ઉભા થયા

કષછેદની શુદ્ધિ ટકે ક્યારે? તત્ત્વવ્યવસ્થા હોય ત્યારે. જૈનધર્મ અનાદિ છે. સોનું હાજર હોય તો કયો મૂર્ખો પિત્તળને લે? અનાદિના કલંકવાળા હતા તેમાંથી કલંક ધોઇને ચોકખો કર્યો. ચોકસીના ઘર જાણે છે, કસોટી તૈયાર છે. તે જગોપર ખોટો દાગીનો કોણ રજુ કરે! મિથ્યાત્વીનો મત અનાદિનો હતો. તેમાંથી ખોટું કાઢીને નવો મત ઊભો કર્યો. વાદી કહે છે, સાચા હીરા પછી ઇમિટેશન (imitation) ઊભા થયા છે. સાચાની કિંમત દીધી ન પોષાય. સાચાની હરોળમાં આવવું હોય તો ઇમિટેશન ઊભા કરવા પડે. જૈન ધર્મ અનાદિ, નિષ્કલંક છતાં તેની કિંમત જીવોને પોષાય નહિ, તેથી સાચા હીરા છતાં નકલી ઊભા કરવા પડયા.

આમાં શી કિંમત બેસવાની હતી કે નવો ધર્મ ઊભો કર્યો ? જિનેશ્વરનાં કહેલાં જીવ વગેરે તત્ત્વો માની લેત, તેમાં નુકશાન શું હતું ? ઊંડા ઊતરવું જોઈએ. અન્ય મતના હિસાબે સ્વપ્ને પણ જીવાદિક તત્ત્વ માન્યા પાલવી શકે તેમ નથી, તેથી ઇમિટેશન ઊભા કરવા પડે. કષ, છેદની શુદ્ધિ બગડી જાય તો પણ એ રસ્તે ચાલવું પડે. નવ તત્ત્વો કષ, છેદની શુદ્ધિ જાળવી રાખે છે. તો પછી કેમ માન્યું પાલવતું નથી ? પ્રાણાતિપાતવિરમણ કેમ રાખવું પડયું ? તે અગ્રે.

---

# વ્યાખ્યાન : ૫૩

## જ્ઞાન, દર્શન તો ઉભય ભવના, ચારિત્ર તો આ ભવ પૂરતું જ

સૂત્રકાર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે પ્રતિબોધ અને પ્રવ્રજ્યા પામ્યાની સાથે ભાવતો પાંચમો ભેદ વિનિયોગ જણાવ્યો. તેને અંગે મનુષ્યને જે ચીજ મળી તેથી તેમને લાગ્યું કે આ ચીજ અનંત પુદ્દગલપરાવર્તની રખડપટ્ટી પછી મળેલી છે. એક ચીજને માટે ચાર પાંચ ગાઉ રખડ્યા હોય તે મોંઘી લાગે છે, તે કિંમતી લાગે છે, તો જે વસ્તુ લાખો, અબજો નહિ પરંતુ અનંતાઅનંત ઉત્સર્પિણી, અવસર્પિણી, અનંતા પુદ્દગલપરાવર્તો આ જીવ રખડયો, જે ચીજ મળી નહોતી તે ચીજ આજે મળી. મળતું હોય મુશ્કેલીથી, પણ કિંમત ન હોય તો તે વસ્તુ કિંમતી કહી શકાય નહિ. નથી મળી એમ નથી પણ એનાથી કાર્યસિદ્ધિ અપૂર્વ થાય છે. જગતમાં દરેક જીવ જેમ બાહ્ય પદાર્થો મેળવે છે અને મેલે છે. શરીર, કુટુંબ, ધન, માલમિલ્કત બધી વસ્તુ દરેક જીવ દરેક જન્મમાં મેળવે છે. મેળવ્યા છતાં આગળ નીકળ્યો કે તેમાંનું કાંઈ નથી. તે ચીજ મેળવી તે મેલવાને માટે. આત્માની ચીજ પણ મેળવી તે મેલવાને માટે. સમકિત, જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે મેળ-

વીએ પણ મરતી વખત મેલી દેવું પડે. ચારિત્ર તો આ ભવનું જ હોય, ભવાંતરનું હોય નહિ. જ્યારે જ્ઞાન, દર્શન તો ઉભય ભવના હોય. આ ભવમાં હોય તે આવતા ભવે રહે, પણ તે તેવા શુદ્ધ ક્ષયોપશમના કે ક્ષાયિક ભાવના હોય તો તેનું જ સમ્યગ્દર્શન ભવાંતરે સાથે જવાવાળું હોય. તેવી શુદ્ધિ વગરનાને માટે આ ભવનું જ્ઞાન દર્શન તે આ ભવપૂરતું. જ્યાં મતિ, શ્રુતનો અધિકાર લેવામાં આવ્યો ત્યાં જણાવવામાં આવ્યું કે મતિજ્ઞાન નાશ પામે ને અજ્ઞાન થઈ જાય તે ભવાંતરને લીધે સામાન્ય જ્ઞાન, દર્શન ભવાંતરે નાશ થઇ જાય છે. વિશિષ્ટ હોય તો જ્ઞાન, દર્શન ભવાંતરે આવી શકે "ફલાણો આવો હતો. દેવતા થયેલો જોયો. કેમ આવ્યો નહિ?" ભવાંતર થતાં શુદ્ધ હોય તે જ ટકે. ઘણે ભાગે ભવાંતર સુધી ન ટકે, મેળવાતું થાય એવું સમકિત, જ્ઞાન હોય એમને સમ્યક્ત્વ કે જ્ઞાનના સાંસા હોય? તેવાઓને બીજાના સમકિત જ્ઞાનને અંગે વિચાર કરવાનો શાથી હોય? આપણને જ્ઞાન દર્શન મળેલાં છે. ચારિત્ર તો આ ભવનું છે, જાવજીવના કરારથી લીધેલું છે.

**દેવું કર્યું હોય તેને અંગે અફસોસ, નહિ કે જપ્તીને અંગે**

જ્ઞાન, દર્શનને અંગે દાવો કરી શકીએ છતાં શુદ્ધિ જોઇએ. તે લાવવી ક્યાંથી? સંસારમાં રહેલા જીવો ધર્મને અધિક તારનાર, મોક્ષ દેનાર ગણે છે, પણ જ્ઞાનથી, વર્તનથી કે સ્થિતિથી, ધર્મનું સર્વોત્કૃષ્ટપણું આત્મામાં વસેલું નથી. ચાલતાં કોઇના હાથમાં ચપ્પુ હોય, અણી લાગી ગઈ તે વખતે ધમધમાટમાં આવી જઇએ, પણ ચારિત્રગુણને નુકશાન છે તે જાણતા નથી. "આ તો અજાણ્યા વાગી ગઇ પણ કોરાણે બેઠો હોઉં ત્યાંથી ઉઠીને એ મારવા આવે તો મને બોલવાનો હક નથી. જેનું દેવું કર્યું હશે તેની જપ્તી, ઉઘરાણી કરવા આવે તેમાં નવાઇ શી? દેવું કર્યાનો દાવો છે, તો દેવાને અંગે અફસોસ કર, જપ્તીના અંગે શાનો વિચાર કરે છે?" એમ વિચારતો નથી. અશાતાવેદનીય બાંધેલા છે તેનું જ આ પરિણામ છે. બીજો કે

ત્રીજે દ્વારે ભોગવ્યા વિના છૂટકો નથી. કર્મશત્રુનો નિર્ઘાત કરવાને માટે ચારિત્ર છે. પ્રતિજ્ઞા કરી છે. કર્મશત્રુના નિર્ઘાતનો વાવટો ક્યાં છે? આ બધું થાય છે ક્યાં? ચટ દઇને આંખ લાલ થઈ જાય છે. ધર્મ, ચારિત્ર એ માન્યા હતા. ધર્મને કેવા રૂપે સંઘર્યો હતો? નોકર, અહીંનું ન બગાડે તેવો.

## માંકડાની દીવીઓ આંબા ન દેખાય ત્યાં સુધી ઝળઝળતી

ધર્મને શરીરની અપેક્ષાએ વિચારીએ તો—પાનુ મરડયું હોય તેને હિતશિખામણ દઈ શકો કે. 'બાઇ જ્ઞાનની આશાતના થાય છે,' ત્યાંસુધી એના હિતમાં છો. 'મૂર્ખા ભાન નથી રહેતું, મારું પુસ્તક બગાડ્યું?' પોતાના પુસ્તકનું પાનું બગડે તો આ સ્થિતિ થાય. બીજાનું આખું પુસ્તક બગડે તો કાંઈ નહિ. અહીં તારી પાસે જ્ઞાન છે, ત્યાં જ્ઞાન નથી. પહેલાં બધા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ કલેક્ટરના મેજ ઉપરના કાગળીઆં. જ્યારે વસુલાતના કામમાંથી ફુરસદ મળે તો એ કામ હાથમાં લે. સમ્યગ્દર્શન, ચારિત્ર જે કાંઈ કરો તે કલેક્ટરના મેજ ઉપરના કાગળીઆં છે. નિરાંતે હોય ત્યારે એ કાગળીઆં લે. વસૂલાતને ધક્કો પહોંચાડે તેવું કામ કલેક્ટર કરે નહિ. દેવ, ગુરુ, ધર્મની આરાધના કરવાની, પણ એમાં ધક્કો લાવવો જોઈએ નહિ. શરીર, કુટુંબ વગેરેને ધક્કો ન લાગે તે દૃષ્ટિએ ધર્મ કરવાવાળો ઘેરથી સ્નાન કરી પૂજા કરવા નીકળ્યો હોય, વચમાં ઘરાક આવ્યું. મેલો, પાંચ મિનિટ પછી! આથી આપણે જે ધર્મ રાખીએ તે કેવળ માંકડાની દીવી જેવો છે. રાજાને મદારીએ માંકડા આપ્યાં. રાજાએ સિપાઇ તરીકે તેમને બે દીવીઓ આપી. પાદશાહ કહે આ બે ઊભા છે, તેને કોઇની પંચાત નથી. જે વખતે લાવીને ઊભા કરી દઇએ તે વખતે ઊભા છે, પગાર વધારવાની પંચાત નહિ. દીવાને કહ્યું 'સાહેબ, જાનવર છે! મનુષ્યને હાજત હોય છે, જાનવરને હાજત ન હોય તેથી તેને પૂરી કરવાને ફરિયાદ કરવી ન પડે.' કેટલીક મુદત ગઈ. દૂર દેશથી કોઇ કેરીઓ લાવ્યો.

ભેટ તરીકે રાજા આગળ મેલી. પેલા માંકડાંઓ સળગતી દીવી રાજ-ગાદી ઉપર ફેંકી કેરી લેવા દોડયા. પાદશાહ કહે " અરે દીવાન, જુલમ કર્યો ! થયેલા ગુનાનો નાશ કરવા કોઈ સજા કરતું નથી. ખૂન થયું. તે કરનારને સજા કરી તેથી ખૂન મટી ગયું ? નવા ગુનાઓ ન બને તે સજાનો મુદ્દો છે. મનુષ્યમાં સજા અસર કેમ કરે છે ? બીજાઓ ગુના કરનારાઓને આમ થાય છે, તો જો આમ કરીશું તો આમ થશે. જાનવરને સજા નથી. માંકડાં દીવી લઈને ઊભાં રહેતાં હતાં, આપણે ધર્મ, સામાયિક કરીએ તે માંકડાની દીવી ધરવા જેવું છે. આંબાનો પ્રસંગ આવ્યો તે વખતે દીવી ક્યાં ફેંકવી અને શું નુકસાન થશે તેનો માંકડાને વિચાર નથી, એવી રીતે આપણે દાન, શીલ, તપ. ભાવ કે સામાયિકમાં પ્રવર્તીએ પણ એ પ્રવૃત્તિ માંકડાની દીવી જેવી છે. પ્રસંગ આવે બધું ખલાસ. શરીરનો પ્રસંગ આવ્યો એટલે સાહેબ ! મંદવાડે છૂટી છે. શરીરને પહેલું સાચવવું છે. કુટુંબમાં કાંઇ એવું હોય તે વખતે ધર્મ નહિ. માંકડાની દીવીઓ આંબા ન દેખાય ત્યાં સુધી ઝગઝગતી. કશાનો ભોગ દેવાનો વખત આવે તે વખત ધર્મને દેશવટો. આવી સ્થિતિએ ધર્મમાં ઊછરેલા કઈ સ્થિતિમાં હોય?

## આંખી બોલ્યા આંખી ફોક

માંકડાની દીવીથી બહારના કોઇ દેખ્યા ! નાગકેતુને ફૂલમાં અજાણતાં સાપ ડસ્યો, પણ આપણને એક વીંછી ડસે તો હાથમાં ભગવાન હોય તે હાથમાં રહે ખરા ? આપણે બકુશકુશીલ, એટલે વસ્ત્ર, શરીરની સંભાળ રાખ્યા કરીએ, ધર્મ કરતાં એના તરફ વધારે ઢળીએ છીએ, દરિયો ઓળંગાય છે પણ ખાડીમાં ઘણાં વહાણ ડૂબી જાય છે. આંખનો મેલ ખસેડવો એ દૂષણ છે, છતાં ખસેડયો કેમ ? પીયો ખસેડયો તે શરીરના બચાવને માટે કર્યું. સામાન્ય પ્રેમમાં ફસાઈ ગયેલો બાપ જાણે છે દીકરાએ ખાસડાં માર્યાં છે, છતાં મરતી વખતે કહે છે—મારા છોકરાને સાચવજો ! પછી સંક્રાંતાદિ દેવતાઇ પ્રેમ સંક્રમી જાય. કેરીઓમાં વાંદરાં કૂદી પડે, ને દીવી ફેંકી દે, અને

ગોળ મળે તો ! ખત્તા ખાઈને, ખાસડાં ખાવાવાળો. આ ભવમાં અબી બોલ્યા અબી ફોક. પ્રસંગે એને વચનઘાતકથી બચાવનાર ગણી લીધાં. જિંદગી જાય તો ભલે જાય પણ બોલ્યો છું તે બોલ્યો છું. બોલવાના બંધ નથી. તને પુસ્તક આપીશ, પણ નહિ, આમ ગાડાના પૈંડાની પેઠે વચન અહીં ફર્યા કરે. અવિરતિમાં વચનનું બંધારણ શું હોય ? કોલ કર્યો છે તેથી દેવતા થયો હોત તો આવત.

## ઊની ઘેંસમાં રસ નહિ તો કહોવાયલીમાં ક્યાંથી ?

હવે મૂળ વાત પર આવો. ક્ષાયોપશમિક જ્ઞાન, દર્શન, ચારિત્ર મળ્યાં છે, પ્રયત્ન પણ થાય છે. તેમાં 'મહાજન મારા માથા પર, ખીલી મારી ખસે નહિ', બધી કબૂલાત, શરીર, ઉપકરણને માન્યું એમાં આંચ આવવી ન જોઈએ. અહીં આ સ્થિતિ છે. જો ઊની ઘેંસમાં રસ ન હોય તો કહોવાયલી ઘેંસમાં રસ ક્યાંથી ?

## લપ્પનછપ્પન નહિ

અહીં રહ્યા ત્યાં લજ્જા છે. જંગલમાં ચોકી કરવા કોણ જવાના ? સમુદાય છતાં લપ્પનછપ્પન થાય છે, અપ્રતિબંધપણે વિહાર રાખો તેમાં ફાવ્યા. વ્યાખ્યાન સિવાય વધારે પરિચય ન રાખો. રસોઈ થઈ ગઈ કે ચૂલા આગળ બેસી રહે નહિ. ગૃહસ્થ સાથે લપ્પનછપ્પન નહિ.

## ચીંથરાં સાચવનાર જીંદગી કાઢે તેવા બકુશકુશીલ

હવે મૂળ વાત પર આવો. 'મહાજન મારા માથા ઉપર' એ દશાએ જ્ઞાન, દર્શન, ચારિત્ર રાખેલા. ભણતો હોય ત્યાં મહોબતવાળા આવ્યા. પુસ્તક મૂકી દીધાં. કેમ ભાઈ ? બોલાવ્યા, એટલે વાત કર્યા વિના ચાલે ? પ્રીતિ પેદા કરવા નીકળ્યા છે ! જ્ઞાનને અંગે આ દશા. દર્શનને અંગે–દર્શન કરવા જાય પણ કોઈ મહોબતીઓ મળ્યો તો દર્શન કરવાનાં રહી જાય. આ જન્મમાં આ દશા દેખીએ છીએ તો એના ઉપર ભરોસો કેવી રીતે મૂકવો ! કૉલ, કૉલ દેનારની કિંમત જાણવી નથી, પછી નકામો કૉલ વસાવો છો, ચીંથરાં સાચવનાર જિંદગી કાઢે તેવા બકુશકુશીલ.

## સંસ્કાર નાશ પામતા નથી

રીતની આરાધના અમર છે. ધર્મનું બીજ નાશ પામતું નથી. ધાર્યો જવાબ ન આપે. હમણાં કર્યું, ભવાંતરે નાશ પામે. સતત ટકવાની અપેક્ષાએ ભવાંતર થતાં નાશ પામી જાય. હવે એનું ફળ જે મોક્ષ તે માટે સંસ્કાર રાખવા, તે માટે ધર્મ નાશ પામતો નથી. એકેંદ્રિયમાં જાય તો પણ ધર્મના સંસ્કાર નાશ પામતા નથી. એક જ વસ્તુ શાસ્ત્રકારોએ નિયમ કર્યો કે એક વખત કાચી બે ઘડી સમ્યક્ત્વ પામીને નિગોદમાં ગયો હોય, તો પણ અર્ધપુદ્‌ગલ પરાવર્તમાં મોક્ષ છે. પામ્યો હતો તેનો આ સંસ્કાર, નિગોદનો આ પ્રભાવ નથી. જેને ધર્મ પ્રાપ્ત થયો છે તે કદાચ નિગોદમાં ઊતરી જાય તો પણ અંતે તેને મોક્ષ જ.

## વ્યવહારરાશિની અનાદિ અનંત સ્થિતિ નથી

જેટલા મોક્ષે જાય તેટલા અવ્યવહારમાંથી આવે. શંકા-સિદ્ધ, કેટલા? જો એક નિગોદનો અનંતમો ભાગ સિદ્ધોનો છે તો અવ્યવહારમાંથી વ્યવહારમાં આવેલા કેટલા ગણવા? વ્યવહારરાશિમાં જીવ કેટલા હોવા જોઈએ? સમાધાન-એક નિગોદના અનંતમા ભાગ જેટલા. વ્યવહાર રાશિની અનાદિ અનંત સ્થિતિ નથી. જે લોકો સૂક્ષ્મ નિગોદને અવ્યવહારરાશિ માને છે, તે સૂક્ષ્મ નિગોદમાંથી નીકળ્યો તેને વ્યવહારરાશિમાં આવ્યો માને છે.

## ધર્મ વાંઝીઓ નથી—

હવે મૂળ વાત પર આવો. એકેંદ્રિયપણામાં જાય કે નિગોદમાં ઊતરી જાય, તો પણ ધર્મ વાંઝિયો ન થાય, તે તો ફળ દેશે. તે જે ફળ દે છે તે સંસ્કારની અપેક્ષાએ. ફળ દેવાની અપેક્ષાએ ધર્મ નાશ પામતો નથી, પણ પ્રવૃત્તિની અપેક્ષાએ મરણ પામતી વખતે મેળવેલી ચીજ તે મેલવા માટે થાય છે. જેને તેવું શુદ્ધ નથી થતું તેને ધર્મના સંસ્કારો અપૂર્વ લાગે. જે ગણધર મહારાજને મહાવીર પાસેથી જ્ઞાન મળ્યું છે, અપૂર્વ છે. જેની ગણધર મહારાજને ખાત્રી

છે, મળ્યું તે મળ્યું. રજપૂતના હાથમાં તસુ જમીન આવી તે જવાની નહિ. મહાવીર પાસેથી મળ્યું તે મેલવાનું નહિ, જેને મેલવાનું ન હોય તેને આનંદનો પાર ન રહે, અનંતવિયોજક દર્શનમોહક્ષપક સાધુ કરતાં અનંતગુણ નિર્જરાવાળો. આટલા બધા નિર્મળ? સામાન્ય સમ્યક્ત્વવાળો તે આટલી બધી નિર્મળતાવાળો ? ગણધરે તો કલ્પવૃક્ષ ઉગાડયું, અપૂર્વ લાભ મેળવ્યો લાગે તેમાં આશ્ચર્ય શું ? સારું લાગે કે તેને વધારવાનું મન થાય.

### અગ્નિ જેને સંજોગ હોય તેને તો ગરમ કરે

ઉપદેશદ્વારાએ જ્ઞાન લીધું તે ઉપચારથી. વિનિયોગમાં મળેલ અપૂર્વ ચીજ બીજાને દઇને વધારાય, તેથી વિનિયોગ ભેદ લેવો પડયો. જેને પોતાનમાં તાકાત ન હોય તે બીજાને દે શું ? જિનેશ્વર મહારાજ ભવાંતરે 'સવિજીવ કરું શાસનરસી' એ ભાવનાએ તીર્થંકર ગોત્ર બાંધે છે. જેમ તીર્થંકર નામકર્મ અદ્વિતીય, તેમ ગણધર નામકર્મ અદ્વિતીય. ગણધરને કયી ભાવના ? અગ્નિ તો જેનો સંજોગ હોય તેને ગરમ કરે. આખા જગતના જીવોનો ઉદ્ધાર ન થઇ શકે, પણ મારા કુટુંબનો ઉદ્ધાર કરું, તેને શાસનરસી બનાવું, એ ભાવના હોય તે ગણધર નામકર્મ બાંધે છે.

### ગણધર અને તીર્થંકર નામકર્મોના પ્રભાવ

જિનનામકર્મનાં ઉદયે જગતના ઉદ્ધારની પ્રવૃત્તિ. તમામ જીવોનો સંશય એક જ સાથે છેદવો એ તીર્થંકર નામકર્મનો પ્રભાવ. તેમ ગણધર નામકર્મના ઉદયને લીધે સકળ જીવો શાસનમાં પ્રવર્તી શકે તેને માટે અંગની રચના, ગૂંથવાનું થાય ગણધર નામકર્મના ઉદયે, તે ચૌદ પૂર્વ, બાર અંગની રચના. **આચારાંગ, સૂયગડાંગ ઠાણાંગ** વગેરે.

### સૂર્યનું તેજ ન ખમાય તે આંખે હાથ વરે

ઠાણાંગમાં પાંચ મહાવ્રતો, તેમાં પહેલું મહાવ્રત પ્રાણાતિપાત વિરમણ. જેની ઉપર ધર્મનો, દેવગુરુધર્મનો આધાર. જેમાં હિંસાનો સર્વથા

નિષેધ હોય તે શુદ્ધ. હિંસા રોકવાનું, દયા પાળવાનું સાધન ન હોય તો દયા પાળવી શી રીતે? હિંસા છોડવી કેમ? આચાર, ઉપકરણ બતાવ્યાં છતાં તત્ત્વવ્યવસ્થામાં ગબડી જાય તો કષ છેદશુદ્ધિ નકામી જાય. ગબડે કેમ? ઝગઝગતો સૂર્ય હોય ત્યાં કોઇ દીવો કરવા બેસે નહિ. કારણ કે સૂર્યોદય પહેલાં દીવો હોય. શંકા–જૈનમતની તત્ત્વવ્યવસ્થા અનાદિ, શુદ્ધ હતી તો પછી તે વ્યવસ્થા લોપાવાનું કારણ શું? સમાધાન–છતાં સૂર્યે દીવો કોઇ ન કરે. બીજાઓએ અધૂરું કરેલું હોય તેમાંથી પૂરું કર્યું. તમારામાં પૂર્ણતા હોય તો જૈન ધર્મ અનાદિ નથી. અનાદિ માનો તો તમારામાં પૂર્ણતા નથી. આંખો જેની મંદ હોય, સૂર્યની સામું ન જોવાય તો આંખની સામા હાથ આડા કરે છે, તેવી રીતે અહીં જૈનની અનાદિની સ્થિતિ ચાલવા છતાં પોતાને ન્યાયમાર્ગે રહેવું નહિ, તેથી માર્ગ બદલવો પડયો. શુદ્ધ આચારનું તેજ ખમાયું નહિ તેથી જુદા પડયા. મત કેટલા છે? કયા કયા જુદા પડયા, તત્ત્વજ્ઞાન કેમ ટકાવ્યું તે વિચારવું થાય ત્યારે તાપશુદ્ધિ થાય.

---

# વ્યાખ્યાન : ૫૪

## સમ્યગ્દર્શનાદિ તો શાસનનું સંપેતરું છે

સૂત્રકાર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે પ્રતિબોધ પામીને પ્રવ્રજ્યા પામ્યાની સાથે વિનિયોગ નામનો ભાવનો પાંચમો ભેદ જણાવ્યો. તેમાં વિચારે છે કે કપિલા દાસીને દાન દેતાં આંચકો આવતો હતો. તેનું કાંઈ જવાનું હતું? નહિ. શ્રેણિક મહારાજની વસ્તુ હતી, શ્રેણિક મહારાજની વસ્તુ પાત્રભૂત સાધુઓને દેવી તેમાં તેની દાસીની કાયા પ્રવર્તતી ન હતી. આપણે કપિલા કરતાં હલકા બનીએ છીએ. શ્રેણિકને ત્યાંથી દેવાનું

હતું તેમાં શ્રેણિકનું ઘટવાનું હતું, તે છતાં ધન ન દે તેની તરફ દરેકને ધિક્કાર થાય. તો આ ભગવાનની કાયાથી ખજાનો ભવ્ય જીવોને દેવો તેમાં કંજૂસાઈ ચાલે ? જિનેશ્વરના ખજાનાને વધારનારો બોધ-ઉપદેશ દેવાથી ખજાનો વધ્યે જાય છે. કપિલાએ શ્રેણિકના ઘરનું ઘટે, છતાં ન દીધું. તેથી કપિલા રહી ગઈ. આ તો વધવાવાળું દઈ શકતો નથી " **जिनपन्नत्तं तत्तं** " કહીને દેવું છે, મારું નથી. જિનેશ્વરે કહ્યું છે તે કહી દેખાડું છું. આવું છતાં જે એ કાયા કે વચનની પ્રવૃત્તિ ન કરી શકે તેને કઈ સ્થિતિમાં મેલવા ? પ્રતિબોધ, પ્રવ્રજ્યા પામનાર પોતાના આત્માને કપિલા દાસીથીય હલકી સ્થિતિમાં મૂકતા નથી, ને જે કપિલા કરતાં હલકી સ્થિતિમાંથી નીકળ્યો નહિ તે બોધ ન આપે. તેવાઓ માટે 'તું આ ધારણ કર અને બીજાઓને નિવેદન કર !' ક્ષમાશ્રમણના હાથે આચાર્યોએ, ગણધરોએ તમને આપવાને શાસનનું આ સમ્યગ્દર્શનાદિ સંપેતરું આપ્યું છે. સકળ સમુદાયની અંદર પ્રતિજ્ઞા કરાવી, છે કબૂલ ? ચોરામાં લગ્ન વખતે બોલે છે, કાણી છે, બોબડી છે, કબૂલ ? કહે કબૂલ. કબૂલાતનો શબ્દ લેવાય છે, ગણધર મહારાજ " **तहत्ति** " બોલે છે. સમુદાય વચ્ચે અખૂટ ખજાનો વધવાનો કબૂલ કર્યો છે. ભગવાનનું દીધેલું દેવાનું છે. ખજાનો વધે તેવી રીતે દેવાનું છે, તે છતાં દેવામા સંકોચ થાય તો કુટિલ કોણ ? કપિલાદાસી કે તમે ! એવામાં દાનનો સંકોચ થાય તો કપિલાદાસીને માથે મુગટ થયો. વધતો ખજાનો, દેવાનુ કબૂલ કરેલું છતાં ન આપે તેથી શાસ્ત્રકારોએ વિનિયોગનો નિયમ કર્યો.

## ગણધર અને તીર્થંકર

જેને જે ગુણઠાણું મળ્યું હોય તે બીજાને તે ગુણઠાણુ લાવવાનો પ્રયત્ન કરે. મુક્ત પામ્યા, મુક્તિને સમર્પણ કરનાર " **मुत्ताणं मोयगाणं** ". જિનેશ્વરમાં વિનય, વૈયાવચ્ચનો અપવાદ, પણ વિનિયોગનો અપવાદ નહિ. વિનિયોગના વિષયને અંગે અપવાદ નહિ. ગણધર મહારાજા પ્રતિબોધ પામ્યા, પ્રવ્રજ્યા પામ્યા કે તરત ચૌદ પૂર્વો,

બાર અંગની રચના કરી લે આ ગણધરનામકર્મ છે. જેમ જિન નામકર્મ ફળસિદ્ધિની અપેક્ષાએ કેવળજ્ઞાનના પછી હોય, તેમ ગણધરનામકર્મનો ઉદય જ્યાં પ્રતિબોધ પામીને પ્રવ્રજ્યા લે કે તરત હોય. **તીર્થંકર નામકર્મ બાંધતી વખતે સર્વિજીવ કરું શાસનરસી, ગણધરને વિચાર થાય કે મારા કુટુંબને તો તારું.** જેને વળગેલો ડુબે તે નાવડી શા કામની? જેને માત્ર પકડી રાખનારો તે પણ ડુબે નહિ. પકડી રાખનારો, આધારે રહેલો, શરણે આવેલો ડૂબી જાય તેને નાવડી કહેવી કે પત્થરની શિલા કહેવી? મારા આધાર ઉપર છે તે તરે નહિ તો હું પત્થરની શિલાની જોડમાં ગણાઉં કે બીજામાં? આખા કુટુંબને મારે તારવું જોઇએ.

## કૃષ્ણ મહારાજ અને રાજસભા

કૃષ્ણ મહારાજ સરખા અવિરતિ. બેઠેલા છે રાજસભામાં. હવેરા ઉપાશ્રયમાં બેઠેલા હોય તો ત્યાંની છાયામાં બોલે છે એમ મનાય. અહીં સ્થાન દેખીએ તો રાજસભા. સભા એટલે સંસારી આનંદમાં ગુલતાન થનારી. તેમાં સામો આસામી એવો હોય તો અગાજ એવો નીકળે. જો આસામી દેખો તો વર વરવાને માટે આવેલી કન્યા. પોતાની કુંવરી વર વરવા આવી છે માએ વર વરવાને માટે તૈયાર કરીને શણગારીને મોકલી છે. સ્થાન મોજમજાનું, પર્ષદા મોજમજાની, આવેલી વ્યક્તિ મોજમજાવાળી, પ્રેરનાર ને મોકલનાર મોજમજાવાળી, છતાં દીક્ષાને માટે તૈયાર કરે છે. બળાત્કાર કર્યો કે બીજુ કાંઇ? કોઇનું મન નથી. છતાં તૈયાર કરવી. પ્રપંચમાં નાંખીને તૈયાર કરવી. કેટલાક સવાલો એવા હોય છે કે તેનો ઉત્તર ધાર્યો આવે. છોકરાને પૂછીએ–ડાહ્યો કે ગાંડો? તો ગાંડો નહિ કહે. એ ડાહ્યો જ કહે છે. મદારીઓ મશ્કરી માટે કહે છે સચ્ચા બોલો. પૂછીશું તેનો ઉત્તર દેશો? ઉત્તર ન દેવાનો હોય ત્યારે ગદ્ધા કે મદ્દી કહે ત્યારે ઉત્તર ન આપે. એવી રીતે ઉત્તર નક્કી કરીને કૃષ્ણજી પ્રશ્ન કરે છે. એનો અર્થ મારું માનેલું એના મોઢામાંથી કઢાવવું. એ નથી કાઢતી, કૃષ્ણ

મહારાજ કઢાવે. પ્રશ્ન સૂચક છે. કોર્ટમાં ચોરી કરી હોય તેને સૂચક પ્રશ્નો. તે વસ્તુ જે મૂકેલી હતી તે ક્યાં હતી? ગઇ તેની ફીકર નથી. તેં આપી કોને? મારી માને આપી છે. તેની માફક ધાર્યો ઉત્તર કઢાવવા સૂચક પ્રશ્ન કર્યો. "રાણી થવું છે કે દાસી?" આ પ્રશ્ન કહેવાય? વર વરવાને માટે આવેલી કુંવરીને રાણી થવું હોય. સ્વપ્ને પણ દાસી થવું ન ગમે, રાણી ઉત્તર મોઢેથી કઢવવો છે. એ ધારેલો ઉત્તર કઢાવવો છે, એ ઉત્તર કયી બાજુ લઇ જવાય છે? રાણી થવું હોય તો ભગવાન્ નેમનાથજી પાસે દીક્ષા લિધા વિના બીજો રસ્તો નથી. રાણી થવું છે એ વચન કઢાવીને જાળમાં પકડે છે, રાણીના નામે વચનજાળ પાથરે છે, માટે તું તો દાસી થવું છે એમ કહેજે. એ મનુષ્ય કેટલો કુટુંબમાં આકારો થયેલો હશે! તું કહેજે, મારે દાસી થવું છે. કુંવરીએ દાસી થવું છે કહી દીધું. ત્યાં કૃષ્ણ મહારાજ શોચે છે, 'ડોસી મર્યાનો ભય નથી પણ જમ પેધો થવાનો ભય છે' માટે ધાર્યો ઉત્તર લાવવા માટે હવે શું કરવું? વીરા સાળવીને પરાક્રમી ઠરાવવો છે. ત્યાં પરાક્રમ ક્યાંથી? પારકાના પરાક્રમો પોક મેલવાવાળા. હવે એને પરાક્રમી ઠરાવવો શી રીતે? તેને પૂછ્યું સવારથી અત્યાર સુધીમાં શું શું કર્યું? કહે (૧) કાંજીનો ઘડો હતો તેમાં માખો ભરાઈ ગયેલી, કુતૂહલ થયું, હાથ મૂકયો. હાથ ઉઠાવી લીધો, માંખી ઊડી ગઈ. (૨) જંગલ ગયો. નીકનાં પાણી આડો પગ મેલીને આગળ ગયો, (૩) બોરડી આગળ ઝાડે બેઠેલો ત્યાં કાંચડો કારણે બેઠેલો, ત્યાં તેને પથરો લાગી ગયો. ત્યાંથી સીધો અહીં આવ્યો. આમાં સારૂં કે બહાદૂરોનું કાંઇ કામ છે? સભા વચ્ચે સમતિ લેવી. દાસીપણું કહ્યું છે તેનું પર્યવસાન ક્યાં લાવવું છે? આ છોકરી દાસી થવા માગે છે માટે આપણે ક્ષત્રિયને ન દેવી જોઇએ.

## બોલે સાચું પણ હોય લુચ્ચો

ચક્રથી બાઓ ઊખડી ગઈ, મેલા પાણીથી વહેવા લાગી. લાલ

શિરવાળો નાગ બદ્દરીનગરમાં રહેતો તેને શબ્દથી પાડયો તે કેવો ક્ષત્રિય! વીરની ત્રણ વાતોને કેવી રીતે ગોઠવી! 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ.' આ ત્રણમાં જૂઠી એકે નહિ. મૂળમાં દેખે તો પદાર્થો સત્યરૂપમાં રાખીને, શબ્દોને અલંકારિક ભાષામાં મેલી દીધા. બીજા સમજે કાંઈ અને પોતે પાછા છૂટા. સામાની લુચ્ચાઈ. બોલે સાચું, હોય લુચ્ચો. એક વાણીએ નાની કુલડીમાં કેસર ભર્યું. ઉપર કસુંબીના કૂચા ભર્યા. બજારમાં નીકળ્યો બોલતાં ન આવડે. કસુંબીના કૂચા લેવા છે કે? કોઈને ખપ હશે. મૂર્ખો છે! કેસર છે, જેણે કેસર દેખ્યું તેણે ભાવ વધારે આપીને લઈ લીધું, બીજી વખત કસુંબીના કૂચા ઉપર કેસર. કસુંબીના કૂચા લેવા છે કે! કેસરને કસુંબીના કૂચા કહીને વેચે છે. કેસરને લગભગ મળતા જેવો ભાવ આપ્યો. ઠગાઈના આરોપમાં કોઈ પકડી શકે! કસુંબીના કૂચા કહીને વેચતો હતો તમે કેસર ધાર્યું તેમાં હું શું કરું! સાચું બોલીને લુચ્ચાઈ.

દાઝયા પર ડામ–

શાસ્ત્રકારોએ આખ્યાયિકારૂપે ચરિત્રો મૃષાવાદમાં નાખ્યાં ધન લેવા માટે બને તેમાં અતિશયોક્તિ. જ્યાં બીજાને ખુશ કરીને લેવું હોય ત્યાં લખવું પડે–'અવગુણોને ગુણરૂપે લાવવા પડે' નવે રસ એ સત્યમાં ન આવે. મૃષાકાવ્યના આલાપો સાધુઓએ વર્જવા જોઈએ. વીરા શાળવીને અંગે જૂઠું શું છે? સાચું બોલવું ને છીણી ફેરવવી, આખ્યાયિકાને મૃષાવાદ કેમ કહ્યો તે સમજાશે. નવે રસ તે મિશ્ર મૃષાવાદ. ત્યાગીને કાવ્યાલાપો વર્જવાના કેમ કહ્યાં! તે ત્રણ ગાથા વિચારશે તો ખ્યાલમાં આવશે. ખરેખર એમને કન્યા દેવી એમ સભા પાસે બાંગ પોકરાવી, જેણે આવાં પરાક્રમો કર્યાં હોય તે ક્ષત્રિયકુળમાં ઉપજ્યો ન હોય તેથી શું! ખરો ક્ષત્રિય આ કહેવાય. સભા પાસે બાંગ પોકરાવી, વીરા શાળવીને ઊભો કરીને કન્યા આપી. તે વખતે કુંવરી, રાજદરબાર કઈ સ્થિતિમાં? શી હાલત!

એકના મોઢા પર કૃષ્ણજીની પસંદગીનો શબ્દ ન હોય, એક જણ પણ ફિટકાર વરસાવ્યા વિના નહિ રહેતો હોય. કૃષ્ણે ફસાવ્યા એમ કહ્યા વિના નહિ રહેતો હશે. આટલી જોખમે કુટુંબને આરંભપરિગ્રહ રહિત કરવા માટે તૈયાર થાય. એટલાથી પોતાનું કાર્ય થઇ ગયું સમજતા નથી. માથા પર બેસાડી છે, ત્યાં કૃષ્ણ કહે છે મેં તને સ્ત્રી તરીકે આપી છે, સ્વામિની તરીકે આપી નથી. કૃષ્ણ પોતાના ફરજનને ગુલામોમાં નાંખવા માગે છે. રાજસભામાં જવાવાળો ચતુર હોય, ઘેર જતાંજ કહે, અરે ! પાન તૈયાર કર. એક સાથની ત્રણ ખંડના માલિકની કુંવરીને તૈયાર કરવાનું કહે તે વખતે અંતરમાં શું થાય? મોટા ઘરની આવેલી કન્યા મરણ સુધી મકરકૂદી કરનારી હોય છે. આથી સમાન કુલમાં લગ્ન કરવાનું નીતિકારો કહે છે. ભલે કૃષ્ણ મહારાજે દઇ દીધી, પણ કુંવરીની પ્રવૃત્તિ ફેરવવાની તાકાત નથી. પુત્રી કહે છે, અરે શું બોલે છે? એનાથી તિરસ્કારનો શબ્દ સહન કેમ થાય? શાકની સરખો કુંવરીને થાપડ ઠોકે તેમાં કેટલી ખરાબી હોય. રોતી રોતી કુંવરી કૃષ્ણ પાસે આવે છે, આ બધું નાટક થયું. છોકરીને છારવનાર, ઠારનાર પિયરીઆ હોય જ. કૃષ્ણ મહારાજ દાઝયા ઉપર ડામ દે છે. કૃષ્ણ ઉત્તર દે છે "તેં તારી મેળે દાસીપણું માગી લીધું છે. મને હવે શું કહે છે!" શાળવીનો ધપ્પો ખાધો, ને મને શું કહે છે! છે ને દાઝેલા ઉપર ડામ! બાપ થઇને આવી રીતે શબ્દના પ્રવાહમાં ફસાવી, દાઝયા ઉપર ડામ દેવો! માનું માનેલું ધૂળમાં મેળવી દીધું. "મારે દાસી નથી થવું. રાણી થવું છે" એમ એના મોઢેથી કહાવ્યું. આટલું કહાવવાને માટે વીરકાને આપી. રોતી આવી ત્યારે ડામ દીધો. એ શબ્દમાં કૃષ્ણને શી લેવા દેવા હતી? મારે શરણે આવેલો જીવ, મારા સંબંધમાં આવેલો જીવ આરંભપરિગ્રહમાં ડૂબી જાય. કિનારો કાંઠે અથાગ તારૂ ઊભેલો હોય તે છતાં કોઈ ડૂબી જાય તો તેને શરમ છે! તેવી રીતે હું અગાધ સંસારસમુદ્રનો તારૂ, એ મને વળગે ને ડૂબે! સમ્ય-

ફેલ પકડયું છે. આવી રીતે કુટુંબ ઉપર ધર્મની છાયા પાડવી તે કોનાથી બને? એ તારૂના સંબંધમાં આવેલો વ્યક્તિ દુર્ગતિગામી થઈ જાય? 'न भूतो न भविष्यति'.

## કુટુંબમાંથી સર્વને આરંભપરિગ્રહમાંથી કાઢું એ ભાવના ગણધર નામકર્મ બંધાવે

નાનાં છોકરાં દવા ન પીએ. તેથી ઢીંચણ વચ્ચે ઘાલીને દવા પાય. તેની જવાબદારી નથી. મોટા દવા એમને એમ પી જાય, નાનાં છોકરાં રૂવે, ઊલટી થાય, પગઢીંચણ વચ્ચે ઘાલ્યાં વેલણ મોઢામાં ઘાલ્યું તે ગુનો નથી. પરાણે પણ ભલું કર્યું. મહાપુરૂષોની આ દશા છે. સમજીને કરે તો તેમ, નહિ તો પરાણે આરંભપરિગ્રહમાંથી કાઢું. આવી સ્થિતિ જેની કુટુંબના માટે છે મારા કુટુંબમાંથી એક પણ આરંભપરિગ્રહમાં ફસાય નહિ આવી પરિણતિ જાગે ત્યારે તેવો જીવ ગણધર નામકર્મ બાંધે. આપણે ગણધર નામકર્મના ઉપર નખોદ વાળવાવાળા છીએ. તીર્થંકર, ગણધર, મૂકકેવલી માટે જણાવેલી એક ભાવના નથી. આપણે તો એક જ ભાવનામાં, 'મહાજન મારા માથા પર, ખીલી મારી ખસે નહિ.' પોતાની છોકરીને, માને, ભાઈને જો તરવાનો પ્રસંગ આવે તો "હાય હાય"ના છાજીયાં.

## દેવાનું બંધ થાય તો શાસનનો વિચ્છેદ—

પોતના સ્વાર્થની ખાતર ભાવદયાનો ભડકો જાણીજોઈને કરે તે મનુષ્ય કઈ સ્થિતિમાં હોય! સમ્યગ્દર્શન પામીને વિનિયોગના ભાવના ભેદ સુધી ગયેલો હોય તે સ્વાર્થ ખાતર ભાવદયાનો ભડકો કરે નહિ. વિનિયોગની જરૂર છે, વિનિયોગ ન હોય ત્યાં સુધી ગુણસ્થાનક ન ટકે. વિનિયોગનો ખજાનો ગણધર મહારાજે વેરવા માંડયો. 'શાસ્ત્ર એ મોગરાના ફૂલ જેવું, કૂવાના પાણી જેવું, ગાયના દૂધ જેવું; દેતા જાઓ ત્યાંસુધી શાસન. દેવાનું બંધ થાય તો શાસનનો વિચ્છેદ. દેવામાં કંજૂસાઈ કરે તેને કઈ સ્થિતિમાં ગણવો! કપિલા

તો ખૂટે તેથી દેતી ન હતી, આ તો દેતાં વધવાવાળું, છતાં દાન દેવામાં દરિદ્રી થાઓ તો શી દશા થાય? કપિલા દાસી તો એમના કરતાં ઘણી સારી. વગર ખૂટવાવાળું, આપવાના હેતુથી લીધેલું ન આપે તો તેનો અર્થ શો? શાસ્ત્ર દેવામાં એ પામો જાય તે મને પાલવતું નથી, કપિલા સાધુને માનતી નથી.

## મરીચિ અને કપિલ

ભગવાન્ સુધર્માસ્વામીજી પ્રતિબોધ, પ્રવ્રજ્યા પામ્યા કે તરત પૂર્વો, દ્વાદશાંગીના તાળાં તોડી નાંખ્યા. મોક્ષમાર્ગનો વૂલો પ્રવાહ વહેતો કરી નાંખ્યો પહેલી આચારાંગથી આચારની, સૂયગડાંગથી વિચારની, ને ઠાણાંગજીમાં પાંચ મહાવ્રતની વ્યવસ્થા કરી. અહીં બધા મતો ગબડી જાય. અનાદિનું સાચું છે તો છોડવાનું કારણ શું બન્યું? ષટ્દર્શન જિનેશ્વરના દર્શન સિવાયનાં ગણીએ તો ષટ્દર્શનમાં પહેલું સાંખ્ય. સાંખ્યદર્શનવાળાની ચૂક કેમ થઇ? એની જડ જૈનશાસનમાંથી, પણ જૈનશાસનનો અંશનો બોધ રહ્યો. મરીચિએ કપિલને દીક્ષા આપી. તે કપિલ મરીચિ પાસેથી કાંઇક સમજ્યો પણ કંઇ સમજ્યો નહિ. છેદની શુદ્ધિ ન રહી પણ બોધ રહ્યો. કપિલે દેવલોકમાંથી ઉપયોગ મેલ્યો. પોતાના ચેલાની દશા દેખી. હવે શું કરવું? આથી ભગવાનના શાસનને અને સાંખ્યને આંતરું પડી ગયું છે. કપિલ પ્રતિબોધ પામીને દીક્ષા લેવા તૈયાર થાય છે. મરીચિ કહે મારી પાસે નહિ, તરવું હોય તો જા ભગવાન્ પાસે! પોતાથી પ્રતિબોધ પામેલાને પોતાનામાં સાધુપણું નહિ કહીને ભગવાન્ પાસે મોકલવો, કેવું દુષ્કરકારકપણું છે. કલ્પના કરો કે કોઇ નિર્ગ્રંથ ... પ્રતિબોધ પામ્યો હોય, તેને કહેવું કે બકુશકુશીલ છું, નિર્ગ્રંથ પાસે જા! ગ્લાનપણામાંય પોતાનું વૈયાવચ્ચ સાધુઓએ ન કર્યું. તે લાયક છે એમ માનવાથી સાધુધર્મને પીછાણનાર હતો. મારી સેવા કરવા માટે ચેલો કરું. એણે હજારો ચેલા ભગવાન્ પાસે મોકલી આપ્યા છે. દીક્ષા લેવા માટે કપિલને મોકલ્યો ત્યાં ન રુચ્યું

તેથી પાછો આવ્યો. ફરી કહે છે, તેને રુચ્યું નહિ. આવા ઉત્તમ જે, ફરી જા! ત્રીજી વખત મોકલે છે. ત્રીજી વખત પાછો આવે ત્યારે પેલો ચીડાય છે. તમારામાં કંઇ છે કે નહિ! ત્યાંની અરુચી કેટલી હશે! વારંવાર જવું ઝેર જેવું લાગ્યું હશે. આવો ભવાંતરે દેવતામાં જાય તેમાંથી કેવાં બીજ નીકળે? વિરુદ્ધમાં. કપિલના ચેલા આસુરીમાં બોધની શુન્યતા. કપિલનો ન સમજી શકાય તેટલો ટાળો કહેશું, આ બેને ભેળા મેળવો. તાપના અંગેની તત્ત્વશુદ્ધિ ઊડી જાય તે બને કે નહિ! જિનેશ્વરને ત્યાં જડ દેખવી પડે તે પાલવે નહિ. આખું જગત્ અવ્યક્તમાંથી થયું. બાપનું નામ ન લેવું હોય. નાનો હતો, મા મરી ગઈ. માબાપનું કંઇ જાણતો નથી. કોઇને ત્યાં પાળવા મેલેલો ત્યાં ઉછર્યો છું. સાંખ્યને કંઇક અવ્યક્તમાં આવવું પડ્યું. પાટપરંપરા દેખાડી શકાય નહિ. આથી આખું જગત્ અવ્યક્તમાંથી બન્યું છે એમ બતાવ્યું. અને આથી જ જૈનનું ભૂલેચુકે તત્ત્વ કે નામ ન આવી જાય. ત્રણ વખત ઉપદેશેલો છતાં ત્યાંની અરુચિવાળો, કંટાળેલો. તમારામાં કોઈ છે કે નહિ તેવાં મહેણાં મારનારો કઇ સ્થિતિમાં હોય! છૂટા પડયા પછી 'યદ્વા, તદ્વા' લખવું પડ્યું. તેને તત્ત્વશુદ્ધિ સ્થાપન કરતા નથી આવડી તે અંગે.

---

# વ્યાખ્યાન : ૫૫

## હતાં ખૂટે છતાં દે તે ધર્મિષ્ઠ

શાસ્ત્રકાર મહારાજા સુધર્માસ્વામીજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, શાસનના હિતને માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે જ્યારે પ્રતિબોધ પામ્યા ને પ્રવ્રજ્યા પામ્યા. દરેકને પ્રતિબોધ, પ્રવ્રજ્યા પમાડવાની સ્થિતિ, ભાવના વિનિયોગ નામના ભેદની અપેક્ષાએ પોતાને મળેલી અપૂર્વ ચીજ દેવાનો વિચાર થાય તેમ ગણધર ભગવાનને થાય છે. દુનિ-

થામાં દાન કેટલાક દે છે. સર્વ નથી દેતા, તેનું કારણ એ છે કે દેતાં ખૂટતું દેખાય છે. દેતાં ખૂટતું ન હોય તો કોઈ સંકોચ કરે નહિ. દેતાં ખૂટે છતાં દે તે ધર્મિષ્ઠ. દાન દેનારાને ધર્મિષ્ઠ ગણ્યા. પોતાની માલકી છોડવી પડે તેવા દાન દે તે ભાગ્યશાળી ગણાય.

## દે છતાં ખૂટે નહિ

દ્રવ્યદાન દેવાવાળા ખૂટવાનું મંજૂર કરીને દે છે, પણ જ્યાં ખૂટવાનું ન હોય, ત્યાં સંકોચ થાય તો પરિણતિ કઈ ગણવી? કપિલાદાસી આપણા કરતાં સારી ઠરશે. શ્રેણિકને ત્યાંથી દેવું હતું તે ઘટવાનું હતું. ઓછું થવાવાળું પણ ન દીધું તેનું દૃષ્ટાંત જાહેર થયું. પારકું ઓછું થવાવાળું ન દે તેને કપિલાદાસી જેવા ગણવા અને જેમાં દેવાથી પોતાનું ઓછું થતું નથી છતાં બીજાને મળે છે તે દાન જે ન આપે તે કપિલા દાસી કરતાં પણ અધમવૃત્તિના ગણાશે. જિનેશ્વરનો ધર્મ, શાસન, તેમાં કહેલો મોક્ષમાર્ગ મળ્યો, તે બીજાને દેવામાં ઘટવાનો કેટલો? જગતના અનંતા અનંત જીવો કદી એ સમ્યગ્દર્શનાદિવાળો મોક્ષમાર્ગ-ધર્મ લઈ લે તો પણ આપનારના આત્માનો અથવા જિનેશ્વર ભગવાનના શાસનમાં ખૂટકો આવતો નથી–ઘટવાનું નથી, તો દાનબુદ્ધિ કેમ નહિ?

## ચાર ભાવના વગરનું કરેલું અનુષ્ઠાન તે જીવ વિનાના શરીર જેવું

ધર્મ કહેવો કોને? ધર્મનું લક્ષણ સર્વજ્ઞના વચનોમાં. જે ક્રિયા કરવાની કહી તે ક્રિયા સર્વજ્ઞના વચનને અનુસરીને કરવામાં આવે તો ધર્મ. તે ક્રિયામાં જીવ પૂરાય. 'मैत्र्यादिभावसंयुक्तं' આથી મૈત્રી આદિ આ ચાર ભાવ સહિત અનુષ્ઠાન હોય તો તેને ધર્મ કહેવો. શાસ્ત્રને અંગે–શાસ્ત્રના કહ્યા પ્રમાણે ક્રિયા કરીએ છતાં મૈત્રી આદિ ચાર ભાવના ન આવે તો શાસ્ત્રકાર કહે છે કે 'જીવ વિનાનું શરીર.' એવા શરીરની કિંમત કેટલી? જેના અંતઃકરણમાં

મૈત્રી આદિ ચાર ભાવના વસી ન હોય તેના કરેલા અનુષ્ઠાન તો જીવ વગરના શરીર જેવા ગણુવા. આ ચાર ભાવનાને સમ્યક્ત્વ ભાવના કહે છે. ભાવના ત્રણ પ્રકારની. ૧ ધર્મના ભેદરૂપ, ૨ સમ્યક્ત્વ ભાવના અને ૩ વૈરાગ્ય ભાવના ૧–ધર્મના ભેદભૂત ભાવનામાં– દાન, શીલ, તપ અને ભાવના એમ કહીને જે ચાર ભેદો પાડીએ છીએ, તે ધર્મના ભેદરૂપ ભાવના. ૨–ધર્મના લક્ષણમાં દરેક ક્રિયાની સાથે રહેવવાળી જે ભાવના તે સમ્યક્ત્વ ભાવના અને ૩–આત્માને કર્મબંધથી બચાવવા માટે, આશ્રવોથી દૂર રાખવા માટે જે પરિણામ, જે ભાવ તેનું નામ વૈરાગ્યભાવના. ત્રણે ભાવનાનું સ્વરૂપ સમજી લો ! ધર્મભેદભૂત ભાવના–દાન, શીલ, તપ અને ભાવ તે તો જાહેર રીતે બધાને છે. ચારે પ્રકારે ધર્મ બધામાં છે, એ વાત કોઈથી અજાણી નથી. દાન, દાનનું સ્વરૂપ ખ્યાલમાં રહે છે. પણ ભાવ તો શબ્દ માત્રથી પ્રસિદ્ધ છે.

## ક્યાં છું તે તપાસવાની સૌથી પ્રથમ જરૂર

ધર્મને અંગે ભાવ નામનો જે ભેદ કહ્યો તે ભાવ શી ચીજ છે ? કેવું મન થયું હોય તો ભાવધર્મ થયો કહી શકીએ, એનો ખ્યાલ ઘણા ઓછાને છે. ઉલ્લાસનો ખ્યાલ છે. ભાવનો અર્થ ઉલ્લાસમાં મેળ્યો. ઉલ્લાસથી તપ કરીએ તો ભાવ ધર્મ. ભાવનો અર્થ ઉલ્લાસ, ઉમળકો. ખરો અર્થ ખ્યાલમાં નથી આવ્યો તો પ્રવૃત્તિ ક્યાંથી થાય ? જાણે, સારું લાગે, પછી માગે. જાણે નહિ તો સારું લાગે ક્યાંથી, પછી માગવાનું તો બને જ ક્યાંથી ! માગતો નથી તો પછી એના આધારે પ્રયત્ન કરે શાનો ? ભાવ નામના ધર્મને માટે સ્વરૂપ જાણ્યું નથી. ઇષ્ટ, અનિષ્ટ તપાસ્યું નથી, પછી મેળવવા ક્યાંથી માગીએ ! પ્રયત્ન કરવાનો ક્યાંથી રહે ? માટે ભાવ નામનો ધર્મ જાણવાની જરૂર છે. ભાવ નામના ધર્મવાળાએ પહેલા વિચાર કરવાનો કે હું ક્યાં છું ? એ ખ્યાલ લાવવા માટે ઉઠયા પહેલાં સ્થાન તપાસવું જોઈએ. ન તપાસે તો બારીએથી પડે ને મરે. જેમ સામાન્ય

જમનારને હું ક્યાં છું એ તપાસવામાં ન આવે તો બારણાના બદલે બારીમાંથી ભૂસકો મારવાનું થાય. તેવી રીતે જે મનુષ્ય ધર્મ કરવાવાળો છે તેણે તપાસવું જોઈએ કે હું ક્યાં છું? પોતે 'હું ક્યાં છું' એ જાણે ત્યારે બારી, બારણું ક્યાં છે તે સમજી શકે. પગલાં ભરે બારી તરફ, ને મનમાં જાણે બારણા તરફ જાઉં છું એમ થાય. માટે ધર્મ કરવાવાળાએ હું ક્યાં છું તે પ્રથમ તપાસવું.

## ટેકાની લાકડી ખસે તો ધમ દઈને નીચે

બધા જાણે ભરતક્ષેત્રમાં છું, ત્યાં બેઠીફ઼ે છે. બીજી તપાસ ક્ષેત્રની તપાસ. આત્માના લગીર ભાગ પાડી દે ને? આત્માની પરિણતિના ભાગ એમ તપાસી લે કે આટલું કરવાનું, આટલું હમણાં બની શકે તેમ છે. આ તપાસ્યું પણ વ્યાપક કયું છે, મુખ્ય કર્તવ્ય કયું, થઈ શકે કેટલું, અત્યારે સંજોગ કેટલા તેનો વિચાર કોઈ દિવસ કર્યો? ક્ષેત્રનો વિચાર કરવાને તૈયાર છે પણ ભાવનો વિચાર કરવાને તૈયાર નથી. મુખ્ય સાધ્ય સિદ્ધિ છે, મારી પાસે નીસરણી છે. પગલાં મેલવાની જરૂર છે. પગ કેમ નથી ઉપડતા? થયો હોય છે લકવો. ક્યાં તો થયો છે પક્ષાઘાત, અહિં ભાવભૂમિકાએ ચઢવામાં પક્ષાઘાત થઈ રહ્યો છે. એ થયેલા લકવામાં ટેકાની લાકડી પકડી રાખે ત્યાં સુધી ઊભો રહે છે. ટેકાની લાકડી ખસી જાય તો ધબ દઈને નીચો પડે. આ કાળને અંગે નક્કી કરવામાં આવ્યું છે કે જંબૂસ્વામી ગયા પછી ન તો ઉપશમ શ્રેણિ ક્ષપક કે મોક્ષ- પગથિયાં બંધ છે. માત્ર ૪, ૫, ૬, ૭ એ ચાર ગુણઠાણામાં છીએ. ત્યાં જિનેશ્વરના શાસનની લાકડીના આલંબને રહી શકીએ તો રહેવાય. લાકડી ખસી જાય તો ધબક દઈને પડે છે. આઠમાં ગુણસ્થાનથી પડવાનું બંધ. એનો આપણને તો હક નથી. એ તો પક્ષાઘાતવાળાને ઉમરો તો કોઈ ચઢાવે ત્યારે. આપણે પક્ષાઘાતવાળા તો છીએ. ઉમરો ચઢવાનું બનતું નથી તે ઊભો રહે લાકડી, દોરડું હોય ત્યાંસુધી. લાકડી, દોરડું ખસ્યાં તો ધબાક દઈને નીચે.

## ફરીને કહી દેખાડવું, કે ક્રોધ કરવો એ અજીરણ

ઉપાધ્યાયજી કહે છે **अस्मादृशां प्रमादग्रस्तानां.** દુઃષમા કાળમાં જન્મેલા, ધાનના ધનેડા, પાણીના પોરા, એટલું અમને છતાં પ્રવચનનો રાગ છે. કૂરગડુઋષિ ધાનના ધનેડા હતા છતાં તેમના ચારિત્રની શુદ્ધિ અપૂર્વ હતી, કેવલજ્ઞાનથી બીજી પદવી નથી તેથી કેવળજ્ઞાને અટક્યા, એનાથી આગળની પદવી હોત તો તે મગત. એ ગચ્છની અંદર ચાર સાધુ. એક ચાર ચાર, એક ત્રણ ત્રણ, એક બબ્બે અને એક એક એક મહિનાના ઉપવાસવાળા છે. ચાર સાધુ તપસ્યા કરે છે. મહિનાના ઉપવાસ એ બોલતાં જોર નથી લાગતું. ક્રિયાને અંગે તપાસીએ અને ગુણાકાર કરીએ. વર્ગમૂળ જેવો ગુણાકાર કરવાનો છે એક ઉપવાસે જેટલું જોર લાગે છે. એક બેડું ઉપાડયું હોય જેટલો ભાર તેથી બમણો તો એક ઉપર બીજું મૂકીએ તો હિસાબથી થશે; પણ વીર્ય ફેરવવાને અંગે બાર ગણો. કીડી એક એક દાણો કરીને બાર દાણા લઈ જાય. પણ બાર દાણા સાથે લેવા જાય તો મરી જાય. તેમ મહિનાના ઉપવાસ કરવાવાળા મનુષ્યો છે. એક અજીરણ એવું થાય કે ઝાડા થવા માંડે. એક અજીરણ એવું થાય કે ઝાડા વાટે ન નીકળતાં પેટ ફૂલાવે. આફરો એ વિકાર અજીરણનો છે, તેવી રીતે જે તપસ્યા કરું છું એ તપસ્યામાં ક્રોધ થવો એ અજીરણ ઝાડા જેવું. બીજું અજીરણ આફરાનું. આફરાના અજીરણમાં દવા લાગુ પડવી બહુ મુશ્કેલ પડે, ટાંટિયા તોડાવી દે. તપસ્યાના ગુણને અંગે "હું" કહેવું તે નહિ કરનારા ઉપર જે આવેશ એ બીજું અજીરણ કરીને કહી દેખાડવું, ક્રોધ કરવો તે અજીરણ. "હું કરું એ કેમ ન કરે?" એવું બોલવું તે અજીરણ. આ ચારે તપસ્વીઓને એ અજીરણ થયું ચારેએ ધંધો શો માંડયો! ખાવું પીવું બંધ છે. પેલો ખાધા કરે છે, લીધાં પાતરાં, હમણાં ખાધું, પાછા આવ્યા. એમ કથનીની આ મોટી ક્રિયા શરૂ થઈ. આ ચાર તપસ્વી સાધુઓએ કૂરગડુની આખી કથની આમ શરૂ કરી કે —

કૂરગડુ પ્રતિક્રમણ કરીને ઊઠશે કે પાતરું લેવાનો, લેવા ગયો ગોચરી, નીકળ્યા ભટકવા. લાવીને ખાય. ત્યાં છે કાંઈ ભાન ? જનાવર છે કે બીજુ કાંઈ ! ચારે આમ બોલે છે. પેલા કૂરગડુજી વિચારે છે કે આ મુનિઓ ભાડાના ઘરનો કસ બરોબર કાઢે છે. જે મનખ્યદેહ મળ્યો છે તેમાંથી ખરેખર કસ એ કાઢે છે. આ તો ભાડું લઈને બેઠો છે. ઘર એવું મળ્યું છે કે નળીયાના છાપરાનું. તેના ભાડાના રૂા. છસો. છાપરાને રોજ સંચાર્યો કરવું. છાપરાવાળું ઘર ભાડે લીધું હોય તો જ્યાં ત્યાં સવું વાસણ મેલવું ને ઘરની માવજત કરવી. નથી સ્વાધ્યાયમાં જોડાઈ શકતો, નથી તપસ્યા કરી શકતો. જેમ ઉપયોગ થાય તેમ વિચાર થાય તો કાંઇક રસ્તો સૂઝે. ડોશીને બે પૈસા ખરચવા છે. બાવા આવ્યા બારસો. ભક્તિ બધાની શી રીતે કરવી ! મહંત પાસે ગઇ. બાવાજી ગરીબ છું. કાંતીપીંજીને પૂરું કરું છું. બે પૈસા છે એમાં બધાંની ભક્તિ કરવી છે. બે પૈસાની હીંગ મગાવીને દાળમાં નંખાવી, બધાને પહોંચશે. તેવી રીતે આ છસો રૂા. ભાડાનું છાપરું, તેમાંથી કસ કાઢવાની અક્કલ તો પહોંચાડું. જેની પાસે જે વસ્તુ હોય તે વસ્તુના નોકર બનવું. દોશીવાણીઓ થવું હોય તો દોશીની દુકાને બેસી તેના નોકર બનવું. મારે નિર્જરા નથી. જેને નિર્જરા બનતી હોય તેનો નોકર બની જાઉં. ચારે તપસ્વીની વેયાવચ્ચ કરવી કે જેઓનો ચોવીસ કલાક ધંધો આની ખોદણીનો. ખોદણી કરનારની વેયાવચ્ચનો નિયમ કર્યો. તેની પરિણતિ કેટલી હશે ! 'બેટા બડા આઓ. પરણાવીશું.' ખોદણી કરે તો પણ વેયાવચ્ચ કરું. સાચી ખોદણી કરે છે. જાનવર જેવો છું તો ખોદણી કરે છે ને ! બીજો કરે તો કરનારાના પ્રાણ જાય. હું જાનવરની પેઠે ખાતાં શરમાતો નથી. ભાગ્યશાળીઓ ચેતવે છે છતાં ચેતતો નથી. પોતાના મોઢે લઘુતા ભાવની સ્હેલી છે, બીજો લઘુતા કરે તે વખતે લઘુતા ભાવવી તે બહુ મુશ્કેલ છે. મોતીભાઇ કહે 'બેસો', તે વખતે 'અહીં ઠીક છે.' એમ કહે, પણ અહીં આવતા હોય તો "ત્યાં બેસો" કહે ત્યારે 'મારા માટે આ (બતાવેલું) સ્થાન

બાધક હતું' એમ વિચારવું અશક્યપ્રાયઃ છે. પેલા ચારે ધિક્કાર વરસાવી રહ્યા છે તે વખતે ધિક્કારની વાત આવવી અશક્ય.

## કૂરગડુના ભોજનમાં બળખો

ચાર મહિનાના ઉપવાસ કરે છે. આ 'જનાવર જેવો છે, જ્યાં ત્યાં ગોચરી માટે ભટકે છે.' એવો જે વખતે ધિક્કાર થતો હોય તે વખતે સાચો મનાવો એ અશક્ય, પણ 'ખરેખર હું જનાવર છું'. એમ કૂરગડુ વિચારે છે. મારી પહેલા ભવની જાનવરની જીંદગી જણાય છે. કારણ કે તિર્યંચમાંથી આવે તેને આહારસંજ્ઞા વધારે હોય એમ કલ્પસૂત્રમાં જણાવે છે. પોતાની નિંદા કરવામાં લાગ્યો છે. નિંદા કરે તેમાં સ્થિર રહેવું તે મુશ્કેલ. કૂરગડુજી પોતાનું જાનવરપણું વિચારે છે, એટલું જ નહિ પણ મહાનિર્જરાવાળા છે. ભાડું આપીને કસ કાઢવાનું કામ એ ચારે કરે છે મારે ચારનું વૈયાવચ્ચ કરવું. વૈયાવચ્ચ બધાનું કરવા લાયક છે, પણ આ ચારનું તો કરવું જ. પર્વનો દહાડો આવ્યો. તિર્યંચ ગતિમાંથી આવેલાને લીધે સવારના ફરવા નીકળ્યા. જ્યાં ભરી લાવે છે પાત્રું અને તપસ્વીઓને કહે છે, સાહેબ, આ લઈ આવ્યો ! તપસ્વી આહારમાં બળખો નાંખે છે. અહીં જૂઠી પણ કલ્પના આત્મામાં કરી લો ! 'આહાર દેખાડવા જાઉં અને એ શ્લેષ્મ નાંખે' તમારો પારો કેટલે રહે ? મૂળમાં નિંદા કરનારા ને તે વળી નાંખે છે બળખો ! શું થાય ? કૂરગડુ **'मिच्छामि दुक्कडं'** દે છે. શંકા થશે, શાનો **'मिच्छामि दुक्कडं'** ! મેં કૂંડી ચેતીને ન લાવી આપી તેથી બળખો અહીં નાખ્યો ને ? કૂંડી ન લાવી આપી તે પ્રથમ મારી ભૂલ બીજા તપસ્વીને બતાવવા જાય છે તે પણ એવી રીતે બળખો નાંખે છે. ત્યાં પણ મેં કૂંડી ન લાવી આપી માટે આવી રીતે બળખો નાંખે છે. **मिच्छामि दुक्कडं'** દેતાં જાય છે. યાવત્ મહિનાવાળાએ નાંખ્યો, બળખા કોરાણે મૂક્યા. વિચાર કરજો ! પોતાના ખાવાના ભોજનને છેટો રહી થૂકે તો શું થાય ? ખુદ ભોજનમાં નંખાય છે ત્યાં ક્રોધની કણી નથી આવતી ઉલટું **'मिच्छामि दुक्कडं'** ભૂલ સમજીને દેવાય છે.

## ખાતાં હાથ પકડે કેવળ

ખાવા બેસે છે ત્યાં છેવટે ચાર મહિનાવાળાથી એનું ખાનું ન ખમાયું. આ તપસ્યાનું અજીરણ હાથ પકડે છે. કૂરગડુ વિચારે છે. આ પર્વને દહાડે સ્વાધ્યાય, ધ્યાન, ચૈત્યપરિપાટિ નહિ, તે અધમપણું વારવાને આ પરોપકારી પ્રયત્ન કરે છે. તે વખતે પોતાની સ્થિતિનું ભાન થાય છે. ખરેખર! આ બચાવે છે. આવા બચાવનાર મળ્યા છતાં આ જીવ કેમ બચતો નથી! નિંદા કરે છે, બળખો નાંખે છે, હાથ પકડે છે. કૂરગડુજી વિચારે છે આવા ઉપકારી ક્યાંથી મળે? આવા ઉપકારી મળ્યા છતાં હજુ કેમ હું ઠેકાણે આવતો નથી। નિકાચિત કર્મ કર્યાં છે. બાંધતી વખત કેમ વિચાર નથી કર્યો! આ જીવે નિકાચિત કર્મ બાંધ્યા તે વખતે અરેકારો કર્યો નથી. ઉદયમાં અરેકારો આવ્યો તે બાંધતી વખત ન કર્યો તેને લીધે બાંધતી વખત અરેકારો કર્યો હોત તો ઉદયમાં આવત નહિ. તે વખત હું મારું ભાન ભૂલ્યો. મેં બાંધ્યું કેમ? શીંગમાં સળ્યો. બાંધતી વખત "અરે"માં હોત તો ઉદયમાં "અરે"વાળો હોત નહિ. લીનપણું કરવામાં કેટલી બધી ભૂલ થઇ. આ ભાવના આવી ત્યાંજ કેવળજ્ઞાન. તપસ્યાનું અજીરણ એ ક્રોધ, ઇર્ષ્યા, કુથલી છે. **'કોઇ ગુણ આવે તેનું અજીરણ ન થાય તેનો ખ્યાલ રાખજો। ન કરનાર તરફ તિરસ્કાર તે અજીરણ છે.'**

## રોજ ક્રિયા કરવાથી પાપ બંધાય?

દરેક ક્રિયાએ પાપ બંધાતું હોય તો દરેક પાપની ક્રિયાએ **મિચ્છામિ દુક્કડં**ની જરૂર, ઉપાધ્યાયજી કહે છે '**મિચ્છા દુક્કડં** દેઇ પાતિક તે ભાવે જે સેવે' આ ગાથાને આગળ કરીને કેટલાક ક્રિયાના વિરોધીઓ ક્રિયા છોડે છે અને બીજાને છોડાવે છે. પ્રતિક્રમણમાં સાત લાખ કહીને **મિચ્છામિ દુક્કડં** દીધો, ઊઠયા કે તરત દીવાસળી લઇને દીવો સળગાવ્યો. પછી પાપ ન થાય તો **'મિચ્છામિ**

**दुक्कडं** કામનો. અહિં 'તે ભાવે' એટલે કયો ભાવ ? તીવ્ર પરિણામે ન કરવું. એ તીવ્ર પરિણામે ન કરવું કયાંથી આવશે ? તીવ્ર પરિણામે નહિ થાય તેનો ઇજારો છે. શાક ખાવું તેનો '**मिच्छामि दुक्कडं**' દીધો. બીજે દિવસે શાક ન ખાઓ તેનો ઇજારો છે ? વારંવાર '**मिच्छामि दुक्कडं**' શા કામનો ? પાપ થયા કરે અને '**मिच्छामि दुक्कडं**' દેવામાં આવે તો તે ખોટો.

### પાવલાનો ગુણુક અને તે ઘરનું બોધ—

નિર્યુક્તિકાર કહે છે "જં દુક્કડં" જે દુષ્કૃત કર્યું તેને મિથ્યા કરીને તે મિથ્યામિ દેવાવાળો મૃષાવાદી, પ્રપંચી છે. એ વાક્ય કયા રૂપે કહ્યું તે સમજવાની જરૂર છે. છોકરીઓ ગાય છે.-"મારું ગાયું ગાશે તે જમપુરીમાં જાશે." શાસ્ત્રનું ગાયું ગાવાનું છે, પણ ગાવાનું છે સમજીને. શાસ્ત્રકારોએ સાધુઓને માટે સાધુપણાની જરૂરૂપ, સાધુપણાની સ્થિતિરૂપ, વર્તનરૂપ દશ પ્રકારની સામાચારી રાખી. દશ પ્રકારની સામાચારી ન હોત તો પંચ મહાવ્રત છતાં સાધુપણું કહેવું નહિ. અસંખ્યાતા જીવો પાંચે મહાવ્રતવાળા છે, ચારિત્રવાળા નહિ. તિર્યંચની ગતિમાં જાતિસ્મરણ પામીને પહેલા ભવનું જાણ્યું, પણ ચારિત્રની આરાધના ન થાય. અહીં બને તેવું નથી તેવું માનીને અણુશણ કરે. પાંચેના પચ્ચક્ખાણ અસંખ્યાત જીવો કરે છે. પાંચે પાપથી વિરતિ કરે છે. અંત અવસ્થામે કરે છે તેથી ત્રિવિધ કરે છે. અસંખ્યાત પાંચ મહાવ્રતવાળા, પણ તેમને ચારિત્ર નહિ. ઇચ્છામિચ્છાદિક સામાચારી હોય તો મહાવ્રતવાળા સાધુ. સાધુ હોય તો ઇચ્છામિચ્છાદિક દશ પ્રકારની સામાચારી હોવી જોઇએ. ઉત્તરાધ્યયન સૂત્રકારે સામાચારીના સ્વરૂપ તરીકે, નિર્યુક્તિકારે સ્વરૂપ અને ફળરૂપે કહેલી 'ઇચ્છાકાર' સામાચારીનું વર્ણન કર્યું. જે મિચ્છામિ દુક્કડં દેવો તેનું નામ મિથ્યાકાર સામાચારી, તેનું વર્ણન કર્યું. તેનું ફળવર્ણન કરતાં મિથ્યાકાર સામાચારી જેને દઢ થાય તે અસંખ્યાત ભવનાં બાંધેલા પાપો તે ભવે જ તોડે. કહ્યું મિચ્છામિ દુક્કડં નો

અભ્યાસ પાડવાનો, માર્ગાનુસારીને અવળું પરિણમવાનું હોય નહિ. અપૂર્ણાંકનો કરેલો ગુણાકાર ગુણ્યમાં ઘટાડો કરે ૦।×૧૦=૨૫. ગુણ્યનું ઘર મરાયું. ગુણ્ય બેસી રહ્યો હોત તો સારો હતો. પાવલાનો ગુણક બને તે ઘરનું ખુવે. અપૂર્ણનો ગુણક બને તે ઘરનું ખુવે, તેથી રીતે કમનસીબ જીવોને જિનેશ્વરના વાક્યો મળે તે અવળા પડે. અપૂર્ણાંકને ગુણક મળ્યો તેણે–ગુણ્યકે ઘરનું ખોયું, સ્વરૂપ બદલ્યું. સીધા વાક્યમાં મિથ્યાકારની સામાચારીના પરિચયવાળો સાધુ અસંખ્યાતા ભવના કર્મો તોડે છે. વાક્યમાં વાંકાપણું નથી. સીધો પદાર્થ પણ દૃષ્ટિ વાંકી કરે તો વાંકો લાગે. શાસ્ત્રકારની સીધી વાત અવળી પરિણમી 'મિચ્છા મિ દુક્કડં' નો અભ્યાસ પાડવો 'મિચ્છા મિ દુક્કડં' નું કાર્ય કરે તો પડે ને ? એવું કાર્ય ન કરીએ તો મિચ્છા મિ દુક્કડંનો વખત શાનો ? પાપ કરવું, 'મિચ્છામિ દુક્કડં' દેવો કે જેથી 'મિચ્છા મિ દુક્કડં'ની ટેવવાળા થઈએ. વારંવાર 'મિચ્છા મિ દુક્કડં' ક્યારે દેવાય ? પાપ કરાય ત્યારે. તેથી 'મિચ્છા મિ દુક્કડં'ના પરિચયને માટે પાપમાં પ્રવર્તવું જોઈએ. પાપમાં પ્રવર્તવાને લીધે 'મિચ્છા મિ દુક્કડં' થઈ જશે. 'મિચ્છા મિ દુક્કડં' અસંખ્યાત ભવનું પાપ તોડી નાંખશે આ અર્થ કર્યો. આ રૂપ બગડ્યું છે. આવા જે બોલનારા તેને અંગે ગાથા લખાઇ છે. મિચ્છામિ દુક્કડંનું ફળ મોટું છે. તેને માટે ટેવ પાડવી 'વારંવાર ફળ ક્યારે મળે ? પાપ કરે ત્યારે.' આવું બોલનારા હતા તેને અંગે કહેવું પડ્યું.

## મિચ્છા મિ દુક્કડં માટે પાપ સેવવું તે મૃષાવાદ

ઉપાધ્યાયજીની ગાથાનો અર્થ 'મિચ્છા મિ દુક્કડં' દેવાનો મળશે. જો પાપ સેવીશ, 'મિચ્છા મિ દુક્કડં' દેવાનો મળશે તો લાભ મળશે. આવશ્યક સૂત્રની સામે આવો મનુષ્ય માયામૃષા સેવનારો, મૃષાવાદી અને કપટી છે. આવી સ્થિતિમાં જે 'મિચ્છા મિ દુક્કડં' માટે પાપ સેવવું તે મૃષાવાદ છે. દુષ્કૃત હોય તેમ અસંખ્યાત ભવની

નિર્જરાનું કારણ નથી, પ્રત્યક્ષ મૃષાવાદ છે. દુષ્કૃત ન માનવું, સુકૃત માનવું, તો અસંખ્યાત ભવના પાપ તૂટશે ? મિથ્યાનો અર્થ ફળ ન લેશો. દુષ્કૃત નથી માનવું. અત્યારે પાપ કરે છે તેને પાપરૂપ માને તો અસંખ્યાત ભવની નિર્જરાનું કારણ થાય. માનો સુકૃત તો 'મિચ્છા મિ દુક્કડં' કરો છો તે ખોટું.

## સીધો પદાર્થ, પણ દૃષ્ટિ વાંકી કરે તો વાંકો લાગે

પાપ ન કરીએ તો 'મિચ્છા મિ દુક્કડં' ક્યાંથી દઈએ ? પાપ કરતાં રહીએ તો દેવો પડે, તો ટેવ આવે, ટેવ પડે તો અસંખ્ય ભવના તૂટે, આવું જે લઈ બેઠા હતા તેને માટે કહેવું પડ્યું "હું." હવે જે રૂપે ક્રિયા વિરોધી કરે છે તે રૂપે લઈએ. ઈરિયાવહિયાના સ્થાનો બતાવ્યા તે મોટી ભૂલ કરી, માત્રું કરીને ઈરિયાવહિયા પડિક્કમવાના કહ્યા. ફેર માત્રું કરે તો પ્રપંચી ને ? ઠલ્લે જઈ આવ્યા પછી ઈરિયાવહિયા કહ્યા, ફરી ઠલ્લે જાય તો માયામૃષાવાદી ! ગૃહસ્થને પ્રતિક્રમણ ઈરિયાવહિયાનું રહેશે નહિ. છકાયનો આરંભ છે, છકાયનો મિચ્છા મિ દુક્કડં નહિ ને ? સ્થાવરનો મિચ્છા મિ દુક્કડં નહિ ? ઊઠયાની સાથે કરવાનો છે, ગૃહસ્થને એક દહાડો પણ એવું ન હોય કે પ્રતિક્રમણ ન થાય. શ્રાવક, સાધુ બંનેને દરરોજ પ્રતિક્રમણ કરવાનું. ન કરવાનું તેનો મિચ્છા મિ દુક્કડં ? શાસ્ત્રકારે માયામૃષાવાદનો ધંધો સોંપ્યો, રોજ પ્રતિક્રમણ કરવાનું કહ્યું. વાત શાસ્ત્રની સમજાય નહિ, વાત કે પ્રસંગને સમજ્યા વગર તેને બીજી બાજુ જોડી દે તેનું શું થાય ? પાપથી ડરતા રહેવું પણ પાપ થાય તેનો રોજ મિચ્છા મિ દુક્કડં દેવો. નિરર્થક—કર્યો છતાં દરકાર નહિ તે કુંભારનો મિચ્છા મિ દુક્કડં અહિં વિચારો. પોતાના કુટુંબકબીલાને માટે આરંભ થાય તે અર્થદંડ.

## કેવી યુક્તિથી કામ કઢાવ્યું

કાઠિયાવાડી ફેંટા, કોઈને એકનો એક છોકરો. તેના બાપે જરિયાનનો ફેંટા લાવી દીધો. ગોઠિયાને આ વાત ગમે નહિ. તેથી યુક્તિ

કરી અરે, આવો જભ્યું ફેંટો તારા બાપે લાવી આપ્યો ? કેમ ફાડી નાખતો નથી ? સામાયિક પ્રતિક્રમણ હોય નહિ. મરતઓ કેમ બાળવો ! ફરીને જળાશય નહિ. ઢોળીને બાળવી શકે. ક્રિયાથી બસેલીને પોતાની જોડમાં લેવા પાપ કર્યું પછી એના મનમાં એવું આવે કે ખોટું થયું, તેનું નામ ખોટું થયું. ખોટું નથી ફાડતો તેથી ખોટું નહિ માનવું ? થયેલા કાર્યને અંગે સારાનરસાનો વિચાર કરે એટલે અંતઃકરણનો અવાજ આવશે, ખોટું આવશે. જે પાપનું કાર્ય થયું તેને પાપનું કાર્ય સમજે, એ પછી, મિચ્છા મિ દુક્કડં ! પાપનું કાર્ય જે થયું તે પાપનું કાર્ય વિચારવું નહિ એમ કહેવું છે ? આખો દિવસ છયે કાયનો આરંભ કર્યો સાંજે ખોટું કર્યું, તે અવાજ તારે રોકવો છે ? આખો દહાડો ખોટું કર્યું ૩૬૦ છોકરા ડિકટેશન લખી લાવે છે. માસ્તર ખોટું કહીને ભૂલ કાઢે છે, ચોકડી મેલે છે. તે માસ્તરને કાઢી મૂકવો એમને ? જેટલી વખત ભૂલ પડે તો ચોકડી મેલવી પડે. તેથી ભૂલ ઓછી થશે. કેટલાક છોકરાને ભૂલ ઓછી થશે નહિ, મૂર્ખ હશે તેને 'મિચ્છામિ દુક્કડં' કરેલા પાપની ચોકડી મૂકીએ તે સહન થતું નથી. જેથી જોવું આગળ થી જોવું પાછળ, જેમ પેલા ભાઈબંધોને ફેંટો ફડાવવાનો મુદ્દો હતો તેમ.

નિંદા કરી તે અજીરણ હવે મૂળ વાત પર આવો ! તે સમકુજ પોતાનો વાંક દેખે છે ખોદણી કરે તેમાં પોતાનો વાંક, ળખો નાંખ્યો તેમાં પોતાની નિંદા. હાથ પકડીને ખાતાં રોકે છે, મય પોતાની નિંદા કરે છે. ચારે તપસ્વિતાના અજીરણમાં 'હું આમ હું છું' તે અજીરણ. તું કરતો નથી તે ખોટું એ નિંદા તે અજીરણ. મંભેદભૂત ભાવનાને અંગે પોતાને એ વિચાર થવો જોઈએ કે— નિર્જરાનો અર્થી, સમ્યગ્દર્શનાદિનો અર્થી છતાં હું છું જમીન પર. ભણવા માટે ધૂળિયા નિશાળમાં બેસવું પડે. હું સંવરનિર્જરાની ધૂળિયા નિશાળમાં બેઠો છું, મોટા કોલેજીઅન સ્કોલર તરફ આદર સત્કારવાળો હોવો જોઈએ.

## ત્રણ પ્રકારની ભાવના

દાન, શીલ, તપ અને ભાવના, તેમાં ભાવ કોનું નામ ? સમ્યગ્દર્શનાદિ ત્રણ રત્ન છે, મેળવવા ભાગ્યશાળી છે. **આ ત્રણ રત્નને ધારણ કરનારાની અદ્વિતીય ભક્તિ તેનું નામ ભાવના.** દાન દેવાનું તે આ ભાવનાએ. તપની પ્રવૃત્તિ નિર્જરા માટે. મૂર્ખ હોય તો ગદ્ધાવૈતરું કરીને પેટ ભરે. અસંખ્યાત ગુણશ્રેણિએ ચઢેલા તેના બહુમાનપૂર્વક તપ કરે. જે તપ આવું હોય તે તપ ભાવવાળું કહેવાય. અસાધારણ ભક્તિ. શીખવામાં રસ લાગે તે વખતે માબાપ 'ના જઈશ.' કહે છતાં જાય તેમ લક્ષ્ય ત્રણ રત્નનું થવું તે પહેલી ભક્તિ, લક્ષ્ય થયા પછી હું તો માત્ર શીખવા બેઠો છું, લોટો ભાવવો મારું કામ નથી. દુકાનના ઘરના તમામ કામ કરવા પડે છે. નિર્જરાની નિશાળમાં શીખવા બેઠો તેમાં બધું કરવું પડે. (૧) રત્નત્રયધરની ભક્તિ, (૨) અને તેનું દરેક કાર્ય કરવું આ બે ભાવના ભેદો, (૩) આ બે છતાં રખેને વસ્તુ ફરી જાય, તેથી સંસારજુગુપ્સા, દરિયા જેવા ભયંકર સંસારથી ઉદ્ધરી શકું તો આ મહાનુભાવોની કૃપાથી. તેથી સંસાર તરફ ઘૃણાભાવ નામનો ભેદ ધર્મનો છે. તે બોલ્યા કરીએ છીએ પણ તેનું સ્વરૂપ, તે તરફ લક્ષ નથી. તેવી રીતે સમ્યક્ત્વનો જે ભાવ તે ભાવ ન હોય તો સમકિત કહેવાય નહિ. તે ભાવ સમકિત સાથે હોવો જોઈએ. એ ભાવના કઈ ? મૈત્રી પ્રમોદ, કારુણ્ય, અને માધ્યસ્થ, આ ચાર ભાવના સમ્યક્ત્વના ઘરની. "**परहितचिंता मैत्री**" પોતાના સિવાયના જેટલા જીવો છે તેટલાનું હિતચિંતવન. આ સમ્યક્ત્વની ભાવના, ત્રીજી વૈરાગ્ય ભાવના, જગત્ અનિત્ય છે, અનાદિ કાળથી જીવને એકલા સંસારમાં રખડવું પડે છે. ત્રણ પ્રકારની ભાવના થઈ. ધર્મની ભેદભૂત ભાવના, સમ્યક્ત્વની ભાવના અને વૈરાગ્યની ભાવના.

## સંપૂર્ણ સાધનનો ઉપયોગ ન કરે તો સાધનનો દુરુપયોગ

સકલ જગતના જીવોનું હિત કરું તે મૈત્રી ભાવનામાં થવું

જોઈએ. જ્યાં ગણધર મહાવીર પાસે પ્રતિબોધ પામીને, પ્રવ્રજ્યા પામે ત્યાં જગતને શુભ માર્ગે લાવવાનો વિચાર થાય તેમાં નવાઈ શી? જેનામાં શક્તિ ન હોય તે એકલો ભાવના રાખીને બેસી રહે. ગણધરનામકર્મનો ઉદય થયો. આ મહાત્મા શક્તિવાળા છે. ક્ષયોપશમ થયો, ચારે જ્ઞાન થઈ ગયાં. હવે પરોપકારમાં ખામી શાની રાખે? સાધન મળ્યું, ભાવના હતી, હવે કાર્યમાં ખામી શી રહે? ચૌદ પૂર્વો, મહાવિદેહના સોળ હજાર ત્રણસો ત્યાસી હાથી જેટલી રૂશનાઈએ લખાય તેટલું, આવું પિંજણ કરવાનું કામ શું હતું? બે વાક્ય કહી દેવા હતા, બસ હતું. સંપૂર્ણ સાધન મળ્યું તેનો ઉપયોગ સકલ લોકને માટે કરવો નિર્જરા, જ્ઞાન, દર્શન, ચારિત્રના જેટલા સાધનો તેટલા ગૂંથી નાંખ્યાં. વૈરાગ્ય વગેરેના સાધનો ભેળા કર્યાં છે. સાધનસંપન્ન થયા તેનો આખાનો ઉપયોગ કર્યો તેને અંગે ચૌદ પૂર્વો એ બારમું અંગ છે. બાલ, મધ્યમ બુદ્ધિવાળાના બોધ માટે અગિયાર અંગો કર્યાં. બધી શક્તિનો ઉપયોગ જગતના હિતને માટે કરવો પડ્યો. અન્ય મત માટે વિભંગ સુધીની માન્યતા છે, તે તેર રાજલોકની. પાંચ અનુત્તર સિવાય બધે વિભંગનો સંભવ. નવમા ગ્રૈવેયક સુધી મિથ્યાત્વ સંભવિત. તેર રાજલોકના મિથ્યાત્વમાં જેટલા સળા તે બધા કાઢવા. તેર રાજલોકનો– વિભંગનો સળો કાઢવો. જરા ઓછાશ રહે તો સાધનનો દુરુપયોગ કર્યો. જગતના જીવોને મિથ્યાત્વથી બચાવવા માટે, સમ્યક્ત્વ પમાડવાને માટે ચૌદ પૂર્વો, બાર અંગ કરવાની પહેલી ફરજ. પ્રતિબોધ, પ્રવ્રજ્યા પામવાની સાથે રચવાની પહેલી ફરજ. એ અગિયાર અંગોથી અત્યારે આપણે માલદાર છીએ. બાદશાહના ભંડારમાંના કચરાથી કોટિધ્વજ બનાય છે. અગિયાર અંગ એ બાલ અને મધ્યમ બુદ્ધિ માટે કરવામાં આવેલા, તે પણ ભણતાં મુશ્કેલી પડે છે. આમાં હજી ગતિ થતી નથી, તો પેલું ક્યાં પારખવું? **આચારાંગ** આચાર પ્રધાન, **સૂયગડાંગ** વિચાર પ્રધાન, ઠાણાંગ વર્ગીકરણપ્રધાન. **સાંખ્યોના આખા મતની જડ અવ્યક્તપણામાં**–જિનેશ્વરના

શાસનમાંથી **સાંખ્ય મતની શેર** નીકળી. તે શેર સૂકાઈ ગઈ. મરીચિમાં રહી. આસુરીમાં કંઇ નહિ. કપિલ અજ્ઞાન તપસ્યાએ દેવલોક ગયેલો. તેણે કહ્યું. દેવતા દેખાડીને ચાલ્યો ગયો. દુનિયાને શી રીતે દેખાડવું? વાત સાચી છતાં દેખાડી શકાય નહિ. સાંખ્યના આખા મતની જડ અવ્યકત-પણામાં રાખવી પડી. અવ્યકતપણાથી આખો મત ઉપાડવો પડ્યો. તેવી રીતે નૈયાયિક, વૈશેષિક. જૈન મતનો નિર્મળ પ્રવાહ ચાલતો, છતાં પહેલા એ લોકોને ઈશ્વરને કર્તા માની લેવાની ફરજ પડી, તેથી આખો તત્ત્વવાદ ખસેડવો પડ્યો. જૈન મત માનવા જાય તો કર્તાપણું ચાલે નહિ એટલે સત્યવાદ માન્યો, મંજૂર કર્યો નહિ. છે ખરો, મારે કબૂલ નહિ. કર્તાવાદમાં કેમ આવવું પડ્યું, તેથી તત્ત્વવાદમાં વાંધો કેમ પડ્યો તે અગ્રે.

---

# વ્યાખ્યાન ૫૬

## આત્મીય ચીજમાં દુનિયા લે ત્યારે સંતોષ, જાણે ત્યારે અસંતો૦

શાસ્ત્રકાર મહારાજા સુધર્માસ્વામીજી ગણધર મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે શાસનની પ્રવૃત્તિને માટે, શાસનના હિતને માટે મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે જ્યારે પ્રતિબોધ પામ્યા ને પ્રવ્રજ્યા પામ્યા. દરેક પ્રતિબોધ પ્રવ્રજ્યા પામનારાની ભાવના વિનિયોગભેદની અપેક્ષાએ સર્વને તે તે જીવોની સ્થિતિ માફક પોતાને મળેલી અપૂર્વ ચીજ દેવાની થાય. શાસ્ત્રને અંગે વિચારીએ તે સિદ્ધર્ષિગણી ઉપમિતિમાં કહે છે, કથામાં તત્ત્વ એ છે કે મને મળેલું બીજાને કેમ દઉં એ ભાવના થાય. અન્ય ગ્રંથકારો મોટા હોવાને લીધે તેમના કરેલા ગ્રંથો દુનિયાને ઉપકાર કરનારા થાય, પણ હું રાંક, મારો ગ્રંથ લે કોણ? તો મને ઉપકાર કરવાનો વખત આવે નહિ. તે માટે આ ઉપમિતિનું ચોકઠું કરીને જ્ઞાન દર્શન અને ચારિત્ર ગોઠવીને મારા નામે લો એમ કહું. ધ્યાન રાખવું કે જેને મળ્યું છે

તેની પહેલી દાનત એ થાય કે જગતને દઉં. જગતમાં બહારથી મળેલું હોય તેમાં દુનિયા જાણે ત્યારે સંતોષ થાય છે. દુનિયા લે ત્યારે સંતોષ થતો નથી. આત્મીય ચીજમાં દુનિયા લે ત્યારે સંતોષ, જાણે ત્યારે અસંતોષ. તમારામાં ગુણો છે તો તેની પ્રશંસાથી અધોદૃષ્ટિ, પણ જે જીવ તેના ગુણવાળો હોય, ગુણની પ્રશંસા કરે ને ગ્રહણ કરે તો ઊર્ધ્વદૃષ્ટિ. જગતથી ઉલટું વખાણવામાં આવે ત્યારે અધોદૃષ્ટિ, દેવામાં ઊર્ધ્વદૃષ્ટિ. કારણ દુનિયામાં દેવામાં ઘટવાનો ભય છે ત્યારે અહીં દેવામાં જ વૃદ્ધિ. જેમ દે તેમ વૃદ્ધિ. સંભવિત શી રીતે? લેવામાં વધે તે તો સિદ્ધ છે, દેતો જાય ને વધે તેનો સંભવ નથી. જરા વિચારો! બીજાને ઉપકાર થાય તે બુદ્ધિએ દે છે તે બુદ્ધિએ સમ્યક્ત્વ ભાવનાને વધારે કે નહિ?

## પાપ કર્યાં હોય તો પણ દુઃખી ન થાય એ અંતઃકરણમાં હોવું જોઇએ

સમ્યક્ત્વની ભાવનામાં સમ્યક્ત્વ પામ્યાની સાથે કઇ ભાવના હોવી જોઇએ? **मा कार्षीत् कोऽपि पापानि** કોઇ પણ જીવ પાપ કરો નહિ એ વિચાર આવ્યા પછી એક મોટું નુકશાન થાય છે. શું? નીતિને સમજવી, ન્યાયને સમજવો મુશ્કેલ છે, પણ ન્યાય સમજાય, ત્યાં અન્યાય ઊભો થાય છે. અન્યાયી, કે અનીતિવાળા ઉપર દ્વેષ થાય, અંગારા વરસે છે. નીતિને, ન્યાયને સમજનારો ન હોય તેને દ્વેષ ન થાય. એક માણસ સાચાજૂઠાને સમજે છે. તેની આગળ જૂઠું બોલી તો જુઓ એની આંખો, શરીરની સ્થિતિ. અહીં જોડા રોજ મેલતા હોય તે વખતે લઇ જતો પકડાય તો મારો, ઠોકો! તેમ અહીં એવું થઇ જાય નહિ. '**मा कार्षीत् कोऽपि पापानि**' એ વિચાર આવ્યો. જગતનો કોઇ પણ જીવ પાપ ન કરો. મારે તો પાપ ન કરવું. જગતમાંથી અનીતિ અન્યાયની જડ કાઢી નાંખું એમ થાય પણ તે જડ નીકળતી નથી. પરિણામ એ આવે છે કે અનીતિ, અન્યાય કરનારા પર જુલમ વરસાવવાનું થાય છે. પાપ કરનારા તરફ જુલમનો વરસાદ

વરસાવવાનું થાય. નીતિ, ન્યાય રાખવા માટે, અનીતિ, અન્યાય દેખે ત્યાં એ પોતાની જેટલી સત્તા હોય તેટલી બજાવે. જે જે સમકિતી થયેલા હોય તે જગતમાં કોઈ જીવ પાપ ન કરો માને, પણ પાપ કરનારા ઉપર પોતાની બધી સત્તા બજાવે કે કેમ? સજા પોતાની ધારેલી કરે કે કેમ? પાપ દૂર કરવા માટે જોરજુલમ કરે કે કેમ? બીજી ભાવના જોડે ધ્યાનમાં રાખો. **'मा कार्षीत् कोऽपि'** એ ભાવનાનો દુરુપયોગ ન થાય માટે **'मा च भूत् कोऽपि दुःखितः'** કોઇ દુઃખી ન થાઓ. નીતિ, ન્યાયને ધ્યેય કરી દે. પછી નીતિ, ન્યાયના નામે કેર વર્તાવવામાં બાકી ન રાખે, માટે પાપ, પુણ્ય સમજો! પાપથી દૂર રહેવાની ફરજ છે તે સમજો! એક વાત ધ્યાનમાં રાખજો. **'मा च भुत् कोऽपि दुःखितः'** પાપ કર્યા હોય તે પણ દુઃખી ન થાઓ એ તમારા અંતઃકરણમાં રહેવું જોઇએ.

**કર્મ તોડવાથી ધર્મ મળે ધર્મ મળવાથી કર્મ તૂટતાં જાય**

પાપ કરવાનું ફળ તો મળવાનું. કર્મ વિપાક થકી ભોગવવા પડે તે નિયમ નથી. કર્મ ફળ તરીકે ભોગવવા પડે તેમ રાખીએ તો દુનિયાના ધર્મોને દરિયામાં જવું પડશે. પાપ કરે, ફળ ભોગવે તો ધર્મ પામવાનો વખત ન આવે. ધર્મ જેવી ચીજ દુનિયામાં ન રહે. ધર્મ જો કર્મને તોડી શકતો હોય, દુર્ગતિને વારી શકે તો ધર્મ. પાંચ રૂપિયાની ચોરી કરે તો પચીસ પચાસનો દંડ કરે. જ્યારે આત્મા સમજે ત્યારે જ પત્તો ખાય. સમજણ ન હોય તો ફેર રખડો. ગોશાલાએ એક ભવની ખરાબી કરી તેથી રખડ્યો. કર્મ તોડવાથી ધર્મ મળે. ધર્મ મળવાથી કર્મ તૂટતાં જાય. કર્મની નિર્જરા ન માનીએ તો ધર્મનું વધવું, ધર્મની પ્રાપ્તિ બને નહિ. કરેલાં કર્મો ભોગવવાં જ પડે આવો નિશ્ચય નથી. જે વિપાકથી ન વેદાવે તે ધર્મ. જેને પ્રશસ્ત ભાવના, તપસ્યા કે ધર્મ વગેરે નથી તેને ભોગવવું જ પડશે. સમ્યગ્દૃષ્ટિને એ વિચાર થાય કે એ ભોગવે નહિ, અને દુઃખી ન થાય.

## ધર્મ શબ્દથી રહેલું શું છે ?

અઢી અક્ષર જેને અંગે ગણાયા તેની તાકાત છે. અઢી અક્ષરથી વાચ્ય કયો શબ્દ ? અમુકને અમુક ધર્મ કહે છે. મુસલમાનો, જૈનો કોને ધર્મ કહે છે ? ધર્મ શબ્દથી રહેલું શું છે ? વાચ્ય વિચારીએ. પરલોકમાં હિત થવાની બુદ્ધિથી જે નિર્મળ ભાવનાઓ, અનુષ્ઠાનો આત્માને થાય તે ધર્મ, તેમાં દુર્ગતિ વારવાની શક્તિ છે કે નહિ ?

## ભાવનાનો દુરૂપયોગ થતાં અવગુણવાળા ઉપર દ્વેષ આવે.

હવે મૂળ વાત પર આવો. જેમ નીતિ ઉપર વધારે રાગ હોય તેમ અનીતિવાળા ઉપર આંખમાંથી અંગારા વરસે. '**मा कार्षीत्**' એ ભાવના આવી. પાપ ભયંકર છે આવી ભાવના આવી. એનો દુરુપયોગ થાય ત્યારે પાપ કરનારાનો જાન કાઢી નાખું ત્યાં સુધી ભાવ આવી જાય. કષાયમાં દ્વેષનું પ્રશસ્તપણું અવગુણ ઉપર, અવગુણી ઉપર નહિ. અવગુણી ઉપર દ્વેષનું પ્રશસ્તપણું રાખ્યું નહિ. મિથ્યાત્વવાળા, અવિરતિવાળા તેના ઉપર દ્વેષ કરવો તેનું નામ પ્રશસ્ત દ્વેષ નથી. મિથ્યાત્વ ઉપર દ્વેષ, સમજુ થયેલો સમજે છે. યુવરાજને રાજ મળશે એમ ધારીને નાના કુંવરની માએ ઝેર આપ્યું. જાહેર થયું, પેલી નાસી ગઈ. કેવલીને પૂછ્યું. મહારાજ એનું શું થયું ? મરીને નરકે ગઈ. ત્યારે યુવરાજ વિચારે છે કે આ ફક્ત રાજ્યના અધિકરણને લીધે, મને રાજ્યની ઈચ્છા થઈ તેને લીધે આ થયું. સળગાવનાર સંગ છે માટે છોડ ! ખરેખર ભાવનાનો દુરુપયોગ ત્યાં છે જ્યાં અવગુણવાળા ઉપર દ્વેષ હોય.

## मा कार्षीत् એ વાકયનો દુરૂપયોગ થતાં કર્મરાજાને આણનંદન આપવું પડે—

'**मा कार्षीत्**'નો દુરુપયોગ થયો તેથી દુનિયામાંથી દયા ઊડી જાય. દયા કોની ઉપર કરવાના ? દુઃખી ઉપર દયા કરો તો ખોટી. પહેલા ભવમાં ખરાબ કામો કરેલાં તેથી દુઃખી થાય છે. તે પાપો— હિંસા વગેરેથી પાપ બાંધેલાં તે ભોગવે છે. કર્મરાજાએ આપોઆપ

સજા દીધેલી છે. જે જે ગુનેગારો પાપી હોય તેણે પાપનું ફળ ભોગવવું જ જોઈએ તો ભાવદયાને દેખાવટો જ છે. જોડા ચોરનારને પકડે છે, મારે છે, કેસ ચાલે છે. ફોજદારને કહે. "સાહેબ છોડી મેલજો !" તો તે વખત ફોજદારનો પિત્તો કેવો થાય છે—ખસે છે! તું સજા કરાવવા અહીં લાવ્યો છે, કેસ કર્યો છે, હવે મને કહે છોડી મેલજો ! તું અન્યાયની સજા કરાવવા માગે છે. કર્મરાજા અન્યાયને પાપ કહે છે ત્યારે તું વચમાં પડે છે. ના, ના. શાની ના, ના ? તે વખત સજા કરનારને અભિનંદન આપવું પડે. કોર્ટે જોડા ચોર-વાવાળાને સજા કરી તો કહેવું પડશે, કોર્ટે બરાબર કર્યું. તેમ કર્મ-રાજાએ અન્યાય, અનીતિ, પાપ, હિંસા વગેરેની સજા કરેલી છે માટે કર્મરાજાને અભિનંદન આપો. 'मा कार्षीत्' એ વાક્યનો દુરુપ-યોગ થતાં કર્મરાજાને અભિનંદન આપવું પડે. જેઓ હિંસા વગેરે કરવાવાળા છે તેને શાબાશ કહેવું પડશે પણ તે અહીં નથી.

## જીવ શબ્દ માનવા તૈયાર પણ જીવનું સ્વરૂપ માનવા તૈયાર નથી—

ગુનાને ભૂંડો જાણવા છતાં જીવમાં લગીર દોષ નથી. રંગને લીધે ગ્લાસનું પાણી લાલ તેમ આ બધા જીવો અજ્ઞાન, મિથ્યાત્વ વગેરેવાળા દેખાય છે. સ્વરૂપે સર્વ જીવ સિદ્ધ સ્વરૂપ છે. જીવતત્ત્વની શ્રદ્ધા અહીં છે. મુસલમાનો 'રૂહ' કહીને જીવ માને છે. ક્રિશ્ચિયનો સોલ કહીને. કોઈને કોઈ શબ્દથી દરેક મતવાળા જીવ માને છે. જીવ શબ્દ માનવા તૈયાર છે. જીવનું સ્વરૂપ માનવાને તૈયાર નથી. કેવળ જ્ઞાન—દર્શનવાળો જીવ છે, જ્ઞાનાવરણીયે કેવળજ્ઞાન રોક્યું છે, કષાય ને દર્શન મોહનીયે માન્યતા બગાડી છે એવું માનવાવાળો કયો છે ? ઝળકતો પદાર્થ દેખે તો ત્રણ વર્ષનો છોકરો હીરો કહે છે, પણ હીરાનું સ્વરૂપ એ ત્રીસ, તેત્રીસે આવવું મુશ્કેલ છે. શબ્દ થકી ત્રણ વર્ષની ઉંમરથી હીરો શરૂ થયો છે પણ હીરાના સ્વરૂપથી હીરો સમ-જવો મુશ્કેલ પડે.

## અવગુણીનો દ્વેષ એ દયાનો દાવાનળ

જીવ શબ્દ તમામમાં છે. જીવના સ્વરૂપને ઓળખીને જીવ શબ્દ વાપરવો એ મુશ્કેલ. આપણે આપણને જીવ માનીએ છીએ. આપણને આપણા સ્વરૂપે જીવ ક્યારે માનીએ છીએ? કેવળજ્ઞાન, દર્શન, વીતરાગપણું છે માટે જીવ છે એમ કોણે ગણ્યું? જો પાપ કરનારો પોતે સ્વરૂપે ગુનેગાર હોય તો પછી જીવ તત્ત્વની શ્રદ્ધા નથી. સ્વરૂપે શુદ્ધ માન્યો તો ગુનેગાર કેમ બન્યો? છોકરું બહેકાવટને બહેકાવટ તરીકે સમજી શકે નહિ. કર્મરાજા બહેકાવ કરાવે છતાં અજ્ઞાની જીવો સમજી શકતા નથી, બહેકાવ્યા બહેકે છે, કર્મરાજા બહેકાવટ કરે છે. સ્વરાજની હિલચાલ કરનારને કેદમાં ન નાંખ્યા, મુખી મુખીને કેદમાં નાંખ્યા, તું પોતે જોઈ શકતો હોય ને પોતે નથી કરતો, બહેકાવટથી કરે છે તો બહેકાવનારને પકડે છે. પેપરમાં ઉશ્કેરનારને પકડે છે. ખૂન કરનાર કરતાં ઉશ્કેરનારને પકડે છે. તો અહીં '**મા કાર્ષીત્ કોઽપિ પાપાનિ**' એ વિચાર જો સદુપયોગવાળો થાય તો આત્માને કલ્યાણને રસ્તે જોડે. દુરુપયોગવાળો થાય તો ખુનામરકી ચલાવી દે. નીતિવાળો અનીતિવાળાને ઉડાવી દે તો નીતિનો દુરુપયોગ. અનીતિના રસ્તા દૂર કરવા તે સદુપયોગ. પાપ ઉપર દ્વેષ રહેતાં પાપી ઉપર દ્વેષ રહી જાય તો જુલમ થઈ જાય. પ્રશસ્તદ્વેષનું સ્થાનક એક અવગુણ, પ્રશસ્ત રાગના બે સ્થાનક, ગુણ અને ગુણી, જ્ઞાન, દર્શન અને ચારિત્ર ઉપર રાગ એ ગુણવાળા ઉપર રાગ. અવગુણી માટે કારુણ્ય અને માધ્યસ્થ ભાવ રાગદ્વેષ નામના હાર નહિ, છૂટવાના રસ્તા કરી દઉં, ન થાય તો માધ્યસ્થ–ઉપેક્ષા. અવગુણવાળાને અંગે દ્વેષ, રાગનો અવસર નથી, વિધિ નથી. કારુણ્યભાવનાથી દુઃખી ન થાય તેના ઉપાયો કરાય. અવગુણીને દ્વેષના વિષયમાં લાવી શકીએ નહિ, આવી જાય તો પ્રશસ્ત કરી શકીએ નહિ. રાગમાં બે–ગુણ ઉપર અને ગુણી ઉપર રાગ, એ બંને પ્રશસ્ત. અવગુણવાળા ઉપર રોષ થવો જોઈએ નહિ, ત્યારે દયા આવી શકે, દયા રહી શકે, પહેલા ભવના

અવગુણવાળા ન હોત તો કર્મ બાંધત શાના? દુઃખી થાત શાના? અવગુણીનો દ્વેષ એ દયાનો દાવાનળ. અવગુણ ઉપર દ્વેષ અને '**मा कार्षीत् कोऽपि पापानि**' એ બે ભેદ સમજવા જરૂરી છે.

## એ બે ભાવના તો લૌકિક, લોકોત્તર નહિ

ચોરી કરતાં પકડાયેલા-ચોરને રાજા પાસેથી ભેટણું લઇ જઇ જ્હેલામાં જ્હેલા છોડાવે છે. કયી દશા? **मा च भू कोऽपि दुःखित:** ભલે તે પાપ કરનારો હોય તે દુઃખી ન થાઓ. નારકીના દુઃખોથી કંટાળો છો, શા માટે? શા માટે ત્રાસ? એણે પાપો કર્યાં તે ભોગવે છે કે બીજું કાંઇ? પાપનું ફળ બેઠું માટે કાખલી ફૂટો. પાપનાં ફળ બેસવા જ જોઇએ એ સિદ્ધાંતમાં જાઓ તો પરમાધામી ઉપર ચિઠ્ઠી લખવી જોઇએ. જોડા ચોરનારને ચિઠ્ઠી લખાવીને સજા કરાવવા ગયા. તેમ જે જે જાનવરો છે તે પાપ કરીને આવેલા છે. તેને સજા કરજો! ગુનાનું ફળ મળવું જ જોઇએ તો એ બધું કરવું જોઇએ. કસાઇ પોતે પાપમાં પડી બીજાને પાપનું ફળ ભોગવાવે છે માટે એ તો પહેલા નંબરનો માનીતો! દયાને દેશવટો દેવો પડશે, કસાઇ, પરમધામીને અભિનંદનના કાગળો લખવા પડશે. જગતનો કોઈ પણ જીવ પાપ કરનારો હોય કે ન હોય તો પણ દુઃખી થાઓ નહિ. આ બે ભાવના સુધી લોકોત્તર દૃષ્ટિમાં આવ્યો નથી. પાપ કરો નહિ, કોઈ દુઃખી થાઓ નહિ. આ બે ભાવના લૌકિક છે.

## નાટકની ભૂમિમાં ચઢયાં કે વેશ ભજવ્યા વિના છુટકો જ નહિ–

લોકોત્તરની અસાધારણ છાયા કયાં? પાપથી દુઃખી થવું, આ બધી ભાંજગડ નાટકમાં છે. નાટકની ભૂમિમાં ચઢયા કે વેશ ભજવ્યા વિના રહેવાનું હોતું નથી. આમ ન કરવું તે કામ લાગે નહિ. વેષો ન ગમતા હોય તો નાટકની ભૂમિમાંથી હાથ કાઢી લેવો. ભૂમિમાં રહેશે ત્યાં સુધી પાઠ ભજવવો પડશે. જગતમાં પાપ થયા વિના રહેવાનું નથી. પાપ કરનારો કે ન કરનારો હોય ભલે વિચાર્યાં કરીએ પણ ભાવના એ હોવી જોઇએ કે આ બેથી બચે. કંટાળો આવ્યો

હોય તો તેને માટે એક જ રસ્તો છે. 'मुच्यताम् जगदपि' આખું જગત કર્મરહિત થઇ જાઓ, તો તેને પાપ કરવાનો પ્રસંગ નથી. નાટકની નોકરી છોડયા પછી વેષ લેવાનો નથી. આ ભવ કર્મરાજાની નાટકભૂમિ છે, તેનું રાજીનામું દઈ દીધું કે તેને પાપ કરવાનો ને દુઃખી પાઠ ભજવવાનો નથી. આખું જગત મુક્ત થઇ જાઓ. આ તો ભાવનાજને ! બનવાનું કાંઇ નહિ ને ! ખૂનીએ ખૂન કર્યું, સરકારે ફાંસીની સજા કરી. શહેરના ગૃહસ્થો ફાંસી રદ કરાવવા અપીલ કરે છે. શહેનશાહે રદ ન કરી તો પણ શહેરીઓએ શહેરી તરીકેની ફરજ બજાવી છે. શહેરીઓ ગુપચુપ જોઇ રહે તો ફરજ ન બજાવી કહેવાય. દયાને અંગે કેદી છૂટે કે ન છૂટે તો પણ શહેરીએ પ્રયત્ન કરવા જોઇએ.

## એ ભાવનાનુ નામ મૈત્રી

ભગતસિંહજીની બાબતમાં જાણતા હતા કે વળે તેવું ન હતું. છતાં પ્રયત્ન કરનારે કર્યો. ન બને તો પણ પોતાની ફરજ અદા કરી. સર્વ ભવ્ય જીવો મોક્ષે જવાના નથી. સર્વ જીવો મોક્ષને લાયક તો છે, પણ તેથી-લાયક હોય તેથી કાર્ય થઇ જાય તેમ નિયમ નથી. ભવ્ય છે તેથી જાય જ એ નિયમ નથી. જેમાં લાયકાત રહી છે તે બધા ભવ્યો છે. ભવ્યો બધા મોક્ષે જવાના નથી તો અભવ્યનું કહેવું શું ? ભવ્ય, અભવ્યપણા તરીકેની ફરજ નથી. આ ફરજ જીવપણા તરીકેની છે, તેથી જગત્ કહ્યું. ત્રસ, સ્થાવર બંને પ્રકારના છકાયના જીવો કર્મના પાંજરામાંથી છૂટી જાઓ, તેનું નામ મૈત્રી કહેવાય છે. કોઇ પણ પાપ ન કરો, કોઈ પણ દુઃખી ન થાઓ, આખું જગત્ કર્મરહિત થઇને મોક્ષ પામો આ ભાવના તેનું નામ મૈત્રી. આ ભાવના સુધર્માસ્વામીજીને પ્રતિબોધ, પ્રવ્રજ્યા પામતાની સાથે ઉલ્લસી હોય તો રસ્તા કરે તેમાં નવાઇ શી ? સાધન વગરના કરે શું ? પણ ગણધર મહારાજા સાધનવાળા. ગણધર નામકર્મ બાંધેલું તેનો ઉદય થયો તેની સાથે ચાર જ્ઞાન મળ્યા છે. તે જગતને મોક્ષના સાધનો મેળવી દેવામાં ખામી

રાખે શાના ? ચૌદ પૂર્વો ને અંગો નક્કી કરે છે. એક પણ ગણધર એ વિનાના નહિ. પહેલા ભગવાનના ચોરાસી, છેલ્લા ભગવાનના અગિયાર ગણધરો. સમ્યક્ત્વની સાથે જગતને તારવાની ભાવના આવવી જોઈએ. સાધનસંપન્ન જીવ પ્રયત્ન કર્યા વિના રહે નહિ. દરેકે દરેક ગણધર પ્રતિબોધ, પ્રવ્રજ્યા પામવાની સાથે ચૌદ પૂર્વો, આચારાંગ આદિ અંગ રચે તેમાં નવાઈ નથી. પ્રથમ આચારાંગમાં આચાર, સૂયગડાંગમાં વિચાર, અને ઠાણાંગમાં વર્ગીકરણ છે, ત્યાં પાંચ મહાવ્રતોમાં પ્રાણાતિપાતવિરમણ મુખ્ય છે.

## મરીચિએ સ્થાવરની વિરતિ માની નથી

સાંખ્યની ઉત્પત્તિની જડ મરીચિએ મર્યાદા મેલી એ છે. સ્નાન રહિત રહેવું સહન થયું નહિ. મરીચિને શાસન છોડીને પરિવ્રાજકપણું લેવું પડયું. સ્નાનરહિત ન ફાવ્યું. સ્નાનરહિતને લીધે જુદો પડેલો મનુષ્ય એ જુદો પડતાં શાને આગળ કરે ? આ વાતને ખ્યાલમાં રાખશો તો જણાશે કે સ્નાનને ધર્મ મનાવવાની વાતને મરીચિ સ્નાનના અભાવને લીધે કંટાળેલો, તેથી જૈન ધર્મમાંથી નીકળેલો છે. તેને અસ્નાનમાં ધર્મ બતાવ્યો પાલવે નહિ. તેને સ્નાનમાં ધર્મ, ધર્મ પોકારવો પડે. તત્ત્વવ્યવસ્થાની ખામી આવી ગઈ. ધર્મબુદ્ધિ સ્નાન કરવામાં આવી. ત્યારે તે મનુષ્યને હિંસા, જૂઠ વગેરે કર્મના આશ્રવો, પાણીના જીવો માન્યું પાલવે ખરું ? સ્નાનમાં ધર્મ માને તો પાણીમાં જીવો માન્યા પાલવે નહિ. સ્થાવરની દયા ઊડવા માંડી તેથી સ્થાવરને જીવમાંથી ખસેડયા. ત્રસના જીવોને માન્યા, મરીચિએ સ્થૂલ પ્રાણાતિપાતની વિરતિ માનેલી છે, પણ સ્થાવરની વિરતિ માની નથી, કારણ સ્નાનમાં ધર્મ મનાવવો છે.

## આગારધર્મ મરીચિનો, અણગારધર્મ નિર્ગ્રંથોનો

હવે એક વાતનો (કલ્પનાથી કહું છું) તેનો ખુલાસો થશે. કપિલે પૂછ્યું તમારામાં ધર્મ છે કે નહિ ? મરીચિએ કહ્યું; ત્યાં પૂરો છે, અહીં કંઈક છે. इत्थं पि इहं पि આવશ્યકની ટીકામાં

અભયગિરિજીએ કહ્યું છે; "ઋષભદેવજીના શાસનમાં સંપૂર્ણ ધર્મ છે." કયો ધર્મ ? અસ્નાન. અસ્નાનથી કંટાળેલો, અસ્નાનધર્મ છોડી દીધો, સ્નાનધર્મ પકડયો. તેઓ ઉત્તર દે છે કે અસ્નાનધર્મમાં સંપૂર્ણ ધર્મ છે ને સ્નાનધર્મવાળામાં પણ ધર્મ છે. અગારધર્મ મરીચિનો ત્યારે નિર્ગ્રંથોનો અણગારધર્મ.

## આખો ધર્મનો પ્રવાહ શબ્દમાં ફરી ગયો

**દૃષ્ટિ** એ જગતને ડુબાડે છે. પરિવ્રાજકોમાં શૌચધર્મ તરીકે આવ્યો. અસ્નાનથી કંટાળેલો સ્નાન કરવા લાગ્યો, સ્નાનને ધર્મ માનવા લાગ્યો. સ્થાવરની મર્યાદા મેલી દેવી પડી. જીવ વગેરે નવ તત્ત્વો માનવાં એક શબ્દમાં મુશ્કેલ પડયા. નવે તત્ત્વનું નખોદ વાળવું પડયું. શૌચ એ ધર્મ. પહેલાં હો, એમાંથી સ્નાન કરવું જોઈએ, એમાંથી શૌચધર્મ આવ્યો દયાને, હિંસા વગેરેને માનવાવાળા છતાં એ મૂળ નહિ સત્ય આદિ મૂળ ધર્મ નહિ શૌચ મૂળ ધર્મ કહ્યો. આખો ધર્મનો પ્રવાહ શબ્દમાં કેવો ફરી ગયો ! તત્ત્વવાદમાં ફરી ગયો ત્યારે એકદમ ચક્કર ફરી ગયું. પ્રાણાતિપાતવિરમણને અંગે કરાતી તાપ-શુદ્ધિ નિર્મલ હશે ત્યાં તત્ત્વશુદ્ધિ થાય. સાંખ્યને અંગે વિચાર કર્યો તેમ બધા મતોને અંગે વિચાર કરીશું. પ્રાણાતિપાતવિરમણમાંથી છુટકારો પામીને ખરાબી કરી અને તત્ત્વવાદમાં ટક્યા નહિ તે અંગે.

---

# વ્યાખ્યાન ૫૭

## દ્રવ્યક્રિયા ભાવક્રિયાને લાવનારી નહિ

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે જેવા પ્રતિબોધ પામીને પ્રવ્રજ્યા પામ્યા તેવા જ ભાવની અંદર વિનિયોગનો ભાવ કહ્યો હતો. '**भावोऽयं, अनेन विना चेष्टा द्रव्यक्रिया तुच्छा.**' પાંચમા ભાવનું આ નામ છે. ધર્મના ભેદ તરીકે ભાવને વખાણીએ તો ભાવમાં રત્ન-ત્રયીને ધારણ કરનારાની ભક્તિ, તેનું કાર્ય અને સંસારથી જુગુપ્સા

ત્રણ વસ્તુ જણાવેલી છે. વિરતિવાળો થાય, ક્રિયાકાંડમાં પ્રવર્તવાવાળો થાય ત્યારે આ ભાવ આવવો જોઇએ. જો આ ભાવ ન આવે તો ક્રિયા સફળ નીવડવી મુશ્કેલ પડે, ' ગોળ નાખો તેટલું ગળ્યું થાય.' આ ભાવ માત્ર મદદગાર છે એમ નહિ. આ ભાવ જો ન હોય–પાંચમો ભાવ જો ન હોય તો ચાહે તે પ્રવૃત્તિ કરવામાં આવે તો તે ક્રિયાને દ્રવ્યક્રિયા ગણવી. રોકડા ન આપ્યા તો ચિઠ્ઠી લખી આપી, તો તેમાં અસંતોષનું કારણ નથી. રોકડા આપે ને હુંડી લખી આપે તેમાં ફરક નથી. ભાવક્રિયા વર્તમાનકાળમાં ઝગઝગે, દ્રવ્યક્રિયા ભવિષ્ય કાળમાં ઝગઝગે. ભાવ થઈ ગયેલો અને તેની પહેલી અવસ્થા તેનું નામ દ્રવ્ય, પૂર્વકાળની અગર પછીની અવસ્થા તેનું નામ દ્રવ્ય. દ્રવ્ય થશે તો ભાવક્રિયાનું કારણ થશે, હરિભદ્રસૂરિ કહે કે–તુચ્છ અપ્રધાન આ દ્રવ્યક્રિયા ભાવક્રિયાને લાવનારી નહિ. કારણને અંગે દ્રવ્ય શબ્દ વપરાય છે. દેવલોકમાં હોય ત્યારે ને મોક્ષે ગયા ત્યારે તીર્થંકર દ્રવ્ય-તીર્થંકર કહેવાય છે. મુખ્ય વસ્તુ જેનામાં ન હોય તે દ્રવ્ય અનુષ્ઠાન. જેમ અંગારમર્દકાચાર્ય એ અપ્રધાન, દ્રવ્ય આચાર્ય છે, કારણ કે હંમેશા અભવ્ય છે, અપ્રધાન એટલે આચાર્ય તરીકે વ્યવહાર છે પણ આચાર્યપણું આવ્યું નથી, આવશે નહિ. પ્રણિધિ વગેરે ભાન વગરની ક્રિયાઓ દ્રવ્યક્રિયા, તુચ્છ, અપ્રધાન ક્રિયા. દરેક ધર્મ કરનાર ચાહે તો સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે, દેશવિરતિ કે સર્વવિરતિ કરે તેમાં પ્રણિધિ, પ્રવૃત્તિ વગેરે પાંચ વસ્તુ ન આવી હોય ત્યાં ક્રિયાનું તુચ્છપણું

## વાદળ શ્યામ ત્યારે પરિણામ ઉજળા

ગીતાર્થ એવા કે જેને અંતર્મુહૂર્તમાં પૂર્વોની ઉથલપાથલ કરવાની શક્તિ આવી છે. એવી સ્થિતિના મનુષ્યોના ફક્ત ઉત્કર્ષની ઈર્ષ્યા કરવી તો દૂર રહી પણ ઉત્કર્ષનો શબ્દ કહ્યો કે મિથ્યાત્વ ને સ્ત્રીગોત્ર બાંધ્યું. ભરત ને બાહુબલજી પહેલા ભવે બાહુ, સુબાહુ હતા. એવા ગીતાર્થ, લબ્ધિવાળા જ્ઞાન વગેરે વાળા કે જેનુ વર્ણન વાંચતા થઈ જાય કે ગીતાર્થપણાની ઊંચી સ્થિતિ નથી. કર્મનિર્જરા કરવી તે સિદ્ધાંત. અરબસ્તાનમાં

ઝવેરીનો રસોઈઓ થઈને જાય તે હજાર, બે હજાર લઈ આવે. જ્ઞાનીનો ભક્ત થઈશ તો મારું કામ થઈ જશે. સ્વયં જ્ઞાન ન કરી શકું તો જ્ઞાનીની ભક્તિ કરું એમ ધારીને બાહુ સુબાહુ વૈયાવચ્ચ કરે છે. વૈયાવચ્ચના લાભ તરીકે વૈયાવચ્ચ હોય તો કાયાથી બની શકે તેટલાનું કરવું છે. સંઘાડામાં પાંચસો સાધુ છે, સરખી વૈયાવચ્ચ પહોંચંપી. કોઈ પ્રસંગે આચાર્ય મહારાજે વાત કરતાં વૈયાવચ્ચવાળાના વખાણ કર્યાં સારા છે. તેને લીધે સાધુઓની ભક્તિ થવાથી નિરાંત. જ્ઞાન, ધ્યાન, ભક્તિ વગેરે થાય છે. ઇર્ષ્યા અવળી ચીજ છે. વાદળ શ્યામ ત્યારે પરિણામ ઉજળા. કાળા એટલે વરસવાવાળા. વરસાદ વરસવાનો તેથી સંતોષ. જેનામાં ઇર્ષ્યા દાખલ થાય છે તેનામાં ઉલટી રીતિ દાખલ થાય છે.

## પીઠ અને મહાપીઠ–

પીઠ અને મહાપીઠ પ્રશંસા સાંભળીને બળી ગયા. બાહુ અને સુબાહુની પ્રશંસા કરી આચાર્યે, તેથી પીઠ, મહાપીઠ બળી ગયા. પીઠ મહાપીઠ બળી ગયા. પીઠ, મહાપીઠ ભણતા હતા. મનમાં આણ્યું 'કરે તેને સૌ ગાય' આટલું જ પોતે ધાર્યું છે. '**कार्यकृन्मान्यो जनः**' કરતો હોય તેને વખાણે. આમાં મિથ્યાત્વ, સ્ત્રીવેદ બાંધવાનું કઈ જગો પર? આ વાક્યને વિચાર્યું છે. પીઠ, મહાપીઠ આ વિચારની સાથે મિથ્યાત્વ ગુણઠાણે ગયા, સ્ત્રી વેદ બાંધ્યો. પહેલાં તો એ મુદ્દો ખસ્યો કે ગુણને ગુણરૂપે વખાણ્યા તે ખમાયા નહિ તેથી મિથ્યાત્વ.

## ગુણવાનની પ્રશંસા કરે તો દર્શનાચાર ટકે,

અરિહંત મહારાજા જેને ગુણવાળા માને તેનો ગુણ ખમાય નહિ, કે વૈયાવચ્ચનો ગુણ પોતે વખાણવો જોઈએ તે ન વખાણે તો અતિચાર. ઉવવૂહથીરીકરણે. ઉવવૂહ–ઉપબૃંહણા, ગુણવાનની પ્રશંસા કરે તો દર્શનાચાર ટકે, ગુણવાનની પ્રશંસા ન કરે તો દર્શનનો અતિચાર આવે. વૈરાગ્યની વાત ચાલી તેમાં વૈરાગી કોણ થાય? મોક્ષને સમજાવ

વળગેલો તે અનંતકાળ રહેનારી ચીજ મેળવવા માગે છે. આ લોકોનો રાગ પાંચ, પચાસ કે સો વર્ષનો. બૈરી છોકરાનો ક્રોડ પૂર્વ સુધી. તમારે અનંતકાળનો મોક્ષ લેવો છે. સંયમ ઉપર રાગ મરી જાઉં તો ન છોડું. કર્મના ઉદયે થયેલો રાગ ભવમાં ભટકાવનાર છે માટે રાગી. મોક્ષનો રાગ નિર્જરા કરાવનાર છે તેથી વૈરાગી. ગુણવાનને અંગે વખાણ ન થાય તો સમ્યક્ત્વમાં દૂષણ. ઈંદ્રમહારાજ દૂર બેઠેલા, અહીં ગુણ હોય તો ત્યાં સભામાં વખાણે. શ્રેણિક મહારાજનું ક્ષાયિક સમ્યક્ત્વ, તેનું ઇંદ્રસભામાં વખાણ કરે. દેવતા પણ તેને નમસ્કાર કરે. શા માટે? ધર્મવાળાને નમસ્કાર ન કરે તો દેવતાનું અટકી રહે! ગુણની પ્રશંસા કરે તો જ સમ્યક્ત્વ ટકે. આજકાલ ગુણને ગુણ માનવામાં વાંધો નથી. ધોળી સાઇડ દેખવી તેમ કાળી સાઇડ પણ દેખવી, કાળીના નામે ધોળી સાઈડ કાઢી નાંખવી એમ જુવાનિયા કહે છે. ગુણને લઈને જોડે અવગુણ મેલીએ ગુણનો મહિમા ઓછો કરવા. કાગડાને ચાંદું જ દેખાય. શરીરમાં સારૂં હોય તે ન દેખાય. અજ્ઞાની હોય તો પણ તેની તપસ્યા વખાણવામાં ગયું શું? બ્લેક સાઇડ લઈએ તો આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ પણ! વંદન કરવાને લાયક રહે નહિ. ઘણા ભાગે ઘાતીકર્મવાળા હોય, નમીએ તો ક્ષીણકષાયવાળાને! પ્રમત્તપણું એ બ્લેક સાઇડ છે. તપસ્યા કરવાવાળો છે, અજ્ઞાની છે એની વાત ચાલે છે. સાધુ શુદ્ધ છે, તપસ્યા કરે છે, પણ બિચારો જ્ઞાની નથી. મૂળ ગુણ વિનાનો મુખ્યતાએ સાધુ નહિ; મહાવ્રતવાળા સાધુની પ્રશંસા વખતે અજ્ઞાનતાનો ધ્વજ ઊભો કર્યો. માસખમણની તપસ્યાના વખાણ કરો, સારણાવારણા કરો તેમાં તેના આહાર વગેરેના વિચાર ખસી જાય. તપસ્યા વિનાના વિકથા કરે તેના ઉપર દૃષ્ટિ જતી નથી. આની તપસ્યા આગળ આવી. એ લોડવું છે. વિકથાની વાત આગળ કરી તપસ્યાની વાત ઉડાવવી છે. ભરત, બાહુબલજીને બાહુ સુબાહુના ભવમાં વૈયાવચ્ચની પ્રશંસા થઈ.

## મિથ્યાત્વની સાથે ઇર્ષ્યા—

કરે તેને ગાય એમ પીઠ, મહાપીઠને લાગ્યું. ત્યારે આચાર્ય એ લાઇન બહારના મનુષ્ય થઇ ગયા, એમની અપેક્ષાએ આચાર્ય ગુણના પ્રશંસક નહિ, કયું તેના પ્રશંસક, સ્વાર્થના પ્રશંસક ગણી લીધા. ગુણપ્રશંસા કરવી તે પોતાનો આચાર, તેના ઉપર મીંડુ મેલ્યું. તેની સાથે નિંદા શરૂ થઇ. આચાર્ય મહારાજને સાધુપણાની લાઇનમાંથી દૂર માન્યા. એમના મુદ્દા પ્રમાણે આચાર્યે ન વખાણવા લાયકને વખાણ્યા. પીઠ, મહાપીઠના મુદ્દા પ્રમાણે અનુમોદન તે સમ્યક્ત્વનો રસ્તો, પણ ગુરુગુણ ન હતો છતાં અગુણીને અનુમોદનારા, તેથી ગુરુને મિથ્યાત્વી માન્યા. એના ગુણની પ્રશંસા ન થાય તેમાં રાજીપો. પીઠ મહાપીઠનો પ્રયત્ન ચાલે તો રોકી પાડે. પ્રશંસા ન રોકાય ત્યાં સુધી પ્રયત્ન હોય. વૈયાવચ્ચ કરનારાને વખાણ્યો એટલે "પોતાનું કરે છે તેનું ગાય છે" આ દૃષ્ટિ આત્માની પરિણતિને બગાડે. શાસ્ત્રકારે મિથ્યાત્વના ગુણઠાણે પટક્યા તેમાં વાંધો નથી. મિથ્યાત્વની સાથે ઇર્ષ્યા—"એ કેમ વખાણાયા"? એ ઇર્ષ્યાના પરિણામમાં ક્યાં ઊતરે? કોઇ પ્રકારે એ ન વખણાય તો ઠીક થાય. સ્ત્રીગોત્ર બાંધે એમાં નવાઇ શી? બીજાના જ્ઞાનાભ્યાસ, ચારિત્રપ્રાપ્તિ ગુણને અટકાવવા માટે વિચાર જે વખત થાય, તે વખતે આત્માની દશા કયી? એને દ્રોહબુદ્ધિ કહેવી કે નહિ?

## હું વધું, જગત્ વધે ત્યાં વિનિયોગ ટકી શકે—

ભગવાનના માર્ગનો ઇજારો કેવી રીતે લે છે? પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય વગેરે ભાવ છે. નિર્ધન શ્રાવક સાધુઓની ભક્તિ કરવામાં શું કર્યું? પોતાને ત્યાં હોય તે દે, બીજાને ત્યાં હોય તો ત્યાં લઇ જઈ સાધુઓને સંયમ પાલનમાં મદદ કરે. એમને સંયમ ક્યાં છે? સંયમ નહિ છતાં સાધુને સંયમપાલનમાં મદદ કરી શક્યા ન હોય તે આપી ન શકે. પોતાને મળ્યું એનો ગુણ જો જાણવામાં આવે તો "હું વધું, જગત્ વધે" ત્યાં વિનિયોગ ટકી શકે. એ હોય તો

ધર્મને ભાવક્રિયા તરીકે ગણી શકે. કોઈ મુસાફરે પાણી પીધું. "**મૈં પિયા, બેલને પિયા, અબ કૂવા ભલે પડો**" એ ભાવવાળા વિનિયોગમાં ન આવી શકે. તેવાની ક્રિયા તુચ્છ ક્રિયા કહેવી પડે. ગણધરને પ્રતિબોધ, પ્રવ્રજ્યા પામતાની સાથે આખા જગતના જીવો ધર્મ પાળી શકે, વધારી શકે, મોક્ષ મેળવી શકે તેવી વસ્તુ ઊભી કરી દઉં એમ થયું. એને માટે ચૌદ પૂર્વો, અગિયાર અંગોની રચના કરી. જે જેવી રીતે સમજે તેવી રીતે તેને માર્ગમાં લાવવો. ગાંગલિ વગેરેને પ્રતિબોધ કરવા ગૌતમને મોકલ્યા. ઈદ્યનના પ્રતિબોધ માટે બારસો માઇલ ગયા. એક માણસની દીક્ષા માટે આટલા માઇલ!

## તીર્થંકરને એકલા પરતારક ગણ્યા છે—

ઉત્તમ ને ઉત્તમોત્તમમાં ફરક કયો? જે પોતે કૃતાર્થ થઇ ગયા હોય, જેને કાંઈ લેવું દેવું ન હોય તેવા છતાં બીજાને કૃતાર્થ થવા માટે ઉપદેશ દે તે ઉત્તમોત્તમ છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુને ઉપદેશ દેતાં સ્વપર, ઉભય તારક ગણ્યા છે. તીર્થંકરને એકલા પરતારક ગણ્યા છે. પોતે તરી ગયા છે તેથી પોતાને તરવાનું નથી. જ્યારે આપણે તો પોતે નિર્જરા કરી આત્માને ચઢાવવાનો છે. અનુગ્રહ બુદ્ધિથી બોલવાવાળાને પણ ધર્મ કરવો છે. કેવળજ્ઞાન થયા પછી યોગનિરોધ કરવાનો વખત આવશે ત્યાં સુધી તેરમું ગુણઠાણું. વગર મળ્યે જહેમત ઉઠાવે, મળ્યા પછી બીજાને આપવા મથે તે કૃતકૃત્યપણું. સૂર્યનું દૃષ્ટાંત. સ્વભાવથી સૂર્ય જગતમાં પ્રકાશે છે. સૂર્યને કાંઇ લેવાદેવા નથી, તેમ તીર્થંકરને ઉપદેશ કરીને કાંઈ લેવું નથી. તીર્થંકરનો સ્વભાવ છે કે પોતે સંપૂર્ણ પામ્યા, જગતને સંપૂર્ણ પમાડવા માટે પ્રયત્ન કરે છે. બીજાના આત્માને ચઢાવવાને કટિબદ્ધ થાય તે વિનિયોગભાવ. તેજ ભાવનાને અંગે ગણધરે પ્રતિબોધ, પ્રવ્રજ્યા પામતાની સાથે પહેલા પૂર્વો, અંગો રચી દીધા. કારણ? દુનિયા દુઃખ ટાળવાની ક્યારે? જ્યારે પોતે દુનિયામાં પ્રવર્તે ત્યારે. કાંટાથી બચવાનો ક્યારે? કાંટા વિનાની જગ્યાએ જાય. અજવાળું

થયા વિના કાંટાના માર્ગથી બચવું કેમ? આશ્રવના માર્ગથી બચે ત્યારે કલ્યાણ થવાનું. દ્વાદશાંગીની રચનાથી આશ્રવ, સંવરનું ભાન થાય છે. હેમચંદ્રસૂરિ કહે છે કે જૈનશાસનમાં આટલા ગ્રંથો, આટલા સૂત્રો છે, અહીં બે અક્ષર છે. "**आस्रवः सर्वथा हेयः उपादेयश्च संवरः**"॥

## તેઓએ તો સંસારને અંગે લાલબત્તી જણાવી

"**इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रपञ्च**" આ મુષ્ટિ–જ્ઞાન છે, શાસ્ત્રો આનોજ વિસ્તાર છે. આશ્રવ અને સંવરને ભેદ પ્રભેદ સાથે સમજશે તો જ છાંડશે, આદરશે. ખાડાની આગળ દીવો મેલી દેવો. સડક ખોદે ત્યારે વળી બાંધે, છતાં વળીમાં માથું ઘાલીને દીવો છતાં પડે તેનું શું કરવું? ગણધર મહારાજાઓએ સંસારના ખાડામાં ન પડી જાય તેને માટે પૂર્વોની, અંગોની રચના કરી, છતાં જીવો સંસારમાં પડી જાય તેમાં ગણધરોનો ઉપાય નથી. દીવો કરનારે સાધન ઊભું કર્યું. સંસારને અંગે લાલબત્તી જણાવી કે "અહીં ધ્યાન રાખજો, આ ઉપદ્રવનું સ્થાન છે" એમની સ્થિતિ કેટલી સંપૂર્ણ, કઈ દશાની તે વિચારો! પ્રતિબોધ, પ્રવ્રજ્યા પામ્યા તેની સાથેજ વિનિયોગ ભાવની પ્રકૃષ્ટતા, તેથી આખું જગત્ કેમ પામે એજ ભાવના. જગતને ઊંચે લાવવા માટે ઉચ્ચ અભિપ્રાયો, તેને માટે સાધન સૂત્રો. તળાવમાં સાંકળ નંખાય, તેમ સંસારસમુદ્રમાં સૂત્રોની સાંકળો નાંખી છે. જેને લોકોને બચાવવાની દાનત થાય તેજ નાંખે. બચાવવાની બુદ્ધિથી, વિનિયોગને લીધે જગતને તારવા સૂત્રની રચના કરી. તેમાં ઠાણાંગજીના પાંચમા વિભાગમાં પ્રાણાતિપાતવિરમણ પહેલું. એને અંગે કષ, છેદ, તાપ અને શુદ્ધ તપાસણી રહે છે. ત્રણ શુદ્ધિ આવી તો શુદ્ધિ શાસ્ત્ર, જૈન આત્માથી કર્મનો વિયોગ, શરીરનો આત્યંતિક વિયોગ એનેજ મોક્ષ માને છે. જ્યારે સાંખ્ય મતે પ્રકૃતિપુરુષનો વિયોગ તે મોક્ષ.

## આશાતના વર્જવા માટે સ્નાન, સ્નાનમાં ધર્મબુદ્ધિ નહિ

સ્નાનના ગુંચવાડાએ વ્યવસ્થા ફેરવી નાંખી. કર્મ રોકવાના

કારણો કયા તે ન બોલાયું. સ્નાન એ ધર્મ નથી, સ્નાન વખતે ધર્મના અધ્યવસાય રહે તેથી સ્નાનને સારું કહી શકો. **स्नात्वा** સ્નાન કરીને દેવતા અતિથિનું પૂજન કરે. જલથી સ્નાન કરવું તે સારુ છે. સારુ કહો તો ધર્મ માનવામાં વાંધો શો ? સ્નાનં અધર્મ છે તો સારુ ન કહો, ધર્મ કહો, શૌચધર્મને ખરાબ ન ગણો. શૌચધર્મ માનવો નથી, ખોટો કહેવો છે, ને સ્નાન ન કરવું તે સારું કહેવું છે, તો પછી સ્નાન સારું તે શી રીતે ઘટે ? ભગવાન્ ઋષભદેવજીના સાધુઓને સ્નાનરહિતપણું, તેથી મરીચિ કંટાળ્યા, "સ્નાન એ ધર્મ" એ પર્યવસાન આવ્યું. સ્નાન એ ધર્મ નથી તેથી સ્નાનને ધર્મથી બહાર કાઢો, તો તમે પૂજાને અંગે કરાતા સ્નાનને સારું કેમ કહો છો ? સ્નાનને સારું કહેતા નથી, સ્વરૂપે સારું નથી. ભેંસનો પગ ભાગ્યો તોપણ સારું, કારણ ભેંસને ચોર ન ઉઠાવી ગયા, ભાંગવાને અંગે સારું નથી, ચોરો ન લઇ ગયા તેથી સારું. સ્નાનપણાને લીધે સારું નથી પણ દેવતા, અતિથિનું પૂજન થાય તેને અંગે સારાપણું છે. આમાં ધર્મનો સંબંધ કોની સાથે ? સ્નાનની સાથે કે દેવતા અતિથિના પૂજનની સાથે ? દેવતા, અતિથિપૂજન સાથે રાખીએ તો દેવતા, અતિથિપૂજન કર્યું તેથી વધારે ધર્મ. સ્નાનની અધિકતાએ ધર્મની અધિકતા માની નથી. અતિથિ દેવતાનું પૂજન વધારે તેમ ધર્મ વધારે. 'વધારે જગો પર ન્હાજો' એમ ઉપદેશ સાધુ આપતા નથી. ન્હાયા તેટલું પુણ્ય તે અજૈનોના વચનો. વગર સમજ્યા બોલો તેમાં થાય શું ? જે લોકોને તીર્થે ન્હાવાના છે તેને ન્હાયા એટલું પુણ્ય, ન્હાવામાં પુણ્યપણાને નથી રાખતા. ધર્મબુદ્ધિ સ્નાનમાં નહિ, આશાતના વર્જવા માટે સ્નાન. 'આશાતના વર્જવી તેનું નામ ધર્મ,' તેમાં વાંધો નથી. દહેરામાં પૂજા કરવા આવ્યો હોય. સામાન કાઢી નંખાવી ફરી નાહી આવે, કૂતરાની વિષ્ઠા ઉપાડી. કૂતરાની વિષ્ઠા ઉપાડવી તે તરીકે લાભ નથી, આશાતના વર્જવા તરીકે ધર્મ છે. જ્યાં શૌચને ધર્મ માની લેવો પડે. જેમ જેમ શૌચ તેમ

તેમ ધર્મ તો આશ્રવ છાંડવો સંવર આદરવો જોઈએ તે ધ્યેય ઊડી જાય. કારણ શૌચના આધારે ધર્મશુદ્ધિ કરી. દયા પાળવાના વચનો છતાં શૌચ એ ધર્મ એવો સિદ્ધાંત થઈ જાય તો કષ, છેદશુદ્ધિ, થયેલી હોય તો રખડી જાય. સાંખ્યો જૈન મતમાંથી નીકળેલા, છતાં અહિંસામાંથી તત્ત્વશુદ્ધિ કાઢી ને શૌચની મુખ્યતા થવાથી તેમનામાં તત્ત્વવ્યવસ્થાનો પલટો થઇ ગયો, તેમ કર્તૃત્વ માનવાથી નૈયાયિકોનો પલટો થઈ ગયો તે અગ્રે.

---

# વ્યાખ્યાન ૫૮

## ઈર્ષ્યાના વનને બાળી નાંખે તે વિનિયોગનું સ્વરૂપ

શાસ્ત્રકાર ભગવાન્ સુધર્માસ્વામીજી ગણધર મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, શાસનની પ્રવૃત્તિ ને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેડાવવા માટે જેવા પ્રતિબોધ પામીને પ્રવ્રજ્યા પામ્યા તેવા જ ભાવના પાંચ ભેદો પ્રણિધિ વગેરેની સાથે વિનિયોગ નામનો ભેદ જણાવ્યો હતો. ઈર્ષ્યાના વનને બાળી નાંખે તે વિનિયોગનું સ્વરૂપ. જે પદાર્થ આપણને મળ્યો તે બીજાની માલિકીમાં જાય નહિ તેને માટે રાતદિવસ ઝંખના એ ઈર્ષાનો દાવાનળ કેવો હશે! રખેને આનો માલિક બીજો કોઈ થાય! પણ આનો માલિક આખું જગત્ બને! પોતાને મળેલી ચીજનો માલિક આખું જગત્ બને એ ભાવના થાય નહિ ત્યાં સુધી વિનિયોગ આવેલો ગણાય નહિ. જ્યાં સુધી વિનિયોગ ન આવે ત્યાં સુધી શુભ ભાવ આવેલો ગણાય નહિ. પોતાને વધારવા માટે ચાહે તેટલો ઉલ્લાસ હોય પણ તે ભાવમાં નહિ, વિનિયોગમાં નહિ ગણાય. 'મને મળ્યું છે તે આખા જગતને મળે, કોઈ પણ જીવ એના લાભ વિનાનો ન રહે એ તો અસંભવિત છે' એમ કોઇ કહેશે. આખું જગત્ ધર્મને પામી જાય, ધર્મનું ફળ મેળવી લે એવું બન્યું નથી. બનતું નથી. જો એમ બને તો તીર્થંકર જૂઠા ઠહેવાય.

## કાળનો છેડો ન આવે

તીર્થંકરે જીવોના બે વર્ગ રાખ્યા એક પામવાને લાયક, બીજો પામવાને લાયક નહિ. તીર્થંકરે એવો વર્ગ જ્ઞાનથી જોયો કે જેને મોક્ષના સાધન મળ્યા નથી અને મળશે નહિ. કેટલાક જીવોને મળ્યા છે, કેટલાકને મળશે. જો કે મળ્યા અનંતાને. તે બધા ભેગા કરીએ તો એક નિગોદનો અનંતમો ભાગ, ચૌદ રાજલોક જેટલા જગતમાં અસંખ્ય ગોળા, તેમાં અસંખ્યાત નિગોદ, એક નિગોદમાં અનંત જીવો, તેનો માત્ર અનંતમો ભાગ પામવાવાળો પામી ગયો, પામશે, પામવાનો એમ ત્રણેને ભેગા કરો તો પણ અનંતમો ભાગ. તમારી પાસે દશ લાખ રૂપિયા છે. પ્રેમભાઈએ કમાતાં એક લાખ મેળવ્યા તો તમારો દશમો ભાગ છે. કોઈ નિગોદમાંથી કેટલા, બીજા નિગોદમાંથી કેટલાક એમ એકંદર સંખ્યા એક નિગોદના અનંતમા ભાગે, નિગોદ અસંખ્યાતી. અનાગતમાંથી વર્તમાનકાળ થાય તેટલો ઓછો થાય છે. ભવિષ્યકાળનો છેડો આવશે કે નહિ? કોઈ દિવસ ભવિષ્યકાળ નહિ હશે એમ થાય કે નહિ? ભવિષ્યકાળમાં સમયે સમયે ઓછા થાય છે, કાળનો છેડો ન આવે એ ઘટે છે, જીવ અનંતા છે, મોક્ષે જાય છે તેથી છેડો આવતો નથી. અનંતો અતીત કાળ થઈ ગયો છતાં અનંત ભવિષ્ય રહ્યો છે. ભૂતકાળમાં અનંતા ગયા, વર્તમાનકાળમાં જાય છે અને ભવિષ્યકાળમાં જશે તે એકઠા કરીએ તોય નિગોદનો અનંતમોજ ભાગ.

## એક એક નિગોદમાં અનંતા જીવો છે

આ જીવ આ સ્વરૂપે અત્યારે વર્ત્યો છે. કાળનું લક્ષણ વર્તના છે, જેટલી વર્તના તેટલા કાળ ગણીએ તો એની અપેક્ષાએ જીવના પુદ્ગલનો સરવાળો થઈ જાય, માટે ભાવકાળ લેવો પહેલાં તો આપણે એમ લઈએ કે પાતળું પાંદડું. તે પાંદડું નિગોદ છે. તે પાંદડા એમ ગોઠવીએ કે ધૂળની કણી રહે, પછી તેના ઉપર બીજું પાંદડું, બીજા પાંદડા પર કણી જેટલો ભાગ છોડીને ત્રીજું પંદડું, આ બાજુ

વધે. પશ્ચિમમાંથી એક કણી છોડતા જાઓ પછી પાંદડું. ઉત્તરમાંથી, દક્ષિણમાંથી, અધોમાંથી એક એક કણીઓ દાબતા, એક છોડીને મેળતા જાઓ. ૭ દિશાએ એક કણીઓ છોડીને ગોઠવીએ તો વચલો ટેકરો થાય. પાંદડા જેટલો ભાગ સંચાથી કાપી લીધો, એ બધા કાપ આવે તે ગોળમટોળ, આ ગોળાની સ્થિતિ કે જે પાંદડાના વચલા ભાગને અડકતો હોય. અહીંથી ગણીએ તો આ મધ્ય, જે મધ્યભાગ વચ્ચેનો કણીઓ, એને અડે તેટલા લેવા. એ વચલા કણિયાને અડેલા લેવા માગો તો ગોળ આવશે. વચલા કણિયાને અડેલાને સંચો મારો તો અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલો એક ગોળો. એમાં પાંદડાં કર્યાં તે અવગાહના. એક પાંદડું રહ્યું છે તેની સાથે અસંખ્યાતા પાંદડાં રહ્યાં છે. એક પાંદડાએ અસંખ્યાતી નિગોદ છે એક એક નિગોદમાં અનંતા જીવો છે. એક પ્રદેશને છોડીને અવગાહના લીધી તેવી અસંખ્યાતી. તેમ એક પ્રદેશ દાબનારી અસંખ્યાતી ઊર્ધ્વ, અધઃ છોડનારી, દાબનારી. એક ગોળાના અસંખ્યાતા પ્રતર, એક પ્રતરમાં અસંખ્યાતી નિગોદ, એક નિગોદમાં અનંતા જીવો.

## શરીરો અનંતાને ક્યાંથી સમાવી શકશે ?

જ્યારે લાખના લાખો ભેદ છે. એક લાખ એનું નામ લાખ- એક લાખને એક તેનું નામ લાખ. ૯૯,૯૯,૯૯૯ થાય ત્યાં સુધી લાખ. લાખના ભેદો લાખો થયા. જ્યારે લાખના લાખો ભેદો કહેવાય, એક વધે ત્યારે ક્રોડ કહેવાય. લાખના ભેદો લાખો, હજારના હજાર ભેદો. અસંખ્યાતના અસંખ્યાત ભેદો હોય તેમાં નવાઈ શી ! પાણી સુકાઈ જાય. સેવાળ સુકાઈ જાય, તેની ઉપર શિયાળાની ટાઢ, ઉનાળાનો તડકો પડે પણ તેના ઉપર એ વરસાદના ટીપાં પડ્યાં કે લીલીછમ. પુદ્ગલની તાકાત કેટલી હશે ? કેટલા જીવો મળ્યા હશે ત્યારે તાકાત એકઠી થઈ હશે ? માતામાંથી પુત્ર જન્મ્યો. પુત્ર ચક્રવર્તી, માતા કાંઈ નહિ.

## પાંદડા પ્રમાણે શરીર

પાંદડાં ગોઠવ્યાં તે અવગાહના. તે અવગાહના પ્રમાણે અસંખ્યાતા

પાંદડાં ગોઠવીએ તે નિગોદ, એક પહેલું પાદડું ગોઠવ્યું તેમ અસંખ્યાતા પાંદડાં ગોઠવવાં. પાંદડાં પ્રમાણે શરીર. શરીરને નિગોદ કહીએ. પાંદડાંની હાનિ, વૃદ્ધિ તે અવગાહના. શરીર કરતાં નિગોદ અસંખ્યાત. જીવ, નિગોદ અને ગોળાની અવગાહના સરખી. અસંખ્યાતા પ્રદેશના લાખ આકાશ પ્રદેશ છે. એક ગોળાની અવગાહના દશ આકાશ પ્રદેશની, તો દશ હજાર ગોળા છે.

## દરિયો અને ટાંકણી—

હવે મૂળ વાત પર આવો. દરિયો ભરેલો છે. કોઇકે ટાંકણી બોળી, ખંખેરી અને પાઘડીમાં ઘાલી દીધી તે વખત કોઇ કહે આમ તો દરિયો ખાલી થઇ જાય, તો તે કહેનારને મૂર્ખ ગણીએ. ટાંકણી અને દરિયાના આંતરા કરતાંય અનંતગણું આંતરું અહીં છે. ટાંકણી કરતાં દરિયો અબજ, ક્રોડગણો કહીએ. તો ખાલી થશે એમ કેમ કહેવાય? ભૂતકાળમાં મોક્ષે ગયા, વર્તમાનકાળમાં મોક્ષે જાય છે અને ભવિષ્યમાં મોક્ષે જશે તેને ગોઠવીએ તોય એક નિગોદનો અનંતમો ભાગ. તેટલો ત્રણે કાળમાં મોક્ષને લાયક, ત્યારે બાકીનો ગયો નાલાયક.

## મરવા પડેલાને પણ મરે તો ઠીક એમ કોઈથી કહેવાય નહિ.

આટલો ભાગ નાલાયક ગણો, મૂઠી જેટલો લાયક ગણો. તમે ભાવના ભાવો છો કે જગતના જીવો આ પામો એ શી રીતે કામ લાગવાનું? એક મનુષ્ય ડચકાં ખાય છે. સર્જનને બોલાવ્યો. સર્જને કહ્યું બચવાની આશા ઓછી. પરંતુ કોઈપણ ડોક્ટર કે કુટુંબીથી મરો એમ બોલાશે નહિ. મરે તો ઠીક એમ કોઈથી બોલાય નહિ. કોઇ પ્રકારે બચો આયુષ્ય પ્રમાણે ચાલે તો મરશે કે બચશે. પણ બધાનો અભિપ્રાય બચો એ હોય છે. મરવા પડેલાએ પણ મરવાની અનુમોદનામાં જવાનું હોય નહિ. સજ્જનોએ તો જીવવાની ઇચ્છામાં રહેવાનું હોય, અને નાલાયક હોય તેને માટે પણ પામો એમ કહેવાનું હોય. ધર્મિષ્ઠનો એ અભિપ્રાય હોય કે નાલાયક ન રહો, સર્વે લાયક થાઓ એ અભિપ્રાય હોય છે, તેથી વિનિયોગ ભાવનામાં

જણાવ્યું-મને મળેલું આખા જગતને મળો, સર્વ જીવ પામો, કોઈ એનાથી બેનસીબ ન રહો. મૈત્રી સમ્યક્ત્વ ભાવનાની નથી. આખું જગત્ છૂટી જાઓ. '**मुच्यतां जगदपि**' એ મૈત્રી ભાવના. તેને અંગે સમ્યક્ત્વ. એને અંગે કોઈ પણ ધાર્મિક ક્રિયા તે ધર્મ. આવી મૈત્રી ન હોય તો ધાર્મિક ક્રિયા નથી. પામ્યાની પંચાત થાય. પામો એ વાત તો દૂર રહી, કોઈ બે ગાથા કરે, કોઈ પાંચ ગાથા કરે, તો એને પાંચ ગાથા કરાવી દેવાની ભાવના આવવી જોઈએ.

## ધર્મક્રિયા તે જાન ને નિર્જરા તે વરરાજા—

એક ગામમાંથી જાન નીકળી. વરરાજાના સગાસંબંધી ગાડામાં બેઠા. વરરાજા વેલમાં બેઠા. વેલને કઠેડો હોતો નથી. ગાડાને પકડવાનું હોય છે. વરરાજાના માભાને કઠેડો ન હોય. ગાડાં ને માભો દોડાવે છે. વરરાજા માભા ઉપરથી ઊથલી પડ્યો ખાડામાં. જુએ કોણ? આગળ જાય તેને ઘી મળે. બળદને ઘી મળે. જ્યાં તોરણે પહોંચ્યા ત્યાં સાસુ આવી તિલક કરવા. માભો જુએ તો ખાલી. જાનૈયાની વલે શી? આપણી દશા વિચારીએ તો દરેક ધર્મક્રિયા શાને માટે? કર્મની નિર્જરા માટે. નિર્જરાની વાસે આપણે જાનૈયા છીએ. નિર્જરા વરરાજા છે ધર્મક્રિયા જાન છે. વરરાજા ખાડામાં પડે છે પડિક્કમણું કરવા આવ્યા. આદેશ અમુક ભાવે માગ્યો. બે દહાડા અમુકને આદેશ મળ્યો. "હું મને ન મળ્યો"! એમાં નિર્જરારૂપી વરરાજા ક્યાં છે? ખોળ તો ખરો! પૂજા કરવા ગયા. અંગલૂહણાં કરી લીધાં. તેટલામાં બીજાએ આવીને પૂજા કરી લીધી. તે વખતે તેનો પિત્તો જુઓ! નિર્જરારૂપી વરરાજા કેટલો જીવતો છે તે જુઓ! ભગવાન્ મારે પૂજ્ય છે તેવા એમનેય પૂજ્ય છે. ભાવથકી પૂજા થઈ ગઈ છે. ટીકી કરીને નિર્જરા કરવાની તે તૈયાર છે, ધન્યભાગ્ય કે એમણે આદર કર્યો—તો આદેય કૃત્ય! પૂજવા તો ભગવાનને છે. કહો, આંગળી અડાડવાનું નામ પૂજા કહી છે! પૂજ્યભાવ કે ભાવનાને અંગે આ પૂજા નથી, ટેમ્પરેચર ચઢ્યું તેમાં કેટલી નિર્જરા માની? કહેવાનું તત્ત્વ

એ કે વરરાજા ખ્યાલમાં રહેવો જોઈએ. દવ્યક્રિયાને કુલાચાર લાગેલો છે. જાનૈયાને પકડવાનું છે નહિ, કારણ તે ઉથલી પડવાનો સંભવ ઓછો, નિર્જરા ઉથલી પડે છે. બાહ્ય આચાર એટલે કુલાચાર, લાજ, શરમને લીધે ઉથલી પડતો નથી. તીર્થંકરના અભિષેક માટે સૌધર્મ ઇંદ્ર તૈયારી કરે. પહેલો અભિષેક અચ્યુત કરે. આપણે તો લડી મરીએ. અવિરતિ દેવતાઓ એટલું પૂજ્યપણાને વિચારી શકે, મહર્દ્ધિક પૂજા કરે તેમાં ભગવાનનું બહુમાન છે. સમજ્યા છીએ, જાણીએ છીએ પણ વિચાર નથી આવતો. મોકો આવે ત્યારે મોકાણ પડે છે,

**ક્રોધનો સ્વભાવ એવો છે કે એને ઘર છોડીને રમવાની ટેવ છે**

ક્રોધે ક્રોડ પૂરવતણું સંજમફળ જાય. ક્રોધ આવે ત્યારે કેટલાએ ખ્યાલમાં આવ્યું? આત્માનો ઉદ્યમ ઓછો હોય તે વખત એ કડી યાદ કરવી જોઈએ. ક્રોધ સજ્જનમાં સજ્જન છે. ઊંચા કુળની સ્ત્રી હોય, પિશાચની શંકા થઈ હોય, ખાંચામાં બેસે, ક્રોધની દૃષ્ટિ પડે તો ઊભી થાય. ક્રોધ એવી ચીજ છે કે એના ઉપર નિમક રાખો તો નાસવા તૈયાર છે. 'હું ક્રોધમાં આવ્યો છું' એટલો ખ્યાલ આવવો જોઈએ. ક્રોધને ક્રોધરૂપે ઓળખી લ્યો એટલે બસ. ક્રોધનો સ્વભાવ એવો છે કે એને ઘર છોડીને રમવાની ટેવ છે. માન, માયામાં એવી ટેવ નથી. ક્રોધને ક્રોધ તરીકે જાણ્યો તો ક્રોધ ગયો. ક્રોધનું ક્રોધ તરીકે ભાન થવું મુશ્કેલ છે. ક્રિયા થાય છે. નિર્જરાની બુદ્ધિ લાગલાગટ રહેવી જોઈએ તેની મુશ્કેલી છે.

## આલંબન ચઢતાનું લેવાય

જગતમાં જીવો નહિ પામનારા ઘણાં છે, તેવા આ બાજુ વિચારો તો પામેલામાં પણ પરિણમાવનાર થોડા. પરિણમાવનારામાં પામનારા થોડા. પામનારામાં ઠેઠ પહોંચાડનારા થોડા. ધૂળિયા નિશાળમાં છોકરા છે, તેમાં પહેલીમાં ઓછા, મેટ્રિકમાં ઓછા તેથી શિક્ષણ નકામું નથી. ચઢયા તે શિક્ષણના પ્રભાવે. પાર પમાડે તે પ્રતાપ એનો, જમીન જેટલી છે તેટલી બધી જમીનમાં વરસાદ સોનું પકવતો નથી, પણ

વરસાદ સોનું પકવે છે તે જમીનમાં, કિંમતી વસ્તુ પકવે તે જમીન સિવાય પકવે નહિ, તેમ આ જીવ અનેક પ્રકારના છે. કોઈ પામ્યા નથી, કોઈ પરિણમાવનાર નથી, પામી પરિણમાવી, પહોંચાડનારા તેમાં શાસનનો પ્રભાવ, શાસન વિના એકે પામનાર, પમાડનાર થયો નથી. દુનિયાને પામવા, પરિણમાવવા માટે ગણધરે ત્રિનિયોગની અપેક્ષાએ ચૌદ પૂર્વો, અંગની રચના કરી તે સમજાશે, પણ સાંભળનારા કેટલાએ નહિ સમજે. સમજે તે સાંભળનારાને? પાળનારા બધાં પાર નહિ પામે. એકાદ બે, પાંચને પતિત દેખીએ, રોવા માંડીએ. પતિતને અંગે આનું બગાડવા તૈયાર. ધ્યાન રાખો કે ચારથી અગિયારમાં ગુણઠાણામાં, ત્યાંથી પડીને નિગોદમાં ગયા, તેને ગણવા માંડીએ તો અનંતકાળ જાય. પડિવાઈને દેખાને તારા આત્માને સાવચેત કરે કે તું પડતું મેલે! કોઈ જીવ હલકી પરિણતિએ હોય એનું ચટ આલંબન લેવાય છે. ચૌદશી જમનાભાઈએ ઉપવાસ નથી કર્યો, પૂછો તો ભોળાભાઈએ પણ નથી કર્યો ને! તીવ્ર આલંબનવાળા જશગુણી મંદના આલંબનવાળા. વર્તમાનકાળે મહાવ્રતવાળા ગુણશ્રેણિમાં વર્તનારા વેઢા જેટલા, પડેલા અનંતા, તેનું આલંબન લે તો પત્તો ન ખાય. આલંબન ચઢતાનું લેવાય. છોકરો નીચી દૃષ્ટિએ નીચો આવી શકે છે, પણ નીચી દૃષ્ટિએ ચઢવાનું કોઈ કરી જોજો તો ખરા! નીચી દૃષ્ટિએ નાસરણીએ ચઢવાનું કલ્પાંતે ન થાય. નીચા આલંબને ચઢવાનું કલ્પાંતે ન થાય. દોરે ચાલવાવાળો નીચે દૃષ્ટિ કરશે તો ચક્કર આવશે અને પડશે, જેને ચઢવું છે સીધી લાઈને તેને નીચી દૃષ્ટિ કરી પાલવે નહિ, મોક્ષે જવું છે તેને માર્ગપતિત તરફ દૃષ્ટિ કરી પાલવે નહિ.

## [illegible]ની [illegible]મથી વગર ભાવે કરવું તે વધારે મુશ્કેલ

શ્રમણ ભગવાન મહાવીરના શિષ્યો કેટલા? ચૌદ હજાર. મોક્ષે જવાવાળા સાતસો. કેટલા ટકા આવ્યા? ભવનો ફેરો ટળ્યો એવા તો સાતસો, આત્માના દૃષ્ટિ રાખી તો પાંચ ટકાએ પમાયું. પંચાણું ટકાની દૃષ્ટિ રખાય તો? જેઓ મંદના આલંબનમાં ન જાય તે ચઢે.

જેને ખોટ આવી હોય તે કેવાનું અલંબન લે ? ફલાણાએ લૂગડાં વેચીને આબરૂ રાખી હતી. પાટિયું ફેરવવાનો વિચાર કરે તેને ચામડું વેચીને આપવાનો વિચાર કોઈ દિવસ થવાનો ? જેવી. તમે સ્થિતિ આલંબનમાં લેશો તેવી સ્થિતિમાં જઈ શકશો. **'यथायथा मुंचति वाक्यबाणं तथातथा तस्य कुलप्रमाणम्'**॥ પોતાનો પ્રસંગ આવે તે વખતે વાક્ય બોલે. નાટકિયા ભલાભલા વચનો બોલે છે તે વખતે વાક્યબાણના અનુસાર કુલ ગણાય. પ્રસંગ, આપત્તિ વખત વાક્ય નીકળે ત્યાં કુલ ઓળખાણ. હીનનું આલંબન લેવું ન જોઈએ વાક્યબાણ છોડો ત્યાં ઓળખાય. આવકે મરવા વખતે ઉપવાસ છોડયો નહિ. પારકાની શરમથી વગર ભાવે કરવું તે વધારે મુશ્કેલ.

## વગર રળ્યે ભાડું ખર્ચે તે ક્યાંસુધી પહોંચે ?

કૂરગડુજી ખાતા હતા ને ? તે વખત શું પરિણામ થાય ? ખાવાના વિચારો થાય. તું જો ડાહ્યો હોય તો પાપીઓની વાત છોડી દે. એક શાહુકાર છે. બીજાએ ચોરી કરી. તેને અત્યારે વગોવે છે. ચોરીની વાત જાણી છે તેથી પ્રસંગ આવ્યે ચોર બનવાનો. ચોરીની વાત જાણી ધિક્કારથી. પ્રસંગ આવ્યો તો એજ રીતિએ ચોરી કરનારો થવાનો. સર્વજ્ઞપણાનું સ્થાન વીતરાગપણામાં રાખ્યું તે વ્યાજબી છે. વીતરાગ થયા વગર બધું જાણે તો નખોદ નીકળી જાય. સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી પાપીની પંચાતમાં ન પડ ! પ્રત્યેકબુદ્ધોને અંગે ખરજવાનું રાખ્યું. રાજ છોડાયું, પાટ છોડાયું પણ ખરજવાનું ન છોડાયું. ત્રીજાએ કહ્યું, પારકી પંચાત ન છોડાય, બધું છોડાયું, વિચારો કે પ્રત્યેક બુદ્ધને માટે આ દશા તો આપણે પારકી પંચાત વિના બીજો ધંધો ન કરીએ તો દશા શી ? વગર રળ્યે ભાડું ખરચે છે તે ક્યાં સુધી પહોંચવાનું ? પારકી પલોજણમાં પહોરના પહોર જશે શું ? જે અધિકારી હોય. પોતે તરે ને બીજાને તારે તેને એ કામ સોંપે ! તું તો પોતે તરવાની મુશ્કેલીવાળો છે. કૂતરો તરે પણ હાંફતો તરે. બગલ વગેરેની પેઠે બંધ મોઢે તરે નહિ. પોતાને તરતાં

મોઢા ફાટી જાય તો વડકો તૈયાર થાય શાનો? પોતાને મુશ્કેલી ત્યાં પારકી પંચાત ક્યાં કરે? વાત તારવાની કરે પણ દેખે તો છૂટો નથી, વિનિયોગભાવ જે પાંચમો ભેદ તેમાં એ દશા છે કે મારું મળેલું એ દુનિયાને દઉં. એ દશાવાળા ગણધર મહારાજા ગણધર પોતે છઠે, સાતમે ઝોલાં ખાતા, પણ રસ્તા બતાવે મોક્ષ સુધીના, કેવળજ્ઞાન સુધીના. મને મળેલું, આખા જગતને દઉં. મને ન મળેલુંય જગતને મળે તો સારું, તો ગણધરો ચૌદ પૂર્વો, અંગો રચે તેમાં નવાઇ શી? મોક્ષની તૈયારી માટે ચૌદ પૂર્વો, અંગો રચ્યા. આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગજી રચ્યા.

### રહેમ વિના રહેમાન કેવી રીતે થયા?

પહેલાં હિંસાવિરતિ કેમ જણાવી? જગતના જીવોના દુઃખોથી ત્રાસ. કોઇને મારનારો થાય ત્યાં સુધી વ્રત, સમ્યક્ત્વ આવવા મુશ્કેલ. પ્રાણી ઉપર દયા તે બધાની જડ છે. મુસલમાનોએ દેવનું નામ રહેમાન રાખ્યું. કામ કરવાનું કતલનું. રહેમ નજર તો રહેવી જોઇએ. રહેમ વિના રહેમાન કેવી રીતે થયા? પ્રાણાતિપાતવિરમણ ઉપર ધ્યાન ન રહે તો તત્ત્વવ્યવસ્થા ઊડી જાય, સાંખ્યે એ એક જ વસ્તુ પલટાવી. અસ્નાન, સ્નાન એના પલટામાં બધું પલટાઇ ગયું. આશ્રવ વગેરે બધું પલટાઇ ગયું. નૈયાયિકોએ ઇશ્વરને કર્તા માન્યો તેથી બધું પલટાઇ ગયું. તે કેમ પલટાયું તે અગ્રે.

---

## વ્યાખ્યાન ૫૯

### કૂવાની છાંયડી તેમાં કેટલા બેસે!

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી ગણધર મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, શાસનના હિતને માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે પ્રતિબોધ પામ્યા અને પ્રવ્રજ્યા પામ્યાની સાથે જ આપણને ભાવના પાંચ ભેદો

જણાવ્યા. જેના વિના ધર્મક્રિયા દ્રવ્યક્રિયા ગણાઈ. કેટલીક દ્રવ્યક્રિયા હાણાનું કારણ. દ્રવ્યક્રિયા એ ભાવક્રિયા નથી પણ ભાવક્રિયાનું કારણ જરૂર છે. તેવી દ્રવ્યક્રિયા હોય તો ચલાવી લેવાય. હરિભદ્રસુરિ કહે છે– જેમાં પ્રણિધિ વગેરે ભાવો નથી તે ભાવ વગરની ક્રિયા. જેને દ્રવ્યક્રિયા કહીએ છીએ તે ભાવક્રિયાના કારણવાળી નહિ. તે તુચ્છ, અપ્રધાન દ્રવ્યક્રિયા. ભાવ ન આવે ત્યાં સુધી કોઈ પણ પ્રવૃત્તિ તે બધી તુચ્છ. આ મુદ્દાથી ગણધર પ્રતિબોધ પામે, પ્રવ્રજ્યા પામે કે તરત એ વિચાર આવે કે આખા જગતને સન્માર્ગે કેમ લાવી શકું, કોઈ કાળે એકથી આખુ જગત્ સારા માર્ગે લાવી શકાતું નથી. પરોપકારી વૈદના વિચારો રોગને જગતમાંથી કાઢી નાંખવાના હોય છે. જો કે રોગ જગતમાંથી જતો નથી. તેવી રીતે અહીં ઉપકારી ગણધર મહારાજાને ઉપકાર એ જ હોય કે જગતમાંથી કર્મને કાઢી નાંખું. પરોપકારી વૈદનો વિચાર સર્વથા રોગ કાઢી નાંખવાનો હોય છે. પ્રતિબોધ, પ્રવ્રજ્યા મળ્યા કે જગતમાંથી કર્મ કાઢી નાંખું એ વિચાર ગણધર મહારાજાનો હોય છે. કૂવાની ઝાંપડી. તેમાં કેટલાં બેસે ? જેને સાધન સામગ્રી ન મળી હોય તે જગતનો ઉદ્ધાર વિચારે તેમાં વળે શું ?

## શાસ્ત્ર-ધર્મની પરીક્ષા દયા ઉપર રાખી

ગણધરની સ્થિતિ–ભગવાનના વાસક્ષેપની સાથે ગણધર નામકર્મના ઉદયને લીધે સંપૂર્ણ ચાર જ્ઞાનવાળા, સાધનસંપન્ન થયા છે. નિર્મળ વિચારવાળા મનુષ્યને સાધન મળી જાય તો કાર્ય થવામાં શી ખામી રહે ? નિષ્ઠા, સાધન જેની પાસે હોય તે કેમ પ્રયત્ન ન કરે ? ગણધરે પ્રતિબોધ ને પ્રવ્રજ્યાની સાથે ચૌદ પૂર્વો અને બારે અંગની રચના કરી તેમાં આચારાંગમાં આચારનું, સૂયગડાંગમાં વિચારનું અને ઠાણાંગમાં પદાર્થનું વર્ગીકરણ કર્યું. તેમાં પાંચમા ઠાણામાં પાંચ મહાવ્રતો જણાવ્યાં. તેમાં પહેલું સર્વથા પ્રાણાતિપાતથી વિરમવું. દુનિયામાં પોતાને નરતું બોલાય એટલે તે વાતને દબાવવા માગે.

ચોરીનો નિષેધ થતો હોય તો ચોરને થાય કે ટૂંકું થાય તો ઠીક. દૂષણ દેખાડાય તો તેને ગમે નહિ. જૈનો તરફથી દયાનું પોષણ થાય તે દયાથી દૂર રહેવાવાળાને રુચતું નથી. જે માણસ જે વસ્તુથી દૂર રહેલો હોય, તેનો અર્થી ન હોય તેને તે વર્ણન ગમે નહી. દયાના ઉપર જેનું ધ્યેય નથી તેવાને દયાનું અધિક વર્ણન થાય તે દુઃખવાવાળું થાય છે. દયા પોકારીને નખોદ વાળ્યું એમ લોકો બોલે છે. એ શબ્દો સાચા છે કે ખોટા તે પછી વિચારીશું પણ દયા એમને ખટકી છે. દયાને દૂષિત કેમ કરાય? હિંદુસ્તાનનું રાજ્ય દયાએ ખોયું કે લંપટપણાએ! પહેલવહેલો યવનોનો પગ પૃથ્વીરાજ ચૌહાણના વખતમાં. જયચંદ રાઠોડ જૈન ન હતો. એ બેને અદેખાઈ શાની? સંયુક્તાની. સ્ત્રીએ દાટ વાળ્યો છે. અબ્રહ્મચર્યે દાટ વાળ્યો છે. તે લીલામાં લેવાઈ ગયેલા તે બોલી શકે તેમ તે નાંખ્યો દયાની ઉપર. બેમાંથી એકે જૈન નથી, દયાને અંગે રાજ ગયું નથી. દયાને ખોટી રીતે દૂષિત કરવી પડે છે. કેમકે દયા ખટકી છે, તેથી અછતો દોષ નાંખ્યો જૈન ઉપર. છતાં દોષો ખસેડયા. દયા, દયા, દયા, પોકારે પણ ન્યાય, નીતિ ન સાચવે. ન્યાય સાચવવો નહિ એવું કોઇ શાસ્ત્રકારનું ફરમાન નથી. દયાને, નતિને ખોટે નામે વગોવવી છે તેથી.

'**सत्यं तत्सत् धीमहि**' સત્ય એજ ઉત્કૃષ્ટ–'**सत्यात् न प्रमदितव्यम्**' સત્યથી વેગળા જવું નહિ. દયા પળો કે ન પળો પણ સત્યથી વેગળા જવું નહિ. સત્યને પકડી રાખ્યું. આ વિચારશો તો માલમ પડશે કે દયાના દીલને ધારણ કરનાર કોઇ હોય તો તે જૈન શાસન છે. શાસ્ત્રની–ધર્મની પરીક્ષા દયા ઉપર રાખી.

## અહિંસા ન હોય તો અનાજ વગરની વાડ

પહેલું વ્રત દયાનું, અનાજ તરીકે પહેલું વ્રત, બીજા વ્રતો વાડ તરીકે. હરિભદ્રસૂરિ '**अस्याः संरक्षणार्थे सत्यादि**' અહિંસાના

પાલન માટે સત્યાદિ વ્રતો છે. અહિંસા ન હોય તો અનાજ વગરની વાડ. સત્યનું રક્ષણ કરવું છે, પણ ક્યારે ? અહિંસા રહેલી હોય તો. અહિંસાનું મુખ્યપણું ત્રણ પ્રકારે. વચન, વર્તન અને વ્યવસ્થાથી મુખ્યપણું. જગતમાં જે ઉત્પન્ન થાય તેને તો ઉત્પન્ન કરનાર હોવું જોઇએ. ઉત્પન્ન કરનારીને માતા તરીકે ગણવી. ધર્મ એ પણ ઉત્પન્ન થનારી ચીજ છે. ધર્મ અનાદિની ચીજ નથી. આત્માની અપેક્ષાએ અનાદિની ચીજ નથી. અનાદિનો અધર્મ છે. ધર્મ એ નવી ઉત્પન્ન થવાવાળી ચીજ.

## ધર્મનું ઊંચામાં ઊંચુ ફળ આત્માને કર્મરહિત કરવો

અનાદિનો અધર્મ કેમ ? તે ન માનીએ તો ધર્મનું વાસ્તવિક ફળ નહિ. ધર્મ કરીને શું કરશો ? ધર્મનું ઊંચામાં ઊંચું ફળ આત્માને કર્મરહિત કરવો. ધર્મ અનાદિનો હોત તો ઊંચામાં ઊંચું ફળ મળી ગયું હોત. તે ફળ મળી ગયું હોત તો આવી દશા થાત નહિ. ધર્મ કર્યો છતાં ઊંચામાં ઊંચી મળેલી દશા ચાલી જાય છે. ધર્મનું ફળ અવ્યાબાધ તરીકે જાણે તે ખોટા ઠરે. ધર્મનું ફળ યથાસ્થિત રહે નહિ. તે માટે અનાદિ ધર્મ હતો એમ કહી શકીએ નહિ. ધર્મનું ફળ, સિદ્ધનું સ્વરૂપ પલટાઇ જાય. વગર કારણે કર્મબંધન થવાનું માનવું પડે.

## વગર કારણે કર્મ બંધાય નહિ

સિદ્ધ થયા પછી કર્મબંધનું કારણ શું ? મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ નહિ ત્યાં કર્મ બંધાઇ જાય તે કેવી રીતે માની શકાય ? અનાદિના મિથ્યાત્વ વગેરે છતાં અનાદિનું બંધન ખટકે છે. વગર કારણે કર્મ બંધાય નહિ. વગર કારણે કર્મબંધ માની લઇએ તો ધર્મને કોરાણે મેલી, દઇએ. આનાથી નિર્જરા કરીએ પણ વગર કારણે કર્મ બાંધવા એ માનવામાં આવે તો ધર્મનું પ્રયોજન નથી. માટે વગર કારણે કર્મબંધ માનવો પડે. ધર્મની દશા અનાદિ માનીએ

તો સિદ્ધપણું નકામું માનવું પડે. ધર્મનું ફળ નકામું માનવું પડે. અનાદિ ધર્મ છે એમ માની લઇએ તો ! અનાદિથી ધર્મ છે તેમ તો માની શકીએ નહિ. જ્યારે આત્મા અનાદિનો, અજ્ઞાની હોય તો જ જંજાળમાં ગૂંથાય, જ્ઞાની થઈ ગયો તો જંજાળમાં ગુંથાય નહિ. સંપૂર્ણ જ્ઞાની થયા પછી આત્માને અજ્ઞાની થવાનું નથી. અજ્ઞાની ન થયો હોત તો કર્મની જંજાળમાં જકડાઇ જાત નહિ. સંપૂર્ણ જ્ઞાની કર્મબંધવાળા હોય નહિ ધર્મને અનાદિ ન માની શકીએ ત્યાં સુધી આત્માને અનાદિનો અધર્મી માનવો.

## મિથ્યાત્વ વગેરે કર્મઝાડનાં ફળ છે—

અજ્ઞાની હતો તેટલી વાત તો કબૂલ કરવી છે ને ? અત્યારે ચિહ્નો શું છે ? વૈશાખમાં કેરી દેખીએ પછી આ ઝાડ આંબો છે એમ કહેવામાં આચકો આવે ખરો ? તેવી રીતે અજ્ઞાનનો, અવિરતિનો, કષાયનો જ્યાં પ્રવાહ દેખીએ ત્યાં સંસાર આ પ્રવાહે ભરેલો છે તે કહેવામાં આંચકો કયો ? પ્રત્યક્ષ ફળો દેખાએ ત્યારે ઝાડને એ નામે કહેવું તેમાં વાંધો શું ! મિથ્યાત્વ વગેરે કર્મઝાડનાં ફળ છે. કર્મનું ઝાડ નક્કી કરીએ તો બે વસ્તુ જરૂર માનવી પડે, ફળ પણ અનાદિનું, ઝાડ પણ અનાદિનું. પહેલી કેરી કે પહેલો આંબો ! ચૂપ. નથી કેરી, નથી આંબો. બેય પ્રવાહ અનાદિના છે. તેમાં પહેલી કેરી, પહેલો આંબો એમ ન કહી શકીએ ઝાડ કયા ગોટલાથી થયું તે માલમ નથી કેરી કયા ઝાડે ઊગેલી તે માલમ નથી. આ ઝાડ આ કેરી જોઇએ છીએ. આ કેરી સિવાયની કેરીઓ જોતા નથી. અક્કલ જો ઘરાણે ન મેલી હોય તો કહી શકીએ કે આ ઝાડ ગોટલાથી થયેલું, ગોટલો ઝાડથી થયેલો. પ્રલયકાળ વખતે બીજ તો રહે છે. ન રહે તો દેવતા લાવી શકે છે. ઉત્પન્ન કયાંથી થશે ? આ આંબો, આ કેરી દેખીએ છીએ. પહેલાંની કેરીની ખબર નથી. કેરી અને આંબો બે પરસ્પર કાર્યકારણભાવે

રહ્યા તે વસ્તુ અનાદિની માનવી પડે પહેલી જો કોઈ લેવા જાઓ તો, પહેલો આંબો લઈએ તો વગર કારણે બનેલી ચીજ માનવી પડે.

## કૂતરાથી ભસાય પણ હાથીથી મારવા જવાય નહિ

પહેલા કુકડી કે ઈંડુ ? પરસ્પર કાર્યકારણભાવ છે. કુકડી વગર ઈંડું નહિ અને ઈંડા વગર કુકડી નહિ. કુકડીની જેમ કર્મ એ જ ફળરૂપ ને કર્મ એ જ કારણરૂપ છે. જે જગત્‌કર્તા માનવાવાળા છે તેને મોટી પંચાત પડે છે. જગત્‌નો કર્તા માને તેને કહી શકીએ કે દુઃખનો કર્તા પરમેશ્વર ? તેવાને નમસ્કાર તો દુર્જનના જેવો થયો. તેવાને તો નવ ગજના નમસ્કાર. મને પહેલેથી ઊંધે માથે, સવા નવ મહિના, ગંધાતી અને અંધારી જગ્યામાં રાખ્યો. મેં શું ઈશ્વરનું બગાડ્યું હતું ? મેં ઈશ્વરનું બગાડ્યું નથી. ઈશ્વરે મને દુઃખ દીધું ઈશ્વર ઉત્તમ વ્યક્તિ એમ તો માનવું પડશે. અધમ વ્યક્તિ છે એમ તો કોઈ માને નહિ. ઉત્તમોત્તમ વ્યક્તિ હોય તો ચાહે જેટલા ગુના માફ કરવાની ફરજ છે. ગઈ ગુજરી ભૂલે ને માફ કરે. ઉત્તમ મનુષ્યથી કર્યા પ્રમાણે ફળ અપાય નહિ. કૂતરાથી ભસાય પણ હાથીથી મારવા જવાય નહિ. જો ઉત્તમોત્તમપણું હોય તો એકે ગુનાની સજા ન થાય. ઉત્તમને ત્યાં સજ્જનોથી થતા ગુન્હાનો હિસાબ નહિ. બદલાની બુદ્ધિવાળા ગુન્હાનો હિસાબ રાખે પણ તેને ઉત્તમોત્તમ કહી શકીએ નહિ કે જે નુકશાન શું કર્યું તે તપાસે. ચિંતવન ન આવવું જોઈએ કે એણે મારું બગાડ્યું. આખું જગત્ દુષ્ટોને અંગે ઉદાસીનતા રાખવા બંધાય. ધોરી દુષ્ટોને શિક્ષા કરવા તૈયાર થાય માબાપ જે વખતે ઉંમરલાયક થાય. તે વખતે ખાસડાં ખાય છે, ને હેત કરે છે. ગુન્હાની માફી આપતો હોય તો દુઃખી ન રહે, ગુન્હો કર્યો, તો પણ માફી. માણસનું મોં કૂતરું ચાટી જાય તો કૂતરાનું મોં ચાટવા જવું ? ખસી જાઓ, પણ મોં તો ન ચટાય, સજા તો ન કરાય. અજ્ઞાની છોકરો ક્રોધ કરી જાય તો ધોલ નથી મરાતી. નીતિ છે. અજ્ઞાનીને અંગે કાયદો પણ બચાવ આપે છે, ન આપે તેવા ઈશ્વરને નથી રાખવો. આપણા ને છોકરા

વચ્ચે વીસ–પચીસ વર્ષનું આંતરું જ્યારે આપણા ને ઇશ્વર વચ્ચે હજારો વર્ષનું આંતરું. ઉત્તમ પુરુષે માફી આપવાની હોય. દશાને અંગે કર્યું તેને તો મધ્યમે પણ માફી આપવાની હોય. જંગલી રાજ્યો બાળકને સજા કરતા નથી. સરકાર અગર કોઈ રાજ આખા રાજ્યને ન્યાયને રસ્તે ચલાવવા માગે, પણ તેમાં શકિત નથી. ચોરી બંધ કરવા માગે છે પણ શકિત નથી. ઇશ્વર જો ન્યાયાધીશ થઇને બેસતો હોય તો ઇશ્વર આંધળો છે. એની શકિત અજ્ઞાન ટાળવાની છે કે નહિ ! કહો અશકત. સર્વ શકિતમાન્ કહો તો જાણીજોઇને અજ્ઞાન રહેવા દીધું છે. અજ્ઞાન ટાળવામાં, કર્મ ટાળવામાં ઇશ્વરની શકિત નથી. પાપો કર્યા તે વખતે ઊંઘી ગયો હતો કે શું ? પાપ કરતી વખતે જો જ્ઞાન હતું તો બચ્ચું હાથમાં છરી લે, ખભામાં ખોસવા જાય તો કહે "અરે, મારા દીકરા !" કહે તો શું કહેવું? રોકી દેવાની શકિત છે છતાં રોકે નહિ તો શું કહેવું? ઇશ્વરપણું ક્યાં રહ્યું? પાપ કરતી વખત પાપ કરીએ તે જાણે છે કે નહિ? પાપ રોકવાને શકિતમાન્ હોય તો પાપ ન રોકાયું તેથી ગુન્હેગાર.

## વળગ્યા પછી છૂટવું મુશ્કેલ

ધર્મ વ્યસન છે. વ્યસન વળગતાં વાર લાગે છે. પહેલાં બીડી પીતાં ચકરી આવે છે, વળગે છે પછી તે વગર ચાલે નહિ. ધર્મ લેવો મુશ્કેલ ચીજ. વળગી જાય પછી છૂટવું મુશ્કેલ. બાળપણથી ગળથૂથીમાં આવી ગયું તેને બીજું ધ્યાન ન આવે. પાપ કર્યું તે વખત જાગતો હતો કે નહિ? તે વખત રોકવાની ફરજ હતી કે નહિ?

## એક અનુમાન કરે તે પહેલાં હજારો અનુમાન તૂટી જાય

હવે મૂળ વાત પર આવો. પાપ કરતી વખત ઇશ્વર જાણે છે, તે રોકવાના પ્રયત્ન કરતો નથી, તો તે ગુનેગાર છે. છોકરો છરી ખોસવા તૈયાર થાય, પણ "મા" રોકતી નથી, તો મોકાણ માંડનાર મા જેવો ઇશ્વર છે. જે દુનિયાને બહેકાવવાને દયા શબ્દ રાખી મૂકયો

છે તેમ આ લોકોએ શબ્દ રાખી મૂકયો કે " કોઈ વસ્તુ હોય તેનો કરનારો હોવો જોઇએ." ઇશ્વરનો કરનારો હોવો જોઇએ ને ? નથી. કારણ તે અનાદિ છે. તો ઉત્પન્ન થયેલું કયાં રહ્યું ? જગતનો જીવ ઇંદ્રિય વગર જાણનારો નથી. ઇશ્વરને કેટલી ઇંદ્રિય છે ? સમ્મતિતર્ક કરનારે લખ્યું છે કે એક અનુમાન કરે તે પહેલાં હજારો અનુમાન તૂટી જાય. કાર્યનું અનુમાન પકડવા ગયો, કેટલી લાત વાગી તેનું ભાન નથી. ગદ્ધાપુચ્છ પકડવા જેવું થયું.

### અધર્મ અનાદિનો છે, ધર્મ નહિ—

ફળ અને કારણ બે ચીજ છે. એને સ્વતંત્ર, અનાદિ માન્યા સિવાય છૂટકો નથી. દેવદત્તે યજ્ઞદત્તને ધોલ મારી. જે ચીજ બને છે તે બધી પહેલાંના ફળરૂપ અને આગળના કારણરૂપ બને છે. અશાતાવેદનરૂપે ફલિતાર્થ. જે કાર્યરૂપે ગણીએ તે જ કારણરૂપ. જે કારણરૂપ ગણીએ તેજ કાર્યરૂપ. ચાહે હિંસા વગેરે કાંઇ પણ કર્મબંધનના કારણે. પહેલા ભવના કારણ એ જ ફળ, ફળ એજ કારણ હોય તો અનાદિ માન્યા સિવાય છૂટકો નથી. કાર્યકારણ પરસ્પર હોય તો વસ્તુને અનાદિ માનવી પડે. મોહનીય, મિથ્યાત્વ લો. મિથ્યાત્વની પરિણતિ મોહનીયને લાવે. આવેલું મોહનીય મિથ્યાત્વની પરિણતિ કરે. અનાદિનો આ જીવ અધર્મી ન હોય તેને મિથ્યાત્વનો પ્રસંગ ન હોય. જ્યારે કર્મનાં ફળો આપણા આત્મામાં દેખીએ છીએ; કષાય આપણામાં દેખીએ છીએ તો અનાદિથી આપણે કષાયવાળા છીએ. કર્મને ફળ એક. આ કષાય કયારે આવ્યા ? કષાયમોહનીય આત્મામાં જાગતું હતું. કષાયો કર્યા ત્યારે કષાયમોહનીય આવ્યું. અત્યારની પરિણતિ કહી આપે છે કે હું અનાદિનો કષાયવાળો છું. ધર્મને અનાદિનો માનીએ તો ધર્મ ફળ દેનારો ન થાય. સિદ્ધનું સ્વરૂપ બગડી જાય, કર્મબંધનનાં કારણો ઊડી જાય, માટે અધર્મ અનાદિનો છે.

### ધર્મની માતા જયણા

અનાદિના અધર્મને ઉત્પન્ન થવાની જરૂર નહિ. જે પરંપરા

રૂપે અનાદિ હોય તેને ઉત્પન્ન થવાનું ન હોય. વ્યક્તિને ઉત્પન્ન થવાનું હોય. માબાપ વગર છોકરો થયો ક્યાંથી? મનુષ્ય વ્યક્તિ તરીકે ઉત્પન્ન થાય, નાશ પામે છે. પ્રવાહ તરીકે મનુષ્યની પેઢી ચાલ્યા કરે. પેઢી અનાદિની. મનુષ્ય જન્મવાવાળો, મરવાવાળો, ધર્મના ભાગ થવાવાળા, નાશ પામવાવાળા. અધર્મ કષાયાદિથી બંધાવાવાળો છે. પ્રવાહ તરીકે અનાદિ છે. ધર્મ અનાદિનો કોઈ આત્મામાં નથી. ધર્મ એ વ્યક્તિ તરીકે ઉત્પન્ન થવાવાળી ચીજ, પરંપરા તરીકે ઉત્પન્ન થવાવાળી ચીજ. આ હોવાને લીધે કહેવું પડ્યું કે ધર્મની માતા કોણ? જયણા. ધર્મ ઉત્પન્ન કરનાર જયણા. ઉત્પન્ન થયો, માતા મરી જાય તે વખતે બચ્ચાની શી દશા? ઉત્પન્ન થયા પછી માતાથી જ પોષણ. ધર્મને પાળી પોષીને મોટા કરે છે કોણ? જયણા. પાલન કરવામાં પોષણ વગરનું પાલન હોય તો તે પાલન વાસ્તવિક ગણાતું નથી. તે માટે બચ્ચાં પડી ન જાય, બળી ન જાય, એ માટે બંદોબસ્ત રાખીએ. નહિતો તે પોષણ નહિ. પોષણ વગરનું પાલન એ પરિણામે વ્યર્થ. ધર્મને જયણાએ ઉત્પન્ન કર્યો, પોષ્યો. એની વૃદ્ધિને કરનાર જયણા. જયણા એ જ એકાંત સુખ દેનારી. આ ઉપદેશ તેનું નામ કષશુદ્ધિ. છતાં ઉત્પન્ન થવાના સાધનો, પાલનના સાધનો ન હોય અને પોષણના સાધનો ન હોય તો પાલન, પોષણ અને વર્ધનની વાતો કરે તે શા કામની? ધર્મક્રિયા જગતની બધાની છે. એકેંદ્રિય જીવને હણ્યા, સંઘટ્ટો થયો, કિલામણાય થઈ તેની માફી ચાહું છું. તેવું એક પણ ધર્મમાં લાગે. ત્રસને જીવ તરીકે તો માનેલા છે. તેના ધર્મક્રિયામાં જીવોની થયેલી વિરાધનામાં પશ્ચાત્તાપનું સ્થાન નથી. જયણા ધર્મને ઉત્પન્ન કરનારી, પણ જયણાનું જ ઠેકાણું નહિ. પાલન દેખીએ તો નહિ.

### જયણાને એ લોકોએ જ સાચવી છે—

સંઘટ્ટો ન થાય તેને માટે કેમ ચાલવું, વિરાધનાનો પ્રસંગ કેમ વર્જવો? વિરાધનામાં કેમ બચે તેમાંનું કાંઈ નહિ. એ જયણાને

ઉત્પન્ન કરનારા આચારો, ઉપકરણો અને રીતભાત કોઇ જગો પર નહિ જયણાની ઉત્પત્તિને અંગે એના આચારો, ઉપકરણો અને રીતભાત. એ કહી આપે છે કે જયણાને એ લોકોએ જાળવી છે. પ્રાણાતિપાત વિરમણ ઉપર ધ્યાન દઇને તેને આધારે કષ, છેદ અને તાપશુદ્ધિ.

**સાંખ્યને સર્વ કરતાં સ્નાન મીઠું લાગ્યું—**

બીજાને દયા કડવી લાગી કે ખસેડી મૂકી ? સાંખ્યને અંગે દયા કડવી લાગી ન હતી પણ સર્વ કરતાં સ્નાન મીઠું લાગ્યું. તેથી સ્નાનનું ધ્યેય થયું. શૌચને ધ્યેય માનવામાં આવે તો ધ્યેયને બાધ કરનારી ચીજ બાધ કરી નાખે. શૌચધર્મ માનતાં જે આડું આવ્યું તે ખસેડવું પડ્યું. જીવાદિના વિચારો ખસેડવા પડયા. નૈયાયિક અને વૈશેષિકને એક જ વસ્તુ રહી. ઇશ્વરના નામે પેટ ભરવું. બૈરીને ગર્ભ રહે ત્યારથી ઇશ્વરના નામે ત્યાંથી લાગો થાય મરી જાય ત્યાં સુધી, મર્યા પછી શય્યાના નામે લાગો થાય. ઇશ્વરની બાહેધરી નીચે માલ બાંધવો છે. ઇશ્વરના નામે રળવાનું છે. આ બુદ્ધિ થાય ત્યારે ઇશ્વરને કર્તા ઠરાવવો. ઇશ્વરને કર્તા ન માને તો ગર્ભથી માંડીને મરણ સુધી પેટના પોષણો રવડી જાય. ઇશ્વરને પેટ પૂરવાના સાધન તરીકે ગણી લેવામાં આવે તો ઇશ્વરકર્તૃત્વ સાધ્ય રહે. ત્યાં તત્ત્વવ્યવસ્થા ગબડાવી દેવી પડે. ઇશ્વરકર્તૃત્વને અંગે કષ, છેદ કાંઇ અંશે હતા તે ન રહ્યા તે અંગે.

## વ્યાખ્યાન ૬૦

**ધર્મ અખૂટ ખજાનો છે—**

સૂત્રકાર મહારાજા સુધર્માસ્વામી ગણધર મહારાજાને ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેતો રહે તે માટે પ્રતિબોધ પ્રવ્રજ્યા પામ્યા કે જગતના સર્વ જીવોને મને મળ્યું તે તત્કાળ કેમ મળે એમ થયું. સામાન્ય નિયમ છે કે મળેલી ચીજ બીજાને દેવાનો વિચાર થતો નથી. મળે-

લામાંથી અંશ જ દેવાનો વિચાર થાય, જગતમાં સો મળે તો અગિયાર ભગવાનને ચડાવું. ભગવાનને નામે માનતાઓ કરાય તે કેટલું ખરાબ! તે સો દે ત્યારે અગિયાર દેવાના તેનો અર્થ શો? અહીં આ સ્થિતિ, તો મળેલું બધું દેવાનું મન થાય ક્યાં? દ્રવ્યવસ્તુને અંગે વિચારીએ તો મળેલું બધું દેવાતું નથી, પણ ધર્મના માર્ગમાં આવેલો મળ્યું એટલું બધું દેવા તૈયાર. એમાં દુનિયામાં તો મળેલું દેવા જાય તો ખૂટી જાય. ધર્મમાર્ગમાં એ અધિકતા છે કે મળેલું દેતાં ખૂટે નહિ. ધર્મ અખૂટ ખજાનો છે. દેતાં જાવ, કદી ખૂટે નહિ, એટલું જ નહિ પણ દેતં જ વધે. વધવાનો બીજો રસ્તો જ નહિ. કડણમાં ભરવાથી ખાડો દેખાય, અહીં કાઢવાથી ટેકરો દેખાય. ન કાઢે તો ખાડો ને કાઢે તો ટેકરો દેખાય. બીજાને ધર્મ સમજાવે તેમ તેમ વધારે ધર્મ થાય, આથી શક્તિ વગરનો ન સમજાવી શકે અને તે ધર્મ ન હોય, પણ તે મત કહેવાય. મૂકકેવલીને દેશના દેવાનો અધિકાર ન હોવાથી બીજા તેનાથી ન તરે. એ વાત ખરી, એ છતાં આત્માની પરિણતિ આખા જગતને ઉદ્ધારવાની–દયાની. દયા વગર એમની પરિણતિ ન હોય.

## દુનિયાદારીના કાર્યો ફુરસદ મેળવીને જ્યારે ધર્મના કાર્યો ફુરસદ મળ્યે—

ગણધર મહારાજાને પ્રાતબોધ અને પ્રવ્રજ્યા સાથે દુનિયાનો વિચાર. પામેલાનું જતન કરવાનું, અને આથી પ્રવ્રજ્યા સાથે જ જગત્ સામે જોયું. બાર અંગ અને ચૌદ પૂર્વની રચના તે જ વખતે. નહિતર તત્કાળ કરવાની જરૂર ન હતી. બધું રચવું પડ્યું તેનું કારણ? પોતે પામ્યા અને જગત્ સામે દષ્ટિ કરી, તેમ તીર્થંકરો કેવળજ્ઞાન પામે તો પણ જગત્ સામે દષ્ટિ. અહો, અસંજ્ઞી જીવોને પોતાની દશાનો ખ્યાલ નથી! તેવી રીતે આ દુનિયામાં સંજ્ઞી ગણાતાને પણ શાસ્ત્રોની અપેક્ષાએ રહેવાનો હક કોને? જન્મમરણના કિલ્લા વચ્ચે કેદ પડેલાને બહાર દેખવાનું હોય નહિ. કેદીઓ–જગતના જીવો બિચારા

જન્મથી માંડી મરણ સુધીની વાતને જ વિચારી રહ્યા છે-જન્મ્યો ત્યારથી માબાપ, માસ્તર, શેઠ, કુટુંબ કબીલો, પૈસો, શરીર--આ સિવાયના વિચાર આ જીવે મરણ સુધીમાં કયારે કર્યા ? ચાહે મનુષ્ય હો કે જાનવર હો, પેલી બાજુના વિચારો એના મગજમાં આવ્યા જ નથી. કહો કે તે મોટો કેદી. જગતના કેદીને કેદની બહાર દેખવાનું ન હોય, પણ તેને વિચારશ્રેણી તો હોય. કેદની બહાર તો વિચાર કરવાનો હોય છે. આ તો એવો મોટો કેદી છે કે આને એની બહારનો વિચાર કરવાનો હોતો નથી. ભગવાનનું શાસન પામેલાઓ પણ આ વિચારતા નથી કે હું કયાંથી આવ્યો ને કયાં જવાનો ? હું કયાંથી માલ લાવ્યો ને કયા બજારમાં વેચવાનો તે પણ વિચાર કરતો નથી. બંદર ઉપર ઊતરેલો મુસાફર આગલા બંદરનો વિચાર કરીને ઊતરે. આ સંસારસમુદ્રમાં મનુષ્યબંદરે આવ્યો ને કયે બંદરે જવાનો તે વિચાર કરતો નથી. જ્યાં જન્મ, જરા, મરણ અને ધર્મકાર્યની વાતો આવે ત્યાં 'ફુરસદ નથી' આવા શબ્દો બોલીએ છીએ, ઝવેરી પાસે હીરો લઈ કોઈ આવ્યો તો દોઢીઆ મારી પાસે નથી એમ કહાય કહે, તો ચુકે છે. તેમ આપણે ધર્મના કાર્યોને ફુરસદની ચીજ છે તેવી છાપ મારી. ફુરસદ લેવાની નહિ પણ ફુરસદ હોય તો કરવાની. આ ધર્મ ચીજ બીનજરૂરી એટલે ફુરસદ હોય તો કરવાની, ધર્મની કિંમત કેટલી ગણીએ છીએ તે હૈયામાં હતું તે હોઠે આવ્યું'. વેવાઈને ત્યાં કોઈ માંદું હોય કે ઘેર પુત્ર માંદો હોય તો ફુરસદ નથી તેમ બોલાય છે ? ત્યાં ફુરસદ મેળવાઈ. દુનિયાદારીનાં કાર્યો ફુરસદ મેળવવાનું સ્થાન, આ તો ફુરસદ મળ્યાનું સ્થાન. એક શબ્દમાં કેટલો અનર્થ થયો તે ધ્યાનમાં લો. અર્થાત્ પૂર્વભવ સંબંધી, ભવિષ્યના ભવ સંબંધી વિચાર કરવો તે બધાં ફુરસદિયાં કામ છે, જરૂરિયાતાં નહિ, પણ હજુ ફુરસદિયાંય કોને થયા ? જેની દૃષ્ટિ એ તરફ ગઈ છે પણ સંજ્ઞા નથી એને. તેથી એ બાબતનો વિચાર કર્યો નથી. એક મનુષ્ય અહીં એક જગાએ વારંવાર અથડાયો તો આંખનું કામ ન કર્યુ તો આંધળો ગણાય.

## શાસ્ત્રની અપેક્ષાએ જન્મમરણની ભીંત બહારનું જોવાનું મન થાય તે સંજ્ઞી—

શાસ્ત્રકાર સંજ્ઞી કોને ગણે છે? જન્મમરણની પહેલા ને પછીના વિચારો જેને આવે તે જ મનવાળા, બાકીના બધા ભલે દ્રવ્યથી મનવાળા હોય, તથી સજ્ઞી પંચેંદ્રિયવાળા હોય, પણ શાસ્ત્રકાર તેમની ગણતરી સંજ્ઞીપણામાં નથી રાખતા. મનની અપેક્ષાએ મન ન પામેલા બધા અસંજ્ઞી. તેમ શાસ્ત્રની અપેક્ષાએ જન્મમરણની ભીંત બહારનું જોવાનું મન થાય તે સંજ્ઞી.

## જનાવરોમાં દીર્ઘકાલિકી સંજ્ઞા છે—

સંજ્ઞા ત્રણ છે. ૧ હેતુવાદોપદેશિકી, ૨ દીર્ઘકાલિકી અને ૩ દૃષ્ટિવાદોપદેશિકી. જન્મમરણની ભીંતમાં કાણું પાડે તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાવાળો, અસંજ્ઞી જીવો આગળપાછળની વાત ન સમજે, પણ પોતાનો ખોરાક, પોતાના દર પોતે સમજે. દાણો અહીંથી ઉપાડી કીડી દરમાં લઇ જાય તે હેતુવાદોપદેશિકી સંજ્ઞા. શરીરના પાલનનું જ્ઞાન છે તે પૂરતાં તે સંજ્ઞી છે. લાંબા ભવિષ્યકાળના વિચારો તેને ન હોય. જાનવર–ગાય, બળદ, ઘોડા તેવાને પાંચ મહિના તમારી પાસે રાખો તો બીજે વરસે મળે તો ઓળખે એટલી ભુતકાળની સંજ્ઞા છે. જનાવરમાં દીર્ઘકાલિકી સંજ્ઞા છે. એ સંજ્ઞા માત્રથી શાસ્ત્ર દૃષ્ટિએ સંજ્ઞી ગણાવવાના નહિ. કહેશો ખરા કે મોક્ષમાર્ગની અપેક્ષાએ એ બે સંજ્ઞી નહિ. આ ભવના, ભૂત કે ભવિષ્યના ચાહે તેટલા લાંબા વિચાર આવે તો પણ તે ધર્મમાર્ગમાં સંજ્ઞી નહિ.

## શરીરાદિ એ કર્મનાં ચાંદાં છે—

મોક્ષના માર્ગમાં સંજ્ઞી ક્યારે? ભુતકાળમાં થયેલી રખડપટ્ટી અને ભવિષ્યકાળમાં થવાવાળી રખડપટ્ટી ખ્યાલમાં આવે ત્યારે તેને સંજ્ઞી ગણે. ત્યારે તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞામાં આવે, આ વાત જ્યારે ખ્યાલમાં આવશે ત્યારે જ સુધર્માસ્વામીજીએ પ્રથમ ઢંઢેરો એ આપ્યો કે પ્રથમ સૂત્ર–બાર અંગમાં પ્રથમ અંગ, તેમાં પ્રથમ અધ્યયન, તેમાં

પ્રથમ ઉદ્દેશો અને તેમાં પ્રથમ સૂત્ર તે-'**अत्थि मे आया उववाइए नत्थि मे आया उववाइए**'. કેટલાકને ખ્યાલ નથી કે મારો આત્મા કર્મઆધીન થઈ જન્મ બાંધતો ચાલ્યો જાય છે. આ જાણકાર પ્રથમ થાય. એકથી જ કરોડ છે. એકને વધાર્યા જાઓ તે કરોડ પહોંચશે. ૯૯૯૯૯૯૯ માં એક ઉમેરો તો કરોડ, તેમ પ્રથમ સૂત્ર એવું અપાયું. તો આ સૂત્રને સંસ્કારિત, પ્રફુલ્લિત કરો તો આખા સિદ્ધાંત તરીકે થઇ જાય. જન્મ કરતો અહીં આવી ગયો છે. સમ્યક્ત્વ, વૈરાગ્ય, ચારિત્ર આવી જાય અને જો ઉપલું સૂત્ર અસીલની જોખમદારીએ કદાચ વિચાર્યું હોય, '**इंदिय कसाय अव्वय.**' એ ગાથા બધાને આવડે છે, પણ બધું વકીલાત જેવું, શાસ્ત્રકાર કહે છે, હું આ દ્વારા કર્મ બાંધું છું એ વિચાર કેટલાએ કર્યો? આ બધા શરીરાદિ એ કર્મનાં ચાંદાં છે.

## શાસ્ત્રકાર આપણી જોખમદારીનો માત્ર આરીસો છે

નવતત્ત્વ ભણે છે, માને છે, વિચારે છે પણ શાસ્ત્રકાર કહે છે હું આવો છું એ ધારવાની વાર થાય છે. શાસ્ત્રકાર આશ્રવના દ્વારો કહે તે ભણવા, માનવા, બોલવા તૈયાર છીએ પણ હું આવો છું એ નથી વિચારતા. આરીસામાં કયું રૂપ? આરીસામાં જગતના રૂપે રૂપ. બિલ્ડીંગ સામે ધરીએ તો બિલ્ડીંગ દેખાય, શાસ્ત્રકાર આપણી જોખમદારીનો માત્ર આરિસો છે. એ એમનું નથી કહેતા પણ આપણું કહે છે. જગતમાં જીવો તેને બેતાલીસ ભેદે કર્મ બંધાય તે જણાવી રહ્યા છે. હું બેતાલીસ આશ્રવથી ભારે થઉં છું એ વિચાર આવતો નથી. વકીલ બોલ્યો તે અસીલના જોખમે, તેમ શાસ્ત્રકાર જગતના જોખમે બોલ્યા એમાં વિચારો.

## માતાને જે બચ્ચાંનું હિત દેખાય તે વાંઝણીને ન દેખાય-

ત્યારે પાપના કેટલા ભેદ? પોતાને લાગતા પાપના, આશ્રવના ભેદો વિચારવા નથી. આત્માને એની સાથે જોડવો નથી. આત્માની જોખમદારીવાળું તત્ત્વજ્ઞાન થયું નથી. કંઇક ન્યૂન દસ પૂર્વ ભણી જાય

ને સમકિત ન થાય તે કેમ બને ? અષ્ટ પ્રવચન માતાના જ્ઞાનવાળાને સમકિત થાય ને આને કેમ ન થાય? પોતાનો આત્મા આશ્રયથી, પાપથી ભારે થયો તે કોણ ગણતરી ગણે છે! બચ્ચાંવાળી માતાને જે બચ્ચાનું હિત માલમ પડે તે વાંઝણીને માલમ ન પડે. એની દશાનો જનેતાને ખ્યાલ આવે. તેવી રીતે દસમા પૂર્વનો છેલ્લો ભાગ એવો હોય છે કે આત્માની જોખમદારી વગર માલમ ન પડે. કહેવાય અષ્ટપ્રવચનમાતા પણ એક ઇર્યાસમિતિ પામનારો વિચારે કે એક જીવ પણ નીચે આવે તો મારો જીવ ભારે થાય. આવી વિચારણા પૂર્વક ભણે તો સમકિત પામી જાય. હું જ સમિતિની ખામીને અંગે બાંધવાવાળો ને પાળવાથી છૂટનારો.

## વડ આખો સૂક્ષ્મરૂપે બીજમાં રહી શકે છે

નિર્વાણ પદ માત્રને ઉત્કૃષ્ટ કહી દે. એક નિર્વાણ પદ માત્ર વિચારવાથી સમ્યક્ત્વ, જ્ઞાન પામી જવાય છે. ચારિત્રની સંપૂર્ણ દશા ધ્યાનમાં આવી જવી જોઇએ માટે આઠપ્રવચનમાતા ભણવી જોઇએ. બીજી બાજુ પ્રવચન એટલે ચૌદ પૂર્વનું જ્ઞાન આઠપ્રવચનમાતામાં માયું છે. ચૌદ પૂર્વ અને અગિયાર અંગનું જ્ઞાન અષ્ટપ્રવચનમાતામાં માઇ ગયું છે, વડ આટલો મોટો અને બીજ આટલું બધું નાનું. વડ ને બીજનું આંતરું મોટું છે. તેમાં વડ આખો સૂક્ષ્મરૂપે બીજમાં રહી શકે છે, તો પ્રવચનમાતામાં બાર અંગ અને ચૌદ પૂર્વ રહે તો કોઇ જાતનો વાંધો નથ. પોતાના જોખમે શાસ્ત્રના વાક્યો છે. શાસ્ત્રકારે કહ્યું તે અનુવાદ માત્ર કરવા રૂપ નથી. બોલવામાં ધ્યેય પણ એજ. મારા આત્માની દશા જણાવી છે.

## કપાળનો ડાઘ આરીસાએ દેખાડયો, કર્યો નથી.

નવતત્ત્વકારે ઈંદ્રિય, કસાય, અવ્રતમાં બેતાલીસ ભેદો આશ્રવના જણાવ્યા. હું સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રના વિષયમાં વર્તું તો કર્મ લાગે છે. તે હું જાણતો ન હતો તે આ મહાપુરુષે જણાવ્યા. કપાળનો ડાઘ આરીસાએ દેખાડયો, કર્યો નથી. આ

અરીસો કાચ થતો હતો તે દેખાડયો. શાસ્ત્રનાં વચન આત્માની જોખમદારીમાં લે તો સમકિતમાં આવે. આ ઉપર વિચારીશું તો ભગવાન્ ગૌતમસ્વામી વગેરે મોઢે બોલાવે તે '**मे आया**' કેમ બોલો છો ? પહેલા સૂત્રમાં '**अत्थि मे आया**' મારો આત્મા ઉત્પાદસ્વરૂપ નથી. પ્રથમ સૂત્રમાં હું છું કરી બોલાવે છે. ઢંઢેરો દેતા તમારા મોઢે તમારી પાસે બોલાવે છે કે હુ આવો છું. દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાની જડ પોતાના આત્માને ઓળખવા માટે જન્મમરણની ભીંતમાં કાણું પાડી આગળ દેખે. ભાવ દિશામાંથી આવ્યો, પૃથ્વી આદિમાંથી આવ્યો વગેરે વિચાર કરવાનો. અહીંથી ચ્યવી કયાં જઇશ તે પણ વિચારવાનું જોડે કહ્યું. અહીંથી ચ્યવી હું કોણ થઇશ તે વિચાર જોડે લેવાનો. ચૌદ પૂર્વ અને બાર અંગમાં પ્રથમ સૂત્રમાં ઢંઢેરો દીધો. કોઇ લઇ બે બાજુ કાણું ન પાડો ત્યાં સુધી આ શાસનમાં, આ માર્ગમાં અને આ ધર્મમાં આવ્યા જ નથી. કેદીપણું મટાડો. કેદખાનાની ભીંત તને બચાવનારી નથી. જન્મ પામતો જીવ પહેલા ભવની નીતિને યાદ કરી શકતો નથી. ભીંતની વચ્ચે પુરાયલો કેદી જગતની પ્રવૃત્તિ જાણી શકતો નથી.

## વર્ષાના ગર્જારવથી મોર આનંદ પામે, કાગડાને શું ?

મતિજ્ઞાન એના ભવ પૂરતું એને હોય. હવે જાય શાથી ? જ્ઞાન આત્માને થયું છે. તે જ્ઞાન કેમ ગયું ? શરીર બદલાવાથી આત્માનો ગુણ-જ્ઞાન તે કેમ ગયું ? જન્મની એ વેદના ન હતે તો તે દરેક જીવો તે મતિજ્ઞાનવાળા હોત. રખડપટ્ટી મટાડવા માટે જ્ઞાનીના વચન હજુ પરીણમ્યા નથી, તો સાક્ષાત્ મળે તો પણ આવી જ કિંમત કરવાના. આની કિંમત કરશો તો જ્ઞાની મળ્યા સફળ. ગોપાળ ગાયો ચરાવા ગયો છે ત્યાં '**नमो अरिहंताणं**' કહી મુનિ ઊડી ગયા, આ આકાશગામિની વિદ્યા છે. દરેક કાર્ય કરતો ગયો તેમ સિદ્ધિ થતી ગઇ. ગુરુમહારાજ પાસેથી '**नमो अरिहंताणं**' મળ્યું છે. ઓહો ! વસ્તુની કિંમત કરતા શીખીએ તો એકલો નવકાર પણ ફાયદો કરશે. વસ્તુની કિંમત નથી

-ન સમજ્યા ત્યાં સુધી કેવલી મળે તો પણ કંઇ નહિ. મોર બને તો વરસાદના ગર્જારવથી આનંદ પામે, કાગડાને શું ?

### પોતાનું સાચવી વધારનારું કરનારા ઉત્તમ

જન્મમરણની ભીંતમાં કાણું પાડો ! જિનેશ્વર કેવળ પામી પ્રથમ જુએ છે કે જગતના જીવો કેદમાં કલ્લોલ માની રહ્યા છે. **जन्मजरामरणार्ते'** જન્મજરામરણથી પીડાઈ રહ્યા છે. સનેપાત ફાટી નીકળ્યો હોય તેવાને પરોપકારી વૈદ દેખે તો તેના અંતઃકરણમાં શું થાય ? આ ઉપકારી મહાપુરુષ જગતને સનેપાતમાં કૂદાકૂદ કરતું દેખે તો શું થાય ? આ તો અશરણું અહીં માવજત કરનારો કોઈ નથી. પ્રાચીનકાળમાં કૉલેરાના કેસ થતા. ઘરમાં દસ હોય તો દસના ખાટલા. ત્યારે ફાટી નીકળ્યો કહેવાય. જગત્ તરફ જ્ઞાની દેખે ત્યારે જ્ઞાનીને શું થાય ? એક પણ માવજત કરનાર નથી. અહીં જગતની સ્થિતિ દેખે છે ત્યાં જન્મમરણથી પીડિત અશરણ છે. આધાર કોઇ નથી. આ દેખી ત્રિલોકનાથ તીર્થંકરોએ શાસનની સ્થાપના કરી. જિનેશ્વરોએ કેવળથી જાણ્યા પછી જગતને જોવાનું કામ પ્રથમ કર્યું. એક જ કારણ. જેનામાં ઠામ અધૂરુ હોય તેમાં ચિત્રાવેલ પૂરું કરી દે, પણ પૂરામાં પડેલી ચિત્રાવેલ નકામી નથી. આત્મામાં ચિત્રાવેલ દાખલ થઇ. ધર્મમાં સંપૂર્ણ કરી નાંખે, ધર્મ દેવાની બુદ્ધિ થાય તે છલાછલ ધર્મ થાય. કલ્પના ખાતર કેવળજ્ઞાની તે જ ક્ષણે મોક્ષે જાય તો નડતું નથી પણ જીવ્યા તેટલું જીવી જાણીએ તો જગત્ ઉપર ઉપકાર થાય. તે પ્રમાણે હોય નહિ. તીર્થંકર મધ્યમ આયુષ્યવાળા હોય અને કેવળ પછી આયુષ્ય હોય, માટે તીર્થંકર માનીએ છીએ. લેવાદેવા વગર જગતનો ઉદ્ધાર કરવાવાળા માટે ઉત્તમ. પોતાનું સાચવી વધારાનું કરનાર ઉત્તમ

### હિંસા એટલે મરણ

ગણધર મહારાજ પ્રવ્રજ્યા પામે તે સાથે જગતના ઉદ્ધારનું સાધન ઊભું કરે. આચાર માટે **આચારાંગ**, વિચાર માટે **સૂયગડાંગ**

અને પદાર્થનું વર્ગીકરણ કરતાં ઠાણાંગ બનાવ્યું. હિંસાનું દુઃખ કોણે વઠયું છે? આપણી હિંસા અનંતી વાર થઈ હશે તે આપણને અત્યારે ખ્યાલ નથી. પ્રાણના વિજોગનું દુઃખ ધારી લેવાય છે પણ અનુભવમાં કોઈને નથી. હિંસા એટલે મરણ, તેનું સ્મરણ કોને છે? મરણથી ડરે છે પણ જ્ઞાનથી નહિ. અનંતી વખત આપણે મરાયા છીએ પણ સર્પથી જેવો ડર લાગે તેવો અહીં આત્મ–અનુભવથી મરણનો ડર નથી.

## પ્રાણાતિપાત વિરમણ પાપના દરવાજા બંધ કરનાર છે.

પ્રાણાતિપાત–વિરમણ અનુભવશૂન્ય છે, જ્યારે મૃષાવાદ અનુભવવાળું છે. પરિગ્રહ અનુભવની ચીજ. તેને પ્રથમ નહિ મેલતા વગર અનુભવની ચીજ કેમ પ્રથમ મૂકી? જીવહિંસા ખરાબ. એ વગર અનુભવની ચીજ. તેને અગ્રપદે કેમ? મૃષાવાદાદિ અનુભવની ચીજ. અનુભવાતાં પાપોથી પ્રથમ હઠાવો, પછી શ્રુતપાપોથી હઠાવો આમ શિષ્ય કહે છે. હવે તેઓને ગુરુ કહે છે, તને પોતાને જૂઠું બોલનારો કોઈ મળ્યો? ચોરી કરનાર તને મળ્યો? એક ખરાબ સ્ત્રી સાથે અસત્કાર્ય કરનારો મળ્યો? તારે ઘેરથી બધું કરી ગયો. હવે વાઘ તેને મળ્યો તો પ્રથમ શાથી ભડકશે? અનુભવ કરતાં એ શ્રવણ જબરજસ્ત છે. મોતનું દુઃખ શ્રુત છે, શ્રવણ નથી છતાં હાંજા ગગડાવી દે છે. સાક્ષાત અનુભવ કરતાં મરણનો શ્રુત વિષય જબરજસ્ત છે. જેઓ ભવાંતર નથી માનતા પણ વાઘથી ડરી જાય છે. વિચાર કે ચોરથી બનાવી ગયો તેથી બધા કરતાં વાઘની ખરાબી કેવી ભયંકર લાગી? તો પ્રાણાતિપાતની વિરતિને પ્રથમ લેવી પડે. જ્યારે ભયંકર જ હોય તો **'पढमे भंते पाणाइवायाओ'** ન રાખીએ, ને **मुसावायाओ** વગેરે કહીએ તો ખાળે ડૂચા જેવી વાત થાય. દરવાજા બંધની વાત ન થઈ. પાપના દરવાજા બંધ કરનાર **पढमे भंते पाणाइवायाओ वेरमणं** છે.

## રાજાનું રક્ષણ ન કરતાં બોડીગાર્ડને બચાવનારા કેવા?

બીજા વ્રતો બોડીગાર્ડો ( Body Guards ) છે. પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતના બીજા મહાવ્રતો તે બોડીગાર્ડો છે. રાજાનું રક્ષણ ન કરતાં બોડીગાર્ડને બચાવનારા કેવા? હીરામોતીની છૂટ રાખનારો, ચોરીમાં તેને પ્રથમ મોટી ચોરી સમજાવવી પડે, મુખ્ય સ્થાન આ. એ જ અપેક્ષાએ શાસ્ત્રોની પરીક્ષા સત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ દ્વારા ન રાખી પણ કષ, છેદ ને તાપ દ્વારા દયાની મુખ્યતાએ રાખી. ધર્મનો દરવાજો-જગતની મોટી ચીજ સર્વસ્વ દેવા કબૂલ થાય, જો પોતાનું જીવન બચતું હોય તો. રશિયાનો ઝાર મોટું સામ્રાજ્ય ધરાવનાર પણ મોતનો ભય લાગ્યો કે રાજીનામું આપી દીધું, ઇરાન, અફઘાનિસ્તાનના શાહે તરત ગાદી છોડી દીધી. રાજાઓના મોટા ખીતાબ ધરાવનાર જિંદગીના જોખમ વખતે પોતાનો જીવ બચાવે છે. ઠકુરાઈ, સત્તા કરતાં જીવ પ્રથમ બચાવે છે. હવે ધર્મની=શાસ્ત્રની પરીક્ષા દયા દ્વારા જ થઈ. છોકરાઓને સ્કૂલમાં માર્ક ( Mark ) માં ઊતરી જવાનું થાય છે, પણ સાધ્ય પલટાઈ જાય ત્યાં ધ્યાન રહેતું નથી. ગોલૈયાપણું છૂટી જાય પછી શ્રીમંતપણું આવે તો પણ ગોલૈયાપણું છૂટે નહિ. કરવું નહિ, મફત મળ્યા કરે તે હરામી પ્રામાણિકતા આવવા દે કયાંથી? મોટા મોટા કસબી પાયમાલ થયા, પછી સટ્ટામાં પડી ગયો, પછી હરામનો ચસકો પડી જાય તેથી ત્યાં જવાનું મન ન થાય. મફતના મલીદા ખાવા છે તેને શાસ્ત્ર–સિદ્ધ થવા છતાં તે રસ્તો સૂઝે નહિ. આવી રીતે જીવાદિક તત્ત્વો જાણ્યા છતાં હરામખોરી સૂઝી ત્યાં શું થાય? ઇશ્વરકર્તાની જડ કેવી રીતે પેઠી તે તપાસો વૈદિકોમાં જડ પેઠેલી તે નૈયાયિક અને વૈશેષિકોમાં અંકુર થયાં. પુરાણો થયાં. દયાના દુશ્મનો થવાથી તત્ત્વની જડ ઉખેડવી પડી તે સર્વે અગ્રે.

---

# વ્યાખ્યાન ૬૧

## ઉપકાર કરવાની સંપૂર્ણ સામગ્રી છતાં ઉપકાર ન કરવો તે ડુબાડવું

સૂત્રકાર મહારાજા સુધર્માસ્વામી ગણધર મહારાજાને ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેતો રહે તે માટે પ્રતિબોધ અને પ્રવજ્યા પામ્યા કે તેની સાથે જ ગણધર નામકર્મના ઉદયથી ચારે જ્ઞાન મળેલાં છે. ઉપકાર કરવાને માટે જે વસ્તુ જોઇએ તે સર્વ તેમને મળેલી છે. જેને ઉપકાર કરવાની સંપૂર્ણ સામગ્રી મળેલી છે તેને એક અપેક્ષાએ એમ કહીએ તો ચાલે કે ઉપકાર ન કરવો તે ડુબાડવું છે. જેની પાસે ઉપકારના સાધનો છે તે ઉપકાર કરવાને કટિબદ્ધ ન થાય, જેની પાસે પૂરતું અનાજ છે, દુષ્કાળ છે, પોતાના અનાજે જેટલાને જીવાડી શકાય તેટલું હોય છતાં ન જીવાડે તો હત્યા કરનારો ગણાય આ સ્મૃતિવાક્ય છે. ગણધર પાસે જ્ઞાન, ચારિત્ર અને દર્શન નિર્મળ છે. તે ત્રણ વસ્તુનો ખજાનો છતાં પણ પોતે સમજે પણ બીજાને સમજાવી ન શકે તેમ હોય, તો તેમ પણ નથી! સર્વે-અગિયારે ગણધરો સર્વ લબ્ધિવાળા છે. આવા લબ્ધિવાળા છતાં, ચાર જ્ઞાનવાળા છતાં ઉપકાર ન કરે તે સ્વપ્નામાંય બને નહિ. પ્રતિબોધ, પ્રવજ્યા પામતાની સાથે જ ચૌદ પૂર્વો અને બાર અંગની રચના. દૃષ્ટિવાદનામના બારમા અંગમાં એવી વસ્તુ ન હતી કે જેની પ્રરૂપણા થઇ ન હોય છતાં અગિયાર અંગ જુદાં કર્યાં, કારણ માતાએ છોકરાને માટે અઢાર જાતની રસોઈ કરી હોય છતાં ધાવણા બાળકને તો દૂધ પાવું પડે, માતાને સંકલ્પ ન થાય કે રસોઈ કરી છે, પીએ કે ન પીએ તે જાણે. તેમ બારમા અંગમાં સર્વ અંગનું નિરૂપણ છતાં તેને ધારવાવાળા કેટલા? દસમા પૂર્વની વસ્તુ ધારવી તેની અંદર દસ શેર ઘી ચટ થઈ જાય એટલી બધી મજબૂત ધારણા હોય. તેવી ધારણાવાળા સર્વ જીવો ક્યાંથી હોય?

## ધૃત પુષ્પમિત્ર અને દુર્બલિકા પુષ્પમિત્ર

આર્યરક્ષિતજીના વર્ણનમાં દસ શેર ઘી રોજનું મેળવે. તે બધું ઘી દુર્બલિકા પુષ્પમિત્રને આપે તે ખાય છતાં દુર્બલિકા પુષ્પમિત્ર સુકલકડી. દુર્બલિકા પુષ્પમિત્ર બૌદ્ધ મતના હતા. બૌદ્ધને કહે છે કે તમારા ભક્તો સારા નથી તેથી લુખુંપાકું ખાઇને રહેવું પડે તેથી દુર્બલ થઇ ગયા છે. અહીં ભક્તો ઘણા છે. એક બ્રાહ્મણી જેને ગર્ભ રહ્યો છે. થોડી મુદત થયાં એનો ધણી મરી ગયો છે. સુવાવડને માટે મજૂરી કરે તેમાંથી થોડું થોડું મેળવીને ઘી લઇ રાખે એ ઘીની વાડકી ફક્ત સુવાવડને માટે રાખેલી. બ્રાહ્મણની જાત, સંકોચવાળી, વિધવા, રાખેલું સુવાવડ માટે, તેમાંથી અપાય ? ધૃતપુષ્પમિત્ર ધર્મલાભ દે કે પેલી બાઇ વાડકી ઊંધી વાળી દે છે. ઘી લાવી આપે તે દુર્બલિકા પુષ્પમિત્ર વાપરી જાય, એક ગાથાના વિકલ્પો કેટલા થાય છે ? પૂર્વગત ગાથાના વિકલ્પો સમજવામાં કેટલી મુશ્કેલી, મહેનત, તેની પૂર્વની ધારણા કરવી પડે તે વખતે મગજનું શું થાય ? તેથી ઘી ચટ થાય. ઘેર હતો ત્યારે ખાનપાનમાં, ગુલતાનમાં રહેવાવાળો હતો. અહીં સુકાઇ ગયો છે. બૌદ્ધોને આપવાની છૂટ, આમને પાઠ કરવાની છૂટ, એક માસ સુધી રાખ્યા. પેલા આપતા ગયા, વધારે દૂબળા થયા. ગુરુએ પૂર્વની ધારણા બંધ રાખવા કહ્યું. હવે લુખુંપાકું આપવા માંડ્યું. એક માસમાં શરીર તૈયાર. સ્વાધ્યાય ધ્યાન જૈનોમાં વસે છે. બૌદ્ધોની માન્યતા એ છે કે મનોજ્ઞ ભોજન કરીને મનોજ્ઞ ધ્યાન કરવું. મનોહર મકાન, શયનાસન હોય ત્યાં ધ્યાન સારું થાય. ત્યાગ ઉડાવી દીધો. આ બતાવવામાં આવ્યું ત્યારે બૌદ્ધોને થયું કે આ જૈન લોકોમાં ધ્યાન, સ્વાધ્યાય છે. બૌદ્ધ ધર્મને છોડીને જૈન થાય છે.

## શુદ્ધ ભાવ ક્યારે ?

જે દસ શેર ઘી ચટ કરી નાંખે એવી ધારણાવાળા પૂર્વના અધિકારી બને તેને માટે બારમું અંગ કરી દીધું, પણ બધા એવા

ક્યાંથી લાવવા? એકે રખડયો પાલવતો નથી, તેથી બાળ, સ્ત્રી, મંદબુદ્ધિવાળા બધાનું હિત કરવું તેથી અગિયાર અંગની રચના કરવી પડી. જે શુદ્ધ ભાવમાં આવેલો હોય. શુદ્ધ ભાવ ત્યારે થયો ગણાય કે પોતાને મળેલું બીજાને મેળવી આપવા તૈયાર થાય. એમ તૈયાર ન થાય ત્યાં સુધી શુદ્ધ ભાવ જ થયો નથી.

## દરેક ધર્મક્રિયા કરતાં બીજાને વિઘ્ન ન થાય તે ખાસ જોવું જોઇએ

દરેક ધર્મક્રિયા કરતાં અન્યને વિઘ્ન ન થાય તે ધ્યાનમાં રાખવું. બધી ક્રિયાઓ—ચૈત્યવંદન એવી સ્થિતિમાં ન હોવું જોઈએ કે બીજાનું ડોળાય પણ મારે મારું કરવું એને ભાવમાં સ્થાન નથી. બીજો કરે તેમાં, બીજાને વિઘ્ન ન થાય તે પહેલે નબરે. એક મનુષ્ય ભગવાનની આંગી રચવા ગયો. આંગી કરતાં પોતાની પાસે સારો અને વધારે સામાન છે કે નહિ? હોય તો ભલે કરે. પહેલા કરનારે મારી આંગી કેમ ખસેડી? એમ થવું જોઇએ નહિ. જો પોતાની પાસે ન્યૂન હોય, પહેલાની આંગી સુંદર હોય તો પોતાનું એમાં ગોઠવી દે. એક પૂજન કરતી વખત પણ બીજાને લાભ થાય, બીજાને નુકશાન ન થાય તે ધ્યાનમાં રાખવાનું હોય. આ તો દ્રવ્યપૂજનમાં આટલી બધી દૃષ્ટિ રાખી છે.

## ઉપકારની અપેક્ષાએ મૂળનાયકપણું

મૂળનાયકજી–તીર્થંકરમાં નાયક કોણ? કોઈ નાયક નથી અને કોઇ સેવક નથી, બધા નાયક છે. મંદિરમાં પેસવાવાળાની દૃષ્ટિ જે ભગવાન્ ઉપર પડે અને આહ્લાદ થાય, તે મૂર્તિ મૂળનાયકજી. બીજા દહેરામાં એ જ મૂળનાયક પડખે મુકાય તો મૂળનાયકજી નહિ. પહેલ-વહેલાં દર્શન થાય, આહ્લાદ થાય તેથી મૂળનાયકજી. નાયકપણું કે સ્વામીપણું નથી. અન્ય દેખનારા, દર્શન કરનારા જીવો લાભ મેળવી લે. દર્શન કરનારાના લાભ ઉપર વિચાર ન કરીએ તો મૂળનાયક શબ્દ નકામો છે. દર્શન કરનારા ભવ્ય જીવોને થતા ઉપકારની અપેક્ષાએ મૂળનાયકપણું છે.

**પરોપકાર કરવો તે જૈનધર્મનું મુખ્ય બિંદુ છે**

જૈનશાસન પરોપકારમાં ક્યાં સુધી ઉતરે છે? જૈનશાસન મળ્યું છતાં પરોપકાર ન શીખીએ તો જૈનશાસન મળ્યું જ નથી. ચક્ષુ મળે ને ન દેખીએ તો ચક્ષુ નહિ. પરોપકારમય શાસન મળ્યું હોય. પરોપકારની બુદ્ધિ ન થાય તો મળ્યું એ જ કહેવું નકામું. ગણધરને સાધન મળ્યાં તો પરોપકાર કરવામાં પાછા પડે શાના? પરોપકાર કરવો તે જૈનોની ફરજ છે, ધર્મનું મુખ્ય બિંદુ છે. તે અપેક્ષાએ ગણધર પ્રતિબોધ, પ્રવ્રજ્યા પામ્યાની સાથે ચૌદ પૂર્વો વગેરેની રચના કરે તેમાં આશ્ચર્ય નથી.

**જીવવું સર્વને ગમે છે, મરવું કોઇને ગમતું નથી.**

અંગમાં પહેલાં-આચારાંગમાં સાધના આચારની, સૂયગડાંગથી વિચારની અને ઠાણાંગથી પદાર્થની વ્યવસ્થા. પાંચમા ઠાણામાં પંચ મહાવ્રતો. તેમાં પહેલું મહાવ્રત સર્વથા પ્રાણાતિપાતથી વિરમવું. અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું મૃષાવાદાદિ અનુભવની વાત ન લેતાં બિનઅનુભવની પ્રાણાતિપાત વિરમણની વાત લો છો. ચોરીથી દુઃખ થાય તે અનુભવની વાત. મોતની વાત સાંભળેલી, મોતની વાતનો અનુભવ હોય નહિ. નાસ્તિકોને એમાં પકડાય છે. નાસ્તિકો પ્રત્યક્ષ જ પ્રમાણ માને. અનુમાનને પ્રમાણ તરીકે નથી માનતા. તેવાને ઉપમાન વગેરે પ્રમાણ હોય શાનાં? પ્રત્યક્ષ જ પ્રમાણ. તેને કહેવામાં આવ્યું, તું સાપથી ડરે છે કે નહિ? પ્રાણ જાય એ તું શાથી માને છે? સાપના કરડવાથી પ્રાણ જાય છે તે અનુમાન કરવું પડયું. તને પોતાને ક્યારે સાપ કરડયો હતો ને પ્રાણ ગયા હતા? લોકોના કહેવાથી, સાંભળવા માત્રથી ડરે છે કે નહિ? વાઘથી ફફોલા કેટલા દેખ્યા? છતાં ડરે છે શાથી? વચનના આધારે, લોકોનાં વચનો માય છે લોકોના વચનો માન્ય ન હોય તો સાપથી કરડેલો મરી ગયો હોય તે દેખ્યા સિવાય ડરવું નહિ. વાઘથી, સાપથી નીડર રહે છે? કેમ નથી રહેતો? લોકોનું વચન કબૂલ છે ને સર્વજ્ઞ ભગવાનનું વચન કબૂલ નથી ને!

વચનો માન્યા સિવાય છૂટકો નથી. સાપ કરડવાથી મરી જવાય એ અનુભવની ચીજ નથી, સાંભળેલી ચીજ છે. હિંસાનું દુઃખ એ અનુભવની ચીજ નથી. કોઈ જૂઠું બોલીને બનાવી જાય એ અનુભવની ચીજ. એ પહેલાં ન લીધી ને વગર અનુભવની ચીજ પ્રથમ કેમ નાખી ! ભયંકર સાંભળેલી ચીજની જે અસર તે એવી જબરજસ્ત થાય કે સેંકડો દેખેલી વિસાતમાં નથી ઘરનું નુકશાન હોય, મોત થયું હોય તો મોતથી ડરીએ છીએ, મરણ એ અનુભવની ચીજ છતાં એટલી બધી ભયંકર છે કે બધા અનુભવો ત્યાં ડૂબી જાય છે. હિંસા વર્જવામાં તે કારણ બને છે. સર્વે જગતના જીવો ચાહે તો ઈંદ્ર હોય, ચાહે તો કીડો હોય તે બધાને જીવવાની ઈચ્છા છે. કોઈ પણ મરવાની ઇચ્છાવાળો નથી. મરણ જ અનિષ્ટમાં અનિષ્ટ ગણાય છે, તેથી મહાવ્રતોમાં પહેલું મરણ વર્જવું તે નિયમિત કરવામાં આવ્યું. જૂઠની ચિંતા બીજાની સાથે વાર્તાલાપે, મૈથુનની ચિંતા કુટુંબ રાખ્યું હોય તેને. ચોરીની ચિંતા ધન હોય તેને. આ બધી ચિંતા અન્ય અન્ય કારણને લીધે છે ત્યારે 'હું મારું નહિ' તે સઘળો વખત ચાલુ છે, હિંસા ન છોડાય તો શેષ વ્રતોને સ્થાન નથી.

### ઠેસ ખસેડી નાંખી તો ઘડીઆળ બંધ

કેટલાકો એવા ડાહ્યા હોય છે કે જગતમાં હિંસા બનતી નથી એમ કહે છે. આયુષ્ય હોય ત્યારે, કે આયુષ્ય ન હોય ત્યારે મરે ? આયુષ્ય આવી રહ્યું છે, તો આયુષ્ય એવું બાંધ્યું છે કે મરનારો શું કરે ! આયુષ્ય છતાં મરવાનું થાય તો આયુષ્યની કિંમત નહિ. આયુષ્ય છતાં મરતો નથી, આયુષ્ય વિના કોઈ જીવતો નથી. આવું કહેવાવાળાએ પ્રથમ વિચારવું જોઈએ કે એનું આયુષ્ય આવી રહ્યું હતું તેની તને ખબર હતી ! મારનાર તો મારવાની ઇચ્છાવાળો. આયુષ્ય આવી રહ્યું કે નહી તેનો વિચાર કરતો નથી. આયુષ્ય આવી રહ્યું હોય તો પણ કારણ બન્યો કે નહિ ? કારણ બન્યો તો પાપનો ભાગીદાર. ઘડીઆળને આઠ દિવસની ચાવી હોય. ઠેસ ખસેડી નાંખી તો ઘડિયાળ બંધ. છતી

ચાવીએ ચૂંક ઢીલી થઇ, ચાવી ઉતરી ગઈ. આયુષ્ય છતાં એકદમ મરી જાય તો મારનાર ગુન્હેગાર ખરો કે નહિ? ચૂંક ઢીલી કરનારો, ઘડિયાળ બંધ પાડનારો ખરો કે નહિ? ચૂંક ઢીલી કરનાર ઘડિયાળને બંધ કરનારો ગણાય તેમ આયુષ્યને ઉપક્રમ કરનારો મારનારો ગણાય. જે જે દુઃખ પામે છે (?) કોઇને ધોલ ઠોકી, એ દુઃખ પામ્યો. એના કર્મ ધોલ ખાવાના હતા કે નહિ? હું તો માત્ર નિમિત્તભૂત છું. ધોલ ખાવાનાં કર્મ બાંધ્યા હતા કે નહિ? હિંસામાં પ્રવર્તવામાં દોષ નથી—આવું કહેનારા સમજ્યા નથી. એનો કર્મનો ઉદય માની લે તો, એ કર્મો એણે કેમ બાંધ્યાં! ધોલ ખાવાનું કર્મ કેમ બાંધ્યું? પહેલા ભવે બીજાને ધોલ મારી હશે. તે વખતે બીજાને કર્મ હશે કે નહિ? એ જે ભોગવે છે તે કર્મ તે કેમ બંધાયું? મારતાં બંધાયલું. માર ખાધો તેને ઉદય હતો કે નહિ? તો આને કર્મબંધ કેમ થયો! જૈનશાસન નિમિત્તને પકડતા નથી જો માને તો મોક્ષે જવાવાળાને માટે મારવામાં કાંઇ નહિ. મરનારાના કર્મના નામે જેઓ હિંસાને ભયંકરપણામાંથી કાઢી નાંખતા હોય તેમણે મરનારાના કર્મનું કારણ તપાસવું.

## મરનારાના કર્મના લીધે મારનારાનો બચાવ નથી

મરનારાના કર્મ માને છે તો તે કેમ થયા? મરનારાને ઉદય આવ્યો શાનો? એ એનાં કર્મે મરે તો પણ મારવાના કારણ થયા. મરનારાના કર્મને લીધે હિંસાનું ભયંકરપણું ખસેડનારા મરનારાના કર્મ ઉપર વિચાર કરી લે. કરનારાને કર્મ લાગે છે. મરનારાના કર્મને લીધે કરનારાનો બચાવ નથી. અંતરાયે બાંધેલો છે. અંતરાયનો ઉદય થયો છે. ચોરી કરવાનો ભાવ થયો. ચોરી કરનારો કર્મ બાંધતો નથી એમ કહી શકાય નહિ. ચોરી કરનારો નિર્દોષ નથી. અંતરાયના ઉદયથી થાય છે છતાં ચોરી કરનારો નિર્દોષ નથી. મરનારાના કર્મને લીધે મોત આવે છતાં મારનારો નિર્દોષ નથી. જેમ અંતરાયનાં ઉદયવાળાને અંતરાયનો ઉદય વસ્તુનો વિજોગ થવાનો છે, છતાં એને ત્યાંથી ચોરી કરનારો ગુનામાંથી નીકળી જતો નથી.

તેવી રીતે મરનારાએ કર્મ મરવાનું બાંધ્યું છે છતાં એને મારનારો નિર્દોષ થતો નથી. હિંસામાં જે કહેતા હતા કે મરનારાનું કર્મ છે હું શું કરું, તેથી ચોરીનું દૃષ્ટાંત આપ્યું. આઠમચૌદશે લીલોતરી છોડવી નહિ. આ જીવનો કેવો પાપનો ઉદય કે આ બિચારો છરીએ કપાય છે, ચીભડાં ચીરાય છે, આવા ઢોંગ કરનારો, કાપનારો કયા પાપના ઉદય વગરનો છે! તેને પાપનો ઉદય છે, પાપ બંધાય છે. કપાય તેને નિર્જરા થાય, ચોરી કરનારો કે મારનારો નિર્જરાના છાંટામાં ન રહે, બંધમાં રહે. ચોરીનું દૃષ્ટાંત ધ્યાનમાં રાખીશું તો માલમ પડશે કે મારનારો પાપના ઉદયમાં છે મારનારો મરનારાના પાપથી બચી જતો નથી. મારવાનો સંકલ્પ તને કેમ થયો? તું શું કામ વચમાં આવ્યો? હાથી માવતને મારવા જાય, કુતરું અડફટમાં આવે, તેમ તું વચમાં અડફેટમાં કેમ આવ્યો? તું મારનારો થવાનો તેવું કર્મ લખ્યું છે, અડફેટમાં આવનારો એમ લખ્યું છે. રાજાને ત્યાગી થવું એટલે દંડ વગેરે કરાય તે ખરાબ છે. નહિ ગુન્હા કરવાવાળા ફસાય છે, કરવાવાળા બચી જાય છે તો મરનારાના કર્મને અંગે મારનારો બચી જવા માગે તે ચોરો પોતાનો ઉપકાર ગણાવે. ચોરો કહે છે અમારી હયાતી જગતને ઉપકાર કરે છે. અમે જો ચોરીનો ધંધો ન કરીએ, તો સુથાર, લુહાર બધા ભૂખે મરે. ચોકિયાતો ભૂખે મરે. અમે દુઃખી થઇને બીજાને આજીવિકા આપીએ છીએ, એટલે ચોરી કરતાં પકડાઇએ તો સજા થાય છે અમને. ચોર લોકો સુથાર, લુહારની આજીવિકાને આગળ કરે, તેવા 'મરનારનું નસીબ' કહેનારા તેના જેવા સમજવા. મરનારનું નસીબ પાતળું પણ તું મારવા તૈયાર કેમ થયો? મરનારો મર્યો પણ હિંસાની વાત તને કરીએ છીએ. ન મરે તો પણ તું તો હિંસક છે. ચોરી ન થાય તો પણ તુ ચોરીના પાપવાળો છે મારવાની બુદ્ધિવાળો કર્મ બાંધે છે ન થાય તો પણ તે થયા પછી છૂટવા માગે તે કયા ન્યાયથી! મરનારાના કર્મને અંગે મારનારો છૂટી જતો હોય તો જગતમાં હિંસા જેવી ચીજ નથી, કેટલાકો હિંસાનું આવું સ્વરૂપ કરીને સો સૌના કર્મે મરે, જીવે છે.

કોઈ કોઈને બચાવતો નથી એમ કહે છે, પણ હિંસા ન બને તોય હિંસા કરવાની બુદ્ધિવાળો પાપનો ભાગી છે. બચાવવાની બુદ્ધિમાં કેટલાક અવળું પકડે છે. બચાવવો એટલે હિંસા ન કરવી. બીજાથી મરતો હોય તેને બચાવવો નહિ. તેરાપંથીમાં એમ છે.

## મારવું નહિ એટલાનું નામ બચાવ નથી

હિંસા ન કરવી તેનું નામ બચાવવું એમ માનતા હોય તેમણે મેઘકુમારનું દૃષ્ટાંત ધ્યાનમાં લેવું. સસલાની જ દયા કેમ? જેટલાને ન માર્યા તેટલાની દયા તારે થઇ ગઇ. જગતમાં કોઈ દુર્ગતિએ જનારો ન રહે. જે લોકો હિંસા કરનારા છે તેવાઓ પણ ઘણાના બચાવવાળા છે. પોતાના વિષયમાં આવવાના તેટલાની હિંસા કરવાના, તે ઘણાંનો અહિંસક, થોડાંનો હિંસક. પોતે મહારંભ કરે તેટલો હિંસક. એને આધારે અહિંસાનો લાભ થવો જોઇએ. મારવું નહિ, એટલાનું નામ બચાવ નથી. સસલાની મહારંભવાળાની સ્થિતિ વિચારીશું તો મારવું નહિ તેટલાનું નામ બચાવ પ્રાણાતિપાતવિરમણ નથી. શાતા-વેદનીયના જુદા કારણો બતાવવામાં આવ્યાં. નહિ મારવો તેનું નામ બચાવ હોય તો પ્રાણાતિપાતવિરમણમાં આવી ગયેલું હતું. જુદું કારણ બતાવીને ચોકખું કર્યું કે પ્રાણને બચાવવાની બુદ્ધિ તે શાતા-વેદનીય બાંધવાનું કારણ છે. જીવોને બચાવવાની બુદ્ધિવાળો મનુષ્ય સાતાવેદનીયને બાંધે છે. શુભ, પુણ્ય પ્રકૃતિ છે. અંશે પણ પાપનો સંભવ નથી. સાધુને અંગે બચાવવાની ફરજ નાંખી. બધા ઉપકરણો બતાવ્યા. કોઇ કુંથુઆડો મરતા હોય તેમને એકાંતમાં મૂકવાં. શાથી? બચાવવા માટે.

## ધર્મનું લક્ષણ અહિંસા

જો એનાં કર્મના નામે કઠોરના કરવામાં આવે તો દયા, બચાવને સ્થાન નથી. હિંસાને સ્થાન નથી તો અહિંસાને સ્થાન ક્યાંથી? તો પ્રથમ પ્રાણાતિપાતવિરમણ શાનું? કોનું? પ્રાણાતિપાતથી વિરમવાનું તે જ માની શકે, ચાહે તો મારનારના કર્મો હોય કે ન હોય બચાવમાં જે લાભ માનનારો હોય તેને પહેલું વ્રત હોઇ શકે. આ વ્રત પ્રથમ મૂક્યું કેમ? જૈનધર્મનો આધાર સુદેવમાં પ્રથમ હથિયાર, સ્ત્રી,

માળા ન જોઈએ. હથિયાર, સ્ત્રી હિંસાના સાધન. કુગુરુનું લક્ષણ જણાવ્યું કાચું પાણી, ફૂલ અને ફળ. ધર્મનું અહિંસા લક્ષણ માન્યું. સોનામાં જેમ કસ આવવો એ ખરેખર એનું લક્ષણ છે, તેમ ધર્મમાં અહિંસા હોવી તે જ લક્ષણ. અહિંસા એ ધર્મનું લક્ષણ હોય તો પાંચે મહાવ્રતોમાં પહેલાં એ હોય તેમાં નવાઈ શી? ધર્મની, શાસ્ત્રની પરીક્ષા કરતાં કષ, છેદ, તાપ બતાવ્યા. તેનું લક્ષ્યબિંદુ અહિંસા ઉપર તત્ત્વ-વ્યવસ્થા જેની ગબડી જાય તેને કષ, છેદ, શુદ્ધિ હોવા છતાં અહિંસાપાલન હોય નહિ. સાંખ્યોનો વિચાર કર્યો, વૈદિક ઉપર વિચાર કરીએ. નવમા અને દસમા તીર્થંકર વચ્ચે જૈન શાસન ચાલતું બંધ થયું. સાંખ્યની ઉત્પત્તિ વખતે જૈનશાસન ચાલુ હતું. વૈદિકની જડ નંખાતી વખતે જૈનશાસન બંધ થયેલું હતું. તે વખતે જે લોકોને ગુરુ તરીકેના સંસ્કારો, ગુરુ તો જોઈએ, પજુસણમાં વાંચનાર તો જોઈએ એ લક્ષ્ય થયું, પછી સુગુરુ કુગુરુપણાનો વિચાર નહિ વાંચનારો જોઈએ. તેવી રીતે નવમા અને દશમા તીર્થંકર વચ્ચે શાસન વિચ્છેદ થયું. શાસન જોઈએ, ત્યારે આરંભી, પરિગ્રહી ગુરુ થઈને બેઠા. એ આશ્ચર્ય ગણીએ છીએ. નવમા દશમાના આંતરાની વચ્ચે અસંયતિની પૂજા ચાલી. આરંભી, પરિગ્રહી ગુરુ થવા માગે તે વખત કેટલું કેટલું ફેરવવું પડે? જેનું ઊંચુ ધોરણ હોય તેની જડ નીચલા ધોરણમાં હોય. જેને આરંભી, પરિગ્રહી છતાં ગુરુ રહેવું છે તેવા વીતરાગને પરમાત્મા મનાવે ખરા? તેવા સ્વપ્ને પણ વીતરાગને પરમાત્મા મનાવે નહિ. જો વીતરાગને પરમાત્મા મનાવવા જાય તો વીતરાગપણું ધ્યેય રાખવું પડે તો પોતાના આરંભપરિગ્રહ ચાલે નહિ. આરંભી, પરિગ્રહી ગુરુ બનીને બેઠા, તેમને, વીતરાગને ખસેડયે જ છૂટકો. વીતરાગને પરમાત્મા મનાવવા જાય તો ઘેર ગોદા આવે. વીતરાગનું પરમાત્મપણું ખસેડવું પડે દેવ તો જોઈએ, કલ્પસૂત્ર સાંભળવું જોઈએ. ગુરુમહારાજ મળે તો ઠીક નહિ તો ભેખધારી, આરંભી, પરિગ્રહી ગુરુઓને આરંભી પરિગ્રહીદેવો ઠરાવવા પડે તો જ આરંભી પરિગ્રહીપણામાં ગુરુપણું રહે.

### લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે મરે નહિ.

આરંભી-પરિગ્રહીને દેવ ઠરાવવા તે શી રીતે બને? આત્માનું

સ્વરૂપ, સ્થિતિ ભુલાવી દેવા પડે. એ ભુલાવી ન દે તો દેવપણું આરંભી-પરિગ્રહીમાં માને નહિ કે ગુરુપણું આરંભીપરિગ્રહીમાં કોઇ માને નહિ. ગુરુતત્ત્વની સ્થિતિ ભૂંસાઇ ગયેલી છે, દેવની તો ભૂસાયેલી છે જ. જીવનું સ્વરૂપ મનાયેલું હોવાથી તે દેવને આરાધવા તત્પર રહી શકતો નથી. દેવગુરુધર્મમાં દેવગુરુધર્મપણું નહિ છતાં તે તરીકે ઠરાવવા તે કેમ બને ? જૈનધર્મ આત્માને કર્મના બંધથી બચાવવા માટે ઉત્પન્ન થયેલો મોક્ષમાર્ગ બતાવનાર તરીકે માનતો હતો. મોક્ષમાર્ગની પ્રવૃત્તિને ધર્મ માનતો હતો. આરંભીપરિગ્રહીમાં ગુરુપણું આવી જાય તો એને કલ્પના કરવી પડે. પોતે આરંભપરિગ્રહમાં રહેલા છે. પોતે દુનિયાનું લે અને ભોગી રહે દાનમાં ફળ બતાવવું. દાન તો લેવું છે, પૈસાટકા લેવા છે. ફળ દેનાર પોતે બની શકે. દુનિયાને ઝુકાવવાવાળો જોઇએ. દુનિયા કુટુંબ, ધન અને માલમિલકતની ઇચ્છાવાળી છે. સમ્યગ્દષ્ટિ એને છાંડવા લાયક ગણે તે પણ ઇચ્છાવાળો. જેને સમ્યગ્દર્શન થયું નથી તે ધન, માલ વગેરેને ઉપાદેય ગણે તેવા લોભિયા હોય ત્યાં ધૂતારા ભુખે મરે નહિ, જગત્ બાહ્ય પદાર્થોની ઇચ્છાવાળું, બાહ્ય જગતને માની રહેલું. દાન લેવું છે એને ભવિષ્યની ઇચ્છા છે. અમને આપો તે ઇશ્વર તમને આપશે. હુંડીનો વ્યવહાર શરૂ કર્યો. પોતે આરં-ભીપરિગ્રહી હોવાથી દાતારોને બદલો ન આપી શકે. દાન તો લેવું છે. માલ લઇએ તો ચિઠ્ઠી આપણા નામની લખાય. ઠગારા હોય તે [illegible] અને ચિઠ્ઠી બીજાના નામની. તેવી રીતે લૂંટી લેવું પોતે અને [illegible] ઇશ્વરના નામની. આરંભીપરિગ્રહી રહીને લેવું, દેવાની [illegible]થી તેથી ચિઠ્ઠી લખી દેવી પડે, ત્રીજાના નામની [illegible] દેવી પડી. ઇશ્વર આ બધું આપે છે. આરંભીપરિગ્રહી થયા પછી, લોકો પાસે લૂંટી લીધા પછી ઇશ્વરના નામ [illegible] આવવું પડે. તત્ત્વવ્યવસ્થા ગબડી માટે પણ ઇશ્વરની કલ્પના કરવી પડી. દેવા લેવાવાળાને ઇશ્વરની કલ્પના કરવી પડી. કયો ઇશ્વર ? 'એક ઇશ્વર [illegible] એક છે.' માન્યતા શુદ્ધ હતી તે પલટાવવી

પડી. પલટાવે નહિ તો દેનારો બનાવે શી રીતે? આ ભવમાં મળ્યું તે એજ દે છે એમ માને, તો આવતા ભવે એ દેનારો છે તે સાબિત થાય.

## જૂઠું એ મીઠું

ઇશ્વરને કર્તા ઠરાવવો પડયો. લોક કેમ તે તરફ ધસી ગયું? કથામાં કહેવાય છે 'મીઠામાં મીઠું કોણ? જૂઠું.' રાજાને ત્યાં ચાર છોકરી આવી છે વાત કરી રહી છે. રાજાની, પ્રધાનની, શેઠીયાની અને વેશ્યાની છોકરી છે. રાજાની છોકરીએ પુરુષ, પ્રધાનની છોકરીએ દારૂ, શેઠિયાની છોકરીએ માંસ અને વેશ્યાની છોકરીએ જૂઠું મીઠું એમ કહ્યું. રાજાએ થેલી મંગાવી. છોકરીઓને બોલાવી. બોલો શું વાત કરો છો? વાત તો કરતી હતી ને? છોકરીઓ સમજી કે વાત સાંભળી છે. મીઠું શું? એમ વાત કરતા હતા. સાચું બોલો તો થેલી આપું. પુરુષ મીઠો એમ મેં કહ્યું હતું. સુવાવડી જમના દ્વારે જાય ત્યારે ચીડાય, પણ વખત જાય ત્યારે વશ થાય છે. પ્રધાનની છોકરીને પૂછયું–દારૂ કેમ મીઠો છે? જમાદાર દારૂ પીને નીકળે ત્યારે લથડિયાં ખાય છે. કૂતરા મૂતરે છે. બેહાલ થાય છે. આજ આવ્યો પણ કાલે આવું નહિ, પણ બીજે દિવસે પાછો નીકળ્યો જ છે. શેઠિયાની છોકરીએ કહ્યું, તારે ત્યાં માંસ? સાકર દેવની આગળ ધરું છું. માંસને કીડી વળગેલી પણ સાકર આગળ એકે નહિ. રાજાએ વિચાર્યું એને કાંઇ નથી. વેશ્યાની છોકરીને પૂછયું, તું જૂઠું મીઠું કેમ કહે છે? ત્રણ માસ પછી ઉત્તર આપીશ. છોકરીએ વાત 'મા'ને કરી. એ અઢી માસ સુધી વાત સાંભળી નહિ. વેશ્યાએ પોતાના હોલ (Hall) માં રોશની કરાવી, સિંહાસન ગોઠવાવ્યાં, વાજાં વગડાવ્યાં, પધારો, મારે ત્યાં ત્રિભુ ભગવાન પધાર્યા છે! વેશ્યા ગામનો ઇતિહાસ જાણે છે. તેં આવાં કર્મ કર્યાં છે. ભગવાન્ તારા દર્શનની ના કહે છે. વેશ્યાને રૂપિયા આપે છે. માવડી ભગવાન્ હોવા જોઇએ. વેશ્યા અંદર જાય છે, બહાર આવે છે, પરણે મનાવ્યાં છે. દર્શન કરજો, બોલશો ચાલશો નહિ! છત્ર, સિંહાસન વચ્ચે

ભગવાન્ બિરાજ્યા છે તે દેખ્યા ? દેખતો નથી ? કહ્યું, વગર ભગવાને ભગવાન છે એમ કહેવું પડયું. કર્યાં ને દર્શન ? હા કહેવી પડી, એને મોઢે બકાવીને વિદાય કર્યો. આ દર્શન કરીને આવ્યો, આપણે રહ્યા. ત્રીજે મહિને રાજા આવે છે. છત્ર, ચામર, સિંહાસન વચ્ચે ભગવાન્ બિરાજ્યા દેખ્યાને ? રાજાએ કહ્યું નથી દેખતો. ચપોટી, રાજાને કહેવું પડયું, ભગવાનનું તેજ વગેરે કહેવું પડયું. ગામમાં બધાં ઢાંકયા હોતા નથી, નાગાને લઈ ગઈ. પેલાએ કહ્યું નથી દેખતો. પેલીએ ચપોટી, પેલાએ ચોટલો પકડયો. તારા કુળમાં કયું ઠેકાણું છે ? ચોટલો પકડીને બહાર લાવ્યો. રાજાને લાગી ગઈ, હા તો ભણી ગયેલો. પકડો, સાળીને ફટ દઈને પકડો ! પકડયા, પકડયા ! મારી છોકરીએ શું કહ્યું હતું ? જૂઠું એ મીઠું. ભગવાનને ઊતરવાનું સ્થાન ન મળ્યું તે વેશ્યાવાડે ઊતર્યા. ભકિતના સ્થાનોમાં કાંઇ નહિ ! જૂઠું એ મીઠું થાય છે. બાહ્ય પદાર્થ દેનારો કહેવામાં આવે કે લોકો માનવા તૈયાર. દુનિયામાં ધતિંગ છે. સ્વરૂપ પરત્વે સત્ય છે, સંખ્યામાં નહિ. ઇશ્વરને પોતાનું પેટ પૂરવા માટે જગતમાં દેનારો કરવો પડયો. વગર નામઠામની હુંડી. એવો ઈશ્વર મનાવ્યા સિવાય આરંભીપરિગ્રહીનો બીજે છૂટકો થાય નહિ. નવમા, દશમા તીર્થંકર વચ્ચે આવા ઇશ્વરને લોકોએ માન્યો, તેથી જીવાદિ તત્ત્વવ્યવસ્થા ગબડી ગઈ ત્યાં કષ, છેદનું ઠેકાણું કેમ રહે ? બીજ વવાય, વરસાદ ન આવે તો કાંઈ થાય નહિ. વરસાદ તરીકે પોષણ કયાં મળ્યાં, તે માટે યજ્ઞની ઉત્પત્તિ થઇ તે ઉપર વિચાર કરીશું.

---

## વ્યાખ્યાન : ૬૨

### સંસારસમુદ્ર ભયંકર લાગે ત્યારે શું થાય ?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ સુધર્માસ્વામીજી મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, શાસનની પ્રવૃત્તિને

માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ વહેવડાવવા માટે પ્રતિબોધ અને પ્રવ્રજ્યા પામ્યાની સાથે ભાવના પાંચ ભેદોમાં વિનિયોગ નામનો ભેદ જણાવેલો છે. તેમાં ભવ્ય જીવને જ્યારે સંસારસમુદ્ર ભયંકર લાગે, ચારે ગતિની વેદનાના શ્રવણથી, માન્યતાથી સંસાર દુઃખરૂપ લાગે ત્યારે તેના ઉદ્ધારને માટે કટિબદ્ધ થાય, વેદનાનું ભાન ન થયું હોય, દરદની સ્થિતિ ધ્યાનમાં ન આવી હોય ત્યાં સુધી કોઇ દિવસ વૈદ્ય, ડૉક્ટર કે દવાનો આદર હોતો નથી.

## મનુષ્યગતિમાં ક્યારે જાય ?

દવા કે ડૉક્ટરનો આદર કોને હોય ? જેને રોગનું ભયંકરપણું, રોગની પીડા જાણવામાં આવ્યા હોય તેને કિંમત હોય, અભવ્યને કોઇ ગતિ ભયંકર લાગતી નથી. નારકી અને તિર્યંચની ગતિના દુઃખો જાતિસ્મરણથી જાણીને, મહાત્મા પાસે જાણીને અગર કોઇ દ્વારાએ માલમ પડવાથી કે જાનવરનાં દુઃખો પ્રત્યક્ષ દેખી તેનો ભય થાય. તે મનુષ્યગતિમાં જાય.

## દુઃખો ખ્યાલમાં રાખીએ તો મનુષ્યભવમાં મોજ માનીએ નહિ

અભવ્યનો જીવ દેવલોકે જાય ત્યારે તેને ચારે ગતિનુ ભાન થાય કે નહિ ? અભવ્ય એ નવમા ગ્રૈવેયક સુધી જાય છે. અભવ્યને ચારે ગતિનું ભાન હોય તો નારકી અને તિર્યંચની ગતિથી ડરે એમ કેમ ? શું દેવતા અને મનુષ્યમાં દુઃખો એના ખ્યાલ બહાર હોય છે ? ધપ્પો વાગ્યો, ધૂળ ઊડી જવાનો ખ્યાલ હોય તેને માન–અપમાનનો ખ્યાલ નથી. વચનનો ઘા ન રૂંઝાય તેવો લાગતો હોય તેવાને એક વખતનું અપમાન સાલનારૂં થાય, તેવી રીતે મનુષ્યગતિમાં જે મોજ લાગે છે તે ધપ્પો લાગ્યો ને ધૂળ ઊડી ગઇ. પહેલાં વિચારીએ તો ક્યાં આવીને રહ્યા હતા ? પોટલું ક્યાં મેલ્યું હતું ? પછી ભલે આખા ગામમાં ફરીએ, અંધારી કોટડીમાં પોટલું મૂક્યું છે. ઊંધે માથે નવ માસ લટક્યા તેનો વિચાર કર્યો ? મનુષ્યગતિમાં મોજ માનવાનો વખત

નથી. શરૂઆતમાં મંગલમાં આ ચીજ ગંધાતી, અંધારી કોટડીમાં નવ માસ ઊંધા માથે લટકવું. એ હોવાથી બીજી વખત આવવાનો વિચાર ન થાય. તે વખત અણસમજુ હતા, અત્યારે તો સમજ્યા છીએ ને ! આવી અંધારી કોટડીમાં પહેલું પોટલું મૂકવું પડ્યું એ કંટાળો તો દૂર રહ્યો તે વખતે ઈષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ થાય કે વેદના થાય તે વખતે અરર ! કરીએ છીએ. પગે ઠેસ વાગે, રૂઝાય નહિ, ત્યાં સુધી મહાત્માની ઈર્યાસમિતિ પાળે, એને લૂગડું સરખું પણ ન લાગવા દે. રૂની ગાદી, ગોદડું લાગે તો સાવચેત રહીએ છીએ. રૂઝાયા પછી ઊંટ વિદ્યા ઊભી જ છે. છોળું ઉખળ્યું, આરામ નથી થયો ત્યાં સુધી જાળવણી જીવની નહિ, છોડાની જાળવણી. જ્યાં રૂઝાઈ ગયું કે ઊંટ વિદ્યા ઊભી છે. કેમ શું થયું ? ભુલી ગયા. આ જીવની ટેવ એવી છે કે દુઃખની વખત અરર ! કરવું, દુઃખ ગયું કે કાંઈ નહિ. સુખના નામે મોજ માણીએ છીએ અને દુઃખો ભુલી જઈએ છીએ. દુઃખો ખ્યાલમાં રાખીએ તો મનુષ્યભવમાં મોજ માનીએ નહિ.

## માંદવે થયેલી ભૂલ તે મોતે સુધરે—

દેરમતિમાં તો આખો ભવ બળતરા, બે વેપારી સરખા એકે માલ ન લીધો. પૈસા ધલાઈ ગયા હતા. બીજાએ વેપાર કર્યો કોટિધ્વજ થયો, 'દેખે કે દાઝે.' કોઈને ઘેર સરખી છોકરી, કોઈને સરખા છોકરા થયા હોય. એકનો છોકરો મરી ગયો. પેલાને ત્યાં લગ્નનું તોરણ બંધાયું કે છોકરાનું મોત ધ્યાનમાં આવે. આ મનુષ્યભવ પામ્યા ધર્મઆરાધનની સામગ્રી, લાયકાત પામ્યા, ઊંચા દેવ થયેલા દેખ્યા તે વખતે શું થાય ? જોડે ક્રિયા કરવાવાળા, જોડે રહેવાવાળા એકે ઊંચો દેવલોક પ્રાપ્ત કર્યો હોય, આપણે ઢંગધડા વિનાના હોઈએ શું થાય ? ઈંદ્રમહારાજના ઐરાવત દેવતાએ પહેલવહેલાં ઈંદ્રને ઓળખ્યો ત્યારે થયું કે આ તો મારું અપમાન કરનાર કાર્તિક, તેથી ક્રોધે ધમધમ્યો. માલિક છે, દેવલોકનો માલિક આ નોકર છતાં તેનાથી રહેવાયું નહિ. એટલે એને બે હાથીના રૂપ કર્યા. એણે બે કર્યાં કે ઈંદ્રે કર્યાં ચાર, આ દેવતા-

પણાની સ્થિતિ. જે અહીં અજ્ઞાનતા હોય તે ત્યાં નડે છે. ત્યાંની ઋદ્ધિ દેખીને બળતરા થાય. દેવતાઓ પશ્ચાત્તાપમાં ઘણા ઝુરે છે. વાંદરો ફાળ મારતાં ચૂકે મનુષ્યપણામાં ફાળ મારવાની હતી તે વખત ચૂક્યો. "રકમની ભુલ થાય તો સરવૈયે ઠેકાણુ આવે. જીવનના વતનમાં ભુલ થઈ તો વર્ષ ખમાડે" હું ખરો વખત ભૂલ્યો, તે વખત આમ કર્યું હોત તો મારું કામ થઈ જાત. દેવભવમાં ગયા પછી આ ભવને અંગે પસ્તાવો હશે, મારે સાધન શક્તિ હતા, કંઈ કામમાં લીધા નહિ તેથી આ દશા થઇ. માંડવે થયેલી ભુલ તે મોતે સુધરે, વચમાં સુધરે નહિ. તેમ મનુષ્યભવમાં થયેલી ભૂલ તે સુધરે પલ્યોપમો સાગરોપમે કે પછી દેવતાના ભવમાં સુધરવાનો વખત નહિ. ભોગવ્યાજ કરવી પડે. એમાં સુધરવાનું સ્થાન નહિ. જે ભુલમાં સુધરવાનું સ્થાન નથી તે ભુલ થતાં કેટલી સાવચેતી જોઇએ. જે ભૂલ પલ્યોપમે, સાગરોપમે સુધારી શકાય તેવી નથી, તે સુધારવામાં કેટલી સાવચેતી જોઇએ. 'વિણુશ્યા પછી વિચક્ષણુપણું આવે.' વિનાશ વખતે સાવચેતી રહેતી નથી. ખસ ખણીએ, બળતરા થાય ત્યારે હવે ન ખણું એમ થાય તે નવી ખરજ ઊભી થાય ત્યાં સુધી નવી ચળ ઊભી થઈ કે બધું ભૂલ્યો, ફરી ખણવા માંડ્યો. દેવભવમાં ગયા, બળીને રાખોડા થયા પાછા આવ્યા કે પાછા એના એ.

**મનુષ્યભવમાં ભૂલભૂલામણીમાં મુસાફરી કરવાની છે–**

ધ્યેય આત્મકલ્યાણનું રાખીએ, ચાલવા માંડીએ ત્યાં ઘર, કુટુંબ, વેપાર વગેરે વચમાં આવે. જે માર્ગે જવું હતું તે માર્ગ ભૂલ્યો. ચોવીસે કલાક ભૂલભૂલામણીમાં ચાલીએ છીએ. સાચે માર્ગે ચલાય નહિ. સાચો માર્ગ મળે નહિ. મનમાં થાય આત્માનું કલ્યાણ કરીએ પણ કલત્ર, કાયા, કુટુંબ અને કંચનની ભૂલભૂલામણીમાં પેસી જઇએ. ચાર સિવાય પાંચમા રસ્તામાં જવું પાલવતું નથી. ભુલભુલામણીમાં ગયેલો ભરાઈ જાય, જાય તો પાછો ફરે. નજર તો કંચન, કામિનિ, કાયા અને કુટુંબમાં. પાછા વળીવળીને ત્યાં આવીએ છીએ. બીજે રસ્તે જવામાં કોઇ

જાતની મનની ક્યાસ રહેતી નથી. સીધે રસ્તે જતાં ક્યાસ રહે. કંચનનો વિચાર કરીએ તે વખતે આ પાપ ક્યાં વળગ્યું, ક્યાં છૂટશે એવો વિચાર આવતો નથી. ભુલભુલામણીને રસ્તે સાચા રસ્તાનો ખ્યાલ આવતો નથી. કાઉસગ્ગ કરીએ તેમાં પણ ફલાણાનો વિવાહ કરવો છે, આ સ્થિતિ છે તો ભુલભુલામણીમાંથી નીકળવું શી રીતે? દેવતાના ભવમાં હતા ત્યારે થયું હતું કે નહિ ભૂલું, પણ આવ્યા કે પાછા એના એ જ. આ દુઃખનાં કારણો, એને અંગે વૈરાગ્ય કોને નથી હોતું! પણ એ તો ફોગટિયો. સંસારમાં દુઃખ દેખીને દુઃખનાં કારણો દેખીને વૈરાગ્ય થયું તે ફોગટિયું. દુઃખનાં કારણથી કંટાળવાનું કોને ન હોય? ચોર ચોરી કરતી વખત ફટકા ખાય તે વખતે તો કંટાળે છે. 'જ્યારે સુખનાં કારણો દેખાય તેમાં વૈરાગ્ય આવે ત્યારે એનું નામ વાસ્તવિક વૈરાગ્ય.' અભવ્યને સુખનાં કારણોમાં વૈરાગ્ય હોય નહિ. દુઃખનાં કારણોથી તો વૈરાગ્ય અભવ્યને પણ આવે છે ભવ્યને તો સુખનાં કારણમાં વૈરાગ્ય હોય. વિષયો દેખીતી રીતે સુખ દેનારા હોય, કુટુંબ વગેરે બધા સુખના કારણો માલમ પડતાં હોય તો પણ મારા આત્માને તો કર્મથી જકડનારા છે તે ભાસ થાય, તેથી છોડવા લાયક છે એમ થાય ત્યારે સમ્યક્ત્વનું લક્ષણ. જે નિર્વેદ તેને ભવનિર્વેદ અને ચારે ગતિનો નિર્વેદ થવો જોઈએ. ચારે ગતિથી ઉદ્વેગ ન થાય ત્યાં સુધી સમકિત વર્યું નથી. અરર! દેવ, ગુરુ અને ધર્મને માનીએ છીએ છતાં કહો છો કે અમને સમકિત મળ્યું નથી? વાત સાંભળીને વિચાર કરે તેની સાથે વાત થાય, વાતને કરડવા માગતા હોય તેની સાથે વાત થાય નહિ. એક માણસ ઉઘાડી તરવારે, પટો બાંધેલો દોડયો. શત્રુ છે પૂર્વમાં ને પોતે દોડયો આથમણે. તેને શૂરો સરદાર કહેવો? શૂરો કે બાયલો કહેવો? બાયલો. બધું છે પણ દોડે કઈ બાજુ?

**અંતે કાંટાના કાણા સાથે સોયનું કાણું પણ રૂઝવવું પડશે–**

અરિહંતને દેવ, શુદ્ધ સાધુને ગુરુ અને કેવલીના કહેલા ધર્મને

માન્યો પણ શાને માટે માન્યો? મોક્ષ મેળવવા. ચારે ગતિ ખરાબ છે તેથી મોક્ષ મેળવવાને. જેને અહીં મોજમજા છે તેને મોક્ષે જવું તે દેશનિકાલની સજા બરાબર છે. જેને મનુષ્યગતિ, દેવગતિમાં સારું હોય, તેને મોક્ષે જવું તે તીર્થંકર દેશનિકાલ કરનારા લાગે છે. ચારે ગતિને ભયંકર માનો તો તીર્થંકર ઉપકાર કરનાર ગણાય. મનુષ્ય અને દેવતાની ગતિ ભયંકર લાગે તો માનવું કે તીર્થંકરને શરણે આવ્યો છે. ચાર ગતિમાંથી કોઈમાં રહેવું હોય તેને તીર્થંકર કામના નથી. મનુષ્યગતિ વગર કર્મનો કાંટો નીકળે નહિ. અંતે તો કાંટાનું કાણું રૂઝવવું પડશે, તેની સાથે સોયનું કાણું રૂઝવવું પડશે. કાંટો કાઢવા સોય વાપરી તેથી. ચારે ગતિમાંથી એકપણ ગતિ સારી લાગે ત્યાં સુધી તીર્થંકર આપણે માટે કામના નથી. ચૂરનારો ને રક્ષણ કરનારો એક રસ્તે જનારા હોય નહિ. કડિયાની લેલો હોય છે. કોસ મોટી હોય છે. કોસને લેલીને બનાવ ન હોય. કોસનું કામ ખોદી કાઢવાનું ને લેલીનું કામ ચણવાનું. ચારે ગતિથી ઉદ્વેગ થાય, ચારે ગતિને ભયંકર સમજે અને શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મના આધારે આમાંથી નીકળી શકીશ એમ ધારી આલંબન લે તો તે વાસ્તવિક આલંબન કહેવાય. ચારે ગતિ ચૂરવાનું મનમાં નથી, પછી દેવ, ગુરુ અને ધર્મને માનવા તે પૂર્વમાં શત્રુ અને દોડવું પશ્ચિમમાં એના જેવું થાય. શરા સરદારપણું કયાંથી આવે? ચારે ગતિનો ઉદ્વેગ સમકિતીને હોવો જોઈએ. દુઃખની તીવ્રતા ત્યારે જ ગણાય કે બીજાને તેનાથી બચાવવા માગે. તીવ્ર દુઃખ હોય તો થાય કે ભાઈ માથાના કાપનારને પણ આવું ન હો. દુઃખની તીવ્રતા માલમ પડવાને લીધે બીજાને ન હો તેમ થયું. તેમ અહીં જે વખતે જીવ સમ્યક્ત્વ પામે, ચારે ગતિનું ભયંકરપણું દેખે, તે વખતે થાય કે કોઈ પણ જીવ આ ચાર ગતિમાં ચૂરાઓ નહિ. તેનું નામ જ વિનિયોગ. પોતે જેવો ચાર ગતિના ચક્કરમાંથી બચ્યો તેવો બીજાને બચાવવા માગે.

## જૈન ધર્મની ઉત્તમતા શાને લીધે?

પ્રતિબોધને પ્રવ્રજ્યા પામ્યાની સાથે ગણધર મહારાજાએ જીવોને

ચાર ગતિમાંથી કાઢવાને માટે ઉદ્યમ કર્યો. બધા ઉદ્ધરી જાય ને કોઈ ચક્કરમાં ચૂરાય નહિ તેથી બારે અંગોની રચના કરી. આચારની મુખ્યતાએ આચારાંગની, વિચારની અપેક્ષાએ સૂયગડાંગની અને વ્યવસ્થા કરવાને અંગે ઠાણાંગની રચના કરી. તેમાં પાંચ મહાવ્રતો છે એમ જણાવ્યું. જૈનધર્મની ઉત્તમતા, શ્રેષ્ઠતા હોય તો કેવળ પાંચ મહાવ્રતોને અંગે છે. બીજા ધર્મોનું મિથ્યાત્વપણું હોય તો તે પાંચ મહાવ્રતોની ખામીને લીધે, દયા સારી કહેનારા બધા છે. હિંસા સારી છે એમ કહેનારા કોઈ નથી. બીજાઓ પણ સારું ગણનારા છે, કહેનારા છે, તે રસ્તે પ્રવર્તવાવાળા છે "યમ" શબ્દથી દયા માને છે, કોઈ શિક્ષા અને નિયમથી દયા માને છે, પણ દરેક માને છે, તેથી આ પાંચ વસ્તુ પવિત્ર છે.

## ફૂળને ફેંદ્યા પછી આંબાની કિંમત કેટલી ?

દયા વગેરે આ પાંચનો સિદ્ધાંત સ્વતંત્ર સિદ્ધાંત છે. પ્રતિતંત્ર સિદ્ધાંત માત્ર આપણે જ માનતા હોઈએ, બીજો કોઈ માનતો ન હોય, કહેનારો માનતો હોય. નિગોદના જીવોનું પ્રતિપાદન જૈનો કરે તે પ્રતિતંત્ર સિદ્ધાંત. નૈયાયિક, સાંખ્ય અને બૌદ્ધને નિગોદ માનવી નથી. પૃથ્વીકાય કેવળ સ્વતંત્ર સિદ્ધાંત એકલા જૈનો માને છે તેથી સ્વતંત્ર-પ્રતિતંત્ર. બીજો સિદ્ધાંત અગ્નિ, વાયુ વગેરે છે તેવું કહેવામાં આવે તે સર્વતંત્ર સિદ્ધાંત છે, સર્વ શાસ્ત્રવાળાને માન્યા સિવાય ચાલ્યું નથી. સર્વ મતવાળા માને તે સર્વતંત્ર સિદ્ધાંત. અધિકરણ સિદ્ધાંત સમજવા માટે ચાલતી વાત લઈએ. કેટલાંક શ્રદ્ધાહીન હોય. એક નવકાર ગણે તો પાંચસો સાગરોપમનું નારકીનું આયુષ્ય તૂટે. ઓછા પાત્રમાં શાસ્ત્રની યથાસ્થિત માન્યતા ટકે નહિ. માર્ગથી વિમુખ રહેલાને શાસ્ત્રની સાચી વાત કરો તેથી તેમને તો સળવળાટ થાય. હૈયે ગપનો હારડો પહેરેલો તે બહાર આવે. ખ્યાલ રાખ્યો હોત તો આ દશા થાત નહિ. **'नमो अरिहंताणं'** કહીને નવકાર ગણ્યો તેનાથી કેટલું સિદ્ધ થયું તે ગણ્યું. આંબળાને દેવી પ્રસન્ન થઈ. વચેટ છોકરાની

વહુ સાતમે માળે સોનાની ગોળીએ વલોણું કરે તે હું દેખું એમ માગ્યું. પહેલાં તો દેખવા માટે આંખો, વચેટ એટલે ત્રણ છોકરા, સાતમો માળ એટલે રિદ્ધિ, સોનાની ગોળી રિદ્ધિ, અને સ્થાવર, જંગમ ભરપટ્ટે મિલકત આ બધું એક વચનમાં માગ્યું. '**नमो अरिहंताणं**' એક વચન બોલ્યો છે છતાં એમાં બધું આવી ગયું છે. કામ, ક્રોધ વગેરેથી ભરેલા દેવોને વોસિરે કહીને જલાંજલિ આપી. અરિહંતને નમસ્કાર કરવા લાયક છે. અરિહંતનો નમસ્કાર જગતમાં અદ્વિતીય ફાયદો કરનાર છે. અરિહંતને નમસ્કાર કરવામાં જિંદગીની સફળતા, લ્હાવો છે. કેટલીક વખત કેટલાક મૂર્ખ બને છે કે ફળને ફેંદી નાંખે. ફળને ફેંદ્યા પછી આંબાની કિંમત કેટલી? ઢુંઢિયાઓ ફળને ફેંદી નાંખે, '**नमो अरिहंताणं**' બોલે. નમસ્કારનું ફળ '**एसो पंच नमुक्कारो**' તે ફેંદી નાંખે છે.

## ચોરી કરતાં આવડી નહિ.

વસ્તુ આવી તો ફળની શું કામ આશા કરો? સર્વ પાપનો નાશ માગો. '**एसो पंच नमुक्कारो**' સર્વ પાપોનો નાશ એ સર્વ મંગલ, એ રૂપ ફળ માગે છે. આ આશંસા ભવ્યને જ હોય છે. ઢુંઢિઆને લોપવું એ જ ધંધો છે. જેને ચોરીની ટેવ પડે, તે 'મા'નોય ઘાટ ઘડે, તેમાંથીય ઉઠાવ્યા સિવાય નહિ રહે. તેમાં ઘર કયું જુદું છે? લુમ્પકોની લોપવાની ટેવ પડી. '**एसो पंच नमुक्कारो**' વગેરે લોપવામાં શું હતું? શું સાવદ્યપણું હતું, હિંસા હતી કે લોપાવ્યું? ગાંડો હાથી માવતને મારી બેસે, લોપ કે સાવદ્યના નામે પૂજા ઉડાવી, '**एसो पंच नमुक्कारो**' ઉડાવ્યું. પાંચ નમસ્કાર તો માનવા છે પછી કયું ખોટું કે ઉડાવ્યું? જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ જુદાં માન્યાં છે, સૂત્રના પ્રારંભમાં '**एसो पंच नमुक्कारो**' એ પાઠ નથી ભગવતી સૂત્રોમાં '**नमो लोए सव्वसाहूणं**' સુધીનું છે. ભગવતીસૂત્રના અંગ તરીકે કયાં કેટલું કહેવું તે કહેનારની મરજી. તું નમસ્કાર ગણે છે તે સ્વતંત્ર ગણે છે. કે ભગવતીના કરનારના કહેવાથી ગણે છે

તો આખું **ભગવતી** ગણુતો રહે, અધૂરું ગણ્યું તો પાપી છે. અધું બોલવું તે પાપ છે. નવકાર **ભગવતી**ની અપેક્ષાએ લેતો હોય તો આખું **ભગવતી** બોલ. સ્મરણુ કરવાનું વિધાન ત્યાં નવ પદો છે. નવ પદોનું વિધાન તે માનવું નથી. ચોરી કરતાં આવડી નહિ. ગરાસિયાએ ચોરી કરી ઘીનું ઢેકું ઉપાડીને ફેંટે બાંધ્યું. ઘરમાં રહેલા પોપટે જોયું. તેથી માલિકને કહ્યું કે અરે, મારું કહેવું સાંભળો ! આ રજપૂતને અર્ધો કલાક તડકામાં રાખો. બહાર જઈને તડકે વાતચીત કરવા માંડી કે ઘી ઓગળ્યું, ગળવા માંડ્યું. ઠાકોરને ચોરી કરતાં ન આવડી. લુમ્પકોને લોપતાં ન આવડ્યું. જેણે **'નમો અરિહંતાણં'** ગણ્યું તેણે જગતના કુદેવોની દરકાર તોડી દીધી. આ સુદેવ છે એમ માની લીધું, આ તારનાર છે એમ માન્યું. લાખ રૂપિયા કહેવાની જગો પર રાખ કહે, સંસારચક્ર તોડી નાખે પણ સ્થિતિના પરિણામ, તેમાં પાંચસો સાગરોપમ તોડી નાખવામાં હતું શું ? **'નમો અરિહંતાણં'** કહેવાથી અરિહંતને સુદેવ માન્યા, સંસારથી ઉદ્ધરવાનું માન્યું તે અધિકરણુ સિદ્ધાંત. એક બાજુની સાબિતી થતાં બધી બાબતોની સાબિતીમાં જાય, જેમ દેવને એક વચનની કબૂલાતે બધું કરવું પડે.

## નામથકી પ્રાણુાતિપાતવિરમણુ સર્વસિદ્ધાંત છે

અભ્યુપગમ સિદ્ધાંત-જે વાત પોતાને માનવી નથી, બીજો એ વાતને ફૂટફૂટ કરતો હોય તો તે વાતને ક્ષણુભર કબૂલ કરીને તોડવા માગે. કાયાવાળા ઈશ્વર તે કર્તા હોય નહિ બસ, ઈશ્વર કર્તા એમ બીજાનો આગ્રહ હોય. માનો એક વખત ઈશ્વરને કર્તા માનીએ, તો ઈશ્વરને કયાં કામ કરવાનું ? કામ કરવાનું તે કાયાથી કરે, તો ઈશ્વરની કાયા કેવડી માનવી ! તમે ઈશ્વર માની લીધો ને ? માત્ર તોડવા માટે કબૂલ તે અભ્યુપગમ સિદ્ધાંત. તેમ અહીં બીજા લોકોએ માનેલું છે હિંસા ન કરવી, જૂઠ ન બોલવું વગેરે પાંચે માનેલા છે તેથી શાસ્ત્રકારે કહ્યું, આ પાંચ સર્વ ધર્મવાળાઓએ પવિત્ર તરીકે માનેલા

છે. પ્રાણાતિપાતવિરમણ જેને તમે દયા, અહિંસા માનો તે સર્વતંત્ર-સિદ્ધાંત છે. નામથકી તો સર્વતંત્રસિદ્ધાંત છે પણ ઊંડા ઊતરીએ તો સર્વતંત્ર સિદ્ધાંત રહેતો નથી.

## એકે મતમાં દયાના સાધનો ન મળે

હિંસા કોને કહે છે? કીડી, મકોડાને મારવા તે? બચારા એકેંદ્રિયને માનતા નથી તો તેની હિંસા ક્યાંથી મનાય? તો પછી તેની વિરતિ ક્યાંથી મનાય? પ્રાણ ઉપર એ લોકોનું ધોરણ નથી. એકેંદ્રિય જીવો એ લોકોએ માન્યા નથી. કષશુદ્ધિ કદી આવે—હિંસા ન કરવી પણ છેદશુદ્ધિમાં જાઓ તો તેના સાધનો કોઈ જગો પર મળે નહિ. ત્રસ અને સ્થાવરને બચાવવા માટે મુહપત્તિ, ઓઘો અને કટાસણું એ સાધનો છે તેવા બીજી જગો પર નથી. એક પણ મતની અંદર દયાના સાધનો ન મળે. છેદમાં બચારા છેદાઈ ગયા તો તાપમાં ટકે શાના? શા માટે ટકતા નથી? પદાર્થનું સ્વરૂપ પ્રતિપાદન કરવાની વાત આવે ત્યાં ખસી જાય.

## જૈન અને અન્ય મતમાં ફરક

સ્નાનને ધર્મ માન્યો તેમાં સાંખ્યની શી દશા થઈ? જૈનધર્મ જાણ્યો હતો તે ખસી ગયું. દેવતાએ દેખાડેલું તે લઈને કલ્પના કરવી પડી અવ્યક્તમાંથી ઉત્પન્ન થયું. તેવી રીતે જગતની ઉત્પત્તિ કીધી. નવમા અને દશમા તીર્થંકરની વચ્ચે એ દશા આવી કે બધું પરમેશ્વર કરે છે. શાથી માનવું પડ્યું? કહો ધ્યેય ચૂક્યા. આત્માની ઉન્નતિ માટે દેવ, ગુરુ અને ધર્મનું આરાધન હતું તે મુદ્દો ફરી ગયો. અમને આપો, ઇશ્વર તમને આપશે. બદલો લેવા માટે આપવાનું થયું. જૈનો ને અન્યોમાં આ ફરક છે. 'આત્મકલ્યાણ—આત્માની ઉન્નતિ માટે અને મોક્ષ માટે દાન છે.' બીજામાં બદલો લેવા માટે દાન છે. બદલાની બુદ્ધિ થાય તો બચનારો જોઈએ. લેનાર તો ખાખી બંગાળી છે.

## મેળવવા માટે દેવાનું નથી—

બદલો આપે કોણ ? જૂઠી હુંડી લખી આપવી. તમે મને આપો, ઇશ્વર તમને આપશે. ઇશ્વરના નામના જૂઠી હુંડી ચીતરી આરંભી ગુરુ થયા. દયાનો મુદ્દો ચૂકયા. આરંભી ગુરુઓને જૂઠી હુંડી લખ્યા સિવાય છૂટકો નહિ. લેવાને માટે જૂઠી હુંડીઓ લખવી પડી. કલ્યાણ બુદ્ધિએ હતું તે ગયું, સારું થયું દેશો તો મળશે. ઊંડા ઉતરો તો આનો અર્થ સારું થયું. મેળવવા માટે દેવાનું નથી. દીધે મળવાનું છે ચોક્કસ.

## જુવાર વાવીએ એટલે દાંડા મળી જાય—

અતિથિસંવિભાગને શિક્ષાવ્રતમાં લીધું. સાધુપણાના અભ્યાસને લેવાદેવા છે. દાળરોટલી હતી તે આપ્યું. અતિથિસંવિભાગમાં સાધુપણું તૈયાર થાય. બે રોટલી આપવી તેમાં સાધુપણાની નિશાની શું ? આ બદલાનું દાન નથી. સંયમમાં મદદ કરું છું. મદદથી મોક્ષ મેળવે છે. કલ્યાણકોટિએ દળ આવ્યું તો શિક્ષાવ્રત થઈ ગયું. દેવાથી જ પમાય છે એ વાત ખોટી નહિ અને દેશો તો પામશો એ વાત પણ ખોટી નહિ, પણ સારું કરો છો એ પરાગ. દેવાનું મોક્ષને માટે, પામવાને માટે દેવાનું નથી. દેશો તો પામશો ખરા. પામવા માટે દેવાનું ન હોય. કલ્યાણકોટિ માટે દેવાનું હોય. પામી જઈએ, પણ બદલા તરીકે નહિ. જુવાર વાવો એટલે દાંડા મળી જાય.

## પ્રાણાતિપાતવિરમણ ખસવાથી શું થયું ?

ખોટી હુંડી કોના નામે લખાય ? જેને તરત પૂછી આવી શકાય નહિ એવાને. પરદેશીના નામની ખોટી હુંડી હોય તેવી રીતે ખોટા બદલા વાળવા તે પરદેશ રહેલા ઇશ્વરના નામની હુંડી ઠોકયા જ જાય. તું મને આપ ઇશ્વર તને આપશે. આ બધું પ્રાણાતિપાતવિરમણ ખસ્યું તેને લીધે ઇશ્વરને માનવો પડયો. જેના નામની ખોટી હુંડી લખે તેને ચઢાવવો પડે, તેની બોલબાલા બોલવી પડે. તેની

રીતે ખોટી હુંડી બલ્લાના નામે લખનારાઓને ઇશ્વરની હુંડી લખવી પડે. સર્વ મહાવ્રતોમાં પહેલું મહાવ્રત પ્રાણાતિપાતવિરમણ રાખ્યું. હવે વૈદિકો, બૌદ્ધો કેમ ખસ્યા તે અધિકાર અગ્રે.

# વ્યાખ્યાન ૬૩

## ભવનું ભયંકરપણું લાગે ત્યારે શું થાય?

સૂત્રકાર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી ગણધર મહારાજાને ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, અને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેતો રાખવા માટે પ્રતિબોધ અને પ્રવ્રજ્યા પામ્યની સાથે આગળ જણાવ્યું તેમ ભવનું ભયંકરપણું લાગ્યું. જેમ એક મનુષ્ય પોતાને દરદ થયું હોય, વર્ષોના વર્ષો સુધી રીબાયો હોય અને ડૉક્ટરના ઘરનાં આંગણાં ઘસી નાંખ્યાં હોય, તેવાને કોઇ અપૂર્વ ઔષધ જડે અને જે વખત એનો રોગ આંખના પલકારાની માફક મટી જાય, તે મનુષ્યને પોતાનો રોગ મટવાની સાથે આ દવાનો લાભ જગત્ કેમ ન લે તે વિચાર થયા વિના રહેતો નથી.

### દાનશાળામાં પહેલો નંબર મહારાજા સંપ્રતિનો—

જેને વૈદ્ય મળ્યો નથી, દરદ ગયું નથી તેવી સ્થિતિમાં તેનું તે દરદ મટે, તો તે પહેલો પરોપકાર કયો સમજે? જગતને એ દવા સુલભ થઇ જાય તે રસ્તો લેવાનો. શ્રેણિક મહારાજાએ જેવી દાનશાળા ન પ્રવર્તાવી, કુમારપાલે જેવી દાનશાળા ન પ્રવર્તાવી તેવી દાનશાળા સંપ્રતિ રાજાએ પ્રવર્તાવી, શ્રેણિક, કુમારપાલ શું દયા ઓછી માનતા હતા? શ્રેણિકને વિષે ઉપાશકદશાંગમાં સાંભળીએ છીએ, રેવતી શ્રાવિકાની વાત ચાલે છે ત્યાં અમારિપડહો વાગેલો હતો. મહારાજા શ્રેણિક એ દયાની દાઝવાળા, મહારાજા કુમારપાળ અઢાર દેશમાં ત્રસ માત્રના અમારિપડહવાળા. શ્રેણિક પંચેંદ્રિયનો અમારિપડહો વગડાવતા. કુમાર-

પાલ ત્રસનો પણ વગડાવતાં, છતાં દાનશાળામાં પહેલો નંબર મહારાજા સંપ્રતિનો. કારણ જ્યાં જાતિસ્મરણ થયું, પહેલા ભવની દશા ખ્યાલમાં આવી, હેરાનગતિનો ખ્યાલ આવ્યો, તેને લીધે મારા રાજ્યમાં કોઈ હેરાન થવો જોઈએ નહિ એમ થયું.

## આટલી જબરજસ્ત દાનશાળા કરાવી તે પહેલા ભવના રંકપણાને આભારી—

દાનશાળાઓ સાતસો કરી દીધી. દશ ગાઉની વચ્ચે એક દાન શાળા. તે વખતે દસ ગાઉની મુસાફરી સ્વાભાવિક ગણાતી. સાતસો દાનશાળામાં કેટલો ભાગ રોકાયો? ત્રણે ખંડની પૃથ્વીને દાનશાળાએ વિભૂષિત કરી. એ સંપ્રતિને શાથી બન્યું? કુમારપાલ અને શ્રેણિકની વાત પ્રસંગે કહી. મુખ્ય અધિકાર સંપ્રતિ ઉપર. અનુકંપાદાનને અંગે સાવદ્યનિરવદ્યનો વિચાર કરે તે સાતસો દાનશાળાની વાત કરત નહિ. જેઓ દયાને અંગે કહેતા હતા કે પૈસા દેવા, પણ આ દાનશાળા પૈસાની નથી. ખાવાપીવાનું, વસ્ત્રપાત્ર બધું દેવાનું, એનાથી બચેલું રસોઇઆ લઈ જતા હતા. તેના પૈસા તમને આપું તો અડચણ છે? એ ચીજો સાધુને દેવડાવી દયા આવે તો બે પૈસા દઈ દેવા. બીજી ગડભાંજ નહિ. આરંભસમારંભ ન થવો જોઈએ. અહીં દાનશાળામાં બધું દેવાનું હતું. સંપ્રતિ મહારાજે આટલી જબરજસ્ત દાનશાળા કરી તે પહેલા ભવના રંકપણાને આભારી. જાતિસ્મરણથી પોતાનું રંકપણું સૂઝયું. પહેલા ભવની ગરીબાઈ સૂઝી.

## નકલીને સ્થાન સાચાની ઉત્પત્તિ પછી—

સુધર્માસ્વામીજી મિથ્યાત્વમાં જીવ કેમ હેરાન થાય છે એ જ્ઞાનની શાળા આખા શાસન સુધી રહે તેવી વહેતી કરે તેનો વાંધો નથી. માટા છૂટયા હોય તો પાટા બંધાયાની ખબર પડે. તેવી રીતે સુધર્માસ્વામીજીને જ્યાં પ્રતિબોધ થયો, પ્રવ્રજ્યા મળી કે માલમ પડયું કે આ મિથ્યાત્વમાં જીવની કેવી દશા થાય છે! તેમનો ઉદ્ધાર કરવા

કાંઈક કરું. આ વિચાર કરીશું તો માલમ પડશે કે ગણધરનામકર્મનો ઉપયોગ કરે તેમાં નવાઇ શી ? ચાર જ્ઞાન મળ્યા છે. ગણધર પદવીનો ઉપયોગ જગતમાંથી મિથ્યાત્વ, અવિરતિ કાઢી નાખવામાં થયો, પહેલા મિથ્યાત્વી હોય તે ગણધર થાય કે ચૌદ પૂર્વી, બાર અંગ રચે જ એમ નહિ. ઋષભસેન પુંડરીક થયા તેમને પહેલાં આભિગ્રહિક મિથ્યાત્વ હતું નહિ. સાચાની ઉત્પત્તિ પછી નકલીને સ્થાન છે.

## મેળવીને ભેગું કરેલું એક સમયમાં છોડવાનું

કુદેવો–નકલી દેવો, કુગુરુ અને કુધર્મ એ ત્રણે ક્યારે બને ? સાચા દેવ, ગુરુ અને ધર્મ ઉત્પન્ન થયા પછી. ઋષભદેવજીના કેવળજ્ઞાન પછી એમની ઉત્પત્તિ છે. ઋષભસેન જે પુંડરીકસ્વામી તે આભિગ્રહિક મિથ્યાત્વમાં ન હતા, અનાભોગિક મિથ્યાત્વ હતું. ન સુદેવને કે ન કુદેવને માનવા આવી સ્થિતિવાળાને જો કે મિથ્યાત્વ, અવિરતિનું સીધું ઝેર ન આવે, પણ આને લીધે અનાદિથી રખડયો છું એમ તો લાગે. સન્માર્ગ સૂઝ્યો હોત તો આ જીવ અનાદિથી રખડત નહિ. રખડતું ત્યારે જ લાગે જ્યારે નકામું ફરવું થાય છે એમ ધ્યાનમાં આવે, ત્યારે દરેક ભવમાં આ જીવ ગયો, એ જીવે મેળવ્યું ને મેલ્યું. જિંદગીની જહેમતે મેળવ્યું તે પલકારામાં મેલ્યું. શરીર–આવ્યા ત્યારે આંગળના અસંખ્યાતમા ભાગનું. દરેક ક્ષણે વધારે કરતા ગયા. ભલે પાંચસો ધનુષ્યનું થઈ ગયું. ત્રણ ગાઉએ આવી પહોંચ્યો. આટલું બધું જિંદગી આખી જહેમત ઉઠાવીને મેળવ્યુ. ચાલી નીકળ્યો ત્યારે એક સમય. દેવતા–નારકી અસંખ્યાત વર્ષો સુધી મેળવ્યા કરે, મેળવીને ભેગું કરેલું એક સમયમા છોડવાનું.

## સરવાળે શૂન્ય એ વેપાર કેવો ?

કયો ભવ એવો હતો કે જિંદગી મહેનત કરીને છોડ્યું નહિ ? એક નહિ. જેમ કાયાને અંગે કહ્યું તેમ વચનને અને મનને અંગે

વિચારો ! જન્મ્યા ત્યારે મા, બા શબ્દ નહોતો આવડતો, મા શબ્દની મુશ્કેલી હતી. તે દહાડે સંસ્કારો લઈ એવા હુશિયાર થયા કે ચોવીસે કલાક જે બાબતમાં બોલવું હોય તેમાં બોલવા તૈયાર. વચનની શક્તિ જિંદગીની જહેમતે મેળવી પણ એક ક્ષણમાં ખલાસ. કયે ભવે એ વચનની શક્તિ લઈને જીવ આવ્યો ? વચનની શક્તિ લઈને જતો નથી. ગયા ભવમાં જે શારીરિક, વાચિક અને માનસિક સંપત્તિ મેળવી હતી કે જેની ગૂંચ પળમાં ઊકેલી નાંખે તેવી તાકાત હતી. જ્ઞાન પણ પળમાં પલટાવાનું. અપ્રતિપાત ઉપર જતા નથી. દરેક ભવમાં શરીરશક્તિ, વચનશક્તિ અને મનની શક્તિ મેળવીને મેલી, કોઈ પણ ભવમાંથી શરીર, વચન અને મનશક્તિ લઈને બીજે ભવે જતો નથી, જવાશે નહિ અને ગયો નથી. 'ખોદ્યો ડુંગર કાઢયો ઉંદર,' પણ અહીં તો ઉંદર જેટલુંય નથી. ખાલીખમ. શરીરની શક્તિ ત્રણ ગાઉની તે મેલીને જવાનું, ચૌદ પૂર્વોની વચનની તાકાત હોય તે મેલીને જવાનું, મનની તાકાત મેલીને જવાનું, સરવાળે શૂન્ય આવે તે વેપારમાં ભલીવાર શું ? એક મીંડું આવ્યું તો શું, અને એકવીસ મીંડા આવે તો શું ? તેમ આપણે દસ પ્રાણવાળા દસ મીંડા, એકેંદ્રિય ચાર પ્રાણ ચાર મીંડા તોય શું ? સરવૈયામાં શૂન્યવાળા છીએ. એક માણસ વેપાર કરે કાંઈ ન મળે તે વખતે છાતી કેટલી હણાય છે ? બેચાર વેપારમાં છાતી તૂટી જાય તો અનંતા વ્યાપારોમાં સરવાળે શૂન્ય આવે તો છાતી બરોબર કેમ રહે ? વધારે વિચાર આવતો હોય તેને દારૂ પાઈ દે, ઘેન આવે આ જીવ એ અનંતા ભવના વિચારવાયુમાં જાય નહિ. મિથ્યાત્વના ઘેનમાંથી નિકળી ગયો હોય અને સમ્યક્ત્વની સાવચેતી હોય તો વિચાર થયા વિના રહે નહિ. સમકિતીને એ વિચાર થાય કે સરવાળે શૂન્ય !

કેટલાંક બચ્ચાંને શીખવવા માટે સરવાળે શૂન્યવાળો વેપાર કરાવે. કમાયો નહિ પણ કેળવાયો તો ખરો ! શીખવાને છોકરાને

મેલીએ ત્યાં શું પગાર આપે છે? ઘરનું ખાવું ને નોકરી કરવી. પૈસો કમાશે નહિ પણ પરાક્રમ તો કેળવશે. પરાક્રમ કેળવવાની જગો પર જન્મ, જરા, શોક, મરણ ઇષ્ટ, અનિષ્ટ સંયોગોનાં ખાસડાં ખાવાના હોય નહિ. એકલા ખાસડાં ખાવાના તે દુકાને કોણ બેસે! એક જ જાય, જેના માબાપનું ભાન ઠેકાણે ન હોય તે. આ આત્માનું ભાન ઠેકાણે ન હતું. કર્મરાજાની દુકાને બુદ્ધિરૂપી બેટાને બેસાડયો. મળવાનું કાંઈ નહિ, ખાસડાં ખાવાના. સમજે તો પગાર છોકરાને એ દુકાને રખાય નહિ. સાવચેત થયેલો એવી દુકાને રહે નહિ, તો પછી સાવચેત થયેલો આત્મા કર્મરાજાના કલાલની દુકાને કેમ બેસે! કર્મકલાલના કેવા કાવતરાં એ માલમ પડે, ફરતાં ધ્યાનમાં આવે, ખબર પડે તો પ્રથમ કલાલનું ઘર ઉખેડે. સીંચાણા હાથીએ તાપસના ઝૂંપડાં ઉખેડયા. બંધાયેલો હતો ત્યારે મહેણાં માર્યાં હતા, તેથી છૂટયો કે તાપસોના ઝૂંપડાં સાફ. પોતાને થયેલી પીડાનું સ્થાન જે વખત પોતાને ખ્યાલમાં આવે તે વખતે પહેલું પાદર તો એ થાય. સમકિતવાળાને ખ્યાલમાં આવે કે પીડા ભોગવવી પડી તે કર્મને લીધે. કર્મની દુકાન ફેંકવા માટે દરેક ગણધરો ચૌદ પૂર્વો અને બાર અંગની રચના કરે છે. કર્મની ક્રૂરતાનો ખ્યાલ છે. બીજી બાજુ મિથ્યાત્વ, અવિરતિને લીધે થયેલી આત્માની હેરાનગતિનો ખ્યાલ છે, તેથી ચૌદ પૂર્વ અને બાર અંગ કેમ ન રચે?

## એક જ નગીનાને લીધે આખું કુટુંબ પોષાય

આચારપ્રધાન આચારાંગ અને વિચારપ્રધાન સૂયગડાંગ રચ્યું. વર્ગીકરણની દૃષ્ટિએ ઠાણુંગજીની રચના કરી પાંચમા ઠાણામાં પાંચ મહાવ્રતો જણાવતાં કહી દીધું કે ખરેખરું મહાવ્રત હોય તો તે એક જ છે. એક જ નગીનો હોય તેને લીધે આખું કુટુંબ પોષાય. તીર્થંકરને લીધે તીર્થંકરની માતાઓ ઇંદ્રના નમસ્કાર પામે, નહિ તો તીર્થંકરની માતામાં શું જ્ઞાન, દર્શન અને ચારિત્રનો નિયમ છે? કશો નથી. આવેલાં સ્વપ્નોનું ફળ પણ જાણવાની તાકાત નથી.

જેમાં સમકિત, જ્ઞાન અને ચારિત્રનો નિયમ નહિ તેવી એક ઓલાદ, તેને ઇંદ્રોને નમવું પડે. ત્રિલોકનાથ તીર્થંકરના પ્રતાપે એક કુટુંબનો નબીરો. અનેકને ઓળખાવે. પાંચ મહાવ્રતોમાં નબીરો હોય તો તે પ્રાણાતિપાતવિરમણ છે. ચારેની કિંમત એને લીધે છે.

### સાચું છતાં નરકે જવાનો, જુઠું છતાં તરવાનો–

હિંસાવાળું સાચું તેને શું કરવાનું ? જેની કૂખે તીર્થંકર ન આવ્યા હોય તેવી સામાન્ય સ્ત્રીને ઇંદ્ર હટ કહે. તીર્થંકર જન્મ્યા છે તે માતાને સ્નાન, વિલેપન અને નમસ્કાર બધું કરે છે. આ જો પ્રાણાતિપાતવિરમણરૂપી નબીરો મહાવ્રતમાં ન હોય તો એકે મહાવ્રત જોઇએ નહિ. જેમાં હિંસા હોય તેવું અદત્તાદાનવિરમણ હોય તો નકામું. જેમાં હિંસા હોય તેવું બ્રહ્મચર્ય હોય તો નકામુ. એક નબીરાને લીધે તીર્થંકરના માતાપિતા કુટુંબ પૂજાય છે, તેમ પાંચે મહાવ્રતોમાં પ્રાણાતિપાતવિરમણ નબીરા તરીકે છે. હિંસાથી વિરતિ હોય તો જૂઠું બોલો તે સાચું. જેને જિંદગી સુધી જૂઠું નહિ બોલવાના પચ્ચક્ખાણ કરેલાં છે તે પ્રાણાતિપાતવિરમણને બચાવવા માટે જૂઠું બોલે તોય તે સાચું છે. પારધી આવ્યો, મૃગલાં કયાં ગયા ? પોતે દેખ્યાં છતાં નહિ દેખ્યાં કહે છે. જૂઠું છતાં સાચું, પ્રાણાતિપાતવિરમણ ઉપર દૃષ્ટિ ગઇ તેથી. મારું વચન જાનવરના ઘાતનું કારણ ન બનવું જોઇએ તે મુદ્દાથી કહ્યું તેથી તે સાચું, એ જગો પર એ જાય છે. સાચું છતાં જૂઠું. જૂઠું જ નહિ પણ નરકે લઈ જનારું. કેમ ? આવું સાચું નરકે કેમ લઇ જાય ? નબીરો ખસી ગયો છે. હિંસાની વિરતિનું વ્રત ખસી ગયું તેથી તે સાચું છતાં નરકે જવાનો, ને જૂઠું છતાં તરવાનો.

### ગૌતમસ્વામી અને મૃગાવતી રાણી—

અદત્તાદાન તો સીધું છે. અદત્તાદાન લેવું એ હિંસાનું કારણ. અદત્તાદાનવિરતિ રહે અને અહિંસા તૂટે. અદત્તાદાનવિરતિ જાય અને

અહિંસા રહે. શી રીતે બને ? જે જીવ આ. હેમચંદ્રાચાર્ય જેવા શાસન-પ્રભાવક થવાના નિશ્ચિત જણાતા હોય ત્યાં માબાપ રજા ન દે તોય તેને આચાર્ય ઉઠાવે તો શું થાય ? કંઈ નહિ, દેવચંદ્રજીએ ઉઠાવ્યો. શાસનની અંદર પ્રાણાતિપાતવિરમણનો ડંકો વગાડવો તે અંગે અદત્તાદાનની છૂટ. છોડી દીધો હોત તો અદત્તાદાનવિરમણ પામ્યુ ગણાય કે ? મૃષાવાદ અને અદત્તાદાનને અંગે ઉત્સર્ગ અપવાદ પ્રસંગો બને. બંને ભિન્ન છે. હિંસા, જૂઠ, ચોરીમાં બન્ને વસ્તુ છે, પણ મૈથુન તો એકરૂપ છે. મૈથુનમાં બે ભાગા નથી. ત્યાં હિંસાની વિરતિને નમીરા તરીકે કેમ ઠરાવશો ? બ્રહ્મચર્યથી બ્રહ્મચર્યની ગુપ્તિમાં આવી જા ! ગૌતમસ્વામીજી ને મૃગારાણી જોવા ગયા ત્યાં ગુપ્તિનુ સ્થાન ક્યાં ? જોવા ન ગયા હોત, વાત જાહેર ન કરી હોત તો મૃગાદેવીને, સભાને શુદ્ધ પ્રતીતિ થઈ તે થવાનો પ્રસંગ આવત નહિ, ભગવાન્ મહાવીર આજ્ઞા આપત નહિ. ગુપ્તિની વિરાધના છતાં ભવ્યોના ઉદ્ધારનો મુદ્દો હતો. ભગવાન્ ગૌતમસ્વામીએ પાપનું ફળ ભોગવતા પુરુષને દીઠો તેને અંગે પ્રશ્ન કર્યો, ભગવાન્ ! આવા દુઃખી આંધળા હોય છે ? આના જેવાં તો કાંઇ દુઃખી નથી, મહાવીર કહે છે. મૃગારાણીનો છોકરો તેની દશા તો વિચિત્ર છે. હું જોવા જાઉં ? તો કહે. જા ! ગૌતમસ્વામીજી આવે છે. મૃગારાણી ઊભી થાય છે. કેમ આવવું થયું ? છોકરાને જોવા ! ચારે છોકરાને સ્નાન કરાવી પગે પડાવ્યા. આ છોકરાને જોવા નથી આવ્યો. ત્યારે ? ભોંયરામાં રાખ્યો છે તે છોકરાને જોવો છે ! જન્મ્યો તે વખતની એ દશા છે કે પહેલો ગર્ભ છે તેથી સંભાળવાનો એમ રાજાએ કહ્યું છે તેથી રાણી જીવતો રહેવા દે છે. જીવતો રહેવા દઈ બદઆબરુ કોણ સહન કરે ? ભોંયરામાં રાખીને પાલન કરવું તે જાહેરાત થાય નહિ, ને જીવતો રહે માટે. પોતે પાલન કરે છે તેને અંગે ગૌતમસ્વામીને રાણી કહે આ વાત મારી ખાનગી છે. રાજાને પણ મેં છોકરાને ક્યાં રાખ્યો

તે માલમ નથી, પાણું છું તે જાણે છે. મૃગારાણી ચમકે છે. આ કોણે કહ્યું? ભગવાન્ મહાવીરે. અદ્વિતીય જ્ઞાન, દર્શન અને ચારિત્રને ધારણ કરવાવાળા છે તેમણે કહ્યું, મૃગારાણીને સંતોષ થયો, અજાણી નથી. વાત કરે છે તેટલામાં ખાવાનો વખત થયો છે. ભોજનથી ભરીને ગાડી આવી. માણસોને વિસર્જન કર્યા. ખોલતાની સાથે એવી દુર્ગંધ આવી કે સહન ન કરાય. મોઢે મુહપત્તિ રાખીને બોલતા હોય તેને મોઢે બાંધવાનું કહે તેમાં નવાઈ શી? જેઓ અક્કલ ન રાખે તે કહે–મોઢે મુહપત્તિ બાંધવાનું કેમ કહ્યું, કપડું બાંધવાનું કેમ ન કહ્યું? ગૌતમસ્વામી દેખે છે, ગણધર ન હોય તો દુર્ગંધ બીજા સહન ન કરી શકે તેવી. માતા તો રાગને લીધે સહન કરે છે. એકલી મૃગારાણી, એકલા ગૌતમસ્વામી, ગુપ્તિનું સ્થાન ક્યાં? મહાવીરે મોકલ્યા ન હોત તો સ્થિતિ ખરાબ હતી તે ગૌતમે સંભળાવી સભાનું હૃદય પીગળાવી નાખ્યું. તે ન બનત. તેની પૂર્વની સ્થિતિ તે વિપાકનું પહેલું અધ્યયન.

## પરિગ્રહનો ત્યાગ કેવો?

પરિગ્રહ છોડવાથી હિંસા થાય અને પરિગ્રહ રાખવાથી દયા પળે તેવું રહેતું હશે? પરિગ્રહ રાખ્યા છતાં જો પ્રાણાતિપાતવિરમણથી બચાય તો પરિગ્રહ, ન બચાય તો અપરિગ્રહ નહિ, કમળીનો અપરિગ્રહ થયો એ પરિગ્રહપણું વખાણવાલાયક ખરું કે નહિ? પાત્ર ન રાખવું. હિંસાને પોષણ કરવાવાળી માધુકરીવૃત્તિનો વિચ્છેદ કરી દઈ પાત્રનો પરિગ્રહ ગણે તો તે વિરતિ પ્રાણાતિપાતને લાવનારી, કસાઈઓની જે સ્થિતિ ન હોય તે સ્થિતિમાં એમને જવું પડે. ગ્લાન સાધુ હોય, પાતરાં રાખવા નહિ ત્યારે દાંડો મારીને ગોચરી મોકલવો કે શ્રાવક લાવીને ખવડાવે? વૃદ્ધને વહેવડાવી દો, કારણ પાત્ર નહિ, કોણ લાવે, કોણ આપે! મુનિપણું લે તે વખતે વૃદ્ધ નહિ તે કબૂલ, પણ લીધા પછી વૃદ્ધ ન થાય તેનો ઇજારો છે? નાગા રહો તો શિયાળામાં ન્યુમોનિઆ થાય ગૃહસ્થો મોટર રાખે ઘાસ ભરી રાખે તેમાં સાધુ ભરાઈ જાય, તડકો પડે ત્યારે નીકળે. પહેલાં શું કરતા?

ગુફા, ઓરડા જેવું હોય તેમાં નાગા રહે, ચારે બાજુ અગ્નિ સળગાવે પણ બળવાના દાખલા છે. અગ્નિની હિંસા થાય તોય નાગા રહેવું કબૂલ આવો પરિગ્રહનો ત્યાગ થૂ થૂ કરવા જેવો

**બાકીના તો પ્રાણાતિપાતવિરમણના સિપાઇઓ—**

પ્રાણાતિપાતવિરમણરૂપી નગીરો ખસી ગયો છે. પાંચે મહાવ્રતોમાં નગીનારૂપે હોય, ચારેને શિખરે પહોંચાડનાર હોય તો તે પહેલું મહાવ્રત છે. તેથી પાંચે મહાવ્રતોમાં પહેલું એને સ્થાન આપ્યું, એક જ વ્રત પ્રાણાતિપાતવિરમણ; બાકીના બધા તેના રક્ષણને માટે, કહો કે એના સિપાઇઓ. સત્યવ્રત, અદત્તાદાનવિરમણ, બ્રહ્મચર્ય અને પરિગ્રહવિરમણ એ પણ પ્રાણાતિપાતવિરમણના સિપાઇ.

## નગીના વિનાની બેરી નકામી—

તીર્થંકરે દીક્ષા આપી પરિગ્રહ કર્યા કહો ? આખો જીવ રોકાયો મહાવીર મહારાજના શિષ્ય ગૌતમ એ પણ એક અંતેવાસી છે તેનેય કહો મહાપરિગ્રહ ! કેટલાક અજાણ્યા હોય છે કે, શ્વેતાંબરનો રિવાજ સ્થવિરકલ્પીનો છે દિગંબરોનો રિવાજ જિનકલ્પી છે. કોઈ જિનકલ્પી પીછી, કમંડલવાળો હોય નહિ. પીછી કે જે ઉપકરણને લાયકની નથી, પ્રમાર્જનને લાયકની ભલે હોય. પીછી પૂંજવા માટે. એક ફૂટનું પગલું, અંધારામાં ફૂટ પૂંજીને પગલું રખાતું નથી. એક ફૂટ પગલું રાખવાને ચાર ફૂટ પૂંજવું જોઈએ, માપી લો ! એનાથી ઓછું હોય ત્યાં સુધી જયણાથી પગલું મૂકવા માગે તો જયણા ખોટી ગણાય કહો કે રાત્રે ઠલ્લે જવું પડતું નથી, કે સૂઓ ત્યાં ઠલ્લે જાઓ છો ! હાથીપગ જેટલું પ્રમાર્જન કરવું પડશે. જયણા ખોટી હોય તો એ અપરિગ્રહ પ્રાણાતિપાતને લાવનારો થયો. 'નગીના વિનાની બેરી નકામી.' પાંચ સમિતિમાંથી એક સમિતિ નથી. મા વગરના છોકરાં સંમૂચ્છિમ હોય. ઇર્યાસમિતિ—અહીં બેઠા છો, કીડીનું દર નીકળ્યું. પૂંજણીથી કેટલું પુજવાના ? મોરપીછી કામ કરે છે. આસન ઉપર બેસતાં અંગોપાંગો પૂજવાના શાથી ? મોરપીછીથી પૂજવા જાય

તો પૂજાય નહિ. નહિ વસતિ પ્રમાર્જન કે ઠંડિલ જતાં પ્રમાર્જન. ઈર્યાસમિતિ આભલામાં. મા વગરના સંમૂર્ચ્છિમા. ભાષાસમિતિમાં અવિરતિ દેવતાઓને માટે કહેવામાં આવ્યું કે હાથે વસ્ત્ર રાખ્યા વિના બોલે તો સાવદ્યભાષા.

### એષણાસમિતિ એઠવાડ તરીકે રહેતી નથી—

ઇંદ્રની સાવદ્યનિરવદ્ય ભાષા ક્યારે? વસ્ત્ર રાખીને બોલે તો નિરવદ્ય. બોલતી વખત વસ્ત્ર રાખે નહિ તો તમારી ભાષાસમિતિ બેખડમાં ભરાઈ ગઈ. દેવગુરુને વંદન કરતી વખત હાથ જોડશો કે નહિ? એષણાસમિતિનો એઠવાડ રહી શકે તેવો નથી. હાથમાં લઈને ખાવું, ઢોળાયઢોળાય તે નીચે. તે પાણી ગૃહસ્થો પાસે પરઠવાવે. બૈરાં અડે તો તેનો સંઘટ્ટો ગણવો નથી. નવમી ભક્તિ આી અડે તે. એક જ ઘેર ખાવું પડે. બાળકો ગોચરી ફરી ન શકે તેવાં હોય, વૃદ્ધો ટળવળતા ફરે ત્યારે ભાઈસાહેબને પેટ ભરીને બેસવું શી રીતે બને? નોતરું આવે તો છોકરાંને મેલીને માબાપથી નથી જવાતું, તો બાળ, ગ્લાન અને વૃદ્ધને ટળવળતા મેલીને બેસે તેના કાળજાં કેવાં હશે? એષણાસમિતિ એઠવાડ તરીકેય રહેતી નથી.

### પ્રાણાતિપાતની વિરતી ન રહી તો પાંચ વ્રતોની પોક—

ઉચ્ચારપ્રસ્રવણ–ઠંડિલમાત્રાને અંગે વિચારીએ તો તે વરસાદને અંગે વગારે થાય અને પાત્રું રાખવું નહિ. વરસાદની ધારામાં જશો? ઉચ્ચારપરિષ્ઠાપનનું મીંડું. ભાંડને સંબંધ શો? દિગંબરપણું રાખવું છે. આદાનનિક્ષેપ કોનું? દિગંબરો સંમૂર્ચ્છિમ જેવા માતાપિતા વિનાના જન્મેલા નથી. તાત્પર્ય કે એમને આ રીતે સમિતિ નથી. શ્વેતાંબરોમાં પાંચ માતા હાજર છે. પ્રાણાતિપાતની વિરતિ ન રહી તો પાંચ વ્રતોની પોક. દિગંબરોમાં હિંસાની વિરતિને સ્થાન નથી. દિગંબરોમાં ઓઘો, મુહપત્તિ પરદેશ મોકલ્યા. મૃષાવાદવિરતિમાં પહેલો વાંધો એ કે ઉપકરણને ઉપકરણ ન માને. ઉપાધિ ને પરિગ્રહનો ફરક

ન સમજે તેનું મૃષાવાદવિરમણ ક્યાં ટકે ? ધર્મનો આગમનો મૃષાવાદ ટાળી શકે નહિ. પેટ પાળવાનું ઉપકરણ કમંડલુ. જીવને બચાવવાનું ઉપકરણ નહિ.

**કાળીઓ કસાઇ ભીણનાં પુતળાં બનાવીને મારે તો પણ કસાઈ**

અદત્તાદાનવિરતિને અંગે વિચાર કરીએ તો અદત્તમાં તો જિંદગી કાઢવી છે. શાસ્ત્રો, મૂર્તિ અને તીર્થો શ્વેતાંબરના ચોરવા છે. દિગંબરને દિશા એ જ વસ્ત્ર છે. કહો તમારી જડ વસ્ત્રવાળામાં છે. દિશાને પણ વસ્ત્ર માનીને રાખો છો. કાળીઓ કસાઇ ભીણના પૂતળા બનાવીને મારે તો પણ કસાઇ. શ્વેતાંબર મત કહેતા નથી પરંતુ જૈનદર્શન કહીએ છીએ. કોઈ ચીજ ગીરવે મેલી હોય ને રાતોરાત ઉઠાવી લાવો તો ચોરી છે. તમે અર્પણ કરી તેનો પુરાવો લાવો. તમારી અપેક્ષાએ એકે તીર્થ નથી તમારા તીર્થંકર તો જમીનને અડતા નથી. અદ્ધર અદ્ધર પૂજા કરવી છે. જમીનને અડેલાને પૂજો છો કેમ ? તમારા મતથી મિથ્યાત્વી ઠરો છો.

**એ બ્રહ્મચર્ય કેવું ?**

બ્રહ્મચર્યને અંગે વિચારીએ તો સ્ત્રીની જગો પર સાધુને રહેવું શોભતું નથી. સ્ત્રીની આગળ નાગા ઊભા રહેવું. સ્ત્રીને અડે નહિ તો ભક્તિ થાય નહિ, આવા બ્રહ્મચર્યના પાલક શી રીતે ? મહાવીર વીતરાગ થયા તો વૈરીની ભેળા બેઠા ન હતા.

**પરિગ્રહની વિરતિ કેટલી ?**

પરિગ્રહવિરતિ—લૂગડાં છોડવાં અને જોડે ને જોડે પંડિતો, ભક્તો અને ભક્તાણી રાખવી છે. પરિગ્રહની વિરતિ કેટલી ? પાંચે મહાવ્રતો પલાયન કરી જાય છે. સમિતિ રહેતી નથી. પ્રાણાતિપાત–વિરમણ રૂપી નમીરો જ્યાં ખસ્યો ત્યાં પોલ નીકળી ગઈ. આથી પહેલા મહાવ્રત તરીકે પ્રાણાતિપાતવિરમણને કેમ રાખ્યું તે ખ્યાલમાં આવી જશે. જૈનદર્શનની અંદર કષ, છેદ અને તાપની શુદ્ધિ વિશુદ્ધપણે રહી.

# વ્યાખ્યાન ૬૪

## વિચાર આવવાની મુશ્કેલી, તો વર્તન ક્યાંથી?

સૂત્રકાર મહારાજા ભગવાન્ સુધર્માસ્વામીજીને ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે, શાસનના હિતને માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે પ્રતિબોધ અને પ્રવ્રજ્યા એ બે વસ્તુ જ્યારે પ્રાપ્ત થઇ ત્યારે અનાદિથી ભવભ્રમણ કરી રહેલો જીવ કેવી રીતે હેરાનગતિ ભોગવે છે, સ્વરૂપ ચૂકીને ભટક્યાં કરે છે એનો ખ્યાલ આવ્યો. ચારે ગતિમાં-સંસારમાં રખડતાં રખડતાં પોતાપણાનું ભાન નહોતું. પોતે પોતાને ઓળખે એ દશા નહોતી. માત્ર દેખતો હતો કોને? પારકાને. આપણે મનુષ્યગતિમાં આવ્યા છીએ. સંજ્ઞી પંચેંદ્રિયપણું આર્યક્ષેત્ર વગેરે મળ્યા છે, છતાં પોતાનું ભાન આગળ કરાતું નથી પણ પારકુંને પારકું ભાન આગળ કર્યા કરે છે. વિચારો કે ભલભલા હિસાબના કરનારા એવાઓ જે હિસાબમાં ભૂલી જાય તે હિસાબ ધૂળમાં રમવાવાળા છોકરા કહી દે, તે કલ્પન ક્યાંથી? જિનેશ્વરના શાસનને પામ્યા છતાં પોતાનું ભાન પોતાને આવતું નથી. રાતદિવસ પારકું ભાન આવ્યા કરે છે. સો વર્ષની જિંદગી કહેવાય તેમાં પોતાનું ભાન કરવા માટે કેટલો વખત? હું અસંખ્યાત પ્રદેશી સિદ્ધ કેમ થાઉં એ ભાન ક્યારે આવ્યું? આ બાબતનો વિચાર આવવાની મુશ્કેલી, તો વર્તન ક્યાં રહ્યું!

### મૂળથીજ હિસાબ ખોટો—

રખડેલ છોકરો ઘરમાં ન રહે ને દુકાન પર બેસવું પડે તો કીડીઓ ચટકા મારે. સ્વસ્વરૂપના વિચારમાં આવ્યા કે કંટાળો. પુદ્ગલને તેના સાધનો કરવામાં જન્મોના જન્મો ચાલ્યા જાય તેનો કંટાળો આવે નહિ. તારી કંથા જર્જરિત થઇ ગઇ છે, તો કહે છે આ માછલાં પકડવાની જાળ છે. માછલાં ખાય છે? અરે, દારૂમાં બોળીને! તેમ ભૂલ્યો છે અનાદિનો. મૂળથી જ હિસાબ ખોટો છે,

કઇ જગો પર ભૂલ્યો તેનું ઠેકાણું નહિ. અનાદિથી ભૂલતો ચાલ્યો છે. સ્વપણાનું ભાન આવવું મુશ્કેલ પડે છે. એકેંદ્રિય યાવત્ પંચેંદ્રિય સુધી સ્વનું ભાન આવે નહિ ત્યાં સુધી આ પુદ્ગલપરિણતિ ફસાવનાર છે તેને રાખવી ન જોઇએ તે વિચાર આવે શાનો?

**જગત્ સ્વના અખાડામાં દાખલ નથી થયું—**

ગણધરોના ખ્યાલમા આ વાત હોય છે કે જગત્ પરની પીડામાં પડી રહ્યું છે. સ્વના અખાડામાં દાખલ નથી થયું. હવે શું થાય? મુસાફરીમાં નીકળ્યા હોઇએ રસ્તા જોવા દોડીએ. રસ્તો મળી ગયો તો બીજાને લાવવા બૂમ મારીએ છીએ. એક માણસ સીધો ગામમાં જઇને બેસે, બીજાને કહે નહિ તો તેને મૂર્ખો કહે. હાથમાં રસ્તો આવ્યા પછી બીજા ભૂલા પડનારાને રસ્તો ન બતાવે તે માણસાઇ ન કહેવાય, ગણધર મહારાજે પ્રતિબોધ અને પ્રવજ્યા પામવાની સાથે ચૌદ પૂર્વો અને અગિયાર અંગની રચના કેમ કરી તેનો ખ્યાલ આવશે

**અનાચાર એ ઉન્માર્ગની દોડ—**

ગણધર મહારાજ પ્રતિબોધ પામ્યા કે ખ્યાલ આવ્યો કે સ્વનો આ છે. સ્વનું ભાન કેમ કરાવું? પરની પ્રીતિ ઓછી થાય, ઉન્માર્ગે દોડી રહ્યો હોય તેની દોડ ઓછી કરે તો સન્માર્ગે આવી શકે. અગિયારે અંગમાં પહેલાં આચારાંગ આચારની મુખ્યતાએ કર્યું. ઉન્માર્ગની દોડ ઓછી કરાવવી. ક્રોધ, માન વગેરે ઉન્માર્ગની દોડ હતી. આચારને પ્રથમ સુધારી લેવા. અનાચાર એ ઉન્માર્ગની દોડ, આશ્રવદ્વારને રોકવા તૈયાર થાય નહિ, ખોટા માર્ગથી ખસે નહિ ત્યાં સુધી સાચે માર્ગે લાવી શકાય નહિ. માટે ઠાણાંગજીમાં કહી ગયા તે ધ્યાનમાં આવશે કે આરંભપરિગ્રહના પચ્ચક્ખાણો માટે ધર્મ સાંભળે.

**શાસ્ત્રોનાં વાકયો સાંભળવાને માટે અધિકારી સાધુ**

ધર્મ જાણે કોણ? સમકિત પામે કોણ? શ્રુતજ્ઞાન પામે કોણ?

સંવર કરે કોણ? આરંભપરિગ્રહના પચ્ચક્ખાણવાળો. આરંભપરિગ્રહ દૂર થયા હોય તો સાંભળવાનું શું? અહિં શ્રવણ કહ્યું તે જ્ઞાન ઉત્પન્ન કરવાવાળું, જ્ઞાન ઉત્પન્ન ન થવાવાળું શ્રવણ તે શ્રવણમાં ન લેવું. તે શ્રવણ આરંભપરિગ્રહના પચ્ચક્ખાણ હોય તો બને. શ્રવણના અધિકારી મુખ્યતાએ શ્રમણ-સાધુ, શાસ્ત્રના વાકયો સાંભળવાને માટે અધિકારી સાધુ. શાસ્ત્રોને ભણવામાં એકલી સાધુતાની કે યોગમાં સાધુતાની જરૂર છે એમ નહિ, સાંભળવામાં સાધુતાની, યોગની જરૂર છે. સૂત્રની વાચના લેનારને પણ સાધુતાની, યોગની જરૂર છે.

## સૂત્રગત પદાર્થો સાંભળવાના કોને?

ધર્મનું શ્રવણ એ આરંભપરિગ્રહના પચ્ચક્ખાણ, ધર્મ શબ્દથી શ્રુતધર્મ લઈ લઈએ. સૂત્રગત પદાર્થો તે પદાર્થો સાંભળવાના કોને હોય? આરંભપરિગ્રહથી વિરમેલાને. શ્રવણનો અધિકારી કોણ? શાસ્ત્રોમાં સૂત્રોના યોગ છે તે પોતાને વાંચવું હોય તે પહેલા કરવાના છે. બીજાને વંચાવવાને માટે કરવાના નથી. ગુરુમહારાજની પાસે સૂત્ર સાંભળવા પહેલાં યોગની ક્રિયા કરવાની. વાચનનો હુકમ પછી લેવાનો. શ્રુતધર્મ સાંભળવાને માટે તે જ લાયક કે જે આરંભપરિગ્રહથી વિરમેલો હોય.

## સૂત્રપ્રાપ્તિ કરવા માટે જે તપસ્યા તેનું નામ ઉપધાન

ઉપધાનમાં પૌષધ કેમ રાખવા પડયા? તપસ્યા એકલી કેમ ન રાખી? નવકારને અંગે જો કે શાસ્ત્રકારે રાખ્યું હતું કે અનારંભી અને અપરિગ્રહી ન હોય તો પણ આપવા. આરંભપરિગ્રહ છોડેલો હોય તેને પણ સૂત્રો આપવા. ઉપધાનમાં પૌષધ. નાના મનુષ્યોને અતિચારની ગાથાનો ખ્યાલ હશે. **'काले विणए बहुमाणे उवहाणे'** એ ઉપધાનવસ્તુ ચોકખી નિર્યુક્તિકારે કહ્યા છતાં, મહાનિશીથમાં જણાવ્યા છતાં ખ્યાલમાં ન આવે તો એક જ વાત, બસ, શબ્દ

ઓળી જવો છે. અમુક તપસ્યાથી અંગ ભણ્યા, અમુક તપસ્યાથી ઉપાંગ ભણાય. તે તપસ્યાનું નામ જ ઉપધાન. સૂત્રપ્રાપ્તિ કરવા માટે જે તપસ્યા તેનું નામ ઉપધાન. મનુષ્ય પાસે વસ્તુ ખરાબ કહીને, વગોવીને છોડાવાય ક્યાં તો ભારે કહીને છોડાવાય. ઉપધાન નકામા, ને સૂત્રકાર કહે છે તે ખોટું, આવું કહીને ઉપધાન છોડાય છે. ઉપધાન જરૂરી છે. શ્રાવકના અવતારમાં ઉપધાન ન કરીએ તો ન ચાલે, પણ આ ઉપધાન થાય છે તે ઠીક નથી. આવા આવા થવા જોઇએ. એમ વિધિની જરૂર દરેકે સમજવાની. વિધિ કરવા માટે ને અવિધિ ટાળવા માટે કટિબદ્ધ થવાની જરૂર છે, પણ વિધિના નામે ચેડા કાઢીને વસ્તુને ખસેડવી તે ખરાબ છે.

## સૂત્ર સાંભળવા લાયક ક્યારે બને ?

ખમાસમણાં, કાઉસ્સગ્ગ એ આરાધનાને માટે જરૂરી છે. ઉપધાન કર્યાં વગર સૂત્રને સાંભળવાને માટે લાયક થતો નથી. આરંભપરિગ્રહના પચ્ચક્ખાણ કર્યા વિના ધર્મ સાંભળવા પામે નહિ. શ્રુત કે ચારિત્ર એવું વિશેષણ ધર્મને આપેલું નથી. જૈનધર્મ પ્રસિદ્ધિથી જ આરંભ-પરિગ્રહની નિવૃત્તિ કરાવનારો. જેને આરંભપરિગ્રહની નિવૃત્તિ ન રૂચતી હોય તે અહીં એમે જ નહિ. જેને કુલડી સળગાવવાના હોય તેને રૂની વખારમાં જવાનું ન હોય. જેને આરંભપરિગ્રહની પ્રીતિ છે, આરંભપરિગ્રહની વિરતિ સાંભળવી વસમી પડે તેવાને ધર્મ સાંભળાવ-વાનો હોય નહિ. ઉન્માર્ગની દોડ—આરંભપરિગ્રહ બંધ થાય ત્યારે સન્માર્ગે આવવાનો વખત. ખોટા માર્ગની દોડ બંધ કરે તો સાચા માર્ગે આવે. આરંભપરિગ્રહમાં લીન થનારો ધર્મને રસ્તે આવે નહિ.

## પ્રથમ શું કર્યું ?

ભગવાન્ સુધર્માસ્વામીજીએ પ્રથમ આચારાંગ કેમ કર્યું ? આચારની છાપ કેમ મારી તેનો ખુલાસો માલમ પડશે, પછી વિચા-રની છાપ સૂયગડાંગથી વ્યવસ્થા કરી. પછી પદાર્થનું સ્વરૂપ અને

વર્ગીકરણ એ ઠાણુંગજીદ્વારા સમજાવે છે. સમજાવતાં પાંચમા ઠાણાના પહેલા સૂત્રમાં પાંચ મહાવ્રતો જણાવ્યાં તેમાં પ્રથમ મહાવ્રત સર્વથા પ્રાણાતિપાતવિરમણ.

## સર્વ પ્રાણાતિપાતવિરમણને આભારી

એ પહેલું કેમ ? સૌને પહેલે નંબરે આવવાની ઇચ્છા હોય, બીજા મહાવ્રતો પહેલે નંબરે કેમ નહિ ? પ્રાણાતિપાતવિરમણ પ્રથમ કેમ ? એને અંગે આગળ કહી ગયા છે કે શાસ્ત્રની, ધર્મની પરીક્ષા માટે કષ, છેદ અને તાપ બતાવવામાં આવ્યા તે પ્રાણાતિપાતવિરમણને ઉદ્દેશીને, પ્રાણુ વિધાન સર્વથા નિષેધ કરે તેવા સાધનો—ઉપકરણો બતાવે તે છેદશુદ્ધિ, તાપશુદ્ધિમાં તત્ત્વવ્યવસ્થા તે પણ પ્રાણાતિપાતવિરમણને આભારી છે. શૌચધર્મનો દાખલો લીધો. જે અહિંસાલક્ષણ ધર્મ હતો તેમાં મરીચિએ જિંદગી કાઢી. પાળવું ઓછું થતાં કપિલ આવી મળ્યો. અધિકમાં ધર્મ પણ નહિ, પણ ઓછું પાળવું થયું તેમાં ધર્મ. મરીચિને કોડાકોડ સાગરોપમ સંસાર કેમ ફરવું પડ્યું તે અહીં માલમ પડે છે. જૈનશાસનનો પક્ષ કે પરિવ્રાજકનો પક્ષ ? જે ન્યૂનતાએ વર્તે તે પરિવ્રાજકનો પંથ. કપિલની આગળ મરીચિ ધર્મ પોતે પાળે છે તેમાં ધર્મ છે એમ કહેત તો વાંધો ન હતો.

## મરીચિએ દયામૂલકધર્મને બદલે શૌચમૂલધર્મ પકડી લીધો—

ભગવાન્ ઋષભદેવજી વગેરે ધર્મ કહે છે તેવાથી જુદારૂપે તમારું વર્તન, તેમાં ધર્મ છે કે નહિ ? એ તો નથી રુચતું. એનો અર્થ તમારામાં કાંઇ ધર્મ છે કે નહિ આ થયો. ત્યાં ધર્મ છે અહીં પણ કાંઇક ધર્મ છે એમ કહે છે, 'इत्थंपि, इहंपि' અપિ શબ્દ બે જગો પર કેમ ? તમારામાં કાંઈ છે કે નહિ એ તેનો પ્રશ્ન છે, ત્યાં પણ છે, અહીં પણ છે. ત્યાં સંપૂર્ણ, અહીં કિંચિત્ એનો અર્થ મલયગિરિ મહારાજે કર્યો છે, માત્ર સ્નાનને અંગે, જુદો પડયો. મરીચિને જુદા

પડવામાં શાઆકારે હેતુ દીધો હોય તો સ્નાન વગર ન રહેવાયું તે, ઉનાળામાં ગરમીથી શરીર વ્યાપેલું ત્યારે અસ્નાન પરીષહને લીધે ખસ્યો. મરીચિને માર્ગ મુકવાનું જો કાંઇ પણ કારણ હોય તો તે સ્નાનરહિતપણું છે. સ્નાનરહિતપણું ન ગમ્યું તેથી ખસ્યો. કપિલને સસ્નાનમાં નાંખ્યો. કપિલ દેવલોકે ગયો. સ્નાન, અસ્નાન ભિન્નતાનું કારણ હતું. સ્નાનને પકડી લીધું. શૌચમૂલધર્મને પકડી લીધો. દયામુલધર્મ હતો તેમે બદલે શૌચધર્મ પકડી દીધો.

## વ્યવસ્થામાં બધે પાણી ફરી વળ્યું—

કપિલનો આસુરિ ચેલો હતો. અજ્ઞાની હતો. કપિલે દેવલોકમાંથી આવીને વાદળમાંથી ચમત્કાર બતાવ્યો. અવ્યક્તમાંથી વ્યક્ત થાય છે. સાંખ્યમતની જડ પ્રાણાતિપાતવિરમણનો વાંધો, પ્રાણાતિપાત-વિરમણમાં વાંધો ન આવ્યો હોત તો સાંખ્યમત ઉત્પન્ન થાત નહિ. તેવી રીતે નવમા અને દસમા તીર્થંકરને આંતરે આરંભપરિગ્રહ ન છોડાયા ત્યારે ઇશ્વરને ખોટી હુંડીના નામે બેસાડવો પડ્યો. લેનારો તૈયાર હોય તો ખોટે મથાળે હુંડી લખનારો ભૂલે શું કરવા? ઇશ્વરના નામે હુંડીઓ લખવા માંડી ત્યાં બદલાની સ્થિતિ આવી, દાન આત્માની નિર્જરા માટે હતું તે હવે થયું બદલાને માટે, હુંડીનું મથાળું તો જોઇએ. ઇશ્વરના નામે હુંડી લખવી શરૂ કરી તેથી ખોખું શું કામ રાખે? ગર્ભમાં આવે ત્યાંથી મરે ત્યાં સુધી ધાગાપંથીનો લાગો. મરી જાય તેની સેજ સુધી લાગો, આખો પલટો કરવો પડ્યો. પોતે નિરારંભ રહી શક્યા નહિ, રહી શક્યા હોત તો પલટો કરવો પડત નહિ. ફાયદા સિવાય કોઇ પણ ચીજ આપતો નથી. નિરારંભ-પણું ઊડી ગયું તેથી બાહ્ય બદલો ઊડી ગયો. ઈશ્વર આપશે મારી વતી, એવું છતાં ઇશ્વરને કર્તા તરીકે દાખલ કરવો પડે તો પુણ્યપાપ બધું ઉથલી જાય. પુણ્યબીજ તમારા આત્મામાં અને દેવાનું ઇશ્વરના હાથમાં, શી રીતે વ્યવસ્થા કરવી? પાપ તમારા આત્મામાં અને દુઃખરૂપી ફળ ઇશ્વરે આપવું, બધી વ્યવસ્થામાં પાણી ફરી વળ્યું.

## જીવ શરીરથી જુદો છે અને એક પણ છે.

ભિન્નઅભિન્ન વાદ કેમ શરૂ થાય તે ખ્યાલમાં આવશે. જીવ પરભવથી આવ્યો, શરીર બનાવ્યું, તેમાં રહ્યો. મોતી ને છીપ એક નહિ. આત્મા ને શરીર એક નહિ. જીવ શરીરથી નીકળીને ચાલ્યો જશે. ભિન્ન ન હોત તો આવીને રહેવું અને મેલીને જવું બનતં નહિ. આત્મા જુદો છે તે ચોકખું છે. જ્ઞાનસ્વભાવ આત્માનો, માટે બળે શરીર અને વેદે આત્મા, ચિંતા કરે આત્મા અને શરીર સૂકાય, આનું તેને, તેનું આને કેમ લાગે છે? એને સંબંધ છે તેથી શરીર અને આત્મા અત્યારે એકમેક થઈ રહ્યા છે. દૂધમાં પાણી ભળે છે. પાણી જુદું હતું પણ એકમેક થઇ ગયાં. આગ લાગી ત્યારે પાણી પાણીને ઠેકાણે. પહેલાં પાણી જુદું હતું અને બળ્યા પછી જુદું, વચમાં એકમેક થઇને રહ્યાં. દૂધ ને પાણી એકરૂપ હતાં. જીવ ખોળિયામાં વસ્યો તે ચાલ્યો જાય નહિ ત્યાં સુધી એકરૂપ છે. ભવાંતરથી આવેલો તે અપેક્ષાએ ભિન્ન, એનાથી વેદાવું તે અપેક્ષાએ અભિન્ન છે. ભિન્નઅભિન્ન માનીએ તો પ્રાણાતિપાતવિરતિ ટકે.

## આત્માને ભિન્ન માનવાથી જબર ગોટાળો—

શરીર અને આત્મા જુદા ગણીએ તો પાપ ક્યાં? શરીરને મારવાથી શરીર હણાય છે, પણ આત્મા હણાતો નથી. પ્રાણાતિપાત જેવી ચીજ ઉડી ગઇ તો પછી પ્રાણાતિપાતવિરમણ ચીજ ક્યાંથી લાવવી? આત્માને એકરૂપે મનાવવા માટે હણવું ઉડાવી દેવું પડયું તેથી બધી વ્યવસ્થા ખોળવાઇ ગઇ. આત્માને ભિન્ન માન્યો તેથી બધી વ્યવસ્થા ખોળવાઇ ગઈ.

## પાંચ મહાવ્રતોની જડ પ્રાણાતિપાતવિરમણ

આત્મા ક્યાંથીય આવ્યો નથી, જવાનો નથી, તો જીવ જેવી ચીજ ક્યાં રહી? અને પ્રાણાતિપાતવિરમણ ક્યાં રહ્યું? પ્રાણાતિપાતવિરમણના સ્વરૂપમાં ખામી આવવાને લીધે તત્ત્વવ્યવસ્થા ખોરવાઈ ગઈ.

નિત્યાનિત્યમાં આગ્રહ ન આવ્યો હોત તો ચાલત પણ એક તત્ત્વ બગડી જાય. નિત્ય માનવામાં અને અનિત્ય માનવામાં એ લોકોને કઈ પ્રતિકૂળતા અને અનુકૂળતા છે? જીવનું કથંચિત્ નિત્યાનિત્યપણું કેમ ઓળવવું પડ્યું તે વિચારીશું તો પ્રાણાતિપાતવિરમણ પાંચ મહાવ્રતોની જડ છે તે માલમ પડશે કેવી રીતે ઓળવ્યું તે અગ્રે.

---

# વ્યાખ્યાન ૬૫

## સંસારની ભયંકરતા સાક્ષી—

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ સુધર્માસ્વામીજી ગણધર મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, શાસનની પ્રવૃત્તિ માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે પ્રતિબોધ અને દીક્ષા પામ્યાની સાથે સંસારની ભયંકરતા લાગી. જેમ ભિખારીનો જીવ મરીને રાજા થયો હોય તો પહેલા નંબરે દાનશાળાઓ મંડાવે. કારણ? ભિખારીનું દુઃખ પોતે વેઠેલું છે તેથી પોતાના પર પડેલું દુઃખ નિવારવા રાજા કટિબદ્ધ થાય તેમાં આશ્ચર્ય નથી. તેમ સુધર્માસ્વામીજીને પ્રતિબોધ લાગ્યો ને પ્રવ્રજ્યા મળી કે જગતમાં અવિરતિ, મિથ્યાત્વ કેવી રીતે જીવોને ભરમાવે છે તે હકીકત ભયંકર લાગી.

### હોય તે ન દેખે, ન હોય તે દેખે તેનું શું થાય?

ગ્રંથકાર જણાવે છે કે આંધળો, પદાર્થ ન દેખે. એ ન દેખનારો કોઈકને પૂછે, કોઈકની પાસેથી જાણે બીજો દયા લાવીને પદાર્થ સમજાવે પણ જેણે ધંતૂરો પીધેલો હોય તે પદાર્થ દેખે, પણ અવળો દેખે, ન કોઈને પૂછે, બતાવનાર મળે તો કોઈનું માને નહિ. આંધળો પદાર્થ ન દેખે તેથી જાણવાને માટે બીજાને પૂછે છે. ડાહ્યું બતાવનાર મળે તો માની લે, પોતે પણ પૂછે. આ ગુણ દેખનારની અપેક્ષાએ નથી, પણ ધંતૂરો ખાઈને પીળું એટલું સોનું દેખે તેનું શું થાય? એને જિજ્ઞાસા ન રહે, તેમ કોઈ બીજો સમજાવી શકે

નહિ. તેમ અજ્ઞાની જીવો કંઈપણ ન જાણતા હોય તો તેને એમ રહે કે આપણે મૂર્ખ છીએ એટલે પૂછીને સમજીશું. સમજુ પણ દયા લાવીને સમજાવે ખરો. પણ જે જીવ મિથ્યાજ્ઞાની હોય તેનું શું થાય? ન તો પોતાને જિજ્ઞાસા રહે ન બીજાની દયાને પાત્ર રહે. આ વિચારોએ તો ખરેખર ભગવાન્ સુધર્માસ્વામીજીને આ જગતની અંદર મિથ્યાત્વ ઊલટો બોધ, ઊલટી માન્યતા-ન હોય એ દેખે, હોય તે ન દેખે તેનું શું થાય? લાગ્યું.

## અંગો રચવાની પ્રથમ જરૂર કેમ પડી?

સુધર્માસ્વામીજીએ દેખ્યું કે મારે પલ્લે તો એ પડ્યા છે. કોણ? મિથ્યાત્વી. અજ્ઞાનીને પ્રતિબોધ કરવા કરતાં એ મિથ્યાત્વીઓને પ્રતિબોધ કરવાનો છે. પોતાની મિથ્યાત્વ દશા દેખીને પોતે કેટલા બળતા હોવા જોઈએ તે વિચારો. કોઈને ધક્કો માર્યો હોય થોડીવારે તે ઓળખીતા લાગે તો શું થાય? હૃદયમાં શી દશા થાય? તેમ અહીં જગતના ઉદ્ધારક વીતરાગ પ્રભુને ધપ્પો મારવા પ્રથમ બેઠા હતા. અગિયાર ગણધરો પ્રથમ ધપ્પો મારવાની સ્થિતિમાં ગયેલા, તેમને માલમ પડ્યું કે ભૂલ થઈ તે વખતે તેમના મનમાં શું થાય? પોતાના આખા ઘરના માણસોને કહે મારી ભૂલ થઈ. જે વખતે મહાવીરની વિરૂદ્ધમાં, મહાવીરને ધપ્પો મારવામાં સુધર્માસ્વામી પહેલાં ગણધર થાય છે તે વખતે કાળજામાં શું થાય છે! એમને કોઈ પણ ખસ કહે નહિ તેટલો બંદોબસ્ત ધરધણી કર્યા વિના રહે નહિ, પોતાથી ધક્કો ભૂલથી મરાઈ ગયો હોય, પણ પોતાનો જુલમ ધરવાળો જાહેર કરે આ માટે? રખેને બીજો કોઈ એવું અપમાન કરી બેસે. તેમ સુધર્માસ્વામીજી મહાવીરનું અપમાન કરી બેઠા હતા, પણ માલમ પડ્યું કે આ તો ઉદ્ધારક, વીતરાગ, સર્વજ્ઞ, ત્યાં પહેલે નંબરે એ જાહેર કરવાની જરૂર પડી કે આ સર્વજ્ઞ છે, કોઈ એમની અવજ્ઞા ન કરશો, મારી તો ભૂલ થઈ ગઈ! આમ જગતના જીવોનું મિથ્યાત્વ વમાવવા માટે અંગો રચવાની પ્રથમ જરૂર હતી.

## પ્રતિજ્ઞા વિનાનું બધું નકામું

અવિરતિના પ્રતાપે કઇ સ્થિતિ થાય? જગતમાં સાક્ષીના પાંજરામાં ઊભો રહેલો મનુષ્ય સત્ય બોલવાની પ્રતિજ્ઞા કરે નહિ ત્યાં સુધી શિરસ્તેદાર તેની વતીની એક લીટી લખે નહિ. પ્રતિજ્ઞા કરે ત્યારે લખે. પ્રતિજ્ઞા વગર સાચું, સાચામાં સાચું. તદ્દન સાચું. સાચા વિના બીજું કાંઈ બોલતો ન હોય તો પણ શિરસ્તેદારની કલમ પ્રતિજ્ઞા કર્યા પછી જ નોંધ લે. જગતના જીવોનો દ્રોહ કરનારા ન હોય પણ દ્રોહ ન કરવો એવી પ્રતિજ્ઞા ન કરો ત્યાં સુધી તે કિંમતમાં આવતા નથી. પ્રતિજ્ઞા કર્યા વગરનું એક પણ વાક્ય શિરસ્તેદારના દફતરમાં દાખલ થાય નહિ. સર્વ જીવો સર્વ જીવોના દ્રોહ કરનારા હોતા નથી. સૂક્ષ્મ એકેંદ્રિય કોઇને મારતા નથી. એમ કહીએ તો ચાલે કે સિદ્ધ-મહારાજની સ્થિતિમાં છે. સિદ્ધમહારાજ બીજાની હિંસા કરી પોતે કર્મ બાંધે નહિ, તેમ પોતાની હિંસાનું કર્મ બીજાને બંધાવે નહિ. તેમ સૂક્ષ્મ એકેંદ્રિય ન કોઇને એ મારે, ન કોઇ એને મારે. સૂક્ષ્મ એકેંદ્રિય જીવો હિંસામાંથી બચી જાય છે. ચૌદમા ગુણઠાણાવાળાના પુદ્ગલથી હિંસા થઇ જાય. હિંસાના નિમિત્તપણામાંથી અયોગિ–કેવલી બચી શકતો નથી. તેમાંથી સૂક્ષ્મ એકેંદ્રિય બચે છે. વરાળ ઘડાને રોકતી નથી, ઘડો વરાળને રોકતો નથી. વરાળ ન રોકી રહે, ન રોકનારી બને. શાને લીધે? બારીક છે. કાચમાંથી તેજ પસાર થાય, તેજ કાચને રોકનાર બને નહિ, કાચ તેજથી રોકાય નહિ. કાચ અને તેજ પુદ્ગલ છે છતાં તેજના પુદગલો એટલાં બધાં બારીક છે કે જેને લીધે તે કાચને રોકતા નથી, કાચથી રોકાતા નથી. બાદરથી સૂક્ષ્મ એકેંદ્રિય જીવો રોકાતા નથી, બાદરને રોકે નહિ, કાચે તેજનો કટકો કર્યો એમ કોણ માને? તેજે કાચ ભાંગ્યો તેય બની શકે નહિ. નથી સૂક્ષ્મો બારીકથી મરતા, તેમ બારીકને મારતા. આવા સૂક્ષ્મો મહા દયાળુ થઇ જાય, કહો કે સાધુ કરતા વહેલા મોક્ષે જાય અને હિંસાનું કારણ ન બને પણ ઘાતના પચ્ચક્ખાણ હોય તો. પ્રતિજ્ઞાવિનાનું બધું નકામું.

## અહિંસાનો લાભ ક્યારે મળે ?

ધર્મના ત્રણ ભેદો જણાવીએ. ' અહિંસા એટલે હિંસા ન કરવી તે ' એ જૈન શાસ્ત્રની વ્યાખ્યા નથી. હિંસા ન કરવી તેનું નામ અહિંસા લઈ લઈએ તો સૂક્ષ્મ એકેન્દ્રિય ઘણી જ અહિંસાવાળા, બીજા ઘણા જીવો તો હિંસાવાળા રોજ એક જાનવર જાનથી મારે છે. સો વર્ષ સુધી મારે જાય તો જગતમાં અનંતા જીવો છે તેમાંના ત્રણ લાખ સાઠ હજારની હિંસા, બાકી બીજાની અહિંસા વધી કસાઈની સદ્ગતિ થવાનીને ? અસંખ્યાતા, અનંતા ફાયદામાં ત્રણ લાખ સાઠ હજારની હિંસા એ આટા ભેગું લૂણ, જ્યારે હિંસા ન કરવી તેનું નામ અહિંસા માનીએ તો. હિંસાની નિવૃત્તિ કરવી, તેના પચ્ચક્ખાણ કરવા તે અહિંસા, ' **हिंसानिवृत्तिः अहिंसा** ' માનવામાં એકેન્દ્રિય કે કસાઈઓ અહિંસક ગણાવાના નહિ, અહિંસાનો લાભ જેઓ હિંસાના પચ્ચક્ખાણ કરે તે મેળવી શકે.

## વાણીઆ અને ગરાસીઆ—

અવિરતિના પાપને માટે શાસ્ત્રો તપાસવા તેના કરતાં પ્રત્યક્ષ દાખલો લેવાની જરૂર છે, એક શેઠિઆના ગરાસિયા પાસે રૂપિયા પાંચસો લેણા. વેપારીનો રિવાજ છે કે ઉઘરાણી કરીને ટકોર તો કરે. આપો ન આપો તે જુદી વાત. તળાવ પર મળે તો ટકોર, કેમ ઠાકોર ! શું ધાર્યું છે ? એક વર્ષ ગરાસિઓ બહારગામ ગયેલો છે. પરાક્રમ કર્યું. પાંચસો રૂપિયા રાજાએ આપ્યા. એ રૂપિયા લઈને ગરાસિઓ જાય છે. વાણિયો મળ્યો. વાણિયો કહે: કેમ ઠાકોર ! ગરાસિયો વિચાર કરે છે કે ઘેરે લઇ જઈશ તો વેડફાઈ જશે, જંગલમાં બેસીને ગણી આપ્યા. ચોર લોકો તાળાં તોડીને ચોરી કરે, જ્યારે વેપારી કાળજાં કાપીને ચોરી કરે. પેલાએ પાંચસોમાંથી કોડી જમા ન કરી. છ માસ, વરસ, બે વરસ ગયાં ત્યાં સુધી કાંઈ કહેતું નાહ. ગરાસિઓ જાણે છે કે રૂપિયા વળી ગયા છે તેથી કાંઈ બોલતો

નથી. બે વરસ પછી વાણિઓ કહેઃ કેમ ઠાકોર! ઠાકોર સમજ્યો કે મહોબ્બતને લીધે બોલાવે છે. કેમ ઠાકોર! કંઇ વિચારદા કે ?, કંઇ ખાતું પાડવું હશે તેથી બોલાવે છે. ગરાસિયો મૌન રહે છે, આપણે ફેરાવું નથી. પછી વાણિઓ કહેઃ સમતાની હદ આવી ગઇ. બે વરસ ગયાં હજુ ખાતું ચાલું ન કર્યું તે હદ આવી ગઈ એમ ઠાકોર સમજ્યો. પછી વાણિઓ કહે: આગળ વધવું પડશે. ઠાકોર કહે છે, કેમ પાંચસો રૂપિયા તમારે ત્યાં ને આગળ વધવાનું! વાણીઓ કહે છે, પાંચસો ધીર્યા ત્યાં મને ડાગળી ચસકી કહો છો એમને? પહેલાથી જાણ્યું જ હતું કે આપવાનો નથી. વાણિયાએ ચોપડા કોર્ટમાં રજુ કર્યા. ઉઘરાણી કરીને થાક્યો પણ આપતો નથી ઊલટો આપી દીધા છે એમ કહે છે પેલાને બોલાવ્યો, શેઠ તારી પાસે લેણા કહે છે તે શું! સાહેબ! મેં તો આપી દીધા છે. પ્રધાન પારકાના મનના વિચાર સમજી લે. ચેષ્ટાથી સમજી લીધું કે ગરાસિયાએ રૂપિયા આપેલા છે, સાંજે ગરાસિયાને બોલાવ્યો. તું શૂરવીર ગણાય. ગામના શ્રીમંતોને હેરાન કરે તો આખા લશ્કરની શાહુકારીનું શું થશે? અવળું લીધું ત્યારે ઠાકોર કહે છે કે–પાંચસો લીધા તે ભરી શકું તેમ ન હતું, પણ ફલાણી જગો પર ગયો, ત્યાં ઈનામમાં રૂપિયા પાંચસો મળ્યા, તે જંગલમાં મળ્યો ત્યાં આપી દીધા. સાક્ષી? તો, કોઇ હતું નહિ. હતું નહિ તે ખરાપણું છે, આપ્યા હતા ક્યાં? પેલું ઝાડ આવે છે ત્યાં. તે ઝાડ નીચે આપ્યા છે. ઠીક, બીજી મુદતે હાજર થયા. દીવાને ઠાકોરને અંદર લીધો. કેમ ઠાકોર! આખો વર્ગ વાણિયાને ત્યાંથી લાવી નિર્વાહ કરે છે, તમારા જેવો પાકશે તો આખા રાજ્યને પાયમાલ કરી દેશે. કોઈ કોઇને ધીરધાર કરશે નહિ. એક રાજકુટુંબના નિર્વાહની ખાતર રૂપિયા જલ્દી આપી દેવા જોઇએ. પેલો કહે, સાહેબ! સમજું છું. નામકર ન જાઉં. મેં આપ્યા છે, પ્રધાન કહે; ક્યાં આપ્યા છે? દેવલોકમાં જઇને તો નહિ આપ્યા હોયને? આંબાના ઝાડ નીચે આપ્યા છે, સિપાઇ જા એની સાથે, ને ઝાડને સાક્ષી

આપવા બોલાવી લાવ! ઝાડ સાક્ષી દેવા કેમ આવી શકે? અમારી જમીનમાં છે ને કેમ આવે? ન આવે તો કાઢીને, ઊંચકીને ફેંકી દઈશું. દીવાન કલમ રોકીને બેસી રહ્યો. અર્ધો કલાક થયો. શેઠજી હજુ સુધી બેસી રહ્યા છે. શેઠ કહે: સાહેબ! ઝાડ છેટું છે. પછી તો સિપાઈ અને ડાકોર જઈ આવ્યા સાહેબ ઘણું કહ્યું પણ ઝાડ આવતું નથી. મારી ધરતી પર છે. આવી ગયું, ને સાક્ષીય પૂરી ગયું એમ દીવાન કહે છે. વાણિઓ કહે: આ શું કહો છો? સાહેબ આપ તો રાજદ્વારી પુરુષ કહેવાઓ. આપ કહો કે ઝાડ આવી ગયું ને સાક્ષી પૂરી ગયું તે કેમ કહો છો? હું તો બહાર ગયો નથી. દીવાન કહે: મને ઠગો છો? આમ કહો છો કે અક્કલવાળા ઝાડે નથી પૂરી? શેઠજી, બોલો! ઝાડ છેટું હતું એ ક્યાંથી બે લ્યા? ઝાડ બોલ્યું તે નીચે રૂપિયા આપ્યા હતા. આગળ પાપ અવિરતિનું ન સમજવું, પાંદડાં વગેરે સમજાવે છે કે, અવિરતિના લીધે પડયા છીએ. એકેંદ્રિય રખડયા કરે છે તે હિંસા કરીને નહિ, પણ હિંસાના પચ્ચક્ખાણ ન કરવાથી.

## વિરમે નહિ તે ભોગવે—

અનાદિ નિગોદવાળા રખડવા ક્યાં ગયા? પણ હિંસાની વિરતિ ન કરી તેનું પાપ. એકેદ્રિય મરીને એકેંદ્રિયમાં વધારે ઉપજે. આટલા બધા એકેંદ્રિયો છે તે સાક્ષી પૂરે છે કે, હિંસા ન કરો તો પણ પચ્ચક્ખાણ ન કરશો તો અમારે પાલવે પડશો. હિંસાની વિરતિ કરવી તેનું નામ અહિંસા છે. ગૌતમસ્વામીની માફક સુધર્માસ્વામીજી પણ પ્રતિબોધ ને પ્રવ્રજ્યા પામ્યા. હિંસાની વિરતિ વગર અહિંસા નથી તેથી પ્રતિબોધ પામ્યાની સાથે પ્રવ્રજ્યા લીધી. એક વાત સુધર્માસ્વામી મંજુર નહોતા કરતા તે મહાવીરે કબૂલ કરાવી દીધી. વાદનો છેડો કબૂલાતે, શરતી વાદ નથી. શરતી વાદ હોત તો મહાવીરને શરત કરવી પડત. જો તમે સાબિત કરો તો મારે તારો ચેલો થવું. પણ આ શરતી વાદ નથી. સમજ સુધારવાની વાત છે. પાંચ ભૂત જ

છે. જે જેવો છે તે તેવો જ જન્મે. જેવો ને તેવો હોય, તે જુદો હોય તે માની લે તેટલા પૂરતો છૂટો. એ સત્ય બોધ થતાં હિંસાની વિરતિ કર્યા વગર અહિંસા બને નહિ તે સુધર્માસ્વામીજીના સમજવામાં આવ્યું. જગતની વાત જુદે વાટે છે, જૈનની વાત જુદે વાટે છે. આખા જગતમાં દેખીએ તો ' કરે તે ભોગવે. ' ત્યારે અહીં ' ન વિરતિ કરે તે બધા ભોગવે. ' વિરમે નહિ તે ભોગવે આવી માન્યતા જૈનધર્મની છે. મિથ્યાત્વની સાથે અવિરતિ કર્મબંધનું કારણ છે એમ જણાવ્યું છે, મહાવીર પાસેથી પ્રતિબોધ મળ્યો ને માલમ પડયું કે અવિરતિ કર્મબંધનું કારણ છે. પહેલાં કરે તે ભોગવે એમ હતું. Exnemist એક્સનેમિસ્ટ, જેની આગળ એનાર્કિસ્ટ. એનાર્કિસ્ટની ટોળીમાં નામ લખાવ્યું. કોઈ દિવસ મીટિંગમાં જતા નથી. કોઈ વખત ખૂન થયું. લિસ્ટ બહાર પડે તો નામવાળો ઘેરે સૂતો હોય તો પણ બેડી પહેરવી પડે. ક્યારે ખૂન કર્યું તે જાણતો ન હોય પણ ટોળીમાં નામ આવ્યું કે ભાઈને તૈયાર થવું પડે. જો આ સ્થિતિ દેખીએ તો સંસારની પાપપ્રવૃત્તિવાળી ટોળીમાં નામ લખાવ્યું છે. તમે તેવા અમે, અમે તેવા તમે. રાજીનામું ન દો ત્યાં સુધી બચાય નહિં. ન ભળો તેટલા માત્રથી ન બચો.

## રાજીનામું આપ્યા વિના બચાય નહિ—

તીર્થંકર ગર્ભથી સમ્યક્‌ત્વને ધારણ કરનારા. ત્રણ જ્ઞાનને ધારણ કરનારા, કર્મથી ક્યારે બચ્યા ? ઘરનું રાજીનામું આપીને સાધુપણું લીધું ત્યારે. તીર્થંકરની આ સ્થિતિ હોય તો આ જીવની શી હાલત? અપ્રતિપાતી શુદ્ધ ત્રણ જ્ઞાનના ધણી, ગર્ભથી સમ્યક્‌ત્વવાળા રાજીનામું આપ્યા વિના બચ્યા નહિ, તીર્થંકર સરખા જીવો એ પણ વિરતિ કર્યા વગર અવિરતિના ભારે બંધનોમાંથી બચી શકે નહિ, તો બીજાની શી વલે ? વિરતિ ન કરો તો પાપ, એ સ્થિતિ જૈનદર્શનમાં છે. બીજા દર્શનો વ્રત કરવામાં લાભ બતાવવાવાળા છે. ગૌતમસ્વામીના ખ્યાલમાં આવ્યું કે અવિરતિ એ કર્મબંધનું કારણ છે. તો પછી મૂળમાં શરો

સરદાર સજ્જ થયેલો, શત્રુનું નામ સાંભળે ત્યાં એનું શૌર્ય ન જાગે તો શૂરો નથી પણ બાયલો છે. આત્મા જ્યાં અવિરતિનું કર્મ માલમ પડ્યું તે વખતે અવિરતિને રોકવા તૈયાર ન થાય તો આત્માને લાંછન લાગે ગણધરો પ્રતિબોધ સાથે પ્રવ્રજ્યામાં આવે છે. એક પણ ગણધર પ્રતિબોધ પામ્યા ને લાઠી વાળીને બેસી જાય તેવું બન્યું નથી. માટે દરેક ગણધરો પ્રતિબોધ પામ્યાની સાથે પ્રવ્રજ્યા લે છે. આખા જગતને જુલમના જોરમાં જકડનાર હોય તો મિથ્યાત્વ અને અવિરતિ છે એમ માલમ પડ્યું કે ગણધરો એ કામ પહેલું કરવા લાગ્યા, ને અવિરતિ અને મિથ્યાત્વના જુલમના દોર કાપી નાખ્યા.

## એમને ઈશ્વરનો અવતાર કલ્પવો પડ્યો

આચારાંગ, સૂયગડાંગ પછી ઠાણાંગ. પાંચ મહાવ્રતોમાં પહેલું પ્રાણાતિપાતવિરમણ. પહેલું મહાવ્રત અનાજને સ્થાને અને બીજાં મહાવ્રતો વાડને સ્થાને. કષ અને છેદ તો માન્યાં પણ તત્ત્વવ્યવસ્થાની વખતે બીજાને ગડબડી જવાનું થાય. સાંખ્યને સ્નાન વિના ચાલ્યું નહિ. સ્નાનમાં માનવાને લીધે અનંત સંસાર રખડ્યો. આરંભમાં આસક્ત બનેલાને ઈશ્વરનો અવતાર કલ્પવો પડ્યો. ઈશ્વર ફળ દેશે. આત્મા ને શરીર ભિન્ન માનવાની ફરજ પડી. અનુયોગદ્વારની અંદર આવશ્યક ત્રણ પ્રકારના જણાવ્યા—લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તર. લોકોત્તરમાં સાધુ, સાધ્વી અને શ્રાવક સાંજ-સવાર પડિક્રમણાં કરે તે. માતામહાદેવની પૂજા કરે, લાપેગુંપે તે કુપ્રાવચનિક આવશ્યક. સવારે ભારત, સાંજે રામાયણ સંભળાય, રાજામહારાજા સાંભળે તે લૌકિક આવશ્યક. ભારત એ કૃષ્ણમહારાજાનો ઇતિહાસ આપનાર. રામાયણ જેવા રામના ઇતિહાસ આપનારને લૌકિકમાં ગણી કુપ્રાવચનિકમાં ન ગણ્યા. તે ઐતિહાસિક પુરુષ હતા તે અનુયોગદ્વારની માન્યતા સુધી અવતારી ન હતા. લૌકિક મહાપુરુષ અને ઐતિહાસિક મહાપુરુષોને અવતારી બનાવવા પડ્યા. ઈશ્વર નિર્મળ રહે, અવતાર બે. એ અવતારમાં ચાહે તે કરે તેમાં ઈશ્વરને લેવાદેવા નહિ.

## જૈન ધર્મ સિવાય બીજે બધે દલાલના ડખા

ઈશ્વરનો આત્મા શરીરથી જુદો માનવો પડયો. આકાશ જેમ કંસરાએ લેપાય નહિ તેમ અવતારી પુરુષ લેપાતા નથી. તે ક્યારે બને ? ઈશ્વર ને અવતારીપણાનું શરીર જુદા માને તો. માટે અવતારી માનવા પડયા, હતા ઐતિહાસિક. શરીર જુદું અને ઈશ્વરી આત્મા જુદો. સાક્ષાત્ ઈશ્વરનો સંદેશો સાંભળનાર હોય તો જૈનદર્શન છે. બાકી બધા ધર્મ દલાલના ડખાવાળા છે વિચારો ! મુસલમાનોમાં એ કહેવામાં આવ્યું કે-સુરાઓ દેવના દૂતો લાવી દે છે, પરમેશ્વરે સુરા મહમદ પાસે મોકલી. મહમદે તે જમતને કહી તે દલાલનો ડખો. ક્રિશ્ચિયનને અંગે ઇશુ પરમેશ્વરનો દીકરો, તે કહે છે પરમેશ્વર કહેતો નથી. કહો દલાલનો ડખો. હિંદુધર્મને અંગે કહીએ અગ્નિ, વાયુ અને રવિથી વેદનો ઉદ્ધાર થયો, પરમેશ્વરથી થયો નથી. કહો, સાક્ષાત્ સંદેશો આપનાર કોઈને હોય તો તે જૈનોને છે. પરમાત્મા સાક્ષાત્ દેશના દે છે. દિગંબરોએ વીતરાગ, સર્વજ્ઞ પ્રભુ માન્યા છતાં જોડે માન્યતા રાખી હારમોનિયમની. ભગવાનની વાણી અસ્પષ્ટ હોય, માત્ર ધ્વનિ થાય. હારમોનિયમમાં સ્વર પૂરે ત્યારે શબ્દ ન નીકળે, વગાડે તો શબ્દ નીકળે. દિગંબરના ભગવાન્ સ્વર પૂરવાવાળા અને તે માત્ર ગણધરો સમજે, ગણધરો સમજાવે. તો જૈન થયા છતાં દલાલનો ડખો લઈને બેઠા. જિનેશ્વર એ ઈશ્વર, સર્વજ્ઞ સર્વદર્શી પોતાને મોઢે સંદેશો આપે છે તે માન્યતા જૈનધર્મમાં છે. જૈનધર્મ સિવાય બીજે દલાલના ડખા. ઈશ્વર કલ્પ્યો, વચમાં અવતારી પુરુષો નાંખવા પડયા તેથી શરીર અને આત્માનો ભેદ લેવો પડ્યો. શરીર અને આત્માને લાગતું વળગતું નથી. આરંભપરિગ્રહનો આ બદલો. તેને લીધે છેવટે અભિન્નપણું થયું. કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્નપણું માનો તો પાંચ વ્રત રહે. તે કેમ, તે અગ્રે.

# વ્યાખ્યાન ૬૬

## મિથ્યાત્વ અને અવિરતિનો કાળો કેર

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી ગણધર મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે પ્રતિબોધ અને પ્રવ્રજ્યા પામ્યાની સાથે ફરમાવે છે. જેમ દરિદ્રી મનુષ્ય–ભિખારી બીજે ભવે રાજા થયો હોય તે ભિખારીના પોકારને પ્રથમ ધ્યાનમાં લે, રોગનો કોઈ પણ પ્રકારે ઉપાય ન થતો હોય, કોઈક સંજોગમાં તેના રોગની કોઈ અપૂર્વ દવા મળી આવે, તો તે પોતાની લક્ષ્મીનો કાંઈ ભાગ વાપરવો હોય તો તે દવામાં વાપરે, તેમ ભગવાન્ સુધર્માસ્વામીજીને મિથ્યાત્વ અને અવિરતિ જગતમાં કાળો કેર વર્તાવી રહ્યાં છે તે ખ્યાલમાં છે.

### કષાય અને યોગ બે બાજુ ઢોલકી વગાડે

આખું જગત રખડે છે તેનાં કારણો કેવળ બે જ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચારે બંધના કારણો છે. ચારમાંથી બે જ કેમ પકડ્યા? મિથ્યાત્વ અને અવિરતિ બે જ કેમ પકડ્યાં? બે જ પકડ્યા તેમ નથી. શાસ્ત્રમાં જેવો મિથ્યાત્વનો નિષેધ કર્યો છે તેવો જ અવિરતિ, કષાય અને યોગનો પણ નિષેધ કર્યો છે, પણ અહીં મુખ્યતાએ બેના જ નિષેધમાં આવીએ છીએ. બેનો નિષેધ કેમ કરો છો? કારણો દર્શાવતાં પહેલાં–બાબતમાં બે–કષાય અને યોગ પેટાવાળાં છે કષાય અને યોગ બે બાજુ ઢોલકી વગાડે. સંસાર વધારે તેને સંસાર વધારવામાં કષાય અને યોગ, અને મોક્ષ તરફ પ્રયાણ કરે તેને મોક્ષ તરફ લઈ જનાર પણ કષાય અને યોગ જ. કષાય અને યોગમાં પ્રશસ્ત, અપ્રશસ્તપણું રહેલું છે. કષાયનું પ્રશસ્તપણું અને યોગનું પ્રશસ્તપણું હાંભળીને કષાય અને યોગના ઘરજમાઈ થવાનું નથી. કષાય અને યોગનું પ્રશસ્તપણું કહેવામાં આવ્યું તો

પકડી પકડી રાખીએ તો કેમ? એને જ કાપવાની બુદ્ધિએ એને હથિયાર તરીકે વાપરવા તે પ્રશસ્તપણાની નીશાની. કષાયને કાપવાને માટે કષાયનો ઉપયોગ તેનું નામ પ્રશસ્તકષાય, અને યોગને માટે યોગનો ઉપયોગ તેનું નામ પ્રશસ્તયોગ.

## રાગ અને દ્વેષ

શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ ઉપર આપણે રાગ ધરીએ. રાગનો સર્વથા નાશ કરવા માટે પ્રશસ્તરાગના બે સ્થાન—ગુણ અને ગુણી. રાગનો નાશ કરવા માટે ગુણ ઉપર રાગ કરાય અને ગુણી ઉપર રાગ કરાય તેનું નામ પ્રશસ્તરાગ. અવગુણ ઉપર દ્વેષ કર્મનો નાશ કરવા માટે. અવગુણનો નાશ કરવા માટે અવગુણ ઉપર દ્વેષ ધરી શકીએ પણ અવગુણી ઉપર દ્વેષ કર્મનો નાશ કરનાર ન હોવાથી તેને પ્રશસ્તદ્વેષ કહી શકતા નથી. પ્રશસ્તદ્વેષ એક રૂપે—અવગુણ ઉપર દ્વેષ. પ્રશસ્તરાગ બે ઉપર. ગુણ અને ગુણી ઉપર રાગ. પ્રશસ્તરાગની વખતે બે સ્થાન, ગુણ અને ગુણી. દ્વેષ કેવળ અજ્ઞાન, અવિરતિ અને મિથ્યાત્વ ઉપર. એ અવગુણો. એની ઉપર જ દ્વેષ હોય. અવગુણી ઉપર શું? અવગુણી તો જગતમાં છે, તો એને અંગે શું હોવું જોઇએ? તેના ઉપર રાગ ધરી શકીએ નહિ. જે વસ્તુના ઉપર રાગ ધરીએ તેને મેળવવા માગીએ છીએ એમ કહેવાય. અવગુણી ઉપર રાગ તો ધરાય નહિ. જે ચીજ છાંડવા લાયક માલમ પડે તેના ઉપર રાગ તો હોય જ નહિ. મેળવવા લાયક ચીજ લાગે તેના ઉપર રાગ હોય. અવગુણી ઉપર રાગ ધરવાથી અવગુણની પ્રાર્થના વાળા આપણે કરીએ, માટે અવગુણી ઉપર રાગ ધરી શકીએ નહિ, તેમજ દ્વેષ પણ ધરી શકીએ નહિ. દ્વેષ ધરવા જઇએ તો જગમાં દયાનું સ્થાન કોઈ રહે નહિ.

દયા કોના ઉપર? દુઃખી ઉપર. પહેલાં ભવના અવગુણી તે જ આ ભવના દુઃખી. વર્તમાનના અવગુણી તે આવતા ભવના દુઃખી. દુઃખી સત્વમાત્રમાં દયા હોવી જોઇએ. કેટલાક આગ્રહમાં આવીને

વસ્તુતત્ત્વ ઊલટું કહે. બીજો પોતાના અવગુણમાં હોય ત્યાં સુધી દયાને પાત્ર પણ બીજાના ગુણનો ઘાત કરતો હોય ત્યારે દયાને પાત્ર રહે નહિ, આવું કહેનારાએ ધ્યાન રાખવું કે મહાવીર ઉપદ્રવ કરનાર સંગમ દેવતા ઉપર દયા કરવાની દૃષ્ટિવાળા છે, માટે ઈષદ્બા૦ બોલ્યા. દયા કરીને જેની આંખો અંજાયેલી થઈ છે

**જાણીજોઈને જઈ જઈને ઉપદ્રવો સહેવાં તે મહાવીરનું કામ**

સંગમ જેવો ગુણીનો ઘાતક બીજો કયો લેવો? તેમાંય આકારે દયા કહી. ગોશાલાની તેજોલેશ્યાની વાત ચાલી. ગૌતમસ્વામીએ પૂછ્યું ગોશાલાની તેજોલેશ્યા કેટલી? મહાવીર કહે છે, સોળ દેશોને એકી સાથે ભસ્મ કરી નાંખે તેટલી તાકાત તેજોલેશ્યાની છે. ત્યારે પ્રશ્ન કર્યો કે શ્રમણ ભગવાનમાં કેટલી? ઉત્તર દીધો કે ગોશાલાની તેજોલેશ્યા કરતાં શ્રમણ નિર્ગ્રંથોની અનંતગુણી, તેના કરતા અનંતગુણી સ્થવિરની, તેના કરતાં અનંતગુણી ભગવાનની. ક્ષાંતિક્ષમા-ક્રોધનો અભાવ તેથી સહન કરનાર, આટલી બધી તેજોલેશ્યા છતાં ક્ષાંતિક્ષમાથી સહન કરનારા. વિચારો! ગોશાલા સરખાના પ્રસંગમાં ઘાતકપણામાં કયું બાકી? સંગમમાં કયું બાકી? સંગમ સરખા ઉપર ભગવાન્ દયા વરસાવે, ગોશાલા સરખાના વખતે છતી શક્તિએ સહન કરવું. આનંદ સાધુથી સભામાં અવાજ થાય છે. ગોશાલો આવવાની તૈયારી છે. ભગવાન્ સાધુઓને કહે છે વિખરાઈ જાઓ! પહેલાં ઘાતકનો રસ્તો બંધ કર્યો કોઈએ એની વચ્ચે ઉત્તરપ્રત્યુત્તર કરવો નહિ. ભગવાને અવગુણીને બચાવીને શો ફાયદો કાઢયો? શ્રમણ નિર્ગ્રંથોને ચાહે સ્વ કે પરનો ઉપદ્રવ હોય તો પણ આવેલો સહેવો સ્વાભાવિક છે. જાણીજોઈને જઈ જઈને સહેવો તે મહાવીરનું કામ. તેના પગલે ચાલનારા પ્રસંગે પણ સહન ન કરી શકે તો એમના ઉપદેશને કેટલું પાળીએ?

**પ્રશસ્તની તીવ્રતા તેમ મોક્ષની નિકટતા**

અવગુણી, ઉપદ્રવ કરનાર, નિહ્નવ અને ઘાતક એ કારુણ્યને

ઉપેક્ષાનો વિષય નહિ તો શાનો મૈત્રી પ્રમોદનો? તેનો પણ વિષય નહિ તો વિષય શાનો? અવગુણી ઉપર દ્વેષ એને પ્રશસ્તદ્વેષ તરીકે કહેતા નથી. અવગુણી ઉપર ભાવદયા ચિંતવવી. જેમ ભૂંડ પકવાન પાસે છતાં ઉત્પાત કરીને દોડતો દોડતો ઉકરડે જાય, તેમ આ જીવને જિનેશ્વરનું શાસન મળ્યું છે છતાં આ તરફ ધ્યાન આપતો નથી. કુમાર્ગ તરફ દોડયો જાય છે. મારાથી બને તો સન્માર્ગ તરફ લાવું એ માધ્યસ્થ ભાવના. જેને ન લાવી શકીએ તે બધાને માર્ગે લાવી શકો તો કારુણ્યનો વિષય. માધ્યસ્થ ભાવનાના વિષયથી ઘાતક, અવગુણીને બહાર કાઢી શકશો નહિ. સંગમ અને ગોશાળા સરખા જેવા પણ દયા, ઉપેક્ષાના વિષયમાં રહે, તેવાને અંગે દ્વેષ કરાય નહિ. શાસ્ત્રકારોએ આવશ્યકનિર્યુક્તિમાં પ્રશસ્તરાગના સ્થાનોમાં ગુણ અને ગુણી બન્નેને ગણ્યા. પ્રશસ્તદ્વેષ વખતે અવગુણને ગણાવ્યો, અવગુણીને નહિ. અવગુણ ઉપર દ્વેષ કરવાથી દ્વેષને છોડવાનો મુદ્દો રહે, ને અંતે કર્મનો નાશ કરે. ગુણ ઉપર અને ગુણી ઉપર રાગ કર્મનો નાશ કરનાર. ગુણી ઉપર દ્વેષ એ કર્મનો નાશ કરનારી ચીજ નથી, કષાય (ક્રોધ) એકલો સંસારને વધારે તેમ નથી. ક્રોધને કષાય કહેવાય, માન. માયા અને લોભને ક્રોધ કષાય કહેતું નથી. કષાય શબ્દથી દુનિયામાં એકલો ક્રોધ લેવાય, જૈનશાસનમાં ક્રોધ જેમ કષાય છે તેમ માન, માયા અને લોભ પણ કષાય છે. અન્ય દર્શનવાળા ક્રોધને કષાય કહે. આપણામાં કેટલાકે પકડી લીધું કે 'માયા કરવા લાગ્યો, કષાયમાં ઊતર્યો છે' એમ કહીએ છીએ સંસ્કાર હજુ લોકના પડેલા છે. કષાય શબ્દ જેવો ક્રોધને લાગુ કર્યો છે તેવો માન, માયા અને લોભને લાગુ કર્યો નથી. હજુ એની એ નિશાળમાં છીએ. જૈનશાસનની નિશાળમાં નથી બેઠા. જો જૈનશાસનની નિશાળમાં બેઠા હોઈએ તો માયા, માન, લોભ વખતે પણ કષાયની બુદ્ધિ કેમ ન રહે? 'કરશે તે ભરશે' એ જેમ અજૈનોની નિશાળના શબ્દ છે તેમ ક્રોધ એ કષાય છે તે શબ્દ પણ તેની નિશાળનો છે. જેમ જેમ પ્રશસ્તની તીવ્રતા તેમ તેમ મોક્ષમા-

ર્ગની નિકટતા. જ્ઞાન, દર્શન અને ચારિત્ર પર રાગ તેમ તેમ મોક્ષ નિકટ, અરિહંત પર રાગ થાય તેમ તેમ મોક્ષમાર્ગ નિકટ. મિથ્યાત્વી ઉપર દ્વેષ થાય તેમ મોક્ષમાર્ગ નિકટ ખરો કે નહી? વિષ્ણુકુમાર સરખાને પ્રતિક્રમણ કરીને પ્રાયશ્ચિત્ત લેવું પડયું. લાગણીથી ગયા વગર રહેવું નથી તેને અહીં સ્થાન નથી. જેમ મોક્ષમાર્ગ વધારે નજીક આવવાનો હોય તેમ ગુણ અને ગુણી પર રાગ થાય અને અવગુણ ઉપર દ્વેષ વધે.

## લાગણીલાગણીમાં ભિન્નતા પડે

અવગુણી ઉપર દ્વેષ થાય તો મોક્ષ નજીક આવે એમ ખરું કે? અવગુણી ઉપર દ્વેષ એ નિર્જરા કરાવશે! એ નિર્જરા કરાવનાર નથી. રૂપિયા હોય તે છીનવી લેવા માગે તે વખતે જોર થાય તે જુદું. મહોર લેવા માંગે તે વખત જોર થાય તે જુદું. વીર્ય ફેરવવામાં ફરક પડે છે, તેમ લાગણીમાં ફરક જરૂર પડે છે. અત્યારે વિચાર ચાલે છે કે અવગુણી ઉપર દ્વેષ નિર્જરાનું સ્થાન છે કે નહિ? નમો અરિહંતાણં' કહીએ તેટલી વખત નિર્જરા બને છે એમ નહિ. વસ્તુસ્થિતિ ધ્યાનમાં લો. વસ્તુસ્થિતિ જિનવચન ઉપર આધાર રાખે છે. પણ જિનવચનને ગોટાળામાં ન નાંખે, રહેવાતું નથી તે જુદી વાત છે.

## ઉપયોગે તલ્લીન થવું તે કૃત્રિમ

નવકાર ઉપયોગે ગણો તેમાં નિર્જરા કે વગર ઉપયોગે ગણો તેમાં? **સમાધાન**-તમારે ને જેને મહોબત છે તેનો ચાંલ્લો આવે તેમાં વધારે નહિ તમારો જેને ત્યાં ચાંલ્લો નથી તેનો ચાંલ્લો આવે તો વધારે. જે ગુણ સમજે છે તેમાં લીનતા થાય તે સ્વાભાવિક છે, પણ જે નથી જાણતો તેમાં લીનતા થાય તે વધારે. વગર જાણ્યે લીનતા થાય તે ઘણું મુશ્કેલ. તલ્લીન બનવું ખરું કારણ છે. ઉપયોગે (જાણપણાથી) તલ્લીન થવું તે કૃત્રિમ, વગર ઉપયોગે તલ્લીન આખો પરોવાયો હોય તો. ઊંઘમાં પૂંજે તો રૂંવાડે રૂંવાડે પરિણમ્યું છે. જાગતાં પૂંજે તો

બનાવટી હોય. વગર ઉપયોગે ભાગ્યશાળી પૂંજે. આત્મા તન્મય થયો હોય તેને માટે દૃષ્ટાંત દીધું. ઊંઘમાં કયો ઉપયોગ હતો ? વગર ઉપયોગે ઓઘો ફેરવ્યો. જેને આત્મામાં સંસ્કાર રેડાઈ ગયો હોય તે પૂંજે. પૂરા સંસ્કાર હોય, તો અનુપયોગમાં પૂંજે.

## સર્વથા છાંડવાલાયક શું ?

હવે મૂળ વાત પર આવો, પ્રશસ્તરાગની કોટિ નિર્જરાને ગળે વળગેલી છે. જેટલા અંશે ગુણનો કે ગુણીનો રાગ અને જેટલે અંશે અવગુણનો દ્વેષ તેટલા અંશે નિર્જરા. એ ત્રણે કર્મનું નિકંદન કરવામાં હથિયારરૂપે રહે છે. અવગુણી ઉપર દ્વેષ થઈ જાય, થયા વિના રહેતો નથી પણ તેને નિર્જરાની સાથે તોલ નથી. તે દ્વેષ નિંદવા લાયક છે, ગર્હવા લાયક છે. પેલા ત્રણનું નિંદન, ગર્હણ ન હોય. જ્ઞાન, દર્શન અને ચારિત્ર ઉપર રાગ ધરે, અરિહંત ઉપર રાગ ધરે તેને 'मिच्छामि दुक्कडं' કહેવો પડે નહિ. અવગુણી ઉપર દ્વેષ કરે તો 'मिच्छामि दुक्कडं' કહેવો પડે. રાગ અને દ્વેષ એ ચાર કષાયના ભાગ છે. બે બાજુ ઢોલકી વગાડે છે. સંસાર વધારવામાં અને મોક્ષ લેવામાં પણ ઢોલકી બજાવે છે. જેમ નાટકિયો કોઈ વખત રાજાનું અને કોઈ વખત ભંગીનું રૂપ કરે, તેમ અહીં મોક્ષમાં મદદગાર થવું હોય તો ગુણ અને ગુણી ઉપર રાગ, અને સંસારમાં મદદગાર થવું હોય તો કામરાગ ઉપર રાગ કરે. દ્વેષને અંગે-જર, જોરૂ અને જમીનને અંગે હોય તો દ્વેષ સંસાર વધારનાર, ને- મિથ્યાત્વને અંગે દ્વેષ થાય તો મોક્ષને નજીક લાવનાર યોગ પણ કષાયની પેઠે બને બાજુની ઢોલકી વગાડનાર. આર્ત અને રૌદ્રધ્યાન થાય તેવા યોગ તે સંસાર વધારે. કષાય કે યોગને એકદમ કાઢવા જેવા નથી, પણ મિથ્યાત્વ અને અવિરતિ એ બે બાજુની ઢોલકીવાળા નથી. એ તો સંસારની જ ઢોલકી વગાડે છે મિથ્યાત્વ અને અવિરતિ મોક્ષની ઢોલકીમાં એક થપ્પડ દેતા નથી, કેવળ સંસારની ઢોલકી વગાડે છે. તેથી મિથ્યાત્વ અને અવિરતિ સર્વથા છાંડવા લાયક છે.

## યોગ તો પાવૈયાનું ટોળું

બંધના હેતુ ચાર કહેવાની જરૂર નથી. કષાય અને યોગ બે હેતુ કહેવા હતા. મિથ્યાત્વ–અનંતાનુબંધીનો ઉદય અને અવિરતિ–અપ્રત્યાખ્યાનીનો ઉદય. અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની તો કષાય છે. યોગ તો મફતના કૂટાવાવાળા છે. યોગ તો પાવૈયાનું ટોળું. જે બાજુ શૂરો સરદાર દોડે તે બાજુ દોડે. કષાય તીવ્ર હોય તો યોગ તૈયાર. યોગની પાસે કષાય જવાવાળા નથી જેવા કષાય તેવા યોગ. ખરી રીતે તો કષાય કર્મબંધનું કારણ. માટે રાગ અને દ્વેષ એ જ કર્મબંધના કારણ

## મિથ્યાત્વ એ અવિરતિના ઘરનું

કષાયો એ જ બંધનું કારણ એમ કહેવું હતું. જેટલું વાદીએ કહ્યું તે માનવામાં વાંધો નથી. અહીં કેમ કહ્યું તે કહો. ચારને કેમ નાંખ્યા ? મિથ્યાત્વ એ કષાયને લીધે છતાં, અનંતાનુબંધીને કોટે વળગેલું છતાં કર્મબંધમાં મુખ્ય કારણ. અવિરતિ એના કરતાં ગૌણ, અને તેના કરતાં યોગ ગૌણ. ચોથે ગુણઠાણે આવ્યા એટલે મિથ્યાત્વ ગયું. પછી બંધ કોને લીધે રહેવાનો ? હજુ અવિરતિ છે. છઠ્ઠે સાતમે આવ્યા એટલે અવિરતિ ગઈ. કષાયો છઠ્ઠા આઠમાથી ઠેઠ છેડા સુધી, તેને લીધે બંધ થવાનો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ ચાર કારણ કર્મબંધના છે. કષાય અને યોગ બંને બાજુ ઢોલકી વગાડે. મિથ્યાત્વ અને અવિરતિના બે પ્રકાર નથી. એક જ પ્રકાર છે. જો ખરેખર વિચાર કરીએ તો મિથ્યાત્વ એ અવિરતિના ઘરનું છે.

## મિથ્યાત્વની ઊંડી જડ અવિરતિ

મિથ્યાત્વ અવિરતિના ઘરમાંથી કેમ ? અવિરતિને પાપ માની લો તો મિથ્યાત્વ ઊભું રહે નહિ. અવિરતિને પાપ સમજ્યા પછી કુદેવ, કુગુરુ, અને કુધર્મને માનવાનો વખત નથી. અવિરતિનો અવિરતિરૂપે ખ્યાલ ન આવે ત્યાં સુધી મિથ્યાત્વ. મિથ્યાત્વની ઊંડી જડ દેખીએ તો અવિરતિ છે.

## અવિરતિ ટળે ક્યારે?

પહેલું મિથ્યાત્વ ટળે પછી અવિરતિ ટળે. ટળવાની અપેક્ષાએ પ્રથમ જાય મિથ્યાત્વ અને પછી જાય અવિરતિ. અવિરતિનું સ્વરૂપ જાણવામાં આવ્યું તો મિથ્યાત્વને ઊભા રહેવાનો વખત નથી. અવિરતિને અવિરતિરૂપે ન માને ત્યાં સુધી કુદેવ, કુગુરુ અને કુધર્મ માને. ત્યારે તો કર્મબંધના હેતુઓમાં મિથ્યાત્વને કહેવાની જરૂર નહિ. અવિરતિનું અવિરતિરૂપે જ્ઞાન થાય તો સમકિત. અવિરતિ, કષાય યોગ બંધ હેતુઓ છે એમ કહો. અવિરતિને અવિરતિરૂપે જાણવાની અને ટાળવાની એમ બે ભાગ રાખવા પડયા. જાણવી તેનું નામ સમકિત, ને ટાળવી તે વિરતિ. મિથ્યાત્વ અને અવિરતિ બે જ જડ છે ઊંડા ઊતરીએ તો ખરી જડ મિથ્યાત્વ છે. અઢારે પાપસ્થાનકોને પાપસ્થાનકરૂપે ઓળખ્યા. બાર અવિરતિ અને બાર વિરતિ છે તેવા રૂપે ઓળખી તો સંસારને કાળી ટીલી લાગી ગઈ. પાછા હઠો ન હઠો તેનો કંઈ નિયમ નહિ. મિથ્યાત્વ ગયું ત્યારે અવિરતિને અવિરતિરૂપે માનવા લાગ્યા, પાપસ્થાનકને પાપસ્થાનકરૂપે માનવા લાગ્યા.

## મિથ્યાત્વનું નિકંદન કરવાની જરૂર

દોરાભર આગળ વધ્યા નથી છતાં જ્ઞાનીને પૂછો તો કહેશે કે સાત આઠ ભવમાં મોક્ષ શાને અંગે? એક અવિરતિને ખરાબ જાણો, માનો તો અર્ધપુદ્દગલપરાવર્તમાં નિયમા,ને અવિરતિને ટાળો તો તદ્ભવે મોક્ષ ત્રણ ભવથી વધારે નહિ જે જીવ જગતના કોઈ પણ જીવ ઉપર ઉપકાર કરવા માગે તો તેને પ્રથમ તેના મિથ્યાત્વનું નિકંદન કરવું પડે, એના વિના સંસારનું નિકંદન થવાનું નથી. મિથ્યાત્વનું નિકંદન કરવાની જરૂર છે. તપસ્યાવાળા ને અમથા જમનારા, આમાં અમથા જમનારાને ચાહે ત્યારે મળ્યું તો પાલવ્યું, પણ પારણાવાળાને તો અધીરતા જ થાય. જે સમ્યક્ત્વ પામ્યા તે અનંત સંસાર કાપી મોક્ષ માટે ઉત્કૃષ્ટ અર્ધપુદ્દગલપરાવર્તકાળ નક્કી કરે, તેમાંય સંતોષ વળે નહિ. જેમ પારણામાં નોતરાં માત્રથી સંતોષ ન હોય. અહીં

સમ્યક્ત્વ પામ્યો તેને અર્ધપુદ્ગલપરાવર્ત પણ કરડવા માગે. મિથ્યાત્વી દશામાં અનંત પુદ્ગલપરાવર્ત કરડતા ન હતાં. મિથ્યાત્વી મિથ્યાત્વ ટાળવાને જેટલો કટિબદ્ધ ન હોય તેના કરતાં સમ્યક્ત્વવાળાને અવિરતિ ટાળવા મજબુત કેડ બાંધવાની હોય. પહેલે પગથિયે ચઢયો તેનો પગ બીજાં પગથિયાં તરફ હોય. સમકિતના પગથિયે ચઢેલો વિરતિના પગથિયે પગલું ઉપાડતો રહે, બીજું લક્ષ ન હોય. હજુ તમે તો બે વર્ષે, પાંચ વર્ષે વિરતિ કરવાની હિંમત ધરાવી શકો છો યા કરવાની લાયકાત દેખો છો. જેઓ કરવાની, હિંમતવાળા કે લાયકાતવાળા નથી તે વિરતિના અધિકારો સાંભળીને સંતોષમાં રહે છે. પલ્યોપમો, સાગરોપમો સુધી વૈમાનિક દેવતાઓ થઈને બારમા દેવલોકે બાવીસ સાગરોપમ સુધી રહેવાનું તેમાં એક પણ વિરતિ આવવાની નહિ. સમકિત જન્મ્યા ત્યારથી છે. ભગવાન્ પાસેથી વારવાર આવીને શું સાંભળે છે ? વિરતિના ગુણો, વિરતિનું બહુમાન સાંભળે છે, તે જ તેના આત્માને ખેંચે છે. જિંદગીમાં પામવાનો નથી. નવકારસીય પામવાનો નથી. એકે વિરતિ થવાની નથી. સમકિત થઈ ગયેલુ છે તે પલ્યોપમો અને સાગરોપમો સુધી શું સાંભળે ? વિરતિની બલિહારી અને અવિરતિનો તિરસ્કાર સાંભળવાનો છે. આ વાત ખ્યાલમાં લેશો તો જણાશે કે દેવતાઓ પણ મનુષ્યોને નમસ્કાર કરે છે તે વિરતિને અંગે.

## સમકિતી થયો તેટલો વિરતિને માટે તલપાપડ

વિરતિ તરફ કેવો રાગ હોવો જોઈએ ? અવિરતિ રહેવાની એ નિશ્ચય. સાગરોપમો સુધી જવાની નથી તે નિશ્ચય, પણ છોકરીઓ ઢીંગલા ઢીંગલી રમવામાં વર્ષો કાઢે છે. તે વખત કોઈ પરણવાનું નથી. પરણવાની વાતને એટલું બધું રૂપ આપેલું છે કે રમતમાં વર્ષો કાઢે છે. કોઈ પરણાવતું નથી. સંસાર શું ચીજ છે તેનાં સ્વપ્નો છે, છતાં રમતમાં વર્ષો કાઢે, દેવતાને વિરતિની વાત સાંભળવામાં વર્ષો જાય. વિરતિ લેવાની, મળવાની નહિ અને અવિરતિ ટળવાની નહિ.

વાતમાં સાગરોપમો. વ્રતપચ્ચક્ખાણની વાત કાઢી તો મહારાજે કાઢી. મહારાજ કહે બાધા શી ! તો કહો બાંધ્યા. કોઈ બાંધનારા નહિ તેથી વ્રતધારીએ બાંધ્યા. આવા પરિણતિવાળા શી રીતે વિરતિ તરફ બહુમાનવાળા હોય ? વિરતિની વાતમાં ડુબકી મારનારા થાઓ ! દેવતાના દૃષ્ટાંતો દીધા. સાગરોપમો સુધી નહિ મળવાનો નિશ્ચય છતાં સાંભળવામાં તલ્લીન. ઘેરથી નાતની વાતમા જવામાં જે ઉતાવળ હોય તેના કરતાં ભાણા ઉપર બેઠા પછી વધારે ઉતાવળ હોય. તેવી રીતે સમકિત આવે એટલે વિરતિના ભાણે બેઠા. ભાણે બેઠા ઉતાવળ ન થાય તો ભોજન સમજ્યા નથી. જેટલો સમકિતી થયો તેટલો વિરતિને માટે તલપાપડ. દેવતાઓ અવિરતિના કચરામાં ખૂચેલા. જગતમાં વિરતિનો ડંકો વાગે માટે દેવો સમવસરણ રચે.

## દેવતાઓને તીર્થંકર શું આપે છે ?

સમકિત દેવોને પહેલાથી હોય છે અને તે સિવાય બીજું મળે નહિ. ભક્તિમાં દાખલ થાય તે સમકિત પછી. પછી શું મળવાનું ? દેવતાઓ સમવસરણ કરે, આઠ પ્રાતિહાર્યો કરે, ક્રોડો દેવતાઓ હાજર રહે. આવી રીતે ભક્તિ કરે દેવો ત્યારે લાભ તમે ઉઠાવી જાઓ છો, એમને તો કાંઈ નહિ. એમની મહેનત તો ધૂળ મળી. બીજો વિરતિ પામે, વ્રતપચ્ચક્ખાણ પામે, મોક્ષ મેળવે તો ખરેખર મને લાભ છે એમ દેવતા માને છે માટે તેના ઉપર સાગરોપમ સુધી મહેનત કરવામાં દેવતાને અડચણ નથી. સમકિત પામ્યા પછી ખૂણામાં કોઈ વિરતિ પામે તો આનંદ પામવો.

## સમકિતમાં અવિરતિ કડવી લાગવી જોઇએ

દેવતાઓ તીર્થંકરની સાહ્યબી પૂરી કરે. શાને અંગે ? વિરતિના આદરને લીધે. સમકિતમાં અવિરતિ કડવી લાગવી જોઇએ. મિથ્યાત્વનો સાપ કરડયો હોય તેને અવિરતિનો લીમડો કડવો ન લાગે તે આશ્ચર્ય નથી, પણ સારાને લીમડો કડવો ન લાગે તો આશ્ચર્ય. ગણધરે મિથ્યાત્વ છોડીને પ્રતિબોધ લીધો, અવિરતિ છોડીને વિરતિ

લીધી તે વખતે બધા જીવો વિરતિને પામે તે માટે ગણધરોએ ચૌદ પૂર્વો અને અંગોની રચના કરી. પહેલા અંગથી આચારની, બીજા અંગથી વિચારની અને ત્રીજા અંગથી વર્ગીકરણની વ્યવસ્થા કરી. તેમાં પંચ મહાવ્રતોમાં પહેલું પ્રાણાતિપાતવિરમણ.

**માયા અવાચ્ય છે**

આત્મા અને શરીરને અવતારવાદને લઈને અજૈનોને જુદા માનવા પડયા. 'લીલા'વાદમાં એના શરીરથી કાંઈ કરે તેમાં આત્માને લાગતું નથી ભિન્નવાદ માની હિંસાથી, વિરતિની ખામીથી આરંભી-પરિગ્રહી થયા. વચમાં ઈશ્વરને ઘાલવો પડયો. અભિન્નતા કેમ? આરંભી સપરિગ્રહી થયા. જીવાત્મા તે પરમાત્મા એમ કહેવાનો વખત આવ્યો. આત્મા એ જ પરમાત્મા, એ સિવાય બીજું કાંઈ નથી. 'સત, ચિત્ અને આનંદની કલ્પના કરી. દેહ જેવી ભિન્ન ચીજ નહિ, સત્ વધારે અંશે હોય તે જડ. ચિત્ વધારે અંશે હોય તે જીવ અને આનંદ વધારે હોય તે બ્રહ્મ. ત્રણેનાં એકરૂપતા રાખી અધિકતા જેની થઈ તેને તે રૂપે કહ્યું. કર્મ રોકવાનો સવાલ ન રહ્યો. આ બધું માયા. માયા વિદ્યમાન નથી તેમ અવિદ્યમાન પણ નથી એમ નથી કહી શકતા. અવાચ્ય માયા છે. ઈશ્વરના નામે હુંડી લખવી તેમાંની એક પક્ષ આ તરફ ગયો. આ જીવ વ્યવહારથી બંધાયો. પારમાર્થિક દશાએ જીવને બંધન નથી. આવી રીતે અભિન્નવાદી. તેમને આત્મા એ શરીરથી જુદો નહિ શરીર આત્માથી જુદું નહિ, તેને આશ્રવ, બંધ, નિર્જરા અને મોક્ષ માનવાનું સ્થાન નહિ. આને લીધે તત્ત્વ-વ્યવસ્થા ગબડાવી દીધી. ભિન્નવાદ લીલાવાદની અપેક્ષાએ, અભિન્નવાદ એકપણાની અપેક્ષાએ લેવો પડયો. મિથ્યાત્વની જડ તે આત્માને અંગે મનાએલો નિત્યવાદ અનિત્યવાદ, ખરી રીતે ભિન્નાભિન્ન છે, પ્રાણાતિપાતવિરમણના બાધને લીધે કેમ થયું તે અગ્રે.

# વ્યાખ્યાન ૬૭

## રખડવામાં કારણભૂત છતાં તે પર ચોટ નહિ

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ સુધર્માસ્વામીજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે પ્રતિબોધ અને પ્રવ્રજ્યા પામ્યાની સાથે જેમ ભિખારી બીજા ભવે રાજા થયો હોય અને પહેલે નંબરે ભિખારીની કદર કરે, તેનાં દુઃખો મટાડવા માટે કટિબદ્ધ થાય; રોગીએ ઘણી દવાઓ કરી હોય છતાં જે રોગ ન મટયો હોય તે રોગને મટાડનાર જો ઔષધ મળી જાય તો તે ઔષધનો ઉપયોગ અન્ય રોગી જીવોને માટે કરવામાં બાકી રાખે નહિ, તેમ સુધર્માસ્વામીજીને પોતાની મિથ્યાત્વ અને અવિરતિની દશાને લીધે અનાદિ કાળથી સંસારમાં રખડવું પડયું. કષાય અને યોગ રખડવામાં કારણ હતા છતાં કષાય અને યોગ ઉપર એટલી ચોટ નથી

### પ્રશસ્ત કષાય અને યોગની જરૂર

જે કિલ્લો કબજે કરીને પોતાના લશ્કરના ઉપયોગમાં લઇ શકાય તેવો હોય તે શત્રુના હાથમાં હોય તો પણ તોડી શકાતો નથી. તેમ કષાય અને યોગ એ બે જેવી રીતે ભવને વધારનાર છે તેમ મોક્ષને મેળવી આપનાર તે જ છે. જો કે શરીર એ ધારણ કરવા લાયક. પણ રોગીશરીરને દવા એ શરીરને રાખવામાં ઉપયોગી થાય. દવા એ અંતે તો શરીર સિવાયનો પદાર્થ, પણ રોગવાળું શરીર, તેથી દવા વિના છૂટકો નથી. તેમ જીવ અનાદિથી કર્મમેલે ભરેલો છે, વિકારવાળો છે તે વિકાર ટાળવાને માટે પ્રશસ્ત કષાય અને પ્રશસ્ત યોગની જરૂર છે.

### કષાયો કેવી રીતે ઉત્પન્ન થાય ?

તે પ્રશસ્ત યોગ અને પ્રશસ્ત કષાય કેવી ચીજ છે ? પ્રશસ્ત

યોગ અને પ્રશસ્ત કષાયમાં મોટો ગુણ છે કે જ્યાં સુધી આપણને ઉપકાર થાય ત્યાં સુધી ટકે. ઉપકાર ન થાય એટલે આપોઆપ બંધ થઈ જાય. આત્માને જ્યાં સુધી ઘાતીકર્મની નિર્જરા કરવાની રહે છે ત્યાં સુધી પ્રશસ્ત કષાયોનું રહેવું થાય. ઘાતી કર્મોનો નાશ થાય પછી પ્રશસ્ત કષાયો રહેતા નથી. જેમ અગ્નિ લાકડાં બળવાથી ઉત્પન્ન થયેલો, પણ બાળવાના લાકડાં બળે ત્યાં સુધી તે અગ્નિ ટકે. બાળવાના લાકડાં બંધ થાય તેની સાથે અગ્નિ બંધ થાય, તેમ કષાયો એ ઘાતીકર્મરૂપી લાકડાંથી ઉત્પન્ન થાય, જેનામાં ઘાતીકર્મનો ઉદય ન હોય તેનામાં પ્રશસ્ત કષાય થતો નથી. અગ્નિ એ બાળવા લાયક વસ્તુ સિવાય ઉત્પન્ન થતો નથી પણ તે ઉત્પન્ન થયેલો ટકે ક્યાં સુધી? બાળવા લાયક ચીજ રહે ત્યાં સુધી. બાળવા લાયક ચીજ ઊડી ગઈ તો અગ્નિ આપોઆપ ઊડી જાય. પ્રશસ્ત અને અપ્રશસ્ત કષાયો ઘાતીકર્મ હોય ત્યાં ઉત્પન્ન થાય. પ્રશસ્ત કષાય ઉત્પન્ન તે જ જગો પર થાય કે જે જગો પર ઘાતીકર્મ હોય. પ્રશસ્ત કષાય ઉત્પન્ન થયો મોહનીયકર્મથી-ઘાતીકર્મથી. મોહનીય-ઘાતીકર્મ ટકે ત્યાં સુધી પ્રશસ્ત કષાય ટકે. જેમ લાકડાં વિના અગ્નિ ટકતો નથી, તેમ જે આત્મામાંથી ઘાતીકર્મ ચાલ્યું જાય તેનામાં પ્રશસ્ત કષાય રહેતો નથી. યોગ અઘાતીકર્મથી ઉત્પન્ન થાય, અઘાતીના નાશનો વખત આવ્યો એટલે વદાય થાય પ્રશસ્ત કષાયો જેમ અગ્નિ લાકડાંને બાળે છે તેમ મોહનીયને-ઘાતીને બાળે છે, અને યોગો અઘાતીનો નિવેડો લાવે છે. પ્રશસ્ત કષાય અને પ્રશસ્તયોગ મોક્ષના સાધન મનાયા તેથી એનું વિધાન કર્યું.

## પ્રશસ્તકષાય એ મોહને અને ઘાતીકર્મનો નાશ કરવાની નીસરણી

અરિહંત ઉપર રાગ કરવા લાયક-ઉપાદેય, બ્રહ્મચારી, સાધુ-ગુરુતત્ત્વ તેના ઉપર રાગ કરવા લાયક છે. રાગમોહનીય એ કષાય

છતાં તેને ઉપાદેય–આદરવા લાયક ગણ્યો ! કેમ ? એક જ કારણ કે એ જ કર્મને બાળનાર છે, કર્મવાળા છીએ તો કર્મને બાળવાનું સાધન હોવું જોઈએ. કર્મવાળાને માટે કર્મ બાળવાનું સાધન કષાય છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એની ઉપર રાગ તે કષાયસ્વરૂપ છે, છતાં તે આદરવાલાયક છે. દલાલ આપણે ત્યાંથી પાંચ પૈસા લઈ જાય છતાં એ આદરને લાયક. કેમ ? સારા સોદા લાવી દે. એને જે આપવું પડે તેના કરતાં ઘણી કમાઈ કરી દે. તેવી રીતે આ રાગ, મોહનીય અને ઘાતીકર્મના ઘરનો છતાં નિર્જરાની નીસરણી માંડી દે છે. દલાલ સિવાય સોદો ન થાય તેવું હોય તો દલાલ ભલે પાંચ રૂપિઆ લઈ જાય છતાં આદરને પાત્ર ગણાય તેમ પ્રશસ્ત કષાય એ મોહને અને ઘાતીકર્મને નાશ કરવાની નીસરણી બને છે તેથી તે આદરવાલાયક છે. કથંચિત્ પણ છાંડવાલાયક નથી. પ્રયોજન થયા પછી રહેતો નથી. કામ હોય ત્યાં સુધી ટકે, કામ પૂરું થાય એટલે એની મેળે ચાલ્યો જાય છે. શેઠે તેને રજા દેવાની હોય નહિ. કામ કર્યાં પછી બેસી રહ્યો હોય તેને રજા દેવી પડે. એવી રીતે મોહનીય હણાઈ જાય અને ઘાતનો ઘાત થઈ જાય, પછી પ્રશસ્તરાગ કે પ્રશસ્તદ્વેષ એકે ઉભા રહેતા નથી.

## શરીર અને દુર્જન સમાન

તો એમને ટાળવા એમ કહેવાનું કામ શું ? અનિત્યાદિ ભાવના કહી તે અપ્રશસ્ત કષાયો ટાળવા માટે. શરીર ધાનનું ધનેડું, પાણીનું પોરું, તેની ઉપર શું દેખે છે કે રાગ કરે છે ? શરીર ભર્યે ભાણે ભૂખે મરે. રોજ ખાધું, વર્ષોના વર્ષો સુધી ખાધું. ભૂખ લાગે તે વખતે એમાનું કંઈ કામનું નહિ. મણ શરીરવાળાને ભૂખ લાગે તે વખતે મણ શરીર કામનું નહિ. ચાર મણવાળાને ભૂખ લાગે તે વખતે તેનેય પોતાનું શરીર કામનું નહિ, બીજાને કામનું. બીજો એનો ઉપયોગ કરી શકે તે ભક્ષ તરીકે, અને સંતોષનો ભરો નહિ. 'ભર્યે ભાણે ભૂખે

મરનારું.' સાઠ વર્ષ ખાતાં થયાં, ઉપવાસ કર્યો હોય, બીજે દહાડે એવી સ્થિતિમાં આવીએ કે જાણે ખાધું નથી. આવા શરીરની સ્થિતિ અને સ્વરૂપ વિચાર, પછી રાગ કર! વિચારીએ તો રાગ કરવાનું સ્થાન નથી. અનિત્ય ભાવનામાં ક્ષણેક્ષણે અનિત્યપણું છે તે જણાયું. ત્રણ પલ્યોપમ અને તેત્રીસ સાગરોપમ સુધી પોષો છતાં દુર્જનની જેમ ક્ષણમાં છેહ દે, તેના ઉપર કરોડો ઉપકારો કર્યા હોય તો પણ તેની મહોબત એક સેકંડેય ન રહે, એક જ સમયમાં જીવનો સંબંધ છોડી દે છે. દુર્જન ક્ષણક્ષણમાં નવા રૂપ કરનાર છે. તારું ધાર્યું ન થાય તેનું ખરું કારણ શરીર છે, તપસ્યા કરવાનું હા પાડે પણ એ ના કહે એટલે ચૂપ, અભ્યાસ, તીર્થયાત્રા કરવા માંડે ત્યારે શરીર ના કહે કે ચૂપ. તારા વીર્ય અને ઉલ્લાસને અંગે મદદ કરે છે એ પોતે કાર્ય ઊભું કરે તેમ નથી. દુર્જનની પેઠે શરીર પલ્યોપમ અને સાગરોપમ સુધી ખાધે જાય છતાં કામ પડે ત્યારે શરમ ન રાખે, તેના ઉપર શું જોઇને મમતા રાખતા હશો? બકરો બોલે બેં બેં, મનુષ્ય બોલે મેં મેં, મેં કર્યું, મેં આમ કર્યું પણ એને ખબર નથી કે પોતા ઉપર આપત્તિનું વાદળું આવી ગયું છે ક્યારે ખસશે તેનો ભરોસો નથી. '**जातस्य हि ध्रुवं मृत्युः**' જે જન્મેલો તેનું મોત નક્કી છે. મોતનું વાદળ ધમધમી રહ્યું છે, તે પડે નહિ તેટલું પુણ્ય, ટેકો દેનાર કોઇ નથી. હજારો મણ તોલનું શરીર હોય, યુગલિયાનું અને તિર્યં-ચોનું શરીર ત્રણ ગાઉનું, લાખો મણનું શરીર, તે પણ મોતની આડો ટેકો કરી શકે નહિ. જનના જોખમે ઉત્પન્ન કરેલી જમીન અને જર તેમાંથી એકે ઊભું રહે નહિ. બધાં તારા ઉપર આપત્તિ ન આવે ત્યાં સુધી 'અમે છીએં' એમ કહેનારા છે. આ સ્થિતિ છતાં આંખ ન ઊઘડે તો ક્યારે ઊઘડવાની! જોરુ-જેને અંગે કાંઇ ન ગણ્યું તે પણ આપત્તિ આવે તે વખતે ઊભી રહે તેમ નથી, ધણી પણ જોરુને જોયા કરે છતાં મદદ કરી શકે તેમ નથી. આખો સંસાર અનિત્ય, નિરાધાર. આવા પદાર્થોમાં કેમ પરોવાયો? એકે સોબતમાં

આવ્યો! ખરો વખતે ભાગી જાય તો કાળજાનું ઠેકાણું હોય તો તેને ઘરે ન ચઢાવીએ. ભવોભવ મેળવ્યા, આપત્તિ આવી ત્યાં ભાગેલા, તો પછી તેના ઉપર શું જોઇને મોહાયો? આ બધું શરીર, ધન, કુટુંબ, કે સ્ત્રી ઉપરની મમતા ટાળવા જણાવ્યું, પણ દેવ ઉપરનો અને ગુરુ ઉપરનો રાગ ટાળવા માટે કોઈ ઉપાય બતાવ્યો? ધર્મ ઉપરનો રાગ ટાળવા માટે ઉપાય બતાવ્યો? નહિ. કેમ નહિ? રાગ તો બંને છે. છતાં સંસારના રાગને ખોદવા માટે દેવ ગુરુ ધર્મના રાગ એ ખંજરો ઊભાં કર્યાં છે, ગુરુ અને ધર્મ ઉપરના રાગને ખોદવાનું ન કહ્યું.

## ધર્મ અંતર્મુહૂર્તમાં પલટો ખાય તેથી અનિત્ય

ભગવાનને રાગ ગમતો હતો? દેવ અને ગુરુ અનિત્ય છે. તીર્થંકર ચાહે તો ચોર્યાસી લાખ પૂર્વ કે બહોતેર વર્ષ રહે, ગુરુ કાં તો ક્રોડ પૂર્વ કે વીસ વર્ષ હોય તોય એ અનિત્ય છે કે નહિ! ઘરબાર ને કુટુંબને અનિત્ય કહ્યા, તો દેવ, ગુરુ અને ધર્મને અનિત્ય કહેવા હતા ને? ધર્મ અંતર્મુહૂર્તમાં પલટો ખાય તેથી અનિત્ય. એકલા ધન, માલમિલ્કત વગેરેનું બોલ્યા, દેવ, ગુરુ અને ધર્મ વગેરેનું બોલોને! તીર્થંકરના આત્માનો ધર્મ તેમના મોક્ષમાં કારી ન દે, તો તમે ધર્મ કરો તે કયો કારી દેવાનો?

## ચાલતા બળદને આર ન મરાય

અનિત્ય અને અશરણ ભાવનામાં દેવ, ગુરુ અને ધર્મને કેમ નાંખ્યા નહિ? એટલા જ માટે કે દેવ, ગુરુ અને ધર્મનો રાગ કર્મનો નાશ કરવાનું કાર્ય કરે છે. કર્મનો નાશ થાય એટલે આપોઆપ ચાલ્યો જાય તેથી તેને રજા દેવાની ચિઠ્ઠી લખવી પડે નહિ. ઘાતીકર્મનો નાશ થાય એટલે દેવ, ગુરુ અને ધર્મનો રાગ રહેતો નથી. ચાલતા બળદને આર ન મરાય, તેમ ઘાતીકર્મનો નાશ ગયા પછી પ્રશસ્ત રાગ ... ...ને કાઢી મેલવા માટે ચિઠ્ઠી લખવાની હોતી

નથી, કારણ કે તે તો આપોઆપ જનારી ચીજ છે. પેટનો મેલ કાઢવા દીવેલ લે, પણ દીવેલ કાઢવા માટે શું લેવું ? કાંઇ નહિ. દીવેલનો સ્વભાવ મેલને કાઢે, ને મેલની સાથે પોતે પણ નીકળી જાય. દેવ, ગુરુ અને ધર્મનો રાગ તો ચોંટવાવાળી ચીજ નથી, તે તો શોધવા-વાળી ચીજ છે. લાડુ, પેંડા ચોંટવાવાળી ચીજ છે રેચ લેવા પડે. દીવેલ તો ચોંટવાવાળી ચીજ નથી, તેથી રેચ લેવો પડતો નથી. પ્રશસ્તરાગ અને પ્રશસ્તદ્વેષ નિર્જરા કરવાવાળી ચીજ. પછી જરૂર ન હોય તો આપોઆપ નીકળી જનારી ચીજને નોટિસની જરૂર નથી.

## મોઢું ફેરવેલી તોપ

પ્રશસ્તરાગ અને પ્રશસ્તદ્વેષ એ નિર્જરાની સાથે તુલામાં તોળાય એવા છે. જે પ્રમાણમાં પ્રશસ્તરાગ તેટલી નિર્જરા, જેટલો પ્રશસ્ત-દ્વેષ વધારે તેટલી નિર્જરા વધારે, જેટલો ઓછો તેટલી નિર્જરા ઓછી. રાગ અને દ્વેષ જેવા ભવભ્રમણના હથિયારો છે તેવા મોક્ષ-ગમનના હથિયારો પણ છે. એને જે રૂપે રાખ્યા હોય તેનું તે રૂપ પલટાવી દેવું જોઈએ. રાગદ્વેષના હથિયારો ઔદયિક ભાવના હાથમાં હોય, પુદ્ગલના હાથમાં હોય તે તોપનું મોઢું આત્મા તરફ છે, જ્યારે એની ઉપલી ગરી દેવ, ગુરુ અને ધર્મ તરફ છે, ત્યારે ઘાતીકર્મ તરફ એનું મોઢું છે. શત્રુ તરફ ગોઠવેલી તોપ શત્રુને મારનારી થાય તેમાં આશ્ચર્ય શું ? મારી સામો આવે તેને મારું. પુદ્ગલના હાથમાં સામગ્રી હતી ત્યાં સુધી આત્માનો ઘાણ વળતો હતો. મોખરે ચઢેલા આપણને કાપી નાંખે, બીજાને કાપી નાંખે, પ્રશસ્તરાગ અને દ્વેષ મોઢું ફેરવેલી તોપ છે. જે શાસ્ત્રોમાં તપસ્યાને, આચારને અંગે કહેવામાં આવે કે તપસ્યા શા માટે ? આ લોક, પરલોક કે કીર્તિ માટે નહિ, પણ કેવળ કર્મક્ષયને માટે. પ્રશસ્તરાગનું મોઢું કર્મક્ષય તરફ ધરો તો જ પ્રશસ્તરાગ, તોજ દેવ, ગુરુ અને ધર્મના હાથમાં સામગ્રી. યોગ આવી ચીજ છે. આ જીવને અનાદિથી રખડાવે છે, પણ જે તોપે આપણો કિલ્લો તોડ્યો હોય તેનું મોઢું ફેરવીએ તો શત્રુનો કિલ્લો કેમ ન તોડે ?

## કર્મરાજાના નિમકહલાલ હથિયાર

આ કષાય જો મોઢું ફેરવે તો મોહનીય અને બાકીના ત્રણ ઘાતીકર્મને ઉડાવી દે, પણ મિથ્યાત્વ અને અવિરતિ એ બે કર્મરાજાના નિમકહલાલ હથિયાર છે. કોઈ દિવસ ફૂટે નહિ. કર્મરાજાને તુહી તુહી કરીને જાળવવાવાળા. મિથ્યાત્વ અને અવિરતિ મોક્ષની નીસરણી બન્યા નહિ. એ તો કર્મરાજાના નિમકહલાલ નોકર છે. રાગ દ્વેષ અને યોગ નિમકહરામ છે કર્મરાજાએ પોતાના પક્ષને માટે તૈયાર કર્યા, સીંચ્યા કર્મરાજાએ, છતાં ફોડીએ તે વખતે આપણા પક્ષમાં આવી જાય તેવા છે. રાગ દ્વેષ અને યોગ કર્મરાજાના નોકર ખરા પણ ફૂટેલ. ફૂટેલ નિમકહરામને પક્ષમાં લેવાય છે.

## પ્રશસ્તયોગ અને કષાય એ તો નાતરાની નારી જેવા

નાતરાની નારીને નામે મકાન, મિલ્કત કરાય નહિ. માલની કૂંચી દે તો બૈરીની પાસે, મિલક ચોપડા બૈરીની કૂંચીમાં જમે પડે. તેથી તે ફૂટેલ ખાતું નથી, જિંદગીનું બંધાયેલું ખાતું છે, પણ નાતરાની નારીને નામે મિલ્કત રહી શકે નહિ, તેમ પ્રશસ્ત યોગ અને પ્રશસ્ત કષાયો પણ નાતરાની નારી. એના ભરોસે મિલ્કત કોઈ દહાડે ચઢાવવી નહિ. નાતરાની નારીને નામે મિલ્કત ચઢાવે તેને ધપ્પા ખાવાનું થાય, માટે તેને હવે કાઢવી. જ્યાં દશમું ગુણઠાણું આવ્યું, યાવજ્જીવના બંધારણવાળી મળી ગઈ કે નાતરીઆ નારીને રજા. ક્ષાયિકભાવ મળી ગયો કે પ્રશસ્ત રાગ દ્વેષ યોગને છૂટાછેડા કરીને છોડી દીધા. ચૌદમે યોગને અને દશમે રાગને છોડી દીધો. ફૂટેલ પાસેથી ફાયદો બને જેટલો તેટલો લઈ લેવો. એના ભરોસે ન જવું. રાગ દ્વેષ અને યોગ એ બે કર્મરાજાના ફૂટેલ નોકરો છે, માટે તેને ફોડીને કર્મરાજાને ધક્કો મારવાનો. મિથ્યાત્વ અને અવિરતિ કર્મનો ભેદ આપતા નથી, પ્રશસ્ત રાગ, દ્વેષ અને યોગ ભેદ આપે છે. કર્મની કુટિલતાનો ભેદ અરિહંત ઉપર પ્રશસ્ત રાગ થયો ત્યારે ખુલ્લો થયો.

ગુરુમહારાજ ઉપર પ્રશસ્ત રાગ થાય નહિ ત્યાં સુધી અવિરતિ કેમ રખડાવે તે જણાય નહિ, ધર્મ ઉપર રાગ ન થાય ત્યાં સુધી વિષય કષાયની કુટિલતાનો ભેદ ન ખુલે. ઘરનો ફૂટે તે ભેદ ખોલે. ઘરના ફૂટ્યા વિના ભેદ જણાય નહિ. કર્મરાજામાંથી રાગ ફૂટે નહિ, યોગ ફૂટે નહિ અને પ્રશસ્ત પક્ષમાં આવે નહિ તો ધર્મરાજાનું કાંઈ ચાલે નહિ. પ્રશસ્ત પક્ષમાં આવે તો કર્મનું સત્યાનાશ નીકળી જાય.

## મિથ્યાત્વ અને અવિરતિને રેંસી નાખવા કરેલું હથિયાર તે સૂત્રરચના

કર્મના ફૂટ પ્રપંચો કથનીમાં જોડાઈ જાય તો પેલા આવીને ભળે છે. તેથી ગણધરે ફૂટે તેવા નોકરો કષાય અને યોગ હતા તેને ફોડી નાખ્યા. ન ફૂટે તેવા શત્રુના નોકરને ઘા કર્યે જ છૂટકો. મિથ્યાત્વ અને અવિરતિ કર્મરાજાના વફાદાર નોકર તેને માર્યા સિવાય છૂટકો નથી. હવે એની જાળમાંથી ગણધર સુધર્માસ્વામીજી નીકળ્યા. જે સોનેરી ટોળીમાંથી નીકળી ગયો હોય તે પણ ટોળીને રંજાડવાના ઉપાય કરવામાં બાકી રાખે ખરો? મિથ્યાત્વ અને અવિરતિના પ્રપંચોમાંથી ગણધર મહારાજા હેરાન થઈને નીકળ્યા છે, તેથી મિથ્યાત્વ અને અવિરતિની ઘોર ખોદ્યા વિના રહે નહિ, તેથી તે ઘોર ખોદવાને માટે ચૌદ પૂર્વો અને અંગની રચના કરી. તે મિથ્યાત્વ અને અવિરતિને રેંસી નાંખવા કરેલું હથિયાર તે સૂત્રરચના.

## ઈશ્વરવાદ જરૂર તરીકે અને અવતારવાદ લૂંટ ચલાવવા માટે

તેમાં પ્રથમ આચારાંગ, સૂત્રગડાંગ અને ઠાણાંગની વ્યવસ્થા કરી. પંચ મહાવ્રતો, તેમાં પહેલું સર્વ પ્રાણાતિપાતથી વિરમવું. પહેલું કેમ? રાજા એ છે, ને બાકીના ચાર વ્રતો નોકર છે. ધાન્ય તરીકે એ, ચાર વ્રતો તો એની વાડ તરીકે. પ્રાણાતિપાતવિરમણથી ખસ્યા તે જગતમાં તૂત ઊભું કરનારા થયા. સાંખ્યને અંગે કહી ગયા

કે સ્નાન અસ્નાન. અસ્નાન ધર્મ સહન થયો નહિ, સ્નાનમાં ઘૂસ્યા, તેથી આખો સાંખ્યમત ઊભો કરવો પડયો. આરંભી બન્યા તેથી જૈનધર્મ નિરૂપણ કરી શકયા નહિ. સારંભીને ગુરૂ બનવું હોય તો જૈનધર્મનું નિરૂપણ જુદું કરવું પડે. જે ખેતરમાં બીજ અને પાણીનું સિંચન તે જ ખેતરમાં ફળ. જે પુણ્યના પરિણામવાળો તે જ પુણ્ય બાંધવાવાવાળો અને તે જ ભોગવનારો. જે ખેતરમાં કૌવચનાં બીજ તે જ ખેતરમાં કૌવચ. જે આત્મામાં પાપ તેને જ પાપ ભોગવવાનું. વાવે કોણ? ફળ લાવવા ઇચ્છનાર. ત્રીજો જોઈએ તે જૈન શાસનમાં હતો નહિ. આત્માની ઉન્નતિમાં રહી શકાયું નહિ, એમાં રહે તો નિષ્પરિગ્રહી રહેવું પડે. પ્રશસ્તપણાનું કારણ બને તે આના આત્માને ફાયદો કરનાર થાય. ત્રીજો ઊભો કરવો પડયો. મારે તો ગુણ રાખવા નથી. તમારી પાસેથી લેવું છે. વગર માલે પૈસો લેવો હોય તો હુંડીના કકડે જ લેવાય. કાગળિયાના કટકાને ધર્મ વિના પૈસો ન મળે. ગુણવાળો ગુણના બહુમાનથી આરાધના કરે, ગુણહીન હોય તો માલ વિના મિલકત લેવી તે તો કાગળનો કકડો હોય તો અને ઇશ્વરની હુંડી લખે ત્યારે મળે. પ્રાણાતિપાતવિરમણથી ચૂકયા તેને લીધે ઇશ્વરની હુંડી કરવી પડી. તેમાં જ્યાં સુધી જરૂરિઆત પૂરતું લેવું પડ્યું ત્યાં સુધી ઇશ્વરની હુંડીથી ચાલ્યું, પણ લૂંટ ચલાવવામાં ઇશ્વરના નામવાળા ખડા–તૈયાર કરવા પડે. ઇશ્વરનો વેષ લેવો પડે. અવતારવાદ ઊભો કર્યો. ઇશ્વરવાદ જરૂરી તરીકે અને અવતારવાદ લૂંટ ચલાવવા માટે. શાને લીધે? પ્રાણાતિપાતવિરમણથી ખસેલા હતા તેથી.

### ઇશ્વરને દૂષણવાળો ગણે તો હુંડી બગડી જાય

જીવ ને શરીર જુદા કે ભેળા? પરભવથી આવ્યો ને આ ભવે જવાનો તે અપેક્ષાએ જીવ અને શરીર જુદા છે. જન્મ્યો ને મર્યો ત્યાં સુધી શરીરના આધારે ભાન વગેરે છે તેથી અભેદ. આવું વ્યવહારથી જણાતું ભેદાભેદપણું પાલવ્યું નહિ. ઇશ્વરના ઓઠાં ઊભાં કર્યાં. અભેદ પક્ષને માને તો ઇશ્વરને એવો માનવો પડે. ઓઠામાં

વર્તન ને તેની જવાબદારી ઇશ્વરને માથે જાય. ઈશ્વરને ઉત્તમ રાખવો તે ભિન્નપણું કરી લે તો બને. એ સિવાય ફાવવાનું થાય નહિ, માટે સર્વથા ભેદપક્ષ રાખીને જણાવવું પડ્યું કે આત્મા ને શરીરને કાંઈ લાગતું વળગતું નથી. આત્મા છેદ્યો છેદાય તેવો નથી, ભેદ્યો ભેદાય તેવો નથી, વિકાર ન થાય. અજવાળું છેદાતું, ભેદાતું નથી પરન્તુ વિકાર થઈ જાય છે. શરીર ચાહે જેટલી કૂદાકૂદ કરે તેમાં આત્માને લાગેવળગે નહિ. પ્રાણાતિપાતવિરમણને ન વાળી શક્યા તે અવતારની કલ્પનામાંથી ભેદવાદમાં આવવું પડે. ઇશ્વરને દૂષણવાળો ગણે તો કૂડી બગડી જાય.

## નાસ્તિકની વ્યાખ્યા

શરીર ને આત્મા બે જુદા નથી, અભિન્નવાળી તપસ્યા કરવી નથી, સંયમ પાળવું નથી ને ધાડો પાડવી છે. ક્યારે બને? આ શરીર દેખો છો તે જ આત્મા, બીજું કાંઇ નહિ. **यावज्जीवं सुखं जीवेत्'** અભિન્નપક્ષવાળા થઇ બોલવું કે–જીવો ત્યાં સુધી મોજમજામાં જીવો! માલ વિના મોજમજા ન થાય. દેવું કરીને ઘી પીઓ વગેરે શરીરને જ રાખ્યું. સોભાગી સંસારવાળા જૈનોમાં પાકેલા છે. એ દશામાં કર્યા ન હોય? શરીર જો બળીને રાખોડું થઇ ગયું હોય તો ફરી શરીર ક્યાં મળવાનું? શરીર તે જ જીવ, જીવ તેજ શરીર તે અભેદવાદ લેવો પડ્યો. તે લઇને હિંસાની છૂટ. તપસ્યા કે સંયમ કરવો તે મોત. નાના સાધુ દેખે તો કહે, આણે ખાધુંપીધું શું? નાસ્તિક દુનિયામાં છે કે નહિ? તો તું પોતે. જે **સંયમને ખાધું-પીધું શું એમ કહીને અધમતામાં ચિતરે તે નાસ્તિક.**

## માંડવાના લાકડાની ખોડ કાઢી વિવાહને વગોવે

નાસ્તિક બોલે શું? તપ કરવું તેમાં અનેક પ્રકારની પીડાઓ. તપ કરે, **ઉપધાન કરે તો યુવકો કહે આ પીડા ક્યાંથી વહોરી?** ઉપધાન ખરાબ નથી, પણ એમાં તો 'ગુરુઓ આમ કરે છે, શ્રાવકો તેમ કરે છે અને વહીવટવાળા તેમ કરે છે' તે બહાને

ઉપધાનને નિંદવા છે, પણ ચોકૂખી રીતે કર તો ખરો ! કરે તેને બોલવાનો હક. જ્યાં સુધી જેને આંબિલ જેવું પચ્ચક્ખાણ પણ કર્યું નથી ત્યાં સુધી તે બોલનારો લબાડ છે. પ્રથમ કર, પછી બોલ ! પોતાને ચોવિહાર, નોકારશી પાળવતી નથી. જે અડતાળીસ કલાકે ભોજન કરે તેને માલમલીદા ઉડાવે છે કહેવું ? તું કર તો ખરો ! ચઢાના ઘોડા થવું હોય તેને બીજાની તપસ્યા નથી આવતી પણ માલમલીદા આવે છે. માલમલીદા તો તપેલી તાવડીમાં ચસકો થઇ જાય છે. ખમાસમણ કાઉસ્સગ્ગ ક્રિયા તપાસે તો શું થાય તે માલમ પડે ! વિવાહ વગોવવો હોય તો વરકન્યાની વાત ન કરવી. માંડવાના લાકડાની ખોડ કાઢી વિવાહને વગોવે.

## પહેલા વ્રતની સાબિતી

**तपांसि यातना**श्चित्राः તપસ્યા એ તો પીડા લાગે. તપસ્યા આકરી પડે તેમ નથી. **संयमो भोगवंचना** સંજમ અને વિરતિ એટલે ભોગથી ઠગાવું. સંયમને ભોગથી ઠગાવું માન્યું. નાસ્તિકોને બોલવું પડયું કે '**धर्मः कामात् परो न हि**' વિષય સિવાય બીજો ધર્મ નથી. દેવ, ગુરુ અને ધર્મ માનવા, સમાજ ને દેશને બાધા ન આવે તેવી રીતે. યુવકો બોલે છે કે મુખ્ય દેશ, સમાજ. આવી સ્થિતિવાળા તે '**धर्मः कामात् परो न हि**'માં આવે તે જીવ શરીરનો અભેદ ન માને તો બીજું શું માને ? શરીર તે આત્મા એમ માનવું પડે. વ્રતોથી દૂર રહેવું છે. પ્રાણાતિપાતવિરમણ વ્રતથી ખસ્યા, તેને ભિન્ન અને અભિન્નવાદમાં જવું પડયું. જે યુક્તિ, હેતુથી આશ્રિત એવો કથંચિત ભેદાભેદ કબૂલ થયો નહિ, જેનાથી પ્રાણાતિપાતવિરતિ કબૂલ થઈ નહિ તેનાથી મહાવ્રતો કબૂલ થાય શી રીતે ? આ ભેદાભેદ પક્ષ વ્રત અને તપથી દૂર રહેવા માટે ઉભો કરવામાં આવ્યો. સર્વથા અનિત્ય માનવામાં આવે તો પહેલું વ્રત રહે નહિ. પહેલા વ્રતની સાબિતી જણાવી. હવે બીજા વ્રતની સાબિતી જણાવશે તે અગ્રે.

# વ્યાખ્યાન ૬૮

## બે દરદો શમી ગયા

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ સુધર્માસ્વામીજી ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિને માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે પ્રતિબોધ અને પ્રવજ્યા પામ્યાની સાથે જેમ દરદી મનુષ્ય દવા લાગુ પડવાથી દરદને ગયેલું સમજે, દરદ શમાવાથી જે સુખ પ્રાપ્ત થાય તે સુખમાં મગ્ન થાય તે વખતે દરદની વેદના તરફ તિરસ્કાર છૂટે. તેમ સુધર્માસ્વામીજીને ભગવાન્ મહાવીરના વચનરૂપ દવાથી મિથ્યાત્વ અને અવિરતિ એ બે દરદો શમી ગયા. તે શમવાથી પોતાના આત્માને આહ્લાદ ઉત્પન્ન થયો.

## જીવ ધર્મનો વિચાર ક્યારે કરે ?

જીવ ધર્મનો વિચાર કરે તે ક્યારે કરે ? જ્યારે અભવ્ય કરતાં અસખ્યાતગુણી નિર્જરા આત્માની થયેલી હોય ત્યારે. જીવને અભવ્ય કરતાં અસંખ્યાતગુણી નિર્જરા પ્રાપ્ત થઈ ન હોય ત્યાં સુધી ધર્મનો વિચાર કરે નહિ. અભવ્ય જીવો જે ગાંઠ સુધી આવેલા છે અને ત્યાં રહી જે નિર્જરા કરે છે તેના કરતાં અસંખ્યાતગુણી નિર્જરા જ્યારે જીવને થાય ત્યારે "ધર્મ પૂછું" એવી ભાવના જીવને જાગે, ધર્મ પૂછવાને માટે જાય, ધર્મ પૂછે, ધર્મ સાંભળે અને ધર્મ કરવાને તૈયાર થાય જ્યારે સુધર્માસ્વામીજી પ્રતિબોધ પામ્યા તે વખત કેટલી નિર્જરામાં હોવા જોઈએ ? સમ્યક્ત્વ પામતી વખત જે નિર્જરા છે તે નિર્જરા સાધુ કરતાં ચઢિયાતી થઈ જાય છે.

## સમકિતી જીવો ધિક્કારની નજર ન કરે

ગ્રંથિભેદ એટલે શું ? અનંતાનુબંધીને ભેદવો તેનું નામ ગ્રંથિભેદ, અપૂર્વકરણથી ગ્રંથિભેદ કરે તેમાં ભેદાય કોણ ? અનંતાનુબંધી. અનંતાનુબંધીને ભેદનારો એટલી નિર્જરા કરે કે, તે ત્યાગી એવા સાધુ

કરતાં અસંખ્યાતગુણુ નિર્જરાવાળા હોય. જે વખત સુધર્માસ્વામીજીને અનંતાનુબંધી ભેદાયા, દર્શનમોહનીય ભેદાઇ જે વખતે સમ્યક્ત્વની ઉત્પત્તિ થઇ તે વખતે તે કેટલા આનંદમાં હોવા જોઇએ ? સમ્યક્ત્વની ઉત્પત્તિ વખતનો આનંદ અકથનીય છે. સમ્યક્ત્વ પામતી વખત આત્માને જે આનંદ થાય તે આનંદ અકથનીય અને અવાચ્ય છે. જેનું કોઇ પણ પ્રકારે વચનદ્વારાએ વર્ણન કરી શકીએ નહિ. દરદ જવાથી થયેલી શાંતિ એ દરદની તરફ કડવી નજર કરાવ્યા વિના રહે નહિ. આ શાંતિ આંગી કોણે હતી ? દરદે. તેમ આનંદને પામવાવાળાને મિથ્યાત્વની જે પીડા તેના ઉપર કડું નજર વિના હોય નહિ. જ્યારે આ વાતનો ખ્યાલ કરીશું ત્યારે સમ્યક્ત્વ પામ્યા પછી ભૂતકાળના દોષોનું પડિક્કમણુ, નિંદન ગર્હણુ કરવુંજ પડે એમ લાગશે. અતીતકાળનું જે મિથ્યાત્વ, મિથ્યાત્વની વખત ભયંકર નહોતું લાગ્યું તે અત્યારે ભયંકર લાગે છે. મિથ્યાત્વની દશા વખતે ભયંકર લાગ્યું હોત તો મિથ્યાત્વ રહેત નહિ. બાળકની ચાલ સમજુ થાય ત્યારે વંચાવો. નાનપણની ક્રિયાનો ફોટો લઇ તે મોટો થાય તે વખતે બતાવો તો વિચારો શું ન કરે. તેની આંખોને વિચારો દેખીએ તો કયી દશામાં હોય ? જગતના જીવો જાણતા હતા કે બાળકો એવા હોય, બાળકોને કોઇ ધિક્કાર આપતું ન હતું પણ એ મોટો થાય ત્યારે વિચારે કે અરર ! મારી આ દશા ! જગતના જીવો મિથ્યાત્વીને ધિક્કાર ન આપે. સમકિતી જીવો ધિક્કારની નજર ન કરે. જેમ સમજુ મનુષ્યો બાળકની લીંટ મોઢામાં જાય તો ઘૃણાની નજરે જોતા નથી. બાળદશાને સમજવાવાળા બાળકના વર્તન તરફ તિરસ્કાર દેખાડતા નથી. જો સમજુ મનુષ્ય તિરસ્કાર દેખાડે તો તે બાળક જેવા છે, સમજુ થયા નથી. સમજુ થયા હોત તો બાળકની દશા સમજવી જોઇતી હતી. દશા સમજે તો ખેદ થાય નહિ. કુતરું ભસે ત્યારે તેના તરફ ધિક્કારની નજર થતી નથી, ભસવું એ કૂતરાનો સ્વભાવ સમજે છે. સમજુ બાળકની દશાનો સ્વભાવ સમજે છે માટે બાળચેષ્ટા તરફ ધિક્કાર હોતો નથી,

સમકિતી જીવો એ ધિક્કારને વરસાવનારા હોય નહિ. મિથ્યાત્વના વિકારો સમજે છે. જો એમ ન હોય તો મિથ્યાત્વની ભયંકરતા લાગી નહિ.

## સમકિતી મિથ્યાત્વવાળાને નિંદી શકે નહિ

કૂતરાનું હલકાપણું કેમ? કરડે તેથી. મિથ્યાદૃષ્ટિ ૧ યદ્વા-તદ્વા (ગમેતેમ) માનવાવાળો, ૨ બોલવાવાળો અને ૩ કરવાવાળો ન હોય તો મિથ્યાત્વ રહે નહિ. મિથ્યાત્વમાંથી આ ત્રણ ચીજ કાઢી નાંખીએ તો પછી મિથ્યાત્વ રહેશે ખરું? આ ત્રણ સિવાયનું મિથ્યાત્વ રહે તો તે ખરાબ ગણાય નહિ, રહેતું નથી પણ કલ્પનાથી માની લો કે હોય. ભસવાનો અને કરડવાનો સ્વભાવ કૂતરાનો ન હોય. ભસવા અને કરડવાપણું રહેતું હોય તો તે હલકું માનવાનું કારણ નથી. એ સ્વભાવ વગરનું મિથ્યાત્વ હોય તો તે મિથ્યાત્વ ભયંકર નથી. યદ્વાતદ્વા માનવાનું, બોલવાનુ અને કરવાનું મિથ્યાત્વના જોરે થાય છે. મિથ્યાત્વના જોરે-આ થયા છતાં મિથ્યાત્વીઓ યદ્વાતદ્વા માન્યતા, કથનના અને કરણના અવગુણને સમજે નહિ એટલે તે તો મિથ્યાત્વીને નિંદે શાના? બાળકો તો લીંટ આવે તે બાળકને નિંદે નહિ, જ્યારે આ (લીંટ આવવી) ખોટું થાય છે એમ સમજે તો બાળક નહિ. મિથ્યાત્વી મિથ્યાત્વીને સમજે નહિ તેથી નિંદી શકે નહિ. સમકિતી મિથ્યાત્વવાળાને નિંદી શકે નહિ. મિથ્યાત્વને ખરાબ ગણે, ત્રણેને ખરાબ ગણે પણ કરનારાને ખરાબ ગણતો નથી. જાણે છે એ તો એનો સ્વભાવ છે, છોકરાનું લીંટ અહીં સુધી આવ્યું હોય તો તે વખતનો ફોટો લઇ લો ને મોટો થાય તે વખતે બતાવો તો તેને લાજ આવે છે. મોટાઓને બાળકનો ફોટો જોઇ તે વખત લાજ આવી નથી, જ્યારે પોતાનો બાળક અવસ્થાનો ફોટો હોય તો ફાડી નાંખે. અધમપણું લાગ્યું માટે સમકિતવાળો જીવ મિથ્યાત્વદશાને અધમ ગણે, શાસ્ત્રકારો પહેલા પોતાના દોષની નિંદાને આગળ કરે છે.

## દોષની નિંદા બે પ્રકારે

દોષની નિંદા એ વ્યાજબી છે, પણ દોષની નિંદા બે પ્રકારે. પોતાના આત્મામાં દોષ હોય તેની, અને બીજામાં દોષ હોય તેની નિંદા કરવી તે. ક્રોધ ચઢયો હોય તે વખત વિચારીએ, "અહો ! દેશોનક્રોડ પૂર્વ, ચોર્યાસી લાખ×ચોર્યાસી લાખ=પૂર્વ. એવા ક્રોડપૂર્વ સુધી ચારિત્ર પાળ્યું, તે પાળીને આત્માની નિર્મળતા કરી કષાયવાળો થયેલો ત્યારે કષાયને ફળ્યાફૂલ્યા કરે તો જૂદી વાત. આ તો એના અંકુરા, પણ પાંદડાં ફૂલ નહિ અંકુરા તરીકે ક્રૂર વચન બોલવા માંડે. પાંદડાં તરીકે ઘા કરવાની ચીજ ખોળે. આ બધી વાત દૂર રહી, પણ માત્ર કષાય વાળો થયો હોય તોય અંકુરા, થડિયાં, પાંદડાં, ફૂલ અને ફળ એ નહિ, એ વિના એકલો કષાય અંતરમાં થયો હોય તો તેટલામાંય દેશોનક્રોડપૂર્વનું ચારિત્ર હારી જવાય. મુહૂર્તમાં–બે ઘડીમાં જ કષાયની પરિણતિથી દેશોનક્રોડપૂર્વનું ચારિત્ર હારી જવાય છે. કષાય અંતર્મુહૂર્તનો હોય પણ અનંતાનુબંધીનું રૂપ પકડી લે તે વખત આયુષ્ય બાંધીને કાળ કરે તો નરકે જાય છે. મહાવીર ભગવાન્ ઉપર ગોશાલાને ક્રોધ આવ્યો. આરાધ્ય ગુણી હોય ને તેના ઉપર ક્રોધ આવે તો ખલાસ ! બાહુબળજીમાં સંજ્વલનના ઘરનો અનંતાનુબંધી આવ્યો ત્યારે બાર મહિના ટક્યો. ગુણીને વાંદું નહિ એમ મનમાં રહે તો તત્ત્વ શું સમજ્યા ? આવી રીતે આપણે નિંદા ક્રોધની કરી. જે વખતે આપણા આત્માને ક્રોધ આવ્યો તે વખત આ બાબત વિચારીએ તો સ્વનિંદા. આપણને ક્રોધ ચઢે તે વખત બીજો બોલે તે વખત તેનો અર્થ શું? ક્રોધનિંદા બોલે છે, પણ છે ક્રોધીનિંદા. ચાહે તેવો ક્રોધ આવે ત્યાર "વાત તો સાચી છે, આપણાથી રહેવાતું નથી" એમ લાગે તો સમજવું કે સમકિત છે, પણ તે વખત "બેસબેસ" કહે તો પત્યું, ક્રોધનો આદર.

### સમકિતી જીવોએ એ ભયંકર મિથ્યાત્વ કાઢવું જોઇએ

પોતાને અંગે મિથ્યાત્વ અવિરતિનું નિંદન વ્યાજબી છે પણ

મિથ્યાત્વી આવો તેને અંગે બીજાને કહે મિથ્યાત્વ કેવું છે તે ખબર છે? જે જુલમ અગ્નિ, ઝેર અને સાપ નથી કરતા તે જુલમ મિથ્યાત્વી કરે છે તો તે વખત અવગુણની નિંદા નથી, અવગુણીની નિંદા છે. જે મનુષ્ય સમ્યક્ત્વ પામે છે તેને મિથ્યાત્વી તરફ ધિક્કાર નથી આવતો. પોતે મિથ્યાત્વી તરીકે વર્ત્યો તેથી મિથ્યાત્વ તરફ ધિક્કાર આવે છે, ગૂંગાવાળા છોકરાને દેખી કંટાળો નથી પણ પોતાની ગૂંગાવાળી જાણી દેખે તે વખત કંટાળે છે. પોતે મિથ્યાત્વી દશાને ભયંકર ગણી પોતાને પાપમય આત્મા ગણ્યો, નિંદન ગર્હણ કર્યું, ભયંકર મિથ્યાત્વ ખસી જાય તે તરફ લક્ષ્ય. નાનાં છોકરાંને લીંટ આવ્યું હોય તો મોટાને કાઢવું પડે. છોકરો ન સમજે. જગતનું મિથ્યાત્વ ભયંકર, તે જગતના મિથ્યાત્વી કાઢી શકે નહિ. સમકિતી જીવોએ એ ભયંકર મિથ્યાત્વ કાઢવું જોઈએ. ખોળામાં બેઠેલો છોકરો લીંટ, ગૂંગાવાળો રહે તો ઠપકો કોને? આ જગતના જીવોમાં જે મિથ્યાત્વ રહેલું છે તે ન ટાળીએ તો સમકિતીને ઠપકો, મિથ્યાત્વવાળો તો એમાં પહેલો જ છે. છોકરાનું ગંદાપણું દેખીને માને ફૂવડ કહીએ છીએ. સમકિત પામેલા બીજાના મિથ્યાત્વને ટાળવા ઉદ્યમ ન કરે તો તે ફૂવડની દશામાં છે. સમકિતીએ બીજાનું મિથ્યાત્વ કેમ ખસે તેને માટે કટિબદ્ધ થવું જોઈએ. ગણધર મહારાજાએ પ્રતિબોધ અને પ્રવ્રજ્યા પામ્યાની સાથે મિથ્યાત્વ હઠાવવા માટે કેડ કસી.

## દસ્તાવેજ થયો એટલે દેવું તો પડે

અરિહંતને દેવ માને તેમાં રપઢયણ શી? કપિલ, બુદ્ધને દેવ માને તેમાં શું મળી જાય છે? અરિહંતને દેવ માનવા એટલે સંસારને ખારો માનવો. છોડો કે ન છોડો તે વાત આગળ. દસ્તાવેજ થયો એટલે દેવું તો પડે. વહેલું દો કે મોડું દો. આ સમ્યક્ત્વ એટલે વિરતિનો સાક્ષી,

## રતનના ચોર

પારકા આત્માનો ભાવ નથી તે કહેનારા કલંક દેનારા તે અધ-

માધમ. જમનાદાસે પૌષધ કર્યો, પડવાને દિવસે લાડવા કર્યા તો કહે લાડવાપોષાતી. ઉપધાનમાં માલમલીદા માટે ચાલ્યા. ઉપધાનમાં આવવા બારણું કોણે બંધ કર્યું હતું? આટલા દોઢસો જ કેમ આવ્યા કહો કે માલમલીદા માટે આવ્યા નથી. માલમલીદા લોકો આપે છે, તેનો સંબંધ નથી. માલમલીદો ખાવા આવવું હતું ને? ના કોણે પાડી છે? વગર તિથિએ લાડવા કર તો ગણો કેટલા પૌષધ થાય છે? પર્વ તહેવાર દેખાતો નથી, લાડવા દેખાય છે. અમુકની દ્રવ્યક્રિયા એ કહેવાનો જ્ઞાની સિવાય બીજાને હક નથી. ભાવને જાણે તે ભાવરહિતપણું કહી શકે. અખંડ બ્રહ્મચારિણી સતીને વેશ્યા કહે તેના જેવું જ દ્રવ્યક્રિયા કહે તે. દ્રવ્યક્રિયાને ભાવક્રિયા કહેવાનો વખત આવ્યો તે શું? ભાવના કારણ તરીકે જેટલો અંશ તે દ્રવ્ય તરીકે, પણ ભાવશૂન્ય કેમ? દ્રવ્યપૂજા ભાવના રહિત નથી. આવા ભાવપૂર્વક ભક્તિ ને પૂજવું તે દ્રવ્યપૂજા. ઘરના બૈરી છોકરાં રૂવે, કકળે છતાં પાંચ પૈસા ન ખર્ચતો હોય તે અહીં ભક્તિ જાણીને ખરચે, સાધુને વહોરાવે એવાને દ્રવ્ય કહો છો, તે દુનિયાના ભાવના ચોર છો. દ્રવ્ય પણ ફાયદાકારક છે દ્રવ્ય એ ભાવનું કારણ છે તે રૂપે છગનલાલે કહ્યું. પેલા તો નકામી દ્રવ્યક્રિયા કહેવા માગે છે તેથી તે ચોર છે. શાસનમાં જે રતન છે તેના ચોર છે.

## અવિરતિ કાઢવાને માટે કટિબદ્ધ થવાની જરૂર

હવે મૂળ વાત પર આવો, સમકિત પામે ત્યારે–મિથ્યાત્વનું ભયંકરપણું પોતાના આત્માને અંગે લાગે ત્યારે બધાનું મિથ્યાત્વ ખસેડે. ગણધરે સમ્યક્ત્વ પામી, પ્રતિબોધ પામી બીજાના મિથ્યાત્વ, અવિરતિ કાઢવાને માટે કટિબદ્ધ થવું જોઈએ એમ માન્યું. માટે ચૌદ પૂર્વ અને અંગની રચના કરી. આચારાંગ, સૂયગડાંગ. અને સ્થાનાંગ ઠાણાંગમાં પાંચમા ઠાણામાં પાંચ વ્રતો કહ્યા.

## શૌચને લીધે થયેલો ફેરફાર

શૌચને ધર્મ માન્યો તેઓએ તત્ત્વવ્યવસ્થા બગાડી. સારંભી રહીને

ગુરુ બનવા માંડયા. અવતારવાદ આવ્યો, તેઓ જીવ શરીરને ભિન્ન માનવા મંડયા. ભિન્ન ન માને તો અવતારની લીલા ઇશ્વરને લાગુ પાડવાનું અને સંયમને સારું માનવાનું ન રહ્યું, નાસ્તિકરૂપે બોલવું પાડ્યું. સંયમથી દૂર જવાનું થયું, સંયમને સારું ન મનાયું ત્યારે નાસ્તિકમાં જવું પડયું. તેમાં જીવને શરીર એ જ આત્મા એમ અભિન્નપણું માનવું પડયું. આ પૃથ્વીઆદિ પાંચ ભુતોથી જીવ ઉત્પન્ન થયો ને તેમાંજ લય પામવાનો. આવી રીતે ભિન્નવાદઅભિન્નવાદવાળો તેમ નિત્યઅનિત્યવાદવાળો કોઈ પણ પદાર્થને એકરૂપે કહી શકતો નથી. કાંઈ નહિ તો તે તે ક્ષણપણે બદલાશે, ન બદલાય તો આકાશવળી. ઉત્પન્ન થયું ત્યારે દસ વર્ષ ટકવાની સ્થિતિ હતી. એક વર્ષ થયું તો વટવાનું, નવ વર્ષ ટકવાનો. સ્વભાવ ફર્યો તો વસ્તુ ફરી કે નહિ? સ્વભાવ તેનું નામ કે તેની સાથે વસ્તુ ફરવી જોઇએ. એક મિનિટ પહેલાં કોઇને દાબડી આપી તો બીજી મિનિટે માગવાનો હક શો? દુનિયામાં પેલા તો લુચ્ચાઇથી તપેલા મરી ગયા હતા, આમાં તો સાચા તપેલા મરી જવાના. ક્ષણે જુદાપણું છતાં વસ્તુનો આકાર, રૂપ, રસ વગેરે રહે છે તેને લીધે વસ્તુ છે એમ કહેવું પડે. આંગળીને સીધી રાખી, સીધીને વાંકી કરી, સીધાપણાની આંગળીનો નાશ અને વાંકાપણાની ઉત્પત્તિ. આંગળીપણું એમને એમ છે.

## પ્રાણાતિપાતવિરમણ કોણ માની શકે?

જિનેશ્વર મહારાજે ત્રણ વસ્તુ કહી છે. '**उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा**'

વાંકાપણું ઉત્પન્ન થયુ, સીધાપણું નાશ પામ્યું, પણ આંગળીપણું ચાલુ છે કોઈ પણ ચીજમાં ત્રણે માન્યા સિવાય છૂટકો નથી. એકાંત નિત્ય અને એકાંત અનિત્ય કોઈ વસ્તુ નથી. જિનેશ્વરના સિદ્ધાંતે કોઈ પણ વસ્તુ એકલી ઉત્પન્ન થવાવાળી અને એકલી નાશ પામવાવાળી નહિ, અને નિશ્ચે રહેવાવાળો પણ નહિ. આવું છતાં જેને હિંસા માનવી નહિ તેને શું કરવું પડે? જીવને નિત્ય માની લીધો.

હિંસા કોની? કોઈની નહિ, હંમેશાં એક જ રૂપે, તેથી બીજાઓએ નિત્ય માન્યું, આપણે જુદું માન્યું. બીજાઓએ વગીરે ખસવાનું નહિ, ઉત્પન્ન થવાનું નહિ, ને હોય તે રહેવાનું તે નિત્ય માન્યું. આત્મામાંથી કોઇ પણ ખસવાનું નહિ, હિંસકનો અહિંસક થાય નહિ. હિંસકપણું. હિંસ્યપણું બન્ને ઊડી ગયા. જે કથંચિત્ નિત્યાનિત્ય માને–સ્યાદ્‌વાદ માને તે પ્રાણાતિપાતવિરમણ માની શકે. નિત્યપણાનું લક્ષણ સામાન્યપણે જણાવ્યું. અનિત્યપણાનું એ કયું લક્ષણ કહે છે, આપણે કયું કહીએ છીએ તે અગ્રે.

---

# વ્યાખ્યાન ૬૯

## મિથ્યાત્વના રોગે અને અવિરતિના ભૂખમરે જગતની હેરાનગતી

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ સુધર્માસ્વામીજી ગણધર મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, મોક્ષમાર્ગની પ્રવૃત્તિને માટે અને મોક્ષ માર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે પ્રતિબોધ અને પ્રવ્રજ્યા પામ્યાની સાથે, જેમ આપણે આગળ જણાવી ગયા કે ભિખારી જો બીજે ભવે રાજઋદ્ધિ પામે તો પોતે દાનશાળા ચલાવ્યા વિના રહે નહિ, જેમ રોગથી પીડાએલો એક પણ જગો પર સારો વૈદ્ય નહિ મળેલો એવો જે વખત રોગને શાંત કરનાર ઉપાય અને વૈદ્ય પે તે વખત તે બેની કદર કરવામાં ન્યૂનતા રાખે નહિ. તેમ સુધર્મા-સ્વામીજીને ખ્યાલમાં આવે છે કે આ મિથ્યાત્વના રોગે અને અવિર-તિના ભૂખમરે આખું જગત્ હેરાન થઇ રહેલું છે, તેમાંનો હું એક હતો. દરદમાં મૂર્છિત થયેલાને પોતાની આરોગ્યદશાનો સ્વપ્ને પણ ખ્યાલ ન હોય, પરંતુ જે રોગમાં મુંઝાયેલો હોય તેજ રોગની દશાને સમજે.

## મિથ્યાત્વવાસિત જીવને અંશે પણ કેવળજ્ઞાનનો ઉમળકો ન આવે

શરીર નીરોગી હોય, એક જગો પર ચણાની દાળ જેટલો પાક થાય તે વખત વગર પાકનું કેટલું બધું ? એના કરતાં સેંકડો ગણું. પણ તે સેંકડોગણી વગર પાકની દશા દબાઇ જાય છે. તેના સુખનો ખ્યાલ નથી. ચણા જેટલી દશા પાકે છે તેના દુઃખનો ખ્યાલ આવે છે. આખું શરીર સુસ્ત છે તેનો ખ્યાલ નથી, તેનું સુખ લાગતું નહિ. ચણાની દાળ જેટલી જગ્યા પાકી રહી છે તેમાં આખો આત્મા પરોવાઇ જાય છે. તેવી રીતે અહીં પણ જ્યાં સુધી આ જીવ મિથ્યાત્વવાસિત છે ત્યાં સુધી આત્મામાં કેવળજ્ઞાન રહેલું છે પણ એ કેવળજ્ઞાનનો અંશે પણ ઉમળકો આવતો નથી. ચણાની દાળ જેટલું પાકેલું છે ત્યાં ચિત્ત જાય છે. દાંતમાં ભરાયેલું હોય તો ત્યાં જીભ જાય છે. મિથ્યાત્વદશામાં ઘાણુ વગેરે ઇંદ્રિય તરફ જ લક્ષ.

## એ મનુષ્યની કિંમત કેટલી ?

ઘર દેખ્યું જ નથી. પારકા ઘરે મજૂરી કરીને પેટ ભરવું છે. પોતાની મિલ્કત જોવી નથી. પરઆત્મા બાહ્ય આત્મા અને બાહ્યની સમૃદ્ધિને પોતાની સમૃદ્ધિ ગણે, શરીર, કુટુંબ અને ધનનેનુકશાન થયું તો મરી ગયા માને મિથ્યાત્વદશામાં જીવને એ બુદ્ધિ થાય છે. એ હોય તેટલે જીવન, ગયું એટલે મરી ગયા. શત્રુના ઘરેથી લહાણું આવે ને તે ખાઇને તું પેટ ભરે તે તારું કેવું સારાપણું ગણાશે, એવો મનુષ્ય કેટલી કિંમતનો ?

## કર્મરાજાના જાસૂસો કોણ ?

પુદ્ગલમાં અધિકતા થાય એટલે આનંદ અને હીનતા થાય એટલે અફસોસ, આવો જે હોય તે બિચારો આત્માને સમજ્યો નથી. આત્માને સમજે નહિ તો જાણ્યા વગર મનાતું નથી. મનાયા વગર મનોહર લાગતું નથી. મનોહર લાગ્યા વગર મેળવવાનું મન થતું નથી. મેળવવાનું મન થયા વગર મથવાનું થતું નથી. મથવાનું થવા સુધી કર્મરા-

જાના જાસૂસો જણાવે તે જ જાણવાનું. શ્રોત્ર વગેરે પાંચ ઇંદ્રિયો કર્મરાજાના જાસૂસો છે. એ જ જાસૂસો જે સમાચાર દે તે જાણવાના. પર રાજ્યના જાસૂસો પર ભરોસો રાખીને ભડકી ઊઠે તેની વલે શી? આ કર્મરાજાના જાસૂસો ઘૂસ્યા છે તેની ખબર ઉપર આપણો ભરોસો. ચક્ષુઇંદ્રિયે રૂપ મનોહર ગણ્યું તેથી આપણે પણ મનોહર ગણ્યું.

## ઇંદ્રિયો ઘોડા તરીકે, આત્મા સવાર તરીકે

ઇંદ્રિયોના વિષયને અંગે વિચારીએ તો આપણી દશા શી? ઘોડેસ્વાર અને ઘોડો એક ગામથી બીજે ગામ જાય છે ઘોડાને ઘોડેસ્વાર લઈ ગયો કે ઘોડેસ્વારને ઘોડો લઈ ગયો? ખરી રીતે ઘોડેસ્વાર ઘોડાને લઈ ગયો. ઘોડેસ્વાર સાવચેત હોય તો ધાર્યા પ્રમાણે ચલાવે, પણ ઘોડેસ્વાર ઝોકાં ખાય તો-આ ઘોડો ક્યાં ચાલે છે તેનું ભાન ન હોય તો ઘોડો ઘોડેસ્વારને લઈ જાય છે. તેમ આપણે આ ઇંદ્રિયો ઘોડા તરીકે, આત્મા સવાર તરીકે. આત્મા સવાર તે ઇંદ્રિયોને દોરે કે ઇંદ્રિયો આત્માને દોરે તે વિચાર્યું? હું બેભાન છું, તાકાત વગરનો છું મને આ ઘોડો જ્યાં ખેંચી જાય ત્યાં જાઉં છું. કરો હો કમલેપમલે પણ કહેવામાં નથી. સમજશો તો આપોઆપ કબૂલ કરશો. આજ તો ફલાણું ખાવાનું મન થયું છે માટે કરીએ. ફલાણું જોવાનું મન થયું માટે ચાલો જોવા. મન થયું તેથી તમે વાંસે દોરાયા. સ્વાર તમે કે ઇંદ્રિય? સવાર તમે હો તો પણ ઘોડો ઘોડેસ્વારને તાણી જાય છે. જેમ અસમર્થ અને અજ્ઞાન ઘોડેસ્વાર ઘોડા પર બેઠો હોય, પણ ઘોડાને કબજામાં ન લે તો ઘોડો એને તાણી જાય, તેમ આ આત્માને ઇંદ્રિયરૂપી ઘોડાઓએ જ્યાં લઈને નાંખ્યો ત્યાં જવાનું પસંદ કર્યું. ઘોડો જે બાજુ જાય છે તે બાજુ સવાર તણાઈ જાય છે.

## શું ઇંદ્રિયને પૂંછડે વળગવું?

ઘોડાની મરજીએ ઘોડેસ્વાર જાય તેને ઘોડેસ્વાર કહેવો? ઘોડાનો

માલિક એ પણ ઘોડાની મરજીએ ન જાય, તો પછી આ ઘોડાની વાંસે કેમ ફરો છો? હજુ સુધી આત્માનું સ્વરૂપ જાણવામાં આવ્યું નથી. જ્યાં સુધી સ્વરૂપ જાણવામાં ન આવે ત્યાં સુધી દેશની દિશા માલમ ન હોય તો ઘોડો જ્યાં તાણી જાય ત્યાં સવાર જાય તેમાં નવાઈ શી? આત્માનું ધ્યેય નક્કી ન થયું હોય. જન્મોજન્મ જાણ્યું, જોયું પણ એક વસ્તુ સિવાય. શું જાણ્યું? શું જોયું? સ્વપ્નેય જીવને જાણ્યો નહિ કે જોયો પણ નહિ. મનુષ્યપણું, આર્ય ક્ષેત્ર વગેરે પામીને જિનેશ્વરનું શાસન પામ્યા તે વખત જીવને જાણવાજોવા ભાગ્યશાળી ન થયા તો બીજી જગો પર જીવને ક્યાં જાણ્યો ને જોયો? હજુ ઇન્દ્રિયના પૂંછડે ઠબડાતા રહ્યા. ઇંદ્રિયોને પ્રતિકૂળ હોય એટલે ખલાસ. અનુકૂળ મળે તો પરમેશ્વર મળી ગયા. પરમેશ્વર મળ્યાની પ્રીત કયાં ઉદ્ભવી? પાંચ વિષયોના વમળમાં. જિનેશ્વરનું શાસન જાણ્યા છતાં જીવને નહિ જાણીએ, જોઈએ તો કઈ જિંદગીમાં જાણવાના અને જોવાના? તમને લાગે છે કે જીવને જાણીએ જોઈએ છીએ? ઊંડા ઊતરો તો ખબર પડે કે ખોટું છે. માત્ર ગાથાઓ બોલી જાઓ, સૂત્ર બોલી જાઓ એને લીધે જીવને જાણ્યો અને જોયો કહો છો? ઊંડા ઊતરો! ઝવેરી જ્યારે હીરાને જાણે પછી મૂઠીમાં કાંકરા અને હીરા આવ્યા હોય ત્યારે હીરા ફેંકે અને કાંકરા લે તો તેને શું કહેવાનું? બુડથલનો બુડથલ, જાણ્યા છતાં ઝવેરાતને ફેંકે તો? જીવતત્ત્વ અને જીવના ભેદ જાણ્યા હોય તો તમારી દશા ઇંદ્રિયરૂપી ઘોડાના પગલે છૂંદાવાની હોય નહિ. માત્ર ગાથા જાણી છે, જીવને નથી જાણ્યો અને નથી જોયો.

## નાભિમાંથી નીકળવાની જરૂર

જીવતત્ત્વ ખરેખર જાણવામાં, જોવામાં આવ્યું હોય તો પુદ્ગલ સામે પડકાર થયા વિના કેમ રહે? દસ પૂર્વ ન્યૂન સુધી ભણે. એક પૂર્વ મહાવિદેહના હાથી જેટલી રૂશનાઈ હોય તો લખી શકાય. આવું બધું જ્ઞાન જેને હોય તેને સમકિત કેમ ન થાય? આ તમે

ગાથા જાણો છો અને પદાર્થને નથી જાણતા તે બેનો ભેદ ખ્યાનમાં લો ! ફોનોગ્રાફમાંથી માત્ર નીકળે છે, નાભિમાંથી નીકળતું નથી.

## ફોનોગ્રાફની ચૂડીમાંથી શું શું નીકળે છે ?

પૌદ્‌ગલિક પદાર્થને અજીવ કેમ ન ગણ્યો ? જો અજીવ ગણ્યો તો અજીવને ઘેર આગ લાગે ત્યાં જીવને ઘેર ઝાળ શાની ? એ જ્યારે નાભિથી જાણ્યો ત્યારે. જ્યાં સુધી ગળાની ચૂડીમાંથી બોલાય પણ નાભિથી ન જણાય કે જોવાય ત્યાં સુધી બોલવામાં વાંધો નહિ કે 'સંઘા દેસ પએસા.' પણ ખંધના ખાંડિયામાં ખંડાય છું કેટલો તે વિચાર્યું ? પાનાંની–ફોનોગ્રાફની ગાથા નાભિનો શબ્દ નથી. નાભિનો શબ્દ હોય તો જીવ અને અજીવના લક્ષણ જુદાં તે ખ્યાલમાં આવે, પછી ખંધના ખાંડિયામાં ખંડાય શાનો ? જીવવિચાર, નવતત્ત્વની ગાથાઓ અને તત્ત્વાર્થના સૂત્રો ગોખીએ છીએ, અર્થો કરીએ પણ એ બધા ફોનોગ્રાફની ચૂડીમાંથી નીકળનારા. અંદરથી હોય તો ખંધની ખાંડણીએ ખંડાઈએ કેમ ? કોઈ પણ જીવ ખંધની ખાંડણીમાં પડયા વિના ખંડાતો નથી. બધા સ્કંધોની ખાંડણીમાં ખંડા તેને અંગે અરેરાટ નહિ.

## વચન કિંમતી પણ એનો ઉપયોગ કિંમતી થયો નથી

ખંડાતા જીવની શી દશા થાય તેનું ભાન ન હોય તો જીવ જાણ્યો એમ કહેવાય ? પાનાંની ગાથા હોય ને આત્માનો ઇતિહા ન માન્યો ત્યાં શું થાય ? અહીં બેઠાં બેઠાં ફ્રાન્સ અને ઇટાલીને ઇતિહાસ વાંચીએ તો લેવાદેવા નહિ. પુરતોના પુસ્તકો વંચાઇ જા પણ પોતાનું લોહી ઊનું થવાનું હોય નહિ. એવી રીતે આજે આપણ શાસ્ત્રો તો પારકા દેશના ઇતિહાસ જેવા થયા છે. જિનેશ્વર ભગવા કહ્યું છે તેથી વચન કિંમતી છે પણ એનો ઉપયોગ કિંમતી થ નથી, જિનેશ્વરે કહ્યું માટે કહું છું, માથે વીમો નથી. એમ કહેતા કે એ દશા અભવ્યની, કે જે કાંઇક ન્યૂન દશ પૂર્વ સુધી ભણી જાય, પ

માથે જોખમદારી નહિ. ભગવાનના નામે લોકોને કહેવું છે, માટે લેવાદેવા નથી. જિનેશ્વર ભગવાને કહેલું તે આત્માને પણ ભેળા લઇને કહેવું છે, અને એ આત્માને ભેગા લીધો તો આ એક ચૈતન્યમૂર્તિ તેને બંધની ખાંડણીમાં ખંડાતો કહે છે. જ્યાં 'જીવ' નામ નથી આવ્યું ત્યાં સુધી કૂતરા, બળદની જેમ જિંદગી ચાલી જાય છે પણ જીવનો ખ્યાલ કયાંથી આવે !

## જૈનશાસ્ત્રકારોને મતે જીવની વ્યુત્પત્તિ

જીવજ્ઞાન એ સ્પર્શ વગેરે ઇંદ્રિયોના વિષયમાંથી નીકળશે ? 'જીવ'નામ નીકળવાનું સ્થાન ફક્ત શાસ્ત્રો છે. (જીવ) નામ નીકળતાંજ જીવને તો આસ્તિક માત્ર માને છે. અરે ! કહું છું કે નાસ્તિક પણ જીવ માને છે, તેટલા માટે હેમચંદ્રસૂરિજી કહે છે કે પરલોક વગેરે છે એવી બુદ્ધિ જેની નથી, તે નાસ્તિક છે. જીવાદિ નથી એમ કહે તેને નાસ્તિક કહેતા નથી, નાસ્તિક જીવને માનનારો છે. કલ્પ-સૂત્રમાં સાંભળીએ છીએ કે 'एतेभ्यो भूतेभ्यः समुत्थाय' પાંચ ભૂતોમાંથી ઉત્પન્ન થઇને નાશ પામે છે. એ કોણ ? જીવ, તો જીવ માને છે. નાસ્તિક જીવપદાર્થને માને છે. તો વાંધો શો આવ્યો ? પરભવ વગેરેને માનતો નથી. જૈનશાસ્ત્રકારોએ જીવની વ્યુત્પત્તિ જુદી રાખી. પારકાની માન્યતા '**जीवति इति जीवः**' એવો જીવ તો નાસ્તિક પણ માને છે. '**अजीवित्, जीवति जीविष्यति इति जीवः**' જે જીવો છે, જે જીવે છે અને ભવિષ્યકાળમાં જે જીવશે તેનું નામ જીવ એમ જૈનો માત્ર માને છે. ઉણાદિથી ત્રણે કાળને 'અ' લાવીને કરવું. આવો જીવ નાસ્તિકથી મનાતો નથી. આવતો ભવ અને ગયો ભવ માને તો આવું માની શકાય.

## પોથીમાંના રીંગણાં

સુખદુઃખનું વેદન કેમ થાય છે ? ચેતના કેમ થાય છે ? જીવ નહિ માનનારો એકે નથી, **जीवति इति जीवः** એ અપેક્ષાએ, ઊણા-

કિની સ્થિતિએ ત્રણે કાળ લઇ લે તેવા જીવોને આસ્તિકો જ માને છે. શાસ્ત્રની દૃષ્ટિએ વિચારીએ તો જીવ છે, પરલોક છે એમ માનીએ છીએ એમ બધા કહે છે. સત્તા માનવી છે પણ સત્તાની સજાનો ડર નથી. એ સત્તાની કબુલાતનો અર્થ શો? જીવ, પરભવ, પુણ્ય, પાપ, સંવર, આશ્રવ, નિર્જરા અને બંધ બધું માનીએ છીએ પણ પરભવનો ડર કણી માત્ર નથી. કાંઈ પણ કાર્ય કરો તે વખત આ પાપનું કે પુણ્યનું તેનો વિચાર કેટલી વખત આવ્યો? સાત લાખ પૃથ્વીકાય વગેરે પડિક્કમણામાં કહી દઈએ છીએ પણ ત્યાં ને ત્યાં. આગળ ડગલું ચાલ્યા ત્યાં કેટલું રહ્યું? પુણ્યપાપને માનીએ છીએ પણ હૃદયે અસર થયેલી નથી. 'પોથીમાંના રીંગણાં'નું દૃષ્ટાંત દઈએ છીએ. જે માણસ જીવાજીવાદિનું સ્વરૂપ જાણે છે તે પુદ્‌ગલમાં ફસાય તો પોથીમાંના રીંગણાં. પાપ જાણે ને તે કરતાં હૃદય અચકાય નહિ તો પોથીમાંના રીંગણાં. વ્યાસજીને પોથીમાંના રીંગણાં, એકલાં રીંગણાં, પણ આપણને તો બધું થયું. જાણેલી વસ્તુ આપણા વર્તનમાં કામ લાગતી નથી તો કંઈક ન્યૂન દશ પૂર્વ સુધી ભણે તે શું કામ લાગે? વર્તનમાં કામ ન લાગે તે ભણેલું કામનું શું? જીવવિચાર વગેરે ભણીએ તે પૂછો ત્યારે કહેવાનું, પણ વિચારમાં? કંઈ નહિ, તો પછી તે નકામું. વિરુદ્ધ જ્ઞાન પ્રતિબંધક છે. વાસ્તવિક જ્ઞાન ખરું થવું જોઈએ. અગ્નિ અને દીવો સાક્ષાત્ દીઠા ત્યાં અંધારું છે તે વિચાર કોઈ દિવસ નથી આવતો. વૈશાખના બાર વાગે પથરા પર ખડા રહો તે વખતે ઠંડક છે એમ કહેવાય? નહિ. ઉષ્ણતાનું જ્ઞાન એ શીતતાનો સંકલ્પ થવા દેતું નથી, આ ઉદ્યોતનું જ્ઞાન એ અંધકારના અસ્તિત્વનું જ્ઞાન થવા દેતું નથી. અઢાર પાપસ્થાનકોને છોડવાનું જ્ઞાન તેમને સેવતાં આડું આવવું જોઈએ.

### વિરુદ્ધ સંકલ્પમાં જ્ઞાન આડે આવવું જોઈએ

પ્રાણાતિપાત વગેરેમાં પાપનું પૂરેપૂરું જ્ઞાન થયું તો પ્રાણાતિપાતનો સંકલ્પ પણ કેમ આવે? એ જ્ઞાન અમુક સ્થાનનું થયું છે.

ઉપાશ્રયમાં પ્રાણાતિપાતને પાપ માનવું, પડિક્કમણા વખતે પ્રાણાતિપાતને પાપ કહેવું. અન્ય સ્થાન વિષયક જ્ઞાન થયું હોય તે અન્ય સ્થાનમાં આડું આવતું નથી. અહીં શાતપણું ત્યાં ઉષ્ણપણું છે. વિરુદ્ધ સંકલ્પમાં તે જ્ઞાન આડે આવતું નથી. પ્રતિક્રમણ અને ઉપાશ્રય પૂરતું પહેલે પ્રાણાતિપાત વગેરે જ્ઞાન થયું છે. જ્યાં ક્ષેત્રાંતર, કાલાંતર થાય ત્યાં પાપના વિચારો આવવામાં એ જ્ઞાન નડતું નથી. જ્યાં જ્યાં પ્રાણાતિપાત ત્યાં ત્યાં પાપ એ જ્ઞાન થયું હોય તો પ્રાણાતિપાતનો વિચાર આવતાં સત્તર મળણે મળીએ. સ્થાન અને કાલ ખસ્યાં એટલે જ્ઞાન ખસ્યું. સર્વ ક્ષેત્ર અને સર્વ કાળને અંગે હોય તો, ચાહે તો અહીં ચાહે તો ત્યાં હોય, તો પણ તેનો વાંધો આવતો નથી.

### અશુચિ આવે ત્યાં ચમકો

અશુચિ પદાર્થને અશુચિ તરીકે સમજ્યા. કાં તો મહેતાજીએ, કાં તો માતાએ સમજાવ્યા, પણ તે સાર્વત્રિક સંકલ્પ રાખ્યો. જ્યાં અશુચિ આવે ત્યાં ચમકો. અશુચિને માતાએ 'છી' કરાવી દીધું. શબ્દ બોલવાની તાકાત ન હતી. કોઈ કોષ કે વ્યાકરણનો 'છી' શબ્દ નથી. જે વખતે શબ્દનું ભાન નથી તે વખતે પદાર્થનું ભાન કરાવી દીધું. તેને સાર્વત્રિક લીધું. જ્યારે જિનેશ્વરનું જ્ઞાન તે કેવું પકડયું ? ઠેરા ઉપાશ્રયનું. સામાયિક અને પડિક્કમણાના વખત પૂરતા અઢાર પાપસ્થાનક. છોકરો ઘરમાં 'છી' કહે, બહાર જઇને પણ 'છી' માં ભગાડી આવે તો મા ચીડાય આ વીતરાગ તેથી તેમનો વાંક ! તેઓ તમને પરપુદ્ગલ કયી ચીજ, કેવી રીતે રખડાવે તે સમજાવે છે. તમારે તો ભીંતોની વચ્ચે કબૂલ. અરે ! આત્મા અનાદિથી રખડયો માનો, પણ બહાર જઈ આવાને આખું શરીર બગાડી આવવાનું છે. તમને રોજ સમજાવે અને બહાર જાઓ તો એવાના એવા ! સમજાવનારને કેટલી ચીડ ચઢવી જોઇએ ? નાના બાળકને સમજાવો, ધ્યાનમાં ન રાખે ને બહાર જઇને બગાડે તો મારો છો. તમને લુગડાં ધોવા પડે તેનો અરેકારો, પણ તમારા આત્માને વારંવાર ધોવો પડે તેનું શું ?

અસંખ્યાત વખત તમને 'છો' સમજાવી. બચ્ચાંને પચીસ-પચાસ વખત સમજાવી, ન સમજે તો ચીડ ચઢે. તમને તો અસંખ્યાત વખત સમજાવી, અનંતી વખત ભણ્યા પોથા ભણવા તરીકે, પણ પંડની પીડા ટાળવા માટે ભણાયું નથી. પોથાના પારાયણ માટે ભણાયું છે. પંડની પીડા ટાળવા માટે અસંખ્યાતી વખત ભણાયું, છતાં સાન ન મળી. ક્ષાયોપશમિક સમકિત આ જીવ અસંખ્યાતી વખત પામે છે. એટલી અસંખ્યાતી વખત 'છો' કબુલ કર્યું. બાપના કાર્યોને, પૌદ્ગલિક પદાર્થોને અસંખ્યાતી વખત 'છો' માન્યા. બહાર જઈએ એટલે એ ને એ. મામે મારેલા ધપ્પાં રમતમાં પડે ત્યારે ભૂલી જાય, આવે એટલે કબુલ, ખસ્યો એટલે ખલાસ. કબુલ કરી, માની છતાં હજુ છોકરો છે! અસંખ્યાતી વખત સમજાવીને ગળે ઊતાર્યું છતાં એનો એ, તો એ છોકરાની વલે શી? પુદ્ગલને પુદ્ગલરૂપે જાણ્યા પછી-સ્કેલ જાણ્યા પછી એમાં તન્મય કેમ થવાય છે? અહિં કેમ ભૂલાય છે? હિસાબમાં ખોટ આવે તો ભણેલું ભૂલ્યો. ભણતર ભૂલ્યો ન હોય તો હિસાબમાં ભૂલ આવે નહિ, પણ શિક્ષણ જ સીધું ન હોય તો શું થાય? ત્રિલોકનાથની નિશાળમાં શિક્ષણ છે. બીજામાં જીવ છે એટલે ખલાસ. જીવ સ્વરૂપે કેવળજ્ઞાનવાળો છે, સિદ્ધસ્વરૂપી છે, અસંખ્યાત પ્રદેશી છે, એ શિક્ષણ બીજે ક્યાં છે? આત્માના સ્વરૂપનું શિક્ષણ ત્રિલોકનાથની નિશાળ વિના બીજે નથી. આત્મા શબ્દ અને જીવશબ્દનું શિક્ષણ બીજે છે.

### મિથ્યાત્વના હાથમાં અવિરતિનું ઓજાર છે

હવે ત્રિલોકનાથની નિશાળમાં જીવનું સ્વરૂપ શીખ્યા છતાં જીવને અંગે જીવના સ્વરૂપનો વિચાર ન રાખીએ, ધ્યાન પલટી જાય તો શીખ્યું સકોરામાં ગયું. જીવનું સ્વરૂપ જાણ્યા પછી એ વિભાવ કે વિકારમાં કેમ જોડાય? 'અચરે અચરે રામ' પોપટ કહે, પણ રામ બેઠા હોય તો મૂર્તિ પર ચરક કરી દે. પુદ્ગલના તમાશામાં તડાતડ પડીએ છીએ. આ દશા મિથ્યાત્વના લીધે છે. સાહે જેવો શ-

હથિયાર વિના કાંઇ ન કરી શકે. મિથ્યાત્વના હાથમાં અવિરતિનું ઓજાર છે. એ ઓજાર છે ત્યાં સુધી આપણી વલે કરવામાં બાકી રાખે નહિ. મિથ્યાત્વનું માથું ઉડાવી દે અને એના હથિયાર હેઠા પાડે તો બેડો પાર થાય.

**જિનેશ્વરના વચનથી મિથ્યાત્વ અને અવિરતિનો નાશ કરાય**

ગણધરે મિથ્યાત્વ અને અવિરતિનો નાશ કરવા માટે પ્રતિબોધ અને પ્રવજ્યાની સાથે એ કાર્ય કર્યું. અરે! સમ્યક્ત્વધારી, વ્રતધારી વાંદરાને હાંકવા જાઓ તો ખાલી હાથે ન હંકાય. હાથમાં સળગતું લાકડું લો! તેનાથી વાંદરા હંકાય, તેમ આ મિથ્યાત્વ અને અવિરતિનો નાશ કરવો હોય તો જિનેશ્વરનું વચન લો! એ વચનોના સૂત્રરૂપે ગૂંથન કર્યાં, **આચારાંગ, સૂયગડાંગ** અને **ઠાણાંગની** રચના કરી. ઠાણાંગના પાંચમા ઠાણામાં પાંચ મહાવ્રતો કહ્યા.

**હિંસામાં ગયા તેણે હિંસાનું મોઢું ઉજળું કર્યું**

પ્રાણાતિપાતવિરમણ પ્રથમ વ્રત. હિંસાને સારી કહે. હિંસા વસ્તુ ઉડાવી દે તો હિંસાનું પાપ ન માનવું પડે. **तस्मात् यज्ञे वधोऽवधः** યજ્ઞમાં હિંસા થાય તે હિંસા નથી એમ યાજ્ઞિકોએ કહ્યું. જગતની સમૃદ્ધિને માટે યજ્ઞ છે. પ્રાણાતિપાતવિરમણથી ચૂકીને જે હિંસામાં ગયા તેણે હિંસાનું મોઢું ઉજળું કર્યું. જે **મનુસ્મૃતિને** અજ્ઞાન લોકો હિંદુના અનુકરણથી નીતિનું મોટું પુસ્તક માની રહ્યા છે, તેમાં કહ્યું છે કે '**न मांसभक्षणे दोषो**' માંસભક્ષણ કરો તેમાં દોષ **નથી.**

**જીવહિંસાને ફાયદાકારક માનનારને જીવ કેવો માનવો પડે?**

મૈથુનમાં દોષ નહિ કહે, એથી જીવોને દુનિયાદારીમાં પ્રવર્તવાનું થાય. નિવર્તો તો ફળ મળે. પ્રાણાતિપાતમાં દોષ નહિ તો ફાયદો આવવાનો ક્યાંથી? જીવહિંસા જેવી વસ્તુ ફાયદાકારક જણાવવામાં આવે તો તે લોકોને જીવ કેવો માનવો પડે? જીવને નિત્યસ્વરૂપ માનવો પડે. હેરાન થાય તો શરીર થાય. તેમાં જીવને લાગતું વળગતું નથી.

### અગ્નિમાં હાથ નાંખ્યા પછી બળતરા થવાનીજ

હિંસાને શુદ્ધિના નામે ઓપ ચઢાવ્યો. માંસાદિકના આસક્તો થયા તેને લીધે યજ્ઞમાં જોડાયેલો બ્રાહ્મણ માંસ ન ખાય તો એકવીસ કલ્પો સુધી ઢોર થાય. હિંસા ઉપરથી કાલિમા કાઢી નાખવામાં બાકી રાખી? સફેદાઇ રાખવામાં બાકી રાખી? સ્વર્ગે જવું તે તમારા હાથમાં નથી. આ જીવ તો મુર્ખો છે. કારણ? જેની પાસે આપણું ધાર્યું કરાવવું હોય તેને મૂર્ખો ઠરાવવો પડે. જગતના જીવો પાસે હિંસા કરાવવી તે ક્યારે કરે? સંસારી જીવ તો મૂર્ખ. ગાંડો પણ સુખદુઃખને સમજે, કદાચ સાધન ન સમજે. પોતાના સુખદુઃખ માટે એની તાકાત નથી. અગ્નિમાં હાથ નાંખ્યા પછી બળતરા થવાનીજ. ચાહે દેવલોકે જાય તો તે ઇશ્વરના ધક્કાથી અને નરકે જાય તો તે પણ ઇશ્વરના ધક્કાથી. સ્વર્ગનો રસ્તો એના આધીન નથી. બધું તે (ઇશ્વર)ને ત્યાં. સારંગીના હાથમાં ધર્મનું સુકાન આવ્યું તેનો છેડો ક્યાં આવ્યો? આત્માને એક સ્વરૂપે ન માને તો જાય ક્યાં? સ્વર્ગ કે નરક માટે આત્માને નાલાયક માનવો પડે માટે નિત્યવાદ શરૂ કરવો પડ્યો. પ્રાણાતિપાતવિરમણથી ખસી જાય તેવાને ઉપર કહ્યો તેવો આત્મા માનવો પડે. નિત્યવાદ માનીને લોકોને ઊંધે રસ્તે દોરવામાં આવે છે. અનિત્યવાદ માનીને પણ કેમ ઊંધે રસ્તે દોરવામાં આવ્યા તે અગ્રે.

---

## વ્યાખ્યાન ૭૦

### મિથ્યાત્વનું શલ્ય પેસી જતા વાર લાગતી નથી

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી ગણધર મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનના હિતને માટે, મોક્ષમાર્ગની પ્રવૃત્તિ માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે પ્રતિબોધ

અને પ્રવ્રજ્યા બંને પામ્યા. મિથ્યાત્વનું શલ્ય નિર્મૂળ ગયું અને અવિરતિનો વિકાર નાશ પામી ગયો, તેથી તેને બંધે થયેલી શલ્યની જે વેદના અને વિકારનું વિહ્વલપણું તે બધું તે વખતે ખ્યાલમાં આવ્યું. તેને લીધે અન્ય જીવો કેવી રીતે શલ્યથી મુક્ત થયેલા છે તે લક્ષમાં આવ્યું. શાસ્ત્રકારો સ્થાન સ્થાન પર મિથ્યાત્વને શલ્ય ગણે છે. શલ્ય કેમ પેસે છે તે મનુષ્યના ખ્યાલમાં નથી હોતું. કાંટો પેસે છે તે ખ્યાલમાં નથી હોતો, પણ એ કાંટો વાગ્યા પછી જીવની શી વિહ્વલતા થાય છે એ મનુષ્યોને ખ્યાલ બહાર નથી. તેવી રીતે મિથ્યાત્વ કેમ થાય છે, મિથ્યાત્વથી જીવ કેમ વાસિત થાય છે તેની મિથ્યાત્વદશામાં ખબર પડતી નથી. મિથ્યાત્વની તો શું પણ જે સમકિતમાં વધતા રહ્યા છે, સમકિતમાં ઊંચી સ્થિતિ પામવા લાયક ને તત્પર થયા છે તેવાને પણ મિથ્યાત્વનું શલ્ય પેસી જતાં વાર લાગતી નથી.

**નાળવામાંથી આખો હાથી નીકળી ગયો પણ પૂંછડે અટકયો**

ચાર જ્ઞાન પામેલા પડીને મિથ્યાત્વમાં કેમ આવે છે? અગિયારમા ગુણઠાણે ગયેલા કેવળીના સમોવડીઆ થયેલા, કેવળીને જેવો એક સમયનો બંધ, કેવળીના જેવો એક જ પ્રકૃતિનો બંધ, જેને સાતે પ્રકૃતિ બંધમાંથી નીકળી ગઈ છે, કેવળીના જેવા આત્મરાગી બનેલા છે. આ બધું આવી ગયું છે તેવાને પણ ખસતાં ખસતાં મિથ્યાત્વમાં જવાનો વખત આવે. જિનેશ્વરની જોડે બેઠા. એક જ સરખું સંયમસ્થાન અગિયારમાના પહેલા સમયનું સંયમસ્થાન અને તેરમાનું છેલ્લા સમયનું સંયમસ્થાન તેમાં ફરક નથી. જિનેશ્વરના સરખી બંધસ્થિતિ ને વીતરાગદશા, આટલું આવ્યા છતાં પટકાઈ પડે અને ત્યાંથી ગબડી પહેલે આવી જાય. આ જગો પર પૌરાણિક કથા યાદ કરવાની જરૂર છે. 'નાળવામાંથી આખો હાથી નીકળી ગયો પણ પૂછડે અટકયો' આ સાચું લાગશે. આત્માની અપેક્ષાએ સોળેસોળ આની સાચું લાગશે. ઘેર લાખોની મિલ્કતો, ઘરેણાં, મકાન, વાડી, અને બંગલા બધાં જેણે છોડી દીધાં છે તેને દાબડી, મુહપત્તિ અને ઓઘો કેટલી

ગિઆતના ? જેણે આખી દુનિયા છોડી દીધી, માબાપ, છોકરાં, ભાઈ-ભાંડું, હીરામોતી વગેરેને લાત મારીને છોડયા, વળગેલા છોડયાં. કહો હાથી નીકળી ગયો છે. પછી અહીં આવીને 'દાબડી આ સારી છે.' શું થયું ? લાખોની મિલ્કતને છોડનારો તેને આ ઓઘાના અને મુહપત્તિના ચીંથરામાં ગૂંચાવાનું ! ઘર બળી જતું હતું તે વખતે કષાય નહોતો આવતો, તે કષાય કોઈએ મુહપત્તિ બગાડી તો આવી જાય તેનો અર્થ શો ? હાથી આખો નીકળી ગયો પણ પૂંછડે પટકાય. એ સાચા હાથી રૂપે કહી હોય તોય ભલે કલ્પિત થાય.

## લુગડાં કે લાકડાંનો વળગાડ

દ્રવ્ય અને ભાવનો વિચાર કરીએ ત્યારે આ આત્મદ્રવ્યમાંથી મમતામાં મોટામોટા નીકળી જાય છે. જે માબાપ કાન અને હાથ પકડતા હતા તેને છોડી શકયા. ટુકડા આપે, ચીથરાં આપે તેમાં 'મારી શ્રાવિકા' ! કયી જગો પરથી આવ્યો છે ? મિલ્કતનો મોહ છોડ્યો અને ટુકડા આપનારના મોહમાં ગયો ! કયાં ગયો તે તપાસ ! માબાપ જણનારા, પાળનારા અને પોષનારા, તેની મમતાને મારી નાખી. આ માત્ર જોનારા, તેની મમતામાં શું જોઈને જકડાયો ! જે જણનારા વગેરેના મોહના બંધન તોડે, જાનવરમાંથી મનુષ્ય બનાવનાર તેના બંધન તોડે ને પછી કોના બંધનમાં બંધાય તેનો વિચાર કર ! ટુકડા આપનારાના મોહમાં મૂંઝાયો તે ટુકડેલ કે બીજું કાંઈ ? ટુકડેલ ન હોય તો તેના ટુકડાના મોહમાં કેમ મૂંઝાય ? હાથી આખો નીકળી ગયો, પૂંછડે અટકયો. ભાઈ, છોકરાં, માબાપ, લાડી, વાડી અને ગાડીનો મોહ મટયો તો અહીં ચીંથરાંમાં ચોંટયો શું જોઈને ? અગિયારમે ચઢેલો પડે તે લાકડામાં કે ચીંથરાંમાં ! કાં તો દાંડામાં મમતા કે પાત્રામાં મમતા, એ મમતા અગિયારમાથી પાડે. કાં તો મુહપત્તિમાં મમતા, કાં તો લાકડાનો લગવાડ, કાં તો લૂગડાંનો લગવાડ લાગે છે. આ બે વળગાડ એવા જબરજસ્ત છે કે અગિયારમેથી

ઉથલાવી પાડે. અગિયારમે ચઢેલાને માલમિલ્કત વગેરે ન હોય. હાથી આખો નીકળી ગયેલો પૂંછડું માત્ર રહેલું. તેની પલોજણમાં પટકાઈ પડે. સૂગડાં કે લાકડાંનો વળગાડ.

## તપેલામાં તળિયે ચૂનો હોય, તપેલું હાલે ત્યારે જોઇ લો !

અગિયારમે કષાય તો નથી ને ! અગિયારમે કષાયોનો નાશ થતો નથી પણ દબાવ છે. જે પાણીમાં કચરો રહ્યો તે તો હાલે તેટલું કામ. તપેલામા ચૂનો હોય, તપેલું હાલે ત્યારે જોઇ લો ! અગિયારમે ચોકૂખો વીતરાગ જેવો પણ આત્મા હાલે ત્યારે જોઈ લો રમુજ !

## મારા તરીકે તો ચીંથરાને પણ મારું કરવા જાઓ તો ચોર

ઓઘો વગેરે સંજમને માટે રાખવાના. સંજમ તેનો હકદાર, તમે તો વહીવટદાર. રાજા નહિ, માલિક નહિ. વાઇસરોય વહીવટ કરે તે શહેનશાહને કેમ ફાયદો થાય તે ગણીને કરે. પોતાને ફાયદો કેમ થાય તે ગણીને નહિ. મુનીમ દુકાનના કામ માટે પાંચ લાખ ખરચી શકે પણ પેઢીમાંથી બે પૈસાનું મફતિયા શાક લઈ જવાની સત્તા નથી. આ પેઢીને માટે ચાહે તે કરો પણ પુદ્ગલને માટે નહિ. વહીવટદાર તરીકે વહીવટ આખા મુલકનો ચલાવાય, પણ વહીવટદાર પોતાના નામે કાંઈ ન કરી શકે.વાઈસરોય આખા રાજ્યોના રાજ્યો ઉથલાવી દે ને થાપી દે. એક પણ ગામ પોતાના નામનું ન કરી શકે. તેમ કરે તો ગુનેગાર બને, જેલમા જવું પડે. શાસનને, ચારિત્રને કે સંઘને અંગે વિપુલ સત્તા છે. ચક્રવર્તીની સેનાને ચૂર્ણ નાંખો, છૂટ; રાજ્યની લગામ હાથમાં લઇ લો. કોને રાજ પર બેસાડવો ઉઠાવવો તે તમે પસંદ કરો ત્યાં સુધી લાયકાત મળે. નિઝામ સરખાને ઉઠાવવો અને બેસાડવો તેની છૂટ વાઈસરોયને શહેનશાહતના હિતને અંગે. વાઈસરોયના હિતને અંગે કાંઈ નહિ. શાસનના હિતને અંગે બધી છૂટ પણ મારા તરીકે તમને એક પણ છૂટ નથી.

મારા તરીકે તો ચીંથરાને મારું કરવા જાઓ તોય ચોર. લૂગડાં અને બાકડાને મારું કરી આપો તો ચોર. વહીવટ માટે સોંપાયેલીના માલિક બની બેઠા, વાઈસરોય બોલી શકે મારો દેશ, પણ તે બોલવાનું જ. સહી કરે કે 'મારું' તો ગુનેગાર, માલિકી તરીકે નહિ કરી શકે. પોતાની બૈરી જતી હોય, છોકરાની મા હોય, 'છોકરાની' એ શબ્દ વિના 'મા' કહો તો શું થાય? ચાર પાનાની ચોપડી તેના ઉપર સિક્કો ફલાણા મહારાજની ચોપડી. ઔરંગઝેબની વખતે પ્રતિમાના ગુનાઓ લુચ્ચા થઈ ગયા હતા, તેમ આ ઉપાશ્રયમાં ગુનાઓ લુચ્ચા થઈ ગયા છે, તેથી આખી શહેનશાહતનો નાશ થઈ ગયો છે. આપણી એવી દશા છે.

## અગિયારમેથી પહેલે

હવે મૂળ વાત પર આવો. આખો હાથી નાળવામાંથી નીકળ્યો. નાળવામાંથી હાથીનું નીકળવું ઘણું અસંભવિત. તેમ સંસારના હાથીનું મમતાના નાળવામાંથી નીકળવું કલ્પના બહાર, તેવી જ રીતે અહીં જે માતા આપણને હાથમાંથી નીચે મૂકતી હતી ત્યાં ભેંકડો મેલતા હતા. પાણી ભરવા વખત 'મા' છૂટી પડે તેમાં આખી શેરીને જણાવતા હતા. એવા પગ પછાડીએ એવી સ્થિતિના આપણે, તે વખતે માને છોડીશું એવો કલ્પનાય આવે! કલ્પનામાં ન આવે કે આ મનુષ્ય માતાને છોડશે. જે પિતા પ્રાણ સાથે જડેલો હતો, તે વખત કલ્પના કરીએ તો ન આવે કે આ મનુષ્ય પિતાને છોડશે. તેમ પૈસાને અંગે પેશાવર જતો હતો તેવી સ્થિતિવાળાને અંગે કલ્પના કરો કે પૈસાને છોડશે? અનુકૂળ બૈરીને મેળવવા બારે બાગોળ ફરતો હતો તે મનુષ્ય બૈરીને છોડશે એ કલ્પનાઓ તો કરો! પૈસાને અંગે પેશાવર જનારો પૈસાને કે પ્રાણથી પ્યારા પિતાને છોડીને નીકળી જશે તે કલ્પના આવશે? નાળવામાંથી હાથીનું નીકળવું તે કલ્પનામાં નથી આવતું, તેમ જગતની સ્થિતિ જોઈએ તો માબાપને છોડે તે કલ્પનામાં નથી આવતું. છતાં હાથી નાળવામાંથી પણ નીકળી ગયો, તેમ

માતાપિતા, કુટુંબને અંતે વોસિરે કરી દીધું. હાથી નીકળી ગયો. કલ્પનામાં ન્હોતું આવતું તે પણ બની ગયું. પુસ્તણીઓ કહે છે પૂંછડે અટક્યો, પૂંછડાના વાળે અટક્યો. જ્ઞાન, દર્શન અને ચારિત્રના ઉપકરણ તે પૂછડું, જાડાપણું પાતળાપણું તે વાળ, તેમાં અટક્યો છે. તેમાં અટકતાં જે પછડાય તે પહેલે ગુણઠાણે પધારે. વાળમાં અટકીને નથી રહ્યો, પહેલે જ પધારી ગયો. લૂંગડાં ને લાકડાંમાં લેવાઈ જાય તે અગિયારમાથી નીચે ઊતરે. બધાં જ આવી જાય તેમ નથી પણ કોઈ આવી જાય, તેમ ઠામ બમણા હાથી જેટલી કલ્પનાઈએ લખી શકાય તેવા ચૌદ પૂર્વોને ધારનારો, જેને શ્રુતકેવલી કહીએ, ચૌદ પૂર્વી થયેલો, તે જ્ઞાનની અપેક્ષાએ કેવલીનો સમોવડીઓ, કેવળીના જેટલી પ્રરૂપણા કરે. કેવળીની તાકાત નથી કે એનાથી એક પદાર્થ વધારે કહે. પ્રરૂપણા તો જેટલી શ્રુતકેવલી કરે તેટલી કેવળજ્ઞાની કરે. કેવળજ્ઞાની કરે તેટલી શ્રુતકેવલી કરે. પ્રોફેસર તેત્રીસ વ્યંજનથી કયો ચોત્રીસમો બોલવાનો ? પહેલી ચોપડીવાળો તેત્રીસથી ક્યાં બત્રીસ બોલવાનો. અક્ષરમાં ફરક નથી. શ્રુતકેવલી જે કહે તે કેવળજ્ઞાની કહે. આટલી બધી તાકાતમાં જે આવેલા છે તે પણ જ્યાં મમત્વભાવમાં, મોહમાં અને અજ્ઞાનમાં ધક્કો ખાય છે ત્યાં એ દશા થાય છે કે નીચે.

## ન ભણે તેને ભૂલવાનું શું ?

ઉપશમ ગુણઠાણાવાળા નીચે તે ક્યાં સુધી ? મિથ્યાત્વ સુધી. ચૌદ પૂર્વી હોય તો પણ મોહનો તાવ આવ્યો કે કાંઇ નહિ. પ્રોફેસરને તાવ મગજનો આવે ત્યારે કાંઈ નહિ પણ તાવ ઊતર્યો ત્યારે પાછો પ્રોફેસર. શ્રુતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમે ચઢેલો ખસી જાય, ચઢેલો આત્મા ચાર જ્ઞાન પામેલો ખસી જાય. ચક્રવર્તીનો સેનાની તે ચક્રીની માફક કામ કરી આવે. કેવલીરૂપી ચક્રીનો સેનાધિપતિ ચાર જ્ઞાનનો ધણી તેને પણ નીચે આવી જવું પડે. જગતમાં ૭ ૭ મહિના સુધી જે શક્તિનો વખત ન આવે, જે

શક્તિ મળવાનો વખત ઓછો વખત આવે એવી શક્તિ મેળવી, ફરથી નીચે આવે. જીવ ચૌદ પૂર્વી હોય, આવી શક્તિવાળો હોય તે પણ સરસર ઊતરી પડે ને ત્યાંથી તે આવે પહેલે ગુણઠાણે. બોધમાં-જ્ઞાનમાં નગારું વગાડનારો, શક્તિમાં સમર્થ ઉપશમ શ્રેણિએ ચઢેલો શ્રુતકેવળી, ચાર જ્ઞાનવાળો, આહારક શરીરવાળો, ચારે ખૂણાની ચોવટ કરનારો તે પણ સરસરાટ ઊતરે તે આવે પહેલે. લૂગડાં હોય તેના ભીનાં થાય. ન ભણે તેને ભૂલવાનું શું ! લૂગડાં ભીનાં થાય તે કપડાં ભીલાં થાય તેટલું જ. કપડાં ભીલાં થઈને બેસી રહેતા નથી પણ શરદી થાય છે, છાતી ઝલાવી દે છે, ન્યુમોનિયા થાય છે, સાફ. તેવી રીતે અગિયારમે ચઢેલાએ આડબડીઆં ખાધાં, શ્રુતકેવળી સરકી ગયા. ચાર જ્ઞાનવાળા, આહારક શરીરવાળા અવળા પડયા, જમીન પર પડ્યા. જમીનની નીચે તો પડવાનું નથી. રેતની જમીન હોય છે, પડે ઉપરથી, મૂર્છા આવે. મૂર્છા આવે તો વાંધો નહિ, પણ પત્થરની જગો પર પટકાયો તો પડયો એટલું નહિ, પ્રાણ પટકાયા તેટલુંએ નહિ, પણ પલોજણ ઊભી કરી. ચારે બાજુ લોહીલોહી થઈ ગયું, પાછળવાળાને સંભાળવાનું. અગિયારમેથી આડબડીયું ખાય ચાર જ્ઞાનથી ચૂકે, આહારક શરીર પામીને ચૂકે, શ્રુતકેવળી થઈને સરકે.

## મિથ્યાત્વનું શલ્ય પેસે કે શું થાય ?

પહેલા ને છેલ્લા વચ્ચે છેટું કેટલું ! કાચી બે ઘડી. રેતમાં પડેલો ફૂંકની સાથે પાછો ઊભો થાય, પણ પત્થર પર પડેલો મહિનાના મહિનાએ પાછો ટટાર થાય કે ન પણ થાય. તે ચૂકીને ઊતરે માત્ર અંતર્મુહૂર્ત. મિથ્યાત્વ પામીને ચઢતો હોય તેમ નથી, ત્યાંથી મરીને નિગોદમાં નિવાસ કરે. એવા પડે કે માથું ફૂટી જાય, ફોદાફોદા નીકળી જાય. પાછા અનંતા કાળ નિગોદમાં રખડવું પડે. આ પ્રભાવ મિથ્યાદર્શનશલ્યનો. આટલા માટે મિથ્યાત્વને શલ્ય કહીએ છીએ. વાગતાં માલમ ન પડે, વાગ્યા પછી વસમું પડે. તેવી રીતે

ચૌદ પૂર્વીને, ચાર જ્ઞાનના ધણીને, આહારક શરીર અને ઉપશમ સુધી પહોંચેલાને ભીતરતાં એવું શલ્ય પેસી જાય કે નિગોદમાં ઉતારી દે. કોઈ વખત એવી જગો પર કાંટો લાગે કે આખું શરીર ધારવાની તાકાત ન રહે. આખા શરીરની નસોને એક ભાગ પર લાગેલું શલ્ય તંગ કરી દે છે. દેવ અને ગુરુના સંપૂર્ણ ગુણો કબુલ, કર્મના જે અંશમાં પીડા ખાધો હોય તે સિવાય નવાણું અંશ કબુલ એક અંશમાં મિથ્યાત્વનું શલ્ય પેઠું કે બધાં અંગોપાંગો અકળાઈ જાય. જે શાસ્ત્રકારો બારીક દૃષ્ટિથી સમજાવે છે તે ખ્યાલમાં આવશે જ. સૂત્રમાં કહેલા એક જ પદને કે અક્ષરને રુચિ કરતો નથી તે બાકીના બધાની રુચિ કરે છતાં પણ શાસ્ત્રકાર તેને મિથ્યાદૃષ્ટિ કહે છે.

## બુદ્ધિની દુર્બળતા હોય તો સીધી વાત ન બેસે

કોઈ જગા પર આમ હોય, અને કોઈ જગા પર તેમ હોય તો શું માનવું? કોઈ જગા પર આપણી બુદ્ધિની દુર્બળતા હોય તો સીધી વાત ન બેસે, એક શેઠ એમ કહેતા કે ચોથો ભાગ બાણુંજને આપવો, જેવા ત્રણ લેશે તેવો ત્રીજાને આવશે. જણે ખુલાસો કર્યો કે બીજો તે ચોથો ને ચોથો તે ત્રીજો. ત્રીજા ભાગે તેત્રીસ અને ચોથા ભાગે પચીસ, જણે ખુલાસો કર્યો કે સમુદાયનો ચોથો તે શેષનો ત્રીજો ૧૦૦÷૪=૨૫ અને ૧૦૦–૨૫=૭૫÷૩=૨૫ માટે બુદ્ધિ બહેર ન મારી ગઈ હોય તો ફરક નથી. તેવી રીતે કોઈ જગો પર બુદ્ધિની દુર્બળતાને લીધે એ વાત ન સૂઝે. આકાશના તારા ગણીએ તેવી સ્થિતિ હોય. મોટો કાચ મૂકો તો જથ્થા તારા જમીન પર પડેલા લાગે. બધાને ગણી શકો એ તાકાત યંત્ર હતું તે વખતે કામ લાગી. બુદ્ધિમાં જબરજસ્ત હોઈએ પણ કૂંચી દેખાડનાર તો હોવો જોઈએ! તેવા આચાર્ય ન મળ્યા હોય તો? તેવા આચાર્ય મળી ગયા, બુદ્ધિ છે છતાં પદાર્થ એવો. ગાયન ચોકખું, ઉસ્તાદ બહાદુર, પણ ગાનારો બહેરો હોય તો શું થાય? હવે કેટલા દહાડે તૈયાર કરવાનો તેમાં ઉપાય નહિ.

## જ્યાં હેતુ ઉદાહરણ નથી ત્યાં શું થાય ?

અક્કલવાન્ છે. આચાર્ય સમજાવનાર છે, પદાર્થ પરમાણું છે, હવે શું કરવું? આચાર્ય શું કરે અને જાણનારની અક્કલ શું કરે! જ્યાં હેતુ, ઉદાહરણ નથી ત્યાં શું થાય. સિદ્ધ મહારાજનું સુખ, ચલાવ બુદ્ધિ. આચાર્યને કહે, બોલાય તેવું બોલે, શ્રુતકેવલી બોલવા માંડે, પ્રશ્નકાર શ્રુતકેવલી બેસે, પ્રતિદુર્જના નથી, આચાર્યનો વિરહ નથી, છતાં સિદ્ધના ગુણ ન બોલી શકે.

## વૃદ્ધવાદનું વહેણ નકામું ન જવા દેવું.

જેમાં હેતુ, ઉદાહરણ નથી તેવા પદાર્થને સમજવો કેવી રીતે? આબરૂની નુકશાનીનું દુઃખ સમજાવો. શું સમજાવે! આબરૂ વધવાથી થતું સુખ સમજાવો. શું સમજાવે? અક્કલ નથી. બેઅક્કલવાળા છો. કેમ મૂઢ થઈને બેઠા છો, સમજાવો! અનુભવ સિવાય આબરૂ વધવાથી થતું સુખ સમજાય નહિ. કેટલીક ચીજ અનુભવથી, જ્ઞાનથી જાણી શકાય તેવી હોય, તેમાં હેતુ, યુક્તિનો ઢંગધડો ન હોય, એ તેને અંગે આ પડવા તૈયાર થાય પણ વૃદ્ધવાદનું વહેણ નકામું ન જવા દેવું. વૃદ્ધ દેખે ગંઆમાં જોર નથી, કેડમાં કૌવત નથી, પછી લાકડી વગર ડગલું ભરે નહિ. તેવી રીતે જ્યાં એ લાગે કે ચાલી શકીએ નહિ, તો લાકડી પકડી લો!

## નિઃશંકનું ઉલટાપણું શંકાને લીધે

**'तमेव सच्चं निस्संकं'** આ ઘરડાની લાકડી છે. આને સમ્યક્ત્વના રૂપમાં લઈ જવાય તો પ્રકરણ સમજાયું નથી. સમ્યક્ત્વ ઉત્પત્તિનું પ્રકરણ નથી. શાસ્ત્રીય કે દુનિયાના નિયમ પ્રમાણે પ્રથમ 'જે' પછી 'તે' હોય. અહીં પહેલાં તે છે પછી જે છે. ગંગા ઉલટી વહી છે. દરિયામાંથી નીકળીને પહાડમાં જાય છે. તદ્ પહેલાં શી રીતે? બે વસ્તુઓ નજર નીચે આવી ગઈ છે, એકેને નિર્ણય થતો નથી. સિદ્ધસેન દિવાકર, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની વાત લઈએ. એક સમયે ઉપયોગ, બીજા એકાંતરે ઉપયોગ માને. બેમાં સાચું કયું!

લથડવા માંડયા, મતિ ચાલતી નથી. સમર્થ આચાર્ય નથી, હેતુ અને ઉદાહરણ નથી. આ બેમાં તે જ સાચું જે જિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલું હોય! નિર્દેશનું ઊલટાપણું શંકાને લીધે જે જિનેશ્વરે કહેલુ તે સાચું કહેવું જોઈતું હતું. જિનેશ્વરના કથિતપણાનો નિશ્ચય ન થાય ત્યાં તે જ સાચું કે જે જિનેશ્વરે કહેલું હોય. 'तमेव सच्चं' નિર્ણય કરનારને પથરો, 'તે' એટલે અનિર્દેશ, 'તે સાચું જે જિનેશ્વરે કહેલું છે', પણ 'આમ કહ્યું છે' એમ નહિ.

## જિનેશ્વરે કહેલું તે સાચું

તે શ્રદ્ધાનો વિષય કયાં આવ્યો? શંકાને નિવારવાનો પ્રસંગ છે. 'निस्संकं' જે જિનેશ્વરે કહ્યું તેમાં એક શંકાદૂષણ લાગતું નથી. સત્ય અને નિઃશંક બે શબ્દો વાપરે છે, નિષેધ કર્યો હોય? ત્યાં પહેલાં પ્રાપ્તિ હોય. શંકાને સ્થાને જ 'નિઃશંક' શબ્દ વિધાન તરીકે આવે છે, જે ભગવતીમાં, આવશ્યકમાં જણાવ્યું કે 'આવું મન રાખે તેને કાંક્ષામોહનીયનો દોષ ન આવે.' કાંક્ષામોહનીયને ટાળવાને માટે ધારણા કરવાની જરૂર છે તમેવ. આ વાક્યને શ્રદ્ધાના વિષયમાં લેવાને બદલે, જિનેશ્વરે કહેલા તત્ત્વમાં શંકા થાય તેથી બચવા અથવા અજ્ઞાન-વિષયથી બચવા માટે આ વાક્ય જબરજસ્ત છે. ભાઈ! તે સાચું જે જિનેશ્વરે કહેલું હોય. કોઈક કહ્યું—આમાં આમ કહેલું છે કોઈકે તેમ લખ્યું હોય, છતાં જિનેશ્વરે કહેલું તે સાચું એમ કહેવું પડે.

## ટાવર પરથી પડે તો ભૂકા નીકળી જાય

સંદેહને સ્થાને 'तमेव', નિર્ણયને સ્થાને 'इणमेव'. એક પણ પદાર્થમાં લથડિયું ખાઈ ગયા તો ટાવરની ઉપરની ગેલેરીના સો ખાનાં, કયા ખાનાથી પડે તો ન વાગે? એવી રીતે શ્રદ્ધાના અનંત પર્યાયો, માટે સમ્યક્ત્વની વ્યાપકતા ગણી છે. સર્વવ્યાપક સમ્યક્ત્વ. કોઈ પણ સમ્યક્ત્વના વિષયની બહાર નહિ. મતિ, શ્રુત અને મનઃ-પર્યવમાં 'असर्वपर्यायेषु' સર્વ જીવ, પણ સર્વ પર્યાય નહિ. ચારિત્રમાંય સર્વ પર્યાય નહિ, પણ સર્વ પર્યાય વિષય તરીકે આવે

તો સમ્યક્ત્વમાંજ આવે. પર્યાય વિષયમાં આવ્યા તો કઇ વખતે ખબડીએ તેનો પત્તો નહિ. ટાવર પરથી પડયો તો ભુક્કા નીકળી ગયા. સમ્યક્ત્વ પામ્યો એટલે ટાવર પર ચઢયો. ટાવર પર ચઢેલાએ ખાંચા ધ્યાનમાં રાખવા જોઇએ. જગતના દ્રવ્યોમાં જીવાસ્તિકાય, જીવના અસંખ્યાતા પ્રદેશ, તેમાં એક પ્રદેશને જીવ માની લીધો કે નિહ્નવ ! ઊતર્યો. માટે કઇ જગો પર આપણું નાકોવતપણું નડશે તે ભુધોની લાકડીની બહાર છે. ખાટલે સૂવે ત્યાં લાકડીનું કામ નથી, છતાં સોડમાં, ઓશીકે લગીર ઊભા રહેવા માટે જોઇએ. દરેક પદાર્થમાં બુદ્ધિનો, હેતુનો કે યુક્તિનો અભાવ લાગે ત્યાં '**तमेव सच्चं**' ની લાકડી જોઇએ. આ નિશ્ચયની અવસ્થા નથી.

## શલ્ય જગતમાં ન પેસે માટે ગણધરોએ શું કર્યું ?

તત્ત્વ કેટલાં ? જીવ અને અજીવ બે. જીવ અને અજીવમાં તમામ પદાર્થ ઊતરે છે. જાતિ, ગતિ કેટલી ? કેવલીએ કહી તેટલી એમ કહે તો મિથ્યાત્વ. કારણ જેમાં નિર્ણયનું સ્થાન હોય તેમાં એમ બોલાય નહિ. નિર્ણયના સ્થાનમાં કેવલીને ભળાવો તે ઊલટું સંદિગ્ધપણું જણાવવાનું છે. જે જિજ્ઞાસાને તૃપ્ત કરવાની શક્તિ હતી છતાં સંદેહમાં ઉતાર્યો. નિર્ણય કરવાની શક્તિ હોય તો ત્યાં જિનેશ્વરને કહેલું તે સાચું એ તો ઊલટું ખાડામાં ઊતારવાનું. નિર્ણયને સ્થાન ન હોય ત્યાં એ કહેવાનું. માટે શાસ્ત્રકારોએ મિથ્યાત્વને શલ્ય ગણ્યું છે. તે શલ્ય જગતમાં ન પેસે તેને માટે પ્રતિબોધ અને પ્રવ્રજ્યાની સાથે સૌદ પૂર્વ અને બાર અંગની રચના કરી. આચારાંગ, સૂયગડાંગ અને ઠાણાંગની રચના કરી. ઠાણાંગના પાંચમાં ઠાણમાં પાંચ મહાવ્રતો કહ્યાં. તેમાં પ્રાણાતિપાતવિરમણથી દૂર રહેવાવાળા કેવા થાય, કેમ બસે તે અગ્રે.

# વ્યાખ્યાન ૭૧

## મિથ્યાત્વ અને અવિરતિ કિંપાકના ફળ જેવા

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી ગણધર મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે અને મોક્ષમાર્ગનો પ્રવાહ સતત વહેવડાવવા માટે પ્રતિબોધ અને પ્રવ્રજ્યા પામ્યા તે વખત સંસારની અંદર આ જીવને શલ્ય તરીકે પીડા કરનારી જો કોઇ ચીજ હોય, દરિયાના વમળની પેઠે રખડાવનારી ચીજ હોય તો તે માત્ર મિથ્યાત્વ અને અવિરતિ છે એ ખ્યાલમાં આવ્યું. કષાય આત્માને રખડાવનારા છે, યોગ કર્મનો બંધ કરાવનારા છે. એ બે તો ભવના કારણો બને છે, પણ તેને કેળવવામાં આવે તો તે બને મોક્ષના કારણ બને છે. સોમલ વગર કેળવેલું મારનાર થાય છે, પણ કેળવેલું હોય તો દવારૂપ થઇને જીવાડનારું થાય છે. કિંપાકના ફળ કોઈ પ્રકારે કેળવાતાં નથી, સોમલ કેળવાય છે. કિંપાકના ફળો એકલાં હોય કે સંસ્કારિત હોય તો પણ તે મારનારા છે. તેવી જ રીતે મિથ્યાત્વ અને અવિરતિ કિંપાકના ફળ જેવાં છે.

## માત્ર છોડવાલાયક શું?

કષાયને અંગે પ્રશસ્ત કષાય અને અપ્રશસ્ત કષાય એવા બે વિભાગ કરવામાં આવ્યા. મન, વચન અને કાયાને અંગે સુપ્રણિધાન અને દુષ્પ્રણિધાન એવા બે વિભાગ કરવામાં આવ્યા. ચાર કષાય કહ્યા, તો અપ્રશસ્ત કહેવાની જરૂર શી? બંધનું કારણ અપ્રશસ્ત કષાય છે. મન, વચન અને કાયાના દુષ્પ્રણિધાનનો અતિચારયોગ કે કષાયયોગ તરીકે નિંદવાલાયક નથી રહ્યા, પણ મિથ્યાત્વ અને અવિરતિએ વિશેષણને અવકાશ આપ્યો નથી. વ્યવચ્છેદ કરવાનો હોય તો વિશેષણ મૂકાય. એકલી કાળી કાબરી હોય તો કાબરી કહીએ, વિશેષણ મૂકીએ નહિ. અવિરતિ અને મિથ્યાત્વમાં કયું તે કહેવું પડતું નથી. મિથ્યાત્વ અને અવિરતિ માત્ર છોડવાલાયક.

**અવિરતિ પ્રશસ્ત અને અપ્રશસ્ત કેમ નહિ કહેવી ?**

જેમ કષાય પ્રશસ્ત અને અપ્રશસ્ત હોય, યોગ પ્રશસ્ત અને અપ્રશસ્ત હોય તેમ અવિરતિ પ્રશસ્ત અને અપ્રશસ્ત કેમ નહિ કહેવી ? ગૃહસ્થપણામાં જે દ્રવ્યપૂજા આરંભવાળી, પરિગ્રહવાળી છે, તે અવિરતિને અંગે કે વિરતિને અંગે એ પૂજા નથી, અવિરતિને અંગે આરંભ થયેલો છે છતાં ગુણ કરનારો છે. અવિરતિને અંગે પરિગ્રહ થયેલો છતાં ગુણ કરનારો છે. જ્ઞાનના ઉપયોગમાં જે દ્રવ્ય વાપર્યું તે પરિગ્રહ છે, પણ તેનાથી ફાયદો કહેવો પડે, હરિભદ્રસૂરિજી કહે છે કે જેથી ભાવ ઉત્પન્ન થાય એવું આરંભથી થયેલું કર્મ કે બીજું પણ કર્મ પૂજાથી નાશ પામે છે. દેવની ભક્તિને અંગે કે દાનને અંગે થવો દ્રવ્યનો ઉપયોગ પરિગ્રહથી થતા દોષો અને બીજા બધા દોષોનો નાશ કરે તો અવિરતિને પ્રશસ્ત અને અપ્રશસ્ત કેમ ન કહેવી ?

**જડને ચેતનથી જુદો પાડવા માટે ગુણસ્થાનકનો ઉપયોગ**

જેમ અવિરતિને અંગે શંકા તેવી રીતે મિથ્યાત્વને અંગે શંકા છે. મિથ્યાત્વને ગુણસ્થાનક તરીકે કબૂલ કર્યું છે. મિથ્યાત્વ બે પ્રકારના–એક વ્યક્ત અને બીજું અવ્યક્ત. કુદેવને પણ દેવ માનીને આરાધે, કુગુરુને ગુરુ માનીને આરાધે તો તે વ્યક્ત મિથ્યાત્વ. જેમાં સુદેવ, સુગુરુ અને સુધર્મની માન્યતા નથી તેનું નામ અવ્યક્ત મિથ્યાત્વ. વ્યક્ત મિથ્યાત્વને ગુણસ્થાનક તરીકે ગણે છે. વ્યક્ત મિથ્યાત્વની શુદ્ધિ થાય તે ગુણસ્થાનકપણે. મિથ્યાત્વમાં પણ અપેક્ષાએ બે પ્રકાર થયા, પ્રશસ્ત અને અપ્રશસ્ત. કદાચ કહેવામાં આવે કે આમાં મિથ્યાત્વને ગુણસ્થાનક ગણ્યું તેમાં બે મત. વ્યક્ત, અવ્યક્ત ગમે તે હોય તે ગુણસ્થાનક, એમ કેટલાક કહે છે. મિથ્યાત્વ એટલે ખોટી પણ માન્યતા. જડને ગુણસ્થાનક કહેશો ? ત્યાં માન્યતાને અવકાશ નથી. સર્વ જીવ–જે મોક્ષે નથી ગયા તે કોઈને કોઈ ગુણસ્થાનકમાં હોય જ. અવ્યક્ત મિથ્યાત્વવાળાને પણ ગુણસ્થાનકમાં તો લેવા પડે. મિથ્યાત્વી પણ સુખને સુખ

અને દુઃખને દુઃખ માનનારો તો હોય. જડને ચેતનથી જુદો પાડવા માટે ગુણસ્થાનકનો ઉપયોગ કરવામાં આવે.

## મિથ્યાત્વને અંગે પણ નવ દ્વારો જણાવ્યા

મિથ્યાત્વના ગુણો નવપદપ્રકરણકારે ગણ્યા છે. જેવો હોય તેવું સ્વરૂપ-ભેદો જણાવવા, દોષ, ગુણ, અતિચાર, ભાવના અને ભંગ હોય તે જણાવવું. બારે વ્રતો ઉપર નવ દ્વારો જણાવવા. તેમ મિથ્યાત્વને અંગે નવ દ્વારો જણાવ્યાં ત્યાં મિથ્યાત્વના ગુણો જણાવ્યા, અનાગ્રહીપણું મિથ્યાત્વમાં ગુણ જણાવ્યો છે તે અપેક્ષાએ બે વાત કહેવી પડે. અનાગ્રહી અને આગ્રહી મિથ્યાત્વ કહેવું પડે. અનાગ્રહી મિથ્યાત્વ ગુણરૂપ જણાવ્યું, તો પ્રશસ્ત અને અપ્રશસ્ત બને ભેગા રહ્યા, તો પછી કષાયને અંગે, યોગને અંગે પ્રશસ્ત અને અપ્રશસ્તપણું જોયું.

## મિથ્યાત્વ અને અવિરતિને અંગે કેમ જોયું નહિ?

કષાયનું કષાયપણે પ્રશસ્તપણું છે, યોગનું યોગપણે પ્રશસ્તપણું છે. આરંભ કરીને પૂજા કરાય, પણ આરંભપણે પ્રશસ્તપણું નથી. કદાગ્રહ-રહિતપણું એ ગુણ છે, પણ એ ગુણ મિથ્યાત્વનો નથી, અનાગ્રહીપણાનો છે. અવિરતિ અવિરતિપણે પ્રશસ્ત બનતી નથી. મિથ્યાત્વ મિથ્યાત્વપણે પ્રશસ્ત બનતું-નથી, પણ કષાય કષાયપણે પ્રશસ્ત બની શકે છે ને યોગ યોગપણે પ્રશસ્ત બની શકે છે. કેમ? બન્નેને નિર્જરાના કાંટે તોલાવાનું છે. જેટલા અંશે જ્ઞાનાદિક ઉપર રાગ તેટલા અંશે નિર્જરા, જેટલા અંશે સાધુ ઉપર રાગ તેટલા અંશે નિર્જરા. તેવી રીતે યોગમાં જ્ઞાનાદિકને અંગે તીવ્ર યોગ તેવી તીવ્ર નિર્જરા. યોગ મંદ તો નિર્જરા પણ મંદ.

## જેટલો તીવ્ર રાગ તેટલી તીવ્ર નિર્જરા

યોગનું યોગપણે જ સુંદરપણું છે. સહકારી સારું મળે તો યોગપણે જ સુંદર. એવી રીતે વિષય સારો મળે તો રાગપણે રાગ સુંદર.

જિનેશ્વર રૂપી વિષય મળ્યો પછી જેટલો રાગ તેટલી નિર્જરાની તીવ્રતા, તેમ અવિરતિમાં નથી. જેટલો વધારે આરંભ તેટલી વિરતિ નથી. પરિગ્રહપણે– અવિરતિપણે લાભ નથી. લાભને ઉત્પન્ન કરનાર નિર્મમત્વ–ઉદારતા ચીજ છે. અહીં રાગ, દ્વેષ અને યોગ ચીજ છે. જિનેશ્વરની પૂજાથી લાભ થાય છે તે ચોક્કસ. આરંભે ઉપાર્જન કરેલાં કર્મો કહ્યા, પણ આરંભે ઉપાર્જન કરેલી નિર્જરા ન કહી. દાનથી લાભ કહ્યો. પરિગ્રહ અને આરંભ એ તો કર્મના કારણો ગણાવ્યા. આરંભની અધિકતાએ નિર્જરાની અધિકતા ન રાખી. આરંભ આરંભપણે નિર્જરાનું કારણ નહિ, જ્યારે ત્યાં રાગપણે નિર્જરાનું કારણ છે. જેટલો તીવ્ર રાગ તેટલી તીવ્ર નિર્જરા.

## કષાય અને યોગ સેળભેળ છે, પણ, પણ શું ?

રાગ, દ્વેષ કે યોગ એ નિર્જરાના પ્રમાણની સાથે હિસાબમાં જોડાય. જેટલો તીવ્ર યોગ તેટલી નિર્જરા તીવ્ર. સ્વાધ્યાય કરતાં જેટલા કલાક વધારે બોલીએ તેટલી નિર્જરા. **યોગનો નિર્જરા સાથે હિસાબ, રાગદ્વેષનો નિર્જરા સાથે હિસાબ છે પણ આરંભપરિગ્રહનો નિર્જરા સાથે હિસાબ નથી. તેથી અનેકાંત કહીએ છીએ.** પૂજામાં થોડાં ફૂલ હોય વધારે નિર્જરા કરે. વધારે ફૂલ હોય થોડી નિર્જરા કરે. નિર્જરાનો ફૂલની સાથે સંબંધ ન રાખ્યો, ભક્તિની મુખ્યતા રાખી. આરંભપરિગ્રહનો નિર્જરા સાથે સંબંધ નથી. ભક્તિનો સંબંધ નિર્જરા સાથે છે. સ્વાધ્યાય મંદ હોય તો નિર્જરા તીવ્ર કરે નહિ પરિણામ તીવ્ર હોય તો જ નિર્જરા તીવ્ર. યોગ યોગપણે, રાગ રાગપણે અને દ્વેષ દ્વેષપણે નિર્જરાનું કારણ બને, તેમ અવિરતિ અવિરતિપણે કારણ બનતી નથી. તેથી અવિરતિમાં પ્રશસ્તપણું દાખલ થયું નહિ, તેમ મિથ્યાત્વમાં મિથ્યાત્વપણે ગુણ કહ્યો નથી. જેમ અનાગ્રહ વધારે તેમ ગુણ વધારે. નવપદની અંદર મિથ્યાત્વનો ગુણ બતાવ્યો તે મિથ્યાત્વની સાથે રહેલા અનાગ્રહભાવનો ગુણ છે, મિથ્યાત્વનો ગુણ નથી. મિથ્યાત્વ અને અવિરતિમાં પ્રશસ્તપણું હોય નહિ. કષાય અને યોગ બંનેમાં

પ્રશસ્ત, અપ્રશસ્તપણું છે. કષાય અને યોગ એ સોમલ છે. સોમલ વગર સંસ્કારનો મારી નાંખે. સંસ્કારવાળો થાય તો પુષ્ટિ આપે. મિથ્યાત્વ અને અવિરતિ કિંપાકના ફળ છે. તેમાં સંસ્કાર થયે સુધારો નહિ, તે તો ખરાબ ખરાબ અને ખરાબજ. રાગદ્વેષ રૂપી કષાય અને યોગ સંસ્કારિત થાય તો દવા જેવા, માટે સુધર્માસ્વામીજીએ પ્રતિબોધ પામ્યાની સાથે મિથ્યાત્વ, અવિરતિને ખસેડવાનો ધંધો કર્યો. તેને અંગે ચૌદ પૂર્વો અને અંગોની રચના કરી. આચારાંગથી આચારની, સૂયગડાંગથી વિચારની અને ઠાણાંગથી વર્ગીકરણની વ્યવસ્થા કરી.

## જીવ અને શરીરને ભિન્નઅભિન્ન માને તેમ સિદ્ધાંતમાં ફેર પડે

પાંચ મહાવ્રતોમાં પ્રથમ પ્રાણાતિપાતવિરમણના વર્ણનમાં જણાવી ગયા કે (૧) જીવ અને શરીરને ભિન્ન માને તેને પ્રાણનો અતિપાત થાય તેનો ડર શો! (૨) જે જીવ અને શરીર બંનેને એકરૂપ માને તેને પ્રાણનો અતિપાત થાય તેનો ડર શો! શરીરના નાશે પ્રાણનો નાશ થવાનો. કોણે કર્મ બાંધ્યા હતા અને કોણ કર્મ ભોગવશે તેનો રસ્તો જ રહે નહિ પ્રાણ માનવા, પ્રાણ અને આત્માને કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન માનવા. પૂર્વભવે બાંધેલાં કર્મને લીધે પ્રાણ જીવોને મળ્યા. જીવનો કથંચિત્ નાશ થવાથી પાપનો બાંધનારો થાઉં છું. જીવ જુદો છે તેથી પ્રાણનો નાશ કરવો વ્યાજબી નથી. એ કોણ માને? આત્મા અને પ્રાણ કથંચિત્ ભિન્ન કથંચિત્ અભિન્ન માને તે, જે પ્રાણમય જીવ માને તેને પ્રાણાતિપાતથી ડરવાનું નથી. તેને કર્મબંધ થતો નથી.

## કોઈ પણ પદાર્થનો દ્રવ્યરૂપે નાશ નથી પણ અવસ્થારૂપે ખરો

પ્રાણના નાશથી આત્માનો નાશ શી રીતે? પ્રાણનો અને આત્માનો સંબંધ ધ્યાનમાં ન રાખીએ તો જુદો માલમ પડે. કોઈ પણ પદાર્થનો સર્વથા નાશ હોતો નથી. પાણીના કણીઆ પાણીરૂપે છે. અગ્નિ સળગાવશો તો વરાળરૂપ થશે, વાદળરૂપ થશે, વરસાદ વરસશે, પણ

કર્ણીઓનો નાશ નથી. રૂપી પૌદ્‌ગલિક પદાર્થોનો નાશ નથી. દ્રવ્યરૂપે નાશ નથી પણ અવસ્થા રૂપે તો જરૂર નાશ છે. જેમ ઘડો ભાંગ્યો! શું ભાંગ્યો! ઘડો. ઘડામાં શું ભાંગ્યું! માટી છે, પાકાપણું, રંગ અને પાર્થિવપણું છે. ભાંગ્યું શું? આકાર. ઘડો કોનું નામ હતું? એકલા આકારનું નામ હતું? માટી અને આકાર બંને મળીને ઘડો કહેવાતો હતો. માટીપણું રહ્યું. ઘડાનો આકાર નાશ પામે તો ઘડો ભાંગ્યો કહીએ છીએ.

## હિંસા કોણ માની શકે?

આત્મા શી ચીજ? આત્મા એટલે ચેતન, અસંખ્યાત પ્રદેશી. કર્મકર્તાપણું એ આત્માનું લક્ષણ છે. ઘડામાં માટી અને આકાર એ ઘડાનું લક્ષણ, તેમ ચેતનાસહિતપણું એ આત્માનું લક્ષણ. કર્મકર્તાપણું થયું કે નહિ? બચાવવાની બુદ્ધિ બળી ગયા વગર હિંસા લાગતી નથી બચાવવાની બુદ્ધિ બળવાવાળી છતાં હિંસા થાય તો પણ કર્મબંધ નથી. ' **भोक्ता कर्मफलस्य च** ' ત્રસપણું, બાદરપણું વગેરે કર્મનાં ફળો ભોગવતા હતા, તે ભોગવવા સાથે આત્મદ્રવ્યનું સંસરણ—એક ભવથી બીજે ભવ ભટકવું થયું. પ્રાણનો વિજોગ કર્યો તેટલો નવો ફેરો ઊભો કર્યો. આ ફેરો પૂરો કરાવી દીધો. પરિનિર્વાતા એટલે સર્વ કર્મરહિતપણું થવું તે આત્માનું સ્વરૂપ. પિંડ થવો, ઠીબ કે ઘડો થવો એ માટીનું સ્વરૂપ, તેમ આ આત્માના સ્વરૂપનો જે નાશ તેને અંગે આત્માની હિંસા. પ્રાણોના સાથે જીવોનો વિજોગ તે મરણ. જેઓને પ્રાણ અને આત્મા જુદા માનવા નથી તેને હિંસાનો સંબંધ નથી જે એકાંત જુદાં માને તેને હિંસાનો સંબંધ નથી. આ આત્મા પ્રાણોથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન માને તેજ હિંસા માની શકે.

## શરીર એ આત્મા અને આત્મા એ શરીર

પ્રાણોને ધારણ ક્યારે કરે? કથંચિત્ અભિન્ન હોય ત્યારે. વર્તમાન ભવની અપેક્ષાએ અનુભવથી અભિન્નપણું માનવું પડશે.

અતીત કાળની અપેક્ષાએ ભિન્નપણું માનવું પડશે. અવતારની કલ્પનામાં ગયા પછી એ લોકોને આત્મા અને શરીરનો સર્વથા ભેદ માન્યા સિવાય છૂટકો નથી. નાસ્તિકના મતમાં અભિન્ન માનવા સિવાય છૂટકો નથી શરીર સુધી આત્મા એમ ન માને તો બીજો ભવ માનવો પડે. શરીર એ આત્મા અને આત્મા એ જ શરીર માન્યા સિવાય છૂટકો નથી.

## દ્રવ્યની અપેક્ષાએ નિત્યપણું અને પર્યાયની અપેક્ષાએ અનિત્યપણું

નિત્યઅનિત્યપક્ષમાં આવવું હતું. સ્વરૂપ ન ખસે તેટલા પૂરતું નિત્ય. એનામાં પલટો ન થાય, નવી સ્થિતિ ઉત્પન્ન ન થાય તેવી રીતે આત્મા નિત્ય થઈ શકે નહિ પદાર્થો તે તે ક્ષણે નાશ પામે છે, ને ઉત્પન્ન થાય છે. એક સ્વભાવે કોઈ ચીજ રહી શકતી નથી. બીજા, જેનો કોઈ પણ અંશ જાવે નહિ, જેનો કંઈ પણ અંશ ઉત્પન્ન થાય નહિ, જેના સ્વભાવમાં ફરક પડે નહિ તેવું નિત્ય માને છે, પણ આવું અસંભવિત છે. ક્ષણે ક્ષણે સ્વભાવને ન પલટતી હોય તેવી કોઈ ચીજ નથી. નવા સ્વભાવને ન લેતી હોય તેવી કોઈ ચીજ નથી. આપણે એ માનીએ છીએ-નિત્યઅનિત્યપણું. જે ભાવની, સ્વરૂપની વિવક્ષા કરીએ તો તેનો નાશ ન થવો તેનું નામ નિત્ય. આત્માપણું મનુષ્યમાં છે. આત્માપણું ઉત્પન્ન થવાવાળી ચીજ નથી અને નાશ પામવાવાળી ચીજ નથી. આત્માના દ્રવ્યપણે આત્માનો કોઈ દિવસ નાશ નથી. ચાહે તો અનંતા કાળચક્રો જશે પણ આત્માપણું નાશ પામવાવાળું નથી. તેની અવસ્થા નાશ પામે છે. મનુષ્યપણાની અવસ્થા નાશ પામશે, દેવની અવસ્થા થશે એમ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય કોઈ પણ ચીજ એકલા દ્રવ્ય કે એકલા પર્યાયરૂપે નથી પર્યાય વગરનું દ્રવ્ય નથી અને દ્રવ્ય વગરના પર્યાય જગતભરમાં નથી. દ્રવ્યની અપેક્ષાએ નિત્યપણું અને પર્યાયની અપેક્ષાએ અનિત્યપણું આમ માનવાથી પ્રાણાતિપાત-

ત્રિરમણ માની શકાય. દુનિયાની વાત કરે તો કબૂલ કરવું પડે કે છાંયડો અને તડકો બન્ને હોય. જેને તડકા, છાંયડા વગરની જમા લેવી હોય તો કલ્પિત જમા ઊભી કરવી પડે. કર્મબંધને બંધાયેલા આત્મા ભલે કર્મ છોડીને મોક્ષે ગયા હોય, પણ પહેલાં કર્મથી બંધાયેલા હતા. કલ્પિતને કુહાડાનો ઘા લાગે નહિ કુહાડો સાચી ચીજ હોય તેને લાગે. કર્તા તરીકે ઇશ્વર કલ્પ્યો તેથી નિત્યપણાનો કે અનિત્યપણાનો ઘા નહિ. ઈશ્વરને નિત્ય માને તો હુંડી રહે. ઇશ્વરના નામે હુંડી લખવી છે, તો ઇશ્વરને અનિત્ય માને તો હુંડી પાછી ફરે ઈશ્વરને હંમેશાં એક જ સ્વરૂપ માની લીધો. એકલા ઇશ્વરને એવો કહે તે ન પાલવે તેથી આકાશ અને પરમાણુ પણ નિત્ય માન્યા. તે નિત્ય માનવામાં બે વિભાગ. કેટલાક એવા છે કે કેટલાંક નિત્ય અને કેટલાક અનિત્ય. એક ભાગ એવો છે કે બધાં નિત્ય. માટીમાંથી ઘડો બનતો અને ફૂટતો દેખીએ છીએ તો કેમ બને! કારણમાં કાર્ય રહેલું છે એમ સાંખ્ય કહે છે, નહિ તો ઘડો કરવો હોય તો માટી કેમ લેવી છે? માટીમાં કથંચિત્ ઘડાપણું રહેલું છે. કારણમાં કાર્ય હંમેશાં છે આ સત્કાર્યવાદ.

**મોર કળા કરે ત્યારે પીઠ ઉઘાડી થાય તેનું ભાન ન હોય**

વૈશેષિક અને નૈયાયિક અસત્કાર્યવાદ માને છે. તાંતણામાં લૂગડું છે, તો વણવાનું શું કામ? કહો કારણમાં કાર્ય ન હતું તેથી અનિત્ય એમ તેઓ માને છે. કાર્ય તરીકે વ્યવહારમાં ન આવે તે નિત્ય. આકાશ, કાળ અને દિશા તે નિત્ય. ઘટ, પટાદિ વ્યવહારમાં જે આવે તે અનિત્ય, કાર્ય તરીકે અનિત્ય. સાંખ્યોએ બધું નિત્ય માન્યું. કારણ, કારણમાં કાર્ય રહેલું હતું. માટી હતી તો ઘડો થયો. ઘડો ફૂટશે તો તે માટીમાંથી ઘડો થવાનો. કાર્ય વિદ્યમાન છે. એક ઈશ્વરને નિત્ય ઠરાવવા માટે આખા જગતને નિત્ય ઠરાવી દીધું. મોર કળા કરે, બધાં પીંછાં ઊભાં કરે પણ પૂંઠ ઉઘાડી થાય તેનું ભાન ન હોય.

**જૈન જાતને હુંડી લખવી નથી**

સત્કાર્યવાદ માન્યો-માટીમાં ઘડો છે તેને ચાકે કુંભારે શું કર્યું?

માટે પરમાણુરૂપે નિત્ય અને સ્કંધરૂપે અનિત્ય છે એમ નૈયાયિક આદિ કહે છે. પણ બિલાડી દૂધ દેખે, ડાંગ ન દેખે માત્ર તેઓને ઈશ્વરી હુંડી માનવી છે. જ્યારે જૈન મતને હુંડી લખવી નથી. તેમને તો સીધું સ્વરૂપ કહેવાનું છે કે આત્મા દ્રવ્ય થકી નિત્ય અને પર્યાયે અનિત્ય છે. તેમ જગતના સર્વ પદાર્થો દ્રવ્ય થકી નિત્ય અને પર્યાય થકી અનિત્ય. દ્રવ્યપર્યાયથી નિત્યાનિત્યપણું માને તોજ આત્માને પ્રાણનો સંબંધ–નાશ થયો માની શકાય. કર્મ બાંધતા જીવ બંધક અવસ્થામાં હતો, વિરતિ કરી તો અબંધકદશામાં ગયો. જેઓ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય માને તે જ પ્રાણ ને આત્માનો સંબંધ અને વિજોગ માની શકે, કર્મનો વિજોગ માની શકે. પ્રાણાતિપાતવિરમણ તેમના મતે બની શકે આ કહીને એ નક્કી કર્યું. પ્રાણ એ આત્માના સંબંધવાળી ચીજ છતાં નાશ સંભવિત છે. નાશ કર્મબંધ કરાવનારો છે માટે એ નાશ ન થાય તે બુદ્ધિ દરેક ધર્મની ખાતર રાખવી જોઈએ, એવી બુદ્ધિવાળો પ્રાણાતિપાતવિરમણ કરી શકે. પ્રાણાતિપાતના સ્વરૂપને અંગે અહિં વધારે વિવેચન ન કરતાં આગળ ચાલીએ. પ્રાણનો નાશ થાય, મરણનો પ્રસંગ આવે તો દુઃખ થાય તો તે સ્વાભાવિક. તેની અશુચિતા માનવી પડે. અમારા પ્રાણનો વિજોગ અમને અપ્રિય અને દુઃખ દેનારો લાગે, તેથી કોઈના પ્રાણનો વિજોગ કરવો તે દુઃખદાયી છે.

### આઘાત કરનારી તે પણ કર્મબંધનું કારણ

પહેલા વ્રતમાં જીવોના પ્રાણોનો નાશ ન કરવો તે કબૂલ કરીએ, એકે જીવ પ્રાણ વગરનો નથી. પ્રાણ નાશ કરવો તે સ્વાભાવિક મિલકતનો નાશ કરવો.

બીજું વ્રત '**મૃષાવાદવિરમણ**' કહ્યું તે કબૂલ, પણ હાંક્યું છે ધતીંગ. મૃષાવાદથી વિરમવું ને પાપથી પાછા હઠવું એ ધતીંગ છે, કારણ ? પહેલાં ભાષા ચીજ શી ? ભાષા લોકોની કલ્પિત ચીજ. પ્રાણ જેવા સ્વાભાવિક તેવી ભાષા સ્વાભાવિક નથી. પ્રાણ વગરનો કોઈ

પ્રાણી નથી. તેમ ભાષા વગરનો કોઈ પ્રાણી નથી એમ ન કહી શકો. ભાષા વ્યાપક નથી. જીવની સાથે વળગેલી ચીજ નથી, બનાવટી ચીજ છે. એ બનાવટી ચીજ ઉપર આધાર રાખ્યો. તેના ઉપર પાપ રાખ્યું તે શી રીતે માનવું ? સો માણસની મરજીએ આને કાળો રંગ બનાવ્યો. તેની મરજી વિરુદ્ધ ધોળો કહું તો પાપ લાગે, કેવી રીતે ? પાપપુણ્ય જગતમાં ઉત્પન્ન કરાયેલા કે સ્વાભાવિક ચીજ છે ? તીર્થંકર પુણ્યપાપને બતાવનાર છે, બનાવનાર નથી અહીં ભાષા બનાવટી ચીજ. તેમાં બનાવનાર કયાં કહ્યું ? ભાષાનો ઊથલો બનાવટી તો મૃષાવાદનું પાપ બનાવટી. બનાવટી, તો તીર્થંકરે ન બનાવ્યું પણ લોકોએ એ પાપ બનાવ્યું. મૃષાવાદ બનાવટી, પાપ બનાવટી તો તેનાથી પાછા હઠવાનું, મહાવ્રત તો બનાવટી રહેવાનું આવું કહેનારાએ વિચારવું જોઈએ કે તારી અપેક્ષાએ તો પ્રાણ બનાવટી છે. બનાવટી હોવાથી આત્માને અસર થતી હોય તો ખસી શકે નહિ. પ્રાણના વિજોગે દુઃખ ઉત્પન્ન થાય. ભાષાપર્યાપ્તિવાળાએ ભાષા કબૂલ કરેલી ચીજ છે. તો પછી પ્રાણના ઊથલાની માફક ભાષાનો ઊથલો કર્મનું કારણ થાય. જેમ હિંસા કરવાથી આત્માને દુઃખ થાય તેથી પાપ માનીએ, તેવી રીતે જે પદાર્થ જેવી રીતે કહેવાયો તેનાથી જુદા રૂપે કહેવામાં આવે તો તેને તેના પ્રાણનો આઘાત થવાને કે નહિ ! આઘાત કરનારી ભાષા તે કર્મબંધનું કારણ છે. ઊલટા રસ્તે આત્માને દોરનારી ભાષા તે મૃષા. અને માટે મૃષાવાદવિરમણ વ્રત રાખ્યું. આના પછી ભાષાનું સ્વરૂપ લેવું તે અગ્રે.

---

# વ્યાખ્યાન ૭૨

## માન્યતાનો ફરક તે અનર્થનું મૂળ

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ સુધર્મસ્વામીજી ગણધર મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે, શાસનની પ્રવૃત્તિ માટે અને મોક્ષમા-

નો પ્રવાહ સતત વહેવડાવવા માટે પ્રતિબોધ અને પ્રવજ્યા પામ્યાની સાથે મિથ્યાત્વ આત્માને કઈ રીતે સંસારમાં રખડાવે છે, અવિરતિ કેવી રીતે જીવોને અનાદિકાળથી ભટકાવે છે તે વાતને ખ્યાલમાં લીધી. કેમ કે જગતમાં માન્યતાનો ફરક તે અનર્થનું મૂળ છે. નાનાં છોકરાને કાચના કકડાને લીધે માન્યતા હીરાની થઈ ગઈ. જ્યાં માન્યતા ઊલટી હોય ત્યાં જ્ઞાન ઊલટું થાય અને જ્ઞાન ઊલટું હોય ત્યાં માન્યતા ઊલટી થાય. છોકરાએ કાચના કટકામાં હીરાની માન્યતા કરી. તે જ છોકરા હાથમાં સાચો હીરો મેળવી શકે તો તેને મેળવવાના સાધનો મેળવવા ન માગે. કાચના કટકારૂપી જે હીરો છે તેના સાધનો તપાસશે અને તેથી તે જ કાચના કટકાઓ મળશે ત્યારે ખુશ થશે. મહેનત કાચના કટકા માટે કરશે. સાચા હીરા કે તેના સાધનો જાણવા માટે કે તેને મેળવવા માટે પ્રયત્ન કરતા બાળકને જોઈ શકતા નથી.

## નાનાં બચ્ચાંનું દૃષ્ટાંત

તેનો પ્રયત્ન કાચના કટકા કેમ મેળવવા, તે મેળવવા માટે શું કરવું વગેરેનો. તે મળે ત્યારે કૃતાર્થ, આ દશા બાળકની છે. આપણે આત્માને તેના સ્વાભાવિક સ્વરૂપે માન્યો નથી, જાણ્યો નથી, અને તેના તરફ ઉદ્યમ કર્યો નથી, તેની વાત આવે તો ન ગમે, નાનાં છોકરાને મોટા ઝવેરીના ચોપડા વગેરે ન ગમે. તેને તો કાચનો કટકો પેટીમાં પડે તે દોડ ભજ કૂદે. જે પર (જડ)માં રમી રહ્યા, સ્વ (આત્મા) ને માન્યો નહિ, જાણ્યો નહિ તેના ઉપર લક્ષ દીધું નહિ, નાના છોકરાને મન ઝવેરાતનો વેપાર છોડવા લાયક. તેને ઝવેરીની દુકાને બેસવું પડે, ચવના હિસાબ જાણવા પડે તો મોત પડે. તેમ આપણે અનાદિથી આત્માના સ્વરૂપની વાત તરફ અરુચિવાળા, ગમે નહિ, ઊંઘ આવે, પ્રમાદ થાય, ને ભૂલી જવાય, તેમ ચવના હિસાબ છોકરો ભૂલે, પણ કાચના કટકાના હિસાબ તેના ધ્યાનમાં સારા સાત કાચ હતા કોણે લીધા? ૬ કેમ? દાગીના ખોવાઈ જાય તેની ખોળ માબાપ કરે. છોકરાને તેનું કાંઈ નહિ, પણ કાચના કટકાની

ગવેષણા પોતે કરે. જેવી રીતે એ નાના બચ્ચાંની માન્યતા, સમજણ અને વર્તનમાં કાચના કટકા પર તત્ત્વ હતું. સાચા હીરાને માટે કાંઈ ન હતું. તેવી રીતે આ પણ જીવ અનાદિથી એ સ્થિતિમાં છે કે પૌદ્ગલિક સુખ તેજ સુખ, તેનો જ હિસાબ, અને પ્રયત્ન પણ એ જ. મળે તેમાં રાજી, તે જાય તેમાં નારાજી.

**આ જીવને કર્મબંધનના કારણો મીઠામાં મીઠા**

આત્માનું સ્વરૂપ નથી જાણવા કે માનવા તૈયાર, તેમ નથી તેના ઉપાયો મેળવવા તૈયાર. આ વાત વિચારશો તો અનંતી વખત આ જીવ જિનેશ્વરના શાસનને પામ્યો, સાંભળ્યું, છતાં તેની દશા એવીની એવીજ રહી. કોઈ પણ પ્રકારે જેમ નાના બચ્ચાની દશા એ સાચા હીરા તરફ આવતી નથી, હીરાની વીંટી એના હાથે ઘાલી દો, સાચા માણેકથી મઢી દો પણ તેને તો તેનો ઊલટો ભાર, રસ નહિ, રસ શામાં ? કાચના કટકામાં. તેમ આ જીવને દુનિયામાં કડવામાં કડવી ચીજ હોય તો ધર્મ અને મીઠામાં મીઠી ચીજ હોય તો કર્મ. કર્મબંધના કારણો મીઠામાં મીઠા. મોઢેથી શબ્દ બોલે નહિ. નાનું બચ્ચું હીરો નકામો છે તેમ બોલતો નથી, છતાં સાચો હીરો કયો તે ઓળખવા તૈયાર નથી. સાચા હીરા માટે પ્રયત્ન કરવા, કે મળી જાય તો રાજી થવા તૈયાર નથી, પણ કાચના કટકાને ઓળખવા અને મેળવવા તૈયાર. મળે તો કૂદવા અને જાય તો રોવા તૈયાર. આ જીવ પૌદ્ગલિક પદાર્થોને સુખના સાધનો માનવા તૈયાર થયો છે, સુખ માનવા તૈયાર છે. હીરો શબ્દ નાનો બાળક કાચના કટકામાં લગાડે છે, તેમ આ જીવ સુખ પૌદ્ગલિક વસ્તુમાં લગાડવા તૈયાર છે. આત્માના સ્વરૂપમાં સુખ શબ્દ લગાડવા તૈયાર નથી.

**નાનું છોકરું હીરાની કિંમત કાચથી કરે**

સિદ્ધમાં શું ? ખાવું નહિ, પીવું નહિ અને ઓઢવું નહિ. સિદ્ધની તુલના લૂગડાંથી કરી, નાનું છોકરું હીરાની કિંમત કાચથી કરે. કાચના કટકાના હિસાબમાં સાચો હીરો હોય તો લેવા તૈયાર

પણ કઈ બુદ્ધિએ ? તુલના કાચના કટકાની સાથે. સિદ્ધનું સુખ, સિદ્ધપણું એને સિદ્ધની સ્થિતિ માનવા તૈયાર થઈએ, પણ પૌદ્ગલિક સુખની તુલનાએ ત્યાં ખાવા-પીવાનું નહિ, બૈરીછોકરાં નહિ એ સવાલ ક્યારે થાય ? નાનો છોકરો કાચમાં પાંચ રંગ દેખે, હીરામાં પાંચ રંગ દેખાય નહિ. કહે, આને શું કરે ? આમાં પાંચ રંગ દેખાતા નથી. બિચારા અજ્ઞાન બાળક પાંચ રંગના દેખાવ પર સાચા હીરાની કિંમત કરવા જાય. તે જરૂર સાચા હીરાને લેનારો થઈ શકે નહિ. તેમ આ જીવ સિદ્ધની સ્થિતિ કે સુખ પૌદ્ગલિક સુખની અપેક્ષાએ તપાસે. ખાવાપીવાનું મળતું હોય કે હરવાફરવાનું મળે તો સિદ્ધપણું જોઈએ. આમ સિદ્ધિ લેવા જાય તો પાંચ રંગના હિસાબે સાચા હીરાને લઈ શકે નહિ, પણ ઠગાય. પુદ્ગલને જીવન માન્યું તે અપેક્ષાએ તુલના કરવા જાય. જેમ એકલા કાચના કટકાથી હારેલા બાળકને સાચા હીરાની સ્વપ્નમાં પણ સવડ નથી, તેવી રીતે આત્માના શુદ્ધ સ્વરૂપને અનાદિથી રખડ્યા છતાં સ્વપ્ને પણ સંભાર્યું નહિ તેથી અનાદિથી આ જીવ મિથ્યાત્વમોહનીયમાં મશગુલ છે.

## આત્માની ઓળખાણ ક્યારે આવે ?

નાનું બચ્ચું સાચા હીરાને પામે ક્યાં ? તેમ આ જીવ આત્માનું સ્વરૂપ સમજે ક્યાં ? સ્થિતિ. સુખ સમજે ક્યાં ? ઝવેરીનો હિસાબ એ પણ જકડી નાંખે ત્યારે આવડે. એ હિસાબો સહેજે નથી આવડતા. આત્માની ઓળખાણ આંતરડાં ઊંચા લાવો ત્યારે આવે. સાચો મોટો ઝવેરાતનો વેપારી કાચના ટુકડાના પ્રયત્નને કઈ સ્થિતિએ દેખે ? બચ્ચાંએ ભરેલી આખી પેટી, તો પણ સાચા હીરાના જાણકારને તેની કિંમત કેટલી ? જેને આત્માનું સુખ ખ્યાલમાં આવ્યું તેને મન ચક્રવર્તી પણ કાચના કટકાથી પેટી ભરનારા બાળકજ છે. અધિક કટકા ભેકઠા કરે તેમ વધારે કાલા લાગે. તેમ અહીં પણ જે આત્મા તરફ દૃષ્ટિ કરનારા, આત્માના સ્વરૂપ, સાધનને સમજનારા, સ્થિતિને લક્ષમાં લઈને તે પ્રમાણે વર્તનારા છે, તેમને દેવેન્દ્ર કે ચક્રવર્તી સરખા પણ કાલા લાગે. સમકિતી જીવને એ આખી ચારે ગતિનો સંસાર, ને ઈંદ્રની

કે સામાનિકની સ્થિતિ હોય તે પણ બધું કંટાળાભર્યું લાગે. ઝવેરાતની પરીક્ષા થઈ ગઈ કે કાચના કટકાની પેટી કરુણા ઉપજાવે. અરરર! આની દશા શી? કાચના કુકા ભેળા કરનારો આ બાળક મોજ માને છે, પણ ઝવેરીના જિગરમાં ઝેર રેડાય છે. શાથી? આ બિચારાની આ દશા! તેવી રીતે સમકિતવાળો જીવ ચારે ગતિના કોઈ જીવને દેખે ત્યારે તેને તો દયાનો ઝરો પ્રગટે, મિથ્યાત્વને અંગે ઝેર વરસે, આની દશા શી થવાની? માન્યતાના પલટાને અંગે આ બધું છે. નાનાં બચ્ચાંએ હીરાની માન્યતા કાચના કટકામાં કરી. મેળવવા શું માગે! કાચના કટકા. કાચના કટકા મળતા હોય તે સ્થાનો ખોળે. નાનાં બચ્ચાં ઝવેરીબજારમાં ન પેસે. કાચવાળાની દુકાન હોય ત્યાં જ દોડે છે. તેવી રીતે આ જીવ જ્યાં પૌદ્‌ગલિક સ્થિતિ હોય ત્યાં જ દોડવા તૈયાર. જિનેશ્વરના શાસનમાં–ઝવેરી બજારમાં જોવા પણ તૈયાર નથી. ઝુમ્મરના કાચને હીરા માનીને બેઠેલો છોકરો ઝવેરી બજારને જોવા તૈયાર નથી. ફર્નિચરવાળાને ત્યાં ફેરા–આંટા ખાવા તૈયાર. તેમ આ જીવ પૌદ્‌ગલિક સુખની દુકાનમાં ફેરા ખાઈ રહ્યો છે. નાનું બચ્ચું કાચના કટકામાં કૂદે છે, તેવી રીતે આ જીવ જ્યાં પૌદ્‌ગલિક સાધન મળી ગયું ત્યાં હરખેલો થવાને તૈયાર.

## વાર્યા કે હાર્યા રહે નહિ

આવી દશા જગતના જીવોની દેખવામાં આવે તે વખત ગણધરનું અંતઃકરણ શું કરે? અનંતા વાર્યા નહિ રહેવાના, હાર્યા તો રહ્યા જ નથી. નાનાં બચ્ચાંને હીરાને કાચ માનતો હાર્યો રહેતો દેખશો? સિતારો પાધરો હોય ને સમજણ પડે તો રહે, બાકી નાનો છોકરો કાચના કટકાથી હાર્યો કે વાર્યો રહેવાનો નથી. આ જીવ પૌદ્‌ગલિક પદાર્થોને સુખના સાધનો માનતો હાર્યો રહ્યો નહિ. વાર્યો પણ રહે તેમ નથી. પૌદ્‌ગલિક પદાર્થોના સુખને લીધે હાર્યો રહ્યો હોય તો અનંતી વખત નિગોદમાં ગયો હતો ત્યાંથી તો ચેતી જાત. જેમ નાનાં બચ્ચાં કાચના કટકાને હીરા માનતા હાર્યાં રહેતા નથી, તેમ જીવ પૌદ્‌ગલિક પદાર્થને સુખસાધન માનતો હાર્યો રહેતો નથી. હાર્યો ત્યારે હડકાયો

થાય છે. વારે ત્યારે વલખાં મારે. હવે એને સુધારવાનો રસ્તો કયો ? પૌદ્ગલિક ચીજ નાશ પામી તો ઓ બાપરે ! મારું આમ થયું ! હડકાયો થયો! અરે મહાનુભાવ ! તારું કાંઈ નથી. એ જડ, તું ચેતન તારે ને એને સંબંધ શો કે જેથી વલખાં મારે! મને બાંધી લીધો, રોકી લીધો, મારું કાંઇ ધાર્યું ન થયું, હવે સુધરે ક્યારે ? કાચનો હીરો તૂટી જાય તો નાનું બચ્ચું પોક મેલે. માબાપ ખસેડી લે તો રીસાઇ જાય. તે હાર્યો, વાર્યો રહેતો નથી. તેમ આ જીવ અનાદિથી પુદ્ગલને સુખ માની બેઠો તેને લીધે નથી હાર્યો રહેતો કે વાર્યો રહેતો. રહેવાનો રસ્તો એક જ-સમજણ. સમજણ થાય તો કાચના કટકામાં વારે કે હારે તો એ રહે. જે કાચના કટકા માટે રીસાતો કે ક્લેશ કરતો હતો, તે જ છોકરો સમજે તે વખત પોતાની પેટી પોતે ખાલી કરી ફેંકી દે છે. તમે એવી પેટી ફેંકીને મનને રાજી ન રાખી શકો. એ તો પોતે સમજે તો આખી પેટી ઊંધી વાળી દે છે. તેમ આ જીવની કર્મરાજા નુકશાન કરે છે તેમાં આ જીવ સમજે તેવો નથી, પૌદ્ગલિક બાજીમાં હારવામાં કે વારવામાં રહે તેમ નથી. સમજણો થાય તો પોતાની મેળે પેટી ફેંકી દે છે. તેમ આ જીવ આત્માનું સ્વરૂપ, સુખ, સ્વાભાવિક દશા સમજે તે વખતે ચૌદ રાજલોકનું ઈંદ્રપણું મળ્યું હોય તો તે બધું ફેંકવાલાયક ગણે પૈસા બદલે પૈશાવર જઈએ, તો ચક્રવર્તીએ ૭ ખંડ, નવ નિધાન, ચૌદ રત્ન કેમ છોડયાં હશે? એક લાખ બાણું હજાર સ્ત્રી છોડે તે સમજુ બનીને, શાણા બનેલાએ ફેંકેલા હીરા, બીજા અણ-સમજુ તો તેને લૂંટની મિલકત જાણે. કાચના કટકાથી પેટી ભરનારા ચક્રવર્તી સરખા છ ખંડ વગેરે છોડે તે વખત બીજાને આશ્ચર્ય લાગે. કોને ? જે પુદ્ગલના પરોણા થઈને પોષાતા હોય તેને, પણ આત્મારામના અતિથિઓને તો એ સ્વાભાવિક લાગે. નાનો છોકરો નાના કાચથી ભરેલી પેટી જોઈ ખુશ થાય, પણ ઝવેરીને કાંઈ નહિ. આત્મારામના અતિથિને તો ચક્રવર્તી ૭ ખંડ વગેરે છોડે કે ઋદ્ધિ-સમૃદ્ધિ છોડી દે તેનું કાંઇ લાગે નહિ. ત્યારે માલમ

પડશે કે આ જીવ કાચના કટકામાં કેટલો કાળ અટવાયો ? બધો કાળ, અનંતા પુદ્ગલપરાવર્ત. એ પણ કાચના કટકાની કેળવણીમાં કાઢયો. આ દશા ગણધરના દેખવામાં સમજવામાં આવી, દયા ઉત્પન્ન થઈ. કાચના કટકાને હીરા માનનારો હાર્યો, વાર્યો ન રહે. પુદ્ગલની બાજી કાચના કટકાને હીરા બનાવીને બેઠી છે. નાનું બચ્ચું હાર્યું, વાર્યું ન બેસે. તેમ આ જીવ શુદ્ધ માર્ગમાં ન આવ્યો ત્યાં સુધી પૌદ્ગલિક વૃદ્ધિમાં હર્ષઘેલો, હાનિમાં હડકાયો થાય: કાચના કટકાનો કચરો સમજણથીજ સરકાવાય, તેમ અહીં પણ પૌદ્ગલિક પદાર્થોને સુખરૂપ, સાધનરૂપ માની બેઠો છે તે હાર્યો કે વાર્યો રસ્તે આવે તેમ નથી. સમજણમાં આવે તો સરકાવી દે છે, સમજણમાં આવે તે વખત આખી પેટી ખાલી કરનારો, એક એકને ઊંચાનીચા ગણે નહિ. એ કાચના કટકાની કિંમત ન હોવાથી આખી પેટી કે અધી પેટી છોડે તેની કિંમત નથી. સમજણો થયો તેથી તેની કિંમત. સાચું સ્વરૂપ સમજવામાં આવ્યું ત્યાં કાચના કટકા કેટલા છોડ્યા તેની કિંમત નહિ. સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તે વખતે ચક્રવર્તી, શ્રીમંત, માંડલિક હતો તેની કિંમત રહેતી નથી. કાચના કેટલા કટકા છોડ્યા તેની સમજુપણા વખતે કિંમત નથી. તેમ સમ્યક્ત્વ–સામાયિક આવે ત્યાં ચક્રવર્તી કે દરિદ્રી બધા સર્વ સાવદ્યના ત્યાગી હોય તેમાં કોઈ જાતનો ફરક નથી. કારણ ? અજ્ઞાન દશામાં વધારે ટાંટિયા ભાંગ્યા. તેવી રીતે અહીં સમતાભાવમાં જીવ આવે તે વખત લાગે કે આ તો બધા કાંટા વધાર્યા હતા. કોઈ પડે એક કાંટા પર, કોઈ પડે આખી ડાખલી ઉપર, કોઈ પડે આખા ભારા ઉપર. આ પૌદ્ગલિક પદાર્થોની જેમ અધિક સંખ્યા તેમ ભારો. આ તો કાંટાનો ઉપાડો, ભારો છે. શાસ્ત્રકારોએ નિષેધ કરેલો છતાં પણ કેટલાક સાધુને એ ઉપાડાનો સજ્જડ ડર લાગે કે તેને લીધે નિયાણું કરનારા થાય કે આવતે ભવે મને ઋદ્ધિ સિદ્ધિ કે કુટુંબકબીલો ન મળજો.

**એવું નિયાણું કરનાર ચારિત્ર પામે પણ કેવળજ્ઞાન ન પામે**

નિયાણું કરવાનો નિષેધ કેમ ? જીવતાં જાઉં છું પણ સામો

મનુષ્ય ન આવજો એમ શૂરવીર ન બોલે. રૂમોનીયાની વોરની વખત રશિયન સ્ટીમર તળિએ પહોંચી ગઈ. જર્મન ચાન્સેલરને કહેવડાવ્યું, કાઢો બહાર! રશિયન સ્ટીમર છે. આનાકાની કરી કામ ન આવે. કાં તો બહાર કાઢો, કાં તો લડાઇમાં ઊતરો! જે ઊતરી પડે તેની સામા લડવું છે. તેમ આત્મા એવી રીતે કેળવાવો જોઇએ કે ચાહે તેટલી ઋદ્ધિ સમૃદ્ધિ હોય તેને તોડી નાખવાને હું તાકાતવાન્ છું. રશિયા એકલું ઊતરો કે જર્મન સાથે ઊતરો. તેમ આ આત્મા મોક્ષમાર્ગે પ્રયાણ કરે તે વખતે કોણ આડું આવશે તેની દરકાર નહિ કરે. ચક્રરત્ન ઉપર જેને ભરોસો છે તે કોણ શત્રુ થશે કોણ આગળ આવશે તેની ચિંતા કરે નહિ. જેણે કર્મદલનો સામાયિકરૂપી શત્રુ હાથમાં લીધો છે તેને આખી દુનિયા શત્રુ હોય તોય તેને હઠાવવા તૈયાર. ચક્રરત્નમાં એક અપલક્ષણ કયું? ઘરનો પક્ષપાત કરે, ગોત્રનો મનુષ્ય વિરોધી હોય, આજ્ઞા ન માને તોય ત્યાં ચક્રરત્ન ચૂપ રહે. પણ સામાયિકરૂપી ચક્રરત્ન પુદ્ગલો પર આત્મા ઓળખાય તો તેની ઉપર પણ જય મેળવે. સામાયિક આત્માને અવળો ન થવા દે. ચક્રરત્ન કુટુંબ અવળું થાય તો ચૂપ. ભરત, બાહુબલજી બાર વર્ષ સુધી લડયા. લોહીની નીક વહેવડાવી. આવા વેરીની વખત ચક્રરત્ન ચૂપ રહ્યું. જ્યારે આ સમતા—સામાયિકરૂપી ચક્રરત્ન પરને અને સ્વને પણ પરાક્રમ દેખાડે. આ સામર્થ્ય ઉપર જેને ભરોસો ન હોય તે શત્રુ સામો ન આવે, પણ સામાયિકને તે સારું કહે. જેને ભરોસો હોય તેને ચાહે જેટલા શત્રુ હોય તો પણ એક પંડ બસ છે. સનત્કુમારની કથામાં યક્ષો, રાક્ષસો લડાઇમાં ઉતરી પડયા. ત્યાં એકલા ચક્રવર્તીએ ખોડો કાઢી નાખ્યો છે. પંડ ઉપર સલામત સૈન્યની સજાવટ ન ગણે પંડનું જ પરાક્રમ, તેમ અહીં સામાયિકવાળો આત્મા પંડના પરાક્રમવાળો હોય, તેથી ચાહે તેટલું સૈન્ય આવે તેને પરાસ્ત કરવા સમર્થ છે. નિયાણાનો નિષેધ કર્યો, છતાં કેટલાક સાધુઓ એ સંસારથી ત્રાસ પામી ગયા હોય કે મારે મારા માર્ગે જવું તેમાં આ માથાકૂટ શી? માટે આ માથાકૂટ આવતે ભવે જોઇએ નહિ. આવું નિયાણું કરનાર ચારિત્ર પામે, પણ કેવળજ્ઞાન ન પામે.

સામાયિકરૂપી ચક્રરત્નનો ભરોસો ન રહ્યો તેથી કેવળજ્ઞાન ન પામે. વધારે કાચ ભેગા કરનારો સમજે ત્યારે વધારે દુઃખી થાય. તેમ આ જીવ તત્ત્વનું સ્વરૂપ સમજે, આત્માનું અવ્યાબાધ સુખ પામવાની લાયકાત સમજે ત્યારે પ્રપંચો કર્યા હોય તેને અંગે રોવું આવે '**तस्स भंते पडिक्कमामि० अप्पाणं वोसिरामि**' એ તો કાચને હીરારૂપે ગણ્યા હતા તેનો કકળાટ કહાય છે. જેમ સમજુ થયેલાને પહેલાની દશા સેવડાવનાર થાય તેમ સામાયિકમાં ચઢેલો આત્મા, સમ્યક્ત્વના સોપાના શિખરે ચઢેલો આત્મા પૌદ્ગલિક સુખને અંગે આંસુ ઢાળે. સમજણમાં આવે ત્યારે માન્યતા સુધરે. સાચા પદાર્થો સમજે તો જ મહેનત કરે. સાચા પદાર્થો જણાવવા, મનાવવા બધામાં સમજણ રસ્તો છે. તે વાત ધ્યાનમાં લઈ સુધર્માસ્વામીજી પ્રતિબોધ પામ્યા, પ્રવ્રજ્યા લીધી તે વખત આ જગતને સમજુ કેમ બનાવું એમ થયું.

## બાવાજી નાચે તો મોરલી પણ નાચે

જિનેશ્વરને જોનારા સમજુ કેમ બને? સડકે મુસાફરી કરવા સજ્જ બનેલા સમજુ કેમ બને તે માટે ચૌદ પૂર્વ અને અંગની રચના કરી. **આચારાંગ**, સૂયગડાંગ, અને ઠાણાંગજીમાં આચાર, વિચાર અને વર્ગીકરણ કર્યાં પછી ઠાણાંગના પાંચમા ઠાણમાં પાંચ મહાવ્રતના અધિકારમાં જીવહિંસાને પાપ માનવું તે અનુભવસિદ્ધ છે. સંસારી પ્રાણી માત્ર પ્રાણ જવામાં દુઃખ માનવાવાળા છે. પ્રાણ જતાં તેને અંગે થયેલી ઉન્નતિ બધી ચાલી જાય, તેથી પ્રાણ નાશ કરવો તે પાપસ્વરૂપે માની શકાય પણ જૂઠને પાપ માનવું! 'બાવાજી નાચે તો મોરલી પણ નાચે' આ દુનિયા જેમ બહેકાટ કરે તેમ કરવી. આને ચાર પાયા તો તમારે ચાર પાયા માનવા બહેકાવટમાં ન જાઓ તો હિંસામાં પાપ લાગી ગયું માનજો! દુનિયા કહે ત્રણ પછી ચારનો આંક આવે, તો તમારેય તે માનવું પડે. દુનિયાના ગુલામ. દુનિયાનું ગાયું ન ગાઓ તો પાપ. કોના ઘરનો ન્યાય! જૂઠ એ સ્વાભાવિક કેમ? દુનિયા જેમ કહે તેમ બોલવું તો સાચું, ઊલટું બોલ્યા તો પાપ લાગ્યું. પ્રાણ, પ્રાણની રક્ષા અને પ્રાણના નાશનો ભય

સ્વાભાવિક હતો. દોઢમો મનુષ્યોએ ઠરાવ્યું કે આને સોળવડું ગણવું, પછી પાપ કઈ જગો પર માનવું? સોળવડું કહેવામાં પાપથી બચ્યો?

## શબ્દ એ દલાલ

પાપથી બચ્યો શામાં? પાપ લાગ્યું શામાં? દરેકમાં જુદી બુદ્ધિ છે. પાંચ ભેગા મળીને અમુક જાતનો સંકેત કરે તેમાં પાપ પોતાની જડ આમાં સમજાતી નથી. દુનિયા સંકેત કરે તેને આધીન થાઓ તો પાપ નહિ. એટલે જ તો દુનિયા પાપને કરનારી ખરેખર શાસ્ત્રકારોએ તો કહ્યું છે કે, મહાવ્રત હોય તો તે પ્રાણાતિપાતવિરમણ. આ તો બાવાજી નાચે તો તેની મોરલી નાચે. દુનિયા કહે કાળું. આપણે કાળું ન કહીએ તો પાપ. દુનિયા પીળું કહે તેને પીળું કહેવું છે. સંકેત કરનારા લોકો તરફથી કાંઈ મળ્યું જણાય છે, તેથી સંકેતને સર્વોપરિ બનાવ્યો. સંકેત પ્રમાણે વર્તે તો પાપ નહિ. આવી રીતે કહેવાવાળાએ લગીર ઊંડા ઊતરવું કે ભાષાની જરૂર શા માટે? દુનિયાએ પાંચ કે પાંચસો આદમીએ સંકેત શા માટે કર્યો? પદાર્થના સ્વરૂપને સમજાવવા માટે. જો સંકેતની ઉત્પત્તિ પદાર્થના સ્વરૂપને સમજાવવા માટે હોય તો સંકેત પ્રમાણે બોલવું તે પણ તે માટે છે. તો સંકેતથી નિરપેક્ષ રહેવાવાળાને કહીએ તું કયા રંગથી પ્રતીતિ કરે છે? દુનિયા ધોળું કહે છે તેને સંકેતમાં રહી છતાં કાળું કહે તે વખત પ્રતીતિ કઈ થવાની? સંકેતના નામે જેઓ મૃષાવાદને ખસેડવા માગતા હોય તેને પહેલો જવાબ આ છે કે તું બોલે છે શા માટે? બીજાને સંભળાવવા માટે શબ્દ બોલાય. બીજાને સંભળાવવું ન હોય ને બોલે તેને ગાંડો કે અણસમજુ ગણીએ. જે વિચારવાળો શબ્દ બોલે તે બીજાને સમજાવવા માટે. પોતાને થયેલું જ્ઞાન તે બીજાને કરાવવા માટે શબ્દ એ દલાલ. બીજાને થયેલું જ્ઞાન આપણને મેળવવું હોય તો શબ્દ એ દલાલ છે. જ્યારે શબ્દનું દલાલપણું ખ્યાલમાં આવશે તો શાસ્ત્રકારોએ કહ્યું તે સમજાશે કે તીર્થંકરની દેશના તે દ્રવ્યશ્રુત. કેવલી કે તીર્થંકર સિવાયની દેશના ઉભયશ્રુત–દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત. પોતાને જે સમજણ હતી તેના સંકેતની સમજણ ધ્યાનમાં રાખીને શબ્દો કહાય છે

તેથી તે ઉભયશ્રુત. કેવળજ્ઞાનીને તો પદાર્થો સાક્ષાત્ જોઈ, જાણીને તે પદાર્થો નિરૂપણ કરવા છે તેથી તેમને સંકેત ઉપર ધ્યાન આપવાનું નથી માટે દ્રવ્યશ્રુત

એક શ્રુતજ્ઞાન એ દલાલનો કરેલો સોદો છે—

જે ભાષા તે વચનયોગ, દ્રવ્યશ્રુત, પણ ઉભયશ્રુત નહિ. દ્રવ્યશ્રુત એ કેવળ દલાલ છે. બીજાના આત્મામાં જ્ઞાન ઉભું કરાવનાર દલાલ ભાષા છે. ભાષા એ દલાલ હોય. સોદો દલાલ દ્વારા થાય. બીજાના આત્મામાં જ્ઞાન તે શબ્દરૂપી દલાલ દ્વારા થાય. તેથી મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ દલાલના કરેલા સોદા નથી. શ્રુતજ્ઞાન એ દલાલનો કરેલો સોદો છે. વેપારી ઘેર બેઠો હોય, માલની લેવડદેવડ કરે તો પણ દલાલની દલાલી લાગે, તેમ શ્રુતજ્ઞાન એ તો શબ્દને દલાલ રાખીને ચાલનારૂં, તેમાં બોલવાનું હોય છે. શ્રુતજ્ઞાન જોઈએ કોઈ બોલે નહિ એવા પદાર્થો પણ શ્રુતજ્ઞાનની દલાલીમાંજ ભાષા—શબ્દની દલાલી જ્યાં નથી બોલ્યા ત્યાં પણ લાગે, કારણ, જે ભાષાને આધારે થવાવાળા હોય ત્યાં શ્રુતપણું છે. બીજાના આત્માને જ્ઞાન ઉપજાવવા માટે જ શબ્દ છે. તો સાચું જ્ઞાન ઉપજાવનારા શબ્દો તે સાચા. ચાહે તો સંકેતથી થયા હોય, સ્વભાવિક હોય, કે કોઈના પણ હોય. અહીં સાચાપણું સંકેત ઉપર આધાર રાખતું નથી, પણ એનાથી થવાવાળા જ્ઞાન ઉપર. જે શબ્દથી યથાર્થ પદાર્થનું જ્ઞાન થાય તેનું નામ સાચું. સાચું નક્કી થયું તો એક પદાર્થ નક્કી થવાથી ચાર પદાર્થો નક્કી થઈ જાય. ક્રિયાપદ નક્કી થાય તો કર્તા, કર્મ, કરણ અને ક્રિયા નક્કી થઈ જાય છે. તેમ અહીં એક સત્ શબ્દ નક્કી થયો કે ચાર વસ્તુ નક્કી થઈ. સત્ય છે. એનાથી ઉલટું અસત્ય, મિશ્ર ને વ્યવહાર ( જે સત્યઅસત્ય ન હોય ). જેણે એક વસ્તુ માની તેને ચાર માન્યા સિવાય છુટકો નથી. હવે ચારેને શબ્દમાં નહિ રાખતાં ભાષામાં કેમ રાખ્યા ? મૃષાવિરમણ નહિ રાખતાં મૃષાવાદવિરમણ કેમ રાખ્યું ? મનના ચારે પ્રકાર મૃષાવાદવિરમણ રાખવાથી છૂટા થયા. શાસ્ત્રીય અપેક્ષાએ સત્ય કોને કહેવું ? વ્યવહાર અપેક્ષાએ સંકેત તે સત્ય.

# M. C.
# ઋતુવંતી બહેનોને
## ખાસ સૂચના :



૧ બીજાં વસ્ત્રોને અડકવું નહીં. રાત્રે ફરવું નહીં.

૨ હાથે કલમથી લખવું નહી.

૩ ધર્મચર્ચા તેમજ પ્રભુના દર્શન કરવા નહી. ગુરૂને વાંદવા નહીં. ગુરૂનું નામ પણ લેવું નહીં. સામાયિક, વ્યાખ્યાન, પ્રતિક્રમણ વગેરે સાંભળવા કરવા નહીં.

૪ ગોર-દેવની આગળ ધુપ-દીવો-પૂજાદિક કરવા નહીં.

૫ સંઘમાં નવકારશી, સાધર્મિક વાત્સલ્ય, લગ્ન મરણાદિ કોઇ પણ પ્રસંગે જમવા જવું નહીં.

૬ દેવ-દેવી, હનુમાનને ફૂલ-ફળ, તેલ, સિંદુર સ્નાન વગેરે કાંઇ કરવું નહીં, તેમજ દ્રવ્યાદિનો હોમ પણ કરવો નહીં.

૭ પ્રભાવના લેવી નહીં.

૮ પૂજા-પ્રતિષ્ઠાનું બલિદાન રાંધવું નહીં.

૯ ભણવું - ગણવું - વાંચવું નહીં.

૧૦ ભોજન-પાણી કોઇને આપવું નહીં.

૧૧ શ્રીમંતાદિના ઘરે ગીત ગાવા જવું નહીં.

૧૨ ધાન્ય સાફ કરવું નહીં. તેમજ અડકવું પણ નહીં.

૧૩ કોઇ વસ્તુ રાંધવી કે દળવી નહીં. ખાંડવી નહીં. તેમજ દવા પણ વાટવી નહીં.

૧૪ શાક લીલું, સૂકું, આપવું કે સ્પર્શ કરવું નહીં.

૧૫ ગોળ, સાકર, દૂધ, ઘી-તેલ, સુખડી આદિક વસ્તુને અડકવું નહીં

૧૬ ઋતુવંતીએ યાચક લોકોને હાથથી લોટ કે ધાન્ય આપવું નહીં.

૧૭ છાણુ–વાસીદું કરવું નહીં. ગાય–ભેંસ વગેરેને દોહવા–છોડવા–બાંધવા નહીં.

૧૮ અથાણું આથવું નહીં, પાપડ વડી કરવા નહીં. માટી લાવવી નહીં.

૧૯ પાણી ભરવું નહીં.

૨૦ કોઇ સાથે લડવું નહીં, હિંચોળે હિંચકવું નહીં.

૨૧ પાન–સોપારી ખાવાં નહીં,

૨૨ આંતણુ અંજન કરવું નહીં.

૨૩ ભરત ભરવું નહીં, લૂગડા વગેરે પણ સીવવાં નહીં અને ઓઘા પાઠા વગેરે કંઇ ભરવું નહીં.

૨૪ ઢોર માટે ખાણુ, જુવાર, કપાસિયા વગેરે બાફવા નહીં.

૨૫ રમત રમવી નહીં, તેમજ એકાંતે વાત કરવી નહીં.

૨૬ લાડુ વગેરે પુષ્ટિકારક આહાર કરવો નહીં.

૨૭ ખાવામાં ધાતુના વાસણ વાપરવા નહીં, પણ... માટી, લાકડા, કે પત્થરના વાપરવા.

૨૮ ભૂમિ પર સૂવું, પણ... પાટ પલંગે સૂવું નહીં,

૨૯ ચા કે કોફી પીવી નહીં, હાથોહાથ તાળી આપવી નહીં.

૩૦ માથામાં તેલ નાંખવું નહીં, સ્વજનોને મળવા જવું નહીં.

૩૧ રાસ—મંડળ સાથીઆ પૂરવા નહીં.

૩૨ નહાવું—ધોવું નહીં, સેંથો પાડવો નહીં, માથાના વાળ ઓળવા નહીં.

૩૩ બાળક ધવરાવવો નહીં,

૩૪ યાત્રાએ જતાં ગાડી વગેરેમાં બેસવું નહીં, અને બેસો તો "તીર્થ ફરસતાં પડે નરકમાં".

૩૫ પાણી ભરીને દેરાસરમાં આપવું નહીં, અને આપે તો "સમકિત પામે નહીં ને નરકમાં પડે".

૩૬ ચોવીશ પહોર સુધી એક જગ્યાએ બેસી રહેવું પછી તે જગ્યાએ લીંપણ કરવું અને ગૌમૂત્ર છાંટીને પવિત્ર કરવી.

૩૭ ઋતુવંતી નારી પહેલે દિવસે ચંડાલણી સરખી, બીજે દિવસે બ્રાહ્મણની ઘાત કરનાર સરખી અને ત્રીજે દિવસે ધોબણ સરખી ગણવી.

૩૮ ઋતુવંતીનું મુખ જોતાં એક આયંબિલ લાગે.

૩૯ ઋતુવંતીની સાથે વાતો કરીએ તો પાંચ આયંબિલ લાગે.

૪૦ વળી કહ્યું છે કે કમલા રાણીએ પ્રભુને વાંદ્યા અને ફૂલ ચડાવ્યા તેથી તે લાખ ભવ સુધી રખડી.

૪૧ ઋતુવંતી દેવતાને લે તો અઠ્ઠમ લાગે. અને અડકે તો છઠ્ઠ લાગે, માટે કાંઇ કરવું નહીં.

૪૨ ઋતુવંતીને ખાતાં ભોજન વધે તે અન્ન ઢોરને નાંખે તો બાર ભવ ભૂંડા થાય.

૪૩ ઋતુવંતી વિષય ભોગવે તો નવ લાખ ભવ રખડે.

૪૪ ઋતુવંતી પોતાના હાથે સાધુને વહોરાવે તો લાખ ભવ રખડે.

૪૫ ઋતુવંતીએ વહાણમાં બેસવું નહીં. નદી-તળાવમાં સ્નાન કરવું નહીં. અને લૂગડાં ધોવા નહીં.
તેથી આ બધું વિચારીને ચોવીશ-પહોર સુધી દોષ-રહિત જે નિયમો શુદ્ધ રીતે પાળશે તો ઉત્તરોત્તર સુખ પામશે.

## પાશ્ચાત્યોની દષ્ટિએ :

- **અમેરિકામાં** "M. C. વાળી રેડ ઇન્ડીયન બાઇઓ માથા ઉપર હાથ લગાડતી નથી." એવું મિસ્ટર કેઝરે પોતાના સંશોધનપૂર્ણ ઇતિહાસમાં નોંધ્યું છે.

- **યુરોપિયન ઇતિહાસમાં** મિસ્ટર કેઝરે એમ નોંધ્યું છે કે: "યુરોપિયન બાઇઓ એમ માને છે કે M.C. દરમ્યાન માછલી, પાઉં કે દૂધ વગેરે ખાદ્ય પદાર્થોને હાથ લગાડવાથી તે ચીજો બગડી જાય છે.

- **ફ્રાન્સમાં** ખાંડની ફેક્ટરીમાં ઉકળતી ખાંડને ઠારતી વખતે M.C. વાળી બાઇઓને દાખલ થવા દેતા નથી. કેમકે M.C. વાળી સ્ત્રીના પડછાયાથી ખાંડ કાળી પડી જવાનું તેઓ ચોક્કસ માને છે.

- દક્ષિણ ફ્રાન્સમાં રેશમની ફેક્ટરીમાં રેશમ તેમજ અત્તર વગેરે સુગંધી દ્રવ્યને M.C. વાળી બાઇઓ હાથ ન લગાડે તેનું પૂરતું ધ્યાન રખાય છે. નહિ તો તેની સુવાસ બગડી જવાનું તેઓ માને છે.

- **જર્મનમાં** એવી માન્યતા છે કે M.C. વાળી સ્ત્રીઓ દારૂના ગોડાઉનમાં જાય તો દારૂ બગડી જાય.

- **વિલાયતમાં** કેટલાક ડોકટરો ઓપરેશન થીએટરમાં M.C. વાળી સ્રીઓને આવવા દેવામાં જોખમ માને છે.

※ નાઝીઝર સરકારે દેવળમાં M. C. વાળી સ્ત્રીઓને આવવા માટે સખ્ત પ્રતિબંધ મૂકયો હતો.

※ આફ્રિકાની કોનોગોની સ્ત્રીઓ M. C. દરમ્યાન સ્પેશ્યલ જુદા બાંધેલા ઝુંપડામાં ત્રણ દિવસ રહે છે અને તેનો ધણી M. C. વાળી પોતાની સ્ત્રીની છાતી ઉપર ત્રણ ખૂણાવાળો સ્કાર્ફ બાંધે છે.

※ ન્યુઝીલેન્ડમાં M. C. વાળી સ્ત્રીઓ જમીન ઉપર પગ દેવાનું ઉચિત નથી માનતી તેથી જમીનથી અદ્ધર ઉંચે લટકાવેલ પાંજરામાં M. C. વાળી સ્ત્રીઓ ત્રણ દિવસ રહે છે.

※ પેરુ મુલકની સ્ત્રીઓ M. C. દરમ્યાન ચાલુ ઘરમાં રહેતી નથી, જુદા ઝુંપડામાં રહે છે.

※ સેબોનોનના ખેડુતો એમ માને છે કે M. C. વાળી સ્ત્રીઓનો પડછાયો ઝાડ કે વનસ્પતિ ઉપર પડવો ન જોઇએ. તેમજ એવું પણ માને છે કે "ઘોડા ઉપર M. C. વાળી સ્ત્રીઓએ બેસવું નહિ".

※ જૈન ધર્મની દૃષ્ટિએ : ઋતુવંતી સ્ત્રીએ M. C. દરમ્યાન ઘરનું કંઇ પણ કામ કરવું નહીં. દેરાસર વગેરે પવિત્ર સ્થાનોમાં જવું નહીં. પુસ્તક (ધર્મનું કે કોઇ પણ), છાપાં તેમજ નવકારવાળી, કટાસણું વગેરે ધર્મના ઉપકરણોને અડવું નહીં. સાધુઓ તેમજ પવિત્ર પુરુષો આદિને તેમનું મુખ દેખાઇ ન જાય તેનું પૂરતું ધ્યાન રાખવું, શાસ્ત્રકારોએ ઋતુવંતીનું મુખ જોવાનું એક આયંબિલનું અને વાત કર્યાનું પાંચ આયંબિલનું પ્રાયશ્ચિત્ત જણાવ્યું છે...!!!

(પ. પૂ. ગણિવર્ય અભયસાગરજી મ. સા. સંકલિત 'વિવેકના અજવાળા' પુસ્તકમાંથી સાભાર...)

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇ પણ લખાયું હોય તો
ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિદુક્કડં.